# પ્રાચીન ભારતવર્ષ

ભાગ પહેલો.



प्रकाशितं जनानां यै र्मतं सर्वनयाश्रितम्

चित्ते परिणतं चेदं येषां तेभ्यो नमोनमः

ज्ञानसार.

# વિષય સંકલના.


| | | |
|---|---|---|
| ૧ | મુદ્રાલેખ | પૃ. ૧ |
| ૨ | વિષય સંકલના | ૨ |
| | જયમાતા સરસ્વતી | આર્ટ પેપર |
| ૩ | નામાભિધાન | ૩ |
| ૪ | મુદ્રણ નિવેદન | ૪ |
| ૫ | ગ્રંથની આદિ | ૫ |
| ૬ | ટૂંકાક્ષરી સમજ | ૬ |
| ૭ | ગ્રંથવિષયે પ્રશસ્તિ | ૯ |
| ૮ | ચિત્રાવલિ પરિચય | ૪૧ |
| ૯ | ગ્રંથનું હાર્દ યા ગ્રંથ પોતે | ૫૧ |

ઇ. સ. પૂ. ૯૦૦ થી ઇ. સ. ૧૦૦ સુધીનો

એક હજાર વર્ષનો

# પ્રાચીન ભારતવર્ષ

ચાર વિભાગમાં

અતિ પ્રાચીન શિલાલેખો–સિક્કાઓ અને પ્રમાણભૂત ઇતિહાસવેત્તાઓના
આધાર આપી ઐતિહાસિક દૃષ્ટિએ લખેલ તદ્દન નવીન હકીકત.

લેખક

ત્રિભુવનદાસ લહેરચંદ શાહ
એલ. એમ. એન્ડ એસ.

સયાજીગંજ રોડ } વડોદરા.

પ્રકાશક

શશિકાન્ત એન્ડ કું.

રાવપુરા ટાવર સામે } વડોદરા.

મુદ્રક:
શેઠ દેવચંદ દામજી કુંડલાકર
ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ
ભાવનગર.

પ્રથમ આવૃત્તિ વિ. સં. ૧૯૯૧
પ્રત ૧૨૫૦ મ. સં. ૨૪૬૧ ઈ. સ. ૧૯૩૫

ચાર વિભાગના
એક આખા સેટના
રૂપીઆ વીસ

(१) [सि]द्धं सं ५४ हिमंतमासे चतुर्थे ४ दिवसे १० अ

(२) स्य पूर्व्वायाम् कोट्टियातो [ग]णातो स्थानि[य]ातो कुलातो

(३) वैरातो शाखातो श्रीगृह[आ]तो संभोगातो वाचकस्यार्य्ये



(४) [ह]स्तहस्तिस्य शिष्यो गणिस्य आर्य्ये माघहस्तिस्य श्राद्धाचारो वाचकस्य अ

(५) र्ये देवस्य निर्वर्त्तने गोवस्य सिहपुत्रस्य लोहिककारुकस्य दानम्

(६) सर्व्वे सत्वानाम् हितसुखा एक–सरस्वती प्रतिष्ठापिता अवतले रंगानर्त्तनो

(७) मे.........

आनंद प्रेस–भावनगर.

શ્રી ગૂર્જરનરેશ શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેર બહાદુર
નામદાર સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, જી. સી. એસ. આઇ.
વિગેરે. સરકારશ્રીની નમ્ર સેવામાં



આપ નામદાર પ્રાચીન આર્ય સંસ્કૃતિના પ્રશંસક હોઇ, પ્રાચીન સમયની દરેક પ્રકારની શોધખોળના કાર્યમાં અપૂર્વ રસ લઇ રહ્યા છો તેથી 'પ્રાચીન ભારતવર્ષ' નામનું આ મારૂં પુસ્તક, જે વીસ વીસ વર્ષના ભારે શ્રમથી તૈયાર કરી શક્યો છું. તેનો પ્રથમ ભાગ આપ નામદારના કરકમલમાં સમર્પું છું.

આપ નામદારના
વિદ્યાત્તેજનાદિ વિશિષ્ટ ગુણોથી આકર્ષાયેલો નમ્ર પ્રજાજન
**ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**

# પ્રથમ—

# વિભાગ

બે ખંડમાં સંપૂર્ણ

## ટૂંકાક્ષરની સમજ

| | |
|---|---|
| અ. | અધ્યાય |
| ઇ. સ. | ઇસ્વી સન |
| ઇ. સ. પૂ. | ઇસ્વી સનની પૂર્વે |
| ખં. | ખંડ |
| ગુ. વ. સો. | ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ |
| ટી. | ટીકા અથવા ટીપણ |
| નં. | નંબર |
| પરિ. | પરિચ્છેદ |
| પુ. | પુસ્તક |
| પૃ. | પૃષ્ઠ |
| મ. પૂ. | મહાવીરની પૂર્વે |
| મ. સ. પૂ. | મહાવીર સંવતની પૂર્વે |
| મ. સં. | મહાવીર સંવત |
| સં. | સંવત્સર |
| વિ. સં. | વિક્રમ સંવત્સર |
| A. D. | ઇસ્વી સન |
| B. C. | ઇસ્વી સન પૂર્વે |
| Cwt. | ( સેંટવેઇટ ) હન્ડ્રવેટ. ૧૧૨ રતલ |
| E. I. Ry. | ઇસ્ટ ઇન્ડિઅન રેલ્વે |
| F. N. | ( Foot Note ) ટીકા |
| Lbs. | રતલ. |
| L. s. d. | પૌંડ શીલીંગ પેન્સ |
| P. | ( Page ) પૃષ્ઠ |
| PP. | (Pages) પૃષ્ઠો |
| R. E. | ( Rock-Edict ) ખડકલેખ |
| Vol. | (Volume)પુસ્તક, વિભાગ, ભાગ |

### જે જે પુસ્તકોની મદદ લીધી છે તેનાં નામની યાદી

**(अ) ટૂંકાક્ષરમાં લખ્યાં છે તે**

| | |
|---|---|
| અ. હિ. ઇ. / E. H. I. | અર્લી હિસ્ટરી ઓફ ઇન્ડીયા કર્તા મિ. વિન્સેન્ટ સ્મિથ |
| આ. સ. ઇ. / આ. સ. રી. ઇ. / A. S. I. / A. S. R. I. | આર્કીઓલોજીકલ સરવે ઓફ ઇન્ડીઆ / આર્કીઓલોજીકલ સરવે રિપોર્ટ ઓફ ઇન્ડીઆ |
| આ. સ. સ. ઈ. / A. S. S. I. | આર્કીઓલોજીકલ સર્વે રિપોર્ટ ઓફ સધર્ન ઇન્ડીયા |
| ઇ. ક. | એન્શન્ટ ઇરાઝ. કર્તા સર કનિંગહામ |
| ઈ. કો. ઈ. ક. | ઇન્સ્ક્રીપ્શન્સ કોરપોરેટોરમ ઇન્ડીકસ કર્તા સર કનિંગહામ |
| ઇ. કો. ઇ. | ,, ,, ,, પ્રો. હુલ્ટસ્ઝ |
| ઇ. હી. ક્વૉ. / I. H. Q. | ઇન્ડીઅન હીસ્ટૉરીકલ ક્વૉરટર્લી નામનું ત્રિમાસિક પત્ર |
| ઇ. એ. / I. A. | ઇન્ડીઅન ઍન્ટીક્વેરી ( માસિક પત્ર ) |
| એ. ઇ. / E. I. | એપીગ્રાફીકા ઇન્ડીકા |
| એ. હી. ઈ. | એન્શન્ટ હીસ્ટરી ઓફ ઇન્ડીઆ ( ભંડારકરકૃત ) |
| એ. સિં. / A. S | એન્ટીક્વીટીઝ ઓફ સિંધ ( કર્તાઃ હેનરી કાઉઝેન્સ ) ગવર્મેંટ ઓફ ઇન્ડીઆ ૧૯૨૯ |

| | |
|---|---|
| ઓ. હી. ઇ.<br>O. H. I. | ધી ઓક્સફર્ડ હીસ્ટરી ઓફ ઇન્ડીઆ. (૧૯૨૮) |
| ક. પ્રા. ભૂ. | એન્શન્ટ જીઓગ્રાફી ઓફ ઇન્ડીઆ ( કનિંગહામ ) કનિંગહામની પ્રાચીન ભૂગોળ. |
| ક. સુ.<br>ક. સુ. સુ.<br>ક. સુ. સ. | કલ્પસૂત્રની સુખબોધિકા ટીકાનું ભાષાંતર : વિનયવિજયજી મહારાજની બનાવેલી: કર્તા હિરાલાલ હંસરાજ જામનગર |
| કે. હી. ઇ.<br>C. H. I. | કેમ્બ્રીજ હીસ્ટરી ઓફ ઇન્ડીઆ પુ. ૧'લું |
| કૉ. આં. રે.<br>C. A. R. | કૉઇન્સ ઓફ ધી આંધ્ર ડીનેસ્ટી ( કર્તા પ્રો. રેપ્સન ) |
| કૉ. ઈ. બા.<br>C. I. B. | કૉઇન્સ ઓફ ઇન્ડીઆ ( સી. જે. બ્રાઉન. ) |
| કૉ એ. ઇ.<br>A. C. I.<br>C. A. I. | કૉઇન્સ ઓફ એન્શન્ટ ઇન્ડીઆ (કનિંગહામ) એન્શન્ટ કૉઇન્સ ઓફ ઇન્ડીઆ |
| ક્રો. ઇ.<br>C. I. | ક્રોનોલોજી ઓફ ઇન્ડીઆ ( મીસીઝ મે. ડફ ) |
| જ. આં. હી. રી. સો.<br>J. A. H. R. S. | ધી જરનલ ઓફ ધી આંધ્ર હીસ્ટોરીકલ રીસર્ચ સોસાઇટી |
| જ. ઓ. બી. રી. સો.<br>J. O. B. R. S. | ધી જરનલ ઓફ ધી ઓરિસા–બિહાર રીસર્ચ સોસાઇટી |
| જ. બો. રો. સો.<br>જ. બો. બ્રે. રો. સો.<br>J. B. B. R. A. S. | ધી જરનલ ઓફ ધી બોમ્બે બ્રેંચ ઓફ ધી રોયલ એશિઆટિક સોસાઇટી |
| જ. રો. સો.<br>જ. રો. એ. સો.<br>J. R. A. S. | ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી ( લંડન ) |
| બેં. એ. સો.<br>જ. રો. સો. બેં.<br>J. B. A. S. | ધી જરનલ ઓફ ધી રોયલ એશિઆટિક સોસાઇટી ઓફ બેંગોલ |
| જૈ. ગ્લે. ધ. | જૈનીઝમ ( પ્રો. ગ્લેઝેનાપ ) નું ભાષાંતર. પ્રગટકર્તા: ધી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર |
| જૈ. ધ. પ્ર. | શ્રી જૈન ધર્મ પ્રકાશ (માસિક) ભાવનગર |
| જૈ. સ. ઇ.<br>J. I. S. I.<br>J. S. I. | ધી સ્ટડીઝ ઇન જૈનીઝમ ઇન સધર્ન ઇન્ડીઆ બે ભાગમાં (પ્રો. રાવ) |
| જૈ. સા. લે.<br>જૈ. સા. લે. સં. | જૈન સાહિત્ય લેખ સંગ્રહ ( જિનવિજયજી કૃત ) |
| જૈ. સા. સં. | જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (જૈ. મૂ. શ્વ. કૉન્ફરન્સ ઓફીસ ) મુંબઇ ૧૯૩૩ |
| જૈ. સા. સંશો. | જૈન સાહિત્ય સંશોધક (ત્રિમાસિક) સંપાદક: જિનવિજયજી |
| ડે. એ. ઇ. | એન્શન્ટ જીઓગ્રાફી ઓફ ઇન્ડીઆ કર્તા: મિ. ડે. |
| ત્રિ. શ. પુ. ચ.<br>ત્રિ. શ. પુ. | ત્રિશષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ( ભાવનગર ) |
| નં. મ. ચ. | મહાવીર જીવનચરિત્ર ( વકીલ નંદલાલ લલ્લુભાઇ–વડોદરા ) |
| પરિ.<br>પરિ. પ. | પરિશિષ્ટ પર્વ (કર્તા હેમચંદ્રસૂરિ) નું ભાષાંતર જૈન ધર્મ પ્રસારક સભા |
| પા. ક. | પાર્જીટર્સ ડાઇનેસ્ટિક લિસ્ટ ઓફ ધી કલી એજીઝ |
| પુરા. | પુરાતત્ત્વ ( માસિક ) ધી ગુજરાત વિદ્યાપીઠ |
| ભ. બા. વૃ.<br>ભ. બા. વૃ. ભા. | ભરતેશ્વર બાહુબળી વૃત્તિનું ભાષંતર ભાવનગર (પ્રથમાવૃત્તિ) |
| ભા. પ્રા. રા. | ભારતનો પ્રાચીન રાજવંશ બે ભાગ. કર્તા વિશ્વેશ્વરાય રાઉ |
| ભા.<br>ભા. સ્તૂ. | ધી ભારહુત સ્તૂપ ( કર્તા: સર કનિંગહામ ) |
| ભા. સં. ઇ.<br>भा. सं. इ. | भारतवर्षका संक्षिप्त इतिहास ( કર્તા: કાંગડી ગુરૂકુળના પ્રો. બાલકૃષ્ણુ. એમ. એ. લાહોર ૧૯૧૪ ) |
| ભિ.<br>ભિ. ટો. | ધી ભિલ્સા ટોપ્સ ( કર્તા સર કનિંગહામ ) |
| બુ. ઇં.<br>B. I. | બુદ્ધિસ્ટ ઇન્ડીઆ ( પ્રો. રીસ ડેવીસ ) |

| | |
|---|---|
| મ. એ. | મથુરા એન્ડ ઇટસ એન્ટીક્વીટીઝ ( ૧૯૦૧ ) |
| મૌ. સા. ઇ. | માર્ય સામ્રાજ્યકા ઇતિહાસ કર્તા, કાંગડી ગુરૂકુળના આચાર્ય શ્રી વિદ્યાભૂષણ અલંકાર |
| રા. મુ. મે. રા. કુ. મે. R. K. M. | મેન એન્ડ થોટ ( રાધા કુમુદ મુકરજી ) |
| રા. કુ. મુ. | ધી અશોક (કર્તા રાધા કુમુદ મુકરજી) |
| રે. વ. વ. R. W. W. | રેકર્ડઝ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ ( બે ભાગ ) ( કર્તા રેવરંડ એસ. બીલ ) |
| રા. એ. સો. R. A. S. | ધી રોયલ એશિઆટિક સોસાઇટીના જરનલો ( ગ્રેટબ્રીટન એન્ડ આયર્લેન્ડ ) |
| હા. બુ. | ધી મેન્યુઅલ ઓફ બુદ્ધિઝમ ( પ્રો. હાર્ડી ) |
| હિં. હી. H. H. | ધી હિંદુ હીસ્ટરી ઓફ ઇન્ડીઆ (કર્તા એ. કે. મજમુદાર ઇ. સ. પૂ. ૩૦૦૦ થી ૧૦૦૦ કલકત્તા ૧૯૨૦) |

## (आ) પુરાં નામ જેનાં લખ્યાં છે તેવાં પુસ્તકોની યાદી.

અમરાવતી સ્તૂપ ( આર્કીઓલોજીકલ રિપોર્ટ ઇમ્પીરીઅલ સીરીઝ )

અશોક ( રૂલર્સ ઓફ ઇન્ડીઆ સીરીઝ )

અશોકાવદાન

ઇરાન ( ડબલ્યુ. એસ. ડબલ્યુ. વોકસ. એફ. આર. એ. એસ. )

એપિગ્રાફિકા કર્ણાટિકા

એશિઆટિક રીસર્ચીઝ

ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિઆ કોમ્યુનિક ( ૧૯૩૧ ડીસેમ્બર )

ગાડવહો ( પ્રો. હોલ )

ગંગા ( માસિક ) નો ખાસ પુરાતત્ત્વ અંક. ૧૯૩૩ જાન્યુઆરી

ચંદ્રગુપ્ત ( વડોદરા સાહિત્ય ગ્રંથમાળા )

જૈન આગમ સૂત્રો ( ઉત્તરાધ્યયન, ઔપપાતિક, અનુત્તરોવવાઇ, ભગવતી, આવસ્યક, નિશિથચૂર્ણી ઇ૦ )

જૈન જાગૃતિ ( માસિક ): દક્ષિણના મહારાષ્ટ્રમાં સાંગલી શહેરથી પ્રગટ થતું

જૈન-યુગ ( માસિક ) જૈ. મૂ. શ્વે. કોન્ફરન્સ ઓફિસ—મુંબઇ

જૈન પત્રનો રૌપ્ય મહોત્સવ અંક. ભાવનગર (૧૯૩૦)

દિગ્નિકાય—અંગુત્તરનિકાય

દીપવંશ

દ્વિવેદી અભિનંદનગ્રંથ. કાશી ( ૧૯૯૦ )

પુરાણગ્રંથોઃ વાયુ, મત્સ્ય, ગર્ગસંહિતા, વિષ્ણુપુરાણ ( પ્રો. વિલ્સન )

ભાંડારકરનાં કલકત્તા યુનીવર્સીટિનાં ચાર ભાષણો

મહાન સંપ્રતિ ( ભાવનગર )

મહાભારત ( સભા પર્વ ) ડૉ. ભાંડારકર

મહાવંશ ( અંગ્રેજી અનુવાદ )

વાસવદત્તા ( પ્રો. હોલ )

સુધા ( માસિક ) નો અંક ૧૯૩૪

સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ ( પુ. ૨૨ મું )

સિંહાલીઝ ક્રોનીકલ્સ

# ગ્રંથ વિષયે પ્રશસ્તિ.

તેમાં નીચે પ્રમાણે વિભાગ પાડ્યા છે. (अ) ઉદ્ભવ અને ઉત્પત્તિ. (आ) લેખકનું સામાન્ય વક્તવ્ય અથવા ગ્રંથનું ઘડતર (ई) લેખકનું વિશેષ વક્તવ્ય અથવા ગ્રંથપ્રસ્તાવના અને ખૂબીઓ અને (ऊ) પ્રકાશકનું નિવેદન.

## (अ) ઉદ્ભવ અને ઉત્પત્તિ

વિચાર જન્મ. લગભગ પચીસ વર્ષ ઉપર-સં. ૧૯૬૫ ના વૈશાખ શુદ ૩ (અક્ષયતૃતીયા) ના દિવસે કેટલાક વિચારના પરિણામે જૈનમતસર્વસંગ્રહ-જૈન જ્ઞાનાર્ણવ--Encyclopoedia Jainica રચવાનો મનોરથ નક્કી કર્યો.

પ્રગતિનિવૃત્તિના અનેક પ્રમાણુની ભરતીઓ વચ્ચે ઝોલાં ખાતા, જાતમહેનત કરીને તથા સ્ટાફ રોકી, ગુજરાત કાઠિયાવાડના પુસ્તક ભંડારો જોવરાવી, ઘટતી નોંધ કરવામાં વીસેક વર્ષ નીકળી ગયા. અને સં. ૧૯૮૪-૮૫ ની સાલ આવી પહોંચી.

જણાવવાની જરૂર કે, વચ્ચે ૧૯૭૮ માં ( ઇ. સ. ૧૯૨૨ માં ) ધી જૈન પબ્લીશર્સ નામની એક લીમીટેડ કુંપની કરી હતી. તેનો પ્રાથમિક આરંભ પણ કરી દીધેલ અને શેર ભરાવવાની શરૂઆત કરવા માંડી કે કેટલાક સંજોગ વિરૂદ્ધ ગયા. એટલે કરેલ પ્રયાસ અને ખર્ચ છતાં, તેમજ સડક સાફ હોવા છતાં, આગળ વધવાનું કામ અટકાવી દેવું પડયું હતું. પાછું ૧૯૮૪ માં ઉપાડવાની ઇચ્છા કરી. આ વખતે એમ વિચાર કર્યો કે, એકદમ તેવું જંગી સાહસ ઉપાડવા પહેલાં, પ્રથમ તેની વાનકી રૂપે કાંઇક બહાર પાડવું, અને તેને કેવો આદર મળે છે તે જોઇને આગળ વધવાનું ઘડી કાઢવું. થોડા ઘણા લેખ એક બે માસિકમાં લખ્યા. કાંઇક પ્રોત્સાહન પણ મળ્યું. ત્યાં વળી અભ્યાસ કરતાં કરતાં, એવા વિચાર ઉપર આવી જવાયું કે, સમ્રાટ અશોક અને પ્રિયદર્શિન બન્નેને જે એકજ વ્યક્તિ ધારી લેવામાં આવે છે, તે બન્ને ભિન્ન ભિન્ન છે. અને ભિન્નજ ઠરે તો, પછી એક બીજાની અડોઅડ સમયેજ થયેલ હોવા જોઇએ, તેમજ બન્ને ભિન્ન ભિન્ન સંપ્રદાયી હોવા જોઇએ. આ પ્રમાણે કલ્પના થઇ. એટલે સં. ૧૯૬૩ માં કેટલાક ઐતિહાસિક પુસ્તકો ખાસ મંગાવી જે અભ્યાસ કર્યો હતો અને મહારાજા સંપ્રતિ વિશે ઘણું વાંચેલું, તે સ્મરણમાં ખડું થઇ ગયું. તેમાં પણ ખાસ કરીને Sacred Books of the East xxii. by Prof. H. J. Jacobi.

" Samprati the fabulous prince " ( પ્રો. હરમન જેકોબી કૃત ધી સેક્રેડ બુક્સ આફ્ ધી ઇસ્ટનું પુ. ૨૨ મું. જેમાં સંપ્રતિ જે માત્ર બનાવટી નામધારી રાજા હતો), આવી મતલબનું લખાણ છે તે વાક્ય ખાસ યાદ આવ્યું. એટલે તે એકજ વિષય પરત્વે, વધારેને વધારે ઊંડાણમાં ઉતરવા માંડયું. લગભગ એકાદ વરસ તો તેનેજ લગતાં, અનેક પુરાતત્ત્વ વિષયક પુસ્તકો ઉથલાવ્યાં; અંતે ખાત્રી થઇ કે, મારા નિર્ણયને મજબૂત પૂરાવા અને હકીક્ત સાથે સમર્થન આપી શકાશે. પણ પુસ્તક પ્રકાશનનો કોઇ જાતનો અનુભવ, કે મહાવરો ન હોવાથી, પુરાતત્ત્વના કોઇ ઇંગ્રેજી માસિકદ્વારા, તે વિચારોને છુટાછવાયા લેખ તરીકે અથવા સ્વતંત્ર નિબંધ તરીકે પ્રસિદ્ધ કરાવવાના વિચાર ઉપર આવ્યો. અને ધી ઇન્ડીઅન એન્ટીકવેરીના માસિક માટે પચીસેક પાનાનો લેખ લખી મોકલ્યો પણ ખરો. પણ પદ્ધતિપૂર્વક ન હોવાથી તે પરત આવ્યો. તે સમયે તેના યુક્ત મંત્રી તરીકે મદ્રાસવાળા શ્રીયુત કૃષ્ણાસ્વામી આયંગર હતા. તેમને મળવા ખાસ મદ્રાસ ગયો. તેમની પાસેથી કેટલાક મુદ્દા જાણી લીધા. તેવામાં લાહોરમાં સમસ્ત ભારતીય પંચમ પ્રાચ્યવિદ્યા પરિષદનું અધિવેશન ભરાવાની આમંત્રણ પત્રિકા બહાર પડી. એટલે (1) Emperor Asoka dislodged (2) The Nanda Dynasty (૧) પદચ્યૂત સમ્રાટ અશોક તથા (૨) નંદવંશની વંશાવળી; આ નામના બે નિબંધો ત્યાં મોકલી આપ્યા. બન્ને પાસ થયા. અને જાતે હાજર થવાનું સૂચન મળ્યું. એટલે મુંબઇની રોયલ એશિયાટિક સોસાઇટી તરફના પ્રતિનિધિ તરીકે ત્યાં ગયો. આ વખતે ઐતિહાસિક વિભાગના પ્રમુખ તરીકે પેલા મદ્રાસી ગૃહસ્થ મિ. આયંગર નીમાયા હતા. પરિષદના સર્વે વિભાગોનાં વંચાતા નિબંધોમાં, આ વિભાગમાં સર્વેથી વિશેષ લેખો આવ્યા હતા. તેથી મારા બન્ને નિબંધો માટે દશેક મીનીટ મને મળી. પણ આવા નવીન વિચાર રજુ કરવા માટે, અને તે પણ સમસ્ત ભારતવર્ષના પ્રાચીનવિદ્યા વિશારદની મંડળીમાં રજુ કરી, ચર્ચામાં ઉતરવા માટે, તેટલી મીનીટનો સમય તો આટાલુણમાંજ તણાઇ જાય, તે સ્થિતિ સમજી શકાય તેમ છે. એટલે નદવંશની વંશાવળીનો એક નિબંધ માત્ર વાંચીને, બન્ને નિબંધો પરિષદના હેવાલમાં પ્રકાશન માટે સોંપી દઇ સંતોષ ધરવો પડયો. પરિષદ પૂરી થઇ. મુંબઇ પાછો આવ્યો. છમાસ બાદ પૂછાવતાં, ખબર મળ્યા કે, નિબંધો ગુમ થયા છે. વળી કોપી કરીને મોકલાવ્યા. પાછા છએક માસે તપાસ કરાવી તો જવાબ મળ્યો કે, અમુક સંજોગ વચ્ચે પરિષદના પ્રોસીડીંગ્ઝનો રીપોર્ટ બહાર પાડવાને વિલંબ થાય તેમ છે. આ બાજુ સમય વીતાડી નાંખવાનું મને દુરસ્ત ન લાગતાં, સમ્રાટ અશોકવાળો નિબંધ પાછો મંગાવી લીધો. પછીથી બીજા નિબંધનું શું થયું, તેની પૃચ્છા કરવાનું પણ માંડી વાળ્યું.

તેજ વરસમાં, બદલે એકાદ સપ્તાહના આંતરે, નડિયાદ મૂકામે, નવમી ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાયલી. ત્યાં પણ ઉપરનાજ બન્ને નિબંધોનો ગુજરાતી અનુવાદ કરીને રજુ કરેલા. ત્યાં પણ બન્ને નિબંધો પાસ પડ્યા હતા અને સભાસમક્ષ વાંચન માટે જે લેખો પસંદ કરાયલા, તેમાં તેઓને સ્થાન પણ મળ્યું હતું. પણ ત્યાં તો વળી બન્ને માટે એકત્ર સમય સાત મીનીટનોજ અપાયો. સર્વ કોઇ સમજી શકે છે કે, જ્યાં સિત્તેર મીનીટ પણ પૂરતી ન થઇ પડે, ત્યાં માત્ર સાત મીનીટમાં કામ શી રીતે પતાવાય?

એટલે નિબંધોની રચના-રૂપરેખાજ-મોઢેથી સભાસમક્ષ માત્ર જણાવી. અને જેમને કાને અવાજ પહોંચ્યો, તે સર્વને વિસ્મય તો થયો. પણ જ્યાં વાંચનજ ન થયું, ત્યાં પછી કામકાજનો રીપોર્ટ બહાર પડે ત્યાં સુધી, કુતુહળ વૃત્તિને દબાવી રાખ્યેજ છુટકો હતો. પછી તેનું શું થયું તે પૂછાવવાની મારી ઇંતેજારી તો, લાહોરના અનુભવથી અત્યંત શિથિલ બની ગઇ હતી. પણ ઇ. સ. ૧૯૩૩ ના ડીસેમ્બરમાં, અત્ર વડોદરામાં (મુંબઇથી હવે વડોદરામાં ચાર વરસથી આવી રહ્યો છું) સાતમી પ્રાચ્યવિદ્યા પરિષદ મળી, ત્યારે નડિયાદ પરિષદના એક સામાન્ય મંત્રી રા. જયંતિલાલ મોરારજી મહેતા મને મળ્યા; અને વધામણી આપી કે, રીપોર્ટ બહાર પડી ગયો છે, ને તેમાં મારા નિબંધો છપાઇ પણ ગયા છે. અને રીપોર્ટની એક નકલ ધારા મુજબ મને મોકલી આપવાની છે. તે વાતને આજે લગભગ બાર મહિના થઇ ગયા. દરમ્યાન તે મેળવવા ટપાલદ્વારા તેમજ સજ્જનદ્વારા ઉઘરાણીઓ કરાઇ. પણ હજુ સુધી તે રીપોર્ટ મળ્યો નથી. એટલે તે નિબંધના મૂળ લખાણુની શબ્દેશબ્દ રચના મારી પાસે નથી.

દરમ્યાન જૈનપત્રનો રૌપ્ય મહોત્સવ ઉજવવાનો પ્રસંગ ઉભો થયેલ. તેના ખાસ અંકમાં એકાદ લેખની માંગણી થતાં, મારી પાસે અશોકવાળા અસલ લેખની એક કાચી નકલ હાથ અક્ષરની પડી હતી. તે સુધારી કરી, તેમને મોકલી આપી. અને તેની છુટક પચીસ નકલો મળે, તેમ ગોઠવણુ કરી. તે નકલો મળતાં, છુટે છુટે ઠેકાણે વિદ્વાનોને મોકલી આપી. કાંઇક રસ ઉત્પન્ન થયો. એટલે વિશેષ આગળ પ્રયત્ન ધપાવવા મન થયું.

ઇ. સ. ૧૯૨૯ થી માંડીને પછીતો, એમજ વિચાર થયો કે, જનતા સમક્ષ મારા વિચાર રજુ કરૂં. જેથી કાંઇ ત્રુટી હોય તે સુધારવાની તક મળે. પણ વળી તે વિચારને દાબી દેવો પડયો, કારણુકે જયાંસુધી અનુક્રમવાર સાલવારી અને શ્રેણિબંધ ઇતિહાસ વાચક પાસે રજુ ન કરાય, ત્યાંસુધી પ્રથમ પગથીએજ હું ગબડી પડું તેમ હતું-તે એકે, ઇ, સ. પૂ. ૩૨૭ માં, અલેકઝાંડર ધી ગ્રેઇટ જ્યારે હિંદ ઉપર ચડી આવ્યો, ત્યારે મૌર્ય સમ્રાટ જે સેંડ્રેકોટસ વિદ્યમાન હતો, તેને સર્વ વિદ્વાનોએ ચંદ્રગુપ્ત ઠરાવ્યો છે. અને તેને પાયારૂપ ગણી, આખો ઇતિહાસ ઘડી કાઢ્યો છે. જ્યારે મારી ગણુત્રીમાં, તે ચંદ્રગુપ્ત નહીં, પણ તેનો પૌત્ર અશોક ઠરે છે. આ મુદ્દો સાબિત કરવાને ઇ. સ. પૂ. ૩૨૭ માં મગધની ગાદી ઉપર કોણુ હતું, તે પ્રમાણુપૂર્વક અને વિધવિધ પુરાવાથી જ્યાં સુધી સાબિત કરી ન શકાય, ત્યાંસુધી મને ફતેહ મળવાના સંજોગો, કમ હતાજ. જેથી કરીને ઇ. સ. પૂ. ની પાંચથી છ સદીથી માંડીને, ઇતિહાસની રચના કરવા માંડી. પછી તો, છૂટાછવાયા લેખો સામાયિકોમાં મોકલવાનું માંડીજ વાળ્યું; કેમકે લખાય તો ચર્ચા જાગેજ, અને ચર્ચાનો-શંકા ઉભી કરાય તેનો-જવાબ તો વાળવોજ પડે. અને એક વખત જવાબ વાળ્યો, એટલે તેનો અંત કયાં આવે-આવેજ નહીં-તે સર્વ કોઇને સામાન્ય અનુભવ છેજ. એટલે કે તેમ કરવા જતાં, આખો ઇતિહાસ લખવાનું જે ખરૂં કાર્ય છે, તે કામ અટવાઇ પડે છે. આવા દ્વિવિધ વિચારથી લેખ લખવા નહીં, એમ પાકો નિશ્ચય થયો. બીજી બાજુ અંતઃકરણે એમ પણ પ્રશ્ન ઉભો કર્યો, કે બીજાના વિચારો જ્યાં સુધી જાણ્યા નથી, અને વાદ-

વિવાદ કર્યો નથી ત્યાંસુધી, જે કાંઇ હકીકત રજુ થાય તે સાચાજ છે, તેના ખાત્રી શી ! અને ખાત્રી વિનાની બાબત ઉપર આખો ઇતિહાસ ઉભો કરાય, તો તેનું મુલ્ય પણ શું ! વાત તદ્દન સાચી અને સમજી શકાય તેવીજ છે. પછી તો સ્વપક્ષની અને વિરૂદ્ધ જાય તેવી-Pros and Cons-એમ બન્ને સ્થિતિ અનેક લક્ષ્યબિંદુથી ઉભી કરીને તુલના કરવા માંડી. અને છેવટે નિર્ણય કર્યો કે, ગણિતશાસ્ત્રના નિયમથી જો સમયાવળી ઉભી કરાય, અને હિંદના ઇતિહાસના પ્રસંગને, પરદેશી પ્રજાના ઇતિહાસમાંના પ્રસંગો સાથે બંધ બેસતા સાબિત થાય, તેમજ તે સમયના અન્ય સાંપ્રદાયિક પણ ઐતિહાસિક-પુસ્તકોના આલેખનને સંમત થઇ શક્તા બતાવાય, તો તેટલે દરજ્જે વિશેષ મજબુત બન્યો ગણાઉં. આ લક્ષ્યબિંદુ નજરમાં રાખી, અનેક પુસ્તકો ઉથલાવી જોયાં, કેટલાક પ્રસંગો નોખા તારવી લીધા, અને સાથે સાથે " જૈનમત સર્વ સંગ્રહ " માટે જે સામગ્રી સંગ્રહીત પડી હતી, તેને પણ મેળવવા માંડી. તો અતિ આશ્ચર્ય, ઉમંગ અને આલ્હાદ અનુભવવા માંડયો, ને ક્રમેક્રમે એક મોટું દળદાર પુસ્તક લખી શકાય, તેટલો વસ્તુસંગ્રહ એકઠો થઇ ગયો.

ઇતિહાસરૂપ આ પુસ્તકનું ખોખું ઉપર કરવાનું સર્જન ઉપર પ્રમાણે છે. અને તેને લખતાં લખતાં બે હજાર પાનાં જેટલું લખાણ બે અઢી વરસમાં ઉભું થઇ ગયું. અને ભૂલતો ન હોઉં તો, સં. ૧૯૮૮ ની આખરે કોઇપણ સમક્ષ રજુ કરાય તેવા સ્વચ્છ અક્ષરમાં પુસ્તક તૈયાર થઇ ગયું. તે પછી શું થયું, તે પ્રકાશકના નિવેદનનો વિષય ગણાય. એટલે તે બાબત ત્યાં રજુ કરાઇ છે.

**ઇતિહાસના ફાયદા અને ઉપકાર**

સમજદારને સમજાવવાની જરૂરીઆત રહેતી નથી, પણ કેટલાકના મનમાં એમ પ્રશ્ન થયાં કરે છે કે, ભૂતકાળની વાતો કરવાથી ફાયદો શું ! અમને તો જલદી પૈસા મળે અને છોકરાં ઘુઘરે રમતાં થાય તેમ હોય તે બતાવો ? વાત સારી છે. એમ લેખો તોયે એટલું તો ખરૂંજ, કે જે ઉપાય તેવાઓની પાસે રજુ કરો, તેને શું તેઓ એકદમ અમલમાં મૂકશે ? અથવા તો તેવા ઉપાયો કોઇ દીવસે અમલમાં મૂકયા છે, કોણે તેમ કર્યું, શું પરિણામ આવ્યું ! પોતે અમલમાં મૂકશે ને પરિણામ વિપરીત આવશે તો ! આ જાતના પ્રશ્ન કરશે ? કહેવાની મતલબ એ છે કે, તેવા પ્રશ્ન કરનાર કોઇ પણ માણસ, પોતે અખતરો કરવા બહાર નહીં પડે. પણ કોઇએ કર્યું હોય તો શું નતીજો આવ્યો, તે જોયાબાદ કે તપાસ કરીને ખાત્રી કર્યા બાદજ, પોતે અમલમાં મૂકશે. સાર એ થયો કે ભૂતકાળની વાતોને એક મોઢેથી ભૂલી જવાનો ઉપદેશ કરનાર, બીજેજ મોઢે પોતે ભૂતકાળ જાણવાની ઇચ્છા ધરાવે છે. અને ખરી વાત પણ તેમજ છે. જેણે ઉન્નતિ સાધવી હોય, તેણે પોતાના ભૂતકાળની અવગણના કરવી નજ જોઇએ, એટલુંજ નહીં પણ, તેનો તો ખૂબ ઊંડાણથી અભ્યાસ કરવો જોઇએ. ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી તેના બનાવોનું નિરીક્ષણ કરવું જોઇએ. અને તેમાંથી નિષ્પન્ન થતા વિચારોને આચરણમાં મૂકયા સિવાય કોઇ આરોવારો જ નથી, એમ નક્કીપણે સમજી લેવું જોઇએ. બીજાઓની વાતો જવા દો, પણ વર્તમાનકાળે દુનિયાની ઉચ્ચ કોટિમાં મૂકાતી કોઇપણ પ્રજાનો દાખલો લ્યો. તેમની ઉન્નતિ કેમ થઇ, તેની ઊંડાણમાં ઉતરીને, કારણો વિચારો

તો સ્પષ્ટ થશે કે તેમણે પોતાની પ્રજાને, પોતાના પૂર્વજોની, સર્વ સ્થિતિનું સર્વગ્રાહી જ્ઞાન કરાવ્યું છે. એક દેશની પ્રજાનું દૃષ્ટિબિંદુ, ગમે તેટલું ઉત્તમોત્તમ હોય, તો પણ તે બીજી પ્રજા માટે, તેટલુંજ કાર્યસાધક થઇ પડશે, એમ નિશ્ચિતપણે તો કહી નજ શકાય. એટલે કોઇપણ પ્રજાએ પોતાની ઉન્નતિ માટે, કોઇ બીજી પ્રજાના દાખલાનું અનુકરણ કરવું, તે સર્વાંશે ઉચિત નથીજ. હરેકે પોતાનોજ ભૂતકાળ શીખવો જોઇએ. તેમાં કોઇપણ પ્રજા, બીજી પ્રજાને ઉતરતી ગણે છે, તેવા દોષનું સ્થાનજ રહેતું નથી. માટે, અન્ય દેશના ભૂતકાળ કે વર્તમાનકાળના ઇતિહાસનું પઠન પાઠન આપણે કરવું હોય તેટલું ભલે કરીએ, પણ તેથી એમ નથીજ ઠરતું, કે આપણે આપણા ભારતખંડનો ભૂતકાળજ ભૂલી જવો. તે ઉપરાંત આપણો ને તેમનો, બધાનો તુલનાત્મક ગુણ સાધવા માટે, સરખામણી કરવાની જરૂર રહે છે તો ખરીજ. એટલે કે મૂળ ઘરથી માંડીને અંતસુધી જેટલે દરજ્જે આપણા દેશની સર્વ પરિસ્થિતિનું જ્ઞાન આપણને ઉપયોગી નીવડે છે, તેટલું અન્ય કોઇ દેશનું નીવડતું નથી. માટે તે પ્રથમ મેળવવું, અને પછી તેમાં જ્યાં ઉણપ દેખાય, ત્યાં તેને સંપૂર્ણ બનાવવું. પણ તેનો ત્યાગ તો નજ કરી શકાય.

એક હિંદી[1] ગ્રંથકાર લખે છે કે The Aryans have always, been supreme in the world. વિશ્વની સર્વ પ્રજામાં આર્યલોકો સદા ઉત્કૃષ્ટપણેજ ગણાય છે. ભલે તેના કથનમાં પક્ષપાત હશે. પણ તેમ તો, કયાં હરેક પ્રજાજન પોતાનું પલ્લું ઉંચુ લઇ જતો નથી દેખાતો ? બાકી કુદરતની અમીદૃષ્ટિ તો, સર્વ પ્રત્યે હમેશાં સમાનજ હોય છે. નિષ્પક્ષ અને સમાલોચક દૃષ્ટિવાળો, તેમાંથી તારણ કરી શકે છેજ. મિ. વિન્સેન્ટ સ્મિથ જેવા પ્રખ્યાત ઇતિહાસકાર જણાવે છે કે India suffers to-day in the estimation of the world, more through the world ignorance, of the achievements of the heroes of the Indian history than through the absence or insignificance of such achievements. એટલે કે, વિશ્વની નજરમાં હિંદુસ્તાનની આજે જે કાંઇ ઓછી કિંમત અંકાય છે—મોળું બોલાય છે, તે તેના વીરપુરૂષોના પરાક્રમનો અભાવ કે ઉણપને લીધે નથી, પણ તેમનાં પરાક્રમો વિશ્વને જાણવામાં આવ્યાં નથી, તેને લીધે છે. એટલે તે પુરૂષનો કહેવાનો શુદ્ધ અર્થ એ છે કે હિંદમાં પ્રખ્યાત પુરૂષો અને નરનાયકો તો ઘણાયે થઇ ગયા છે, તેનો તો તોટોજ નથી, પણ તેમનાં ચરિત્રોનાં યથાસ્થિત વર્ણનો, વિશ્વ સમક્ષ ધરવામાં આવ્યાં નથી. તેનેજ લીધે હિંદની અવહેલના થઇ રહી છે. કહો હવે, પેલા હિંદી ગ્રંથકારના અને આ અહિંદી સજ્જનના કથનમાં કાંઇ ફેર છે ખરો ? માત્ર વિચાર દર્શન માટે, અંકિત કરેલ વાકયની રચના ભિન્ન છે. બાકી સારાંશ તો એકજ છે. વળી એક બીજાજ પ્રખ્યાત લેખક કહે છે કે[2] The value and interest of history,

---

(૧) The Hindu History (B. C. 3000 to 1000) by A. K. Majmudar 1920.

(૨) Oxford History of India. Pref. xxiii : ઓકસફર્ડ હીસ્ટરી ઓફ ઇન્ડીઆની પ્રસ્તાવના પૃ. ૨૩.

depends largely on the degree in which the present is illuminated by the past ' ભૂતકાળમાં બનેલા પ્રસંગોથી જેટલા પ્રમાણમાં વર્તમાનકાળ ઉપર વિશેષ પ્રકાશ પડે, તેટલા પ્રમાણમાં તેના ઇતિહાસની કિંમત અને અગત્યતા વિશેષ પણે અંકાય છે. ' મતલબ કે જે કોઇ પુરૂષો વગર વિચાર્યે બોલ્યે જાય છે કે, અમારે ઇતિહાસ જાણવાની કાંઇ જરૂરિઆતજ નથી, તો તેવા વિચારકો માટે દયા ખાધા સિવાય બીજું શું કહી શકાય ?

**તેની રચના કેમ થાય ?** પોતાના દેશના ઇતિહાસનું જ્ઞાન, અભ્યાસ અને તેમાંથી નિષ્પન્ન થતા અનેક વિચારો, વર્તમાન સંયોગોની સાથે ઘટાવતાં શીખવાની જરૂરિઆત જેટલી અગત્યની છે તેના કરતાં વિશેષ જરૂરિઆત તો એની છે કે, ઇતિહાસની રચના કરવામાં, એટલે કે પાસે પડેલી અને સંગૃહીત થયેલી અનેક વાનગીઓમાંથી. સત્યાસત્ય પારખી કાઢી, નીકળેલા ચાલણને વાચક પાસે રજુ કરવાંના કાર્યની. અને જ્યાં ભૂતકાળ સર્વ અંધકારમય હોય અથવા તો, જાણ્યે અજાણ્યે ઉપયોગી વસ્તુને વિકૃત સ્વરૂપ દેવાઇ ગયું હોય, ત્યાં તો દરેક પ્રસંગને બુદ્ધિગમ્ય કસોટીએ કસીને બહાર પડવાની ખાસ આવશ્યકતાજ રહે છે. આ કસોટીનો આશ્રય લેવા માટે, ઉપરનાજ ગ્રંથકાર મહાશયના શબ્દ ઉપયોગી છે. તેમનો અભિપ્રાય એમ છે કે A body of history must be supported upon a skeleton of chronology and without chronology history is impossible. ' ઇતિહાસના સ્થુલ દેહને-ઇમારતને હંમેશાં સાલવારીના (ખોખાંનો) આધાર હોવોજ જોઇએ. અને તેવી સાલવારી વિના ઇતિહાસ ઉભો કરવો તે તદ્દન અશક્ય છે. આ મતમાં જે ગૂઢ રહસ્ય ભરેલું છે તેનો હિમાયતી હોવા છતાં, તેની કદર મને પોતાને પ્રથમ તો ન જ પડી. પણ પ્રાચીન ભારતવર્ષનો આ ઇતિહાસ જે બે હજાર પાનાંનો તદ્દન નવીન હકીકતથી ભરપૂર લખી શકાયો છે તેનું મૂળ મંડાણ મેં જે આદર્યું હતું તે પણ ઉપરના કથન પ્રમાણે સાલવારી ઉપરજ ઉભું કર્યું હતું એમ યાદ આવ્યું, ત્યારેજ તે કથનકારની બુદ્ધિમત્તા ઉપર હું આફ્રીન થયો.

આ ઉપરથી સમજાશે કે ઇતિહાસની રચના કરવામાં તેમાં આલેખાતા દરેકે દરેક બનાવ સાથે તેનો સમય-સાલ નક્કી કરવાનું કામ કેટલું આવશ્યક છે. (ન્યાયાધીશ પણ ન્યાય છણવામાં, રજુ થયેલ બનાવોનો પરસ્પરનો સંબંધ જોતી કાઢે છે તોજ નિશ્ચયપૂર્વક નિર્ણય ઉપર આવી શકે છે) સાલ જોડવામાં આવે તો, કયો બનાવ પહેલો બન્યો ને કયો પાછળ બન્યો તે નક્કી કરી શકાય છે એટલું જ નહીં પણ, જુદા જુદા રાજાની, પ્રાંતની અને દેશની હકીકતોમાંથી કઇ કઇ પરસ્પર સમસામયિક કહી શકાય તે પણ તારવી શકાય છે. અને તેમ થતાં તે દરેકના ગુણદોષ તેમજ સારાનરસાપણાની સરખામણી, તુલનાત્મક દૃષ્ટિએ વિચારી શકાય છે. આ સૂત્રની મતલબ પ્રમાણે આખાયે ગ્રંથમાં જ્યાં બન્યું ત્યાં, દરેક વૃત્તાંતના સમય વિશે નિર્ણય કરવામાં ખાસ શ્રમ ઉઠાવ્યો છે, જેથી કરીને વાચકને તેવાં કેટલેય ઠેકાણે એમ લાગી પણ આવશે કે, આવાં બીનજરૂરી ટાયલાં શું કામ કરવામાં આવતાં હશે ? પણ ઉપરના

વિવેચન પછી હવે તેવાં કાર્યની આવશ્યકતા તેમને સંપૂર્ણપણે સમજવામાં આવી હશે. એક મુદ્દો અત્રે જણાવવાની રજા લઉં છું કે, ગ્રીક ઇતિહાસના સેંડ્રેકોટસને મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત ઠરાવી દેવાથી, ભારતવર્ષના આખાયે ઇતિહાસને વિકૃત સ્વરૂપ અપાઇ રહ્યું છે. આ પ્રકારની જે ભુલ ભાંગવામાં આવી છે તે કેવળ આવી સાલવારી ગોઠવી કામ લેવાના પ્રતાપને લીધેજ થયું છે, એમ જો ભેરીઘોષે સમસ્ત આલમને જાહેર કરૂં તો કિંચિત્ પણ તેમાં અતિશયોક્તિ કરાતી નથી, એમ મારૂં અંતઃકરણ સાક્ષી પૂરે છે. આ તો માત્ર એક દૃષ્ટાંતજ અત્રે રજુ કર્યો છે. બાકી તેવા તો અનેક પુરાવાઓ આ ગ્રંથમાં ઠેકાણેઠેકાણે વિખરાયલા પડ્યા છે, જે પુસ્તક વાંચનથી તેના નિરીક્ષણ કરનારને દૃષ્ટિસમીપ ખડા થતા દેખાયા વિના રહેશે નહીં.

**મર્યાદા**

ઉપર જણાવી ગયા પ્રમાણે એક પછી એક મુદ્દા જેમ જેમ ઓળંગાતા ગયા, તેમ તેમ મર્યાદાનો પ્રશ્ન પણ જરાક આડે આવી ઉભો થતો રહ્યો. પ્રથમ ઇ. સ. ની આદિ થાય ત્યાંજ અટકી જવાનું ધાર્યું હતું. પણ જેમ જેમ તે ધ્યેયની સમીપ આવતો ગયો તેમ તેમ, શકસંવતના સ્થાપનકાળ તથા સ્થાપનાર વિશે, હાલ જે અનેક અટકળો ઉભી થઇ રહી છે, પણ નિશ્ચયાત્મક તત્ત્વ જાહેર કરી શકાયું નથી, તેની ઝાંખી થવા લાગી. અને છેવટે તે બન્ને મુદ્દા નક્કી થઇ જતાં, વળી અવંતિપતિ ક્ષત્રપ ચષ્ઠણના શકનો પ્રશ્ન ડોકિયાં કરવા લાગ્યો. પછી તો તેને માટે આગળ વધવાની જરૂર રહી. એટલે છેવટે અંતિમ મર્યાદા વિશે કાંઇ પણ નિરધારીત કર્યો વિના આગળ ચલાવ્યે રાખ્યું. જેથી કોઇક ઠેકાણે ઇ. સ. ૭૮ સુધી તો, કોઇક પ્રસંગે ઇ. સ. ૧૫૦ સુધીના બનાવ પણ વર્ણવી દેવાયા છે. પણ એકંદરે એક હજાર વર્ષનું ( ઇ. સ. પૂ. ૯૦૦ થી ઇ. સ. ૧૦૦ સુધીનું ) વર્ણન આ ગ્રંથમાં કરાયું છે એમ આશાનીથી કહી શકાશે.

**વિજ્ઞપ્તિ**

ભલભલા અનુભવી અને કસાયલ મનુષ્ય પણ ભૂલને પાત્ર છે. તેમાં હું તો તદ્દન બાળ અભ્યાસી છું. એટલે ઘણીઘણી ભૂલો કરૂં તે દેખીતું છે. તેમાંની કેટલીક જાણમાં છે, જ્યારે કેટલીક અજાણમાં પણ રહી જાયજ. પણ દરેકે પોતાનો અલ્પનો ફાળો જનતાની સેવામાં અર્પવોજ જોઇએ. તેવી ભાવનાથીજ આ પુસ્તક પ્રજા સમક્ષ ધરૂં છું અને વિનંતિ કરૂં છું કે તેમાંથી તેમને જે જે સત્ય અને ગ્રાહ્ય લાગે તે તે સંગ્રહે, અને જ્યાં દોષ લાગે કે સુધારાને સ્થાન લાગે તે કૃપા કરી જણાવે. જેથી કરીને કદાચ બીજું પ્રકાશન કરવાનો સમય આવે તો તેમાં તેનો ઉપયોગ કરી શકાય અથવા ઘટતા વિનય સાથે તેનો રદિયો આપી શકાય.

માણસ તો નિમિત્ત માત્રજ છે. તે તો પુરૂષાર્થ કરવાને બંધાયલો છે. તે પ્રમાણે મેં પણ પ્રયત્ન કરેલ છે. બાકી મારા પ્રયાસમાં જે કાંઇ યશયોગ્ય લાગે, તો તે ગુરૂકૃપાનું ફળ છે એમ સમજી તેમને ફરીફરીને નમસ્કાર કરીને, પુસ્તકને અંગે સામાન્યપણે જે મારૂં વક્તવ્ય છે તે રજુ કરવા રજા લઉં છું.

## (आ) લેખકનું સામાન્ય વક્તવ્ય અથવા ગ્રંથનું ઘડતર

આના મેં બે વિભાગ પાડ્યા છે. એક સામાન્ય વક્તવ્ય અને બીજું ખાસ વક્તવ્ય. સામાન્ય વક્તવ્યમાં પુસ્તક લખી રહ્યા પછી (લખતાં લખતાં જે મુશ્કેલીઓ આવી તે વિચારજન્મમાં લખતાં ઉપર જણાવી ગયો છું) જે કેટલીક હકીકત કે વિચારો સામાન્યપણે પુસ્તકને અંગે સૂઝયા છે તે જણાવીશ. જ્યારે પુસ્તકનીજ હકીકતને અંગે, કે અમુક અમુક વિષયના હાર્દ માટે, જે કાંઇ વિશેષ ઉપયોગી હશે તે બીજા વિભાગમાં-ખાસ વક્તવ્ય નીચે જણાવીશ.

પુસ્તક વાંચનારના મનમાં કેટલીક બાબતો તેના વાંચનથી કદાચ સ્ફુરી ઉઠશે એમ ધારૂં છું. તેનો પ્રથમથીજ ખુલાસો કરવો યોગ્ય લાગે છે. આવી બાબતમાં લેખકના શિરે ઓઢાડાઇ જવાના આક્ષેપોનો પણ સમાવેશ કરૂં છું આક્ષેપોમાં મુખ્યપણે પિષ્ટપેષણનો, હકીકત વિશેષ સ્પષ્ટપણે અને લંબાણથી દર્શાવવાનો, પોતાના ધર્મ તરફ પક્ષપાત કરવાનો કે અન્ય ધર્મને પાછા હઠાવવાના પ્રયત્ન સેવ્યાનો; એવા એવા પ્રકારના આક્ષેપો ઉભા થવા સંભવ છે. પણ લેખક તેમાંના કોઇ દોષનો ગુન્હાવાળો નથી એટલું ભાર દઇને જણાવવા રજા લઉં છું. આ બાબતનો ખુલાસો લંબાણથી વાંચવો હોય તે, નીચેથી વાંચી શકે છે. પણ કદાચ અવકાશ ન હોય તો પ્રથમ તે અત્રે સંક્ષિપ્તમાં જણાવી દઉં છું.

આક્ષેપો કેવા પ્રકારના હોવાની અટકળ મારા મનમાં થાય છે—(૧) પિષ્ટપેષણ કરી છે. (૨) જોઇએ તે કરતાં વિશેષ લંબાણથી હકીકત લખી છે. (૩) પુસ્તકનું કદ નાહક મોટું કરાયું છે. (૪) બીનજરૂરી હકીકતો લખ્યે ગયો છું. (૫) આખ્યાયિકાઓની જરૂર ન હોય છતાં દાખલ કરેલ છે: તેવીજ રીતે અવતરણો ઉતાર્યાં છે. (૬) ભાષા સાદી અને સરલ વાપરી છે તે કરતાં સંસ્કારિત અને ભપકાબંધ વાપરવી જોઇતી હતી. (૭) હિંદુશાસ્ત્રો અને કુદરતની મહત્તા નાહક ગાઇ બતાવી છે. (૮) ધર્મની વાતો (વાચકની વ્યાખ્યા પ્રમાણે) ઘુસાડી દીધી છે. (૯) પોતાના ધર્મની સારી બાજુજ રજુ કરી છે. (૧૦) જ્યાં ને ત્યાં પોતાના સંપ્રદાયિક ગ્રંથોની વાતો અને દાખલાઓજ ટાંકયા છે. (૧૧) અન્ય વિદ્વાનો અને સંપ્રદાયના ઉપર આક્ષેપ કર્યા છે કે ખંડન કરવા તરફજ લક્ષ રાખ્યું છે. (૧૨) તેમાંય બૌદ્ધ ધર્મને તો ખાસ અન્યાયજ કર્યો છે. આવાજ અને તેને મળતા અનેક આક્ષેપો મારા ગળે ઓઢાડાશે એમ ભીતિ છે.

લેખકોને કેવી મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે તે સજ્જન પુરૂષો તો બહુ સારી રીતે જાણે છેજ. પણ સર્વને કાંઇ તે અનુભવ થયો હોતો નથી. એટલે તેમના મનના સમાધાન અર્થે મારે લંબાણથી ખુલાસો કરવો રહે છે: કેમકે જો તેમ ન થાય તો, આખા પુસ્તક પાછળ લીધેલો શ્રમ માર્યો જાય. માર્યો જાય તેની પણ મને પોતાને તો બહુ ફીકરજ નથી, પણ જે કાંઇક જ્ઞાન મળવું જોઇએ તેનાથી વંચિત રહી જવાય છે. માટે વાચકને મારે સવિનય અને સપ્રેમ વિજ્ઞપ્તિ કરવાની કે, નીચેના મુદ્દાઓ

(જે ટૂંકમાં ઉપર ટાંકી બતાવ્યા છે અને લંબાણથી હવે સમજાવું છું) ની હકીકત ધ્યાનમાં લઇનેજ પછી પોતાના વિચાર બાંધવા હોય તે બાંધે.

પ્રથમમાં આ પુસ્તક રચવાનો ઉદ્દેશ-હેતુ ટૂંકમાં કહી જઇશ અને પછી ઉપર જણાવેલ આક્ષેપો સંબંધી મારા વિચારો જણાવીશ.

ઉદ્દેશ તથા હેતુ

અત્યાર સુધી, હિંદના પ્રાચીન સમયના ઇતિહાસને અંગે અનેક પુસ્તકો દેશી ભાષામાં તેમજ ઇંગ્રેજી ભાષામાં પ્રગટ તો થઇ ગયાં છે; છતાં તેમાં આ એકનો ઉમેરો કરવાનું પ્રયોજન એ છે કે, (૧) કોઇમાં સંગઠિત રીતે, અત્રુટિત સ્થિતિમાં અને સાલવાર કે રાજ્યવાર, અનુક્રમબંધ હકીકત લખવામાં આવી નથી (૨) જે કાંઇ વિવેચન કરવામાં આવેલ નજરે પડે છે તે કાં તો બહુજ સંક્ષિપ્ત નોંધરૂપેજ દેખાય છે અને કાં તો કોઇ ને કોઇ ગ્રંથમાંથી તારવી કાઢીને અપાયેલું માલુમ પડે છે. (૩) અથવા જો કોઇ ઠેકાણે કાંઇક વિસ્તારપૂર્વક આળેખેલું હોય છે, તો પ્રાચીન સમયના કોઇક અંશ માટેજ હોય છે, જેથી કરીને, એકી વખતે, હિંદના સર્વ પ્રદેશો ઉપર પ્રાચીન સમયે શું સ્થિતિ પ્રવર્તી રહી હતી તેનો ખ્યાલ વાચકને આવી શકતોજ નથી. તેમ દરેક પુસ્તકમાં ફરી ફરીને એકજ વસ્તુ વાચક પાસે રજુ થતી હોવાથી, કદાચ નવા વિચારો લેખકના કયાંક રજુ થયા હોય છે, તો તે પણ વાચકની દૃષ્ટિ બહારજ રહી જવા પામે છે; જ્યારે આ પુસ્તકમાં ઉપરની ત્રણે ત્રુટિઓ દૂર કરી છે એટલુંજ નહીં પણ આખા ગ્રંથમાં સંશોધક દૃષ્ટિએ કામ લીધે જવાયું હોવાથી, પાને પાને નવીનજ હકીકત દેખાયા કરે છે.

પિષ્ટપેષણ તથા અધિક લંબાણ

આખું પુસ્તક લગભગ બે હજાર પાનાનું થઇ જશે એમ ગણત્રી છે. અને જે સમય મર્યાદા આ પુસ્તકની મેં ઠરાવી છે, તેટલા સમયનો આવડો મોટો ગ્રંથ હજુ સુધી બહાર પડયો હોય એમ મને ખ્યાલ નથી. એટલે વાચકના મનમાં એમ કલ્પના થઇ જવાની ભીતિ રહે, કે શું પુસ્તકમાં ટાયલાં ભર્યાં હશે? કે એક એક ચીજને વારંવાર જણાવી પિષ્ટપેષણ કરવામાં આવ્યું હશે? કે બીનજરૂરી હકીકતો જણાવ્યાં કરી હશે? પણ તેમના મનમાં જે કાંઇ કલ્પનાઓ ઉભી થવા પામે, તે પહેલાં કેટલોક ખુલાસો કરવાની જરૂરીઆત છે.

(૧) ઉપર જણાવ્યું છે તેમ આવા પ્રકારનું આ પ્રથમજ પુસ્તક છે. એટલે તેમાં નવીનતા તો હોવીજ જોઇએ, એમ આપોઆપ દેખાઇ આવે છે. પછી થોડી-ઘણી છે કે પાને પાને ભરેલી છે તે તો વાંચ્યે જણાય તે સાચું, પણ જ્યારે નવીનતા તો છે જ, ત્યારે એમ પણ કબૂલ કરવુંજ પડશે કે, તેવી નવીનતાની વસ્તુઓમાં લેખકનું હૃદય વાચકને બરાબર સમજવું જોઇએ; કેમકે જ્યાં સુધી સમજાય નહીં, ત્યાં સુધી લેખકનો પ્રયાસ અને વાચકનો સમય બન્ને બરબાદ જ જાય. એટલે નવીનતા સમજાવવાને લેખકે પ્રયાસ કરવોજ રહે. વળી નવીનતા બે પ્રકારની

છે. ( એક ) તદ્દન નવીન હોય, કોઇ દિવસ સાંભળી ન હોય તેવી, અને ( બીજી ) સાંભળી તો હોય, પણ અન્ય પ્રકારે સાંભળી હોય, તેમાં સુધારો કરી સ્વરૂપ ફેરવી નાંખવું પડે તેવી હોય. આ બન્ને પ્રકારની નવીનતા રજુ કરવામાં, જેમ નવીનતાનો અંશ વિશેષ, તેમ સમજાવવાની દલીલોનું પ્રમાણ પણ થોડું પહોળું થવાનું જ; નહીં તો પોતાનો મત બરાબર છે એમ, વાચકના મનમાં લેખક સંપૂર્ણ રીતે ઠસાવી શકે નહીં, અથવા પોતાના મંતવ્યનું વ્યાજબીપણું પૂરવાર કરી શકાય નહીં. એટલે ટૂંકમાં જણાવવાનું કે ગમે તે મુદ્દાથી વિચારો તો પણ પુસ્તકનું કદ વધવાનું, વધવાનું ને વધવાનું તે ચોક્કસ થાય છે જ.

દૃષ્ટાંત તરીકે: અત્યાર સુધી એમ માન્યતા પ્રચલિત છે કે ( ૧ ) અશોક અને પ્રિયદર્શિન બન્ને એકજ વ્યકિત છે, અને તેથી પ્રિયદર્શિનના સઘળા લેખો તે અશોકનાજ છે ( ૨ ) તેમજ અશોક બૌદ્ધસમ્રાટ હોવાથી તેના લેખોમાં બૌદ્ધ ધર્મનો ઉપદેશ પ્રતિબોધાયો છે. હવે આ બન્ને પ્રકારની માન્યતા ફેરવવાને લગભગ ૫૦ થી ૬૦ પાનાં રોકવા પડયાં છે, જ્યારે સાર તો ઉપરની માત્ર બે લીટીમાંજ આવી રહે છે. તેવીજ રીતે ( ૩ ) વિક્રમાદિત્યના વિક્રમ સંવત સ્થાપનાનો સમય ( કોઇના મતે ) ઇ. સ. પૂ. ૫૭ છે તો વળી કોઈ તેને કલ્પિતજ ઠરાવે છે. તેમાં કયું સાચું છે તેને નિશંયપણે સાબિત કરવામાં ૪૦ જેટલાં પાનાં (૨) ચષ્ટણના સંવતનાં (કહો કે તેના વંશે જે સંવત ગ્રહણ કર્યો છે અને જેને અત્યાર સુધી શક સંવત લેખી ઇ. ૭૮ માં પ્રારંભ થયાનું જ વિદ્વાનો ગણુતા આવ્યા છે, તેનાં ) નામ અને સમય બન્નેમાં ફેરફાર કરવો પડયો છે તે બાબતમાં લગભગ ૩૦ પાનાં ( ૩ ) હાથીગુંફાના લેખને ( તેમાં પણ કેટલીક પંકિતના અર્થ બેસારવામાં ગેરસમજુતી થઇ છે તેનો બરાબર અર્થ સમજાવી ) બીજી ઐતિહાસિક ઘટનાઓ સાથે ઘટાવી બતાવવામાં લગભગ ૨૫ પાનાં ( ૪ ) શક, ચોન, યવન, પલ્હવ, શિથિઅન, બેકટ્રિઅન, પાર્થિઅન, ક્ષહરાટ ઇત્યાદિ પ્રજાના શબ્દનો, તેમજ તેમના ભૂપતિઓનો કાંઇપણ ભેદભાવ રાખ્યા વિના કે ખ્યાલ રાખ્યા વિના, જાણતાં અજાણતાં જે વપરાશ કર્યે રખાયો છે, તે સર્વેની ઉત્પત્તિ, અર્થ અને વહેંચણી, યથાર્થપણે કરી બતાવવામાં, કે જેથી એકબીજા રાજાઓના વંશજો પણ ભિન્ન ઓળખી શકાયા છે, તેમજ તેમનાં જીવનવૃત્તાંતો, જીવનના આચારવિચારો તથા રાજકીય ક્ષેત્રને સ્પર્શતા અનેક બનાવોનો પણ ઉકેલ કરી શકાયો છે, તે બાબતમાં લગભગ ૪૦ પાનાં ( ૫ ) તદ્દન નવીન વિષયોજ ઉમેરવામાં, જેવાં કે સ્તૂપોમાં ૨૦ પાનાં, પ્રચંડકાય મૂર્તિઓમાં આઠ-દશ પાનાં, કલ્કી રાજામાં દશેક પાનાં, આખા આંધ્રદેશની વંશાવળી, નામાવળી તથા જીવનવૃતાંતોની હકીકત વિગેરે ચર્ચવામાં દોઢસો એક પાનાં; તેમજ નંદવંશ, શિશુનાગવંશ, કૌશલપતિનો અને વત્સપતિનો વંશ; એમ અનેક વંશોની સમયાવલી તથા વંશાવલી સ્થાપિત કરવાની જરૂર રહે છે; આ સર્વ માટે પણ થોકબંધ પાનાં ભરવાં પડયાં છે. તે વિશેનું વિવેચન તે તે વિષયે કહીશું. આમ પૃથક્ પૃથક્ ગણાવ્યા પ્રમાણે, ૪૦૦-૪૨૫ પાનાં થઇ જાય છે; જ્યારે તેમાં દર્શાવેલી સર્વે હકીકત, ચર્ચાઇને સાવ સાફ થઇ, નિર્ણીત અવસ્થામાં આવી જશે, ત્યારે તો માત્ર બે ચાર પારિગ્રાફમાંજ કે બહુ ત્યારે બે

ત્રણ પૃષ્ઠોમાંજ સમાઇ જાશે; એટલે હવે પછી પ્રસંગો પ્રાપ્ત થતાં ( મારે કે અન્ય ગ્રંથકારને ) અ ટલોજ વિષય આલેખતાં, પુસ્તકનું કદ ઘણા અંશે નાનું કરી નાંખવું પડશે તે સ્પષ્ટ છેજ.

( ૨ ) ઉપર જણાવી ગયા પ્રમાણે, પુસ્તકનું કદ વધવામાં પહેલું કારણ જેમ તેની નવીનતા છે, તેમ ખુલાસાવાર હકીકત સમજાવવાનું ધોરણ તે બીજું કારણ છે. અલબત્ત મારે કબૂલ કરવું પડશે કે કેટલેક ઠેકાણે ખુલાસા લંબાણથી અપાયા છે. પણ યાદ આપવું રહે છે કે વાચક વર્ગના સઘળા સભ્યો કાંઇ એકજ કોટીની બુદ્ધિમત્તાના પુરૂષો હોતા નથી. કોઇ ટૂંકામાં પણ સમજી શકે છે, જ્યારે કેટલાકને લંબાણપણે સમજાવવાની જરૂરીઆત રહે છે. જ્યારે લેખકે તો સર્વ કોઇની અનુકૂળતા વિચારીનેજ આગળ વધવું રહે છે. એટલે આ કારણને લીધે પણ કયાંક વધારે પડતું રૂપ દેખાશે.

( ૩ ) ત્રીજો આક્ષેપ એમ પણ કોઇ કરશે, કે બીનજરૂરી હકીકતો મેં દાખલ કરી છે. અલબત્ત તેવા વિચારો તેમને મુબારક છે, પણ મારે નમ્રપણે જણાવવું જોઇએ કે તેમને જે બાબત નકામી કે બીનજરૂરી અથવા કયારની જાહેર થઇ ગયેલી દેખાતી હોય, છતાં સર્વ કોઇના વિચાર કે મંતવ્ય તે જ પ્રમાણે છે, એમ તો તેઓ પોતે પણ કહી શકશે નહિ. એટલે સર્વના સંતોષ ખાતર, લેખકે તો લખવીજ રહી. વળી બીજી બાબત પણ અત્રે કહી દેવી પડે છે કે, એક વસ્તુની અગત્યતા ઠરાવવાનું કાર્ય પણ 'મુંડે મુંડે મતિર્ભિન્ના' ન્યાય ઉપર અવલંબી રહેલ છેઃ જેમકે અલેકઝાંડર ધી ગ્રેઇટ ઇ. સ. પૂ. ૩૨૭ માં હિંદ ઉપર ચડી આવ્યો ત્યારે પંજાબના પ્રદેશમાં તેને જે વ્યુહ રચના કરવી પડી હતી અને કુનેહબાજી કહો કે છલકપટ કહો, પણ તેનો આશ્રય લઇ તેણે જે જીત મેળવી હતી, તે બાબત વર્ણવવામાં કેટલાય ગ્રંથકારોએ ૬૦-૬૦ કે ૭૫-૭૫ પાનાં ભર્યાં છે. કેટલાક ઇતિહાસવેત્તાઓને કે વાચકોને આ વ્યુહરચનાનું પગલું ઉપયોગી હોવાનું લાગશે, જ્યારે બીજાને એમ લાગશે કે તેટલી વાત લંબાણમાં લખવાને બદલે બે લીટીમાં પણ પતાવી શકત. તેજ પ્રમાણે આ પુસ્તકમાં વર્ણવેલી કેટલીક બાબતો વિશે વાચકોમાં મતભેદ બંધાશે. જેમકે વૈશાલી દેશના વર્ણને, રાજા ચેટકની સાત કુંવરીઓનું વૃત્તાંત, ચેદિ દેશ અને વંશની ઉત્પત્તિનું વિવેચન, રાજા શ્રેણિકના પુત્ર અને મહામંત્રી અભયકુમારનો પરિચય વિગેરે. ( તેવી અનેક બાબતો છે પણ અહીં તો બે-ચાર દૃષ્ટાંતોજ ટાંકયાં છે. ) આ દૃષ્ટાંતોના કિસ્સામાં કહેવાનું કે; વૈશાલીની કુંવરીઓનાં લગ્નની ચર્ચાથી અનેક સમ્રાટોના સમય નક્કી કરવાનો હેતુ છે ( ને સાલવારીની કેવી ઉપયોગિતા છે તે ઉપરમાં પૃ. ૧૪ માં એક ગ્રંથકારના શબ્દો ટાંકી બતાવીને પૂરવાર કર્યું છે ). ચેદિદેશ અને વંશની બાબતમાં અદ્યાપિ પર્યંત સર્વ ગ્રંથકારો, જે સ્વમતાનુસાર, ભિન્ન ભિન્ન સ્થિતિમાંજ રમ્યા કરે છે તેમને નિવૃતવા માટે છે. શ્રેણિક અને અભયકુમારની હકીકતનું લખાણ, તે સમયે રાજાઓ અને મંત્રીઓની કાર્યદક્ષતા, કાબેલિયતપણું, પ્રજાપ્રેમ તથા તેમના માટે મરીફીટવાની ધગશ અને લોકહિતનાં કાર્યો કેવી રીતે સધાતાં હતાં, તે વસ્તુસ્થિતિનું દિગ્દર્શન કરાવવા માટેજ છે. એવાં અનેક દૃષ્ટિબિંદુ દરેક વર્ણવાયલા પ્રસંગ માટે

રજુ કરી શકાય તેમ છે. મતલબ કે, કેટલાકને એવી જે ટેવ પડી ગઈ છે કે, મોટા અને નામાંકિત પુરૂષો ફાવે તેવું કામ કરે તો પણ તેને બહુ જ સારૂં ગણે છે જ્યારે બિચારો કોઇ અજ્ઞાત કે બહાર નહીં આવેલ એવો પુરૂષ, ભલે ગમે તેટલું સુંદરમાં સુંદર કાર્ય કરે, તોપણ તેનાં કાર્ય પ્રત્યે, છી છી વૃત્તિ દાખવવાનુંજ વલણ ધરાવે છે. તેઓને વિનંતિ કે, તેઓ નિષ્પક્ષપાત બની, આ પુસ્તકમાં વર્ણવાયલા સર્વ પ્રસંગો નિહાળતા રહેશે, તો તેમની સૂગ ઘણીખરી જતી રહેશે, એમ મારૂં અદના તરીકે માનવું થાય છે.

( ૪ ) કોઇ કોઇ ઠેકાણે પ્રસંગના સ્પષ્ટીકરણ માટે આખ્યાયિકા પણ આપવી પડી છે. અથવા કોઇ પ્રસંગે આખું ને આખું અવતરણ પણ કરવાની જરૂરિઆત પડી છેઃ તેમજ વિચારોને સમર્થન કરવાને અનેક ગ્રંથકારોની સાક્ષીઓ અને પ્રમાણો પણ આપવાં પડ્યાં છે. જોકે આવાં પ્રમાણો તથા વિવેચન ટીકા તરીકે ઉતાર્યાં છે, એટલે તેનું વાંચન છોડી દઇને આગળ વધવું હોય તો વધી શકાય; વળી વાચક તપાસશે તો માલુમ થાશે કે બે હજાર પાનાંમાં ભાગ્યેજ એવું કોઇ પાનું હશે કે જ્યાં આવી ટીકાઓ લખી નહીં હોય. આવાં કારણને લઇને પણ કદ વધી જાય છે; છતાં તેમ કરવામાં એક બીજો મુદ્દો પણ છે. જે કેટલાકના મનમાં એમ ઠસી ગયું છે કે, ઇતિહાસ એટલે કેવળ રાજાઓનાંજ વૃત્તાંત અને તેમાં પણ ફલાણી સાલમાં ફલાણી લડાઇ થઇ ને ફલાણો જીત્યો-હાર્યો કે મર્યો, અને ફલાણો ગાદીએ બેઠો તે સિવાય બીજું કાંઇ તેવા ગ્રંથોમાં હોયજ નહીં. તેવા વિચાર ધરાવનારનો સંદેહ પણ ભાંગી શકે, તેમ અન્ય વાચકોને, વાંચન એકદમ નિરસ ન થઇ પડે કે કેવળ યાદદાસ્તને બોજારૂપ થઇ ન પડે તે માટે, આ પ્રમાણે વચ્ચે વચ્ચે આવતી આખ્યાયિકાઓ, અવતરણો અથવા ટીપણો, આરામના સ્થાનરૂપ નીવડે છે એવી મારી સમજણ છે. ઉપરાંત જણાવીશ કે તેવાં લખાણ દાખલ કરવામાં પણ, કાંઇક ને કાંઇક ઐતિહાસિક તત્ત્વ વાચક વર્ગ પાસે ધરવાની બુદ્ધિથીજ કામ લેવાયું છે.

( ૫ ) કેટલેક ઠેકાણે વાચકને એમ પણ લાગશે કે, લેખકે પોતાના વિચારો જે ભાષામાં રજુ કર્યા છે તેના કરતાં સંસ્કૃત અને શિષ્ટ ભાષામાં લખ્યા હોત તો સારૂં. હું પણ તેમના વિચારને પ્રશંસું છું. છતાં એવો મત ધરાવું છું કે, જડબાતોડ અને બિલકુલ અર્થ ન સમજાય તેવા શબ્દો કે લાંબી મહેનત કર્યા છતાં પણ કોઇ મેળજ ન ખાય તેવાં વાકયો લખવાં કરતાં, સાદા શબ્દો, તુરત સમજી શકાય તેવાં વાકયો અને તે પણ મીઠી ભાષામાં લખાય તો તે વિશેષ આદરમાન ગણાય. તેમજ સુશિક્ષિત-આબાલવૃદ્ધ, પુરૂષ, સ્ત્રી કે બાળકો વિગેરે સર્વ કોઇ આશાનીથી, વાંચી શકે તેવું લખાણ વિશેષ હિતકારક ગણાય. આ બે મુદ્દા ખાસ લક્ષમાં રાખી આખો ગ્રંથ લખ્યો છે, અને તેથીજ સાદી અને ઘરમાં વપરાતી ભાષાના, શબ્દોના તથા શૈલીના પ્રયોગ જ્યાં ને ત્યાં કરાયા દેખાશે.

( ૬ ) કેટલેક ઠેકાણે કુદરતના નિયમો વર્ણવ્યા છે. જેમકે દુષ્કાળ પડવાના નિયમો; જર, જમીન અને જોરૂ તે ત્રણે કજીયાના છોરૂવાળી હકીકત. વિગેરે; કેટલેક

ઠેકાણે હિંદુશાસ્ત્રોનાં સુત્રો કે તેમનાં કથનો—જેમકે, મહાપુરૂષોનો જન્મ થવો, કુદરત જેવી પણ વસ્તુ છે ઇત્યાદિ—સમજાવ્યાં છે. જોકે હાલના કેટલાક કેળવણીપ્રસાદિત સજ્જનોને તે રીત રૂચિકર નહી લાગે, પણ તેમને ખાસ આગ્રહ અને આજીજીભરી નમ્રતાથી જણાવવાનું કે, જો હકીકતના વાંચનથી તેમને ખાત્રી થાય, કે રજુ કરેલ મંતવ્ય બરાબર છે, તો પછી જે તેમની માન્યતા થઇ પડી હોય કે ધર્મશાસ્ત્રો તો કેવળ થોથાંજ છે, અથવા તેમાં વર્ણવાયલા પ્રસંગો તો ટાઢાં પહોરનાં ગપ્પાંજ છે; તેવા વિચારને તેમણે ઢીલા કરવા અથવા તિલાંજલી આપવાની જરૂર લાગે તો તેટલે દરજ્જે પણ તૈયાર થઇ જવું. અને છેવટે, જુનું તે સર્વ ખોટું છે, એ વિચારો કાઢી નાંખી, જુનામાં પણ ઘણું ગ્રાહ્ય છે એવી મધ્યસ્થ ભાવના ભાવતા થવું; અને આવા પ્રસંગો પણ, ઇતિહાસના ઘડતરમાં અનુપમ કાર્ય કરનારાં, જ્ઞાનમાં વૃદ્ધિ કરનારાં, તેમજ વિજ્ઞાનિક સૂત્રના ઉકેલ કરવામાં મદદરૂપ થઇ પડનારાં નીવડે છે એમ સમજવું.

( ૭ ) કેટલાકને એમ પણ લાગશે કે લેખકે પોતે (અ) જ્યાં ને ત્યાં ધર્મની વાતો ઘુસાડી દીધી છે એટલુંજ નહીં પણ ( આ ) પોતે અમુક ધર્મ તરફનો પક્ષ-પાતી હોય તથા ( ઇ ) કેમ જાણે તેનું પ્રચારકાર્ય લઇ બેઠો ન હોય, તેવીજ વસ્તુઓ પ્રતિપાદન કરી ગયેલ છે. ધારો કે આ ત્રણે આક્ષેપો સત્ય છે, છતાં જણાવવું જોઇએ કે લેખકે તો ઇતિહાસમાં હમેશાં નગ્ન સત્યજ લખવું પડે છે. કદાચ પક્ષપાત કરી, અન્ય સ્થિતિ ચિતરી જવાની કોઇ લેખક પેરવાઇ કરે તો પણ ( પોતાની બુદ્ધિની કે અભ્યાસના ક્ષયોપશમના પરિણામે તેમ કરી જાય તે જુદી વાત છે અને જાણી જોઇને ખોટાને સત્ય તરીકે ચલાવવા પ્રયત્ન કરે તે જુદી વાત છે. પહેલી સ્થિતિ ક્ષંતવ્ય છે, બીજી નિંદનીય છે ) તે કાંઇ લાંબો કાળ ટકી શકતીજ નથી. તે પ્રમાણે જો ત્રણ આક્ષેપોમાંનો કોઇ સાચોજ હશે તો તે ટકી રહેશે અને ખોટોજ હશે તો કાળાં-તરે બધું વાજુ આપોઆપ ફરી જશે. એટલે તે બાબત કોઇએ બહુ કાળજી કરવાની જરૂર રહેતી નથી. હવે તે ત્રણે બાબતના રદિયા આપવા ઉચિત ધારૂં છું.

ધર્મની બાબત જ્યાં ને ત્યાં અથવા બન્યું ત્યાં, સર્વ ઠેકાણે દાખલ કરી છે; પહેલું તો ધર્મ કોને કહેવો તે જ પ્રશ્ન છે. ધર્મ એટલે જેને હાલ Religion, કે તેવા સંકુચિત પર્યાયવાચક શબ્દમાંજ વ્યાખ્યા કરી બેસાડી છે, તેવોજ અર્થ જો કરાતો હોય, તો બુલંદ અવાજે જાહેર કરવું પડશે કે તે વ્યાખ્યા મારે માન્ય પણ નથી. તેમ તેવા અર્થમાં મનાવવાનો મારો પ્રયત્ન પણ નથી. તેમજ અમુક જાતનાં ટીલાં ટપકાં કરવાં કે, અમુક ક્રિયાકાંડ અને વિધિવિધાનો પ્રતિદિન કર્યે જવાં, તેનું નામ ધર્મ હોય તો તેવા વિચાર ધરાવનારને તે મુબારક રહે. આવા વિચારો તો, જેમ કાયદાના અનુપાલકો તેમાં અંદર રહેલ કેવળ શબ્દોના શુષ્ક અર્થોનેજ વળગી રહીને અમલ કરવા ધારે તો હજુ કદાચ ઉપરની વ્યાખ્યા માન્ય રહે—જો કે તેમાં પણ બીક રહે છે કે તેટલો અર્થ ઘટાવવામાં પણ ઉપર કલ્પેલ ધર્મની વ્યાખ્યાની હદ ક્યાંય કુદાવી જવાનું થાય છે. પણ કાયદામાં ટાંકેલા અને સંકલિત કરાયેલ જડ શબ્દોને વળગી ન રહેતાં, તે શબ્દોનું રહસ્ય અને તેની વાક્યરચનામાં રહેલ ભાવાર્થ

અને ભાવનાને અનુલક્ષીને, જે પ્રમાણે કાર્યને ગતિ અપાય છે, તે જ પ્રમાણે ધર્મની વ્યાખ્યાનો અર્થ સમજવામાં, કેવળ વિધિવિધાનોની સંકુચિતતામાંજ અટવાયા કરતાં, અતિ વિસ્તૃત ભાવનામાં ગણવાની જરૂર છે. અને તેવી દૃષ્ટિથી ધર્મ શબ્દનો અર્થ કરીને જો આક્ષેપ મૂકાતો હોય તો ખુલાસો કરવાની અગત્યતા રહે ખરી. સર્વ માનવ જાતિ પ્રત્યેની ફરજનું આપણને દરેકને એટલે મનુષ્ય માત્રને, જે ભાન કરાવે તેનું નામ ધર્મ કહેતાં હો, તો તે વ્યાખ્યા ખરી છે. પ્રિયદર્શિન સમ્રાટે પણ, અત્યારે સર્વનું આકર્ષણ કરી રહેલ પોતાના શિલાલેખોમાં ધમ્મલિપિ શબ્દોનો પ્રયોગ આવાજ ઉદ્દેશ તરીકે વાપર્યો છે એમ મારૂં માનવું થાય છે. ધૃ શબ્દ ઉપરથી ધર્મ, નીકળ્યો છે એટલે જે ધારણ કરી શકે, ઉદ્ધાર કરી શકે, તેનું નામ ધર્મ જે કોઇને ધરી રાખી, પકડી રાખી, ( પડતો અટકાવી રાખે ) ઉદ્ધાર કરે એટલે પાર ઉતારે તેનું નામ ધર્મઃ તેમજ સંસારમાં ઉદ્ભવતા અને ઉકેલવા યોગ્ય સર્વ પ્રશ્નો, જે વસ્તુના સિદ્ધાંત પાલનથી શાંત રીતે સ્પર્શના પામે છે એમ વ્યવહારૂ રીતે બતાવી આપે, તેનું નામ ધર્મ. વસ્તુતઃ ધર્મ આકાશ જેટલો વ્યાપક છે અને જીવનના બધા પ્રદેશો, પછી તે રાજકીય હોય, કે સામાજિક, આર્થિક, વ્યવહારિક કે કેળવણી વિષયક હોયઃ પણ દરેકે દરેક ક્ષેત્ર સાથે તેનો ઘનિષ્ટ સંબંધ છે. જીવનના અતિ સામાન્ય પ્રશ્નથી માંડી ગંભીરમાં ગંભીર પ્રશ્નો ઉકેલવાની ચાવી જે વસ્તુમાંથી મળી આવતી હોય તેનું નામ ધર્મ. આવી વિસ્તૃત ભાવનાનેજ તે વખતના રાજવીઓ ધર્મનું નામ આપતા અને પોતે પણ આચરણ કરતા હતા એમ મારૂં માનવું થયું છે અને તેથી જ તે વાતને મેં પ્રધાનતા આપી છે.

તેવી ભાવનાનું જો આપણે સેવન કરીએ તો કોઇ પણ વ્યક્તિ, જેનામાં લેશમાત્ર પણ બુદ્ધિ હશે, તે કહી શકશે કે તેવી ભાવના ભાવવાથી અને આચારમાં મૂકવાથી કદીજ કોઇને મનદુઃખવવાનો પ્રસંગ ઉપસ્થિત થવા પામશે નહીં. અત્યારે જે આપણી દુર્દશા કહો કે અવનતિ કહો–થઇ રહી છે તે સ્થિતિ માટે, ધર્મ શબ્દ કોઇ રીતે જવાબદાર નથીજ; પણ મનભાવતા મંતવ્ય પ્રમાણે ધર્મ શબ્દની વ્યાખ્યા કરી તેને ખોટી રીતે અમલમાં મૂકવાને પરિણામેજ થવા પામી છે.

વૈજ્ઞાનિક સૂત્રોથી જેમ સાબિત થઇ ગયું છે કે, Evolution અને Involution હમેશાં એક પછી એક આવ્યાંજ કરે છે. અથવા મામુલી ભાષામાં કહીએ તો, અંધકારમાંથી પ્રકાશ અને પ્રકાશમાંથી અંધકાર, એમ એક પછી એક સ્થિતિ આવ્યાંજ કરે છે. પણ તેમાં પહેલી સ્થિતિ કઇ તે કળી શકાતું નથી. વળી આંબામાંથી ગોટલી કે ગોટલીમાંથી આંબો તે કહેવું જેમ કઠિન છે તેમ આપણી કઇ સ્થિતિ પ્રથમ અને કઇ પછીની, તે કહી શકાતું નથી; પણ એટલું ચોક્કસ છે કે, એક સ્થિતિ પછી બીજી આવ્યેજ જાય છે. એટલે જો તે સિદ્ધાંતને ધ્યાનમાં રાખીશું તો, એક સ્થિતિ સંપૂર્ણ થતાં ( કયારે સંપૂર્ણ થઇ ગણવી, તેજ પ્રશ્ન ઉકેલવો રહે છે ) બીજી આવશે તે નક્કી થયુંજ કહેવાય. અને તે હેતુથીજ પૂર્વની સ્થિતિ જાણવાની જરૂર રહે છે. એટલે હવે વાચકને સમજાશે કે શા માટે જીવનકલહના સર્વ પ્રદેશો અને અંશો ધર્મ સાથે જોડાયલા છે તેમજ તેનો ઉકેલ કરવા

શા માટે મનુષ્ય માત્રે વિચાર કરવો રહે છે. આ કારણથીજ આ પુસ્તકમાં મેં તેને જગ્યે જગ્યે ચર્ચ્યો છે.

સારા વિશ્વમાં હવે તો વસ્તીપત્રક થાય છે જ અને તેમાં પણ તે વ્યક્તિ કયો ધર્મ પાળે છે તે એક આસનમાં જણાવાય છે. આવાં પત્રકો મુદત પ્રમાણે બહાર પડયે પણ જાય છે. તેમાંથી એક વસ્તુ એમ નીકળે છે કે, વિશ્વની મનુષ્ય સંખ્યામાં ચાર ધર્માનુયાયીઓની સંખ્યા અત્યારે સર્વથી વિશેષ છે. એક ઇસાઇ ધર્મ, બીજો બૌદ્ધ ધર્મ, ત્રીજો હિંદુધર્મ, અને ચોથો ઇસ્લામ ધર્મ ( આ નામનો ક્રમ તે તે ધર્મના અનુયાયીની સંખ્યાના પ્રમાણમાં લખ્યો છ એમ સમજવાનું નથી ) હવે આ પુસ્તકના વિવરણ માટે જે સમયમર્યાદા આપણે ટાંકી છે તેમાં પ્રથમના ત્રણ ધર્મનોજ સમાવેશ થાય છે; ને તેમાંના ઇસાઇ ધર્મની ઉત્પત્તિ ઠેઠ ઇ. સ. ૧ થી ( કે ભલે ઇ. સ. પૂ. ૪ થી ગણો ) ગણો તો તેનો આદિ પણ પુસ્તકની સમય મર્યાદાની છેવટનોજ કહેવાશે. એટલે બાકીના રહેલ બે ધર્મ વિશેજ આ પુસ્તકમાં જણાવવાનું રહે છે. તેમાંયે બૌદ્ધધર્મની ઉત્પત્તિ તેના મહાન્ પ્રચારક તથાગત બુદ્ધદેવ અથવા ગૌતમબુદ્ધથી કહેવાય છે. ને તેમનો સમય ઇ. સ. પૂ. ની છઠ્ઠી શતાબ્દિમાં છે ( આ સમયનીનિશ્ચિત ગણત્રી માટે એક સ્વતંત્ર પરિચ્છેદજ લખ્યો છે; તૃતીયખંડનો પ્રથમ પરિચ્છેદ જુઓ ) એટલે કે આ પુસ્તકની આદિ મર્યાદાથી માંડીને, છઠ્ઠી સદીના મધ્યભાગ સુધી ( જ્યારે શ્રી ગૌતમબુદ્ધે પોતાના ધર્મનો પ્રચાર શરૂ કર્યો ત્યાં સુધી ) નો સમય સાડી ત્રણ સદીનોજ હતો એમ સમજવું રહે છે. અત્રે એક બીજી હકીકત રજુ કરી દેવાની જરૂર છે. અત્યારે જેને જૈનધર્મ કહેવાય છે અને જેના અનુયાયીઓની ગણના, માત્ર લાખની સંખ્યામાંજ આવીને ઉભી રહી છે; બલ્કે કહો કે પ્રતિદિન જેનો હ્રાસ થઇ રહ્યો છે અને કયાં જઇને તે અટકી જશે તે કહી શકાય નહીં. તે જૈન ધર્મ તે સમયે પૂરજોશમાં ફાલી-ફુલી નીકળ્યો હતો. અને માનવાને કારણ પણ મળે છે કે તેવી સ્થિતિ હશે પણ ખરી. અરે ! વધારે નહી તો, અત્યારના કરતાં તો તે મતને અનુસરનારાની સંખ્યા કયાંય વધારે હતીજ, એટલે વર્તમાનકાળના વ્યાપક ધર્મોની ગણનામાં ભલે તેનો હિસાબ ન લેખાય, તો પણ, આપણો પુસ્તક મર્યાદાના કાળ વખતે તો તેની ગણના લેખવીજ રહે છે. અને એ તો હવે પૂરવાર થયેલી બીના છે કે તે ધર્મ પણ હિંદુ-ધર્મની પેઠે અતિ પ્રાચીન સમયે પણ અસ્તિત્વ ધરાવતો હતો. એટલે તાત્પર્ય એ થયો કે આલેખન સમયના હજાર વર્ષના ગાળામાં, પ્રથમના સાડાત્રણસો વર્ષ સુધી, માત્ર બેજ ધર્મ ભરતખંડમાં હતા. અને પાછળના સાડાછસો વર્ષમાં તેમાં એકની-બૌદ્ધધર્મની-વૃદ્ધિ થતાં તે સંખ્યા ત્રણની થઇ હતી. એટલે સારા ભારતવર્ષની પ્રજા, આ ત્રણમાંથી કોઈ એક ધર્મની અનુરક્ત બની રહેતી હતી.

પ્રાચીન સમયના ઉક્ત બન્ને ધર્મ, ભલે હિંસાના વિરોધી હશેજ. તેમજ અહિંસાના પક્ષપાતી તરીકે સૂત્રો ઉચ્ચારતા પણ હશેજ; છતાં યજ્ઞાદિ થાય અને પ્રાણિઓના ( નાનાં કે મોટાંની વાત અલગ રાખીએ તો પણ ગણત્રીએ તો સંખ્યાબંધ ખરાંજ )

ભોગ ધરાય એવા અનેકવિધ ક્રિયાકાંડો હિંદુધર્મમાં અનુષ્ઠાતા હતા, એમ તેમના શાસ્ત્રગ્રંથો ઉપરથી કહી શકાય છે. એટલે આપણે ધર્મની જે વ્યાખ્યા ઉપરમાં આપી ગયા છીએ તેની કસોટીમાં તેવી હિંસાપ્રવૃત્ત ક્રિયાને બહુ ઉંચું સ્થાન આપી શકાય નહીં. તો પછી કેવળ એકજ ધર્મ રહ્યો. અને તે પ્રાણીમાત્રને હિતકારક જણાતા, તે તરફ મનુષ્યબળ પ્રવાહરૂપે ઘસડાતો જાય તો તેમાં આશ્ચર્યકારક પણ શું હોઇ શકે? તે પ્રવાહને વધતો અને મજબુત બનતો જોઇ તેનીજ પ્રતિકૃતિરૂપ અન્ય માર્ગની ઉદ્‌ઘોષણા થોડાકાળે બહાર પડી એટલે તે તરફ પણ માણસનું ઢળણ થવા માંડયું હતું. આનાં કારણ વિગેરેનો કાંઇક પરિચય આપણા વિષયને લાગેવળગે છે તેટલો તૃતીય ખંડમાં આપીશું. આ પ્રમાણે એક પ્રકારની વસ્તુસ્થિતિ થઇ.

બીજી બાજુ સારા ભારતવર્ષમાં સોળ રાજ્યો સત્તાધીશ હતાં અને આ પુસ્તકમાં તે સર્વેનો એક હજાર વર્ષનો ઇતિહાસ રજુ કર્યો છે. એટલે એક સીધી લીટીએ ગણો તો, પુસ્તકનું કાળમાન સોળ હજાર વર્ષનું કહેવાય. અલબત્ત, તેમાંથી કેટલાંક રાજ્યો પાછળથી એક બીજામાં અંતર્ગત થઇને લુપ્ત થઇ ગયાં હતાં અને તે માટેનો સમય બાદ કરાય તો પણ તે કાળ ઘટી ઘટીને કેટલો ઘટાડી શકાશે? જ્યારે તે સર્વ કાળ દરમ્યાન અને સર્વ પ્રદેશ ઉપર, સઘળા રાજકર્તાઓમાં ઉપર નિર્દિષ્ટ થયા પ્રમાણે, એકજ ધર્મની બોલબાલા હતી. સિવાય કે સો-સવાસો વર્ષ શુંગવંશના આખા રાજ્ય અમલમાં તથા આંધ્રવંશના તેટલાજ સમયના એક અંશ માટે; એમ મળીને એકંદરે અઢી સોક વર્ષ માટે વૈદિક-હિંદુધર્મની, અને ૪૦-૪૨ વર્ષમાટે અશોક સમ્રાટના રાજ્યકાળે બૌદ્ધધર્મની પ્રબળ સત્તા હતી ખરીજ; પણ આ બન્નેનો સરવાળો કયાં અને ઉપરના એક ધર્મનો સમય કયાં? જ્યાં આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોય ત્યાં એકની એકજ વાત સર્વત્ર નજરે ચઢયાં કરે; તેમાં તે પ્રમાણે આલેખનારનો દોષ શો કહેવાય? તેમ તેને અમુક સ્થિતિનો, વસ્તુનો કે ધર્મનો પક્ષકાર પણ કેમ કહી શકાય? આલેખનારને તો તેની તપાસમાં જે ઉતરે, તે તેણે માત્ર રજુ કરવું રહે છે, પછી ગમે તે પ્રકારની તે વસ્તુ હોય. એક રીતે આ સ્થિતિ મારા ઉપર ઢોળાતા ત્રણે આક્ષેપોના પક્ષપાત માટે જવાબદાર બને છે. બાકી ઇતિહાસની સત્ય વસ્તુ રજુ કરનાર તરીકે, મારી બુદ્ધિ પ્રમાણે, મેં નથી કોઇ જાતનો પક્ષપાત કર્યો કે નથી કોઇ જાતનું સત્ય છુપાવવા પ્રયાસ કર્યો. જે પ્રમાણે વસ્તુસ્થિતિ મને સમજાઇ તે જ પ્રમાણે સત્ય સ્વરૂપમાં વાચક પાસે મેં રજુ કરી છે.

બીજી પણ એક જુદા પ્રકારની ભીતિ મારા મનમાં ઉદ્‌ભવે છે. પણ આ સ્થળે તેનું નિરૂપણ કરવા કરતાં તે વિષયની જે ચર્ચા ઐતિહાસિક દ્રષ્ટિએ તૃતીય ખંડમાં કરવા ધારી છે ત્યાંજ કરવાનું તે આવકારદાયક ગણાશે એવી ધારણાથી મુલતવી રાખું છું.

( ૮ ) વળી એક બીજો નવીન પ્રકારનો આક્ષેપ પણ કદાચ મૂકાય તેમ છે. વાચક કહેશે કે ભલે લેખકે જૈન ધર્મની વાખવાખી ગાઇ અને હરિફ ધર્મ કરતાં તેની સરસાઇ બતાવી, તેનો અમારે વાંધો નથી. પણ જ્યારે જૈન ધર્મની કેવળ સારી સારી બાજુજ રજુ કર્યે જાય છે અને બીજી એટલે કાળી બાજુ બીલકુલ સ્પર્શ્યા

વિનાની રહી જાય છે તેટલે દરજ્જે તો તેણે પક્ષપાત [illegible] ક્યાંજ કહી શકાશે. જો બધુંજ તે ધર્મમાં સારે સારૂં હોત અને ઉપરના પૃ. ૨૧ માં ધર્મની જે વ્યાખ્યા કરી ગયા છીએ તે પ્રમાણેજ તે ધર્મમાં શક્તિ હોત તો, તે ધર્મ વર્તમાનકાળે જે સ્થિતિએ અત્યારે ગબડી પડ્યો છે તે દશાજ શા માટે તેની થાત? માટે સ્પષ્ટ દેખાય છે કે તેમાં કાંઇક દોષિત તત્ત્વો હોવાં જ જોઇએ. દલીલ ઠીક છે, પણ એક વાત ખૂબ ગોખી રાખવાની જરૂર છે કે, ધર્મ જે કોઇ દિવસ હીનતા કે અવહેલના પામે છે, તે તેના સૂત્ર અને તત્ત્વને લીધે વિશેષપણાએ હોતું નથી, પણ વિશેષપણાએ તો, તેના અનુયાયીઓ જે સ્વરૂપમાં તેનું અનુકરણ કરાવે, તે છે. અને દુનિયા પાસે ધરે છે તેને લીધેજ હોય છે. એટલે આવી સ્થિતિ ઉભી થવામાં, તે ધર્મનાં તત્ત્વો કરતાં તેના અવલંબન કરનારાઓનાં વર્તન અને સમજનેજ વધારે દોષિત ગણવાં રહે છે; છતાં એક બીજી હકીકત પણ છે. ભલેને લેખકે એક બાજુ ચીતરી બતાવી, પણ તેણે રજુ કરેલ સ્થિતિ તે પ્રમાણે નહોતી, એમ વિરૂદ્ધતા બતાવવા અથવા તો તે સ્થિતિ ખોટી હતી એમ પૂરવાર કરવાને, કયાં કોઇના હાથ બાંધી રાખ્યા છે ? એમ થાય તો આપોઆપ, તેણે આળેખેલ સ્થિતિનો પલટો થઈ જવાનોજ. બાકી અમુક વસ્તુનું કોઇ પ્રતિપાદન કરે, તો તે કથન માનવું નહીં અને તેનું ખંડન પણ ન કરવું, પણ તેમ નહોતું, કે તે તો પક્ષપાતી વચન ઉચ્ચાર્યા કરે છે એમ માત્ર આક્ષેપ મૂકયા કરવા તે કાંઇ ન્યાય કહેવાય નહીં.

વસ્તુ આલેખનમાં અને સિદ્ધ કરવામાં તેમજ મારૂં મંતવ્ય રજુ કરવામાં, જ્યાંને ત્યાં બન્યું ત્યાં, આધારો બતાવ્યા છે. કેટલેક ઠેકાણે અસલના અવતરણો પણ કર્યાં છે. તેમાં વળી મુખ્ય ભાગે તો જરૂરીઆત પ્રમાણે, અન્ય વિદ્વાનોનાંજ મન્તવ્યો સમર્થનરૂપે ટાંકયાં છે, જેથી વિરોધ કરનારને પણ પ્રતીતિ થાય. તેમજ શિલાલેખ અને શિક્કા જેવા અચળ પુરાવાઓ પણ આપવાની કાળજી રાખવામાં આવી છે. એટલે ધારૂં છું કે શિલાલેખના અને શિક્કાના જેવા અચૂક પુરાવાના પ્રમાણ સહિત જે હકીકત સાબિત કરી હોય, તેનો સત્ય તરીકેજ સ્વીકાર કરી લેવાશે. બાકી તો મનુષ્ય સ્વભાવજ એવો છે, કે જો કોઇ નવીન વસ્તુ રજુ કરે કે પ્રાણાલિકાનો ભંગ કરે, તો તેને માથે હમેશાં પીટ પડેજ. અને તેને સહન પણ કરવું પડેજ. આ કથન વિશેના અનુભવ તો દરેક વાંચકના ધ્યાનમાં અનેક પ્રસંગોએ આવ્યાજ હોય છે એટલે તે પ્રગટ કરવાની જરૂરીઆત દેખતો નથી.

શિક્કાની બાબતમાં એક બીજી વાત યાદ આવે છે, તે પ્રસંગ હોવાથી અત્રે કહી દઉં છું કે, તેઓનાં વર્ણન કરતાં વિદ્વાનોએ કેટલાંક ચિન્હોને, તત્ત્વોને, ( જેમકે નંદિ ) શૈવધર્મી હોવાનું જણાવી દીધું છે; પણ મારે જણાવવાનું કે ' મૂલો નાસ્તિ કુતઃ શાખા ' જ્યાં મૂળજ ન હોય તો પછી શાખા કયાંથી લાવવી ? તેવી સ્થિતિનો કેમ વિચાર કરાતો નથી ? જો હું ભૂલતો ન હોઉં તો શિવમાર્ગ જેવા હિંદુધર્મના અન્ય પેટાધર્મોની ઉત્પત્તિજ, તે સમય બાદ ઘણા વર્ષો પછી થઇ છે. તો પછી પ્રસ્તુત સમયે તે ધર્મની કલ્પના પણ શી રીતે કરી શકાય ?

( ૯ ) એક સ્થિતિ વિચારવી રહે છે. મનુષ્યમાત્રનું જીવનજ એવા પ્રકારનું ઘડાઈ ગયું હોય છે કે જો તેમાં કોઇ જાતનો ફેરફાર કરવામાં આવે, કે તુરત તે હો–હો કરવા મંડી પડે છે. પણ જો ઇતિહાસને બારિકીથી જોઇશું તો સ્પષ્ટ માલૂમ પડશે કે કુદરત હમેશાં પોતાના નિયમે ચાલ્યે જાય છેજ. જેમ વિજ્ઞાનના અમુક સિદ્ધાંતો છે તેમ કુદરતને પણ અમુક સિદ્ધાંતો છેજ. આ સિદ્ધાંતો હમેશાં અટળ અને નાફેર હોય છે, જેને આપણે નિશ્ચયરૂપે કહી શકાય; છતાં આ બધાં સિદ્ધાંતોનો અમલ તો દ્રવ્ય–ક્ષેત્ર કાળને અનુસરીનેજ થયાં કરે છે. જેમકે, નશીબમાં થવાનું હોય તે થયાંજ કરે છે અને થયાં કરશે. મરણ આવ્યું હશે તો જરાએ આઘુંપાછું કોઇનાથી કરી શકાવાનું નથી, એમ આપણે માનતાં છતાં પણ, કોઇ દિવસ બળતા અગ્નિમાં કૂદી પડવાનું, કે તરવાનું ન જાણતાં છતાં, ઉંડા પાણીમાં ડૂબકી મારવાનું સાહસ ખેડતા નથીજ. ત્યાં જેમ આપણે વિચાર કરવો પડે છે, તેમ ઉપરના નિશ્ચય–સિદ્ધાંતોને પણ અમલમાં મૂકવા જતાં, દ્રવ્ય–ક્ષેત્ર–કાળને અનુસરીને ફેરફાર કરવાજ પડે છે. આવા ફેરફારને આપણે " વ્યવહાર " ના નામથી ઓળખીએ છીએ. મતલબકે, નિશ્ચય તે નિશ્ચય તરીકેજ રહે છે અને સિદ્ધાંત તરીકે તો અવિચળજ રહેવાનો, પણ તેના પાલનમાં, એટલે કે વ્યવહારમાં મૂકતાં, અમુક પ્રકારે ફેરફાર થયાજ કરવાનોઃ અને આવો ફેરફાર તો ઇતિહાસ આલેખનમાં પણ આવવાનોજ. એટલે અમુક પ્રકારે ઇતિહાસ લખાતો આવતો હોય તો, તેજ પ્રકારે અને તેજ રીતિએ સર્વ ઇતિહાસ સદાકાળ લખાવાજ જોઇએ, એવો કાંઇ નિયમ હોઇ શકેજ નહીં. હા, એટલું કબૂલ કરવું રહે છે કે ઇતિહાસના આલેખનમાં સત્યવસ્તુનેજ સ્થાન મળી શકે, અસત્યને સ્થાન ન હોય; છતાં એમ હજુ બની શકે કે, જો એક વસ્તુ અત્યારે અસત્ય નહીં, પણ શંકાશીલ દેખાતી હોય છતાં પાછળથી સત્ય તરીકે ઉભી રહે: તેમજ અત્યારે લેખકને પોતાને સત્ય લાગતી હોય છતાં વાચકવર્ગને પોતે પોતાની સાથે માન્યતા ધરાવતો કરી શકે તેમ ન હોય, તો તે પ્રમાણે તેમાં ભાવાર્થ પૂરીને, વાકયરચના તે કરી શકે છેજ; પણ તેથી કાંઈ એમ નથી ઠરતું કે તેણે કાંઇ ફેરફાર નજ કરવો: અથવા તો પોતાના વિચારો હાસ્યાસ્પદ નીવડશે તેવી ભીતિમાં, પોતાના વિચારો તેણે જણાવવાજ નહી. જો તેમ કરતાં ડરે તો તે લેખક પોતે માત્ર કીર્તિનોજ ભૂખ્યો છે પણ સત્ય વસ્તુથી વાચકને અંધારામાં રાખી મૂકવા માગે છે એમ તેના વિશે કહેવું પડશે. ટૂંકમાં કહેવાનું કે સત્ય લેખકે એટલે ઇતિહાસના લેખકે તો, ચાલુ આવતો માર્ગ અનુસરાય કે તેને ત્યજીને અન્ય માર્ગ લેવો પડે–પ્રણાલિકા ભંગ જેને કહેવાય છે તેનો આશ્રય લેવે પડે–કે દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે તેવી વસ્તુસ્થિતિ રજુ કરવી પડે, તો પણ તેનો વિચાર જ કરવો નથી રહેતો. તેણે જે જોવું રહે છે તે એટલુંજ, કે પોતાના અંતઃકરણમાં પ્રકાશિત થએલ ખરી ઐતિહાસિક સ્થિતિને, સત્ય સ્વરૂપે જાહેર કરે છે કે નહીં. આવા આશયથી દોરવાઇને આ પુસ્તકનું આલેખન હાથ ધરાયું હતું, તેટલી હકીકત વાચકવર્ગને જણાવવા દુરસ્ત ધારૂં છું. તેમજ વળી સત્ય સ્થિતિ જણાવવામાં કોઇની લાગણીની પરવા કર્યા વિના ગમે તેવી ભાષામાં કે ગમે તેવા શબ્દોમાં અથવા કોઈ પણ જાતનો વાણીસંયમ કે લેખિનીસંયમ સાચવ્યા વિના, આંધળીયા કર્યે જવું

તે પણ અસત્ય વસ્તુસ્થિતિ રજુ કરવા જેટલુંજ-બલકે તેથી પણ વિશેષ અનિષ્ટ છે, એમ પણ કહી દેવું જરૂરનું ગણું છું.

**ખંડન, મંડન અને પ્રતિપાદન શૈલી.**

ઉપરના નિયમોને અનુસરીને કામ લેવા જતાં, જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં, આધારો અને પ્રમાણો જણાવવાંજ પડે, અને ઉપર જણાવી ગયા પ્રમાણે તેમ કર્યું પણ છે. તેમ કરવામાં સિદ્ધલેખકોનાં મંતવ્યથી જુદા પણ પડવું પડે, તેમ તેમને સાથ પણ દેવો પડે. એટલે જ્યાં જુદું પડવું થાય, ત્યાં તેમના મતનું ખંડન કર્યું છે, અને સાથ દેવો પડે ત્યાં ત્યાં મંડન કર્યું છે, એમ વાચકવર્ગ ધારેજ; પણ તેટલા માટે તેવા સિદ્ધલેખક તરફ પૂજ્યભાવ ધરાવવાને બદલે દ્વેષ કે ઇર્ષ્યા હું ધરાવું છું, એમ પળમાત્ર પણ વાચક માની લ્યે નહીં એવી મારી નમ્ર વિનંતિ છે. જો તેવી દુર્બુદ્ધિ હોત, તો તો કેવળ ખંડનજ કર્યાં કરત, પણ તેમનો મત હિતકારક દેખાયા છતાં ક્યાંય તેનું પ્રતિપાદનજ કરત નહીં. અને ધારૂં છું કે તેવી રીતે, એકપક્ષીય લખાણ થવા દીધું નથી એમ વાચકને પુસ્તક-વાચનથી સમજાશે. વળી ખાત્રી પણ આપું છું કે ઉપરમાં જે શબ્દો મેં વ્યક્ત કર્યા છે તે મારા અંતઃકરણના ખરા પડઘારૂપજ છે. બાકી તો વસ્તુસ્થિતિજ એવી છે, તેમ શોધખોળનો વિષયજ એવો છે કે, તેમાં પડનારે અનેક પુસ્તકોનાં અવતરણો અને મંતવ્યો ટાંકવાં જોઈએજ. અને તેમાંના કેટલાંક પોતાના મતને મળતાં પણ હોય, તેમ કેટલાંક વિરૂદ્ધનાં પણ હોય. તેથી જ્યાં વિરૂદ્ધનાં હોય ત્યાં, remarks કે comment રૂપે છે એમ કોઇએ પણ ગણવાનું રહેતું નથી.

**કોણ કહે છે કે જૈનેતર પુસ્તકોના હવાલા નથી ?**

ખરી રીતે તો જૈનેતર કે જૈન ધર્મના ગ્રંથો એવો કોઇ જાતનો તફાવત લેખકને રાખવાની ઇચ્છા કે ધારણા હોય પણ નહીં ને હતી પણ નહીં; છતાં જો વાચકને એવોજ આક્ષેપ લેખક ઉપર ઘડી કાઢવો હોય, તો તેના રદિઆ આ પ્રમાણે છે (૧) પ્રથમ તો જે જે પુસ્તકો વાંચીને તથા બારીકાઇથી તપાસીને આ ગ્રંથમાં તેમના હવાલા અપાયા છે તેમની ટૂંકાક્ષરી સમજ આગળ ઉપર અપાઇ છે તે નિહાળવાથી જણાશે કે તે ગ્રંથો મુખ્યભાગે તો સરકારી દફતરો અને યુરોપીયન કે દેશી વિદ્વાનોની કૃતિઓજ છે કે જેમને કોઇ ધર્મની વાહવાહ કહેવરાવવા સાથે કાંઇ સંબંધ નથી. (૨) જે સમયનો ઇતિહાસ મેં લખ્યો છે તે સમયની સીધી હકીકત મેળવવા માટે, તે વખતના સરકારી દફતર તો હોયજ નહીં; જે કાંઇ આધાર રાખવો પડે તે, તે સમયના પ્રચલિત ધર્મ પુસ્તકો ઉપરજ. અને તે તો ઉપરમાં જણાવી ગયા છીએ તે પ્રમાણે વૈદિક, જૈન અને બૌદ્ધજ હતા. બૌદ્ધનાં પુસ્તકો સારા પ્રમાણમાં મુદ્રિત થઇ ગયાં છે અને સુલભ્ય પણ છે. અને વળી જે ગ્રંથોની યાદી મેં આપી છે તે ગ્રંથો તો આવાં બૌદ્ધ પુસ્તકોનાં પઠન પાઠન અને ગવેષણા કરીને પછીજ વિદ્વાનોએ બહાર પાડ્યાં છે. એટલે સ્વતંત્ર રીતે, તે પુસ્તકો મારે ફરીને જોવાની જરૂરજ રહેતી નથી. પછી રહ્યાં બીજા બે ધર્મનાં પુસ્તકો. તેમાં વૈદિક ધર્મનાં કોઇ તેવાં પ્રાચીન છપાયાં

નથી અને હશે કે કેમ, તે બહુ જાણુવામાં આવ્યું નથી. જ્યારે જૈન મતના ઘણાં છે અને હતાં, પણ તે, જૈન ધર્મના પુસ્તકભંડારોના સંગ્રહકર્તાઓના અને રક્ષકોના અમુક જાતના વ્યામોહપણાને લેઇને, સામાન્ય જનતાની નજરે પડ્યાંજ નથી, તો પછી છપાય તો કયાંથીજ ? અને જે જરૂર રહે તે તો બહાર ન પડેલ પુસ્તક જોવાનીજ હોય; જે જોઇ તપાસાઇ ફાટી જવા જેવાં થઇ ગયાં હોય, તેની નહીં. આ દષ્ટિએ જોતાં તો, જૈન ધર્મનાં પુસ્તકજ ખરી રીતે આગળ ધરવાની જરૂરીઆત હતી, અને છે. પછી તેમ જો કોઇ કરે, તો તેને આક્ષેપ દેવા અને આળ ચઢાવવા કરતાં ઉલટું શાબાશી આપી ઉત્તેજન દેવું રહે છે ? ( ૩ ) છતાં જૈન ગ્રંથોની સાક્ષીઓ મેં આપી છે તો, તે કેવા ગ્રંથોની છે ? કાંઇ આધારવિનાના અને નોવેલ રૂપે કે વાર્તારૂપે લખાયાં હોય તેવાંની, કે જે પુસ્તકો સર્વમાન્ય થઇ પડ્યાં હોય અને સત્તા સમાન લેખાતાં હોય તેવાંની છે; છતાં ધારો કે તે પુસ્તકો ઉંચી કોટિના નથી, તોયે તેમાંથી રજુ કરેલી હકીકત, સામા રદિઆ આપીને કોઇ પણ પક્ષ ખોટી ઠરાવી શકે છેઃ કે મેં રજુ કરેલાં મંતવ્ય ઉથલાવી પણ શકે છે. ( ૪ ) જ્ઞાન તો ગમે ત્યાંથી પણ મેળવવુંજ રહે. તેને કોઇ જાતનો પ્રતિબંધ, અવરોધ, આડખીલી કે મર્યાદા હોઇ શકેજ નહી. પછી તે જ્ઞાન જૈન પુસ્તકોમાંથી મળતું હોય કે અન્ય સાધનોથી મેળવાતું હોય. તેમાં જૈન શબ્દ સામે સૂગ શા માટે રાખવી ઘટે ? ( ૫ ) પ્રથમ તો પ્રાચીન સંશોધનનું ઘણુંખરૂં કાર્ય લોકસાહિત્ય, દંતકથા અને આખ્યાયિકાઓ-માંથી જન્મેલું છે અને પછી તેને અન્ય પુરાવાઓથી વિભૂષિત બનાવી, સમૃદ્ધ કરી સ્થાપિત કરવામાં આવેલું છે. આ પ્રમાણે સ્થિતિ જોતાં, કરવામાં આવતા આક્ષેપો કેટલે દરજ્જે ટકી શકે તેવાં છે, તે સદ્ગુણી વાચક આપમેળેજ વિચારી જોશે.

કેટલાક યુવકોનું માનસ

સર્વ યુવકોનાં માનસમાં, એક એવોજ અભિપ્રાય મજબૂત બની ગયો છે, કે પુરાણ ગ્રંથોમાં કાંઇ સત્ય હોતુંજ નથી. તેમાં પોતાની બડાઇઓની વાતોજ કર્યાં કરી છેઃ અથવા તો થંડા પહોરનાં ગપ્પાંજ હાંકે રાખ્યાં છે. તેમ જૈન યુવકોનાં મગજમાં પણ એજ ઠસી ગયું લાગે છે કે, તેમનાં કથાનક શાસ્ત્રીય ગ્રંથોમાં, સર્વત્ર કથા અને બોધપ્રદ આખ્યાયિકાઓજ ભરેલી હોય છે. તેમાં કાંઇ પણ ઐતિહાસિક તત્ત્વ છેજ નહીં. તેમને હવે કદાચ ખાત્રી થાશે કે, આવાં કથાનક અને બોધદાયક ગ્રંથોમાં ઇતિહાસને ઉપયોગી થઇ પડે તેવું ઘણુંજ પડેલું છે, પણ તેઓની લખવાની અને ગુંથવાની શૈલી અત્યારના કરતાં, જુદા પ્રકારની હોઇને તેમનું મન સંપાદન કરી શકાતું નથી. બાકી યુવકવર્ગ, પ્રાચીન લેખકોની ભૂલ કાઢવાની પ્રકૃતિ છોડી દઇને, જો પોતેજ તેવા કથાનકોમાંથી અમુક અમુક પ્રસંગો ચૂંટી કાઢી, તેમને જે પ્રકારની રીતિએ ઇતિહાસનું ઘડતર જોઇએ છીએ તે રીતિ પ્રમાણે તેને ગોઠવે તો, અનેક ઉપયોગી અને તદ્દન નવીન પ્રકારની માહિતી તેમાંથી મળી શકે તેમ છે જ. મેં પણ તે રસ્તેજ કામ લઇને, આ પુસ્તકની ક્ષેત્ર મર્યાદાએ રજા આપી તેટલી હદમાં રહીને, ઇતિહાસ પુરવાર કરવા મંથન કર્યું છે. જેમ જૈન ગ્રંથ વિશે ઉપરની ટીકા લાગુ પડે

છે, તેમ વૈદિક મતના પુરાણો વિશે પણ સમજી લેવું રહે છે; તેમાં તો વળી વિશેષપણે ઇતિહાસ ભરેલો છે, તેમ કહીએ તો પણ યથાર્થ કહેવાશે.

સર્વથી મોટા આક્ષેપો

લેખકને શિરે ઓર એક અન્ય પ્રકારનો આક્ષેપ ઓઢાડવાનો પ્રયત્ન થાય એમ ભીતિ રહે છે, કે તેણે તો ઇતિહાસ રચવામાં, તે સમયના બાકીના બે ધર્મ ઉપર અને તેમાં પણ ખાસ કરીને બૌદ્ધ ધર્મ ઉપર, પ્રહાર કરવામાંજ પોતની ઇતિ કર્તવ્યતા માની દેખાય છે; પણ મારા ખરા અંતઃકરણથી ખાત્રી આપું છું, કે તેવો કોઇ પણ અપ્રશસ્ત હેતુ લેખકે રાખ્યોજ નથી. બલ્કે હજુ સુધી તેવો વિચાર તેના મનમાં પ્રવેશ પણ કરવા પામ્યો નથી. પણ આધુનિક સમયના કેળવાયલા વર્ગમાં, તે સમયના તે બેહરિફ ધર્મની, જાહોજલાલી અને સબળતા વિષેની જે માન્યતા મજબૂતપણે ઠસી રહેલી છે, તે ઇતિહાસ જોતાં તેમ નહોતી, પણ તદ્દન અન્યથાપણેજ હતી, એટલું બતાવવા પુરતી, અને તે પણ કેવળ સત્ય રજુ કરવાની બુદ્ધિથી, મેં મારી ફરજજ બજાવી છે. આમાં ખરી હકીકત એમ બની છે કે, પ્રાચ્યવિદ્યા વિશારદોએ અને શોધખોળખાતાંના સંચાલકોએ, તે બે ધર્મમાંના એક બૌદ્ધ ધર્મનું, જે વિશ્વવ્યાપીપણું આપણને અત્યાર સુધી ભણાવ્યે રાખ્યું છે તે, પૂર્વ સમયના અત્યારે વિદ્યમંતા સ્તૂપો, સ્તંભો, ખડકલેખો અને અનેક ખંડિયેરોમાં નજરે પડતાં ચિન્હો, દશ્યો અને હકીકતને આધારેજ તેમણે દોરેલ છે; પણ તે સર્વ કૃતિઓ ખરી રીતે કયા ધર્મનો પુરસ્કાર કરે છે અને તે ચિન્હોનો શો અર્થ થઇ શકે છે, તે સત્યપણે સમજાવવા જતાં, વાચકની દૃષ્ટિમાં મારા ઉપરનો આક્ષેપ ખડો થઇ જાય છે. એટલેકે તેમાં ખરી રીતે તેના લેખકનો દોષ નથી, પણ નગ્નસત્ય રજુ કરવા માટે ઉભી થયેલી પરિસ્થિતિજ કારણરૂપ છે. વળી બીજી ઘટના એમ છે કે, સર્વ કૃતિઓને એકને બદલે અન્ય ધર્મનાં સાક્ષીરૂપ માની લેવામાં વિશારદોએ ઉતાવળ કરી છે. તેનાં પણ મુખ્ય બે કારણો છે: (૧) બૌદ્ધધર્મ અને જૈનધર્મ વચ્ચેનું મૂળતત્ત્વ જોશો તો તે ( આ હકીકત તૃતીય ખંડ, પ્રથમ પરિચ્છેદમાં જરા વિશેષ અને સ્પષ્ટપણે સમજાવાઇ છે ) એકજ ઠેકાણેથી ઉદ્ભવ્યું છે. અને તેથી તેમાં રહેલો બારીક સૂક્ષ્મ તફાવત-ભેદ, જ્યાંસુધી ભિન્ન ભિન્નપણે પાસે પાસે મૂકીને સરખામણીના રૂપમાં રજુ ન કરવામાં આવે, ત્યાં સુધી એકદમ ભૂલાવામાં પડી જાય તેવી સ્થિતિ છે; અને તેથી કરીને બન્ને ધર્મના જે અભ્યાસી, જ્ઞાતા અથવા સમાલોચક હોય, તે જ તેમાં રહેલી ખૂબી તારવી શકે, અન્યથી તેમ થઇ શકે નહીં. અને તે પ્રમાણેની સ્થિતિ કેટલી વ્યક્તિઓની બાબતમાં હશે તે કહી શકાય નહીં. વળી ( ૨ ) બીજું કારણ આગળ જણાવી ગયો છું, તે પ્રમાણે જૈન ભંડારના રક્ષકોના દોષનું છે, કે જેમણે જ્ઞાન જેવી વસ્તુને પોતાની માલિકીની માનીને, અન્યને તે ભણવા-ભણાવવાનો તો રહ્યો, પણ જાણવા અને જોવા સુદ્ધાં તો અધિકાર પણ ખૂંચવી લીધો. ખેર, ભૂલ્યા ત્યાંથી સવાર ગણીએ તો પણ ઘણો સુધારો કરી શકાશેજ. બાકી મારે પોતા માટે તો એટલુંજ જણાવવાનું કે, જેમ જૈન ધર્મની વિના જરૂરીઆત મેં પ્રશંસા કરી નથી, તમ અન્ય ધર્મની નિંદા કે ઉણપ બતાવવાનો પ્રયત્ન પણ

સેવ્યો નથી. જે કાંઇ લખાણ કરવામાં આવ્યું છે તે, કેવળ અત્યારે જે માન્યતા પ્રવર્તી રહી છે તેનું નિરસન કરી યથાર્થ ઐતિહાસિક હકીકત રજુ કરવા પુરતું જ છે; માટે વિનંતિ છે કે લેખક ઉપર ખોટો આળ કોઇ મૂકે નહીં.

જો કોઇની ઉણપ બતાવવી કે ગેરસમજુતીને ફેરવાવવી, તેને એક તરફનો પક્ષપાત અને બીજા તરફની નિંદા કરવાનું રૂપજ અપાતું હોય, તો નીચેના તદ્દન ભિન્ન સંપ્રદાયના બે વિદ્વાનોના મૂળ શબ્દો ટાંકી બતાવું છું. તેમના કથનને કઇ કક્ષામાં વાચક મૂકે છે, તે મને જણાવવા કૃપા કરશે તો મહેરબાની થશે. (૧) હિં. હી. માં લખેલ [૧] છે કે " No Buddhist period in the Indian History. Some scholars have made much of Buddhism in India. They think, that at one time ( say from B. C. 242 to 500 A. D. ) Buddhism had eclipsed Hinduism; that a great majority of the people had embraced Buddhism, and that almost everything was Buddhistic in style etc. It does not appear that there is much truth in it. Buddhism was no doubt prevalent in East India. In other parts of India, it was rather sporadic. The large province of Assam, was entirely free of Buddhism. The provinces about Hardwar, Canouj, Allahabad, Benares had little Buddhism. Carnel, Jaipur, Panchal etc. furnish no proof as to the prevalence of Buddhism there. Even in Magadha & Bengal, Hinduism flourished side by side with Buddhism. The monks were regular Buddhists, but the laymen were mostly Buddhist-hindus-i. e. men who followed some Buddhist doctrines on the Hindu basis, having castes, Hindu manners: this is why they could be won to Hinduism easily. There are same Native Christians in South India who still follow the caste-system and some other ancestral Hindu manners etc. The Buddhist pilgrims of Ceylon& China of the 4th century A. D. did not notice Buddhism flourish in India." અને પોતાના સમર્થનમાં હીસ્ટોરીઅન્સ હીસ્ટરી ઓફ ધી વર્લ્ડના શબ્દો ટાંકી બતાવે છે કે " The Editor of the Historians' History of the world is right in observing, that owing to its abstractness and rivalry of the Hindus, Buddhism was a failure in India; in modified form, it has however prevailed in other parts of India." (૨) વળી બીજા ગ્રંથકારના [૨] શબ્દો આ પ્રમાણે છે " It may well be doubted, if Buddhism can be correctly described, as having been the prevailing religion in India, as a whole at any time. The

---

૧. The Hindu History ( જુઓ પૃ. ૧૩ ટી. ૧ ). P. 702-3.

૨. The Oxford History of India P. 55.

phrase " Buddhist Period " to be found in many books, is false and misleading. Neither a Buddhist nor a Jain period existed. Neither heresy ever superceded Brahamanical Hinduism. Mahavira, as has been mentioned, had about 14000 disciples when he died: a mere drop in the ocean of India's millions."

જૈન ધર્મ, જૈન ધર્મ એમ શા માટે કૂટયા કરો છો ?

આ પુસ્તક આલેખનના સારાયે સમય દરમ્યાન દરેકે દરેક દેશના રાજકર્તા ( પૃ ૨૪ માં જણાવ્યા પ્રમાણે થોડાક અપવાદ સિવાય ) જૈન સંપ્રદાયનું અનુશીલન કરનારા હતા. તેમનાં ચરિત્રો તેમજ તેમણે ખેલેલાં યુદ્ધો, તેમણે ચલાવેલી રાજનીતિ અને મેળવેલો પ્રજાપ્રેમ, તે સર્વ આ પુસ્તકના વાચન ઉપરથી સ્પષ્ટ માલમ થશે; એટલુંજ નહીં, પણ તે ઉપર જો મનન અને ગહોર કરશો તો તેમણે પ્રજાની રક્ષા માટે, સ્રીઓના સન્માન અને ઉત્કર્ષ માટે, પ્રજા-કલ્યાણની વિવિધ પ્રકારની પ્રવૃતિનાં સાધન પેદા કરવા માટે અને છેવટમાં સ્વદેશના બચાવ માટે પણ, કેવી કેવી જાનફેશાની કરી છે તેનો ચિતાર આવી શકશે. આવી આવી અનેક સાબિતીઓ હોવા છતાં અને જીવતાંજાગતાં દૃષ્ટાંતો નજરે નીહાળતાં છતાં એમ કહ્યાં કરવું, કે જૈન ધર્મે–અહિંસા ધર્મે–તો. પ્રજાને નિર્માલ્ય અને નિર્વીર્ય બનાવી દીધી છે. તે આક્ષેપ શું ટકી શકે તેવો લાગે છે ખરો ? છતાં જો એમ પ્રશ્ન થાય કે, ભૂતકાળ કરતાં વર્તમાનકાળની જૈન ધર્મ પાળતી પ્રજાનું ઓજશ અને હીર શા માટે પ્રાચીન સમયના જેવું નથી દેખાતું ? તો જવાબ એટલો જ વાળી શકાય કે જે કાંઇ ઉણપ દેખાય છે તેમાં ધર્મનો દોષ કાઢવા કરતાં, ધર્મનો અર્થ મનાવવા તેના અનુયાયીઓએ જે રાહ પકડયો છે, અને જે વસ્તુઓને ધર્મના નામે દુનિયા પાસે ધરવા માંડી છે, તેમાં કયાંક કારણ છુપાયલું છે એમ સમજી લેવું. બાકી જૈન ધર્મ તો સમ્રાટ પ્રિયદર્શિનના શિલાલેખોમાં જેવો વર્ણવાયો તેવોજ વિશ્વવ્યાપી ભાવનાવાળો છે. તેમજ, મનુષ્યમાત્ર તો શું, પણ પ્રાણીમાત્રને પણ, પોતાની શીતળછાયામાં આશ્વાસન–આશ્રય અને હુંફ આપે તેવો છે. તેને હાલની માફક, માત્ર વણિક કોમનું બંધન નથી તેમ દેહેરા ઉપાશ્રયમાં જઇ અમુક ક્રિયા કરી, એટલે બધું પતી ગયું એવી ક્રિયાકાંડની મુદ્રા-છાપ નથી. તેમાં તો સર્વ કોઇને ( ભૂત-પ્રાણીમાત્રને સ્થાન છે, નિર્ભયતા છે, પછી ચાહે તો મુસલમિન હોય, પારસી હોય કે ખ્રીસ્તિ ભાઇ હોય. જ્ઞાતિઓતો હવે પડી છે પણ સ્પષ્ટપણે તેનો અર્થ સમજવા પુરતોજ અહીં ઉપયોગ કર્યો છે ) અને ચાહે તો શેઠ હોય કે માલિક હોય તેમાં કોઇ જાતનો પ્રતિબંધ નથી. જે કોઇ જીવ–રાગદ્વેષાદિ કષાયોને જીતી શકે, સંયમમાં રાખી શકે અને તેમાં જેટલી જેટલી પોતાની ક્ષતિ હોય તેટલી તેટલી પૂરવાને માટે નિરંતર ભાવના ધરાવતો રહે, અને યથાશક્તિ તે પ્રમાણે આચરણ કરતો રહે, તો તે જિનના ધર્મને પાળનાર જૈન કહી શકાય છે. તેમજ જૈન ધર્મની વ્યાખ્યા પણ આ પ્રમાણેના વિશાળ અર્થમાંજ કરવાની છે. અને તેવાજ મતનો હું અનુયાયી છું, હિમાયતી છું, માનનારો છું, અને ઉપાસક પણ છું. અને જ્યાં પણ

જૈન શબ્દ આ પુસ્તકમાં વપરાયો છે, ત્યાં પણ તેજ ભાવાર્થમાં તેને ગ્રહણ કરવાને છે, એમ વાચકવર્ગને મારી નમ્ર વિનંતિ છે. જો આ પ્રમાણેજ સ્થિતિ હોય તો, વાચક મહાશય પણ કબુલ કરશે, કે વર્તમાનકાળે જૈન શબ્દ જે કાંઈ વાયડા થઇ ગયો છે અથવા તે નામ સાંભળતાં મનમાં અમુક જાતનો વિચાર બંધાઈ જાય છે તેને બદલે પોતાના નામ સાથે જૈન શબ્દ જોડવાને પોતે મગરૂરી ધરી શકશે.

## ( ૬ ) ખાસ વક્તવ્ય

તેને બે ભાગમાં વહેંચી નાંખ્યું છે ( अ ) બાહ્ય પ્રદેશનું અને ( आ ) અંતર પ્રદેશનું. જે વક્તવ્ય, પુસ્તકની અંદરની વસ્તુવર્ણનનેજ સર્વથા સ્પર્શતું છે, તેનેજ માત્ર આંતર પ્રદેશનું કહી, બાકી સર્વને બાહ્ય પ્રદેશમાં આવી જતું ગણ્યું છે. સામાન્ય પણે જેને પ્રસ્તાવના, સાંકળિયું, ચિત્રનો પરિચય, આમુખ, ટુંકાક્ષરી સમજ, મુદ્રણકાર્યની જાહેરાત, પુસ્તકની રચના વિગેરેને લગતી જે જે માહિતી ગણે છે તે સર્વેનો સમાવેશ આ બાહ્ય પ્રદેશમાં કર્યો છે.

આખા પુસ્તકની રચના કરવામાં વાચકની વધારે સગવડતા શી રીતે સચવાય તે તરફ પૂરતું લક્ષ રાખ્યું છે. જેથી બાહ્ય પ્રદેશમાં પણ ચાલી આવતી પ્રણાલિકા કરતાં જે જે નવીન સ્વરૂપે કામ લેવાયું છે તેનોજ નિર્દેશ કરીશ.

( अ ) બાહ્ય પ્રદેશઃ—પ્રથમતો કાળદૃષ્ટિએ પુસ્તકના વિભાગ પાડવાને બદલે વર્ણનનો ક્રમ સચવાય તેવી રીતે ભાગો ગોઠવ્યા છે. પછી દરેક વિભાગમાં અમુક અમુક વંશનેજ લગતી માહિતી મેળવવાનું સુલભ થાય, તે માટે તેને ખંડ અને ખંડને પાછા પરિચ્છેદમાં વહેંચી નાંખ્યા છે. વળી દરેક પરિચ્છેદમાં શું શું હકીકત આવે છે તેનો સંક્ષિપ્ત સાર તે પરિચ્છેદના મથાળેજ આપ્યો છે. એટલુંજ નહીં પણ અંદરનું વર્ણન કરવામાં જે પારિગ્રાફમાં જે હકીકત આવવાની હોય, તેના સૂચક મથાળાં બાંધ્યાં છે. એટલે પ્રથમથી ઠેઠ સુધીમાં શું શું બાબત આવે છે તેની માહિતી, વાચકને ઉડતી નજરે તુરત મળી જાય છે. વળી કોઇને અમુક વિષય બારીકાઈથી તપાસવો હોય તો સંપૂર્ણ વિષયોનું સાંકળિયું અક્ષરના અનુક્રમવાર તૈયાર કરીને પુસ્તકને છેડે જોડયું છે. ઉપરાંત વંશાવળીઓ તેમજ સમયાવળિ પણ, અંત ભાગમાં જોડી છે. જે પ્રથા પણ જરૂર ઉપયોગી થશે એમ ધારૂં છું. મતલબ, જે કોઇ બાબત શોધવી હોય તે તુરતજ શોધી શકાય તેવી સગવડ ઉતારી આપી છે.

દરેક પરિચ્છેદમાં જે જે મુદ્દા ખાસ આકર્ષણીય હોય તેને રજુ કરનારૂં ચિત્ર ખાસ ઉભું કરાવી તેનો બ્લોક તેને પરિચ્છેદના મથાળે, છપાવ્યો છે ( આવા બ્લોક ચિત્રનો અર્થ શું છે તે માટે ચિત્રપરિચયની હકીકતમાં જુઓ ) આ રીત કયાંય દાખલ કરાયલી મેં જોઇ નથી. આ પ્રમાણે વિભાગને ખંડમાં, અને ખંડને પરિચ્છેદમાં વહેચી નાંખ્યા ઉપરાંત, બીજી એક વિશેષતા એ કરી છે કે, દરેક ખંડમાં કયા કયા પરિચ્છેદો છે અને કયા કયા વિષયો આલેખાયા છે તેની નોંધ તે ખંડવાળા

પાનાની પાછળજ આપી છે. તેમ ગ્રંથના હાર્દનું વર્ણન શરૂ થાય તે પહેલાં જે પ્રારંભિક હકીકતો છાપી છે તેની નોંધ પણ, પુસ્તક ઉઘાડતાં વેંત, પ્રથમ નજરે ચડે તેમ ગોઠવી છે એટલે તે શોધી કાઢવી સહેલ થઈ પડશે.

સૌથી વિશેષ આકર્ષક બે તત્ત્વો ઉમેર્યાં છે. એક પુંઠા ઉપરનું દૃશ્ય છે અને બીજું પુસ્તક ઉઘાડતાંજ એક દેવીનું ચિત્ર છે. બન્ને દૃશ્યો બબ્બે હજાર વર્ષ ઉપરનાં પ્રાચીન સમયનાં ચિત્રો છે. મેં પોતે કોઇ દિવસ હજુ સુધી ક્યાંય તે બેમાંથી એકે નિહાળ્યું નથી. પ્રથમનું કલ્પદ્રુમ (કલ્પવૃક્ષ)નું છે અને બીજું વિદ્યાદેવી-સરસ્વતીજીનું છે. કલ્પવૃક્ષ અને કલ્પદ્રુમ, એ નામ તો સર્વ કોઇએ અનેક વાર સાંભળ્યું હશે, પણ તેના સ્વરૂપ વિશે કોઇ દિવસ કાંઇ કલ્પના સરખી પણ ભાગ્યેજ કોઇએ, કરી હશે. દેવી સરસ્વતીનું આટલું પ્રાચીન ચિત્ર પ્રાપ્ત કરવાનું-પ્રગટ કરવાનું પણ મને આ પહેલીજ વાર સૌભાગ્ય, સાંપડે છે. પુસ્તક પ્રકાશન તે વિદ્યાનું એક અંગ છે, અને તેમાં પણ સંશોધન જેવું, નવીન પ્રકાશ પાડતું પુસ્તક-વિદ્યારૂપી થાળ-જનતા સમક્ષ ધરતાં, વિદ્યાદેવીના આશીર્વાદ માંગવાનું યથોચિત લાગ્યું છે. આ બન્ને ચિત્રની વિશેષ સમજુતી લેવા માટે, ચિત્ર પરિચયવાળી હકીકત જુઓ. વળી આ સરસ્વતી દેવીના ચિત્રને, પુસ્તકના સર્વ એકરંગી ચિત્રો કરતાં વિશેષ રંગી બનાવાય, તો તે વિશેષ ગૌરવવંતુ દેખાય એમ લાગ્યું. સર્વ કોઇ દ્વિરંગી કે વિશેષરંગી ચિત્રો તો આળેખે છે, પણ પ્રાચીન પદ્ધતિની પેઠે સુવર્ણસમી શાહીથી ભાગ્યેજ કોઇ છાપે છે. વળી પૂઠાં ઉપરના સુવર્ણ અક્ષરો જે હિંસામય પદ્ધતિથી જ બિંબિત કરી શકાય છે, તેને બદલે ધારીએ તો, અહિંસામય સાધનથી પણ દૃશ્યો કે ચિત્રો છાપી શકાય છે તેવી નવીન માહિતી પૂરી પડાય, તેમ તેનો નમુનો પણ રજુ કરાય, આવા વિવિધ હેતુથી તે નમુનો તેવી રીતે છાપીને આગળ ધર્યો છે.

પુસ્તકમાં નકશાઓ પણ ઘણા આપ્યા છે. સર્વ કોઇ નવીનજ ઉભા કર્યા છે. અલબત, કેટલાક જૂના નમુનાઓની મદદ તો લેવીપડેજ, અને તે માટે તે નમુનાઓના ગ્રંથકારો, માલિકો કે સૂચના કરનારાઓનો જરૂરાજરૂર ઉપકાર પણ માનવો રહે છે. ધારૂં છું કે નકશાથી અનેક પ્રકારની સગવડતા વાચકોને મળશે. કેટલેક ઠેકાણે એકી સાથે ત્રણ-ચાર નકશાઓ પાસે આપ્યા છે, જેથી વાચકો, પાનાં ને પાનાં ઉથલાવ્યા વિના તુરતજ સઘળી સ્થિતિનો ચિતાર સહેલાઇથી મેળવી શકે અને મનમાં ઉતારી શકેઃ તેમ જ્યાં જ્યાં બન્યું ત્યાં ત્યાં, રાજકર્તાના ચહેરા મેળવીને પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. તેમાં પરભૂમિમાંથી આવી રહેલ ભૂપતિ માટે એક નિયમ ખાસ એ સાચવ્યો છે કે, જે રાજકર્તા હિંદમાં ઠરીઠામ કરીને વસવાટ કરી રહ્યા હતા તેમનેજ તેમાં સ્થાન આપવામાં આવ્યું છે. વળી કેટલાક સજ્જનોને કોઇ કળાધર પાસે કલ્પિત ચહેરા ચિતરાવી રજુ કરવાની લગની લાગેલી હોય છે. અલબત્ત, કળાની દૃષ્ટિએ તેનું મૂલ્ય અમૂલ્ય હશે પણ મૌલિકતાની દૃષ્ટિ રજુ કરનારને તે પ્રથા અગ્રાહ્ય છે, એટલે તેવી પ્રથાનો પ્રશંસક હોવા છતાં ઉર્મિને સંયમમાં રાખીને કામ લીધું છે.

પુસ્તકને અંતે તેની સમય મર્યાદામાં જે સિક્કાઓ આવી શકે છે તેનાં ચિત્રો પણ રજુ કર્યાં છે. તેને લગતી સંપૂર્ણ માહિતી તેના પરિચ્છેદમાં આપી છે. અત્રે તો એટલુંજ

જણાવવાનું કે વિદ્વાનોએ તે ચિત્રોનાં જે અર્થ અને ભાવ અત્યાર સુધી સમજાવ્યાં છે, તેના કરતાં જ્યાં મને અન્યપણે માલમ પડયાં છે, તેવાંને જ મુખ્યતાએ ચૂંટી કાઢીને પ્રદર્શિત કર્યાં છે. બાકી સામાન્યને તો, જરૂર પડતાં અન્ય સ્થાનેથી જોઇ શકાશે તેવી ધારણાથી છોડી દીધાં છે, છતાં પુસ્તકમાંની વર્ણવેલી હકીકતને સમજવા માટે જે કોઇ ઉપયોગી લાગ્યાં તે તો છોડયાં નથીજ (પ્રથમ વિભાગનું કદ વિશેષ વધી પડવાથી શિક્કાનું પ્રકરણ બીજા વિભાગની આદિમાં ગોઠવવું પડયું છે, જે માટે ક્ષમા ચાહું છું)

પુસ્તક છાપવા માટે સ્વદેશી એન્ટીક પેપર પસંદ કર્યા છે. તેમ લખાણોને બે કોલમમાં છાપી, જેજે હકીકતને ખુલાસાની અપેક્ષા જણાઇ, તે તે હકીકતની નીચેજ તેના ખુલાસા ટીપણરૂપે રજુ કર્યા છે. જેથી વાચકને કોઇ પ્રકારની બીજી તકલીફમાં ઉતરવુંજ ન પડે. જ્યાં જરૂર દેખાઇ, ત્યાં મૂળ લેખકોના શબ્દ પણ ઉતાર્યા છે (આ પ્રસંગે તે સર્વનો ઉપકાર માનવા રજા લઉં છું). ધારૂં છું કે, આ પુસ્તકમાં જેજે ખૂબીઓ ઉમેરવા પ્રયત્ન સેવ્યો છું, તેની સામાન્ય નોંધ ઉપર દર્શાવેલા મુદ્દાઓમાં આવી જાય છે અને ઉમેદ રાખું છું કે વાચકવર્ગની પસંદગીને પ્રાપ્ત થશે.

હવે એક વસ્તુનો નિર્દેશ કરી અંતર પ્રદેશના વર્ણનની વિશિષ્ટતાઓ ઉપર જઇશ. અને તે વસ્તુ આ પુસ્તકના લખાણમાં ધારણ કરેલી (૧) જોડણીની, (૨) પારિગ્રાફ પાડવાની અને (૩) વિશેષનામ દર્શાવવાની પ્રથાને લગતી છે. (૧) જોડણી બાબતમાં જણાવવાનું કે, પ્રથમમાં સંસ્કૃત શબ્દકોષના આધારે શબ્દો લખ્યા હતા અને થોડાક પરિચ્છેદમાં તે પ્રમાણે કામ લીધા બાદ, ગુજરાત વિદ્યાપીઠના શબ્દકોષના નિયમે આગળ વધ્યો છું. પણ પ્રુફ-રીડરનું અને મારૂં સ્થાન ભિન્ન ભિન્ન સ્થળે હોવાથી, કોઇ નિયમ સખ્ત રીતે અને સંપૂર્ણપણે સચવાઇ રહ્યો નથી; છતાં કોઇ ગંભીર પ્રકારની ગેરસમજુતી ઉભી કરે તેવી ગલતી પસાર થવા દીધી નથી (૨) પારિગ્રાફ પાડવા વિશે-લખાણમાં તેમજ ટીપણમાં, પ્રથમના ત્રણેક પરિચ્છેદે જુદી રીત ગ્રહણ કરી છે અને ચોથા પરિચ્છેદથી એકધારૂં ધોરણ જાળવી રાખ્યું છે. એટલે તે વિષે સંતોષ ઉપજે છે. (૩) વિશેષનામ દર્શાવવામાં-ઇંગ્રેજી મૂળાક્ષરોમાં જે સુગમતા છે તે આપણી ગુજરાતી લેખનશૈલીમાં નથી મળતી. એટલે તેને માટે અનેક પ્રકારનાં ધોરણ ધારણ કરવાં પડયાં છે. આ ત્રણે વિષયમાં વાચકના મનને કાંઇ કચવામણ થાય તો તે માટે ક્ષમા ચાહું છું.

આજકાલ જનરલ બીબ્લીઓગ્રાફી (પુસ્તકમાં લખાતી હકીકત જે કોઇ ગ્રંથમાં ઉપલબ્ધ થતી હોય તે સર્વગ્રંથોનાં નામની ટીપ) આપવાની પ્રથા ચાલુ થઇ છે. તે એક રીતે તો બહુજ ઉપયોગી છે, પણ તે બાબતમાં મને પોતાને બહુ શ્રદ્ધા નથી, તેમજ તેમ કરવામાં લેખકને કાંઇક દંભના પડદામાં સંડોવાવું પડે છે તેવા પ્રકારની ભીતિ લાગવાથી તેમ કરવું દુરસ્ત ધાર્યું નથી, પણ જે જે પુસ્તકોની મદદ આ ગ્રંથના આલેખનમાં મને ઉપયોગી નીવડી છે તેનાં નામ દર્શાવનારી ટીપ તથા તેની ટૂંકાક્ષરી સમજ આપીને સંતોષ પકડયો છે. આટલું વકતવ્ય રજુ કરી, હવે

ગ્રંથની અંતરંગ ભૂમિકાની રજુઆત ઉપર આવું છું.

(આ) અંતર પ્રદેશનું—ગ્રંથકારોમાંનો મોટો ભાગ પ્રસ્તાવના લખવામાં અને પુસ્તકની રચના સમજાવવામાં ઘણું લંબાણ કરે છે. તે પ્રથાને જો હું વળગી રહું તો મને આ પુસ્તકમાં પાને પાને નવીનતા ભરેલી લાગતી હોવાથી તે બધું સમજાવવા જતાં, ખરૂં કહું તો, પાછું બીજું એક પુસ્તક કદાચ થઇ જાય તેમ છે. વળી તેમ કરવાની આવશ્યકતા રહેતી નથી કેમકે પુસ્તકની સંકલના એવા પ્રકારે કરી વાળી છે કે વાચકને જે કોઇ માહિતી જોઇએ તે ઉડતી નજર નાંખે કે તુરત પાસે આવીને પડે છે, એટલે માત્ર આ પ્રથમ વિભાગની થોડીક વિશિષ્ટતાનો (બીજા વિભાગોને લગતી તે તે વિભાગમાં લખવામાં આવશે) ઉલ્લેખ કરી ખાસ વકતવ્ય સંપૂર્ણ કરીશ.

(અ) ચિત્રને લગતી વિશિષ્ટતા—જે ચિત્રો લેવાયાં છે તેના મુખ્યપણે ચાર પાંચ વર્ગ પાડી શકાય છે (૧) નકશાનો (૨) રાજાઓનાં મ્હોરાંનો (૩) શિકકાચિત્રોનો (૪) પરિચ્છેદનાં મથાળે તેની અંદરના ભાવ રજુ કરતાં હાર્દચિત્રોનો અને (૫) ચાલુ વાંચનમાં પણ કેટલાંક એવાં ચિત્રો દાખલ કરાયાં છે કે જે પ્રાચીન શોધખોળને લગતી તાજુબીપૂર્ણ માહિતી આપે છે. તેમજ કાંઇક અંદર આવતી હકીકત માટે ભાવ ઉત્પન્ન કરી વિચારસૃષ્ટિને આશ્ચર્યમુગ્ધ બનાવી દે છે, અવાં પરચુરણ વર્ગનાં ચિત્રોનો. આખા પુસ્તકમાં આવાં સર્વ મળીને લગભગ ત્રણ સોની સંખ્યામાં ચિત્રો થવાં જાય છે. પાછલા ચાર વર્ગ વિશે અત્રે કાંઇ દર્શાવવાની જરૂર રહેતી નથી; (તે માટે ચિત્ર પરિચયની હકીકતે જુઓ) પણ પ્રથમનો વર્ગ જે નકશાનો લેખ્યો છે તે સંબંધી કાંઇક ઇશારો કરી લઉં.

નકશાઓમાં નીચેના, ખાસ તરીકે ગણી શકાય તેવા છે. (૧) પ્રાચીન સમયના સાડીપચીશ આર્યપ્રદેશ જે કહેવાતા તે દર્શાવનારો (૨) ઇ. સ. ની સાતમી સદીમાં હિંદમાં જે ૮૦ જેટલાં રાજ્યો થઇ પડયાં હતાં તે બતાવનારો (૩-૪-૫) અવંતિ દેશની પ્રાચીન રાજધાની વિદિશા નગરીના પ્રદેશનો તથા તેની આસપાસ વિખરાયલ સ્તૂપોવાળા ભાગનો તથા (૬ થી ૧૩) અનેક રાજાઓના ભૂવિસ્તાર બતાવતા નકશા.

(બ) ગ્રંથ વર્ણનની વિશિષ્ટતામાં ખાસ વિશિષ્ટાસૂચક નીચેની હકીકત કહી શકાશે (૧) કુદરત અને મનુષ્યના સંચલનના કાયદાનો પરસ્પર સંબંધ (પ્રથમ પરિચ્છેદે) (૨) ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં લોકપરિસ્થિતિનું અનેક ક્ષેત્ર દર્શાવતું ટૂંક ચિત્ર—આખો બીજો પરિચ્છેદ (૩) ઇ. સ. ની છઠ્ઠી સદીમાં હિંદના ૮૦ રાજ્યોનો નકશા સાથે પરિચય—આખો ત્રીજો પરિચ્છેદ-(૪) પુસ્તકની સમયમર્યાદાના કાળે હિંદનાં જે મોટાં સોળ રાજ્યો હતાં તે પ્રત્યેકના રાજાઓની—જેવા કે કોશળપતિઓ, કાશીપતિઓ, વત્સપતિઓ, ચેદિપતિઓ, અવંતિપતિઓ ઇત્યાદિ ઇત્યાદિની—નામાવળી, વંશાવળી, તથા સમયાવળી સાથેનાં જીવનચરિત્રો, જે અત્યારસુધી કયાંય લખવામાં આવ્યાં નથી, તેઓની હકીકત પહેલા ખંડના ચોથા પરિચ્છેદથી સાત સુધી અને બીજા ખંડના છ એ પરિચ્છેદ એમ કુલ મળી દશ પરિચ્છેદમાં સંપૂર્ણ અને ભરપુર ભરેલી છે. (૫) તથા અંતમાં વંશાવળીનું અવલોકન સીધી રીતે કરી શકાય તે માટે, સમગ્રપણે

એકજ ઠેકાણે ઉતારી છે. અને પુસ્તકની અંદર આવી ગયેલ સર્વ બનાવોની સમયાવળી તથા અક્ષરના અનુક્રમે પૂર્ણ સાંકળીયું આપ્યું છે. એટલે સ્થળ, નદી, ગામ અને પુરૂષોની એમ પૃથક પૃથક નામાવળી રજુ કરવાનું ઉચિત ધાર્યું નથી.

(ક) કેટલીક છુટીછવાઇ બાબત—કોઈ કોઇ ઠેકાણે એકજ બનાવના બે સમય નોંધાયલા નજરે પડશે. આ બે સમય બે પ્રકારના છે. પહેલા પ્રકારમાં ભિન્ન સમય-દર્શક બન્ને આંક સંખ્યા લાગલાગટ સંવત્સરના છે. જેમકે પૃ. ૧૨૪ માં ચંપા-નગરીના ભગ્નાવસ્થાની સાલ ઇ. સ. પૂ. ૫૨૫ની જણાવી છે. જ્યારે પૃ. ૧૩૯ માં તે જ અવસ્થાની સાલ ઇ. સ. પૂ. ૫૨૪ જણાવી છે જ્યારે બીજા પ્રકારમાં બનાવોની બન્ને આંકસંખ્યામાં કેટલોક ગાળો પડી ગયેલ હોય છે. જેમકે વત્સપતિ ઉદયનની પુત્રીનું નંદ પહેલા ઉર્ફે નંદિવર્ધન સાથેનું લગ્ન–તેના વૃત્તાંતના વર્ણનમાં ઈ. સ. પૂ. ૪૮૦ માં જણાવ્યું છે જ્યારે અન્ય ઠેકાણે વળી તેની સાલ ઈ. સ. પૂ. ૪૮૪ માં લેખાવી છે. આ પ્રમાણે સમયફેર થવાનાં કારણોમાં નીચેના મુદ્દાઓનો મુખ્યપણે હિસ્સો છે. પ્રથમ પ્રકારના ઉદાહરણોના સંજોગોમાં (૧) વર્ષના કયા ભાગમાં–પ્રથમ ભાગે કે છેવટના ભાગે–તે બનાવ બન્યો હતો તે નકકી ન થતું હોવાને લીધે થયું છે, કેમકે પૂર્વકાળે હિંદુ-સંવત્સરોના મહિનાઓ વર્તમાન કાળની પેઠે અમાસાંત નહોતા પણ પૂર્ણિમાંત હતા. (૨) વળી ઇસાઇ સંવત્સરમાં વર્તમાનના બાર માસના સ્થાને દશ માસ જેવી સ્થિતિ હતી. (૩) ઉપરાંત ઇશુશતાબ્દિની ગણત્રીમાં જેટલી સુગમતા છે તેટલી ઇશુની પૂર્વની શતા-બ્દિની ગણત્રી કરવાનું સહેલ નથી. આવાં આવાં અનેકવિધ કારણો નડતરરૂપે થયાં છે જ્યારે (૪) બીજા પ્રકારની ગણત્રીમાં તો અપૂર્ણ સાધનોમાંથી માર્ગ શોધી કાઢવામાં પડતી મુશ્કેલીઓએ જ ભાવ ભજવ્યો છે. આ સર્વ દોષને દોષ તો કહેવાય જ, પણ પ્રાચીન સમયના ઇતિહાસ લેખકને જે વિષમ સ્થિતિમાંથી પસાર થવું પડે છે તેનો જેને જેને અનુભવ થયો હશે તેમને તો મારા દોષ અનિવાર્ય જેવાજ લાગશે.

વળી એક વાર ફરીને જણાવવાનું કે સર્વ જે કોઇની–ચાહે તે વ્યકિતની, પછી તે ગૃહસ્થ હોય, સંસ્થા હોય કે પુસ્તક હોય તેની–મદદ પરોક્ષ યા અપરોક્ષ મને મળી હોય તે સર્વેનો ઉપકાર માનવા રજા લઉં છું. તેમાં પણ વડોદરા કોલેજના ઇતિહાસના અધ્યાપક શ્રીયુત્ કે. હી. કામદાર, કે જેમણે મારૂં હસ્તલિખિત પુસ્તક ઘણુંખરૂં નજરે કાઢી લઇ અનેક સૂચનાઓ આપી હતી તેમનો ખાસ આભાર માનું છું.

અંતમાં જણાવવાનું કે પુસ્તક પ્રકાશનને અંગે જે યશ આપવો યોગ્ય લાગે તે સર્વ, જે જે ગૃહસ્થો, સંસ્થાઓ કે પુસ્તકોની કોઇ પણ પ્રકારે સહાય લઇને આ પુસ્તકને આ સ્થિતિએ હું પહોંચાડી શકયો છું તે તે સર્વેને ફાળે આપવો રહે છે. અને ત્રુટિઓ કે ક્ષતિઓ દેખાય તેનો અપયશ આ સેવકની શકિતની અપૂર્ણતાને લીધે છે એમ સમજવું.

આ પ્રમાણે પ્રથમ વિભાગની સમાપ્તિ કરી મારૂં નિવેદન ખતમ કરૂં છું.

કૃપાભિલાષી
ત્રિભુવનદાસ લહેરચંદ શાહ

વિક્રમાર્ક ૧૯૯૧
વડોદરા.

## ( ऊ ) પ્રકાશકનું નિવેદન.

પુસ્તક પ્રગટ કરવામાં ત્રણ ધંધાદારીનાં હિત જોડાયલાં છે. (૧) પુસ્તકના લેખકનું (૨) તેના છાપનારનું અને (૩) તેના વેચનારનું: સુધરેલા અને પ્રગતિના પંથે ચડેલ દેશમાં, કોઇ પુસ્તકને પ્રજા સમક્ષ ધરવામાં આ ત્રણે ધંધાદારી પોતપોતાની જોખમદારી વહેંચી લ્યે છે; અને એ તો દેખીતુંજ છે કે, જેમ કાર્યનો બોજો હળવો અને રોકત ઓછી તેમ કાર્ય સુંદર થાય. જ્યારે આપણા હતભાગી હિંદમાં તે ત્રણે કાર્યનો બોજો, મુખ્યત્વને કરીને એક વર્ગનેજ ઉપાડવો રહે છે. એટલે કરીને હિંદમાં પુસ્તક પ્રકાશનનાં કાર્ય, પાશ્ચાત્ય દેશ કરતાં, અતિમંદ ગતિથી ચાલ્યાં કરે છે.

ઉપર દર્શાવેલ ત્રણ ભાગમાંથી પહેલાનું એટલે લેખક તરીકેનું નિવેદન, પ્રશસ્તિના પ્રથમ ભાગમાં આવી ગયું છે. એટલે અત્રે તો પાછળની બે શાખાવાળા ધંધાદારીને અંગેજ અમારે બોલવાનું છે.

હસ્તલિખિત પુસ્તક તૈયાર હોય એટલે સર્વ પતી ગયું એમ સમજવાનું નથી. પછી તો જે ચિત્રો મૂકવાનાં હોય તે માટેની કલ્પનાઓ તથા ડ્રોઈંગઝ તેના કળાકાર પાસે ઉભાં કરાવવાં પડે, અથવા જુના હોય તો કાર્યને અનુરૂપ થઈ પડે તેવા સુધારા સૂચવીને ચિત્રો દોરાવવાં પડે. તે બાદ તેના ઝીંકો કે ઇલેકટ્રો પ્લેટેડ બ્લોકસ (હાફટોન, કે લાઇન) બનાવવાં રહે. વળી કેટલાંક કામોમાં ફોટોગ્રાફોની મદદ પણ લેવી પડે. વળી સંશોધનનું કાર્ય એટલે શિક્ષાચિત્રોનો પણ છુટથી ઉપયોગ કરવોજ રહે. એમ જુદી જુદી સામગ્રી ઉભી કરવામાં, અનેકવિધ પ્રકારે દ્રવ્યવ્યય કરવોજ રહે. તેમાં વળી આ પુસ્તકનું કદ અને દળ મોટું રહ્યું, એટલે એક વિભાગને સ્થાને ચાર વિભાગમાં બહાર પાડવું ઠર્યું. તે પ્રમાણમાં બાઇન્ડીંગ ખર્ચ પણ વધે. તેમજ અંદરની વસ્તુ રહી તદ્દન નવીન, એટલે વાચકની વૃત્તિ કેટલે દરજ્જે સંતોષાશે અને કેટલા સમયમાં ખરચેલું નાણું ફરી વળશે, તે સર્વ વાતોનો વિચાર કરવોજ રહ્યો. હસ્તલિખિત વસ્તુની કિંમત એક પાઇ પણ ન લેખવા છતાં, ઉપરના સઘળા પ્રકારનાં દ્રવ્યખર્ચનો કેવળ અંદાજ પાંચ આંકડાની સંખ્યાએ પહોંચ્યો. પ્રકાશકની મહેનતની કિંમત, નફાની રકમ, રોકવા પડતા નાણાનું વ્યાજ અથવા સાહસ ઉપાડવામાં વહોરી લેવા પડતાં જોખમનું મૂલ્ય એ સર્વ તો નિરાળાં રહ્યાં. મતલબ કે આવું જંગી સાહસ એકલા પંડે ઉપાડાય તેમ તો નહોતુંજ જેથી દ્રવ્યની સહાય મેળવવા નજર દોડાવવી રહી.

હિંદના એક વખતના ગવર્નરજનરલ અને વાઇસરૉય લૉર્ડ કરઝને જાહેર કર્યું હતું, કે સમસ્ત હિંદના વ્યાપારની અડધી દૌલત પ્રતિવર્ષ જૈન પ્રજાના હાથમાંથી પસાર થાય છે. આ પુસ્તકનો લેખક પોતે પણ જૈન મતાનુયાયી છે; વળી પોતાની યુવાવસ્થામાં મુંબઇ જેવા સમૃદ્ધ અને પ્રવૃત્તિમય શહેરમાં કાયમની રહેણાક હોવાથી, કોમની સેવા કરવાના કોડ અને અભિલાષ હોવાથી, તેમજ પરના દુઃખ ફેડી આશીર્વાદ મેળવવા જેવો દાક્તરી ધંધો પોતાના હાથમાં હોવાથી, તે અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ સાથે ઘણા નીકટના સંસર્ગમાં પણ આવેલ. એટલે જૈન આમ્નાયનાં દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, જ્ઞાનદ્રવ્યના ભેદ અને ઉપયોગ તથા સ્થિતિ વિશે કાંઇક જાણકાર પણ થએલ. અલબત્ત, તે વાતને પચીસ વર્ષ જેટલો સમય વ્યતીત થઇ ગયો છે. અને તે દરમ્યાન જેમ ગંગાનદીમાંથી પાણીનો ઘણોયે જથ્થો વહી ગયો છે તેમ કાળની એરણ ઉપર જૈન કોમના ભાવી ઉપર પણ, કેટલાયે ઘણના અને હથોડાના પ્રહાર પડી ચૂક્યા છે. એટલે તે સમયની અને વર્તમાન કાળની સરખામણી કરવા જેવું રહ્યું નથીજ; છતાં કરઝન સાહેબના કથનવાળી ઉપરની માન્યતા, મોટા યા નાના પ્રમાણમાં ખોટા યા સાચા અંશે, જે કાંઇ સામાન્ય જનતામાં દૃઢ થવા પામી છે તેની ચકાસણી તો કરવીજ રહી.

એટલે લેખકે પોતાનું—આખુંયે પુસ્તક કે તેનો પ્રત્યેક વિભાગ બહાર પાડવાનું—કાર્ય સાંગોપાંગ પાર ઉતારવા કાજે, વ્યક્તિગત એકાદ આસામીની કે સંસ્થાની મદદ લેવાની, અને તેમ પણ જોગ ન બાઝે તો, પછી અનેકના સંયુક્ત સહચારના સાથની અથવા છેવટે જ્ઞાનખાતાનાં ટ્રસ્ટોનો આશ્રય મેળવવાની તજવીજ કરવા માંડી. એકકે પ્રયાસમાં સફળતા ન મળી. પછી કોમની બે મહાન સંસ્થા તરફ નજર દોડાવવી પડી, પણ એકની સ્થિતિજ પાંગળી એટલે ત્યાંથી તો વકી રાખવા પ્રમાણેજ પરિણામ આવ્યું. છતાં મૌખિક આશ્વાસન મળ્યું ખરૂં. પણ બીજી સંસ્થાનાં સાધન અને સંજોગો જોતાં પાકી ખાત્રી હતી કે નાસીપાસ નહીંજ થવું પડે. એટલે પ્રથમ તેના એક સંચાલકને મળ્યો. પછી તેમની ચીઠ્ઠી લઇ બીજા સંચાલકને મળ્યો. તેમની સાથે બે દિવસ સુધી, દોઢ દોઢ કલાક મંત્રણા ચાલી. તેમણે વળી ત્રીજા સંચાલકને મળવા સલાહ આપી. આમ ફુટબોલની માફક અહીંથી તહીં અને તહીંથી અંહી આથડવા જેવી સ્થિતિ થઇ પડી. એટલે સ્વમાનની ખાતર મોઢેથી વાત કરવાને બદલે લેખીત અરજી કરી મોકલી. કેટલેક કાળે તે અરજીનો જવાબ આવ્યો કે (પણ તેમાં ખુબીએ હતી કે જે ત્રણ સંચાલકની સાથે વાત થઇ હતી તે સિવાયના વળી ચોથાનીજ સહી હતી) રૂબરૂમાં મળ્યા હોત તો ઠીક થાત. અંહીથી પ્રત્યુત્તર વાળવામાં આવ્યો, કે બબ્બે દહાડા સુધી રૂબરૂમાં ચર્ચા કર્યા છતાં છેવટે આવો જવાબ મળવાનું કારણ સમજાતું નથી. પાછો જવાબ કોણ આપે? અહીં આગળ તે બાબતનો પડદો પડ્યો તે પડ્યો. લેખકે મનમાં સંતોષ ધર્યો કે, સંસ્થા પાસે પૂરતું ફંડ નહીં હોય અથવા તો, લાગવગ ધરાવનારનુંજ કામ થતું હોવું જોઇએ.

પછી તો આત્મબળ ઉપર ઝુઝવું તે જ ઉત્તમ માર્ગ લેખકને લાગ્યો. કેમકે કાળ પોતાનું કામ કર્યે જાય છે. જેને વ્યવહારિક ભાષામાં 'વનમાં પેઠા' કહેવાય છે તેટલી

ઉમર તો થઇ પણ ગઇ, અને ક્યારે આંખ વીંચાશે તે કોઇ કહી શકતું નથી. તેમાંય જો કાળે અણચિંત્યા ઝડપી લીધા તો પચીસ-પચીસ વર્ષની કરેલી મહેનત વ્યર્થ જશે. એટલે હવે જ્યારે નિવૃત્તિનો સમય પ્રાપ્ત થયો છે, ત્યારે ગમે તે ભોગે પણ પુસ્તક પ્રકાશનનું કાર્ય ગતિમાં તો મૂકીજ દેવું એમ ઠરાવ્યું. ત્યાં બીજો વિચાર સૂઝયો કે, પુસ્તક માટે અગાઉથી ગ્રાહક મેળવી શકાય, તો કેટલેક અંશે કાર્ય સરળ થાય. પણ તેમ કરવામાં અડચણ હતી, કેમકે આજકાલ કેટલાએ લેખકો, ફાવે તો કાર્યને અંગે કરવાના ખર્ચના અડસટ્ટા મૂકવામાં ભૂલો કરતા હોય, કે આર્થિક મુશ્કેલી ઉભી થશે તો આમ કરીશું અને તેમ કરીશું, એવી કાચી ગણતરી ઉપર આધાર બાંધી કામ ઉપાડતા હોય: ગમે તે હોય પણ પાછળથી પ્રસંગ આવી પડતા, તેમજ તડકો-છાંયો જોયેલ ન હોવાથી કામ અધુરે મૂકી દેવા જેવી સ્થિતિમાં આવવાં પડે છે. એટલે આરંભમાં, સુંદર સ્વપ્નો સેવી, જે કબુલાતો અને વચનો પ્રજાને ઉદારદીલથી આપી દીધાં હોય છે, તેમાંનો મોટો ભાગ તેમનાથી પાળી શકાતો નથી. પરિણામે પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેસે છે. એટલે થાય છે શું કે ? તેમના છાંટાં આખા લેખક સમુદાયને ઉડે છે. આમાંથી બચવા સારૂ, લેખક માટે હમેશાં સારો રસ્તો એ છે કે, પૈસા સંબંધી બધો વહીવટ કોઇ અન્ય વ્યક્તિ કે વ્યાપારી પેઢીને સોંપી દેવો. આ પ્રથાનો પ્રચાર પાશ્ચાત્યદેશોમાં પડી ગયો છે પણ હિંદમાં તે પ્રમાણે નથી, તે હકીકત આપણે ઉપર જોઇ ગયા છીએ.

લેખક અમારા નિકટના સંબંધી હોવાથી ઉપર પ્રમાણે જે સ્થિતિમાંથી તેમને પસાર થવું પડયું હતું તેની માહિતી મોટે ભાગે અમને હતીજ. તેમાં વળી વ્યાપારી પેઢીની વાત ઉભી થઇ. એટલે અમારૂં કામ અન્ય પ્રકારનું હોવા છતાં, તેમને પડખે ઉભા રહી, આવું સુંદર કાર્ય અડધે રસ્તે અટકી ન પડે, પણ બને તેટલું રંગેચંગે પાર ઉતારી દેવાય તો સારૂં, એમ મનમાં ઉગી નીકળ્યું. જેથી બધી જવાબદારી અમે એક વ્યાપારી તરીકે ઉપાડી લીધી છે. અને 'સૌનો બેલી પરમાત્મા છે' તે શ્રદ્ધાએ કામ આગળ ધપાવવા માંડયું છે. અને કહેવાને ખુશાલી ઉપજે થાય છે, કે અગાઉથી ગ્રાહક તરીકેની સંખ્યા ધાર્યાં કરતાં ઠીક પ્રમાણમાં નોંધાઇ જવાથી, અમને સારૂં પ્રોત્સાહન મળ્યું છે. ગ્રાહક ભાઇઓએ બતાવેલી કદરદાની માટે, અમો તે સર્વેનો ઉપકાર માન-વાની રજા લઇએ છીએ.

આ પ્રમાણે કામ તો ચાલતું થઇ ગયું છે. દરમ્યાન એકદા જૈન કોમના એક સેવાભાવી, દૃઢનિશ્ચયી અને સતત ઉદ્યોગી એવાં માનસવાળા પત્રકાર સાથેની વાતચીતમાં પ્રસંગ નીકળતાં જાણવામાં આવ્યું કે, મજકુર સંસ્થાપાસે એકલા જ્ઞાનખાતાનીજ છ આંકડાની સંખ્યામાં મૂકી શકાય તેવડી રકમ પડી છે. અને તે હકીકત મજકુર સંસ્થાના એક વખતના આગેવાને, જાહેર સ્થળમાં કોમના સ્તંભ સમાન પ્રતિનિધિઓની અને પુજ્ય મુનિરાજની સાનિધ્યમાં જણાવેલ હતી તે આધારે પોતે કહે છે, એમ ભાર પુર્વક બોલ્યા. એટલે સંતોષ ધરવાનાં ઉપરમાં જણાવેલ બે કારણમાંથી એક બાદ કરી દેવું પડયું, પણ તુરતજ સ્મરણ પટ ઉપર એક ચિત્ર ખડું થયું કે, અહો કયાં અમારી જૈન કોમ અને કયાં પેલી પારસી કોમ ? બન્ને કોમ સાહસિક વ્યાપારી હોઇ સમૃધ્ધિવંતમાં

ખપે છે, પણ પારસી કોમની સંખ્યા અનેકગણી નહાની હોવા છતાં, દાન કરવાની રૂઢિ અને સંગઠિતપણે કારભાર ચલાવવાની વ્યવસ્થા શક્તિને લીધે, કેટલીએ આગળ વધી રહી છે; જ્યારે કર્ઝન સાહેબ જેવાના પણ મુખે ગવાઇ રહેલ જૈન કોમ, વરઘોડામાં, નવકારશીના જમણોમાં, એક બે દિવસની વાહ વાહ કહેવરાવતા કીર્તિદાનમાં, તેમજ કોર્ટ-દરબારે ચડીને લાખો રૂપીઆનું પાણી કરી નાંખી રહી છે. પારસી કોમ પોતાના હમદર્દી ભાઇઓનો, અનેક સગવડતાનાં કાર્યોમાં સઘળા પ્રકારની બનતી મદદ આપીને, ઉદ્ધાર કરી રહી છે તે ક્યાં, અને જૈન કોમ સ્વધર્મીબંધુની મોટા પ્રકારની તો એક બાજુ રહી, પણ નાનામાં નાની સગવડતા સાચવવા પ્રત્યે પણ ઉપેક્ષાવૃત્તિ ધરાવ્યા કરે છે, તે ક્યાં? કાંઇક ક્ષેત્રમર્યાદાનું ઉલ્લંઘન કરીને અત્રે પ્રસંગ ઉપસ્થિત થતાં આ વિચારો દર્શાવવા પડયા છે, તેમાં કોઇને ઠપકો દેવાનો ઇરાદો નથી, પણ જૈન જેવી હિસાબે પાવરધી અને ડાહી ગણાતી કોમ, સાક્ષાત અને નજરો નજર દષ્ટાંતો નિહાળતાં છતાંયે, સમયધર્મ ઓળખવામાં પછાત પડી રહી છે, તેમાં સુધારો થવા પામે તે વિચારથી લખાયું છે પરમાત્મા સૌનું કલ્યાણ કરો. એજ ભાવના.

અમે છીએ

| | |
|---|---|
| વડોદરાઃ વિ. સં. ૧૯૯૧<br>વસંત પંચમી ગુરૂવાર | આપના શુભેચ્છક બંધુઓ.<br>શશિકાન્ત એન્ડ કું. |

# ચિત્ર પરિચય

નીચેના વર્ણનમાં પ્રથમનો આંક, ચિત્રની અનુક્રમ સંખ્યા સૂચક છે; બીજો આંક તે ચિત્રને લગતો અધિકાર, આ પુસ્તકમાં કયા પાને લખેલ છે તે બતાવે છે. સર્વે ચિત્રો જોકે સંખ્યાના અનુક્રમેજ ગોઠવ્યાં છે, એટલે તે ચિત્ર કયા પાને મૂકાયું છે તે શોધી કાઢવું મુશ્કેલ નથી. પણ કંઇક વિશિષ્ટતાને લીધે આડું અવળું મૂકવું પડયું હોય, તો તેનું સ્થાન સૂચવવા માટે તે ચિત્રનો પરિચય આપતી વખતે તેવું ટીપણુ કૌંસમાં ઉમેર્યું છે.

પૂંઠા ઉપર—કલ્પવૃક્ષ અથવા કલ્પદ્રુમ છે. તે શબ્દ તથા વસ્તુ જાણીતી છે. તેમજ કર્ણપ્રિય હોઇ સાંભળતાંજ છાતી ગજ ગજ ફૂલી ઉઠે તેવી મોહકતા તેમાં ભરેલી સમજાય છે. છતાં તેના આકાર વિષે કોઇ દિવસ વિચાર આવ્યો હોય કે કયાંય નજરે દેખ્યું હોય એમ ભાગ્યેજ કોઇના ખ્યાલમાં હશે. લગભગ બે હજાર વર્ષનું એક પટ્ટ અમને મળી આવ્યું છે. હુબહુ અહીં ઉતારીને રજુ કર્યું છે. ( પ્રાપ્તિસ્થાન આ. સ. રી. ઈ. ૧૮૭૩ –૭૪ બુંદેલખંડ માળવા )

મુખ પૃષ્ઠ—વિદ્યાદેવી સરસ્વતીનું ચિત્ર છે. વર્તમાન કાળે જનતા તેણીને મયૂર–વાહિની કે હંસવાહિની લેખે છે. જયારે અત્ર તે બેમાંથી એકે સ્થિતિ નથી. આ ચિત્રપટ્ટ પણ કલ્પદ્રુમની પેઠે બે હજાર વર્ષનું પુરાણું છે. મળ્યું ત્યારે માત્ર ધડજ હતું. પણ તે સમયના દેવ દેવીઓનાં ચિત્રો ઉપરથી, બાકીનો ભાગ ચિત્રકાર પાસેથી ઉપજાવી કાઢ્યા છે. પાદપીઠ ઉપરનો લેખ ન હોત તો તે ચિત્ર વિશે ભાગ્યેજ સમજ પડત. ( લેખનો અર્થ આ પ્રમાણે કરાયો છે ) " કોટ્ટિયગણ, સ્થાનીય કુળ, વૈરીશાખા અને શ્રી-ગૃહસંભોગ ( માં થયેલા ) આર્ય્ય હસ્ત હસ્તિનના શિષ્ય, આર્ય્ય મેઘહસ્તિ ગણી, શ્રદ્ધાચાર્યના શિષ્ય આર્ય્ય દેવવાચકના ઉપદેશથી, સિંહના પુત્ર ગોવાએ, સરસ્વતી ( વિદ્યાદેવીની મૂર્તિ ) બનાવરાવી. મિતિ સં. ૫૪, (?) શિયાળાનો ચોથો મહિનો, ચંદ્રનો દશમો દિવસ ( પ્રાપ્તિસ્થાન મ. એ. પૃ. ૫૭ ) : Success in the year 54 (?) in the fourth ( 4 th ) month of winter, on the tenth day, on the lunar day ( specified ) as above, one ( statue of ) Saraswati, the gift of Smith Gova, son of Siha ( made ) at the instance of the preacher ( Vachaka ) Aryya-Deva, the Shraddhacharo of the Gani Aryya Meghahasti, the pupil of the preacher Aryya Hasta–Hastin, from the Kottiyagana, the Sthaniya Kula, the Vaira Sakha and the Sri-griha sambhoga......

આ બન્ને ચિત્રો બે હજાર વર્ષનાં પુરાણાં હોઈ, આર્ય પ્રજાનાં પુરાતત્ત્વનો ચિતાર રજુ કરે છે. કલ્પના ઉપરથી ઉપજાવી કાઢેલ ચિત્રો કરતાં, પ્રાચીન અવશેષ તરીકે રજુ કરવાથી તેની ખરી ખૂબી ઝળકી ઉઠે છે.

## (ञ) ચિત્રો વિષેની થોડીક સમજૂતિ.

| આકૃતિ આંક. | વર્ણન પૃષ્ઠ. | |
|---|---|---|
| ૧ | ૧ | પ્રાચીન ભારતવર્ષ ( આગળ આપેલી શોભનચિત્રોની સમજૂતિમાં જુઓ ) |
| ૨ | ૧૧ | દ્વિતીય પરિચ્છેદના મથાળે ( સદર ) |
| ૩ | ૪૫ | તૃતીય પરિચ્છેદના મથાળે ( શોભન ચિત્રની સમજૂતિ જુઓ ) |
| ૪ | ૪૬ | નકશો નં. ૧ ( નકશાની સમજૂતિમાં જુઓ ) |
| ૫ | ૫૭ | નકશો નં. ૨ ( સદર ) |
| ૬ | ૬૯ | ચતુર્થ પરિચ્છેદના મથાળે ( શોભન ચિત્રે જુઓ ) |
| ૭ | ૭૫ | કોશળપતિ રાજા પ્રસેનજિત શ્રી મહાવીરની કૈવલ્યપ્રાપ્તિના સ્થાને યાત્રાએ આવી, રથયાત્રા કાઢી, સ્વહસ્તે રથ હાંકી, પોતાનાં હર્ષ અને ભક્તિ પ્રદર્શિત કરતો નજરે પડે છે. ( ભા. પ્લેઇટ નં. ૧૩ ) |
| ૮ | ૭૮ | ઉપરના નં. ૭ ના બનાવની ખુશાલીમાં રાજા પ્રસેનજિતે પોતા તરફથી સ્તંભ ઉભો કરાવ્યો છે. તેનો એક ભાગ રજુ કર્યો છે. ( ભા. પ્લેઇટ નં. ૧૩ ) |
| ૯ | ૭૯ | રાજા અજાતશત્રુએ તે સ્થાને યાત્રાએ આવી પોતા તરફથી જે સ્તંભ ઉભો કરાવ્યો છે. તેનો એક ભાગ દર્શાવ્યો છે ( ભા. પ્લેઇટ નં. ૧૬ ) |
| ૧૦ | ૮૧ | કોશળપતિ રાજા પ્રસેનજિતનો ચહેરો છે. ( ભા. પ્લે. નં. ૧૩ ) |
| ૧૧ | ૧૦૧ | ગાંધાર પ્રદેશના એક ભાગનો, એક વખતનો સ્વતંત્ર રાજા, પણ પાછળથી પરદેશી આક્રમણ લઇ આવનાર ગ્રીક શહેનશાહ અલેકઝાંડર ધી ગ્રેઇટનો મળતીયો બની જઇ, તેનાજ હાથે અપમાનિત થઇ જીવન પૂરૂં કરનાર અને યવન પદ્ધતિએ લશ્કરી પોષાકમાં સજ્જ થયેલ રાજા આંભીઃ સૌભૂતિ ( કો. ઇ. ઓ. પ્લે. નં. ૩ ) |
| ૧૨ | ૧૦૨ | હિંદની ભૂમિ ઉપર સૌથી પ્રથમ ચડાઇ લઇ આવનાર યુરોપીય શહેનશાહ, યવનપતિ અલેકઝાંડર ધી ગ્રેઇટ ( ઓ. હી. ઇં. ) |
| ૧૩ | ૧૦૨ | ઉપરના યવન શહેનશાહ અલેકઝાંડર ધી ગ્રેઇટનો મુખ્ય સરદાર અને સિરિયામાં રાજગાદી સ્થાપનાર સેલ્યુસીડ વંશનો સ્થાપક સેલ્યુકસ નિકેટોરઃ જેણે ઇ. સ. પૂ. ૩૦૪ માં મગધપતિ સમ્રાટ અશોકવર્ધન વેરે પોતાની પુત્રી પરણાવી હતી. અને પાટલીપુત્રના દરબારમાં પોતાના પ્રતિનિધિ તરીકે મિ. મેગેસ્થેનીઝને મોકલ્યો હતો. ( વિશેષ અધિકાર અશોકવર્ધનના ચરિત્રે ) ( કે. હી. ઇં ) |
| ૧૪ | ૧૦૩ | બૌદ્ધધર્મના પ્રખર હિમાયતી અને દૃઢભક્ત મગધપતિ સમ્રાટ અશોકવર્ધન ( ભા. પ્લેઇટ નં. ૩૦ ) |
| ૧૫ | ૧૦૩ | પરદેશી આક્રમણકારોમાંથી જેણે હિંદની ભૂમિમાંજ રહેવાનું અને પોતાની રાજગાદી કરવાનું સૌથી પ્રથમ મન ઉપર ઠરાવ્યું હતું, તે બેકટ્રીઅન શહેનશાહ ડીમેટ્રીઅસ ( કે. હી. ઇં. ) |

૧૬ ૧૦૪ ખંડ પહેલો, પંચમ પરિચ્છેદનું શોભનચિત્ર ( જુઓ તે વિશેની સમજૂતિમાં )

૧૭ ૧૦૬ સારનાથનો લાયન કેપીટલ પીલર (સ્તંભ): જગતભરની શિલ્પ કળામાં સુઘટ અને સુમેળ સ્થાપત્યનો બેનમુન દૃષ્ટાંત પૂરો પાડે છે. બૌદ્ધધર્મને લગતો તે હોવાની માન્યતામાં, અલ્હાબાદ પાસેના સારનાથની બૌદ્ધધર્મની મહા-વિદ્યાપીઠનું કેંદ્રસ્થાન હાલ તો બની રહેલ છે. પણ તેમાં કોતરેલ અશ્વ, હસ્તિ, સિંહ અને વૃષભ તથા ધર્મચક્ર, તે સર્વે વસ્તુઓ જો જૈનધર્મ સાથે સંબંધ ધરાવતી હોવાનું સાબિત થાય, તો હિંદના ઇતિહાસમાં એક નવોજ સફો ઉઘડવાની આગાહી બતાવે છે. ઉપરના શિલ્પવાળા ભાગનીજ ઊંચાઇ ફીટ ૬–૧૦॥ છે. ( વિશેષ અધિકાર સમ્રાટ પ્રિયદર્શિનના ચરિત્રે જુઓ )

૧૮ ૧૨૨ નંદનગઢ સ્તૂપ: તેના કર્તા તરીકે સમ્રાટ અશોકને માની લઇ, તે બૌદ્ધ-ધર્મનો હોવાનું ઠરાવ્યું છે. પણ તે પ્રિયદર્શિનની કૃતિ છે. તેમજ અશોક અને પ્રિયદર્શિન બન્ને ભિન્નજ વ્યક્તિઓ છે. તથા પ્રયદર્શિન પોતે જૈન ધર્મી હોવાથી, પોતાના ધર્મના તે સ્થાનને અમુક ઐતિહાસિક બનાવના સ્મારક તરીકે સૂચવવા, તે સ્તૂપની ટોંચ ઉપર પોતાના ધર્મનો સિંહ અલં-કૃત કરેલ છે. સ્તંભની ઊંચાઇ ફી. ૩૯–૭॥ છે. ( વિશેષ અધિકાર સમ્રાટ પ્રિય-દર્શિનના જીવનચરિત્રે જુઓ )

૧૯ ૧૪૯ ખંડ પહેલો, ષષ્ઠમ પરિચ્છેદનું શોભન ચિત્ર ( તે વિષયે જુઓ )

૨૦ ૧૫૩ ધનકટક ( બેન્નાકટક ) પ્રાંતની રાજધાની, બેન્નાતટ નગરના પ્રદેશમાંથી ખોદ કામ કરતાં મળી આવેલી પુરાતત્ત્વ દર્શાવતી જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની એક પ્રતિમા છે. ( વિશેષ અધિકાર ચક્રવર્તી ખારવેલ કલિંગપતિના વૃત્તાંતે જુઓ. )

૨૧ ૧૫૩ તેવીજ રીતે મળી આવેલ બીજી એક પ્રતિમા ચૌમુખ કાઉસગ્ગીઆ છે. વિશેષ અધિકાર કલિંગપતિ ખારવેલ ચક્રવર્તીના જીવન ચરિત્રે જુઓ.

૨૨ ૧૬૨ નં. ૨૦ અને નં. ૨૧ નાં ચિત્રની પેઠે, ખોદકામ કરતાં મળી આવેલ એક સ્તૂપના ઘુમટનો દેખાવ છે. જેને લગતી કેટલીક હકીકત સમ્રાટ ખારવેલ-ના જીવન સાથે સંબંધ ધરાવતી અત્રે રજુ કરવામાં આવી છે. બાકી વિશેષ અધિકાર, આગળ ઉપર સમ્રાટ ખારવેલના જીવન ચરિત્રે જુઓ.

૨૩ ૧૭૪ ઓરિસા પ્રાંતની પેલી વિશ્વવિખ્યાત જગન્નાથપુરીનગરીના મંદિરમાં હાલ જે પ્રતિમાઓ બિરાજમાન છે તેનું ચિત્ર છે ( ચિ. પ્લેઇટ નં. ૨૨ ) જેના સંબંધ વિશેની માન્યતા જે પ્રમાણે હાલમાં પ્રવર્તી રહી છે તેના કરતાં અન્યથા છે. એમ, અનેક વિદ્વાનોના મતો ટાંકી બતાવ્યું છે. વિશેષ પરિચય તે પ્રદેશના સમ્રાટ અને ચક્રવર્તી ખારવેલના જીવનવૃત્તાંતમાં લખ્યો છે. ત્યાંથી જુઓ.

૨૪ ૧૮૧ અસલના અવંતિ પ્રદેશમાં આવેલ, પણ હાલ સાંચી સ્તૂપ તરીકે પ્રખ્યાત

થયેલ શિલ્પના ઘુમટનો બાહ્ય દેખાવ છે. ઊંચાઇ ૫૪ ફીટ છે. (વિશેષ અધિકાર સમ્રાટ પ્રિયદર્શિનના ચરિત્રે છે )

૨૫ ૧૮૫ મધ્યહિંદના પ્રદેશનો નકશો છે ( નકશાની સમજૂતિમાં જુઓ )

૨૬ ૧૮૮ જેમ સારનાથનો ( ઉપરનું ચિત્ર નં. ૧૭ ) લાયન પીલર છે. અને જેના કેવળ શિલ્પકામવાળા ભાગની ઊંચાઈ ફી. ૬.૧૦½ છે. તેમજ આ સાંચીનગરનો સ્તૂપ છે. જેની ઊંચાઇ ૨૧-૩ છે. બન્નેની સરખામણી કરી શકાય માટે સાથેજ મૂક્યા છે. આથી સમજાશે કે આ બધાં પ્રાચીન તત્ત્વો-સાંચી પ્રદેશવાળાં-અવંતિદેશ સાથે સંબંધ ધરાવનારી વસ્તુઓ છે. પણ કોઇને કોઇ અન્ય કારણસર, અન્ય સ્થાને ઉભી કરવામાં આવેલ છે ( વિશેષ અધિકાર સમ્રાટ પ્રિયદર્શિનના અને ચંદ્રગુપ્ત મૌર્યના વૃત્તાંતે લખેલ છે ત્યાં જુઓ ) ( આ. રી. સ. ઇ. ૧૮૭૩-૭૪ બુંદેલખંડ અને માળવા )

૨૭ ૧૮૮ ભિલ્સાનો નકશો ( સમજૂતિ માટે તે વિભાગે જુઓ )

૨૮-૨૯: ૧૮૯ પ્રથમના સ્તંભની ટોચ ઉપર ક્રૌંચ પક્ષી અને બીજા સ્તંભ ઉપર મગર-મચ્છ છે. તે બન્ને સ્તંભો સાંચીની પડોશમાંથી મળી આવ્યા છે. ( તેનાં સ્થાન માટે જુઓ નં. ૨૭ નો નકશો ) જેમ સાંચીને અને અવંતિના પ્રદેશને જૈન ધર્મ સાથે સંબંધ છે, તેમ આ ભૂમિ ઉપર ઊભા કરેલ આ બન્ને સ્તંભોને પણ જૈન ધર્મ સાથે સંબંધ હોવાનું સંભવિત દેખાય છે. ક્રૌંચ સ્તંભ અખંડ મળી આવેલ છે. તેની ઊંચાઇ ફી. ૧૭-૧૧ છે. મકરસ્તંભ તૂટેલી સ્થિતિમાંજ મળેલ છે. એટલે તેની ઊંચાઇનું માપ નીકળી શકે તેમ નથી. ( પ્રાપ્તિસ્થાન. આ. રી. સ. ઇ. ૧૮૭૩-૩૪ બુંદેલખંડ માળવા. )

૨૯ અ પૂંઠા ઉપરનું કલ્પદ્રુમ તે અહીં ચિત્ર રૂપે ઉતાર્યું છે. પરિચય માટે ઉપરની હકીકત જુઓ.

૩૦ ૧૯૩ વિદિશાનો નકશો છે ( સમજૂતિ માટે તે વિભાગે જુઓ )

૩૧ ૧૯૬ }
૩૨ ૧૯૬ }
૩૩ ૧૯૬ } નં. ૩૧ સાંચી સ્તૂપનું તોરણ છે. નં. ૩૨ ભારહુત સ્તૂપના એક તોરણ ( પ્રવેશદ્વાર ઉપર ગોઠવેલ કમાન-આરકું ) નો નમુનો રજુ કરે છે. નં. ૩૩ મથુરા સ્તુપના આરકામાંનો નાનો શો ભાગ છે. ( મોટો ભાગ તૂટી ગયેલ હોવાથી જે કાંઇ સચવાઈ રહ્યું છ તેટલુંજ બતાવી શકાયું છે. ( વળી જુઓ નીચેનું ચિત્ર નં. ૩૪ ) વાચક વર્ગ પાસે આ ત્રણે ચિત્રો સરખા-મણી માટે રજુ કર્યાં છે. નં. ૩૩ ને વિદ્વાનોએ જૈન ધર્મનો હોવાનું પ્રકાશિત કર્યું છે. જ્યારે નં. ૩૧-૩૨ ને બૌદ્ધધર્મનાં હોવાનુ ઠરાવે છે. મારી દલીલ એમ છે કે, ત્રણે વસ્તુ જો એક બીજાને સાદશજ હોય તો, ત્રણેને એકજ ધર્મનાં હોવાનું શા માટે ઠરાવી ન શકાય ? તેમ આ ત્રણે સ્થળોનાં હિત, એક ધર્મ સાથે સામાન્ય પણે સંકળાયલાં છે જ. ( વિશેષ અધિકાર સમ્રાટ પ્રિયદર્શિનના જીવન ચરિત્રે જુઓ. )

૩૪ જેમ નં. ૩૩ મથુરાસ્તૂપનો એક ભાગ છે. તેમ આ ચિત્ર પણ મથુરાની કંકાલી-ટિલા નામે ટેકરીનું ખોદ કામ કરતાં મળી આવેલ એક આયાગપટ (પૂજા કરવા માટે શિલાની પાટ) નું છે. પટનું કદ નાનું (સવા બે ફુટ છે) હોઇને ચિત્રના આકારનું માપ તેમાં મોટું આળેખાયેલ છે, પણ તેના પ્રત્યેક ભાગની ઝીણવટ બતાવી ન શકાય તેથી માત્ર સાદી કારીગરીજ કોતરેલ છે; જેથી નં. ૩૩ અને નં. ૩૪ બન્નેનો આકાર નં. ૩૧, ૩૨ ની સાથે તદ્દન મળતો દેખાય છે. બાકી નં. ૩૩ અને ૩૪ માં નં. ૩૧, ૩૨ નાં જેવું શિલ્પકામ રજુ કરાયું નથી. તેમાં કોતરેલ લેખનો અર્થ આ પ્રમાણે થાય છે:—અર્હન્‌ને નમસ્કાર હોજો ફ્ગુયશ નર્તકની પત્નિ શિવયશાએ, અર્હત્ પૂજા નિમિત્તે આ આયાગપટ્ટ (પૂજા પટ) બનાવરાવ્યો છે. Adoration to the Arhats, by Shivyasha, wife of the dancer Faguyasha, a tablet of homage (Ayaga-pata) was caused to be made for the worship of the Arhats (M. A. pl. xii)

૩૫ ૨૩૩ દ્વિતીય ખંડ, પ્રથમ પરિચ્છેદનું મથાળું (શોભન ચિત્રના વિભાગે જુઓ)

૩૬ ૨૪૦ શિશુનાગવંશી રાજા પ્રસેનજિતે, પોતાના કુંવરોની સમયસૂચકતા તપાસવા માટે લીધેલી એક પરિક્ષાનું દૃશ્ય રજુ કરે છે.

૩૭ ૨૪૧ શિશુનાગવંશી રાજા પ્રસેનજિતે, પોતાના કુંવરોની સમયસૂચકતાની પરીક્ષા કરવા માટે, જે બીજો પ્રસંગ ગોઠવ્યો હતો તેનું દૃશ્ય રજુ કર્યું છે.

૩૮ ૨૬૧ દ્વિતીય ખંડ, દ્વિતીય પરિચ્છેદનું મથાળું (જુઓ શોભન ચિત્રના વિભાગે)

૩૯ ૨૬૬ આર્દ્રકુમાર, પોતાના ગૃહમાં સ્થિત થયેલ છે, ત્યાં તેના બાળક કુમારે, પોતાની માતાએ કાંતેલ કાચા સુતરના તાંતણેથી, પિતાના પગને બાર આંટા વીંટાળ્યાં છે. જે ઉપરથી આર્દ્રકુમારે અમુક નિર્ણય બાંધ્યો છે.

૪૦ ૨૯૦ દ્વિતીયખંડ-તૃતીય પરિચ્છેદનું ચિત્ર (જુઓ તે વિભાગે)

૪૧ ૨૯૧ રાજા અજાતશત્રુનું મ્હોરૂં છે.

૪૨ ૨૯૬ રાજા અજાતશત્રુએ પોતાના જૈનધર્મના પ્રવર્તક શ્રી મહાવીરના કૈવલ્ય સ્થાન ઉપર પૂજા નિમિત્તે એક મોટો સ્તંભ ઊભો કરાવ્યો છે. અને ત્યાં પોતે ભકિતના અતિરેકમાં બે હાથ જોડી, તેમના ચરણયુગલને વંદન કરતો ચિતરી બતાવ્યો છે. તે દૃશ્ય અહીં ઉતારી લીધું છે (ભા. સ્તૂપ પ્લેઇટ નં. ૧૬

૪૩ ૩૨૦ દ્વિતીય ખંડ, ચતુર્થ પરિચ્છેદ (જુઓ તે વિભાગે)

૪૪ ૩૪૨ દ્વિતીય ખંડ, પંચમ પરિચ્છેદ (જુઓ તે વિભાગે)

૪૫ ૩૭૦ દ્વિતીય ખંડ, ષષ્ઠમ પરિચ્છેદ (જુઓ વિભાગે)

૪૬ થી ૫૦ છ નકશાઓ છે (જુઓ તે વિભાગે)

૫૧ થી ૫૪ ચાર નકશાઓ છે (જુઓ તે વિભાગે)

## (આ) નકશા વિષેની સમજૂતિ

| આકૃતિ સંખ્યા | પૃષ્ઠ સ્થાન | નકશાની પ્લેઇટ આંક | |
|---|---|---|---|
| ૪ | ૪૬ | ૧ | વર્તમાનકાળનો હિંદુસ્તાનનો નકશો આપી, તેમાં દરેક પ્રાંતની સીમા દોરી બતાવી છે. અને તેમાં, આર્યાવર્તના પ્રાચીન સમયે જે રપાા દેશ કહેવાતા હતા, તેમનાં નામ તથા સ્થાન નિર્દિષ્ટ કરી બતાવ્યાં છે. જેથી કયે વખતે, કેટલો પ્રદેશ, કયા દેશમાં સમાતો હતો, તે સહેલાઇથી સમજી શકાય છે. |
| ૫ | ૫૭ | ૨ | ઇસ્વીસનની સાતમી શતાબ્દિમાં ( ઇ. સ. ૬૪૦ ) માં મિ. હ્યુએનશાંગ જ્યારે હિંદમાં હતો, ત્યારે હિંદમાં લગભગ ૮૦ ની સંખ્યામાં રાજ્યો આવેલાં હતાં. તેનો ચિતાર રજુ કર્યો છે. પ્રથમ વર્તમાન હિંદનો નકશો પ્રાંતવાર આપ્યો છે. અને જ્યાં જ્યાં તે રાજ્યો આવ્યાં હતાં, ત્યાં ત્યાં તેમની આંક સંખ્યા મૂકી બતાવી છે. એટલે તુલનાત્મક દૃષ્ટિએ તુરતજ તેનો ખ્યાલ આવી શકે છે. |
| ૨૩ | ૧૮૫ | ૩ | મધ્યહિંદના પ્રદેશનો નકશો છે. તેમાં ચેદિ, કૌશાંબી ( વત્સ ) અને અવંતિ રાજ્યના પરસ્પરના સંબંધનો, તથા તે પ્રદેશોમાં આવેલાં પ્રાચીન સ્થળો, જેવાં કે, ભારહુત, રૂપનાથ, ભિલ્સા, અને બેસનગર આદિ શહેરો, ઉજ્જૈનીથી કઇ દિશામાં કેટલે દૂર આવેલાં છે, તેનો ખ્યાલ આપવા માટે રજુ કર્યો છે. |
| ૨૭ | ૧૮૮ | ૪ | ભિલ્સા શહેરની આસપાસનો પ્રદેશ બતાવ્યો છે. તેમાં જે સ્થાન ઉપર સંખ્યાબંધ સ્તૂપો આવેલ છે, તે ખાસ બતાવ્યાં છે. જેથી આખો નાનકડો પ્રદેશ ( ચારપાંચ માઇલના વિસ્તારનો ) સ્તૂપમયજ બની ગયો છે તેનો ખ્યાલ આપે છે. તેવાં સ્થાનોનાં નામ-શતધાર, સોનેરી, સાંચી, ભિલ્સા, આંધેર ઇત્યાદિ ઇત્યાદિ છે. આ સઘળો પ્રદેશ પાર્વતીય (પર્વતથી ભરેલ) છે. |
| ૨૯ | ૧૮૯ | ૫ | વિદિશાનો નકશો છે. જ્યાં બેસનગર નામ લખીને ગોળ ચિન્હ કર્યું છે તે જુનાશહેરનું સ્થાન સૂચવે છે. બાકીનું સ્થળ બેસ અને બેટવા નદી વચ્ચે નવું વસ્યું છે. એટલે કે બે બાજુ બે નદી આવેલી છે, ત્રીજી બાજુએ નદીઓનાં ત્રણ વહેણનું સંગમ બનેલ હોવાથી તેનું નામ ત્રિવેણી અપાયું છે; અને ચોથી બાજુ એટલે કે, જુના શહેર તરફની દિશાજ માત્ર અવર જવર માટે ઉઘાડી છે. તેમાં પણ મોટો ભાગ પવતથી સુરક્ષિત છે. મતલબ કે આખું સ્થાનજ નૈસર્ગિક રમણિયતાનો એક અપૂર્વ ભંડાર હોય, એવું દૃશ્ય ખડું કરે છે. તેમાં જે જે સ્થળો ઐતિહાસિક ઉપયોગીતા ધરાવે છે, તેનો નિર્દેશ નીચે પ્રમાણે સમજવો. |

( અ ) અને ( ગ ) વાળી જગ્યાઓએ કોઇ સ્ત્રીનું એકેક મોટું જંગી પૂતળું ભાંગી ગયેલ સ્થિતિમાં જડી આવ્યું છે. ( બ ) પૂંઠા ઉપર તથા આકૃતિ નં. ૨૧ અ માં આપેલ કલ્પદ્રુમ જ્યાંથી મળી આવ્યું હતું તે સ્થળ છે. ( ક ) આકૃતિ નં. ૨૮ ક્રૌંચ-સ્તંભ, અને (ડ) આકૃતિ નં; ૨૯ મકર-સ્તંભ, જ્યાંથી મળી આવ્યાં હતાં તે સ્થાનો છે. બાકીનાં નિર્દિષ્ટ સ્થાનો સાથે સંબંધ ન હોવાથી તેની ઓળખ પડતી મૂકી છે.

| | | | |
|---|---|---|---|
| ૪૫ | ૩૭૧ | ૬ | ઇ. સ. પૂ. ની છઠ્ઠી શતાબ્દિમાં જે સોળ રાજ્યો ભારતવર્ષમાં સત્તાધારી હતાં, તેમનાં નામ તથા સ્થાન બતાવ્યાં છે; તેમજ તે તે સ્થાન ઉપર કયો રાજા હકુમત ધરાવતો હતો, તેનાં નામ પણ મૂકયાં છે. એટલે વસ્તુસ્થિતિ તુરત સમજી લેવાને અનુકુળતા થઇ પડે છે. |
| ૪૬ | ૩૭૧ | ૭ | વર્તમાન હિંદુસ્તાનનો પ્રાંતવાર તેની સરહદ બતાવતો નકશો આપ્યો છે. જેથી દરેક રાજાના સમયે તેનો રાજ્ય વિસ્તાર કેટલો હતો, તેનો સંબંધ તારવવાનું સુગમ થઇ પડશે. |
| ૪૭ | ૩૭૩ | ૮ | રાજા શ્રેણિક: બિંબિસારના રાજ્યકાળના અંતે, મગધ સામ્રાજ્યની તથા ભારતવર્ષમાંના અન્ય રાજ્યોના વિસ્તારની સરખામણી કરી બતાવી છે. દક્ષિણ હિંદ લગભગ અનાર્યજ દશામાં હતો એમ સ્પષ્ટ જણાઈ આવે છે. |
| ૪૮ | ૩૭૫ | ૯ | ઉપરની રીત પ્રમાણે, રાજા કુણિક; અજાતશત્રુના સમયની સરખામણી કરી બતાવતો નકશો છે. દક્ષિણ હિંદની સ્થિતિ હજુ પણ લગભગ અનાર્ય જેવીજ છે. |
| ૪૯ | ૩૭૭ | ૧૦ | તેજ પ્રમાણે રાજા ઉદયાશ્વના સમયનો નકશો છે. તેના સમયથી આર્ય સંસ્કૃતિનો પ્રવેશ દક્ષિણ હિંદમાં થયેલ નજરે પડે છે; એટલુંજ નહીં, પણ હિંદ વટાવીને ઠેઠ સિંહલદ્વીપના પેટાળમાં પણ, મગધ સામ્રાજ્યની આણ તથા આર્યસંસ્કૃતિની છાયા ફેલાયાં હતાં એમ બતાવે છે. એટલે તેના સમયથીજ લિચ્છવી અને સંગ્રીજિ ક્ષત્રિયોની પેટા જાતિઓ દક્ષિણમાં જાય છે એમ સમજવું રહે છે. પ્રથમ તો તેઓ, મગધપતિના સરદારો તરીકેજ રાજ્ય ચલાવે છે, પણ પ્રસંગોપાત જેમ જેમ તેઓ સ્વતંત્રતા ધારણ કરતા જાય છે, તેમ તેમ તેમનાં નામ ઉપરથી તેઓનાં વંશ ઉતરી આવી, ઇતિહાસનાં પાને નોંધાતા જાય છે. |
| ૫૦ | ૩૭૯ | ૧૧ | ઉપરની પદ્ધતિએ અનુરૂદ્ધ અને મુંદના વખતે, મગધ સામ્રાજ્યનો વિસ્તાર બતાવતો નકશો ઉતાર્યો છે. |
| ૫૧ | ૩૮૦ | ૧૨ | નંદ પહેલો: નંદિવર્ધનના સમયનો રાજ્ય વિસ્તાર બતાવ્યો છે. તેના સમયે ઉત્તર પંજાબ અને કાશ્મિર સિવાય, સમસ્ત |

ભારતવર્ષ મગધની સત્તામાં આવી ગયેલ દેખાય છે. એટલે નંદિવર્ધનનું રાજ્ય, અત્યાર સુધીના સર્વે રાજાઓના ભૂવિસ્તારની અપેક્ષાએ, સૌથી પ્રથમ નંબરે મૂકી શકાશે.

| | | | |
|---|---|---|---|
| પર | ૩૮૩ | ૧૩ | નંદ બીજો અથવા મહાપદ્મના સમયે મગધ સામ્રાજ્યની સ્થિતિ કેવી હતી તે બતાવી છે. |
| ૫૩ | ૩૮૪ | ૧૪ | નામધારી નંદવંશી છ રાજાઓ-નંદ ત્રીજાથી માંડીને નંદ આઠમા સુધી-ના વખતમાં મગધ સામ્રાજ્યની હદ કેટલી સંકુચિત બની ગઇ હતી તેનો ખ્યાલ આપે છે. |
| ૫૪ | ૩૮૫ | ૧૫ | નવમાનંદ અથવા મહાનંદનો રાજ્ય વિસ્તાર બતાવ્યો છે. ઉત્તર હિંદમાંનો પંજાબ તથા કાશ્મિરનો જે ભાગ નંદિવર્ધનના સમયે મગધની આણમાં આવવો બાકી રહી ગયો હતો, તે આ મહાનંદના સમયે મગધની સત્તામાં આવે છે. પણ દક્ષિણ હિંદનો મોટો ભાગ મગધથી છૂટો પડી, કલિંગના ચક્રવર્તીની આણમાં ચાલ્યો ગયેલ દેખાય છે. જોકે દક્ષિણ હિંદના પશ્ચિમ ભાગમાંતો, નંદવંશમાંથી શાખા તરીકે ઉદ્ભવેલ શતવહનવંશના આંધ્રપતિઓનું એક નવીન સામ્રાજ્ય જન્મતું દેખાઇ આવે છે. |

## (इ) પરિચ્છેદના મથાળે આવેલ શોભન-ચિત્રોની સમજૂતિ

ચિત્રકળાની ઉત્પત્તિ માનવવંશના ઇતિહાસ જેટલી કદાચ જૂની હશે. મનુષ્યોને ભાષા-નહિ હોય, સૂચનો માટેના ચોક્કસ હાવભાવ પણ નહિ હોય, ત્યારે આકૃતિદ્વારા એકબીજાને સમજાવવાનું શરૂ થયું હશે. તે પ્રમાણે ચિત્ર એક લિપિની ગરજ સારતું હતું. પ્રાચીન કાળના ખંડિયેરોની શોધ ખોળોથી એ ચિત્રલિપિ દેખાઇ આવે છે. આમ શરૂઆત ઉપયોગીતાવાદથી થાય છે.

મનુષ્ય સામાન્ય જીવનનાં સાધનોથી પર વિચાર કરતો થયો, ત્યારે ચિત્રકળાની સૃષ્ટિએ નવાજ રંગ ધરવા માંડ્યા. ચિત્રોમાં અંતરના ભાવો, ધર્મની ભાવનાઓ અને પ્રકૃતિના અનેકવિધ રંગોનાં દર્શન થવાં માંડ્યાં. એ પણ જાણે અત્યારે પસાર થતું લાગે છે. અત્યારે તો કલા સર્વ વ્યાપી થઇ ગઇ છે. તેણે એક પછી એક ક્ષેત્રો સર કરવા માંડ્યાં છે. વેપાર ધંધામાં, રાજ્યકારણમાં, સાહિત્યમાં, ધર્મમાં વિગેરે દરેક સ્થળે, તેણે પોતાનું યોગ્ય સ્થાન લઇ લીધું છે. આ જમાનામાં ચિત્ર વિનાનું પુસ્તક શોભિતું (decent) નથી લાગતું. ચિત્ર વિનાનું ઘર, મંદિર કે દુકાન, ઓફીસો વિગેરે પણ ઝાંખા દેખાય છે. તે દરેક જગ્યાએ કળા પોતાના વિધવિધ રૂપે દેખાય છે.

આ પુસ્તક છે તો ઇતિહાસનું. પહેલી દૃષ્ટિએ જોતાં બીજાં પુસ્તકોનાં ચિત્રો પેઠે, તેમાં ચિત્રો દેખાશે પણ નહિ. પણ દરેક પ્રકરણ જુઓ, ઉપલે મથાળેજ ચિત્ર વાંચી જાઓ. ખબર પડશે કે જાણે આખું પ્રકરણજ વાંચી નાંખ્યું, પ્રકરણમાં આવતા પ્રસંગો કહો, કે તેનો સાર, તે ચિત્ર કહેશે.

## પ્રથમ ખંડ

પ્રથમ પરિચ્છેદ—પ્રાચીન ભારતવર્ષ. એક બાજુ દ્રાવિડ અને અનાર્ય પ્રજા મૂર્તિપૂજા કરતી દેખાય છે. આર્યો પશ્ચિમ તરફથી પૂરવેગે લડાયક જુસ્સાથી પ્રવેશ કરે છે. ને ભારતવર્ષના હૃદયરૂપ અહિંસા મૂર્તિમાન મહાવીરનો ઉદય છે. પહેલાં ભારતવર્ષમાં વેપાર-વણજ અને સમુદ્રયાન હતું તે દેખાડતાં વહાણો દેખાય છે.

દ્વિતીય પરિચ્છેદ—ભારતની તે કાળની જાહોજલાલી પૂરબહારમાં દેખાય છે. સુંદર કોતરણીવાળા ઝરૂખાઓમાં મહાલતી સુંદરીઓ અને પરિચારિકાઓ નીચે રાજમાર્ગ અને ચોગાનમાં હરતા ફરતા શુરવીરોના હાથી, ઘોડા, રથ વિ. તે વખતના વૈભવ અને શક્તિ બતાવે છે. બાજુએ આવેલી રસ્તા ઉપરની વૃક્ષઘટા તે વખતની લોકોપયોગી દૃષ્ટિ દેખાડે છે.

તૃતીય પરિચ્છેદ—આ પરિચ્છેદમાં ભૂગોળની દૃષ્ટિથી યોજાએલા ભારતવર્ષના બે ભાગલાઓનું વર્ણન છે. ઉપર હિમાચ્છાદિત પર્વતમાળા અને મોટી મોટી નદીઓથી વિભૂષિત ભૂમિ છે. તે આર્યોના પુનિત પગલાંઓથી સેવાએલી દેખાય છે. ચિત્રમાં સ્વાભાવિક બે ભાગ પડે છે, નીચેનો ડુંગરાળ મુલક અનાર્યોથી વસાએલો છે. આ બધુંએ એક ચીની મુસાફર બધાથી અસ્પૃષ્ટ રહીને જોઇ રહ્યો છે.

ચતુર્થ પરિચ્છેદ—જીવન નિર્વાણ પામતા ભગવાન બુદ્ધ અને તે સમયે ચાલી રહેલી દેશની અંધાધૂની એ જાણે આ પરિચ્છેદનો સાર ન હોય. આ બાજુએ ઇરાનીઓનાં ટોળાં ભારત વર્ષનું ધન ડુંગરોની કરાડોમાં થઇને વહી જાય છે, અને એ બધાની અસરની જરાએ ગણના ન કરતો એક હિંદી રાજા વિદુરથ પોતાનાજ સગાઓનાં સંહારમાં પ્રવૃત થએલ છે.

પંચમ પરિચ્છેદ—વત્સપતિ ઉદયન વાસવદત્તાને ઉપાડી જાય છે. આ બાજુ રાણી પદ્માવતી હાથી ઉપર જાય છે. મૃગાવતી રાણી રાજ્ય કરે છે. સ્ત્રી જાતી આ પ્રકરણમાં મહત્ત્વનાં સ્થાનો રોકે છે.

ષષ્ઠમ પરિચ્છેદ—આ પ્રકરણ વળી નવાજ પ્રકાશથી ઉઘડે છે. તોફાનો મારામારી વિ. અદૃષ્ય થાય છે. ધર્મધ્યાન, વેપારવણજ વિ. શાંતિના સમયના ધંધાઓ વિકસે છે. દૂર દૂર એનાતટનાં વહાણો દેખાય છે આ બાજુ ભગવાનની પાલખીને તેમને અર્ધ્ય દેતાં મનુષ્યો દેખાય છે.

સપ્તમ પરિચ્છેદ—દુનિયાનો ક્રમ ફરતો હોય છે. શાંતિ પછી તોફાન અને તોફાન પછી શાંતિ: તોફાનનો ક્રોધી દેવ શાંતિસ્વરૂપ નગર ઉપર તૂટે છે. રેતીના ઢગના ઢગ નગરને છાઇ દે છે. સંહારતો છે જ. પણ દુનિયા અટકી છે? સિંધુપતિ ઉદયન અને રાણી પ્રભાવતી ભક્તિગાનમાં મશગુલ છે. ને ધારિણી પુત્ર પ્રસવની વેદના ભોગવે છે.

## દ્વિતીય ખંડ

પ્રથમ પરિચ્છેદ—શ્રેણિકકુમારને દેશવટો ભોગવવો પડે છે. નદીઓ, જંગલોનાં સંકટો વટાવતાં તેનું ઓજસ ઢાંકયું રહેતું નથી, ફત્તેહના ડંકા વગાડતો આગળ વધે છે.

ને એમજ પાછો આવીને રાજ્યધુરા સંભાળે છે. પોતાના મિત્રોથી દુભાએલો અભયકુમાર પોતાના પિતાની શોધમાં રાજગૃહીમાં આવે છે, ત્યાં કુવામાંથી વીંટી કાઢી પોતાની બુદ્ધિમત્તાનો પ્રભાવ બતાવે છે.

દ્વિતીય પરિચ્છેદ—શ્રેણિક રાજા જ્ઞાન પરખુ હતો. સામાન્યમાં સામાન્ય માણસ પાસેથી વિદ્યા લેતા ખંચાતો નહીં. પોતાનું રાજાપણાનું અભિમાન ભૂલી જઇ પોતાના ગુરૂના પગ પાસે બેસી વિદ્યા લે છે. કૂણિક રાજા રાજ્યલોભમાં પોતાના બાપને કેદ પકડે છે. પણ જ્યારે તે પોતે એક પિતા થાય છે અને તેના પુત્ર ઉપર પુષ્કળ વહાલ બતાવે છે ત્યારે તેની માતા તેને સંભારી આપે છે, કે દરેક પિતા પોતાના પુત્ર ઉપર સરખુંજ વ્હાલ દેખાડે છે, ત્યારે તેને પોતાની ભૂલનો પશ્ચાતાપ થાય છે. જેલ તોડી તેના પિતાને મુક્ત કરવા કુહાડો લઇને તે દોડે છે. રાજા શ્રેણિકે સર્વ પ્રકારની શ્રેણિઓ રચી છે તેમાંથી એકનો દૃષ્ટાંત રજુ કર્યો છે.

તૃતીય પરિચ્છેદ—રાજા અજાતશત્રુ લડાઇમાં છે. અગ્નિની ખાઇ જોઇને પોતાના માલિકને બચાવવા સચેનક હાથી તેમાં પડી કુમારને બચાવે છે. રાજા કૂણિકનો વિજયસ્તંભ ઉભો છે.

ચતુર્થ પરિચ્છેદ—ઇતિહાસનું નવુંજ પ્રકરણ, અત્યારસુધી ખોટી મોટાઇમાંજ રહેતા રાજ્ય કર્તાઓ, શૂદ્રાદિ પ્રજા સાથે લગ્ન સંબંધથી જોડાય છે, રાજાઓ નાગવંશી છે.

પંચમ પરિચ્છેદ—નવમો નંદ મહા પરાક્રમી રાજા હતો. તેજ વખતે ચાણક્ય અને પાણિની જેવા મહાપુરૂષો થયેલા. ચાણક્ય મોટી પાઠશાળાનો કુળગુરૂ હતો. પાણિનીએ પોતાની ટીકાઓથી હીંદુ સંસ્કૃતિની દૃષ્ટિ દેખાડી છે. આ બધાએ ઢોળ નથી. કંઇક ખટપટ દાવપેચ વિ. પણ પ્રમાણમાંજ પ્રવર્તે છે. રાજાના કાન ભંભેરાય છે. પોતાના આખાએ કુટુંબને બચાવવા શકડાલ પોતાનું મોત પોતાનાજ પુત્રને હાથે માગી લે છે. રાજ્ય વિપ્લવની તૈયારીરૂપ હથિઆરોનાં કારખાનાં ધમધોકાર ચાલે છે.

ષષ્ઠમ પરિચ્છેદ—અત્યાર સુધી આર્યોએ પોતાનું નિવાસસ્થાન વિંધ્યાની ઉત્તરેજ રાખેલું. પણ ધીમેધીમે તેમનો પ્રસારો વિંધ્ય ઓળંગી સિંહલદ્વીપ સુધી પહોંચે છે. કુમાર અનુરૂદ્ધ લંકા જીતે છે. તેજ સમયે રાજા ઉદયાશ્વ પશ્ચાતાપનાં ઝરણાંને વહેતાં કરવા, યાત્રાએ નીકળ્યો છે. ખટપટો અને રાજ્ય વિપ્લવનો ભોગ બનેલો રાજા નંદ, કુબેર જેટલી સમૃદ્ધિ છોડીને ચાલ્યો જાય છે.

# પ્રથમ ખંડ

## પ્રથમ ખંડ


પ્રથમ પરિચ્છેદ–પ્રવેશક

દ્વિતીય પરિચ્છેદ

પારિસ્થિતિનું વિવેચન

તૃતીય પરિચ્છેદ

ભૌગોલિક પરિચય

ચતુર્થ પરિચ્છેદ

સોળ સત્તાધીશ રાજ્યો

(૧) કંબોજ (૨) પાંચાળ

(૩) કોશળ (૪) કાશી

પંચમ પરિચ્છેદ

રાજ્યો ( ચાલુ )

(૫) વત્સ (૬) શ્રાવસ્તિ

(૭) વૈશાલિ (૮) મગધ

(૯) અંગ (૧૦) કુશસ્થળઃ અંગ

ષષ્ઠમ પરિચ્છેદ

રાજ્યો ( ચાલુ )

(૧૧) ધનકટક (૧૨) આંધ્ર

(૧૩) કલિંગ (૧૪) અવંતિ

સપ્તમ પરિચ્છેદ

રાજ્યો ( ચાલુ )

અવંતિ ( ચાલુ )

(૧૫) સિંધ–સૌવિર (૧૬) અને સૌરાષ્ટ્ર

ઈ. સ. પૂ. ૯૦૦.......થી.......ઈ. સ. ૧૦૦ સુધીનો

એક હજાર વર્ષનો.



# પ્રથમ પરિચ્છેદ

## પ્રવેશક

ટુંકસાર—સમયકાળ—આર્ય અનાર્ય પ્રજા અને તેમની સંસ્કૃતિના ભેદ—કુદરતી સામ્ય—દેશ ઉપર અને મનુષ્યજીવન ઉપર તેની અસર—ચિર આયુષ્ય હોવાનાં સબળ કારણો—નિવૃત્તિ સમયની દિનચર્યા—શ્રુતિ અને સ્મૃતિદ્વારા અધ્યયન—વિજ્ઞાન દ્રષ્ટિએ સંશોધન—ભિન્ન ભિન્ન મતોની દ્રષ્ટિએ કાળના વિભાગ—મહાપુરૂષોનાં પ્રાગટ્ય અને નિષ્ક્રમણોનો કુદરત સાથે સંબંધ—

અદ્યાપિ પર્યંત હિંદી ઇતિહાસના જે જે વર્ણનાત્મક ગ્રંથો બહાર પડી ચૂક્યા છે તેમાં બહુધા અર્વાચીન સમયને

**હેતુ અને ઉદ્દેશ**

લગતા મોટા પ્રમાણમાં મળી આવે છે; જ્યારે પ્રાચીન સમયને અંગે બહુ જુજ છે અને તેમાં પણ કેવળ ઈ. સ. પૂ. ની સદીઓનોજ ઇતિહાસ વર્ણવતો ગ્રંથ તો જવલ્લેજ માલૂમ પડે છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાનું કારણ બહુવિધ હશે પણ મારી કલ્પનાનુસાર તત્ વિષયક સામગ્રીનો અભાવ અથવા તો કેટલેક અંશે દુર્લભપણું સંભવિત છે. છતાં બની શકતા પ્રમાણમાં તે દિશાએ પ્રયત્ન આદરી, મજકુર સમયનો ઇતિહાસ સંગ્રહી, તેમાંથી યથામતિ સંશોધીને આ સ્થાને રજુ કરવા ધારૂં છું: અને તે પણ ત્રુટિત અવસ્થામાં નહીં, પણ શ્રૃંખલાબદ્ધ અને સારાયે ભારતીય પ્રદેશના રાજકર્તા વંશોની નામાવળી સાથેજ કે જેથી વાચકના મનમાં તેની સત્યતાનું તોલન કરવામાં કોઈ પ્રકારની સ્ખલના થવા પામે નહીં કે નિરર્થક શંકાનું સ્થાન રહેવા પામે નહીં. અને આ પ્રમાણે ઇતિહાસનું ખરૂં ભાન થતાં, પૂર્વકાળે ભારતમાં શી સ્થિતિ ચાલી જતી હતી તેનું—પછી તે શુદ્ધ ઐતિહાસિક સ્વરૂપ હો કે સાંસારિક, રાજકીય, ધાર્મિક, આર્થિક તેમજ અન્ય વ્યવહારોપયોગી વિષયો પરત્વે હો–પણ તે તે વિષયોનું જ્ઞાન થશે, જ્યારે પ્રત્યેક ક્ષેત્રમાં હાલમાં કેવી પરિસ્થિતિ વર્તી રહી છે તેનું જ્ઞાન તો વાચકવર્ગ, અનેક સાધનદ્વારા વર્તમાન સમયે મેળવી શકે છે જેથી તે એ સ્થિતિની તુલના કરી, તેમ થવાના–સારાં યા નરસાં પરિણામનાં–કારણો પોતે યથામતિ સુગમ રીતે શોધી કાઢશે એમ ધારૂં છું. અને તેમ થવાથી બન્ને ભૂત તથા વર્તમાન પરિસ્થિતિનું તુલનાત્મક દૃષ્ટિએ ચિત્ર ખડું કરી, પ્રગતિનો માર્ગ નિર્દિષ્ટ કરવામાં પણ કારગતરૂપ થઈ પડે, તેવા અનેકવિધ ઉપાયો, તે પોતેજ યથામતિ રચી શકશે એવી ઉમેદ ધરાવું છું. પરિણામે પોતે જ સ્વદેશ–ભૂમિના ઉદ્ધાર માટેના ઇલાજોની ટીપમાં યત્કિંચિત્ ફાળો નોંધાવવાને ભાગ્યવાન બને તેમજ ઇતિહાસ જાણવાથી પોતે કયાં ઉભો છે તેની પોતાને પીછાણ–આત્મજ્ઞાન થાય–તેવા બેવડા શુદ્ધ હેતુથી આ કામનો પ્રારંભ કરૂં છું.

ઇતિહાસલેખનમાં પ્રવૃત્તિ કરનારા ગ્રંથકારોમાંના ઘણા ખરા ઈ. સ. પૂ. ચોથી સદીમાંથી જ ગ્રંથનો પ્રારંભ

**સમયની મર્યાદા**

કરે છે. કેમકે ત્યાંથી ઇતિહાસની સામગ્રી કાંઈક વિશુદ્ધ સ્વરૂપમાં પ્રાપ્ત થતી જાય છે; પણ મારો વિચાર એમ છે કે આપણા હાલના ભારતદેશની (આર્યાવર્તની) સંસ્કૃતિ, જો આર્યપ્રજાની ઉત્પત્તિ સાથે સંબંધ ધરાવતી બતાવી શકાય તો વિશેષ હિતકર ગણાશે; અને તે આર્યપ્રજાના ધર્મોમાંનો મુખ્ય એક જે વૈદિક ધર્મ છે અને જેનાં આદિશાસ્ત્રો શ્રુતિ–સ્મૃતિ વગેરેની રચનાનો સમય ઈ. સ. પૂ. ની આઠમી નવમી સદીનો ગણાય છે ત્યાંથી આરંભ કરવાનું યોગ્ય ધારૂં છું.[1] જ્યારે અંત માટે તેજ આર્યાવર્તની

(૧) એટલે અહીંથી જ ઐતિહાસિક વૃત્તાંતો નોંધી રખાયેલા ગણી શકાય. આ કારણથી Historic & Pre-historic period વચ્ચેની લાઇનદોરી ખરી રીતે અહીંથી પડવી જોઇએ એમ મારૂં માનવું થાય છે.

પ્રજામાં અતિ વિશાળ પ્રમાણમાં વપરાતા વિક્રમ સંવતના પ્રારંભ સુધીનો ( એટલે કે ઈ. સ. પૂ. ૫૭ સુધીનો ) અથવા તો અર્વાચીન વિદ્વાનવર્ગમાં પ્રચલિત થયેલ ઈશુ શકના પ્રારંભ થતા સુધીનો (એટલે કે ઈ. સ. ૧ સુધીનો) અને તેથી પણ વધીને છેવટે હિંદી પ્રજાના એક ભાગમાં માનનીય થઈ પડેલ શક સંવત્સરના પ્રારંભનો–એટલે કે ઈ. સ. ૭૮ સુધીનો–એ પ્રમાણે આ ત્રણ સમયમાંનો કોઈ એક સમય પસંદ કરવો એમ વિચાર થયા કરતો હતો. પણ સંશોધનની દૃષ્ટિએ વિચારતાં એમ લાગે છે કે જો પ્રથમનો માર્ગ પસંદ કરવામાં આવે તો એક તો પ્રથમના ( ઈ. સ. પૂ. ૫૭ ) અને છેલ્લાના ( ઈ. સ. પૂ. ૭૮ ) અંતરના જે ૧૩૫ વર્ષ છે તે બેની વચ્ચેનો સંબંધ બતાવવામાં અનેક ત્રુટિઓ રહી જવા સંભવ છે; પણ તેને બદલે છેલ્લોજ માર્ગ ગ્રહણ કરાય તો તેવી ત્રુટિઓ પણ ન રહી જાય. બીજું ઈતિહાસલેખનના ક્ષેત્રમાં કાર્ય કરનારા અન્ય વિદ્વાનોને પણ મારા વિચારો જણાવી શકાય. ખાસ એટલા માટે કે તે વિચારો, અદ્યાપિ પર્યંત મનાતી આવતી ઘણીક માન્યતાથી જુદા પડે છે તેથી, તેના ઉપર તેઓને પણ પોતાનું મંતવ્ય રજુ કરી, વિશેષ અજવાળુ પાડવાનું બની શકે. આવા દ્વિવિધ ઉદ્દેશથી આ પુસ્તકલેખનની અંતમર્યાદા માટેનો ઉપરના ત્રણમાંથી છેવટનો માર્ગ એટલે ઈ. સ. ૭૮ નો સમય મેં યથાયોગ્ય ગણ્યો છે. સાર એ થયો કે આ ગ્રંથમાં ઈ. સ. પૂ. ૮ મી કે ૯ મી સદીથી માંડીને ઈ. સ. ૭૮ સુધીના લગભગ એક હજાર વર્ષનો વૃત્તાંત ઐતિહાસિક દૃષ્ટિથી લખવાનો નિર્ણય કર્યો છે.

**કાંઇક પરિચય**

વિદ્યમતી પૃથ્વીની વસ્તીનો લગભગ $\frac{1}{5}$ ભાગ હાલના હિંદુસ્તાનમાં વસે છે. તેથી તે ગણત્રીએ તો પૃથ્વીના ચાર ખંડની પેઠે, હિંદુસ્તાનને પણ એક સ્વતંત્ર પાંચમા ખંડ તરીકે ગણી શકાય. પણ ભૂમિક્ષેત્રની અપેક્ષાએ, તેનો વિસ્તાર અલ્પ હોવાથી, હાલના ભૂગોળવેત્તાઓએ એશિયાખંડના એક પ્રદેશ તરીકે ગણાવ્યો છે. જ્યારે પ્રાચીન સમયે તેને **જંબુદ્વીપના** એક પ્રદેશ તરીકે ગણવામાં આવતો હતો. તેમ છતાં તેઓએ કેટલેક ઠેકાણે વર્ણન કરતાં કરતાં તેને ખંડની ગણનામાં લેખી **ભરતખંડના** નામે પણ ઓળખાવેલ છે, તેમ કેટલેક ઠેકાણે એક પ્રાદેશિક વિભાગના હિસાબે તેને ભરતખંડને બદલે **ભરતવર્ષ** કે **ભારતવર્ષ**નું નામ પણ આપેલું છે.

આ હિંદુસ્તાન—ભારતવર્ષ—ની લગભગ મધ્યમાં **વિંધ્યાચળ** નામે મ્હોટો પર્વત, પૂર્વથી પશ્ચિમ દિશામાં લંબાયેલ હોઈ તેના બે વિભાગ પડી ગયા છે. ઉત્તર વિભાગને ઉત્તર હિંદુસ્તાન અને દક્ષિણવિભાગને દક્ષિણ હિંદુસ્તાન[૨] કહેવામાં આવે છે. દક્ષિણ વિભાગને ત્રણ દિશાએ સમુદ્ર વિંટાયેલ હોવાથી દ્વીપકલ્પ = South Indian Peninsula = કહેવાય છે; તેવીજ રીતે જો સમસ્ત હિંદુસ્તાનને પણ

(૨) કોઇક તેને 'દક્ષિણાપથ' પણ કહે છે; પણ તેનો અર્થ વ્યુત્પત્તિ પ્રમાણે કરીએ તો આપથ = way to & દક્ષિણ = South એટલે Way to the South ( India ) એમ થાય, નહી કે South India થાય.

એક પ્રદેશ તરીકે વર્ણવવો હોય તો તેને પણ દ્વીપકલ્પ ( Indian Peninsula ) કહી શકાય તેમ છે. આ બન્ને વિભાગો (ઉત્તર અને દક્ષિણ ભારતવર્ષ ) ભલે એકજ દેશના અંશ હોવા છતાં જે સમયે આપણા લેખનનો પ્રારંભ કરવાનો છે, તે સમયે તો સંસ્કૃતિમાં એક બીજાથી તદ્દન ભિન્ન પડી જતા હતા, અને તેમાં સંસ્કૃતિની અપેક્ષાથી ઉત્તર વિભાગની પ્રજા વિશેષ આગળ વધેલ હોવાથી તેને **આર્યપ્રજા** તરીકે ઓળખાવાતી, અને તેની તુલનામાં દક્ષિણ વિભાગની પ્રજાને **અનાર્યપ્રજા**[3] કહેવાતી. બાકી ખરી રીતે તો સકળ હિંદુસ્તાનનેજ **આર્યદેશ** અને તેની પ્રજાને **આર્યપ્રજા** કહેવાનો રિવાજ વિશેષ પ્રચલિત હોવાથી તેની સર્વ પ્રજાને **આર્યપ્રજા**[4] અને તે સિવાયની અન્યને **અનાર્યપ્રજા** કહેવાય અને તેમના દેશને **અનાર્યદેશ** કહી શકાય.

અત્યારે જેને આપણે બલુચીસ્તાન, અફગાનીસ્તાન તેમજ એશિઆઈ તુર્કસ્તાન અને ઇરાનના ઓમાન પ્રાંતો કહીએ છીએ તે સર્વ ભૂમિ, પૂર્વના સમયે જંબૂદ્વીપના આર્ય દેશમાં સમાઈ જતી હોવાથી તેની પ્રજાની પણ **આર્યપ્રજામાં** જ ગણના કરવામાં આવતી; અને તેની પશ્ચિમનો પ્રદેશ અસલના **શાકદ્વીપમાં**[5] સમાતો હોવાથી તેની પ્રજાને **અનાર્ય** કહેવાતી. પણ જે સમયથી આપણે આ ગ્રંથના વર્ણનનો પ્રારંભ કરવાનો છે તે સમયે **આર્યદેશમાં** તો ઉપર જે વર્ણન કર્યું છે તે હીસાબેજ ગણત્રી લેવાતી હોઈ, તે દેશની પ્રજાની ગણના પણ **આર્યપ્રજામાં** કરાતી હતી.[6]

**કુદરતનો કાયદો અને તેનો આર્ય સંસ્કૃતિ સાથેનો સંબંધ**

દરેક દેશની પ્રજાની સંસ્કૃતિ, તે તે પ્રજાનીધાર્મિક રૂઢિઓ, પ્રથાઓ, અનુષ્ઠાનો તેમજ સામાજિક બંધનો વ્યવહારો તથા રહેણી કરણી ઈત્યાદિ પ્રવૃતિઓ સાથે સંકલિત થયેલી હોય છે. વર્તમાનકાળે હિંદુસ્તાનમાં જે જે ધાર્મિક વાડાઓ આપણે નિહાળીએ છીએ તે તો સર્વે અર્વાચીન સમયે ઉદ્ભવ્યા છે. બાકી જે સર્વથી પ્રાચીન છે તેમાં તો **વેદ, જિન, બુદ્ધ** અને **ઇશુનાં** પ્રરૂપેલાં દર્શનોજ કહી શકાય તેમ છે; અને તેમાં પણ બુદ્ધની ઉત્પત્તિ ઈ. સ. પૂ. ની છઠી સદીમાં અને ઈશુની, ઈ. સ. પૂ. ની પહેલી સદીમાં ગણાય છે એટલે જે સમય ( ઈ. સ. પૂ. ૮ મી કે ૯ મી સદી )નો ઇતિહાસ આપણે આ ગ્રંથમાં આલેખવાનો પ્રારંભ કરવાનો છે તે વખતે તો કેવળ **વૈદિક** અને **જૈન** એમ બેજ દર્શનો અસ્તિત્વ ધરાવતાં હતાં.

આર્યશાસ્ત્રમાં આ જગતને—વિશ્વને કુદરત-

---

(૩) આર્યાવર્તના ભિન્નભિન્ન વિભાગની દૃષ્ટિથી આ સંબોધન આપી શકાય. ( સરખાવો નીચેની ટીકા (૪)

(૪) ઇતર પ્રદેશની સંસ્કૃતિની સાથે સરખામણીમાં આ (આર્ય) સંબોધન વાપરી શકાય છે. (સરખાવો **યોન** અને **યવન** શબ્દની વપરાશ )

(૫) આ વિભાગ સંબધી વિશેષ વર્ણન આગળ આવશે.

(૬) આ ઉપરથી સમજાશે કે વૈદિક મતની શ્રુતિ અને સ્મૃતિઓના કર્તાઓની જન્મભૂમિ પણ આર્યદેશમાંજ સમાઇ જતી હતી. જે વિશે આગળ ઉપર વર્ણન આવશે.

પ્રેરિત કેટલાંક તત્ત્વો ( eternal elements ) નિયમનમાં રાખતાં જણાવાયાં છે. તેવાં અનેક તત્ત્વોમાંનું એક **કાળ** ( the time ) ને ગણવામાં અને તે કાળદેવને **અનંત** ( having no end or finis; infinite ) કહ્યો છે. આર્યશાસ્ત્રમાંનાં આવાં દર્શનોમાંનું જે **વૈદિક** દર્શન છે તેમાં કાળના મુખ્ય વિભાગની સંખ્યા ચારની જણાવી છે. (૧) **સત્યયુગ**=The Golden Age, (૨) **ત્રેતાયુગ**=The Silver Age, (૩) **દ્વાપરયુગ**=The Copper Age, અને (૪) **કલિયુગ**=The Iron Age. આ દરેક યુગનું આગમન અને નિયમન પણ અમુક ધોરણે ચાલ્યું જતું ગણવામાં આવે છે. વળી તે ચારેનો કાળ તેમના અનુક્રમ પ્રમાણે લાંબો ટુંકો ગણાય છે. પ્રથમ યુગનો સમય સર્વથી મોટો અને છેલ્લાનો સર્વથી નાનો સમજવો. અને બીજું દર્શન જે **જૈન** કહેવાય છે તેમાં પણ કાળની ગણના તો **અનંત** તરીકેજ કહી છે પણ તેના વિભાગો ભિન્ન ધોરણે રચાયા છે. તેમાં પ્રથમ તો કાળના બે સરખા વિભાગ પાડી એકને **ઉત્સર્પિણી**[૭] અને બીજાને **અવસર્પિણી**[૮] નામ આપ્યું છે. પછી તે દરેકને છ વિશેષ પેટા વિભાગમાં વહેંચી નાખ્યા છે અને તેવા દરેક પેટા વિભાગનું નામ **આરો**[૯] પાડયું છે.

'**ઉત્સર્પિણી** કાળ'માં તેના નામ પ્રમાણે દરેક વસ્તુ જેમ જેમ કાળ પસાર થાય તેમ તેમ ઉચ્ચતર અને ઉચ્ચતમ દિશામાંજ પ્રગતિ કરતી રહે છે, જ્યારે '**અવસર્પિણી**'માં લઘુતર ને લઘુતમપણાને પ્રાપ્ત થતી રહે છે. આ ઉત્સર્પિણી કાળમાં તેના છ યે આરામાં પહેલે આરો સમયની દૃષ્ટિએ સૌથી નાનો અને છઠ્ઠો સૌથી મોટો છે; જ્યારે અવસર્પિણીમાં પ્રથમનો આરો સૌથી મોટો અને છેલ્લો એટલે છઠ્ઠો સૌથી નાનો ગણાય છે. જેમ સમયની દૃષ્ટિએ વૃદ્ધિ અને ક્ષયનું જણાવ્યું તેવીજ રીતે સુખ-સંપત્તિ, શરીરનું આરોગ્ય, આયુષ્ય, ક્લેશ, મોહ, માયા, દુઃખ, વિપત્તિ આદિ સાંસારિક સર્વે પદાર્થોનાં, વૃદ્ધિ અને ક્ષયનું પણ સમજી લેવું.

આર્યશાસ્ત્રમાં ઠરાવેલા અનંત કાળના આ યુગો અને આરાઓના મુખ્ય વિભાગો છે પણ તેના પેટાવિભાગો વળી વિશેષ છે. તેવા પેટા-વિભાગોના સમયને "**ઉદય**" નું નામ જૈન દર્શનમાં અપાયું છે. તે સર્વે એવી રીતે ગોઠવાયા છે કે કાળદેવ તો પોતાનું કામ નિરધારિત નિયમે કર્યેજ જાય, છતાં જ્યારે એક યુગ અથવા આરાનો કે ઉદયનો અંત આવવાનો હોય અને બીજાનો પ્રારંભ થવાનો હોય તે સમયે વસ્તુ સ્થિતિ હંમેશ ચાલી આવતી ગતિ

---

(૭) **ઉદ્**-up & **સર્પ** to move; That period of time in which all the things rise gradually and steadily to a higher level of their own species.

(૮) **અવ**-down & **સર્પ** to move, to appear; growing downwards steadily & progressively.

(૯) આરાનો મૂળ અર્થ તો a spoke in a wheel થાય છે પણ એક **ચક્રની ગતિ** ગોળ હોવાથી જેમ જેમ તે ફરતું જાય છે તેમ તેમ એકને એક ભાગ વારંવાર આવ્યે જાય છે; તેમજ આ સંસારનું કાળચક્ર પણ ફરી ફરી તે જ પ્રમાણે આવતું હોવાથી તેને a spoke આરાની ઉપમા આપવામાં આવી છે.

કરતાં કાંઈક વિશેષ ઝડપથી પલટો લેતી જતી રહે અને તેથી કરીને સામાન્ય જનતાને પણ ભાન થાય કે, હવે જબરજસ્ત પ્રમાણમાં પરિવર્તન થવાનું છે. સમયના આવા પરિવર્તન કાળના બે વિભાગો વચ્ચેના કાળને આપણે સંક્રાંતિકાળના નામે ઓળખીએ છીએ, અને તેવા સમયે વૈદિક મતમાં જણાવ્યા પ્રમાણે કોઈ મહાપુરૂષનો તેમજ જૈન મંતવ્ય પ્રમાણે કોઈ તીર્થંકર મહાત્માનો જન્મ થાય છે.[10]

ઉપર પ્રમાણે સ્થાપિત અને બાધારહિત કુદરતી કાયદાને આધીન રહીને આ અખિલ વિશ્વની સર્વ પ્રકૃતિ વર્ત્યા કરે છે. આપણે આ પુસ્તકમાં જે સમયથી આલેખનનો પ્રારંભ કરવા ધારીએ છીએ તે સમય પણ, ઉપર વર્ણવી ગયેલા અનેક ઉદયો માંનો એક હતો, જેથી વૈદિક મત પ્રમાણે તેમના સંપ્રદાયમાં, મહાપુરૂષો ગણાતા એવા શ્રુતિકારો તે કાળે પ્રગટ થયા હતા અને જૈન મત પ્રમાણે તેમના ચોવીસ તીર્થંકરોમાંના ત્રેવીસમા તીર્થંકરનો જન્મ થયો હતો. જેવું ઈ. સ. પૂ. ની આઠમી સદીમાં ઉપર પ્રમાણે મહાન પરિવર્તન થવા પામ્યું હતું, તેવુંજ એક બીજું પરિવર્તન ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીના અંતમાં પણ થવા પામ્યું હતું; અને તે સમયે જૈન સંપ્રદાયના ચોવીસમા એટલે છેલ્લા તીર્થંકર મહાવીરનો, અને બૌદ્ધમતના સ્થાપક બુદ્ધદેવનો, એમ બે મહાપુરૂષોના તથા રાજા તરીકે શિશુનાગવંશમાં મગધસમ્રાટ રાજા બિંબિસારનો, એમ કુલ્લે ત્રણ વ્યક્તિના જન્મ થયા હતા. તેવીજ રીતે પરિવર્તનનું એક ત્રીજું મોજું યુરોપ દેશમાં ઈ. સ. પૂ. ની પહેલી સદીના અંતમાં થયું હતું કે જે સમયે ઈશુ-ક્રાઈસ્ટનો જન્મ થવા પામ્યો હતો. જ્યારે તે સમયે આર્યાવર્ત્તની ભૂમિ ઉપર તેવા પરિવર્તનનું મોજું અલ્પ પ્રમાણમાંજ હોવાથી, કોઈ ધર્માત્મા મહાપુરૂષનો ઉદ્‌ભવ થવાને બદલે મગધસમ્રાટ રાજા બિંબિસારના સમાન મહાપુરૂષની કોટિની ગણનામાં મૂકી શકાય તેવા એક મહા પરાક્રમશીલ ભૂપતિનો જન્મ થવા પામ્યો હતો, કે જેનું સંસ્મરણ અદ્યાપિ પર્યંત સારી આર્યપ્રજા, તે મહાન ભૂપતિના નામનો સંવત્સર ચલાવીને કરી રહી છે. આટલા ટુંક વિવેચનથી હવે વાચકવર્ગને સમજાશે કે મહાપુરૂષોના ઉદ્‌ભવ પણ અનંતકાળના અમુક નિયમોને અનુસરીનેજ સરજાયલા હોય છે એવું વિધાન જે આર્યશાસ્ત્રોમાં નિર્દિષ્ટ થયેલું છે તે સર્વથા નહીં તો વિશેષાંશે સત્યજ છે.

**તે તે સમયે કુદરતની કૃપા કેવી હતી ?**

ઈ. સ. પૂ. ની ૮ મી સદી જ્યારે પસાર થતી હતી ત્યારે વૈદિક મત પ્રમાણે **કલિયુગનું** વહન અને જૈન મત પ્રમાણે અવસર્પિણી કાળના ચોથા વિભાગ અથવા **આરાનું** વહન ચાલી રહ્યું હતું. આ ચોથા આરાનો અંત અને પાંચમા આરાનો પ્રારંભ જૈનમત પ્રમાણે તેમના છેલ્લા તીર્થંકર મહાવીરના નિર્વાણ ( ઈ. સ. પૂ. ૫૨૭ ના ઓકટોબર ) બાદ ત્રણ વર્ષ ને સાડાઆઠ માસે થવા પામેલ છે, એટલે કે તેને ઈ. સ. પૂ. ૫૨૩ ના વર્ષમાં ( જુન-જુલાઈમાં ) ગણવો પડશે જેથી ઈ. સ. પૂ. ૮ મી સદીથી માંડીને ઈ. સ. પૂ. છઠી સદીના પ્રથમના ત્રણચતુર્થ

(૧૦) परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ १ ॥

અથવા છઠી સદીના પોણા ભાગના સમયને ચોથા આરામાંજ સમાવિષ્ટ થઇ ગયો ગણવો રહે છે.

ઉપર પૃ. ૫ માં જણાવી ગયા છીએ તેમ સારાયે જગતમાં ઉત્સર્પિણી કાળે ધન-ધાન્યાદિમાં તથા જમીનના રસકસમાં દિવસાનુદિવસ ઉચ્ચતર સ્થિતિ જામતી રહે છે; જ્યારે અવસર્પિણી કાળમાં તેનાથી વિપરિત સ્થિતિ પ્રવર્તે છે, તે નિયમાનુસાર વર્તમાન કાળે ઈ. સ. પૂ. ૮ ની સદી પણ અવસર્પિણીકાળમાં અંતર્ગત થતી હોવાથી, તે સમયે ભૂગર્ભમાં આવેલ સર્વ પદાર્થોના રસકસ ઉતરતા પ્રકારના થતા તો ચાલ્યાજ આવતા હતા. છતાંયે તે એટલી હદ સુધી તો નહોતાજ પહોંચ્યા કે મનુષ્યોને પોતાના જીવનનિર્વાહનાં સાધન પ્રાપ્ત કરવાને માટે વલખાં મારવાં પડે–ભગીરથ પ્રયાસ આદરવો પડે. (વસ્તુસ્થિતિ કેવી હતી તેનું સામાજિક દિગ્દર્શન હવે પછીના પ્રકરણમાં આલેખવાનું છે એટલે ત્યાંથી માહિતી લઇ લેવી.) એટલે મનુષ્યપ્રકૃતિમાં અને જીવનનિર્વાહ ચલાવવામાં જે ત્રણ પદાર્થો (જર, જમીન અને જોરૂ એ ત્રણ કજીયાનાં છોરૂ) [11] મુખ્યત્વે ભાવ ભજવી રહ્યાં છે. તેમાંના પ્રથમ પદાર્થનું અસ્તિત્વ તદ્દન નાબુદજ હતું અને બીજા તથા ત્રીજા કારણોનો આવિર્ભાવ થવાને હજુ વાર હતી; તેથી વરસાદ–પાણી ઘણાજ સંતોષકારક થતાં હતાં તેમ ધાન્ય તથા ફળફળાદિની પણ વિપુલતા હતી, જંગલો પુષ્કળ હતાં, સરિતાઓ વર્ષ પૂર્ણ વહ્યાં કરતી. દુષ્કાળ જેવું નામ પણ સ્મૃતિમાં આવતું નહોતું. ખાધે પીધે માણસો સુખી હતા. એટલે શરીરના સ્વાસ્થ્યમાં પણ ઉચ્ચ સ્થિતિ ભોગવતા હતા. જેમ કાયા વિશેષપણે નિરોગી હતી તેમ આયુષ્યો પણ અતિ લાંબાં હતાં. શરીરના ઘાટ પણ સુડોળ હતાં તેમ શરીરનાં માન (લંબાઈ–ઊંચાઈ) પણ મોટાં હતાં. મગજ પણ સ્વચ્છ રહેતાં, વિચારશક્તિ ઉંચી હતી અને યાદશકિત પણ તીવ્ર હતી. એટલે દરેક વસ્તુસ્થિતિ સ્વયં યાદ પણ રહી જતી. જ્યારે કુદરતી બક્ષિસોની આ પ્રમાણે

(૧૧) જર=પૈસો; જમીન=પૃથ્વી; અને જોરૂ=સ્ત્રી. Wealth, earth and woman are the three (principal) origins of (all) strifes (in this world).

સારા જગતમાં જે કાંઇ કજીયા થઇ રહ્યા છે તેના કારણોની તપાસમાં જો ઉતરીએ તો આ ત્રણ બાબતોજ માલુમ પડશે. (अ) જર, (ब) જમીન અને (क) જોરૂ; જેમ ઘણીએ બાબતોમાં શબ્દોનો અનુક્રમ હેતુસર ગોઠવાય છે તેમ પૂર્વપુરૂષોએ પણ આ અનુક્રમ ડહાપણપૂર્વક ગોઠવ્યો છે.

(अ) જર=પૈસો, ધન. આની જરૂરીઆત મુખ્યત્વે પોતાની હાજતો પુરવા માટે-વસાવવા માટે જ ઉભી થાય છે; જેમ જેમ સાંસારિક ઉપાધિ વધારતા જાઓ કે, પૈસો મેળવવાની લાલસા વધવા જ માંડે છે, ને એક વખત તેનો વ્યામોહ વધ્યો કે 'લોભને નહીં થોભ' તે કહેવતાનુસાર તેની ક્યાં હદ આવીને ઉભી રહેશે તે કોઇ કળી શકતું નથી. અને એનો આપણને સ્વાનુભવ પણ છે કે જેમ પૈસાનો વ્યામોહ વધતો ગયો કે પછી તે મેળવવાને તેટલાજ પ્રમાણમાં મનુષ્યે પુરૂષાર્થ કરવો પડે છે. પરિણામે સ્વાર્થવૃતિને સંતોષવા સાચાં–જુઠાં, કાળાં–ધોળાં કૃત્યો પણ કરવાં જ પડે અને શરીરની શક્તિઓનો વ્યય અપવ્યય થાય, અને એક બીજા સાથે લડાઇમાં–અથવા તો આર્થિક હરિફાઇમાં–જેમ અત્યારે સર્વત્ર જગતમાં બની રહ્યું છે તેમ ઉતરવું પડે.

બહુલતા સર્વવ્યાપી પ્રવર્તી રહી હોય ત્યારે ખામી શેની હોય કે મનુષ્યને અન્ય સાધન ઉપર અવલંબન લેવું પડે?

પણ કાળે કરીને જ્યારે શ્રુતિ અને સ્મૃતિમાં ન્યૂનતા જણાવાનો કાંઇક અંશે પણ પ્રારંભ થયો હશે ત્યારે, તેવા તેવા ન્યૂન પ્રાપ્તિવાળા જીવોના લાભ માટે શાસ્ત્રકારોએ શ્રુતિ અને સ્મૃતિના-ગ્રંથોની રચના કરી હોવી જોઇએ, બાકી તે પહેલા બહુધા લિપિ જેવું કાંઇ નહીં હોય એમ કલ્પનાથી અનુમાન કરવું પડે છે. આ સમયને વૈદિક મત

---

(ખ) જમીન=પૃથ્વી, ભૂમિ અર્થાત્ દેશ. રાજાઓને લડાઇઓ લડવી પડે છે તે બે હેતુથી. (૧) એકમાં પોતે અધિકારથી, શક્તિથી સાર્વભૌમપદ પ્રાપ્ત કર્યું છે એમ તાબાના રાજાઓ ઉપર છાપ પડે તેટલા હેતુ પૂરતુંજ ગણાવા માટે હોય, બાકી તે તાબાનો રાજા પોતાના મુલકમાં ભલે પછી તદ્દન સ્વતંત્ર રીતે વર્તતો રહે (જેવી પ્રથા ગણતંત્ર-સમૂહરાજ્યના વારામાં હતી) તેની હરકત નહીં (૨) જ્યારે બીજામાં પોતેજ તે જીતેલી જમીનનો સ્વામી બની બેસે અને તે જીતાયલી જમીનના મૂળ માલિકને ખેદાનમેદાન કરી, પૃથ્વી ઉપરથી તેનું અસ્તિત્વ ભુંસી નાંખે.

(ક) જોરૂ=સ્ત્રી. સ્ત્રીના સૌંદર્યથી લલચાઇને, દોરાઇને કે તેણીના સાચા ખોટા મોહમાં ફસાઇને એક બીજા સાથે લડાઇમાં ઉતરી પડે.

આ ત્રણ કારણોથી મનુષ્યે-મનુષ્યમાં ઝગડા, ટંટા-ફીસાદ કે લડાઇઓ થવા પામે છે. આમાં સર્વથી પ્રાચીનમાં પ્રાચીન સમયથી ચાલી આવતું કારણ જોરનું છે. તે બાદ જમીનનું તેમાં ઉમેરણ થયું અને સૌથી છેલ્લું કારણ જરનું વધ્યું છે.

જ્યાં સુધી ચોથો આરો ચાલ્યો ત્યાં સુધી ઉદરનિર્વાહ માટે જરાએ ચિંતા ભોગવવી પડતી નહોતી તેથી "જર" માટે લડાઇ કે ઝગડા ઉદ્ભવવા કારણ નહોતું તેમ જમીન માટે લડાઇઓ થતી હતી ખરી પણ તેમાં જે બે કારણો ઉપર બતાવાયાં છે તેમાંથી કેવળ સાર્વભૌમત્વ દર્શાવવા પુરતા હેતુથી જ લડાતી; જ્યારે સામાનું નિકંદન કાઢી નાંખી પોતાને વિજેતા કહેવરાવી માલિક બનવાનો હેતુ તો રાજ-કર્તા રાજવીના મનમાં ચોથા આરા ના સમય સુધી સ્ફુર્યો હોય એમ ઇતિહાસ ના પાડે છે. જ્યારે જોરૂ માટેની લડાઈ તો યુગજુનીજ છે-અનાદિ કાળથી જ ચાલી આવી છે; કેમકે જ્યારે લડાઈ કરવા માટેનું કારણ, ઉદરનિર્વાહ માટેના કારણનો એટલે જરના કારણનો અભાવ હોય તેમજ જમીન મેળવવા અને મોટા ભા કહેવરાવવાના અભિમાનનો એટલે જમીનના કારણનો અભાવ હોય એમ બે અભાવ જતા રહ્યા એટલે પછી લડાઇ કરવાનું બીજું કારણ જ શું હોઇ શકે? કેવળ જોરૂ પ્રાપ્ત કરવાનો જ હેતુ ગણી શકાય.

હવે સમજાશે કે જોરૂ માટેનો કલહ તો જુગજુનો છે; જ્યારે જમીન અને જર માટેનો ચોથા આરા પછીનો છે. (ઇ. સ. પૂ. ૫૨૭ બાદ) તેમાં પણ જમીનનો લોભ તો હિંદ ઉપર પરદેશી આક્રમણ શરૂ થયું ત્યારથી એટલે ઇ. સ. પૂ. ૩૨૭ માં અલેકઝાંડર ધી ગ્રેઈટ ચડી આવ્યો ત્યારથી રજુ થયું કહી શકાશે. બાકી જર માટેનું પજરણ-ઉપાદાન કારણ (ધનનો સંગ્રહ) મહાનંદથી શરૂ થયું; પણ કેવળ ધન માટેની લડાઈ અને મનુષ્ય માત્રનું દમન તો ઠેઠ શુંગવંશી અગ્નિમિત્રથીજ શરૂ થયું કહેવાય તેમ છે. અને તેથીજ આ બે વ્યક્તિના નામોને વૈદિક મતમાં **કલિયુગ-કલિસંવતસરની** ગણના કરતી વખતે પ્રધાનતા અપાઈ છે.

જરને લગતી બીજી હકીકત જરા વર્ણવવી અત્રે જરૂરી છે. જર=ધન, પૈસો; અને તેને હમેશાં ધાતુ (metal) સાથે સંબંધ રહ્યો છે એટલે કે જ્યારથી જરનો મોહ માનવીને લાગ્યો ત્યારથી જ જુદી જુદી ધાતુની કીંમત ગણાવા માંડી, નહીં તો ત્યાં સુધી તો

પ્રમાણે શ્રુતિકારોના ઉદ્ભવનો કહીએ તો પણ ખોટું નહીં ગણાય. [૧૨]

**પ્રાચીન પ્રજા શું ત્યારે અજ્ઞાન હતી ?**

ઉપર કહી ગયા પ્રમાણે જ્યારે કુદરતની કૃપાનો ભંડાર મનુષ્યપ્રાણી ઉપર અમાપ રીતે વર્ષી રહ્યો હોય ત્યારે કોઇને કોઇની શી પડી હોય કે હાલની માફક ઇતિહાસ લખી રાખવાની કે સંગ્રહ કરવાની પણ જરૂરીઆત વિચારવી પડે ? જ્યાં આવીજ સ્થિતિ હોય ત્યાં વળી ફલાણાનો સંવત્સર કે ફલાણાનું રાજ્ય, તેવી કૃત્રિમ ઉપાધિઓની બેડી પણ શા માટે તેમને ગળામાં પહેરવી પડે ? સર્વ કોઇ સ્વતંત્ર હતા અને યથેચ્છપણે પોતપોતાના માર્ગે કાળ નિર્ગમન કર્યે જતા હતા. આ પ્રમાણે ઇતિહાસના આલેખનમાં જે બે વસ્તુની અતિ આવસ્યકતા ગણાય-લેખનવિદ્યા અને તારીખનું નિર્માણ-તે બન્ને વસ્તુનો લગભગ અભાવ હતો; તેથી સાંપ્રતકાળે જેને આપણે ઇતિહાસ કહી શકીએ તેવા સ્વરૂપમાં વસ્તુઓને જાળવી રાખવાની તે સમયે કાંઇ જરૂરિઆતજ નહોતી, પણ તેથી કરીને, રખે કોઈ એમ પણ માની ન લ્યે કે

---

કેવળ સોનાને જ વધારે ઓળખતા અને તે પણ જ્યાં જીવનનિર્વાહ માટે જરૂરજ નહી, ત્યાં લેવડદેવડમાં બહુ વપરાય પણ શી રીતે ? તેનો ઉપયોગ ઘરાણામાં અને શણગારમાંજ થતો પણ જ્યારે વ્યાપારમાં જરૂર પડતી ત્યારે, મોટા પ્રમાણમાં વાપરવાનું હોય તો સોનાની ધૂળ ( તેજંટુરી ) ખોબા ભરી ભરીને વપરાતી અને નાનું પ્રમાણ હોય તો થોડાઘણા શિક્કા વપરાતા. બાકી બીજી ધાતુઓ તો કેવળ ભૂગર્ભમાં જ શોભા ધરતી. આ ઉપરથી સમજી શકાશે કે શામાટે પૂર્વકાળમાં સાંપ્રતની માફક ઘણી જાતની ધાતુ સાથે પણ જનતા પરિચય રાખતી નહોતી.

જો જર=ધાતુ, પ્રચારનું માપ આ પ્રમાણે ઠરે તો એ વાત પણ સ્પષ્ટ થતી જશે કે અતિ પ્રાચીન આર્યપ્રજામાં ધાતુનો બહુ ઉપયોગ નહોતો; તેઓનાં હથિઆરો પણ તેથીજ ધાતુને બદલે બીજા પદાર્થોનાં હતાં; અને તેથી ઉલટ એમ પણ સમજવું કે જેમ ધાતુનો ઉપયોગ વિશેષ તેમ આર્ય સંસ્કૃતિની અર્વાચીનતા વિશેષ.

આ સિદ્ધાંત જાણ્યા પછી જે અભ્યાસીઓ સંસ્કૃતિના સરણ વિષે શોધનકાર્યમાં મચ્યા રહે છે અને સંશયમાં પડી જાય છે કે સંસ્કૃતિનું સરણ તે પૂર્વમાંથી પશ્ચિમમાં થયેલ ગણવું કે પશ્ચિમમાંથી પૂર્વમાં થયું ગણવું તેમની મુશ્કેલીનો પણ કેટલેક અંશે આ સિદ્ધાંતમાંથી ઉકેલ મળી આવશે એમ મારૂં માનવું છે.

અમુક અમુક સમયે જે આગળ-પાછળનો પરસ્પર મેળ ન ખાય, તેવી સ્થિતિ દૃશ્ય થતી દેખાય ત્યારે તેમાં **કાળદેવની** સત્તા નહોતી, એમ માની લેવાને બદલે એમજ સંતોષ લેવો, કે તે સમયે વચ્ચે વચ્ચે દેખાવ દેતા **ઉદયોની** સત્તા કાંઇક પ્રબળપણે આવી ગઇ હતી. સાંપ્રતકાળે, બન્ને ઉદયની અંતરનો કાળ-નાનો તથા અસર થોડી હોવાનું કહી શકાયઃ તેમ પ્રાચીનકાળે, અંતર પણ બહુ મોટું, તેમ એકની અસર પણ સાધારણ રીતે લાંબો સમય ચાલુ રહી શકતી, એમ ધારી લેવું રહે છે. જો કે એમ પણ સર્વથા નિયમ ન જ બાંધી શકાય કે ઉત્તરોત્તર ઉદયની સત્તા અને સમય તેના આગળ-પાછળના ઉદયના અમુક પ્રમાણમાં જ રહેવાં જોઈએ.

(૧૨) આગળ ઉપર બીજા પરિચ્છેદમાં ભાષાલિપિ અને લેખનવિદ્યા વિષેનો પારીગ્રાફ જુઓ.

તે કાળની પ્રજામાં જ્ઞાન જેવી કાંઇ વસ્તુજ નહોતી. ઉલટું, તે સમયે લોકો ઉદર–નિર્વાહની ઉપાધિ રહિત હોવાથી, પોતાનો સર્વકાળ, સ્વ તેમજ પર, અથવા જગતના સર્વ લોકોનો, એટલે કે વ્યક્તિગત તેમજ સામુદાયિક, ઉત્કર્ષ કેમ સધાય તેની વિચારણામાં વિશેષપણે ગાળી શકતા; અને તેથી સાંપ્રતકાળમાં વિજ્ઞાનવિદ્યાનો જે પ્રચાર અથવા વેગ, મનુષ્ય કલ્યાણની સાધના માટે તેની જુદી જુદી શાખાઓમાં થઈ રહ્યો દેખાય છે અને કોઈ કોઈ આકસ્મિક સંજોગમાં નવી શોધ બહાર પડતાં સર્વને વિસ્મયતામાં ડૂબાડી દે છે. તેમાંનો ઘણોખરો વૈજ્ઞાનિક પ્રચાર તે સમયે પણ ન્યૂનાધિકપણે વિદ્યમાન હતો જ. અલબત્ત, તે સાબીત કરવાને કે પ્રત્યક્ષપણે દર્શાવવાને સર્વ-સમર્થ પુરાવા ભલે રજુ ન કરી શકાય છતાં જે ભાંગ્યા–તુટ્યા બનાવો[૧૩] પ્રાચીન ઇતિહાસમાંથી મળી આવે છે તે ઉપરથી એટલું તો ઉપરના અનુમાનને સમર્થનરૂપ થઈ પડે છે જ એટલું કહ્યા વિના ચાલે તેમ નથી.

આ પ્રમાણે વસ્તુસ્થિતિનું નિવેદન કરી હવે આપણે આપણા કાર્યમાં આગળ વધીશું

૧૩ આમાંના કેટલાક દૃષ્ટાંતો આગળ ઉપર ટાંકી બતાવ્યા છે.





# દ્વિતીય પરિચ્છેદ.

## તે સમયની પરિસ્થિતિનું વિસ્તારથી વિવેચન.

**ટૂંક સાર**—સ્ત્રી અને પુરૂષ જાતિનો પરસ્પર દરજ્જો–રાજબંધારણ અને તેમાં પ્રજાનું સ્થાન–રાજા, અમાત્યો અથવા મંત્રીમંડળ–ભિન્ન ભિન્ન લોકોપયોગી ખાતાઓની રચનાનું રેખાચિત્ર–ગુન્હા કેવા થતા હતા તથા તે માટે બંદીખાના અને જેલોનું નિયમન–ગ્રામ્યસુધારણા, અને પંચાયતો તથા લવાદો–નદી, નાળાં અને અરણ્યો–શહેરની રચના, તેને ફરતો કોટ તથા અંદરના રસ્તા, હવેલીઓ, ઘરો વિગેરેનું સ્થાપત્ય તેમજ તેની સ્વચ્છતા–તેમાં પાડાઓ, મહોલ્લાઓ, બજારો, આરામગૃહો, વિશ્રામસ્થાનો વિગેરેનો થતો સમાવેશ–જમીન માર્ગે વ્યાપાર ખેડવાની વ્યવસ્થા માટેના વાહન તથા પશુઓના સાધનો–દરિયાઇ વેપાર માટે કયા કયા પ્રકારની અનુકૂળતા કુદરતે આપી હતી અને મનુષ્યે ઉપયોગમાં લીધી હતી–કેળવણી કેવા પ્રકારની અપાતી તથા તે માટેના સાધનોની વ્યવસ્થા–પોલીસખાતું અને લશ્કરના પૃથક અંગો તથા તેની શિસ્ત–સામાજિક ઉપયોગમાં લેવાનું એક અન્ય પ્રકારનું વિશેષ વાહન–નોકર અને ગુલામનું બંધારણ–વર્ણ અને જાતિનું બંધારણ તથા તેને અંગે ઉભા થતાં લગ્ન, ધર્મ અને વ્યાપારી પ્રશ્નોની છણાવટ–તેના વર્ગીકરણ કરવા માટે યોજાયેલી શ્રેણિઓ, જેમાંથી ઉદ્‌ભવેલ વર્તમાનકાળની "જ્ઞાતિ" નામની સંસ્થાઓ ( જ્ઞાતિએ પહેરેલો ધર્મનો સુવાંગ અને નીપજેલું અનિષ્ટ પરિણામ )–લગ્નની તથા પુખ્તપણાની વયની યતા–શરીરનું દેહમાન તથા આયુષ્યની હદ–ધાર્મિક સહિષ્ણુતા–દંપતિધર્મ–વસૂલાતી કરવેરા અને રાજ્યખર્ચ–લેવડદેવડની રીતિ અને દ્રવ્યના પ્રકાર–ભાષા, લિપિ તથા લેખનવિદ્યા–સમય નિર્ણય માટે પણ સંવત્સરની કરેલી જોગવાઇ–સંદેશવાહકો, દૂતો અને એલચીઓ–વસ્ત્ર તથા આભૂષણ–મૃત્યુવિધિ અને સંસ્કાર–અન્ય સામાન્ય વર્ણન.

**એકબીજાની તુલના**

કોઈ વસ્તુ કોના કરતાં કેટલી સારી તે જાણવા માટે અને તેની તુલના કરી નિર્ણય બાંધવા માટે તે સર્વે વસ્તુનું યથાસ્થિત જ્ઞાન હોવું જોઇએજ. તે માટે પ્રાચીન સમયની વસ્તુસ્થિતિનો પરિચય આપણે પ્રથમ દરજ્જે જાણી લેવો જોઈશે. જો કે કાંઈક સંક્ષિપ્તમાં તે વિષય પહેલા પરિચ્છેદમાં જણાવ્યો છે, પણ તેટલું વર્ણન કાંઈ સાર્થકતા સધાય તેવું ગણી ન શકાય. તે સાથે એમ પણ જણાવ્યું છે કે ઇ. સ. પૂ. ૮ મી સદીની સ્થિતિ યથાસ્થિત-પણે વર્ણવવાને કડીબદ્ધ જે સાહિત્ય જોઇએ તે પ્રાપ્ત થઇ શકે તેમ નથી. એટલે આવા સંયોગોમાં જે સાહિત્ય, ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાંની સ્થિતિ આપણને જણાવી શકે છે, તેના વર્ણનથી સંતુષ્ટ રહેવું પડશે અને તે સમયના જીવનના દરેક તબક્કે જે સ્થિતિ હતી તેના કરતાં ઈ. સ. પૂ. ૮ મી સદીમાં એટલે કે બસો વર્ષ પૂર્વે, વિશેષ સારી સ્થિતિ હોવી જોઇએ, એમ કલ્પના કરી લેવી પડશે.

**લિંગનું સન્માન**

પુરૂષ કરતાં સ્ત્રીઓનો દરજ્જો કોઇ પ્રકારે ન્યૂન ગણવામાં આવતો નહોતોજ, તેમ સમાન પણ ગણાતો નહોતો, બલ્કે કેટલીક બાબતોમાં અધિક પણ લેખાતો હતો. મતલબ કે જેવું કાર્ય તેવી તેમની પ્રધાનતા. સાંસારિક કે ગૃહવ્યવસ્થાના કાર્યમાં અથવા જનતાના સામાન્ય વ્યવહારિક કાર્યોમાં તેમનો અવાજ સર્વોપરી લેખાતો, જ્યારે આર્થિક ઘટનામાં કે વ્યાપારી બાબતમાં તેમજ રાજકીય જેવા અતિ બહોળા અને ફૂટ પ્રશ્નોમાં પુરૂષ લિંગનો મત સર્વોપરી રહેતો. સર્વકાળે સર્વ બાબતમાં એકજ ન્યાયે કામ નહોતું લેવાતું, તેમજ **यत्र नार्यः पूज्यन्ते तत्र रमन्ते देवताः**[1] તે સૂત્રનું માહાત્મ્ય યથાર્થપણે સમજવામાં કિંચિત્ પણ બેદરકારી રખાતી નહોતી છતાં, સ્ત્રીજાતિ પણ પોતાના જન્માધિ-કારને લીધે અને સાંસારિક દરજ્જો ખ્યાલમાં રાખીને કદાપિ પુરૂષવર્ગના કાર્યમાં વિનાજરૂરી ડખલ પણ નાંખતી નહોતી, એટલુંજ નહીં પણ પુરૂષને પ્રધાન માની, પોતે સમાનતાના પદે સ્થાપન થવાની અભિલાષા પણ સેવતી નહોતી. તેમ કુળનો, ગુણનો, વિદ્યાનો કે સંપત્તિનો બીલકુલ મદ કર્યા વિના કેવળ તેમની સહધર્મિણી તેમજ સહચરી હોવાનું માનીને તેવા કોઇ પણ પ્રસંગમાં તેમને મદદ રૂપ થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું તો તેવા અવસરને પોતે વધાવી લેતી અને તે સમયને પોતાના જીવનની એક મહામૂલ્યવંતી ઘડી લેખતી[2]. વળી પોતાના મંતવ્યનું ગમે તેવું વાસ્તવિકપણું તરવરતું દેખાતું હોય છતાં, સ્વાર્થ કરતાં રાષ્ટ્રહિતને વધારે અગત્યતા આપવી જરૂરી છે અને રાષ્ટ્ર-હિતના કાર્યમાં, સ્ત્રીઓ કરતાં પુરૂષોની મતિ વિશેષ આગળ વધેલી, તેમજ દીર્ઘદષ્ટિથી કામ લેનારી હોય છે, તે માન્યતા કબૂલ રાખી,

---

૧ જૈનધર્મના કલ્પસૂત્રમાંથી મહાવીરની માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થના જીવન અને વિવાદ વૃત્તાંતો જુઓ અને વિચારો.

૨ હાલમાં શું સ્થિતિ પ્રવર્તી રહી છે તે સાથે સરખામણી કરો.

પોતાના પતિને દેવસમાન ગણી તેમના વચનનો વિરોધ કરતી નહીં, પણ ઉલટું તેને શિરસાવંદ્ય ગણી તેમનાં તેવાં રાષ્ટ્રહિતના કાર્યમાં પીઠબળ સમર્પી ઉત્તેજતી હતી, જેથી દરેક સ્ત્રી અને પુરૂષનું યુગલ, એક બીજાના કાર્યક્ષેત્રમાં સ્વતંત્ર પણ હતું તેમજ એક બીજાનું સંપૂર્ણ રીતે સન્માન પણ સાચવતું હતું.

સ્ત્રી વર્ગને કૌટુંબિક ધનસંગ્રહમાં વારસા-હક્ક હોવાનું જણાયું નથી પણ સારા સારા પ્રસંગો જ્યારે આવતા ત્યારે પુરૂષવર્ગ તરફથી યથાશક્તિ અને પ્રસંગને છાજતી ભેટ-સોગાદો આપવામાં આવતી અને આવી સંપત્તિની, તે સ્વતંત્ર માલિક ગણાતી હતી, અને સમય આવ્યે આવા ધન-સંચયનો ઉપયોગ પોતાના આત્મિક કલ્યાણની સાધનાર્થેજ મુખ્યત્વે કરતી.

ધનની લોલુપતા કે જમીનની માયા રાજાઓને બહુ વળગેલી નહોતી[3] તેથી જે કાંઇ પોત-પોતાના વડીલજનો તરફથી વારસામાં તેમને મળતું તે ટકાવી રાખવામાંજ તેઓ ભૂષણ માનતા; જેથી કરીને ગણતંત્રની રાજ્ય વ્યવસ્થા સર્વત્ર સામાન્યપણે ખીલી રહી હતી.[4]

**રાજા અને અમાત્યો અથવા મંત્રીમંડળ**

સાર્વભૌમ સમ્રાટ જેવું પદજ નહોતું તેથી એમ પણ સમજવાનું નથી કે રાજા જેવી વ્યક્તિ પણ નહોતી. સર્વ જે કોઈ પોતપોતાની જમીનના માલિક ગણાતા, તે સર્વે તે તે હદના રાજા[5] જેટલાજ અધિકાર ભોગવતા અને આવા નાના-મોટા રાજ્ય સમૂહોમાં, જેનું કુટુંબ વિશેષ પ્રાચીન, પરાક્રમપૂર્ણ અને ગૌરવ-વંતુ હોય તેમજ જનકલ્યાણના કાર્યમાં પ્રવૃત્ત થઇ પડયું હોય તેવા રાજકુટુંબનો જે વડીલ હોય, તે સર્વનો અગ્રેસર ગણાતો. એટલે તે એક રીતે આવા નાના જમીનદારો કહો કે રાજા કહો તે સર્વેનો ઉપરી પણ કહેવાતો[6] છતાં બીજી રીતે, તેમાંના કોઈ ઉપર, રાજદ્વારી નજરે વિશેષ અધિકાર પણ ભોગવતો નહીં; તોપણ જ્યારે સમૂહો માંહેના સર્વે અંગભૂતોનું હિત, એકજ ત્રાજવામાં તોળાવાનો પ્રસંગ ઉભો થતો ત્યારે "ધણી વિનાના ઢોર સૂના" અથવા "નિર્નાયક ટોળાંનો જલદી નાશજ થાય છે" તે સૂત્રનું મૂલ્ય બરાબર આંકીને, આ સર્વે રાજાઓ પોતાના તેવા અગ્રેસરની હાકલને માન આપી, તેની સરદારીના ઝુંડા તળે કામ સાંગોપાંગ ઉતારવાને તાત્કાલિક એકઠા થઇ જતા.[7]

આવા નાના જમીનદારોને "રાજા"ના[8]

---

૩. પરિચ્છેદ પહેલામાં આને લગતી ટીકા નં. ૧૧ જુઓ.

૪. પુરાતત્ત્વ માસિકના પુ. ૨ માં ગણતંત્ર રાજ્ય વિશેનો લેખ જુઓ.

૫. મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થ આવા એક રાજા હતા તે માટેનું વર્ણન કલ્પસૂત્રમાં જુઓ.

૬. વૈશાલીપતિ રાજા ચેટક, તે આ પ્રકારનો ઉપરી રાજા હતો. સર્વે લિચ્છવી ક્ષત્રિયોનો તે મુકુટમણિ ગણાતો તેવી રીતે બુદ્ધદેવના પિતા રાજા સિદ્ધાર્થ, શાકય જાતિનો વડો હતો.

૭. ગણતંત્ર રાજ્યની આ ખૂબી હતી. આના ઉલ્લેખો બૌદ્ધ પુસ્તકોમાંથી પણ મળી આવે છે. રાજસભાની મંત્રણા કેમ કરવામાં આવતી તે પ્રસંગો સરખાવો.

૮. જુઓ ઉપરની ટીકા નં. ૫.

ઉપનામથી ઓળખાવાયા છે. તેમ પ્રત્યેક રાજા પણ પોતપોતાની હદમાં પાછો સ્વતંત્રપણે કે સ્વચ્છંદતાએ રાજ્યની ધૂરા વહન કરતો નહીં, પણ આવકના પ્રમાણમાં કે ક્ષેત્રવિસ્તારના પ્રમાણમાં પૃથ્વીના વિભાગો તથા પેટા વિભાગો પાડી તેવા પ્રત્યેકના અધિકાર ઉપર નાગરિકજનોને[૯] નીમવામાં આવતા અને પ્રસંગો ઉપસ્થિત થતાં આવા નાગરિકજનની પર્ષદા બોલાવી, ગૃહમંત્રણા ચલાવી, તેમની સલાહાનુસાર રાજ્ય ચલાવતા તેથી આવા નાગરિકજનોને મંત્રીઓની[૧૦] ઉપમા પણ આપવામાં આવતી. જેમ વસુલાતી કામમાં નાગરિકજનોની મંત્રણાને સ્થાન હતું તેવીજ રીતે દિવાની તેમજ ફોજદારી[૧૧] કામમાં પણ તેમની સલાહ લેવાતી. અલબત્ત, દરેક કામમાં અધિકારી વર્ગ તો નીમાયલો[૧૨] રહેતોજ; પણ કહેવાની મતલબ એ છે કે શાસક અને શાસિત વચ્ચે, આભડછેટ રહેતી નહોતી, પણ તેઓ પરસ્પર સહકારથી વર્તતા અને ઉંચો કે નીચો તેવો કોઈ ભેદ તેમની વચ્ચે રખાતો નહોતો; પણ કેવળ પ્રજાકલ્યાણની સાર્થકતા તરફજ લક્ષ રાખીને કામનો નિકાલ કરવામાં આવતો હતો.

**બંદીખાના જેલો** દિવાની તેમજ ફોજદારી કામમાં શિક્ષા કરવામાં આવતી હતી તેમ બંદીખાનાં પણ હતાં. આવા બંદીજનોને રાજ્યના સારા પ્રસંગોઓ[૧૩] યાદ કરીને મુક્તિ પણ આપવામાં આવતી. જો કે ગુન્હાનું પ્રમાણ બહુ જૂજ જ નજરે પડતું: ઈ. સ. પૂ. ના છઠ્ઠા સૈકાની વાત તો દૂર રહી પણ ગ્રીક એલચી મેગેસ્થેનીઝના હેવાલ પ્રમાણે ઈ. સ. પૂ. ની ચોથી સદીના પ્રારંભમાં પણ ચોરી જેવા મામુલી અને દિવાની કેસોમાં સમાવેશ થઈ શકે તેવા ગુન્હાની સંખ્યા પણ માત્ર ½ ટકા જેટલીજ આવતી હતી, તો પછી ફોજદારી

૯. આવા વિભાગોના નાગરિકજનોને જે નામોથી સંબોધાતા હતા તે માટે જુઓ ગ્રામ્ય પંચાયતો અને વિવાદોની હકીકતવાળો પારિગ્રાફ.

આ નામો જો કે ઇ. સ. પૂ. પાંચમી સદીના છે છતાં તે પહેલાં દોઢસો વર્ષે પણ પ્રચલિત હશે એમ ધારી શકાય છે.

૧૦. રાજા શ્રેણિકને જે પાંચસો મંત્રીઓ હતા તે આવા નાગરિકજનો સમજવા. જેઓને હાલના મ્યુનિસિપલ કોરપોરેટર્સ ( Municipal Corporators ) જેવા ઉપનામથી સંબોધી શકાય.

૧૧. **દંડનાયકો, કોટવાલો** આ પ્રકારના અમલદારો ગણાતા હતા.

૧૨. ઉપરની ટીકા નં. ૧૧ જુઓ. નિમણુક ઉપરાંત પ્રજા તરફથી ચુંટણીનું તત્ત્વ હતું કે કેમ તે માટે જણાવવાનું કે ધાર્મિક કાર્યમાં (જેવાં કે બૌદ્ધ ધર્મની કૌંસીલો બરાતી તેવા કાર્યમાં) તો ચુંટણીનું તત્ત્વ હોય એવા પૂરાવા મળે છે ખરા. બાકી રાજકીય કાર્યોમાં કેમ થતું તે માટે નિશ્ચિતપણે કહી શકાય તેવા પુરાવા મળતા નથી.

૧૩. રાજાનો રાજ્યાભિષેક, યુવરાજ-જન્મ તેમજ કોઈ યુદ્ધમાં મહાન વિજય થવો; આ ત્રણ પ્રકારના પ્રસંગને અંગે બંદીજનોને ખાસ કરીને મુક્તિ આપવામાં આવતી હતી. (જુઓ કલ્પસૂત્રમાં મહાવીરનો જન્મ પ્રસંગ, તથા સમ્રાટ પ્રિયદર્શિનના શાસનહિતના ખડક લેખો)

પ્રકારના ગુન્હા અને તેમાં પણ મનુષ્યહરણ અને ખુન જેવા વર્તમાન કાળના કાયદાની રૂએ શિક્ષાને પાત્ર ગણાતા ગુન્હાનું પ્રમાણ તો તેથી પણ અલ્પજ હોવાનું કલ્પી લેવું પડશે. જો કે સર્વથા તો તેનો લોપ નહોતોજ કેમકે ક્વચિત્ ક્વચિત્ દેહાંતદંડની[૧૪] શિક્ષાનો ઉલ્લેખ જૈન પુસ્તકોમાં થયેલો વાંચવામાં આવે છે, તેમ શરીરના અમુક અવયવોનો ઉચ્છેદ કર્યાનું બૌદ્ધ પુસ્તકોમાંથી તેમજ ચીનાઈ હેવાલોમાંથી[૧૫] પણ મળી આવે છે. અલબત્ત, એટલું તો સ્વીકારવુંજ પડશે કે તે વખતના ગુન્હાનો પ્રકાર અને શિક્ષાનું ધોરણ, આધુનિક કરતાં ભિન્ન પ્રકારનાં તો હતાંજ.

**ગ્રામ્ય સુધારણા, પંચાયતો અને લવાદો**

હાલની કહેવાતી મ્યુનિસિપાલિટીઓ, જીલ્લા-સમિતિઓ અને તાલુકા-બોર્ડો જેવું ધોરણ પણ પ્રજાકલ્યાણાર્થે નિયોજિત હતુંજ. તેની સાબિતી તેવા તેવા ધોરણે રચાયલા અધિષ્ઠિત થયેલ અધિકારી વર્ગના નામો[૧૬] ઉપરથી આપણને મળી આવે છે. તે જ પ્રમાણે મનુષ્ય મનુષ્ય વચ્ચેના, વ્યાપારી વ્યાપારી વચ્ચેના, તેમજ બીજી કોઇ રીતે નિષ્પન્ન થતા મતભેદના તથા મોટા પ્રકારના ઝઘડા કે વિતંડાવાદના પ્રસંગોનું સમાધાન પણ પંચાયતો અને લવાદો મારફત કરી લેવાનું[૧૭] ધોરણ સામાન્યતઃ પ્રચલિત હશે એમ જણાય છે. જો કે મોટી મારામારી, લૂંટફાટ કે સાંસારિક ખટપટોને લીધે ઉભી થતી સ્થિતિમાંથી, ખુલ્લે હાથે શસ્ત્રોથી લડીને પતાવી દેવાતું હોય, તેવો ઉલ્લેખ હજુસુધી મારા વાંચવામાં આવ્યો નથીજ.

**જંગલો, અરણ્યો, નદી નાળાં ઇત્યાદિ**

ચોથા આરાના અંત (ઈ. સ. પૂ. ૫૨૭) સુધી[૧૮] વરસાદ જોઇતા પ્રમાણમાં અને નિયમિત રીતે પડયા કરતો હોવાથી, દુષ્કાળ જેવું નામ પણ કોઈના લક્ષમાં નહોતું. અને લક્ષમાં ન હોય ત્યારે અનુભવમાં તો કયાંથી જ આવેલું હોય. અલબત્ત, પૂર્વજોથી કર્ણપરંપરાએ તે વિશે કાંઈ સાંભળ્યું હોય એમ મારૂં સમજવું થાય છે, અને લાંબે કાળે જ્યારે કર્ણોપરિ થાય ત્યારે તેની ઝાંખી પણ આછીજ રહે તે સ્વભાવિક છે. આ પ્રમાણે વરસાદની સ્થિતિ હોવાથી નદી—નાળાં સારા વર્ષ દરમ્યાન વહેતાંજ

(૧૪) શૂળીએ ચડાવ્યાનું જ્યાં ને ત્યાં વપરાયલું છે. ફાંસી શબ્દ વપરાયેલો નથી. બેની વચ્ચે કોઇ તફાવત સમજવામાં આવ્યો હશે કે કેમ તે ખુલ્લું દેખાતું નથી.

(૧૫) સમ્રાટ પ્રિયદર્શિનના સમકાલીનપણે બંધાયેલી (જુઓ તેનું જીવનચરિત્ર) પ્રખ્યાત ચીનાઇ દીવાલના કાર્યમાં રોકાયેલ મજુરને આવા પ્રકારની શિક્ષા થતી હતી એમ પુસ્તકોમાંથી નીકળે છે.

(૧૬) ઉપરની ટીકા નં. ૯ તથા તેને લગતું લખાણ જુઓ પૃ. ૧૪ માં, તેમજ કેટલાક અધિકાર માટે સમ્રાટ ચંદ્રગુપ્તના વર્ણનમાં અર્થશાસ્ત્રના ઉતારા કર્યાં છે તે જોવાથી દેખાઇ આવશે.

(૧૭) આગળ ઉપરનું લખાણ તથા તેને લગતી Buddhistic India P. 96. વાળી ટીકા જુઓ.

(૧૮) જુઓ પૃ. ૬ ઉપર કુદરતની કૃપા કેવી હતી તે આખો પારિગ્રાફ

માલૂમ પડતાં તેમજ ઘાસ-ચારાની છતને લીધે જમીન હરિયાળી દેખાતી તથા દૂર દૂર જોનારને માઇલોના માઇલો સુધી નજરને ઠંડક આપ્યાં કરતી હતી.

જંગલો એટલાં બધાં ગીચ બની ગયેલ હતાં કે ઉનાળાના ખરાબપોરે પણ કેટલાક ભાગોમાં તો સૂર્યનું કિરણ સરખું પણ પ્રવેશ કરવા પામતું નહી, જેથી વેપારી કાફલાઓને આવા પ્રદેશ ઓળંગવા માટે, **સ્થળનિયામકો**[19] ની ( Land pilots ) ની મદદ લેવી પડતી હતી. ગૌચર માટે ભૂમિવિસ્તાર અલગ પાડવાની જરૂરિયાત રહેતી નહોતી. નદીઓમાં વર્ષાઋતુ દરમ્યાન પાણી એટલાં ઉંડા રહેતાં કે એક તીરેથી સામે તીરે જવાને હોડી કે મછવાની સહાય લેવી પડતી.[20] આવી સ્થિતિ મોટી નદીઓના સંબંધમાં તો બારે માસ ચાલુ ભોગવવીજ પડતી હતી.[21] ગામની અને શહેરની સીમનાં ખેતરોને એક બીજાથી જે સેઢા અને સીમાડા કે માટીના ઢગલા-વડે અલગ પાડવામાં આવતા તેવા દરેક સીમાડાની માટીની પાળની બીજી બાજુએ જે કાંસ થતો, તેમાં પણ પાણી વહ્યાંજ કરતું. આથી કરીને દરેક ક્ષેત્ર કેમ જાણે નાનું બેટડું થઈ ગયું હોય નહી તેવો ભાસ આપ્યાં કરતું. અને આવાં નાનાં નાનાં બેટડાં-તેસમાં, તે તે ક્ષેત્રના રક્ષકો ઝુંપડાં બાંધી સ્વગૃહ બનાવી પોતાના કુટુંબ સાથે નિવાસ કરી રહેતા હતા. આવાં થોડે થોડે અંતરે આવી રહેલાં ઝુંપડાંઓનો સમૂહ જોનારને કેટલીક વખતે એવો ચિતાર આપતો કે કેમ જાણે એક નાનું ગામડું ત્યાં આવીને વસ્યું ન હોય ? ગામની સીમમાં અથવા તો શહેરની બહાર જ્યારે ઉપર પ્રમાણે દૃશ્ય નજરે પડતું ત્યારે શહેરમાં વળી ઓર ભિન્ન પ્રકારનો જ વ્યવહાર માલૂમ પડતો હતો.

**કોટ, દરવાજા, શહેરનાં ઘરો, હવેલીઓ ઈત્યાદિ.**

મોટાં મોટાં શહેરોને ફરતા કોટ હતા. મુખ્યતયા કોટ ઉભો કરવામાં લાકડાનોજ ઉપયોગ કરાતો હતો કારણ કે જંગલો અતિ સમૃદ્ધ હતાં તથા કાળદેવની અસરને લીધે ( જુઓ પૃ. ૬ ની હકીકત ) વસવાટની જગ્યા બનાવવા તેને કાપી નાંખવાની જરૂરિયાત પણ ઉભી થયે જતી હતી અને નગરપ્રવેશ માટે તેમજ બહાર નીકળવા માટે તથા તેની રક્ષા માટે ઉભા કરાયેલા આવા કોટમાં અમુક અમુક અંતરે દરવાજાઓ પણ માલૂમ પડતા હતા. બબ્બે દરવાજાઓ વચ્ચે કેટલાય ગુંબજો અને મિનારાઓ પણ ખડા કરાતા હતા. આવા દરવાજા અને ગુંબજોની સંખ્યા, શહેરના વિસ્તાર પ્રમાણે વધતી ઓછી સંખ્યામાં રહેતી હતી[22]

(૧૯) કે. હી. ઇ. પૃ. ૨૦૭ જુઓ.

(૨૦) સાર્થવાહોને પોતાના માર્ગોમાં આવતી નદીઓ આ પ્રમાણે હોડીની મદદથી ઓળંગવી પડતી હતી.

(૨૧) મહાવીરને પણ એક પ્રસંગે ગંગા નદી ઓળંગતાં મછવાનો આશ્રય લેવો પડ્યાનું જણાય છે. ( જુઓ કલ્પસૂત્ર સુ. ટીકા. તે વખતે મોટા પુલો જેવા સાધન હશે કે કેમ તેવું કાંઇ જણાતું નથી.)

(૨૨) મેગેસ્થનીઝે પાટલીપુત્રનું જે વર્ણન આપ્યું છે તે હકીકતથી આ વસ્તુની સત્યતાનો સંપૂર્ણપણે ચિતાર આવી શકે છે.

શહેરની ઈમારતોમાં પણ લાકડાનો વપરાશ વિશેષ પ્રમાણમાં થતો દેખાતો હતો. **અલબત્ત** તેથી એમ ફલિતાર્થ નથીજ કાઢવાનો કે ચુનો, માટી કે ઈંટ અથવા પત્થર નહોતાંજ; તે સર્વે વસ્તુઓ તો હતીજ;[૨૩] પણ હાલના જેટલાં વિપુલપણાએ તેનો વપરાશ થતો નહોતો. રાજગૃહો, જાહેર મકાનો, ધનપતિની હવેલીઓ, દેવમંદિરો, રાજ્ય કુટુંબીઓના નિવાસસ્થાનો ઈત્યાદિમાં ઈંટ, પત્થર, ચુનાદિનું ચણતર વિશેષ હતું. ઘરો, હવેલીઓ વિગેરેમાં સ્વચ્છતા બહુ સારી રીતે જાળવવામાં આવતી[૨૪] હતી. કોઇની ઊંચાઇ, ભોંયતળીયું અને ઉપરના એક માળ કરતાં વિશેષ ઉંચે ગઈ હોય એમ જણાતું નથી. પછી તે, ગૃહસ્થનું ઘર હોય, રાજમહેલ હોય કે દેવમંદિર હોય.[૨૫] આમ હોવાનું મુખ્ય કારણ મને તો એમ સમજાય છે કે (૧) એક તો તે વખતનું જીવનજ એટલું બધું સાદું હતું, તેમજ નિર્વાહ માટેની વસ્તુઓ મેળવવાની એટલી સુગમતા હતી, કે વિશેષ પ્રમાણમાં રહેવા માટે જગ્યા રોકવાની અને વસ્તુઓ વસાવવા તથા ગોઠવવાની જગ્યા માટે સગવડ ઉતારવાની, આવશ્યકતાજ રહેતી નહોતી. વળી (૨) તે સમયે મનુષ્યના શરીરમાન પણ અત્યારના કરતાં, કમમાં કમ બેવડા ઊંચાઈવાળાં[૨૬] હતાં, એટલે દેખીતુંજ છે કે, જેમ શરીર મોટાં તેમ રહેણાક ગૃહ અને તેના મજલા ઊંચાં બાંધવાં જોઇએ; અને તેથી કરીને પણ, બહુ પ્રમાણના [૨૭]મજલાવાળાં ગૃહો બાંધવાં પોષી શકાય નહીં.

**રસ્તાઓ, પાડાઓ, મહોલ્લાઓ, બજારો, આરામગૃહો, વિશ્રામસ્થાનો**

કોટના પ્રવેશદ્વારથી મુખ્ય રસ્તાઓ લંબાતા અને આગળ વધતાં તેના ફાંટા પડતા અને તે પ્રમાણે ચારે દિશાએથી આવતા તેવા અન્ય ફાંટાની સાથે સંધાઇ જતા. આવા સંગમસ્થાનો અનેક રીતે ઉદ્ભવતાં. કોઇ સ્થાને બે રસ્તાઓ, તો કોઇ સ્થાને ત્રણ અને ચાર પણ ભેગા થઈ જતા, તો વળી કોઈ સ્થાને તે ઉપરાંત બહોળી સંખ્યામાં પણ આવી મળતા.[૨૮] આવા ચોક, પદાતિના વ્યવહારને સુગમ થઈ પડતા હતા. રસ્તાઓ ઉપર દુકાનો કાઢવામાં આવતી હતી. અમુક લત્તો અમુક જાતની

---

(૨૩) જુઓ **મોહનજાડેરા** શહેરના અવશેષોનું વર્ણન કરતું સર **જોન માર્શલ** સાહેબનું પુસ્તક.

(૨૪) જુઓ **મોહનજાડેરાની** બાંધણીના અવશેષો.

(૨૫) દષ્ટાંત તરીકે જુઓ **મોહનજાડેરાની** બાંધણી; **ભારહુતસ્તૂપે** મંદિર ( **અજાતશત્રુ** અને **પ્રસેનજિતના** ) ની રચના. તેમજ કલ્પસૂત્રમાં વરઘોડાઓનું વર્ણન કરતાં ઝરૂખા આદિનું જે વર્ણન વાંચવામાં આવે છે. આ સર્વે હકીકત ઉપરથી સમજાય છે કે ઘર, હવેલીઓ અને મંદિરો ને મ ળ તો હતા જ.

(૨૬) જૈનના છેલ્લા તીર્થંકર **શ્રી મહાવીરનું** શરીર સાત હાથનું=૧૦ાા ફુટનું હતું એમ હકીકત મળે છે.

(૨૭) આ ઉપરથી **મોહનજાડેરાની** પ્રાચીનતા માટે અનુમાન કરી શકાય કે કેમ ? સંશોધન-ખાતાએ તેની સંસ્કૃતિ ઈ. સ. પૂ. ની સાત-આઠ હજાર વર્ષની જણાવી છે જ્યારે તે નગર ઈ. સ. પૂ. ૫૩૫ ના અરસામાં નાશ પામ્યું છે એમ મારૂં માનવું થયું છે અને તેથી તેની સંસ્કૃતિ બહુ બહુ તો ઇ. સ. પૂ. બે હજાર વર્ષ સુધીની હોવા સંભવ છે.

(૨૮) જુઓ કલ્પસૂત્ર સુ. ટીકા પૃ. ૫૯ નું વર્ણન.

જ વસ્તુના વ્યય–અપવ્યય માટે નિરાળો કાઢવામાં આવતો હતો, તેમ કોઈ એક લત્તામાં અનેક જાતના ક્રય–વિક્રય કરી શકાતા હતા. આવો નિયમ મુખ્ય અંશે હતો ખરો, પણ તેથી તે પ્રથા સર્વથા એમજ હતી એમ પણ નહોતું. રસ્તાઓ મુખ્યપણે *પહોળા અને સીધા જ હતા*, તેમ વાંકા પણ હતા. મનુષ્ય અને પશુના વિશ્રામ અને છાયા માટે રસ્તાઓ પણ વૃક્ષોથી છવાયલા રખાતા હતા. વળી ગલીકુંચી જેવું બહુ નહોતું. કેટલાક રસ્તા એક છેડે બંધ હોય તેવા પણ હતા; તેમને, મોટા હોય તો, પાડા કહેવામાં આવતા અને નાના હોય તો, અથવા મોટા પાડાના પેટા વિભાગ હોય તો ઉપપાડા કહેતા[૨૯]; પાડા–ઉપપાડાનું નામ, તેમાં રહેનાર જે વ્યક્તિ અતિ ધનાઢ્ય હોય કે જેણે કોઈ રીતે પરાક્રમ કરી બતાવ્યું હોય અથવા કોઈ પ્રજોપયોગી કાર્ય કર્યું હોય તેવા પુરૂષની યાદ રાખવા પૂરતું[૩૦], જેમ વર્તમાન કાળે કરાય છે તેમ, તે સમયે પણ જોડી દેવામાં આવતું.

તેમ પિતાનો ધંધો જે હોય તે જ પુત્રનો હોવો જોઇએ તેવું પણ કોઇ ધોરણ નહોતું. વાસ્તવિક રીતે તો વ્યવહારની શ્રેણિઓનું અસ્તિત્વજ રાજા બિંબિસારના સમયથી હયાતિમાં આવ્યું છે એટલે ગમે તે માણસ ગમે તે ધંધો કરવાને સ્વતંત્ર હતો અને તેથી એક પાડામાં તથા એકજ બજારમાં અનેક પ્રકારના ધંધાદારીનું મિશ્રણ નજરે પડતું હતું. જો કે અત્યારના સમયે ધંધો અને હુન્નરઉદ્યોગ જેટલા પ્રકારમાં અને સંખ્યામાં નજરે પડે છે તેટલા બહોળા પ્રમાણમાં અને સંખ્યામાં તે સમયે નહોતા[૩૧] કેમકે આજીવિકા સરળ, સુગમ અને સુસાધ્ય હતી. રહેણાક મકાનોની વ્યવસ્થા પણ

(૨૯) આ કારણથી એક શહેરમાંનાં આવાં પાડા–ઉપપાડાનાં નામો બીજાં શહેરોનાં તે જ નામો સાથે મળતાં આવતાં. (જેમકે રાજગૃહીમાં નંદનો પાડો અને ઉપનંદનો પાડો છે તેમ વૈશાલીમાં પણ તે જ નામના પાડા છે: જેમ હાલમાં પણ અમદાવાદ અને પાટણ શહેરમાં એ જ નામના પાડા, પોળ અને મહોલ્લાઓ નજરે પડે છે.)

(૩૦) જુઓ કલ્પસૂત્ર સુ. ટીકા પૃ. ૮૬ નંદ અને ઉપનંદનો પાડો તેવા શબ્દ વપરાયા છે.

(૩૧) કે. હી. ઇ. પૃ. ૨૦૭–હાથીદાંતનું નકશીકામ, વણાટકામ, મીઠાઇ બનાવવાનું, આભૂષણ વેચવાનું તથા કીમતી ધાતુની બનાવટનું કામ, તીરકામઠાં બનાવવાનું માટીના વાસણ બનાવવાનું પુષ્પમાળા બનાવવાનું અને કેશ–આરજા વિગેરે ધંધા આબરૂદાર ગણવામાં આવતાં હતાં; જ્યારે નીચે દર્શાવેલા ધંધાને હલકા અને ઘૃણિત તરીકે ગણવામાં આવતાં. પશુઓના વધ સાથે તથા મૃતદેહની સાથે સંબંધ ધરાવતા ધંધા, જેવાં કે શિકારીઓ, પારધીઓ, મચ્છીમારો, ખાટકીઓ, ચામડીઆ (ચામડું સાફ કરનાર) ઇત્યાદિ તેમજ મદારીઓ, નૃત્યકો (નટો), નાટકીઆ (બજાણીઆ) વિગેરે વિગેરે.

C. H. I. P. 207:—Other more favourable crafts were ivory-working, weaving, confectionary, jewellery and work in precious metals, bow and arrow-making, pottery and garland-making, and head-dressing. Despised callings were connected with slaying of animals, and work on their bodies. e.g. hunters, trappers, fishermen, butchers, tanners and others e.g. snake-charming, acting, dancing etc.

હાલ જેમ મોટા શહેરોમાં પોળ અને મહોલ્લાઓ આવી રહેલાં હોય છે તેને લગભગ મળતી હતી.

ઠેકઠેકાણે સામાન્ય જનતાને આરામ લેવા માટે બગીચાઓ, ઉપવનો, ઉદ્યાનગૃહો, કુંજો, લતામંડપો પણ ઉભા કરાયલા નજરે પડતા હતા, તેમ વિશ્રામસ્થાનો, ધર્મશાળાઓ વિગેરે પણ સારી સંખ્યામાં બનાવવામાં આવતાં રહેતાં હતાં.

રસ્તાઓ પાકા બાંધેલા હતા તેમ કાચા પણ હતા. મોટા મોટા વ્યાપારી સ્થળોને જોડનારા રસ્તાઓ તો અનેક માઇલોના માઈલો સુધી[૩૨] લંબાયલા રહેતા. ભારબરદારી વહેતા જાનવરને તેમજ હાંકનારને તડકો ન લાગે તે માટે રસ્તાની બન્ને બાજુએ છાયા વિસ્તારતાં વૃક્ષો ઉભાં કરાયલાં રહેતાં. રસ્તાના છેટાં માપનારા ખુંટા પણ ખોડવામાં આવતા તેમજ અમુક અમુક આંતરે, વચ્ચે વચ્ચે વિરામસ્થાનો, જળાશયો-કુવા પણ ઉભાં કરવામાં આવતાં હતાં.

**ભારબરદારીના પશુઓ, જનાવરો**

સામાન્યપણે ભાર વહન કરવા માટે બળદોનોજ ઉપયોગ થતો. ખચ્ચર કે ઊંટ જેવા પ્રાણીનો ક્યાંય ઉલ્લેખ કર્યો વાંચવામાં આવ્યો નથી. બનવાજોગ છે કે ખચ્ચર તે અર્વાચીન વૈજ્ઞાનિક પદ્ધતિના અખતરાથી ઉત્પન્ન કરાયલું પ્રાણી હોય[૩૩] તેમ ઊંટનો ઉપયોગ, રેતાળ પ્રદેશ[૩૪] માટેજ બહુધા કરવામાં આવતો હોય, જેથી સર્વત્ર અને સામાન્ય ભૂમિપ્રદેશને અંગે લખાતાં વર્ણનોમાં તેનું નામ બાદ કરવામાં આવ્યું હોય. બાકી વેપારીઓના સમૂહોના સમૂહો-કાફલાઓ, સાર્થવાહો, બળદોના જુથો ને જુથો-પોઠો, સાર્થ વિગેરે એક દેશથી બીજા દેશોમાં વ્યાપાર અર્થે જતાં અને પોતાના અતુલ સાહસથી અઢળક દ્રવ્ય સ્વદેશે ઘસડી લાવતા હતા.

જો કે ઘોડાઓનો ઉપયોગ વેપારની વસ્તુઓ ખેંચી જવા માટે થતો હોય એમ જણાતું નથી, પણ બળદ અને ઘોડા બન્નેને દોડાવવાની શરતો રખાતી હોય એવું તો માલૂમ પડે છે; ભલે પછી, હાલની માફક તે સટ્ટા ખેલવાનું અને દ્રવ્યની ઉથલપાથલનું સાધન નહોતું, પણ

(૩૨) પાટલીપુત્રથી ઠેઠ તક્ષિલા સુધી, તેમ વચ્ચે કાશીથી કૌશાંબી અને અવંતિના માર્ગે થઇને ભૃગુકચ્છ (હાલનું ભરૂચ બંદર) સુધી પણ પાકા રસ્તાઓ હોવાનું અને તે રસ્તે વ્યવહાર ચાલતા હોવાનું જણાયું છે.

(૩૩) ખચ્ચર જેવું પ્રાણી તો હમણાં હમણાં જ નિષ્પન્ન થયું હોય એમ જણાય છે. જેમ વનસ્પતિશાસ્ત્રમાં અમુક અમુક સરખી જાતિના ફળોનું મિશ્રણ કરી ત્રીજી વસ્તુ ઉભી કરવાના અખતરા કરાય છે તેમજ પશુશાસ્ત્રમાં પણ નવી ઓલાદ ઉત્પન્ન કરવાના અખતરા કરાય છે. આવા એકાદ અખતરાના પ્રયોગથી ખચ્ચર જાતિ અસ્તિત્વમાં આવી હોય તેમ મનાય છે.

(૩૪) તે સમયે રેતીના રણો બહુધા હોવા સંભવ નથી. હાલમાં ઊંટો પણ તેવા રેતાળ પ્રદેશની જ વસ્તી ગણાય છે.

મરૂસ્થળનું બાણીતું જેસલમીરનું રણ પોતેજ ઇ. સ. પૂ. ૫૩૫ આસપાસમાં ઉદ્દભવ્યું હોય એમ મેં મારી સમજ દોરી બતાવી છે. તે આ ઉપરથી સત્ય ઠરે તેમ લાગે છે કેમકે ઊંટ જેવી વસ્તુની બહુલતા હોવાનું કોઇ પુસ્તકમાં લખાયેલું નીકળતું નથી.

મોજમજા મેળવવાનું અને પોતાનું પ્રાણી ઊંચી ઓલાદનું અથવા તો કિસમતનું છે તેટલે દરજ્જે તેના માલિકને આત્મસંતોષ મેળવવા પૂરતું જ હતું.

**હોડીઓ, મછવા અને વહાણવટું**

જેમ સ્થળ ઉપરના વ્યવહાર–વેપાર માટે ગાડાં અને બળદોનો ઉપયોગ સાર્થવાહો કરતા હતા તેમ તેઓ પરદેશ સાથેના વ્યાપાર ખેડવા દૂર દૂરના દેશ સુધી[૩૫] સમુદ્ર પર્યટન પણ કરતા. તે માટે નાનાં–મોટાં વહાણો, હોડીઓ તથા મછવાઓનો ઉપયોગ કરવામાં આવતો. તે ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે, વહાણ બાંધવાનો હુન્નર, તથા વહાણવટું ખેડવાની કળા, એ બન્ને શાસ્ત્ર સારા પ્રમાણમાં ખીલેલાં હોવાં જોઇએજ. તેમાંય ખાસ કરીને હિંદી દ્વીપકલ્પના પશ્ચિમ કિનારાનો એકદમ ઉત્તરભાગ, એટલે તે સમયના અપરાંત દેશનો ઉત્તરભાગ, જેને હાલ નર્મદા નદીના મુખથી માંડીને ગોવા શહેર સુધીના દરીઆ કાંઠાનો પ્રદેશ કહી શકાય તે ભાગ; તથા પશ્ચિમ કિનારાનો ઠેઠ દક્ષિણ ભાગ કે જેને તે સમયે કેરલ તરીકે ઓળખવામાં આવતો અને હાલ કેરલ તેમજ મલબારના નામથી ઓળખાય છે તેટલો ભાગ, આ પ્રમાણેના બે સ્થાનમાં તો તે વિશેષ નિપુણપણે વૃદ્ધિ પામ્યાં હશે એમ સમજાય છે. અલબત્ત, આ સમુદ્રતટ પ્રદેશોના વતનીઓ, પોતાના ધંધાને અંગે, ભૌગોલિક કે ખગોળવિદ્યાના જ્ઞાનમાં ચઢી જતા હશે, પણ તેમને વ્યાપાર ખેડવાના કાર્યમાં ધનની મદદ કે અન્ય રીતે જે પ્રોત્સાહન વિપુલપણે મળતાં, તે તો બહુધા, ભિતરના સાહસિક વેપારી ખેલાડીઓ તરફથીજ પૂરાં પાડવામાં આવતાં હતાં. આ વેપારી શાહસોદાગરો, મુખ્યત્વે ઉત્તર હિંદનાજ વતનીઓ હતા; કેમકે તે સમયે એક તો,

---

(૩૫) તેઓ પૂર્વમાં સુમાત્રા, જાવા અને પશ્ચિમમાં અરબસ્તાનની પેલીપાર જતા માલૂમ પડયા છે. પછી કયાં સુધી, તે સ્થાનનાં નામોનો નિર્દેશ થયેલ ન હોવાથી અથવા થયો હોત તો તે સ્થાનની ઓળખ અત્યારે રહી ન હોવાથી, ચોક્કસપણે કહી શકાય નહીં; પણ પશ્ચિમના તેવા પ્રદેશો, શાકદ્વીપ, આર્ય અને અનાર્ય ભૂમિ સાથે સંબંધ ધરાવતા હશે એમ કહી શકાય છે. જૈન ગ્રંથોમાં શ્રેણિકના સમયે આર્દ્રદેશનો યુવરાજ આર્દ્રકુમાર, ભરતદેશના વેપારીએ કહેલી હકીકતના આધારે, હિંદમાં આવ્યો હતો; તે આર્દ્રદેશ તે હાલનું અરબસ્તાન અને તેમાં આવેલ એડન પાસેનો પ્રદેશ હતો; તેમજ ગ્રીસ, ઈજીપ્ત આદિ દેશના કાને ત્યાં જતા વેપારીઓદ્વારા ભારતવર્ષની જાહોજલાલીના અહેવાલો સાંભળવામાં આવવાથી, આ દેશ જોવા આવવાની વૃત્તિઓ તેમને ઉદ્ભવી હતી. આ બધાં દૃષ્ટાંતો સમુદ્ર–પર્યટનના પૂરાવામાં ગણી શકાય તેમ છે.

भा. सं. ई. पृ. २११ (ઐતિહાસિક પ્લીની કહતા હૈ કિ, રોમકા અસંખ્ય ધન ભારતવર્ષમેં જાયા કરતા થા )—પ્રતીતિ થાય છે કે તે વખતે હિંદની તરફેણમાં વેપારની તુલા ઘણી મોટી હતી. ( કમસે કમ ઉસી સમય ચાલીસ લાખ પૌંડ રોમવાલે ભારતવર્ષમેં ભેજતે થે, ઇસ વ્યાપારસે રોમકો એસા ધક્કા લગાકિ, વહાંકા વાણિજ્ય વ્યાપાર બિલકુલ ડુબને લગા થા, તબ વહાંવાલોને નિયમ (કાનૂન) બનાકર ભારતવર્ષકે માલકા બહિષ્કાર કર દિયા )=( ત્યારે તો બહિષ્કાર કરવો તે પ્રાચીન સમયનું રાજકીય હથિયાર છે એમ દેખાય છે. )

એમ પણ સમજાય છે કે તે સમયે ભરૂચ બંદર ( ભૃગુકચ્છ અને ટોલેમી વિગેરેનું બ્રેગેન્ઝા ) સોપારક નગર (હાલનું સોપારા, નાલાસોપારા ), ગોકર્ણપૂરી ( હાલનું ગોવાબંદર ) અને લક્ષ્મીપુર ( હાલ કયું સ્થાન તે હશે તે નક્કી નથી કહી શકાતું પણ સોપારા અને ગોવાની વચ્ચે કોઇ બંદર હોવું જોઇએ ) વિગેરે બંદરો મશહુર હતાં.

દક્ષિણ હિંદનો મોટો ભાગ જંગલોથી વિવૃત્ત અને સંઘટ્ટ થયેલ હતો, તેમ ત્યાંની પ્રજા અસંસ્કૃત પણ હતી; તેમાં વળી તટપ્રદેશની સંસ્કૃત પ્રજા સાથે સમાગમમાં આવવા તેમને જે સગવડ જોઈએ, તે આખા હિંદી દ્વીપકલ્પના બન્ને કિનારે આવેલા સંહ્યાદ્રિ પર્વતની–મોટી અલગાર પૂર્વઘાટ અને પશ્ચિમઘાટ નામે ઓળખાતા પર્વતોની–જે મોટી અલગાર કુદરતે ઉભી કરી રાખી છે તે તદ્દન અભેદ્ય અને અનુલ્લંઘનીય હોઈ, તે સગવડ તદ્દન બંધ કરી દેવાઇ હતી. એટલે એ પર્વતમાળાની વચ્ચે આવી રહેલ દક્ષિણ હિંદનો દ્વીપકલ્પ, આર્યપ્રજાની નજરે તદ્દન શૂન્યવત્ હતો. માત્ર જે ભાગ થોડાઘણો સંસ્કૃત હતો તે પર્વતમાળાની છેક દક્ષિણનો ભાગ હતો; પણ તે એવો મહર્દ્ધિક નહોતો કે તેની મદદ, આર્થિક દ્રષ્ટિએ હિસાબમાં લેખી શકાય.

જેમ સમુદ્ર–પર્યટનના કાર્યમાં હોડી, મછવાનો ઉપયોગ કરાતો હતો, તેમ ભૂપ્રદેશમાં પણ દીર્ઘકાય અને જળપૂર્ણ નદીઓ તથા ધનતળ નાળાં ઓળંગવામાં પણ, સામાન્ય જનતા[૩૬] તેમજ વ્યાપારાર્થે ફરતા સાર્થવાહનાં ટોળાં તેનો વપરાશ સારા પ્રમાણમાં કરવાનું ચૂકતા નહીં.

**કેળવણી વિદ્યાપીઠો અને ગામઠી નિશાળો**

જેમ અત્યારે ભિન્ન ભિન્ન ધોરણની કેળવણી માટે નીશાળાં વર્ગો નિયત કરાયા છે તેમ તે સમયે એકદમ પ્રાથમિક શિક્ષણ માટે ગામઠી નિશાળો[૩૭] જેવું ધોરણ હોય–હતું એમ સમજાય છે, અને એકદમ શિષ્ટ પ્રકારની કેળવણી માટે તેમજ અમુક પ્રકારની વિદ્યામાં નિષ્ણાત થવા માટેના શિક્ષણની યોજના માટેની વિદ્યાપીઠો[૩૮] પણ અસ્તિત્વ ધરાવતી હતી. જ્યારે આ પ્રમાણે પ્રાથમિક તેમજ ઉચ્ચતમ વિદ્યાપ્રાપ્તિનાં સ્થાન હોવાનાં સ્પષ્ટ ઉલ્લેખ નોંધાયાં છે ત્યારે મધ્યમ પ્રકારની કેળવણીની અવગણના કરવામાં આવી હોય તેવું તો ધારી શકાય નહીં. અલબત્ત, તેવાં સ્થળનો ખાસ નિર્દેશ કર્યાનું વાંચવામાં આવ્યું નથી. તે ઉપરાંત વ્યવહારૂ કેળવણી આપવાનો એક વિચિત્ર પ્રયોગ પણ તે સમયે ઉચ્ચ અને ખાનદાન કુટુંબના નબીરાઓ માટે કરાતો હશે એમ માલૂમ પડે છે. અને તે પ્રયોગ, રાજકુંવરોને[૩૯] કે ધનાઢ્ય વર્ગના યુવકોને કોઈ પ્રખ્યાત અને ચાલાક વેશ્યા હોય, તેના પાસમાં કેટલોક વખત સુધી રાખવાને લગતો હતો; પણ આવા પ્રકારે ઘડાયલ પુરૂષોની

---

(૩૬) જૈનોના મહાન્ ધર્મોપદેશક શ્રી મહાવીરે પણ ગંગાનદી ઉતરતાં મછવાનો આશ્રય લીધો હતો એમ હકીકત નીકળે છે.

(૩૭) જુઓ કલ્પસૂત્ર સુ. ટીકા પૃ. ૭૪ જ્યાં જૈન ધર્મોપદેશક શ્રીમહાવીરને બાલ્યાવસ્થામાં નિશાળે મૂકવાની હકીકત લખી છે.

(૩૮) નાલંદા અને તક્ષિલા (તક્ષશિલા)ની વિદ્યાપીઠો.

(૩૯) પ્રતિષ્ઠાનપુરના રાજા પ્રસન્નચંદ્રના ભાઇ વલ્કલચારીને આવી રીતે વ્યવહારિક કેળવણી અપાઇ હતી (જુઓ ભ. બા. વૃ. પૃ. ૧૨૨.) તેમજ સમ્રાટ ચંદ્રગુપ્તના ગુરૂ ભદ્રબાહુસ્વામીના પટ્ટધર સ્થૂલીભદ્રજી કે જે નવમા નંદના મહાઅમાત્ય શકડાલના સંસારીપણે જ્યેષ્ઠ પુત્ર થતા હતા તેમણે પણ વેશ્યાના પાસમાં રહીને આવી કેળવણી સંપાદન કરી હતી, (જુઓ ભ. બા. વૃ. પૃ. ૬૮.) તથા જુઓ વિશેષ માટે આ પુસ્તકમાં આગળ મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના વર્ણનમાં અર્થશાસ્ત્રમાંના અવતરણોમાંનું એક પૃ. ૧૮૨ છું.

ઉત્તર જીંદગીના વૃત્તાંતો તથા બનેલી સમસ્યાઓનો જ્યારે હેવાલ વાંચવામાં આવે છે ત્યારે આજની અને તે સમયની તેવી ઉપાધિવાળી સ્ત્રીવર્ગમાં, ભૂમિ અને આકાશ જેવડું અંતર હશે એમ આપણને સ્વાભાવિક રીતેજ લાગી આવે છે. એટલે વેશ્યાનું નામ માત્ર તેમને જોડવામાં આવ્યું હોય તેથી કરીને તે સમયની તે વર્ગવાળી સ્ત્રીઓના ચારિત્ર્ય વિષે આપણે કાંઈ ધોરણ બાંધી દેવાનું કારણ નથી.

ગુરૂકુળો હોવાનું પણ જણાયું છે. કદાચ આ સ્થાનો, વિનયમંદિરની અને માધ્યમિક કેળવણીની ગરજ સારતાં હશે, એમ અનુમાન બાંધી શકાય. આવાં ગુરૂકુળોમાં વિદ્યાર્થીઓ, અમુક ઉમર સુધી પિતૃગૃહનો ત્યાગ કરીને રાત્રિદિવસ નિવાસ કરી રહેતા એટલે સહેજે બ્રહ્મચર્ય પાળવાથી મળતા લાભનો આનંદ તેઓ અનુભવતા તેમજ હાલના છાત્રાલયોથી મળતા સાહચર્યના લાભના પણ ભોક્તા બનતા. આ પ્રમાણે હાલની હોસ્ટેલ જેવી પદ્ધતિ એક યા બીજા સ્વરૂપે, વિનયમંદિરના સ્થાનોમાં પણ પ્રચલિત હતી એટલુંજ નહીં પણ વિદ્યાપીઠોના સ્થાન ઉપર પણ તે ખીલેલી હતી. અલબત્ત, વિદ્યાપીઠના સ્થાનોમાં વિશેષ ઉચ્ચ પ્રકારની હશે એમ માનવું પડે છે.

વિદ્યાપીઠોમાં ખાસ ખાસ વિષયોની વિદ્યા સંપાદિત કરવા માટેના વર્ગો નિયત થએલા હતા. આવા પ્રકારની તે સમયની બે જગમશહુર વિદ્યાપીઠોના નામો પુસ્તકોમાં દ્રષ્ટિગોચર થાય છે. એક મગધદેશમાં તેની રાજગાદીના શહેર રાજગૃહી નગરીની પાડોશમાં આવેલ નાલંદાગામની અને બીજી પંજાબ દેશમાં–તે વખતના ગાંધાર દેશની રાજધાની તક્ષિલા શહેરની; રાજા શ્રેણિકના સમયે એટલે કે શ્રી મહાવીર અને ગૌતમબુદ્ધના સમયે, નાલંદા કરતાં તક્ષશિલાની વિદ્યાપીઠનું મહત્ત્વ કાંઇક વિશેષ હતું એમ સમજાય છે. ( કદાચ જે વૈદિક કેળવણી માટે તક્ષિલાની વિદ્યાપીઠ પ્રખ્યાત થવા પામી હતી તે શિક્ષણકળા ગાંધારની પાસે આવેલ ઇરાન દેશ સાથેના વ્યાપારી સંસર્ગદ્વારા ત્યાંની યુનાની કે ફારસી વૈદક જ્ઞાનનું સરણ થઇ આવ્યું હોય તેને આભારી હોય ) પણ જ્યારથી નવમા નંદે ગાંધારદેશ જીતી લઇ ત્યાંથી[૪૦] પાણિની, ચાણાક્ય અને વરરૂચિ જેવા વિદ્વાનોની ત્રીપુટિ મગધદેશમાં આણી હતી ત્યારથી તો નાલંદાનો મહિમા વધી જવા પામ્યો હતો. ઉપરની બાબતમાં જણાવવાનું કે વિદ્યાનો પ્રારંભ આશરે છ, સાત કે આઠ વર્ષની જ ઉમરથી કરવામાં આવતો અને ચૌદમા કે પંદરમા વર્ષે તેનો અંત આવી જતો. ખાસ વિષયનું જ્ઞાન સંપાદન કરવું હોય તો તે પછી વિદ્યાપીઠનો આશ્રય લેવામાં આવતો.

**પોલીસખાતું**

વર્તમાનકાળે આ ખાતામાં, નાના–મોટા જે અધિકારો આપણને નજરે પડે છે તેટલા વિપુલપણામાં તો તે સમયે નહિજ હોય એમ સમજાય છે, છતાં દંડનાયક અને કોટવાળ જેવા શબ્દો વાંચવામાં આવે છે એટલે તે ખાતું અસ્તિત્વમાં તો હતુંજ એમ સ્વીકારવું પડશે. અલબત્ત આવા અધિકારવાળા

(૪૦) જુઓ આગળ ઉપર 'રાજા મહાનંદનું' વર્ણન.

પુરુષોની ફરજો, અત્યારના તેવાજ પદવીધરોની ફરજો કરતાં ન્યૂનાધિક જવાબદારીવાળી હશે ખરી. તે સમયે બહુ સંખ્યામાં અધિકારો નહોતા તેના અનેક કારણો સંભવી શકે છે. એક તો તે સમયે ચોરીનો[૪૧] કે નાના પ્રકારના મારફાડના અથવા ટંટા–બખેડા કરવાના પ્રસંગોજ પ્રજાજનો વચ્ચે ઉપસ્થિત થવાના સંયોગોજ કમી હતા, કેમકે લોકો સુખી હતા તેમજ જીવન–નિર્વાહ સરળ અને સુલભ હતો અને કદાચ થતા તો પ્રથમ પંચાયત અને લવાદો મારફત તેનો નિકાલ કરી નખાતો[૪૨] એટલે મોટા કિસ્સાઓજ તપાસ માટે આ ખાતાના અધિકારી પાસે આવતા. અને તેવા કામમાં પણ ખુદ રાજકર્તા પોતે, પાછા સહકાર આપતા હોવાથી અધિકારીઓનું કાર્ય સરળ થઇ પડતું હતું. રાજાઓ પોતે રાત્રિના સમયે જુદા જુદા વેશમાં રાત્રિચર્યા માટે નીકળી પડતા અને જાત-માહિતી મેળવી, પોલીસખાતાની તથા ન્યાય-ખાતાની અનેક કઠિન અને મુંઝવતી સમસ્યાઓનો નિકાલ ટૂંક સમયમાં કરી દેતા. આથી કરીને પોલીસખાતું તથા રાજકર્તા પોતે પ્રજાના સમાગમમાં પણ આવતા તેમજ ખરેખર સંરક્ષક હોવાનો દાવો કરી શકતા.

**લશ્કરનાં અંગો** લશ્કર ચાર વિભાગમાં મુખ્યત્વે વહેંચાયલું રહેતું. (૧) પદાતિ (૨) ઘોડેસ્વાર (૩) હાથીઓ અને (૪) રથ. દરેક વિભાગમાં કેવા કેવા અધિકારો સોંપવામાં આવતા તથા તેમને કેટલું વેતન આપવામાં આવતું હતું અને કેવી રચના ગોઠવવામાં આવતી હતી તેનો કાંઇક ખ્યાલ આવે તે માટે અર્થશાસ્ત્રમાંના કેટલાક ઉતારા આપ્યા છે તે મૌર્ય ચંદ્રગુપ્તના પ્રકરણમાંથી જોઇ લેવા વિનતિ છે. અલબત્ત, ચંદ્રગુપ્તનો સમય ઇ. સ. પૂ. ૪ થી સદીનો છે એટલે તેની પૂર્વે એકદમ તેજ પ્રમાણે સ્થિતિ હતી એમ તો નહીંજ કહી શકાય, પણ મોટે ભાગે તેમ હતું એટલું આસાનીથી માની લેવામાં કાંઈ હરકત જેવું નથી.

તે સમયે હાથીના દળ ઉપર બહુ મદાર બાંધવામાં આવતો હતો અને તેથી જે પક્ષમાં તેની સંખ્યા વધારે તે અજેય અને અપરાજિત મનાતો. હાથીની સંખ્યા સેંકડોથી નહોતી થતી પણ હજારોથી કરાતી હતી અને આ પ્રથા મૌર્ય સમ્રાટ અશોકના સમય સુધી પણ ચાલુ રહી હોય એમ માનવાને આપણને કારણ મળે છે; કેમકે તેણે યવન સરદાર સેલ્યુકસ નીકેટોર (અને પાછળથી પોતાના સસરા) સાથે જ્યારે તહકુબીની શરતો કરી હતી ત્યારે તેનું બહુમાન સચવાય તે માટે પાંચસો લશ્કરી હાથીઓની ભેટ આપવા કબૂલ્યું હતું.

મુખ્યપણે જો કે ઉપર દર્શાવ્યા પ્રમાણે લશ્કરના ચારજ વિભાગ હતા, છતાં અવંતિપતિ ચંડપ્રદ્યોતને વેગવતી સાંઢણીઓ[૪૩] રાજદ્વારી હેતુ સાધવા અર્થે રાખતો હોવાનો વર્ણવાયો છે એટલે એમ અનુમાન કરવાને કારણ મળે છે કે આ જાતના પ્રાણીઓ

(૪૧) આ સમય પછીના બે સૈકામાં પણ ચોરીના પ્રસંગો ઓછાજ હતા. તે બાબત જુઓ સમ્રાટ અશોકના દરબારે નીમાયલા એલચી મી. મેગેસ્થેનીઝનું આત્મ નિવેદન.

(૪૨) સરખાવો પૃ. ૧૫ ઉપર પંચાયત અને લવાદોવાળો પારિગ્રાફ.

(૪૩) સર કનિંગહામનું પુસ્તક ધી ભારહુત-

પણ થોડા અંશે લશ્કરી કાર્યમાં કે અન્ય રાજકીય કામકાજના સરંજામમાં જોડવામાં આવતાં હશે.

રથનો ઉપયોગ પણ હાથીની પેઠે જ વિપુલપણે કરાતો હતો અને રાજા પોતે હસ્તી ઉપર આરૂઢ થતા હતા. સાધારણ રીતે સૈન્ય–અફસરો રથમાં બેસતા, તેને એક કે બે અશ્વો જોડવામા આવતા. હાલમાં આ બન્ને વિભાગો તદ્દન અદૃશ્ય થઇ ગયા છે, પણ ક્યારથી તેનું અસ્તિત્વ બંધ થયું હતું તે નિશ્ચયપૂર્વક આપણે કહી શકીએ તેમ નથી. જો કે મહારથા[44] તરીકેના યોદ્ધાઓ તો શુંગ-વંશની સ્થાપના થઇ ત્યાં સુધી ચાલુ રહ્યા હશે. અસ્ત્રોમાં તીરકામઠાં, ભાલાઓ, બરછીઓ વિગેરે હતાં, અને શસ્ત્રોમાં ઢાલ, કટારીઓ, તલવારો પણ હતી; પણ બંધુક, તોપ કે મશીનગન જેવું કોઈ યાંત્રિક સાધન હોવાનું વાંચવામાં આવતું નથી.

વિમાનો વાપરવાની કે બોંબ ફેંકવાની અને ગૅસનો ઉપયોગ કરવાની પદ્ધતિ હતી કે કેમ તે વિશે કાંઈ વાંચવામાં આવતું નથી. જો કે વિમાનને બદલે આકાશગામિની વિદ્યા હોવાનું અને તે વિદ્યાના વિદ્યાધરો સ્વધર્મની રક્ષા અર્થે તેનું અવલંબન લેતા હતા એમ તે વખતના સાહિત્ય ગ્રંથમાં આલેખાયું છે ખરૂં.

બળદ, ઘોડા, રથ અને હાથીઓને જુદા જુદા પ્રકારના વાહનમાં વપરાતા પશુઓના અંગ તરીકે લેખી શકાય.

**વાહનનું એક બીજું અંગ**

ઉપરાંત એક અન્ય પ્રકારનું વાહન પણ ખૂબ વપરાશમાં હતું. તેનું નામ "પાલખી." રાજ્યના મોટા હોદ્દેદારો પણ હમેશની અવરજવરમાં પાલખીને વપરાશમાં લેતા અનુભવીએ છીએ, તેમ અનેક ધનિકો અને કુળવાન પુરૂષો પણ પોતાના ખાનગી સાધનોથી તે વસાવતા અને તેનો ઉપયોગ કરતા હતા. આ પાલખી ઉપાડ–નારાઓનો ખાસ એક વર્ગ જ હતો,[45] પણ આ વર્ગ કાંઈ ગુલામગીરીની બેડીઓથી સંકળાયેલ હતો એમ કહેવાને કાંઈ પ્રમાણ મળતું નથી.

**નોકરો અને ગુલામો**

વાહન ઉચકનારા મનુષ્યો હોવાનું જ્યારે સાબીત થાય છે ત્યારે સહજ પ્રશ્ન ઉદ્દભવે છે કે શું તે સમયે ગુલામ રાખવાની પદ્ધતિ ચાલુ હતી કે કેમ? જો ગુલામનો અર્થ નોકર એટલો જ થતો હોય તો આપણે કહેવું જોઇએ કે તે પ્રથાનું અસ્તિત્વ હતું જ; તેમ નોકર એટલે કેવળ સુખ–સગવડતા કે કામનો ઉકેલ કરવા માટે કોઈ બીજા માણસની મદદની અપેક્ષા રાખી તેને કામે લગાડવો તેવા અર્થમાં જો તે શબ્દ વપરાતો હોય તો તો, જેમ અત્યારે પણ

---

સ્તૂપ પૃષ્ઠ ૨૭ મું. તથા સરખાવો ઉપરના પૃ. ૧૨ ની હકીકત "ઊંટ જેવા પ્રાણીનો ઉલ્લેખ થયેલ ક્યાંય વાંચવામાં આવ્યો નથી."

(૪૪) જુઓ આગળ ઉપર શતવહનવંશના વર્ણને રાણી નાગનિકાના પિતાની હકીકત.

(૪૫) મદ્રાસ અને બર્મા તરફના જે દેશોમાં રિક્ષાઓ (મનુષ્યથી ખેંચાતી ગાડીઓ)નો રિવાજ છે તે પ્રથાની યાદ આપણને આ ઉપરથી તાજી થાય છે.

નોકર વર્ગનું અસ્તિત્વ છે તેમ તે સમયે પણ હતું જ અને દરેક કાળે રહેવાનુંજ; કેમકે આખા સંસારમાં સર્વે માણસો કાંઇ એકજ દરજ્જામાં રહી શકે નહીં. કાંઈક ને કાંઈક ન્યૂનાધિક અંશે અસમાનતા હોય, હોય ને હોયજ, અને આવી અસમાનતાને લીધેજ નાનો–મોટો, શેઠ–નોકર ઇત્યાદિ ભેદો પડી ગયા છે; પણ તેથી તેને ગુલામગીરીનું નામ આપી શકાય નહી. ગુલામગીરીની મનોદશામાં તો જે ગુલામ તેનું આખું જીવન, રહેણીકરણી, ગૃહસંસાર આદિ સર્વે કાર્યો કેવળ તેના પોષક અથવા શેઠની મરજીનેજ અવલંબી રહેલાં હોય છે. જેમકે તે ગુલામના બાલબચ્ચાં હોય તો, તેના લગ્નાદિ સંબંધ કોની સાથે કરી આપવા, તે પણ તે ગુલામ–પુરુષ કે તેની સ્ત્રીના એટલે કે બાળ-બચ્ચાંના માતા–પિતાના અધિકારનું કાર્ય ન ગણી તેનો શેઠ પોતાની મરજીમાં આવે તેવા સ્થળે ને તેવા ઇસમની સાથે પોતાની કુલ મુખ-ત્યારીથી લગ્નાદિ કાર્યો કરી નાંખે તો તે રૂઢીને ગુલામગીરી હજુ કહી શકાય. તેમજ તે નોકરનો અવરજવર, કોઇ અન્ય મનુષ્ય સાથેની વાત-ચીત કરવી, પોતે શું ખાવું, પીવું, ઓઢવું કે પહેરવું અથવા આટલુંજ ખવાય, પીવાય ને ઓઢાય, એટલે કે પોતાના માલીક–પોષકની રજા સિવાય કિંચિત્ કાર્ય પણ કરી શકે નહીં એવી સ્થિતિ જો પ્રવર્તતી હોય તો તેવી અવસ્થાને તો આપણે ગુલામગીરીનુંજ નામ આપી શકીએ. આ પ્રકારની સ્થિતિ તે સમયે બીલકુલ હતી નહીં એમ આપણે સ્પષ્ટપણે કહી શકીશું. [૪૬] જો કે પુરુષ નોકરો તેમજ સ્ત્રી નોકરોની રૂઢી તો સામાન્યપણે, સાધનસંપન્ન કુટુંબોમાં હતી જ. અને ઉપર કહી ગયા છીએ તેમ સર્વકાળે તે રહેવાની પણ ખરી. અલબત્ત, વધતા–ઓછા પ્રમાણમાં, પછી તેવી સ્થિતિને ગમે તે નામથી ઓળખાવો તે જુદી વાત છે.

**વર્ણ, જાતિ, લગ્ન અને ધર્મ**

સમસ્ત મનુષ્ય જાતિની ગણના, વર્ણા-ધારેજ કરાતી હતી. તેવા વર્ણની સંખ્યા ચારની હતી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. દરેકની રહેણીકરણી અને જીવનનિર્વાહના માર્ગો ભિન્ન ભિન્ન નિયત કરાયલા હતા અને તે પ્રમાણે તેઓ પોતપોતાની જીંદગીના કાર્યો કર્યે જતા હતા. આ વર્ણભેદ તો અદ્યાપિ પર્યંત પણ ચાલ્યા આવે છે, પણ દરેક વર્ણભેદમાં અત્યારે જે જાતિ (સંસ્કૃત શબ્દ જ્ઞાતિ) નું અને ધર્મનું એમ બે વધારાનાં તત્ત્વો દાખલ થવાં પામ્યાં છે તેવાં કોઇ જાતનાં તત્ત્વો તે સમયે મનુષ્યની ઓળખ માટે નહોતાંજ. આવાં તત્ત્વોના પ્રવેશથી જ, દરેક વર્ણમાં જ્ઞાતિઓ, ઉપજ્ઞાતિઓ, વાડાઓ, ઉપવાડાઓ તેમજ કેટકેટલાય પેટાવિભાગો ઉત્પન્ન થયાં છે. આ બધાં તત્ત્વો, જેમ જેમ જીવન–નિર્વાહના સાધનોની ખોજમાં બધાને પરિભ્રમણ કરવાનું થયું, તેમ તેમ અમુક સ્થાનોના વસવાટને લીધે કે અમુક રૂઢીઓ દાખલ થઇ જવાને લીધે, તથા તેવાંજ અન્ય કારણોને લઇને ઉભાં થવાં પામ્યાં છે. તેમજ સર્વ પ્રકારના ધર્મભેદ પણ પાછળથીજ પ્રવેશ થવા પામ્યા છે. તે સમયે પ્રથમ તો

---

(૪૬) આના પૂરાવા માટે જુઓ આગળ ઉપર ( મો. સા. ઇતિહાસના પૃ. ૩૬૮ નું અવતરણ ).

એટલે ઇ. સ. પૂ. ની ૯ મી સદીથી ૬ ઠ્ઠી સદી સુધી તો કેવળ બેજ ધર્મો (વૈદિક અને જૈન) અસ્તિત્વમાં હતા, પણ ઇ. સ. પૂ. ની છઠ્ઠીથી માંડીને ઈ. સ. ની પહેલી સદી સુધીમાં એકનો (બૌદ્ધધર્મનો) ઉમેરો થવા પામ્યો હતો. આ ત્રણ સિવાય કોઇ પણ અન્ય ધર્મ નહોતો એટલે ધર્મના નામે કોઈ જાતના મતમતાંતર ઉભા થતા નહીં. કોઈ પણ વર્ણનો મનુષ્ય, સ્વેચ્છા પ્રમાણે કોઇ પણ ધર્મનું પાલન કરી શકતો; વર્ણસંસ્થા અને ધર્મસંસ્થા બન્ને નિરનિરાળીજ વસ્તુ હતી. એકનો પ્રતિબંધ બીજાને બંધનરૂપ હતોજ નહીં. આ કારણને લીધેજ ઉપરના ત્રણે ધર્મમાં દરેક વર્ગના મનુષ્ય, ભક્તો હોવાનું, આપણી નજરે માલૂમ પડે છે.

તે સમય સુધી ચાલી આવતા બે ધર્મોમાં જેમ ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં એક–બૌદ્ધ ધર્મની સંખ્યાની વૃદ્ધિ થઈ હતી, તેમ ચાર વર્ણને અંગે (અહીં વર્ણને અંગે એ શબ્દ વાપરવાની જરૂર પડી છે તે એટલા માટે કે તેનું મૂળ બંધારણ તો કાયમજ રહ્યું હતું.) પણ કંઈક અંશે ફેરફાર થવા પામ્યો હતો અને તે વર્ણની સંખ્યામાં તો ચાર વર્ણ નહીંજ, પણ અન્ય પ્રકારની વ્યવસ્થાનો ઉમેરો થવા પામ્યો હતો એમ તો જરૂર કહેવુંજ પડે છે. અને તે નવું તત્ત્વ ધંધાઓમાં શ્રેણિઓ દાખલ થવા પરત્વેનું હતું, કેમકે અત્યારસુધી કાળદેવની માઠી અસરોમાંથી પ્રજા સર્વ પ્રકારે મુક્ત હોવાથી તેમને આજીવિકાના સાધનોની કોતાઈ નહોતી, પણ હવે કાળચક્ર ફરતું જતું હોવાથી આજીવિકાના અને નિર્વાહના નવવિધ સાધનો ઉભા કરવાની આવશ્યકતા વધ્યે જતી હતી. એટલે જે થોડાઘણા ધંધા-હુન્નરો જાણવામાં હતા તેમાં અન્યની વૃદ્ધિ પણ થયે જતી હતી અને તેથી કરીને આવા ધંધાઓનાં વિધવિધ નામો આપવાં પડયાં હતાં.[૪૭] આ વિધવિધ નામો જે નવાં દાખલ કરાયાં તે જ **શ્રેણિઓ** કહેવાઈ.

આથી કરીને થયું શું કે અત્યાર સુધી મનુષ્યો જે સ્વેચ્છા પ્રમાણે ધર્મ પાળ્યે જતા હતા તે તેમજ આજન્મ વર્ણમાં ગણાતા હતા, તે બન્ને પૃથાઓ તો કાયમ જ રહી; પણ એક પિતાના અનેક પુત્રો હોય તે સર્વેને પોતાના પિતાનોજ ધંધો કરવો જોઇએ એવું કાંઇ ધોરણ ન હોવાથી, પોતપોતાની અનુકૂળતા પ્રમાણે–ઉદરનિર્વાહની શ્રેણિઓમાં જોડાઈ જવાની સગવડતા મળી અને પરિણામે તે ધંધાહુન્નરની શ્રેણિઓ બંધાતી ગઈ.

અત્રે એક વિદ્વાન્ મહાશયનું મંતવ્ય રજુ કરવું જરૂરી છે. તેમણે ઓ. હી. ઇ. પૃ. ૩૭ માં જણાવ્યું છે કે "Separate castes existed from an early date. Their relations to one another remain unaffected whether they are grouped theoretically

(૪૭) કે. હી. ઇ. પૃષ્ઠ ૨૦૬. અગત્યના ગૃહઉદ્યોગની શ્રેણિઓ યોજાઇ. (વળી જુઓ બુ. ઇ. પૃ. ૯૬)

C. H. I. P. 206; Important handicrafts were organised into guilds (Seni = શ્રેણિ) vide also P. 96 Budhistic India.

under four occupational headings or not."=પૂર્વકાળે, જ્ઞાતિ જેવી ભિન્ન ( સંસ્થાઓ ) તો હતીજ, પછી ભલે, વર્ગના સિદ્ધાંત પ્રમાણે પડેલ ચાર વર્ણમાંથી તેનો ગમે તે વર્ણમાં સમાવેશ થતો હોય, છતાં તેમના પરસ્પર સંબંધને કાંઇ હાની પહોંચતી નહોતી." આ શબ્દોથી સ્પષ્ટ સમજાય છે કે, જેને વિદ્વાન લેખકે જ્ઞાતિ (Caste) તરીકે ઓળખાવી છે તે ખરી રીતે "શ્રેણિઓ જ" હતી. શ્રેણિને અને જાતિને (જ્ઞાતિને) ભેળસેળ કરી દેવાથી જ તેમના મનમાં આ પ્રમાણે ગેરસમજ ઉભી થઇ દેખાય છે. બાકી ખરી રીતે તો જેને હાલ આપણે જ્ઞાતિ કહીએ છીએ તેવી સંસ્થાઓ તે સમયે નહોતી જ પણ શ્રેણિઓજ હતી. તે બેની વચ્ચે મોટામાં મોટો એક તફાવત એ હતો કે જ્ઞાતિમાં એક જ્ઞાતિજન બીજી જ્ઞાતિમાં પોતાની બેટા-બેટીને પરણાવી શકતો નથી, જ્યારે શ્રેણિઓમાં તેમ નથી હોતું. તેમાં તો ગમે તે શ્રેણિનો માણસ ગમે તે શ્રેણિમાં પોતાના બેટા-બેટી વરાવી શકે છે. અથવા વિશેષ સ્પષ્ટપણે જો કહીએ તો—

(૧) વર્ણ—તે મનુષ્યને ઓળખવા પૂરતીજ સંસ્થા છે. (૨) શ્રેણિ-તે પ્રત્યેકના જીવનનિર્વાહનો પ્રકાર જાણવા માટેની સંસ્થા છે, જ્યારે (૩) જ્ઞાતિ તે-બેટા-બેટી પરણાવવાની ક્ષેત્રસૂચક સંસ્થા છે: વર્ણ તે એકદમ વિસ્તૃત વ્યાખ્યા છે. શ્રેણિ છે તે વર્ણ કરતાં સંકુચિત ક્ષેત્ર બતાવે છે અને જ્ઞાતિ છે તે વળી એકદમ મર્યાદિત ક્ષેત્ર કરી નાંખનારી સંસ્થા છે. વર્ણને જીવનનિર્વાહની સાથે સંબંધ નથી: બ્રાહ્મણ વર્ણનો મનુષ્ય હોય તે, કાંઇ ધર્મકાર્યમાં જ અને ઉપદેશક તરીકેનાજ કાર્યમાં પડી રહે તેમ નક્કી નથી, તે તો બ્રાહ્મણ હોવાં છતાં, રાજ્યતંત્રના સૂકાની તરીકે પણ રહી શકે છે તેવીજ રીતે દરેક વર્ણનું સમજી લેવું. એટલે કે વર્ણ તે જીવનનિર્વાહનાં સાધન નક્કી કરનારી સંસ્થા જ નથી. હા, રાજા શ્રેણિકના સમય પહેલાં તેમ હશે, પણ રાજા શ્રેણિકના સમયમાં ( ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં) તેની પુનર્રચના કરીને તેમાંથી શ્રેણિ નામની એક તદ્દન નૂતનજ સંસ્થા ઉભી કરવામાં આવી હતી.

આ પ્રમાણે ધર્મ, વર્ણ અને શ્રેણિઓની સ્થિતિ ચાલ્યે જતી હતી, છતાં ખાનપાન અને લગ્ન-વ્યવહારનું ધોરણ તો સર્વને સામાન્ય હતું. એટલે કે દરેક વર્ણમાં, દરેક ધર્મમાં અને દરેક શ્રેણિઓમાં અરસપરસ રોટી-વ્યવહાર ( commensality ) તેમજ બેટી વ્યવહાર ( Interconnubium ) ચાલુ હતોજ. જો કે આ સામાન્ય નિયમ હતો પણ તેથી એમ માની લેવાનું નથી કે સર્વત્ર અવ્યવસ્થતાજ પ્રવર્તી રહી હતી, તેથી તો માત્ર એટલું જ સમજવાનું કે તેમ કરવામાં આવે તો કોઇ જાતનો પ્રતિબંધ નહોતો અને તેથી કરીને તેમ વર્તનારની નિંદા કે ધૃણા જનસમૂહમાં થતી નહોતી [૪૮] બાકી દરેક પોતપોતાને અનુકૂળ પડતા અને એક બીજા ગુણે કરીને, સરખા અને સમોવડીઆ લાગે તો ધર્મ, વર્ણ કે શ્રેણિની પરવા રાખ્યા વિના, સગપણ સંબંધમાં જોડાવાને જરા પણ માનહાની સમજતા નહીં. તેમ લગ્ન માટે સ્થાન

(૪૮) આ ધોરણ ચંદ્રગુપ્તના સમય બાદ અને અશોકના સમય પહેલાં બદલાયું હોય એમ લાગે છે. જુઓ આગળ ઉપર મૌ. સા. ઈ. નું પૃ. ૩૯૨ નું અવતરણ.

કે અંતરનો પણ બાધ આવતો ન હતો. જે એક નિયમ-સૂત્ર ખાસ લક્ષમાં રાખતા તે એટલુંજ કે સગોત્રીઓ[૪૯] વચ્ચે સંબંધ બાંધતા નહોતા. સંવિજિ નામે ક્ષત્રિયના અઢાર પેટા વિભાગો હતા, જેમકે લિચ્છવી, જ્ઞાત, મલ્લ ઈત્યાદિ. તે અરસપરસ કન્યા લેતા-દેતા પણ પોતાનાજ કુળની કન્યા નહોતા લેતા. (લિચ્છવી જાત હતી કે કુળ તે બરાબર નથી સમજાતું.) આ પ્રમાણે લગ્નગ્રંથીથી જોડાવામાં ગુણનેજ પ્રધાનપદ અપાતું હોવાથી અનુલોમ-પ્રતિલોમ લગ્ન જેવું પણ તે સમયે તો નહોતુંજ; કેમકે આ સર્વે શ્રેણિઓના ઉત્પાદક, અને તે ઉપરથીજ પોતાનું નામ સંપાદિત કરનાર રાજા શ્રેણિકે (શ્રેણિના કરનાર-તે શ્રેણિક) ખુદ પોતેજ પોતાની કુંવરીઓને[૫૦] ક્ષત્રિય વર્ણની બહાર એટલે વૈશ્ય અને શૂદ્રમાં પણ પરણાવી હતી, તેમ પોતે પણ ક્ષત્રિયની બહારની એટલે કે વૈશ્ય વર્ગમાંની કન્યા પરણી લાવી તેને રાણી[૫૧] બનાવી હતી. જો કે આ પ્રથા બહુ લાંબો વખત ટકવા પામી નહોતી; માત્ર સોએક વર્ષ પસાર નહીં થયા હોય તેટલામાં તો બ્રાહ્મણ વર્ગે માત્ર સાંસારિક સંબંધ પરત્વેજ એવો શોરબકોર મચાવી પોતાનો શ્રેષ્ઠપણાનો દાવો પ્રજાના મન ઉપર ઠસાવી દીધો હતો કે ખુદ મગધપતિ જેવા સમ્રાટને=નંદ બીજા ઉર્ફે મહાપદ્મને પણ તે રાહરસમથી વેગળું જવાનું ભારે પડી ગયું હતું.[૫૨] ટૂંકમાં કહેવાનું કે ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીના મધ્યમાં, વર્ણ અને ધર્મ નામે બેજ સંસ્થા હતી, તેમાં ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીના અંતમાં શ્રેણિ નામક એક ત્રીજીનો વધારો થયો હતો અને ધીમે ધીમે તે બાદ સોએક વર્ષે, બ્રાહ્મણ પુરોહિતોના સામર્થ્યથી વાડાના બંધારણ અથવા જ્ઞાતિ-બીજ રોપાયાં. જે (જો કે અમુક આશય પૂરતું જ) એક વિશેષ શલ્ય-ફાચર હિંદુ પ્રજામાં પ્રવેશ થઈ કહી શકાશે.

આ ફાચર, જો કે પ્રથમ તો માત્ર લગ્ન-ગ્રંથીના સંધાણ પૂરતા હેતુ માટેજ દાખલ કરાતી જતી હતી અને તેથી ખાણીપીણીના પ્રદેશ ઉપર તેની અસર થવા પામતી નહોતી, છતાં ક્રમાનુગત વર્ણ અને ધર્મ ઉપર એવું તો ઝીણું ઝીણું અને મર્મવિચ્છેદક અને વિદારક ઝેર પ્રસર્યે જતું હતું કે તે બન્ને સંસ્થાના પાયા ડગમગવા માંડી તેમાં શિથિલાચાર પ્રવેશવા માંડ્યો હતો. તેવામાં પાછા કોઈ સમ્રાટ ખારવેલ,[૫૩] અશોક કે પ્રિયદર્શિન જેવા

---

(૪૯) વૈશાલીપતિ ચેટક રાજાએ પોતાની કુંવરી ઓને પોતાના દેશમાં પરણાવવાને બદલે દૂર દૂરના ભૂપતિઓ સાથે પણ પરણાવી હતી. (જે સાત હતી; તેમને કયાં કયાં પરણાવી હતી તે હકીકત માટે વૈશાલી દેશના ઇતિહાસના પ્રકરણમાં જુઓ.)

(૫૦) પોતાની કુંવરી નામે મનોરમાને ધન્ના નામના શ્રેષ્ઠીને પરણાવી હતી અને બીજી એકને મૌર્યપુત્ર ચાંડાળને પરણાવી હતી.

(૫૧) તેના મહાઅમાત્ય અને જ્યેષ્ઠ પુત્ર અભયકુમારની માતા સુનંદા પોતે વૈશ્યપુત્રી હતી.

(૫૨) મહાપદ્મને બ્રાહ્મણ પુસ્તકોમાં-પુરાણોમાં કાલાશોક ના નામથી વર્ણવ્યો છે તેનું કારણજ એ હતું કે તેણે શૂદ્ર જાતિમાંથી બે કન્યાઓને રાણી બનાવી હતી. આ સાથે સરખાવો. ટીકા નં. ૫૩.

(૫૩) લગ્નગ્રંથીના દાખલાઃ-આ સાથે સરખાવો કાળાશોકનો દષ્ટાંત. કહેવાય છે કે સમ્રાટ ખારવેલ,

ઉદારચિત્ત પ્રખર મનોબળવાળા સ્વતંત્ર અને ધર્મસહિષ્ણુ રાજવીઓનો અમલ આવી જતો તો, સમાજનું આ ઝેર, વર્ણ અને ધર્મની સંસ્થાઓને શિથિલ બનાવવાને બદલે પોતે જ શિથિલ બની જતું, પણ પ્રિયદર્શિનના ધર્માંધ અને નબળા વંશજોનો તથા તેમના કામોથી ઉશ્કેરાઇને ઉલટી પ્રેરણા મેળવનાર પુષ્યમિત્ર અને અગ્નિમિત્ર જેવા, ભલે મજબુત હાથે કામ લેનારા પણ ધર્માંધ અને અસહિષ્ણુવૃત્તિવાળાનો અમલ આવતો ત્યારે તે ઝેર પોતાના કાતિલ સ્વરૂપે પ્રગટ થવામાં ફાવી જતું હતું. અને આવા સમયનો ગાળો પણ કાળદેવે–કુદરતે કેમ જાણે હિંદુસ્તાન માટે એક આફત[૫૪] ઉતરી આવવા માટેજ નિર્માણ કરી રાખ્યો હોય તેમ લગભગ સવાસો વર્ષ જેટલો લંબાયો હતો.[૫૫] કે જે સમયમાંજ સમસ્ત હિંદુસ્તાનમાં ભારે અંધાધુંધી પ્રવર્તી રહી હતી. અને એની લડાઇમાં ત્રીજાને લાભ–તે ન્યાયે પરદેશી પ્રજાનાં આક્રમણના[૫૬] ગણેશ મંડાયા અને તેમનો પગ દંડો[૫૭] કાયમ થવાનું સ્વરૂપ દેખાયું.

**લગ્નની ઉમર, પુખ્તપણાની ઇયત્તા તથા શરીરનું દેહમાન**

ઈ. સ. પૂ. ની છઠ્ઠી શતાબ્દિના અંત સુધી તો પ્રત્યેક મનુષ્યનું દેહમાન, એટલે કે શરીરની ઊંચાઇ, હાલના કરતાં વિશેષ હોવાની સાબિતી મળે છે. અત્યારે જે સામાન્ય રીતે પાંચ ફુટ, ચાર ઇંચ અથવા તો કવચિત્ સાડાપાંચ ફુટ જેટલીજ મનુષ્યની ઊંચાઇ લેખવામાં[૫૮] આવે છે; પણ પાંચ ફુટ અને સાત, સાડાસાત કે આઠ ઇંચ જેટલી ઊંચાઇનો મનુષ્ય નજરે પડતાં તેને પૂરી કાઠીનો[૫૯] અથવા રાક્ષસી ઊંચાઇનો લેખી સઘળા તાજુબીની નજરે તેને નિહાળી રહે છે તેવું તે સમયે નહોતું. ત્યારે તો સામાન્યપણે પ્રત્યેક મનુષ્યની ઊંચાઇજ લગભગ દશથી અગીઆર ફુટ જેટલી હતી.[૬૦] તેની પૂર્વે બે શતકના કાળે તો તેથી પણ અધિક

---

બલુચિસ્તાન તરફના દેશની કન્યા પરણ્યો હતો. ધર્મસહિષ્ણુતાના દ્રષ્ટાંતો:–અશોક પોતે બૌદ્ધ ધર્માનુયાયી હતો, પ્રિયદર્શિન જૈન ધર્મી હતો, ખારવેલ આજીવિક મતાનુયાયી હતો; છતાં તેમના રાજ્યોમાં ધર્મના નામે પ્રજા ઉપર કોઇ રીતે અત્યાચાર થયો હોય એમ લખાણ મળતું નથી.

(૫૪) મૌર્ય સામ્રાજ્ય જે સમ્રાટ પ્રિયદર્શિનના સમયે ઉત્તમ કોટિએ પહોંચ્યું હતું તે ભાંગીને ભૂસ થઈ ગયું તે આવા ધર્માંધપણાને લઇનેજ હતું.

(૫૫) આ કાળ (પ્રિયદર્શિનનું મરણ ઇ. સ. પૂ. ૨૩૬ થી શુંગવંશના અંત સુધી ઈ. સ. પૂ. ૧૧૪) ૧૨૨ વર્ષ લંબાયો કહી શકાય.

(૫૬) બેક્ટ્રીઅન, પાર્થીઅન વિગેરે પ્રજાના આક્રમણોનો સમય આ જ છે; અને હિંદુસ્તાનમાં વર્તી રહેલા ધર્મકુસંપના કારણને લીધેજ તેમ બનવા પામ્યું હતું.

(૫૭) પગદંડો લખવાનું કારણ એમ છે કે આગળ અલેકઝાંડર ધી ગ્રેઈટ આવી ગયો હતો, પણ તેણે હિંદમાં વસવાટ નહોતો કર્યો; જ્યારે આ સમયના આક્રમણકારોએ હિંદમાં રહેવા માંડયું હતું.

(૫૮) વીમા કંપનીઓના દફતરો તપાસશો તો આ વાતની સત્યતા માલમ પડયા વિના રહેશે નહીં.

(૫૯) અત્યારે લશ્કર ભરતી કરવાને પૂરા માપના મનુષ્યનીજ સેવા સ્વીકારાય છે.

(૬૦) શ્રી મહાવીરના શરીરની કાયા સાત હાથની ગણાય છે. એક હાથ એટલે દોઢ ફુટ કહેવાય તે હિસાબે ૭×૧॥=૧૦॥ ફુટની ઊંચાઈ હતી.

હોઈ તે બારથી તેર ફુટની હદે પહોંચતી હતી.[૬૧] (આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે કાળચક્રની અસર મનુષ્યના દેહમાન ઉપર પણ ક્રમે ક્રમે થયાં કરે છે, અને તે પ્રમાણે હજુ પણ તે અસર ચાલુ રહીને મનુષ્ય માત્ર વધારે ને વધારે ઠીંગુજી બનતા જવાના.) જેમ શરીરનું માપ મોટું હોય તે પ્રમાણમાં તેમના રહેવાના મકાનની ઊંચાઇ અને ગૃહદ્વારોનું માપ પણ સમજી લેવું, અને તે જ પ્રમાણે તેમના શરીરના બંધારણ[૬૨] (શરીરનું સંઘયણ અને સંસ્થાન–**arrangement of joints & reciprocal proportion of different limbs in the body**) તથા બીજાં અન્ય ધોરણો સમજી લેવાં. અને તેથી કરીને, એટલે કે તેમના શરીર વિશેષ દૃઢ અને બળવંતા વીર્યથી[૬૩] બંધાયલા હોઈને, તેમના લગ્નની

(૬૧) શ્રી **પાર્શ્વ**નાથ કે જેમનો સમય ઈ. સ. પૂ. ૮૭૭ થી ૭૭૭ ગણાય છે અને જે જૈનધર્મના ત્રેવીસમા તીર્થંકર મનાય છે તેમની કાયા ૯ હાથની હોવાનું ગણાય છે: અને તે હિસાબે ૯×૧।।=૧૩।। ફુટ ઊંચાઈ કહેવાય.

(૬૨) સંઘયણ (articulation of joints) શરીરમાં અસ્થિના સંઘયણ છ પ્રકારના કહ્યાં છે. તે જાણવા જોગ હોઇને અત્રે વર્ણવીશું. (૧) વજ્રઋષભ-નારાચસંઘયણ (૨) ઋષભનારાચસંઘયણ (૩) **નારાચસંઘયણ (૪) અર્દ્ધનારાચસંઘયણ (૫)** કિલીકા **અને (૬) છેવઠું.**

દરેકના અર્થ:– વજ્ર=ખીલી, રૂષભ=પાટો અને નારાચ=બે પાસા મર્કટબંધ (૧) જેના હાડકાના છેડા ઉપરાઉપરી બેસતા કરીને, ઉપર પાટો બાંધી, ઉપરથી ખીલી મારી સાંધાને મજબુત કરવામાં આવ્યો હોય, તેવાં હાડકાના સાંધાવાળા શરીરને વજ્રઋષભનારાચ-સંઘયણ કહેવાય. (૨) જેના હાડકાનાં છેડાને બેસતા કરી ઉપર પાટોજ બાંધ્યો હોય પણ ખીલી ન જડી હોય તેવાને ઋષભનારાચસંઘયણ કહેવાય. (૩) પાટો ન બાંધ્યો હોય પણ કેવળ બન્ને છેડે છેડા બેસતા કર્યા હોય તો નારાચસંઘયણ કહેવાય. (૪) જેને એક પાસે કેવળ મર્કટબંધ હોય તે અર્દ્ધનારાચ કહેવાય. (૫) જ્યાં માંહોમાંહે હાડકાંને એક ખીલીનો બંધ હોય તે કિલીકા કહેવાય અને (૬) ખીલી વિના **માંહોમાંહે** અમસ્તા હાડકાં અટકી રહ્યાં હોય તે. આપણા શરીરના હાલનાં બંધારણ આ છઠ્ઠા છેવઠ્ઠું સંઘયણની પ્રતિના સમજવાં.

સંઠાણ (સંસ્થાન)—Reciprocal proportion of limbs in the body. આના છ પ્રકાર છે (૧) સમચતુસ્ર સંસ્થાન. (૨) ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન (૩) આદિ સંસ્થાન (૪) વામન સંસ્થાન (૫) કુબ્જ સંસ્થાન અને (૬) હુંડક સંસ્થાન.

અર્થ:– (૧) પર્યંકાસન કરી બેઠાં છતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય અને પોતાના એકસો આઠ અંગુલપ્રમાણ દેહ હોય તે સમચતુસ્ર (ચારે બાજુથી સરખું) સંસ્થાન (૨) વડની માફક નાભિ ઉપરનું અંગ સુલક્ષણ યુક્ત અને નાભિની નીચેનું નિર્લક્ષણવંત હોય તે ન્યગ્રોધપરિમંડળ (૩) નાભિ નીચેનું અંગ સારૂં પણ નાભિ ઉપરનું નરસું હોય તે આદિ સંસ્થાન (૪) ઉદર પ્રમુખ લક્ષણોપેત અને હાથ, પગ, માથું, કટી, પ્રમુખ પ્રમાણ રહિત હોય તે વામન સંસ્થાન (૫) હાથ, પગ, માથું, કટી પ્રમુખ પ્રમાણોપેત પણ ઉદર પ્રમુખ હીન હોય તે કુબ્જ સંસ્થાન અને (૬) જેનાં સર્વ અવયવો અશુભ હોય તે હુંડક સંસ્થાન. જૈનશાસ્ત્રના વર્ણન પ્રમાણે છ પ્રકારના સંઘયણ અને છ પ્રકારના સંસ્થાન સમજાય છે. આવાં મજબુત સંઘયણોને લીધેજ તે સમયના સાધુઓ નગ્નપણે રહી ટાઢ તડકો તથા વર્ષા ઋતુની ઝડીઓ સહન કરી શકતા હતા.

(૬૩) લૌકિક કથનમાં સાત વીર્ય ગણાય છે, (લોહી માંસ, અસ્થિ, વીર્ય, ચામડી. ઈત્યાદિ).

ઉમર[૬૪] આજના કરતાં વહેલી ( એટલે ૧૩ વર્ષની ) ઠરાવવામાં આવી હોય એવાં અનુમાન ઉપર આવવું પડે છે.

વળી જેમ લગ્ન માટે ઉમરની હદ તેર વર્ષની હતી તેમ પુખ્ત વયે પહોંચવાની ( એટલે કે Attainment of majority ) ઇયત્તા પણ તેર વર્ષનીજ ઠરાવવામાં આવી હતી. અને તે ઉમરે સુબાપદે[૬૫] નીમાઈ તેમજ રાજ્યાભિષેક[૬૬] પામી રાજ્યધુરા વહન કર્યાના અને તેમ છતાં નબળાઇનું પ્રદર્શન ન બતાવતાં પોતાના માથે આવી પડેલી જવાબદારી અદા કરીને ઇતિહાસને પાને પોતાનાં નામો અમર પણ કરાવી ગયાનાં દૃષ્ટાંતો આપણને દૃષ્ટિગોચર થાય છે. એટલે કે તે ઉમરની ઇયત્તા ઠરાવવાનું સાર્થકપણું (સાંસારિક તેમજ રાજકીય કાર્યોમાં) પણ સિદ્ધ થાય છે.

**આયુષ્યની હદ**

ઉપર આપણે જણાવી ગયા છીએ કે શરીરના બંધારણ બહુ મજબૂત હતાં તથા શરીરની ઊંચાઇ પણ અત્યારના કરતાં વિશેષ હતી એટલે સહજ અનુમાન કરી શકીએ કે ત્યારે તો તે સમયે મનુષ્યનું આયુષ્ય પણ મોટુંજ હોવું જોઇએ અને ખરેખર હતું પણ તેમજ. સાધારણ રીતે મનુષ્યનું આયુષ્ય, કમમાં કમ સાઠ વર્ષનું, સામાન્યપણે ૧૦૦ થી ૧૧૦નું, અને વધારેમાં વધારે સવાસો વર્ષનું ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં હતું. જ્યારે ઈ. સ. પૂ. ની નવમી સદીમાં તે બન્ને હદનું પ્રમાણ તે કરતાં પણ વિશેષ હતું. આ પ્રમાણે આયુષ્યનું પ્રમાણ સામાન્યપણે મોટું હતું, છતાં નાની ઉમરે મરણ પામ્યાના[૬૭] દૃષ્ટાંતો પણ મળી આવે તો છેજ.

અલબત્ત, આપણે તેવા કિસ્સાઓને માત્ર અપવાદરૂપેજ ગણવા રહે છે. અકસ્માતની વાત તો એક બાજુએજ રાખવાની રહે છે.

પછી જેમ જેમ કાળ આગળ વધતો જતો હતો તેમ તેમ આયુષ્યની બન્ને હદ પણ સંકોચાતી જતી હતી, અને તેની સાબિતી માટે આપણે ક્યાંય દૂર જવાની જરૂર રહેતી નથી. તે તો આપણ સર્વેને જાતિ અનુભવનીજ વાત છે.[૬૮]

**ધર્મ ઉપરની આસ્તિકયતા અને અસહિષ્ણુતા**

જીવન નિર્વાહનું ધોરણ—અતિ ખર્ચાળ ન હોવાથી તેમજ સર્વ વસ્તુ સુપ્રાપ્ય હોવાથી—સરળ અને સામાન્ય હતું, તેથી મનુષ્યને આ સંસારની ઉપાધિમાં બહુ લિપ્ત ન થતાં, ફારેગ થવાની ઇચ્છા સત્વર થઇ આવતી. તેમ લોકો પણ અત્યારના કરતાં કંઈક ઋજુ પ્રકૃ-

(૬૪) બૌદ્ધ ધર્મના પ્રચારક શ્રી બુદ્ધદેવ તથા જૈન ધર્મના પ્રચારક શ્રી મહાવીર તથા રાજા શ્રેણિક વિગેરે ૧૩–૧૪ ની ઉમરેજ પરણ્યા હતા.

(૬૫) અશોકવર્ધન જ્યારે અવંતીનો સુબો થયો ત્યારે ૧૪ વર્ષનોજ હતો.

(૬૬) સમ્રાટ પ્રિયદર્શનનો રાજ્યાભિષેક તેને તેરમું વર્ષ ચાલતું હતું ત્યારે જ થયો હતો.

(૬૭) જૈનગ્રંથમાં મનક નામના એક મુનિ બાર વર્ષની ઉમરેજ ( મ. સં. ૭૬ માં ઇ. સ. પૂ. ૪૫૦ ) મરણ પામ્યાનું નોંધાયું છે.

(૬૮) હાલમાં વિદ્વાનોએ તેની સામાન્ય હદ ૨૩ વર્ષની આંકી છે.

તિના હતા. એટલે ધર્મોપદેશકોને પોતાના શિષ્યો બનાવી લેવાની કઠિનતા નહોતી પડતી: અરે ! કેટલાક તો એવા કિસ્સા પણ વાંચવામાં આવ્યા છે કે ધર્મોપદેશકના બોધ વિના સ્વયં પણ[૬૯] તેઓ સંસારનો ત્યાગ કરીને અબધૂત બની જતા હતા.

ઈ. સ. પૂ. ની નવમી સદીથી માંડી છઠ્ઠી શતાબ્દિ સુધી તો વૈદિક અને જૈન એમ બે ધર્મજ હતા. અને ચારે વર્ણના લોકો ગમે તે ધર્મ પાળ્યે જતા હતા તેમાં પણ વૈદિક મતે દિવસાનુદિવસ પોતાનું ઔદાર્ય કમતી કરવા માંડયું જેથી તે ધર્મ કેવળ બ્રાહ્મણ વર્ણનોજ મુખ્યતયા થઇ જવા પામ્યો હતો. એટલે સંસારથી વિરક્ત થનારનો પ્રવાહ જૈનધર્મ તરફ વળવા માંડયો, તેટલામાં બુદ્ધદેવનું પ્રાગટ્ય થયું અને તેમણે વળી પોતાનો બૌદ્ધધર્મ પ્રવર્તાવ્યો. તે પણ જૈનધર્મને સર્વપ્રકારે મળતો આવતો હોવાથી ભક્તો અને અનુયાયીનો ધોધ તે તરફ પણ વહેવા માંડ્યો, જેથી બૌદ્ધ અને જૈનધર્મના અનુયાયીઓમાં ચારે વર્ણોનો સમાવેશ થયો; છતાં જો તે બન્ને ધર્મના મુખ્ય આચાર્યો અને અનુયાયીઓના વર્ણની બારીકાઇથી તપાસ કરીશું તો સ્પષ્ટ તરી આવશે કે બૌદ્ધ ધર્મમાં મુખ્યતયા વૈશ્ય અને ક્ષત્રિયોનીજ ભરતી થયેલી છે પણ બ્રાહ્મણ અને શૂદ્રવર્ગમાંથી તો કવચિતજ તેના ભક્તો ભળ્યા હશે; જ્યારે જૈનધર્મમાં વૈશ્ય અને ક્ષત્રિયો ભળ્યા હોવા ઉપરાંત, શૂદ્રોને અને બ્રાહ્મણને પણ અપનાવવામાં આવ્યા છે; એટલું જ નહીં પણ જો શ્રી મહાવીરના મુખ્ય પટ્ટધરો અને આચાર્યોની વર્ણવાર વર્ગણી કરવામાં આવે તો બ્રાહ્મણોનોજ નંબર પહેલો આવશે એમ તુરત દેખાઇ આવે છે. આ રીતે બૌદ્ધધર્મ કરતાં પણ જૈનધર્મની વિશાળતાજ સ્વીકારવી રહે છે.

આટલું છતાંયે, ત્રણે ધર્મોવાળાઓમાં, સહિષ્ણુતાની માત્રા બહુ મોટા પ્રમાણમાં જળવાઇ રહેલી હતી. એટલે સર્વકોઇ મતાનુયાયી એક બીજા સાથે છૂટથી અને વિના સંકોચે ભળતા-હળતા હતા અને રાજકર્તાઓ પણ પોતાના ધર્મની મદદે વહારે ચડવા ઉપરાંત ગમે તે પંથને સહાયરૂપ થવામાં[૭૦] હરકત સમજતા નહીં તેમ ઉણપ પણ માનતા નહીં.

જેમ રાજાઓ મદદ કે દાન આપતા તેમ સામાન્ય પ્રજામાંથી પણ અનેક દાનવીરો નીકળી પડતા પણ તે સર્વેના દાન આપવાના ધ્યેય ઉપર વિચાર કરીશું તો આજની માફક આર્થિક વિષયની કે કોમીય પ્રવૃત્તિની તરફેણ કરતું, અથવા તો વિદ્યાની સંસ્થાઓ કે વિદ્યાર્થી પ્રત્યેની કેવળ ફરજો પૂરી પાડતું જ તેમનું લક્ષ્ય હોય એમ દેખાઇ આવતું નથી; પણ કેવળ સામાન્ય ધાર્મિક પ્રવૃત્તિના સંતોષ તરફજ તેમનું ધ્યાન હોય એટલું અંતર તુરત તરવરતું માલૂમ પડી આવે છે અને આમ થવાનું મુખ્ય કારણ પણ જે આપણે ઉપર જણાવી ગયા છીએ કે તે સમયે આમ પ્રજાને પોતાના ગુજરાન ચલા-

(૬૯) આવા પુરૂષોને **સ્વયંબુદ્ધ** ( ગુરૂના ઉપદેશ વિના બોધ પામે તે ) અને **પ્રત્યેકબુદ્ધ** ( કોઈક પદાર્થ દેખી તે ઉપર વિચાર કરતા, જ્ઞાન થાય તે ) કહેવાય.

(૭૦) રાજા અજાતશત્રુએ પોતે જૈનમતાનુયાયી હોવા છતાં, પોતાના ખર્ચે બૌદ્ધ મહાસભા માટે મંડપ બંધાવી આપ્યો હતો તેનું દૃષ્ટાંત છે.

વવાના સાધનોનું નિશ્ચિંતપણું હતું તે જ દેખાય છે.

**દંપતીધર્મ**

દંપતી તરીકે તો હમેશાં એક પુરૂષને એક જ સ્ત્રી, એ જ શિરસ્તો હતો, છતાં પુરૂષો પોતાની એક સ્ત્રી હૈયાત હોય તો પણ અને તેણીના પેટે સંતતિ હોય તો પણ બીજી સ્ત્રી પરણી શકતા. તેમાં સમાજનું કે ધર્મનું પ્રતિબંધન નહોતું. ધનાઢ્યો ઘણીવાર એકંદરે અથવા તો એકી વખતે પણ એક કરતાં વધારે સ્ત્રીઓનું પાણિગ્રહણ કરતા; જ્યારે રાજાઓમાં તો વધારે સ્ત્રીઓ પરણવી તે કેમ જાણે એક પ્રભુતા કે શિષ્ટાચારજ થઇ પડયો હોયની, એવી સ્થિતિ નજરે પડતી હતી. અને જુદી જુદી રાણીઓને પેટે જન્મેલ કુંવરો પોતાની માતાના ગોત્રનું નામ પોતાની સાથે જોડીને ઓળખાવાતા હતા.[૭૧]

પુરૂષને લગ્નની બાબતમાં ઉપર લખ્યા પ્રમાણે જ્યારે નિરંકુશ અધિકાર હોવાનું જણાય છે ત્યારે સ્ત્રી પરત્વે વિધવા થયા બાદ ગમે એવા સંયોગમાં પણ પુનર્લગ્ન કરવાનું સમાજે એક વિધાન તરીકે છૂટ આપી હોય એમ જણાતું નથી. જો કે તેમ કર્યાના દાખલા કોઇ કોઇ ઠેકાણે નોંધાયા છે ખરા, પણ તે છૂટાછવાયા અને અપવાદ તરીકે જ લેખી શકાય તેવા છે.

ઉપર પ્રમાણેના દંપતીધર્મની રૂઢિ, ચાર વર્ણ-માંના પ્રથમના ત્રણ વર્ગમાં હતી, જ્યારે શૂદ્ર વર્ણમાં પુનર્લગ્નની છૂટ હતી એમ સમજાય છે.

**કૌંસીલ અને કેબીનેટ અથવા ધારાસભા અને રાજાનું કર્તવ્ય**

જેમ અત્યારે એક નાના ગામડામાં મુખી પટેલ જેવા નાના હોદ્દેદારો તથા ગ્રામ્ય પંચાયત જેવી સંસ્થાથી માંડીને આગળ વધતા ક્રમેક્રમે તાલુકાઓ માટે તજવીજદાર, મહાલકારી, તાલુકા મંડળ અને મામલતદાર; જીલ્લા માટે તેથી પણ મોટા અમલદારો જેવા કે વહીવટદાર, જીલ્લા બોર્ડ, કલેકટર અને આગળ વધતાં, પ્રાંતો અથવા મોટા વિભાગીવિસ્તારો માટે કમીશ્નરો થઇને, પછી સેક્રેટેરીઅટ, ધારાસભા અને કારોબારી કૌંસીલદ્વારા જેમ વહીવટ ચાલે છે તેમ, તે સમયે પણ, ઠેઠ નાના પગથીઆથી માંડીને ક્રમેક્રમે ચડીયાતું વહીવટ મંડળ ગોઠવાયું હશે એમ નાના–મોટા સત્તાધારીના જે નામો સાહિત્ય ગ્રંથોમાંથી છૂટા-છવાયાં[૭૨] મળી આવે છે તે ઉપરથી સમજી પણ શકાય છે. અલબત્ત તેટલે દરજ્જે આપણે

(૭૧) ગૌતમીપુત્ર ફલાણા, એટલે કે બાપનું ગોત્ર ગમે તે હોય, પણ તેમની માતાનું ગોત્ર ગૌતમ હતું અને તેથી તે ગૌતમી રાણીને પેટે જન્મેલ કુંવર તે ગૌતમીગોત્રી ફલાણો એમ જ કહેવાતો.

તે જ પ્રમાણે વસિષ્ઠપુત્રનું સમજવું: અને એટલું તો ખરૂંજ કે પિતા જે હોય તે કોઈ સગોત્રી આ તો પરણેજ નહીં, એટલે પિતા અન્ય ગોત્રી થયો: એટલે પુત્ર તે પોતાની માતાનું ગોત્ર જોડીને ઓળખાતો હોવાથી, બન્ને પિતા–પુત્રના નામનો બહુમેળ ખાતો નહોતો.

(૭૨) શ્રેષ્ઠિન્, ગૃહસ્થિન્, ભાંડાગારિક, જેઠક, રજ્જુક, પ્રાદેશિક, જનપદ, પૌરસભા, ઈત્યાદિ બૌદ્ધ

નિશ્ચિતપણે નથી કહી શકતા કે, તેવા પ્રત્યેક નામધારી હોદ્દેદારોની શું શું ફરજો હતી, કેમકે તે સમયે કુદરતની મહેરબાનીથી જીવનનિર્વાહ સરળપણે ચાલ્યો જતો હતો, તેથી ફોડ પાડીને વહેંચણી કરવાની, અત્યારની પેઠે તેટલી બધી જરૂરીઆતજ ઉભી થઇ નહોતી, નહીં કે તે સમયના કાર્ય કર્તાઓમાં દક્ષતાની ત્રુટિ હતી, કે તેઓ અથવા સામાન્ય પ્રજા અસંસ્કૃત હતી. આ વિષયને લગતું થોડુંઘણું વિવેચન આપણે પૃ. ૧૫ ઉપર ગ્રામ્ય સુધારણા અને પંચાયતવાળા પારિગ્રાફમાં તથા પૃ. ૧૩ ઉપર મંત્રીમંડળના પારિગ્રાફમાં કરી ગયા છીએ, ઉપરાંત પૃ. ૧૮ ઉપર વ્યાપારની ખીલવટના અર્થે અનેક શ્રેણિઓ રચાઈ હતી તે પણ જણાવી ગયા છીએ. વળી વર્ણ અને ધર્મને અંગે તે તે સમુદાયમાં વર્ચસ્વ ધરાવનારા પુરૂષોમાંથી કેટલાકને શીરે આવી જવાબદારી ઉઠાવવાનો ભાર આવી પડતો. આ પ્રમાણે દરેક ક્ષેત્રમાં સ્વયોગ્ય સુધારણા કરવા અને નિયમન ચલાવવાની પરિસ્થિતિ ઉભી થતાં, તે તે ક્ષેત્રના સંભાવિત પુરૂષોની સલાહ લેવાની આવશ્યકતા પણ વૃદ્ધિ પામ્યે જતી હતી. આવા સલાહકારોનું મંડળ, જે હોય તે, આજની ધારાસભાના[૭૩] જેવું આપણે ગણી શકીએ. ઉપરાંત તે સમયે ગણરાજ્યતંત્ર હોઇને દરેક જાગીરદારને રાજાના નામથી સંબોધવામાં આવતો હતો. ( જુઓ પૃ. ૧૩ ) અને તેમનો અવાજ પણ રાજ્ય ચલાવવામાં હતો એમ સમજાય છે, એટલે આવા ગણરાજ્યવાહકોના મંડળની ઉપરી સભા થઇ કે જેને હાલમાં કૌંસીલ ઓફ સ્ટેઈટ કે હાઉસ ઓફ લોર્ડઝના નામે ઓળખાવાય

---

ગ્રંથમાં વપરાયલા શબ્દો; Bhandagariks were also trusted the work of hearing quarrels & giving decisions thereon. ( C. H. I. P. 206 ) કે. હી. ઇ. પૃ. ૨૦૬:—ભાંડાગારિકને કજીઆ સાંભળવાનું અને તે ઉપરથી નિર્ણય આપવાનું કામ સોંપવામાં આવતું હતું.

(૭૩) " Buddhistic India P. 96:-Most of the handicrafts had their guilds: It is through these guilds that the king summons the people on important occasions. The Aldermen or the Presidents of such guilds were important persons, wealthy and favourites at the court. The guilds are said to have powers of arbitration between the members of the guilds, & their wives, and disputes between the one guild and the other, were under the jurisdiction of the Mahashethi, the Lord High chancellor, who acted as a sort of Chief Alderman over the Aldermen of the guilds, (see J. R. A. S. 1901, article by Mrs. R. Davis P-863-868 ). બુ. ઇ. પૃ. ૯૬:—ઘણાખરા હુન્નરની શ્રેણિઓ પાડવામાં આવી હતી. અને આ શ્રેણિઓ મારફતજ અગત્યના પ્રસંગે પ્રજાને રાજા બોલાવી લેતો. આવી શ્રેણિઓના પ્રમુખો અથવા સુકાનીઓ, ઉપયોગી વ્યક્તિઓ હોવા ઉપરાંત પોતે ધનિક હતા તેમજ દરબારમાં માનીતા પણ હતા. શ્રેણિઓને, પોતાના સભ્યો વચ્ચેનો તથા તેમજ સ્ત્રીઓના કજીઆમાં લવાદી કરવાની સત્તા હતી; જ્યારે શ્રેણિઓ વચ્ચે પરસ્પરના મતભેદ વખતે નીર્ણય કરવાનો અધિકાર મહાશેઠી અથવા મહાધ્યક્ષને હતો; અને આ પ્રમાણે તે મહાધ્યક્ષ સર્વ શ્રેણિઓના પ્રમુખના ઉપરી તરીકે લેખાતો (જુઓ. જ. રો. એ. સો. ૧૯૦૧ ના પુસ્તકમાં મીસીઝ. આર. ડેવીસના લેખમાંના પૃ. ૮૬૩ થી ૮૬૮.)

સરખાવો પૃ. ૧૫ ઉપર " ગ્રામ્યસુધારણા, પંચાયતો અને લવાદો " વાળો પારિગ્રાફ.

છે. આ પ્રમાણે રાજવહીવટની સામગ્રી અને તંત્ર તે સમયે પણ વ્યવહારમાં હતું એમ સ્પષ્ટ થાય છેજ, બાકી પ્રત્યેક અમલદારની જવાબદારી અત્યારનાં કરતાં ભિન્ન હશે એમ સ્વીકારવું રહે છે.

હાલના કરતાં તે સમયે એક વિશેષતા એ દૃષ્ટિગોચર થઈ શકે છે કે, કવચિત્ જરૂર પડતાં મંત્રીમંડળની બેઠક વખતે, ખુદ રાજા પોતે પણ બીરાજતા અને તેમની ચર્ચામાં ભાગ લેતા હતા એટલે રાજા, મંત્રીઓદ્વારા રાજકારોબાર ચલાવતા હોવા છતાં, વહીવટીકાર્યથી પણ સુપરિચિત રહેતા હોય તેમ કબુલ કરવું પડશે; વળી પૃ. ૨૩ ઉપર જણાવી ગયા પ્રમાણે ન્યાયની છણાવટમાં અને ગુન્હા પકડવાના કાર્યમાં પણ રાજકર્તાઓ અંગત ફાળો આપતા હતા, એટલે પ્રજાના પાલક અને પિતા તરીકેના નામને યથાર્થપણે દીપાવતા હતા, એમ પણ કહેવુંજ પડે છે. આ પ્રમાણે શાસક અને શાસિત વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ જળવાઈ રહેતો હતો.

**વસુલાતી કરવેરા તથા ક્ષેત્રનું ઉત્પન્ન**

મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના મહામંત્રી અને અર્થશાસ્ત્રના રચનાર મહાપંડિત ચાણાક્યજીએ આદરેલી રાજનીતિમાંથી જો કે પુરાવા મળી આવે છે કે ક્ષેત્રના ઉત્પન્નમાંથી તેમજ અન્ય પ્રસંગોદ્વારા રાજ્યનું ઉત્પન્ન વધારવામાં આવ્યે જતું હતું, પણ ચાણાક્યજીના સમયને અને જે સમયનું આપણે વિવેચન કરી રહ્યા છીએ તે બેની વચ્ચે લગભગ બે સદી જેટલા કાળનું અંતર રહેલું છે, એટલે કહેવું મુશ્કેલ છે કે જે નિયમો પંડિત ચાણાક્યજીના સમયે અમલમાં હતા અથવા તો ગતિમાં મૂકવામાં આવ્યા હતા તે તેના અસલરૂપેજ અથવા તો અન્ય સ્વરૂપે પ્રચલિત હતા કે કેમ ? કેમકે આ સમયની વસ્તુસ્થિતિનો ચિતાર આપતા કોઇ ગ્રંથમાં એનું વર્ણન સાંપડતું નથી, છતાં માનવાને કારણ મળે છે કે ફોજદારી ગુન્હામાં દંડ કરવા સિવાય વસુલાતી અધિકારમાં ગણાવી શકાય તેવા કરવેરાનું ભારણ પ્રજાને શીરે લદાયું નહીં હોય[૭૪] કેમકે તે સમયે રાજ્યની તીજોરીઓ ભરપૂર હતી. અરે કહો કે છેવટે તેવાં અસાધારણ ખર્ચ કરવાની ફરજો રાજ્યને શીરે કવચિતજ આવી પડતી. અને કદાચ આસમાની સુલતાનીને અંગે તેવો પ્રસંગ આવી પડતો તો પ્રજાવર્ગમાંથી એવા કેટલાક રાષ્ટ્રપ્રેમી ગૃહસ્થો બહાર નીકળી આવતા કે જે આવા પ્રકારનો બોજો સર્વ સામાન્ય પ્રજા ઉપર વહેંચી નાંખવાને બદલે પોતામાંથીજ ઉભો કરી આપતા. આટલા દરજજે તેઓ સુખી હતા તેમ રાજ્યને પણ આવી કટોકટીના પ્રસંગો પણ જવલ્લેજ આવતા, એટલે તેને પણ તેવા ફજુલ પૈસાનો સંગ્રહ કરી રાખવા માટે કાંઈ પડી નહોતી. મતલબ કે, સર્વ રાજ્યનો વહીવટીખર્ચ મામુલી પ્રકારે પ્રજા ઉપર બોજો નાંખ્યા સિવાય ચાલ્યે

(૭૪) હેરોડોટસે જે લખ્યું છે કે ગાંધારના તક્ષીલા પ્રાંતમાંથી, આટલી ખંડણી ઉઘરાવી હતી [જુઓ ચતુર્થ પરિચ્છેદ] તે અલબત્ત ઈ. સ. પૂ. છઠી શતાબ્દિની હકીકત છે ખરી, પણ તે કાંઈ હિંદનાજ કોઇ રાજવીએ ઉઘરાવેલ કરવેરાને લગતી ન ગણાય પણ પરદેશી રાજાએ હિંદમાંથી વસુલ કરેલ દંડરૂપે છે એટલે ન તો તેને વસુલાતી કર કહેવાય કે ન તેને હિંદી રાજાએ પ્રજામાથે ઠોકી બેસાડેલ કર કહેવાય.

જતો હતો, તેમ કુદરત પણ ઘણીજ સાનુકૂળ હોવાથી, વરસાદ પણ મનમાન્યા સમયે આવી પહોંચતો એટલે જનતાને દુર્ભિક્ષનો અનુભવ નહોતો થતો, તેમ તેવું નામ શ્રવણે પડવાનો પ્રસંગ પણ ભાગ્યેજ ઉપસ્થિત થતો હતો; તો પણ રાજા શ્રેણિકના સમય બાદ, વખત બદલાતાં વરસાદની અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ અવારનવાર આવી પડવાથી, વસુલાતના ધોરણનો વિચાર કરવો પડયો હોય તે સંભવિત છે. છતાં તેવું ધોરણ નિયમિત રીતે સ્થાપન કરવામાં કેટલો કાળ વીતી ગયો હશે તે નિશ્ચયપણે કહેવું મુશ્કેલ છે. કદાચ બે સદી વીતી ગઈ હોય અને આરંભજ સમ્રાટ ચંદ્રગુપ્તના સમયથી પણ થયો હોય.

જ્યારે એક બાજુ ઉપર પ્રમાણે રાજ્ય વહીવટ ચાલતો હતો ત્યારે બીજી બાજુ પ્રજાને રોજના નિર્વાહ ચલાવવાના સાધનોનો અભાવ કે મુશ્કેલી ન હોવાને લીધે, પ્રજાને પણ, અનેક વસ્તુઓ ક્ષેત્રમાં ઉત્પન્ન કરવાની કાળજી ભોગવવી પડતી નહોતી. તેમ તેમની રસેંદ્રિયો પણ એટલી બધી લોલુપ્ત નહોતી કે તેમને અનેક વાનીઓ ઉભી કરવાની જરૂર રહેતી હોય! આવાં આવાં અનેકવિધ કારણોને લીધે તેમના ખોરાક માટે કેવળ થોડીજ વસ્તુ ઉપર આધાર રાખવો પડતો હતો અને તેમાં મુખ્ય પણે ભાત–ડાંગર કે ચોખા જેવા પદાર્થનો જ વપરાશ તેમને કરવો પડતો કે જેનો પાક વરસાદના નિયમીતપણાને લીધે તેમજ ચારે તરફ જળવાઈ રહેતા પાણીના સંગ્રહને લીધે અતિ અલ્પશ્રમવડે તેમને મળી રહેતો. એટલે સમજાશે કે સર્વપ્રજાના મુખ્ય ખોરાકની વસ્તુ ચોખાજ હતા.

**લેવડ દેવડની રીતી અને દ્રવ્યના પ્રકાર**

ઉપરના પારિગ્રાફમાં જણાવી ગયા છીએ કે પ્રજાનો ખોરાક ઘણે અંશે ચોખાનોજ હતો, તેથી રખેને એમ અનુમાન ઉપર આવી જવાય કે તે સમયે ખેતિકારો અન્ય પાક ઉત્પન્ન કરતાજ નહીં કે તેમને તેવા પાક ઉત્પન્ન કરવાનું જ્ઞાન વટિક પણ નહીં હોય. તેઓ અન્ય પાક ઉત્પન્ન તો કરતાજ પણ વર્તમાન કાળની માફક કેવળ કૃષિપ્રધાન દેશ આ ભારતવર્ષ નહોતોજ. પણ જેમ યુરોપાદિ ખંડના દેશો સ્વપોષણ અર્થે આવસ્યક પદાર્થો ઉત્પન્ન કરી, શેષકાળ, અન્ય દેશો સાથે વ્યાપારિક સંબંધ ખીલવવા માટેની વસ્તુઓ ઉપાર્જન કરવાને હુન્નરઉદ્યોગો પાછળ મંડ્યા રહે છે, તે પ્રમાણે હિંદુસ્તાનના ખનીજ પદાર્થોમાંથી ઘટતી સામગ્રીઓ બનાવી અથવા તો તેને એમ ને એમ કાચા પદાર્થ તરીકે પણ અન્ય પ્રદેશોમાં લઈ જઈ, દ્રવ્ય ઉપાર્જન કરવાના અંગ તરીકે કામે લગાડતા. વળી ખનીજ ઉપરાંત જંગલની પેદાશો તથા કરિયાણાની પણ વિપુલતા હોવાથી તેનાં પણ વહાણો ને વહાણો ભરી પરદેશ લઈ જતા અને દ્રવ્યનો સંચય કરી સ્વદેશે પાછા ફરતા હતા. આવી રીતે વ્યાપારિક ક્રય–વિક્રય કઈ વસ્તુવડે કરવામાં આવતો હશે તે સ્પષ્ટપણે કયાંય આલેખાયું હોય, કે તે સ્થિતિ તારવી શકાય તેમ હોય તેવું વર્ણન, દૃષ્ટિગોચર થતું નથી પણ એક દેશની પેદાશ આપી તેના મુલ્ય બદલ સામા દેશની પેદાશ લેવી કે જેને અત્યારની ભાષામાં Bartering કહેવાય છે તે અને બીજી રીત એ કે તે સમયે ધાતુના શિક્કા જેવી વસ્તુ કદાચ નહીં હોય પણ મુલ્યવતી ધાતુ–જેને આપણે સોનું અને ચાંદી કહીએ

છીએ તેવી વસ્તુ ખનીજરૂપે એક યા બીજા સ્વરૂપે તો જ્યારે અસ્તિત્વમાં હતીજ[૭૫] તો તેવી વસ્તુનો ઉપયોગ પણ લેવડદેવડમાં કરાતો હોવો જોઇએ, એમ અનુમાન કરી શકાય તેમ છે; કેમકે અવારનવાર દંતકથાઓમાં તેમજ જૈન અને બૌદ્ધ સાહિત્યમાં અને હેરોડોટસ જેવા પરદેશી ઇતિહાસકાર ના વર્ણનમાં પણ તેજંતુરી ( Golden dust )[૭૬] જેવા શબ્દ નો પ્રયોગ થયેલ આપણને જાણીતો છે. આ પ્રથા રાજા બિંબિસારના અમલ પહેલાં હશે, પણ જેમ ક્રમેક્રમે કાળદેવની અસરનો પ્રારંભ થવાનો સમય નજીક આવતો ગયો ને રાજા બિંબિસારને વ્યવહારના સાધનોનો નિયમિતપણે અમલ કરાવવાની આવસ્યકતા ઉભી થતાં પ્રજા-વર્ગની શ્રેણિઓ પાડવી પડી તેમ તેમ ક્રયવિક્રય માટેનો કોઈ સરળ અને સત્વર માર્ગ ઉભો કરવા માટે આ તેજંતુરી કે રૌપ્ય ખનીજોને ગાળી કાઢી[૭૭] તેમાંની ધાતુના શિક્કા બનાવવા પડ્યા હોય એમ કલ્પના દોરી શકાય છે; અને આવા શિક્કા બનાવવા માટે ટંકશાળ કે તેવી સામગ્રી તે સમયે નહીં હોવાને લીધે જેને આપણા વર્તમાન શિક્કાશાસ્ત્રીઓ પંચમાર્કડ ( Punch Marked ) શિક્કાઓ[૭૮] તરીકે ઓળખાવે છે તેની ઉત્પત્તિ સંભવિત લેખી શકાય. આ પ્રમાણે વેપાર અને તેને અંગે થતી લેવડદેવડ માટે વપરાતી વસ્તુનો નિષ્કર્ષ કહી શકાય.

**ભાષા, લિપિ અને લેખનવિદ્યા**

આ પ્રમાણે જ્યારે દેશ-પ્રદેશની સાથે વ્યાપાર ખેડવામાં આવતો હતો ત્યારે તેની નોંધ રાખવાને તેમજ એક બીજાની સાથે વ્યવહારમાં રહેવાને અને દૂર બેઠાં બેઠાં પોતાના સ્વદેશની માહિતી મેળવવાને પણ કાંઇક સાધન તો હોવાંજ જોઇએ અને તે માટે લિપિ અને ભાષાનું અસ્તિત્વ પણ જોઇએ જ. તે સમયની લિપિનાં અક્ષરો વર્તમાનની કોઈપણ અન્ય લિપિ કરતાં દેવનાગરી લિપિને મળતા આવતા દેખાય છે. અને તે લિપિને ઇ. સ. પૂ. ૮ મી શતાબ્દિમાં બ્રાહ્મી નામે[૭૯] અને તે બાદ માગધી એવા નામે ઓળખવામાં આવતી હતી. અલબત્ત આ લિપિને મૂર્તસ્વરૂપ આપવાને હર-હંમેશના ઉપયોગ માટે કઇ વસ્તુને સાધનરૂપ

---

(૭૫) સરખાવો પૃ. ૭ ઉપર ટી. ૧૧ તેમાં [ શા માટે શિક્કાઓ નહોતા તેનાં કારણ. ] મુખ્યત્વે કરીને જર ને લગતી હકીકત.

(૭૬) જુઓ ટીકા. ૭૪

(૭૭) નાની કીંમતના શિક્કાઓ પણ આજે હલકી ધાતુમાં ( જેમકે ત્રાંબુ, સીસુ અથવા બીજી મીશ્રણ કરેલી ધાતુઓમાં ) જોવામાં આવે છે ખરા પણ તે તો શ્રેણિક રાજાની પછી કેટલાક સમયે અમલમાં આવ્યા દેખાય છે.

(૭૮) શિક્કાને લગતી વિશેષ સમજુતી માટે આ પુસ્તકને અંતે શિક્કાનું પરિચ્છેદ છે તે જુઓ.

(૭૯) " જો કે એમ અનુમાન કરવાને કારણ મળે છે કે, વૈદિકમતની શ્રુતિઓના પુરસ્કર્તા મહર્ષિઓની ઉત્પત્તિનું સ્થાન, હાલના અફ્ઘાનિસ્તાનના નૈઋત્ય ખૂણે જે હમમ સરોવર આવેલ છે ને જે પ્રદેશને પ્રાચીન સમયે શકિસ્તાન અથવા શક પ્રજાના વસવાટના સ્થળ તરીકે ઓળખાવામાં આવતો, ત્યાં હોવાનું મનાય છે અને તેમનીજ ભાષાને બ્રાહ્મી નામથી ઓળ-ખાતી હતી. આ ઉપરથી સમજાશે કે હિંદુઓના મૂળ પુરૂષો શકસ્તાનના રહીશ હતા.

બનાવવામાં આવી હશે તે જણાયું નથી; પણ એમ કલ્પના કરી શકાય છે કે તે સમયે મનુષ્યની સ્મૃતિ એવી સતેજ અને તીવ્ર હતી અને કર્ણોપકર્ણ[૮૦] ઉતરી આવતી હકીકતોનો વારસો મળ્યે જતો હતો કે તેમને લેખિત સ્વરૂપે ઉતારવાની જરૂરજ ઉભી થતી નહોતી[૮૧] અને જ્યાં લેખન પદ્ધતિની આવશ્યક્તાજ નહીં ત્યાં પછી તેના સાધન-સામગ્રી કેવાં હશે તેનો વિચાર પણ કયાંથી ઉદ્ભવે ? આ પ્રમાણે વસ્તુસ્થિતિ હતી, છતાં કેટલાક શિલાલેખ કે સ્તંભલેખમાં[૮૨] જ્યારે તે લિપિ કોતરાયલી દેખાય છે ત્યારે એકજ અનુમાન ઉપર જવું પડે છે કે સામાન્ય બાબતો સિવાયની એટલે કે જે રાજસ્થાની કે પ્રજાકીય બાબતોનો ઉલ્લેખ યાવચ્ચંદ્રદિવાકરૌ જાળવી રાખવાની જરૂરીઆત લાગતી હોય તેવી મહત્ત્વપૂર્ણ હકીકતને પર્વતના કોઇ ખડક ઉપર કે કોઇ શિલાપટ ઉપર કે સ્તંભ ઉભો કરીને તે ઉપર કોતરાવવામાં આવતી હતી, આ ઉપરથી સમજાય છે કે લોકો પોતાના વિચારો દર્શાવવા માટે જેમ ભાષાજ્ઞાન ધરાવતા હતા, તેમ લિપિજ્ઞાન પણ ધરાવતા હતાજ; કાંઇ જંગલી દશા ભોગવતા નહોતા. એટલે તેમને સુસંસ્કારિત પ્રજા તરીકે લેખી શકાયજ. અલબત્ત હાલના સમયની પેઠે તેમને લેખિતપણે સાચવી રાખવાની બીલકુલ આવશ્યકતા ન હોવાને લીધે-અથવા આવશ્યકતા હતી તો ઉપર નિર્દેશ કરી ગયા તે પ્રમાણે કિંચિત્ અંશેજ અને તે પણ જે હકીકતને દીર્ઘ કાળ સુધી સાચવી રાખવી હોય તેનેજ-તેમને લેખનવિદ્યાના ઉપચારો શોધી કાઢવાની કે તેનો ઉપયોગ વિસ્તૃતપણે કરવાની ભાંજગડમાં ઉતરવું પડતું નહોતું. જેથી લેખન-સામગ્રી, જેવી કે શાહી, કાગળ, તાડપત્ર કે કલમનો અભાવ તે સમયે બહુધા હોય, એમ પણ સહજ સમજી શકાય છે. આ ઉપરથી રખેજ કોઇ, તે સમયની મનુષ્યજાતિ માત્રજ નિરક્ષર માની લ્યે. બાકી સાક્ષરતાની તરતમતાના ભેદો તો અવશ્ય હોઇ શકેજ.

તે સમયે સમસ્ત **ભાર**તવર્ષમાં જો કે રાજ્યસ્થાનોની સંખ્યા તો સોળ જેટલી હતી અને તે દરેકની ભાષા પણ કદાચ નીરનીરાળી હતી કે હશે; છતાં પૂર્વદિશામાં જે દેશ આવેલ હતો અને જેને **મગધ** તરીકે ઓળખાવાતો હતો તે ભૂમપ્રદેશ ધર્મક્રાંતિનું કેંદ્રસ્થાન હોઇને અને તે ભૂમિ ઉપર બે મહાન્ ધર્મપ્રચારકના જીવનપ્રસંગોનો મોટો ભાગ વ્યતીત થએલ હોવાથી તે દેશની ભાષાનું મહત્ત્વ વિશેષ અંકાતું

(૮૦) જે જ્ઞાન સાંભળીને ઉત્તરોત્તર ઉતરી આવ્યું હોય તેનું નામ શ્રુતજ્ઞાન. **વૈદિક** મતમાં તે ઉપરથી શ્રુતિ કહેવાઈ અને તેની પ્રાચીનતા તેથીજ સિદ્ધ થાય છે. ( વળી જુઓ પા. ૭ ઉપરનું લખાણ ).

**જૈનો**માં તેવાં જ્ઞાનને પણ શ્રુત કહ્યું છે અને તેના જ્ઞાનધારકોને શ્રુતકેવળી કહેવાય છે. તેમના મત પ્રમાણે **સ્થુ**ળભદ્રજી) સમ્રાટ્ **ચં**દ્રગુપ્તના અને **બિં**દુસારના સમકાલીન ) છેલ્લા શ્રુતકેવળી લેખાય છે.

(૮૧) સરખાવો પૃ. ૯ ઉપરનો " પ્રાચીન પ્રજા શું ત્યારે અજ્ઞાન હતી. " તે નામનો પારિગ્રાફ.

(૮૨) **ગાંધાર** તેમજ **કંબોજ** દેશમાંના **માણિક્યાલ** ગામના સ્તંભનો લેખ કે જેને ઈ. સ. પૂ. ૮ મી શતાબ્દિનો ધારવામાં આવે છે. સમ્રાટ **પ્રિયદર્શિન**ના શિલાલેખો તો ઈ. સ. પૂ. ચોથી શતાબ્દિના છે. એટલે તેનો વિચાર અત્ર કરવાનો નથી.

અને તે **મગધ** દેશ ઉપરથી તે દેશની ભાષાનું નામ **માગધી**[૮૩] કહેવાયું. તેને હાલના વિદ્વાન્ લોકો **પ્રાકૃતના નામથી** પણ ઓળખાવે છે. આ ભાષાનો ઉપયોગ આખાયે **ભારતમાં** થોડેઘણે અંશે પણ થતો હોવો જોઇએ, કેમકે વ્યાપારકુશળ વેપારીઓ સર્વત્ર સાર્થવાહના રૂપમાં ટોળે ટોળા મળીને પ્રવાસ કરી રહ્યા હતા. જેમ એક ભાષાનું નામ આપણે **પ્રાકૃત** અને બીજીનું નામ **બ્રાહ્મી** જણાવ્યું તેમ ત્રીજા **પ્રદેશ**ની એક ભાષા વિશે પણ જણાવવાની જરૂર દેખાય છે. જે પ્રદેશને તે સમયે કંબોજ કહેતા હતા અને જેમાં અત્યારના **અફગાનીસ્તાનના** ઇશાન ખૂણાના કેટલાક ભાગનો સમાવેશ થતો હતો, તેની ભાષાને **ખરોષ્ઠી**[૮૪] કહેવાતી હતી. આ ભાષા ઘણે અંશે **પ્રાકૃત-માગધી**ને મળતી તો હતી જ, છતાં તેનાં ખાસ તત્ત્વો, બારીકીથી **અભ્યાસ** કરનારની **દૃષ્ટિએ** સત્વર દેખાઇ આવતાં હતાં. અને આની પ્રતિતી આપણને સમ્રાટ **પ્રિયદર્શિ**-ન્ના **શાહબાઝગઢી** અને **મંશેરાના** ખડકલેખો ઉપરથી મળી રહે છે. જો કે આ લેખો ઈ. સ. પૂ. ની ત્રીજી શતાબ્દિમાં ઉભા કરાયેલા છે, છતાં તેની પૂર્વે દોઢ સદી ઉપર એટલે ઈ. પૂ. પાંચમી સદીમાં થયેલ પ્રખ્યાત વ્યાકરણી **પાણિનિરચિત** વ્યાકરણમાંથી પણ તેના પૂરાવા આપણને ઉપલબ્ધ થાય છે; કેમકે આ **પાણિનિ** મહાશય હાલનો **પંજાબ** દેશ અને તે સમયે **ગાંધારદેશ**ના નામથી ઓળખાતા પ્રદેશનો વતની હતો. વળી આ **ગાંધાર**દેશ અને **કંબોજ** દેશ (કે જયાંની મૂળભાષા **ખરોષ્ઠી** હતી) એમ બન્ને દેશો એકજ **સામ્રાજ્યના**[૮૫] અંગ હોઇને અતિ નિકટના **સંપર્ક**માં આવતા હતા. અને તેથી અરસપરસની ભાષા ઉપર સારી અસર થવા પામી હતી. તેમજ આ પ્રદેશ પાછળથી **બેક્ટ્રીઅન્સ** અથવા **યોન** પ્રજાના રાજ્ય અમલ તળે જવાને લીધે અને **ડીમેટ્રીઅસ** અને **મીનેન્ડર** જેવા તેમના શહેનશાહોએ તેમજ **ભૂમક** અને **નહપાણ** જેવા ક્ષત્રપોએ તો **હિંદમાં** વસવાટ પણ કર્યો હતો, જેથી તેમની ખરોષ્ઠી ભાષાના કેટલાક શબ્દોનું મિશ્રણ અને ઉમેરણ પણ થઇ ગયું હતું.

આ આખો સમય આ બધી ભાષાની માતારૂપ ગણાતી જે **સંસ્કૃત** ભાષા છે, તે કાંઇક સુપ્ત દશા ભોગવતી પડી રહી હતી. જો કે ઉચ્ચ કોટિના વિદ્વાનોમાં તો તેનો **પ્રચાર** પણ ચાલુજ હશે, છતાં તેને જે પુનર્જીવન મળ્યું હતું તે તો **શુંગવંશી** રાજ્ય અમલના કાળે મહાશય **પતંજલી** ભાષ્યકારની પ્રેરણા અને પ્રોત્સાહનના લીધેજ હતું એમ સમજાય છે.

**કોઇ સંવત્સર હતો કે?**

જ્યાં સાધારણ વ્યવહારની માહિતીઓને જાળવી રાખવા પૂરતી પણ કોઇને પડી નહોતી ત્યાં વળી ઇતિહાસ કે રાજકીય દફતરો અને તેની નોંધ રાખવાની આવશ્યકતા કયાંથી જ હોય?

(૮૩) આ બે મહાન્ ધર્મ જૈન અને બૌદ્ધ: તેમના ધર્મપ્રવર્તક અનુક્રમે મહાવીર ઉર્ફે વર્ધમાન અને ગૌતમબુદ્ધ ઉર્ફે બુદ્ધદેવ છે: અને આ બન્ને ધર્મના અસલ પુસ્તકોની ભાષા પણ પ્રાકૃત-માગધી છે.

(૮૪) "ખરોષ્ઠી ભાષા બોલનાર પ્રજાનું જન્મસ્થાન આ ભૂમિપ્રદેશ સમજવો. હિંદુકુશ પર્વતની આસપાસના પ્રદેશમાં પણ ખરોષ્ઠી ભાષાનોજ પ્રચાર હતો, આ બધા ભાગની પ્રજાને ઈતિહાસમાં યોન પ્રજા તરીકે ઓળખવી પડશે. ડીમેટ્રીઅસ, મીનેન્ડર, યુથીડીમોસ વિગેરે આ પ્રજાના સરદારો હોઇને તેમની જન્મભૂમિ પણ અહીંજ ગણવી રહે છે.

(૮૫) જુઓ તૃતીય પરિચ્છેદ.

તેમજ ગણતંત્ર જેવી પ્રથા રાજ્ય વ્યવસ્થાની હતી એટલે કોઇને મહાન્ સમ્રાટ્ બનીને પોતાનું મહત્ત્વ, રાજકીય દૃષ્ટિએ વધારવાની ઇચ્છા પણ નહોતી થતી. તેમાં વળી લેખનકળાની સ્થિતિ પણ ઉપરના પારિગ્રાફમાં જણાવી ગયા પ્રમાણે હતી એટલે કોઇ ખાસ શક કે સંવત્સરનો ઉપયોગ કરવાનું કારણ[૮૬] મળતું નહોતું, તેમ લોક વ્યવહારમાં અટપટા પ્રશ્નો પણ નહોતા ઉદ્‌ભવતા કે જેથી રાજદરબાર સુધી કોઇને દોડી જવું પડે. એટલે જો કોઈ પ્રશ્ન જાળવી રાખવાનું કારણ મળે અને તેની જોડે કોઇ સાલ કે સંવત જોડવામાં આવે તો તેની સાથે સંકલિત થયેલ કોઇ ધર્મપ્રવર્તકના જીવન સાથે સંબંધ ધરાવતા[૮૭] બનાવનુંજ અવલંબન લેવાનું યોગ્ય ગણાતું. અને તે સમયે (એટલે ઇ. સ. પૂ. ૯ થી છઠ્ઠી સદીના અંત સુધી) કેવળ બેજ ધર્મ-વૈદિક અને જૈન-વિદ્યમાન હતા અને ઇ. સ. પૂ. ની પાંચમી સદીથી બૌદ્ધ ધર્મનો તેમાં ઉમેરો થતાં તે સંખ્યા ત્રણની થઈ હતી. એટલે તેના ધર્માનુયાયીઓ જ્યારે ખપ પડતો ત્યારે પોતાના ધર્મપ્રવર્તકોના સંવતનો ઉપયોગ કરતા. આ પ્રમાણે જૈન અને બૌદ્ધ ધર્મવાળાએ ઉપયોગ કર્યાનું જણાય છે, પણ વૈદિક મતવાળાએ કર્યો હોવાનું જણાતું નથી. તેનું કારણ એમ પણ હોય કે તે ધર્મને માનવાવાળા કોઈ રાજાઓ તે વખતે થયાજ નહોતા-કેવળ શુંગવંશીનો રાજ્ય અમલજ તેવો કહી શકાય તેમ છે કે જેમનો આખો વંશ વૈદિક હતો અને તે સમયના કોઇ શિલાલેખ કે અન્ય જાતના પુરાવા હૈયાત નથી કે જે વિશે આપણને વિશેષ પ્રકાશ મળે. બાકી બૌદ્ધ ગ્રંથોમાં બુદ્ધસંવત્ વપરાયાના દૃષ્ટાંતો મોજુદ છે અને જૈનધર્મના રાજાઓ તો સર્વાધિકારી સમ્રાટો થઇ જવાથી કેટલાક રાજદ્વારી બનાવોની નોંધ દર્શાવતા શિલાલેખો[૮૮] પણ કોતરી રખાયલા આપણી નજરે ચડે છે. અને તેમાં તેમણે પોતાના ધર્મપ્રવર્તક શ્રી મહાવીરના નિર્વાણ પામ્યા બાદ તે સમયથીજ મહાવીર સંવત ચલાવીને તેનો આશ્રય લીધો હતો એમ કહી શકાય તેમ છે. તેમજ કોઇ રાજકર્તાને પોતાની અંગત મહત્ત્વતા સારાયે પ્રદેશમાં ગાઇ બતાવાય તેવી પ્રથાનું ધોરણ અંગીકાર કરવા તરફ વલણ નહોતું. એટલે ગમે તેવો સમ્રાટ પણ પોતાના નામે કોઇ સંવત્સર ચલાવવા ખુશી નહોતો. બહુમાં બહુ જો તેની કાંઇ પણ કરવાની ઇચ્છા થતી તો તે પોતાના રાજ્યની હદમાં જ્યારે કાંઇ કાયમી કાર્યની યાદગીરી જાળવી રાખવા જેવું કાર્ય નોંધવાનું બનતું ત્યારે પોતાના રાજ્યાભિષેક પછી આટલા વર્ષે આમ થયું એટલુંજ કોતરાવતા; પણ તેના પુત્રે, પૌત્રે અને અન્ય પરિવારે તેનો સંવત્ કે શક વંશપરંપરા પર્યંત કે બે ત્રણ પેઢી સુધી ચલાવ્યો હોય તેમ કયાંય જણાયું નથી. એટલે સમજાય છે કે, તે સમયે ભૂપાળો પોતાને સર્વશ્રેષ્ઠ મનાવવાને બદલે પોતાના ધર્મપ્રતિ વિશેષ ભક્તિવંતા

---

(૮૬) સરખાવો પૃ. ૮ ઉપરની ટીકા-મુખ્યતાએ (ब) જમીનને લગતા વિભાગ ઉપર લખેલ હકીકત.

(૮૭) સરખાવો પૃ. ૯ ઉપરનો "પ્રાચીન પ્રજા ત્યારે શું અજ્ઞાન હતી?" તે પારીગ્રાફ.

(૮૮) સમ્રાટ પ્રિયદર્શિનના સહસ્રામના શીલાલેખમાં જે ૨૫૬નો આંક છે તે તથા ચક્રવર્તી ખારવેલના હાથીગુંફાના લેખમાં જે ૧૦૩નો આંક છે તે, બન્ને રાજાઓ જૈનધર્મી હોઈને તે આંક મહાવીર સંવત્ના છે એમ તે બનાવોનું વર્ણન કરતાં સાબીત કરી બતાવ્યું છે. તે માટે તે સ્થળે જુઓ.

હતા[૮૯] અને તેથીજ પોતાના ધર્મગુરુનું બહુમાન સાચવતા. પછી તે બહુમાન ધર્મશ્રદ્ધામાં[૯૦] પણ પરિવર્તન થવા પામતું તેમજ અંધશ્રદ્ધામાં પણ પરિણમતું હતું. ( કાંઈક વિવેચન માટે ઉપર જુઓ પૃ. ૩૧)

જ્યાંસુધી ભારતપ્રજા કોઈ પરદેશીની સાથે વ્યવહારમાં નહોતી આવી ત્યાં સુધી આ પ્રમાણે ચાલ્યે ગયું. એટલે રાજાઓએ પોતાનો સંવત્ ચલાવવાની પરવા ન કરી એટલુંજ નહીં, પણ શિક્કા જેવી રાજ્યની પ્રભૂતા સૂચવનારી વસ્તુમાં પણ પોતાના નામદર્શક કોઇ વસ્તુ આવી ન જાય, તેની સંભાળ લીધે રાખી હતી. અને તેથીજ શિક્કામાં રાજકર્તા વંશના ધાર્મિક તેમજ સ્વપ્રદેશીક કે સ્વવંશની ઓળખ આપતા ચિહ્નોજ[૯૧] માત્ર કોતરવામાં આવતાં હતાં; પણ જે સમયથી પરદેશીઓનું આક્રમણ હિંદ ઉપર થયું[૯૨] અને તેમનો વસવાટ અત્ર થવા લાગ્યો, એટલે કે તેમના સહવાસમાં આવવા માંડયું, ત્યારથી જેમ અનેક વ્યવહારમાં તેમની સંસ્કૃતિનું અનુસરણ આર્ય સંસ્કૃતિમાં પ્રવેશ થવા માંડયું હતું તેમ સંવત્સર સાચવી રાખવાની પ્રથામાં અને શિક્કા ઉપર ચિત્ર બનાવવાની ઢબમાં પણ ઘણા પ્રકારનો ફેરફાર થવા માંડયો હતો. કહેવાની મતલબ એ છે કે, પરદેશી રાજ્યકર્તાઓના આવાગમન પછી ધર્મપ્રવર્તકના સંવત્‌નો લોપ થઈ, રાજ્યકર્તાઓના સંવત્‌નો પ્રચાર થવા માંડયો.[૯૩] આ સર્વ હકીકતમાંની જે કેટલીક શિક્કાને લગતી છે તે શિક્કાના પરિચ્છેદમાં અને જે સંવત્સરોને લગતી છે તે સંવત્સરને લગતાં પરિચ્છેદમાં ચર્ચી છે માટે ત્યાંથી તે વાંચી લેવી.

---

(૮૯) આ કારણથી પ્રાચીન સમયના રાજવીઓ પોતાના શિક્કા ઉપર પણ ધર્મના ચિહ્નો અંકિત કરવામાંજ મગરૂરી ધરતા. તે એટલે સુધી કે, પોતાના વંશનું જે લક્ષણ હોય તે શિક્કાની અવળી બાજુ એટલે reverse ઉપર કોતરતા જ્યારે ધાર્મિક ચિહ્નને સવળીબાજુ એટલે obverse ઉપર આંકતા; તેમની ધર્મ પ્રત્યેની આસ્તિકયતા આટલી વિશેષપણે જ્વલંત હતી.

(૯૦) ધર્મશ્રદ્ધાની બાબતમાં ભલે પોતાના મંતવ્ય માટે બહુમાન તો હોયજ, છતાં લોકકલ્યાણ ધ્યાનમાં રખાય છે: વળી તેમાં અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતા પણ અતિ વિપુલપણે હોઇ શકે છે જ્યારે અંધશ્રદ્ધામાં કેવળ દમનનીતિ, જોરજુલમ અને ધર્મના પલટામાંજ કૃતકૃત્ય મનાતું આવે છે; આ બન્ને પ્રકારના દૃષ્ટાંતોમાં ધર્મશ્રદ્ધાના દૃષ્ટાંત તરીકે સમ્રાટ પ્રિયદર્શિનનું જીવન અને અંધશ્રદ્ધા તરીકે શુંગવંશી સમ્રાટોનું જીવન આગળ ધરી શકાશે.

(૯૧) સરખાવો ઉપરની ટીકા નં. (૮૯)

(૯૨) આવાં આક્રમણોમાં પ્રથમમાં પ્રથમ ઇરાની પાદશાહનું ઈ. સ. પૂ. છઠી સદીમાં અને તે બાદ ઈ. સ. પૂ. ૪થી સદીના અંતમાં ગ્રીક શહેનશાહ અલેકઝાંડરનું એમ કુલ બે સમયે થયાં હતાં. જ્યારે પરદેશી રાજ્યકર્તાનો વસવાટ જે પ્રથમ થયો હતો, તે બેકટ્રીઅન શહેનશાહ ડીમેટ્રીઅસના પિતા યુથીડીમોસનો હતો. પણ તે તુરતજ પોતાના દેશ પાછો ચાલ્યો ગયો હતો. જ્યારે ડીમેટ્રીઅસ અને મીનેન્ડર કાયમ રહ્યા હતા.

(૯૩) આર્ય પ્રજામાં કોઇ પણ રાજાએ પોતાના નામથી સંવત્સર ચલાવ્યો હોય તો તે સૌથી પ્રથમ વીર વિક્રમાદિત્ય શકારિનો વિક્રમ સંવત્ જ છે. ભલે કેટલાક વિદ્વાનો એવો મત ધરાવે છે, કે વિક્રમસંવત્‌ની પહેલાં મૌર્યસંવત્ ચાલ્યો હતો પણ આ કથન માટે નિશ્ચિત પૂરાવા તેઓ ધરાવે છે કે ?

**સંદેશવાહકો, દૂતો અને એલચીઓ**

પત્રલેખન જેવુંજ જ્યાં નહોતું ત્યાં ચિઠ્ઠી-પત્રી કે ટપાલ લઇ જવા-લાવવાનો રિવાજ હોવાની કલ્પના કરવી પણ નિરર્થક છે. તેમ લોકસમૂહને તેવા વ્યવહારની જરૂરીઆત પણ ઓછીજ રહેતી, છતાં સગાંવહાલાં કે સ્નેહીજન કોઇ દૂરના સ્થળે હોય તો તેના કુશળ સમાચાર વિગેરે સામાન્ય હકીકત, વ્યાપાર અર્થે ફરતા સાર્થવાહો અને તેમની સાથે જોડાયલા મનુષ્યગણદ્વારા પહોંચાડવામાં આવતી હતી. જ્યારે રાજકીય સંદેશાઓ ખાસ પ્રસંગને અનુસરીને, તથાપ્રકારના કર્મચારી દૂતો મારફત ચલાવાતા હતા. હાલની માફક કોઇના રાજદરબારે એલચી કે પ્રતિનિધિ કાયમ માટે કે લાંબા સમય સુધી પડ્યા પાથર્યા રહેવાની પ્રથાનું અસ્તિત્વ નહોતું. આ પ્રકારનો વહીવટ પણ પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગ પછીજ અમલમાં આવ્યો હોય તેમ દેખાય છે. તેમાં સાથી પ્રથમ ઇરાની શહેનશાહતના અને પછી ત્રણેક સદી વીત્યા બાદ ગ્રીક આદિ યવન સત્તાઓના અમલે બન્યું હતું.

**વસ્ત્રો તથા આભૂષણો**

પુરૂષોના તેમજ સ્ત્રીઓના પોષાકમાં, અત્યારની પેઠે વૈવિધ્ય તો હતુંજ એટલે કે રંગબેરંગી, સુતરના કે રેશમના તેમજ તારકસબ જેવી વસ્તુથી ભરેલાં, તેમજ વિનાભરેલાં સાદાં, એમ અનેક પ્રકારના કપડાં પોતપોતાના દરજ્જા પ્રમાણે તેઓ પહેરતાં હતાંજ, છતાં એક વિચિત્રતા એ પણ સાથે સાથે દૃષ્ટિગોચર થાય છે કે, ખુદ સમ્રાટ જેવા રાજ્યકર્તાઓ કે, તેમની સમ્રાજ્ઞીના ચિત્રોમાં, શરીરના ઉપરી ભાગને વસ્ત્રહીન હોય, એવો ખ્યાલ આપતી દિશામાં પણ બતાવાયાં છે.[૯૪] આમ કરવાનું શું પ્રયોજન હશે તે કલ્પી શકાતું નથી. જેમ વસ્ત્રમાં હતું તેમ આભૂષણમાં પણ વિવિધતાનું સ્વરૂપ નજરે પડતું હતું. હાલમાં જો કે પુરૂષવર્ગમાં આભૂષણ ધારણ કરવાની પ્રથા તદ્દન અદૃશ્ય થતી જાય છે, પણ તેનાથી ઉલટું તે સમયે તો પુરૂષો અને ખુદ રાજ્યકર્તાઓ પણ, પોતાના શરીરના અનેક અંગો શણગારોથી વિભૂષિત કરતા. આનું કારણ એમ દેખાય છે કે તેમની પાસે દ્રવ્ય અઢળક હતું, જ્યારે ઉપયોગ કરવાને અન્ય માર્ગો નહોતા. અલબત્ત, એટલું ખરૂં કે પુરૂષ કરતાં સ્ત્રીઓ વિશેષ શણગાર ધારણ કરતી હતી. બાકી ઘરેણાંઓના ઘાટ, નમુના કે તે ઉપરની કારીગીરી વિગેરે તે તે જમાનાને અનુસરીનેજ હતાં, પણ ઘરેણા માટે ઉપયોગમાં લેવાતી ધાતુ તો, વર્તમાન કાળની પેઠે, મુખ્યત્વે કરીને સુવર્ણ અને રૂપુ એ બેજ હતી.

**મૃત્યુ સંસ્કાર**

અગ્નિ–સંસ્કાર કરવાનો નિયમજ બહુધા પ્રચલિત હતો. ઉમરની સાથે તે સમયે શું સંબંધ હતો તે જાણવાનું કાંઇ સાધન નથી, પણ ભૂમિશયન એટલે શબને દાટયાનું કોઈ ઠેકાણે લખાયું હોય તેમ

---

(૯૪) જુઓ ભારહુતસ્તૂપ નામના પુસ્તકમાં અજાતશત્રુ રાજાનો સ્તંભ તથા માયાદેવીના સ્વપ્ન-ચિહ્નનાં ચિત્રો.

જણાતું નથી. સામાન્ય જનતામાં અગ્નિદાહ થઇ રહ્યા પછી તેમની રક્ષાની શું વ્યવસ્થા કરાતી હતી તે વિશે જો કે કાંઇ ઉલ્લેખ થયો નજરે પડતો નથી, પણ ધાર્મિક નેતાઓના અવશેષો તો અમુક અમુક પદ્ધતિથી સંગ્રહીત કરાતા હતા. અને તેવા અવશેષોમાં[૯૫] દાંત, અસ્થિનો કોઇ પણ ભાગ, કેશ કે તેવા દીર્ઘકાળ સુધી જળવાઇ રહેતા પદાર્થો ગણાતા; જ્યારે સંગ્રહ કરી રાખવા માટેની વસ્તુઓમાં, રત્નકરંડક કે પાષાણુ મંજૂષાઓ[૯૬] વપરાતી હતી. આવા કરંડક કે મંજૂષાઓને અગ્નિસંસ્કાર કર્યાના સ્થાન ઉપર[૯૭] પણ સ્થાપન કરી શકાતાં, તેમજ અન્ય સ્થાનકે લઈ જઇને પણ સ્થાપન કરી શકાતાં. અને સ્થાપન કર્યા બાદ તે ઉપર ચણતર કામની ઇમારત ઉભી કરવામાં આવતી હતી. અને આવા સ્થાનોને પછીથી તે તે સંપ્રદાયના મતાનુયાયીઓ, તીર્થયાત્રાના સ્થળ તરીકે પૂજતા અને માનતા હતા.

ઉપરની પ્રથામાં ફેરફાર કરીને સમ્રાટ પ્રિયદર્શિને તો સ્વકુટુંબીઓના મૃત્યુસ્થાનો ઉપર તેમજ સ્વધર્મ પ્રવર્તકના જીવનના અન્ય પ્રસંગો જે સ્થાને બન્યા હતા તેવાં સ્થાન ઉપર પણ સ્મારકો બનાવી રાખ્યાં છે, તેની હકીકત ત્યાંથી વાંચી લેવી. અલબત્ત, આ પ્રસંગો ઇ. સ. પૂ.ની ત્રીજી શતાબ્દિના કહી શકાશે.

**સામાન્ય વર્ણન** આ બીજા પરિચ્છેદમાં જે લોક રીતરિવાજોનો—તેમના આચાર, વિચારનો કે સામાજિક વ્યવસ્થાનો કે જે રાજ્યસ્થિતિનો ખ્યાલ આપણે આપી ગયા છીએ તે સર્વેનો સમય, આપણા આ ઇતિહાસના પુસ્તક–આલેખનના એક હજાર વર્ષમાંથી ઇ. સ. પૂ. ની છઠ્ઠી શતાબ્દિનો ગણવો રહે છે. જો કે તેમાંની કેટલીક વસ્તુસ્થિતિ તે પૂર્વે પણ પૂર્ણપણે અસ્તિત્વમાં હોય અથવા તો અહીંથીજ તેનો પ્રારંભકાળ પણ થયો હોય કે પછી તે સમયે અણખીલ્યા જેવી અવસ્થામાં હોય, તેમ પણ ગણી શકાય.[૯૮] જ્યારે તેની પછીના સમયમાં તે વ્યવસ્થા ફાલીફુલીને સુવ્યવસ્થિતપણે ચાલુ થઇ ગયેલી ગણાય. તાત્પર્ય એ કે, ગમે તે સ્થિતિ હોય પણ સામાન્ય રીતે તેનું બીજારોપણ તો ઈ. સ. પૂ. ની છઠ્ઠી શતાબ્દિથી જ થયું કહી શકાશે.

હવે આ બધું વર્ણન જો વર્તમાનકાળની સ્થિતિ સાથે આપણે સરખાવીશું તો માલૂમ પડશે કે તેમાંનું ઘણુંખરૂં, તેમ ને તેમ કે થોડા ઘણા ફેરફાર સાથે ઉતરી જ આવેલું છે. એટલે કે અઢી હજાર વર્ષ જેટલો કાળ વ્યતીત થઈ ગયા છતાં તે સ્થિતિ એમ ને એમ જળવાઈ રહેલી છે.

---

(૯૫) આવાં અવશેષોનો કાંઈક ખ્યાલ સમ્રાટ પ્રિયદર્શિનના વૃત્તાંતે સ્તૂપની Topes ની હકીકત જ્યાં લખી છે ત્યાં આપેલ છે.

(૯૬) ઉપરની ટીકામાં લખેલ હકીકત અત્ર પણ લાગુ પડે છે.

(૯૭) સાંચીના સ્તૂપમાં બન્ને જાતના દષ્ટાંતો પૂરા પડે છે. વિશેષ માટે સમ્રાટ પ્રિયદર્શિનનું જીવન વૃત્તાંત જુઓ.

(૯૮) એટલે કે હાલના ઈતિહાસના સમયનો પ્રારંભજ ઈ. સ. પૂ. છઠ્ઠી શતાબ્દિથીજ થયો ગણાશે. તે પહેલાનો સમય બધો ઐતિહાસિક યુગની પૂર્વનો Pre-historic age કહીયે તો ખોટું નથી. (જુઓ ટીકા ૯૯.)

બંગાળ ઈલાકાની રોયલ એશીઆટિક સોસાઇટીના પ્રમુખસ્થાનેથી વાર્ષિક પ્રવચન કરતાં મી. હોર્નલ, એવા આશયનું બોલ્યા હતા કે બૌદ્ધધર્મ અને જૈનધર્મ બન્ને એક સમયે એક બીજાના માનનીય હરીફ તરીકે પંકાયલા હતા અને પોતાના મતનો પ્રચાર કર્યે જતા હતા, છતાં વર્તમાનકાળે તેમાંના એકનું એટલે કે બૌદ્ધધર્મનું નામનિશાન જેવું પણ ભારતદેશમાં રહ્યું નથી, જ્યારે જૈનધર્મ હજુ પણ સમયના પ્રમાણમાં જાહોજલાલી ભોગવી રહ્યો છે; તેનું જો કાંઈ પણ ખાસ કારણ હોય તો તેનાં બંધારણમાં સમાયલાં તત્ત્વોનેજ આભારી છે. મતલબ કે પ્રમુખ મહાશયનું મંતવ્ય જૈનધર્મના બંધારણ તરફ વિશેષ પસંદગી બતાવનારૂં થાય છે; તેમજ એ પણ સર્વમાન્ય સિદ્ધાંત છે કે જેવું બંધારણ સુદૃઢ, તેનું આયુષ્ય પણ ચિરકાળી જ રહી શકે છે. તે સૂત્ર આધારે જે પ્રથા બે અઢી હજાર વર્ષ થયાં છતાં પણ આયુષ્યમતિ રહી છે એટલું જ નહીં પણ નજીવા ફેરફાર સાથે અનુકરણીય પણ છે, તો તેના બંધારણના ઘડનાર માટે શું આપણા મનમાં વિશેષ માન ઉત્પન્ન કરનારૂં નથી? ખચીત છેજ.

હવે જો ઇતિહાસ ઉપર દૃષ્ટિ ફેંકીશું તો તરતજ માલમ પડશે કે આ બધાં સમાજનાં બંધારણ તથા ઘડતર રાજા શ્રેણિકના સમયેજ રચવામાં આવ્યાં છે.[૯૯] અને તેનો અમલ પણ તેના પુત્ર અને મહાબુદ્ધિપ્રભાવક મહામંત્રી અભયકુમારની દોરવણીથીજ થતો રહ્યો છે. એટલે કે આ સર્વેનો યશ રાજા બિંબિસાર ઉર્ફે શ્રેણિક કે જેણે પ્રજાની શ્રેણિઓ પાડીને પોતાનું નામ શ્રેણિઓના કરનારા એટલે શ્રેણિક એવું ઉપનામ ઉપાર્જન કર્યું હતું તેને જ આભારી છે. તેમ વિશેષ ઉંડાણમાં ઉતરીને તપાસીશું તો રાજા શ્રેણિકને આવી શ્રેણિઓ રચવા વિગેરે કાર્ય કરવાની પ્રેરણા તેણે બૌદ્ધધર્મનો ત્યાગ કરીને જૈનધર્મમાં યુક્તિ કરી ત્યારબાદજ તે સમયના જૈનધર્મના મહાન પ્રવર્તક શ્રી મહાવીર પાસેથી મેળવી હતી. આ હકીકત શ્રેણિકના જીવનચરિત્ર ઉપરથી વિશેષ સ્પષ્ટ થશે, (તે ત્યાંથી જોઈ લેવું) પણ અત્રે એટલું જણાવવું નિરર્થક નહીં ગણાય કે આ સર્વ શ્રેણિઓનો રચનાકાળ તથા તે માટેની ઝીલેલી પ્રેરણાનો સમય તે શ્રી મહાવીરને સર્વકાળની વસ્તુસ્થિતિ જાણવાનું જ્ઞાન એટલે ત્રિકાળદર્શી જ્ઞાન કે જેને જૈનગ્રંથોમાં કૈવલ્યજ્ઞાન કહેવાય છે તેવું જ્ઞાન ઉત્પન્ન થયું હતું તે બાદનોજ સમય છે. અને જો એમજ છે તો પછી તેવા જ્ઞાનના બળે સારાસાર અને હિતાહિત પદાર્થોનું અવલોકન કરીનેજ જે ઘડતર ઘડાયું હોય તે દીર્ઘકાળી નીવડે તેમાં આશ્ચર્યકારક પણ શું કહેવાય![૧૦૦]

---

(૯૯) રાજા શ્રેણિકના સમયથીજ હિંદના ઇતિહાસનો History of Indiaનો પ્રારંભ થયો કહી શકાશે (જુઓ ટીકા ૯૮.) અને તે પહેલાનાં સમયને ઐતિહાસિક યુગની પૂર્વનો Pre-historic ageનો કહેવાય.

(૧૦૦) કદાચ વાચક એવું પણ અનુમાન બાંધવાને દોરવાઈ જશે કે લેખકને જૈન ધર્મ વિશે પક્ષપાત હશે ને તેથી જ આ પ્રમાણે લખે જાય છે; તો સુવિનીત ભાવે જણાવવાનું કે ઈતિહાસના લેખક તરીકે તો જે સત્ય વસ્તુ સ્થિતિ હોય તેજ જણાવવી રહે છે. પછી તેમાં પક્ષપાત કે અપક્ષપાતનો પ્રશ્નજ ક્યાં રહે છે? તો તો પછી મી. હોર્નલ (જુઓ ઉપરનું લખાણ) ને માટે પણ તમારે કહેવું જ પડશે કે તેમને પણ પક્ષપાત હતો.



# તૃતીય પરિચ્છેદ

## ભૂગોળની દૃષ્ટિએ કંઇક પરિચય

**ટૂંક સાર:**—બૌદ્ધગ્રંથમાં કહેલા આર્યદેશના સોળ પ્રદેશોની અને જૈન ગ્રંથોમાં વર્ણવેલા સાડીપચ્ચીશ દેશોની નામાવળી તથા નકશામાં તે પ્રત્યેકના નામો દર્શાવીને તે બન્નેના કથનનો બતાવી આપેલો મેળ–તે પ્રત્યેક દેશમાં આવેલાં ગ્રામ અને નગરની સંખ્યાનું પત્રક તથા તે ઉપરથી અખીલ ભારતવર્ષમાં તે સમયે કેટલી વસ્તી હોઇ શકે તે ગણી કાઢવાની રીત–તેમજ તેની સત્યાસત્યતા વિશેનું કેટલુંક વિવેચન–તે તે પ્રદેશોની ઓળખ માટેની સંક્ષિપ્તમાં કેટલીક માહિતી–ઉપરના ૧૬ અને ૨૫ાા ની સંખ્યામાં દેશો ગણાતા હોવાને બદલે ઇ. સ. ની સાતમી સદીમાં પ્રખ્યાત ચીનાઇ યાત્રિક શ્રી હ્યુએનત્સાંગે બતાવેલી લગભગ ૮૦ ની સંખ્યા; તે સર્વેના નામો અને તેમની સહેલાઈથી તેમજ સંપૂર્ણપણે સમજુતી પ્રાપ્ત થઇ શકે તે સારૂ, નકશા સાથે તે સર્વેની સીમાનું પરસ્પર દિગ્‌દર્શન–ઉપરના ૮૦ પ્રદેશોમાંના જે ૭૦ નો સમાવેશ આર્યદેશમાં થઈ શકતો હતો તેમનાં સ્થાનની તથા અન્ય કેટલીક સંક્ષિપ્ત માહિતી.

**આર્યાવર્ત્તના દેશો** પ્રથમ પરિચ્છેદમાં આપણે જોઈ ગયા છીએ કે **ભારતવર્ષના** મુખ્ય બે ભાગ પાડવામાં આવ્યા છે. ઉત્તર **હિંદ** અને દક્ષિણ **હિંદ**; અને તે બેની વચ્ચે **વિંધ્યાપર્વત** આડો આવી પડેલ છે. આ બેમાંના ઉત્તર **હિંદની** સંસ્કૃતિ ચઢીયાતી હોઇને તેને **આર્યદેશ–આર્યાવર્ત્ત** પણ કહેવામાં આવતો અને દક્ષિણ **હિંદને દક્ષિણાપથ–અનાર્યદેશ** પણ કહેવાતો. હિન્દુ તેમજ અન્ય શાસ્ત્રો, સર્વે મહાપુરૂષોનો[1] જન્મ આ **આર્ય**-દેશમાં જ થવાનું જણાવે છે. **જૈન** શાસ્ત્રો પ્રમાણે




(૧) આવા મહાપુરૂષોને **જૈન** ગ્રંથોમાં **શલાકા** પુરૂષો તરીકે ઓળખાવ્યા છે. તેમની સંખ્યા ૬૩ ની છે. તે આ પ્રમાણે:—( ૧ ) ૨૪ તીર્થંકર ( ૨ ) ૧૨ ચક્રવર્તી ( ૩ ) ૯ વાસુદેવ ( ૪ ) ૯ પ્રતિવાસુદેવ ( ૫ )

આ આર્યાવર્ત્તના સાડીપચ્ચીશ દેશ ગણવામાં આવ્યા છે. તે સર્વેનું સવિસ્તર વર્ણન કરવામાં આવે તો પાનાનાં પાનાં ભરાઈ જાય, તેમ આખો વિષય નિરસ બની જાય માટે તેમનો ટૂંક પરિચયજ અત્રે આપીશું. તેમજ બૌદ્ધ શાસ્ત્રો અને યાત્રિકોએ જે દેશના વર્ણનો આપ્યાં છે તેનો પણ પરિચય આપીશું. વળી તે તે અરસપરસ મેળવી જોવાનું વાચક વર્ગને સહાયરૂપ નીવડે તે માટે તેના નકશા આપી, સાથે સાથે, તે પ્રત્યેકની સીમાસુચક લાઇન પણ દોરી બતાવીશું.

| જૈન ગ્રંથ [૩]અનુસાર | બૌધ ગ્રંથ [૨]અનુસાર | [૪]દેશનાં નામ | રાજધાની | દરેકમાં કેટલાં ગામ ગણાતાં હતાં એકદમ પ્રાચીન સમયે | કાંઇક પ્રાચીન સમયે |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | મગધ દેશ | રાજગૃહી | ૬૬૦૦ | ૬૬૦૦ |
| ૨ | ૨ | [૫]અંગ દેશ(૧) | ચંપાનગરી(૨) | ૫૦૦ | ૫૦૦૦ |
| ૩ | ૩ | બંગ ,, | તામ્રલિપ્તિ(૩) | ૫૦(અ) | ૫૦૦૦ |
| ૪ | ૪ | [૬]કલિંગ ,, | કાંચનપુર(૪) | ૧૦૦(અ) | ૧૦૦૦૦ |

૯ બળભદ્ર ( નારાયણ અથવા રામ )=૬૩

(૨-૩) બૌદ્ધ ગ્રંથોમાં અને જૈન ગ્રંથોમાં, અમુક દેશ અરસપરસમાં કયો દેશ કહેવાતો અથવા કયા દેશનો કોનામાં સમાવેશ થતો હતો, તે સમજવાનું આ બન્ને નામાવલીમાંની આંક સંખ્યા સરખાવવાથી સરળ થશે. જેમકે જૈન નામાવલીમાં ૮ મો કુશાવર્ત અને ૧૧ મો સૌરાષ્ટ્ર છે તે બન્નેની સામે બૌદ્ધ નામાવલીમાં ૧૧ નો આંક મૂકયો છે, એટલે ૧૧ મા આંક સામેનું જે નામ સૌરાષ્ટ્ર છે તે નામ તળે બન્ને દેશોનો સમાવેશ બૌદ્ધ ગ્રંથોમાં કરવામાં આવ્યો છે એમ સમજવું. તેવીજ રીતે ૭ મો કુરૂ, ૯ મો પાંચાલ અને ૧૦ મો જંગલ આ ત્રણે દેશ સામે નં. ૯ નો આંક મૂકયો છે એટલે તે ત્રણેને ૯ આંક સામેનું જે પાંચાલ નામ છે, તે બૌદ્ધ ગ્રંથમાં નામ આપેલું છે એમ સમજવું. તેવીજ રીતે ૧ લું મગધ અને ૧૫ મું મલય=તે બન્નેને બૌદ્ધનો ૧ મગધ દેશ સમજવો.

(૪) આ યાદીમાં કયાંય અંધ દેશ કે આંધ્ર દેશનું નામ દેખાતું નથી. એટલે બે અનુમાન થઈ શકે છે. (૧) આ યાદી આર્યદેશોની ઉત્તર હિંદની છે જ્યારે આંધ્રદેશ દક્ષિણ હિંદમાં હોઇ, અનાર્ય દેશમાં ગણવામાં આવ્યો હોય, અથવા અડધો આર્ય-દેશ જે ગણાતો તેમાં કદાચ સમાવેશ કરાયો હોય. ( ૨ ) આંધ્ર દેશનું નામ ઈ. સ. પૂ. ૬ સૈકા બાદ અસ્તિત્વમાં આવ્યું હોય ! જો કે મહાભારતમાં આંધ્ર દેશનું નામ આવે છે. એટલે જે કેટલાંક નામો અમુક વખત સુધી પ્રચલિત રહેતા અને વળી અમુક વખત સુધી લુપ્ત થતાં તે દશા આ શબ્દની થવા પામી હોય ! આ બધા પચ્ચીશે દેશોનાં નામો એટલા બધા પ્રાચીન સમયના છે, કે, તેઓની હદ કોઈ પણ ગ્રંથોમાંથી નિશ્ચિતપણે મેળવવાનું કાર્ય કઠણ છે. મેં જે ગોઠવી આપી છે તે પણ સ્વમત્યાનુસાર સમજવું. એટલે તેમાં પણ ઘણો મતભેદ હોવા સંભવ છે. નિરધારિતપણે માની લેવાનું નથી.

(૫) આ આંકની સમજૂતી માટે વાંચો ટીકા ૩, ૪. તથા તેના સ્થાન માટે જુઓ ઉપરનો નકશો

(૬) જુઓ આગળ પાને

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ૫ | કાશી ,, | વાણારસી(૫) | ૧૯૨ | ૧૯૨૦ |
| ૬ | ૬ | કોશળ(૬) ,, | સાકેતપુર | ૯૦૮ | ૯૦૮૦ |

(અ) આ પચીસ નામોમાં જ્યાં જ્યાં (અ) ની નીશાની મૂકી છે તેવાં તો આશરે નવ નામ છે અને તેમની સામે દર્શાવેલી સંખ્યાનો આંક એક શતકની આસપાસ કે તેથી પણ ઓછોજ છે એટલે જ્યારે બીજા દેશોની આંક સંખ્યા જે એક-બે સહસ્રો તો શું પણ અનેક સહસ્રોની આલેખાતી વાંચીએ છીએ ત્યારે સહજ કલ્પના કરવા લલચાઇએ છીએ કે શું લખનારને મતિભ્રમ તો નહીંજ થયો હોય કે? પણ તેમ થવા કારણ નથી કેમકે એક તો આવી સંખ્યાનો પાકે પાયે નિશ્ચય કરનાર પોતેજ પાકો ગણત્રિકાર તેમજ બહુસાવધ લેખક હોવો જોઇએ; નહીં તો વિશેષતાસૂચક ચોક્કસ આંક જેવા કે ૯૦૮, ૧૯૨, ૧૪૫, ૨૮, ૩૬, ૧૪૨ એમ કેમ જણાવી શકે? બે-ચાર ઓછા વધતા જણાવત તો કાંઈ તેની પ્રમાણિકતામાં ગાબડું ન પડી જાત પણ જ્યારે નિશ્ચયાત્મક સંખ્યા બતાવી છે ત્યારે તે વસ્તુસ્થિતિજ સાબિતી આપે છે કે, તેમણે આપેલું ચિત્ર તદ્દન સત્યજ હોવું જોઇએ. ઉપરાંત બીજી હકીકત એ પણ વિચારમાં લેવા જેવી છે કે, આ લેખકો એવી વ્યક્તિઓ છે કે જેમણે સંસારની મોહમાયાને તરછોડી દઇ સંન્યાસ ગ્રહણ કરેલ છે ને આજીવનપર્યંત સત્યપણાને ચુસ્તપણે વળગી રહેવાને પ્રતિજ્ઞાઓ લીધી હોય છે. એટલે એવા નિર્લોભી, નિર્મમત્વ અને નિર્મોહી આત્માઓની કલમમાં કોઈ જાતનો વિકાર દાખલ થવા પામ્યો હોય એમ ઘડીભર કલ્પનામાં આવવા દેવું તે પણ અનુચિત ગણાશે, તો પછી મનમાં એમ ભ્રાંતિ તો રહ્યાજ કરવાની કે આમ થયું હશે શી રીતે? કેમકે મથુરા, પાવાપુરી, તામ્રલિપ્તિ, વાણારસી, મિથિલા, કૌશંબી જેવાં, મોટી મોટી વસ્તી ધરાવતાં શહેરોવાળા પ્રાંતોમાં, શું ગામોની સંખ્યા નાનીજ હશે? અને તેથી પણ અનેક ગુણા નાના વિસ્તારવંતા પ્રાંતોમાં શું ગામોની સંખ્યા તેને ક્યાંય પાછળ મૂકી દેવાય તેવડા મોટા પ્રમાણમાં હશે? એમ બને કેમ? આ પ્રમાણે ઉદ્ભવતી શંકાનું સમાધાન બે રીતે કરી શકાય તેમ છે.

(૧) ગ્રામની સંખ્યાથી ભડકી જવું નહીં, કેમકે તે સમયે ગ્રામ, નિગમ, સન્નિવેશ (આ નામોના અર્થ માટે જુઓ પરિચ્છેદ બીજામાં તેના વર્ણનો) માં કેવી આછી આછી વસ્તી રહેતી હતી તેનો આપણે જો ખ્યાલ કરીશું તો એકદમ જણાઇ આવશે કે, તેવાં સહસ્રોની સંખ્યાને એકઠી કરતાં છતાં પણ એક કૌશંબી કે વાણારસી કે પાવાપુરી જેવા શહેરની જનસંખ્યાની તુલનાએ આવી ન શકે. મતલબ એ કે, ગ્રામસંખ્યાને મનુષ્ય સંખ્યા સાથે કોઈ રીતે, પ્રમાણનું ધોરણ જોડી શકાતુંજ નથી. અને તેથી જ, મોટી સંખ્યાવાળા પ્રાંતો કાંઇ વિશેષ મહત્ત્વના હશે અને નાની સંખ્યાવાળા અબળ હશે કે તત્ત્વહીણા હશે એમ અનુમાન કરી શકાય નહીં. (૨) જેમ અત્યારે એક અમુક ભાગ, ભલે મોટા પ્રાંત કે જીલ્લામાં આવી શકતો હોય છતાં રાજકીય દૃષ્ટિએ તેનું મહત્ત્વ ભિન્ન ગણાયલું હોઇને તેના નામનો નિર્દેશ તદ્દન જુદોજ કરવામાં આવે છે તેમ તે સમયે પણ થયું હોય. જેમકે હાલની હિંદની રાજધાનીનું દિલ્હી શહેર તથા તેની આસપાસનો ભાગ, મૂળે પંજાબ ઈલાકામાં ગણાતો હતો પણ જ્યારથી તે શહેર પાટનગર થયું ત્યારથી તેની મહત્ત્વતામાં વધારો થતાં, રાજકીય કક્ષાએ તેને જુદોજ પ્રાંતવિભાગ કરાવીને સ્વતંત્ર હાકેમના અધિકારમાં મૂકી દીધો છે. તે જ પ્રમાણે ઉપરના નિર્દિષ્ટસ્થળોનું પણ રાજકીય સ્થાન લક્ષમાં રાખીને વ્યવસ્થા કરાઈ હોય, તેમ બનવા યોગ્ય છે. આ બન્ને મુદ્દા સ્વતંત્ર રીતે કે એક સાથે પણ વિચારાયા હોય. બેમાંથી કોઇ કારણ અમાન્ય નથી. આ દલીલોનો સાર એ થયો કે, જે પ્રાંતવાર ગ્રામસંખ્યા જણાવવામાં આવી છે તે તદ્દન સત્યજ અથવા લગભગ સત્ય સ્વરૂપમાંજ છે, એમ સમજી શકાય છે. કોઈ ઠેકાણે હસ્તદોષ થયો હોય તો તેટલું ક્ષંતવ્ય ગણી લેવું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ૯ | કુરૂ(૭) | ગજપુર(૮) | ૮૭૩૨૫ | ૮૭૩૦ |
| ૮ | ૧૧ | કુશાવર્ત્ત(૯) | સોરિપુર(૧૦) | ૪૦૮૩ | ૧૪૦૮૦ |
| ૯ | ૯ | પાંચાલ | કાંપિલ્યપુર | ૩૮૩ | ૩૮૩૦ |
| ૧૦ | ૯ | જંગલ(૧૧) | અહિચ્છત્રા | ૧૪૫ | ૧૪૫૦ |
| ૧૧ | ૧૧ | સૌરાષ્ટ્ર(૧૨) | દ્વારાવતિ(૧૩) | ૬૮૦૫ | ૬૮૦૫ |
| ૧૨ | ૧૨ | વિદેહ(૧૪) | મિથિલા(૧૫) | ૮(અ) | ... |
| ૧૩ | ૧૩ | વત્સ | કૌશાંબી(૧૬) | ૨૮(અ) | ૨૮૦૦ |
| ૧૪ | ૨૫(!) | શાંડિલ્ય | નંદિપુર(૧૭) | ૧૦(અ) | ૧૦૦૦ |
| ૧૫ | ૧ | મલય(૧૮) | ભદ્દિલપુર(૧૯) | ૭૦૦ | ૭૦૦૦ |
| ૧૬ | ૧૬ | મત્સ્ય(૨૨) | વૈરાટ(૨૩) | ૮૦(અ) | ૮૦૦૦ |
| ૧૭ | ૧૬(!) | વરૂણ(૨૧) | ઉચ્છાપુરી(૨૦) | ૨૪(અ) | ૨૪૦૦ |
| ૧૮ | ૧૮ | દશાર્ણ(૨૪) | મૃતિકાવતિ(૨૫) | ૧૮૯૨ | ૧૮૯૨ |
| ૧૯ | ૧૯ | ૬ચેદિ(૨૬) | શુક્તિમતિ(૨૭) | ૬૮૦૦ | ૬૮૦૦૦ |
| ૨૦ | ૨૦ | સિંધસૌવિર(૨૮) | વિત્તભયપટ્ટણ(૨૯) | ૬૮૫૦૦ | ૬૮૫૦૦ |
| ૨૧ | ૨૧ | સૂરસેન | મથુરા | ૬૮(અ) | ૬૮૦૦ |
| ૨૨ | ૧૩(!) | ૬ભંગ(૩૦) | પાવાપૂરી | ૩૬(અ) | ૩૬૦૦ |
| ૨૩ | ૧૩(!) | ૬–૭માસ | પૂરિવટ્ટાઉ ઉર્ફે પૂરિવત્તા(૩૧) | ૧૪૨(અ) | ૧૪૨૦ |
| ૨૪ | ૨૪ | કુણાલ(૩૨) | સાવત્થિ–શ્રાવસ્તિ | ૬૩૦૫૩ | ૬૩૦૫ |
| ૨૫ | ૨૫ | ૮લાટ(૩૩) | કોટિવર્ષ(૩૪) | ૨૧૦૩ | ૨૧૦૩ |
| ૨૫½ | | કેઇક ( કેતક ) (૩૫) | શ્વેતાંબિકા | અર્ધ | |
| | | | સરવાળો | ૨૫૦૫૩૫ | ૨૫૨૩૯૫ |

(૭) જુઓ નકશો નં. ૨ માં નામાવલી નં. ૨૧ નું વર્ણન

(૮) જુઓ આગળ પાને નામાવળીમાં આંક નં. ૧૯ નું વર્ણન.

**પેજ નં. ૪૬ ના નકશાની ફુટનોટ.**

[ ૧ ] જુઓ નકશા નં. ૨ માં નં. ૪૧ ના આંકનું વર્ણન,

[ ૨ ] ઉપરના આંક નં. ૧ નું લખાણ જુઓ!

[ ૩ ] જુઓ નકશા નં. ૨ માં નં. ૪૫ ના આંકનું વર્ણન.

[ ૪ ] જુઓ નં. ૫૦ ના આંકનું વર્ણન.

**તે વખતની વસ્તિનો અડસટ્ટો અને વર્તમાન કાળ સાથેની તેની સરખામણી**

એકદમ અતિ પ્રાચીન સમયની અને બહુ નજીકના પ્રાચીન સમયની એમ બન્ને ગણત્રીએ, ઉપર પ્રમાણે આર્યાવર્ત્ત અથવા ઉત્તર હિંદના સાડીપચ્ચીસ દેશમાં આશરે અઢીલાખ ગામો ગણાતાં. સાથે સાથે આપણે એમ પણ જાણીએ છીએ કે ઉત્તર હિંદ કરતાં દક્ષિણ હિંદ વિસ્તારમાં ઘણો નાનો છે તેમ અનેક ઝાડી–જંગલો અને પર્વતોથી ભરચક છે, એટલે તેની વસ્તિ પણ અતિ પાતળી જ હશે; એટલે ઉપરના હિસાબે બહુબહુ તો સમસ્ત ભારતવર્ષમાં ચાર લાખ અથવા તેથી કાંઈક અધિક ગામડાં હોવાં જોઇએ. ( ક્યાં અત્યારના સાડાસાત લાખ ગામો અને ક્યાં તે વખતના ચાર કે સાડાચાર લાખ ગામો ? )

ઉપરની સંખ્યામાં કેવળ ગામની સંખ્યા

---

( નકશો નં. ૨ )

[ ૫ ] સંસ્કૃત નામ બનારસ છે. નકશા નં. ૨ માં નં. ૨૯ માં આંકનું વર્ણન જુઓ.

[ ૬ ] નકશા નં. ૨ માં આંક નં. ૫૧ નું ટીપ્પણ જુઓ.

[ ૭ ] કૌરવોનો દેશ તે કુરૂ; જે દેશ ઉપર કુરૂના વંશજો એટલે કૌરવોએ રાજ્ય કર્યું તે કુરૂદેશ.

[ ૮ ] ગજ=હાથી, હસ્તિ; પુર=નગર, શહેર; બીજું નામ હસ્તિપુર અથવા હસ્તિનાપુર.

[ ૯ ] કુશાવર્ત્ત=કુશ+આવર્ત્ત; કુશ=ઘાસ, આવર્ત્ત=છવાયલું, ઢંકાયલું; જે દેશ સર્વત્ર ઘાસથી વિવૃત્ત થયેલ છે તે. સૌરાષ્ટ્રમાં આવો ભાગ ગિરનાર પર્વતની તળેટીવાળો પ્રદેશ છે અને તેથી ગિરના જંગલનો દેશ તે કુશાવર્ત્ત, હાલના જુનાગઢ રાજ્યની હકુમતમાં તે આવેલ છે. ( ડે. એ. ઇ. પૃ. ૨૫ માં લખેલ છે કે મી. ટોડના મતથી કુશાવર્ત્ત એટલે દ્વારિકા, પણ તે સમજણ ખોટી લાગે છે, કેમકે કુશાવર્ત્ત તો ઠેઠ વિંધ્યાચળની કિનારીએ આવેલ છે. )

[ ૧૦ ] શૌરિપુર=શૌરિ+પુર; શૌરિ તે ચૌરિનું અપભ્રંશ છે; અને ચૌરિ તે ચોર ઉપરથી ટુકું નામ સંભવે છે. એટલે ચોરપુર અથવા હાલનું ચોરવાડ=વેરાવળથી વાયવ્ય ખૂણે આશરે ૧૨ માઈલ ઉપર છે જ્યાં જૈન ધર્મના બાવીશમા તીર્થંકર નેમિનાથના પિતા સમુદ્રવિજયનું રાજ્ય સ્થાપિત થયું હતું. કેટલાકના મતે, આ સ્થાન આગ્રાથી ૪૭ માઇલ દૂર અફાટ જંગલમાં આવેલું છે. E. I. Ry. ના શીકોહાબાદ સ્ટેશનથી ૧૨ માઇલ થાય છે.

[ ૧૧ ] જંગલ—( જુઓ નકશા નં. ૨ માં આંક નં. ૬૯–૭૦ નું વર્ણન. )

[ ૧૨ ] સૌરાષ્ટ્ર—આ નામ ક્યા પ્રદેશને માટે વપરાતું તથા તેમાં ક્યા ક્યા પ્રદેશનો સમાવેશ થતો હતો તે માટે જુઓ બુદ્ધિપ્રકાશ ( ગુ×વ× સોસાઈટીનું ત્રિમાસિક.) અંક ૧ લો ૧૯૩૪ પૃ. ૪૮ થી ૫૫.

સૌરાષ્ટ્રમાંજ ઉપરના નં. ૧૦ વાળો શૌરિપુર-વાળો ભાગ આવી જતો હતો, અને શ્રી કૃષ્ણના પિતા વસુદેવ તથા શ્રી નેમિનાથના પિતા સમુદ્રવિજય; તેમજ બીજા આઠ ભાઇઓ મળીને કુલ દશ ભાઈઓ થાય તે દશદશાર્હના નામે પ્રખ્યાત થઇ ગયા છે. આ સઘળા યાદવકુળભૂષણ છે; અને મથુરાથી કાઠિયાવાડમાં આવીને વસ્યા હતા.

[ ૧૩ ] દ્વારાવતિ, અથવા દ્વારામતિ; અસલ નામ કુશસ્થળી અથવા આનર્ત્તપુર. વિશેષ હકીકત માટે જુઓ બુદ્ધિપ્રકાશ ત્રિમાસિક; સને ૧૯૩૪ પૃ. ૪૮ થી ૫૫ તથા પૃ. ૧૧૯ થી ૧૨૩.

[ ૧૪ ] વિદેહ—( જુઓ નકશા નં. ૨ માં આંક નં. ૩૮ વાળું લખાણ ) તથા તેનું ટીપ્પણ ૬.

આપવામાં આવી છે પણ વસ્તિ કેટલી હતી તેનો ક્યાંય નિર્દેશ કરવામાં આવ્યો નથી. એટલે તે વિશે કોઇ રીતનો નિરધાર કરી શકીએ તેવી સ્થિતિમાં તો નથી પણ તે વિશે હજુ કાંઇક અનુમાન કરી શકીએ ખરા.

પ્રથમ પરિચ્છેદમાં જણાવી ગયા છીએ કે ઈ. સ. પૂ. ૮ થી ૬ સદીમાં કુદરતની કૃપા હિંદ ઉપર લખલૂટપણે વર્તતી હતી, જેથી સામાન્ય જનતાને આજીવિકા માટે અહીંતહીં વલખાં મારવાં પડતાં નહોતાં તેથી, તેમજ કાળ-

---

[ ૧૫ ] **મિથિલાને** ઘણીવાર **મથુરા** તરીકે લખવાથી ભૂલ થઈ જાય છે. **મથુરા** તે **સૂરસેન દેશની** રાજધાની છે. ( જુઓ નામાવળીમાં નં. ૨૧ નો **દેશ** ) જ્યારે **મિથિલા** તે **વિદેહ** દેશની રાજધાની છે. ( ઉપર નં. ૧૪ નો આંક જુઓ. )

[ ૧૬ ] **કૌશંબી**—( નકશા નં. ૨ માં આંક નંબર ૩૧ જુઓ. )

[ ૧૭ ] **નંદિપુર** અથવા **નાંદેર**; હાલના **રાજ**-પીપળા રાજ્યનું પાટનગર; **ગુર્જર** ક્ષત્રિયોના **દદ્દાવંશી** રાજાઓનું રાજ્ય આ પ્રદેશ ઉપર ઈ. સ. ની ૬ થી ૮ સદી સુધી હતું; પ્રખ્યાત **જૈનાચાર્ય** **મલ્લવાદિસૂરિ** કે જેમણે **વલ્લભી** રાજ્ય દરબારે, સુવિખ્યાત **બૌદ્ધાચાર્ય** **ધર્મોત્તરકીર્તિને** વાદમાં જીતી લીધો હતો તે **મલ્લ**વાદિના પિતા આ દદ્દાવંશના જ હતા. (જુઓ **જૈનધર્મપ્રકાશ** પુ. ૪૫, શ્રાવણ અંક, સંવત ૧૯૮૫ નો. **વર્દ્ધમાનપુરી** વિશેની હકીકતવાળો લેખ. )

[ ૧૮ ] **મલય**—અને—

[ ૧૯ ] **ભદ્દિલપુર**

(કે. એ. ઇ. પૃ. ૧૨ ) તેમાં લખેલ છે કે, જે **પ્રદેશમાં** **પાર્શ્વનાથ** પહાડ આવેલ છે, તે પ્રદેશને ( મી. **ચુલના** મત પ્રમાણે ) **મલ્લ** કહેવાતો એટલે કે **હજારી**-બાગ ને **માનભૂમ** જીલ્લાવાળી ભૂમિ; પણ પુરાણોના મતથી આ નામે બે દેશ છે: એક પશ્ચિમમાં ને બીજો પૂર્વમાં. તેમાંનો એક **મલય** પર્વતવાળો ભાગ જે **છોટાનાગપુરમાં** ( ઉપરનું પુસ્તક પૃ. ૫૩ જુઓ ) આવેલ છે તે, અને બીજું **ભદ્દિલપુર** જે **રાજગૃહીની** ( **મગધની** રાજધાની ) બહુ નજીકમાં આવેલ શહેર છે તે; એટલે મી. **ડે.** જેને **મલ્લદેશ** કહે છે તે જ **મલય** દેશ હશે અને તેની રાજધાની **ભદ્દિલપુર** લેખ્યું હશે. અને જો તેમજ હોય તો **હજારીબાગ** અને **માનભૂમ** જીલ્લા ઉપરાંત, તેમાં **સિંગભૂમ, સંબલપુર** આદિ જીલ્લાનો પણ સમાવેશ થવો જોઇએ.

[ ૨૦—૨૧ ] નકશા ૨ ના વર્ણનમાં આંક નં. ૬૩ જુઓ.

[ ૨૨ ] **મત્સ્ય**—તેમાં હાલના **શેખાવટીનું** રાજ્ય અને **અલ્વર** રાજ્યનો પશ્ચિમનો મોટો ભાગ સમાયલ હતો; પણ મારી માન્યતા **પ્રમાણે** તે રાજ્ય ઠેઠ **અરવલ્લી** પર્વતની પશ્ચિમ કિનારીએ કિનારીએ દક્ષિણ સુધી લંબાયેલું હતું. અને તેમાં **જોધપુર** રાજ્યનો પણ ઘણો ભાગ **સમાઈ** જતો હતો. તેની રાજધાનીનું નામ **વિરાટનગર** હતું, જે ઠેકાણે **હાલ** **પ્રિયદર્શિન્** રાજાનો **બાબ્રા—વૈરાટનો** ખડક લેખ ઉભો છે. વળી **મહાભારતમાંના** **અર્જુનપુત્ર** **અભિમન્યુની** રાણી ઉત્તરાદેવી તે આ **વૈરાટનરેશની** જ પુત્રી હતી. અને **પાંડવો** જે એક વર્ષ સુધી વનવાસે રહ્યા હતા તે પણ આ **અરવલ્લી** પહાડવાળો પ્રદેશજ હતો.

( ૨૩ ] ઉપર નં. ૨૨ જુઓ.

[ ૨૪ ] **દશાર્ણ**—મારૂં ધારવું એમ છે કે **ભિલ્સા** પાસે તેનું રાજ્ય હશે. ( પુરાતત્ત્વ. પુ. ૧ પૃ. ૪૫ માં લખે છે કે **અવંતિ** દેશના પૂર્વ ભાગને **આકાર** અથવા **દશાર્ણ** કહેવામાં આવતો, અને તેની રાજધાની **વિદિશા** હતી કે જેને હાલ **ભિલ્સા** કહેવાય છે અને જે **ભોપાળ** રાજ્યમાં આવેલું છે. ) વળી આ વાતને એક કથાનકથી ટેકો મળે છે, જેમાં એમ છે કે **આર્યમહાગિરિજી** પોતાના ભાઈ **આર્યસુહસ્તિજી** ( સમ્રાટ **પ્રિયદર્શિન્**ના ધર્માચાર્ય ) સાથે **અવંતિમાં**

દેવના ચક્રના નિયમાનુસાર તે સમયના મનુષ્યના શરીરના બાંધા દઢતર, આયુષ્ય મોટાં, તેમજ દેહમાન અત્યારના કરતાં વિશેષ લાંબા હતાં તેથી, સ્વાભાવિક અનુમાન થાય છે કે અત્યાર કરતાં તે સમયે ગ્રામસંખ્યા ઓછી હોવી જોઈએ. વળી બીજી ગણત્રીથી લેતાં પણ તે અનુમાન સાચું ઠરે છે, કેમકે એક બાજુ જ્યારે મનુષ્યનાં શરીર મોટાં હોય અને બીજી બાજુ જમીનનો વસ્તિયાળ ભાગ તો અત્યારના કરતાં ઓછો હતો જ, કારણ કે જંગલોની સંખ્યા તેમજ વિસ્તાર મોટાં હતાં, એટલે તે પ્રમાણમાં વસ્તિની સંખ્યા ઓછી હોય તોજ, તેઓ સર્વે સુખેથી રહી શકે. આ પ્રમાણે ગ્રામોની સંખ્યા હાલના કરતાં લગભગ અડધી રાશે આવી જાય

---

રહેતા હતા; પણ તેમણે તેમનું કહ્યું ન માનવાથી પોતે દશાર્ણદેશમાં ગજેંદ્રપદ=ગજેંદ્ર+પદ=ગજ કહેતાં હાથીઓમાં જે ઇંદ્ર જેવો છે તે ઐરાવત હાથી; અને તેનું પગલું જ્યાં છે તેવો પર્વત તે ગજેંદ્રપદ પર્વત; એટલે કે જે પર્વતની ઉપર કે તળેટીએ, ઐરાવત હાથીનું પગલું કોતરેલ છે તેવા પર્વત ઉપર ગયા. આથી સમજાય છે કે આ બધા સ્થળો એક બીજાની પડોશમાં જ હોવાં જોઈએ.

આ ઉપરથી એવો આશય નીકળે છે કે જેમ કલિંગદેશના જાગુડા અને ધૌલી પર્વતની તળેટીમાં મોટો હાથી કોતરેલ છે તેમ આ ગજેંદ્રપર્વતની તળેટીએ પણ તે પ્રમાણે કે તેના જેવી પદ્ધતિએ હાથી—હાથીપગલું કોતરેલ હોવું જોઇએ. ( સરખાવો પ્રિયદર્શિન્ ચરિત્રે શિલાલેખોનાં સ્થળો વિશેનું વર્ણન )

[ ૨૫ ] આ નગરીના સ્થાન વિશે કાંઇ નિશ્ચિતપણે હું કહી શક્તો નથી.

[ ૨૬-૨૭ ] આ બન્ને વિશે ચેદિવંશના પ્રકરણમાં હકીકત લખાઈ છે ત્યાં જુઓ.

[ ૨૮-૨૯ ] સિંધુ અને વિત્તભયપટ્ટણ— આગળ ઉપર સિંધુ-સૌવિર દેશની હકીકતમાં જુઓ.

[ ૩૦ ] નકશા નં. ૨ માં આંક નંબર ૩૨ નું વર્ણન જુઓ.

[ ૩૧ ] તેના સ્થાન વિશે કાંઈ માહિતી નથી. રે. વે. વ. નું પુ. ૧ લું. ૧૭૯ ઉપર પારિયાત્રનું વર્ણન છે તે સરખાવી જુઓ. કદાચ તેને લાગુ પડી જતું હોય.

[ ૩૨ ] આવા નામનો કોઈ પ્રદેશ હોય એવું અદ્યાપિ પર્યંત મારી જાણમાં આવ્યું નથી, પણ તે નામ વાંચતાની સાથે તેને મૌર્ય સમ્રાટ અશોકનો પુત્ર અને સમ્રાટ પ્રિયદર્શિનનો પિતા કુણાલ કે જે અંધ બન્યો હતો તે તુરતજ સ્મરણમાં ચડી આવે છે. તેના જીવનવૃતાંત સાથે પણ શ્રાવસ્તિ નગરીને શું સંબંધ હશે તે માહિતી નથી.

[ ૩૩ ] લાટ—એક સમયે ઉત્તરે પાલણપુર, દક્ષિણે સુરત, પૂર્વમાં ગોધરા અને પશ્ચિમે ખંભાત; આ સીમા વચ્ચેનો સર્વ પ્રદેશ લાટ તરીકે ઓળખાતો હતો. પ્રાચીન સમયે લાટમાં કયો પ્રદેશ ગણાતો હશે તેનું કાંઈક અનુમાન આ ઉપરથી દોરી શકાય ખરૂં.

[ ૩૪ ] કોટિવર્ષ—સ્થાન નક્કીપણે કહી શક્તો નથી. કદાચ હાલનું વડનગર કે ખંભાત પણ હોય; કેમકે આ સ્થાન બહુ લાંબા સમય ઉપરથી જાણીતું ગણાય છે.

[ ૩૫ ] આ પ્રદેશનું નામ અજાણ્યું દેખાય છે, પણ તેની રાજધાની શ્વેતાંબિકા લખી છે તે જો શ્વેતાંબીનું ટુંકું નામ હોય કે તેની સાથે કાંઈ સંબંધ ધરાવતું હોય તો આ પ્રદેશ હજુ તે કહી શકાય કે, જેને ઓહરેચ કહેવાય છે ને જેમાં થઈને શરિટ નદી આડી વહે છે, અને જેની પાસેજ શ્રી મહાવીરને, સંગમ દેવનો મહાઉપસર્ગ સહન કરવો પડયો હતો.

[ ૩૬ ] ઉપરનો નં. ૩૫ જુઓ.

હવે નકશા નં. ૧ ની ફુટનોટસ પુરી થઈ ગઈ.

છે, તો બીજા કોઈ તત્ત્વની અસર થયાનું હિસાબમાં ન લઇએ તો પણ, મનુષ્યની આબાદી ( સંખ્યા ) હાલના કરતાં તેનાથી ઉલટા પ્રમાણમાંજ તે સમયે આવી રહેવી જોઇએ, એમ અનુમાન દોરી શકાય છે.

અત્રે એક વાત એ પણ ભૂલવી જોઇતી નથી કે જે ગ્રામસંખ્યા અત્યારે વધી ગઈ છે, તેનું કારણ એમ પણ હોય કે પ્રથમ એક મોટું શહેર હોય અને પછી જેમ જેમ તેના વેપારપાણી મંદ થઈ જવા માંડે તેમ તેમ વસ્તિને પોતાના પેટપૂરતી આજીવિકાના સાધનોની કોતાઈ પડે, જેથી તેમાંના કેટલાયે સ્થાનાંતર કરી, અન્ય ગ્રામોમાં વસવા માંડે અથવા તો કોઇ સાનુકૂળ જગ્યા માલૂમ પડતાં તદ્દન નવીનજ ગ્રામ વસાવી ત્યાં પડાવ નાંખે.

પ્રથમનો જે વિસ્તાર ઘાટા જંગલોથી ઘેરાયલો પડયો રહેતો, તેમાંનો મોટો ભાગ દુષ્કાળ પડવાથી કુદરતી રીતે નાશ પામતો અથવા તો ઝાડો કાપી નાંખી તેનો નાશ કરવામાં આવતો[૯] અને આ પ્રમાણે તે સર્વ જમીન રહેવા લાયક બનાવવામાં આવતી; જેથી વસવા લાયક જમીનનો વિસ્તાર વધતો જતો અને તત્ પ્રમાણમાં નવાં ગામો વસતાં દેખાય તેમ તેની સંખ્યા પણ વધતી જતી દેખાય. એટલે ગ્રામસંખ્યાનું પ્રમાણ વર્તમાન કાળે જે વધી ગયું દેખાય છે તેના ઉકેલની આવી આ પ્રમાણે ગોઠવી શકાય તેમ છે.

જેમ એકંદરે ગ્રામ સંખ્યા અત્યારે વધી ગયાનાં કારણો કલ્પી શકાય છે તેમ પ્રત્યેક ગ્રામની જનસંખ્યા પણ તે સમયના કરતાં અત્યારે વધી ગઈ હોય, તેમ બનવાનું સબળ કારણ એ ઉપરથી અટકળી શકાય છે કે, મરણ કરતાં જન્મનું પ્રમાણ હમેશાં વધારેજ હોય છે. એટલે તે નિયમાનુસાર દિવસાનુદિવસ મનુષ્ય–સખ્યામાં વૃદ્ધ થયાં જ કરે. અલબત્ત, કેટલેક કાળે આમ જળપ્રલય દુષ્કાળ કે કોઈ મહામારીનો ઉપદ્રવ ફાટી નીકળે ( જો કે આવા પ્રસંગો જવલેજ બને છે ) તો હજુ મનુષ્યસંખ્યાનો એકદમ સામટો સોથ નીકળી જાય ખરો, છતાંયે જે પ્રમાણમાં વૃદ્ધિ થઈ હોય તે પ્રમાણમાં તો મનુષ્યસંહાર થતો નથીજ, એમ અર્વાચીન ઇતિહાસમાં આલેખાયલાં દૃષ્ટાંતોથી જોઇ શકીએ છીએ. પરિણામે એજ સાર ઉપર આવવું પડે છે કે, જેમ ગ્રામસંખ્યા તે સમયે હાલના કરતાં અડધી હતી તેમ મનુષ્યસંખ્યા પણ લગભગ અડધીજ હશે તે વિશેષ સંભાવત લાગે છે.

જો કે બૌદ્ધ ગ્રંથોમાં જે વર્ણનો અપાયાં છે અને જેનો નિષ્કર્ષ ઇંગ્રેજીમાં ભાષાંતરરૂપે[૧૦] ઉતારાયો છે તેમાં તો મહાત્મા બુદ્ધના સમયે સકલ

(૯) અત્યારે પણ તેજ સ્થિતિ જ્યાં ત્યાં પ્રવર્તી રહી છે કે જે ઝાડી જંગલો હોય તે કાપી નાંખી જગ્યા ખુલ્લી કરી નાંખવી. આ કાર્યક્રમથી ઉલટો દુષ્કાળ વધારે તીવ્ર બને છે તથા વરસાદ પાણી પણ કમી થાય છે એમ વિજ્ઞાનશાસ્ત્રીઓનો મત બંધાતો જાય છે.

(૧૦) જુઓ ( અ ) રેકર્ડઝ ઓફ ધી વેસ્ટર્નવર્લ્ડ પુ. ૧ અને ૨; ( કર્તા રેવરંડ એસ–બીલ ) આ પુસ્તકો પ્રખ્યાત ચીનાઇ મુસાફર મી. હુએનશાંગે લખેલ વર્ણનના ભાષાંતર રૂપે લેખાય છે તથા જુઓ ( બ ) પ્રો. આર. ડેવીસે લખેલું બુદ્ધિસ્ટ ઇન્ડીઆ નામનું પુસ્તક પૃ. ૨૩

હિંદમાં માત્ર સોળ રાજ્યોનુંજ[૧૧] અસ્તિત્વ હતું એમ જણાવવામાં આવ્યું છે; તેમ છતાં સોળેનાં નામ તેમાં નથી આપ્યાં; માત્ર આઠનાંજ નામ તથા વર્ણન કર્યાં છે. વળી જે રીતે પ્રત્યેકની સીમાનો ચિતાર આપ્યો છે તથા અન્ય સ્થિતિ વર્ણવી છે, તેનું અવલોકન કરતાં રાજકીય દૃષ્ટિએ અગત્યતા બતાવતું તેમાં કાંઈ દેખાતું નથી. એટલે પણ તે હકીકતને આપણે ઐતિહાસિક મહત્ત્વતા કેટલી આપવી તે શંકાશીલ ગણવું રહે છે, છતાં જ્યારે આ પુસ્તકો અર્વાચીન સમયે સુપ્રાપ્ય છે અને પ્રજાના હાથમાં વિશેષપણે વાચન માટે આવી પડે છે ત્યારે તેની સમાલોચના અથવા ઝાંખી, કંઈક અંશે કરવી જ જોઇએ, જેથી આટલું વિવેચન કરવા આવશ્યકતા ધારી છે.

**બૌદ્ધ ગ્રંથોના આધારે**

બૌદ્ધ ગ્રંથોમાં જે હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે તે મોટા અંશે તો ચીનાઇ યાત્રિકોએ, હિંદમાં આવીને ફરતા ફરતા, રસ્તામાં જે જોયું તેનું તથા હિંદમાં પોતે જે સ્થિતિ અનુભવી તેનું, સ્વહસ્તે લખેલું સવિસ્તર વર્ણન છે; અને આ વર્ણનગ્રંથોનાં, સ્વમતિ અનુસાર કેટલાક વિદ્વાનોએ ઇંગ્રેજીમાં ભાષાંતર કરીને પુસ્તકો બહાર પાડ્યાં છે.

આ સ્થળે એક હકીકત સ્મરણમાં રાખવી આવશ્યક છે કે જે સમયની આપણે વાત કરી રહ્યા છીએ તે ઇ. સ. પૂ. પાંચ-છ સૈકાની છે કે જ્યારે મહાત્મા બુદ્ધની હૈયાતી હતી; પણ આ ચીનાઇ યાત્રિકો તો તેની પછી લગભગ નવ-દશ સૈકાએ કે બલ્કે તેથી પણ મોડા સમયે હિંદમાં પર્યટનાર્થે આવ્યા હતા, એટલે તેમણે આલેખેલ જાતિ અનુભવ, ભલે તદ્દન સત્યના અંશથી અને નિષ્પક્ષપાતપણાથી ભરપૂર હોય છતાં તેજ પરિસ્થિતિ, તે સમયની પૂર્વે સહસ્ર વર્ષે ( એટલે મહાત્મા બુદ્ધના સમયે ) પણ હતી એમ તો છાતી ઠોકીને કહી નજ શકાય. તેની સાબિતી તેમના લખેલાં વર્ણનોના શબ્દો ઉપર ઉપલક દૃષ્ટિ ફેંકતા પણ સહજ જણાઈ આવે છે, કેમકે તેમણે તો પોતાના પુસ્તકમાં લખેલ પૂર્વસમયે સ્વતંત્ર રાજ્યની સંખ્યા સોળને બદલે લગભગ એંસી જેટલી મોટી બતાવી છે. અલબત્ત, કેટલાંક તદન પરતંત્ર જેવાં પણ છે; જ્યારે કેટલાંક તો એક બીજાની હદમાં અંતર્ગત હોય એમ પણ દેખાઇ આવે છે. એટલે, જો બારિક વિગતોમાં ઉતરીને, આવાં વધી પડેલ રાજ્યોની સંખ્યા બાદ કરવામાં આવે તો, સર્વ રાજ્યોની જે બૌદ્ધ સમયે સંખ્યા સોળની જણાવવામાં આવી છે તે હકીકત યથાર્થ હશે અને પાછળથીજ બીજાં રાજ્યોનાં નામો ફુટી નીકળ્યાં હશે, તેવા[૧૨] નિર્ણય ઉપર આપણે પણ આવવું પડે છે.

---

( ૧૧ ) મી. વીન્સેન્ટ સ્મીથકૃત અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડીઆ ચોથી આવૃત્તિ પૃ. ૨૯

(૧૨) બૌદ્ધ સમયે જે સંખ્યા માત્ર ૧૬ ગણરાજ્યોની હતી તે મૌર્યવંશી અને શુંગવંશી રાજ્ય અમલ, પહોંચ્યો ત્યાં સુધીમાં, ધીમે ધીમે કેંદ્રિત રાજ્ય સત્તા અથવા સાર્વભૌમ સતા Autocrasy જેવી સ્થિતિએ પહોંચી, સોળથી પણ ઓછી થઇ ગઇ હતી. પણ તે બાદ અકેંદ્રિત રાજ્ય વ્યવસ્થાનું ( Republican & Democratic ) પુનરુત્થાન થવાથી તે સંખ્યામાંથી અનેક નવાં એકમો (Units) ઉભાં થઈ તેની સંખ્યા ઉંચી હદે થવા પામી હતી. ( નીચેની ટીકા નં. ૧૦ સરખાવો )

આ પ્રમાણે ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં મૂળે તો સોળ રાજ્યોજ હતાં, પણ તેમાંથી લગભગ ૮૦ જેટલાં રાજ્યો જે થવાં પામ્યાં હતાં તેના મુખ્યત્વે બે કારણો હતાં (૧) જે સોળ રાજ્યો ગણ્યાં છે તે તો કેવળ ઉત્તર હિંદના એટલે આર્યદેશનાંજ કહેવાતાં હતાં જ્યારે આ ૮૦ ની સંખ્યા તે તો ઉત્તર અને દક્ષિણ હિંદ એમ બંનેના મળીને ગણાવ્યાં છે. એટલે સ્વાભાવિક છે કે તેની સંખ્યા અધિકપણે દેખાય જ. વળી (૨) દિનપ્રતિદિન, કલિયુગ આગળ વધ્યે જતો હતો, અને પ્રથમ પરિચ્છેદમાં જણાવી ગયા પ્રમાણે સામાન્ય જનતા ઉપર કાળદેવની અસર પડયે જતી હતી એટલે સંભાજ્યને બદલે વિભાજ્ય વૃત્તિનો[૧૩] સાક્ષાત્કાર થતો જતો હતો. આ પ્રમાણે જેમ જનતા ઉપર કાળદેવની અસર થતી હતી તેમ કુદરત પણ તેની અસરમાંથી મુક્ત રહી શકે તેમ હતું જ નહી. એટલે દુષ્કાળો વધ્યે જતા હતા, જેથી ઝાડી–જંગલોનો નાશ થતો જઈ, અનેક ભૂભાગો ઉઘાડા અને વેરાન સપાટ પ્રદેશો બની જતા હતા અને પછી તે ઉપર જીવનસંગ્રામ માટે ફાંફાં મારતાં મનુષ્યના ટોળેટોળાં રળી ખાવાને, નવી જમીન ઠીક હાથ લાગી છે માટે ચાલો ત્યાં જઇ વસીએ, આવા મનસુબા અને મનોરથોથી ત્યાં જઇ વસવા લાગી જતાં. અને આયંદે નવાં નવાં સંસ્થાનો–રાજ્યો સ્થાપિત થતાં. આ બે કારણોથી રાજ્યોની સંખ્યામાં અતિ વૃદ્ધિ થઇ હોય તેમ સંભવિત છે, અને તે સ્થિતિ એટલે દરજ્જે આગળ વધી કે આર્ય–અનાર્ય નામે ઓળખાતા હિંદના બે વિભાગો પણ નષ્ટ થઇ જવા પામ્યા હોય.

**તે સર્વેનો ટૂંક પરિચય.**

જે સોળ રાજ્યો ગણાવ્યાં છે તેમાં પણ તેર તો વિસ્તારમાં તેમજ મહત્ત્વતામાં શેષ ત્રણ કરતાં ન્યૂનજ હતાં. જે ત્રણ મોટાં હતાં તેમનાં નામો (૧) **कंबोजराष्ट्र** (૨) **सिंध–सौवीर** અને (૩) **मगधराष्ट्र**. આમાંના પહેલાં બે, વિસ્તારમાં અતિ મોટાં હતાં, જ્યારે ત્રીજું વિસ્તારમાં કાંઈક નાનું હતું, છતાં રાજકીય દૃષ્ટિએ પ્રબળ તેમજ વધારે સત્તાવાન હતું; તથા ધાર્મિક દૃષ્ટિએ, ત્યાં મહાન્ ધર્મોપદેશકોનો જીવનકાળ વધારે વ્યતીત થયેલ હોવાથી તેમજ તેમની ઉપદેશવાણીના અમીરસનું પાન સામાન્ય જનતાને વિશેષ અંશે થયું હોવાથી તેઓ સંસ્કૃતિમાં તેમજ જીવનમાર્ગમાં બીજા બે રાષ્ટ્રની પ્રજા કરતાં ઉચ્ચ કોટિએ પહોંચ્યા હતા. મતલબ કે આ ત્રીજા રાજ્યનું પદ, રાજકીય અને સંસ્કારીપણાની દૃષ્ટએ–અથવા તેને સુધારક નામથી ઓળખાવો તોએ–પ્રથમના બે કરતાં ઉચ્ચ ગણાતું. એટલે તે રાષ્ટ્ર નાનું હતું છતાં તેનો ખંગ આ પ્રમાણે વળી જતો હતો.

આપણે આ પુસ્તકમાં પ્રથમ તો ઉપરના સોળે રાજ્યો સંબંધી ટૂંક પરિચય આપવો પડશે અને પછી ક્રમે ક્રમે એક પછી એકનો નાશ થઇને તે સર્વે કેવી રીતે એક છત્રછાયા જેવી સાર્વભૌમ સત્તાની આણામાં આવી પડ્યાં હતાં અને પરિણામે સારા ભારતની સ્થિતિ,ગણુ–

---

(૧૩) ઉપરની ટીકા નં. ૮ જુઓ. સંભાજ્ય= એકઠું થવું, (Centerlization) કેંદ્રિત થવાની સ્થિતિએ વળવું તે.

રાજ્યમાંથી કેંદ્રિત રાજ્યની[૧૪] થઇ ગઈ હતી તે બધું સ્પષ્ટ સમજાશે. પણ તે સોળ રાજ્યોનો પરિચય આપવા માંડીયે તે પહેલાં, પાશ્ચાત્ય વિદ્વાનોએ જે ૮૦ રાજ્યોનાં[૧૫]વર્ણન આપણી સમક્ષ મૂક્યાં છે તેનું એકીકરણ કરી બતાવીશું કે જેથી ઈસ્વીસનની પાંચમી સદીનાં ક્યાં ક્યાં રાજ્યો, ઇસ્વીની પૂર્વેના પાંચમી સદીમાં ક્યાં ક્યાં રાષ્ટ્રો તરીકે ગણી શકાતાં હતાં તેનો, તેમજ આ પ્રમાણેના એક હજાર વર્ષના ગાળામાં શો ફેરફાર થઈ ગયો હતો તેનો, એમ બન્ને પ્રકારનો સહજ રીતેજ વાચકને ખ્યાલ આવી જશે.

**૧ ગાંધાર** (૧૬)तक्षशिला[१], (उद्यान[२], बोलोर[३], सिंहपुर[४], उरष[५], काश्मिर[६], पुनछ[७], राजपूरि[८], टक्क[९], छिनपति[१०],

(૧૪) વિભાજ્ય=વિભાગ પડતા જવા—છૂટા પડતા જવું, અકેંદ્રિત અવસ્થાએ પહોંચવું (Decenterlize) તે.

(૧૫) આ સર્વ પ્રદેશનાં નામો (નક્શો નં. ૨ જુઓ) રેવરંડ એસ. બીલકૃત Records of the Western World માં દર્શાવ્યાં છે તે પ્રમાણે છે એમ સમજવું.

**(૧૬) અહીંથી પેજ નં. ૫૭ ના નકશાની ફુટનોટ સમજવી.**

[૧] (પુ. ૧. પૃ. ૧૩૬ ટીપ્પણ. ૪૩) શાહ–ધારી ગામની વાયવ્ય ખૂણે આઠ માઇલના અંતરે જે હસન–અબ્દલ કરીને ગામ છે તે સ્થળ સમજવું.

[૨] (પુ. ૧. પૃ. ૧૧૯ ટીપ્પણ ૧) સ્વાટ નદી ઉપર આવેલ પેશાવર શહેરની ઉત્તરમાં આવેલું છે; પરંતુ તેમાં ચિત્રાલ દેશ તથા હિંદુકુશ પર્વતનો દક્ષિણનો સર્વ પાર્વતીય પ્રદેશ સમાઇ જાય છે.

[૩] (પુ. ૧. પૃ. ૧૩૫ ટીપ્પણ ૪૦) તેમાં બાલ્ટી અને બાલ્તિસ્તાન (કાશ્મિરનો ભાગ) આવેલ છે.

[૪] (પુ. ૧. પૃ. ૧૪૩. ટી. ૬૯) બે–ત્રણ જગ્યામાંથી એક હોવાનું અનુમાન કરી શકાય છે. (૧) તાક્ષી અથવા નરસિંહ (૨) સંગોહી (Sangohi) અને (૩) કેતક્ષ (Ketaksh.) આમાં સર કનિંગહામનો મત ત્રીજી જગ્યા ઉપર ઠરે છે. હ્યુએનત્સાંગે આ તીર્થની ભેટ જૈન યાત્રાળુઓ સાથે લીધી હતી.

[૫] જેલમ અને સિંધુ નદી વચ્ચેના ઉપર વાસવાળો ભાગ એટલે કે જેને હારા પ્રદેશ કહેવાય છે તે.


[૬] બહુજ વિસ્તૃત દેશ છે. તેનું પ્રાચીન નામ 'કાશ્યપપુર' હતું (જુઓ પુ. ૧. પૃ. ૧૪૮. ટી. ૮૭) તેમાં વિતસ્તા નામે મોટી નદી આવેલી છે.

[૭] (પુ. ૧. પૃ. ૧૬૩. ટી. ૧૪૧) (સર કનિંગહામની ભૂગોળ જુઓ પૃ. ૧૨૮) ના મતથી નાનકડું સંસ્થાન છે. તેની પશ્ચિમે જેલમ નદી, ઉત્તરે પીરપંચાલ પર્વતની હાર અને દક્ષિણે તથા અગ્નિ ખૂણે રાજૌરીનું દેશી રાજ્ય આવેલ છે.

[૮] (પુ. ૧. પૃ. ૧૬૩. ટી. ૧૪૪) સર કનિંગ–હામની માન્યતા પ્રમાણે તે રાજૌરી અથવા રાજપુરીનું દેશી રાજ્ય છે કે જે કાશ્મિરની દક્ષિણે અને પુનાક (Punach) ની અગ્નિ ખૂણે આવેલ છે.

[૯] (પુ. ૧. પૃ. ૧૬૬. ટી. ૧) આ બાહીકાનો પ્રદેશ કહેવાય છે. તે ગુર્જર પ્રજાના રાજ્યમાંનો એક ભાગ હતો. હક્ક લોકો મહા બળવાન પ્રજા હતી અને ચીનાબ પાસે તેનો વસવાટ હતો.

[૧૦] (પૃ. ૧૭૩ ટી. ૨૦) રાવિથી સતલજ વચ્ચેનો પ્રદેશ; સર કનિંગહામ તેની રાજધાની તરીકે


પ્રાચીન
ભારતવર્ષ

| | | |
|---|---|---|
| | जालंधर[11], कुलुट[12], शताद्रु[13], पर्वत[14] ! | (जुओ १२) पारियात्र[15]. |
| | २ पांचाल | मथुरा, स्थानेश्वर[16], श्रुघ्न[17] |

ચાને ( Chine ) કે ચીનીગરી ( Chinigari ) જણાવે છે, જેનું સ્થાન અમૃતસરથી ઉત્તરે ૧૧ માઇલ હતું ( જુઓ આર્કી. સરવે. પુ. ૧૪ પૃ. ૪ )

[૧૧] અતિપ્રસિદ્ધ છે. તેની ઓળખ આપવાની જરૂર રહેતી નથી.

[૧૨] (પૃ. ૧૭૭. ટી. ૩૧) કુલુનો દેશ, બ્યાસ નદીની ખીણમાંના ઉત્તર ભાગમાં આવેલ છે. તે પ્રદેશને કાલૂટ અથવા કોલૂક પણ કહેવાય છે.

[૧૩] સર કનિંગહામના મત પ્રમાણે, રેવરંડ-બીલ, પણ તેને રેડ-ડીસ્ટ્રીક્ટ માનવાને સંમત થાય છે. પણ તેને લડાકના જીલ્લા તરીકે ઓળખાવે છે; મારૂં પોતાનું મત એમ થાય છે કે તે વાસ્તવિક નથી કેમકે કુલૂટની દક્ષિણે સતલજ છે અને તેનો ઘેરાવો ૩૦૦ થી ૪૦૦ માઇલનો બતાવેલ છે; જ્યારે લડાક તો કોલૂટની ક્યાંય ઉત્તરમાં આવેલ છે અને તેનો વિસ્તાર પણ બે હજાર માઇલનો છે. બીજું શતાદ્રુ શબ્દ છે તે ખુદ સતલજ નદી સૂચવે છે જ્યારે લડાક તો કેટલુંય દૂર આવેલ છે.

[૧૪] તે મુલતાનની ઇશાન ખૂણે ૭૦૦ લી. દૂર આવેલ છે. મારો મત એમ છે કે હાલ જે મોંટ ગોમરી જીલ્લો છે તેને ગણવો, કે જેના પાટનગરનો વિસ્તાર ૨૦ લી. કહેવાયો છે અને કદાચ તે હરપ્પા નગર પણ સંભવે છે કે જ્યાં વર્તમાનકાળે સંશોધન કાર્ય ચાલી રહ્યું છે. એટલે પર્વત નામનો પ્રદેશ આ સંભવી શકે છે. ( જુઓ પુ. ૨.પૃ. ૨૭૫, ટી ૮૭ ) પાણિનિ મહાશયે ( iv ૨, ૧૪૩ )-પર્વતના મુલકને પંજાબદેશમાં આવેલ તક્ષશિલાદિ સમુહના એક ભાગ તરીકે વર્ણવ્યો છે. (ઈં. એન્ટી. પુ. ૧, પૃ.૨૨)

[૧૫] ( પુ, ૧, પૃ. ૧૭૯ ટી. ૪૫ ) મથુરાની પશ્ચિમે ૧૦૦ માઈલના આંતરે છે, રેવરંડ બીલ તેને "વૈરાટ" નું સ્થાન સૂચવે છે. હું પોતે તે મતથી જુદો પડું છું, કેમકે મૂળ પુસ્તકમાં ( પૃ. ૧૭૮ ) તેને શતાદ્રુથી નૈઋત્ય ખૂણે ૮૦૦ લી. દૂર આવેલ જણાવ્યું છે અને તે પ્રમાણે ગણતાં તો હિસાર જીલ્લાના નૈરૂત્ય ખૂણાનો પ્રદેશ આવે છે. આ મારા કથનને બીજી બાજુથી એમ ટેકો મળે છે કે, પુસ્તકમાં તેનું વર્ણન કરતાં તેને ઘઉં તથા બીયાંવાળાં અનાજ ઉત્પન્ન કરતો દેશ જણાવ્યો છે અને આપણને સુવિદિત છે કે આ જીલ્લાના ભાટિંડા અને રેવારિ જેવાં શહેરો ઘઉં આદિ બીયાં માટે અતિવિખ્યાત પણ છે,

[૧૬] મથુરાથી ઇશાન ખૂણે ૫૦૦ લી. દૂર સ્થાનેશ્વરનું રાજ્ય છે ( પુ. ૧. પૃ. ૧૮૩. ટી. ૫૧ ) તેમાં હાલના યુક્ત પ્રાંતના શાહાજહાનપુર અને બરેલી જીલ્લાનો પ્રદેશ સમાઈ જતો કહી શકાય સર કનિંગહામના જણાવ્યા પ્રમાણે (તેમની પ્રાચીન હિંદની ભૂગોળ પૃ, ૩૩૧ ) આ પ્રદેશને પાંડવો સાથે સંબંધ હોવાથી તેને હિંદની પ્રાચીનતમ અને સુવિખ્યાત ભૂમિ તરીકે ઓળખાવવી રહે છે.

[૧૭] નં. ૧૬ ની ઇશાન ખૂણે ૪૦૦ લી. છેટે આ પ્રદેશ છે. તેનું નામ શુઘ્ન ( પૃ, ૧૮૬ ) ( ટી,-૬૪ પુ. ૧ પૃ. ૧૮૬ ) રેવરંડ બીલ આને કાલ્સિ ( કારણ કે ત્યાં અશોક નામના બૌદ્ધ સમ્રાટે ખડક લેખ, ઉભો કરેલ છે ) અને સીરપુર રાજ્યની નજીક મનાવે છે, પણ વર્ણન કરતાં, જ્યારે સ્પષ્ટપણે તેને સ્થાનેશ્વરથી ઇશાન ખુણે લખ્યો છે તો તે પીભીનીટ અને બેરીનાં સ્થાન કહી શકાય પણ પાછી તેના સીમાનું વર્ણન કરતાં પૂર્વે ગંગા નદી, મધ્યમાં યમુના અને મતિપુર રાજ્ય ( જુઓ- નં. ૧૮ મું રાજ્ય ) નૈઋત્યેપરસ્પર સંબંધ બતાવ્યો છે; આમ તેનો વિચાર કરીએ છીએ ત્યારે તો સ્થાનેશ્વરનાં ઇશાન ખૂણાને બદલે વાયવ્ય ખૂણે આવેલ શહરાનપુર, બીજનોર અને મુઝફ્ફરનગર જીલ્લાવાળો પ્રદેશ ગણવો રહે છે.

मतिपुर[१८], ब्रह्मपुर[१९],
गोविशन[२०], अहिच्छेत्र[२१]
वीरसन[२२], कपिथ[२३],
कान्यकुब्ज[२४].
३ कोशल (१४)अयोध्या[२५], हयमुख[२६],

---

**[૧૮] બ્રહ્મની** પૂર્વમાં ( પુ. ૧. પૃ. ૧૯૦ ) **મતિપુરનું** રાજ્ય છે. ( પૃ. ૧૯૦, ટી. ૭૭ ) **સર** કનિંગહામની ( પ્રાચીન ભૂગોળ પૃ ૩૪૧ ) પ્રમાણે પશ્ચિમ **બુંદેલખંડમાંનું મુંડોર** અથવા **મડાવર** કરીને નગર છે તેજ **મતિપુર** ઠરે છે અને જો તેમજ હોય તો આ રાજનું સ્થાન, હાલનો **મુરાદાબાદ** જીલ્લો, **રામપુર** રાજ્ય અને **નૈનીતાલનો**, થોડા ભાગવાળો પ્રદેશ ગણાશે.

[૧૯] **મતિપુરની** ઉતરે ( પૃ. ૧૯૮ ) ૩૦૦ લી. ના આંતરે આવેલ છે અને આ **બ્રહ્મપુરનું** સ્થાન, સર કનિંગહામના મંતવ્ય પ્રમાણે ( પૃ. ૧૯૮. ટી. ૧૦૦ ) બ્રિટિશ **ઘારવાલ** ( પ્રાચીન ભૂ. પૃ. ૩૫૬) જીલ્લાનું ગણાય. જ્યારે મારા **મત** પ્રમાણે તેને **ઘારવાલ** તથા **અલમોરા** જીલ્લાનો, થોડા ભાગનો પ્રદેશ કહી શકાય.

[૨૦] **બ્રહ્મપુરથી** ૪૦૦ લી. છેટે ( પૃ. ૧૯૯ ) ગોવિશન રાજ્ય છે. સર કનિંગહામ એમ ધારે છે કે અહીં કાશીપુરની પૂર્વે એક માઇલના આંતરે જે ઉજ્જૈન નામનું ગામડું છે અને જેની પાસે પુરાણો કિલ્લો છે તેજ સ્થાન આ ગોવિશનનું હોવું જોઇએ. મારા મતે **અલમોરા** જીલ્લાનો બાકીનો ભાગ તે **આ** ગોવિશનવાળો હોવો જોઇએ.

[૨૧] ગોવિશનથી ( પૃ. ૨૦૦ ) અગ્નિખુણે જતાં ૪૦૦ લી. છેટે **અહિક્ષેત્ર** છે (ટી. ૧૦૪ ) **ઉત્તર પાંચાલ** અથવા **રોહીલખંડની** તે રાજ્યધાની હતી.

[૨૨] નં. ૨૧ થી દક્ષિણ તરફ ( પૃ. ૨૦૧ ) જતાં આશરે ૨૬૦ થી ૨૭૦ લી. છેટે **વીરસનનું** રાજ્ય આવે છે ( ટી. ૧૦૭ ). સર કનિંગહામના કહ્યા પ્રમાણે કરસાણની દક્ષિણે ચારેક માઈલના અંતરે જે મોટા માટીના ઢગ ને ઢગવાળા **ટીંબાનું** **અત્રંતીખેર** નામનું ખંડિયરવાળું સ્થાન છે તે હોવા સંભવ છે.

[૨૩] નં. ૨૨ થી વિશેષ અગ્નિખુણે જતાં (પૃ. ૨૦૨ ) ૨૦૦ લી. ના અંતરે કપિથનો પ્રદેશ છે. (ટી. ૧૧૦ ) મારૂં ધારવું એમ છે કે હાલનો **શહાજાનપુર** જીલ્લો તે જ આ સ્થાન સમજવું. જ્યારે **કનીંગહામ** સાહેબ તેને **સાંકિય** તરીકે ઓળખાવે છે અને ઉપરના **અત્રંતીથી** ૪૦ માઈલ છેટે ગણાવે છે. ડૉ. કર્ન એમ મત ધરાવે છે કે પ્રખ્યાત જ્યોતિષિ **વરાહમિહિરે** આ કપિથમાં જ વિદ્યાભ્યાસ કર્યો હતો.

[૨૪] પૃ. ૨૦૫, નં. ૨૩ ની વાયવ્ય ખુણે ( મારૂં ધારવું છે કે નૈરૂત્ય લખવું જોઇએ ) ૨૦૦ લી. જેટલા અંતરે કનોજ અથવા કાન્યકુબ્જ ( પૃ. ૨૦૬ ટી. ૧ ) આવેલ છે; **ઉત્તર હિંદની રાજધાની** તરીકે કનોજની ખ્યાતિ બહુ લાંબો વખત સુધી **હતી.** હાલ તેની નિશાનીઓ જુજ અને નજીવી **રહી છે.** હાલનું શહેર, પ્રાચીન નગરના ઉત્તરવાળાભાગ **તરફ** બંધાયું છે અને જેને હાલ કિલ્લા તરીકે ઓળખાય છે, તેનો પણ પ્રાચીન શહેરમાંજ સમાવેશ થઇ જાય છે. ( ક. પ્રા. ભૂગોળ પૃ. ૩૮૦ ).

(૧૪) **અયોધ્યા,** નહીં પણ **आयुद्धाक्ष જોઈએ:** Auyuddhas are a tribe of people and they have their distinct coins of their own [ vide Ant. Coins of India by Cunningham ] **આયુદ્ધાક્ષ નામની એક પ્રજા** છે. અને તેઓને પોતાનાજ શિક્કા છે. ( જુઓ. કો. ઓ. ઇ. )

| | | | |
|---|---|---|---|
| ४ काशी | वैशाख[२७], प्रयाग[२८], वाराणसी[२९], | ५ वत्स | गाझीपुर [३०], कौशंबी[३१], चिकिटो[३२], |

[૨૫] નં. ૨૪ થી અગ્નિખુણે ( પૃ. ૨૨૪ ) ૬૦૦ લી. ના અંતરે અને ગંગાનદી ઓળંગીને દક્ષિણે અયોધ્યાનું રાજ્ય છે. ( મારા મતથી તેનો ઉચ્ચાર અયોધ્યા નહીં પણ આયુધ્ધાઝ કરવો જોઇએ; કાન-પુર શહેરવાળો આ પ્રદેશ છે કે જેના ચોબાઓ અત્યારે મલ્લ જેવા પહેલવાન ગણાય છે ) વિદ્વાનોએ અયોધ્યા–સાકેત ગણ્યો છે તેથીજ મુંઝવણમાં પડયા છે. જ્યારે હું ધારૂં છું તે પ્રમાણે આયુધ્ધાઝ તરીકે તેને ગણવાથી બધો ઉકેલ આવી જાય છે. સર કનિંગ-હામે ( જુઓ તેમની ભૂગોળ. પૃ. ૩૮૫ ) આ સ્થાનને કાનપુરની વાયવ્ય દિશામાં ૨૦ માઇલ અંતરે કાકુપુર નામનું પુરાણું શહેર આવેલ છે તેને ઓળખાવે છે.

[૨૬] નં. ૩૫ થી ગંગાનદીની ઉત્તરે પણ પૂર્વ દિશાએ ૩૦૦ લી. આશરે ( પૃ. ૨૨૯ ) દૂર જતાં હયમુખનો પ્રદેશ આવે છે. સર કનિંગહામ ( પૃ. ૨૨૯ ટી, ૫૮ ) ના મત પ્રમાણે આ દેશની રાજધાની દોંદીયાખેર છે કે જે અલ્હાબાદથી વાયવ્ય ખુણે ૧૦૪ માઇલના અંતરે આવેલ છે. હું તેને ઉનાઉ, લખનૌ અને રાયબરેલી જીલ્લાવાળા ભાગ તરીકે ઓળખાવું છું.

[૨૭] કૌશંબીથી ઉત્તરે ( પૃ. ૨૩૯ ) આશરે ૧૮૦ લી. અંતરે જતાં વિશાખનો પ્રદેશ આવે છે. તેને સર કનિંગહામ ( પૃ. ૨૩૯. ટી, ૭૧) સાકેત તરીકે ઓળખાવે છે. ( મારૂં મંતવ્ય નં. ૨૫ માં જુઓ. ) આ વિશાળ દેશનું સ્થાન, મારી ગણત્રીએ, ફતેહપુર અને પ્રતાપગઢ જીલ્લાની વચ્ચે અને બન્નેની અડોઅડની ભૂમિવાળો પ્રદેશ હોવો જોઇએ, એમ થાય છે.

[૨૮] નં. ૨૬ વાળા હયમુખથી ( પૃ. ૨૩૦ ) અગ્નિખુણે ૭૦૦ લી. દૂર અને ગંગાનદીની દક્ષિણે, પ્રયાગ દેશ આવે છે. તેનું સ્થાન ( પૃ. ૬૦. ની ટીકા. ) હાલનું અલ્હાબાદ ગણવું કે જે ગંગા–યમુનાના સંગમ ઉપર આવેલું છે.

[૨૯] સંસ્કૃત નામ વાણારસી છે, અને ગંગા નદીની વર્ણા તથા અસી ( અશી ) નામની બે શાખા-નદીઓ વચ્ચે તે આવેલું હોવાથી આ નામ પડયું છે. ( મી. શેરીંગે બનાવેલી સેક્રેડ સીટી ઓફ ધી હિંદુઝ નામનું પુસ્તક જુઓ ). ( પુ. ૨. પૃ. ૪૪ ટી. ૧ )

[૩૦] ( પુ. ૨ પૃ. ૬૧ ) વાણારસીથી ગંગાની પૂર્વ દિશામાં, ૩૦૦ લી. ના અંતરે ગાઝીપુર આવે છે. ચીનાઇ યાત્રિકો આ સ્થાનને ( ટી. ૪૦ ) युद्धदेव गरजनपतिना નામથી ઓળખે છે અને સર કનિંગ-હામે ગાઝીપુર તરીકે ઓળખાવ્યું છે.

[૩૧] ( પુ. ૧, પૃ. ૨૩૫, ટી. ૬૩ ) કૌશંબી-નગરનું સ્થાન અલ્હાબાદથી ૩૦ માઇલ છેટે જમના નદી ઉપર આવેલ છે. ( સર કનિંગહામ ) કૌશંબી વિશે રામાયણમાં ઉલ્લેખ આવે છે ( વત્સદેશના વર્ણને જુઓ ).

[૩૨] આ પ્રદેશનો વિસ્તાર ૪૦૦૦ લી. નો અને તેની રાજધાની ૧૫ થી ૧૬ લીના ઘેરાવાની વર્ણવ્યાં છે. તેને ચીનાઇ યાત્રિક હુએનશાંગે ( પુ. ૨, પૃ. ૨૭૧ ) ચિકિટો નામ આપ્યું છે. બાકી કાંઈ વિગત નથી. પણ તેનું જે લખાણ છે કે, "ત્યાંની વસ્તીનો મોટો ભાગ નાસ્તિક–પાખંડી હતો, બહુ જુજ લોકોજ બુદ્ધ–તથાગતના મતને માનનારા હતા." આ ઉપરથી, તેમજ પુસ્તકમાં બધા પ્રદેશોનું વર્ણન કરતાં તેનો ક્રમ ઉજ્જૈન અને મહેશ્વરપુરની વચ્ચે લીધેલ હોવાથી, હુ એવો મત ધરાવું છું કે, જ્યાં હાલ ભિલ્સા અને

| | | |
|---|---|---|
| ६ श्रावस्ति | महेश्वरपुर[३३], श्रावस्ति[३४], कपिलवस्तु[३५], | रामनग्रम्[३६], कुशिनगर[३७] |

સાંચીના સ્તૂપો આવેલા છે તે ભાગવાળો પ્રદેશ આને ગણેલ હોવો જોઇએ. ( મારૂં જે માનવું થયું છે કે–ઇ. સ. પૂ. ૫૨૭ માં શ્રી મહાવીરનું નિર્વાણ હસ્તિપાળ રાજાની અશ્વશાળામાં થયું હતું તે આ સ્થાન છે. તેને આ હુએનશાંગવાળી હકીકત–અંધપ્રેસ્તી આવે છે ત સ્થાન જૈનતીર્થ ગણાય. એટલે બુદ્ધ ધર્મના મતે તેને પાખંડીજ કહેવું પડે) ( વિશેષ માટે અવંતિ દેશના વર્ણને જુઓ )

[૩૩] ( પુ. ૨ પૃ. ૨૭૧ ) નં. ૩૨ થી ૯૦૦ લી. ના અંતરે ઉત્તરમાં મહેશ્વરપુર આવે છે. તેનો વિસ્તાર ૩૦૦૦ લી. જેટલો છે. ( તેમાં હાલના બુંદિ અને જેપુર રાજ્યનો સમાવેશ થતો કહી શકાશે ).

[૩૪] (પુ. ૨, પૃ. ૧, ટી.૧ ) શ્રાવસ્તિ તે ઉત્તરકોશલ પ્રાંતમાં આવેલ છે અને તેને ધર્મપટ્ટણ પણ કહેવાય છે. તેનું સ્થાન સર કનિંગહામે અયોધ્યાની ઉત્તરે ૫૮ માઇલ ઉપર જે સાહેટ–મહેટ ગામ છે અને જે રાપ્ટિ નદીના દક્ષિણ કિનારે ભગ્નાવશેષ સ્થિતિમાં પથરાયલું પડયું છે તેને ગણાવે છે; ફાહીયાને તેને (પ્રકરણ ૨૦ મું )અયોધ્યાની બરાબર ઉત્તરમાં ૮ યોજને બતાવ્યું છે.

[૩૫] ( પુ, ૨, પૃ. ૧૩ ) નં. ૩૪ થી અગ્નિખૂણે ૫૦૦ લી. છેટે કપિલવસ્તુ આવે છે. ( પૃ. ૧૪ ટી. ૨૮ ) અને તેમાં ફૈઝાબાદથી માંડીને ઘાગ્રા અને ગંડકા નદીના સંગમ સુધીના પ્રદેશનો સમાવેશ થાય છે. ( જો આ વર્ણન સત્યજ ઠરે તો તે મૂળતો દક્ષિણ દિશામંજ આવેલ છે એટલે મારૂં માનવું એમ છે કે બારટી જીલ્લો આખો અને ફૈઝાબાદનો કિંચિત્ ભાગજ આવી શકે છે; જ્યારે મી. કારલાઇલનું કથન એમ છે કે ફૈઝાબાદથી ઈશાન ખૂણે ૨૫ માઇલે જે ભૂઇલા આવેલું છે તે સ્થાન આ છે. આમનું કથન વિશેષ ગ્રાહ્ય લાગે છે. )

[૩૬] કપિલવસ્તુથી પૂર્વમાં ( પૃ. ૨૫ ) ૩૦ લી. ના અંતરે રામનગરનો પ્રદેશ છે. જુઓ મી. ડે. ની પ્રાચીન ભૂગોળ પૃ. ૨ (Dr. Fuhrer & Cunningham ) Ramnagar 24 miles west of Bareli. The name is at present confined to the great fortress in the lands of Alampur Kot & Nasaratgunj. It was the capital of North Punchal of Rohil Khanda. ઉજ્જડ અને વેરાન મુલક છે. ( પૃ. ૩૬ ટી. ૬૭ ) નિશ્ચિતપણે તેનું સ્થાન નક્કી થયું નથી. ( એન્શન્ટજીઓગ્રાફી પૃ. ૪૨૦); ( મારી સમજ પ્રમાણે ગોરખપુર, ચંપારણ્ય જીલ્લાવાળો ભાગ કહી શકાય ).

[૩૭] ( પૃ. ૩૦ ) રામનગરની ઇશાને કુશિનગર છે. મોટો કિલ્લો છે. ( પૃ. ૩૧ ટી. ૮૫ ) આ શહેરમાં બુદ્ધદેવનું પરિનિર્વાણ થયું ગણાય છે. તે સ્થાનને હાલના ગોરખપુરની પૂર્વમાં ૩૫ માઇલ અંતરે આવેલ કઈસા ગામ તરીકે ઓળખાવે છે. મારૂં માનવું એમ છે કે ઇશાન ખૂણો તે દિશા ખોટી છે. તેને બદલે અગ્નિ ખુણો લખવો જોઈએ, કેમકે ( પૃ. ૩૨ ) ઉપરના વર્ણનમાં તે ઉજ્જડ અને વેરાન જણાવેલ છે જ્યારે પૃ. ૪૩ માં તેને મોટા જંગલની વચ્ચે થઈને ૫૦૦ લી. સુધી અને વાણારસી સુધી પહોંચતો લખે છે. જ્યારે પૃ. ૩૧ માં લખી ગયા પ્રમાણે તો રામનગરથી કુશિનગરના રસ્તે મોટો પ્રદેશ ઉજ્જડ હતો કે જે માર્ગ ભયંકર તેમજ વિકટ હતો અને તે રસ્તે જંગલી ગોધાઓ, હાથીના ટોળાં અને લુંટારાઓનો ત્રાસ મુસાફરોને અસહ્ય થઇ પડયો હતો અને તે જંગલ છોડયા પછી કુશિનગરે પહોંચાતું હતું. આ સર્વ હકીકતથી સમજાશે કે રામનગર અને

| | | | |
|---|---|---|---|
| ૭ વૈશાલી | વૈશાલી[૩૮], વ્રિજિ[૩૯]. | ૯ મગધ | મગધ, હિરણ્યપર્વત[૪૦], |
| ૮ નેપાલ | નેપાલ. | | |

વાણારસીની વચ્ચે કુશિનગર આવેલ હતું. આ માન્યતાને વળી જૈન સાહિત્યના ( જુઓ કલ્પસૂત્ર સુબોધિકા ટીકા પૃ. ૮૫). કથનથી ટેકો મળે છે. તેમાં લખેલ છે કે અયોધ્યા જતાં વચ્ચે કનકખલ તાપસના આશ્રમવાળું મોટું જંગલ આવેલ છે. જ્યાં શ્રી મહાવીરે ચંડકોશીયા નાગને પ્રતિબોધ આપી બુઝવ્યો હતો. આ ઉપરથી સિદ્ધ થાય છે કે વર્તમાનના આઝમગઢ અને જાનીપુર જીલ્લા કે જે કપિલવસ્તુના અગ્નિખુણે ( નહીં કે ઇશાન ખૂણે ) આવેલ છે તે સ્થાન કુશિનગરનું હોવું જોઇએ. )

[૩૮] ( પૃ. ૬૬ ) ગાજીપુરથી ઈશાન ખૂણે, ગંગાનદી ઓળંગીને, ૧૪૦ થી ૧૫૦ લી. ના આંતરે વૈશાળી દેશ આવે છે તેનો વિસ્તાર ૫૦૦૦ લી. જેટલો છે; ( ટી. ૬૭ ) માં લખેલ છે કે હ્યુએનશાંગે ગંગા નદી ( ગંડક નદી લખવી જોઇએ) ઓળંગી હતી અને તેથી વૈશાળીનું રાજ્ય ગંડકની પૂર્વમાં છે. અને કનિંગહામ તેને વર્તમાન બેસરના ગામડાના સ્થાન ઉપર આવેલું હોવાનું લખે છે. જ્યાં રાજા વિસલકાગઢ નામે ઓળખાતો જીર્ણશીર્ણ ગઢ અત્યારે ઉભો છે, તે તેનું પાટનગર હતું અને વ્રીજી અથવા વજ્જી લોકોનું મુખ્ય ધામ હતું, ( વિશેષ માટે મારો લેખ જુઓ. જૈનધર્મ પ્રકાશ ૧૯૮૫ ના ચૈત્રનો અંક.) આ પ્રજા ઉત્તરની વસાયત છે જેમણે હિંદમાં આવીને સંસ્થાન વસાવેલું (હિમાલયની તળેટીથી દક્ષિણે ગંગ સુધી અને પૂર્વમાં મહાનદી અને પશ્ચિમે ગંડક સુધી ) હતુ. કયારે તે પ્રજા ઉતરી આવી હતી તે કહી શકાતું નથી; પણ ક્રમમાં ક્રમ જ્યારે બુદ્ધ પુસ્તકો સંશોધિત થયાં ત્યારથી ગણી શકાય ખરૂં. તેમને વિદ્યાલ્ઝ અને ચાઇનીઝ ગ્રંથકર્તાના યુચી લોકોને મળતા ( જ. રો. એ. સો. ન્યુસીરીઝ પુ. ૧૪ અંક ૨ ) કહી શકાય. મને તો આ બધું કલ્પિતજ લાગે છે; કેમકે પ્રથમ તો યુચીલોકો હિંદમાં જો પ્રથમમાં પ્રથમ આવ્યા હોય તો તે ઈ. સ. પૂ. ત્રીજા સૈકા પહેલા આવ્યા જ નથી. જ્યારે વ્રીજીઓ તો ઇ. સ. પૂ. ૭ ના સૈકાના છે. વિદ્યલને બદલે વિદેહ હોય તો તેટલું હજુ બરાબર ગણાય, કેમકે વિદેહ ( મિથિલા ) તે વૈશાલીનો ભાગ છે ( જુઓ નીચેનું ટીપ્પણ, ક, ).

(ક) વર્તમાનકાળે બિહાર પ્રાંતના મુજફ્ફરપુર, સારણ અને ચંપારણના જીલ્લા સમજવા : ઈ. સ. પૂ. ૬૦૦ માં તે વૈશાળીનું રાજ્ય ગણાતું અને તેથી વૈશાળીપતિ ચેટક રાજાને વિદેહપતિ નામે બોલાવાતા અને તેની બહેન ત્રિશલાદેવીને વૈદેહી કહેતા અને ત્રિશલાપુત્ર શ્રીમહાવીરને વૈદિહીપુત્ર કહેતા (જુઓ= ક. સુ. સુ. ટીકા પૃ. ૭૫ તથા આ પુસ્તકમાં આગળ ઉપર ) તેમજ રામાયણના પુસ્તકમાં કર્મવીર રાજા રામની રાણી જે સીતાદેવી કહી છે તે પણ અહીંના રાજા જનકની પુત્રી હતી અને તેથી તેણીને પણ વૈદેહી નામથી ઓળખાવેલ છે.

કે. એ. ઇ. પૃ. ૧૦૪:- વિદેહ દેશની હદ ઉત્તરે કૌશિકી ( કુશી ) નદી, પશ્ચિમે ગંડક નદી, ઉત્તરે હિમાલય પર્વત અને દક્ષિણે ગંગા નદી સુધી હતી ).

[૩૯] ( ટી. ૧૦૦ પૃ. ૭૭ ) વ્રીજી અથવા સંવ્રિજી (સંયુક્ત વ્રીજીઝ) પ્રજાનો મુલક, તે વ્રીજીઝ અથવા વજ્જીઝ નામે ઓળખાતી જાતીના આઠ વિભાગોનું સંયોજિત સંસ્થાન કહેવાય, જેમાંની એકનું નામ લિચ્છવી હતું અને તે વૈશાલીમાં વસતી હતી. તેઓ પ્રજાતંત્રવાદી હતા. તેમને રાજા અજાતશત્રુએ હરાવ્યા હતા.

[૪૦] ( પૃ. ૧૮૫ ) ( મગધદેશની ) પૂર્વે જતાં

| | | | |
|---|---|---|---|
| | चंपा[४१]. | | कर्णसुवर्ण[४६]. |
| १० वंग | काजीम्रह[४२], पुंड्रवर्द्धन[४३], | ११ कामरूप | कामरूप[४७] |
| | समतट[४४], ताम्रलिप्ति[४५], | १२ कलिंग | उड्र[४८]; (१५)कोन्योघ्र[४९], |

---

મોટું અરણ્ય આવે છે અને તે બાદ ૨૦૦ લી. છોડીને **હિરણ્ય** પર્વતનો મુલક આવે છે ( ટી. ૧ પૃ. ૧૮૬ ) અથવા તેને સુવર્ણના પર્વત તરીકે ઓળખાવે છે. જેને સર કનિંગહામના મત પ્રમાણે, **મોંધીર**ની ટેકરી ગણાય છે.

[૪૧] **બંગાલ** ઇલાકામાં **ગંગા** નદી જ્યાં વાંક વળીને દક્ષિણ તરફ વહે છે તે વળાંકમાં આવેલ **ભાગલપુર** જીલ્લાવાળા ભાગને **અંગ** દેશ કહે છે, કેમકે **ચંપાપુરી** નામનું શહેર ત્યાં આવેલ છે; પણ પ્રાચીન સમયનું **ચંપાનગર** તે વર્તમાન સમયના **ચંપાપુરીથી** નિરાળું ગણવું. ( રે. વે. વ. પુ. ૨. ૧૯૧ ટી. ૧૫ ) **ભાગલપુર** જીલ્લો અથવા અંગદેશની રાજધાના તે **ચંપાપુરી** અથવા **ચંપા** સમજવી. (**વીલ્સન વિષ્ણુ** પુ. ૨, પૃ. ૧૬૬; પુ ૪. પૃ. ૧૨૫ જ. રો, એ. ઓ. પુ. ૫. પૃ. ૧૩૪, ઇ. એ. પુ. ૧ પૃ. ૧૭૫; ) **ચંપાનગર** અને **કર્નાગઢ** આ બંને શહેરો **ભાગલપુર** નજીક છે.

[૪૨] હાલના **રાજશાહી** પ્રગણાવાળો મુલક ( પૃ. ૧૯૩ ઉપર **ચંપાનું** વર્ણન કરેલ છે તેની પૂર્વે ૪૦૦ લી. છેટે ) ત્યાંથી **કજૂગિર** અથવા **કંજીગ્રહ** આવે છે.

[૪૩] ( પૃ. ૧૯૪ ટી, ૧૮ ) પ્રો. **વીલ્સનનું** મંતવ્ય એમ છે કે, પ્રાચીન **પુંડ્ર** દેશમાં, વર્તમાન કાળનાં **રાજશાહી**, **દિનાજપુર**, **રંગપુર**, **નાદિયા**, **વીરભૂમ**, **બર્દ્વાન**, **મિદનાપુર**, **જંગદમહાલ**, **રામગઢ**, **પચીતપલમન** અને **ચુનાર** જીલ્લાનો થોડો ભાગ, આટલા જીલ્લાનો તેમાં સમાવેશ થતો હતો. ( પણ જે વર્ણનપુસ્તકમાં તે વિશે લખ્યું છે તે ઉપરની હકીકતને મળતું આવતું નથી ).

[૪૪] ( પૃ. ૧૯૯, ટી ૩૦ ) આ પ્રાંત, દરિયાની અડોઅડ આવેલ છે. પૂર્વ **બંગાળનું સમોતટ** અથવા **સમતટ** એટલે તે સમુદ્રતટનો પ્રદેશ અથવા તટ ઉપરનો સપાટ પ્રદેશ હોય એમજ અર્થ થાય છે.

[૪૫] ( પૃ. ૨૦૦ ) **સમતટ**ના પ્રદેશથી પશ્ચિમે ૯૦૦ લી. છેટે **તામ્રલિપ્તિ**નો પ્રદેશ આવે છે. ( ટી. ૩૬ ) અને તેનું સ્થાન વર્તમાનનું **તમ્લુક શહેર** કે જ્યાં હુગલી નદીને સેલઇ નદી મળે છે તેના સંગમ પાસે છે (જ. રો. એ. સો. પુ. ૫. પૃ. ૧૩૫; **વિષ્ણુ** પુરાણ પુ. ૨. પૃ. ૧૭૭; ઇ. એ. પુ. ૧. પૃ. ૧૭૭ )

[૪૬] **તામ્રલિપ્તિ**ના વાયવ્ય ખૂણે ૭૦૦ લી. ઉપર જઈએ તો કર્ણસુવર્ણનો દેશ આવે છે.

[૪૭] **હાલના આસામનો પશ્ચિમ ભાગ સમજવો**

[૪૮] (પૃ. ૨૦૪) **કર્ણસુવર્ણની** નૈઋત્ય દિશાએ ૭૦૦ લી. દૂર **ઉદ્રદેશ** આવે છે. ( પૃ. ૨૦૪ ટી. ૪૯ ) આ **ઉદ્ર** અથવા **ઓડ** તેજ **ઓરિસ્સા** સમજવો ( **મહાભારત**. સર્ગ બીજે ૧૧૭૪, ત્રીજે ૧૯૮૮ ) બીજું નામ ઉત્કલ ( મહાવંશ. અ. ૭. પૃ. **૧૨૨ વિષ્ણુ** પુરાણ પુ. ૨ પૃ. ૧૬૦ )

[૪૯] ( પૃ. ૨૦૬ ) ઉદ્રના મુલકથી **નૈઋત્યમાં** જતાં ૧૨૦૦ લી છેટે, અને મહાઅટવીને ઓળંગ્યા બાદ **કોંગેદ્ધા** ( કોન્યોઘ્ર ) નો મુલક આવે છે.

(૧૫) According to Mr. Fergusson, the capital of Kanyoghra was near Kataka (see W. World pt. II P; 207 f. n. 60) મી. **ફરગ્યુસનના મત પ્રમાણે કાન્યોઘ્રની રાજધાની કટક-**

कलिंग[५०],

१३ कुशस्थल (चेदि) कोशल, पर्वत[५१] ( गांधार शब्दे पण जुओ ).

१४ आंध्र आंध्र[५२], धनकटक[५३].

---

પાસે હતી ( જુઓ. રે. વે. વ. પુ. ૨. પૃ. ૨૦૭. ટીપ. ૬૦ )

[ ૫૦ ] કોન્યોધ્રથી નૈઋત્યમાં જતાં મહાન અટવી અને અરણ્ય આવે છે. તેનાં ઝાડ, આકાશ જેટલાં ઊંચાં હોવાથી સૂર્ય પણ દેખાતો નથી. તેવા પ્રદેશમાં ૧૪૦૦-૧૫૦૦ લી. દૂર જતાં કલિંગનો દેશ આવે છે. ( આ અટવી તે અશ્વત્થામા અથવા તો ધૌલી અને જાગુડાની ટેકરીવાળો પ્રદેશ હોવો જોઈએ. જુઓ ટી. નીચે अ.

( अ ) તેની પરિસિમા-નૈઋત્યમાં ગોદાવરી નદી, વાયવ્યમાં ગૌલ્યા; વળી વિસ્તૃત હકીકત માટે Sewell, opt. cit. પૃ. ૧૯ જુઓ (કલિંગદેશ) એક લી.=1/6 માઇલના હિસાબે, કલિંગની રાજધાનીનું સ્થાન વિજયનગરની પડોશમાં આવશે.

[ ૫૧ ] કુશસ્થળ, અથવા કેટલાક ગ્રંથકારો તેને મહાકોશલ પણ કહે છે. પણ જે પ્રદેશની રાજધાની અયોધ્યા ગણાય છે તે કોશલદેશ, તે આ સ્થાન નહીં; ( રે. વે. વ. પુ. ૨ પૃ. ૨૦૯ ટી. ૬૪ ) અયોધ્યા અથવા શ્રાવસ્તિનું નામ પણ કોશલ છે તેનાથી આ જુદું છે, (વીલ્સન વિષ્ણુપુરાણ પુ. ૨ પૃ. ૧૭૨; ઈ. એ. પુ. ૨ પૃ. ૧૬૦; પુ. ૪ પૃ. ૭૦૨) તે ઓરીસાના નૈઋત્ય ખૂણે આવેલ છે અને તેમાં મહાનદી તથા ગોદાવરી નદીના ઉપરવાસની નદીઓના પાણી વહે છે. આ ઉપરથી સમજાશે કે કોશલ નામના બે પ્રદેશ છે; એકમાં શ્રાવસ્તિ અને અયોધ્યા આવેલ છે જ્યારે બીજે મહાનદી અને ગોદાવરીની વચ્ચે આવેલ છે અને અહીં તો આ બીજા પ્રદેશનુંજ વર્ણન છે. મારા મત પ્રમાણે રેવારાજ્યનો દક્ષિણ ભાગ તથા જબલપુરની પૂર્વનો ભાગ તેને કુશસ્થળ કહેવાય કે જેમાં પર્વતો વિશેષ આવેલ છે. અને આ સ્થાનમાં જ ચાણાક્યે, ચંદ્રગુપ્તને પ્રથમ રાજા બનાવીને રાજ્ય કરવા માંડયું હતું અને પછી મગધ ઉપર ચડાઇ કરી હતી. વળી આ પાર્વતીય પ્રદેશ અગ્નિ ખૂણે લંબાતો લંબાતો ઠેઠ કલિંગ સૂધી પહોંચતો કહી શકાય. ( વિશેષ માટે જુઓ ચંદ્રગુપ્ત રાજ્યે તેનું વર્ણન )

[૫૨] ( રે. વે. વ. પુ. ૨ પૃ. ૨૧૭) કોશલની દક્ષિણે જંગલમાં થઇને આશરે ૯૦૦ લી. દૂર જતા, આંધ્રદેશ આવે છે. તેનો વિસ્તાર ૩૦૦૦ લી. (પૃ. ૨૦૭ ટી. ૮૬ ) જેટલો છે અને તેની રાજધાની વિંગિલા ( કદાચ વેંગી શહેરનું પુરાણું નામ હશે ) તે કૃષ્ણા અને ગોદાવરી નદીની વચ્ચે આવેલ, એલુર સરોવરની વાયવ્ય દિશામાં આવેલું છે અને તેની પડોશમાંજ, પર્વતની શિલામાંથી કોતરી કાઢેલા મંદિરો અને અન્ય ખંડિયરો છે; પણ હું આ મતથી જુદો પડું છું કેમકે કુશસ્થળ અને આંધ્ર વચ્ચે, પ્રથમ તો અંતર જ માત્ર ૯૦૦ લી. નું છે, એટલે બહુ બહુ તો આંધ્ર દેશમાં હાલના નીઝામી રાજ્યના હૈદ્રાબાદનો પૂર્વ પ્રદેશ જ આવી શકે, અને વૈનગંગા પાસે આવેલું ચંદાનગર, કે ગોદાવરી ઉપરનું ચિન્નુર શહેર તે તેની રાજધાની સંભવી શકે.

[૫૩] (રે. વે. વ. પુ. ૨ પૃ. ૨૨૧) આંધ્રમાંથી દક્ષિણે અટવી ઓળંગી જતાં, ૧૦૦૦ લી. ના અંતરે ધનકટકનો દેશ આવે છે. તેનો વિસ્તાર ૬૦૦૦ લી. જેટલો અને રાજધાનીનો ૪૦ લી. જેટલો છે. આ વર્ણન ઉપરથી હું એમ ધારૂં છું કે તે દેશનો વિસ્તાર ગોદાવરી અને કૃષ્ણા નદીના મુખ વચ્ચે હોવો જોઈએ, કે જેમાં ઉત્તરે વરંગુળ, પશ્ચિમે ગોળકોંડા અને દક્ષિણે કારનુલ તથા ગોંડાકમનીઆ નદી આવેલી છે. અને તેની રાજધાની બેઝ-વાડાની નજીક થી શરૂ થઈ લંબાતી લંબાતી, એલુર સરોવર સુધી પહોંચવી જોઈએ; આ વાતને સાક્ષીરૂપ થાય એવી

| | | | |
|---|---|---|---|
| ૧૫ ચોલા | चुल्य[५४](चोला),द्राविड[५५] | ૧૮ અપરાંત | कोंकणपूर[५८]; |
| ૧૬ પાંડયા | मलकूट[५६]. | ૧૯ મહારાષ્ટ્ર | महाराष्ट्र[५९]; |
| ૧૭ સિંહલ | सिंहल[५७]. | ૨૦ લાટ | भृकच्छ[६०]; |

હકીકત બહાર આવી છે કે મદ્રાસ ઇલાકાનાં પુરાતત્ત્વ ખાતાએ ગંતુર જીલ્લામાં કેટલાક પુરાણા અવશેષો શોધી કાઢયા છે, જે દેખાવમાં સાંચી અને ભારહુત-સ્તૂપને મળતા આવે છે. (જુઓ ગવરમેન્ટ કોમ્યુનિક ૩૦-૧૨-૨૯ તારીખનો ) તેને નાગાર્જુનકોંડા કહે છે. જ્યારે જૈન પુસ્તકોમાં તેને બેન્નાતટનગર તરીકે ઓળખાવે છે. (જુઓ આગળ ઉપર ધનકટક દેશનું વર્ણન)

[૫૪] રે. વે. વ. પુ. ૨ પૃ. ૨૨૭. આંધ્રથી વિશેષ નૈઋત્યમાં ૧૦૦૦ લી. દૂર જતાં ચોલાનો પ્રાંત આવે છે. તેનો વિસ્તાર ૨૫૦૦ લી. નો છે. મારા ધારવા પ્રમાણે તેમાં વર્તમાનના બેલારી, કડપ્પા, અનંતપુર અને નેલોર જીલ્લાનો સમાવેશ થવો જોઇએ.

[૫૫] ચોલાની દક્ષિણે જતાં (પૃ. ૨૨૮) પ્રથમ ગાઢું અરણ્ય આવે છે. તેમાંથી ૧૫૦૦ લી. દૂર જતાં દ્રાવિડ દેશ આવે છે. તેનો વિસ્તાર ૬૦૦૦ લી. જેટલો છે. તેની રાજધાનીનું નામ કાંચીવરમ છે (ટી. ૧૮૮ : કાંજીવરમ હોવું જોઈએ.) એટલેકે તેમાં ચીંગલપેટ જીલ્લો, બન્ને આર્કાટના જીલ્લા, ઉપરાંત ત્રિચિનાપોલી અને સાલેમ જીલ્લાનો સમાવેશ થઈ જાય છે અને દક્ષિણે કાવેરી નદી તથા મહિસુરનું રાજ્ય આવેલું કહી શકાય.

[ ૫૬ ] (પૃ. ૨૩૦) દ્રાવિડથી વળી દક્ષિણે ૩૦૦૦ લી. દૂર જતાં મલકુટ (જેને ગ્રંથકારોએ પાંડયાનો પ્રદેશ કહેલો છે તે ) આવે છે. તેનો વિસ્તાર ૫૦૦૦ લી. છે-(જ્યારે બરાબર દક્ષિણ દિશા જ સૂચવે છે; એટલે પાંડય રાજ્ય હોય એમ નક્કી થાય છે.)

[ ૫૭ ] સિલોનનો ટાપુ.

[૫૮] દ્રાવિડના મુલકની ઉત્તરે [પૃ. ૨૫૩ ] અરણ્ય આવે છે. તેમાં અસંખ્ય નિર્જન ઝુંપડાં અને સન્નિવેશો નજરે પડે છે. ત્યાંથી આગળ વધીને આશરે ૨૦૦૦ લી. દૂર જતાં કોંકણપુરનો દેશ આવે છે. [આ જંગલો ચિતળદુર્ગ અને શિમોગા પાસેના અટવી હોવાં જોઇએ ] અને કોંકણપુરમાં આ બે જીલ્લા ઉપરાંત, મુંબઈ ઈલાકાનો બેલગામથી દક્ષિણનો સર્વ પ્રદેશ સમાઈ જતો હોવો જોઇએ.

[૫૯] ( પૃ. ૨૫૫ ) કોંકણપુરથી વાયવ્ય ખૂણે, આશરે ૨૪૦૦ લી. દૂર જતાં મહારાષ્ટ આવે છે. જેનો વિસ્તાર ૫૦૦૦ લી. ગણાય છે. એટલે તે કોંકણપુર જેવડું પણ દ્રાવિડ અને ધનકટકથી નાનું થયું: તેના રાજનગરનો ઘેરાવો ૩૦ લી. છે. અને તે એક મોટી નદીના પશ્ચિમ તટે આવેલું છે. આને માટે અનેક અનુમાનો દોરાયાં છે. [ સેંટ માર્ટિન તેને દેવગિરિ અથવા દોલતાબાદ કહે છે; સર કનિંગહામ તેને કલ્યાણ ધારે છે; અને મી. ફરગ્યુસન તોકા, કુલથંબા કે પૈઠણ ધારે છે] મારું મંતવ્ય જુન્નેર હોવાનું થાય છે; અને જો મહારાષ્ટ્રની સીમા તેને ગણાતી હોય તો ઉત્તરે તાપ્તિ નદી અને દક્ષિણે કૃષ્ણાની વચ્ચેનો મુલક ગણાય: જે બેલગાંવ અને સાંવતવાડીની સમાંતર લીટીએ આવેલ છે તે; ઉપરાંત, ઉત્તરે પરવણી, પૂર્વે હૈદ્રાબાદ અને ત્યાંથી વાંક લઇને દક્ષિણે બેલગામ આવે તે લીટી વચ્ચેનો સર્વ પ્રદેશ કહી શકાય.

[૬૦] મહારાષ્ટથી પશ્ચિમે [ પૃ. ૨૫૯ ] આશરે ૧૦૦૦ લી. દૂર જતાં અને નર્મદા નદી ઓળંગતાં એટલે કે અત્યાર સુધી ( ટી. ૫૯ ઉપર જે મારી માન્યતા હતી કે તાપ્તિ નદી સુધી હદ છે, તેમ નહિ પણ હવે નર્મદા સુધી ઉત્તર હદ ગણવી) ભૃગુકચ્છનો પ્રાંત આવે છે. [બીજું નામ બારીગઝા અથવા ભરૂચ] તેનો ઘેરાવો ૨૪૦૦ લી. જેટલો છે.

| | | | |
|---|---|---|---|
| २१ अवंति | मालवा[61], उज्जयिनि [62], | २३ कच्छ | कच्छ. |
| २२ मत्स्य | अटलि[63], (१६)गुज्जर[64], मूलस्थानपूर[65]; | २४ सुराष्ट्र | वल्लभी[66], आनंदपुर[67], सुराष्ट्र[68]; |

[૬૧-૬૨] માલવા અને ઉજ્જૈન એમ બે નામ આપ્યાં છે તેથી અત્રે હું એકત્રિત લઉં છું. હું એમ માનું છું કે ગ્રંથકારની ગણત્રી કદાચ પ્રથમ પ્રદેશમાં, ઉદેપુર, પ્રતાપગઢ, રતલામ, ધાર, ઈંદોર, નીમચ, બુંદિ અને કોટા લેવાનો હોય જ્યારે બીજામાં ચંબલ અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ કે જે ઉત્તરે જાવરા અને દક્ષિણે મંદસોર વચ્ચે આવે છે તે મુલક ગણવાનો હોય.

[૬૩] (પૃ. ૨૬૪) માલવાની નૈઋત્ય દિશાએ અખાત આવે છે [ઘણું કરી કચ્છનો અખાત કહેવાનો હેતુ હશે જુઓ પૃ. ૬૪ ટી. ૬૬] અને ત્યાંથી ૨૪૦૦ લી. દૂર [કઇ દિશા તે લખ્યું નથી] અટલીનો પ્રદેશ આવે છે. (રે. વે. વ. પુ. ૧. પૃ. ૨૬૫ ટી. ૬૭) અટલી દેશ કરાંચીથી ઘણો દૂર ઉત્તરમાં છે. કદાચ ઉચ્છ કે ભાવલપુરવાળો મુલક પણ હોય; કેમકે મુલતાન શહેરની પાડોશમાં જ અટારી કરીને એક નગર છે, (ઉચ્છ તે તો દેશવાચક નામ છે અને તેના નગરનું નામ ઉચ્છાપુરી હોય અને તે સિદ્ધાંતે એમ અનુમાન કરૂં છું કે વરૂણ નામના જે દેશની રાજધાનીનું નામ ઉચ્છાપુરી અપાયું છે; તે વરૂણ આ અટલી દેશ ઉર્ફે ઉચ્છદેશ હોય) તેમ જ મત્સ્યદેશ સાથેનો, પરસ્પર સ્થાન પરત્વેનો સંબંધ વિચારતાં, સર કનિંગહામે જે સૂચના કરી છે કે ઉચ્છ તે ભાવલપુરનો પ્રદેશ છે તે કથન વ્યાજબી લાગે છે. [ મારૂં પોતાનું માનવું એમ છે કે, આ અટલીના પ્રદેશની હદ આ પ્રમાણે ઠરાવી શકાય: પૂર્વે અરવલ્લી પહાડ, પશ્ચિમે સિંધ, ઉત્તરે અક્ષાંશ ૬ની લીટી, અને દક્ષિણે મુંબઈ ઈલાકાના આબુ, અને પાલણપુર વચ્ચેની લીટી દોરીએ તે. ]

(૧૬) આ ઉપરથી જોઇ શકાશે કે ગુજ્જર દેશનું સ્થાન અસલના મત્સ્ય દેશમાં છે જ્યારે હાલના વિદ્વાનો તેનું સ્થાન, નિષધદેશ અથવા હાલના ગ્વાલિયર અને ઝાંશીના પ્રદેશમાં માને છે. અને ત્યાંથી ગુર્જર પ્રજાની ઉત્પત્તિ થયેલ ગણાવે છે; આ સાચું છે કે ખોટું તે તુરત સમજી શકાશે.

[૬૪] (પૃ. ૨૬૯) વલ્લભીદેશથી ઉત્તરે આશરે ૧૮૦૦ લી. દૂર જતાં ગુર્જર દેશ આવે છે. (જો વલ્લભીને સ્થાને અટલી શબ્દ મૂકીને વાંચીએ તો બધું બરાબર આવી જાય છે.) અત્ર ગ્રંથકારે કૌંસમાં લખ્યું છે કે પૃ. ૨૬૯ ટી. ૮૦ જુઓ. વર્તમાનના રાજપુતાના અને માળવા દેશનો દક્ષિણપ્રાંત તથા ત્યાં જે ભાષા બોલાય છે તે જોતાં, તેનેજ ગુર્જર શબ્દ બરાબર લાગુ પાડી શકાય: ડૉ. ભાંડારકરનો મત કુર્જરદેશ હોવાને લગતો છે. [ મારો મત ડૉ. ભાંડારકરને મળતો છે. આ ઉપરથી સમજાશે કે, અન્ય વિદ્વાનો કુર્જર દેશને સૌરાષ્ટ્રનો એક ભાગ લેખે છે જ્યારે ખરી રીતે કુર્જર દેશને જોધપુર રાજ્યના દક્ષિણનો પ્રાંત ગણવો રહે છે] જૈનગ્રંથોનું ભિન્નમાલ નામનું પ્રખ્યાત શહેર તે આ ગુર્જર દેશનું પાટનગર હતું. અને તેથી ગુર્જર દેશમાં, હાલના આખા જેસલમીરનો તથા જોધપુર રાજ્યના મોટા ભાગનો સમાવેશ થયો જોઈએ.

[૬૫] સિંધથી પૂર્વમાં (પૃ. ૨૭૪) અંદાજ ૯૦૦ લી. દૂર અને સિંધુ નદી ઓળંગીને તેના પૂર્વ કિનારે આગળ જતાં, મૂળસ્થાનપુરનું રાજ્ય આવે છે: તેનો પોતાનો વિસ્તાર ૪૦૦૦ લી. અને તેના પાટનગરનો ૩૦ લી. ઘેરાવો છે. [ટી. ૮૫] મૂળસ્થાનપુર તે જ મુલતાન [જુઓ રેઈમંડ મેમોઇર્સ એસ. એલ. ઈન્ડે. પુ. ૯૮] હાલના મુઝફ્ફરગઢ અને મુલતાન જીલ્લાઓ તે રાજ્યમાં ગણાવી શકાય.

[૬૬-૬૭-૬૮] [ પૃ. ૨૬૬ ટી. ૭૧] હ્યુએનશાંગે જેને વલ્લભીનું રાજ્ય લેખ્યું છે તે, " લાટ પ્રજાના ઉત્તર ભાગમાં વસતા લોકોનો દેશ " કહી શકાય. પૃ. ૨૬૬માં લખે છે કે, કચ્છ દેશથી ઉત્તરમાં ૧૦૦૦ લી.

૨૫ सिंध सौविर  सिंध ( अत्यनवेकल१९, लंगल १७० )

આ બધાં નામો ( દેશનાં તથા રાજધાનીનાં ) રેકર્ડઝ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ પુ. ૧ તથા ૨ માંથી ઉતાર્યા છે તેથી તે તે જગ્યાની ઓળખ પણ મોટા ભાગે તેમાંથીજ લીધી છે. જે પૃષ્ઠ બતાવ્યાં છે તે પણ તેનાંજ છે. જ્યાં બીજો આધાર લેવાયો છે ત્યાં તેવાં પુસ્તકનાં નામ સ્પષ્ટપણે જણાવ્યાં છે. ( સ્પષ્ટપણે સમજાય તે માટે નકશો સાથે રાખી તેમાં આંક પણ બતાવ્યા છે. )

આ પ્રમાણે રેવરંડ બીલ સાહેબના પુસ્તકમાં જણાવ્યા મુજબના ૭૦ રાજ્યોનો ટુંક પરિચય સમજી લેવો. આટલો ભાગ સ્વતંત્ર રીતે છુટો પાડી શકાય તેમ હોવાથી, એટલેકે વાચક મહાશય તેટલો ભાગ છોડી દઇને આગળ વધવા માંગતો હોય, તો પણ ઐતિહાસિક રહસ્ય અખંડ પણે જાળવી રખાય તેમ છે. તેથી તેટલો ભાગ નાના અક્ષરે લખ્યો છે.

જો કે ઉપરના પૃષ્ઠોમાં વર્ણવાયલા દેશોમાંથી નં. ૮ नेपाल, નં. ૧૧ कामरुप, નં. ૧૪ आंध्र, નં. ૧૫ चोला, નં. ૧૬ पांड्या, નં. ૧૭ सिंहल, નં. ૧૮

---

ના અંતરે વલ્લભીપુરનું રાજ્ય આવે છે. [ ઉત્તરને બદલે દક્ષિણ લખવું વ્યાજબી ગણાય, લખતાં ભૂલ થઈ હશે ] કેમકે પૃ. ૬૮ ઉપર વલ્લભીરાજ્ય અને આણંદપુરની સીમા બતાવતાં પાછું લખે છે કે, વલ્લભીથી આણંદપુર વાયવ્યમાં ૭૦૦ લી. દૂર છે તેમજ વલ્લભીની પશ્ચિમે ૫૦૦ લી. દૂર સૌરાષ્ટ છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે દક્ષિણ શબ્દ લખતાં ભૂલથી ઉત્તર શબ્દ લખાયો છે.] ( પૃ. ૬૬, ટી. ૭૧ ) વળી લેખકના પોતાનાજ શબ્દ પણ મારા મંતવ્યને ટેકા રૂપ છે. જો કે કચ્છની દક્ષિણ દિશામાંજ આવેલું માની શકાય છતાં મૂળ લખાણમાં, ઉત્તર શબ્દ લખાયેલ છે અને તેથી ફરીને વર્તમાનકાળના નીચેનાં સ્થાનો, તે સમયના પ્રાંતમાં ગણવાં રહે છે.

( અ ) વલ્લભી રાજ્યમાં ગોહિલવાડ, બાબરિયાવાડ, અને કાઠિયાવાડનો થોડો ભાગ.

( બ ) આણંદપુરમાં કાઠિયાવાડનો થોડો ભાગ અને ઝાલાવાડનો આખો પ્રાંત.

( ક ) સૌરાષ્ટમાં કાઠિયાવાડ દ્વીપકલ્પનો બાકીનો ભાગ ( ઉપરના પ્રાંતો બાદ કરતાં જે રહે તે ).

મતલબ કે હાલના કાઠિયાવાડ દ્વીપકલ્પમાં આ ત્રણે રાજ્યો [ વલ્લભી, આણંદપુર અને સૌરાષ્ટ ] નો સમાવેશ તે વખતે કરાતો હતો.

[ ૬૯--૭૦ ] આ બે પ્રાંતોની સીમાનું વર્ણન જે પ્રમાણે ગ્રંથમાં લખ્યું છે તે જોતાં, તેનાં સ્થાનો, સિંધ દેશની પેલી પાર વાયવ્ય ખૂણે ગણી શકાય. અને તે તો આપણી કક્ષાની બહાર આવે છે એટલે તેનું વર્ણન અત્ર કરવું યોગ્ય નથી ધારતો. જ્યારે लंगल વિષે જણાવવાનું કે, સર કનિંગહામનું માનવું એમ થાય છે કે ( જૂઓ રે, વે. વ. પુ. ૨, પૃ. ૨૭૭ ટી. ૮૯.) તે લોકોરિયન ઉર્ફે લાકુરા નામનું નગર છે કે જેને મી. મૅસને કચ્છમાં આવેલ ( જુઓ એન્શન્ટ જીઓ. ઓફ ઈન્ડીઆ, પૃ. ૩૧૧ ) કોટસરથી વાયવ્ય દિશામાં ૨૦૦૦ લી. છેટે, ખોજદાર અને ક્રીલાટની વચ્ચે આવેલ મુલકમાંનું એક મોટું ભગ્ન સ્થિતિનું શહેર ગણ્યું હતું; અને આ કથનને જો સાચું લેખીએ તો તેને સૌવિર દેશનો દક્ષિણ પ્રાંત ગણવો રહે છે. મારા મત પ્રમાણે તે પાંચાળ દેશનો એક ભાગ હોવો જોઇએ, કેમ કે તેની રાજધાનીનું નામ અહિછત્રા નગરી કહી છે અને તે તો સંયુકત પ્રાંતોમાં, જેને હાલ રામનગર કહે છે તે સ્થાન ગણાય છે.

અપરાંત અને નં. ૧૯ મહારાષ્ટ્ર; આ આઠ નવ દેશો અનાર્ય દેશમાં ગણાઇ જતા હોવાથી, આર્ય પ્રદેશના વર્ણન કરતાં બૌદ્ધગ્રંથોએ બાકીના સોળનોજ૧૭ ઉલ્લેખ કરવા ધાર્યો હશે એમ ધારવું થાય છે; આ પ્રમાણે એકદમ અતિ પ્રાચીન સમયે, આર્ય દેશોની સંખ્યા જે સાડી-પચીસ ગણાતી હતી, તેને બૌદ્ધગ્રંથોમાં માત્ર સોળ દેશો તરીકેજ નિર્દિષ્ટ કરેલ છે. આ બન્ને સ્થિતિ અરસપરસ કેમ ઘટાવી શકાય, તેની તુલના પણ ઉપરના ખુલાસાથી કાંઇક અંશે થઇ જાય છે. જો કે તે બન્નેની નામાવલિ એક બીજાથી કેટલેક ઠેકાણે ભિન્ન તો પડી જાય છે, છતાં જે એક ખુબી એ બન્ને નામાવલિમાં કાકતાલિય ન્યાયે જળવાઇ રહે છે તે એ છે કે, બન્નેની દૃષ્ટિએ, કુલ પ્રદેશની આંક સંખ્યા ૧૬ નીજ આવી ઉભી રહે છે. ( શું તે ૧૬ ની સંખ્યામાં કોઈ ચમત્કાર હશે ખરો ? )

(૧૭) કે પછી ઉત્તર હિંદમાંજ કેવળ સોળ રાજ્યો હતાં એમ કહેવાનો બૌદ્ધ ગ્રંથોનો આશય પણ હોઇ શકે.





# ચતુર્થ પરિચ્છેદ

## સોળે સત્તાધીશ રાજ્યોના વૃત્તાંત

ટૂંક સાર—

**(૧) કંબોજ–ગાંધાર**—તેનો રાજ્ય વિસ્તાર તથા રાજ્યકર્તાની કેટલીક માહિતી–ગાંધારપતિને મગધપતિસાથે સહજપણે મિત્રતા સંધાતી હતી, તેવામાં આકસ્મિક સંજોગો વચ્ચે નીપજેલું તેનું મરણ–તેના પરાક્રમને લીધે હિંદ ઉપર ચડી આવવામાં ઈરાની શહેનશાહને મળતી નિષ્ફળતા, પણ તેનું મરણ નીપજતાં શહેનશાહ સાઈરસના મનની મુરાદ પાર પડી ગયાનું વર્ણન–પરિણામે હિંદની જે દોલત ઈરાનમાં ઘસડાઈ જતી હતી તેનો કાંઈક. ચિતાર—

**(૨) પાંચાલ**—ટૂંક હકીકત.

(૩) **કોશળ**—આ દેશનાં નામ, સ્થાન, રાજ્યકર્તાનો વંશ તથા તેના રાજ્યનું નામ, તેમજ રાજ્યનગરીનાં નામ અને સ્થળ, એમ કેટલીયે બાબતમાં, ભિન્ન ભિન્ન લેખકોએ અનેકવિધ નામો આપવાથી, આખા ભારતીય ઇતિહાસમાં જે કેટલાક ગોટાળા ઉભા થયા છે, તે સર્વે મુદ્દા, એક પછી એક હાથ ધરી, તેમનું કરવામાં આવેલું નિરસન—કોશલપતિ પ્રસેનજિતને બૌદ્ધગ્રંથોમાં પસાદિ અને જૈનગ્રંથોમાં પ્રદેસી કહેવાયો છે, તે સર્વે નામોનું કરી બતાવેલ સામ્ય—કોશળપતિ અને મગધપતિ વચ્ચે કુળમદને લીધે થએલાં યુદ્ધો, અને પરિણામે લગ્નગ્રંથીવડે જોડાવાનું તે બન્ને વંશમાં થયેલું પરિવર્તન—પ્રસેનજિત સિવાયના અન્ય રાજાઓની નામાવલિ તથા તેનું શુદ્ધિકરણ કરીને આપેલી સમયાવલિ—પ્રસેનજિતપુત્ર વિરૂદ્ધકે, પોતાના માતૃપક્ષનાં શાક્યજાતિના જે સગાંઓએ કપટી વર્તન પૂર્વે ભજવેલ હતું તેના વૈરમાં, ગાદીએ બેઠા પછી, ટૂંક સમયમાંજ તેમનો તથા તેમની ભૂમિનો કરેલ નાશ, અને તે સમાચાર સાંભળી ગૌતમબુદ્ધને પોતાની અંતિમ અવસ્થામાં ઉપજેલ ખેદ—કોશળ વંશની પૂર્ણાહૂતિ.

(૪) **કાશી**—મહાભારતમાં વર્ણવાયેલ બૃહદ્રથ રાજાઓની સત્તાનો અંત તથા તેમના અંતિમ કુળદીપક અને જૈનસંપ્રદાયના તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વના પિતા રાજા અશ્વસેનનો સંબંધ—તે બાદ ત્યાંની ગાદી શિશુનાગ નામે ક્ષત્રિય રાજકુંવરે હાથ કરી, પોતાના નામ ઉપરથી સ્થાપેલ શિશુનાગ વંશની હકીકત—પાછળથી મગધદેશની રાજ્યલગામ હાથ ધરવાનું થયેલ તેને નિમંત્રણ—કાશી અને મગધદેશનું થયેલ જોડાણ—તેની પછી ચાર પેઢી સુધીના રાજાઓના નામ તથા સંક્ષિપ્ત જીવનચરિત્રો—

આ સોળે રાજ્યોનો ઇતિહાસ લખવાનું કાર્ય હાથ ધરતાં, જે રાજ્યોનો[1] ઇતિહાસ, ક્રમવાર અને અત્રૂટિત સ્થિતિમાં પ્રાપ્ત થતો નથી, તે સર્વેનું વર્ણન પ્રથમ લખવામાં આવશે; અને તે બાદ જે પ્રદેશોનો ઇતિહાસ શ્રૃંખલાબદ્ધ મેળવી શકાય છે, તે લખીશું, એમ કરી સોળે રાજ્યોની હકીકત યથાશકિત વાચક આગળ ધરીશું.

### (૧) કંબોજ-ગાંધાર.

**તેની સીમા, રાજધાની તથા ભાષા.** તૃતીય પરિચ્છેદમાં નિર્દિષ્ટ કરેલ સોળ રાજ્યોમાંના ત્રણ રાજ્યોનો વિસ્તાર, અતિ બહોળો હોવાને લીધે, તેમની ગણના સામ્રાજ્યમાં કરવામાં આવતી હતી, તેમાંનું એક ગાંધાર-કંબોજનું રાજ્ય હતું. તે હિંદના વાયવ્ય ખૂણામાં આવેલ હતું. તેના વિસ્તારમાં, હાલનો જે કાશ્મિર દેશ કહેવાય છે તે, તથા તેની વાયવ્ય દિશાનો થોડો ભાગ, ચિત્રાળનો પ્રદેશ, અફગાનિસ્તાનનો મોટો ભાગ, તેમજ પંજાબ ઇલાકાનો લગભગ સર્વભાગ, તેમાં સમાઇ જતો હતો. અથવા એમ કહો કે સતલજ નદીનો આખો પ્રવાહ, આ સામ્રાજ્યની પૂર્વ અને દક્ષિણ દિશાની હદ બાંધતો હતો. તેની રાજધાની તક્ષશિલા (તક્ષીલા)[2] નગરી હતી. અને તે સમયના તેના સમ્રાટનું નામ પુલુસાકી હતું. આ સામ્રાજ્યની વચ્ચોવચ્ચ, મહાન સિંધુ નદી, ઉત્તર-દક્ષિણે ઉભી વહેતી હોવાથી તેના બે ભાગ પડી ગયા હતા. તેમાંના પશ્ચિમ વિભાગને કંબોજ અને પૂર્વના ભાગને ગાંધાર નામથી ઓળખવામાં આવતા હતા. કંબોજમાં ખરોષ્ઠી ભાષા બોલવામાં આવતી જ્યારે ગાંધારમાં બ્રાહ્મી-ભાષા વપરાતી હતી. (આ બન્ને ભાષા-લિપિના મુકાબલાનું વર્ણન ક્ષત્રપોના પરિચ્છેદે જુઓ ). જોકે પ્રજામાં બોલાતી ભાષા આ પ્રમાણે જુદી હતી, છતાં બન્ને વિભાગો એકજ સામ્રાજ્યના અંગ હોવાથી તેની વસ્તિને અરસપરસના સંસર્ગમાં વારંવાર આવવું થતું હતું, જેથી તેઓની ભાષાનું પરસ્પર મિશ્રણ થઈ ગયું હતું. આ સ્થિતિ ખાસ કરીને, જ્યાં કંબોજ અને ગાંધાર દેશ એકઠા મળે છે તે પ્રદેશમાં વિશેષપણે હતી.[3]

આખા સામ્રાજ્યની રાજધાની જેમ તક્ષિલા હતી તેમ ગાંધારની રાજધાની પણ તેનેજ લેખવામાં આવતી; જ્યારે કંબોજની રાજધાની તરીકેનું માન પુષ્પપુર-પુષ્કલાવતી નગરીને મળ્યું હતું, જેને હાલ આપણે પેશાવર તરીકે ઓળખીએ છીએ.

**રાજ્યકર્તા વિશે.** રાજા પુલુસાકી બહુ શાંતપ્રિય સમ્રાટ હતો. તેના સમયમાં રાજ્ય બહુ આબાદી ભોગવતું હતું. જોકે તેના પૂર્વજોની કે પરિવારની કોઇ જાતની નામાવલિ પ્રાપ્ત થતી નથી,

---

(૧) વીન્સેન્ટ સ્મિથકૃત અર્લી હિસ્ટરી ઓફ ઈન્ડીઆ. ચોથી આવૃત્તિ. પૃ. ૨૯. ઉતર હિંદનાં સોળ રાજ્યો. ( Sixteen States in Northern India ).

(૨) આના વિસ્તારપૂર્વક વર્ણન માટે જુઓ આગળ ઉપર પૂરવણીનું પરિશિષ્ટ પાંચમું.

(૩) આ સ્થિતિ આપણને શાહબાઝગૃહીના અને મંશહેરાના ખડક લેખોમાં તેમજ પંડિત પાણિનિના વ્યાકરણમાં મળે છે આ કારણને લીધેજ તેમાં પ્રાકૃત ઉપરાંત ખરોષ્ઠી ભાષાના શબ્દોનો પ્રવેશ થઈ ગયો છે.

પણ જે કાંઇ હકીકત મળે છે તે માત્ર તેને પોતાનેજ લગતી મળી આવે છે. તે પોતે બહુ ધાર્મિકવૃત્તિનો માણસ હતો. વળી તેને, તે સમયના પૂર્વ હિંદના સમ્રાટ, મગધપતિ શ્રેણિક સાથે કાંઇક મિત્રાચારીનો સંબંધ બંધાયો હતો, જેથી તે બન્ને રાજવીઓ અરસપરસ ભેટ-સોગાદો મોકલાવતા હતા. પરિણામે મિત્રાચારીની ગ્રંથી વિશેષ મજબૂત બનવા પામી હતી. તે એટલે સુધી કે એકદા, સમ્રાટ પુલુસાકીને સમ્રાટ શ્રેણિકને નજરોનજર જોવાનો, તથા તેના રાજ્યમાં વિચરતા મહાવીર અને બુદ્ધદેવ નામે બન્ને મહાન ધર્મોપદેશકોના દર્શન કરવાનો અભિલાષ થયો હતો, જે ઈચ્છા પાર પાડવા, તેણે પૂર્વ તરફ પ્રયાણ પણ કરી દીધું હતું; પણ જેવો મગધ સામ્રાજ્યની હદમાં પ્રવેશ કીધો કે ટૂંક સમયમાં જ દુર્ભાગ્યવશાત્ તે બિમાર પડી ગયો અને મગધભૂમિમાંજ તેનો દેહ નિશ્ચેતન થઇ પડયો. ( ઇ. સ. પૂ. ૫૫૦ ની આસપાસ )

તેની પછી કોણ કંબોજાધિપતિ થયું તે બહુ નિશ્ચયપણે કહી શકાય તેમ નથી, પણ સંભવિત છે કે તે રાષ્ટ્રનો પૂર્વનો કેટલોક ભાગ, પાડોશી નાનાં રાજ્યો સાથે ભળી ગયો હશે. જ્યારે પશ્ચિમના ભાગ ઉપર તો મુખ્યતાએ ઇરાની શહેનશાહ સાઇરસનીજ[૪] આણ પ્રવર્તી ગઇ હતી. ભારતવર્ષની જાહોજલાલીનું વર્ણન આ સમર્થ શહેનશાહના કાન ઉપર વારંવાર પહોંચતું હતું એટલે સાહસિક વૃત્તિએ તેનું મન અધીરૂં તો થવા માંડયુંજ હતું, તેમાં આ પ્રકારે (રાજા પુલુસાકીનું સ્વર્ગગમન) થઇ જવાના સમાચાર મળવાથી તેણે મંગળાચરણ તરીકે, પોતાની હકુમતના પ્રદેશની અડોઅડના ભૂભાગ ઉપર ચડાઈ કરી, તે ભાગ પોતાના સામ્રાજ્યમાં ભેળવી લીધો અને ધીમેધીમે ખંડણીરૂપ અઢળક દ્રવ્ય ઉપાડી જવા માંડયું. આ શહેનશાહ સાઇરસનો રાજ્ય વિસ્તાર બહુ તો કાબુલ સુધીજ આવવા પામ્યો હશે એમ દેખાય છે. બાકી તેના પછી જે ડેરિયસ થયો હતો તેણે તો વિશેષ ભીતરમાં આગળ વધીને તથા આખો પંજાબ[૫] પ્રાંત પણ જીતી લઇને ઇરાની શહેનશાહતમાં ભેળવી દીધો હતો.(૬) તે એટલે સુધીકે ઇરાની શહેનશાહતના જે વીસ પ્રાંતો, સુબાઓની હકુમતમાં (Satarapies) ગણાતા હતા, તેમાં આ ગાંધારના પ્રદેશને વીશમો સુબા-પ્રાંત કહેવામાં આવતો હતો.

---

( ૪ ) (અ) કે. હી. ઇ. પૃ. ૫૩૩
કેંબેસીઝ ( પહેલો )
સાઇરસ ઈ. સ. પૂ. ૫૫૮-ઈ. સ. પૂ. ૫૩૦=૨૮
કેંબેસીઝ ( બીજો ) ૫૩૦-૫૨૨=૮
સ્મરડીસ ( ગાદી પચાવી પાડનાર )
૫૨૨-૫૨૧=૧
ડેરિયસ ૫૨૨-૪૮૬=૩૬
( પંજાબમાં તેની સત્તા, આશરે ૫૧૮ માં થઈ)
(બ) અ. હી. ઇ. આવૃત્તિ ત્રીજી પૃ. ૧૨
હીસ્ટાસ્પીસ ( પહેલો ).
ડેરિયસ ઈ. સ. પૂ. ૪૮૬
હીસ્ટાસ્પીસ ( બીજો )

( આ બન્ને કોઠા સરખાવતાં અ નો કેંબીસીઝ બીજો, તે બ નો હીસ્ટાસ્પીસ પહેલો દેખાય છે )

મી. ડબલ્યુ. એસ. ડબલ્યુ વૅાકસ (એમ. એ, એફ આર. એસ. ) ના ઈરાન શીર્ષક પુસ્તકમાં આપેલ નામાવલિ પણ ઉપરમાં ટાંકેલ કે. હી. ઇ ને મળતી આવે છે.

(૫) આ ડેરીઅસના સામ્રાજ્યના અનેક પ્રાંતો પાડયા હતા. દરેક પ્રાંત ઉપર એકેક સુબો (ક્ષત્રપ-Satarap) નીમેલ હતો. અહીંના સુબાનો નંબર વીસમો ગણાતો હતો. તેણે વાર્ષિક ખંડણી તરીકે પોતાના શહેનશાહને તેજંતુરી (Golden--dust ) ઘણા મોટા પ્રમાણમાં મોકલવી પડતી હતી. આ બધી હકીકત ઈરા-

આ પ્રમાણે પંજાબ દેશ ઉપર ઈરાની શહેનશાહની સત્તા જામ્યા પછી લગભગ પોણી-સદી તે ટકવા પામી હતી એમ દેખાય છે. તે બાદ, ચાહે તો ઈરાની શહેનશાહત નબળી પડ-

નના ઈતિહાસમાં વર્ણવાયલી માલુમ પડે છે. જુઓ આગળ ઉપરનું વર્ણન તથા ઉપર પૃ. ૩૫ નું ટીપણ ૭૪. આ ખંડણીની રકમ હાલની ગણત્રીએ કેટલી થતી હતી તેનો ખ્યાલ નીચેના શબ્દો વાંચવાથી આવી શકશે.

**ભા. સં. ઇ.** પૃ. ૧૯૬:-જીસકી માત્રા આજ કલકે હિસાબસે ૧॥ સે ૨ ક્રોડ રૂપૈએ હોતી હૈ.

કે. હી. ઇ. પુ. ૧ લું પૃ. ૩૩૫:—શહેનશાહ ડેરિયસના સામ્રાજ્યમાં, પંજાબદેશ એક વિભાગી પ્રાંત હતો ( ઈ. સ. પૂ. ૫૧૮ )= C. H, I. P, 335, The Punjab was a part of the realm of king Darius about B. C. 518.

E. H. I. 4 th Edi. P. 40:—( The Indian Satarapy ) It paid the enormous tribute of 360 Euboic talents of gold-dust of 185 hundredweights ( જેને આપણે ટુંકાક્ષરીમાં cwt. લખીએ છીએ તે અને જે 1cwt=112 lbs. કહેવાય છે તે ) worth fully a million sterling and constituting about one-third of the total bullion revenue of the Asiatic provinces—The conquered province was considered the richest and most populous province of the empire.

**હિંદીપ્રાંત મોટી** ખંડણી ભરતો હતો; આ પ્રમાણે ભરવામાં આવતી તેજંતુરીનું વજન, ૩૬૦ યુબોનીક ટેલન્ટસ જેટલું થતું હતું. અને તેનું વજન વર્તમાનકાળે ૧૮૫ હંડ્રેવેટ થાય ( એક હંડ્રેવેટ=૧૧૨ રતલ સમજવા ) અને તેની કીંમત ૧૦ લાખ પૌંડ પૂરેપૂરા ઉપજી શકે; એટલે સામ્રાજ્યના સઘળા એશિઆટીક પ્રાંતોની જે વસુલાત કુલ થતી હતી તેના પ્રમાણમાં આ રકમ ⅓ જેટલી હતી. આ જીતાયલો પ્રદેશ આખા સામ્રાજ્યમાં સૌથી સમૃદ્ધ તેમજ વિશિષ્ટ વસ્તિઆળુ પ્રાંત હતો.



આ પ્રમાણે લખીને પાછા તેજ ગ્રંથકાર તેજ પૃષ્ઠની તળે, ટીપણ નં. ૧ માં લખે છે કે—One Eubonic Talent=57.6 lbs. avoirdupois. Therefore 360 Talents are equal to 20.736 lbs. Assuming silver to be worth five shillings an ounce=1/4 of £ I or £ 4 per 1 lb, and the ratio of silver to gold to be as 13 to 1, would be worth £ 1,078,272; If the Eubonic talent be taken as equivalent to 78 & not 70, the 360 of gold will be 4680 talents of silver; the total bullion revenue of the Asiatic provinces ( including a small part of Lybia in Africa ) was 14560 silver talents ( Cunnigham Coins of Ant. India pp. 12,14, 26 & 30 )

૧ યુબોનીક ટેલંટ=૫૭.૬ પૌંડ ( રતલ ) ના હિસાબે ૩૬૦ ટેલંટ એટલે ૨૦,૭૩૬ રતલ થયા. અને એક ઔંસ ચાંદીની કિંમત પાંચ શીલીંગની ગણીએ તો, એક સ્ટર્લીંગ પૌંડની ચાર ઔંસ ચાંદી થઈ. તે પ્રમાણે એક રતલ ચાંદી ( ૧ રતલના ૧૬ ઔંસ ) ની કિંમત ૪ પૌંડ થયા. અને સોનું તથા ચાંદીની ( નગદીનું ) પ્રમાણ ૧૩ અને ૧ લેઈએ, તો તે હિસાબે પૌંડ ૧,૦૭૮,૨૭૨ થાય ( બીજી રીતે ) યુબોનીક ટેલંટનું પ્રમાણ ( ઉપરની ગણત્રીમાં ) જે ૭૦ ના હિસાબે છે તેને બદલે ૭૮ લેખે લેતાં, ૩૬૦ ટેલંટ સોનું તે ચાંદીના ૪૬૮૦ ટેલંટ બરાબર થશે. અને ( સર કનીંગહામ સાહેબે તેમના એન્શંટ કોઈન્સ ઓફ ઇન્ડીઆ નામે પુસ્તકમાં પૃ. ૧૨, ૧૪, ૨૬ અને ૩૦ માં જણાવ્યા પ્રમાણે ) સર્વ એશિઆઈ પ્રાંતોનું કુલ ઉત્પન્ન ( આફ્રીકાનો લીબીઆ પ્રાંતનો થોડો ભાગ સાથે લેતાં ) ૧૪૫૬૦ ટેલંટ ચાંદી જેટલું હતું (એટલે કે આખા સામ્રાજ્યના કુલ ઉત્પન્નમાં એકલા હિંદી પ્રાંતની ખંડણીજ ત્રીજા ભાગની થતી હતી.)

વાથી બન્યું હોય કે, પછી **મગધપતિ નંદવંશી સમ્રાટોના** પરાક્રમનું જોમ વિશેષ હોવાથી બનવા પામ્યું હોય, કે બન્ને કારણોના એકત્રિત થવાથી થયું હોય, તે ગમે તેમ હોય–પણ એટલું નક્કી છે કે તે **હિંદી** પ્રાંત[7] કાયમને માટે ઈરાનની હકુમતમાંથી નીકળી, હિંદી સમ્રાટના હાથના આવ્યો હતો અને પછી ઉત્તરોત્તર અનેક વંશના રાજ્યઅમલનો ખાટો–મીઠો સ્વાદ તેને અનુભવવો પડ્યો હતો. જો કે વચ્ચે, એક બે દશકાનો સમય યવન શહેનશાહ, **અલેકઝાંડર ધી ગ્રેઈટ**, અને તેના સરદારોના મુરબ્બીવટા તળે પણ તેને ગાળવો પડ્યો હતો. તે બાદ એકાદ સૈકા સુધી, હિંદુસમ્રાટોના અધિકારે રહ્યો હતો અને ફરી પાછો યવન સરદારોના આધિપત્યમાં જવા પામ્યો હતો; પણ આ સમયે તો તેઓ **હિંદમાંજ** પોતાનો સ્થાયી મુકામ રાખીને રહ્યા હતા એટલે તે હકીકતને આપણે **ભારતવર્ષના** ઇતિહાસમાં લેવી રહે છે. અને તે માટે આગળ ઉપર સ્વતંત્ર પ્રકરણો લખ્યાં છે ત્યાં જુઓ.

આ પ્રમાણે અનેક હાથ બદલામાંથી પંજાબદેશને પસાર થવું પડયું હતું.

## (૨) પાંચાલ

આ રાજ્યના બે ભાગ પાડવામાં આવ્યા હોય એમ જણાય છે. એક ઉત્તર **પાંચાલ** અને બીજો દક્ષિણ **પાંચાલ**. તે બન્નેને પોતપોતાની રાજધાની હતી. ઉત્તરની રાજધાની **મથુરા** અને દક્ષિણની રાજધાની હાલના કનોજની પાસે કંપિલ (કંપિલપુર) કરીને હતી. કેટલાકને મતે **પાંચાલ**ની હદ, હજુ વિશેષ કરીને વાયવ્યમાં પ્રસરતી હતી. બેલાશક, જુદા જુદા સમયે જુદી જુદી સીમા ગણાતી હશે, પણ તે બધું અતિ પ્રાચીન સમયે હશે, કે જેની સાથે આપણે વર્તમાન ઇતિહાસની દ્રષ્ટિએ કાંઈ સંબંધ નથી. એટલે તે મુદ્દો જતો કરીશું. હાલતુરત તો, રેકર્ડઝ ઑફ ધી વેસ્ટર્નવર્લ્ડની પદ્ધતિ, કાંઈક અંશે ઇતિહાસના વર્ણનને સુગમ પડે તેવી લાગી છે. તેથી તેને સાનિધ્યમાં રાખી, આપણે વર્ણન લખવાનું રાખ્યું છે. અને આપણે પૃ. ૫૮ ઉપર જે દેશવિભાગોની નામાવલિ જણાવી ગયા છીએ, તેમાં આ **પાંચાલ**નો આંક બીજો હોવાથી તે હાથ ધર્યો છે.

તેની અંદર **મથુરાથી** માંડીને **કાન્યકુબ્જ** (હાલનું કનોજ) સુધીના દેશોનો સમાવેશ કર્યો છે. આ બધાં નામો, દેશોને બદલે મોટાં શહેરોને લગતાં હોવાનું વિશેષ દેખાય છે. એટલે જે મંતવ્ય આપણે ઉપર પૃ. ૪૮ ના ટીપણમાં **દિલ્હી** શહેરના વિસ્તાર સંબંધી રજુ કર્યું છે તેવું જ આ બધાં સ્થળો વિશે સંભવિત દેખાય છે.

---

[ આતો નગદીનું પ્રમાણ લીધું છે એટલે કે અસલમાં ૧ પૌંડ=૨૦ શીલીંગ (ચાંદીના ટુકડા) ગણાતા, તે હિસાબે આ કિંમત આંકી બતાવી છે પણ હિંદમાં વર્તમાન કાળે તો ચાંદી તોલા ૧૦૦ ના રૂા. ૫૦ આશરે ઉપજે છે એટલે આઠ આને તોલો થઈ; જ્યારે એક તોલો સોનાની કીંમત સરેરાશ રૂા. ૩૪ ગણાય છે; એટલે સોનું અને ચાંદીની કિંમતનું પ્રમાણ તો ૩૪×૨=૬૮ અને ૧ ના પ્રમાણમાં ગણી શકાય; ક્યાં ૧૩:૧ અને ક્યાં ૬૮ અને ૧=સવા પાંચ ગણો ફેર થયો. એટલે આજના હિસાબે લગભગ પૌંડ ૫૬૬૧૦૦૦ થવા જાય.]

(૬) જુઓ ઉપરની ટીકા ૫.

(૭) હાલ જેને આપણે **પંજાબ** કહીએ છીએ તે પ્રાંત સમજવો. અત્યારે પણ તેની વસ્તિ તો બહુજ મોટા પ્રમાણમાં ગણાય છે. છતાં સમૃદ્ધિમાં **હિંદના** કેટલાક અન્ય પ્રાંતો કરતાં ઊતરતો છે. (આ હકીકત તો માત્ર ઈરાની શહેનશાહતની સરખામણીને અંગે જ છે.)



( આકૃતિ. નં. ૭ : પૃષ્ઠ ૭૫ )



( આકૃતિ. નં. ૯ : પૃષ્ઠ ૭૯ )



( આકૃતિ. નં. ૮ : પૃષ્ઠ ૭૮ )



( આકૃતિ. નં. ૧૦ : પૃષ્ઠ ૮૧ )



( આકૃતિ નં. ૧૧ પૃષ્ઠ ૧૦૧ )



( આકૃતિ નં. ૧૨ પૃષ્ઠ ૧૦૨ )



( આકૃતિ નં. ૧૪ પૃષ્ઠ ૧૦૩ )



આકૃતિ નં. ૧૩ પૃષ્ઠ ૧૦૨ )



( આકૃતિ નં. ૧૫ પૃષ્ઠ ૧૦૩ )

આ સિવાય આ દેશ સંબંધી કોઈ જાતનું ઐતિહાસિક તત્ત્વ ઇતિહાસના પાને ચડેલું જોવામાં આવતું નથી. પણ પાછળથી આ પ્રાંત કોશળદેશમાં જોડાઇ ગયો હતો, એટલે હવે આપણે તેને લગતી હકીકત જણાવીશું.

## (૩) કોશલ[૮]

નામાવલિમાં ત્રીજું નામ કોશલનું આવે છે. તેની રાજધાની અયોધ્યા ગણાતી હતી. ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદિમાં જે રાજાનું સ્વામિત્વ આ પ્રાંત ઉપર હતું તેમનું નામ પ્રસેનજિત[૯] હતું.

**તેનું સ્થાન અને તે વિષેનો ભ્રમ**

કેટલાક ઇતિહાસકારો, કોશલ પ્રદેશના બે વિભાગ પાડે છે. એક ઉત્તરકોશલ અને બીજો દક્ષિણકોશલ અથવા મહાકોશલ; અલબત્ત, ઉત્તરકોશલનો વિસ્તાર, દક્ષિણકોશલના વિસ્તાર સાથે સરખાવતાં વધુતર છેજ, અને તે અપેક્ષાએ ઉત્તરના પ્રાંતને સાદો કોશલ કહેવામાં આવે, અને દક્ષિણકોશલને મહાકોશલ કહેવામાં આવે તો ખોટું નથી. બાકી એકજ પ્રદેશના કે એકજ રાજ્યના તે બન્ને વિભાગો હતા એમ કહેવાનો જો આશય હોય તો તે ચલાવી લેઈ શકાય તેમ નથી. કેમકે, પ્રથમ તો બન્ને કોશલના પ્રાંતો, એક બીજાને અડોઅડ આવીને રહેલા નથી; પણ તેની વચ્ચે કાશી અને વત્સના, બે મોટા પ્રાંતો આવી રહ્યા છે.[૧૦] એટલે કે તે સમયે પ્રવર્ત્તી રહેલ એકજ ગણતંત્ર રાજ્યના બે વિભાગ જો તે હોત, તો રાજ્યહકુમતનો વિચાર કરતાં, એક બીજાની લગોલગ આવી રહેલા જ હોવા જોઇતા હતા.[૧૧]

પણ તેવી સ્થિતિ નથી, એટલે આ પ્રમાણે ભૂલ કરવાનું કારણ કેમ બન્યું હશે તેનો વિચાર કરતાં, એમ જણાય છે કે, કોશલપ્રાંતના રાજ્યપતિનું નામ પ્રસેનજિત હતું. અને મહાકોશલ પ્રાંતમાં[૧૨] ભારહુત નામના ગામે જે એક મહાન અને કળાપૂર્ણ સ્તૂપ નજરે પડે છે, તેના ચાર મુખ્ય દ્વારમાંના એક ઉપર રાજા પ્રસેનજિતના જીવનમાંનું એક ચિત્ર, ( જુઓ ચિત્ર નં. ૭ ) કોતરવામાં આવ્યું છે. જેને ઐતિહાસિક ગ્રંથોમાં, રાજા પ્રસેનજિતના સ્તંભ (Prasenjit Pillar) તરીકે ઓળખવામાં આવે છે ( જુઓ ચિત્ર નં. ૮ ). એટલે કે, આ બન્ને કોશલમાં, રાજા પ્રસેનજિતનું નામ સામાન્યપણે[૧૩] આવતું હોવાથી ગ્રંથકારોએ અથવા તો ઇતિહાસના ગવેષકોએ સહજપણે એવો અનુમાન બાંધી દીધો હોય કે, બન્ને પ્રસેનજિત, એકજ વ્યક્તિ હોવા સંભવ છે,

---

(૮) રે. વે. વ. માં હયમુખ અને વૈશાખ નામના જે પ્રદેશો વર્ણવ્યા છે તેમનો સમાવેશ આ પ્રાંતમાં થતો હતો.

(૯) તેને જ 'પસાદિ અને પ્રદેશી' પણ કહેવાય છે.તે માટે જુઓ પૃ. ૭૯ ઉપરનું રાજા પ્રસેનજીતને લગતું વર્ણન.

(૧૦) જુઓ નકશો. નં. ૧.

(૧૧) જો કે એવા છૂટાછવાયા ભાગો ઉપર પણ એકજ રાજ્યની હકુમત હોવાનું બની આવે છેઃ દાખલા તરીકે સાંપ્રતકાળે વડોદરા સરકારના કાઠિયાવાડમાં આવેલાં અમરેલી અને ઓખા પ્રાંતનાં સ્થાન જુઓ.

(૧૨) આ પ્રાંતને અતિ પ્રાચીન સમયે કુશસ્થળ નામ આપવામાં આવતું હતું. શા માટે તેમ થયું હતું, તેનું કારણ આપણે તે પ્રાંતનું વિવેચન કરતાં જણાવીશું

(૧૩) આના સંબંધમાં પ્રથમતો મારે પણ ભૂલ ખાવાનો પ્રસંગ બન્યો હતો, પણ પાછળથી તેનું નિવારણ કેમ થયું તે હકીકત શોધખોળની નજરે ઉપયોગી હોવાથી તે અત્રે ઉતાર્યા વિના રહી શકતો નથી, તેમ તે હકીકત ચાલુ કોશળપતિને

તેમજ બન્ને પ્રાંતો ઉપર એકજ વ્યક્તિની (સામાન્ય વ્યક્તિની) સામાન્ય સત્તા હોય તો જ, તે સ્થળે એક રાજા તરીકેનું નામ, અધિકાર અને અસ્તિત્વ સંભવી શકે. આ પ્રમાણે બન્ને પ્રદેશને

---

અંગે ન હોવાથી ટેક્સ્ટ બુકના વર્ણન માટે અપ્રાસંગિક કહેવાય, માટે ટીપ્પણ તરીકેજ લખ્યું છું.

**પ્રસેનજિત** નામના બે **કોશળપતિ** થયા છે. એક, આપણે અત્યારે જે **કોશળપતિની** ચર્ચા કરી રહ્યા છીએ તે, અને બીજા **પ્રસેનજિત**, તે જૈન ધર્મના તેવીસમા તીર્થંકર **પાર્શ્વનાથ** જે હતા, તેમના શ્વસુર થતા હતા. પહેલા **પ્રસેનજીતનો** સમય ઇ, સ. પૂ, ૫૫૦ નો છે, જ્યારે બીજાનો સમય ઇ, સ, પૂ, ૮૦૦ નો છે, (આને લગતી વિશેષ હકીકત **કુશસ્થળ રાજ્યે** જુઓ, )

રાજા **પ્રસેનજિતે** ઉભો કરાવેલ સ્થંભ કે જે **ભારહુત** સ્તૂપનો એક ભાગ છે, (જુઓ જનરલ કનિંગહામે રચેલ **ભારહુતસ્તુપ** નામના પુસ્તકમાં પ્લેઈટ નં. ૧૩) તે સ્થળ પણ **પ્રાચીન સમયે કુશસ્થળ** (**અંગ**)દેશમાં આવેલ ગણાતું; એટલે સ્વભાવિક પ્રશ્ન એ ઉદભવ્યો કે, આ સ્થંભ ઉભો કરાવનાર **પ્રસેનજિત** રાજા તે, **અયોધ્યાપતિ-કોશળપતિ** (એટલે પ્રથમનો, જુઓ પૃ. ૭૯ માં વર્ણન કરેલું છે અને જેનો સમય ઈ. સ. પૂ. ૫૫૦ છે તે ગણુનો) કે આ **કુશસ્થળપતિ** (કે જે પણ એક સમયે **મહા**-કોશળના નામે ઓળખાતો હતો, પણ જે સમયનો આપણે ઇતિહાસ લખી રહ્યા છીએ તે સમયે તેને **અંગદેશ** કહેતા હતા: અને તેની રાજધાની **ચંપાનગરી** ગણાતી હતી) તે બીજો પ્રસેનજિત ગણવો, આનો સમય ઇ. સ. પૂ. ૮૦૦ નો હતો, અને જેને આ **ભારહુત** સ્તૂપવાળા સ્થાનનો ખરી રીતે ભૂપતિજ લેખી શકાય તેમ છે.

પ્રથમનો પ્રસેનજિત(એટલે ઇ. સ. પૂ. ૫૫૦વાળો.) પણ **કોશળપતિ** કહેવાય અને બીજો (એટલે ઈ. સ. પૂ. ૮૦૦ વાળો) પણ કોશળપતિજ કહેવાય. પણ ખરી રીતે **પ્રથમનો** છે તે માત્ર '**કોશળપતિ** જ' કહી શકાય, જ્યારે બીજો છે તેને '**મહાકોશળપતિ**' અથવા '**કુશસ્થળપતિ**' કહી શકાય, (**કોશળદેશને** મહાકોશળ સાથે **ભેળસેળ** નહીં કરવાનું આ પણ એક કારણ છે, ) **પ્રથમવાળાને ભારહુતના** સ્થળ સાથે સ્વામિત્વનો સંબંધ નથી, જ્યારે બીજાનું તો તે ભુમિ ઉપર સ્વામિત્વજ હતું. આ પ્રમાણેના મુદ્દાથી આ પ્રશ્ન ખાસ વિચારણીય થઈ પડયો.

તેનો નીકાલ કરવાને **ભારહુતસ્તૂપનો** સમય શોધવા તરફ મન પ્રેરાયું, તે માટે તેનાં અનેક દૃશ્યો બારીકાઈથી જોવાં માંડયાં, એક દૃશ્યે [i] વિશેષ ધ્યાન ખેંચ્યું, તે જોતાં શ્રી **પાર્શ્વનાથને** કૈવલ્યજ્ઞાન એટલે પોતાની દૈવી ચક્ષુથી સકળ વિશ્વની દરેક વસ્તુની ત્રણે કાળની વસ્તુસ્થિતિ જાણી શકે તેવા **પ્રકારનું** જ્ઞાન, પ્રગટ થયું છે તે સમયનું સ્મરણ થયું; તેમણે એક કુવાને કાંઠે ધ્યાનસ્થ રહી કાઉસગ્ગ [ii] કર્યો હતો અને પૂર્વભવના વૈરી એવા **મેઘમાળી** નામના દેવે તે સ્થાને મુશળધાર વરસાદ વરસાવીને તેમને મહા ઉપસર્ગ [iii] કર્યો હતો અને આ વરસાદનું પાણી ઠેઠ શ્રી **પાર્શ્વ**-નાથની નાસિકા સુધી પહોંચ્યા છતાં, કાઉસગ્ગમાંથી લેશમાત્ર ચલાયમાન થયા નહોતા, અંતે ધરણેંદ્રદેવે [iv] ત્યાં આવી, જમીન ઉપરના પાણીથી તેમનું રક્ષણ કરવા શ્રી **પાર્શ્વનાથને** ઊંચક્યા, અને ઉપરથી પડતાં પાણીમાંથી રક્ષા કરવા, તેમના શિર ઉપર પોતાની ફણા પ્રસારી, એમ તળેથી અને ઉપરથી બંને પ્રકારે રક્ષણ કર્યું; છેવટે **મેઘમાળી** શરમિંદો બની, પાછળ હઠી ગયો ને વરસાદ બંધ કરી દીધો. આ પ્રસંગને છાજતું જ તે દૃશ્ય લાગ્યું, અને તેટલા માટે બીજા **પ્રસેનજિતના** (એટલે કે **પાર્શ્વનાથના** શ્વસુર પ્રસેનજિતના) સમયનો તે ભારહુતસ્તૂપ હોવો જોઇએ એમ પ્રથમ તો વિચાર બંધાયો પણ જ્યારે પાર્શ્વનાથના

---

[ i ] જુઓ ચિત્ર નં. ૮

[ ii ] ઊભા રહી, બે પગ પાસે પાસે રાખી, શરીરની અડોઅડ હાથ લાંબા રાખી, આંખને નાકની દાંડી સામે સ્થિરપણે રાખી ધ્યાન ધરવું તેને **જૈન** ગ્રંથોમાં 'કાઉસગ્ગ' અવસ્થા કહેવાય છે,

[ iii ] કષ્ટ, દુઃખ, હેરાનગતિ.

[ iv ] દેવલોકનો અધિપતિ છે, અને તેના અધિકારમાં વરસાદ હોય છે.

પછી, એકજ સત્તાના અધિકારમાં ગણી લઈ એક-બીજાના વિસ્તારની અપેક્ષાએ એકને કૌશલ અને બીજાને મહાકોશલ (૫) કહી દીધો હોય. બાકી સત્તાધિકાર એક જ રાજાનો હતો કે કેમ, તે વિ-

કૈવલ્યજ્ઞાનના અને ઉપસર્ગના સ્થાનો વિષે જૈનગ્રંથોમાં તપાસ્યું તો માલુમ પડયું કે તે તો વાણારસી ( હાલનું બનારસ ) નગરીની બહાર અને તે પણ બહુજ નજીકમાં હોય એમ લાગ્યું. જેથી તે બીના પ્રસેનજિતના સમયનું દશ્ય નથી એમ ચોક્કસ થયું. પછી તો ભારહુતસ્તૂપના સમયનો નિર્ણય પાછો વમળમાં પડયો, એટલે રાજા પ્રિયદર્શિને ઉભાં કરાવેલાં શિલાલેખો ( Rock edicts ) નાં સ્થાનો વિષેની વિચારણા અને તેનાં કારણો શોધવા મંડયો; અહીં જૈનધર્મનો અભ્યાસ મદદે આવ્યો; જૈનોના ચોવીસ તીર્થંકરો થયા છે, તેમાંના વીસ, સમેતશિખર [v] પહાડ ઉપર ( જે હાલ બંગાલમાં આવ્યો છે ને જેને પાર્શ્વનાથ પહાડ તરીકે ઓળખાવાય છે ) મોક્ષે ગયા છે, એક ઋષભદેવ ( પ્રથમ તીર્થંકર) અષ્ટાપદ [v] ઉપર, નેમીનાથ ( બાવીસમા ) જુનાગઢ પાસેના રૈવતાચળ [v] ( ઉજ્જયંત ) પર્વત ઉપર, બારમા વાસુપૂજ્ય ચંપાનગરી [v] ( અંગદેશની રાજધાની ) ના ઉપવનમાં, અને શ્રી મહાવીર ( ચોવીસમા ) અપાપાનગરીએ ( અપાપા હોવા છતાં, તે સ્થાને શ્રી મહાવીરનો દેહવિલય થયો એટલે તેનું નામ પાપાપુરી થયું અને પાછળથી પાવાપુરી [v] પડયું છે,. આ પ્રમાણે તેમના ચોવીસે તીર્થંકરની મોક્ષભૂમિકા–નિર્વાણ સ્થાનકોની હકીકત છે. અને મહારાજા પ્રિયદર્શિને આ સર્વ સ્થાનો જૈન ધર્મ માનતી ભાવિપ્રજાને સ્મરણમાં રહે તે માટે તે તે સ્થાનો ઉપર ખડક શિલાલેખો ( Rock–edicts=R. E. ) ઉભાં કરાવ્યાં છે, (શિલાલેખોનાં વિશેષ સ્પષ્ટતા પૂર્વક વર્ણન માટે મહારાજા પ્રિયદર્શિનના જીવનવૃતાંતે જુઓ ) એટલે આ સ્થાન તેમાંનાં કોઇ સ્થાનને મળતું આવે છે કે કેમ, તે શોધવા તરફ લક્ષ ગયું, તુરતજ અંતરાત્માએ જવાબ આપ્યો કે તે સ્થળ ચંપાનગરીનું ઉપવનજ છે, કારણ કે રૂપનાથનો ઉભો કરાવેલ મહારાજા પ્રિયદર્શિનનો ખડક લેખ ( R. E. ) તેની આસપાસજ છે, તેમ મહાવીરના સમયે, અંગદેશના રાજા દધિવાહનની [vi] રાજધાની જે ચંપાનગરી [vii] હતી, અને જે વત્સપતિ રાજા શતાનિકે હલ્લો લઈ જઇને ભાંગી હતી તે પણ ત્યાંજ હતી, શ્રેણિકપુત્ર રાજા કૂણિક, જેણે ચંપાનગરી ફરી વસાવીને પોતાની રાજધાની કરી હતી તે પણ ત્યાંજ સંભવી શકતી હતી; કેમકે રાજા કુણિકે આ ભારહુતસ્તૂપના સ્થળે પોતાની તરફનો સ્તંભ ઉભો કરાવી જૈનધર્મ તરફની પોતાની ભકિત દાખવવાનું દશ્ય કોતરાવ્યું છે. [viii] વળી જૈનગ્રંથો પણ કહે છે કે રાજા કૂણિકે પોતાની રાજધાની ચંપામાં, મહાવીરના તે સમયના જીવંત ગણધર અને પ્રથમ પટ્ટધર સુધર્માસ્વામિનો નગરપ્રવેશ મહોત્સવ એટલો તો ભપકાબંધ રીતે ઉજવ્યો હતો, કે તેનો જોટો કયાંય હોઈ ન શકે ( અને જેનું દશ્ય પણ ભારહુતસ્તૂપના એક દરવાજે કોતરવામાં આવ્યું છે ); આમ અનેક ઐતિહાસિક પ્રસંગો એક પછી એક, તે નિર્ણયના સમર્થનમાં ખડા થવા મંડયા અને છેવટે પાકો નિશ્ચયજ કરવો પડયો કે ભારહુતસ્તૂપ તે જૈનધર્મનોજ છે. શ્રી વાસુપૂજ્ય તીર્થંકરની મોક્ષભૂમિ ચંપાનગરી ( રૂપનાથનો R. E.) સમીપનુંજ સ્થળ છે, અને તેથીજ પ્રિયદર્શિને ત્યાં R. E. ઊભો કરાવ્યો છે ( આ મુદ્દાથી બીજી ચાવી હાથ લાગી કે સર્વ R. E. ઊભા કરાવવામાં પણ રાજા પ્રિયદર્શિનનો આશય, કોઈને કોઈ વ્યકિતનું મોક્ષસ્થાન-અથવા દેહવિલયનું સ્થાનજ [ix] હોવું

[v] અષ્ટાપદે શ્રી આદિજીનવર, નેમરૈવાગિરિવરૂ,
વાસુપૂજ્ય ચંપાનયર સિદ્ધા, વીર પાવાપુરીવરૂ ॥૧॥
સમેતશિખરે વીસજીનવર, મોક્ષ પહોંત્યા મુનિવરૂ,
ચોવીસ જીનવર નિત્ય વંદુ, સકળસંઘ સુહંકરૂં ॥૨॥

( vi ) આ વિશે અંગદેશનું વર્ણન જુઓ.

[vii] આ અધિકાર માટે કૂણિકરાજાનું વર્ણન જુઓ.

[viii] જુઓ ભારહુતસ્તૂપ નામનું સર કનિંગહામ કૃત પુસ્તક.

[ix] રાજા પ્રિયદર્શિનનું જીવનવૃતાંત જુઓ

ષય આપણે કુશસ્થળ[14] ચેદિ પ્રાંત ( સત્તાધીશ રાજ્યોમાં આંક નં. ૧૨ નો દેશ ) નું વર્ણન કરવાનું છે, તે સ્થળે ચર્ચવાનો છે, જેથી અહીં તે વિષય છોડી દઇશું.

ઉપરના જેવી જ એક બીજી ભૂલ, પણ ઇતિહાસલેખકોએ કરેલી છે. ઉપરની ભૂલ, દેશના નામ ઉપરથી થઈ છે, જ્યારે આ ભૂલ, તેની રાજધાનીના નામ ઉપરથી થઇ છે. કોશલદેશની રાજધાની અયોધ્યા હતી એમ જણાવી ગયા છીએ, જ્યારે તેનાજ નામ પ્રમાણે, ઇંગ્રેજી શબ્દોમાં લખવામાં આવતી એક પ્રજા છે, જેનું નામ આયુદ્ધાઝ છે, અને જેનો પ્રાંત ચીનાઇ યાત્રિકોના લખવા પ્રમાણે O-yu-to. કહેવાતો અને તેની રાજધાની Sachi હતી;[15] વળી તે સ્થળને કાન્યકુબ્જના અગ્નિખૂણે ( South-east ) આવી રહ્યાનું બતાવ્યું છે; જ્યારે ઇતિહાસકારોએ, આયુદ્ધાઝ[16] ને બદલે અયોધ્યા[17] ગણીને ( કયાં એક પ્રજાનું નામ અને કયાં એક શહેરનું નામ) તેના રાજનગરને સાચી (Sachi=Saket) ઠરાવી દીધું કારણ કે સાકેત તે અયોધ્યાનું બીજું નામ હતું. કયાં સાચી અને કયાં સાકેત ? ( બે શબ્દોમાં કોઈ જાતનો મેળ છે ખરો ? )

---

જોઇએ ) અને તેથી રાજા કૂણિકે પણ પોતાનો, તેમજ રાજા પ્રસેનજિતે પોતાનો, એમ બન્ને જણાએ જૈનધર્મ પ્રત્યે ભક્તિ બતાવવા સ્તંભ ઊભા કરાવ્યા છે.

આટલું નક્કી થયાથી સ્તૂપના સમયનું પણ કંઇક રેખાચિત્ર હાથ લાગ્યું, કારણ કે પ્રસેનજિત, પ્રથમ બૌદ્ધધર્મીજ હતો, અને તેથી તે જૈનધર્મી થયો હોય, ત્યારપછીજ ત્યાં યાત્રા અર્થે આવ્યો હોય, એટલે લગભગ તે સમય ઇ, સ, પૂ, ૫૫૬ બાદ ગણાય (કે જે વખતે મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે અનેજેનો પૂર્વે એકાદ વર્ષેજ શ્રેણિક પણ જૈનધર્મમાં દાખલ થયો છે, ) તેમ રાજા કૂણિકનો (અજાતશત્રુનો)પણ સ્તંભ છે.એટલે તેનો સમય ઇ, સ, પૂ, ૫૨૩ થી ૪૯૬ સુધીમાં હોઇ શકે; આથી કરીને પ્રસેનજિતસ્તંભનો સમય ઈ, સ, પૂ, ૫૫૬ થી ૫૨૩ સુધી અને અજાતશત્રુસ્તંભનો સમય ઇ, સ, પૂ. ૫૨૮ થી ૪૯૬ સુધીનો પણ નક્કી થઈ ગયો ગણાય.

( ૧૪ ) જુઓ ઉપરની ટીકા નં. ૧૨.

( ૧૫ ) સાચી અને સાંચી ( Sachi and Sanchi ) બન્ને ભિન્ન ભિન્ન સ્થળો છે. સાચી તે કાન્યકુબ્જ પાસે છે. જ્યારે સાંચી (સાંચી નગરી) તે હાલની ભોપાળરિયાસતમાં આવેલું છે. જ્યાં સ્તૂપો સારી સંખ્યામાં આવી રહેલાં છે આ (સાંચી નગરીની વિસ્તારપૂર્વક સમજૂતી, અવંતિ પ્રદેશનું વર્ણન કરતાં આપી છે તે પરિચ્છેદ સાતમામાં જુઓ)

( ૧૬ ) જુઓ આંક ૨૫ ની ટી. પૃ. ૬૦.

તે એક જૈન તીર્થ છે. જુઓ જૈન પત્રનો રૌપ્ય મહોત્સવ અંક પૃ. ૪૧ નો શ્લોકઃ—

चम्पा राजगृहे च चक्रमथुराजोद्धाप्रतिष्ठानगे । वन्दे स्वर्णगिरौ तथा सूरगिरौ श्रीदेवपत्तने ॥ १ ॥ हस्तोंडिपूरी पाडलादशपुरे चारुपपल्लासरे । वन्दे श्री कर्णाटकशिवपुरे नागद्रहे नाणके ॥२॥

આ શ્લોકવાળા લેખના લેખક મુનિ શ્રી કલ્યાણવિજય છે. તેમણે આમાંના જોદ્ધાણ શબ્દ ઉપર ટીપણ કર્યું છે કે, " એ કોઇ પ્રાચીન સ્થાનનું નામ છે, પણ હાલ એનો પત્તો નથી, અજારાના સંવત ૧૨૨૨ ના વર્ષના એક શિલાલેખમાં ' યોદ્ધાનક ' નો ઉલ્લેખ મળી આવે છે. ગોડવાડ અથવા ભીતરોટ પ્રદેશમાં આ સ્થાન પૂર્વે હોવું જોઇએ. આ સંબંધમાં હવે મારે જણાવવાનું કે:—

આયુદ્ધાઝ=યોદ્ધા જેવા મલ્લકુસ્તિવાળી [જુઓ પૃ. ૫૯ ટીપણ ( ૧૪ ) અને પૃ. ૬૦ ટી. ૨૫ ] પ્રજાનો પ્રદેશ=ઉપરના શ્લોકમાંનો ' જોદ્ધાણ ' અને શિલાલેખમાંનો યોદ્ધાનક શબ્દ=આ બધાં નામો એકજ વસ્તુસ્થિતિ દર્શાવનારાં છે, એમ વાચકની ખાત્રી થશે.

જુઓ પૃ. ૫૭ ના નકશામાં આંક નં. ૨૫ નું સ્થાન.

( ૧૭ ) રે. વે. વ. માં અયોધ્યાનું વર્ણન.

પણ તેમની આ ભૂલ, તે ઉપરથીજ સાબીત થાય છે કે, ચીનાઇ યાત્રિકોએ સાચીને કાન્યકુબ્જ (કનોજ) ના અગ્નિખૂણે હોવાનું જણાવ્યું છે. જ્યારે અયોધ્યા ઉર્ફે સાકેત તો, કનોજની ઉત્તરે કેટલાય માઇલ ઉપર આવેલું છે ( કયાં અગ્નિખૂણો એટલે South–east અને કયાં ઉત્તર એટલે North ? શું ઉત્તરે આવેલું શહેર તે દક્ષિણે આવ્યાનું લખી શકાય ખરૂં ? તેમજ શું South & North તે બન્ને એક કહી શકાય ખરાં ? ) મતલબ કે અયોધ્યા પણ જુદું અને આયુદ્ધાઝ[૧૮] પણ જુદાં અને તેથીજ સર્વ ભૂલ ઉપસ્થિત થવા પામી છે.

આ બેમાંનું એક, સ્થળનું નામ છે. જ્યારે બીજું, પ્રજાની જાતિનું નામ છે ( આ પ્રજાના પોતાના શિક્કાઓ પણ હતા. અને આ પ્રજામાંથી હાલ પણ ઘણા શુરવીર અને મલકુસ્તિ કરવામાં કુશળ એવા ચોબા–ભૈયા–પહેલવાન મળી આવે છે. આમનો મુલક, કાન્યકુબ્જની આસપાસ અને કાનપુર સુધી લંબાયલો હતો;[૧૯] જુઓ પૃ. ૫૯ ટી. ૨૪

બૌદ્ધ ગ્રંથોમાં કોશલ દેશને બે વિભાગમાં વહેંચાયલો જણાવ્યો છે; તેમાં ઉતર ભાગની રાજધાની શ્રાવસ્તિ અને દક્ષિણ વિભાગની રાજધાની અયોધ્યા કહી છે. તે સમયના રાજાનું નામ પ્રસેનજિત હતું. અને તે મહાત્મા બુદ્ધ–તથાગતનો સમકાલિન હતો.[૨૦] વળી બીજાજ એક બૌદ્ધગ્રંથ નામે અશોકાવદાનમાં[૨૧] આ રાજા પ્રસેનજિતની વંશાવળી આપી છે, તેમાં તેના પ્રથમ પુરૂષનું નામ બિંબિસાર આપ્યું છે; અને તેનાથી નવમી પેઢીએ આ કોશળપતિ પ્રસેનજિતને મૂક્યો છે. એટલે કે, પ્રથમના પુરૂષ બિંબિસારની અને આ નવમા પુરૂષ પ્રસેનજિતની વચ્ચે, આઠ રાજાઓ થઈ ગયા ગણાય. હવે જો એક રાજાનો સમય સરેરાશે પચીસ વર્ષનો ગણીએ તો, બિંબિસાર અને પ્રસેનજિત વચ્ચે લગભગ બસો વર્ષનો અંતર હોવો જોઈએ; જ્યારે બીજી બાજુ ઇતિહાસતો એમ ડિંડિમનાદે જાહેર કરે છે કે, જેમ રાજા પ્રસેનજિત, તથાગત બુદ્ધદેવનો સમકાલિન હતો, તેમ રાજા બિંબિસાર પણ તેજ તથાગત બુદ્ધદેવનો સમકાલિન હતો; એટલેકે રાજા પ્રસેનજિત, રાજા બિંબિસાર, અને તથાગત બુદ્ધદેવ, એ ત્રણે એક સમયે જ વિદ્યમાન હતા આ પ્રમાણે વદતો-વ્યાઘાત થતો હોવાથી, આપણી પાસે બીજો ઉપાય નથી. પણ બૌદ્ધગ્રંથોમાં આપેલી હકીકતના આ બન્ને મુદ્દાઓને આપણી ગણત્રીના ક્ષેત્રની બહાર ખસેડી નાંખવા ઘટે છે.

**જેમ સ્થાન વિષેનો ભ્રમ તેમ તેના રાજવંશ વિષેનો ભ્રમ**

બૌદ્ધગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે કોશળપતિનું નામ પસાદિ[૨૨] છે જ્યારે જૈનગ્રંથો નિહાળતાં તે સમયના કોશળપતિનું નામ પ્રદેશી રાજા નીકળે છે. તથા તેને જૈનધર્મના તીર્થંકર પાર્શ્વ-

**ત્યારે ખરૂં શું હોઇ શકે?**

(૧૮) જુઓ. કે. એ. ઈ.

(૧૯) વળી જુઓ ઉપર પૃ. ૬૦, ટી. ૨૫૦.

(૨૦) જુઓ ઉપર પૃ. ૩૮ નું વર્ણન

(૨૧) રે. વે. વ. પુ. ૨ ની ટી. ૩

(૨૨) બૌદ્ધગ્રંથોમાં King Passadi લખ્યું છે; પ્રદેશી, પસાદિ અને પ્રસેનજિત આ ત્રણ નામો

નાથની પાંચમી પાટે થએલ કેશી[૨૩] નામના આચાર્યનો પરમ ભક્ત[૨૪] માન્યો છે તેમજ શ્રી મહાવીરનો સમકાલિન ગણ્યો છે.

હવે જો તે મહાવીરનો સમકાલિન હોય તો તેને બુદ્ધ તથાગતનો પણ સમકાલિન જ ગણી શકાય. સાર એ આવ્યો કે, જેમ શ્રીમહાવીર અને ગૌતમબુદ્ધ સમકાલિન હતા, તેમ રાજા શ્રેણિક અને રાજા પ્રસેનજિત પણ સમકાલિન હતા; વળી બીજી બાજુ રાજા શ્રેણિક તે મહાવીર અને ગૌતમબુદ્ધનો સમકાલિન છે એટલે, ગણિતશાસ્ત્રના નિયમાનુસાર આ ચારે વ્યક્તિઓ—મહાવીર, બુદ્ધ, શ્રેણિક અને પ્રસેનજિત એકજ સમયે ભારતવર્ષમાં અસ્તિત્વ ધરાવતા હતા એમ ગણાય; તેમાં રાજા શ્રેણિક મગધપતિ હતો. અને રાજા પ્રસેનજિત કૌશળપતિ હતો. જ્યારે મહાવીર અને બુદ્ધ તો ધર્મોપદેશક હોઇને, કોઈ નિયત સ્થાને ઠરીઠામ બેસી રહેતા નહોતા. વળી રાજા પ્રસેનજિત ઉર્ફે પ્રદેશી અને રાજા શ્રેણિક તે બન્ને એક વંશના તો નથી જ પણ સમકાલિન પણે રાજ્ય ચલાવતા પૃથક્ પૃથક્ પ્રદેશના ભૂપાળો છે.

વળી બૌદ્ધગ્રંથોમાં એમ પણ જણાવાયું છે કે પ્રસેનજિતને અને શ્રેણિકને ઘણીવાર અરસપરસ વિગ્રહમાં ઉતરવું પડયું હતું; જ્યારે જૈનગ્રંથોમાં આ હકીકતનો ક્યાંય ઉલ્લેખ થયો દેખાતો નથી; અને તેનું કારણ પણ સબળ છે ( તે માટે જુઓ આગળ ઉપર ટીપણ નં. ૩૨ ) પછી આયંદે તો સલાહ થઇ હતી. એવી શરતે કે રાજા પ્રસેનજિતે પોતાની કન્યા રાજા શ્રેણિકને પરણાવવી અને પ્રસેનજિતના પુત્ર વિરૂદ્ધકની કુંવરીને શ્રેણિકપુત્ર કૂણિકને પરણાવવી. આ ઉપરથી મગધપતિ અને કૌશળપતિના રાજ્યકુટુંબો લગ્નગ્રંથીથી એકદમ નિકટના સગપણ સંબંધમાં જોડાયાં હતાં.

આ ઉપરથી જોકે સંભવિત દેખાય છે કે, બૌદ્ધગ્રંથનો રાજા પ્રસેનજિત અને જૈન ગ્રંથનો રાજા પ્રદેશી એકજ વ્યક્તિ હશે કારણ કે બન્ને નામો, રાજા શ્રેણિકના સમવર્તી કૌશળ-

---

એક હોઈ શકે કે કેમ, તે ભાષાશાસ્ત્રીઓનો વિષય છે. તેઓ મહેરબાની કરી આ મુદ્દા ઉપર પ્રકાશ પાડશે.

જ્યારે સ. મુ. મે. પૃ. ૩૨ માં તે શબ્દ, પસેનાદિ—હોવાનું જણાવે છે; ગમે તે શબ્દ હોય. મારૂં અનુમાન એમ છે કે, જેમ જૈનગ્રંથમાં " પ્રદેશી " નામ છે અને તેને પ્રાકૃતમાં પદેશી લખાતું હશે, તેમ બૌદ્ધના પાલી ગ્રંથોમાં મૂળેતો પદેશી કે પદ્દાસી હશે પણ તેને ઇંગ્રેજીમાં Paddasi લખવું પડે; પછી ઇંગ્રેજીમાં લખતાં લખતાં કોઈક લેખકે, પોતાની બુદ્ધિ કૌશલ્યતાના પ્રતાપે કે, લેખિનીના ભૂતે અટકચાળું કર્યું હોય તેથી, અથવા પ્રસેનજિત કે પસેનજિતના નામોચ્ચારની સાથે સામ્ય બતાવવા, પદ્દાસી ને બદલે પસાદિ (Passadi) કરી નાંખ્યું હોય.

( ૨૩ ) જૈનધર્મમાં, તીર્થંકરના મુખ્ય મુખ્ય શિષ્યોને જ ગણધર પદથી સંબોધાય છે. અન્ય શિષ્યોને કે, પાટ પરંપરાએ થતાં અન્ય આચાર્યો તેમજ સાધુઓને, તે નામ લાગુ પડાતું નથી. એટલે અહીં કેશિમુનિજ કહેલું યોગ્ય કહેવાશે. ખરી વાત છે કે શ્રી પાર્શ્વને ( ૨૩ મા જૈન તીર્થંકરને ) કેશિ નામે ગણધર હતા. પણ આ સમયે ( બસો વર્ષના આંતરે ) તે હૈયાત હોય એમ માની શકાય નહીં, એટલે આ વિષયના કેશિમુનિ પણ જુદા અને શ્રી પાર્શ્વના કેશિગણધર પણ જુદાજ સમજવા. આ કેશિમુનિ તો શ્રી પાર્શ્વની પાંચમી પાટે થયેલ છે.

(૨૪) જુઓ આગળ ઉપરનું લખાણ તથા તેનું ટીપણ (૩૨).

પતિનાં જ છે. વળી બીજું, જો કે શ્રેણિકના સમયે કોશળપતિ બે થયા છે ખરા, પણ તે તો રાજા પ્રસેનજિત અને તેનો પુત્ર રાજા વિદુરથ–વિરૂદ્ધક છે; અને તેમાં રાજા વિદુરથનુ નામ, કાંઇ પ્રદેશી રાજા સંભવી શકતું નથી. એટલે આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરતાં, એજ નિર્ણય ઉપર આવવું પડે છે કે, રાજા પ્રસેનજિતનું નામ જ પ્રદેશીરાજા હોવું જોઇએ.

**શા માટે પ્રદેશીને પ્રસેનજિત કહ્યો છે**

બૌદ્ધગ્રંથોમાં રાજા પ્રદેશીને બદલે પ્રસેનજિત જે લખવામાં આવ્યો છે તેના કારણ માટે એમ સમજાય છે કે મૂળે આ રાજા બૌદ્ધધર્મીજ હોવો જોઇએ. તેમ એ પણ બનવા જોગ છે કે, તે ગૌતમબુદ્ધની શાક્ય જાતિનો,[૨૫] તેમજ તેમની સાથે કોઇક સગપણ સંબંધથી જોડાયલો પણ હશે, કારણકે ગૌતમબુદ્ધના પિતાશ્રીનો રાજ્ય પ્રદેશ અને આ કોશળપતિનો પ્રદેશ, બન્ને જોડાજોડ આવેલ છે, એટલે જેમ વિદેહપતિ ઉર્ફે વિશાળાપતિ રાજા ચેટકના રાજ્યની અંતર્ગત, જૈનધર્મ પ્રચારક શ્રી મહાવીરના પિતા સિદ્ધાર્થ રાજાના ગણરાજ્યની સત્તાનો ( Federal states માંના એક તરીકેનો ) સમાવેશ થઇ જતો હતો તેમ આ પ્રસેનજિત કોશળપતિની રાજ્ય સત્તામાં, ગૌતમબુદ્ધના પિતા, રાજા શુદ્ધોધનના એક નાનકડા ગણરાજ્યના વિસ્તારનો પણ સમાવેશ થઇ જતો હોય એમ બનવા યોગ્ય છે. અને આ અનુમાન ઉપર જવાને આપણને સબળ કારણો પણ મળે છે; કેમકે, જૈનગ્રંથોમાં એમ જણાવવામાં આવ્યું છે કે, આ પ્રદેશી રાજાને પાર્શ્વનાથની પાટ પરંપરાએ થનાર કેશી-મુનિએ જૈનધર્મના સિદ્ધાંતનું પાન કરાવી, જૈન ધર્મમાં આણ્યો હતો. જ્યારે ધર્માંતર કરવામાં આવ્યો છે, એમ ચોક્કસ થાય છે, ત્યારે એ પણ સ્વયંસિદ્ધ થાય છે કે, તેની અગાઉ તે જૈનેતર[૨૬] ધર્માનુયાયી હોવો જોઇએ; અને બીજી તરફ એમ પણ સાબીત થએલ છે

---

(૨૫) સંભવિત છે કે, શાક્ય જાતિ તે ઈક્ષ્વાકુ વંશના ક્ષત્રિયોમાંની એક પેટા જ્ઞાતિ હશે; જો તેમ ન હોય તો સમજવું કે, શાક્યસિંહ અને રાજા પ્રસેનજિત એક જાતિના નહોતાજ; પ્રસેનજિત, ઈક્ષ્વાકુ જાતના હતા તે માટે જુઓ પૃ. ૮૨ તથા તે ઉપરની ટી. ૩૧.

પાછળથી સાબિત થયું છે કે ગૌતમબુદ્ધ અને રાજા પ્રસેનજિત બન્ને એકજ જાતના ક્ષત્રિયો હતા ( આ પરિચ્છેદમાં આગળ ઉપર જુઓ રાજા વિદુરથ—વિરૂદ્ધકનું વૃત્તાંત. )

(૨૬) બૌદ્ધધર્મનો પ્રચાર બુદ્ધદેવે ઈ. સ. પૂ. ૫૬૪ માં પોતાની છત્રીસ વર્ષની ઉમરે કરવા માંડયો છે ( જુઓ નીચે ટી. ૨૭. ) એટલે રાજા પ્રસેનજિત જો બૌદ્ધધર્મી થયો હોય તો ઈ. સ. પૂ. ૫૬૪ બાદજ સંભવી શકે. ત્યાં સુધી તે અન્ય ધર્મી હોય. બનવા જોગ છે કે, જેમ તેના ઈક્ષ્વાકુવંશી રાજાઓ ( જુઓ કાશીદેશનું વર્ણન ) જૈન ધર્મી હતા તેમ તે પણ જૈન ધર્મીજ હોય, પણ પાછળથી બૌદ્ધ ધર્મમાં જવાથી, પ્રસંગ મળતાં ઉપર જણાવેલ કેશીમુનિએ તેને પાછો જૈન ધર્મમાં સ્થિર કરવાને સમજાવવા પ્રયત્ન કર્યો હોય, બલ્કે કહો કે, પ્રયત્ન કર્યો હતો અને તેમાં તે ફાવ્યા પણ હતા; અને તે બનાવને શ્રી મહાવીરને ઈ. સ. પૂ. ૫૫૬ માં કૈવલ્ય પ્રાપ્ત થયું, તે પહેલાં ગણવાનું આપણે પૂરવાર કરી ગયા છીએ એટલે એમ માનવું રહે છે કે, પ્રદેશી રાજાનું, જૈન ધર્મમાં પાછું સ્થિર થવું, તે ઈ. સ. પૂ. ૫૬૪ થી ઈ. સ. પૂ. ૫૫૬ સુધીના

ફ[27] ગૌતમબુધ્ધે પોતાની ૩૬ વર્ષની ઉમરે ઇ. સ. પૂ. ૫૬૪ થી ધર્મોપદેશ શરૂ કર્યો છે જયારે મહાવીરે પોતાની ૩૦ વર્ષની ઉમરે દીક્ષા લઇ, પોતાની ૪૨ વર્ષની ઉમર થયા બાદ એટલે કે ઇ. સ. પૂ. ૫૫૬ માં ધર્મોપદેશ શરૂ કર્યો છે. એટલે કે, બન્ને ધર્મપ્રચારકોએ ધર્મપ્રવૃત્તિનો પ્રારંભ કર્યો, તે બે વચ્ચે નવથી દશ વર્ષનું (ઈ. સ. પૂ. ૫૬૫–ઈ. સ. પૂ. ૫૫૬) અંતર છે અને તેમાં પણ ગૌતમબુધ્ધે પ્રથમ આરંભ કર્યો છે. ત્રીજી બાજુ ઈતિહાસકારોએ, **બૌદ્ધગ્રંથાધારે** એમ પણ જણાવ્યું છે કે, **મગધપતિ** રાજા **શ્રેણિક** પ્રથમતો, **બુદ્ધનોજ** અનુયાયી હતો (**જૈનગ્રંથોમાં** પ્રગટપણે જો કે આવી મતલબનું કોઇ લખાણ મળતું નથી પણ આડકતરી રીતે[28] તેમ સ્વીકાર કરાતો દેખાય છે ખરો) પણ તેની રાણી **ક્ષેમાને બૌદ્ધધર્મની** ભિખુણી–સાધ્વી બનાવવામાં આવી ત્યારપછીજ તેનું મન ચલિત થવા માંડયું હતું. તે પછી વિદેહપતિ રાજા **ચેટકની** પુત્રી **ચિલ્લણા** સાથે રાજા **શ્રેણિકનું** લગ્ન[29] થયું હતું અને પોતે ચુસ્ત **જૈન** બની ગયો હતો. આ બનાવ ઇ. સ. પૂ. ૫૫૬ માં બન્યો હતો. ચોથી તરફ એમ પણ જણાયું છે કે, **મગધપતિ શ્રેણિકનો** પૂર્વજ અને **શિશુનાગવંશનો** સ્થાપક મૂળપુરૂષ, **કાશીપતિ** હતો.[30] તેને અને તેના પાડોશી **કોશળના** રાજાને (એટલે કે **કોશળપતિ પ્રસેનજિતના** પૂર્વજને) ઉચ્ચ નીચ ગોત્ર અને કુળના[31] મદને લીધે વારંવાર અખેડામાં ઉતરવું પડતું હતું. તે વૈર એટલે સુધી પરિણમવા પામ્યું હતું કે, કાશીપતિના મનમાં એમજ થયેલ કે, હું ખરો કયારે કે, તે ઉચ્ચ ગોત્રી કહેવાતા **કોશળ**પતિની કોઈ કન્યા મારા કુળમાં લાવું ત્યારેજ; પછીતો **કાશીપતિ**, ભાગ્યના બળે **મગધપતિ** થવા પામ્યો હતો અને તેના વંશજ અને કુળદીપક **સમ્રાટ શ્રેણિકે**, પોતાના વડવાનું પણ–પ્રતિજ્ઞા સંપૂર્ણપણે પાળી બતાવી હતી એટલુંજ નહિ, પણ પોતે તો **કોશળપતિનો** જામાતા બન્યો તો બન્યો, પણ તે ઉપરાંત પોતાના કુંવર **કુણિકને** પણ, **કોશળના** યુવરાજના જામાતા બનાવી, એકી સાથે, એકને બદલે બે કન્યા પોતાના

ગાળામાં થયું હોવું જોઈએ, આમ થવાથી **બૌદ્ધ** ધર્મે પોતાનો એક પ્રબળ ભક્ત ગુમાવ્યો ગણાય.

(૨૭) જુઓ આગળ ઉપર દ્વિતીય ખંડે પરિચ્છેદ છઠ્ઠો (**મહાવીર** અને **બુદ્ધની** સાલનો નિર્ણય તથા તેમના જીવનકાળાની સાલવારી")

(૨૮) સરખાવો નીચેની ટીકા. ૨૯.

(૨૯) લગ્ન માટે કન્યાનું હરણ થયું હતું (જુઓ આગળ **વૈશાળી** દેશના અધિકારે) પણ રાજા **ચેટક** (**ચિલ્લણાના** પિતા) આ લગ્નગ્રંથીની સંમતિ નહોતી આપતા, તેનું કારણ પણ એજ હોવા સંભવ છે કે, તે સમયે રાજા **શ્રેણિક** પોતે **જૈન** ધર્મી નહીં હોય; અને એમજ હોવું જોઈએ; એટલે ભલે **જૈન** ગ્રંથોમાં **શ્રેણિકને બૌદ્ધ** ધર્મી કયાંય નથી લખ્યો, પણ તે જૈન ધર્મી નહોતો એમતો ચોક્કસ લાગે છે. (વિશેષ હકીકત **શ્રેણિકના** જીવન ઉપરથી પણ જાણી શકાશે)

(૩૦) આપણે આ હકીકત **કાશી પ્રદેશના** રાજ્યનો ઈતિહાસ લખીશું ત્યારે જણાવીશું તે માટેની હકીકત માટે ત્યાં જુઓ.

(૩૧) કોશળપતિઓ **ઈક્ષ્વાકુ** વંશના હતા અને કાશીપતિ **મલ્લજાતિના** ક્ષત્રિય (કે જે **વૈશાળીના લિચ્છ** ક્ષત્રિયનો એક પેટા વિભાગ ગણાય છે) હતા. ઈક્ષ્વાકુ વંશમાં, **જૈનોના** ચોવીસમાંથી બાવીશ તીર્થંકરો થયા હોવાથી તેમણે તે વંશને ઉત્તમ કોટિનો લેખ્યો છે. તેમજ ઈતર ધર્મીઓએ પણ **ઈક્ષ્વાકુ** વંશને ઉચ્ચ કોટીનોજ ગણ્યો છે (**સરખાવો પૃ.** ૮૧ ટી. ૨૫).

કુળમાં ઉતરાવવા ફાવી શકયો હતો. આ વાત તો પ્રસિદ્ધ છે. મતલબ એ થઈ કે **કાશીના** રાજવંશને–અથવા કહો કે **મગધના** રાજવંશને તેમજ બીજા પક્ષે **કોશળના** રાજવંશને, કુલાભિમાનની અંધશ્રદ્ધાનું ગાંડુ તો, બે ત્રણ સદીથી લાગુ પડયું હતું, એટલે સ્વભાવિક છે કે, રાજા **પ્રસેનજિતને** અને રાજા **શ્રેણિકને** પ્રથમથી પણ અણબનાવ જેવું અથવા વૈરવિરોધ જેવું તો ચાલ્યું આવતું જ હતું, તેમાં વળી હવે ધર્મના વિરોધનું ઉમેરણ થવા પામ્યું હતું; કેમકે રાજા **પ્રસેનજિતે** કયારનો **જૈનધર્મ** અંગીકાર કરી લીધો હતો[૩૨] જ્યારે **શ્રેણિકતો** હજુ **બૌદ્ધધર્માનુયાયીજ હતો.** એટલે કુળભેદ[૩૩] **તેમજ** ધર્મભેદ બન્ને વસ્તુ ભેગી થતાં, વૈરમાં વૃદ્ધિ થવા પામી હતી.

આ બધી વસ્તુસ્થિતિનું એકીકરણ કરી સમન્વય કરીશું તો સ્પષ્ટ જણાય છે કે, રાજા **પ્રસેનજિત** અને રાજા **શ્રેણિક** બન્ને પ્રથમ **બૌદ્ધ** ધર્માનુયાયી હતા; તેમાં રાજા **પ્રસેનજિત** અને **ગૌતમબુદ્ધ** ઘણુંકરી એકજ **જ્ઞાતિમાંથી** ઉતરી આવેલ હતા; તેમ **કોશળપતિનું** કુળ પણ ઉંચુ હોવું જોઇએ અને **મગધ**પતિનું કુળ નીચું હોવું જોઇએ.

**બૌદ્ધ**ધર્માનુયાયી તરિકે રાજા **પ્રસેનજિતનું** અસલ નામ, જો કે હજુ **જૈન** ગ્રંથોમાં નોંધાયલું દેખાય છે, તો પણ **જૈન** મતાનુયાયી **તરીકે, પ્રદેશી** રાજા નામ છે તે, **બૌદ્ધ ગ્રંથોમાં** અલ્પાંશેજ લખાઈ જવાતું હોય એમ દેખાય છે તે કાંઇક ધર્મદ્વેષને લીધે હોય એમ સમજાય છે.

**જૈનગ્રંથકારોની એક ખાસિયત**

આ સ્થળે **જૈન** ગ્રંથકારોની પણ **એક** ખાસિયત વિષે જરા **શી** ચર્ચા કરવાની જરૂરીઆત છે.[૩૪] જેમ ઉપરના વાકયે, આપણે **બૌદ્ધ** ગ્રંથકારોને ધર્મદ્વેષનું આરોપણ કર્યું છે તે

---

( ૩૨ ) જુઓ ઉપર પૃ. ૭૯; રાજા **પ્રસેનજિતનો** ધર્માંતરનો બનાવ ઇ. સ. પૂ. ૫૬૫ પછી બનવા પામ્યો હતો; બલ્કે એમ કહો કે, ઈ. સ. પૂ. ૫૫૬ માં **મહાવીરને** કેવળજ્ઞાન ઉપજ્યું, તે બેની વચ્ચે હશે. ધર્માંતર કરવાની વિશેષ સાબિતિ એ ઉપરથી મળે છે કે, રાજા **પ્રસેનજિતે, ભારહુત** સ્થળે એક **સ્થંભ** ઉભો કરાવ્યો છે, જેને ઐતિહાસીક ગ્રંથોમાં, "**ભારહુત-સ્તૂપ,**" તરીકે ઓળખવામાં આવ્યો છે, આ સ્તૂપ શા માટે અત્રે ઉભો કરવામાં આવ્યો છે તેનું વિશેષ રહસ્ય જાણવા મહારાજા **પ્રિયદર્શિનના** જીવન વૃત્તાંતે જુઓ

(૩૩) રાજા **શ્રેણિક** જેવા પરમ **જૈન** ભકતે ( કે જેણે ધર્મ ઉપરની શ્રદ્ધાને લીધે ભાવિ જન્મમાં ઉત્કૃષ્ટ પદે બિરાજીત થવાને અધિકાર પ્રાપ્ત કર્યો છે ) ધર્મભેદને આવું ઉગ્ર સ્વરૂપ આપ્યું હોય તે બહુ માનવા યોગ્ય નથી, પણ કુળાભિમાનને લીધેજ, બન્ને રાજવીઓ વચ્ચે વૈરાગ્નિ પ્રજ્વલિત રહ્યો હોય તે વિશેષપણે માનવા યોગ્ય છે; કેમકે, જો એકલો ધર્મભેદજ તેના કારણરૂપ હોત, તો તો રાજા **શ્રેણિકે** જેવો **જૈન** ધર્મ અંગીકાર કર્યો ( ઇ. સ. પૂ. ૫૫૬ ) તેવોજ વૈર વિરોધ સમી જાત, પણ તેમ થયું નથી. વૈરવિરોધ તો, જ્યારે રાજા **શ્રેણિકે** પોતાના રાજકાળનો મધ્યાન્હ ઓસરવા માંડયો હતો તે સમયે, **કોશળ** ઉપર જીત મેળવવાથી સમ્યો છે. એટલે ધર્મમદ કરતાં, વિશેષ પ્રબળ પણે કુળમદેજ બન્નેના **ચિત્ત** ઉપર કાબુ મેળવી, તેમને રમાડયા કર્યા હતા એમ માનવું પડશે.

( ૩૪ ) અલબત, વાચકને મનમાં એમ થશે કે ઇતિહાસ લેખનમાં આ ચર્ચા શા માટે દાખલ કરી છે, પણ તેમ કરવામાં મારો ઉદેશ સહેતુક છે કેમકે તે પ્રકારનું જ્ઞાન ઇતિહાસમાં રહેલ અનેક ગુંચો ના ભૂલ ભૂલામણીના ઉકેલમાં બહુ મદદ રૂપ થઇ પડે છે.

સિદ્ધાંતાનુસાર જૈનગ્રંથકારોને માથે તો વિશેષ ધર્મદ્વેષનો ટોપલો ઓઢાડવો પડશે, કેમકે, બૌદ્ધગ્રંથકારોએતો હજુ ભૂલ્યે ચુકયે પણ પ્રસેનજિતનું નામ પ્રસાદિ ( પસ્સાદિ ) લખી વાળ્યું છે. પણ જૈનગ્રંથકારોએ તો, સમખાવા પણ પ્રસેનજિતનું નામ, કોઈ ઠેકાણે ઘુસી જવા ન પામે તેની સખ્ત તકેદારી ( જો હું ભૂલતો ન હોઉં તો ) રાખેલી દેખાય છે. પણ ખરી રીતે, તેમાં ધર્મદ્વેષ હોવાનું પ્રયોજન નથી. જૈન શબ્દજ સૂચવે છે કે, ખરા જૈનમાં રાગદ્વેષ હોવોજ ન જોઈએ. તો પછી ધર્મદ્વેષ તો શી રીતેજ હોઇ શકે ? પણ ઉપર પ્રમાણે અમુક નામેજ જૈનગ્રંથકારોએ જે વર્ણનો કર્યા છે, તે તેમની કાર્યપદ્ધતિ નિરૂપણ કરવાનું દર્શન ચિત્ર છે. તેમનામાં એક એવી જ પ્રણાલિકા દાખલ થઇ ગઇ છે કે, વ્યક્તિઓનાં નામ, જે તેમની અસલ જ્ઞાતિ અથવા રાશી ઉપરથી પડેલાં હોય છે તે નહીં આલેખતાં, અમૂક બનાવનાં પ્રતિતિસુચક[૩૫] જે નામો હોય, તેનાથીજ તેમને સંબોધવામાં તે વધારે આનંદ માને છે. જેમકે, રાજા બિંબિસારનું નામ બૌદ્ધગ્રંથોમાં જ્યારે વારંવાર માલૂમ પડે છે, ત્યારે જૈનગ્રંથોમાં તે નામ કવચિતજ વપરાયલું દેખાય છે. પણ જ્યારથી તેણે વ્યાપાર ક્ષેત્રમાં તથા સંસારરચનામાં સમાજની શ્રેણિઓ પાડીને હાલના સંસાર વ્યવહારની તેમજ રાજકીય જીવનની ગુંથણી કરવાનું અતિશ્રમ સાધ્ય કાર્ય પાર પાડયું, ત્યારથી અમર નામના જે તેણે મેળવી છે, તે ગુણનું સ્મરણ જળવાઇ રહે તે કાજે, શ્રેણિ એટલે સંસ્થા અને તેના ક એટલે કરનાર; તે ઉપરથી શ્રેણિક નામથી જ ઓળખાવ્યો છે. રાજા અજાતશત્રુને તેના જન્મદાતા પિતાએ, તેની શિશુવયમાં અથાગ પીડા ભોગવવાના સમયે, જીવનું જોખમ પણ ખેડી લેઇને, મોઢામાં આંગળી ચૂસતી રાખીને, શાંતિ પમાડી હતી, તે શાંતિદાતા પરત્વેનો ઉપકારનો બદલો, તેમજ પિતા તરફનો પૂજ્યભાવ બતાવવા માટે સાંપડેલ તકનો લાભ લેવાને બદલે ઉલટો અપકાર કરી, પિતાને પોતાના જ હાથે, એક નજીવા મોહને ખાતર કેદમાં ધકેલી દીધો હતો, તેવા અવગુણનું સ્મરણ કરાવવાને, તેની વિકૃત થયેલ આંગળી ઉપરથી[૩૬] કૂણિક નામથીજ સંબોધવાનું દુરસ્ત ધાર્યું છે. તેવીજ રીતે, મૌર્યવંશી મહાન સમ્રાટ રાજા પ્રિયદર્શિનને તેના દાદા સમ્રાટ અશોક[૩૭] અર્પણ કરેલ નામથી સંબોધવાને બદલે, જે પ્રસંગથી તેના જીવનમાં

( ૩૫ ) આ પ્રથા એક રીતે કાંઇક પ્રશંસનીય પણ ગણાય. કેમકે કોઇનું જન્મથી પાડેલ નામ તે તેના જીવન ઉપર કાંઈ પ્રકાશ પાડનારૂં હોતું નથી, કે જેથી ઇતિહાસકારોને કે ભવિષ્યની પ્રજાને, તે નામ માર્ગસૂચક થઇ પડે; ઉલટું તેવાં નામો ( જન્મ સમયે પાડેલાં ) તો ભ્રમણોત્પાદક પણ નીવડયાં છે. જેવાંકે, નામે મણિલાલ હોય છતાં ગુણે ભિખાલાલ હોય, નામે મોહનલાલ હોય છતાં સ્વભાવે અપ્રિયલાલ હોય ઈત્યાદિ.

( ૩૬ ) વિશેષ અધિકાર, રાજા અજાતશત્રુના વર્ણનમાં જુઓ.

( ૩૭ ) અત્યાર સુધી સર્વેની માન્યતા એમ છે કે, અશોક અને પ્રિયદર્શિન તે બન્ને એકજ વ્યક્તિ છે જ્યારે મારા મંતવ્ય પ્રમાણે, તે બન્ને ભિન્ન ભિન્ન વ્યક્તિઓ લાગે છે અને અશોક પછી તેના પૌત્ર તરીકે, રાજા પ્રિયદર્શિને રાજ્યની લગામ ગ્રહણ કરી છે તેથીજ અહીં મે " દાદા અશોક " શબ્દનો ઉપયોગ કર્યો છે. આ હકીકતનું સ્પષ્ટિકરણ સમ્રાટ અશોક તેમજ પ્રિયદર્શિનના વર્ણનમાં કરેલ છે.

હરપળે, ઉત્તરોત્તર અવિબાધિતપણે સર્વવ્યાપિ ચડતી કળા થતી ચાલી જતી હતી, તેનુ સંસ્મરણ રહેવા માટે સંપ્રતિ[૩૮] નામથીજ તેના જીવન વૃત્તાંતને લલકાર્યું છે. આવા અનેક દાખલા ઇતિહાસમાં આલેખનને યોગ્ય માર્ગદર્શક થઈ પડે તેવા મળી આવે તેમ છે, પણ તે ચર્ચવાનો અહીં અવસર નથી. માત્ર પ્રથા શું પડી ગઈ છે, તેનું જ રેખાચિત્ર આપવાની જરૂરીઆત હતી; સાથે સાથે એ પણ યાદ રાખતા ભૂલવું ન જોઈએ કે, આ નામો તો તે સમય બાદ થયેલ જૈનગ્રંથકારોએ અથવા તો તેમના સમયમાંજ પ્રજા પક્ષથી આપેલ સમજવાં; પણ તેથી તે વ્યક્તિઓ પોતાને કાંઈ તેજ નામ વડે સંબોધતા હતા એમ સમજવું નહીં. રાજા શ્રેણિક તો પોતાને બિંબિસાર જ કહેવડાવતો, તેમ રાજા કૂણિક પોતાને અજાતશત્રુ અને રાજા સંપ્રતિ પોતાને પ્રિયદર્શિનજ કહેવરાવવામાં આનંદ લેતો. તેમ રાજા પ્રદેશી પણ પોતાને પ્રસેનજિત જ કહેવરાવતો. આ ઉપરથી સમજાશે કે, પોતે શું નામો ધરાવતા અને જ્યાં પ્રસંગો ઉભા થતા ત્યાં શું નામો કોતરાવતા, તેમજ જૈન-ગ્રંથકારો શા માટે ઈતર ધર્મીઓ કરતાં ભિન્ન નામથીજ વર્ણનો કરવામાં મશગુલ બનતા હતા, તે પ્રથાની ચાવી આ નિયમમાં સમજાવ્યા પ્રમાણે મળી આવે છે; વળી બીજું કારણ એમ હોઇ શકે કે રાજા પ્રસેનજિત, પ્રથમાવસ્થામાં બૌદ્ધધર્મી હતો અને ઉત્તરાવસ્થામાં જૈનધર્મી થયો હતો, એમ તે સમયના ગ્રંથકારોને સામાન્ય રીતે માહિતી હોવી જોઇએ, છતાં પોતાના પુસ્તકોમાં જે તેમણે તે બાબતનો ઉલ્લેખ સુદ્ધાંપણ નથી કર્યો તેની મતલબ એમ પણ હોય કે, આપણું કર્તવ્ય તો બૌદ્ધધર્મની વાખવાખી બોલાય તેટલીજ હકીકત માત્ર જણાવવી; પણ વિરૂદ્ધમાં જાય તે જણાવવાની ફરજ આપણી નથી; અથવા તો એમ પણ હોઈ શકે કે, ભલેને જનતા ભવિષ્યમાં ભ્રમણાની અટવીમાં અથડાયા કરે; પોતે પોતાની મેળે સત્ય તારવી લેશે. આવી એવડી ધારણાથી તેઓ, હકીકત જણાવવાથી દૂર રહ્યા હોય તે બનવા યોગ્ય છે. ત્રીજું કારણ ગ્રંથકારોનો ભાવ તદન શુદ્ધ હોય, અને ન આ બાજુ કે ન બીજી બાજુ ઢળીપડવાની વૃત્તિ હોય એટલે તટસ્થપણાએ જે જે વસ્તુસ્થિતિ જાણવામાં આવી તે તે પ્રમાણે લખતા ગયા; જ્યારે તેને અનુસરીને હાલના ગ્રંથકારોએ તો માત્ર તેનું અનુકરણજ કરી વાળ્યું હોય. એટલેકે ખરો દોષ જૈન-ગ્રંથકારોનો અને તેના ભાંડારકોનોજ ગણાવો જોઇએ, કેમકે તેમણે શોધખોળ ખાતાના અભ્યાસીઓ સારૂ, જોવાને અને તારવી કાઢવાને, પોતાના ભંડારોનાં દ્વાર ઉઘાડાં ન રાખ્યાં.

એટલે કે રાજા પ્રસેનજિતે ધર્માંતર કર્યો હતો તે ચોક્કસ છે. તેમજ જૈન ગ્રંથકારો હમેશાં નામનું સંબોધન, જીવન પ્રસંગ ઉપરથી ઘડી કાઢતા હોવાથી, તેમણે પ્રસેનજિતનું નામ પ્રદેશી

---

(૩૮) સંપ્રતિ એટલે હમણાંજ (just, now) એવો અર્થ થાય છે (આ નામમાં શું ગૂઢ હેતુ રહેલો છે તે માટે જુઓ પ્રિયદર્શિનના વૃત્તાંતે, મારી માન્યતા એમ પણ થાય છે કે, મૂળ નામ સંપ્રતિ હશે પણ પછીના લેખકોએ તેની વધતી જતી સંપતિ—લક્ષ્મિ જોઇને તે આધારે સંપ્રતિને બદલે સંપતિ પાડયું હોય અને પછી ફેરફાર થતાં થતાં સંપાતિ કે સંબાદિ નામ પાડી દેવાનું યથોચિત ધાર્યું હોય (તિબેટના પુસ્તકોમાં આ નામથીજ ઉલ્લેખ થએલ છે. તેમજ જે બૌદ્ધ ગ્રંથોમાં કવચિત્ તેના નામનો ઉપયોગ કરવાનો પ્રસંગ ઉભો થયો છે ત્યાં પણ તે "સંબાદિ" નામ વપરાયું દેખાય છે )

અથવા ( અપભ્રંશથી ) **પરદેશી**[૩૯] રાજા ઠરાવી દીધું હશે એમ સમજાય છે. અને તેથી તે **પ્રસેનજિતજ કોશલપતિ—અયોધ્યાપતિ** હતો.

**રાજા પ્રસેનજિત સિવાયના બીજાં નામો**

**જૈન**ગ્રંથમાં આ વિશે કાંઈજ હકીકત મળતી નથી. પણ **બૌદ્ધ**-ગ્રંથોથી માલમ પડે છે કે, પ્રસેનજિત પછી તેનો પુત્ર વિદુરથ[૪૦] આવ્યો હતો, તે બાદ તેનો પુત્ર કુશુલિક ગાદિએ આવ્યો હતો, જે મગધપતિ **અનુરૂદ્ધ**નો સમકાલિન હતો. તે બાદ તેનો પુત્ર **સુરથ** થયો; જે રાજાનંદ પહેલાનો સમકાલિન હતો. અને તે બાદ તેનો પુત્ર **સુમિત્ર** થયો જેને **મહાનંદે**[૪૧] જીતી લઇ **કોશળવંશની સમાપ્તિ** કરી દઇને તે પ્રદેશને **મગધસામ્રાજ્યમાં** ભેળવી દીધો.

આ વંશની નામાવળી એક ગ્રંથકર્ત્રી બાઈએ[૪૨] આ પ્રમાણે ગોઠવી બતાવી છે.

( ૧ ) **વૃત ( વંક )—શિશુનાગવંશી કાકવર્ણ** રાજાનો સમય વર્તિન્: આ **કોશળપતિએ** પહેલીવાર **કાશી** ઉપર ચડાઇ કરી હતી.

( પુત્ર ) (૨) **રતનજય** ઉર્ફે હબ્બસેન

( પુત્ર ) (૩) **સંજય** કાશી દેશનો મહાન વિજેતા; અને **શિશુનાગ**-વંશી રાજા **ક્ષેમજિત**નો સમકાલિન; કાશી પડયું.

( પુત્ર ) (૪) **પ્રસેનજિત—શિશુનાગ** વંશી—અને **મગધપતિ**—રાજા **શ્રેણિ**-કનો શ્વસુર; **કોશળ** અને **મગધ** વચ્ચે સલાહ સંપી થઇ.

( પુત્ર ) (૫) **વિદુરથ—મગધપતિ** કૂણિકનો સમકાલિન (ઇ. સ. પૂ. ૫૨૦ સુધી જીવંત હતો )

( પુત્ર ) (૬) કુશુલિક—**અનુરૂદ્ધ**નો સમયવર્તી

( પુત્ર ) (૭) **સુરથ**—રાજા **નંદ**નો સમસમયી

( પુત્ર ) (૮) **સુમિત્ર**—રાજા **મહાનંદે** જીતી લીધો હતો.

જોકે પોતાના પુસ્તકમાં આ ગ્રંથકર્ત્રિએ ઉપરના કોઇ રાજવી વિષે કાંઈ અન્ય હકીકત

---

(૩૯) પરદેશી (પ્રદેશીનું અપભ્રંશ) એટલે પારકા દેશનો; આ ઉપરથી એમ પણ કાંઈક આભાસ થાય છે કે તે હિંદની બહારની ભૂમિનો ( એટલે **શાક્ય-સિંહ**ના પિતા **શુદ્ધોધન**વાળો પ્રદેશ પણ **નેપાળ**ની હદમાં છે તેનો ) અને પરધર્મવાળો પણ ગણાય. કેમકે **જૈન** ધર્મથી અન્ય મતનો જે હોય તેને, તેમની ગણત્રીએ તો પરધર્મનોજ કહેવાય; અથવા **પ્રદેશી** એટલે **પ્ર** કહેતાં વિશેષ પ્રકારે અને **દેશી** કહેતાં દેશનો ધણી, એમ મળી ઘણા પ્રદેશનો ભૂપતિ, એમ થતો હોય તો તેની સત્તામાં નાનાં મોટાં ઘણાં ગણરાજ્યો હોવાં જોઈએ.

[ **પરદેશી**= પર—રાજ્યનો વતની ]

[ **દેશી**=વિશેષ દેશનો અધિપતિ ]

(૪૦) હિં. હી. ( પૃ. ૪૯૯ ) માં તેનું નામ "**વિરૂદ્ધક**" લખ્યું છે.

રા. મુ. મેન. પૃ. ૬૮ માં તેનું નામ **વિડુડભ** લખેલ છે.

( ૪૧ ) એક સમયે મારી એમ માન્યતા હતી કે રાજા કૂણિકેજ **કોશળ** પ્રદેશને **મગધ**માં ભેળવી લીધો હતો (જુઓ આગળ ઉપર **વિદુરથ**નું જીવન ચરિત્ર) પણ તે માન્યતા ફેરવવીજ પડે છે કેમકે, **કોશળવંશી** રાજાઓ, ઠેઠ **નંદ**ના સમય સુધી હૈયાત હતા તેમ ચોખ્ખું લખાણ **બૌદ્ધ** ગ્રંથોમાં મળી આવે છે.

( ૪૨ ) જુઓ કો. ઇ. માં તથા આ પુસ્તકને અંતે આપેલી વંશાવળીઓ.

દર્શાવી નથી. પણ તે સમયના બીજા રાજ્યકર્તા કુટુંબની સાથે જો તેની વિચારણા કરીએ તો, જે જણાવાયું છે તે કરતાં, કાંઈક તો વિશેષ આપણે તારવી શકીએ તેમ છેજ[૪૩] જ્યારે ઉપરના વર્ણનમાં શિશુનાગવંશના કાશીપતિઓ સાથે, તેમના સમકાલિનપણા વિષેનો ઈસારો કરી બતાવ્યો છે, તો આપણે, તેજ આધારે કાંઇક શોધી કાઢવાને પુરૂષાર્થ કરીશું, કે જેથી દોહન કરેલો નિષ્કર્ષ અગ્રાહ્ય ન નીવડે.

( ૧ ) રાજા ધૂત ઉર્ફે વંકઃ–તેને શિશુનાગ વંશી રાજા કાકવર્ણના સમયમાં કાશી ઉપર ચડાઈ લઇ જનાર અને કાશીનું રાજ્ય ખુંચવી લેનાર[૪૪] તરીકે જણાવ્યો છે. આ કાકવર્ણ, શિશુનાગવંશમાં બીજો પુરૂષ છે. જ્યારે રાજા વંક તો પ્રથમ જ પુરૂષ છે અને બન્ને વંશની સ્થાપનાના સમયમાં કૌશળપતિનો સમય, પુરોગામી છે એમ માનવાને કારણ મળે છે [૪૫] એટલે સહજ અનુમાન બાંધી શકાય છે કે કાશીદેશ ઉપર ચઢાઈ લઇ જતી વખતે, રાજા વંકની ઉમર બહુ મોટી હોવી જોઇએ. તેમ તેનું આયુષ્ય પણ મોટું હોવું જોઇએ અને રાજ્યકાળ પણ દીર્ઘ સમયી હોવો જોઇએ. જો કાશીપતિઓના સમયની આ સર્વ હકીકતની, શિશુનાગવંશી રાજાઓના સમયની સાથે તુલના કરીશું તો, તે સઘળી વિચાર પ્રદેશમાં આવી શકે તેવી સહજ બાબત છે.

( ૨ ) રતનજય ઉર્ફે દબ્બસેન—જેમ તેના પિતાનું રાજ્ય, અતિ દીર્ઘ સમયી હોવાનું જણાયું છે, તેમ આનું પણ દીર્ઘકાલીજ હશે. કેમકે, તે પોતાની ઉત્તરાવસ્થામાં શિશુનાગવંશી બીજા પુરૂષ રાજા કાકવર્ણનો પણ સમકાલિન હોવા સંભવ છે. ઉપરાંત તેના પુત્ર સંજયને શિશુનાગવંશી રાજા ક્ષેમજિતનો સમકાલિન દર્શાવ્યો છે, અને રાજા ક્ષેમજિત તો ચોથો પુરૂષ છે; એટલે સાર એમ લઇ શકાય કે રાજા રતનજય જે ઉપરની નામાવલીમાં બીજો છે[૪૬] તેનું રાજ્ય શિશુનાગવંશી ત્રીજા રાજાના આખા સમય સુધી ચાલ્યું હોવું જોઇએ જ. અને ઉપરાંત ચોથાના આરંભના સમયમાં પણ પોતે હૈયાત હોવો જોઇએ, નહીં તો તેના પુત્રને ચોથા ક્ષેમજિતના સહસમયી ન બતાવતાં, તેની સાથે શિશુનાગવંશી ત્રીજા રાજા ક્ષેમવર્ધનનું નામ જોડત.

( ૩ ) સંજય—તેને રાજા ક્ષેમજિતનો સમકાલિન બતાવ્યો છે. અને ક્ષેમજિત તો પોતાના વંશમાં ચોથો પુરૂષ છે. બીજી બાજુ આ સંજયના પુત્ર પ્રસેનજિતને ( કે જેનો આંક, તેના વંશની નામાવળીમાં ચોથો ગણાય. ) શિશુનાગ-

---

( ૪૩ ) તેમની વંશાવળી ગોઠવી શકાય તેટલે દરજ્જે ગોઠવી બતાવી છે. તે માટે આગળ ઉપર જુઓ.

( ૪૪ ) કૅં. હી. પુ. ૪૯૭—તેના પિતાની માફક, રાજા કાકવર્ણ બહુ પરાક્રમી નહોતો; એમ સમજાય છે કે શ્રાવસ્તિના રાજાએ ( કૌશળપતિએ ) તેની પાસેથી બનારસ ( કાશીનું રાજ્ય ) પડાવી લીધું. Kakavarna was not heroic like his father. It appears that King of Sravasti wrested Benares from his hands.

( ૪૫ ) જુઓ કાશી દેશના વર્ણને

( ૪૬ ) પણ માનવાને કારણ મળે છે કે તેનો આંક ત્રીજો પણ હોય; પણ ચોથો હોય તો, વંકને બીજો પુરૂષ ધારવો રહે છે, અથવા તો રતનજય, અને દબ્બસેન, તે બન્નેને પૃથક્ પૃથક્ વ્યક્તિ ગણીને સંજયને ચોથો ગણવો પડશે, કે જેથી, શિશુનાગવંશી ચોથા રાજા ક્ષેમજિતનો સમકાલિન તે થઈ શકે ( વિશેષ માટે આગળ ઉપર વંશાવળી જુઓ )

વંશી છઠ્ઠા રાજા શ્રેણિકના શ્વસૂર તરીકે ગણાવ્યો છે એટલું જ નહીં પણ, તે પ્રસેનજિતની સાથેસાથે હૈયાતી ભોગવતા રાજા શ્રેણિકના રાજ્ય અમલના ઠેઠ અંત સુધી લગભગ હોવાનું સાબીત થયેલ છે. વળી એકલા શ્રેણિકનું જ રાજ્ય બાવન વર્ષ જેટલી લાંબી મુદત સુધી લંબાયેલું પૂરવાર થયું છે. એટલે તાત્પર્ય એ નીકળે છે કે, ત્રીજા અને ચોથા મળીને, બન્ને કૌશળપતિનું રાજ્ય એકંદરે શિશુનાગવંશી ચોથા રાજાના સમયનો થોડો ભાગ, પાંચમાનો આખો સમય અને છઠ્ઠાના બાવન વર્ષના ગાળામાંનો મોટો ભાગ, આ પ્રમાણે આટલો બધો લાંબો સમય ચાલ્યું હોવું જોઇએ. અને તેમ માની લેવાને આપણને જરાપણ સંકોચ વેઠવો પડે તેમ નથી. વળી જ્યારે એક બીજા નિયમ ઉપર વિચાર કરીએ છીએ ત્યારે તેમાંથી પણ અન્ય પ્રેરણા મળી આવે છે.

તે નિયમ એ કહેવાય કે, એક પછી તુરતજ ગાદિએ આવનાર બીજી વ્યકિતનો સંબંધ, જો પિતાપુત્રનોજ હોય તો, તે બન્નેનું રાજ્ય દીર્ઘ સમયી સાધારણ હોઇ શકે નહિ. છતાં ભાગ્યવશાત દીર્ઘકાળી નીવડે તો જે ત્રીજો પુરૂષ ગાદીએ આવે તેનું રાજ્ય બહુ સુક્ષ્મકાલી જ થઇ શકે, સરત એટલીજ કે, તે ત્રીજો પુરૂષ, તેના ઉપરના બીજા પુરૂષનો પુત્રજ હોય, પણ જો તે ત્રીજો પુરૂષ બીજા પુરૂષનો પુત્ર હોવાને બદલે પૌત્ર થતો હોય કે અન્ય સંબંધી જન હોય તો તેનું રાજ્ય પણ દીર્ઘકાળી હોઇ શકે ખરૂં. આનું કારણ એમ છે કે, જો પહેલો અને બીજો પુરૂષ, બન્ને પિતા પુત્ર હોય તો, અને તેમાંય પિતાનું રાજ્ય લાંબો સમય ચાલ્યું હોય તો, જ્યારે પુત્રને ગાદિની પ્રાપ્તિ થાય ત્યારે, તે પુત્રની ઉમરજ ઘણી આગળ વધી ગઇ હોય, એટલે તેનું રાજ્ય બહુ લાંબો સમય—કહો કે તેના પિતાના રાજ્યના સમય જેટલો દીર્ઘકાળ ચાલી શકે નહીં, કેમકે તે તે સમયે, બન્ને પિતા પુત્રનાં આયુષ્ય કુદરતી સંયોગોમાં લગભગ સમસંખ્યાવત્ જ હોય. છતાં ભાગ્યવશાત્, પુત્રનું આયુષ્ય મોટું હોય, અને તેનું રાજ્ય દીર્ઘકાળી થઈ પડે તો, પછી ત્રીજો પુરૂષ જે તેનો પુત્ર જ હોય, તે તો ખચીત એકદમ મોટી ઉમરેજ સિંહાસન આરૂઢ થવા પામે, અને તેમ થયું તો, ત્રીજા પુરૂષનું રાજ્ય તો અલ્પ સમયીજ નીવડે. જોકે મુખ્યત્વે તો,આ ત્રીજો પુરૂષ, તે બીજા પુરૂષના પુત્રપણે હૈયાતિ પણ ભોગવતો ન હોય; એટલે તેના પુત્રનેજ—અથવા કહો કે બીજા પુરૂષના પૌત્રનેજ—ગાદિનશીન થવાનો પ્રસંગ આવે; અને તેમ થાય તો, સ્વભાવિક છે કે, તે યુવાવસ્થામાં પ્રવેશ કરતોજ હોવાથી, તેનાં આયુષ્ય અને રાજ્ય અમલ બન્ને, દીર્ઘકાળીજ; હોઈ શકે અથવા જો પિતાપુત્રના સંબંધ વિનાનો, અન્ય સંબંધી કે તટસ્થ વ્યક્તિ ગાદિપતિ થવા પામે તો, તેનું રાજ્ય પણ કદાચ લાંબા સમયનું હોઇ શકે.

આ નિયમના આધારે જો વિચાર કરીએ છીએ તો એજ સાર ઉપર આવવું પડશે કે, નંબર પહેલા તરીકે વંકનું અને નંબર બીજા તરીકે રતનજયનું એમ પહેલા દ્વયનું રાજ્ય; તેમજ નંબર ત્રીજા તરીકે સંજય અને નંબર ચોથા તરીકે પ્રસેનજીત એમ બીજા દ્વયનું રાજ્ય ગણાશે; જો તે એક પછી એક ગાદિએ આવનાર ચારે પુરૂષોનો સંબંધ પિતા-પુત્ર તરીકેનોજ હોય તો, આ બે દ્વયોનું રાજ્ય લાંબાકાળ સુધી ચાલ્યું હોય, એમ કદીપણ માની શકાય નહીં. કાંતો તેમની વચ્ચેનો સંબંધ પિતાપુત્રનો હોય નહીં, અને કાંતો તેઓનાં રાજ્ય લાંબા કાળનાં હોઈ શકે નહીં. પણ આપણી વિચારણા તળેના આ કિસ્સામાં તો, આ બન્ને નકારાત્મક તત્ત્વોનો અભાવજ

સાબિત થયા છે, એટલે કે, બધા પુરૂષોનો પરસ્પર સંબંધ પિતાપુત્ર તરીકેનોજ છે, તેમજ તે સર્વેએ દીર્ઘ કાલ સમયનો રાજ્ય વહીવટ પણ ભોગવ્યો છે. એટલે આ પ્રમાણે સર્વ અસંભવિતપણાના નિવારણ માટે એક જ ઉપાય રહે છે. અને તે એ કે, બીજા અને ત્રીજા વચ્ચે, અથવા તો[૪૭] ત્રીજા અને ચોથા વચ્ચે, એક રાજાનું અસ્તિત્વ દાખલ કરવું જોઇએ. પણ, બીજા અને ત્રીજા વચ્ચેનો પિતાપુત્ર સંબંધ તો મજકુર નામાવળીમાં, પ્રથમથીજ દર્શાવી દીધો છે એટલે તે બેની વચ્ચે કોઇને દાખલ કરવો તે અયુકત ગણાશે; જ્યારે ત્રીજા અને ચોથાની વચ્ચેના સગપણ સંબંધનો કોઇ પ્રકારનો ફોડ પણ પાડયો નથી, તેમ પૃ. ૮૮ માં જણાવ્યા પ્રમાણે વંશાવળીના ત્રીજા અને ચોથાના રાજ્ય કાળનો સમય, સાધારણ વિચારશક્તિમાં ઠસી શકે તેના કરતાં પણ, અતિશય લંબાયલો દેખાય છે; એટલે આ બન્ને મુદ્દાનો વિરોધ ટાળવા માટે બે રસ્તા રહે છે; એકમાં આપણે એમ ઠરાવી શકીએ કે, સંજય અને પ્રસેનજીત, તે બેની વચ્ચે એક કોઈ વ્યક્તિ રાજપદે બિરાજીત થઇ હોવી જોઇએ (તો તે સર્વથા અનુચિત નહીં જ ગણાય.) તેમ તે વ્યક્તિને વળી સંજયના પુત્ર તરીકે અને પ્રસેનજિતના પિતા તરીકે ગણાવાય તો, એક બીજાના સગપણ વિશેનો જે અંકોડો ત્રુટિત પડ્યો દેખાય છે તે પણ સંધાઈ જશે. અને બીજી રીત એ કે, સંજય અને પ્રસેનજિતને પિતાપુત્ર તરીકે, તેમજ વંક અને રતનજયને પણ પિતાપુત્ર તરીકે ગણવા અને દબ્બસેનનું નામ, રતનજયથી છુટું પાડી, તેને ત્રીજા નંબરના પુરૂષ તરીકે ગણી લેવો. એટલે કે, વંકથી માંડીને પ્રસેનજિત સુધી, પાંચની સંખ્યા ગણી લેવી; આ પ્રમાણે ભાંગતોડ કરી જુદી જુદી ગણત્રીવડે, કોશળપતિઓની જે નામાવળી રચી શકાય તેમ છે, તે રજુ કરૂં છું. તેમાંથી કઇ વધારે માનનીય થઇ પડવા યોગ્ય છે, તે, તેમ કરવાની પોતાની દલીલોસર, વાચકવર્ગ જણાવવા કૃપા કરશે.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧ વ્રત ( વંક ) | ૧ વ્રત ( વંક ) | ૧ — | ૧ વ્રત ( વંક ) | ૧ વ્રત ( વંક ) |
| ૨ રતનજય ઉર્ફે દબ્બસેન | ૨ રતનજય | ૨ વ્રત ( વંક ) | ૨ રતનજય ઉર્ફે દબ્બસેન | ૨ રતનજય ઉર્ફે દબ્બસેન |
| ૩ સંજય | ૩ દબ્બસેન | ૩ રતનજય ઉર્ફે દબ્બસેન | ૩ — | ૩ સંજય |
| — | ૪ સંજય | ૪ સંજય | ૪ સંજય | ૪ — |
| ૪ પ્રસેનજિત | ૫ પ્રસેનજિત | ૫ પ્રસેનજિત | ૫ પ્રસેનજિત | ૫ પ્રસેનજિત |
| ૫ વિદુરથ | ૬ વિદુરથ | ૬ વિદુરથ | ૬ વિદુરથ | ૬ વિદુરથ |
| ૬ કુશુલિક | ૭ કુશુલિક | ૭ કુશુલિક | ૭ કુશુલિક | ૭ કુશુલિક |
| ૭ સુરથ | ૮ સુરથ | ૮ સુરથ | ૮ સુરથ | ૮ સુરથ |
| ૮ સુમિત્ર | ૯ સુમિત્ર | ૯ સુમિત્ર | ૯ સુમિત્ર | ૯ સુમિત્ર |

(૪૭) વંકને તે વંશના પ્રથમ પુરૂષ ન લેખતાં બીજો પુરૂષજ ગણવો રહે છે જુઓ નામાવળીના કોઠા.

મૂળ ટીપ પહેલા ખાનામાં મેં મૂકી છે; અને તે બાદ ચાર નવી ઉભી કરી બતાવી છે. મૂળ ટીપમાં આઠ વ્યક્તિઓ છે. તેમ નવીન ઉભી કરેલીમાં પણ તેજ આઠ પુરૂષો છે. આ પાંચેટીપમાં, છેલ્લી પાંચે વ્યક્તિઓનાં નામો જેમને તેમ જળવાઈ રહેલાં દેખાય છે. જે ફેરફાર છે તે માત્ર પ્રથમના ચાર પુરૂષો પરત્વે જ છે.

નવી પદ્ધતિએ જે ચાર ટીપ ગોઠવી છે તેમાં પણ મારી ધારણા પ્રમાણે, જે સૌથી વિશેષ સંભવિત છે તેને, પ્રથમ સ્થાને ( મૂળ કોઠાની પછી એટલે જેના ઉપર નં. ૨ ભર્યો છે તેમાં ) મૂકી છે. તેજ પ્રમાણે ઉત્તરોત્તર નં. ૩, ૪. ૫ ની સંભવિતતાનું સમજી લેવું.

એકંદર નવ રાજા ગણવામાં આવે તો, કૌશળપતિ, મગધપતિ તેમજ તે સમયના બીજા દેશના રાજાઓ પણ બરાબર અરસપરસ સમકાલિન પણે હોવાનો મેળ બેસી રહે છે. નવ કૌશળપતિ ધારીને તેમની સાલવારી નીચે પ્રમાણે ગોઠવી શકાશે. આ સાલો નિશ્ચિતપણે ન માનતા, માત્ર અંદાજી તરીકે જ માનવાની છે.

| | | | |
|---|---|---|---|
| ( ૧ ) ઇ. સ. પૂ. ૭૯૦ થી ૭૪૦=૫૦ | | ( ૬ ) ઇ. સ. પૂ. ૫૩૫ થી ૪૯૦=૪૫ | |
| ( ૨ ) ,, | ૭૪૦ થી ૭૦૦=૪૦ | ( ૭ ) ,, | ૪૯૦ થી ૪૭૦=૨૦ |
| ( ૩ ) ,, | ૭૦૦ થી ૬૪૦=૬૦ | ( ૮ ) ,, | ૪૭૦ થી ૪૬૦=૧૦ |
| ( ૪ ) ,, | ૬૪૦ થી ૫૮૫=૫૫ | ( ૯ ) ,, | ૪૬૦ થી ૪૫૦=૧૦ |
| ( ૫ ) ,, | ૫૮૫ થી ૫૩૫=૫૦ | | |

એકંદર સમય=૩૪૦ વર્ષ

(૪) પ્રસેનજિત–તેના રાજ્ય અમલનો મોટો ભાગ કાશીપતિ અને મગધપતિની સાથે વિગ્રહમાંજ વ્યતીત થયો હતો; તથા ઉપર પ્રમાણે ધર્માંતર કરવામાં અને પોતાના આત્મિક કલ્યાણના માર્ગે વળવામાંજ તેણે ગાળ્યો હતો, તે સિવાય હાલ તો તેના જીવન વિશે કાંઇ વિશેષ જણાયું નથી. તેનું મરણ કેમ થયું ને કયારે થયું તે વિશે બૌદ્ધગ્રંથોમાં કાંઈ હકીકત નીકળતી નથી. સંભવિત છે કે, તે ઉત્તરાવસ્થામાં જૈન ધર્મી થયો હતો, તેથી તે સ્થિતિનું વર્ણન તેમાં ન પણ હોય, પણ જૈનગ્રંથ ઉપરથી[૪૮] સમજાય છે કે તેનું મરણ તેની રાણીએ ઝેરી પદાર્થ ખવરાવવાથી નીપજ્યું હતું.

**પ્રસેનજિત વિષે અન્ય વિશેષ**

તેના મરણની તારીખ કયાંય લખેલ મળતી નથી, પણ અનુમાન કરાય છે કે લગભગ ઇ. સ. પૂ. ૫૩૦ હોવી જોઇએ, કેમકે રાજા શ્રેણિકના ઈ. સ. પૂ. ૫૨૮ માં નીપજેલ મરણથી રાજા કૂણિક જ્યારે ગાદિએ બેઠો છે ત્યારે તેની રાણી પ્રભાવતિને ( કે જે આ રાજા પ્રસેનજિતના પુત્ર વિદુરથની પુત્રી થતી હતી ) ઉદયન નામનો બાળકુમાર લગભગ સાતવર્ષની ઉમરનો હતો. અને રાજા કૂણિકની ઉમર લગભગ અઠાવીસ વર્ષની હતી. આ હિસાબે પ્રભાવતિ સાથે કૂણિકનું લગ્ન ઇ. સ. પૂ. ૫૨૮+૯=ઇ. સ. પૂ. ૫૩૭ માં થયું કહી શકાય અને તે સમયે રાજા પ્રસેનજિતની હૈયાતિ હતી જ[૪૯] એટલે ઇ. સ. પૂ. ૫૩૭ બાદ રાજા પ્રસેનજિતનું મરણ નીપજ્યું

(૪૮) જુઓ ભ. બા. વૃ. પૃ. ૧૦૧ જણાવે છે કે, રાજા પ્રદેશીની રાણી સૂર્યકાંતાએ, સ્વૈરિણી હોવાથી, પોતાના પતિને ઝેર આપી મારી નાંખ્યો હતો.

(૪૯) નહીં તો, રાજા શ્રેણિક સાથે સંધી કરવામાં તે ભાગ પણ કેમ લઈ શકે તેમજ પોતાની કુંવરી રાજા શ્રેણિકને અને પોતાના પુત્રની કુંવરી, શ્રેણિકકુમાર કૂણિકને પરણાવી કેમ શકે ?

ગણીએ તો કાંઇ ખોટું ગણાશે નહીં, તેમ તેની ઉમર પણ મરણ સમયે પચાસ ઉપરની થઇ ગઈ હોવી જોઇએ; અથવા લગભગ સાઠ ઉપર પણ થઇ હોય. કેમકે ઇ. સ. પૂ. ૫૨૮ માં રાણી **પ્રભાવતિનીજ** ( **પ્રસેનજિતના** પુત્ર **વિદુરથની** પુત્રીની ) ઉમર ૨૦ થી ૨૨ ની હોવા] સંભવે છે એટલે તેણીનો જન્મ ઇ. સ. પૂ. ૫૫૦ લગભગ થયો તે ઉપરથી તેણીના પિતા–કુમાર **વિદુરથનો** જન્મ ઈ. સ. પૂ. ૫૭૦ આસપાસ ગણાય અને રાજા **પ્રસેનજીતનો** જન્મ ઈ. સ. પૂ. ૫૯૦ આસપાસ ગણાય, અને તેનું મરણ ઇ. સ. પૂ. ૫૩૦ માં ગોઠવ્યું છે, તો તે ગણત્રીએ તેનું આયુષ્ય ૬૦ વર્ષ કહેવામાં[૫૦] કાંઈ જ હરકત આવી શકતી નથી. જે સંજોગોમાં તેનું મરણ થયું હતું તે વિશે એક બીજા ગ્રંથકારે જણાવ્યું છે કે—તેનાપુત્ર **વિરૂદ્ધકે** તેની સામે બળવો ઉઠાવ્યો, જેથી **પ્રસેનજિત** નાઠો અને **રાજગૃહમાં** પોતાના જમાઇ ( અહીં મગધપતિ **બિંબિસાર** કહેવાનો હેતુ છે ) નો આશ્રય લેવા આવ્યો, પણ શહેરની ભાગોળે આવ્યો કે થાકયો ભાગ્યો અને ચિંતાગ્રસ્થ અવસ્થામાં મરણ પામ્યો. "His son Viruddhak revolted against him. Prasenjit fled and came down to Rajgriha to seek shelter of his son-in-law but died outside the town tired and care-worn "

તેનું મરણ આ પ્રમાણે થયું કે ઉપર લખી ગયા પ્રમાણે તેની રાણી સૂર્યકાંતાએ ઝેર આપવાથી થયું તે વિશેષ અભ્યાસ અને સંશોધનથી ઠરે તે ખરૂં; અત્યારે તો એટલુંજ કહેવું બસ છે કે તેનો અંત એક રાજાને યોગ્ય ગણાય તેવી સુખી સ્થિતિમાં થયો નહોતો.

વિશેષ શોધખોળથી ( સરખાવો નીચેનું ટીપણ નં. ૫૨ ) માલુમ પડે છે કે તેનું મરણ ઇ. સ. પૂ. ૫૨૬ માં થયું હતું.

રાજા **પ્રસેનજિત** વિશે જે કાંઇ જણાવવામાં આવ્યું છે તે આપણે પૃ. ૭૫ થી માંડીને અત્યાર સુધીમાં પ્રસંગોપાત વાચક આગળ ધરી ગયા છીએ અને હવે વિશેષ કાંઈ ન હોવાથી આગળ ચાલીશું.

(૫) **વિરૂદ્ધક**—કહે છે કે[૫૧] તેનો પિતા **પ્રસેનજિત** એકદા એક શાકય કુંવરીને જોઇને મોહિત થઇ ગયો હતો અને તેથી તેણી માટે માગું મોકલ્યું, પણ જ્ઞાતિના આગેવાનોએ જોયું કે આવો અનર્થ થઇ શકશે નહીં, કેમકે રાજા **પ્રસેનજિત** તથા શાકય રાજપુતોના કુટુંબો સગોત્રીઓ થતા હતા અને સગોત્રી કન્યા સાથે લગ્ન તો કરી શકાય તેમ નહોતું. તેમજ રાજા બળવાન હોઇ, તેનું વચન ઠેલીને ઇતરાજી વહોરી લેવી પરવડે તેમ પણ નહોતું. એટલે શાકય કુંવરીની જગ્યાએ કોઇ તેવીજ રૂપવતી દાસીપુત્રીને ગોઠવીને, લગ્નનું કામ પતાવી દીધું. આ રાણીના પેટે કુંવર **વિરૂદ્ધકનો** જન્મ થયો હતો; તેણે પોતાના પિતાની સાથે આ પ્રમાણે છળકપટ કર્યાનું વેર લેવા વિચાર કરી રાખ્યો. અને જ્યારે પોતે ગાદીએ બેઠો, તે બાદ પાંચેક વર્ષે, ( એટલે આપણા હિસાબે ઇ. સ. પૂ. ૫૨૦ ના

(૫૦) નીચે જુઓ. તેનું મરણ ઈ. સ. પૂ. ૫૩૦ ને બદલે ઈ. સ. પૂ. ૫૨૬ માં ઠરે છે. આ હિસાબે તેની ઉમર ૬૪ વર્ષની ગણવી રહે છે.

(૫૧) જુઓ. અ. હી. ઇ. ચોથી આવૃત્તિ પૃ. ૩૮; તથા હિં. હિ. પૃ. ૪૯૯

પ્રારંભમાં) તેણે, તે શાકય પ્રજાના કપિલવસ્તુવાળા પ્રદેશ ઉપર ચડાઈ કરી, તેમની કત્લ ચલાવી, તે પ્રાંત કોશળ સાથે જોડી દીધો. આ બનાવ પછી થોડા વખતમાં જ ગૌતમબુદ્ધનું નિર્વાણ[૫૨] થયું હતું.

( ૬ ) કુશુલિક ( ૭ ) સુરથ અને ( ૮ ) સુમિત્રઃ–આ ત્રણ નૃપતિઓનાં નામનોજ કેવળ ઉલ્લેખ દેખાય છે. વિશેષ અધિકાર મળતો નથી. માત્ર તેમના સમકાલિન અન્ય ભૂપતિ કોણ હતા તે આપણે પૃ. ૮૬ ઉપર લખી ગયા છીએ. વળી તે આધારે તેમનો સમય કેટલા વર્ષ પર્યંતનો અનુમાનથી ઠરાવી શકાય તે આપણે આગળ ચર્ચવાના છીએ, માટે અત્ર વિશેષ ન રોકાતા એટલું જ કહીશું કે, છેલ્લા રાજા સુમિત્રને મગધપતિ મહાનંદે[૫૩] હરાવીને,કોશળપતિના વંશને નિર્મૂળ કરી નાંખ્યો હતો અને કોશળદેશને મગધ સામ્રાજ્યમાં જોડી દીધો હતો.

**સામાન્ય હકીકત**

કોશળદેશ અને કાશીદેશની સીમા એક બીજાને અડીઅડીને હોવાથી અખડા–બખડી થયાં કરે તે સ્વાભાવિક લાગે છે, પણ તે સમયે રાજકર્તાઓને ક્ષેત્રવૃદ્ધિની પિપાસા બીલકુલ નહોતી એમ કહીએ તો ચાલે, એટલે કેવળ તેજ કાર્યસિદ્ધિ માટે, તે બન્ને રાજ્યો વચ્ચે બહુ લાંબો સમય વિખવાદ ચાલે તેવો સંભવ નહોતોજ, પણ ઉપર પૃ. ૮૦–૮૩ માં અનુમાનથી બતાવ્યું છે તેમ, કુળમદ અને ધર્મના મદને લીધેજ વિગ્રહ મંડાયા કરતા હશે. તેમાં પણ રાજા વંકે, કાશી ઉપર પ્રથમ વખતની ચડાઇ, રાજા કાકવર્ણ કે જે બીજો રાજા ગણાય છે, તેના રાજ્યઅમલે કર્યાનું નીકળે છે, જ્યારે પ્રથમ અમલવાળો કાશીપતિ, જેનું નામ શિશુનાગ હતું, જે આ વંશનો સ્થાપક હતો,[૫૪] તેમજ તેનો સમકાલિન પણ હતો, તેને તો એમને એમ કોરે જવા દીધો છે; ત્યારે સહજ અનુમાન કરી શકાય છે કે શિશુનાગને રાજા વંકે પોતા કરતાં વધારે પરાક્રમી ધારી, છંછેડવાનું દુરસ્ત નહિ ધાર્યું હોય; પણ રાજા શિશુનાગને, મગધની ગાદિ મળવાથી તે ત્યાં ગયો અને કાશીની મૂળ ગાદીએ તેનો પુત્ર કાકવર્ણ બેઠો એટલે પોતાને મનગમતો પ્રસંગ પ્રાપ્ત થયો જાણીને, રાજા વંકે કાશી ઉપર ચઢાઇ કરી હોય તે બનવા યોગ્ય છે. આ બાજુ શિશુનાગવંશી રાજાઓને બે પ્રાંતની હકુમત સાચવવાની થઇ, એક પોતાના કાશીદેશની અને બીજી કોઇક સગપણને લીધે વારસામાં મળેલ મગધદેશની; તેમાં પણ મગધની ગાદી વિશેષ ગૌરવવંતી ગણાતી, એટલે શિશુનાગ વંશી રાજાઓ વધારે સમય, મગધના પાટનગર કુસુમપુરેજ રહેતા. જેથી પણ કોશળપતિઓને કાશી ઉપર વારંવાર ચડી જવાની અનુકુળતા પ્રાપ્ત

(૫૨) બુદ્ધદેવનું પરિનિર્વાણ ઈ. સ. પૂ. ૫૨૦ ના મે, કે જુન માસમાં ગણાયું છે. વળી શા. મુ. મે. પૃ. ૬૮ માં લખે છે કે, બુદ્ધના મરણ પૂર્વે થોડા વખતેજ કપિલવસ્તુનો વિનાશ કરવામાં આવ્યો; એટલે ઉપર પ્રમાણેના હિસાબે તો કપિલવસ્તુના વિનાશનો સમય ઇ. સ. પૂ. ૫૨૧ લેવો રહે.

( ૫૩ ) રાજા નંદિવર્ધને તે દેશ મગધ સાથે મેળવી દીધાનું ઐાદ્રગ્રંથો જણાવે છે. પણ "Conquered by Nanda the Great" લખ્યું છે એટલે તે બિરૂદ તો નવમાનંદને લાગુ પાડી શકાય છે, કેમકે સર્વે નંદોમાં નવમા નંદનુંજ રાજ્ય લાંબામાં લાંબુ છે. અને તેથી તેને " ધી ગ્રેઈટ " કહી શકાય તેમ છે.

(૫૪) જે ઉપરથી તેનો વંશ શિશુનાગ વંશ કહેવાયો છે.

થતી હતી, તેમજ કાળાંતરે કાં તો મગધપતિઓ એક પછી એક કાકવર્ણથી માંડીને તેના ચોથા રાજા ક્ષેમજિત સુધી, નબળા પાકયા હોય તેથી કે, પછી કાશીની હદથી દૂર પડી જવાથી અને વારંવાર લડાઈ કરવાના પ્રસંગથી કંટાળી ગયા હોય તેથી હોય કે, થોડા ઘણા અંશે બંને કારણોના સંયોગથી હોય, પણ એટલું તો લગભગ ચોક્કસજ છે કે, ગમે તેમ પણ, મગધપતિની આડ નીકળી ગઈ હતી, એટલે કોશળપતિએ કાશીદેશ જીતી લીધો હતો. અને પરિણામે કાશી–કોશળ એ બે પ્રદેશનું યુગ્મ જનતાના મોંયે ચડી જવા પામ્યું હતું.[૫૫]

પણ પાછો જ્યારે ક્ષેમજિતનો પુત્ર પ્રસેનજિત અને તેનો પુત્ર શ્રેણિક, મગધનો સમ્રાટ થયો, (પણ તે તો મહા ગૌરવશાળી તેમ બાહુબળી અને પ્રતાપી રાજા હતો, એટલે તેના પૂર્વજોની કીર્તિને જે કલંક લાગ્યું હતું તે સહેજે ગળી જાય તેમ નહોતું ) ત્યારે તેણે તે સમયના વૃદ્ધ કોશળપતિ રાજા પ્રસેનજિત ઉપર, પ્રબળ ધસારા સાથે એટલાં તો ઉપરા ઉપરી આક્રમણ કર્યાં[૫૬] કે, અંતે રાજા પ્રસેનજિતને હાર કબુલવી પડી; એટલુંજ નહિ, પણ વિશેષમાં, તેના મગજમાં રમી રહેલ કોશલવંશના ઊંચા કુળનો મદ ઉતારવા તેની પુત્રી પોતા માટે, અને તેના પુત્ર (યુવરાજ) વિદુરથની પુત્રી પોતાના કુંવર ( યુવરાજ ) કણિક માટે લગ્નમાં દેવાની શરત પણ રાજા શ્રેણિકે તેની પાસે કરાવરાવી; એટલે કે વેરની વસુલાત બેવડા ડંખથી જ્યારે વસુલ કરી લીધી, ત્યારેજ તે જંપીને બેઠો હતો.

## (૪) કાશી

**પ્રારંભિક સંક્ષિપ્ત હકીકત.** આ દેશમાં, જેને હાલ વારાણસી, પ્રયાગ અને ગાઝીપુર નામના જીલ્લા કહેવામાં આવે છે તેનો સમાવેશ થઇ જાય છે.

મહાભારત નામના ગ્રંથમાં બૃહદ્રથ રાજાના નામની એક પ્રખ્યાત વ્યક્તિ આવે છે તે કાશીપતિ હતો. અને તેથી તેના સર્વે વંશજોને ઇંગ્રેજીમાં Brihadrathas કહેવાય છે. આ બૃહદ્રથથી માંડીને, આપણા ઇતિહાસ આલેખનના સમય સુધી આવા બત્રીસ બૃહદ્રથો થઈ ગયાનું પૌરાણીક ગ્રંથોમ જણાવ્યું છે. જો કે પુરાણ નામના તો અનેક ગ્રંથો છે, પણ તેની ઘણી પ્રતો એકઠી કરીને, તેના ખાસ અભ્યાસી મી. પાર્જીટર, કે જે એક ન્યાયાધીશના પદે બિરાજ્યો હતો, તેમણે તે જાતોના ગ્રંથોનું તારણ કરીને, પાર્જીટર્સ ડાઇનેસ્ટિક લીસ્ટ ઑફ કલી એઇજ–કલિયુગના રાજકર્તાઓની નામાવલિ ( Pargiter's Dynastic list of Kali Age ) નામનું પુસ્તક રચ્યું છે; તેમાં બત્રીસ રાજા થયાનું વર્ણવ્યું છે.[૫૭] તેમાં બૃહદ્રથને પ્રથમ ગણાવ્યો છે અને તે પછી બીજા આઠ, એમ મળીને કુલ નવ રાજા થયા બાદ, પછી દશમાના રાજ્યકાળે મહાભારતનું અતિ પ્રસિદ્ધ યુદ્ધ થયું હતું એમ જણાવી, તે પછી બીજા બાવીસ રાજા થયાનું કહ્યું છે; આ પ્રમાણે ૩૨ નો મેળ

---

( ૫૫ ) આ પ્રમાણે યુગ્મ હતું કે નહીં તે માટે જુઓ " પુરા. પુ. ૨. પૃ. ૩.

(૫૬) કહે છે કે અગીયાર બાર વખત લડાઇઓ થઈ હતી.

( ૫૭ ) vide that book P. 68:— these 32 kings are future Brihadrathas, their kingdom will last for 1000 years indeed.

કરી બતાવીને, પછી એમ પણ જણાવ્યું છે કે તેમની ગાદીએ **શિશુનાગ** નામના રાજાએ[૫૮] પોતાના નામનો વંશ સ્થાપીને પોતે કાશીપતિ બની બેઠો. અને **મહાભારતના** યુદ્ધને તે સમયે એક હજાર વર્ષ થયાં હતાં. આ પ્રમાણે સર્વ સાર રૂપે હકીકત પોતે લખી જણાવી છે.

**આ પ્રમાણે ગણત્રી કરવામાં મોટામાં મોટી ભૂલ થવાનાં કારણ**

ઉપરના પૌરાણિક ગ્રંથોના આધારે, મજકુર ન્યાયાધીશ–લેખકે આ બત્રીસ બૃહદ્રથોનો[૫૯] રાજ્યકાળ એક હજાર વર્ષનો જણાવ્યો છે. પણ તેની સાથે, જે જુદા જુદા બનાવો બન્યાનું અને તે પ્રત્યેકની વચ્ચેના આંતરાનું, તેમણે જે છાયાચિત્ર દોરી બતાવ્યું છે, તેટલા સમયનો પણ જો સરવાળો કરીશું, તો ઉપરના એક હજારના વર્ષ કરતાં તો તે ક્યાંય ટપી જાય છે. એટલે મજકુર લેખકની ગણત્રી, એમ ઉપર ટપકેથી જોતાં પણ ભૂલ ભરેલી દેખાઈ આવે છે. વળી, આ ગણત્રીમાં, તેમણે પ્રાચીન સમયના ખગોળ–શાસ્ત્રીઓ અને જ્યોતિર્ધરોની પેઠે ખ્યાલ રાખી કામ લીધું છે; આ પ્રાચીન કાર્યકરો, કોઈ બે મુખ્ય બનાવોનો નોંધ કરતી વખતે, તેની કાળ ગણત્રી માટે, પ્રથમમાં તો તે સમયે ક્યા ક્યા નક્ષત્રોમાં સૂર્ય સંક્રાત થયો હતો તેની, ગણના કરતા હતા અને પછી તે બે નક્ષત્રો વચ્ચે કેટલા વર્ષનો અંતર હોઈ શકે તે ગણી કાઢતા; આમ કરી, જે આંક આવતો, તેજ ઉપરના બે બનાવ વચ્ચેનો સમય વ્યતીત થયા તરીકે, ઠરાવી દેતા. દેખીતી રીતે તો આ પ્રથામાં બહુ વાંધા ભર્યું નથી લાગતું. પણ તેમાં જે એક મુખ્ય ખામી રહેતી આવી છે, અને તેને લીધે જ અત્યાર સુધીના સર્વે ઇતિહાસ લેખકો ( જેમાં મી. પાર્જીટરનો પણ સમાવેશ થઈ જાય છે ) ભૂલ કર્યે ગયા છે, તે અત્રે જણાવવી અતિ જરૂરી ધારૂં છું.

ખગોળવેત્તાઓ, સર્વે નક્ષત્રની સંખ્યા સત્તાવીસ ગણે છે. અને તે દરેક નક્ષત્રમાં થઇને, સૂર્ય સંક્રાત થતો થતો[૬૦] આખું ચક્ર ફરીવળે છે. આમાંના એકેક નક્ષત્રમાંથી પસાર થતાં સૂર્યને લગભગ એકસો વર્ષ જેટલો સમય લાગે છે, તે હિસાબે, સર્વે સત્તાવીસ નક્ષત્રોમાંથી ફરીવળીને શરૂઆતના નક્ષત્રે પાછા આવતાં, સત્તાવીસસો વર્ષ લાગવાં જોઇએ. પછી બીજું ચક્ર શરૂ થાય. અને તે પ્રમાણે ઘટમાળ અનંતપણે ચાલ્યાં જ કરે છે; આ પ્રમાણે તેની ગણત્રી કરવામાં, જ્યારે પણ, અમુક બે નક્ષત્ર ( એક પણ ચક્ર આખું પુરૂં ન થયું હોય ત્યાં સુધીના ) વચ્ચેનો સમય ગણવામાં આવે, ત્યારે તો ભૂલ થવાનો પ્રસંગ આવતો જ નહીં, તેમ

---

( ૫૮ ) એટલે કે, **શિશુનાગ** ગાદિપતિ થયો ત્યાં સુધીના સર્વે રાજાઓ બૃહદ્રથના વંશજો હતા. બૃહદ્રથ પોતે ઈક્ષ્વાકુ વંશી હતો એમ **મહાભારતમાં** જણાવાયું છે એટલે, બધા કાશીપતિઓ **શિશુનાગના** સમય સુધી ઈક્ષ્વાકુ કુળનાજ હતા એમ સિદ્ધ થાય છે (સરખાવો આગળ ઉપર, **શિશુનાગનું મૂળ ક્યાં?** તે નામવાળા પારિગ્રાફમાં, પાર્શ્વનાથના પિતા અશ્વસેનના કૂળને લગતી હકીકત )

( ૫૯ ) બત્રીસ બૃહદ્રથને બદલે, જેના રાજ્યમાં **મહાભારતનુ** યુદ્ધ બન્યું હતું ત્યારથી માંડીને, બાકીના વીસ બૃહદ્રથોના રાજ્યકાળનો સમયજ એક હજાર વર્ષનો કહી શકાશે.

( ૬૦ ) તે સમયે, પૃથ્વીની આસપાસ સૂર્ય ફરે છે તેવી માન્યતા હતી. માટે આ પ્રમાણેના શબ્દોમાં લખ્યાછે.

આવવા સંભવ પણ નથી, કારણકે સર્વે નક્ષત્રોનો અનુક્રમ ચોક્કસ રીતે ગોઠવી દીધો છે એટલે બે નક્ષત્રોની આંક સંખ્યા વચ્ચે, જેટલા નક્ષત્રોનો ગાળો પડે, તેટલા સો વર્ષનું અંતર રહી ગયું છે એમ કહી શકાય. પણ જો બે બનાવની વચ્ચે આખું ચક્ર પસાર થઇ ગયું હોય તો, તેની આંક સંખ્યા કેટલી હતી તે જણાવવાનું પ્રાચીન ખગોળવેત્તાઓ પડતું મૂકી દેતા; અને કેવળ નક્ષત્રોનાં નામ જ જણાવ્યે જતા. એટલે બનતું એમકે, એક આખા ચક્રનો કાળ જે સત્તાવીસસો વર્ષનો છે, તેટલા સમયનો કાળ નિર્દેશ કરવામાં ભૂલ રહી જતી. પછી આવા ચક્રની એક સંખ્યાનું ગાબડું પડી જાય તો સત્તાવીસસો વર્ષની ભૂલ રહી જાય, અને બે ત્રણ કે વિશેષ સંખ્યામાં તે ચક્રની સંખ્યા પડતર રહી જાય તો, તે પ્રમાણમાં, સત્તાવીસસોના ગુણક જેટલાં વર્ષની સંખ્યાનું ગાબડું પડી જાય. હવે ઉપરમાં, બૃહદ્રથોની ગણત્રી કરવામાં પુરાણકારોએ તો મહાભારતના યુદ્ધના સમયથી[૬૧] માંડીને, રાજા મહાપદ્મ ( નંદવંશના નવ રાજામાંનો એક ) સુધીની કાળ ગણત્રી કરી બતાવવામાં, કેવળ નક્ષત્રોની આંક સંખ્યાનો જ, પ્રકાશ પાડી બતાવ્યો છે. અને તે હિસાબે એક હજાર વર્ષ બરાબર થઈ રહે, પણ વચ્ચે આખાં ચક્ર કેટલાં વ્યતીત થઈ ગયાં છે તે નથી જણાવેલ. જો તે આંક સંખ્યા જણાવી હોત તો, ઉપરના એક હજારમાં, તેવાં આખાં ચક્ર જેટલાં પસાર થઈ ગયાં હતાં તેને પણ સત્તાવીસસોના આંકે ગુણીને, ખરી સંખ્યા ઉપજાવી કાઢત; અને પછી તેને ઉપરના એક હજાર વર્ષ ઉમેરીને પરીણામે જે આંક આવત તે, બન્ને બનાવ વચ્ચેના સમયનું અંતર, યથાર્થ રીતે દર્શાવવાને પ્રમાણભૂત માની શકાત. પણ તેમ નથી થયુ એટલે જ, માત્ર એક હજારની સંખ્યાને સર્વ ગણિતશાસ્ત્રીઓ વળગી રહ્યા છે. અને એકે કહ્યું, તે બીજાએ ગ્રહણ કરી લીધું, તે પ્રમાણે ગતાનુગતિક પ્રથાથી ઉત્તરોત્તર ચાલ્યું જ આવતું રહ્યું છે. એમ મારૂં માનવું થાય છે.

આ પ્રમાણેનું મારૂં મંતવ્ય તદ્દન વ્યાજબીજ છે એમ, વાચકને ખાત્રી કરી બતાવવાની તક પણ મારે હાથ ધરવાની જરૂર છે; એ તો એક સ્થાપિત સિદ્ધાંત છે કે, ગણિતશાસ્ત્રની ગણત્રીએ જો કોઇ વસ્તુનું સ્થાપન સિદ્ધ કરી બતાવાયું, તો તે સ્થાપના, અટળ, અચળ, અને અસ્ખલિત પણે યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રમાણે સ્થિત જ થયેલી સમજી લેવી. તેમાં મીન કે મેષ કોઈનાથી કરી શકાય જ નહીં. અને તેથી જ ગણિતશાસ્ત્રમાં, જેમ દાખલાઓ ગણ્યા બાદ, તેનો તાળો મેળવવામાં આવે છે, અને જો તાળો પણ મળી રહે છે તો, મૂળ દાખલો સાચો જ છે એમ છાતી ઠોકીને દૃઢતાપૂર્વક કહી શકાય છે, તેમ આપણે પણ આ બાબતમાં તાળો મેળવી બતાવીએ, તો બહુ જ સાદાઈથી અને સરળતાથી સર્વ વાતનો મેળ સાંધી શકાશે.

રાજા મહાપદ્મ ( કહો કે બીજી ગણત્રીએ

---

( ૬૧ ) આ પ્રમાણેની ગણત્રીથી પુરાણકારોએ કામ લીધેલ હોવાથી હાલના વિદ્વાનોએ મહાભારતના સમયનો નિર્ણય કરવામાં જેમ ભૂલ કરી છે તેમ શ્રી કૃષ્ણના સમય બાબતમાં પણ ભૂલ થાય, તે દેખીતું જ છે. અને તેથીજ શ્રી કૃષ્ણના કાકાના દીકરા શ્રીનેમિનાથ કે જેને જૈન મત પ્રમાણે ૨૨ માં તીર્થંકર માન્યા છે અને અત્યાર પહેલાં ચોર્યાશી હજાર વર્ષ પૂર્વે થઇ ગયાનું માન્યું છે. તેમના સમય વિશે મત ભેદ રહેતો જણાયો છે. ( આ વિષય મેં અન્ય પુસ્તકમાં ચર્ચ્યો છે ) જુઓ નીચેની ટીકા નં. ૬૩

મહાનંદ પણ કહી શકાય તેમ છે ) નો રાજ્ય કાળ ઇ. સ. પૂ. પાંચમી શતાબ્દિનો છે.[૬૨] એટલે મહાભારતના યુદ્ધના સમયે જે નક્ષત્રમાં સૂર્ય સંક્રાત થયો હતો, તેજ નક્ષત્રમાં રાજા મહાપદ્મના સમયે પણ સૂર્ય આવી રહેલ હોય તો, ૨૭૦૦ વર્ષનું જ અંતર હોઇ શકે; પછી તેવાં કેટલાં ચક્ર સૂર્ય ફરીવળ્યો હતો, તેટલું જ નક્કી કરવાનું રહે. હવે જો વચ્ચેના ગાળામાં સૂર્ય એકે ચક્ર પૂર્ણ રીતે ફરીવળ્યો ન જ હોય તો તો, મહાભારતનું યુદ્ધ ઈ. સ. પૂ. પાંચમી શતાબ્દિમાં જ થયું કહી શકાય. પણ જો નક્ષત્રોને ફરી વળવાનું એક ચક્ર આખું વ્યતીત થઈ ગયું હોય તો, ૨૭૦૦+ (પાંચ શતાબ્દિના) ૫૦૦=૩૨૦૦ વર્ષ થઇ ગયાં કહેવાય; અને બે ચક્ર વ્યતીત થઈ ગયાં હોય તો, ૨×૨૭૦૦+૫૦૦=૫૯૦૦ વર્ષો, ને જો ત્રણ ચક્ર વ્યતીત થઇ ગયાં હોય તો, ૩×૨૭૦૦+૫૦૦=૮૬૦૦ વર્ષો થઇ ગયાં કહેવાય. આ પ્રમાણે વિશેષને વિશેષપણે સમજી લેવું. હું જાણું છું ત્યાં સુધી, સદ્‌ગત લોકમાન્ય તિલક મહારાજે પણ, મહાભારતનો યુદ્ધકાળ ઈ. સ. પૂ. ૩૨૦૧ નો જ નિર્ણિત કરી બતાવ્યો છે. હવે શું ( ઉપરની સંખ્યાના ૩૨૦૦ સાથે સરખાવતાં ) આપને નથી ભાસતું કે, તિલક મહારાજની ગણત્રિથી આવેલો જવાબ અને મારા મંતવ્યનું સ્થાપન કરવાનું સૂત્ર, તે બન્ને ગણિતશાસ્ત્રની[૬૩] એકજ ગણત્રિ ઉપર રચાયલાં નથી ? ( પણ સ્વર્ગસ્થ લોકમાન્યની માન્યતા જે ૩૨૦૧ વર્ષની છે તે સત્ય જ છે, કે પછી ગણિતશાસ્ત્રીઓ ક્યાં ભૂલ કરતા આવ્યા છે, તે જેમ ઉપર સમજાવ્યું છે તે પ્રમાણે, નક્ષત્રના ચક્રના ફેરાની આંક સંખ્યાના પ્રમાણમાં, તે અંતર વધતાં વધતાં, ૫૯૦૦, ૮૬૦૦ કે ૧૧૩૦૦ વર્ષો થઇ શકે છે, કે તેથી પણ આગળ વધી શકે છે તે એક પ્રશ્ન છે, પણ તે વિષય અત્યારની હકીકતને લગતો નથી એટલે તેની ચર્ચા છોડી[૬૪] દઉં છું ).

આટલી ચર્ચા ઉપરથી વાચક વર્ગને સમજાયું હશે કે, મહાભારતના યુદ્ધના સમયનો નિર્ણય, અને તે ઉપરથી ગોઠવાયલ કલિયુગ-સંવત્સરની સાલ દર્શાવતી આંક સંખ્યા, તે બહુ ભૂલ ભરેલ જ છે, તેમ મી. પાર્જીટર સાહેબનું કથન, જે મહાભારતનું યુદ્ધ અને મહાપદ્મ રાજાના સમય વચ્ચેનું અંતર, એક હજાર વર્ષનું છે, તે પણ અસત્યજ છે; આ પ્રમાણે જ્યાં તે અંતરજ હજારો વર્ષ ઉપરાંતનું છે ત્યાં પછી તેનો મૂળ પુરૂષ, જેને બૃહદ્રથ ગણ્યો છે તેની અને મહાપદ્મ વચ્ચેનું અંતર તો ઓર વિશેષપણે દૂર લંબાતુંજ ગણવું રહે છે, એટલે તે પણ ભૂલ ભરેલુંજ કહી શકાય. તે સાથે એ પણ નક્કી થઇ ગયું સમજવું કે, ભલે બૃહદ્રથ અને શિશુનાગ બન્ને કાશીપતિ થયા છે ખરા, છતાં એની વચ્ચે કોઈ જાતનો લોહીનો સંબંધ તો હતોજ નહીં.[૬૫]

જૈન ધર્મનાં, સર્વે ગ્રંથો; ( એક પણ

( ૬૨ ) આ નંદવંશના નવે રાજાઓના નિશ્ચિત સમય માટે તે વંશની હકીકત જુઓ.

( ૬૩ ) આ ગણત્રીથી, મહાભારતનો સમય, શ્રી કૃષ્ણનું આયુષ્ય, વિગેરે કેટલીએ બાબતનો નિર્ણય કરી શકાય તેમ છે ને મેં લગભગ કરી નાંખ્યો પણ છે. પણ તે વિષય અત્ર અપ્રાસંગિક હોઇને, ચર્ચવા માંગતો નથી.

( ૬૪ ) જુઓ આગળના પાને તાત્પર્ય અનુમાન નં. ૪ તથા તેજ પૃષ્ઠે નીચે ટીપણ ( ૭૦ )

( ૬૫ ) પુત્ર કે યુવરાજ તે સંદિગ્ધ છે પણ યુવરાજજ હોવા સંભવ છે.

અપવાદ સીવાય,) આટલું તો જાહેર કરે છેજ કે તેમના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ, તે કાશીપતિ રાજા અશ્વસેનના પુત્ર[૬૬] હતા, તે ઇક્ષ્વાકુ વંશના[૬૭] હતા, તેમનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું, અને તેમનું નિર્વાણ ( મોક્ષ ગમન ), ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરના નિર્વાણ પહેલાં ૨૫૦ વર્ષે થયું હતું; તેમણે ૩૦ વર્ષની ઉમરે દીક્ષા લીધી હતી અને ૭૦ વર્ષ સુધી સાધુ જીવનમાં રહ્યા હતા; આ પ્રમાણે બીના જણાવે છે; હવે તે ઉપરથી આપણે નવાં સત્યો તારવી કાઢવાં રહે છે. આપણે જાણીએ છીએ કે, શ્રી મહાવીરનું નિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૭ માં થયું છે એટલે તે ઉપરથી શ્રી પાર્શ્વને લગતી સાલો નક્કી કરી શકાશે. તે નીચે પ્રમાણે.

**ત્યારે શિશુનાગનું મૂળ કયાં, ને કેમ કાશીપતિ થયો?**

શ્રી પાર્શ્વનું નિર્વાણ=ઈ. સ. પૂ. ૫૨૭+૨૫૦ =૭૭૭ ઇ. સ. પૂ.

શ્રી પાર્શ્વનો જન્મ=ઇ. સ. પૂ. ૭૭૭+૧૦૦ વર્ષનું આયુષ્ય=૮૭૭ ઈ. સ. પૂ.

શ્રી પાર્શ્વની દીક્ષા=ઇ. સ. પૂ. ૮૭૭ જન્મ-૩૦ વર્ષ=૮૪૭ ઈ. સ. પૂ. અને જ્યારે તેમણે દીક્ષા લીધી ત્યારે તેમના પિતા અશ્વસેનનું રાજ્ય ચાલુ હતું; પણ દીક્ષા લીધા બાદ કેટલા કાળે તેમનું સ્વર્ગ ગમન થયું તે જણાયું નથી.

જ્યારે અન્ય ગ્રંથોમાં[૬૮] એક બીજી હકીકત આપણને માલૂમ પડે છે કે, શિશુનાગ વંશનો સ્થાપક, રાજા શિશુનાગ પ્રથમ કાશીપતિ હતો, તેનું રાજપાટ વાણારસી હતું ( King Sisunaga, the founder of the Sisunaga dynasty had his sway over the province of Kasi & his capital was Vanarasi. વળી તેજ પુસ્તકમાં એક જગ્યાએ કહેલ છે[૬૯] કે, When the house of Brihadratha became extinct and while the Vitihotras were ruling in Avanti ( that is before the Pradyotas, ) Sisunaga came to Girivraja placing his son on the throne of Benares, his original kingdom " એટલેકે, ( કાશીમાં ) જ્યારે બૃહદ્રથ રાજાના વંશનો વિધ્વંસ થયો, અને

---

( ૬૬ ) જુઓ ઉપરની ટીકા નં. ૬૩.

( ૬૭ ) આ હકીકત પૃ. ૯૪ ઉપરની ટીકા નં. ૫૮ સાથે સરખાવશો તો ખાત્રી થશે કે, શ્રી પાર્શ્વનાથના પિતા અશ્વસેન પોતે, મહાભારતમાંના બૃહદ્રથના વંશજ હતા. તો શું મહાભારતના સમયનો બૃહદ્રથ અને અશ્વસેન રાજા પોતે તેમજ તેનો મૂળ રાજા બૃહદ્રથ એમ સર્વે એકજ ધર્મ પાળતા હશે કે નહીં. તે પ્રશ્ન ઉદ્ભવે છે. જો એકજ ધર્મ પાળતા હોય એમ અનુમાન દોરી શકાય તો પછી મહાભારત તેતો જૈન ધર્મનો ગ્રંથ પૂરવાર થઈ શકશે ( અને હકીકત પણ તેમજ છે. અત્ર તે વિષયની વિચારણા અનુચિત છે એટલે માત્ર આટલો ઉલ્લેખજ કરી દીધો છે ) ( ઇક્ષ્વાકુ તે કુળનું નામ છે. કાંઇ તે નામનો વંશ નથી; પણ જ્યાં વાંધા જેવું નથી હોતું ત્યાં વંશ કે કુળનો ભેદ રાખ્યા વિનાજ તે શબ્દ વાપર્યો છે; બાકી જ્યાં ખાસ ધ્યાન ખેંચવા જેવું લાગ્યું છે ત્યાં, ઈક્ષ્વાકુ કુળ, એમ સ્પષ્ટ શબ્દો લખ્યાનું ધ્યાનમાં રાખ્યું છે.

( ૬૮ ) જુઓ જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૧૧૪

(૬૯) જુઓ જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૭૬

અવંતિ પ્રદેશ ઉપર વિતહોત્રીઓનું ( અવંતિ ઉપર પ્રદ્યોત વંશની સત્તા થઈ તે પહેલાં વિતિહોત્રીઓની સત્તા હતી ) રાજ્ય ચાલતું હતું ત્યારે, રાજા શિશુનાગને ગિરિવ્રજ નગરે જવું પડયું હતું, અને પોતાના મૂળ પ્રદેશ બનારસ–કાશી ઉપર પોતાના પુત્રને[૭૦] શાસન કરવા બેસાર્યો હતો–એટલે તાત્પર્ય એ થયો કે ( ૧ ) બૃહદ્રથ રાજાના વંશનો નાશ[૭૧] થયો હતો ( ૨ ) તે સમયે અવંતિ ઉપર વિતિહોત્ર વંશી રાજાઓની આણ હતી ( ૩ ) આ વિતિહોત્રીઓ પછી અવંતિની ગાદિએ પ્રદ્યોત-વંશી રાજાઓ શાસનકર્તા થયા છે ( ૪ ) તે સમયે–તુરત કે થોડા કાળ પછી, તે ચોક્કસ પણે જણાતું નથી, પણ ટુંક સમયજ હોવો જોઇએ નહીં તો તે બૃહદ્રથાઝ were succeeded by એમ લખાયલું હોત–શિશુનાગ રાજા કાશીપતિ થયો[૭૨] ( ૫ ) તેણે શિશુનાગવંશની સ્થાપના કરી ( ૬ ) અને તેનો રાજ્ય અમલ કાશી ઉપર ચાલુ હતો ત્યારે ( કેટલાંક કારણને લીધે ) તેને ગિરિવ્રજ ( મગધની રાજધાનીનું નામ છે ) જવું પડયું હતું ( ૭ ) અને પોતાની ગેરહાજરીમાં, કાશીપતિ તરીકે, પોતાના પુત્રને નીમતો ગયો હતો: આ પ્રમાણે સાર નીકળ્યો કહેવાય.

હવે આ બધા સંજોગોને, જો કાશીપતિના ઇતિહાસ પરત્વે ગોઠવીશું તો એજ અનુમાન ઉપર આવવું પડશે, કે, શ્રી પાર્શ્વના પિતા અશ્વસેન ( કે જે બૃહદ્રથના વંશના હતા[૭૩] તેમજ ઇક્ષ્વાકુ કુળના પણ હતા, તેમનું મરણ થયા બાદ) ના મરણ પામવાથી બૃહદ્રથનો વંશ સમાપ્ત થયો છે. અને તે બાદ થોડાક સમયે ( તુરતજ નહીં ) એક તદ્દન નવીન જાતિનો અને કુળનો,[૭૪] કોઈ શિશુનાગ વંશનો ક્ષત્રિય, કાશી-પતિ બની બેઠો છે. વળી તેનું રાજ્ય કાશીમાં ગતિમાન હતું દરમ્યાન, તેનો હક્ક મગધની ગાદિ ઉપર સ્વીકારાયાથી તે પોતાના પુત્રને કાશીની ગાદિએ બેસારી, ત્યાં પોતાની દેખરેખ રાખી, પોતે મગધ તરફ ઉપડી ગયો હતો.

આગળ ઉપર આપણે સાબિત કરીશું કે, આ શિશુનાગવંશી રાજાઓ મલ્લ જાતિના ક્ષત્રિયો હતા, કે જે વૈશાળીના ( ઉપરના ટીપણ નં. ૭૩ માં જણાવ્યા પ્રમાણે તુર્કસ્તાનના વ્રિજીઝ નહોતા ) સંવિજી અને લિચ્છવી ક્ષાત્રયોના ભાયાતો હતા; એટલે તેઓનું મુખ્ય સંસ્થાન તો મગધ

---

( ૭૦ ) જ. ઓ. બી. રી. સો. પૃ. ૭૭ ટી. ૧૬ This is stated on the authority of Vayu purana & Matsya purana–વાયુપુરાણ અને મત્સ્યપુરાણમાં આપેલ પુરાવાથી આ વાકય તેમણે ઉચ્ચાર્યું છે.

( ૭૧ ) રાજા બૃહદ્રથને ઇક્ષ્વાકુવંશી ગણ્યો છે; તેમ પાર્શ્વનાથના પિતા અશ્વસેન પણ ઇક્ષ્વાકુ વંશી કહેવાય છે એટલે એક બીજાને લોહીનો સંબંધ હોય પણ ખરો; અને ત્યાંથી બૃહદ્રથાઝનો અંત આવ્યો કહે છે એટલે રાજા અશ્વસેન, તે વંશનો છેલ્લો પુરૂષ થયો સમજવો (સરખાવો ઉપરની ટીકા ૬૪).

( ૭૨ ) ઉપરનું ટીપણ નં. ૬૫ સરખાવો.

( ૭૩ ) ઉપરનું ટીપણ નં. ૭૧ જુઓ.

(૭૪) હિં. હી. પૃ. ૪૯૬ Sisunaga was formerly a vassal of the Turanian Vrijjians ( એટલેકે વ્રીજીઝની જાતનો ખરો, પણ જે વ્રીજીઓ હિંદમાં નહોતા વસ્તા, પણ તુર્કસ્તાનમાં વસ્તા હતા તેમાંનો હતો ) He founded his dynasty of 10 kings and ruled for 250 years એટલેકે બૃહદ્રથાઝથી તે જુદાજ ગોત્રનો અને જાતિનો હતો.

કે વિદેહ તરફજ હશે, પણ રાજ કારણને લીધે જુદા સ્થાને વસવાટ કરવા ગયા હશે, એવા અનુમાન ઉપર જવું પડે છે[૭૫] તેમ આ અનુમાનને વળી તે વાત ઉપરથી ટેકો મળે છે, કે રાજા શિશુનાગનો મગધની ગાદિ ઉપરનો હક્ક પાછળથી સ્થાપિત થયો હતો ( નહીંતો તેવી માંગણીજ કોઈ તરફથી કરવામાં આવત નહીં ) અને તેણે તે પદ સ્વીકાર્યું પણ હતું. જેથી આપણે હવે એમ પણ વિચારવું રહે છે કે, તે મગધ તરફનો વતની હોવા છતાં, કાશી તરફ પ્રથમ શા માટે ગયો હશે ? આ વિચાર કરવાની સાથે, ઉપરની સ્થિતિ જે ઇતિહાસમાંથી મળી આવેલી બાતમી ઉપરથી તારવી કાઢી છે કે, રાજા અશ્વસેનના મરણ બાદ થોડા વખત માટે કાશીની ગાદિ ખાલી પડી હતી. તે બન્નેનું એકીકરણ કરીશું, તો સ્પષ્ટ થાય છે કે આ શિશુનાગ તે કોઇ પાસેનાજ પ્રદેશ ઉપરનો રાજકર્તા અથવા કાજકુટુંબનો, કે ખુદ રાજાનો પુત્ર હોવો જોઇએ, અને પોતે અતિ પરાક્રમી તથા બાહુબળી હોવાથી, તેનું મન કાશીની ન ધણિયાતી ગાદી હાથ કરવાને ચકડોળે ચડયું હોય, અને પછી લડાઈ કરીને કે આક્રમણ લઇ જઇને હાથ કરી લીધી હોય; અને આ તો સિદ્ધ થયેલીજ બીના છે, કે જેમ રાજા અશ્વસેન ઇક્ષ્વાકુવંશી હતો તેમ કાશીપ્રદેશની બીજી બાજુની સીમા ઉપર લગોલગ આવી રહેલ કૌશળ પ્રદેશના ભૂપતિઓ પણ, ઈક્ષ્વાકુવંશનાજ હતા.[૭૬] એટલે બન્ને ભૂપતિઓ ઈક્ષ્વાકુ વંશી હોઇને, ભલે એકદમ નજીકના ભાયાતો નહીં હોય ( અને કદાચ હોય પણ ખરા ) છતાં સગોત્રીઆ હોવાથી, શિશુનાગ જેવો કોઇ અન્ય ગોત્રીઓ કાશીની ગાદી પચાવી પાડે તેના કરતાં તો કૌશળપતિ સગોત્રીનો હક્ક વધારે ગણાય ! જ્યારે આવી સ્થિતિ હતી છતાં[૭૭] તે વખતનો કૌશળપતિ રાજા વંક (જુઓ પૃ, ૮૬, ૮૯.) જે નિરૂપાય બની રહ્યો છે, અને જે ક્ષત્રીયો એક કટકા ભૂમિને માટે જીવ સમર્પણ કરી નાંખે, તેઓ કાશીદેશના વિસ્તાર જેવડો પ્રદેશ મુંગે મોઢે જતો કરે, એતો ન ભૂતો ન ભવિષ્યતિ જેવુંજ બની જાય. એટલે પછી એમજ નિશ્ચય કરવો પડે છે કે શિશુનાગ જ્યારે કાશીપતિ બન્યો ત્યારે રાજા વંક, કાંતો નાની ઉમરનો હશે, અથવા તેના પિતાનું રાજ્ય હોય તો તે વૃદ્ધ ઉમરને લીધે લડવા નારાજ હશે. એટલે તેણે પોતે ગાદીએ બેઠા પછી કાશી ઉપર હલ્લો લઇ જવાનું યોગ્ય વિચાર્યું હશે અથવા તો શિશુનાગની સરખામણીમાં, યુદ્ધ કળામાં પોતાને ન્યૂન ગણતો હશે; આ બે કારણમાંથી કોઇ એકને લીધે, તાત્કાલિક હુમલામાં તે વિજેતા નીવડ્યો ન પણ હોય, કે પછી ચડાઇ લઈ જવાનું મુલતવી રાખ્યું પણ હોય. ગમે તે હોય, પણ એટલું તો ખરુંજ કે, તે સમયથી કૌશળપતિ અને કાશીપતિ વચ્ચે બાપે માર્યાં જેવું વેર બંધાયું. વળી આ અનુમાન સત્ય પણ છે, કેમકે

( ૭૫ ) બૌદ્ધગ્રંથો પ્રમાણે હાલના ગયા શહેરની પાસેના પ્રદેશને મલ્લ જાતિના ક્ષત્રિયનું સ્થાન મનાય છે.

( ૭૬ ) જુઓ ઉપર પૃ.. ૮૨ તથા નં. ૩૦ અને ૩૧ ની હકીકત.

(૭૭) જો કે આ સમયે ભૂમિ મેળવવાની લોલુપતા તો ગૌણપણેજ હતી. બાકી વિશેષપણે તો, હક્ક સ્થાપિત કરવનોજ મુદ્દો હતો; પછી વખત પસાર થતાં થતાં આ મુદ્દામાં અન્ય મુદ્દાનું ઉમેરણ થયું હતું. ઊચ નીચ ગોત્રનું અભિમાન અને બીજું ધર્મભેદ; ( જે બન્નેનું સમાધાન રાજા શ્રેણિકના સમયે નિર્મૂળ કરી નાખવામાં આવ્યું હતું ) સરખાવો પૃ. ૮૩ તથા ટી. ૩૩; તથા પૃ. ૯૩ ની હકીકત.

જેવો રાજા શિશુનાગ મગધ તરફ ગયો ને પીઠ ફેરવી, કે તેનો પુત્ર કાકવર્ણ ( તે નબળો પણ હતો તેમ કૌશળપતિ કરતાં ઉમરમાં પણ નાનો હતોજ ) જે હવે કાશીપતિ[૭૮] તરીકે હતો તેના ઉપર રાજા વંકે પ્રથમ વારની ચડાઇ કરી હતી ( જુઓ પૃ. ૮૭ )

**રાજા શિશુનાગ પછી શું થયું?**

આ પ્રમાણે કૌશળપતિ અને કાશીપતિ વચ્ચે હમેશનું બિયાબારૂં ચાલતુંજ રહ્યું, તેમાં જે જબરો હોય તે ફાવી જતો. આ પ્રમાણે એક બે પેઢી સુધી ચાલ્યાં જ કર્યું; અને એક વખત તો કૌશળપતિ સંજયે ( જુઓ પૃ. ૮૬, ૮૯ ) કાશીદેશ પાછો જીતી પણ લીધો હતો; પણ આ સ્થિતિ બહુ લાંબો સમય ટકી શકી નહીં, કેમકે પાછા મગધપતિ તરફથી હુમલા શરૂ થવાનું ચાલુજ રહ્યું; અને આમ વારંવાર હાથ બદલો થતાં થતાં, જ્યારે કૌશળની ગાદિએ રાજા પ્રસેનજિત આવ્યો અને મગધની ગાદિએ રાજા શ્રેણિક આવ્યો, ત્યારે આ પુરાણા ઝગડાનો અંત આવી ગયો. અને આપણે ઐતિહાસિક હકીકતથી જાણીએ છીએ[૭૯] તેમ, તે બાદ બન્ને પ્રદેશના ભૂપતિઓ સગપણની ગાંઠથી[૮૦] જોડાયા હતા, અને ગોત્ર તથા કૂળના અભિમાનને ભૂગર્ભમાં દાટી દેઇ, સુખથી સ્વદેશે રાજ્ય કરતા કરતા આનંદમાં સમય[૮૧] ગાળવા લાગ્યા હતા. જો કે પાછળથી રાજા કૂણિકના સમયે વળી ચિણગારી ઉડવા પામી હતી અને બન્ને રાજકુટુંબ વચ્ચે પાછી ચકમક ઝરી હતી[૮૨] પણ તે નજીવીજ હતી.

કહેવાનો તાત્પર્ય એ છે કે, કાશી દેશના ભૂપતિ જે પ્રથમ શિશુનાગવંશી રાજાઓ હતા તે પાછળથી મગધ દેશના રાજાઓ થઇ પડ્યા હતા અને સમય જતાં, કાશીની ગાદી જે કેટલીક બાબતોમાં તકરારનું કારણ થઈ પડી હતી, તે પાછળથી નિર્મૂળ થવા પામ્યું હતું અને મગધપતિઓ સુખેથી કાશીપતિ તરીકે પણ પંકાતા થયા હતા.

**શિશુનાગ અને બૃહદ્રથનો સંબંધ**

હવે આપણે જે જોવાનું રહે છે તે એટલુંજ કે ( ૧ ) કાશીપતિ અશ્વસેન રાજા જે ( પાર્શ્વનાથ-જૈનના ૨૩ મા તીર્થંકર ) ઇ. સ. પૂ. ૮૪૭ માં રાજ્ય કરતા હતા, તેમના સ્વર્ગ ગમન પછી આ રાજા શિશુનાગે તુરતજ કાશીની ગાદી હાથ કરી હતી કે કેમ ? (૨) અને તુરતજ

( ૭૮ ) જુઓ પૃ. ૮૨ તથા ૯૭ નું વર્ણન તથા ઉપરની ટીકા નં. ૭૦ જુઓ. left his son on the throne of Kashi and went to Girivraja ( વાયુ અને મત્સ્ય પુરાણ )

( ૭૯ ) જુઓ કોશળપતિઓના વૃત્તાંતે પૃ. ૮૦, ૮૨, ૯૩ ની હકીકત તથા તેને લગતી ટીકાઓ.

(૮૦) આ સ્થિતિ ઉભી કરવામાં રાજા શ્રેણિકનું રાજકીય કૌશલ્ય તથા વ્યવહાર બુદ્ધિ જેમ તરવરી ઉઠે છે, તેમ મક્કમ હાથે કામ લેવાની શક્તિનો પ્રભાવ પણ ઝળહળી ઉઠે છે. જુઓ ઉપરમાં ટીકા નં. ૭૬, ૭૭ અને ૭૯.

( ૮૧ ) આમાં ધર્મદ્વેષ કરતાં, ગોત્ર અભિમાન વિશેષ કારણભૂત હોવા સંભવ છે, કેમકે જૈન ધર્મ તો સર્વ ધર્મ પ્રત્યે સહિષ્ણુતાજ બતાવનારો ધર્મ છે એટલે ધર્મદ્વેષ સંભવી શકે નહીં. પણ ગોત્ર અને કુળનાં અભિમાન, કારણરૂપ હોવાનું જે માનવું પડે છે તેની બીજી સાબિતી એકે, અત્યારે પણ ક્ષત્રિય રાજપુતોમાં, સિસોદીયા વિગેરે કેટલાક પોતાના કુળાભિમાન માટે સગર્વ રહે છેજ.

(૮૨) બુ. ઇ. પૃ. ૨૫, અને ૩૦ જુઓ,

હાથ કરી હતી તો તેને અને અશ્વસેન રાજાને કાંઇ સગપણ સંબંધ હતો કે કેમ? આ બન્ને મુદ્દા વિશે થોડીક વિચારણા કરવી આવશ્યક છે ખરી, પણ રાજા શિશુનાગના આખા વંશને મગધ દેશના અધિકારી તરીકે, શ્રૃંખલાબદ્ધ પરિવારમાં વર્ણવવો વિશેષ સુલભ થાય તેમ છે તેથી આ ચર્ચા મગધના વર્ણને કરવી ઠીક પડશે એમ ધારી અત્રે તે પડતી મૂકું છું.

## વધુ–પ્રકાશ.

"કંબોજ–ગાંધાર" ને અંગે જે હકીકત પૃષ્ઠ ૭૧ થી પૃષ્ઠ ૭૪ સુધી આપવામાં આવી છે, તેને અંગે વધુ પ્રકાશ પાડતી હકીકત નીચે રજુ કરવામાં આવી છે, જેનું અનુસંધાન પૃષ્ઠ ૭૪ ઉપર પાંચાળ દેશનું વર્ણન શરૂ થાય છે તે પહેલાં સમજી લેવું.

**તે પછી પંજાબનું શું થયું ?**

ઇરાની શહેનશાહ ગ્ઝેરસીઝનું મરણ ઈ. સ. પૂ. ૪૬૫ માં નીપજતાં, પંજાબ ઉપરનો તેમનો કાબુ કાંઇક નબળો પડ્યો લાગે છે. એટલે તે વખતના મગધપતિ નંદવંશી ભૂપતિઓએ તે બાજુ નજર દોડાવી, તે દેશ જીતી, પોતાની સત્તા ત્યાં જમાવી દીધી. આમાં કેટલોક ભાગ નંદિવર્ધને તથા કેટલોક ભાગ મહાનંદ ઉર્ફે નવમા નંદે ભજવેલ દેખાય છે.[૧] અને જીતી લીધા બાદ, ગણતંત્ર રાજ્યની પદ્ધતિએ ત્યાં પોતાની સંવ્રિજિ જાતના રાજપુત પુત્રોને નીમી દીધા હતા. આ સરદારો અર્ધ સ્વતંત્ર જેવા હતા. આ પ્રથા ચંદ્રગુપ્ત મૌર્ય તથા બિંદુસારના રાજ્યની પૂર્ણાહુતિ થઇ ત્યાંસુધી ચાલુ હતી. તેટલામાં જ્યારે ઇ. સ, પૂ. ૩૨૮ ની સાલમાં અલેકઝાંડર ધી ગ્રેઇટ હિંદ ઉપર ચડી આવ્યો ત્યારે પંજાબનો પશ્ચિમ ભાગ જેને ગાંધાર કહેવાતો તે ઉપર, મૌર્ય–મોખરી[૨] પ્રજાનો કુળદીપક (?) સૌભૂતિ (જેને ઇતિહાસમાં આંભિ તરીકે ઓળખાવ્યો છે તે)[૩] નો રાજ્યઅમલ હતો અને પૂર્વ તરફના ભાગ ઉપર વત્સપતિના કુટુંબી[૪] પોરસનો રાજ્ય અમલ હતો.

અલેકઝાંડર ધી ગ્રેઇટ પશ્ચિમમાંથી કુચ કરતો કરતો ઈ. સ. પૂ. ૩૩૧ માં ઇરાન દેશ જીતીને તેના આચઇમેનીડાઈ વંશની સમાપ્તિ કરી હિંદની સરહદ સુધિ આવી પહોંચ્યો. આ સમયે પંજાબના સાર્વભૌમ રાજા અને મૌર્યવંશી સમ્રાટ બિંદુસારનું[૫] મરણ ઈ. સ. પૂ. ૩૩૦ માં નીપજતાં પંજાબના ભાયાતો પોતપોતાની સ્વતંત્રતા સ્થાપવા મથી પડ્યા હતા. આ સ્થિતિનો લાભ અલેકઝાંડરને મળી ગયો. પ્રથમ ભેટો ઉપર જણાવેલ રાજા આંભિનો થયો. તે રાજપૂતકુળને લાંછનરૂપ લાગે તેમ યવનપતિને શરણે થઈ ગયો; જેથી અલેકઝાંડરને હિંદની ભીતરમાં પ્રવેશ કરવાનો માર્ગ મોકળો થઈ ગયો. પછી તેને પોરસનો સામનો કરવો પડ્યો હતો. તેણે રાજા આંભિ કરતાં ઉલટુંજ વર્તન ચલાવ્યું હતું.

(૧) જુઓ નંદ વંશના વૃત્તાંતે. દ્વિતીય ખંડ ષષ્ઠમ પરિચ્છેદમાં.

(૨) જુઓ તેનો શિક્કો ( શિક્કા પરિચ્છેદે આકૃત્તિ નં. ૪૩ તથા તેનું લખાણ).

(૩) રાજ્યપદનું નામ સૌભૂતિ હતું. ટુંકા નામે "આંભિ" કહેતા. જ્યારે ગ્રીકમાં તેને Sophytes–Sopheton કહેતા ( જુઓ તેનો શિક્કો ) તથા વિવેચન તથા કો. ઈ. પ્રા. પ્લેઈટ નં. ૧ જુઓ.

(૪) જુઓ પંચમ પરિચ્છેદ; વત્સદેશના વર્ણને.

(૫) જુઓ નીચેની ટીકા નં. ૮.

એટલે **અલેકઝાંડરના** મન ઉપર તેના વિષે ઉંચી છાપ પડવાથી, તેણે તેને તેના અસલ દેશ ઉપર, બલ્કે તેમાં પણ વિશેષ વધારો કરીને બહોળી રાજ્યસત્તા સાથે પુનર્સ્થાપિત કર્યો હતો.[૬] જો કે **અલેકઝાંડર** સ્વદેશ સિધાવ્યો ત્યારે, તેણે મુખ્ય લગામ તો **પોરસના**[૭] હાથમાંજ સોંપી હતી છતાં, કોઈ દિવસ તે પણ, રાજા **આંભિની** પેઠે (પાછળથી તેનું મરણ અપમાનિત દશામાં થવા પામ્યું હતું) એવફા થઇ દગો ન દે, તે માટે તેની અગમચેતિના પગલાં તરીકે, પોતાના જે સરદારો તેણે હિંદમાં મૂકયા હતા, તેમને આ હિંદી રાજા ઉપર દેખરેખ રાખવાનું કામ સોંપ્યું હતું. આથી કરીને બેઉ હિંદી અને યવન પ્રજા, તથા તે બન્ને પ્રજાના સરદારો વચ્ચે પરસ્પરમાં નિખાલસતા જામવાને બદલે અવિશ્વાસ વધવા માંડયો અને પરિણામે પંજાબની ભૂમિ એકવાર ફરીને બળવાના સ્વરૂપમાં ફેરવાઇ ગઈ. આ વખતે **મૌર્યસમ્રાટ અશોકવર્ધન** મગધપતિ[૮] તરીકે જાહેર થઇ ગયો હતો. પણ હજુ તેનો રાજ્યાભિષેક થયો નહોતો, એટલે તે તો, માત્ર પોતાના રાજ્યની હદ સુધી આવી, બધી ત્યાંની પરિસ્થિતિ નિહાળી, તે તે મૂલકમાં શાંતિ સ્થાપિ, મગધ તરફ પાછો વળી ગયો. આ બાજુ **અલેકઝાંડરના** સરદારો અને **પોરસ** વચ્ચે દિનપ્રતિદિન અવિશ્વાસ વધતોજ ચાલ્યો અને અંતે ઇ. સ. પૂ. ૩૧૭ માં **પોરસનું** ખુન થયું. એટલે હવે તો પંજાબ દેશ ઉપર એકલા યવન સરદારોની એકહથ્થુ સત્તા થવા પામી.[૯] જેથી **અશોકવર્ધને** તે સંયોગોનો તુરતજ લાભ લઇ, બે ત્રણ વરસમાંજ આખા પંજાબમાંથી યવનનું નામનિશાન કાઢી નાંખી, મગધ સામ્રાજ્યના એક અંગ તરીકે તેને જાહેર કરી દીધો. ઇ. સ. પૂ. ૩૧૨ માં આ સમયે[૧૦] **અલેકઝાંડરનાજ** સરદાર **સેલ્યુકસનીકેટોરે** દૂર પશ્ચિમે **સિરિયામાં** ગાદી સ્થાપી, અને પોતાના વારસાજે હિંદનો જે મૂલક કબજે લીધો હતો, પણ પોતાના જાત ભાઇઓએ ગુમાવી દીધો હતો તે, પાછો હાથ કરવા પ્રયત્ન આદર્યો. પણ સમ્રાટ **બિંદુસારના** મરણ સમયે જે પરિસ્થિતિ હિંદમાં હતી, તેવું આ સમયે કાંઈ નહોતું; અત્યારે તો **અશોકવર્ધન** જેવા મજબુત હાથે કામ લેનાર સમ્રાટની સાથે કુસ્તિ ખેલવા જેવું હતું. જેથી, કહેવાય છે તે પ્રમાણે આઠ વર્ષમાં ( ઇ. સ. ૩૧૨ થી ૩૦૪ સુધી ) બારથી સત્તર વખત હૂમલા તેને

(૬) પંજાબ પ્રાંત ઉપર આ વખતે **પોરસની** સત્તા હતી. ઈ. સ. પૂ. ૩૨૬ થી ૩૧૭.

(૭) જુઓ **અશોકવર્ધનના** ચરિત્રે. "પરદેશીઓની નજરે હિંદવાળી હકીકત."

(૮) વર્તમાનકાળના ઇતિહાસકારોએ **અલેકઝાંડરને ચંદ્રગુપ્તનો** સમકાલીન ગણ્યો છે અને તેથી **ચંદ્રગુપ્તનો** સમય ઈ. સ. પૂ. ૩૨૭ લીધો છે. પણ ખરી રીતે **ચંદ્રગુપ્ત** તો ઈ. સ. પૂ. ૩૫૮ માં મરણ પામી ગયો છે. પછી **બિંદુસાર** ૩૫૮ થી ૩૩૦ સુધી; અને પછી **અશોકનું** રાજ્ય ઈ. સ. પૂ. ૩૩૦ થી શરૂ થયું છે. જેથી અત્રે તે પ્રમાણે લખ્યું છે. આ સાલની ખાત્રી માટે **મૌર્ય** વંશનું વૃત્તાંત જુઓ.

(૯) ૩૧૭ માં પોરસનું ખુન થયા પછી પંજાબની સ્થિતિ કેવી હતી તે માટે જુઓ અશોકવર્ધન રાજ્યે. "પરદેશીઓની નજરે હિંદવાળી હકીકત."

(૧૦) કો. ઈ. બા. પૃ. ૨૩. **અલેકઝાંડરના** મરણ પછી અગીઆર વર્ષે, તેના સરદાર **સેલ્યુકસે, સિરિયા** પ્રાંત ઉપર, પોતાના સેલ્યુસીડ વંશની સ્થાપના કરી. ( ઇ. સ. પૂ. ૩૨૩-૧૧=ઇ. સ. પૂ. ૩૧૨) "Eleven years after Alexander's death, his general Seleucos founded the Seleucid kingdom of Syria."

કરવા પડ્યા હતા; છતાં પરિણામે તે હાર્યો, અને નામોશીભરેલી શરતે સમ્રાટ **અશોકવર્ધન**[૧૧] સાથે સલાહ કરવી પડી, જેથી કરીને અત્યારના હિંદ બહારનો અફગાનિસ્તાન અને અન્ય પાડોશી પ્રાંતો, પ્રથમજ વખત હિંદ સમ્રાટના તાબે આવ્યા. આ સ્થિતિ લગભગ ૬૦–૬૫ વર્ષ ચાલુ રહી. અને પછી જ્યારે સમ્રાટ **પ્રિયદર્શિ**નનું મરણ ઇ. સ. પૂ. ૨૩૬ માં થયું, ત્યારબાદ તે મૂલક ઉપરનો કાબુ હિંદી ભૂપાળોના હાથથી ગયો તે ગયોજ. આ પ્રમાણે અનેકની રાજહકુમતમાંથી પસાર થઇ, **એક** વારની **સમરભૂમિ** બની રહેલ પંજાબ પ્રાંત આખરે બેક્ટ્રીઅન પ્રજા[૧૨] ( જે પણ **અ**લેકઝાંડર ધી ગ્રેઇટની ગ્રીક એટલે યવન પ્રજાના મિશ્રિત લોહીમાંથી ઉદ્ભવેલ છે અને જેમને ઇતિહાસકારોએ યોન નામથી ઓળખાવી છે ) ના સરદાર, અને હિંદના પરદેશી રાજા તરીકે પ્રથમ નામ નોંધાવનાર **ડી**મેટ્રીઅસનું રાજ્યસ્થાન થઇ પડ્યો. તે બાદ શું શું સ્થિતિ થઇ તે તે પછીના વર્ણનથી જોઇ શકાશે.

(૧૧) જુઓ સમ્રાટ્ **અશોકવર્ધન**નું વૃત્તાંત.

(૧૨) આ બધો સંબંધ જોડીને સમજવા માટે, પરદેશીઓના આક્રમણવાળો પરિચ્છેદ જુઓ.



# પંચમ પરિચ્છેદ

## સત્તાધીશ રાજ્યોનું વૃત્તાંત—ચાલુ

ટૂંકે સાર—

( ૫ ) વત્સદેશ—તેની સીમા તથા રાજધાનીનું વર્ણન તેમજ વર્તમાન સ્થાન નિર્દેશ-તેના રાજ્યકર્તાઓની મળી આવતી નામાવળી અને દલીલો સાથે કરવામાં આવેલ તેનું શુદ્ધિકરણ-પ્રત્યેક રાજ્યકર્તાના સમયની સમજુતિ અને તેમના ટૂંકાં જીવન ચરિત્રો-રાણીઓ પણ ગાદીએ બેસી રાજપાટ ચલાવી જાણતી તથા રાજકીય ખેલો ખેલી શકતી તેનું દૃષ્ટાંત-વત્સપતિ ઉદયન અને વાસવદત્તાના પ્રકરણથી, વત્સ અને અવંતિના દેશ

ઉપર પ્રકાશ પાડતો ઇતિહાસ–ઉદયન નામની ત્રણ વ્યક્તિઓ, ત્રણે મોટા સામ્રાજ્યના ધણી, તેમજ લગભગ સહસમયી હોવાથી ગ્રંથકારોએ કરેલ ગોટાળો; પણ અત્રે તેમાંના બેનાજ પ્રસંગ હોવાથી તેમના સંબંધમાં કરવું પડેલું તારણ–વત્સપતિ ઉદયનનું નિર્વંશપણે મરણ પામવું અને મગધ સાથેનો સંબંધ–તે સમયે રાજાઓ દત્તક લેતા હતા તેનો સ્ફોટ.

( ૬ ) **શ્રાવસ્તિ**—તેનો સમાવેશ કોશળદેશના વર્ણનમાં કરાયેલ છે.

( ૭ ) **વૈશાલિ**—પ્રદેશ વિસ્તાર અને વર્તમાન સ્થાન—તેનો ભૂપાળ, તે સર્વ લિચ્છવી–સંવિજી ક્ષત્રિયોનો શિરોમણિ–તેની સાતે પુત્રીઓનો મોટા મોટા સાત પ્રદેશના રાજાઓ સાથેનો વિવાહ સંબંધ, અને તે ઉપરથી અનેક ઐતિહાસિક તત્ત્વોનો અને મહત્ત્વના પ્રસંગોનો થતો ઘટસ્ફોટ–વૈશાલિપતિનો અંત અને તેમાંથી તરી આવતા ગ્રહણ કરવા યોગ્ય અનેકવિધ વ્યવહારૂ સિદ્ધાંતો.

( ૮ ) **મગધ અને અંગ**—આ બે દેશનાં નામનોજ માત્ર ઉલ્લેખ; વિશેષ અધિકાર આગળ.

( ૧૦ ) **કુશસ્થળ, મહાકોશળ અથવા અંગદેશ**—તેની સાથે જોડી દેવામાં આવતા ચેદિદેશ અને ચેદિવંશનાં નામોને લગતી સમજુતિ–અંગદેશની રાજધાનિ ચંપાપુરીના વર્તમાન સ્થાનની ભ્રાંતિનું નિવારણ–વિદર્ભ તથા કુશસ્થળ તે બન્ને પરસ્પર વિરોધિ ભૂમિઓ–ચેદિવંશની ઉત્પત્તિ, રાજા દધિવાહન તથા રાણી પદ્માવતિના જીવન પ્રસંગો–અંગદેશ ઉપર આવી પડતી આફતમાંથી સહેજમાં થયેલ બચાવ–તથા ગૌડ સારસ્વત બ્રાહ્મણની આદિ, મહારાજા કરકંડુના સમયથી થયેલ હોવાના પ્રસંગનું વર્ણન.

આ દેશ કોશલની દક્ષિણે અને કાશીની પશ્ચિમે આવેલ હતો. તેની રાજધાનીનું નામ વત્સપટ્ટણ[1] ઉર્ફે કૌશાંબિ હતું. અને રાજાનું નામ શતાનિક હતું તેમ આ દેશને વંશદેશ[2] પણ કહેવામાં આવતો હતો.

**કૌશાંબિના ખંડિયેરો**

જે સ્થાન ઉપર પ્રાચીન કાળમાં આ કૌશાંબિ નગર વસી રહ્યું હતું ત્યાં અત્યારેતો કેવળ તેના ભગ્નાવશેષ તરીકે બે નાનાં ગામડાંઓજ ઉભાં રહેલ નજરે પડે છે. એકનું નામ કોશમ-ઈનામ ( Rent-free કોશમ ) અને બીજાનું નામ કોશમ-ખિરાજ ( Rent-paying કોશમ ) છે, તે બન્ને યમુના નદીના તીરપ્રાંતમાં પુરાણા અને ખંડિત અવસ્થામાં મજબુત કિલ્લાના[3] દેખાવ રૂપે ઉભેલાં છે, અને નદીના પ્રવાહ માર્ગે અલ્હાબાદથી ઉપરવટે,[4] અઠ્ઠાવીસ માઇલે આવેલાં છે. આ ગામડાંઓની વાયવ્ય ખૂણે તદ્દન નજીકમાં પ્રભાસ[5] નામે એક પવિત્ર તીર્થની ટેકરી આવેલી છે. તે ટેકરીમાં એક મોટી ગુફા છે, ને તેમાં જે લેખ કોતરાયલ છે તેમાં રાજા બૃહસ્પતિમિત્રના નામનો નિર્દેશ કરવામાં આવ્યો છે. કદાચ આ રાજા તે કલિંગ દેશમાં આવેલ પેલી અતિ પ્રખ્યાત હાથીગુંફાના શિલાલેખમાં આલેખાયલ રાજા બૃહસ્પતિ મિત્ર પણ હોય. જેને કલિંગપતિ સમ્રાટ્ ખારવેલે નમાવ્યાનું

---

( ૧ ) પટ્ટણ=પુર, નગર; વત્સદેશનું નગર તે વત્સપટ્ટણ ( હેમચંદ્ર સર્ગ ચોથો, શ્લોક ૪૧. એફ. હૉલનું વાસવદત્તા નામક પુસ્તક પૃ. ૪ નું ટીપણ ) વિશેષ દૃષ્ટાંતો નીચે રજુ કરૂં છું.

નેપાળનું લલિતપટ્ટણ, ગુજરાતનું અણહિલપટ્ટણ, સિંધનું વિતભયપટ્ટણ, સૌરાષ્ટ્રનું દેવપટ્ટણ, કેરલનું કાલંબપટ્ટણ, ( જેને હાલમાં કિવલોન કહે છે તે ). ક. સુ. સુ. ટીકા પૃ. ૫૯ લખેલ છે કે, જળ અને સ્થળ બન્ને માર્ગમાંથી એક માર્ગે જ્યાં જવાતું હોય તેને પત્તન કહેવાય, અને બન્ને માર્ગેથી જ્યાં જવાતું હોય તેને દ્રોણ કહેવાય.

(૨) બુ. ઇ. જુઓ પૃ. ૭ (પણ ખરી રીતે વંશ દેશ કયો કહેવાય તે માટે જુઓ આગળ ઉપર, કલિંગ દેશનું વર્ણન )

( ૩ ) જુઓ આગળ ઉપર, રાણી મૃગાવતિના અધિકારનું વર્ણન.

( ૪ ) ( ઈ. કો. ઇ. પુ; ૧ લું પ્રસ્તાવના પૃ. ૨૦ ) Modern Kosam is on the left bank of the Jamna, 28 miles west by south from Allahabad યમુના નદીના વામતીરે, વર્તમાન કોસમ આવેલું છે. અને તે અલ્હાબાદથી નૈરૃત્ય ખૂણે ૨૮ માઇલના અંતરે છે.

( બુ. ઈ. પૃ. ૩૬ ) 30 leagues=230 miles by river from Benares બનારસથી નદી માર્ગે ત્રીસ લીગ અથવા ૨૩૦ માઇલ છેટે આવેલું છે.

( કે. હી. ઇ. પૃ. ૫૨૫ ) It seems to have been on the south bank of the Jumna at a point about 400 miles by road from Ujjain and about 230 miles upstream from Benares. ઉજૈનથી પગરસ્તે આશરે ૪૦૦ માઇલના અંતરે યમુના નદીના દક્ષિણ તરફના કાંઠા ઉપર, અને બનારસથી, નદીના પ્રવાહના ઉપરવાટે, ૨૩૦ માઇલ છેટે આવેલું છે.

મી. કે. ( જુઓ તેમની રૂ. એ. ઇ. પૃ. ૧૧ ) અલ્હાબાદથી નૈરૃત્ય ખૂણે આશરે ૧૧ માઇલ દૂર જે બીથા નામનું ગામડું આવેલું છે તેને આ સ્થાન તરીકે ઓળખાવે છે. પણ તેમાં તેમની ભૂલ થતી દેખાય છે, કેમકે તેનું મૂળનામ વિતભયપટ્ટણ તરીકે ગણાવે છે. જ્યારે આપણે સાબિત કરીશું કે, વિતભયપટ્ટણ તે તો સિંધ-સૌવિરપતિ ઉદયનની રાજધાનીનું નગર હતું, નહીં કે વત્સપતિ ઉદયનની રાજધાનીનું નગર હતું.

( ૫ ) બીજું નામ ' પબોસા

જણાવેલ છે. આ કિલ્લો પ્રથમમાં લશ્કરી સંગ્રામનું મહાન મથક હોવું જોઈએ. તે ભારહુત નામના સ્થળથી ( કે જે Bharhuta stupa ધરાવવાને લીધે પ્રસિદ્ધિને પામ્યું છે ) ૮૦ માઇલ ઇશાન ખૂણે આવેલ છે. કિલ્લાનો ઘેરાવો લગભગ ચાર માઈલ જેટલો છે. અને ઉંચાઈમાં સરેરાશ ૩૦–૩૫ ફુટ છે. પૂર્વની દિવાલમાં કેટલાય ગુંબજો અને મિનારાઓ આવેલ છે. વળી ત્યાંના ખંડિયેરમાંથી જે જાત જાતના શિક્કા[૬] મળી આવ્યા છે તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે, આ સ્થળ વ્યાપારનું મોટું મથક હોઇને, ત્યાં દૂર દૂર દેશથી વેપાર કરવા અર્થે મહાર્ધક વ્યાપારીઓ આવતા હોવા જોઇએ, તેમજ ઉત્તરે કોશળમાંથી અને પૂર્વે મગધમાંથી મનુષ્યોની પણ અવરજવર અતિ મોટી સંખ્યામાં થતી હોવી જોઇએ.

પ્રાચીનકાળની કૌશંબિ નગરીમાં ચાર પરાંઓ[૭] હતાં. ૧ બદરિક=Badrik ( ૨ ) કુક્કુટ Kukkuta ( ૩ ) ઘોસિલાનું ઉપવન Ghosila park અને (૪) અંબ ઉપવન=the mango grove. વેણુગ્રામ પણ કદાચ તેનું પરૂં હોયતો હોય; તેમ એક બેનપૂર્વ–Ben–purwa, ( Bamboo–town વેણુવગ્રામ ) નામનું ગામડું જે ઉપરના કોશળથી ઇશાન કોણમાં આવેલ છે, અને જ્યાં તે સ્થળના જમીનદારને ખોદકામ કરતાં જુની ઈંટોના ચણતર અને પાયા મળી આવ્યા હતા, તે પણ આ કૌશંબિનુંજ પરૂં હોય તો બનવા યોગ્ય છે.

જ. એ. બી. રી. સો. નામના માસિકમાં ( પુ. ૧ લું પૃ. ૧૧૪ ) વત્સદેશની રાજાવલિના નામો નીચે પ્રમાણે આપ્યાં છે.[૮] *

| | વત્સપતિઓ | | | મગધપતિઓ |
|---|---|---|---|---|
| (૧) | સુતીર્થ | | નો સમસમયી | શિશુનાગ |
| (૨) | રૂચ | | ,, | કાકવર્ણ |
| (૩) | ચિત્રક્ષ | | ,, | ક્ષેમવર્ધન |
| (૪) | સુખીલલ; સહસ્રનીક | | ,, | ક્ષેમજિત |
| (૫) | પરણતપ શતાનિક | જયંતિ (પુત્રી)[૯] | ,, | શ્રેણિક ( તથા કૂણિક ) |
| (૬) | ઉદયન[૧૦] | પુત્રી[૧૧] | ,, | ઉદયન ભટ્ટ |
| (૭) | મેધવિન ઉર્ફે મણિપ્રભ | | ,, | મુંદ, તથા નંદ પહેલો |
| (૮) | દંડપાણી[૧૨] | | ,, | નંદ બીજો |
| (૯) | ક્ષેમક[૧૨] | | ,, | ( મહાનંદે હરાવ્યો હતો) |

( ૬ ) આ પુસ્તકને અંતે શિક્કા પ્રકરણમાં કૌશંબિના શિક્કા જુઓ.

( ૭ ) બુ. ઈ. પૃ. ૩૬

* ટીકા નંબર ૮ થી ૧૩ સુધીની હકીકત પૃ. ૧૦૮ જુઓ.

( જો કે આમના પ્રયાસમાં સુધારાને સ્થાન તો છેજ, છતાં નવ નવની સંખ્યામાં, અને તે પણ એક પછી એક, એમ અત્રુટિત મંકોડામાં આ નિબંધના લેખકે જે નામો શોધી કાઢ્યાં છે, તે માટે ખરેખર આપણે લેખક મહાશયનો ઉપકારજ માનવો રહે છે; આ નામાવલિ હજુ સુધી કોઇ અન્ય સ્થળે પ્રસિદ્ધ થઈ હોય, એમ મારા વાંચવામાં આવ્યું નથી).

રાજા ક્ષેમકનો પરિવાર જે જીવંત રહ્યો હતો તે પંજાબમાં જઇને વસ્યો હોય અને ત્યાં પોતાનું સંસ્થાન જમાવ્યું હોય એમ સંભવે છે. આ વત્સદેશના વતનીઓ મૂળમાં પૌરવો[૧૩] કહેવાતા હતા, એટલે પંજાબમાં પણ તેજ નામથી ઓળખાવાતા હતા. જેમાંનો એક નૃપતિ **પોરસ** નામે ઇતિહાસમાં મશહુર થઇ ગયો છે, કે જેણે, ગ્રીકનો શહેનશાહ મહાન અલેકઝાંડર જ્યારે હિંદ ઉપર ઇ. સ. પૂ. ૩૨૭ માં ચડી આવ્યો ત્યારે, તેની સામે થવામાં ટક્કર ઝીલી હતી અને પછી તેના ખંડિયા-મિત્ર તરીકે નામના મેળવી હતી.

**તેનો રાજવંશ**

કહે છે કે આ વત્સદેશના રાજાઓ ઘણા કેળવાયલ અને સુંદર સંસ્કૃતિ પામેલ હતા.[૧૪] પણ તેમાંનો મોટો ભાગ શુદ્ધ ક્ષત્રિયાણીના પેટે જન્મેલો નહોતોજ.

**નામાવલિ-ની શુદ્ધિ**

આપણે ઉપર કહી ગયા છીએ કે, આ નવ રાજાની નામાવલિમાં ઘણી અશુદ્ધતા પ્રવેશેલી છે, તો તે સુધારવાને આપણે પ્રથમ પ્રયત્ન કરીશું.

( શુદ્ધિ પહેલી ). ઉપરના અનુક્રમમાં પાંચમો નંબર પરણુતપ શતાનિકનો છે અને તેને રાજા શ્રેણિકનો સમકાલીન હોવાનો ચીતરી બતાવ્યો છે. પણ જો રાજા શ્રેણિકના વંશનો અનુક્રમ તપાસીશું તો તેનો નંબર છઠ્ઠો આવે છે. વળી શ્રેણિકના વંશનો સ્થાપક રાજા શિશુનાગ અને આ પરતણુતપના વંશનો સ્થાપક રાજા સુતીર્થ તે બન્નેને સમસમયી કહી બતાવ્યા છે. એટલે કે જ્યારે બન્ને વંશના સ્થાપક પુરૂષો એકજ વખતે વિદ્યમાન હતા, તો પછી સહજ કલ્પી શકાય કે, જો એકના વંશમાં છઠ્ઠો પુરૂષ ગાદીએ હોય તો બીજાના વંશમાં પણ ઘણું કરીને છઠ્ઠોજ પુરૂષ ગાદી ઉપર બિરાજમાન હોવાનું સંભવે. ત્યારે અહીં તો પરણુતપને

( ૮ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧:-પૃ. ૧૧૪, તેમાં તો મુખ્યતાએ નામજ રજુ થયાં છે; વાચકને સરખામણી કરવાનું કાર્ય સહેલું થઈ પડે તે માટે, કેટલીક હકીકતો મેં સાથે સાથે જોડી બતાવી છે.

( ૯ ) નીચેનું ટીપણ ૧૫ જુઓ.

( ૧૦ ) મગધપતિ કૂણિકની પુત્રી પદ્માવતિને, તેમજ અવંતિપતિ ચંડપ્રદ્યોતની પુત્રી વાસવદત્તાને તે પરણ્યો હતો.

( ૧૧ ) આ કુંવરીને, મગધપતિ ઉદયનના સૈન્યપતિ નાગદશક વેરે પરણાવવામાં આવી હતી; આ નાગદશક પાછળથી નંદ પહેલો અથવા નંદિવર્ધન કહેવાયો છે.

( ૧૨ ) નીચેનું ટીપણ ૨૪ જુઓ.

( ૧૩ ) જ. ઓ. બી. રી. સો. પુ. પહેલું, પૃ. ૮૯—The Paurava line of Kosambi continued for three generations after Udayan's son—ઉદયનના પુત્રના મરણબાદ, આ કૌશંબિનો પૌરવવંશ, ત્રણેક પેઢી સુધી ચાલ્યો હતો (વત્સપતિ ઉદયન તો અપુત્રિઓજ મરણ પામ્યો છે જે આપણે આગળ જોઈશું. એટલે તેનો ત્રીજો પુરૂષ તેમજ અન્ય હકીકત જે દર્શાવે છે તેમાં કેટલું સત્ય હશે તે કહી શકાય તેમ નથી, પણ લેખકનો આશય, ત્રીજા પુરૂષને બદલે ત્રીજી પેઢી સુધી એમ કહેવાનો કદાચ હશે.)

( ૧૪ ) જુઓ પુરા. પુ. ૨. પૃ. ૭, ૮.

પાંચમો પુરૂષ હોવાનું જણાવ્યું છે. અને આપણા આ અનુમાનને સમર્થન કરનારી બાબત તો એ છે કે, વત્સપતિમાંનો ચોથો રાજા સુખીલલ, તે મગધપતિ ચોથા રાજા ક્ષેમજિતનોજ સમકાલીન હોવાનું દર્શાવાયું છે. તો પછી શું પરણુતપ એકલોજ, મગધપતિના અનુક્રમમાંનો પાંચમો પ્રસેનજિત અને છઠ્ઠો શ્રેણિક એમ બન્નેના સમકાલીન પણે હોઇ શકે ખરો કે? તે પ્રશ્ન ઉદ્‌ભવે છે; હા, તેમ પણ બની શકે ખરૂં; પણ કયારે કે, આ પાંચમા અને છઠ્ઠા રાજાના રાજ્યકાળ અલ્પ સમયી હોય તોજ: પણ તે તો આપણે તેમના વૃત્તાંત લખતાં સાબિત કરીશું કે, પાંચમાંનું રાજ્ય ખાસાં એકતાલીશ વર્ષ જેટલું લાંબુ અને છઠ્ઠાનું તો તેથી પણ દીર્ઘકાળી એટલે બાવન વર્ષ સુધી લંબાયલું હતું, એટલે એતો ચોક્કસ થાય છે કે, પાંચમા વત્સપતિ પરણુતપ એકલાનું રાજ્ય કાંઇ ૪૧+૫૨=૯૩ વર્ષ પર્યંત ચાલ્યું હોવું નજ જોઇએ; એટલે એમ નિર્ણય કરવો પડશે કે, જો રાજા સુખીલલને ચોથા તરીકે ગણો છો, તો પછી છઠ્ઠા શ્રેણિકના સમકાલીન તરીકે રાજા પરણુતપ શતાનિકને પણ છઠ્ઠોજ ગણવો. અને શિશુનાગવંશી પાંચમા પ્રસેનજિતના સમકાલીન તરીકે, પાંચમો વત્સપતિ કોઇક બીજોજ ઉભો કરવો પડશે.

હવે જો જૈન ગ્રંથો તપાસીશું તો તેમાં રાજા શતાનિકને સાદા શતાનિકના નામથીજ ઓળખાવલ છે. નથી તેની આગળ પરણુતપ શબ્દ લગાડેલ કે નથી તેની પાછળ કોઈ બીજું અન્ય બિરૂદ સંયુક્ત કરેલ, એટલે સંભવિત છે કે પરણુતપ અને શતાનિક, બન્ને જુદીજ વ્યક્તિઓ હોય. તેમ ઉપરના ચોથા રાજા સુખીલલ;સહસ્રનીકને, શિશુનાગવંશી ચોથા રાજા ક્ષેમજિતના સમકાલીન પણે બતાવ્યો છે તેમજ સુખીલલ અને સહસ્રનીક એ બે નામની વચ્ચે અલ્પવિરામ કે અર્દ્ધવિરામનું ચિન્હ પણ મૂકેલ જણાય છે. એટલે શંકા જાય છે કે, આ બે નામ તે એકજ વ્યકિતનાં હશે કે ભિન્ન ભિન્ન વ્યક્તિનાં હશે. આમ એક બાજુ, પરણુતપ અને શતાનિક બન્ને ભિન્ન ભિન્ન હોવાનું, તથા બીજી બાજુ, સુખીલલ અને સહસ્રનીક કદાચ ભિન્ન ભિન્ન હોવાનું, અને ત્રીજી બાજુ વળી ઉપરના પારિગ્રાફમાં સાબિત કરી ગયા પ્રમાણે કોઇ પાંચમો પુરૂષ તે બેની વચ્ચે હોવાનું,–આ પ્રમાણે ત્રણ સ્થિતિ પ્રવર્તી રહેલ દેખાય છે. તો પછી સર્વ ભુલભુલામણિનો ઉકેલ, કાં આ અલ્પ-વિરામ કે અર્દ્ધવિરામમાંજ સમાયલો ન હોય અને ખરેખર છે પણ તેમજ; તાત્પર્ય એ કે, વચ્ચેનું ચિન્હ કાઢી નાંખી બન્નેને જુદા પાડવા, એટલે કે સુખીલલને ચોથો, સહસ્ર-નીકપરણુતપને[૧૫] પાંચમો અને રાજા શતાનિકને છઠ્ઠો પુરૂષ ગણવો રહે છે. અને પછી સાતમો

(૧૫) અને આ પરણુતપસહસ્રનીક એકજ નામ હોવાની સાબિતિ નીચેના વાકયથી મળે પણ છે; જૈન ગ્રંથ ભ. વા. વૃ. પૃ. ૨૩૩ માં લખેલ છે કે " કૌશંબિ નગરીમાં સહસ્રનીક રાજાના પુત્રનો પુત્ર (એટલે કહેવાની મતલબ કે રાજા સહસ્રનીકનો પુત્ર શતાનિક અને તેનો પુત્ર ઉદયન ), રાજા શતાનિક અને મૃગાવતિ રાણીનો પુત્ર, ચેટક રાજાની પુત્રીનો પુત્ર અને શ્રમણોપાસિકા જયંતિનો ભત્રિજો, એવો ઉદયન રાજા રાજ્ય કરતો હતો (આ પ્રમાણે ઉદયન વત્સપતિની ચાર ઓળખ બતાવી છે તેમાંની પહેલી ઓળખ પ્રમાણે રાજા સહસ્રનીકનો પૌત્ર ઉદયન થયો. વળી " સહસ્રનીક પરણુતપ " માં સહસ્રનીક તે નામ હોય, અને પરણુતપ તે તેની ઓળખ માટેનું વિશેષણ હોય, એમ સમજાય છે.

પુરૂષ રાજા ઉદયન આવે; એટલે તે શતાનિકનો પુત્ર અને સહસ્રનીક પરણુતપનો પૌત્ર થયો કહેવાય. અને જૈન ગ્રંથમાં પણ આ પ્રમાણેજ તેમનો સગપણ સંબંધ[૧૬] બતાવાયો છે. એટલે આપણે બાંધેલ અનુમાન હવે સચોટ નિશ્ચયરૂપેજ ગણવો રહે છે.

( શુદ્ધિ બીજી ) નામાવલીમાં ઉદયનને છઠ્ઠોપુરૂષ ગણાવ્યો છે. અને તેને મગધપતિ કૂણિકનો જમાઈ બતાવી, કૂણિકપુત્ર ઉદાયીન ભટ્ટનો સમકાલીન લેખવ્યો છે એટલે વત્સપતિ ઉદયન તે મગધપતિ ઉદાયીનનો બનેવી થાય. ત્યાં સુધી તો આપણે સંમત થઈ શકીશું. પણ જ્યારે વત્સપતિ ઉદયનની બહેનને એટલે રાજા શતાનિકની પુત્રીને, નાગદર્શક ઉર્ફે રાજા નંદિવર્ધન વેરે પરણાવી હતી એમ કહેવામાં આવે, ત્યારે તો તે સાંભળવાને પણ અક્કલ કબુલ કરતી નથી. કેમકે, જો તેમજ બન્યું હોય તો રાજા નંદિવર્ધન કરતાં તેની રાણીની ઉમર[૧૭] અતિ મોટી થઇ જાય, અને તેમ હોવું અસંભવિત કહેવાય. એટલે સારો રસ્તો એજ છે, કે રાજા નંદિવર્ધનને વત્સપતિ શતાનિકનો જમાઈ ન ગણતાં,[૧૮] શતાનિકપુત્ર ઉદયનનોજ જમાઇ ગણવો.

( ત્રીજી શુદ્ધિ ) નં. ૮ અને નં. ૯ ના રાજાને અનુક્રમે નંદબીજાનો અને નંદ નવમાનો સમકાલીન તરીકે બતાવ્યા છે, અને છેવટે નવમા વત્સપતિનું રાજ્ય નવમાનંદે જીતી લીધું એમ કહ્યું છે. આ હકીકત પણ બનવા યોગ્ય નથી. કેમકે આપણે આગળ જોઈશું કે[૧૯] વત્સદેશ તો રાજા નંદિવર્ધનેજ ( એટલે કે નંદ પહેલાએજ) મગધદેશ સાથે ભેળવી દીધો છે. અને જો તેમ બન્યું છે તો પછી, ઠેઠ નવમા નંદ સુધી વત્સદેશ ઉપર સ્વતંત્ર રાજાઓ શીરીતે થઇ શકે ! એટલે વધારે બંધબેસતું તેજ ગણી શકાય કે નં. ૮ અને નં. ૯ એમ બંનેનાં રાજ્ય અલ્પ સમયી ગણવાં અને તેમને રાજા નંદિવર્ધનનાજ સમકાલીન લેખી, તેનાજ હાથે પરાજય પામ્યા લેખવા, અને તેનાજ રાજ્યે તે દેશ મગધ સાથે ભેળવી દેવામાં આવ્યો ગણવો. વળી નંદિવર્ધને બાહુબળથી પોતાનું રાજ્ય અતિ વિસ્તૃત બનાવી દીધું હોવાથી નંદવંશી રાજાઓમાં તેનું નામ ઝગઝગતા તારા જેવું થઇ પડ્યું હતું; જેથી કદાચ, મહાનંદ એટલે મોટોનંદ અથવા નંદવંશનો સ્થાપક હોવાથી પણ તેને મહાનંદ તરીકે, પ્રાચીન ગ્રંથકારોએ વર્ણવી દીધો હશે.

**હવે તે દરેકનો સમય ગોઠવીશું**

આ પ્રમાણે નામોની તથા તેમને લગતી અન્ય હકીકતની શુદ્ધિ કરી લીધા બાદ, હવે તેમનો પ્રત્યેકનો સમય ગોઠવવાની પણ કિંચિત્ તજવીજ કરીશું.

( ૧. થી ૫. ) ઉપર જે નામની ટીપ ઉતારવામાં આવી છે તેમાંના પ્રથમના પાંચ વત્સપતિઓ અનુક્રમવાર, શિશુનાગવંશી પ્રથમના પાંચ રાજાઓના સમકાલીનપણે વર્તતા ગણાવ્યા છે. એટલે સહજ કલ્પના કરી લેવાય કે, એકંદરે

( ૧૬ ) જુઓ ઉપરનો ટીકા નં. ૧૫ માં આપેલી ચારમાંની પહેલી ઓળખ.

( ૧૭ ) રાજા નંદિવર્ધનની ઉમર અને આયુષ્ય માટે નંદવંશના વર્ણનમાં જુઓ.

( ૧૮ ) જે આપણે બીજી રીતે પણ આગળ સાબિત કરી શકીશું.

( ૧૯ ) તેમ વત્સના શિક્કા ઉપર પણ રાજા નંદિવર્ધન એટલે નંદપહેલાનું, અને મહાપદ્મ ઉર્ફે નંદબીજાનું ચિન્હ પણ મળી આવે છે ( જુઓ શિક્કાના પ્રકરણમાં )

જેટલાં વર્ષ પાંચે શિશુનાગ વંશીઓનું રાજ્ય ચાલ્યું છે, તેટલુંજ લગભગ લાંબું રાજ્ય પાંચે વત્સપતિઓનું પણ ચાલ્યું હોવું જોઈએ. અને વિશેષમાં એમ જો કહીએ કે, તે પ્રત્યેકનું રાજ્ય પણ લગભગ સરખાકાળ સુધી ચાલ્યું હતું–પછી એક બે વર્ષ ઓછું વધારે હોય તેનો બહુ ફેર નહીં–તો પણ આપણે સત્યથી બહુ દૂર તો જતા રહેતા કહેવાઈશું નહીં.

(૬) જો કે શતાનિકને શિશુનાગવંશી છઠ્ઠા શ્રેણિકનો સહસમયી જણાવ્યો છે પણ તેતો શ્રેણિક કરતાં કયાંય પહેલાં, મરણ પામ્યો છે. હવે રાજાશ્રેણિકનું મરણ ઇ. સ. પૂ. ૫૨૮ માં[૨૦]=મ. પૂ. ૨ માં થયાનું સાબિત થયું છે. વળી શતાનિકનો પુત્ર ઉદયન કે જે અવંતિપતિ ચંડપ્રદ્યોતનો જમાઇ થતો હતો, તેણે અવંતિ ઉપર ચડાઇ કરીને પોતાના સસરા ચંડ નાજ રાજ્યકાળે, તેની કુંવરી વાસવદત્તાનુ હરણ કરી પોતે ઉપાડી ગયો હતો તે પણ સુપ્રસિદ્ધ છે; એટલે સાર એ થયો કે, ઉદયન પોતે ચંડ-પ્રદ્યોતના જીવન કાળમાંજ વત્સપતિ બની ગયો હતો, એટલુંજ નહીં, પણ તે સમયે તે એટલી ઉમરે પણ પહોંચી ગયો હતો કે, આવી યુક્તિ પ્રયુક્તિ કરીને ચંડ જેવા કુશળ અને ખંધા રાજવીને હંફાવીને તેનીજ કુંવરીનું હરણ કરી શકે.

બીજી બાજુ આપણે સાબિત કરીશું કે ખુદ ચંડપ્રદ્યોતનું મરણ ઇ. સ. પૂ. ૫૨૭ ના નવેમ્બરમાં નીપજ્યું હતું. એટલે કે રાજા શ્રેણિક અને રાજા ચંડ, બંનેના સ્વર્ગ ગમનના કાળ વચ્ચેનું અંતર માત્ર દોઢ વર્ષનુંજ છે. એટલે આપો આપ સાબિત થઈ ગયું કે, ઉદયન રાજાનો રાજ્યાભિષેક ઇ. સ. પૂ. ૫૨૭ ની પહેલાં, વધારે નહિં તો થોડાક વર્ષ પૂર્વે પણ થઇ ગયો હોવો જોઇએ અને જ્યારે રાજ્યાભિષેક થઈ ગયો ગણાય ત્યારે રાજા શતાનિકનો દેહવિલય તો એની મેળેજ સાબિત થઇ ગયો કહેવાશે. વળી આપણે આગળ ઉપર પૂરવાર કરીશું કે રાજા શતાનિકના મરણ સમયે, કુમાર ઉદનની ઉમર, કેવળ ૭ સાત વર્ષની હોવાથી, તેની વિધવા માતા રાણી મૃગાવતિએ રાજ્યની લગામ હાથમાં લીધી હતી. એટલે જો રાજા ચંડના મરણ સમયે રાજા ઉદયનની ઉમર વીસેક વર્ષની આંકીએ, તો તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૨૭+૩૦ ઈ. સ. પૂ. ૫૫૭ માં ગણવો પડશે. અને જ્યારે તેની ઉમર સાત વર્ષની હતી ત્યારે તેના પિતા રાજા શતાનિકનું મરણ થયું ગણાય છે, તો તે હિસાબે રાજા શતાનિકના રાજ્યનો અંત ઈ. સ. પૂ. ૫૫૦ માં આપણે હવે ગણી શકીશું.

( ૭–૮ ) સાત અને આઠના સમયઃ— શતાનિકના મરણ બાદ વિધવા રાણી મૃગાવતિએ રાજ્ય ચલાવ્યું છે. અને કુમાર ઉદયન ચૌદ વર્ષની ઉમરે પહોંચ્યો ત્યારે તેનો રાજ્યાભિષેક કરાવીને ગાદીએ બેસાડયો છે. એટલે રાણી મૃગાવતિનું રાજ્ય ઈ. સ. પૂ. ૫૫૦ થી ૫૪૨–૩ સુધી સાત વર્ષનું ગણાય અને ત્યારપછીજ રાજા ઉદયનના રાજ્યનો આરંભ કાળ ગણાય.

રાજા ઉદયન પોતે યુવાનીના પગથીએ પગ મૂકતાંજ ગાદીપતિ બન્યો હતો એટલે તેનું રાજ્ય દીર્ઘ સમયી નીવડે તે દેખીતુંજ છે. અને તેથીજ આપણે તેને રાજા શ્રેણિકના સમકાલીન તરીકે, તેમજ રાજા કૂણિક કે જે તેનો સસરો થતો હતો તેના સમકાલીન તરીકે અને તે ઉપરાંત, કૂણિકપુત્ર ઉદાયીનના સમકાલીન તરીકે

( ૨૦) આ ૫૨૮ ની સાલ માટે જુઓ શ્રેણિકના વૃત્તાંતે. અને મ. પૂ.=મહાવીરની પૂર્વે, છે એમ ગણવું.

કેટલાંક વર્ષો સુધી જોઇ શકીએ છીએ. આ શિશુનાગવંશી ઉદાયીનનું ગાદીએ બેસવું ઇ. સ. પૂ. ૪૯૬ માં છે. અને તેના રાજ્યના પ્રથમના પાંચ છ વર્ષ વીત્યાબાદ જો વત્સપતિ ઉદયનનું મૃત્યુ થયું ગણીએ, તો તેની સાલ ઇ. સ. પૂ. ૪૯૦ મૂકી શકાય. એટલે તે ગણત્રીથી, ઉદયનનો રાજ્ય અમલ ઇ. સ. પૂ. ૫૪૩ થી ૪૯૦ પર્યંત ૪૭ વર્ષનો ગણાશે.

(૯) નવમો:–તે બાદ મેઘવિન ઉર્ફે મણિપ્રભ ગાદીએ બેઠો હતો. આ મણિપ્રભ ખરી રીતે તો અવંતિના પ્રદ્યોતવંશનો હતો. પણ સંયોગવશાત્ વત્સપતિ બન્યો હતો. પણ તે પાછો અવંતિની ગાદીએ નિયુક્ત થયો હતો. અને ત્યાર પછી કેટલાંક વર્ષે મગધ સમ્રાટ રાજા નંદિવર્ધને વત્સદેશને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધો હતો. એટલે ત્યાં સુધી વત્સદેશની સ્વાતંત્ર્યતા પણ ટકી રહી ગણી શકાય. આ બનાવને આપણે આશરે ઇ. સ. પૂ. ૪૬૭ માં થયો ગણીશું. એટલે કે, જો રાજા મેઘવિનનેજ અંતિમ વત્સપતિ ગણો તો તેના રાજ્યનો અંત ઇ. સ. પૂ. ૪૬૭ માં આવ્યો ગણવો; પણ મેઘવિનને બદલે ઉપરની નામાવળીમાં દર્શાવ્યા પ્રમાણે દંડપાણિન અને ક્ષેમકને જો ગણવા હોય તો ક્ષેમકના રાજ્યનો અંત ઇ. સ. પૂ. ૪૬૭ માં ગણવો રહેશે. જેથી કરીને ઈ. સ, પૂ. ૪૯૦ થી ૪૬૭ સુધીના ૨૩ વર્ષમાં ફાવે તો એકલા મેઘવિનનો રાજ્યકાળ ગણો અને ફાવે તો મેઘવિન, દંડપાણિન અને ક્ષેમક એ ત્રણેનો ભેગો મળીને તેટલો સમય ગણો; ગમે તેમ પણ તે વંશનો અંત ઈ. સ. પૂ. ૪૬૭ માં જ ગણવો રહે છે.

હવે આપણે વત્સપતિઓની શુદ્ધ કરેલી આખી નામાવલી તેમજ સમયાવલી આ પ્રમાણે ગોઠવી શકીશું

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુતીર્થ | સમકાલીનપણે | શિશુનાગ[૨૧] | રાજ્યકાળ આશરે વર્ષ | | ૬૦ |
| ૨ | રૂચ | ,, | કાકવર્ણ[૨૧] | ,, | | ૪૦ |
| ૩ | ચિત્રક્ષ | ,, | ક્ષેમવર્ધન[૨૧] | ,, | | ૪૫ |
| ૪ | સુખીલલ | ,, | ક્ષેમજિત[૨૧] | ,, | | ૪૦ |
| ૫ | સહસ્રનીક પરણુતપ | ,, | પ્રસેનજિત[૨૧] | ,, | | ૪૫ |
| ૬ | શતાનિક | સમકાલીનપણે | શ્રેણિક | ઈ. સ. પૂ. | [૨૨]૫૬૬ થી ૫૫૦ | ૧૬ |
| ૭ | રાણી મૃગાવતિ | | | ,, | ૫૫૦ થી ૫૪૩ | ૭ |
| ૮ | ઉદયન | | | ,, | ૫૪૩ થી ૪૯૭ | ૫૪ |
| ૯ | મેઘવિન—અથવા– | | | ,, | ૪૯૦ થી ૪૬૭ | ૨૩ |
| | મેઘવિન, દંડપાણિન અને ક્ષેમક | | | ,, | ૪૯૦ થી ૪૬૭ | ૨૩[૨૩] |

કુલ, આશરે વર્ષ=૩૪૦

(૨૧) આ પાંચ રાજાઓની સાલો માટે જુઓ શિશુનાગવંશ.

(૨૨) આ સાલ આપણે રાણી મૃગાવતિની ઉમર નક્કી કરતી વખતે સાબિત કરીશું (જુઓ વૈશાલીના વૃત્તાંતે.) ક. સુ. ટીકા પૃ. ૯૧ ઉપરથી સમજાય છે કે, શ્રી મહાવીર જ્યારે કૌશંબિમાં ઈ. સ. પૂ. ૫૬૭ માં (દશમા અને અગીઆરમા ચોમાસાની વચ્ચે) આવ્યા ત્યારે રાજા શતાનિક ગાદીપતિ હતો. હાલ તો આપણે તેને ઈ. સ. પૂ. ૫૭૦ માં ગાદીએ બેઠો હતો એમ ગણવામાં વાંધો નહીં આવે.

**તે સર્વેના રાજ્ય-ની જાણવાજોગ હકીકત**

પ્રથમના પાંચ ભૂપાળો વિશે કોઈ જાતની માહિતી મળી શકતી નથી શિવાય કે, પાંચમા રાજા સહસ્રનિકને શતાનિક નામે પુત્ર અને જયંતિ નામે પુત્રી હતી. આ જયંતિ જૈન ધર્મ પ્રત્યે અતિ શ્રદ્ધાળુ હોઈ શ્રી મહાવીરની પરમ ભક્તા શ્રાવિકાઓમાં[૨૪] તેની ગણના થતી હતી.

**રાજા શતાનિક**

તેનું રાજ્ય ઈ. સ. પૂ. ૫૬૬ થી ૫૫૦ સુધી—૧૬ વર્ષ આશરે ચાલ્યું હોય એમ પરિસ્થિતિ ઉપરથી તારવી શકાય છે. તેમજ મરણ સમયે તેની ઉમર બહુ મોટી નહોતી., કેમકે તેનું મરણ અકસ્માતિક[૨૫] સંયોગો વચ્ચે નીપજ્યું હતું. બધા બનાવોનો હિસાબ ગણતાં તેની[૨૬] ઉમર મરણ સમયે આશરે ૩૫ વર્ષની હોવાનો સંભવ છે. તે ગણત્રીએ તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૮૫ માં થયો ગણાય. તેનુ લગ્ન વિદેહપતિ રાજા ચેટકની સાત કુંવરીમાંની[૨૭] ચોથી પુત્રી મૃગાવતિ વેરે થયું હતું. આ રાણીથી તેને ઉદયન નામનો કુંવર જન્મ્યો હતો જે પાછળથી ગાદી ઉપર આવ્યો હતો.

વાત એમ બની હતી કે રાજા શતાનિક કળા કૌશલ્યનો અતિ શોખીન હતો. અને તે કારણથી તેના દરબારમાં એક ચિત્રકારનું બહુ સન્માન પણ થઈ રહ્યું હતું. એકદા રાજા શતાનિકે કોઈ કારણસર[૨૮] આ ચિત્રકારનું અપમાન કરી રાજ્યની હદ બહાર કાઢી મૂક્યો એટલે તે ચિત્રકાર, અપમાનના વેરનો બદલો વાળવાના ઉદ્દેશથી પાસેના અવંતિ દેશમાં ચાલ્યો ગયો; અને શતાનિક રાજાની રાણી મૃગાવતિનું આબેહુબ ચિત્ર દોરી, અવંતિપતિ રાજા ચંડપ્રદ્યોતને ભેટ ધરી. જો કે આતો માત્ર ચિત્રજ હતું, છતાં અદ્દભૂત સ્વરૂપ નિહાળી રાજા પ્રદ્યોત અતિ કામાતુર બન્યો અને કોનું ચિત્ર છે વિગેરે તપાસ કરી, રાજા શતાનિક ઉપર કહેણ મોકલ્યું કે, કાંતો ચિત્રપટવાળી વ્યક્તિ સોંપી દેવી અને કાંતો યુદ્ધ માટે તૈયારી કરવી. કોઇપણ ક્ષત્રિય આવી હલકી, નાલાયક અને ધિક્કારયુક્ત માંગણીને તાબે થાયજ નહીં, અને તેમાંય રાજા શતાનિક જેવો પરાક્રમી રાજ્યકર્તા જરાપણ નમતું આપે તે બનવાયોગ્ય નહોતું. એટલે ભલે અવંતિના કરતાં, વત્સ દેશનો વિસ્તાર ક્યાંય નાનો હતો છતાં, તેણે

(૨૩) મારી ગણત્રીથી મેઘવિનજ છેલ્લો રાજા છે. પણ આગળ પૃ. ૧૦૮ ઉપર લખી ગયા પ્રમાણે ક્યાંય આ વત્સપતિઓની વંશાવળી દૃષ્ટિગોચર થતી નથી એટલે નિશ્ચયપણે કંઈ કહી શકાતું નથી.

(૨૪) જુઓ ભ. બા. વૃ. ભાષાંતર પૃ. ૩૪૧-૩ (ત્રીજી આવૃતિ) કે જ્યાં તેણીએ શ્રી મહાવીરને વસ્તી (સ્થાન) આપ્યાનું જણાવ્યું છે

(૨૫) નીચેની ટીકા નં. ૩૧ જુઓ.

(૨૬) નીચેની ટી. ૨૭ વાંચો: તેનું વર્ણન વૈશાલી દેશની હકીકત લખતાં આપણે કરીશું.

(૨૭) આ સાતે કુવરીઓનાં નામ તથા તેમને ક્યાં અને કોના વેરે પરણાવવામાં આવી હતી તે સર્વ હકીકત માટે વૈશાલી દેશના હેવાલમાં જુઓ. ત્યાં આ ચર્ચા વિસ્તારથી કરવી પડશે કારણકે, તે ઉપરથી ઘણા ઐતિહાસિક બનાવોની સાલોનો તથા હકીકતોનો નિશ્ચય કરી શકાય છે.

(૨૮) જુઓ ભ. બા. વૃ. ભાષાં. (ત્રીજી આવૃતિ) પૃ. ૩૩૦

યુદ્ધનું આમંત્રણ સ્વીકારી લીધું[૨૯] પરિણામે લડાઈ થઇ. પણ લડાઇ હજુ ચાલતી હતી, તે દરમ્યાન તેને અતિસાર ( Cholera ) નો અતિભયંકર[૩૦] રોગ લાગુ પડયો અને પરિણામે તેનું મૃત્યુ થયું.[૩૧] આ બનાવની સાલને આપણે, શ્રી મહાવીરને ઇ. સ. પૂ. ૫૫૬ માં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ છે તે પછી થોડાંક વર્ષ બાદ ( નીચેના પારીગ્રાફ વાંચો) ઠરાવવી પડે છે એટલે કે હાલ તો ઇ. સ. પૂ. ૫૫૦ ગણી લઇશું.

ઈ. સ. પૂ. ૫૫૭ ના પાછલા ભાગમાં વત્સપતિ રાજા શતાનિકે પાસેના અંગદેશના રાજા દધિવાહન ઉપર[૩૨] ચડાઇ કરી હતી. રાજા દધિવાહન પોતાની રાજધાની ચંપાનગરીનો ત્યાગ કરીને પાસેના જંગલમાં નાશી ગયો. એટલે શતાનિકે ચંપાનગરીને લુંટી અને ખેદાન મેદાન જેવી કરી નાખી[૩૩] અને રાજા દધિવાહનની રાણી ધારિણી[૩૪] તથા પુત્રી વસુમતિ ( કે જેની ઉમર તે સમયે આશરે તેર ચૌદ વર્ષની હતી ) એમ બંનેને બંદિવાન બનાવી, અંગરક્ષકોને સોંપી કૌશંબિ લાવવાનું ફરમાન કરી પોતે સ્વદેશે આવતો રહ્યો. પાછળથી આ અંગરક્ષકોએ રાણી ધારિણી ઉપર અનાચાર કરવાનો પ્રયત્ન કરતાં

( ૨૯ ) આ ઠેકાણે એક હકીકત જણાવી દઇએ કે, ચેટક રાજાની એક પુત્રી શીવાદેવી વેરે ચંડપ્રદ્યોતનું લગ્ન થયું હતું અને રાજા શતાનિક વેરે એક બીજી પુત્રીનું લગ્ન થયું હતું એટલે, બન્ને ભૂપતિઓ સગા સાઢુજ થતા હતા. છતાં રાજા ચંડને એમ કેમ ભાન નહીં થયું હોય કે, જે વ્યક્તિ માટે તે આવો અનાચાર સેવી રહ્યો છે તે તો પોતાની રાણીની એક બહેન થાય છે કે કામાતુર માણસોને સેવ્ય અપસેવ્યનું ભાન હોતુંજ નથી એમ જે કહેતી થઈ પડી છે તેનું દૃષ્ટાંત આ બનાવથી મળી આવતું હશે ? ( આમાં જેરનો મુદ્દો હતો કે જમીનનો, સરખાવો નીચેની ટી, ૩૨, બન્ને કિસ્સામાં જોરનું કારણ હોઈ શકે છે).

( ૩૦ ) તે સમયે પણ આવા રોગો અસ્તિત્વ ધરાવતા હતા એમ આ ઉપરથી સમજાય છે.

( ૩૧ ) ભ. બા. વૃ. (ત્રીજી આવૃત્તિ) ભાષાં. પૃ. ૩૩૧. તેને લડાઇના પરિણામથી હેબક ખાઈને માંદો પડી ગયો હોય તેવો મુદ્દો ગ્રહણ કરાયો છે, પણ મને એમ લાગે છે કે તે બનવા યોગ્ય નથી. કદાચ હોય તો પણ તેમાં અતિશયોકિતજ દેખાય છે; કેમકે રાજા શતાનિક ભલે નાનો રાજવી હતો છતાં પરાક્રમી હતો. તે તેણે પાસેના અંગદેશની રાજધાની ચંપાપુરી ઉપર હુમલો લઈ જઈ લુંટી લીધી હતી તે ઉપરથી સાબિત થઈ શકે છે. એટલે આવો શુરવીર નૃપતિ એમ હેબક ખાઈ જાય તે અસંભવિત લાગે છે; તેજ પુસ્તકમાં અન્ય સ્થાને તેનું મરણ અતિસારના રોગને લીધે થયાનું જણાવ્યું છે.

( ૩૨ ) આ રાજા દધિવાહન વેરે પણ વૈશાલીપતિ રાજા ચેટકની એક પુત્રી પરણાવી હતી. એટલે એક રીતે તો રાજા શતાનિક અને રાજા દધિવાહન એ બંને સાઢુઓજ થતા હતા ( આમાં જમીનનો મુદ્દો હતો કે જેરનો ) સરખાવો ઉપરની ટીકા નં. ૨૯.

( ૩૩ ) આ અસલની ચંપા નગરી તે તો અંગદેશમાં આવી છે, કે જે ભાગમાં હાલનાં જબલપુર, સતના વિગેરે શહેરો આવ્યાં છે. આ સંબંધી વિશેષ હકીકત માટે અંગદેશના વર્ણનમાં જુઓ. અત્રે તો એટલુંજ કહેવું જરૂરી છે કે, મૂળ જે નગરી ચંપા હતી તેનો તો ઇ, સ, પૂ, ૫૫૭ માં નાશ થયો હતો ( હાલ બંગાળા ઈલાકાના ભાગલપુર જીલ્લામાં આવી રહી છે તે જુદી છે.) પછી રાજા કૂણિકે ગાદીએ આવીને ત્રીજા વર્ષે તેને સમરાવીને ત્યાં પોતાની ગાદી સ્થાપી હતી, ( ઇ. સ, પૂ, ૫૨૫ ) એટલે પ્રાચીન અને અર્વાચીન ચંપા નગરીના સ્થાનને કાંઈ સંબંધ નથી,

આ ઉપરથી કહી શકાશે કે ચંપા નગરી ભગ્ન અવસ્થામાં ઇ, સ, પૂ. ૫૫૭ થી ૫૨૫ સુધી ૩૨ વર્ષ સુધી રહી હતી.

( ૩૪ ) આ ધારિણી તે ચેટકપુત્રી સિવાયની અન્ય રાણી છે. ચેટકપુત્રીનું નામ તો પદ્માવતિ હતું.

તેણી શિયળની રક્ષા માટે જીભ કરડી મૃત્યુ પામી અને એકલી કુમારી વસુમતિનેજ કૌશંબિમાં લાવવામાં આવી. આ પુત્રીનું નામ પાછળથી ચંદનબાળા પાડવામાં આવ્યું હતું ( આ બધી વાતને આપણા ઇતિહાસ સાથે સંબંધ નથી એટલે છોડી દીધી છે ) પછી થોડા સમયમાંજ ( સાડા ત્રણેક માસ બાદ) શ્રી મહાવીરને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થતાં[૩૫] ( ઈ. સ. પૂ. ૫૫૬ ) તેણીએ દીક્ષા લીધી હતી અને પ્રથમા સાધ્વી થઇ હતી.

ચંપાનગરી ભાંગ્યા પછી રાજા શતાનિકે સુખેથી પાંચ સાત વર્ષ પસાર કર્યાં હશે ત્યાં ઉપર વર્ણવેલો ચિત્રકારવાળો પ્રસંગ બન્યો અને પોતે ઈ. સ. પૂ. ૫૫૦ માં મરણને શરણ થયો હતો.

**રાણી મૃગાવતી**

રાજા શતાનિકના અણુચિંતવ્યા મરણ સમયે કુમાર ઉદયનની ઉમર માત્ર સાતેક વર્ષની હોવાથી[૩૬] રાજ્યકારભારની જવાબદારી વિધવા રાણી મૃગાવતિના માથે આવી પડી. આને લીધે, તેમજ ઉપર વર્ણવી ગયા પ્રમાણે રાજા શતાનિક અને રાજા ચંડની વચ્ચેના વૈમનસ્યનું અને પરિણામે પોતાના પતિનું મરણ નીપજવાના ઉપાદાન કારણરૂપ પણ પોતેજ છે આવા વિચારનું શલ્ય તેણીના મનમાં ઠસી જવાથી, તે તદ્દન નીરાધાર જેવી થઇ પડી હતી. એટલે એક બાજુ રાજ્ય ચલાવવું, બીજી બાજુ ચંડ જેવા બળવાન કામાતુર અને પ્રચંડ રાજવીની આંખમાં કણારૂપે ખટકયા કરવું અને ત્રીજીબાજુ પોતાનું શિયળ સાચવવું આમ ત્રેવડી મુંજવણ તેણીના શીરે આવી પડી હતી; છતાં બહુજ ધીરજથી અને સંભાળથી તેણીએ કામ લેવા માંડયું. અને આમ કરતાં, જ્યાં રાજા શતાનિકના મરણ પામ્યાને થોડા માસ વીત્યા ન વીત્યા અને શોકનો ભાર પુરો ઓછો પણ થયો નહોતો, ત્યાં તો ચંડપ્રદ્યોતે પોતાની પાશવી ઇચ્છાનું કહેણ વિધવા મૃગાવતિને મોકલાવ્યું. રાણીએ વિચાર્યું કે, અત્યારે છળકપટથી કે માયાજાળ પાથરી કામ કાઢી લીધા વિના અન્ય ઈલાજ નથી; એટલે અતિ માયાળુ શબ્દોથી કહેવરાવ્યું કે, ભલે આપની ઇચ્છા પ્રમાણે વર્તવાને મને વાંધો નથી. પણ કુમાર ઉદયન મોટી ઉમરનો થાય એટલે આપનાજ હસ્તે તેનો રાજ્યાભિષેક કરાવી, પછી જેમ આપ કહેશો તેમ કરવાને હું તત્પર છું. આવા શાંત્વનના સમાચાર સાંભળતાં, રાજા ચંડ જે કૌશંબિ સુધી ધસી આવ્યો હતો તે પાછો સ્વદેશ તરફ ચાલ્યો ગયો. પાછળથી રાણી મૃગાવતિએ કૌશંબિ નગરીને સંરક્ષણ માટે તેને ફરતો કોટ, કિલ્લાઓ[૩૭] ખાઇઓ વિગેરે બનાવવાનું કાર્ય પૂર ઝડપથી ઉપાડી લીધું. ને સાતેક વર્ષ બાદ કુમાર ઉદયનને ગાદી ઉપર બિરાજમાન કરાવવાનો સમય આવે તે પહેલાં તે સર્વ સંપૂર્ણ પણ કરાવી લીધું.[૩૮] આ બાજુ કોટ, તથા કિલ્લાઓ વિગેરે તાબડતોબ ઉભા કરાવાતા જાય છે તેવા સમાચાર ચંડપ્રદ્યોતને કાને પણ પહોંચ્યા અને તેથી, પોતે ઠગાયો છે એમ સમજી જઈ, ધુંવાપુંવા થતો કૌશંબિને ઘેરો ઘાલવા પાછો ઉપડ્યો પણ જ્યાં કૌશંબિ નજીક આવ્યો ત્યાં રાણી મૃગાવતિને ખબર પડી જવાથી તેણીએ નગરના દરવાજા બંધ

( ૩૫ ) જુઓ ભ, બા, વૃ. પૃ. ૨૯૦.

( ૩૬ ) ભ, બા, વૃ. પૃ. ૩૨૩ જુઓ.

( ૩૭ ) ભ. બા. વૃ. ભાષાં, પૃ. ૩૨૩

( ૩૮ ) હાલ જે કિલ્લાનાં ખંડિયેરો પ્રભાસ

કરાવી દીધા. એટલે ચંડનું લશ્કર બહાર વા ખાતું પડી રહ્યું. હવે તો કૌશંબિનો ઘેરો ચાલુ થયો. ધીમે ધીમે વસતી પણ હેરાન પરેશાન થવા માંડી. વાત ઉડતી ઉડતી, શ્રી મહાવીરને કાને પહોંચી (અથવા આ સમયે તેમને કૈવલ્ય જ્ઞાન તો પ્રાપ્ત થઈ ગયુંજ હતું તેથી દૈવી જ્ઞાનના બળે બધી વસ્તુ સ્થિતિ જાણી લીધી તેમ કહેવું, તે વિશેષ યથાર્થ કહી શકાશે ) એટલે લડાઈ જો થશે તો અનેક મનુષ્યનો સંહાર વળી જશે એમ વિચારી તે સ્થિતિ અટકાવવા પોતે સ્વશરીરે કૌશંબિ આવ્યા અને રાજા ચંડ જેમ પોતાનો પરમ ભક્ત હતો, તેમ મૃગાવતિ પણ પોતાની ભક્ત શ્રાવિકાજ હતી. એટલે બન્નેને ઉપદેશ આપી શાંત પાડ્યા અને રાજા ચંડને ઘેરો ઉઠાવી લેવાનું સમજાવી, તેનાજ હાથે કુમાર ઉદયનને રાજ્યમુકુટ પહેરાવવાની ગોઠવણ કરાવી. આ બનાવ ઇ. સ. પૂ. ૫૪૩ માં બન્યો ગણાય. તે સમયે રાણી મૃગાવતિએ તેમજ રાજા ચંડની પટ્ટરાણી શીવાદેવી ( કે જે મૃગાવતિની નાની બેન થતી હતી) વિગેરે વ્યક્તિઓએ, મહાવીરની પાસે દીક્ષા લીધી[૩૯] અને તે બાદ રાજા ચંડ પોતાની નગરીએ પાછો આવ્યો. એટલે રાણી મૃગાવતિનું રાજ્ય ઇ. સ. પૂ. ૫૫૦ થી ૫૪૩=સાત વર્ષ સુધી ચાલ્યું ગણાય.

**રાજા ઉદયન**

રાજા ઉદયનની ઉમર તેના પિતાના સ્વર્ગગમન વખતે એટલે કે ઇ. સ. પૂ. ૫૫૦ માં માત્ર ૭ સાત વર્ષની હતી તે હિસાબે તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૫૭ ની આસપાસ કહી શકાય; અને તેર ચૌદ વર્ષની ઉમરે પહોંચ્યા બાદ[૪૦] ગાદીપતિ થયો એટલે ઈ. સ. પૂ. ૫૪૩ માં તેણે રાજ્યની લગામ હાથમાં લીધી ગણાય. જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ, તેના પિતા શતાનિક ઉપર કેવો અન્યાય કરી તેનો માસો[૪૧] ચંડપ્રદ્યોત ચડી આવ્યો હતો, તથા તેની માતા રાણી મૃગાવતિ ઉપર કેવો જુલ્મ ગુજાર્યો હતો અને માથે કેવાં કાંટાનાં ઝાડ ઉગાડ્યાં હતાં તે સર્વ સકીકત અથથી ઇતિ સુધી તેના જાણવામાં આવી ગઈ અને જાણ થતાંજ પોતાના કુટુંબનું અપમાન કરવા માટે વૈર વાળવાને હાડોહાડ લાગી આવ્યું, પણ પોતે ઉમરે નાનો હતો તેમજ વળી નાના પ્રદેશનો અધિપતિ હતો એટલે, ચંડજેવા પ્રતાપી અને રાજકીય ધૂર્તકળામાં રચીપચી રહેલા નૃપતિને જેર કરવામાં, બળ કરતાં કળથી કામ લેવાની વધારે જરૂર છે એમ તેણે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી જાણી લીધું. રાજા ચંડને હસ્તિની મૃગયાનો[૪૨] કાંઈક શોખ હતો એટલે તે દ્વારા તેને છળથી સકંજામાં લેવાનું બની શકે તો બની શકે એમ વિચારી, આ હસ્તિ-

---

(પૃ. ૧૦૬ તથા ટી. નં. ૫. જુઓ) ટેકરી પાસે જોવામાં આવે છે તે બધાં આ કિલ્લાનાજ અવશેષો જાણવા.

( ૩૯ ) ભ. બા. ૪, બાષાં. પૃ. ૩૨૫ જુઓ.

(૪૦) ઉમરલાયક થવા માટેનું વય આ સમયે ચૌદ વર્ષનું ગણવામાં આવતું હતું. તેના દૃષ્ટાંત માટે જુઓ ( ૧ ) શ્રી મહાવીરનું લગ્ન ૧૪ વર્ષની ઉમરે થયું હતું ( ૨ ) રાજા શ્રેણિકનો રાજ્યાભિષેક ચૌદ વર્ષ ઉતરતાં થયો હતો( ૩ ) રાજા પ્રિયદર્શિનનો રાજ્યાભિષેક પણ ચૌદમે વર્ષે થયો હતો.

( ૪૧ ) ઉદયનની માતા મૃગાવતિ અને ચંડની પટ્ટરાણી શીવાદેવી, બન્ને સગી બહેનો થતી હતી, તેથી રાજા ચંડને, વત્સપતિ ઉદયનનો માસો કહી શકાય.

( ૪૨ ) રાજા ચંડના પટ્ટહસ્તિનું નામ અનલગિરિ હતું તે આપણે અવંતિના વર્ણનમાં જોઈશું

ખેલનની કળા પોતે શીખવા માંડી અને થોડા વર્ષમાં તો તેમાં નિષ્ણાત પણ થઇ ગયો.[૪૩] એટલે જાણી જોઇને હસ્તિ ખેલાવતો ખેલાવતો વારંવાર તે અવંતિની હદમાં પ્રવેશ પણ કરવા મંડ્યો. આથી કરીને રાજા ચંડનું ધ્યાન આ યુવાન રાજાની ઉદ્ધતાઇ તરફ ખેંચાયું. અને પછી જે બનાવો બન્યા તથા અંતે ચંડ પ્રદ્યોતની લાડીલી કુંવરી વાસવદત્તાનું હરણ કેવી રીતે રાજા ઉદયન કરી ગયો અને તેણીની સાથે લગ્ન કર્યું તે બધું વાસવદત્તા નામક નાટ્ય પ્રયોગમાં સારી રીતે લખાયેલું છે.[૪૪] એટલે અહીં લખવાની જરૂર નથી. આ બનાવ રાજા ચંડના મરણ પૂર્વે થોડાંક વર્ષે બની ગયો છે, અને રાજા ચંડનું મરણ તો ઈ. સ. પૂર્વે ૫૨૭ માં જે રાત્રિએ[૪૫] શ્રી મહાવીરનું મરણ થયું છે તેજ રાત્રિના થયું છે એટલે રાણી વાસવદત્તાની સાથેના રાજા ઉદયનના લગ્નને આપણે ઇ. સ. પૂ. ૫૨૭ અગાઉ આઠ વરસે અને પોતે ગાદીએ બેઠા પછી[૪૬] સાત આઠેક વર્ષે એટલે ( ૫૪૩ ને ૫૨૭ ના મધ્ય ભાગે ) ઇ. સ. પૂ. ૫૩૫ માં લગભગ ઠરાવીએ તો ઠીક ગણાશે. જ્યારે ગાદીએ બેઠા પછી સાત આઠ વર્ષે પોતે વાસવદત્તાને પરણ્યો છે એટલે, તેટલું અનુમાન તો સ્વભાવિક કરી શકાય છે કે આ રાણી તેની પટ્ટરાણી તો નહીજ હોય ! પટરાણી તો પોતે ગાદીએ બેઠા પછી તુર્તમાંજ કરી લીધી હોવી જોઈએ. એટલે વાસવદત્તા તે બીજી રાણી થઈ. અને પાછળથી મગધપતિ કૂણિકની પુત્રી પદ્માવતિ[૪૭] સાથે લગ્ન કર્યું હતું. જેથી રાજા ઉદયનને કુલ્લે ત્રણ

( ૪૩ ) પુરાતત્ત્વ પુ. બીજુ પૃ. ૪૦૫.

( ૪૪ ) મી. હૉલનું બનાવેલ ' વાસવદત્તા ' નામનું નાટ્ય પુસ્તક જુઓ. તેમાં આને લગતું સંપૂર્ણ વર્ણન આપ્યું છે.

( ૪૫ ) જુઓ અવંતિ દેશના વર્ણને.

( ૪૬ ) આઠ વર્ષનો કાળ પણ બરાબરજ ગણાશે કારણકે નહીંતો રાજા ઉદયન હસ્તિ ખેલનની વિદ્યામાં પ્રવિણ કેમ થઇ શકે ? કાંઈક સમય તો જોઈએજ ને !

( ૪૭ ) Padmavati wife of Udayan was sister of king Darshak ( E. H. I. by Smith 3rd Edi. Page 39 ) આ શબ્દથી ચોખ્ખું જણાય છે કે ઉદયનનું લગ્ન દર્શકની બહેન સાથે થયું હતું. અને દર્શક તે તો રાજા કૂણિકનું નામ છે ( જુઓ તેના વૃતાંતે ) જેથી તેની બહેન એટલે રાજા શ્રેણિકની પુત્રી કહેવાય, પણ સગી બહેન ( સહોદરા) કે ઓરમાન, તે જુદી વાત છે. ઓરમાન જો હોત તો રાજા શ્રેણિકની પુત્રી ( King Srenik's daughter ) લખત પણ તેને બદલે, દર્શકની બહેન લખ્યું છે. એટલે સહોદરાજ હોવી જોઇએ. હવે ઉદયનનો જન્મ ઈ. સ. પૂ. ૫૫૭ માં, ગાદી આરોહણ ઈ. સ. પૂ. ૫૪૩ અને મરણ ઈ. સ. પૂ. ૪૯૦ માં છે. તેમજ પ્રથમ લગ્ન ઈ. સ. પૂ. ૫૪૨ માં, દ્વિતીય લગ્ન ઇ. સ. પૂ. ૫૩૫ માં અને તૃતીય લગ્ન ઇ. સ. પૂ. ૫૨૦ ની આસપાસ છે. આમાં પણ ઉદયનનું જે લગ્ન દર્શકની બહેન સાથે છે, તે પ્રથમનું હતું કે તૃતીય વેળાનું હતું તે તપાસીયે. કેમકે દ્વિતીય તો વાસવદત્તા વેરે છે. એટલે તે તો બાદજ કરવું રહે છે. હવે જો પ્રથમનું લગ્ન લઇએ તો ( એટલે કે ઈ. સ. પૂ. ૫૪૩ માં થયાનું ) અને તેને રાજા શ્રેણિકની પુત્રી ગણીએ તો તે બની શકે તેમ છે. કેમકે રાજા શ્રેણિકનું મરણ ઈ. સ. પૂ. ૫૨૮ માં છે. એટલે તેના મરણ પૂર્વે ૧૩ વર્ષે ( મોડામાં મોડી પરણાવે તો તેણીનો જન્મ તે પૂર્વે તેર વર્ષે સંભવી શકે; અને વરની ઉમર ગમે તેટલા વર્ષની હોય, પણ રાજકુંવરીની ઉમર તો તેર વર્ષથી સાધારણ રીતે મોટી નજ હોઈ શકે. આ બે ગણત્રીથી અહીં ૧૩ નો આંક લીધો છે. ) એટલે ઇ. સ. પૂ. ૫૪૧ માં તે પોતાની દીકરીને ઉદયન વેરે પરણાવી શકે કે ! ( સાધારણ રીતે કુમાર રાજાનું લગ્ન ગાદીપતિ

રાણી હોવાનું કહી શકાય,[૪૮] પ્રથમા સાથેનું લગ્ન ઈ. સ. પૂ. ૫૪૩ માં પોતાની ચૌદ વર્ષની ઉમરે, દ્વિતીયા સાથેનું ઈ. સ. પૂ. ૫૩૫ માં પોતાની બાવીસ વર્ષની ઉમરે અને

---

બન્યા પછી બે-ચાર માસમાંજ થઈ જાય. કાંઈ બે વર્ષ ( ઈ. સ. પૂ. ૫૪૩-ઈ. સ. પૂ. ૫૪૧=બેજ વર્ષનુંજ અંતર છે ) સુધી રાહ જોવાય નહીં. વળી મૃગાવતિએ જ્યારે ઈ. સ. પૂ. ૫૪૩ માં દીક્ષા લીધી છે, ત્યારે તો વધારે સંભવિત એ છે કે, રાજા ઉદયનનું લગ્ન તેની માની હાજરીમાંજ કરી લેવાયું હોય, ને પછીજ ગાદીએ બેઠો હોય અથવા તો બન્ને ક્રિયા થોડા થોડા દિવસને આંતરેજ બની હોય.

અને મગધપતિ જેવો રાજા, પોતાની પુત્રીને વત્સપતિ જેવા અન્ય કોઇ નામાંકિત દેશના રાજવીને ગાદીપતિને-રાજ્યાભિષેક થયા બાદ કે તે અરસામાં પરણાવે તે કાંઈ ખોટું પણ નથી. પણ જો રાણી સાથે ઉદયનનું લગ્ન ઇ. સ. પૂ. ૫૪૩ માં થાય તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૫૫-૬ માં હોઈ શકે અને રાજા કૂણિકનો જન્મ ઇ. સ. પૂ. ૫૫૭ માં લખ્યો છે. એટલે અનુમાન કરી શકાય છે કે જો, પદ્માવતિ અને કૂણિક તે બન્ને રાજા શ્રેણિકની રાણી ચિલ્લણાને પેટેજ જન્મેલા ભાઈ બેન હોય તો તેમાં કૂણિક મોટો અને પ્રભાવતિ નાની સમજવી.

એટલે કૂણિકના બનેવીનું નામ ઉદયન વત્સપતિ હોઈ શકે, તેમજ કૂણિકના પુત્રનું નામ પણ ઉદયન છે, કે જે ઉદયાશ્વ તરીકે પંકાયો છે; આ બન્ને ઉદયન એક રીતે સમકાલીનજ હતા, છતાં વત્સપતિ તે ઘણા વર્ષ મોટો ( Senior ) અને મગધપતિ ઉદયન તે નાનો ( Junior ) કહી શકાય. વત્સપતિ ઉદયનનો જન્મ ઈ. સ. પુ. ૫૫૭ છે. જ્યારે મગધપતિ ઉદયનનો જન્મ ઇ. સ. પૂ. ૫૩૪ છે. આ પ્રમાણે બધું બની શકે એમ છે, પણ તેમાં બે મુસ્કેલી છે. ( ૧ ) જો વત્સ-ઉદયન શ્રેણિકની પુત્રીનેજ પરણ્યો ( એટલે કૂણિકનો બનેવી લેખીએ તો ) હોય, તો ઉદયનની માતા મૃગાવતિ તથા શ્રેણિકની રાણી ચિલ્લણા એ બન્ને તો સગી બહેનો છે; એટલે ઉદયન અને તેની રાણી પદ્માવતિ સગાં મસીઆઇ ભાઇ બહેન થયાં. તે બન્ને વચ્ચે લગ્ન થાય કે કેમ ? ( આપણને તે સમયના રીત રિવાજની માહિતી નથી. તેમજ અન્ય એતિહાસીક ઘટનાઓમાં તેવું બન્યાનો ખ્યાલ પણ નથી.) ( ૨ ) જો પહેલી રાણી કૂણિકની બહેન હોય તો, પછી ઉદયનની ત્રીજી રાણી કઈ હોઈ શકે ? તે ક્યાંય સાબિત કરી શકાતું નથી; કેમકે રાજા ઉદયનનું ત્રીજું લગ્ન જો કોઈ બીજા રાજાની કુંવરી વેરે થયું હોય તો, તે ગાદીપતિ થયા પછીજ કહેવાય અને તેવી વાત છૂપી રહી શકે નહી. ક્યાંકને ક્યાંક તો તે ઈતિહાસના પાના ઉપર નોંધાયજ, એટલે આ બે મુશ્કેલી ટાળવાને સરળ માર્ગ એજ છે કે ત્રીજી રાણી તરીકેજ મગધ-પતિની કુંવરીને ગણવી રહે છે. અને તે પ્રમાણે ત્યારેજ બની શકે કે રાજા દર્શકની બહેન ( Sister of king Darshaka ) ને બદલે રાજા દર્શકની પુત્રી ( Daughter of king Darshak ) એટલેકે તેના બાપની પુત્રીને બદલે તેની પોતાનીજ પુત્રી તેણીને લેખીએ તોજ. વળી આ અનુમાનને,બીજી કેટલીક હકીકતથી પુષ્ટિ મળે છે, તે એ કે ( ૧ ) રાજા નંદિવર્ધન વેરે ઉદયન વત્સપતિની જે કુંવરી પરણા-વવામાં આવી હતી, તેનો જન્મ ઇ. સ.પૂ. ૪૯૪ ઠરાવેલો છે ( જુઓ તેના વૃત્તાંતે ) એટલે તેણી ઉદયનની ત્રણ રાણીમાંથી નાની રાણીને પેટેજ જન્મી હોય તે સંભવિત છે. જો કે પ્રથમની બે રાણીને પેટે પણ જન્મ હોઈ શકે, પણ સાધારણ નિયમ એ છે કે મોટી રાણીઓ કરતાં નાની અને નવી પરણેલીઓને ગર્ભ વહેલો રહે છે. એટલે એમ થયું કે ત્રીજી રાણીનો જમાઇજ નંદિવર્ધન હતો. (૨) બીજી હકીકત એ છે કે પટ્ટરાણી વાસવદત્તાએ કોઇ કારણે ઇ. સ. પૂ. ૫૦૩ માં દત્તક પુત્ર કરી લીધો છે, અને તેણી દ્વિતીય રાણી હોવા છતાં પટ્ટરાણી પદે આવી છે એટલે પ્રથમની રાણી મરણ પણ પામી હતી અને દત્તક લેવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો એમ ફલિતાર્થ થયો કહી શકાય. (જુઓ અવંતિ દેશના વર્ણને દંતિવર્ધનનું વૃત્તાંત.) હવે વિચારોકે ઈ. સ. પૂ. ૫૦૩ માં જો તેણીને કોઈ જમાઈજ હોત તો,

તૃતીયા સાથેનું રાજા કૂણિક સમ્રાટ બન્યો તે બાદ આઠેક વર્ષે એટલે ઈ. સ. પૂ. ૫૨૦ ની આસપાસમાં પોતાની પાંત્રીસ વર્ષની ઉમરે થયું કહેવાય.

તેનું મરણ કુદરતી સંયોગમાં થયું નથી. રાજા ઉદયન[૪૯] બહુજ ધર્મિષ્ઠ માણસ હતો, તેમ વૃદ્ધ અવસ્થાએ પહોંચ્યો હતો છતાં પુત્રપ્રાપ્તિ થઇ નહોતી એટલે હમેશાં ધર્મના અનુષ્ઠાનો કરવામાંજ દિવસનો મોટો ભાગ ગાળતો હતો. એકદા તેના હાથથી કોઇ નોકરનું અપમાન થયું હશે એટલે તે નોકર અવંતિ તરફ જતો રહ્યો અને અપમાનનું વૈર લેવા ખાતર કપટી બની જૈન દીક્ષા ગ્રહણ કરીને તે મતનો સાધુ થયો. આ કપટી સાધુ, કાળગયે પોતાના ગુરૂમહારાજ સાથે કૌશંબિમાં આવ્યો અને રાજા ઉદયનના રાજમહેલમાં ધર્મક્રિયા ( પોષધશાળામાં[૫૦] ) કરા-

---

અથવા છેવટે કુંવારી—અવિવાહિત પુત્રીજ હોત તો, તે દત્તક લેતેજ શું કામ ? એટલે સર્વ વસ્તુસ્થિતિ અને સંજોગોનો વિચાર કરતાં, વત્સપતિ ઉદયનની ત્રીજી રાણી મગધપતિની કુંવરીજ હોઇ શકે, અને તેમ થાય એટલે તેણી કૂણિકની પુત્રી અને ઉદયનની બહેન થઇ કહેવાય. પણ મી. સ્મિથના કથન પ્રમાણે જો રાજા દર્શકની બહેનજ હતી એમ ઠરાવવું હોય તો પછી દર્શકને કૂણિકના નામે ન ઓળખતાં, તેના પુત્ર ઉદયાશ્વનું નામ લેખવું પડશે. જ્યારે દર્શક તે તો કૂણિકનુંજ નામ હતું. તે હવે સાબિત થઇ ચુક્યું છે, એટલે પછી દર્શકની બહેન નહીં પણ પુત્રીજ હતી એમ લેખવું રહે છે. ( ૩ ) રાણી વાસવદત્તાએ પટ્ટરાણી તરીકે દૈવી સંજોગથી સાંપડેલ તરતના જન્મેલા બાળક પુત્રને ( ઈ. સ. પૂ. ૫૦૩ ) પોતાના દત્તક તરીકે લીધો છે, એટલે ત્યાં સુધી તો રાજા ઉદયનને ફરજંદ થયું ન હોતું એમ સિદ્ધ થાય છે. બીજી બાજુ ઉદયન રાજાની પુત્રીનો જન્મ ઈ. સ. પૂ. ૪૯૪ માં ઠરે છે, જે સમયે રાણી વાસવદત્તાની ઉમર ( લગ્ન ઈ. સ. પૂ. ૫૩૫ માં એટલે જન્મ ઈ. સ. પૂ. ૫૪૯ માં કહેવાય; તે હિસાબે ૫૫ વર્ષની ઉમર હતી ) પંચાવન વર્ષની હતી. તો તેટલી ઉમરે શું તેણી પુત્રીનો જન્મ આપે તે સંભવિત છે ? જ્યારે ત્રીજી રાણી પદ્માવતિની ઉમર તો ઇ. સ. પૂ. ૪૯૪ માં માત્ર ૩૧ વર્ષની હતી અને ગર્ભ ધારણ કરતી વખતે માત્ર ત્રીશ વર્ષનીજ કહી શકાય. એટલે તેણીની બાબતમાં બધી રીતે સંભવિત છે.

આ બધાં કારણથી એજ નિર્ણય ઉપર આવવું રહે છે કે મગધપતિની જે કન્યા વત્સપતિ ઉદયનની રાણી થઈ હતી તે ત્રીજીજ રાણી સંભવી શકે છે. તેમ વળી આ નિર્ણયને સત્ય ઠરાવતી કેટલીક દલીલો નંદિવર્ધનના જીવનને લગતી હોવાથી ત્યાં ચર્ચી છે, તે માટે તેના જીવનવૃત્તાંતે જુઓ.

( ૪૮ ) C. H. I. P. 187. He had three wives કે. હી. ઇ. પૃ. ૫૮૭:—તેને ત્રણ રાણીઓ હતી ( અ. હી. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૩૯ ની ટીકા નં. ૧. તેમાં પહેલી બે રાણીને લગતી ટુંક નોંધ પણ કરી છે )

( ૪૯ ) આ બનાવ વિસ્તારથી જાણવા માટે જુઓ ભ. બા. વૃ. ભાષાંતર.

( ૫૦ ) કેટલાકની સમજણ એમ છે કે, મગધપતિ ઉદયન તેમજ વત્સપતિ ઉદયન બૌદ્ધધર્માનુયાયી હતા. મગધપતિ ઉદયનનો ધર્મ શું હતો તે આપણે તેના જીવનચરિત્ર લખતી વખતે જોઈશું. આ ઉદયન વિશે ( જુઓ પુરા. પુ. ૨ પૃ. ૫ ) લખેલ છે કે " ઉદયન રાજા બૌદ્ધધર્મ વિષે બહુ શ્રદ્ધાળુ નહોતો, પણ લોકો બહુ શ્રદ્ધાળુ હતા " અહીં આપણે પ્રજા સંબંધમાં કાંઈ ઉલ્લેખ કરવાનો નથી એટલે તે પ્રશ્નને અડકતા નથી. પણ રાજા પોતે, બૌદ્ધમતને અનુસરનારો નહોતો, એટલું તો ઉપરના ટાંચણથી સ્પષ્ટ થાય છે જ. જૈન ગ્રંથો તો આખા વત્સપતિના કુટુંબને જ પોતાના ધર્માનુયાયી હોવાનું માને છે. એટલું જ નહીં પણ તેની ફોઈ એટલે રાજા શતાનિકની બહેન શ્રીમતિ જયંતિને ( જુઓ પૃ. ૧૦૭ ની નામાવળી ) શ્રી પાર્શ્વની ( અને કદાચ શ્રી મહાવીરની પણ હશેજ, જુઓ ઉપરમાં ટી. નં. ૨૪ ) પરમ ભક્તા માની છે. આ કારણથી મે પણ જૈન સાંપ્રદાયિક શબ્દ—પોષધશાળા અત્ર વાપર્યો છે.

વવા આવતો-જતો થયો. એક રાત્રીના, રાજા, ગુરૂ તથા આ કપટી સાધુ, ત્રણે પૌષધશાળામાં સુતા હતા ત્યાં પૂર્વનાં વૈરનો બદલો લેવા કપટી સાધુએ છરી લઈ ( જે આગલે દિવસે બહારથી લઇ આવ્યો હતો ) રાજાનું ખૂન કરી ત્યાં છરી નાંખી દઇ પોતે રાતોરાત નાશી ગયો. રાજાના શરીરમાંથી નીકળેલ લોહી વહેતું વહેતું ગુરૂ મહારાજ સુતા હતા તેમની નીચે પહોંચ્યું, એટલે ભીનું લાગવાથી સફાળા ઉઠયા, અને જોયું તો રાજાનું ખૂન થયેલું દેખ્યું: અને પોતાનો શિષ્ય પણ ગુમ થયેલ માલૂમ પડ્યો. શું બનાવ બન્યો ને કોણે આમ કર્યું હોવું જોઇએ તે બધું તુરતજ ગુરૂ મહારાજ સમજી ગયા અને રખેને સર્વ તૂત પોતા માથે આવી પડે, અને ધર્મની હેલણા થાય તે શંકાએ પાસે પડેલી છરીથી પોતે પણ પોતાનો જાન કુરબાન કરી નાંખ્યો. આ પ્રમાણે એકજ રાત્રીમાં બે ધર્મિષ્ઠ જીવોનો દેહવિલય થયો. રાજા ઉદયનનું મરણ આશરે ઈ. સ. પૂ. ૪૯૦[૫૧] માં કહી શકાશે કેમકે તેનો સાળો, કૂણિકનો પુત્ર ઉદાયીન ભટ્ટ ઈ. સ. પૂ. ૪૯૬ માં મગધનો સમ્રાટ થયો ત્યાં સુધી તો પોતે હૈયાત હતો.[૫૨] એટલે આપણે અનુમાન કરીએ કે તે બાદ પાંચેક વર્ષ તે હૈયાત રહ્યો હશે.

તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૫૭ માં અને મરણ ઇ. સ. પૂ. ૪૯૦ માં ગણતાં તેની ઉમર ખાસી ૬૮ વર્ષની ગણી શકાય. તેને કોઇ પુત્ર-સંતાન નહોતું[૫૩] પણ એક પુત્રી હતી કે જેણીને નાગદશક ઉર્ફે રાજા નંદિવર્ધન ઉર્ફે નંદ પહેલા વેરે રાજા ઉદયનના મરણ બાદ ઉમરે પહોંચી ત્યારે પરણાવવામાં આવી હતી.[૫૪]

---

( ૫૧ ) પહેલાં મેં અનુમાનથી ઈ. સ. પૂ. ૪૯૦ નો અંદાજ ઠરાવ્યો હતો અને વિશેષ અભ્યાસથી તે ઈ. સ. પૂ. ૪૯૦ નક્કીપણે દેખાય છે. ( જુઓ અવંતિ દેશના વર્ણને મણિપ્રભ, કૌશાંબિ મૂકીને અવંતિપતી થયો તે હકીકત )

( ૫૨ ) જુઓ ઉપરમાં પૃ. ૧૧૧ ની હકીકત

( ૫૩ ) જૈન ગ્રંથોમાં મગધપતિ ઉદાયનને અપુત્રીઓ મરણ પામ્યાનું, અને આ વત્સપતિનું મરણ જે ખૂન કરવાથી થયું છે તે સર્વ ઘટના મગધપતિનેજ લાગુ પાડયાનું જણાવાયું છે પણ તે વિભ્રમ છે.

મગધપતિ ઉદયનને બદલે વત્સપતિ ઉદયનને લગતો આ બનાવ છે તે માટે નીચેના કારણો આગળ ધરૂં છું. (૧) મગધપતિ ઉદયનને તો અનુરૂદ્ધ અને મુંદ નામે બે પુત્રો હતા કે જે તેની પાછળ ગાદીએ બેઠા છે એટલે તેને અપુત્રિઓ કહી ન શકાય. ( ૨ ) ભ. બા. વૃ; ભાષાંતરમાં મગધપતિના વૃત્તાંતમાં પણ જણાવ્યું છે કે તે પોતાના પુત્રને ગાદી આપી યાત્રાએ નીકળી ગયો. એટલે જૈન ગ્રંથોમાં, એક વખત અપુત્રીઓ કહી, બીજેજ ઠેકાણે પુત્રવાળો જણાવ્યો છે, તે હકીકત શંકામાં નાંખે છે. ( ૩ ) અવંતિમાં જે માણસ નાસી જાય તે વૈર વાળવા પાસેનાજ વત્સદેશમાં આવી શકે કે ઠેઠ લાંબે વેર મગધમાં દોડી જાય તે બેમાંથી કયું તેને માટે સહેલું ગણાય ?

વળી કેટલીક હકીકત માટે દ્વિતીય ખંડ તૃતીય પરિચ્છેદ જુઓ.

જૈન ગ્રંથોમાં જે વત્સપતિને બદલે મગધપતિ ઉદયનને અપુત્રીઓ ઠરાવ્યો છે તેના કારણમાં એમ જણાય છે કે તે સમયે ત્રણ ઉદયન હતા. તે ત્રણે જૈન ધર્મી હતા અને ત્રણે મહાન સામ્રાજ્યના સમ્રાટો હતા. અલબત્ત, એક જે સિંધસૌવિરપતિ હતો તેનું અવસાન તો, બીજા બે ઉદયન પ્રથમાવસ્થામાં હજુ વિચરતા ત્યારેજ થઈ ગયું હતું, પણ તેનો ખ્યાલ હજુ ભુંસાઈ ગયો નહોતો એટલે સરખા નામને લીધે, એક દેશને બદલે બીજા દેશના સ્વામી તરીકે, ગણી લેવાની ભૂલ થઇ ગઈ હોય તે બનવા યોગ્ય છે.

( ૫૪ ) અત્યારસુધી મારી માન્યતા એમ છે કે ઉદયનના મરણ સમયે તેની પુત્રી માત્ર ત્રણ-ચાર

તેનું રાજ્ય ઇ. સ. પૂ. ૫૪૩ થી ઇ. સ. પૂ. ૪૯૦ સુધી એટલે ૫૩ વર્ષ સુધી ચાલ્યું ગણાય.

**રાજા મેઘવિન ઉર્ફે મણિપ્રભ**

રાજા ઉદયનને કોઈ પુત્ર ન હોવાથી રાણી વાસવદત્તાએ, જે એક બાળકને પુત્ર તરીકે પાળીને ઉછેર્યો હતો અને જેને દત્તક પુત્ર જેવો માન્યો હતો તેને પાછળથી ઉમર લાયક થતાં વત્સપતિ તરીકે ગાદીએ બેસાર્યો હતો: અને કૌશંબિ ગાદીને નિર્વંશ ગણાતી તુરતવેળા બચાવી લીધી હતી, પણ આ રાજા મેઘવિન તો પાછળથી અવંતિપતિનો પુત્ર સાબીત થવાથી ( રાણી વાસવદત્તાના પિત્રાઇ ભાઇનો પુત્ર-ભત્રિજો ) તેને પોતાના બાપુકાના વતનની રાજ્યગાદી સંભાળી લેવી પડી હતી.[૫૫] ઇ. સ. પૂ. ૪૮૭. હવે તેણે અવંતિ અને વત્સદેશ ઉપર શાંતિથી રાજ્ય ચલાવવા માંડ્યું. તેવામાં ઇ. સ. પૂ. ૪૭૨ માં નંદિવર્ધન મગધપતિ થતાં, તેની આંખ પોતાના સસરાના વત્સદેશ તરફ ફરકવાથી[૫૬] તેણે તે દેશ ઉપર ચડાઇ કરી. પરિણામે તે દેશ રાજા નંદિવર્ધનની સત્તામાં ચાલ્યો ગયો અને તેણે પોતાના મગધ સામ્રાજ્ય સાથે તેને ભેળવી દીધો. આ બનાવ ઇ. સ. પૂ. ૪૬૭ માં બન્યો હતો. જેથી રાજા મેઘવિનનું રાજ્ય, કૌશંબિપતિ તરીકે ઇ. સ. પૂ. ૪૯૦ થી ૪૬૭=૨૩ વર્ષ પર્યંત ચાલ્યું હતું એમ કહી શકાશે.

## (૬) શ્રાવસ્તિ.

આ પ્રદેશ કોશળ મહારાજ્યની અંતર્ગત સમાઈ જતો હોવાથી તેનું ખાસ છૂટું વર્ણન કરવાની આવશ્યક્તા રહેતી નથી.

## (૭) વૈશાલી.

**ટૂંક હકીકત**

આ રાજ્યનો વિસ્તાર બૌદ્ધગ્રંથના આધારે ૫૦૦૦ લી.[૫૭] જેટલો ગણાય છે.[૫૮] અને તેના પાટનગરનો ઘેરાવો ૬૦ થી ૭૦ લીનો ગણાય છે. વળી તે મગધદેશની રાજગૃહી નગરીથી ઉત્તરે આશરે ૩૮ માઇલે અને ગંગાનદીના પ્રવાહથી ઉત્તરે આશરે ૨૫ માઇલે આવેલું છે.[૫૯] હાલ જે ભાગને બિહાર પ્રાંતના ચંપારણ્ય[૬૦] સારણ, મુજફરપુર અને દરભંગાના જીલ્લા તરીકે ઓળખવામાં આવે છે તેટલો ભૂમિવિસ્તાર આ વૈશાલી દેશમાં તે સમયે ગણાતો હતો. પૂર્વના સમયે તેને વિદેહ

---

વર્ષનીજ ઉમરની હતી; પણ ૬૭ વર્ષની ઉમરે મરણ થયું એટલે ૬૩ મે વર્ષે ફરજંદ થાય તે જરા ગળે ઉતરે તેવી વાત નથી. પણ જ્યાં શાક્યસિંહ ગૌતમના જન્મ સમયે તેમના પિતાની ઉમર તો વળી તેથી એ વિશેષ હતી તે વાત યાદ કરીએ છીએ ત્યારે ઉદયનને ત્યાં ૬૪ વર્ષે પુત્રીનો જન્મ થાય તે કાંઈ અજયબી કરતું નથી.

( ૫૫ ) આ હકીકત માટે અવંતિ દેશના વર્ણનમાં જુઓ.

( ૫૬ ) વળી એમ પણ સંભવિત છે કે, તેણે ચડાઈ કરી નહીં હોય પણ, ઈ. સ. પૂ. ૪૬૭ માં અવંતિપતિ નિર્વંશ મરણ પામવાથી, અને તે પ્રદેશ ઉપર પોતાનો હક્ક હોવાથી, તેણે પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધો હતો.

( ૫૭ ) લી=૧/૧૦ માઈલ આશરે પણ ગણાય તેમ ૧/૭ માઈલ પણ ગણાય છે.

( ૫૮ ) રે. વે. વ. પુ. ૨ પૃ. ૬૬

( ૫૯ ) બુ, ઈ, પૃ. ૪૧

( ૬૦ ) જ. ઓ. બી. રી.સો. પુ. ૧ પૃ. ૭૬ તે ચંપારણ જીલ્લાનો એક ભાગ છે.

દેશ પણ કહેવામાં આવતો[૬૧] કે જેની રાજ્યધાની મિથિલાનગરી ગણાતી. અયોધ્યાપતિ રામચંદ્રજીની રાણી સીતાદેવીનું [૬૨]મહિયર તે જ આ દેશ સમજવો.

જે સ્થાન ઉપર વૈશાલી નગરી વસી રહી હતી તે સ્થળ ઉપર અત્યારે તો કેવળ બે નાનાં ગામડાંજ આવી રહેલાં છે. એકનું નામ બેસાર ( Besarh )[૬૩] અને બીજાનું નામ બેખાર ( Bekhar )[૬૪] છે. આ બેસારનું સ્થાન મુકરર કરતાં એક ગ્રંથકાર[૬૫] તેને ગંડક નદીના વામ તીરે, મુજફરપુર ( Tirhut ) જીલ્લામાં જે હાજીપુર નામનું શહેર આવેલું છે. તેનાથી બરાબર ૧૮ માઈલ ઉપર, ઉત્તર દિશામાં બતાવે છે. તેમજ હાજીપુર તાલુકામાં જે પ્રદેશને બેસાર પરગણા તરીકે ઓળખાવાય છે તે વિશાલા શબ્દનો જ અપભ્રંશ થતો થતો પ્રચલિતપણે ઉતરી આવ્યો હોય એમ પોતાનું મંતવ્ય થતું જણાવે છે. બેસાર કરતાં બેખાર ગામનું વર્ણન કાંઇક વિશેષ રસપ્રદ હોઇને તે સદ્દાબરં અત્રે ઉતારૂં છું[૬૬] બેખારના વાયવ્ય ખૂણે અશોકે બંધાવેલો એક સ્તૂપ હતો. તેમજ ૫૦ થી ૬૦ ફુટ ઉંચો અને ટોચ ઉપર સિંહથી અલંકૃત એવો પત્થરનો એક કીર્તિસ્થંભ પણ હતો. એ સ્થંભની દક્ષિણે એક તળાવ હતું. બેસારથી વાયવ્ય ખૂણે બે માઇલ દૂર અને બેખાર ગામથી અગ્નિ ખૂણે એક માઈલને અંતરે આવેલ કોલુઆ ગામની નજીક, આ મહાન કીર્તિસ્થંભ આવેલો છે, કે જેને બેખારનો લાટ અગર અખંડસ્થંભને નામે ઓળખવામાં આવે છે. પ્રખ્યાત વૈશાલી નગ-

---

( ૬૧ ) Bud Ind. p. 25–They include eight confederaed clans of whom Lich-chhavis and Videha were the most important. ( જુઓ આગળ ઉપર ટીકા નં. ૭૨ બુ. ઇ. પૃ. ૨૫ તે ( દેશમાં ) વિદેહમાં વસ્તા ક્ષત્રિઓમાં) આઠ જાતિના ગણતંત્ર રાજ્યકુળો હતાં તેમાં પણ લિચ્છવી અને વિદેહા નામના ( ક્ષત્રિયો ) પ્રધાન પદે ગણાતા.

વળી પૂરા. પુ. ૧ પૃ. ૧૪૭ અને તેની આગળના પૃષ્ઠો જુઓ. તેમજ કે. એ. ઇ. માં વિદેહના પ્રદેશની જે હદ ( ઉપર પૃ. ૬૨ માં ટીકા નં. ૩૮ માં કે. એ. ઇ' પૃ. ૧૦૪ ના ઊતારાવાળું લખાણ વાંચો ) બતાવી છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિદેહ તેજ વૈશાળીનું રાજ્ય છે.

( ૬૨ ) વિદેહ દેશની કુંવરી હોવાથી સીતા દેવીનું નામ " વિદેહા " કહી શકાય અને જનકરાજા વિદેહ દેશનો રાજકર્તા હોવાથી વિદેહી કહેવાયા છે. તેવીજ રીતે ચેટક રાજાને ( વૈશાળીપતિને ) વિદેહપતિ કહેવાય છે અને તેમની બહેન રાણી ત્રિશલાદેવીને એટલે શ્રી મહાવીરની માતાને પણ જૈન ગ્રંથોમાં વિદેહા ( વિદેહ દેશની પુત્રી ) તરીકે ઓળખાવાયેલ છે. ( જુઓ ક, સૂ, સુ, ટીકા પૃ. ૭૫ )

(૬૩) For full particulars of excavations of this historical place vide Archeological survey Report of India by Sir Cunningham 1903-4 p. 81–122.

આ પ્રસિદ્ધ સ્થળના ખોદકામને લગતી હકીકતનો સંપૂર્ણ હેવાલ વાંચવો હોય તો જુઓ ( સર કનિંગહામે લખેલા આ. સ. રી. ૧૯૦૩–૪. પૃ. ૮૧ થી ૧૨૨ )

( ૬૪ ) Vide Arch. sur. India 1880–81 આ ગામના ખોદકામની હકીકત માટે જુઓ, આ. સ. રી. નં. ૧૬ ( સને ૧૮૮૦—૮૧ સાલનો )

(૬૫) Dey's Ant. Geo. of India p. 98 જુઓ ડે. એ. ઇ. પૃ. ૯૮

( ૬૬ ) જુઓ આ. સ. રી. સને ૧૮૮૦—૮૧ પૃ. ૧૩ તેમાં આ પ્રમાણે લખેલ છે. (Arch. sur. India 1880–81 ) P. 13.

રીના પ્રાચીન અવશેષની પ્રતીતિ રૂપે આ સ્થંભ ઉભો છે. સર્વે અખંડ અને સિંહાલંકૃત સ્થંભોમાં આ સૌથી ભારેમાંભારે છે. આ રાજનગરીને ત્રણ[૬૭] કોટ હતા અને દરેક કોટ વચ્ચેનું અંતર એક ગાવુત[૬૮] (ગાયનું ભાંભરવું સંભળાય તેટલું) હતું. ૭૭૦૭ રાજાઓ[૬૯] જેને લિચ્છવી સરદારો કહેવાતા તેઓ ત્યાં વસવાટ કરતા હતા. આ ત્રણ કોટની અંદરજ શહેરનાં ત્રણે પરાંઓનો સમાવેશ થતો હતો. વાણિજ્ય ગ્રામ[૭૦] (એક પરૂં) માં વેપારી વર્ગ, બ્રાહ્મણકુંડગ્રામ (બીજું પરૂં) માં બ્રાહ્મણો અને મધ્યના ક્ષત્રીયકુંડગ્રામ (ત્રીજું પરૂં) માં અથવા જેને કુંડગ્રામ પણ કહેતા તેમાં ક્ષત્રીઓ વસવાટ કરતા હતા.

જેમ કેટલાક દેશના રાજ્યવંશના સ્થાપકથી માંડીને એક પછી એક તેના વંશજોનાં નામો આપણને મળી આવે છે તેમ આ વૈશાળીના રાજકર્તાઓના નામની નામાવળી તો એક બાજુ રહી, પણ કોઇ છૂટાછવાયાનું નામ પણ જણાયું નથી. કેવળ એકજ રાજાનું નામ મળી આવે છે અને તે પણ શ્રી ગૌતમબુદ્ધ અને શ્રી મહાવીરના સમયમાં રાજ્યાસન ઉપર બિરાજેલ નૃપતિ ચેટકનું જ માત્ર છે. આ રાજાનો મહેલ ક્ષત્રિયકુંડગ્રામ નગરની છેક દક્ષિણે આવેલ હોય એમ કેટલાંક વર્ણન ઉપરથી કલ્પી શકાય છે. રાજા ચેટક તે વજ્જી ( વ્રજિજ ) નામના ક્ષત્રિયોની લિચ્છવી શાખામાંથી ઉતરી આવેલો હતો.[૭૧]

**તેના રાજકુટુંબ વિશે**

To the north-west of Bekhar, there was a stupa built by Asoka, and a stone-pillar, 50 to 60 ft in height crowned by a lion. To the south of the pillar there was a tank: near the village of Kochua, 2 miles to the N. W. of Besarh and mile to the S. E. of the village of Bekhar, stands the massive stone-pillar, known as Bekhar Lat or monolith. The pillar evidently formed a part of the ancient monuments of the famous city of Vaishali. The pillar is the heaviest of all the Lion-monoliths; the capital city had three walls, each of them a gavuta distant from the next and of the 7707 Rajas. that is Lichhavi chiefs, who dwelt there. The above said three walls encircled within its precincts the three para ( suburbs ) of the city, named Vanijyagram ( suburb inhabited by the commercial community ) in the north, Brahamanakundgram ( the part inhabited by the Brahamins ) in the middle and Kshatriyakundgram ( the part inhabited by the kshatriyas ) or shortly called Kundgram in the south.

( ૬૭ ) બુ, ઈં, પૃ. ૪૧ ( જાતકવાર્તા પુ. ૧ પૃ. ૩૮૯ ના આધારે, આ હકીકત જણાવેલ છે. )

( ૬૮ ) ઉપર ની ટીકામાં લખેલ પુસ્તકના પૃ. ૫૦૪ માં જણાવેલ છે કે ગાય જે ભાંભરે તેનો અવાજ જ્યાં સુધી સાંભળી શકાય તેટલા અંતરને ગાવુત કહેવાય છે.

( ૬૯ ) ઉપરનુંજ પુસ્તક ૧ પૃ. ૫૦૪ જુઓ. વળી " રાજા " ની સમજૂતી માટે આ પુસ્તકમાં ઉપર પૃ. ૧૩ માં જુઓ.

(૭૦) વૈશાલી શહેરના વર્ણન વિશે મારો લેખ જુઓ ( જૈન ધર્મ પ્રકાશનું માસિક ભાવનગરથી પ્રગટ થતું પુ. ૪૭ અંક ૮ પૃ. ૨૯૭ થી ૨૯૮ )

( ૭૧ ) રે. વે. વ. પુ. ૧ પૃ, ૭૭ ટી, ૧૦૦ ( ઉતારા માટે આ પુસ્તકમાં પૃ, ૬૨ ટીકા નં ૩૯ જુઓ )

આ ક્ષત્રિયોની નવ શાખાઓ હતી તેથી તે સર્વને સંવિજિજ ( સમ્=Together સંયુકતપણે ) તરીકે ઓળખાવાતી અને તે સઘળામાં પ્રાધાન્ય વ્યક્તિ તરીકે રાજા ચેટકને ગણવામાં આવતો હતો. પછી તેની ઉમરને લઇને હોય કે તેના ઉચ્ચ કૂળને લીધે હોય કે રાજ્યના મહત્તાને[૭૨] લીધે હોય તે બરાબર જણાયું નથી; પણ સામાજિક[૭૩] બાબતોમાં તેનો દરજ્જો સર્વમુખત્યાર જેવો હતો એટલું ચોક્કસ છે.

રાજા ચેટક એક અચ્છો તીરંદાજ-બાણાવળી તરીકે પ્રખ્યાત હતો.[૭૪] તેની નિશાન તાકવાની કળા એટલી બધી કેળવાયલી હતી કે તેનું કોઈ નિશાન અફળ જતુંજ નહીં. અને તેના વિશે વળી એમ પણ કહેવાયું છે કે, એક દિવસમાં કદી તે બે વખત નિશાન ચડાવતોજ નહીં.[૭૫] જેમ નિશાનકળામાં તેણે ટેક જાળવી રાખી હતી તેમ તેનું ધર્માભિમાન પણ તેટલીજ હદે પહોંચ્યું હતું. તેણે એવી ટેક-પ્રતિજ્ઞા લીધી હતી કે પોતાની કોઇ કુંવરીને અજૈન-જૈનેતર રાજકર્તા વેરે પરણાવવી નહીં. આ કારણથીજ તેણે મગધપતિ રાજા શ્રેણિક સાથે યુદ્ધ વહોરી લીધું હતું. ( જે આપણે રાજા શ્રેણિકના વૃત્તાંતે જોઇ શકીશું. ) રાજા ચેટકને કોઈ પુત્ર વારસ નહોતો.[૭૬] માત્ર પુત્રીઓજ હતી. અને તેની સંખ્યા કાંઇ એક બેની નહોતી પણ સાત સાત જેટલી મોટી હદે પહોંચી હતી. અને તે સર્વેને તેણે પોતાના સપથ પ્રમાણે, તે સમયના મોટાં મોટાં રાજ્યના ખુદ રાજ્યકર્તા વેરેજ પરણાવી દીધી હતી. આ સાતે પુત્રીઓને લગતો ઇતિહાસ અતિ વિલક્ષણીય અને મનોરંજક પ્રકરણ પુરૂં પાડે તેવો છે. પણ તે આપણા પુસ્તકની મર્યાદાનો વિષય નથી એટલે મૂકીદેવોજ પડશે. છતાંયે, તેને કાંઈક સંક્ષિપ્તમાં તો જણાવ્યા વિના છૂટકોજ નથી, કેમકે તે દરેકનું લગ્ન મોટા મોટા પ્રદેશના રાજકર્તા સાથે થયું હતું એટલે તેમની હકીકત, તે દરેક રાજકર્તાની ઉમર,

(૭૧) Rec. West World I p. 77 f. n. 100. The country of the Vrijjis or Samvrijjis united Vrijjies was that of the confederated eight tribes ( according to the Jain books they are nine– કૌંસમાં મૂકેલ શબ્દો મારા લખેલા સમજવા ) of the people called Vrijjis, one of which that of the Lichhavi dwelt at Vaishali Their country is broad from west to east and narrow from north to south ( vide also f. n. 65. on the preceeding page )


( ૭૨ ) રાજ્યનો વિસ્તાર તો અન્ય બીજા રાજ્યો કરતાં નાનો હતો એટલે રાજ્યની મહત્તાના લીધે તો નહીં હોય; બાકી મૂળગાદી ઉપરથી ઊતરી આવ્યાને લીધે હોય એમ બનવા જોગ છે, અથવા તો વયોવૃદ્ધ હતો એટલે ઉમરને લીધે પણ હોય, બાકી વિશેષ તો તેના અનેક સદ્‌ગુણોને લીધે આમ બન્યું હોય તેમ પણ અટકળી શકાય છે.

( ૭૩ ) ક. સૂ. સુ. ટી. પૃ. ૧૦૨. કાશી તથા કોશળપતિઓ, ચેટકના સામંતો હતા, રાજકીય નજરે સામંતો હોવાનું સમીચીન લાગતું નથી. કેમકે કાશીપતિ કે કોશળપતિ બેમાંથી કોઈ વૈશાલીને તાબે નહોતું ( તે માટે તે દેશની હકીકતે જુઓ ). પણ કાશીપતિ એટલે મગધપતિ ( કાશી અને મગધ એક સામ્રાજ્યમાં તે સમયે હતાં ) મલ્લ ક્ષત્રિયો હતા અને કોશળપતિઓ ઈક્ષ્વાકુ કુળના શાક્ય ક્ષત્રિયો હતા. અને આ બન્ને ક્ષત્રિયો સંવિજિ કે લિચ્છવીના પેટા વિભાગ હોવાથી રાજા ચેટક તેમનો સામાજિક ઉપરી ગણી શકાય ખરો.

( ૭૪ ) જૈન સાહિત્ય સંગ્રહ લેખમાળા પૃ. ૨૫

( ૭૫ ) જુઓ ઉપરનુંજ પુસ્તક પૃ, ૭૪

( ૭૬ ) ભ. બા. વૃ. ભા. જુઓ.



( આકૃતિ. નં. ૧૮ : પૃષ્ઠ ૧૨૨ )



( આકૃતિ. નં. ૨૦ : પૃષ્ઠ ૧૫૩ )



( આકૃતિ. નં. ૨૧ : પૃષ્ઠ ૧૫૩ )

( આકૃતિ. નં. ૧૭-સરખામણી કરી શકાય માટે નં. ૨૬ મી આકૃતિની પાસે મૂકી છે માટે ત્યાં જુઓ. )



( આકૃતિ. નં. ૨૨ : પૃષ્ઠ ૧૬૨ )



( આકૃતિ. નં. ૨૩ : પૃષ્ઠ ૧૭૪ )

રાજ્યકાળ તથા તેમના રાજ્યકાળમાં બનેલા વૃત્તાંતો અને ઇતિહાસિક બનાવોની સાલવારીની અટકળ કાઢવાને, અતિ મદદરૂપ થઇ પડે તેમ છે.

**સાત કુંવરીના નામ તથા તેમના પતિઓનો ટૂંક પરિચય**

રાજા ચેટકને ઘણી રાણીઓ હતી. જુદી જુદી રાણીથી સાત કુંવરીઓનો તે પીતા થયો હતો. આ સાતમાંની કોઇ સહોદરા હતી કે કેમ તે શોધી શકાતું નથી. તેમાંની એક **પ્રભાવતીને**[૭૭] **સિંધસૌવિરના** ઉદયન વેરે પરણાવી હતી, બીજી **પદ્માવતીને** અંગદેશના રાજા **દધિવાહન** વેરે પરણાવી હતી; તેમ ત્રીજી **શિવાદેવીને**, અવંતિપતિ રાજા **ચંડપ્રદ્યોત** વેરે, ચોથી **મૃગાવતીને** કૌશાંબિ–વત્સપતિ રાજા **શતાનિક** વેરે, અને પાંચમી **જ્યેષ્ઠાને**, કુંડગ્રામના[૭૮] યુવરાજ **નંદીવર્ધન**[૭૯] વેરે; આ પ્રમાણે પાંચ કુંવરીઓને કયારની પરણાવી દીધી હતી. પણ સૌથી નાની બે, નામે **સુજ્યેષ્ઠા** અને **ચિલ્લણા** હજુ કુંવારીઓ હતી. પણ પાછળથી કુંવરી **ચિલ્લણાને** મગધપતિ સમ્રાટ્ **શ્રેણિક** વેરે પરણાવાઇ હતી જ્યારે સુજ્યેષ્ઠાએતો બાળબ્રહ્મચારિણી રહી, જૈનદીક્ષા ગ્રહણ કરી, સાધ્વીરૂપે જીવન સમાપ્ત કર્યું હતું. આ નામો તે સર્વેની ઉમરના અનુક્રમેજ દેવાયાં છે એમ સમજવાનું નથી. તે તો હજુ આપણે નીચેના પારિગ્રાફોથી તારવી કાઢવાનું રહે છે.

( ૧ ) **પ્રભાવતી**—તેણીને **વિતભયપટ્ટણ** ( સિંધ–સૌવિર દેશની રાજધાનીનું નામ છે ) ના રાજા ઉદયન વેરે પરણાવી હતી. આ રાણીના જીવન વૃત્તાંતમાંનો જે કેટલોક ભાગ આપણને ઉપયોગી થાય તેમ છે તેટલોજ[૮૦] માત્ર ઉતારૂં છું. અને તે સર્વ હકીકત મહાવીરના શ્રીમુખેથી તેમને કૈવલ્ય જ્ઞાન ઉત્પન્ન થયા બાદ વદાયલી હતી ( કૈવલ્ય જ્ઞાન તે સર્વ વ્યાપી ગણાય છે ) એટલે, તેમણે ઉચ્ચારેલું કથન સર્વથા સત્યપણે[૮૧] સ્વીકારવું રહે છે.

સિંધુ[૮૨] પ્રદેશમાં વિતભયપટ્ટણ નગરીમાં ઉદયન નામનો રાજા રાજ્ય કરતો. તે ચેટક

---

( ૭૭ ) ખરૂં નામ પ્રભાવતીજ સંભવે છે કેમકે આના જેવું બીજું નામ પાછું કુવરી પદ્માવતીનું તો આવે છે એટલે ભ. બા. વૃત્તિ પૃ. ૩૧૫ માં જે ઉપરની પ્રભાવતીનું નામ પદ્માવતી લખાઈ ગયું છે. તે પ્રેસવાળાની ગલતિનુંજ કારણ સંભવે છે. કારણ કે તેજ પુસ્તકમાં ફરીને પૃ. ૩૨૫ માંતો પાછું તેણીનું નામ પ્રભાવતીજ લખ્યું છે.

( ૭૮ ) આ માટે જુઓ. પૃ. ૧૨૬ કે જ્યાં તેને વિશાળા નગરીનું એક પરૂં કહી બતાવ્યું છે. આગળના વખતમાં ગણ રાજ્યો હતાં તેથી આવા નાના પ્રદેશોના અધિપતિને પણ રાજાની પદવીથી (જુઓ ઉપર પૃ. ૧૩ નું લખાણ) સંબોધાતા તેમજ મોટા પ્રદેશોના અધિપતિને પણ રાજાની પદવીથી સંબોધાતા હતા વળી તે સર્વે, મોટા પ્રદેશના રાજવી જેવા સ્વતંત્ર પણ હતા એટલે કે હાલમાં Federated States જેવું ( એકદમ તેવું તો નહીંજ ) બંધારણ અસ્તિત્વમાં હતુંજ; આવા રાજાની સંખ્યા એકલા વૈશાળી રાજ્યે પણ અતિ વિપુલપણે હતી ( જુઓ ઉપર પૃ. ૧૨૩ ના ઇંગ્રેજી ફકરાના ઉતારામાં )

( ૭૯ ) આ નંદીવર્ધન તે શ્રી મહાવીરના વડીલ બંધુ હતા અને રાજા સિદ્ધાર્થના યુવરાજ હતા.

( ૮૦ ) જુઓ નીચેનું ટીપણ નં. ૮૨.

( ૮૧ ) આ વિષય ધર્મનો છે એટલે જૈનેતર વાચકને આ કથનમાં શ્રદ્ધા ચોંટે યા ન ચોંટે પણ ઈતિહાસને અંગે ધાર્મિક મુદ્દાની ચર્ચામાં ઉતરવા જરૂર નથી. તેથી આટલુંજ પ્રસ્તાવના તરીકે વાચક વર્ગ હાલ તુરત સ્વીકારી લે એટલી વિનંતિ છે.

( ૮૨ ) જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૧૮૨ થી ૮૩ તથા પૃ ૩૧૫ થી ૨૫ સુધી. અહીં તો ગુજરાતીમાં લખ્યું છે જ્યારે તેનું ઇંગ્રેજી આ પ્રમાણે છે.

રાજાની કુંવરી નામે પ્રભાવતીને પટરાણી તરીકે પરણ્યો હતો. તેણી એક અમુક મૂર્તિની લાંબા સમયથી પૂજા કરતી હતી. મૃત્યુસમય સમીપ આવ્યો છે એમ સમજી તેણે દીક્ષા લીધી. અને

---

King Udayan ruled Vitabhaypattana which adorned the country of Sindhu Desh. He had Prabhavati, the daughter of king Chetak as his chief queen; she worshipped a specific idol for long time, and on seeing her death nearing, she took diksha & handed over the idol for worship to one of her maid-servants, who was an ugly-looking girl. Once a merchant from Gandhar went there ( to Sindhudesh ) & fell sick. This maid-servant nursed him very well; in return of her services the merchant-prince gave her some medicinal conjuring pillets, by eating one of which she transformed her ugliness into damsel-beauty, by eating another a deity appeared before her, for service. She begged of the deity to find out a suitable husband for her; the deity arranged her pair with king Chand of Avanti, who took her away with that sacred and specified idol, all mounted on his Analgiri elephant; after the idol, was removed from Vitabhaya, king Udayan found out from inquiries that both the maid and the idol were at Avanti. He demanded them back; king Chand declined to part with them. So he (Udayan) invaded the country of Chand & defeated him; while the maid—queen took some where to her heels; hence the king Udayan wanted to have only the idol back; but that did not move from the place; mean while the soul of queen Prabhavati, who was in heavens appeared before him as a god & said " Oh, king Udayan you need not remove the idol to Pattan, as your capital was shortly to be buried under the sands falling in torrents. Let it remain here " So, king Udayan prepared for return to his country. Taking king Chand with him as a war-captive. and also maid him ( Chand ) wear on his forehead a tablet of gold plate, bearing the prescription "Mama-dasipati " He encamped at Dashpur on the way, when there was the Paryushan-parva & observed a fast for the day. He therefore told his cook, not to cook for him but for king Chand alone, whatever he liked. The cook asked king Chand, what he wanted to have for his meals. King Chand, suspecting some intrigue questioned the cook, why only today he was asked of this; the cook said, king Udayan has the Paryushana fast today. King Chand pretending & suspecting that he will be given poison mixed with food, told the cook that he was also a Jain & had to observe the same fast, but being afflicted with these calamities, forgot the advent of this auspicious religious holiday. The cook carried the massage to his master,

એ મૂર્તિ પોતાની એક કુબડી દેખાતી દાસીને પૂજા કરવા સોંપી દીધી. એક વખતે ગાંધાર દેશનો એક સોદાગર સિંધુ પ્રદેશમાં આવી ચઢ્યો.[૮૩] અને એકાએક માંદો પડ્યો. પેલી દાસીએ આ સોદાગરની સારી રીતે સારવાર કરી, અને એ સેવાના બદલામાં એ શાહ સોદાગરે તેણીને જાદુઈ ગોળીયો આપી. એમાંની એક ગોળી ખાતાંની સાથે એની કુરૂપતા અદશ્ય થઇ ગઇ અને એક અપ્સરા જેવી સુંદર ભાસવા લાગી. બીજી ગોળી ખાતાંની સાથે તો એક દેવી તેની સેવામાં હાજર થઇ. એ દેવીને, પોતાને માટે એક યોગ્ય વરને શોધી લાવવા વિનંતિ કરી. એ દેવીએ એનું લગ્ન અવંતિના ચંડ રાજા સાથે નક્કી કર્યું. પછી તે ચંડ રાજા ત્યાં આવીને તેણીને પેલી પવિત્ર મૂર્તિ સાથે, અનળગિરિ[૮૪] નામના હાથીપર બેસાડીને લઇ ગયો. વિતભયપટ્ટણમાંથી આ રીતે દાસી અને મૂર્તિ લઈ જવામાં આવી. થોડા સમયે ઉદયન રાજાને તપાસ કરતાં માલમ પડ્યું કે દાસી અને મૂર્તિ બન્ને અવંતિમાં છે. ત્યારે તેણે બન્ને માટે ચંડ પાસે માંગણી કરી. રાજા ચંડે એ બેમાંથી એકેય પાછા સોંપવા ના પાડી. તેથી ઉદયન રાજાએ ચંડના રાજ્યપ્રદેશ ઉપર ચઢાઇ કરી અને તેને હરાવ્યો. એટલામાં તે દાસી–રાણી કોઇક ગુપ્ત સ્થળે સંતાઇ ગઇ. એટલે ઉદયને એકલી મૂર્તિને પાછી લઇ જવાનો નિર્ધાર કર્યો, પણ તે મૂર્તિ તેની જગ્યાએથી ખસેડી શકાઈ નહીં.

તે દરમ્યાન સ્વર્ગસ્થ રાણી પ્રભાવતીનો આત્મા દેવસ્વરૂપે ત્યાં પ્રગટ થયો ને કહ્યું "હે ઉદયન રાજા ! આ મૂર્તિને પટ્ટણ લઈ જવાનું સાહસ કરીશ મા: કેમકે તારી નગરી ટુંક સમયમાં ધોધમાર રેતીના ઢગલા નીચે દટાઈ જવાની છે. માટે એને અહીંજ રહેવા દેજે."

એટલે રાજા ઉદયન, રાજા ચંડને કેદી તરીકે લઇને પટ્ટણ તરફ પાછો ફર્યો. અને તેણે એક સુવર્ણપટ્ટ જેના પર "મમ દાસીપતિ" (મારી દાસીનો પતિ) એવા શબ્દો કોતરાવ્યા હતા તે લલાટે પહેરવાની રાજા ચંડને ફરજ પાડી.

રસ્તામાં તેમણે દશપૂર[૮૫] ગામ આગળ

---

king Udayan. On being told that king Chand, was also a Shravak (a lay-brother) king Udayan instantaneously came before king Chand, apologised to him, for not knownig him to be his religious lay-brother; so saying he removed that golden tablet from his forehead, then performed the Samvatsarik pratikraman & also released him from bandage; afterwards he returned to Vitabhayapattan.

(૮૩) આ ઉપરથી સમજાય છે કે, તે સમયે ગાંધાર અને સિંધ દેશ વચ્ચે વ્યાપારની ખીલવટ થયેલ હતીજ, તેમાં જળમાર્ગે સિંધુ નદી મારફત વેપાર ખેડાતો હશે, ઉપરાંત પગરસ્તે પણ ચાલતો હશે.

This shaws that commercial relations, did exist at the time, between Gandhar & Sindhudesh: perhaps both by land & water through the river Indus.

(૮૪) ભા. સ્તૂપ પૃ. ૨ માં તેનું નામ 'માલગિરિ' લખેલ છે.

He is named Malgiri (Bharhutastup by Cunningham p. 2)

(૮૫) રાજપુતાનામાં આવેલ જાવરા અને નીમચ વચ્ચે વર્તમાનકાળે મંદસોર નામે ગામ છે તેને પ્રાચીન સમયે દશપૂર હોવાનું ધારે છે (જુઓ પુશ. પુ. ૧ પૃ. ૨૬૯) દશપૂર તે ઉપરથી માલુમ પડે છે કે તેના લશ્કરની દશ ટુકડીઓ પાડવામાં આવી હતી; વળી કારપસ

વિશ્રાંતિ લીધી. એવામાં પર્યુષણા પર્વ[૮૬] આવી પહોંચ્યું. એટલે ઉદયને તે દિવસનો ઉપવાસ કર્યો અને રસોઈયાને ફક્ત ચંડને માટેજ તેને મનગમતી રસોઇ કરવા જણાવ્યું. રસોઈયાએ ચંડને ભાવતા ભોજનમાં શું જોઇએ છે એમ પૂછ્યું. ચંડને આ પ્રશ્નાવલીમાં શંકા પડતાં તેણે રસોઇયાને કહ્યું કે કોઇ દિવસ નહીં ને આજે તું કેમ આમ પૂછે છે ? ત્યારે રસોઈયાએ કહ્યું કે આજે તો મહારાજા ઉદયનને પર્યુષણાનો ઉપવાસ છે. ચંડને પોતાને ખાવામાં કોઇ પદાર્થ સાથે ઝેર મેળવીને આપવામાં આવશે એવો શક જવાથી તેણે કહ્યું કે, હું પણ જૈન છું અને[૮૭] મારે પણ મહાન ધાર્મિક પ્રસંગે ઉપવાસ કરવોજ જોઇએ, પણ આવા આકસ્મિક પ્રસંગો બનેલા હોવાથી માનસિક અશાંતિને લઇને હું ઉપવાસ કરવાનું ભૂલી ગયો હતો. રસોઇયાએ આ સંદેશો મહારાજા ઉદયનને કહી સંભળાવ્યો. રાજા ચંડ પણ એક શ્રાવક છે એવું, જાણવામાં આવતાંજ રાજા ઉદયન તરતજ રાજા ચંડ પાસે દોડી ગયો અને અજાણપણે પોતાના એક ધર્મબંધુ પ્રત્યે, અજ્ઞાવવામાં આવેલાં આવાં વર્તન માટે દિલગીરી દર્શાવી. એટલુંજ નહીં, પણ તેના ભાલપ્રદેશપરનો સુવર્ણપટ કાઢી નાંખી સાંવત્સરિક પ્રતિક્રમણ પણ કરાવ્યું. ઉપરાંત તેને પોતાના બંધનમાંથી મુક્ત કરીને પછી પોતે વિતભયપટ્ટણમાં પાછો ફર્યો.[૮૮]

આ ઉપરથી સમજાશે કે ( ૧ ) ઉદયન સાથે રાણી પ્રભાવતીના લગ્ન થયા બાદ ઘણા વર્ષ સુધી તેણીએ પ્રતિમા પૂજી હતી; ( ૨ ) અને પોતાનું મરણ નજીક આવેલું જાણી દીક્ષા લઈ લીધી હતી તથા તે પ્રતિમા તેણીએ પોતાની દાસીને પૂજાઅર્ચન માટે આપી દીધી હતી. ( ૩ ) તે મૂર્તિ આ દાસી પાસે પણ કેટલાય વર્ષ સુધી રહી હતી પછી (૪) તેણીને દૈવી સહાયથી રાજા ચંડ સાથે લગ્ન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો અને તે સમયે, મજકુર પ્રતિમા પોતાની સાથે તેણી અવંતિમાં લાવી હતી ( ૫ ) હવે તો તે રાણી તરીકે રહેલી અને સુખચેનમાં દીવસો ગાળતી હતી. કેટલેક કાળે રાજા ઉદયનને પ્રતિમા ચોરાયાની ખબર પડી અને ભાળ કાઢતા, તે અવંતિમાં હોવાનો પત્તો લાગ્યો હતો ( ૬ ) પછી તે પ્રતિમા પાછી મેળવવાને સરસંદેશા ચાલ્યા અને પરિણામે યુદ્ધ જામ્યું હતું ( ૭ ) રાજા ઉદયનની જીત થઈ હતી: દાસી-રાણી નાશી ગઇ, પણ રાજા ચંડ કેદ પકડાયો હતો, રાજા ઉદયને મૂર્તિને પોતાના નગરે લેઇ જવા કોશિશ કરી પણ તે ત્યાંથી ખસી નહોતી; રાણી પ્રભાવતીનો જીવ જે તે સમયે દેવતા થયો હતો તેણે અંતરીક્ષ રહીને રાજાને વાણી સંભળાવી કે તારૂં પાટનગર થોડા વખતમાંજ રેતીના વરસાદ અને મોટા વાવંટોળથી નાશ પામવાનું છે[૮૯] માટે પ્રતિમાજીને અહીંજ

---

ઇન્સ્ક્રીપ્શન્સ ઈન્ડીકેરમ ( સર કનિંગહામનું રચેલું ) પુ. ૩ પૃ. ૭૯ ઉપર ડૉકટર ફ્લીટે લખેલ ટીકા વાંચો.

( ૮૬ ) પર્યુષણાપર્વનો માત્ર એકજ દિવસ તે સમયે પાળવામાં આવતો એમ આ ઉપરથી સમજાય છે. હાલ આઠ દીવસ સુધી તેની મર્યાદા ગણાય છે. જુઓ નીચેનું ટીપ્પણ નં. ૯૦

( ૮૭ ) આ ઉપરથી સમજાય છે કે આ સમય સુધી ચંડ રાજાએ જૈન ધર્મ સ્વકાર્યો નહોતો.

( ૮૮ ) મહાવીરને ઈ. સ. પૂ. ૫૫૬=મ. પૂ. ૩૦ માં કેવલ્ય ઉત્પન્ન થયું તે પહેલાં થોડાંક વર્ષે આ બનાવ બન્યો છે ( ઉપરનાં ટી. ૭૭ અને ૮૨ જુઓ ) એટલે આપણે તેને ઈ. સ. પૂ. ૫૬૧ મૂકીશું.

( ૮૯ ) આ દૈવીવાણી કેવા સાચી પડી હતી અને વિતભયપટ્ટણનો કેવો નાશ થયો હતો, તથા હાલ

રહેવા દેવી. તે ઉપરથી ઉદયને બંદિવાન ચંડ રાજાને માત્ર લઇને સ્વદેશ તરફ પ્રયાણ આદર્યું હતું, ( ૮ ) રસ્તામાં થોડી મંજલ કાપી ન કાપી, ત્યાં પર્યુષણાપર્વનો[૯૦] દીવસ આવ્યો એટલે લશ્કરનો પડાવ નાંખી ત્યાં તે ઠેરી ગયો હતો. સાંવત્સરિકના દીવસે પોતાને ઉપવાસ હતો એટલે કાંઈ ખાવું નહોતું તેથી રસોઈયાને આજ્ઞા કરી કે, આજે મારે તો ઉપવાસ છે માટે મારે સારૂ કાંઇ રસોઇ કરવાની નથી. રાજા ચંડ માટે જે તેઓ કહે તે બનાવી આપજે, તે ઉપરથી રસોઇયાએ જઇને ચંડ રાજાને પૂછયું હતું. રાજા ચંડે વિચાર્યું કે કોઈ દિવસ મને પૂછાતું નથી અને આજે પૂછવામાં આવે છે, માટે કાંઈ ઝેર ખવરાવી મને મારી નાંખવા છુપું કાવતરૂં તો નહીં હોય, એમ સમજી રાજા ઉદયન આજે કેમ ખાવાના નથી, તેનું કારણ પૂછયું; ત્યારે રસોઇયાએ કહ્યું કે જૈન ધર્મ પાળનાર શ્રાવકોનું આજે પર્યુષણા પર્વ છે તેથી; રાજા ચંડે ધુર્ત વિદ્યા આદરી દંભ કરીને જણાવ્યું[૯૧] કે "હા, હા, હું પણ જૈન છું. મારે પણ આજે પર્યુષણાનો ઉપવાસ છે. હા મને ધિક્કાર છે, કે આવા પવિત્ર દીવસનું મને સ્મરણ પણ રહ્યું નહીં, તમારૂં કલ્યાણ થજો કે તમે મને યાદ દેવરાવ્યું" આ હકીકત રસોઇયાએ જઇને રાજા ઉદયનને કહી, એટલે રાજા ઉદયન સફાળો બેઠો થઇ એકદમ રાજા ચંડ પાસે આવ્યો, ને માફી માંગી કે, અહો તમે જૈનધર્મી છો, એમ મને ખબર નહોતી. હવે હું તમને છુટા કરૂં છું, તમારા કપાળ ઉપરનો સુવર્ણપટ કાઢી નાંખું છું અને તમને જો કાંઈ મારા તરફથી મન દુઃખામણા થયા હોય તો તે માટે ખમાવું છું[૯૨] આ પ્રમાણે ખમાવી કરી હૃદયથી[૯૩] શુદ્ધ થઇ પછી પર્યુષણાનું સાંવત્સરિક પ્રતિક્રમણ રાજા ઉદયને કર્યું હતું. હવે જો આ બનાવ ઉપરથી આપણે સાલવારી ગોઠવવાને પ્રયત્ન કરીશું તો આપણે સત્યથી કાંઈક નજીક નજીક તો જરૂર આવીને ઉભા રહીશું જ.

રાજા ઉદયને ચંડપ્રદ્યોતને ખમાવ્યાની સાલ આપણે ઇ. સ. પૂ. ૫૬૧ ગણી છે.[૯૪] એટલે તેની સાથેના યુદ્ધની સાલ પણ તે જ હોય એટલે ઇ. સ. પૂ. ૫૬૧ થઇ; યુદ્ધ માટે પ્રયાણ કરીને એટલે લાંબેથી આવવું થાય, એટલે એકાદ વર્ષ

---

તે જગ્યાએ શું આવી રહ્યું છે, તે સર્વ હકીકત આપણે સિંધસૌવિર દેશના વૃતાંતે લખવું પડશે, ત્યાં જુઓ

( ૯૦ ) જૈન ધર્મના મોટામાં મોટા ધાર્મિક તહેવાર છે. પ્રથમતો એકજ દિવસનું પર્યુષણાપર્વ ગણવામાં આવતું, પછી ધીમે દહાડે તેને આઠ દીવસનું બનાવી દેવામાં આવ્યું છે. હાલની પ્રથાને લીધે અહીં "દીવસો" લખ્યું છે. બાકી "દીવસે" લખવું જોઈએ. સરખાવો ઉપર ટીપણ નં. ૮૬

( ૯૧ ) આ વાકયોથી સમજાય છે કે રાજા ચંડે અત્યાર સુધી જૈન ધર્મનો સ્વીકાર કર્યો નહોતો ( ઇ. સ. પૂ. ૫૬૧ સુધી કે, બે વર્ષ આઘા પાછાનો સમય ગણવો )

( ૯૨ ) ક્ષમા ચાહુ છું.

( ૯૩ ) જૈન ધર્મનું વિધાન છે કે ગમે તેવો વૈરી હોય તો પણ પર્યુષણા પર્વને દિવસે સર્વ જીવો ને ખમાવવાજ જોઈએ અને પછીજ પ્રતિક્રમણ કરવું જોઈએ. સર્વ પાપની આલોચના કરી તોજ લેખે લાગે છે.

સવ્વ જીવ કરૂં શાસન રસી,
ઐસી દયા ભાવ મન ઉલ્લસી ॥
ખામેમિ સવ્વજીવા, સવ્વે જીવા ખમંતુ મે
મિત્તિમે સવ્વ ભૂએસુ, વેર મજઝં ન કેણઇ.

( ૯૪ ) જુઓ ઉપર ટી. નં. ૮૮

તેમાં જાય તે ગણતાં ઈ. સ. પૂ. ૫૬૨ કહે- વાય. તે પહેલાં, પ્રતિમાની બાતમી મેળવતાં ચારેક વર્ષ લાગ્યાં ગણો, વળી તે પહેલાં દાસી-રાણી, ચંડની સાથે ઉપડી ગયાને પણ એક વર્ષ ગણાય; તે પહેલાં તેણીએ દાસી તરીકે પ્રતિમાની પૂજા કરવામાં પાંચેક વરસ ગાળ્યાં હશે એમ ગણો. એટલે કે ૪+૧+૫=૧૦ વર્ષ પહેલાં=૫૬૨+૧૦=ઈ. સ. પૂ. ૫૭૨ માં રાણી પ્રભાવતીનું મરણ થયું કહેવાય. અને તે પહેલાં ઈ. સ. પૂ. ૫૭૩ માં તેણીએ દીક્ષા લીધી ગણાય. હવે જો રાણીનો ગૃહસંસાર દશેક વર્ષ ચાલ્યો હોય તો લગ્ન આશરે ઈ. સ. પૂ. ૫૮૪ માં થયું કહેવાય. અને તે પટરાણી હતી, એટલે પ્રથમ પરણેતરજ ગણાય. અને પ્રથમ પરણેતર હોય એટલે રાજા ઉદયનની અને તેણીની ઉમર વચ્ચે બહુ બહુ તો ત્રણથી પાંચ જ વર્ષનો ફેર ગણાય. જે હિસાબે ઈ. સ. પૂ. ૫૮૪ માં રાણીની ઉમર તેરની હોય, તો રાજાની પંદરથી અઢાર ગણી શકાય. અને તે ગણત્રીએ રાજા ઉદયનનો જન્મ ઈ. સ. પૂ. ૬૦૦ થી ૫૯૮ ગણીએ[૯૫] તો ખોટું નથી. આ પ્રમાણે બધા કલ્પનાના ઘોડા ઉપર સ્વાર થઈને સાલો ગોઠવાય તે સારી પદ્ધતિ તો જો કે નથી જ, પણ જ્યાં બીજો કોઈ રસ્તો જ ન હોય ત્યાં "ન મામા કરતાં કાણો મામો સારો" તે ન્યાયે જે કાંઇ હાથમાં હથિઆર આવ્યું તેનો ઉપયોગ કરવો શું ખોટો? એમ ધારી સ્વમતિ અનુસાર આ સાલવારી ગોઠવ્યે ગયો છું. (પાછળથી તપાસ કરતાં ઉપરની કલ્પનાઓ સાચી જ ઠરી છે. તે આપણે વિશેષપણે સિંધ-સૌવિર દેશના વર્ણને વાંચીશું) એટલે ઉદયનનો જન્મ આપણે ઈ. સ. પૂ. ૬૦૦-૫૯૮ ગણવો રહે છે અને રાણી પ્રભા- વતીનો જન્મ ઈ. સ. પૂ. ૫૯૭ થી ૫૯૮ ગણવો રહે છે. અને તેમનું લગ્ન ઈ. સ. પૂ. ૫૮૪ આસપાસ બન્યું હોવાનું ઠરાવી, રાણીની દીક્ષા આશરે ૫૭૪-૭૫ (કે બે વરસ પછી)માં લેવાઇ હતી એમ ગણીશું.

(૨) **શિવા**—જો કે પૃ. ૧૨૫ ઉપર આ. સાત બહેનોનાં નામની જે નોંધ આપી છે તેમાં પ્રભાવતી પછી પદ્માવતીનું નામ લખવામાં આવ્યું છે, પણ ઉપર લખી ગયેલ પ્રભાવતીના વર્ણનમાં ચંડપ્રદ્યોતનું નામ વારંવાર આવ્યું છે. તેમ તેને લગતી સાલો થોડી ઘણી મળી પણ આવી છે, એટલે તે ચંડપ્રદ્યોતની વેરે જે કુંવરી શિવાદેવીનું લગ્ન થયું હતું, તેણીને લગતી સાલ- વારીની વિચારણા સરલ થાય તે માટે તેણીની હકીકત આપણે પ્રથમ વિચારી લેઇએ.

એમ હકીકત નીકળે છે કે, રાજા ચંડ અને રાજા શ્રેણિક બન્ને ઇ. સ. પૂ. ૫૬૮ માં[૯૬] પોતપોતાના રાજ્યના સ્વામી બની, રાજ્યારૂઢ થઈ ગયા હતા.[૯૭] બીજી બાજુ રાજા ચંડના મરણની સાલ માટે એમ કહેવાયું છે કે જે

(૯૫) પાછળથી (જુઓ કે. હી. ઈ. પૃ. ૧૮૮ તથા આગળ ઉપર રાજા ઉદયનના જીવન વૃત્તાંતે). સાબિત થયું છે કે રાજા ઉદયનનો જન્મ ઈ. સ. પૂ. ૬૦૦ માં થયો હતો: એટલે આ પારિગ્રાફમાં મેં જે સાલો, વિવિધ બનાવો બન્યાની ગણાવી છે તેમાં પણ તેટલા અંશે ન્યૂનાધિક કરવાથી, સત્ય હકીકતના સ્થાને આવીને ઉભા રહેવાશે.

(૯૬) કેમકે આ સાલમાં શ્રી મહાવીરે સંસાર તજીને દીક્ષા ગ્રહણ કરી હતી (જુઓ નીચેનું ટીપણ ૯૭) નિર્વાણકાળ ઇ. સ. પૂ. ૫૨૭ છે; ને કૈવલ્યઅવસ્થા ૩૦ વર્ષની છે અને તે પહેલા સાદા મુનિ તરીકે ૧૨ વર્ષ છે તે હિસાબે ૫૨૭+૩૦+૧૨=૫૬૯-૮ આવે છે.

(૯૭) ક. સૂ. સુ. ટીકા પૃ. ૭૬ માં લખેલ છે કે "ચક્રવર્તિપણાની બુદ્ધિથી તેમની (મહાવીરની) સેવા

રાત્રીના શ્રી મહાવીર કાળ-નિર્વાણ પામ્યા તેજ રાત્રીના અવંતિપતિ ચંડનું પણ મરણ[૯૮] નીપજ્યું છે. જેથી કરીને રાજા ચંડના મૃત્યુની સાલ ઈ. સ. પૂ. ૫૨૭ ની થઇ કહેવાય. એટલે રાજા ચંડનું રાજ્ય ઈ. સ. પૂ. ૫૬૮ થી ૫૨૭ સુધી=૪૧ વર્ષનું તો ઓછામાં ઓછું સાબિત થઇ જ ચુકયું ગણાય. હવે જો તેના સમોવડીયા-સમકાલીન મગધપતિ શ્રેણિક અને કોશલપતિ પ્રસેનજિત વિગેરેના રાજ્યકાલ ૫૨-૫૩ વર્ષ ચાલ્યાનું વિચારીએ છીએ ત્યારે ચંડપ્રદ્યોતના હિસાબે ભલે ગમે તેટલો લાંબો સમય અર્પણ ન કરીએ તો પણ જો બન્નેની ( ૫૨ અને ૪૧ વર્ષની વચ્ચે ) વચ્ચે મધ્યપણે લેઇએ તોયે, ૪૭ વર્ષનો રાજ્ય કાળ સહેજે ગણવો પડશે. તાત્પર્ય એ થયું કે રાજા ચંડનું રાજ્ય ૪૭ વર્ષ ચાલ્યું છે.[૯૯] તેમ ગણતાં તેનો રાજ્યાભિષેક ઇ. સ. પૂ. ૫૨૭+૪૭=ઇ. સ. પૂ. ૫૭૪ માં થયાનું અને તેનું મરણ ઈ. સ. પૂ. ૫૨૭ માં થયાનું ગણવું પડશે.

બીજું એમ પણ આપણે પૃ. ૧૨૯ માં જોઇ ગયા છીએ કે ઇ. સ. પૂ. ૫૬૨ માં ઉદયને રાજા ચંડને હરાવી, પોતાના બંદિવાન તરીકે લઈ જવા માંડયો ત્યાં સુધી તે જૈન ધર્મ પાળતો થયો નહોતો. ત્રીજું આપણે રાજા ચેટકની પ્રતિજ્ઞાનો વિચાર કરીએ છીએ ત્યારે નક્કીજ કરવું પડે છે કે તે પોતાની કુંવરીને અજૈન એવા ચંડ વેરે પરણાવેજ નહીં. આ હકીકતોથી એમ નિર્ણય કરવો પડશે કે, રાજા ચંડનું શિવાદેવી સાથેનું લગ્ન ઈ. સ. પૂ. ૫૬૧ પછીજ થયું હોવું જોઈએ. વળી બીજી હકીકત એમ પણ મળી આવે છે કે રાજા શ્રેણિકનું લગ્ન ચિલ્લણાકુંવરી વેરે ઈ. સ. પૂ. ૫૫૮ માં થયું ત્યારે ચેટક રાજાની સાત પુત્રીઓમાંથી કેવળ સુજ્યેષ્ઠા અને ચિલ્લણા એ બે પુત્રીઓજ કુંવારી હતી.[૧૦૦] અર્થાત્ કે શિવાદેવી જે આ બે બહેનોના કરતાં મોટી હતી તેનું લગ્ન ઈ. સ. પૂ. ૫૫૮ પહેલાં થઈજ ગયું હતું એટલે રાજા ચંડે જૈન ધર્મનો સંપૂર્ણપણે સ્વીકાર જો કર્યો હોય તો ઈ. સ. પૂ. ૫૬૧ અને ઈ. સ. પૂ. ૫૫૮ વચ્ચેજ સંભવી શકે. આપણે તેની સાલ ઇ. સ. પૂ. ૫૬૦ ઠરાવીશું એટલે શિવાદેવી સાથેનું લગ્ન પણ આપોઆપ ઇ. સ. પૂ. ૫૬૦ કે ૫૬૧ માંજ થયાનું સાબિત થયું. હવે વિચારો કે જે રાજા (ચંડ) નું ગાદીએ બેસવું ઇ. સ. પૂ. ૫૭૪ માં ( ઉપર જુઓ ) થયું હોય, તેનું પ્રથમ વારનુંજ જો લગ્ન ઉજવવાનું હોય તો તે કાંઈ રાજ્યાભિષેક બાદ ચૌદ-પંદર વર્ષ ( ૫૭૪-૫૫૯=૧૫ વર્ષ ) ના આંતરે સંભવી શકે કે ? નહીંજ. રાજપતિનું લગ્ન તો સાધારણ રીતે રાજ્યાભિષેકના સમય પૂર્વે કે તુરતજ થઇ જાય છે, એટલે એ પણ

કરતા એવા શ્રેણિક અને ચંડપ્રદ્યોતાદિ રાજકુમારો" આમ લખીને દીક્ષાનો પ્રસંગ વર્ણવ્યો છે. એટલે કે, મહાવીરે દીક્ષા લીધી ( ઉપરનું ટીપણ નં. ૯૬ જુઓ. તેની સાલ ઇ. સ. પૂ. ૫૬૮ ઠરે છે.) તે સમયે શ્રેણિક, ચંડ આદિ રાજકુમારો રાજ્યારૂઢ થઈ ગયા હતા એમ તે ગ્રંથના લેખકનું કહેવું થાય છે. ( શ્રેણિકનું ગાદી ઉપર આવવું તો ઈ. સ. પૂ. ૫૮૦ માં સાબીત થયું છે તેના વૃત્તાંતે જુઓ ) માત્ર હવે ચંડની સાલ ગોતવી રહે છે.

( ૯૮ ) આધાર માટે અવંતિ પ્રદેશ નીચે, જુઓ ચંડના વર્ણને.

( ૯૯ ) પાછળથી વિશેષ પુરાવા તપાસતાં તેનું રાજ્ય ૪૮ વર્ષ ચાલ્યું હોવાનું સમજાય છે. ( જુઓ અવંતિ દેશના વર્ણનમાં )

( ૧૦૦ ) ભ. બા. વૃ. ભા. પૃ.૩૨૬ જુઓ.

સાબિત થયું કે રાજા ચંડનું શિવાદેવી સાથે લગ્ન થયું તે પૂર્વે અનેક અન્ય રાણીઓ તેને હતી[૧૦૧] અને તેથી શિવાદેવીની પદવી પટરાણી તરીકે નહોતીજ. હવે જ્યારે શિવાદેવીનું લગ્ન ઇ. સ પૂ. ૫૬૦ માં ગણાયું છે તો તેણીનો જન્મ આશરે ( ઇ. સ. પૂ. ૫૬૦+૧૪)=ઇ. સ. પૂ. ૫૭૪ માં થયાનો ગણી શકશે. વળી જ્યારે ઇ. સ. પૂ. ૫૪૩ માં મહાવીરની સાનિધ્યમાં રાજા ચડે વત્સપતિ રાજા ઉદયનને મુકુટ પહેરાવ્યો ત્યારે ચંડની રાણી શિવાદેવીએ અને ઉદયનની વિધવા માતા રાણી મૃગાવતીએ, મહાવીર પાસે સંસારની અસારતા જાણીને દીક્ષા ગ્રહણ કરી છે.[૧૦૨] એટલે દીક્ષાના સમયે રાણી શિવાદેવીની ઉમર ૫૭૪–૫૪૩=૩૧ વર્ષની હતી એમ ગણવું પડશે.

(૩) જ્યેષ્ઠા—તેણીનું નામજ એમ સૂચવે છે કે તે સર્વથી મોટીજ હોવી જોઇએ. તેણીને શ્રી મહાવીરના જ્યેષ્ઠ ભ્રાતા કુમાર નંદીવર્ધન[૧૦૩] વેરે પરણાવવામાં[૧૦૪] આવી હતી. હવે મહાવીરનું નિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૭–૬ માં ૭૨ વર્ષની ઉમરે થયું છે. એટલે ૫૨૬+૭૨ =ઈ. સ. પૂ. ૫૯૮ માં તેમનો જન્મ થયો ગણાય. અને કુમાર નંદીવર્ધન, મહાવીર કરતાં બે અઢી વરસેજ મોટા હતા. એટલે નંદીવર્ધનનો જન્મ આશરે ઈ. સ. પૂ. ૬૦૧ માં ગણાય. અને રાણી જ્યેષ્ઠાની ઉમર સરખી હોય કે એક એક વર્ષ નાની હોય તો પણ તેણીનો જન્મ આશરે ઇ. સ. પૂ. ૫૯૯ માં કહી શકાય; જ્યારે પ્રભાવતીનો જન્મ ઈ. સ. પૂ. ૫૯૮–૯ ઠરાવાયો છે અને જ્યેષ્ઠા તો તેણીના કરતાં મોટીજ હોય–એટલે બંનેની વચ્ચે સાધારણ રીતે દોઢ બે વર્ષનો ( જો સહોદરા હોય તો જ, નહીં તો તો બે માસનું પણ અંતર હોઇ શકે ) ફેર હોઇ શકે, જેથી આપણે કલ્પેલી સાલ બંનેના કિસ્સામાં લગભગ સાચીજ છે એમ ચોક્કસ થાય છે.

( ૪ ) ચિલ્લણા—તેણીનું લગ્ન સમ્રાટ્ શ્રેણિક સાથે ઈ. સ. પૂ. ૫૫૮ માં થયું હતું, એટલે તેણીનો જન્મ આશરે ૫૫૮+૧૪=ઇ. સ. પૂ. ૫૭૨ માં થયો ગણાય.

( ૫ ) સુજ્યેષ્ઠા—તેણી બાળબ્રહ્મચારિણીજ

( ૧૦૧ ) પણ ઉજૈનીમાં એક જબરજસ્ત અગ્નિ દાહ પ્રગટી નીકળ્યો હતો અને તે સમયે આ શિવારાણીએ પોતાના શિયળના મહિમાથી શાંત કરી દીધો હતો ત્યારથી તેણીને પટરાણી પદે સ્થાપી હોય એમ જણાય છે અને પ્રજાનો પ્રેમ પણ આ રાજરાણી ઉપર અનુપમ થવા પામ્યો હતો. જુઓ અવંતિ દેશના વર્ણને.

પટરાણી લખ્યું છે એટલે તે ઉપરથી પણ સાબિત થયું કે તેણીના સિવાય બીજી રાણીઓ પણ હતીજ.

( ૧૦૨ ) જુઓ ઊપર પૃ. ૧૧૬ ની હકીકત તથા ટીપણ નં- ૩૯.

( ૧૦૩ ) કુમાર શબ્દ અહીં વાપર્યો છે કેમકે જે સમયે લગ્ન થયું હતું તે વખતે તે યુવરાજ પદવીએ હતો તેથી.

( ૧૦૪ ) ક, સૂ, સુ. ટી, માં જણાવ્યું છે કે કુમાર નંદીવર્ધન અને શ્રી મહાવીરની માતા ત્રિશલાજી, તે રાણી જ્યેષ્ઠાના પિતા ચેટકની સહોદરા થતા હતા; એટલે કે નંદીવર્ધન તથા જ્યેષ્ઠા ફોઈ–મામાના છોકરા હતા. છતાં લગ્નસંબંધીથી જોડાયા હતા, એટલે સાબિત થાય છે કે ક્ષત્રિયોમાં તે સમયે મામા-ફોઈના છોકરાંઓના લગ્ન કરાતાં હતાં, કેમકે બંનેના કુળ અને ગોત્રો જુદાંજ ઠર્યાં ગણાય. અત્યારે પણ તે પ્રથા ક્ષત્રિયોમાં ઉતરી આવતી હોય એમ જણાય છે.. અમદાવાદના નગરશેઠના કુટુંબમાં તે પ્રમાણે વિવાહ ગોઠવાયા છે. તેઓ પોતાને ક્ષત્રિયકુળોત્પન્ન ગણાવે છે.

રહી હતી અને ચિલ્લણા કરતાં ઉમરે કાંઇક વર્ષે દોઢ વર્ષે મોટી હતી એટલે તેણીનો જન્મ ઇ. સ. પૂ. ૫૭૩–૪ ગણી શકાય.

( ૬ ) મૃગાવતી—તેણીને કૌશંબિના રાજા શતાનિક વેરે પરણાવી હતી. વત્સદેશનો વૃત્તાંત લખતાં આપણે સાબિત કરી ગયા છીએ કે, આ શતાનિક રાજાનો જન્મ ઇ. સ. પૂ. ૫૮૫ માં થયો હતો ને તેનું મરણ ઇ. સ. પૂ. ૫૫૦ માં નીપજ્યું હતું. અને રાણી મૃગાવતીના પેટે કુમાર ઉદયનનો જન્મ ઇ. સ. પૂ. ૫૫૭ માં ( રાજા શતાનિકના મરણ સમયે કુમારની ઉમર સાત વર્ષની હતી તે હિસાબે ) થયો હતો. બીજી બાજુ આપણે એમ જોઇ ગયા છીએ કે રાજા ચંડપ્રદ્યોતે કૌશંબિ ઉપર ચડાઈ કરી ત્યારે તે રાણી મૃગાવતીના સૌંદર્ય અને લાવણ્યથી મુગ્ધ બનીને પાપી વિચારોથી દોરાયો હતો. એટલે તે સમયે તેણીની ઉમર યુવાવસ્થામાંથી નીકળીને કાંઇક પ્રૌઢાવસ્થામાં પ્રવેશ થતીજ હોવી જોઇએ. જેથી આપણે ત્રીસ વરસની તેણીની ઉમર કલ્પવી રહે છે, અને તેમ હોય તો તેણીનો જન્મ ઈ. સ. પૂ. ૫૫૦+૩૦=ઈ. સ. પૂ. ૫૮૦ માં થયો કહેવાય. અને તે હિસાબે પતિ–પત્નિ વચ્ચે પાંચ વર્ષનો ફેર રહ્યો તે પણ કોઈ રીતે અયુક્ત કહી ન શકાય. વળી તેણીએ ઈ. સ. પૂ. ૫૪૨–૪૩ માં કુમાર ઉદયનના રાજ્યાભિષેક બાદ મહાવીરના હસ્તથીજ દીક્ષા ગ્રહણ કરી છે. જેથી તે સમયે તેણીની ઉમર ૫૮૦–૫૪૩=૩૭ વર્ષની હતી એમ પણ કહી શકાય.

રાણી મૃગાવતીની ઉમર જો આપણે ઉપર અનુમાનથી ઠરાવી છે તે જ પ્રમાણે હોય તો તેણીનું લગ્ન રાજા શતાનિક વેરે ઇ. સ. પૂ. ૫૮૦–૧૪ ઇ. સ. પૂ. ૫૬૬ માં થયું ગણાય. જે વખતે રાજા શતાનિકની ઉમર ૧૯–૨૦ વર્ષની હોઇ શકે. અને એ તો સાધારણ નિયમજ છે કે, કોઇ ગાદીપતિનું લગ્ન, ગાદીએ બિરાજમાન થયા પછી બે–ચાર કે પાંચ વર્ષ લંબાવાતુંજ નથી; પણ કાં તો ગાદી સુપ્રત થયા પહેલાંજ અથવા તો તે બાદ તુરતજ થોડા સમયમાં લગ્ન ઉકેલી નાંખવાનો રિવાજ પડી ગયો છે અને તે ઘણો હિતાવહ પણ છે. એટલે જો રાણી મૃગાવતી પટરાણી તરીકે આવી હોય તો આ નિયમને અનુસરીને એમ પણ ઠરાવવું પડશે કે શતાનિકનો રાજ્યાભિષેક પણ લગભગ ઇ. સ. પૂ. ૫૬૬ માંજ થયો હશે, પણ ઉપર જણાવી ગયા છીએ કે તે તો ઇ. સ. પૂ. ૫૭૦ માં થયો છે એટલે રાણી મૃગાવતી, લગ્ન થયું તે સમયે પટરાણી તો નહીંજ હોય.

( ૭ ) પદ્માવતી—તેણીને અંગદેશના ભૂપતિ રાજા દધિવાહન વેરે પરણાવી હતી કે જે અંગદેશની રાજધાની ચંપાપુરી હતી; ને જ્યાં જૈનોના બારમા તીર્થંકર વાસુપૂજ્ય નિર્વાણ પામ્યા છે. આ પદ્માવતીની હકીકત જૈન ગ્રંથોમાં ઘણે સ્થળે વર્ણવવામાં આવેલ છે, પણ અત્રે તો આપણને જે ભાગની સાથે સંબંધ છે તેટલોજ ભાગ[૧૦૫] લખીશું. કહે છે કે રાણી જ્યારે સગર્ભા હતી ત્યારે, મનનો દોહલો ( મનોરથ–ઈચ્છા ) સંપૂર્ણ કરવાને રાજા સાથે હસ્તિ ઉપર આરૂઢ થઇને, બહાર જંગલમાં ઉદ્યાન–ક્રીડા કરવા ગઈ હતી. તેટલામાં ઉપર બેઠેલા રાજા અને રાણી સાથે હસ્તિ નાઠો, પણ રાજાએ રસ્તામાં આવતાં કોઇ ઝાડની ડાળી પકડી લીધી. એટલે અંબાડીમાંથી ત્યાં તે

( ૧૦૫ ) જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૧૦૨ થી ૧૦૬.

ઝીલાઈ રહ્યો.•પણ રાણી સગર્ભા હોવાથી તેવું સાહસ કરી શકાય તેમ નહોતું. એટલે એમ ને એમ અંબાડીમાં બેસી રહી; અને હસ્તિ ક્યાંય દૂર દૂર નીકળી ગયો. પાછળથી રાજા દધિવાહન તો ઝાડ ઉપરથી ઉતરીને, નગરીમાં આવી પહોંચ્યો, પણ રાણીને[૧૦૬] તો ક્યાંય અજાણ્યા પ્રદેશમાં હસ્તિ લેઇ ગયો. પાછળથી કોઈ સુરક્ષિત સ્થળે રાણીએ એક કુંવરને જન્મ આપ્યો હતો. આ કુંવર કરકુંડુ[૧૦૭] નામથી પ્રસિદ્ધિ પામ્યો છે. આ કુમારને પાછળથી તે પ્રદેશની ગાદિ મળી છે અને કાળગયે કારણવશાત્, પાસેના અંગદેશ ઉપર પોતે ચડાઇ કરી છે. આ પ્રમાણે અંગદેશના રાજા દધિવાહનને અને પાસેના પ્રદેશના રાજવી કરકંડુને ( ખરી રીતે તો બાપ દીકરો જ થતા હતા ) યુદ્ધમાં ઉતરવું થયું હતું; પણ યુદ્ધનું ભયંકર સ્વરૂપ ખીલી નીકળે તે પહેલાં, કરકંડુની માતા રાણી પદ્માવતી કે જેણીએ દીક્ષા લઈ લીધી હતી તેણી ત્યાં આવી પહોંચી છે. અને બન્ને રાજાઓને શાંત પાડી, આગલાપાછલા અનેક પ્રમાણો આપી તેઓ પિતા–પુત્ર થાય છે, અને પોતે જ રાણી પદ્માવતી છે એમ સાબત કરી આપ્યું. પછી પિતા–પુત્ર ભેટ્યા, અને પોતપોતાના દેશ તરફ વિદાય થયા. અહીં જૈનગ્રંથોમાં જે હકીકત લખાઈ છે તેમાં સ્ખલના માલૂમ પડે છે.[૧૦૮] તેમાં લખે છે કે રાજા દધિવાહન વાનપ્રસ્થ થયા; જ્યારે મારૂં મંતવ્ય એમ છે કે પોતે રાજ્ય ચલાવવા માંડયું હતું. પણ થોડાક વર્ષ બાદ પાસેના વત્સપ્રદેશનો રાજા શતાનિક તેના ઉપર ચડી આવ્યો હતો અને તેણે ચંપાનગરી લુંટી હતી. આ યુદ્ધમાં તેનો તથા તેના કુટુંબનો શું ફેંજ થયો હતો, તે આપણે પૃ. ૧૧૪ ઉપર જોઈ ગયા છીએ. એટલે વિશેષ લખવાની જરૂરીઆત રહેતી નથી. આ પ્રમાણે જૈનગ્રંથોમાં આળેખાયલી હકીકતનો સાર નીકળે છે.

રાજા શતાનિકે જે ચંપાનગરી લુંટીને ભાંગી–તોડી નાંખી તેની સાલ આપણે ઇ. સ. પૂ. ૫૫૬ ગણાવી છે એટલે રાજા દધિવાહનનું મરણ પણ તે જ સાલમાં કે તે બાદ તુરતમાં= ઈ. સ. પૂ. ૫૫૫ માં થયું ગણવું પડશે. હવે તે પહેલાં મહારાજા કરકંડુ સાથેનું યુદ્ધ–ચડાઇ, બે–ત્રણ વરસે થઇ હોય એમ ધારીએ તો તેની સાલ ઈ. સ. પૂ. ૫૫૯–૬૦ લેવી પડશે. અને તે સમયે મહારાજા કરકંડુની ઉમર પણ કાંઇ નહીં નહીં તો પણ ૧૮ થી ૨૦ ની તો ગણવી જ પડશે. એટલે મહારાજા કરકંડુનો જન્મ[૧૦૯] અથવા રાજા દધિવાહન અને રાણી પદ્માવતીના વિયોગની સાલ ૫૫૯+૧૮=ઇ. સ. પૂ. ૫૭૭ આપણે માનવી પડશે. અને રાણી પદ્માવતીની સગર્ભા અવસ્થાના સમયનો તથા લગ્ન વખતે તેણીની ઉમર કમમાં કમ ૧૪ વર્ષની તો હોય જ; આ પ્રમાણે આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરતાં તેણીનો જન્મ ઈ. સ. પૂ. ૫૭૭+ ૧૬=ઇ. સ. પૂ. ૫૯૩ માં આવશે.

---

( ૧૦૬ ) વિશેષ હકીકત માટે ચેદિદેશની હકીકત જુઓ.

( ૧૦૭ ) જુઓ ચેદીદેશની હકીકત તથા ટીપણ. કર=હાથ; કંડુ=ખૂજલી. તેને હાથે અતિશય ખૂજલી આવતી હતી તેથી આવા ઉપનામથી તેને સર્વે બોલાવતા હતા. ખરૂં નામ શું હતું તે આગળ ઉપર જાણીશું. ( જુઓ ચેદી દેશની હકીકતમાં)

( ૧૦૮ ) આ સ્ખલના શું હોઈ શકે તે આપણે મહારાજા કરકંડુનું જીવન લખતી વખત વર્ણવવાનું છે ત્યાંથી જોઈ લેવી ( જુઓ ચેદિવંશની હકીકત)

( ૧૦૯ ) આ બાબતમાં કાંઈ સુધારાને સ્થાન છે કે કેમ તે સ્થિતિ ઉપર જ્યારે મહારાજા કરકંડુનુ

આ પ્રમાણે રાજા ચેટકની સાતે કુંવરીના જન્મ, લગ્ન, દીક્ષા ( જો હોય તો ) તેમજ મરણ વિગેરે જીંદગીના અતિ મહત્ત્વના પ્રસંગોના બનાવોની સાલો મુખ્યપણે નિર્ણીત કરી ચૂક્યા કહેવાઇએ. પછી ભલે તે સર્વતઃ સત્ય કદાચ નહીં હોય. કદાચ ફરક જો હશે તો તે કેવળ એકાદ બે વર્ષનોજ હશે. હવે તે આપણે કોષ્ટકના રૂપમાં ગોઠવીએ કે જેથી એક દૃષ્ટિ ફેંકતાજ સર્વનો ખ્યાલ આવી શકે.

| આંક | ઉમર પ્રમાણે નંબર [110] | નામ | જન્મ સાલ ઈ. સ. પૂ. | મરણ સાલ ઇ. સ. પૂ. | ઉમર આશરે | કોની વેરે પરણી, અને તેણીના લગ્નની સાલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | પ્રભાવતી | ૫૯૮ | ૫૭૩ | (૨૫) | સિંધ–સૌવિરપતિ ઉદયન વેરે ઈ. સ. પૂ. ૫૮૫ |
| ૨ | ૫ | શિવા | ૫૭૪ | દીક્ષા ૫૪૩ | (૩૧) | અવંતિપતિ ચંડ વેરે ઈ. સ. પૂ. ૫૬૦ |
| ૩ | ૧ | જ્યેષ્ઠા | ૬૦૦ | દીક્ષા લીધી ઉમર જણાઈ નથી. | | ક્ષત્રિયકુંડના યુવરાજ નંદીવર્ધન વેરે ઇ. સ. પૂ. ૫૮૬ |
| ૪ | ૭ | ચિલ્લણા | ૫૭૨ | દીક્ષા ૫૨૮ | (૪૪) | મગધપતિ શ્રેણિક વેરે ઈ. સ. પૂ. ૫૫૮ |
| ૫ | ૬ | સુજ્યેષ્ઠા | ૫૭૩ | દીક્ષા ૫૫૪ | (૨૦૧) | બાળબ્રહ્મચારિણી. |
| ૬ | ૪ | મૃગાવતી | ૫૮૦ | દીક્ષા ૫૪૩ | (૩૦) | વત્સપતિ શતાનિક વેરે ઇ. સ. પૂ. ૫૬૬ |
| ૭ | ૩ | પદ્માવતી | ૫૯૩ | દીક્ષા ૫૭૬ [111] | (૧૭) | અંગદેશના રાજા દધિવાહન વેરે ઇ. સ. પૂ. ૫૭૯ |

આ સર્વે જામાતા રાજાઓના રાજ્યપ્રદેશના સ્થાન સાથે, કુંવરીના પિતા રાજા ચેટકના રાજ્યના સ્થાનનો, જો ખ્યાલ અને સરખામણી કરીશું તો તુરત જ સ્ફુરાયમાન થાશે કે તે સમયે લગ્ન વ્યવહારનું ક્ષેત્ર, સંકુચિત હોવાને બદલે અતિ વિસ્તૃતપણે વર્તી રહ્યું હતું.

**રાજા ચેટકનું મૃત્યુ અને તેના વંશનો અંત.**

રાજા ચેટકની કનિષ્ઠા પુત્રી ચિલ્લણાને મગધ સમ્રાટ્ શ્રેણિક વેરે પરણાવવામાં આવી હતી. તેણીના પેટે ત્રણ કુંવર જન્મ્યા હતા. (૧) કૂણિક (૨) હલ્લ અને (૩) વિહલ્લ. આ ત્રણમાંથી કૂણિકને યુવરાજપદવી મળી હતી, જ્યારે બીજા બેને અનુક્રમે વીરવલય–બાજુબંધ અને સેચનક નામનો દેવતાઈ હસ્તિ આપવામાં આવ્યા હતા. એટલે ભાઇઓને મળેલ આ વસ્તુઓ, પોતાને મળેલ મગધના રાજ્યની સરખામણીમાં તો તુચ્છ જેવી જ હતી; જેથી કૂણિકને મનમાં કાંઈ અદેખાઈ લાવવાનું કે ઓછું લાવવાનું કારણ પણ નહોતું. અને હોય

વર્ણન કરીશું ત્યારે તપાસી જઈશું. ( જુઓ એ પ્રદેશની હકીકતો )

( ૧૧૦ ) આપણે જો કે આ પ્રમાણે તે સર્વેનો અનુક્રમ ગોઠવી શકીએ છીએ. પણ જૈન સાહિત્ય લેખ સંગ્રહ નામે પુસ્તકમાં પૃ. ૭૯ માં તેનો ક્રમ આ પ્રમાણે બતાવ્યો છે. ( ૧ ) પ્રભાવતી ( ૨ ) પદ્માવતી ( ૩ ) મૃગાવતી ( ૪ ) શિવા ( ૫ ) જ્યેષ્ઠા ( ૬ ) સુજ્યેષ્ઠા અને ( ૭ ) ચિલ્લણા. ત્યાં વિદ્વાન લેખકે પોતાના નિર્ણય ઉપર આવવાને કોઈ દાખલા, દલીલ કે પુરાવા આપ્યા નથી, એટલે તે માન્ય કરવા કરતાં આપણે ગણીતશાસ્ત્ર પ્રમાણે આંકડા ગણીને જે નિર્ણય બતાવ્યો છે તે વિશેષ વિશ્વાસનીય ગણાશે.

( ૧૧૧ ) આ સાલમાં કાંઇ ફેરફાર કરવા જેવું છે કે કેમ તે હકીકત સૈની દેશના વર્ણન કરતાં ચર્ચીશું.

તો પણ, જ્યાં સુધી માથે પિતા જીવંત બેઠો હોય ત્યાં સુધી, પિતાએજ આપેલ ભેટો, પોતાના ભાઇઓ પાસેથી તે પાછી લઈ લ્યે એમ બનવા યોગ્ય નહોતું; પણ જેવું પિતાનું મરણ થયું ને પોતે રાજ્યાસને બેઠો કે તુરત પેલો દેવતાઇ હાથી સેચનક પોતાના બાળકુંવર ઉદયનને સ્વારી અંગે જોઇએ છીએ[૧૧૨] એવા બહાના તળે, હલ્લ-વિહલ્લને કહેણ મોકલાવ્યું કે તે હાથી મને સુપ્રત કરી દેવો; પણ તે માંગણીનો અસ્વીકાર કરી હલ્લ-વિહલ્લ તો પોતાના માતામહ રાજા ચેટક વૈશાલીપતિને શરણે જતા રહ્યા. એટલે પ્રસંગ જતો કરવાને બદલે ઉલટું કૂણિકે પોતાના માતામહને કહેણ મોકલ્યું કે તે બન્ને ભાઇઓને મારા હવાલે કરો, અને નહીં તો યુદ્ધનો આરંભ કરો. રાજા ચેટક જેવો ભીષ્મ પ્રતિજ્ઞાવંત ક્ષત્રિય, શરણાગત આવેલાને પાછો સોંપે તે ન ભૂતો ન ભવિષ્યતિ જેવું જ હતું અને તેમાંય શરણાગત તે વળી કેવા કે, પોતાના જ દોહિત્રો. એટલે તે તો કોઇ કાળે પણ બને તેવું હતું નહીં જ. પરિણામે બન્ને વચ્ચે[૧૧૩] ખુનખાર અને ઇતિહાસમાં અજોડ એવું યુદ્ધ આરંભાયું. રાજા કૂણિક ધારતો હતો કે આંખના પલકારા જેટલા સમયમાં જીત મેળવી લેશે, પણ તે ધારણા વિફળ થઈ. પછી વિચારતાં લાગ્યું કે, જ્યાંસુધી યુદ્ધમાં તે દેવતાઈ હાથીની મદદ છે ત્યાંસુધી પોતાની જીત થવી અતિ દુષ્કર છે, તેથી જાળ બીછાવવાના નિર્ણય ઉપર આવ્યો અને બન્ને લશ્કરના લડવાના ક્ષેત્રની વચ્ચે ખાઈ ખોદાવી. અંદર જીવતા-સળગતા અંગારા ભરાવ્યા અને યુદ્ધનો આરંભ કર્યો. હલ્લ અને વિહલ્લ બન્ને ભાઇઓ સેચનક હાથી ઉપર આરૂઢ થઇને સંગ્રામના મોખરે આવ્યા. હસ્તિએ અંગારભરેલી ખાઈ જોઇને (પોતે દેવતાઈ હોવાથી તેવા પ્રકારનું તેને જ્ઞાન હતું) પોતે જરા અચકાયો. પછી ધીમે રહીને, પોતાની સૂંઢવડે બન્ને કુમારોને નીચે ઉતાર્યા અને પોતે તે ખાઈમાં ભૂસકો મારી બળી મુવો.

બન્ને કુમારોને તે સમયે અંતરીક્ષથી દેવતાઓ આવીને ઉપાડી ગયા ને જ્યાં શ્રી મહાવીર બિરાજતા હતા ત્યાં તેમને મૂકયા. તેમના પ્રવચનથી અને અમૃતતુલ્ય ઉપદેશથી તેઓને માયાશીલ સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયો ને તુરતજ દીક્ષા લીધી. આ બાજુ હવે સમ્રાટ કૂણિકનું અને તેના માતામહ રાજા ચેટકનું યુદ્ધ ચાલુ હતું તેમાંયે રાજા ચેટક તો અચ્છો તિરંદાજ હતો તે આપણે કહી ગયા છીએ. અને તેણે છોડેલું બાણ કોઈ દિવસ અફળ જતું નહી જે ઉપરથી પોતે વિચાર કર્યો કે અરે જીવ! આવા નિર્માલ્ય રાજ્ય માટે પોતાનાજ હાથે બાણ છોડીને પોતાના દોહિત્રાનો પ્રાણ લેવો તેના કરતાં લાખ દરજ્જે સારૂં છે કે, આત્મકલ્યાણાર્થે અનશન વ્રત લેઈ આ દેહની પૂર્ણાહુતિ કરી લેવી.[૧૧૪] આમ વિચાર કરી પાસેના કૂવામાં ઝંપલાવી મૃત્યુને વશ થયો. કોઈના કહેવા

---

તે માટે તે સ્થાને જુઓ.

(૧૧૨) આમાં કૂણિકની રાણી પદ્માવતી, કોશળપતિ રાજા વિદુરથની પુત્રીની શીખવણી અથવા ભંભેરણી મુખ્યપણે હતી.

(૧૧૩) જુઓ પુરાતત્ત્વ પુ. પહેલું પૃ. ૨૬૭

(૧૧૪) જૈ. સા. લેખ સં. પૃ. ૭૪ ટીકા-૨.

આ કૃત્યને આપઘાત કર્યાનું કહે છે પણ રાજા ચેટક જેવો દૃઢ જૈનધર્મી આપઘાત કરે તે માનવું જરા કઠિણ લાગે છે; અલબત્ત અનશનવૃત્તને અત્યારે પણ જેમ કેટલાક માણસો આત્મઘાતનું નામ આપે છે તે માન્યતા પ્રમાણે આ કૃત્યને ગમે તેવું નામ આપી શકાય ખરૂં.

પ્રમાણે રાજા કૂણિકે યુદ્ધમાંજ તેમનું મરણ નીપજાવ્યું હતું.[૧૧૫] આ બનાવ ઈ. સ. પૂ. ૫૨૫ માં બન્યો હતો.

રાજા ચેટકને પરિવારમાં કેવળ સાત પુત્રીઓજ હતી. એક પણ પુત્ર નહોતો એટલે તેના મરણ પામવાથી વૈશાળીનો પ્રદેશ સમ્રાટ કૂણિકે પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધો.

આ પ્રમાણે રાજા ચેટકનું મરણ ઈ. સ. પૂ. ૫૨૫ માં થયું. અને એમ પણ આપણે સાબિત કરી ગયા છીએ કે તેની જ્યેષ્ઠા પુત્રી ( સૌથી મોટી ) નો જન્મ ઇ. સ. પૂ. ૬૦૦ની આસપાસ હતો. એટલે તેનો પોતાનો જન્મ, ઓછામાં ઓછો ઈ. સ. પૂ. ૬૧૬ માં મૂકી શકાય, અને તે હિસાબે તેમની ઉમર મરણ સમયે ઈ. સ. પૂ. ૬૧૬—૫૨૫=૯૧ વર્ષની ઠરાવી શકાય. આપણે એક વખત જે કહી ગયા છીએ કે તે સમયના સર્વે રાજાઓ રાજા ચેટકનું બહુમાન કરતા હતા, તેનું એક કારણ તેમની આવી વૃદ્ધાવસ્થા પણ હતી જ. અલબત્ત, તેમનું ઉચ્ચ કુળ પણ તે કારણમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવતું હતું; તેની પણ ના પાડી શકાય તેમ નથી.

આ પ્રમાણે રાજા ચેટકના મરણથી તેમના વંશનો પણ અંત આવ્યો અને વૈશાલીના સ્વતંત્ર રાજ્યનો પણ તે સાથે અંત આવી ગયો. ઇ. સ. પૂ. ૫૨૫.[૧૧૬]

## (૮) મગધ.

તે કાળે, તે સમયને વિષે જે જે રાજ્યો વિદ્યમાન હતાં, તે સર્વેમાં મગધનું રાજ્ય અતિ પ્રભાવશાળી હતું. તેમજ તેના રાજ્યકર્તાનાં નામો, તેમના જીવનચરિત્રો તથા તેમને લગતાં ઐતિહાસિક બનાવો—ખાનગી તેમજ રાજકીય—કોઇ પણ અન્ય રાજ્યો કરતાં એટલાં વિપુળ પ્રમાણમાં મળી આવે છે કે તેઓનું વર્ણન જેમ અન્ય પ્રદેશ માટે થોડાંક પૃષ્ઠોમાં પતાવી નાંખ્યું છે તેમ આ મગધદેશ વિષે ટૂંકામાં પતાવવાનું બને તેવું નથી. તેના તો દરેક રાજવી દીઠ એકેક પરિચ્છેદ લખી શકાય તેમ છે, તેમ તેના સમ્રાટો કોઇ કોઇ સમયે તો આખા ભરતખંડના સ્વામી થઇ એકછત્રે—એક ચક્રે રાજ્ય ચલાવતા થયા હતા. તેથી તેમને લગતાં જીવનચરિત્રો આપણે સ્વતંત્ર પ્રકરણોમાં જ લખવાં રહે છે.

આ મગધદેશના ઉપર જે રાજ્યવંશો હકુમત ભોગવી ગયા છે, તેમાં પ્રથમ શિશુનાગ વંશ હતો. તે વંશના રાજાઓ આરંભમાં કાશીદેશના અધિપતિ હતા, ( જુઓ તે દેશની હકીકતમાં ) પણ વખત ગયે ત્યાંથી મગધમાં તેમનો ઊતાર થયો હતો. તે બાદ મગધદેશ, નંદવંશી અને તે બાદ મૌર્યવંશી રાજાઓના અધિકાર તળે ગયો હતો. એટલે આપણે પણ તે જ અનુક્રમ પ્રમાણે સમયાવળી સાથે તે તે વંશના પ્રત્યેક ભૂપતિનું એક પછી એક વૃત્તાંત લખીશું.

હાલ તો જે સંક્ષિપ્ત ઇતિહાસ અન્ય રાજ્યોના લખવા માંડ્યા છે તે કામ પ્રથમ સંપૂર્ણ કરી લઇશું અને તત્પશ્ચાત્ મગધદેશનો સર્વપક્ષી સાર્વભૌમ સત્તાનો ઇતિહાસ લખવા પ્રયત્ન કરીશું.

## (૯) અંગ.

આ દેશમાં અનેક નાનાં ગણરાજ્યો આવી

( ૧૧૫ ) જુઓ જૈ. સા. સે. સં. પૃ. ૭૫

( ૧૧૬ ) અ. હિ. ઇ. પૃ. ૩૫ (ત્રીજી આવૃત્તિ)

રહેલાં હતાં, પણ તે સર્વે ઉપર મગધની સાર્વભૌમ સત્તા, પ્રબળપણે અમલ ચલાવી રહી હતી તેમજ તેઓનું પૃથક્ પૃથક્ વર્ચસ્વ ઇતિહાસની નજરે કિંચિત્ પણ નજરે પડતું નથી, એટલે તેને વિષે કાંઇ લખવા જેવું રહેતું નથી.

**(૨૦) કુશસ્થળ,[૧૧૭] મહાકોશળ, અંગ.**

**તે દરેકના અર્થ** કુશસ્થળનો અર્થ વ્યુત્પત્તિ પ્રમાણે કરીએ તો જે સ્થાનમાં કુશ નામનું ઘાસ ઘણા મોટા પ્રમાણમાં મળી આવતું હતું તેવા પ્રદેશવાળું સ્થાન તે કુશસ્થળ, અને તેનાથીજ વિપરીત અર્થવાળું સ્થાન તે વિદર્ભ એટલે કે, વિ=વિનાનું અને દર્ભ=દર્ભ જાતિનું ઘાસ. મતલબ કે, કુશસ્થળ અને વિદર્ભ તે બન્નેના નામ પ્રમાણે જો ગુણ જુઓ તો, એક બીજાથી તદ્દન સામસામી દિશામાં મૂકીએ તેવાંજ[૧૧૮] હતાં. છતાં રાજકીય સત્તાની દૃષ્ટિએ તો બંને પ્રદેશનો વિસ્તાર એકજ સત્તાના અમલમાં પણ આવી જતો અને કોઇ કોઇ કાળે બન્ને પ્રદેશ ઉપર ભિન્ન ભિન્ન રાજ્યકર્તાઓ પણ આવી જતા. આ નામ એકદમ અતિ પ્રાચીન સમયમાં વપરાશમાં હતાં, પણ જે વખતની આપણે વાત કરી રહ્યા છીએ તે સમયે તો કોઇ કોઇ સ્થાને વધારે જાણીતું નામ મહાકોશલ વપરાતું હતું; જ્યારે જૈન ગ્રંથોમાં તેને અંગદેશનું નામ અપાયલું દેખાય છે.

મહાકોશલનો શબ્દાર્થ, મહા=મોટું અને કોશલ=કોશળ દેશ; જ્યારે આ પ્રદેશને મહાકોશલનું નામ આપવામાં આવ્યું છે ત્યારે એમ સાબિત થાય છે કે, આ પ્રદેશના વિસ્તાર કરતાં બીજો કોઇક નાના પ્રદેશવાળો મુલક હોવો જોઇએ તેમજ તેનું નામ પણ કોશલજ પાડવામાં આવ્યું હોય. આ કોશલ દેશ ઉત્તર હિંદમાં આવેલ હતો કે જેનું કાંઇક ચિત્ર આપણે પૃ. ૭૫ થી ૯૩ સુધી દોરી બતાવ્યું પણ છે. એટલે એક બીજાના સ્થાનની દિશાની અપેક્ષાએ કોશલ દેશને ઉત્તરકોશળ અને મહાકોશળને દક્ષિણકોશળ પણ કહી શકાય; જ્યારે વિસ્તારની દૃષ્ટિએ, ઉત્તરકોશળને કોશળ દેશના સાદા નામથી અને દક્ષિણકોશળને મહાકોશળના નામથી પણ ઓળખાવી શકાય.

અંગ દેશનો શું અર્થ થતો હશે તે મારા જાણવામાં આવ્યું નથી.

જેમ જુદા જુદા કાળે તેની સીમા જુદી પડતી હતી તેમ, તેના રાજગાદીના સ્થળ પણ જુદાં જુદાં ગણવામાં આવતાં હતાં. ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં તેની રાજધાનીનું સ્થળ ચંપાનગરી કરીને હતું[૧૧૯] હાલમાં જેને મધ્ય

---

(૧૧૭) વિશેષ માટે જુઓ તે દરેકના અર્થ પૃ. ૬૪. ટી. ૫૧-૫૨ પૃ. ૬૩ ટી. ૪૧, પૃ. ૫૨ ટી. ૨૬-૨૭.

(૧૧૮) ક. પ્રા. ભૂ. માં જણાવે છે કે, વરાડ અથવા વિદર્ભને બુદ્ધના સમયે દક્ષિણકોશલ કહેવામાં આવતો હતો.

વિ=વિના અને દર્ભ=એક જાતનું ઘાસ. એટલે વિદર્ભનો અર્થ ઘાસ વિનાનો પ્રદેશ.

અને કુશઃ એક જાતનું ઘાસ+સ્થળ=સ્થાન. કુશસ્થળ=જ્યાં ઘાસ ઉગેલું છે તેવો પ્રદેશ. ( સરખાવો ઉપર પૃ. ૫૦. ટી. ૯ )

આ પ્રમાણે વિદર્ભ અને કુશસ્થળના વ્યુત્પન્નાર્થ વચ્ચેજ, જ્યાં તદ્દન વિરોધ આવે છે ત્યાં, બન્ને શબ્દો એકજ સ્થાનનાં નામ શી રીતે હોઇ શકે ? એટલે વાસ્તવિક હજુ એમ કહી શકાય કે મહાકોશળના બે ભાગ હતા. એકમાં ઘાસ બિલકુલ ઉગતું ન હોવાથી તેને ( પશ્ચિમના ભાગને ) વિદર્ભ કહેતા અને બીજા ભાગમાં ઘણુંજ ઘાસ ઉગતું તેથી તેનેજ ( પૂર્વ ભાગને ) કુશસ્થળ કહેતા.

(૧૧૯) આનું સ્થાન મધ્ય પ્રાંતમાં જબલપુર જીલ્લે રૂપનાથનો ખડક લેખ જ્યાં ઉભો છે તે

હિંદુસ્તાન કહેવાય છે તેને કુશસ્થળ કહીએ અને જેને વરાડ પ્રાંત કહીએ છીએ તેને વિદર્ભ કહીએ તો, મહાકોશળના વિસ્તારનો મુખ્ય અંશે આપણને ખ્યાલ આવી જશેજ. બાકી ઝીણવટથી તેના પ્રદેશનો અભ્યાસ કરવો હોય તો પૃ.૫૭ નો નકશો તથા તેને લગતી ટીકાઓ વાંચી જવાની ભલામણ કરવી ઠીક પડશે.

**અંગદેશ અને ચંપાપુરી વિશેની ભ્રમણા**

અર્વાચીન ઇતિહાસકર્તાઓએ હાલના બંગાળા ઇલાકામાં જ્યાં ભાગલપુર જીલ્લાવાળો ભાગ આવેલ છે ત્યાંના પ્રદેશને અંગદેશ હોવાનું ઠરાવી દીધું છે. આ પ્રમાણે કોઈ પ્રાચીન ગ્રંથમાં વર્ણન કરાયું હોય એમ આધાર બતાવાતો નથી એટલે શા આધારે તેમ ઠરાવી દીધું હશે તેનો ઉત્તર આપવો કઠિન છે; પણ બનવાજોગ છે કે, તે સ્થળે એક ચંપાપુરી કરીને શહેર છે એટલે જે પ્રદેશની રાજધાની ચંપાપુરી હતી અને જ્યાં આ ચંપાપુરી આવી છે તે પ્રદેશનું નામ પણ અંગદેશજ પાડવું જોઈએ, આમ ઠરાવી દીધું હશે. પણ આ વાત ભુલી જવાય છે કે, રાજા કૂણિકે જે ચંપાનગરી વસાવી છે તે તો, પોતાના રાજ્ય અમલના ચોથા વરસે=ઇ. સ. પૂ. ૫૨૪ માં ઉભી થઇ છે[૧૨૦] જ્યારે અંગદેશની રાજધાની ચંપાપૂરી હતી તે તો યુગ યુગ જુની છે અને તેનો નાશ કરી ખંડિયર જેવી સ્થિતિમાં કૌશાંબીપતિ રાજા શતાનિકે ઇ. સ. પૂ. ૫૫૬ માં આણી મૂકી હતી.[૧૨૧] મતલબ કે બન્ને ચંપાપુરીના જેમ સ્થળો પણ જુદાં છે તેમ તેઓનાં અસ્તિત્વનો સમય પણ નીરનિરાળો છે.[૧૨૨] પછી એકનું ગૌરવ બીજીના નામે શી રીતે ચડાવી દેવાય ?

**ચેદી દેશ અને ચેદી વંશને લગતી સમજુતિ**

ઉપરના પારિગ્રાફમાં ચંપાપુરી નામની એક અન્ય નગરીને લીધે તેના પ્રદેશનું નામ અંગ-દેશ ઠરાવવામાં જે ભૂલ થઈ ગઇ છે તે સમજાવ-વાનો પ્રયત્ન કંઇક અંશે મેં કર્યો છે. તેમ એક એવીજ બીજી ભૂલ જે પણ તેવીજ માન્યતાને અંગે ઉભી થઈ હોય એમ લાગે છે. તેનું નિરાકરણ અત્રે કરવા ઇચ્છા ધરાવું છું.

જે પ્રદેશનું આપણે વર્ણન લખવું હાથ ધર્યું છે તે સ્થાનપ્રદેશ[૧૨૩] એક સમયે[૧૨૪]

---

કહી શકાય. વિશેષ અધિકાર સમ્રાટ પ્રિયદર્શિનના વૃત્તાંતે જુઓ; તથા ઉપરમાં પૃ. ૭૭ ટીકા કોલમ ૨ માંની હકીકત.

(૧૨૦) રાજા કૂણિકે વસાવેલી ચંપાને જો બંગાળમાં આવેલ ચંપાપુરી ગણવામાં આવે તો તેને તદ્દન નવેસરથીજ ઉભી કરવામાં આવી એમ કહેવું પડે; પણ અસલની ચંપાપુરી કે જેને રાજા શતાનિકે લુંટી લીધી હતી તેને, સમરાવી કરીને તેનો પુનરુદ્ધારજ રાજા કૂણિકે કર્યો હતો એમ માનવું હોય તો, તેને મહાકોશળના પ્રદેશમાં આવેલ ગણી શકાય.

આ બેમાંથી કઈ સ્થિતિ હતી તે ચોક્કસ જણાતું નથી, પણ કુશસ્થળમાં તે હોવાનો સંભવ વધારે છે એમ કૌશંબી દેશનું વર્ણન કરતાં મેં સમજાવ્યું છે. (ઉપર પૃ. ૧૧૪ તથા ટીકાઓ જુઓ)

(૧૨૧) જુઓ પૃ. ૧૧૪, તથા પૃ. ૧૩૪ તથા ઉપરની ટીકા નં. ૧૨૦.

(૧૨૨) પ્રાચીન ચંપાપૂરીનો નાશ ઈ. સ. પૂ. ૫૫૬ માં થઇ ગયા બાદ લગભગ ત્રીસ-બત્રીસ વરસે આ રાજા કૂણિકવાળી ચંપાની સ્થાપના થઈ છે.

(૧૨૩) જુઓ નીચેની ટીકા નં. ૧૨૯.

(૧૨૪) ઈશુની ત્રીજી તથા નવમી શતાબ્દિમાં

ચેદીવંશી રાજાઓના અધિકારતળે હતો, અને ચેદીવંશી રાજાઓનું સ્થાન જે હોય તેનું નામ પણ ચેદી દેશજ કહી શકાય આવી માન્યતાને લીધે મહાકોશળના પ્રદેશની ભૂમિને ચેદી નામથી પણ ઓળખાવવામાં આવે છે. જો કે વિશેષ અધિકાર અને સમજુતી તો ચેદીવંશના રાજાઓના અધિકાર વર્ણવતી વખતે લખવામાં આવશે પણ અત્રે તેનો ટૂંક સારજ આપીશું.

અંગ, વંશ અને કલિંગ આ નામે ત્રણ દેશો એક બીજાની અડોઅડ આવેલા છે. તેમાં અંગ સર્વથી પશ્ચિમે અને કલિંગ સર્વથી પૂર્વમાં છે, જ્યારે વંશ તે બન્નેની વચ્ચે છે. એટલે તેમના નામના અનુક્રમ પ્રમાણે પશ્ચિમથી માંડીને પૂર્વમાં જતા હોઈએ તે પ્રમાણે તેમનાં સ્થાનો છે. આ વંશ દેશને ચેદિ નામથી પણ ઓળખવામાં આવતો હશે એમ મારી સમજ છે, જો કે આ બંને નામ ઘણા પ્રાચીન સમયથી વપરાશમાં તો આવે છેજ, પણ એકજ પ્રદેશનાં તે બન્ને સામાન્ય નામ છે, અથવા ભિન્ન ભિન્ન સમયે વપરાતાં પણ એકજ પ્રદેશના તે ભિન્ન ભિન્ન નામ છે, એમ તો કયાંય લખાણ કરાયેલું મારી નજરે પડયું નથી. છતાં તેઓની વર્ણવાતી હદનો[૧૨૫] વિચાર કરીએ છીએ ત્યારે તે એકજ પ્રદેશી બે નામ હશે, એમ કલ્પનામાં તરી આવે છે. તેમાંના અંગ દેશ ઉપર અત્યારે રાજા દધિવાહનની સત્તા હતી જ્યારે ( એટલે કે અંગદેશ અને ચેદિદેશ તે બન્ને ભિન્ન[૧૨૬] દેશ છે) ચેદિ ઉપર અને કલિંગ ઉપર કયા રાજાની આણ પ્રવર્તી રહી હતી તે જણાયું નથી, પણ જે રાજા હતો તેનું મરણ થતાં કરકંડુ[૧૨૭] મહારાજાની સત્તાની જમાવટ થઈ હતી. અને આ કરકંડુ તે અન્ય કોઈ નહીં પણ ઉપરના અંગપતિ દધિવાહનનોજ પુત્ર હોવાનું પાછળથી સાબિત થયું હતું. એટલે ત્રણે પ્રદેશો એકજ રાજ્યવંશના અધિકારમાં ગયા હતા અને ત્યારથી તે ત્રણે પ્રાંતના સમૂહને ત્રિકલિંગ[૧૨૮] નામથી ઓળખાવા માંડયું હતું. એટલે આ કરકંડુ મહારાજાનો વંશ, ચેદિ દેશ ઉપર રાજ્ય કરતા હોવાથી તેને ચેદિવંશનું નામ આપવામાં આવ્યું છે એમ સમજવું. તથા ચેદિદેશ[૧૨૯] બહુ પ્રાચીન સમયથી અમુક પ્રદેશનુંજ નામ છે એમ ગણવું, જ્યારે ચેદિવંશ તે શબ્દ તો અતિ અર્વાચીન ( ચેદિદેશના સમયની અપેક્ષાએ ) છે અને આ વંશની સ્થાપના ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં

---

ચેદિવંશી રાજાઓનો અમલ આ પ્રદેશ ઉપર હતો. ( વિશેષમાટે જુઓ ચેદિવંશના વૃતાંતો )

( ૧૨૫ ) જુઓ ચેદિવંશની હકીકતમાં

( ૧૨૬ ) જુઓ નીચે ટી. નં. ૧૪૮.

( ૧૨૭ ) આ નામ શા માટે પાડવામાં આવ્યું હતું તે માટે જુઓ ઉપરમાં ટી. ૧૦૭. અને ખરૂં નામ શું હતું તે માટે જુઓ ચેદિ વંશનો ઈતિહાસ તથા આ પરિચ્છેદમાં આગળ ઉપરનું લખાણ.

( ૧૨૮ ) ત્રિકલિંગ શબ્દમાં કલિંગ શબ્દ મુખ્ય છે. અને કલિંગપતિના તાબે મુખ્ય પ્રદેશ કલિંગ તો હોયજ પણ તે ઉપરાંત બીજા બે પાડોશી દેશો તેની આણામાં આવી પડે એટલે તેવા ત્રણે પ્રદેશના યુથને તે સમયનો ત્રિકલિક કહેવાતો હતો. હવે આ ઉપરથી સમજાશે કે " ત્રિકલિંગદેશ " નો અર્થ સર્વકાળે એકજ થઈ ન શકે અને તેથીજ, એક વખતે ત્રિકલિંગમાં અંગ, ચેદિ અને કલિંગની ગણત્રી લેવાય છે ( કરકંડુનો સમય ) તેમ રાજા ખારવેલના સમયે કલિંગ, ચોલા અને પાંડયા દેશોના યુથને ત્રિકલિંગ કહેવાતો, ત્યારે વળી એક કાળે કલિંગ, બંગ ( સમતટ ) અને બ્રહ્મદેશના દરિયાઈ કિનારાને પણ ત્રિકલિંગ કહેવાયો છે ( જુઓ કલિંગદેશનું વૃત્તાંત. )

( ૧૨૯ ) કે. એ. ઈ. માં જણાવે છે કે મધ્ય પ્રાંતના જબલપુર શહેરનું પુરાણું નામ ત્રિપુરી છે. તેને ચેદિ પણ કહેતા. આ હકીકત જોતાં તો મધ્ય-

થઇ તે સમયે ચેદિદેશ ઉપર મહારાજા કરકંડુ સ્વામિત્વ ધરાવતો હતો એમ ગણવું. બાકી જેમ ઉત્તરોતર તે વંશ આગળ ચાલતો ગયો તેમ તેમ તો તેના અધિકાર તળેના રાજ્ય વિસ્તારમાં અનેકધા ફેરફાર થતાજ રહ્યા હતા. એટલે કે ચેદિદેશને અને ચેદિવંશને સર્વથા એકજ પ્રકારના (સ્થાન અને સ્વામિપણાનો) સંબંધ અચળપણે ચાલ્યો આવતો હતો એમ સમજવાનું નથી.

અંગ દેશમાં, જેને હાલમાં મધ્ય હિંદુસ્તાન કહેવાય છે તેના મોટા ભાગનોજ સમાવેશ થતો હતો જ્યારે ચેદિ દેશ અથવા વંશદેશમાં હાલનો બિલાસપુર જીલ્લો, રાયપુર જીલ્લો અને ઉદેપુર તથા છત્તીસગઢ[૧૩૦] તાલુકાનો મુખ્યત્વે સમાવેશ થતો હતો, વળી થોડેક અંશે રેવારાજ્યનો દક્ષિણ પ્રદેશ[૧૩૧] તથા શોહનાગપુરનો સમાવેશ પણ થતો હતો. અંગદેશની રાજધાની ચંપાપુરી હતી, જ્યારે વંશદેશની રાજધાની કંચનપુર[૧૩૨] નામે હતી.

જેમ કાશી, કોશળ, અને વત્સ દેશ આદિના રાજાઓની વંશાવળી, ઠેઠ તેની સ્થાપનાથી ભલે પછી ત્રુટીત અવસ્થામાં પણ મળી આવી છે, અને ઇ. સ. પૂ. ની

**રાજા દધિવાહનનો વંશ અને એનું સંભવિત જોડાણ**

છઠ્ઠી સદી પહેલાંની પાંચ અને ૭ ૭ પેઢીની હકીકત મળી છે તેમ આ અંગદેશના સંબંધમાં ક્રમભાગ્યે નહીંવત્ જેવુંજ પ્રાપ્ત થયું છે. જે કાંઇ જુનામાં જુની બાતમી,[૧૩૩] જૈન ગ્રંથોમાંથી મળે છે તે એટલીજ કે, અમુક સમયે, ચંપાપુરીમાં રાજા રણવીરનો પુત્ર દધિવાહન રાજ્ય કરતો હતો, તેમજ તેને લગતા સમય, સ્થળ ઇત્યાદિનું જે વર્ણન લખાયું છે તે જોતાં, જે રાજા દધિવાહનનું આપણે અત્ર વર્ણન કરવાને માંગીએ છીએ તે જ વ્યક્તિ, રણવીરનો પુત્ર દધિવાહન હોવાનો નિશ્ચય થાય છે.

કાશીદેશનો ઈતિહાસ લખતાં આપણે કહી ગયા છીએ કે, જ્યારે ત્રેવીશમા જૈન તીર્થંકર પાર્શ્વનાથનો સમય હતો ત્યારે તેમના પિતા અશ્વસેનનું રાજ્ય કાશીદેશ ઉપર હતું અને આ પાર્શ્વકુમારનો[૧૩૪] વિવાહ, કુશસ્થળપતિ રાજા પ્રસેનજિતની કુંવરી વેરે કરવામાં આવ્યો હતો.

---

પ્રાંતવાળા પ્રદેશને પણ ચેદિ દેશમાં ગણવો રહે છે,

જ. રો. સો. બેં. પૃ. ૧૫ (કર્નલ ટોર્ડના મત પ્રમાણે માલવામાં આવેલું ચંદેરી શહેર, કૃષ્ણેજે શિશુપાલને માર્યો હતો તેનું પાટનગર હતું અને મી. ફ્યુહરર (કે. એ. ઈ. પૃ. ૧૪ નો આધાર ટાંકોને) કહે છે કે દહલ મંડળ તેજ પ્રાચીન ચેદિ દેશ છે.

(૧૩૦) ઇ. ક. ની પ્રસ્તાવનામાં P. IX લખેલ છે કે છત્તીસગઢ (મહાકોશલ) તાલુકાની રાજધાનીવાળું ખેરમદેવ તેજ ચેદિ દેશ અથવા કલ્ચુરીઅનું પાટનગર હતું. જ. રો. સો. બેં. પુ. ૨૧ પૃ. ૨૫૭ માં જણાવ્યું છે કે ભોજકટ અથવા અવંતિ જેની પૂર્વમાં (પશ્ચિમ લખવું જોઈએ) અડીને આવેલો છે તે પ્રદેશનું નામ ચેદિ (ડૉ. ડી. આર. ભાંડારકરનું સભાપર્વ તથા અશોકના નામના ગ્રંથ પૃ. ૩૫) પ્રમાણે ચેદિનો પૂર્વ સીમાડો અને પુલિંદનો દેશ અડોઅડ આવી રહેલા હતા.

(૧૩૧) કે. એ. ઇ. પૃ. ૧૪ ચેદિ દેશમાં બુંદેલખંડનો દક્ષિણ ભાગ અને જબલપુરનો ઉત્તર ભાગ સમાઈ જતો હતો; તથા ગુપ્ત રાજાના સમયે તેની રાજધાની રેવાનું કલિંજર હતું. ચેદિનું બીજું નામ ત્રિપુરી પણ હતું (ત્રિપુરી માટે ઉપરની ટીકા નં. ૧૨૯ જુઓ. મારૂં મંતવ્ય શું છે તે, કલિંગ દેશના વર્ણને જુઓ).

(૧૩૨) ભરતે, બાહુ, વૃત્તિ પૃ. ૧૦૩.

(૧૩૩) જુઓ ભરતે. બા. વૃ. પ. ૧૦૭.

(૧૩૪) પાર્શ્વનાથ તે નામ તીર્થંકરનું કહેવાય

મતલબ એ થઈ કે ઇ. સ. પૂ. ૮ ની સદીમાં કુશસ્થળના પ્રદેશ ઉપર જે રાજા રાજ્ય કરતો હતો તેનું નામ પ્રસેનજિત હતું. હવે આપણે કાશી, કોશળ અને વત્સદેશના ઇતિહાસ ઉપરથી જાણી શકયા છીએ કે, આ અશ્વસેન રાજાના સમકાલીનપણે મજકુર પ્રદેશ ઉપર જે રાજાઓનો અધિકાર ચાલ્યો જતો હતો તેના પછી પાંચ પાંચ પેઢીઓ ( તેને પોતાને સાથે ગણતાં ) વહી ગઈ હતી અને ઇ. સ. પૂ. ના છઠ્ઠી સદીમાં છઠ્ઠી પેઢી રાજ્ય ચલાવતી હતી. તેવીજ રીતે મગધ દેશ ઉપર પણ છઠ્ઠી પેઢીનું રાજ્ય ચાલતું હતું ( તેનો ઇતિહાસ હવે પછી આપણે લખવાના છીએ તેથી તેનું નામ ઉપરના દેશો સાથે મેં જણાવ્યું નથી. ) એટલે આ સર્વે સમસમયી પ્રદેશનાજ દૃષ્ટાંત ઉપરથી જો આપણે એમ અનુમાનિક નિર્ણય કરીએ કે, કુશસ્થળ દેશ ઉપર પણ પ્રસેનજિતથી આરંભીને છઠ્ઠી પેઢીએ દધિવાહન રાજા થયો હતો તો તે નિર્ણય કાંઇ અસલથી દૂર તો નહીંજ ગણી શકાય. અને તેમ કરતાં રાજા પ્રસેનજિતનો આંક પહેલો, બીજા, ત્રીજા અને ચોથા આંકવાળા રાજાના નામ ખાલી, પાંચમા આંકવાળાનું નામ રાજા રણવીર અને છઠ્ઠાનું નામ દધિવાહન; આ પ્રમાણે તેમની નામાવલી[૧૩૫] ગોઠવી લેવી પડશે.

**તે સર્વેનાં જીવન વિશે**

રાજા પ્રસેનજિત વિશે, તે પોતે શ્રી પાર્શ્વનાથનો સસરો હોવા ઉપરાંત અન્ય કોઇ વસ્તુ જાણવામાં આવી નથીજ. અલબત્ત, એક વખત હું એવા અનુમાન ઉપર ગયો હતો ખરો કે આ રાજા પ્રસેનજિત તે અન્ય કોઈ નહીં, પણ કુશસ્થળ દેશમાં આવેલ તે સમયની ચંપાપુરીના પડોશમાં,[૧૩૬] પણ હાલ જે સ્થળ ભારહૂત ગામડું કહેવાય છે-તે સ્થાને ઉભા કરવામાં આવેલ સ્તૂપનો (જેને ઇતિહાસમાં પ્રસેનજિત Pillar કહેવાય છે). બનાવનાર રાજા પ્રસેનજિતજ હોવો જોઇએ; પણ તે વિચાર, પાછળથી વિશેષ ઉહાપોહ અને અભ્યાસને લીધે ફેરવવો પડ્યો છે, તે પૃ. ૭૫ ઉપર જણાવી ગયા છીએ. આ સિવાય બીજી હકીકત ઇતિહાસના પાને નોંધાઈ હોય તો મને તે પ્રાપ્ત થઇ શકી નથી. તેમ બીજી, ત્રીજી અને ચોથી પેઢીએ થયેલાનાં નામો પણ જ્યારે મળતાં નથી, તો તેવા સંજોગોમાં તેમના જીવન-ચરિત્ર વિશે, કાંઈ પ્રાપ્ત થવાની ઉમેદ ધરાવવી તે આકાશકુસુમવત્ જેવું ગણાશે. પાંચમા રાજાનું નામ માત્ર જણાયું છે અને તે આપણે

---

અને તે તેમના મોક્ષ પામ્યા પછીનું ગણાય, પણ તે વ્યક્તિ જ્યારે સંસારમાં વિચરતી હતી અને દીક્ષા પણ લીધી નહોતી તેમ લગ્ન પણ થયું નહોતું, તે સમયે આપણે તેમને પાર્શ્વકુમાર તરીકે ઓળખાવી શકીએ. તે દૃષ્ટિએ આ શબ્દનો ઉપયોગ અહીં કરાયો છે.

( ૧૩૫ ) આ પ્રમાણે નામાવળી કહી શકાશે.

(૧) પ્રસેનજિત.
(૨) —
(૩) —
(૪) —
(૫) રણવીર.
(૬) દધિવાહન.

( ૧૩૬ ) કારણકે ચંપાપુરીનું સ્થાન હાલનો રૂપનાથનો શિલાલેખ જ્યાં ઉભો છે ત્યાં ગણવું પડશે ( જે વિષય મહારાજા પ્રિયદર્શિનના વૃત્તાંતે ફરીને હાથ ધરાશે ) અને જુઓ ઉપર પૃ. ૭૭.

( નામના સરખાપણાને લીધે કેવી ભૂલો થઈ જાય છે તેનું આ દૃષ્ટાંત છે ) અને આ ભારહુતની જગ્યા તે રૂપનાથના ખડકવાળી જગ્યાની પાસેજ છે. તેથી 'પાડોશ ' શબ્દ મેં લખ્યો છે.

દર્શાવી પણ ગયા છીએ. તે પ્રમાણે તેનું નામ રણવીર હતું. તેના મરણ બાદ તેનો પુત્ર દધિવાહન અંગદેશની રાજ્યગાદીએ બેઠો હતો એમ હવે સ્વીકારવું પડે છે. આ રાજા વિશે હજુ કાંઇક નોંધવાલાયક જણાયું છે ખરું, અને તેમાંથી ઇતિહાસ તરીકે જેટલું લખી શકાય તેમ છે તેટલું લખવા પ્રયત્ન કરીશ.

**દધિવાહન**

તેને ત્રણ રાણીઓ હોવાનું તારવી શકાય છે. પટરાણીનું નામ અભયાદેવી હતું.[૧૩૭] બીજીનું નામ પદ્માવતી[૧૩૮] અને ત્રીજીનું નામ ધારિણી[૧૩૯] હતું. આ ઉપરથી સમજાશે કે રાણી પદ્માવતી તે કાંઈ પટરાણી તો નહોતાજ, પણ બીજી રાણી હતી. એટલે સહજ અનુમાન કરી શકાય કે, રાણી અભયાદેવીના લગ્ન બાદ, પાંચેક વર્ષે રાણી પદ્માવતી સાથે રાજા દધિવાહનનું લગ્ન થયું હશે. એટલે રાણી પદ્માવતી અને રાજા દધિવાહનની ઉમર વચ્ચે, સાધારણ રીતે પતિ–પત્નિ વચ્ચે જે બે–ત્રણ વર્ષથી માંડીને પાંચ વરસનો તફાવત રહે છે તેને બદલે આ રાણી બીજી વારની હોવાથી તે અંતર આઠથી દશ વર્ષનું ગણવું રહે છે. રાણી પદ્માવતીનો જન્મ આપણે ઈ. સ. પૂ. ૫૯૩ માં ગણાવ્યો છે. ( જુઓ પૃ. ૧૩૫ ઉપરનું કોષ્ટક ) એટલે તે ગણત્રીએ રાજા દધિવાહનનો જન્મ આપણે ઈ. સ. પૂ. ૬૦૧–૬૦૩ માં ઠરાવીએ તો ખોટું નથી. તેમ રાજા દધિવાહનનું મરણ ઈ. સ. પૂ. ૫૫૬ માં નીપજ્યાનું આપણે જણાવી ગયા છીએ, જેથી મરણ સમયે તેની ઉમર ૬૦૩–૫૫૬=૪૭ વર્ષની આશરે હોવાનું ઠરે છે. અને જો તે ગાદી ઉપર પંદરેક વરસની ઉમરે આવ્યો હોય તો તેનું રાજ્ય બત્રીસથી ચોત્રીસ વર્ષનું લેખી શકાય.

રાજા દધિવાહને રાજ્યની લગામ હાથ ધર્યા બાદ તેને માથે શું શું વીતક વીત્યાં હતાં તેમાંનાં કેટલાંક તો ઉપરના પાનાઓમાં પ્રસંગોપાત જણાવી ગયાં છીએ એટલે તેનું પિષ્ટપેષણ કરવા અત્રે જરૂર નથી, છતાં માત્ર સંક્ષિપ્તમાં જણાવી દઇએ કે, રાણી પદ્માવતીનો દોહદ પૂર્ણ કરવા જતાં પોતાને અને રાણીને વિયોગ વેઠવો પડ્યો હતો. પાછળથી પોતાનાજ પુત્રની સાથે ( કે જે, તે સમયે ચેદિપતિ થયો હતો ) યુદ્ધમાં ઉતરવાની તૈયારી થઇ રહી હતી ત્યાં પોતાનીજ રાણી કે જેણી જૈનદીક્ષા ગ્રહણ કરી સાધ્વી બની હતી તેણીના વચ્ચે પડવાથી પિતા–પુત્રની ઓળખાણ થવા પામી હતી અને પરિણામે યુદ્ધ થતું અટકી ગયું હતું.[૧૪૦] અને તે બાદ કેટલાક વર્ષે, રાજા દધિવાહનના પ્રદેશની ઉત્તરે આવેલ કૌશંબીનો રાજા શતાનિક, જ્યારે અંગદેશ ઉપર ચડી આવ્યો હતો ત્યારે તેનું મૃત્યુ નીપજ્યું હતું. અને તે વખતની તેની હૈયાત રાણી ધારિણી અને તેણીના પેટે અવતરેલી પુત્રી વસુમતિને–બન્ને મા–દીકરીને રાજા શતાનિકે રાજકેદી તરીકે, કૌશાંબી લાવી આણવાનો પોતાના માણસોને હુકમ આપ્યો હતો. અને આ બધો સમુદાય જ્યારે કૌશંબી જતો હતો ત્યારે રસ્તામાં તે રખેવાળ માણસની દૃષ્ટિમાં

---

( ૧૩૭ ) ભરતે. બાહુ. વૃ. ૧૦૩.

( ૧૩૮ ) આ રાણી વિશે કાંઈક પરિચય પૃ. ૧૩૩ ઉપર આપ્યો છે ત્યાંથી જોવું.

( ૧૩૯ ) આ રાણી વિશે, પ્રાસંગિક વિવેચન પૃ. ૧૧૪ ઉપર કહી ગયા છીએ.

( ૧૪૦ ) જુઓ આગળ ઉપર પૃ. ૧૪૭.

વિક્ષર થવાથી, રાણી ધારિણીએ શિયળ રક્ષાર્થે આપઘાત કર્યો હતો અને કુંવરી વસુમતિને કૌશંબીમાં એક વણિકને ત્યાં વેચાવું પડયું હતું;[૧૪૧] અને પાછળથી તે શેઠે પુત્રીનું નામ ચંદનબાળા પાડયું હતું. આ ચંદનબાળાને શ્રી મહાવીરના સ્વહસ્તેજ સ્ત્રી વર્ગમાં સૌથી પ્રથમપણે દીક્ષા અપાઇ હતી જેથી મહાવીરના પરિવારમાં તેણી સર્વ સાધ્વીઓમાં અગ્રપદે બિરાજતી હતી. આ પ્રમાણે રાજા દધિવાહન અને તેના પરિવારની ટુંક હકીકત છે.

**વંશનો અંત**

રાજા દધિવાહનના મરણ પામવાથી તેના વંશને તાળું દેવાઇ ગયું છે. જો કે રાજા કરકંડુ તે દધિવાહનનો જ પુત્ર ગણાય. છતાં જેમ કોઈ દત્તકપુત્રને, દત્તકવિધાનની વિધિ થયા બાદ પોતાના જન્મદાતા માતાપિતાના ગોત્ર-કુળ વિગેરેનો ત્યાગ કરીને પોતાને દત્તક લેનારના વંશ, ગોત્ર, કુળ વિગેરે ધારણ કરવાં પડે છે તેમ મહારાજા કરકંડુની બાબતમાં થયું જ હતું. એટલે તે અંગપતિનો પુત્ર હતો, છતાં તે ચેદિ પ્રદેશની ગાદિ ઉપર બિરાજમાન થયો હોવાથી તેને ચેદિપતિની નામાવળીમાં દાખલ કરવો પડશે. તેમજ તેના જીવન વિશેના પ્રસંગોને ચેદિપ્રદેશના વર્ણન લખતાં આળેખવામાં આવશે. અત્રે તો માત્ર દધિવાહન અને રાણી પદ્માવતીના અંગેની થોડીક ઉપયોગી હકીકત વાંચકને રસપ્રદ લાગે તેટલા પુરતું, તેમજ જે ઐતિહાસિક બનાવ મહારાજા કરકંડુના જન્મને અંગે બનવા પામ્યો છે તે સર્વેની પરસ્પર સાંકળ સંધાઇને વસ્તુસ્થિતિનો એકતાલ-એકમેળ બાઝે તેટલા પુરતુંજ વર્ણન કરવું જરૂરી લાગ્યું છે.

ગર્ભવતિ રાણી પદ્માવતીને લેઇને હસ્તિ નાઠો હતો ત્યાંસુધી જાણી ચુકયા છીએ પછી તે દૂર પ્રદેશના જંગલમાં નીકળી ગયો. જે કોઈ તાપસના મઠ પાસે આવી પહોંચ્યો. ત્યાં રાણી પદ્માવતી ઉતરી પડી અને પોતાની સર્વ હકીકત તે તાપસને જણાવી. તાપસે કરૂણાભાવે, પાસે થઇને જતો દંતપુર[૧૪૨] નગરનો રસ્તો બતાવ્યો અને સૂચવ્યું કે, ત્યાં થઇને તમારી રાજધાની ચંપાપુરી જવું સુલભ થશે. તેણી દંતપુર જવાને રસ્તે ચાલવા મંડી. થોડેક ચાલી ત્યાં એક જૈન સાધ્વીનો ભેટો થયો. તેના પાસે પોતાની આપવીતિ સર્વ હકીકત અથથી ઇતિ સુધી કહી દીધી, પણ પોતાને ગર્ભ છે એમ જણાવ્યું નહીં. સાધ્વીએ સંસાર દુઃખમય છે અને આ દેહ ક્ષણભંગુર હોઈ સર્વ માયાથી પૂર્ણ છે એવો ઉપદેશ આપવાથી રાણી પદ્માવતીનું મન વૈરાગ્યવાન થયું ને તે ગુરૂણી પાસે દીક્ષા લઈ તેણીની શિષ્યા બની. પછી જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ ગર્ભ હોવાનાં ચિહ્ન પ્રકાશિત થવાં લાગ્યાં. ગુરૂણીજીએ શિષ્યાને ઠપકો દીધો કે, તેં, આ હકીકત મારાથી કેમ છૂપાવી હતી ? શિષ્યાએ ઉત્તર વાળ્યો કે, જો તેનો પ્રકાશ કરત તો તમો મને દીક્ષા જ ન દેત, અને આવા અજાણ્યા અને પરદેશી મૂલકમાં મારા જેવી યુવતિ, સ્વરૂપવાન અને કોમળાંગીની દશા શું

(૧૪૧) વેચાવા પડયાની હકીકત આગળ કયાંય જણાવી નથી કારણ કે તે હકીકત રાજા દધિવાહનને અંગે નહોતી એટલે પડતી મૂકી હતી.

(૧૪૨) કદાચ દંતપુર, વિંધ્યાપર્વતની તળેટીમાં આવી રહેલાં સમુહતંત્ર રાજ્યમાંના એકનું ગાદિસ્થાન પણ હોય કે, કદાચ અંગ અને વંશદેશની વચ્ચે આવેલું નાનું રાજ્ય પણ હોય.

થાત. તેના વિચારમાત્રથી ભયાનક ચિત્ર સ્મરણ-પટમાં ખડું થવાથી કંપ થતો હતો અને તેથી મૌન સેવવું જ ઉત્તમ લાગ્યું હતું. ગુરૂણીજી સમયને માન આપી વર્તનારા હોવાથી "યદ્ ભાવિ તદ્ અવશ્યં ભવતિ" ના ન્યાયે તેણીયે (સાધ્વી પદ્માને) પ્રસુતિ થાય ત્યાંસુધી ગુપ્ત સ્થાને રાખવાનો બંદોબસ્ત કરી દીધો. કાળ સંપૂર્ણ થયે તેણીને પુત્ર અવતર્યો. જેટલો વખત ઉછેર કરવાની જરૂર હતી તેટલો સમય શિશુ-પાલન કરી પછી, ભવિષ્યમાં પ્રસંગ પડતાં ઓળખ કાઢી શકાય તેવાં ચિહ્ન–એંધાણીની વસ્તુ[૧૪૩] સાથે, તે બાળકને પાસેના સ્મશાનમાં મૂકી દીધો. તેવામાં ત્યાં કામે આવેલ પણ સ્મશાન ઉપર ચોકી કરનાર પુરૂષે, ફરતા ફરતા તે બાળકને જોવાથી ઉપાડી લીધો અને પોતાને કાંઈ છોકરૂં ન હોવાથી પોતાની સ્ત્રીને લાલન–પાલન કરવા સોંપી દીધો. આ બાજુ કુંવર આઠેક વર્ષનો થયો ત્યારે એકદા, પોતાના બાળ-મિત્રો સાથે પાસેની ઝાડીમાં રમતો હતો. ત્યાં બે જૈન સાધુઓ તે રસ્તે થઇને નીકળ્યા. ચાલતાં અંદર અંદર વાત કર્યે જતા હતા કે, જે કોઈ આ સામે દેખાતા વંશ–વાંસને[૧૪૪] છેદશે, તે ભવિષ્યમાં કોઈ દેશનું રાજ્ય મેળવશે. આ વાત તે કુંવરે અને તેની સાથે રમતા બાળમિત્રે[૧૪૫] (જે જાતે બ્રાહ્મણ હતો) સાંભળી અને તેમણે તે વંશનું છેદન કરી નાંખ્યું. પણ અંતે તો બાળકો ખરાંને, એટલે અંદરઅંદર વઢી પડ્યાં. એક કહે કે હું રાજા થઇશ, ત્યારે બીજો કહે કે હું રાજા થઇશ. આમ કરતાં વાત વધી પડી. બાળકમાંનો કોઈ રાજા થવાનો હશે ત્યારે થાશે, પણ હાલ તો તેમનું ઉપરાણું તેમના વડીલોએ લીધું અને છેવટે ન્યાય છણવા માટે ઠેઠ રાજ-દરબારે પહોંચ્યા. રાજાજીએ બન્ને પક્ષની વાત સાંભળીને હસતાં મુખે એવો ફેંસલો સુણાવ્યો કે, કરકંડુને[૧૪૬] જ્યારે રાજ્ય મળે ત્યારે તે, બ્રાહ્મણના છોકરાને એક ગામડું બક્ષીસમાં આપે. પછી તો, આ ગરીબ બિચારા કરકંડુને અને તેના માબાપને બ્રાહ્મણો હાલતા ને ચાલતા પજવવા માંડ્યા. કહે કે "લાવ ગામ" એટલે કરકંડુ અને તેના પોષક માબાપ કંટાળીને,

---

(૧૪૩) વીંટી–મુદ્રિકા, અંગુઠી પહેરાવી એમ ગ્રંથોમાં લખ્યું છે. પણ તેમ બનવું અસંભવિત છે કેમકે, સાધ્વીથી કોઈ જાતની ધાતુનો સંગ્રહ કરી શકાતો નથી તો પછી સુવર્ણ જેવી વસ્તુ તો ક્યાંથીજ સંભવી શકે; અલબત્ત અત્યારે જે સ્થિતિમાં હતી તે સાધ્વીપણાની નહોતી તેથી કેટલેક અંશે તેમ બનવા-જોગ પણ હતું.

(૧૪૪) શું આ બનાવ ઉપરથી તે પ્રદેશનું નામ વંશ દેશ પડ્યું હશે; અથવા જે પ્રદેશમાં વંશ કહેતાં વાંસ બહુજ ઉગતા હોય તેવો દેશ, એમ અર્થ થતો પણ હશે.

(૧૪૫) આ હકીકતથી સિદ્ધ થાય છે કે પ્રાચીન સમયે, અસ્પૃશ્યતાને સ્થાન નહોતું, નહીંતો (સ્મશાન રક્ષક તે તો ચાંડાળ હોય છે. તેને તો હાલના જમાનામાં અસ્પૃસ્યજ ગણાય છે) ચાંડાળનું બાળક, બ્રાહ્મણના બાળક સાથે રમી શકત નહીં, વળી જુઓ આગલા પાનાની હકીકત.

(૧૪૬) જુઓ ઉપરની ટીકા નં. ૧૦૭. આ બાળકને આખા શરીરે બહુજ ચળ–ખણ–ખરજ આવતી હતી તેથી બે હાથ ખૂબ જોરથી ખણતો હતો. આ ઉપરથી, તેને બધા કરકંડુ કહીને બોલાવતા હતા. (જૈન ગ્રંથ-કારો, હમેશાં વર્ણન કરવામાં, ખરા નામથી ન બોલા-વતાં, જીવનના અમુક પ્રસંગે કોઇ બનાવ બન્યો હોય છે તે ઉપરથી નામ ગોઠવે છે તેનું આ એક વધુ દૃષ્ટાંત સમજવું. જુઓ પૃ. ૮૩ થી ૮૬ સુધીના જૈન ગ્રંથકારોની એક ખાસિયતવાળા પારિગ્રાફનું લખાણ,

દંતપુર છોડી અન્ય સ્થાને જવા નીકળ્યા. જતાં જતાં કંચનપુર નામનું[147] મોટું નગર આવ્યું ભાગ્યયોગે બન્યું એમ કે તે નગરનો રાજા અપુત્રિયો મરણ પામવાથી, તેનું પ્રધાનમંડળ રાજપદવીયોગ્ય પુરૂષની શોધમાં નીકળ્યું હતું. અને તેમણે પેલા કરકંડુને તેના માબાપની સાથે આવતાં સામેથી જોયો. તુરત તેને ઉપાડી લઈ, હાથી ઉપર બિરાજમાન કરી નગરપ્રવેશ કરાવ્યો. અને ગાજતે વાજતે રાજાનું તિલક કરી અભિષેક કરી ગાદી ઉપર બેસાડ્યો. આ સમયથી, યુવક કરકંડુ, તે કંચનપુરનો ધણી એટલે ચેદિપતિ[148] થયો. આવી વાતને પ્રસરતાં કાંઇ વાર લાગતીજ નથી. જેવા તે સર્વ સમાચાર દંતપુર પહોંચ્યા કે તુરતજ પેલા બ્રાહ્મણ છોકરાનાં સગાંવહાલાં, મહારાજા કરકંડુ પાસે ગામ મેળવવા કંચનપુરમાં આવ્યાં. હવે તેમના મુખેથી, કંચનપુરના બ્રાહ્મણોને જણાયું કે, મહારાજા કરકંડુ તો અસ્પૃશ્ય જાતિમાં જન્મેલા છે, એટલે ગામના બ્રાહ્મણો હતા તે તો બડબડાટ ને કડકડાટ કરવા મંડી પડ્યા. તે સમયે આકાશવાણી થઇ કે–હે ભૂદેવો ! કોઇ પુરૂષ તેના જન્મને લીધે ઉચ્ચ–નીચ ગણાતો નથી પણ તેના કર્મથીજ તે ઓળખાય છે; માટે કરકંડુ રાજાનું કુળ ગમે તે હોય, પણ તે અત્યારે રાજપદવી પામ્યો છે માટે વંદન કરવા યોગ્ય છે. આ ઉપરથી તેઓ શાંત પડ્યા. મહારાજા કરકંડુએ પણ તેમને સન્માન્યા અને એવી આજ્ઞા ફરમાવી કે હવેથી તે ગામના સર્વે ચાંડાળોને પણ અપનાવી બ્રાહ્મણની જ્ઞાતિમાં ભેળવી દેવા. તે દિવસથી તેમ કરવામાં આવ્યું. એટલે, આ નવીન બ્રાહ્મણોનું નામ જનંગમ દ્વિજ પડ્યું[149] અને મૂળ જન્મથી બ્રાહ્મણ હતા તે પોતાને સાદા દ્વિજ નામથી ઓળખાવા લાગ્યા. આ પ્રમાણે કંચનપુરના ચાંડાળોનો ઉદ્ધાર કરીને, પછી જે બ્રાહ્મણો દંતપુરથી આવ્યા હતા તેમને મશ્કરીમાં એમ ઉત્તર વાળ્યો કે, ચંપાપુરીના

---

તથા તેની ઉપરનાં ટીપણો.) શ્રેણિક સંપ્રતિ, કૂણિક, વિગેરે નામો પણ આ પ્રકારનાંજ સમજવાં.

(૧૪૭) આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે દંતપુર અને કંચનપુર આ બન્ને જુદાં જુદાં રાજ્યનાં નગરો છે. કંચનપુર તે કલિંગનું અને દંતપુર તે વંશ દેશનું કહેવાય. અથવા દંતપુર તે હાલના ઓરિસાને લગતો કોઈ પણ ભાગ હોઈ શકે. (સરખાવો ઉપરની ટીકા નં. ૧૪૨) મતલબ કહેવાની એ છે કે કલિંગ દેશમાં ઓરિસાનો સમાવેશ ભલે પાછળથી થયો હશે, પણ પ્રાચીન સમયે તેમ નહોતુંજ; બન્ને જુદાજ હતા એમ આ ઉપરથી જોઈ શકાય છે. (જુઓ કે. હી. ઇ. પૃ. ૬૦૧) Early literature however distinguishes the Kalingas from the Odras or natives of Orissa (meaning hereby that the Odras—people inhabiting the provinces of Orissa did not probably belong to Kalinga) (what else can it be then ? the reply is quite simple, to Vamsadesha, between the counfries of Anga & Kalinga) પ્રાચીન સાહિત્યમાં ઓદ્ર અને કલિંગ પ્રજાના વર્ણન જુદાં લખાયલાં છે. (આ ઉપરથી સમજાય છે કે, ઓરિસામાં વસ્તી જે ઓદ્ર પ્રજા તેનું સ્થાન કલિંગમાં નહીં હોય. તોપછી બીજો કયો પ્રદેશ તે હોઇ શકે ? ઉત્તર તો સાવ સ્પષ્ટ છે કે, અંગ અને કલિંગની વચ્ચે આવેલ વંશદેશજ તે હોવો જોઇએ).

(૧૪૮) આ ઉપરથી સમજી શકાશે કે અંગ દેશ અને ચેદી દેશ બંને જુદા જુદા મુલક છે.

(૧૪૯) જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૧૦૪, ત્યાં આ પ્રમાણે વાકય લખેલ છે " દધિવાહનના પુત્ર કરકંડુએ વાટધાનકના વાસી ચાંડાળોને બ્રાહ્મણ કર્યા. "

દધિવાહન રાજા પાસે જાઓ. તેઓ મારી વતી તમોને એક ગામ આપશે. બ્રાહ્મણો તો બિચારા ભદ્રિકભાવે ચંપાપુરી ગયા અને કલિંગપતિ મહારાજા કરકંડુનો સંદેશો અંગપતિ રાજા દધિવાહનને પહોંચાડયો. એટલે તેણે તો સામું રોકડું પરખાવ્યું કે, ( કારણ કે રાજા દધિવાહનને કાને તો એવીજ વાત ગઈ હતી કે રાજા કરકંડુનો જન્મ ચાંડાળ કુળમાં થયેલ છે તેમજ અંગપતિ કાંઈ ચેદિપતિનો આશ્રિત પણ નહોતો કે તેનું કહેણ માનવાની જરૂરીઆત રહે). જાઓ, તમારા રાજાને કહો કે તમને ( કરકંડુને ) લડાઇમાં મારી નાંખ્યા બાદ આ બ્રાહ્મણોને તે પોતેજ દક્ષિણામાં એક ગામની ભેટ દેશે; અન્યથા નહીં. બ્રાહ્મણોએ તો તેનો સંદેશો પાછા આવીને કલિંગપતિને કહી સંભળાવ્યો. તે સુણીને મહારાજા કરકંડુને તો પગથી તે માથા સુધી લાગી ગઇ, અને રાજા દધિવાહનનું અભિમાન તોડવા અંગદેશ ઉપર સ્વારી લઇ જવાની તૈયારી કરી. લશ્કર લઇને ચંપાનગરીની ભાગોળ સુધી પણ પહોંચ્યો ત્યાં પદ્માવતી સાધ્વીને જાણ થઇ કે[૧૫૦] આ દારૂણ યુદ્ધમાં અનેક મનુષ્યોનો તથા પશુ-પ્રાણીઓનો નાહક સંહાર વળી જશે અને પરિણામે તો, કોઈની હાર કે જીત સ્થાપન કરવાની જરૂરજ નથી; કેમકે બન્ને પક્ષ વચ્ચેનું સગપણ તો પિતા-પુત્રનું છે. એટલે તેણી ત્યાં આવી. પ્રથમ, કરકંડુને, પોતે જે નિશાની સાથે સ્મશાનમાં મૂકયો હતો તેની એંધાણી આપી, ખાત્રી કરી આપી કે તેણી તેની જન્મદાતા માતાજ હતી. પછી રાજા દધિવાહનને, સામે પક્ષે લડનાર તે તેમનોજ પુત્ર છે તે બાબતની ખાત્રી કરી આપી એટલે પિતાએ ઉઠીને પુત્રને સંપૂર્ણ સન્માન સાથે વાજતેગાજતે નગરમાં પ્રવેશ કરાવ્યો અને બન્ને પરસ્પર ભેટયા. પછી થોડો સમય

---

મારૂં મંતવ્ય નીચે પ્રમાણે બે પ્રકારે થાય છે. ( ૧ ) આ ઉપરથી એક નવો મુદ્દો ઉપસ્થિત થતો દેખાય છે કે આ નવી પ્રજાને સારસ્વત કે ગોડબ્રાહ્મણ સાથે કાંઈ સંબંધ હશે ખરો ? અને જો સંબંધ હોય તો, અહીંથી તેમની ઉત્પત્તિ કહી શકાય. તેમ હોવાનું મારૂં માનવું થાય છે; કેમકે કાઠિયાવાડ, ગુજરાત તથા કેટલાંક અન્ય સ્થળે આ સારસ્વતો, બ્રાહ્મણ તરીકે ઓળખાય છે પણ તેમને તપોધનના નામથી બોલાવાય છે. અને તેમને અન્ય બ્રાહ્મણ જ્ઞાતિઓ કરતાં ઊતરતાં કુળનાં ગણવામાં આવે છે. આમને ગોડબ્રાહ્મણ કહેવાય છે. આ ' ગોડ ' શબ્દનો અપભ્રંશ થઈને જેને કાઠિયાવાડમાં ગરોડા તરીકે ઓળખવામાં આવે છે તે ગરોડા ( શુદ્ર વર્ણની પ્રજાના ગોર-પુરોહિત-તો નહીં થયું હોય ? કેમકે ગોડ દેશની પ્રજા તે ગૌડ ( બ્રાહ્મણ ) અને તેમજ હોય તો પછી ગૌડબ્રાહ્મણની ઉત્પત્તિના સ્થાન તરીકે, જેમ વર્તમાનકાળે બંગાળ ઈલાકો ગણાય છે તે ઠરતો નથી પણ તેને બદલે મધ્યપ્રાંત કે ઓરિસ્સાનો કોઈક ભાગ ગણવો પડશે. ( જુઓ ઉપર ટીકા. ૧૨૯-૧૩૦-૧૩૧ ઇત્યાદિ ) ( ૨ ) આ પ્રજાને " વાટધાનક " નામથી પણ ઓળખાવાય છે; જ્યારે ' વાટાકટક ' નામનો એક વંશ આ પ્રદેશ ઉપર તથા મધ્યપ્રાંત ઉપર ઇ. સ. ની ચોથી પાંચમી સદીમાં રાજ્ય કરતો હતો. આ બન્ને શબ્દોમાં કાંઇક સામ્ય દેખાય છે. તો શું તે બન્નેને કાંઇ સંબંધ હશે ખરો ?

( ૧૫૦ ) આ સમયે પદ્મા સાધ્વીને દીક્ષા લીધાને પણ લગભગ વીસ વર્ષ જેટલો સમય થવા આવ્યો કહેવાયજ. એટલે કદાચ તપસ્યાને અંગે કર્મના દળિયા હળવાં થઈ જઇને સર્વવ્યાપી જ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ હોય. તેથી પોતે જાણી શકી હોય અને જ્ઞાન પ્રાપ્ત ન થયું હોય તો પછી દેશ સમાચાર તો અવારનવાર પોતાના વિહારમાં મળ્યા કરતાં હોય, તેને લીધે પણ હોય. વધારે સંભવ જ્ઞાનપ્રાપ્તિને લીધે હશે એમ જણાય છે.

રહીતે મહારાજા કરકંડુ પોતાના કલિંગદેશે આવી પહોંચ્યો.[૧૫૧]

આ પ્રમાણે રાજા દધિવાહનના વંશનો અંત આવી ગયો અને તેના મરણ બાદ અંગદેશને, મહારાજા કરકંડુએ પોતાના કલિંગના સામ્રાજ્યમાં ભેળવી લીધો. એટલે એક ગણત્રીએ, ત્રિકલિંગ નામનું સામ્રાજ્ય બની ગયું કહેવાય.

(૧૫૧) જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૧૦૫ "હવે કરકંડુ રાજા બે રાજ્યોનો સ્વામી થઈ કલિંગદેશનો રાજા કહેવાવા લાગ્યો." (વાત ઠીક છે પણ રાજા દધિવાહનની હૈયાતિમાં તો તેજ અંગપતિ કહી શકાય અને તેથીજ, હવે પછી શતાનિકે જે ચંપાપુરી ઉપર ચડાઈ કરી છે તેની સામે, દધિવાહનનેજ ઉભા રહેવું પડયું હતું.) આ હકીકત પૂરવાર કરે છે કે રાજા કરકંડુને ખરી રીતે અંગદેશનું સ્વામિત્વ મળ્યું કહી ન શકાય. જો તેમ હોત તો વત્સપાત જેવો નાના રાજા આવા બળિયા રાજા સામે માથું ઉંચકે તે પહેલાં હજાર વાર વિચાર કરત.

આ બધા બનાવોના સમય માટેની ચર્ચા ચેદિદેશની હકીકતે કરીશું.





# છઠ્ઠો પરિચ્છેદ,

## સત્તાધીશ રાજ્યોનું વૃત્તાંત–ચાલુ

**ટૂંક સાર—**

( ૧૧ ) **ધનકટકઃ**–તેનું ખરૂં નામ બેન્નાકટક હતું તેની સમજુતિ તથા ભિન્ન ભિન્ન બેન્ના નામની નદીઓની ઓળખ–તેની રાજધાની બેન્નાતટનગરની એક બંદર તરીકેની વિશિષ્ટતા–અમરાવતી શબ્દનું મહાત્મ્ય–અમરાવતીના સ્તૂપ ઉપર અનન્ય પ્રકાશ–શુંગભૃત્યવંશને કે કન્વવંશને આ પ્રદેશ સાથે સંબંધ હોવાના ભ્રમનું નિવારણ–કન્વવંશના સત્તા પ્રદેશ વિશે માહિતી.

( ૧૨ ) **કલિંગઃ**–કલિંગ અને ત્રિકલિંગની તેમજ ચેદિદેશ અને ચેદિવંશની વ્યાખ્યા–તે સર્વેનો પરસ્પર સબંધ તથા તેના સ્થાપકની ઉત્પત્તિ–ચેદિવંશની સ્થાપનાનો સમય–મહારાજા કરકંડુ ઉર્ફે મેઘવાહનનું જીવન ચરિત્ર–તેના વંશની વિશેષવિચારણા–કંચનપુર અને કંચનની પ્રતિમાની ટુંક હકીકત–ચેદિવંશની નામાવળી અને સમયાવળીની સંકલના–પેલી સુવર્ણ પ્રતિમા સંબંધમાં કાંઈક વિશેષ પ્રકાશન–કરકંડુ સિવાયના અન્ય ચેદીરાજવીઓના જીવન વૃત્તાંત.

( ૧૩ ) **અવંતિ**—જુદા જુદા સમયનાં તેનાં જુદાં જુદાં નામ વિશેની, તથા તેનાં પાટનગરનાં સ્થાનો વિશેની અતિ મહત્વતા પૂર્ણ અને નવીનજ માહિતી–ઉજૈની વિશે વિશેષ પ્રકાશ–ઉજૈનીપતિ ભોજ અને કનોજપતિ ભોજ, બન્ને એકજ સમયી હોવાથી એક બીજાને ફાળે હકીકત નોંધાઇ જવાથી ઉભો થયેલો ગોટાળો–રાજપાટના વિધવિધ નામોની સમજુતિ તથા તેનો ઇતિહાસ.

### (૧૧) ધનકટક—( બેન્નાકટક ? )

પૃ. ૫૫ ઉપર જે સોળ દેશનું વર્ણન કરવાની ધારણા બહાર પાડી છે, તેમાં આંધ્ર અને ધનકટક ખરી રીતે તો અનાર્ય દેશોજ ગણવામાં આવતા હતા પણ આર્ય અને અનાર્યના વિભાગો તો મુખ્યત્વે કરીને સંસ્કૃતિને આધારે પાડવામાં આવ્યા છે, અને સંસ્કૃતિમાં તો અવાર નવાર સમય પ્રમાણે ક્ષયવૃદ્ધિ થયાં કરે છે, એટલે ક્વચિત્ ક્વચિત્ આ બન્ને દેશો પણ આર્ય દેશથી ચાર આંગળ ચડી જાય, તેવી સ્થિતિએ સંસ્કૃતિની અંગે સ્થાન પ્રાપ્ત કરી શકયા હતા. જેથી કરીને આપણે તેનો સદંતર ત્યાગ કરવો, તે ઉચિત લેખાશે નહીં, તેમજ જે સમયનું આપણે વર્ણન કરવાનો પ્રારંભ કર્યો છે તે સમયે તો આ બન્ને દેશો, બીજા દેશોની સાથે હરોળમાં બિરાજવાને ખમીર દર્શાવી રહ્યાં હતાં. તેથી ન્યાય આપવાની ખાતર પણ તે બન્ને દેશોનું વૃત્તાંત જે કાંઈ મળી શકે તે અત્રે દર્શાવવુંજ રહે છે.

**તેની હદ તથા ખરૂં નામ**

ત્રીજા પરિચ્છેદમાં આ દેશને લગતી ભૂગોળની દૃષ્ટિએ હદ દોરી બતાવી છે. અને તે ઉપરથી જણાય છે કે તેની સીમામાં ગોદાવરી અને કૃષ્ણા એ બે નદી વચ્ચેના પ્રદેશનો પશ્ચિમ તરફનો મોટો ભાગ આવી જતો હતો. અથવા વધારે સ્પષ્ટીકરણ કરીએ તો ઉત્તરે ગોદાવરી નદી, દક્ષિણે ગુંડાકામાવાળી નદીનું વોકળું, પૂર્વે વરંગુળ અને કારનુલ શહેરને જોડનારી સીધી લીટી, અને પશ્ચિમે અરબીસમુદ્ર. આ ચાર દિશાની વચ્ચે આવેલા પ્રદેશને ધનકટક કહેવામાં આવતો.

જો કે દક્ષિણની હદ, ગોંડાકામા જેવી વોકળારૂપે નાની નદી ગણાવી છે પણ ખરી રીતે તો કૃષ્ણા નદી પોતાના મૂખ પાસે એટલી બધી પથરાઈ જતી હતી કે, તેનો એક મોટો ડેલ્ટા બની ગયો હતો અને તે સર્વ પ્રદેશ, નદીમાં તણાઈ આવતા કાંપને લીધે એવો ફળદ્રુપ બની ગયો હતો કે, તેને ગોંડાકામા નદીના પાણીની પણ જરૂર રહે તેવું નહોતું. એટલે મુખ્યપણે તે પ્રદેશનું પોષણ તો કૃષ્ણા નદીના જળથીજ થતું હતું. પણ તેની હદનો વાચકને સંપૂર્ણપણે ખ્યાલ આવે તેટલા પુરતોજ આ નદીના નામનો અંગુલી નિર્દેશ કરવો પડયો છે.

બૌદ્ધગ્રંથોના આધારે ઇતિહાસિક લેખકોએ આ પ્રદેશનું નામ જો કે ધનકટક[1] કહ્યું છે પણ વાચકને ભૂલાવામાં નાંખે તેવો તે શબ્દ છે. ખરો શબ્દ બેનકટક ( અથવા બેનાકટક ) હોવો જોઇએ[2] અને તેનું કારણ હું એમ રજુ કરવા માગું છું, કે કૃષ્ણાનદીને મહાભારત અને રામાયણ જેવા પ્રાચીન ગ્રંથોમાં પણ બેણા તરીકે ઓળખાવી છે; એટલે બેણા તે કૃષ્ણાનું બીજું નામ અને કટક=ભરડો.[3] એટલે કે તેના વમળમાં ડુબી જતો પ્રદેશ; આવા અર્થમાં બેણાકટક શબ્દ વાપરવાનો હેતુ ગણી શકાય. કહેવાનો ભાવાર્થ

---

( ૧ ) મૂળ ગ્રંથોમાંથી જ્યારે આ ઉતારો કરાયો છે તો લિપિવિશારદોને વિનંતિ કે, તેમણે મૂળ ગ્રંથો જોવા. અને સત્ય શું છે તે શોધી કાઢવું.

( ૨ ) બેનાકટક=બેના+કટક; તેમાં બેણા ( બેના ) કૃષ્ણા નદીનું નામ છે. અને કટક—ભચરડો, વમળ; જે પ્રદેશને બેના નદીએ ભચરડો દીધો છે, જે પ્રદેશની આસપાસ બેના નદી ફરીવળી છે, તે પ્રદેશનું નામ બેન્નાકટક. વળી વિશેષ સમજુતિ માટે આગળના પારિગ્રાફે જુઓ.

( ૩ ) ઉપરની ટીકા નં. ૨ જુઓ.

એ છે કે બેના નદીના પાણીથી જે પ્રદેશની ભૂમિ તરબોળ થઇને રસવતી બની જતી હતી, તેને બેનકટક અથવા બેનાકટક કહેવાતો. જ્યારે ધનકટક શબ્દ હોય, તો તેનો અર્થ શું હોઈ શકે તે સમજી શકાતું નથી.

ઇતિહાસ સંશોધકોએ જે એક બીજી મુશ્કેલી ઉભી કરી છે, તે પણ અત્રે જણાવી દઇએ. કેમકે તેને લીધે આ પ્રદેશની રાજધાનીના શહેર તરીકે, તદ્દન ભળતાજ નગરને ઠરાવી દીધું છે, જે હકીકત આપણે તે વિષયનું વિવેચન કરતી વખતે વિસ્તૃતપણે જણાવીશું. બીજી હકીકત એમ છે કે જેમ કૃષ્ણાનદીને બેના કહી છે, તેમ અન્ય કેટલીક નદીઓનાં નામો પણ તેના ઉચ્ચારને મળતાં[૪] પાડવામાં આવેલ છે. એટલે એમ બની ગયું હશે કે, વિદ્વાનોએ આવા સમોચ્ચારવાળી નદીઓની ઓળખ, એકને બદલે બીજી ધારી લઈ તેવા પાયા ઉપર અન્ય અનુમાનો દોરીને આખી ઇમારત ચણી દીધી હોય. પરિણામે તે સર્વ હકીકત આડે રસ્તે જ દોરવનારી થઇ પડી છે. દૂર દૂર આવેલી નદીઓનાં નામ ધારી લેવાય તો તો અનુમાન કરવામાં અનહદ તફાવત પડી જાય તે તુરત સમજી શકાય તેમ છે, પણ જ્યારે નજીકની જ કોઈ નદીની ધારણા ગોઠવાય ત્યારે, કયું સાચું હશે તે ખોળી કાઢવામાં મુસ્કેલી પડે. આવી સ્થિતિ આ પ્રસંગમાં ઉભી થઈ હોય એમ દેખાય છે. જેમ કૃષ્ણાનું નામ બેના છે તેમ તેની ઉત્તરે આવેલી મોટી ગોદાવરી નદીની બે ઉપશાખાઓ છે જેને અનુક્રમે બૈન(ગંગા) અને પૈન(ગંગા) કહેવાય છે અને તે બન્નેનો સંગમ થઇ, પ્રાણહિત નામે નદી બને છે, અને આ શાખા નદી ચિનુર નામના પ્રખ્યાત શહેર પાસે મૂળ નદી ગોદાવરીમાં[૫] મળી જાય છે. એટલે આ વૈન ( બૈન ) અને પૈન ઉપશાખાને, બેના નદી ઠરાવીને, તે પ્રમાણે કામ લીધે જવાયું હશે. આ અનુમાનને વધારે પુષ્ટિ તો એ ઉપરથી મળે છે કે, આ પ્રદેશને ધનકટક નામ આપી તેની રાજધાની તરીકે, ઉપરની પૈન અને બૈન નદીની વચ્ચે જે કોઇ ઠીક જણાતું શહેર આવ્યું તેને, આ પ્રદેશના પાટનગર તરીકે હોવાનું જણાવી દીધું હોય એમ સમજાય છે.[૬] કેમકે, આપણે જાણીએ છીએ તેમ, આ નદીઓની ઉત્પત્તિના સ્થાનવાળો વિદર્ભ દેશ પણ, પ્રાચીન કાળે પરાક્રમી રાજાઓની

---

( ૪ ) કાશી-બનારસ જે નદી ઉપર આવી રહેલું છે તે વાણારસી નદી તેને વિણા—વાણા તરીકે પણ કોઈ વખત લખાઈ જવાય છે.

જમના નદીની બીજી બે નાની નદીઓ વેણા, રેણા કરીને છે તેને પણ આ પ્રસંગની વેણા નદી કહી શકાય છે તેમ ગોદાવરીની બે શાખા ( જેનું વર્ણન આપણે આ ગ્રંથના આ પારિગ્રાફમાંજ કરેલ છે ) તેને પણ બેના કહેલ છે એમ અનેક નદીઓને બેના કહીને સંબોધાય છે.

( ૫ ) આમાંનીકોઈ પણ નદીને વેણા કે બેના નામથી ઓળખાવામાં આવતી નથી તો પછી તેની આસપાસના કોઈ પ્રદેશને બેનાકટક કહીજ કેમ શકાય?

( ૬ ) ધનકટકની રાજધાનીનું નામ અમરાવતી હોવાનું વિદ્વાનો માને છે. ( જુઓ પૃ. ૧૫૩ ઉપરની હકીકત તથા તે ઉપરનું ટીપણ નં. ૧૧) કોઇ પણ ગ્રંથમાં આ ચીનુર શહેરનું નામ અમરાવતી હોવાનું લખ્યું જ જણાતું નથી; ગ્રંથકારો કે શોધકોએ જે આધાર આપ્યો હોત તો આપણને તે ઉપર વિચાર કરવાનું બહુ સુગમ થઈ પડત, પણ માનવાને એમ કારણ મળે છે કે આ બે નદીઓનાં મૂળ ઠેઠ બિરાર પ્રાંતમાં આવેલ છે. અને ત્યાંની ભૂમિમાં આવેલ હાલની ઉમરાવતી, કે નાગપુરની પાસેના કોઈ સ્થળને અમરાવતી નગરી ધારી લઈ તે સ્થળને રાજધાની તરીકે ગણાવી દીધી હોય.

સત્તામાં હતો. એટલે બનવાજોગ છે કે, તે પ્રદેશમાં ક્યાંક ક્યાંક સારાં નગરોનાં ખંડિયેરો મળી પણ આવેજ; પણ તેથી કાંઇ એમ ન જ ઠરાવી દેવાય કે જે કોઈ ખંડિયેર જડી આવે તે, તે પ્રદેશની રાજધાનીનું સ્થળજ હોઇ શકે. આ પ્રમાણે ધનકટકનું નામજ જ્યાં શંકાશીલ કારણો અને પ્રમાણોથી ભરપૂર છે ત્યાં, પછી તેને અંગે અન્ય હકીકતનું પણ તેમજ સમજી લેવાય તો તેમાં વિચારકોને દોષ શા માટે દઇ શકાય?

**ખરી હકીકત શું હોઈ શકે ?**

બાકી ખરી સ્થિતિ તો એમ હતી કે, જેમ આપણે ઉપર બતાવી ગયા છીએ તેમ આ પ્રદેશનું નામ બેનાકટક હતું. અને તેની અંદાજી હદ–સીમા પણ આપણે દોરી બતાવી છે તે પ્રમાણે હતી.

તે પ્રાંતની રાજધાનીનું ખરૂં નામ શું હશે તે શોધી કાઢવાને બીજી કોઈ હકીકત મળી આવતી નથી, પણ જૈનગ્રંથોમાં જેમ વ્યક્તિઓનાં નામો, અમુક બનાવનું ફળિતાર્થ બનાવવાને સંયોજિત કરવામાં આવ્યાં છે, તેમ સ્થળોનાં નામ પાડવામાં પણ, કરાયું દેખાય છે.(૭) બેણા નદીના પ્રદેશની રાજધાની તથા બેણા નદીના તટ–કિનારા ઉપર આવેલ નગર, એમ બે કારણથી, તેનું નામ બેન્નાતટનગર પાડી દેવામાં આવ્યું છે. આ બેન્નાતટ નગર હિંદી દ્વીપકલ્પના પૂર્વ કિનારા ઉપર ઇ. સ. પૂ. છઠ્ઠી સદીમાં એવું તો મોટું ધીકતું બંદર હતું કે, દેશ પરદેશનાં સર્વે વહાણો પોતપોતાના વ્યાપારાર્થે, તે બંદરે આવતાં અને લંગર કરતાં હતાં. તેમ આ બંદર સુરક્ષિત પણ એવું હતું કે, સમુદ્રના ગમે તેવા વાવટોળ કે તોફાનથી તેને લેશ માત્ર પણ, ઈજા પહોંચતી નહોતી. જેમ યુરોપ ખંડના બ્રિટન દેશમાં અત્યારે ટેઇમ્સ નદી ઉપરનું લંડન શહેર અને જર્મનીમાં એલ્બ નદી ઉપરનું હામ્બર્ગ બંદર, સમુદ્રતટથી નદીના મુખની ઉપરવાસે કેટલાય માઇલ ઉપર આવી વસેલાં છે,(૮) છતાં બંદરની ગણનામાં મૂકાયાં છે. તેમજ વળી દરિયાઈ તોફાનથી ભયમુક્ત ગણાય છે, તેવીજ રીતે આ બેન્નાતટ નગરનું પણ સ્થાન હતું. તે પણ બેન્ના નદીના દરીયાઇ મુખથી, લગભગ પચીસ માઇલની ઉપરવાસે વસેલું હતું, તેમજ તે ચોર્યાસી બંદરના વાવટા તરીકેનું સ્થાન થઇ પડયું હતું. ખાસ કરીને, મગધ દેશથી, ગંગાનદીના પ્રવાહમાં અનેક વહાણો બંગાળાનો ઉપસાગર વટીને, કલિંગદેશના કિનારે ને કિનારે સફર કરી જે વિજાગાપટ્ટણનું બારૂં, હાલમાં આપણી બ્રિટીશ સરકાર ખીલવવાને વિચાર કરી રહી છે, તેનો પણ લાભ લઇને, આ બેન્ના નદી પાસે આવતાં, અને પછી જેમ હાલમાં આપણી અલબેલી મુંબઈ નગરીના(૯) બંદરમાં પ્રવેશ કરવા માટે નાનાં મોટાં જહાજો, પશ્ચિમ તરફથી

---

(૭) વત્સપટ્ટણ, દેવપટ્ટણ ઈત્યાદિ. જુઓ પૃ. ૧૦૬ નું ટી. ૧.

(૮) તે જ પ્રમાણે આપણા હિંદુસ્તાનમાં, કલકત્તા શહેર, નર્મદા નદી ઉપરનું ભરૂચ, સિંધુ નદી ઉપરનું કરાંચી વિગેરે જાણવાં. આ બધાં શહેર પોતપોતાની નદીનાં દરિયાઈ મુખથી કેટલાએ માઈલ દૂર આવેલાં છે.

મુંબઇ બંદર, ભલે કોઈ નદીના તટ ઉપર આવેલ નથીજ, પણ પશ્ચિમ દિશામાં મુખ્ય સમુદ્ર આવેલ છે જ્યારે બંદરનો ભાગ પૂર્વ તરફની ખાડીમાં ગોઠવાયો છે, એટલે તેનું બંદર પણ સમુદ્રના તોફાનથી સુરક્ષિત છે. ( જુઓ હકીકત પૃ. ૧૫૧ ઉપર )

(૯) આ બંદરની મહત્ત્વતા શા માટે ગણાય તેની થોડીક સમજુતી માટે ટીપણ નં. ૮ જુઓ.

આવી દક્ષિણેથી ચકરાવો ખાઇને, પૂર્વના બારામાં દાખલ થાય છે તેમ, જે ભૂશિર આ બેન્ના નદીના મૂખ પાસે આવેલી છે, તેને ચકરાવો મારીને, તે સર્વે જહાજો, નદીના પ્રવાહમાં તેમજ તેની આસપાસના ડેલ્ટાવાળા પ્રદેશમાં, નાની મોટી ખાડીઓ દ્વારા, ભૂગર્ભમાં પેસતાં અને પોતામાં લાદી આવેલ માલ ખાલી કરતાં. જ્યારે મુખ્ય ક્રયવિક્રયનું નગર તો, બેન્નાતટનગરજ ગણાતું. ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીની પ્રથમની પચ્ચીસીમાં, જ્યારે મગધપતિ રાજા પ્રસેનજિતનો કુંવર, અને આપણા ઇતિહાસનો ઝળકતો હીરો મગધ સમ્રાટ મહારાજા શ્રેણિક, પોતાના બાપથી રૂસણા લેઇને (આનાં કારણો માટે રાજા શ્રેણિકનું ચરિત્ર જુઓ ) પરદેશમાં ચાલી નીકળ્યો હતો ત્યારે, ઉપર વર્ણવેલા પ્રમાણેનાજ માર્ગે, મગધ દેશમાંથી આ બેન્નાતટ નગરે[૧૦] આવ્યો હતો. અને લગભગ બે અઢી વરસ રહીને પછીજ મગધપતિ તરીકે, લગામ ધારણ કરવા ગયો હતો. ( શ્રેણિક પુત્ર, મહામંત્રી અભયકુમારનું મોસાળ આ નગરમાંજ હતું ) આ ઉપરથી વાચકને સહજ ખ્યાલ આવશે કે, તે સમયના આ બેન્નાતટ નગરની જાહોજલાલી, વર્તમાનકાળે તેનાજ જેવી ભૌગોલિક સ્થિતિ ભોગવતાં અને ઉપરના વર્ણનમાં દૃષ્ટાંત તરીકે ટાંકેલાં, લંડન, હામ્બર્ગ કે મુંબઇ જેવાં શહેરોની સ્મૃદ્ધિ અને વ્યાપારિક અગત્યતાની સાથે, તુલનામાં મૂકવા જેવી કેટલી દરજ્જે ગણી શકાય તેવી હોવી જોઇએ, તેનું વર્ણન આપવા કરતાં, તુરતજ કલ્પનામાં ઉતારી શકાશે. બેન્નાતટ નગરની મહત્ત્વતા અને માતબરપણું તથા અઢળક દોલત વિશે, કદાચ કોઇને શંકા આવતી હોય તો, તેના નિવારણ માટે, આપણા પ્રાચીન સંશોધક ખાતાના પ્રયાસને લીધે, મદ્રાસ ઈલાકાની સરકાર તરફથી જે નિવેદન, હિંદની વડી સરકાર મારફત તા. ૨૯-૧-૩૦ તારીખે બહાર પાડયું છે, તે તરફ નમ્રપણે ધ્યાન ખેંચવા જરૂર વિચારૂં છું. નામદાર સરકાર તરફના વિવેદનમાં આ સ્થળને, અતિ જંગી અને બહોળા વિસ્તારમાં પથરાયેલું, અને હાલના બેઝવાડા શહેરની આસપાસના પ્રદેશમાં આવી રહેલું નગર જણાવ્યું છે.

આવા ભવ્ય, અને સ્મૃદ્ધિવંતા શહેરમાં, અનેક રોનકદાર અને ગગનચુંબી ઇમારતો આવેલી હોય, તેમ માનવાને કાંઇ અકારણ નથી. અને તેથી આવું નગર, કોઇ મોટા દેવનગરને પણ સ્પર્દ્ધામાં પાછળ હઠાવે તેવું ગણી લેઇએ, તો ભૂલ કરીએ છીએ એમ પણ કોઇનાથી કહી શકાશે નહીં. એટલે દેવનગર અથવા અમરાવતી[૧૧] નામથી જો તેને સંબોધવામાં આવે તો અનુચિત નથી. તો શું ઉપરમાં, આપણે ધનકટકની રાજધાનીને અમરાવતીનું નામ વિદ્વાનોએ આપી દીધાની હકીકતને ભ્રમણાજનક જણાવી છે, તેને બદલે, હવે જેમ

( ૧૦ ) કેવી રીતે આવ્યો ને માર્ગમાં કેટલા દિવસ લાગ્યા તે માટેનું વર્ણન જુઓ. ભ. બા. વૃ. ભા. પૃ. ૩૮ થી આગળ.

( ૧૧ ) આ સ્થાનનું નામ અમરાવતી છે તેને બિરાર ( વરાડ ) દેશમાં આવેલ અમરાવતી સાથે ભેળવી દેવાથી, બિરાર દેશના પ્રદેશને, બેન્નાકટક માની લેવામાં ભૂલ થઈ છે. તેમજ બેન્નાકટકના પ્રદેશ તરીકે, ત્યાં આવેલ પેનગંગા અને વૈનગંગાને બેન્ના નદી તરીકે લેખવી પડી છે ( શાખા નદીને મુખ્ય નદીના નામે ઓળખવી પડી છે ) અને પછી પરસ્પર સંબંધ જોડવો પડયો છે તે સર્વે હકીકત માટે જુઓ પૃ. ૧૫૧ નું લખાણ તથા તેનું ટી. નં. ૬.

ધનકટકનું ખરૂં નામ બેનાકટક સાબિત કરી બતાવ્યું છે તેમ, વરાડ ( ધનકટકને તે પ્રદેશ માન્યો છે તેથી ) પ્રાંતની રાજધાની અમરાવતીને પણ, આપણા આ બેન્નાતટ નગરને અમરાવતી કહેવાનો ભાવાર્થ હશે ખરો ? અને બેન્નાતટ નગરના વર્ણનનો જ્યાં વિચાર કરીએ છીએ, ત્યાં તે નગર તેવા નામને એટલે દેવ-નગરના નામને સંપૂર્ણપણે લાયકજ હતું એમ આપણે ધંટનાદે અને નિશંકપણે જાહેર કરી શકીએ તેમ છે.

ઇ. સ. પૂ. છઠ્ઠી સદી સુધી આ દેશ તદ્દન સ્વતંત્ર હોવાનું જણાય છે પણ તેના રાજકર્તાનું નામ તથા વંશ કે અન્ય કોઇ જાતની હકીકત જણાતી નથી. જ્યારે મગધ-પતિનો કુંવર બિંબિસાર રીસાઈને બેન્નાતટનગરે આવી રહ્યો હતો ત્યારે તે કેવળ યાત્રિક તરીકેજ આવીને ઉતર્યો હતો, તેને લગતી દંતકથા તથા બે અઢીવરસના તે સમયના તેના જીવનની આત્મકથા જૈન ગ્રંથો-માંથી જે મળી આવે છે તે ઉપરથી તે સ્વતંત્ર દેશ હશે એટલુંજ માત્ર અનુમાન કરી શકાય છે.

**આ દેશ ઉપર સત્તા કોની ગણાય?**

વર્તમાન ઇતિહાસકારોનું અત્યાર સુધીનું મંતવ્ય એમ છે કે ધનકટકના પ્રદેશ ઉપર કણ્વ વંશી બ્રાહ્મણ રાજાઓનો અમલ હતો. અને તેના છેલ્લા રાજા સુશર્મનને આંધ્રવંશી પ્રથમ રાજા શિમુખે મારી નાંખી[૧૨] તેની ગાદી પોતે પચાવી પાડી હતી. જ્યારે કણ્વવંશની પોતાની ઉત્પતિ વિશે એમ કહેવાય છે કે, પ્રથમ રાજા વસુદેવે પોતાની ગાદી, શુંગવંશના છેલ્લા રાજા દેવભૂતિને મારીને મેળવી હતી. શુંગવંશી રાજાઓનો અમલ અવંતિ ઉપર હોવાથી, આ કન્વવંશી રાજાઓને અવંતિપતિ તરીકે પણ ઓળ-ખાવ્યા છે. તેમ કન્વવંશી વસુદેવ, પ્રથમમાં શુંગ-વંશી છેલ્લા રાજા દેવભૂતિનો મંત્રી હોવાથી, તેને શુંગભૃત્ય[૧૩] ગણી, તેના વંતને શુંગભૃત્યવંશ તરીકે પણ ઓળખાવેલ છે. અને આ પ્રમાણે શિમુખ અને કણ્વવંશને લગતાં અનુમાન બાંધવાને, તેમણે પુષ્પમિત્રની[૧૪] હકીકતનો આધાર લીધો છે. તે હકીકત આ મુજબ છેઃ કલિંગપતિ સમ્રાટ ખારવેલે ઉદયગિરિ પર્વતની અંદર એક હાથી ગુંફા નામની ગુફામાં લેખ કોતરાવ્યો છે ને તેમાં જણાવ્યું છે કે (૧) તે રાજા ખારવેલે આંધ્ર-વંશના સ્થાપક રાજા શિમુખને હરાવ્યો (૨) પછી આગળ જતાં મગધપતિ રાજા બૃહસ્પતિમિત્રને પોતાના પગ પાસે નમાવ્યો. એટલે કે રાજા ખારવેલ, રાજા શિમુખ અને રાજા બૃહસ્પતિ-મિત્ર એ ત્રણે સમકાલીનપણે વર્તતા હતા એમ થયું. આમાંથી રાજા બૃહસ્પતિમિત્રનો શબ્દાર્થ કરીને ( બૃહસ્પતિને તે ગૃહનું નામ છે. અને તે પુષ્પ નક્ષત્રનો સ્વામિ અને મિત્ર ગણાય છે એટલે બૃહસ્પતિનો મિત્ર તે પુષ્પમિત્ર ) તેને રાજા પુષ્પ-મિત્ર શુંગવંશી ઠરાવ્યો. એટલે સ્વભાવિક રીતે પુષ્પમિત્ર તે શિમુખનો તેમજ ખારવેલનો સમ-

( ૧૨ ) જુઓ પા. ક. નામનું પુસ્તક-

( ૧૩ ) શુંગ+ભૃત્ય=a servant, નોકરઃ શુંગ-ભૃત્ય=a servant of the Sungas ( શુંગવંશના નોકરો આવા અર્થ કરીને ) ( જુઓ અ. હી. ઇ. પૃ. ૨૦૫). પણ શુંગભૃત્યાઃ નો અર્થ શું હોઇ શકે તે માટે જુઓ શુંગવંશની હકીકતે તેમજ આ આંધ્રભૃત્યાઃ શબ્દનો અર્થ શું હોઈ શકે તે માટે જુઓ આંધ્ર દેશની હકીકત.

( ૧૪ ) કેટલાક પુષ્યમિત્ર લખે છે, જ્યારે કેટ-લાક પુષ્પમિત્ર પણ લખે છે, એટલે મેં પણ બન્ને નામો વાપર્યાં છે. બાકી ખરૂં નામ તો પુષ્યમિત્રજ સંભવે છે.

કાલીન ગણાયજ. એક હકીકત આ પ્રમાણે થઈ. જ્યારે બીજી હકીકત, ઉપર જણાવ્યા પ્રમાણે હતી કે, શુંગવંશી છેલ્લા રાજા દેવભૂતિ ( પુષ્પમિત્ર તે શુંગવંશી પ્રથમ રાજા; અને દેવભૂતિ તે તેજ શુંગવંશનો છેલ્લો રાજા ) ને મારી તેનો મંત્રી વસુદેવકણ્વ અવંતિપતિ બન્યો, અને તે કન્વવંશના છેલ્લા રાજા શુશર્મનને મારીને આંધ્રપતિ શિમુખે રાજ્યની સ્થાપના કરી[૧૫] આ પ્રમાણેની બંને હકીકતમાં નામો તો બધાં એક બીજાને લગતાંજ આવ્યાં દેખાય છે. પણ તે ઉપરથી તે સર્વેની ઘડ કેમ બેસારવી, તેજ સવાલ રહ્યો. એટલે ઠરાવી દીધું કે, શુંગવંશી પુષ્પમિત્ર અવંતિપતિ હતો અને તેનો છેલ્લો રાજા દેવભૂતિ થયો હતો. જેને મારીને તેના પ્રધાન વસુદેવે પોતાનો કન્વવંશ સ્થાપ્યો અને પોતાને અવંતિપાત જાહેર કર્યો; અને તે શુંગવંશનો નોકર[૧૬] હોવાથી તેનાવંશનું બીજું નામ શુંગભૃત્ય કહેવું ઠીક ગણાય એમ ઠરાવ્યું. પછી આ કન્વવંશનો છેલ્લો રાજા શુશર્મન હતો તેને મારીને શિમુખ અવંતિપતિ બની બેઠો; વળી આ શિમુખનો વંશ તે શતવહન કહેવાય છે તથા તેને આંધ્રપતિ પણ કહેવાય છે. એટલે પ્રથમના આંધ્રપતિને અવંતિપાત ગણાવી દીધો. અને પુષ્પમિત્ર, શિમુખ તથા ખારવેલ એ ત્રણે, તેમની ગણત્રીમાં સમકાલીન તો હતાજ એટલે તે ત્રણેનો સમય ઈ. સ. પૂ. ની બીજી સદીનો ગણી કાઢયો. આ પ્રમાણે હાથીગુફાના લેખનો આધાર લઈને તેના પાયા ઉપર ઇતિહાસની આખી ઇમારત ચણી દીધી છે. પણ કહેવત છે કે જ્યાં પાયોજ ખોટો,[૧૭] ત્યાં તે ઉપર બાંધેલી ઈમારત કેટલો વખત ટકે? તેવી સ્થિતિ અત્રે પ્રવર્તે છે. અનુમાન ભલે કરાય. બાકી સંશોધનનો વિષયજ એવો છે કે, કલ્પના અને અનુમાન ઉપરજ બધો મદાર પ્રથમ તો બંધાય છે. છતાં એમ તો કહેવુંજ જોઇએ કે, તે સર્વ અનુમાન ઉપર આવવાનાં કારણો એક બીજાને આનુસંગિક અને બંધબેસતાં તો હોવાંજ જોઇએ. જ્યારે અહીંતો પ્રથમ દૃષ્ટિએજ વિપર્યાસ દેખાય છે. કેમકે પુષ્યમિત્રનો આખો શુંગવંશ ૧૧૨ વર્ષ ચાલ્યો છે ને વસુદેવવાળો આખો કન્વવંશ ૪૦–૪૫[૧૮] વર્ષ ચાલ્યો છે; અને એક બીજાની પાછળ તુરતમાંજ અવંતિપતિ તરીકે બન્ને વંશોએ રાજ્ય ચલાવ્યું ગણાય છે. એટલે પુષ્યમિત્રના રાજ્યની શરૂઆતથી માંડીને, કન્વવંશના અંત સુધીના સમયનું અંતર ખાસું ૧૧૨+૪૫=૧૫૭ વર્ષનુ થયું ગણી શકાયજ. હવે વિચારોકે, જે શખ્સ—અહીં શતવહન વંશનો આદિ પુરૂષ[૧૯] રાજા શિમુખ કહેવાનો આશય છે—પુષ્યમિત્રનો સમકાલીન હોય ( કારણકે ખારવેલ, પુષ્યમિત્ર અને શિમુખ ત્રણેને સમકાલીનજ ગણ્યા છે ) તેજ શખ્સ

---

( ૧૫ ) જ. બો. રો. સો. ની ન્યુસીરીઝ ૧૯૨૮ પુ. ૩ પૃ. ૪૬: એટલું દેખીતુંજ છે કે શતવહન વંશના ( ૧૧, ૧૨ કે ૧૩ મા ) રાજાએ ( આ અનુમાન ઉપર આવવાને પોતે કારણ બતાવ્યાં નથી ) કન્વવંશી છેલ્લા રાજાને મારી નાંખ્યો હતો.

તથા જુઓ ભા. પ્રા. રા. પુ. ૨ પૃ. ૧૫૦

( ૧૬ ) કે. હી. ઇ. પુ. ૧, પૃ. ૨૨૪.

( ૧૭ ) હાથીગુફાનો લેખ પોતે વસ્તુ સાચી છે પણ તેમાંની હકીકતને ખોટી રીતે ગ્રહણ કરી લીધી છે એટલે તે હકીકતવાળો પાયો ખોટો એમ કહેવાનો મારો ભાવાર્થ છે.

( ૧૮ ) પા. ક. માં ૪૫ વર્ષ કહ્યા છે, જ્યારે જ. બો. રો, સો. ન્યુ સીરીઝ ૧૯૨૮. પુ. ૩. પૃ. ૪૬ માં ૪૦ વર્ષ ચાલ્યાનું જણાવ્યું છે.

( ૧૯ ) સરખાવો ઉપરમાં લખેલી ટીપણ નં. ૧૫. માંની હકીકત

પાછો, પુષ્યમિત્રથી ૧૫૭ વર્ષે, જે કન્વવંશી છેલ્લો રાજા શુશર્મન હોય, તેનો ઘાતક હોઇ શકે ખરો ! શું ત્યારે તે વ્યકિતનું આયુષ્ય ૧૫૭ વર્ષ ઉપરાંત ( બલ્કે કહોને કે, ઘાત કરતી વખતે તેની ઉમર કમમાં કમ ૩૦ વર્ષની ગણો અને તે પછી તેણે ૩૩ વર્ષ રાજ્ય કર્યું છે તેટલો તેનો સમય–એમ આ બન્નેનો સરવાળો ૬૩ થયો. તે ૧૫૭ માં ઉમેરતાં ૨૨૦ વર્ષ થાય. એટલેકે–૨૨૦ વર્ષનું હોય એમ શું સંભવિત છે ? નહીંજ. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે, આ બધાં અનુમાનો તદ્દન કપોલકલ્પિત છે. તેમાં ખરી રીતે, નથી તો રાજા બૃહસ્પતિમિત્ર તે પુષ્યમિત્ર શુંગવંશી, તેમ નથી પુષ્યમિત્ર તે રાજા ખારવેલનો સમકાલીન કે, નથી રાજા શિમુખનો સમકાલીન, તેમ નથી કન્વવંશને ધનકટકના, કે અવંતિના ગાદીપતિ તરીકે બેસવાનો[20] સંબંધ, કે નથી રાજા શિમુખને કન્વવંશી સુશર્મનના ખૂન સાથે સંબંધ. કેવળ જે સત્ય છે તે એટલુંજ કે ( ૧ ) રાજા શિમુખ અને ચક્રવર્તિ ખારવેલ તે બન્ને સમકાલીન છે તેમ (૨) મગધપતિ બૃહસ્પતિમિત્ર અને કલિંગપતિ ખારવેલ તે પણ સમકાલીન છે તથા ( ૩ ) વસુદેવે પોતાના સ્વામિને મારી નાંખ્યો છે–આ ત્રણ હકીકત સત્ય છે. બાકી વસુદેવ કદાપિ સ્વતંત્ર અવંતિપતિ બન્યો પણ નથી અને તેથી તેના કન્વવંશને[21] સ્વતંત્ર રાજકર્તા વંશ તરીકે લેખી શકાય તેમ પણ નથી.

આ પ્રમાણે ઇતિહાસનું જે વિકૃત સ્વરૂપ ચાલ્યું આવે છે તેનું સંક્ષિપ્ત બ્યાનજ અત્રે તો મેં જણાવ્યું છે. બાકી તે તે દરેક હકીકતનું યથાસ્થિત વર્ણન તો, તે તે બનાવ જે સ્થાને બન્યા છે ત્યાંની હકીકત આલેખતી વખતે કરવામાં આવશેજ.

મગધનો ભાવિ સમ્રાટ શ્રેણિક, જયારે કુંવર અવસ્થામાં બેન્નાકટક દેશમાં ગયો હતો, ત્યારે આ પ્રદેશ તદ્દન સ્વતંત્ર હતો એમ જણાવી ગયા છીએ. તે બાદ પણ, એટલે ઇ. સ. પૂ. ૫૮૦ થી ઠેઠ કૂણિકના મરણ સુધી–ઈ. સ. પૂ. ૪૯૬ સુધી પણ, તેની સ્વતંત્રતા જળવાઇજ રહેલી હશે એમ સમજાય છે. ત્યારબાદ મગધ સમ્રાટ ઉદયન ભટ્ટની[22] સત્તા થઇ હતી. તે આ બેન્નાકટક તો શું પણ ઠેઠ કન્યાકુમારી સુધી તેની આણ ફેલાઈ હતી. એટલે મગધને તાબે આ પ્રદેશ ગયેલો. અને ત્યારથીજ બેન્નાતટ નગરની પડતી થઇ હોય, તેમજ જાહોજલાલીનો પણ ક્ષય થવા લાગ્યો હોય એમ સમજાય છે. પછી દશેક વર્ષ પૂરા તો ગયાં પણ નહોતાં ત્યાં વળી તે પ્રદેશ મગધની ઝુંસરીમાંથી નીકળીને ઈ. સ. પૂ. ૪૭૫ ના અરસામાં ચેદિવંશની[23] સત્તામાં આવ્યો. તે લગભગ એક સદી સુધી

---

( ૨૦ ) અવંતિપતિ તરીકે હક્ક નથી તેમજ ધનકટક માટે પણ હક્ક નથી તે માટે શુંગવંશની હકીકતે, ભાગ ત્રીજામાં જુઓ.

( ૨૧ ) પ્રથમ મારી માન્યતા એમ હતી કે કન્વવંશ, કાંતો અવંતીની ગાદીએ અથવા તો ધનકટક ( બિરાર પ્રાંતમાં ) ગાદીએ આવ્યો હશે અને શિમુખે તેના રાજાને મારી તે પ્રદેશ જીતી લઈ પોતાના આંધ્ર રાજ્ય સાથે જોડી દીધો હશે. પણ વિશેષ અભ્યાસ અને વિચારણા થતાં, તે અભિપ્રાયનો ત્યાગ કરી, હાલ દર્શાવેલ મતનું પ્રતિપાદન કરવાના વિચારનો થયો છું.

( ૨૨ ) જે જે રાજાઓની સત્તાના નામનો નિર્દેશ અહીં કરવામાં આવ્યો છે તેની યથાર્થતા માટે, તે તે રાજાઓના વૃત્તાંતે જુઓ.

( ૨૩ ) જુઓ તે વંશની હકીકતે, ક્ષેમરાજના વૃત્તાંતમાં.

તેનાજ તાબામાં રહ્યો. આવી ઉલટપલટ સ્થિતિ ટૂંક ટૂંક સમયે થતી રહી છે, એટલે તેને બહુ મહત્ત્વ આપવાની જરૂર રહી નથી. છતાં નોંધ ખાતર જણાવવું જોઇએજ કે, પ્રથમ નવમા નંદની સત્તા તેને સ્વીકારવી પડી હતી. તે બાદ સમ્રાટ ચંદ્રગુપ્તની આણામાં તેને તણાઇ જવું પડયું હતું. પછી સમ્રાટ બિંદુસારના રાજ્ય અમલ દરમ્યાન અને અશોકના રાજ્યના અંત સુધી એટલે અડધી સદી ઉપરના સમય માટે, આંધ્રપતિના તાબામાં ગયો હતો. અને જ્યારે સમ્રાટ પ્રિયદર્શિનનો રાજ્ય અમલ ભારતભૂમિ ઉપર તપવા માંડ્યો ત્યારે વળી એક વાર ફરીને મૌર્ય પ્રજાની આણમાં આવી ગયો. અને પ્રિયદર્શિનના મરણ બાદ તો ત્યાં સ્વતંત્ર વંશજ સ્થાયી થઈ ગયો હતો. આ પ્રમાણે આ પ્રદેશ ઉપર કોઈ રાજ્યવંશની સત્તા ઠરીઠામ લાંબો સમય સુધી ટકી રહી નથી. પણ વારંવાર ફેરબદલા થયાજ કર્યા છે. એટલે જેમ અન્ય રાજ્યોના વંશની વંશાવળી આપણે બતાવી શકયા છીએ, તેમ આ દેશના સંબંધમાં બને તેવું નથી. બાકી જે જે રાજ્યવંશના હાથમાં તેની લગામ ગઈ હતી તે તે દરેકની વંશાવળી આ પ્રદેશના રાજકર્તાની વંશાવળી કહી શકાયજ. અને તે પ્રમાણેની માહિતી લેવી હોય તો તે તે પૃથક વંશની હકીકત જોઇ લેવી. અત્ર સ્વતંત્રપણે ખાસ લખવાની આવશ્યક્તા ઉભી રહેતી નથી.

પણ અત્રે એટલો નિર્દેશ કરવો જરૂરી છે કે, બેન્નાકટકની જે હદ આપણે પૃ. ૧૫૦ માં દોરી બતાવી છે તેની પશ્ચિમે, લગોલગ અડીને ખરો આંધ્રદેશ આવ્યો હતો અને તેની પણ પશ્ચિમે સંહ્યાદ્રિ પર્વત આવીને ઉભો ઉત્તર-દક્ષિણ પડ્યો હતો; જેથી આંધ્રદેશના શતવહનવંશી રાજાઓની સત્તામાં જ્યારે આ બેન્નાકટક પ્રદેશ આવેલ ત્યારે, આંધ્ર અને બેન્નાકટક એમ બન્નેના મૂલક–સમૂહને The greater Andhra[૨૪] ( બૃહદ આંધ્ર ) કહીએ તો પણ ચાલી શકે; અને આવા સમય દરમ્યાન, શાસનસત્તાની અનુકૂળતા સાચવવા, કોઈ મધ્યસ્થ સ્થળને રાજનગર તરીકે પ્રસંદ કરવું જોઇએ. એવી ખાસ આવશ્યકતા જણાતાં હાલનું વરંગુળ શહેર કે, ગોદાવરી નદીમાં જ્યાં પ્રાણહિત નદીના પાણી ઠલવાય છે ત્યાં આગળ તેની ગોદમાં આવેલું ચિનુર શહેર, અથવા તેટલામાંનું કોઇ અન્ય શહેર[૨૫] આના પાટનગર તરીકે પસંદગી પામ્યું હોય, તો તે બનવાજોગ છે.

**કન્વવંશનો સત્તા-પ્રદેશ તથા સમય**

કન્વવંશની સાથે શતવહનવંશી શિમુખ અને અવંતિપતિ શુંગવંશનું નામ જોડાયલું બતાવી ગયા છીએ. તેમાં શિમુખનું હિત, ઉપર વર્ણવી ગયા પ્રમાણે ધાન્યકટકના પ્રદેશ સાથે અને અવંતિપતિનું અવંતિ સાથે જોડાયલું હતું એટલે કન્વ વંશની સત્તા જેવું જે કાંઈ બનવા પામ્યું હોય તે આ બે પ્રદેશના રાજ્યેજ હોઈ શકે.

---

( ૨૪ ) મહાઆંધ્ર ( અમરાવતી સ્તૂપ. આ. સ. ઇમ્પીરીયલ પુ. ૬. પૃ. ૧૩. ) જેમ હાલમાં Greater London કે Greater Bombay કહેવાય છે. તેમ દેશ પરત્વે Greater Britan કે Greater Germany કહેવાય છે; બૃહદગુજરાત કહેવાય છે. લગભગ તેવા ભાવાર્થમાં Greater Andhra શબ્દ વાપરી શકાય.

( ૨૫ ) કોઈના મતે ચિનુરની ઉપરવાસે પણ પૈન નદી ઉપર આવેલું ચંદા શહેર રાજધાની હોવાનું જણાવાય છે.

અહીં ધનકટક પ્રદેશનું વર્ણન ચાલે છે એટલે તેની સાથે કન્વવંશને સંબંધ કેવા પ્રકારનો હોઈ શકે તે જણાવવું જોઇએ. પણ તેટલી હકીકત છૂટી જણાવવા જતાં, કેટલીક સ્થિતિ સમજી શકાય તેમ નથી. જેથી વાચકવર્ગને વિનંતિ કે નંદવંશના વૃત્તાંતે તે જોઇ લેવી. તે સમયે જો કન્વવંશની સ્થાપના લેખો તો તેનો સમય ઈ. સ. પૂ. ૪૭૨ થી ઈ. સ. પૂ. ૪૨૭ સુધીનો ગણાય. પણ શુંગવંશી અવંતિપતિના સમયે જો સ્થાપના ગણવી હોય તો તેને લગતું વર્ણન જ્યારે કરવામાં આવશે ત્યારે તત્સંબંધી પણ જે હકીકત રજુ કરવાની હશે તે રજુ કરીશું જ. એટલે તે બન્નેની તુલના કરી જે યોગ્ય લાગે તે અનુમાન વાચકગણ કરી શકશે.

અત્ર એક ખાસ સ્થિતિ ઉપર વાચકવર્ગનું ધ્યાન ખેંચવાની જરૂર વિચારું છું. જૈનગ્રંથોમાં કે બૌદ્ધગ્રંથોમાં કયાંય એક શબ્દવટિક પણ આ કન્વ કે કાન્વાયન વિશે લખ્યો જણાતો નથી. જ્યારે પુરાણોમાં તે વંશનો રસપૂર્ણ હેવાલ ભરી દીધો છે. એટલે જેમ કેટલાક કિસ્સામાં બન્યું છે તેમ, આ બાબતમાં પણ એમ અનુમાન કરવાને કારણ મળે છે કે, કન્વવંશના ચારે પુરૂષો વાસ્તવિક રીતે સ્વતંત્રપણે મુકુટધારી રાજાઓ થવા પામ્યા નહીંજ હોય, પણ સરમુખત્યારપણું ભોગવતા મહાપુરૂષો હોઇ, રાજાની કોટિમાં મૂકાય તેવા સત્તાધારી હશે, અને તેથી પુરાણકારોએ પોતાના વૈદિક મતાનુયાયીઓને સર્વસત્તાધારી રાજા તરીકે વર્ણવ્યા હશે.

આ પરિચ્છેદમાં તેમને ધાન્યકટક સાથે—રાજા શિમુખના સમકાલીન તરીકે જો બતાવાય તો તેમનો સમય ઇ. સ. પૂ. ૪૭૨ થી ૪૨૭=૪૫ વર્ષ ઠરાવવો રહે છે,[૨૬] પણ જો તેમને શુંગવંશી સાથે હૈયાત ગણવામાં આવે તો ઈ. સ. પૂ. ની બીજી સદીમાં થયા હોવાનું ગણવું રહેશે. શુંગવંશનો સત્તાધીશકાળ એકંદરે ૧૧૨ વર્ષનો છે. તેમાં પ્રથમના ૨૨ વર્ષ સૈન્યપતિ તરીકેના છે ને પાછળના ૯૦ વર્ષ સ્વતંત્ર રાજા તરીકેના છે. ( તેમના વર્ણને જુઓ. ભાગ ત્રીજો) આ નેવું વર્ષના રાજ્યકાળમાં પણ જે સર્વ શકિતશાળી રાજાઓ થયા છે તે આદિમાંજ થયા છે ને તેમનું રાજ્યશાસન પણ લગભગ પચાસ વર્ષ જેટલા લાંબા કાળ સુધી ચાલ્યું હતું એમ કહીએ તો ખોટું નથી. અને રાજા પોતે જ્યાં પરાક્રમી હોય ત્યાં મહાઅમાત્ય ખુદ રાજાના જેટલો અધિકાર તો કાંઇ ભોગવી શકેજ નહીં. એટલે પછી માનવું રહે છે કે જો કન્વવંશી પુરૂષો રાજા જેટલો અધિકાર ભોગવતા થયા હોય, તો તે નબળા રાજાઓના સમયેજ બની શકે તેમ હતું. અને આખો કન્વવંશજ ૪૪–૪૫ વર્ષ અખંડિતપણે ચાલુ રહ્યાનો ગણાવ્યો છે તો પછી સિદ્ધ થાય છે કે શુંગવંશના ૯૦ વર્ષના કાળમાંથી આદિના નહીં, પણ પાછળના ૪૫ વર્ષમાંજ તેઓએ મહાઅમાત્યપદ ભોગવ્યું હોય. એટલે પછી તેમનો સમય[૨૭] ઇ. સ. પૂ. ૧૫૯ થી ઈ. સ. પૂ. ૧૧૪ સુધી ગણી શકાશે. આ પ્રમાણે તેમના બે સમય હોઈ શકે (૧) ઈ. સ. પૂ. ૪૭૨ થી ૪૨૭ અને (૨) ઈ. સ. પૂ. ૧૫૯ થી ૧૧૪. તેમાં પણ શિમુખના સમકાલીન તરીકે તેમાંના પ્રથમ પુરૂષ વાસુદેવને થયો હોવાનું ગણીએ

( ૨૬ ) શિમુખનો આદિ સમય ઇ. સ. પૂ. ૪૨૭ માં મેં સાબીત કરી બતાવ્યો છે તે માટે ભાગ ચોથો જુઓ.

( ૨૭ ) શુંગવંશના સમય માટે તે વંશનું વર્ણન જુઓ.

તો, પૃ. ૧૫૪ લખી ગયા પ્રમાણે બધી પરિસ્થિતિ બંધ બેસતી ગોઠવી શકાય છે. પણ માત્ર બે મુદ્દા વિશે સમાધાન કરી શકાય તેમ નથી, ( એક ) એકે તેના છેલ્લા પુરૂષ સુશર્મનના ( ઈ. સ. પૂ. ૪૩૭ થી ૪૨૭ સુધીના દશ વર્ષના ) રાજ્યકાળ દરમ્યાન ઇ. સ. પૂ. ૪૩૦ સુધી કલિંગપતિ બુદ્ધરાજનું[૨૮] રાજ્ય સંભવે. એટલે તેનો યુવરાજ ભિખુરાજ જ્યારે વચ્ચે આવેલ તેનો પ્રાંત કબજે કરીને, દક્ષિણ હિંદ તરફ આગળ વધ્યો છે ત્યારે રાજા શુશર્મનની એ સ્થિતિજ કલ્પી શકાય: કાંતો તે કલિંગપતિનો ખંડિયો બની જાય અને કાં તો તે માર્યો જાય: પણ ઇ. સ. પૂ. ૪૩૦ પછી તો તે ત્રણેક વર્ષ જીવતો રહ્યો છે. કેમકે તેનું રાજ્ય ઇ. સ. પૂ. ૪૨૭ માં પૂરૂં થયું આપણે લેખીએ છીએ. એટલે તેનું મરણ તો નીપજ્યું નહોતું તે ચોક્કસ થાય છે. એટલે બાકી સ્થિતિ જે રહી તેમાં, તે ગાદી ઉપર ચાલુ રહ્યો હતો એમ ગણવું રહે છે. જો તેમ બનવા યોગ્ય છે એમ ગણીએ તો તે વખતે ગણતંત્રની પ્રથા પ્રબળપણે તે બાજુ ચાલી રહી હતી તેથી, તેમજ તે યુવરાજે કલિંગપતિ બન્યા પછી આ દક્ષિણ હિંદના પ્રાંતો ઉપર, અને પાંડ્યા રાજા ઉપર ચડાઈ કર્યાનું, તેમજ તેમની પાસેથી મોટી રકમની ખંડણી કે ભેટ સોગાદો રૂપે ઘણુંજ દ્રવ્ય ઘસડી લાવ્યાનું, તેણે પોતે કોતરાવેલ હાથીગુંફાના લેખમાં જણાવ્યું છે તેથી, એમ માનવું રહે છે કે જો સુશર્મનનોજ અધિકાર ધન્યકટક પ્રદેશે હોય તો, ભિખુરાજે યુવરાજપદે, ત્યાં તેને હરાવીને ગાદી ઉપર તેને ચાલુ રાખી મુક્યો હોય; એટલે તે કલિંગપતિના આશ્રયમાં આવ્યો ગણાય. અને તેમજ હોય તો, પછી ચક્રવર્તિ રાજાનું જબરજસ્ત પીઠબળ ધરાવતા સુશર્મનને, શિમુખ જેવો રાજકુમાર પોતાની ઉગતી અવસ્થામાં, હરાવી શકે કે મારી શકે તેમ ધારી લેવું તેજ અશકય ગણાય; વળી ( બીજો મુદ્દો એ કે ) વસુદેવે જે પોતાના રાજાને માર્યો છે તે રાજા પણ મુખ્યત્વે સ્ત્રી લંપટ હતો, તેમજ સુશર્મન જે મરાયો છે તે પણ વ્યભિચારીપણાને અંગેજ, તેમ કન્વવંશી પુરૂષો પણ લગભગ તેવુંજ જીવન ગુજારી રહ્યા હતા. એટલે મતલબ એ થઇ કે, તે સમયે સર્વ રાજા અને અમાત્યોની સ્થિતિજ શિથિલાચારીપણાની પ્રવર્તી રહી હતી. જ્યારે ભિખુરાજ યા બુદ્ધરાજ કે કોઇ કલિંગપતિના સમયે સમાજની તેવી સ્થિતિ બની રહી હોય એમ જણાયું નથી. એટલે આખી ચર્ચાનો સાર એ થયો કે, ઉપર પ્રમાણે બે મુદ્દાનો વિરોધ આવતો હોવાથી, કન્વવંશનો રાજ્ય અધિકાર ધનકટક દેશે હોવાનું ગણી શકાય તેમ નથી.

હવે બીજી બાજુ, જો અવંતિપતિના મહા-અમાત્ય કે સરસુબત્યારપણે તેઓ હતા એમ માનીએ તો જે મુદ્દા તરફેણમાં કે વિરૂદ્ધ જાય છે તેનો વિચાર કરવો રહે છે.

**(અ)** તરફેણમાં—( ૧ ) તે વખતે આખા અવંતિ દેશમાં પ્રજાનું ચારિત્ર્ય ઉતરતી પંક્તિએ આવી પડયું હતું એ સ્પષ્ટ તરી આવે છે,[૨૯] કેમકે તે કાળે શુંગવંશી રાજ્ય અમલે અશ્વમેધયજ્ઞો પૂરબહારમાં ચાલતા હતા અને તેને લગતાં બિભત્સ ખ્યાલ આપતાં દૃશ્યો, દૃષ્ટિગોચર

( ૨૮ ) જુઓ રાજા બુદ્ધરાજનું વૃતાંત, ત્રીજા ભાગમાં.

( ૨૯ ) સરખાવો ત્રીજા ભાગમાં ગર્દભીલવંશના મૂળ પુરૂષ રાજા ગંધર્વસેનનું ચરિત્ર ( સરસ્વતી

થાય તેવી રીતે જાહેર સ્થાનો ઉપર મૂકવામાં આવતાં હતાં.[૩૦]

( ૨ ) શુંગવંશી છેલ્લા પાંચ રાજાઓનો અમલ તદ્દન નબળો હતો અને તેથી મહા અમાત્યોના હાથમાં કુલ સત્તા આવી પડી હતી.

( ૩ ) કેટલાક વિદ્વાનોએ શુંગવંશીને અને કન્વવંશીને અવંતિની ગાદિ ઉપર Contemporary rulers[૩૧] એટલે સહસમયી રાજકર્તાઓ જે માન્યા છે તે હકીકત આ મંતવ્યને સત્ય ઠરાવે છે.

( ૪ ) તેમના રાજ્યાધિકારનો એકંદર કાળ ૪૪-૪૫ વર્ષનો પણ બરાબર સંભવિત બતાવી શકાય છે.

( ૫ ) છેલ્લો રાજા સુશર્મન કુદરતી મોતે મરણ નથી પામ્યો પણ તેનું ખૂન કરવામાં આવ્યું છે, તે પણ યથાસ્થિતપણે બતાવી શકાય તેમ છે: કેમકે જે કોઇ અવંતિપતિ બન્યું હોય તેણે શુંગવંશી છેલ્લા રાજાને તેમજ તેના છેલ્લા પ્રધાનને એમ બન્નેને મારીનેજ શુંગવંશનો અને કન્વવંશનો એકી સાથે અંત આણી દીધો હોય.

(બ) વિરૂદ્ધમાં-હવે સામા પક્ષના દલીલો પણ સાથે સાથે વિચારી લઇએ. તેવી તો માત્ર એકજ છે. ઇતિહાસના લેખકોએ જે ઠસાવી દીધું છે કે રાજા સુશર્મનનું ખુન શિમુખે કર્યું હતું ને પોતે ગાદિ ઉપર આવ્યો હતો. તે વાતમાં બહુ તથ્યાંશ જેવું નથી લાગતું. કેમકે, એક બાજુ શિમુખે તેનો ઘાત કર્યો હતો એમ જણાવે છે, ત્યારે બીજી બાજુ પાછું એમ પણ જાહેર કરાય છે, કે તેને તો કોઈ રખાત સ્ત્રીના હાથે કપટ કરાવીને મારી નંખાવાયો છે[૩૨] એટલે ઘાતક તરીકે મતભેદ હોય એમ સ્પષ્ટ સમજાય છે, છતાં તકરાર પતાવવાને ઘડીભર માનો લ્યો કે ખુન કરનાર શિમુખજ હતો, તો પણ તેવું કથન ઉચ્ચારવા માટે કાંઇ આધાર જણાવાતો નથી. શિમુખનું નામ તો પુષ્પમિત્રને હાથીગુફામાંનો બૃહસ્પતિ મિત્ર ઠરાવી દીધો છે તેથી, તથા તેજ હાથીગુફાના લેખવાળા રાજા ખારવેલે આંધ્રપતિ શિમુખને હરાવેલ છે તેથી, એમ સર્વેને એકઠા કરીને ઉપજાવી કાઢેલ હકીકતના આધારે ઘુસાડી દેવામાં આવ્યું છે, બાકી વાસ્તવિક રીતે તો શિમુખનો અને પુષ્પમિત્રનો સમય પણ બહુજ જુદો છે. તેમ તે બેને કોઈ જાતનો સંબંધ પણ નથી.[૩૩] મતલબ કહેવાની એ છે કે જે હકીકતથી કન્વવંશને ધનકટકમાં સત્તા ભોગવતો અને શિમુખના સમકાલીનપણે થોડા ઘણા અંશે પણ માની લેવાતો ધરાય છે તે હકીકતજ કલ્પનાના આધારે ઉભી કરવામાં આવી છે.

---

સાધ્વીનો પ્રસંગ ) તથા શકારિ વિક્રમાદિત્યના ભાઇ રાજા ભર્તૃહરિની રાણી પીંગળાનો પ્રસંગ.

( ૩૦ ) જુઓ શુંગવંશની હકીકતે.

( ૩૧ ) જુઓ શુંગવંશની હકીકતે.

( ૩૨ ) જુઓ ત્રીજો ભાગ; અલબત ત્યાં શુંગવંશી છેલ્લા રાજા દેવભૂતિનું નામ લખાયું છે ખરૂં; પણ તેને મારવામાં વાસુદેવનો હાથ હતો એમ જાહેર કરાયું છે. એટલે બધી સ્થિતિનો તોલ કરતાં શુંગવંશી છેલ્લા રાજાના સ્થાને, કન્વવંશના છેલ્લા પુરૂષને મારવામાં આવ્યો હતો એમ હોવાનું યોગ્ય દેખાય છે. છતાં એક બારગી એમ માનો કે છેલ્લા શુંગવંશી રાજાનુંજ ખુન થયું છે તો પણ ઉપરની તરફેણના પક્ષની પાંચ દલીલો વાંચો-એટલે તેનો રદીઓ તેમાં સમાઈ જાય છે.

( ૩૩ ) ઉપર પૃ. ૧૫૬ નું લખાણ તથા ખારવેલ રાજાનું ચરિત્ર તેમજ રાજા પુષ્પમિત્રના અને રાજા શિમુખના વૃત્તાંત જુઓ. દરેક ઠેકાણે જુદા જુદા મુદ્દા આપીને તેની ચર્ચા કરી છે.

જ્યારે પુષ્યમિત્રના સમકાલીન તરીકે લેખતા જે એ મુદ્દાઓની મુશ્કેલી ઉભી થતી હતી (જુઓ પૃ. ૧૫૮) તે કલ્પીત નહોતી પણ ઐતિહાસિક પ્રસંગો ઉપરથી સ્થિતિદર્શક ઘટનાઓ હતી, એટલે વિરૂદ્ધ અને તરફેણમાં જતી સઘળી દલીલોનું સમન્વયરૂપે એકીકરણ કરવામાં આવે તો, શુંગવંશીના અમલ સાથે કન્વવંશીઓનું જીવન પસાર થયાનું ઘટાવી શકાય છે.

વળી આ અનુમાનને સમર્થન કરનારી હકીકત એક સ્વતંત્ર સાધન ઉપરથી મળી આવે છે. તે જૈનગ્રંથમાં વર્ણવાયેલો પ્રસંગ છે.[૩૪] ત્યાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, શુંગવંશી રાજા ભાનુમિત્રે, પોતાના પ્રધાનની શીખવણીથી[૩૫] જૈનધર્મના પ્રખર આચાર્ય નામે કાલિકસૂરિ જે અવંતિમાં ચોમાસું રહ્યા હતા, તેમને ભરચોમાસે અવંતિ છોડીને ચાલી જવાની ફરજ પાડી હતી.[૩૬] ધર્મના આચાર પાલનની બાબતમાં કોઇ રાજ સત્તા અન્ય ધર્મી હોય તો પણ ડખલગિરી કરવા બનતાં સુધી હીંમત કરતી નથી. છતાં અસંભવિત હોય તે પણ કદાચ બનવા પામે તેવી સ્થિતિ કલ્પીએ તો પણ, અન્યધર્મી રાજાના હાથે જૈનધર્મના આચાર્યને હાડમારી ભોગવવી પડે ખરી, પણ સ્વધર્મ પાળતા રાજાના તરફથી બની શકે નહીં. હવે જો ધનકટકના પ્રદેશમાં કન્વવંશીનો રાજઅમલ હોવાનું ધારો, તો તે પ્રદેશ તો, ચક્રવર્તી ખારવેલના સાર્વભૌમત્વના અધિકારતળે હતો અને તે રાજા તો જૈન હતો. તે બંને બિના જાહેર થએલ હકીકત જેવી છે. એટલે કાલિકસૂરિને જો ઉપસર્ગ થવા પામે તો તે જૈન રાજાની જમીન ઉપર અને તે પણ પોતાનાજ હાથે. અને આમ બનવા પામે તે કોઇ પણ રીતે ઘટિત દેખાતું નથીજ.

સારાસારનો વિચાર કરતાં, કન્વવંશને શિમુખને બદલે અવંતિની સાથે સંબંધ હોવાનું માનવું વિશેષ યોગ્ય ગણાશે. આ મારૂં મંતવ્ય છે. છતાં સંશોધનનાં કાર્યજ એવાં છે કે એક તડાકેજ બધું નિશ્ચિત થઈ જતું નથી. પણ રજુ કરાતા વિચારો ઉપરથી નવીન મુદ્દાઓ ઉપસ્થિત થયાં કરે છે એટલે વાચકવર્ગ તે સર્વે લક્ષમાં રાખીને પોતાનો નિર્ણય કરી શકશે.

**અમરાવતી શહેર તથા સ્તૂપની માહિતી**

કન્વવંશે ધનકટક ઉપર રાજ્યસત્તા ભોગવી હતી એમ જે માની લેવાયું છે તેના ખરા સ્થાન વિશેનું મંતવ્ય સ્પષ્ટપણે મેં જણાવી દીધું છે. હવે તે પ્રાંતની રાજધાની અમરાવતી વિષે પણ બે બોલ કહીશું.

---

( ૩૪ ) જુઓ શુંગવંશના હેવાલમાં.

( ૩૫ ) ખરીવાત છે કે, પ્રધાનનું નામ આપ્યું નથી, પણ માનવાને કારણ રહે છે કે, જેમ શુંગવંશી રાજા વૈદિક મતાનુયાયી હતા, તેમ તેમના આ કન્વવંશી પ્રધાનો પણ તેજ ધર્મના હતા. અને એ તો ઉઘાડુંજ છે કે, આખા શુંગવંશી રાજાઓને જૈનધર્મ પ્રત્યે બહુજ મત્સરભાવ ઉત્પન્ન થયો હતો. અને જ્યારે જ્યારે પ્રસંગ મળતો ત્યારે જૈનધર્મી પ્રજાને સતાવવામાં કચાસ રાખતા નહીં ( ત્રીજા ભાગમાં અગ્નિમિત્ર અને મહાશય પતંજલિની હકીકત જુઓ ) ધારો કે પ્રધાનની શીખામણ નહોતી, અને રાજા પોતેજ સ્વમુખત્યારીથી કરતો હતો. પણ વૈદિક મતના પુરાણોમાંજ કહ્યું છે કે કન્વવંશી તો રાજા જેવાજ હતા એટલે રાજાના નામે હુકમ કદાચ ખરા, પણ મુળ ઉત્પાદક તરીકે તો આ પ્રધાનોજ હતા, એમ ગણવું રહે છે.

( ૩૬ ) જૈનધર્મનો આચાર છે કે આષાઢ શુદિ ૧૪ થી કાર્તિક શુદિ ૧૪ સુધીના ચાર માસમાં એકજ ગામમાં સ્થિત થઇને રહેવું જોઈએ. બૌદ્ધ ધર્મમાં પણ આ પ્રમાણેજ ફરમાવેલ છે.


આ અમરાવતી શહેર અને હાલના વરાડ પ્રાંતમાં આવેલ અમરાવતી શહેર, તદ્દન જુદાંજ સ્થળો છે એમ પૃ. ૧૫૧-૩ ઉપર આપણે લખી ગયા છીએ. એટલે આપણે તો હાલ વર્ણાવાતા ધન્યકટક ઉર્ફે બેન્નાકટકની રાજ્યધાની અમરાવતીને અનુલક્ષીનેજ વિવેચન કરવું રહે છે.

આ ધન્યકટક પ્રદેશનું અમરાવતી તો હાલ એક નાનકડું ગામડુંજ છે એમ કહીએ તો ચાલે, પણ ઇતિહાસમાં તેનું નામ નીચે પ્રમાણેની હકીકતથી પ્રસિદ્ધ થઇ ગયું છે. પેલો મશહુર સ્તૂપ ( Tope ) જેને અમરાવતી સ્તૂપના નામથી હાલ ઓળખવામાં આવે છે તે, આ ગામડાનો એક ટેકરો ખોદતાં હાથ લાગ્યો હતો. આ ટેકરા ઉપર, આજથી લગભગ બસો વર્ષ ઉપર, પાસે આવેલ ચીંતાપલ્લે કસ્બાના તાલુકદારે પોતાનો રાજમહેલ બંધાવ્યો હતો. એટલે તેના સમયમાં તો આવો પ્રાચીન અને જંગી કદનો સ્તૂપ ત્યાં હોવાનું કાંઈ બનવા યોગ્ય નથી, પણ પૂર્વ સમયે કદાચ પાસેના કોઇ મોટા નગરનું તે એક પરૂં કે નાનો ભાગ હશે એમ સમજી લેઈ, તે ગામડાની પશ્ચિમે બરાબર અડધા માઇલને અંતરે એક ધરણીકોટ કરીને જે ગામ છે, તે આ પ્રદેશની રાજધાની હશે એમ ધારી લેવાયું અને તેથીજ આ ધન્યકટક પ્રાંતની રાજધાનીને ધરણીકોટ નામ અપાયું છે. વળી પ્રાંતનું નામ ધન્યકટક હોવાથી, તે ધરણીકોટનું બીજું નામ પણ ધન્યકટક કે ધાન્યકટક પાડવામાં આવ્યું હતું. હવે આ ધરણીકોટ તો નાનું ગામ રહ્યું, અને અમરાવતી તો તેનાથી પણ નાનું કહેવાય. એટલે તે બેમાંથી કોઈ રાજપાટના સ્થાનને યોગ્ય કહી ન શકાય, જેથી આસપાસની તેમજ ધરણીકોટ અને અમરાવતીના વચ્ચગાળાની સર્વ જમીન ઉપર, તે અસલની રાજધાની પથરાયલી હોવી જોઇએ એમ અનુમાન બાંધી, તેની ૩½ માઈલ જેટલી લંબાઈ હોવાનું ઠરાવાયું.[૩૭] પણ તેનો ઘેરાવોજ ૩½ માઇલ હતો કે, માત્ર લંબાઇનુંજ તે માપ હતું, તે હકીકત અહીં ટીપણમાં ટાંકેલ ઇંગ્રેજી શબ્દો જોતાં સ્પષ્ટ ખુલતું નથી. ગમે તેમ પણ, આ ધરણીકોટને ધન્યકટક પ્રદેશની-અરે ! કહો કે ધનકટક કે બેન્નાકટક રાજ્યની રાજધાની લેખાવી છે. વળી આ જગ્યાએથી જે મહાન સ્તૂપ મળી આવ્યો છે તેને વિદ્વાનોએ બૌદ્ધ ધર્મના સ્મારક તરીકે લેખવ્યો છે; પણ આ રાજનગરના સ્થાન વિશે

---

( ૩૭ ) A. S. S. I. vol I ( New Imp. series no. VI ) 1882 P. 13 The town of Dharnikot is the ancient Dhanyakatak or Dhānyakatak, the capital of Maha-Andhra, and lies about eighteen miles, in a direct line to the westward of Bezavada on the south bank of the river Krishna—It is said to have extended 3½ miles in length—and half a mile to the east, is the modern town of Amaravati—A large town no doubt surrounded it.

આ. સ. સ. ઈ. પુ. ૧ પૃ. ૧૩:-ધરણીકોટ શહેર તે જ અસલના સમયનું ધન્યકટક કે ધાન્યકટક છે; તે મહાઆંધ્રનુ રાજનગર હતું. તે કૃષ્ણાનદીના દક્ષિણ ( ઉર્ફે જમણા ) તટે, અને હાલના બેઝવાડાથી બરાબર પશ્ચિમ દિશામાં, લગભગ ૧૮ માઇલના અંતરે આવેલું હતું. કહેવાય છે કે તેની લંબાઈ ૩½ માઈલ હતી; તેનાથી પૂર્વમાં ½ માઈલના છેટે અમરાવતીનું હાલનું ગામ આવેલું છે. બેશક સમજાય છે કે, એક મોટું નગર તેની આસપાસ આવેલ હોવું જોઇએ.



(૨૮)




(૨૯)

( આકૃતિ. નં. ૨૮ અને ૨૯ : પૃષ્ઠ ૧૮૫ )



( આકૃતિ. નં. ૨૯ अ : પૃષ્ઠ ૧૬૨ )

આર્ય સુધારક પ્રેસ-વડોદરા.



( આકૃતિ. નં. ૨૪ : પૃષ્ઠ ૧૮૧ )



( આકૃતિ. નં. ૨૬ : પૃષ્ઠ ૧૮૮ )



( આકૃતિ. નં. ૧૭ : પૃષ્ઠ ૧૮૮ )

આ બન્ને ચિત્રો સરખામણી માટે સાથે રજુ કર્યાં છે.

તેમજ મહાસ્તૂપ વિશે મારું મંતવ્ય બહુ જુદું જ બંધાયું છે. જે હકીકત ચક્રવર્તી ખારવેલના, હાથીગુફાંના શિલાલેખ સાથે સંબંધ ધરાવતી હોઇ ત્યાં જોડેલ છે. ત્યાંથી વાંચી લેવા કૃપા કરવી.

## ( ૧૨ ) આંધ્ર.

અસલના વખતનો આંધ્રદેશ કે જેમાં રામાયણ અને મહાભારતના સમયનું દંડકારણ્ય આવેલું હતું તે તો ઉપરના બેનાકટકની હદથી માંડીને પશ્ચિમનાં સહ્યાદ્રિ પર્વત વચ્ચેના મુલકનેજ ગણવામાં આવતો હતો. જો કે તે વખતે તે એકદમ જંગલ અને ઝાડીથી ભરચક હતો. જ્યારે ઇ. સ. પૂ. ની આઠમી સદીમાં તેવાં જંગલો અને ઝાડીઓ હતી તો ખરી, પણ તેટલાં બધાં વિપુળ, ઘાટાં અને વિસ્તૃતપણામાં નહીંજ; પણ જેમ જેમ ઇ. સ. પૂ. સાતમી, છઠ્ઠી અને પાંચમી સદી આવી, તેમ તેમ તો દુષ્કાળને લીધે કાંઇક અંશે તેની વનસ્પતિનો નાશ પણ થયો, તેમજ મનુષ્યમાં સંસ્કૃતિની વૃદ્ધિ થવાને લીધે, રહેવા લાયક જગ્યાની તંગી જણાતાં તેઓએજ કેટલોક ભાગ કાપી કરીને વસવાયોગ્ય કરી નંખાવ્યો;[૩૮] અને ત્યાં પોતપોતાના સ્થાનો ( Colonies ) જમાવવા માંડયાં. આ પ્રમાણે આંધ્રદેશ જંગલી પ્રદેશ મટીને મનુષ્ય પ્રાણીનો સંસ્કૃત દેશ બની ગયો હતો. તેને લગતું આટલું પ્રસ્તાવિક વિવેચન કરીને હવે જણાવવાનું કે, જેમ મગધ દેશને અંગે તેનો સ્વતંત્ર ઇતિહાસ મળી આવવાથી, તે માટેનું વર્ણન લખવા, જુદાજ પરિચ્છેદ રોકવા દુરસ્ત વિચાર્યું છે, તેજ સ્થિતિ આંધ્ર દેશના સંબંધમાં પણ લાગુ પડે છે. જેથી તે માટેના પ્રકરણો પણ જુદાંજ રાખ્યાં છે માટે વિશેષ હકીકત તે સ્થળે આપણે ચર્ચીશું.

## ( ૧૩ ) કલિંગ.

આ દેશની હદ વાસ્તવિક રીતે કેટલી હતી તેનું વર્ણન તો, તે દેશ ઉપર રાજ્ય કર્તા ચેદિ વંશનો ઇતિહાસ આપણે લખીશું ત્યારે કરવામાં આવશે, એટલે આ સ્થળે તે સંબંધી ઉલ્લેખ કરીશું નહીં, પણ ઇતિહાસના અભ્યાસીઓને, જે ત્રિકલિંગ શબ્દનો ધ્વનિ કર્ણને વારંવાર સ્પર્શ થયાં કરે છે તેનીજ કિંચિત્‌પણે સમજુતી આપીશું.

**કલિંગ અને ત્રિકલિંગ**

ત્રિકલિંગનો શબ્દાર્થ કરતાં ત્રિ=ત્રણ, અને કલિંગ=કલિંગ દેશ એમ થાય છે, તેથી કરીને એમ નથી સમજવાનું કે કલિંગ નામધારી ત્રણ દેશો હતા. તેવું તો સામાન્યતઃ બનવા યોગ્ય નથી. પણ હજુ એમ અર્થ બેસી શકે ખરો, કે જે ત્રણ દેશો ( ત્રણ દેશનું યુથ ) કલિંગદેશની સત્તાને તાબે હોય, તેમજ રાજ્યધુરા અસ્ખલિત અને નિરાબાધપણે ચલાવી શકાય માટે એક બીજાની લગોલગ આવેલા હોય, તેવી ભૂમિનો પ્રદેશ. આ પ્રમાણે ત્રિકલિંગ શબ્દની વ્યાખ્યા સુઘટિતપણે કરી શકાય છે અને તેમજ છે. અને જો તેમ છે તો એટલોજ ફલિતાર્થ નીકળે છે કે જે કાળે ત્રિકલિંગ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હોય, તે કાળે લખનારનો આશય, ભૂતકાળમાં કોઇપણ સમયે જે પ્રકારે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેને સર્વથા બંધબેસતોજ હતો, એમ માની લેવું નહિ; કેમકે કલિંગદેશના અધિપતિનો રાજ્યવિસ્તાર સર્વદા કાંઇ અમુક હદમાંજ નિર્મિત થયેલ હોય, અને તેજ સ્થિતિમાં નભ્યે જતો રહે, એમ તો બની શકેજ નહીં. એટલે જેમ તેના રાજ્યકર્તાનો સત્તાપ્રદેશ ફરતો

---

( ૩૮ ) વાંચો પૃ. ૫૩ નું લખાણ તથા તેને લગતી ટીકા નં. ( ૯ )

રહે, તેમ ત્રિકલિંગ શબ્દમાં સમાવેશ થતા પ્રદેશોનાં નામો પણ વારંવાર ફરતાં રહે. માત્ર સંખ્યા ગણનાથી એટલુંજ કાયમ રાખી શકાય, કે ત્રિકલિંગરૂપી શબ્દત્રિકમાં, ત્રણ દેશનાં નામ અંતર્ગત થવાં જોઇએ. જો આ પ્રમાણે ત્રિકલિંગ શબ્દનો ભાવાર્થ યથાર્થપણે સમજી શકાય, તો ઇતિહાસકારોને આ શબ્દને અંગે જે ધુંચનો વારંવાર સામનો કરવાનું આવી પડે છે, તે આપોઆપ દૂર થઇ જશે.

આ કારણથીજ ચેદિવંશના સ્થાપક કરકંડુ મહારાજ ( મહામેઘવાહન મહારાજ[૩૯] ) ના સમયે ત્રિકલિંગ દેશનો અર્થ, અંગ, વંશ[૪૦] અને કલિંગ નામે ત્રણદેશનું યુથ, તેવા ભાવાર્થમાં થતો હતો, જ્યારે હાથીગુફાવાળા પ્રખ્યાત સમ્રાટ ખારવેલના સમયે, કલિંગ, ચોલા અને પાંડ્યા રાજ્યોના પ્રદેશોનો સમાવેશ, ત્રિકલિંગના યુથમાં થતો રહ્યો હતો. તેવીજ રીતે અન્ય કોઈ સમયે, કલિંગ, વંશ ( બંગદેશના સમુદ્રતટનો પ્રદેશ કે જેને સમતટ કહેવાય છે તે ) અને સુવર્ણભૂમિ ( બ્રહ્મદેશનો સમુદ્રતટવાળો પ્રદેશ ) એમ ત્રણ પ્રદેશોના યુથની ગણના ત્રિકલિંગ તરીકે થતી હતી[૪૧] તેમ કોઇ આંધ્રપતિના સમયે બનવાયોગ્ય છે કે, કલિંગ, આંધ્ર અને ચોલારાજ્યવાળા સમગ્ર પ્રદેશના વિસ્તાર માટે તે શબ્દનો પ્રયોગ કરાયો પણ હોય.

**ચેદીદેશ અને ચેદીવંશ**

આગળ પૃ. ૧૩૮–૪૧ ઉપર બતાવી ગયા છીએ કે, ' ચેદિદેશ ' શબ્દનો પ્રયોગ તો ઠેઠ મહાભારતના સમય જેટલા પ્રાચીન કાળથી થતો આવ્યો છે, જ્યારે ' ચેદિવંશ ' શબ્દનો પ્રયોગ તો કેવળ ઇ. સ. પૂ. છઠી સદીથીજ અસ્તિમાં આવ્યો છે. એટલે એકજ સાર ઉપર આવવું રહે છે કે, ચેદીદેશને અને ચેદીવંશને, કાંઇ

---

( ૩૯ ) સરખાવો પૃ. ૧૦૬ ઉપરનું ટીપણ ર. પૃ. ૧૪૫ નું તથા પૃ. ૧૬૬ નું લખાણ

( ૪૦ ) આ નામ માટે ઉપર પૃ. ૧૪૫ તથા ટી. ૧૪૪ જુઓ. વળી જુઓ. પૃ. ૧૪૦

( ૪૧ ) જુઓ પૃ. ૧૪૦ ની ટીકા નં. ૧૨૮ જ. ઓ. બી. રી. ઓ. પુ. ૧૪ પૃ. ૧૪૫ ઇસ્વીસનની શરૂઆત થઈ તે પહેલાં બહુ લાંબા વખતથી, કલિંગના લોકો બર્મામાં જઇ ચૂક્યા હતા અને ત્યાં પોતાનું સંસ્થાન જમાવી ત્રણ પ્રાંતો રોકી બેઠા હતા અને તેથી તે પ્રદેશને મુદુકલિંગ ( તેલંગુ ભાષામાં મુદુનો અર્થ ત્રણ થાય છે ) અથવા ત્રિ-કલિંગ કહીશકાય. " ઉત્કલને ત્રિકલિંગનો એક ભાગ કહેવાય " " ત્રિકલિંગ=કલિંગ, કોંગદ અને ઉત્કલ "

Journal of Bihar Research society vol. XIV P. 145 " It has been discovered that the Kalinga people went to Burma, long before the Christian era and established a kingdom which comprised three districts & hence called Mudukalinga (Mudu means three in the Telangu language ) or Tri-kalingas " Whole country was a part of the Tri--kalingas" Tri--Kalinga=Kalinga, Kongad and Utkal

જે. સ. ઇ. પુ. ૨ પૃ. ૧૧૧. ૧૬૪; ( Kalinga provinces of Telugu=તેલુગુ ભાષા બોલનારા પ્રાંતો=કલિંગમંડળ )

ભા. પ્રા. રા. પુ. ૧ પૃ. ૩૭. સર કનિંગહામના આધારે જણાવે છે કે, તેમાં ધનકટક, આંધ્ર, અને કલિંગનો સમાવેશ કરી શકાય છે.

કે. પૃ. ૩૨:—ઓરિસાની દક્ષિણે, આખા સમુદ્ર કિનારાનો પ્રદેશ

આ પ્રમાણે ત્રિકલિંગ નામના શબ્દમાં ભિન્ન ભિન્ન પ્રદેશોનો સમાવેશ થતો સમજાશે.

બન્ને શબ્દના પ્રારંભકાળથીજ સંબંધ ચાલ્યો આવે છે એમ સમજવાનું નથી, પણ ઇતિહાસકારોએ પોતાની સગવડતા સાચવવા પૂરતોજ, સમયે સમયે ઉપયોગ કર્યો છે. એટલે કે 'ત્રિકલિંગ' શબ્દની પેઠે, આ 'ચેદિવંશ' અને 'ચેદિદેશ' ના[૪૨] શબ્દોનો ઉપયોગ પણ, ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન પ્રકારે કરવામાં આવ્યો છે. જેથી કરીને હવે સ્પષ્ટપણે વાચકવર્ગને સમજાશે કે ઇતિહાસકારોએ, સમ્રાટ ખારવેલના વંશને જે ચેદિવંશ તરીકે ઓળખાવ્યો છે તેનો આદિકાળ પણ જુદો છે, તેમજ આપણે (આ પુસ્તકમાં) જે ચેદિવંશનો આદિકાળ મહારાજા કરકંડુના સમયથી ગણીએ છીએ, તે પણ જુદો પડે છે; અને અર્વાચીન સમયે જે વળી બીજા બે ચેદિવંશો ગણવામાં આવ્યા છે (એક ઇ. સ. ૨૪૩ ના સમયે અને બીજો ઈ. સ. ની દશમી સદીમાં) તેની કાળગણના પણ જુદીજ પડે છે. આ પ્રમાણે ચેદિવંશો અનેક ગણાયા છે, જ્યારે ચેદિદેશ તો સ્થાયીપણે એકજ દેશ-પ્રદેશનું નામ ગણાયું છે. અને જેમ ચેદિવંશો અનેક થયા છે તેમ તેમની રાજ્યસત્તાનો પ્રદેશ પણ ભિન્ન ભિન્ન વિસ્તારમાં પથરાઈ રહ્યો હતો. એટલે આ બે શબ્દનો પ્રયોગ કેટલી સાવધાનીથી કરવો રહે છે. તે તે શબ્દપ્રયોગ કરનારાએ પોતેજ વિચારી લેવું રહે છે.

**ચેદીવંશનો સ્થાપક કોણ ?**

ઉપર પૃ. ૧૩૪ માં જણાવ્યું છે કે મહારાજા કરકંડુ, તે અંગપતિ રાજા દધિવાહનની રાણી પદ્માવતીના પેટે જન્મેલ પુત્ર હતો.[૪૩] પણ તેનો જન્મ અંગદેશની ભૂમિ ઉપર થવાને બદલે, વંશ અથવા ચેદિદેશના રાજનગર દંતપુરની પાસેના જંગલમાં થયો હતો. કાળે કરીને તેને આ દેશની હદ છોડી દેવી પડી હતી અને કલિંગ દેશની રાજધાની કંચનપુરમાં પ્રવેશ કરતાંજ, ભાગ્યના પ્રાબલ્યથી રાજગાદીનો યોગ સાંપડ્યો હતો અને કલિંગપતિ બન્યો હતો.[૪૪]

---

(૪૨) ચેદિદેશનું સ્થાન તો હમેશાં એકજ રહ્યું છે (જુઓ આ પારિગ્રાફમાં છેલ્લો ભાગ) પણ તેની સીમા સંબંધે, જુદા જુદા ગ્રંથકારોની માન્યતા જુદી જુદી થતી હોવાથી, સ્થાનનિર્દેશ જુદો દેખાઈ જાય છે; બાકી તેનું સ્થાન સર્વ સમયે અચળ હતું એમ ગણવામાં વાંધો નથી.

(૪૩) વળી જૈન આગમસૂત્ર નામે ઉત્તરાધ્યયનના નવમા અધ્યયનની ટીકા જુઓ.

(૪૪) આ અનુમાન ઉપર શા માટે મારે આવવું પડયું છે તે માટેનાં કારણો નીચે પ્રમાણે છે. (૧) જૈન ગ્રંથમાં (જુઓ કલ્પસૂત્ર સુ. ટીકા પૃ. ૮૮) લખેલ છે કે શ્રી મહાવીરે દીક્ષા લીધા પછી નવમું ચોમાસું વજ્રભૂમિમાં[૧] કર્યું હતું (નવમું ચોમાસું એટલે ઇ. સ. પૂ. ૫૬૮ માં દીક્ષા છે જેથી ઇ. સ. પૂ. ૫૫૯ ની સાલ કહેવાય) અને તે સમયે જે રાજા રાજ કરતો હતો તે શ્રી મહાવીરના પિતા સિદ્ધાર્થનો મિત્ર થતો હતો. એક હકીકત આ પ્રમાણે છે (૨) બીજી બાજુ રાજા દધિવાહન અને રાણી પદ્માવતીને લઈ હસ્તી જંગલમાંથી નાશી જવાની અને ત્યાં કરકંડુનો જન્મ થવાની તથા નસીબના સિતારાએ જોર કરવાથી કુમાર કરકંડુ કલિંગપતિ બનવાની[૨] એમ જે હકીકત લખી ગયા છીએ તે છે; અને જેનો સમય (કરકંડુની ઉમર-યુવાન

[૧] વજ્ર=Hard, લોખંડી, સખત; અને ભૂમિ=Soil પ્રદેશ, જમીન; it means hard soil, that is such country where religious preaching had very little effect on the minds of the audience. (આગળ જુઓ ટીકા [૭]). લોખંડી માનસનો પ્રદેશ એટલે એવો દેશ કે જ્યાં શ્રોતાઓના મન પર ધાર્મિક ઉપદેશની ઘણીજ થોડી અસર થાય.

એટલે પોતે ચેદિ તેમજ કલિંગ એમ બંનેનો રાજવી થયો હતો. અને પાછળથી તેના પિતા અંગપતિ રાજા દધિવાહનનું મરણ નીપજતાં તેના અધિકારમાં અંગદેશ પણ આવી પડયો

---

અવસ્થાનો ) ઈ. સ. પૂ. ૫૫૮ નો આસપાસનો બતાવ્યો છે. ( ૩ ) જ્યારે ત્રીજી બાજુ એમ હકીક્ત છે કે શ્રી મહાવીર તે જૈન ધર્મના તીર્થંકર છે, અને તેમણે જૈન ધર્મના પ્રભાવિક તીર્થોની ( અન્ય તીર્થંકરો, જે તેમના પુરોગામી થયા છે તેમના સર્વ મોક્ષ-સ્થાનો ( આ માટે જુઓ પ્રિયદર્શિનનું વૃત્તાંત. ) સ્પર્શના કરી હોય તે બનવાજોગ છે. જેમાંનું એક તીર્થ સમેતશિખર પણ છે, કે જેને જૈનેતરો અત્યારે પાર્શ્વનાથ પહાડ તરીકે ઓળખી રહ્યા છે, તથા જેની તળેટીમાં[3] જૈન ધર્મના મહાઉપકારી સમ્રાટ સંપ્રતિએ, જેમ અન્ય તીર્થની તળેટીમાં પોતાના ખડક શિલાલેખો ઉભા કરાવ્યા છે, તેમ અત્રે પણ ઉભો કરાવ્યો છે. ( અને આ ખડકલેખો તો જીવતાજાગતા પૂરાવા છે એટલે તે બાબત શંકા ઉઠાવી શકાય તેમ છેજ નહીં ) આમ અનેકવિધ સંજોગોવાળી હકીકત ધ્યાનમાં લેતાં, એમ અનુમાન ખેંચવાનું મન થઈ શકે છે કે, સિદ્ધાર્થ રાજાનો જે મિત્ર વજ્રભૂમિના રાજવી તરીકે ઈ. સ. પૂ. ૫૫૮-૫૫૯ માં રાજ્ય કરતો હતો, તે દુર-તમાંજ નિઃસંતાન મરણ પામ્યો હશે અને તે સમયેજ કુમાર કરકંડુને કલિંગની ગાદી ઉપર નિયુક્ત કરવામાં આવ્યો હશે. ( ૪ ) વળી આ અનુમાનને વિશેષ ટેકો તે ઉપરથી મળે છે કે, આ વજ્રભૂમિનો અર્થ જો કે કેટલાક ગ્રંથકારોએ અનાર્ય દેશ[4] તરીકે કરી બતાવ્યો છે, પણ મારી મતિ અનુસાર તે અનાર્ય નહીં, પણ વજ્ર એટલે સખત કે વક્ર મનોદશા ભોગવતા મનુષ્યોવાળી ભૂમિ, એવો અર્થ કરવો જોઇએ. અને તેથીજ જૈન ગ્રંથકારોએ તેને વજ્ર (કઠણ) ભૂમિ (પ્રદેશ) વજ્રભૂમિ તરીકે ઓળખાવ્યો છે. જુઓ નીચેનું ટીપણ [ ૧. ] જ્યારે એક અન્ય સ્વતંત્ર લેખક[5] પણ મારા મતને મળતી પુષ્ટિ આપે છે કે " That in B. C, 7th century Kaling was known as the kingdom of Arya-varta ( ઈ. સ. પૂ. સાતમી સદીમાં કલિંગ એ આર્યાવર્તનું[6] એક રાજ્ય ગણાતું હતું ) અને એ તો દેખીતુંજ છે કે જૈન ધર્મના ચોવીસમાંથી વીસ વીસ તીર્થંકરો તે કાંઇ અનાર્ય પ્રદેશ[7] જેવી ભૂમિમાં ( સમેતશિખર પહા-

[ ૨ ] જો કે ઉપરના પુસ્તકમાં વજ્રભૂમિના ભૂપતિનું મરણ થયાનું કે તે નિઃસંતાન હોવાનું તે બેમાંથી એકે બાબતનો અંગુલીનિર્દેશ સુદ્ધાં પણ નથીજ.

[ ૩ ] જેમ અષ્ટાપદની તળેટી કાલ્સિમાં, ગીરનારની તળેટી જીર્ણનગરે, ચંપાનગરીની તળેટી રૂપનાથે, પાવાપુરિની તળેટી ( સાંચી શહેરની આગળના પર્વત પાસે મારી ગણત્રીમાં છે ! ) તેમ સમેતશિખરની તળેટી ધૌલી જગૌડા શહેર આગળ હતી. ( આ બાબત માટે વિશેષ હકીકત જુઓ પ્રિયદર્શિનના જીવનચરિત્રના પકરણમાં )

[ ૪ ] અનાર્ય દેશ ગણીને શ્રાવસ્તિની ઉત્તરે હિમાલયના પહાડી દેશને વજ્રભૂમિ કહેવાતો હોય એવી કલ્પના કરી છે. ( સરખાવો ઉપરની ટીકા નં. [૧] ).

[ ૫ ] જુઓ જ. ઓ. બી. રી. સો. પુ. ૨ જું ભાગ ૧. પૃ ૧૩.

[ ૬ ] આર્યાવર્ત એટલે આર્ય દેશ. તેની અને અનાર્ય દેશની સમજુતિ માટે જુઓ આ પુસ્તકનું પૃ. ૪ તથા પૃ. ૪૬

[ ૭ ] જૈનધર્મના સાધુઓ, વસ્તિવાળા ભાગમાં રહેવા કરતાં વસ્તિ વિનાના અથવા તેમના ઓછા સંસર્ગમાં રહેવાય તેવા ભાગોમાં રહેવાનું વિશેષ પસંદ કરતા હોવાથી, કદાચ એમ પણ બન્યું હોય કે શ્રી મહાવીરે ધૌલી અને જેગાડના પ્રદેશમાં ચોમાસું ન કરતાં, તેની પાસેનીજ ભૂમિ કે જે હાલના ઓરીસ્સા પ્રાંતની સીમા ઉપર અને અસલના વખતમાં વંશદેશ ( અથવા ચેદીદેશ ) ની સીમામાં આવી હોય, પણ કાંઈક આછી વસ્તિવાળી હોય, તેવી ભૂમિમાં ચોમાસું કર્યું હોય. અને તેથી ઓછા સંસ્કારવાળી ભૂમિને ગ્રંથકારોએ વજ્રભૂમિ તરીકે લેખવી હોય. આ પ્રમાણે બનવા સંભવ છે. જુઓ ઉપરની ટીકા. નં. [ ૧ ]

જેથી પોતે ત્રિકલિંગાધિપતિ[૪૫] સમ્રાટ બન્યો કહેવાય. આ પ્રમાણે જો કે પોતે કલિંગપતિજ ખરેખરો તો હતો, છતાં પોતાના વંશનું નામ તેણે શામાટે ચેદિવંશ પાડયું હશે તેનું અનુમાન જો કલ્પીએ તો પ્રબળતમ કારણ એ જ ઠરાવી શકાશે કે, તેનો પોતાનો જન્મ તેમજ કુમારઅવસ્થાનો સર્વકાળ ચેદિદેશની ભૂમિ ઉપર પસાર કરેલ હોવાથી તેના સ્મરણચિહ્ન તરીકે તેણે પસંદ કર્યું હોય. તેમ પોતે ભલે અન્ય માબાપને પેટે જન્મેલ હતો અને પૂર્વભૂત કલિંગપતિના રાજકુટુંબ સાથે કોઈ પ્રકારે લોહીનો, જ્ઞાતિનો કે કુળગોત્રનો સંબંધ નહોતો છતાં તેના ઉત્તરાધિકારી તરીકે જાહેર રીતે કલિંગપતિ તરીકે બિરાજીત થયેલ હોવાથી, તેના દત્તકપુત્ર તરીકે કહો અથવા જેમ એક દેશ ઉપર જુદા જુદા ગોત્રીઓ રાજકર્તા તરીકે આવે છે ને તેઓ પોતપોતાનો રાજવંશ જુદાજ નામથી ઓળખાવવા માંડે છે તેમ આપણા ઇતિહાસનાયક આ મહારાજ કરકંડુએ[૪૬] પોતાનાથી નવોજ વંશ શરૂ કરી દીધો હતો. અને ઉપર જણાવ્યું છે તેવા

---

ડની તળેટીના પ્રદેશને જો અનાર્ય દેશ કહેવામાં આવતો હોય તો ) પોતાના જીવનનાં અંત સમયે અનશન વ્રત્ત આદરવા ખાસ જાય તે તો બનવાજોગજ નથી. વળી (૫) ક્ષેમરાજ તે પણ કલિંગપતિ છે અને આ કરકંડુ મેઘવાહન પણ કલિંગપતિ છે. ક્ષેમરાજને જો ત્રીજો પુરૂષ ગણીએ અને તેનો સમય ઈ. સ. પૂ. ૪૭૨ છે ( જુઓ આગળની હકીકતે ) તો મેઘવાહનને ચેદીવંશના સ્થાપક તરીકે એટલે પ્રથમ પુરૂષ તરીકે ગણતાં બેની વચ્ચેના સમયનો ગાળો[૮] પણ બંધબેસતો આવે છે. ( ૬ ) તેમજ એક લેખકે ( જુઓ પૃષ્ઠ ૧૬૮ કલિંગપતિની જે નામાવલી રજુ કરી છે તેના સમયનો વિચાર કરતાં પણ કરકંડુ મેઘવાહનના સમય સાથે તે બંધબેસતી થઈ જાય છે. એટલે આવા બધાં સંભવિત સંજોગોને લીધે અનુમાનિક નિર્ણય તરીકે, કરકંડુને ચેદિવંશના સ્થાપક તરીકે મેં જાહેર કર્યો છે, છતાં કાળગયે અને વિશેષ ચર્ચા તેમજ શોધખોળના પરિણામે તેને એક નિર્ણય તરીકે સ્વીકારવામાં આવે તો આશ્ચર્ય પામવા જેવું નથી.

( ૪૫ ) જુઓ પૃ. ૮૭ ના અંતનું લખાણ.

( ૪૬ ) એક લેખકે ( મહારાષ્ટ્રના સાંગલી શહેરથી પ્રસિદ્ધ થતા જૈનજાગૃતિ નામે માસિક પુ. ૧ અંક ૪ પૃ. ૯ થી ૧૪) જુઓ નીચે પ્રમાણે વંશાવળી આપી છે.

( ૧ ) સુલોચન સુરથ
|
( ૨ ) (જમાઈ) શોભનરાય ( ચેટકપુત્ર ) વીર સં. ૧૮=ઈ. સ. પૂ. ૫૦૮
|
( ૩ ) ૦
|
( ૪ ) ૦
|
( ૫ ) ૦
|
( ૬ ) ચંડરાય વી. સં. ૧૪૯ સમકાલીન મગધપતિ નંદરાજ
|
( ૭ ) ૦
|
( ૮ ) ૦
|
( ૯ ) ક્ષેમરાજ ઇ. સ. પૂ. ૨૬૨ (વીર સંવત ૨૬૫) અશોકે જીતી લીધો.
|
(૧૦) બુદ્ધરાજ સ્વતંત્ર કલિંગપતિ
|
(૧૧) સમ્રાટ ખારવેલ ભીખુરાજ ( આમાં જે ખાલી જગ્યાઓ છે, તે તેમજ તે પછીની સાલો, બધી પુષ્પમિત્ર=બૃહસ્પતિમિત્ર કે જેને ખારવેલે નમાવ્યો હતો તે કલ્પનાથી ગોઠવેલ છે. એટલે બધી ખોટી છે. બાકી મૂળપુરૂષ વિગેરેની હકીકત કાંઈક સત્ય લાગે છે. પણ લેખકે કોઈ આધાર કે પ્રમાણ આપ્યાંજ નથી એટલે તેમના મંતવ્ય ઉપર વિશેષ ઉહાપોહ કરવાનું સાધન પ્રાપ્ત થયું નથી.

[ ૮ ] આ ગાળો કેટલો હોઈ શકે તે માટે જુઓ ચેદી દેશનું વૃત્તાંત.

સંભવિત કારણથી પોતાના વંશનું[૪૭] નામ ચેદિવંશ તરીકે પ્રખ્યાત કર્યું હતું. એટલે ચેદિ વંશના સ્થાપક તરીકે મહારાજા કરકંડુ મેઘવાહનને ગણવો રહે છે.

આ પ્રમાણે કલિંગપતિ રાજાઓના ચેદિ-વંશનો સ્થાપક મૂળપુરૂષ તો મહારાજા કરકંડુજ ગણાય, પણ તે વંશની

**ચેદિ વંશની સ્થાપનાનો સમય**

સ્થાપના માટે કઇ સાલ ઠરાવવી તે આપણા માટે જરા કઠિન થઇ પડે તેમ છે, મહારાજા કરકંડુના જન્મની સાલ જે ઇ. સ. પૂ. ૫૭૭ આપણે લખી છે તેને તો વંશની સ્થાપનાના પ્રારંભ કાળ તરીકે ગણી શકાયજ નહીં, કેમકે તે સમયે તે કોઇ રાજકુટુંબમાં જન્મ્યો હતો તેમ કોઇને ખબર પણ નહોતી; પણ તે ઇ. સ. પૂ. ૫૫૮ માં જયારથી કલિંગ-દેશની ગાદીએ અભિષિક્ત[૪૮] થયો ત્યારથીજ ચેદીવંશની સ્થાપના ગણીએ તો બીલકુલ અસંગત ગણાશે નહીં અને તેમ છતાંયે જો તે સાલ છોડી દઇએ અને તત્પશ્ચાત જયારે ઇ. સ. પૂ. ૫૫૬ માં પોતાના ખરા પિતા—જન્મદાતા રાજા દધિવાહનનું મૃત્યુ થતાં, ત્રિકલિંગાધિપાત બન્યો અને તેના પુત્ર તરીકે તેમનાજ નામ ઉપરથી પોતાનું નામાભિધાન મેઘવાહન ધારણ કર્યું ત્યારથી જો ચેદિવંશની સ્થાપના ગણવી હોય તો તે પણ કાંઈ અયોગ્ય તો કહેવાશે નહીંજ. આ પ્રમાણે સ્થાપનાના સમય માટે બે સાલ આપણે ઠરાવી શકીશું.

છતાં બીજી એક પરિસ્થિતિની જો ગણના કરીએ તો તે માટે વળી ત્રીજોજ સમય ઠરાવવો પડે તેમ છે. તે એમ છે કે સમ્રાટ ખારવેલને કેટલાક ઇતિહાસી અભ્યાસકો ચેદિવંશના ત્રીજા પુરૂષ તરીકે ઓળખાવે છે, જયારે કેટલાક છઠા પુરૂષ તરીકે અને કેટલાક તો તેથી પણ વિશેષ આગળ તરીકે[૪૯] તેને ગણે છે. જો ત્રીજા પુરૂષ તરીકે ગણીએ તો રાજા ખારવેલના પિતા બુદ્ધરાજ તે બીજો પુરૂષ અને તેનો પિતા રાજા ક્ષેમરાજ છે તેને આ ચેદિવંશના સ્થાપક તરીકે ગણવો રહેશે અને તેના રાજ્યકાળનો પ્રારંભ મ. સ. ૫૨= ઈ. સ. પૂ. ૪૭૫ થી ગણાય છે[૫૦] એટલે તે ગણત્રીથી ચેદિવંશની સ્થાપના પણ તે સાલથી જ થઇ એમ ગણવું પડશે. એટલે ત્રણ સાલો થઇ ( ૧ ) ઇ. સ. પૂ. ૫૫૮ ( ૨ ) ઈ. સ. પૂ. ૫૫૬ અને ( ૩ ) ઇ. સ. પૂ. ૪૭૫

ચાંડાળ—સ્મશાનરક્ષક—પોષિત બાળકુમાર કરકંડુ યુવાવસ્થા પ્રાપ્ત થતાં કેવા આકસ્મિક સંજોગોમાં સાદા કલિંગપતિ અને પછી કેટલાક કાળે ત્રિકલિંગપતિ બનવા પામ્યો હતો તે આપણે

---

( ૪૭ ) મહારાજા કરકંડુને " પ્રવૃત્ત ચક્ર " કહી શકાય છે ને પ્રવૃત્ત ચક્રના વંશમાંજ રાજા ખારવેલ થયા છે, એમ પોતે હાથીગુંફાના લેખમાં ૧૭ મી લીટીમાં જણાવ્યું છે. આથી સ્પષ્ટ થશે કે આપણે જે સંકલના ઉભી કરી છે તે બરાબર છે. ( રાજા ખારવેલના પોતાના શબ્દ કરતાં વિશેષ સંગીન પુરાવો કયો જોઈએ )—પ્રવૃત્તચક્રના અર્થ માટે જુઓ ખારવેલના વૃત્તાંતે.

( ૪૮ ) અન્ય સ્થળે આપણે તેની સાલ ૫૬૩ લેખાવી છે પણ વધારે વાસ્તવિક ૫૬૫ સંભવે છે.

ઉપરના ૧૧, માંથી શુન્યવાળી પાંચ વ્યક્તિઓને કાઢી નાંખો તો બાકી છ પુરૂષો રહે છે ને તેમાં છઠા તરીકે ખારવેલ આવે છે તો તેમનું કહેવું છ થાય છે તે આ પ્રમાણે હશે કે ?

( ૪૯ ) જુઓ ઉપરનું ટી. ૪૬ તથા ૪૮.

( ૫૦ ) ચેદિવંશની આ બધી હકીકત માટે આપણે જુદાજ પ્રકરણ લખવાં પડશે તે માટે ત્યાં જુઓ.

**મહારાજા કરકંડુનું જીવનવૃત્તાંત**

જોઇ ગયા છીએ. પ્રથમથીજ તેણે પોતાનું નામ મેઘવાહન ધારણ કર્યું હોય એમ માનવાને કારણ મળે છે, કેમકે જે દેશનો તે ભૂપતિ બન્યો હતો તે આખો પ્રદેશ ઝાડી જંગલોથી આચ્છાદિત થયેલ હતો અને તેથી તે પ્રદેશ ઉપર વારંવાર જળ ભરેલાં ( મેઘવહન ) ઘમઘોર વાદળોથી વૃષ્ટિની મહેર વર્તતી રહેતી હતી. એટલે આવા મેઘવહન-વાદળપૂર્ણ પ્રદેશના અધિપતિ તરીકે પોતાનું નામ મેઘવાહન ધારણ કરે તો તેમાં અયુક્ત કે અનુચિત દેખાતું નથી. પછી જ્યારે પાંચેક વર્ષે પોતે અંગદેશનો સ્વામી થયો અને પોતાના ખરા માતા–પિતાના નામથી પરિચિત થતાં તેમનાંજ નામાનુસાર[૫૧] પોતાનું નામ ગોઠવાઈ ગયેલું જોયું ત્યારે વળી વિશેષ પ્રસન્ન થયો. અને હવે તો પોતે વિશાળ પ્રદેશનો ભૂપાળ થવાથી મેઘવાહનના સ્થાને મહામેઘવાહન[૫૨] નું બિરૂદ જોડી દીધું.

પોતે કલિંગપતિ બન્યા પછી, પોતાના બાળમિત્ર પેલા બ્રાહ્મણકુમારે તેની પાસે આવીને, પૂર્વે થયેલ સરત પ્રમાણે, જે એક ગામ બક્ષીસમાં મેળવવા માંગણી કરી હતી અને તેના ઉત્તરમાં મહારાજા કરકંડુએ તેને ચંપાપતિ દધિવાહન પાસે જવાનો હવાલો આપ્યો હતો, તે આપણે પૃ. ૧૪૫–૪૭ સુધીમાં લખી ગયા છીએ. પરિણામે તેના ખરા માતાપિતાની તથા કુળગોત્રની ઓળખ થવા પામી હતી. તે બાદ થોડાજ કાળે, ચંપાનગરી ઉપર, તેના સગા માસા અને પડોશી રાજ્યના વત્સપતિ, રાજા શતાનિકે ચડાઇ કરી તેને લુંટી લીધી હતી, તથા રાજા દધિવાહન નાશી જઇ ક્યાંય અજ્ઞાત સ્થળે મૃત્યુ પામ્યો હતો તે બીના પણ આગળ જણાવી ગયા છીએ. એટલે અત્ર તેનું પુનર્લેખન કરવા જરૂર નથી. તે બાદ ચેદિ અને કલિંગના બે દેશ સાથે અંગદેશ પણ જોડાઇ જવાથી ઇ. સ. પૂ. ૫૫૬ માં પોતે ત્રિકલિંગાધિપતિ બન્યો.

પોતાની સંસારી માતા અને હાલની સાધ્વી પદ્મા તરફથી પોતાના જન્મનો ભેદ સમજાયાથી, હવે તે જૈન ધર્મમાં દૃઢભક્તિવંતો થયો. અને તે માટે પોતાની રાજધાની કંચનપુરમાં[૫૩] એક ભવ્ય જિનાલય બંધાવી

---

( ૫૧ ) ખરા જન્મદાતા પિતાનું નામ દધિવાહન હતું. તેને અનુસરતું પોતાનું નામ મેઘવાહન પાડયું હોય. ( જુઓ આગળ ઉપર પૃ. ૧૭૨ )

( ૫૨ ) અથવા પ્રથમ નામ કાંઈક બીજું હોય. આ અનુમાન દોરવા માટે સરખાવો કલિંગપતિની પૃ. ૧૬૮ ના ટીપણમાં આપેલી નામાવલી તથા પૃ. ૧૭૨ તથા ટી. ૬૪. અને આ સમયથી મહા-મેઘવાહન નામ ધારણ કર્યું હોય તો તેમ પણ બનવા યોગ્ય છે.

( ૫૩ ) કંચનપુર=સોનાનું શહેર, આ નામ પડવાના કારણ માટે મારી માન્યતા એમ છે કે, ( ૧ ) તે પ્રદેશમાં સોનાની ખાણો વિશેષ હોય ( ૨ ) અથવા તો તે દેશના વેપાર–પાણી બહુજ હોય અને તેથી તેની સમૃદ્ધિ અથાગ હોય અથવા તે પ્રતિમા સોનાની હતી તેથી તેનો મહિમા સૂચવવા અને પ્રતિમા પ્રત્યેની ભક્તિ દર્શાવવા રાજા મેઘવાહને શહેરનું નામ કંચનપુર પાડયું હોય. આ ત્રીજું કારણ સંભવિત નથી, કેમકે મહારાજા કરકંડુ ગાદીએ આવ્યા પહેલાંથીજ કંચનપુર નામ ચાલ્યું આવતું હતું. એટલે કરકંડુએ તે નામ પાડયું એમ તો કહી નજ શકાય. હા, એક વાત હજુ બની શકે, તે એમ કે, તે સોનાની પ્રતિમા કરકંડુના સમય પૂર્વે કેટલાય વખતથી ત્યાં બિરાજમાન કરાયલી હોય તો ( તે સમય હજુ અંધારામાં છે એટલે કાંઇ

શ્રી પાર્શ્વનાથની[૫૪] સુવર્ણ પ્રતિમા બનાવી[૫૫] તેમાં પ્રતિષ્ઠિત કરી. આ સિવાય તેના જીવન વિશે કોઈ પણ હકીકત વાંચવામાં આવતી નથી, સિવાય કે તેના રાજ્યઅમલનો અંત કેવા સંજોગોમાં આવ્યો હતો. આ પ્રસંગ એમ બન્યો હતો કે, એક સાંઢ તેને અતિપ્રિય હતો. અને રાજાની પ્રિય વસ્તુ એટલે તેના લાલનપાલન અને ઉછેરમાં શેની મણા રાખવામાં આવે? એકદા તે રૂષ્ટપુષ્ટ સાંઢ મૃત્યુ પામ્યો. જે ઉપરથી રાજાને સંસારની અસારતા તથા અસ્થિરતા સમજાઈ અને ચિત્ત વૈરાગ્યમય થતાં પોતે સ્વહસ્તે દીક્ષા લઇ ચાલી નીકળ્યો અને પ્રત્યેકબુદ્ધ થયો. [૫૬]એટલે તેના રાજ્યનો અંત આવી ગયો કહેવાય. આ બનાવ મારી ગણત્રી મુજબ ઇ. સ. પૂ. ૫૩૭ માં[૫૭] બન્યો છે તેમજ તેનો રાજ્યઅમલ સાધારણ રીતે પ્રજાની દૃષ્ટિએ બહુ શાંતિમય અને કલ્યાણકારી નીવડ્યો હશે એમ અનુમાન કરાય છે.

**તેના વંશ વિશે અન્ય વિચારણા**

કલિંગદેશના સમ્રાટ ખારવેલના પિતામહ, રાજા ક્ષેમરાજને કેટલાકના મતથી ચેદિવંશના ત્રીજા પુરૂષ[૫૮] તરીકે ઓળખાવાયો છે. એમ આપણે ઉપર જણાવી ગયા છીએ, તેમજ મહારાજ મેઘવાહનને તે વંશના મૂળ સ્થાપક તરીકે પણ સાબિત કરી ગયા છીએ. એટલે સાર એ થયો કે મેઘવાહન, તે પ્રથમ પુરૂષ, વચ્ચેનો કોઇ બીજો પુરૂષ કે જેનું નામ જણાયું નથી, અને ત્રીજો પુરૂષ તે રાજા ક્ષેમરાજ થયો. હવે મહામેઘવાહનના રાજ્યનો અંત ઇ. સ. પૂ. ૫૩૭ માં ગણ્યો છે; અને ક્ષેમરાજનો આદિકાળ ઈ. સ. પૂ. ૪૭૨ ગણ્યો છે, એટલે ઇ. સ. પૂ. ૫૩૭ થી ૪૭૨ સુધીના ૬૫ વર્ષનો

---

નક્કીપણે તે વિશે કહી શકાય તેમ નથી ) હજુ તે પ્રતિમાના દેખાવ ઉપરથી કંચનપુર નામ પાડી દેવાયું હોય એમ સંભવિત છે. આ હકીકત માટે નીચેનું લખાણ તથા ટીપણ (૫૪) સરખાવો તેમજ આગળના ટીપણ નં. ૬૫ અને ૬૭ જુઓ.

( ૫૪ ) જૈનધર્મના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર હજુ તો સદેહે વર્તતા હતા, તેમજ કેવળજ્ઞાન પણ તેમને ઉપન્યું ન હોતું ( એટલે તેમને તીર્થંકર કહી ન શકાય; માત્ર દ્રવ્ય તીર્થંકર અથવા ભાવી તીર્થંકરજ કહી શકાય ) જેથી સર્વે જૈનધર્મીઓ શ્રી પાર્શ્વનાથના જ ભક્તો કહેવાય. માટે તેમની પૂજા-અર્ચાજ કરવી યોગ્ય ગણાય અને તે પ્રમાણે કરવાનો હેતુ હતો. ( વિશેષ માટે આગળ જુઓ. )

( ૫૫ ) જૈનધર્મમાં, તીર્થંકરની પ્રતિમા બનાવરાવી. પ્રતિષ્ઠા કરાવી હોય તેવો દૃષ્ટાંત આ પ્રથમમાં પ્રથમજ કહી શકાય. ( ઈ. સ. પૂ. ૫૫૫ ) જો કે શ્રી વિજયાનંદસૂરિએ લખ્યું છે કે, કચ્છદેશના શ્રી ભદ્રેશ્વર તીર્થમાં, સં. ૨૩ ( પાર્શ્વસંવત ) માં સ્થાપિત કરેલી ( એટલે ઈ. સ. પૂ. ૭૫૪ ) પ્રતિમા છે. પણ તે સંવત પાર્શ્વ સંવતજ છે એમ સચોટપણે દર્શાવાયું નથીજ. ભાવનગરથી પ્રગટ થતા "આનંદ" નામના માસિકના પ્રથમના એક બે અંકમાં આ હકીકત છે. નંબર કે પૃષ્ઠ બરાબર યાદ નથી.

( ૫૬ ) ભ. બા. વૃ. પૃ. ૧૦૫-૧૦૬.

પ્રત્યેકબુદ્ધ-Self—made monk; કોઈ ગુરૂ પાસે દીક્ષા લીધી હોય નહીં તે પ્રત્યેક બુદ્ધ. બીજું એવો નિયમ છે કે પ્રત્યેકબુદ્ધ હમેશાં કેવળજ્ઞાન પામે છે; અને પછી મોક્ષપદ પામે છે. આગળ સિંધુસૌવિર દેશના પ્રકરણમાં જોઇશું કે, તેનો રાજા ઉદયન તે છેલ્લો રાજવી હતો, અને મોક્ષે ગયો હતો એટલે, કરકંડુ મુનિનું મરણ મુનિ ઉદયનની પહેલાં થયું હશે એમ ગણવું રહે છે.

કૈવલ્ય જ્ઞાન જેને પ્રાપ્ત થાય તેમને પ્રવ્રજ્યાચક કહી શકાય છે, તે માટેની હકીકત સારૂ, જુઓ રાજા ખારવેલના વૃત્તાંતે હાથીગુફાના લેખની હકીકત.

( ૫૭ ) આ માટે જુઓ શ્રેણિકરાજાનું વૃત્તાંત.

આળો જે રહ્યો તે, વચ્ચે આવી રહેલ તે વંશના બીજા પુરૂષને ફાળે નોંધવો પડશે; પણ તેમ બન્યું નહીં હોય, એમ આપણને અન્ય હકીકતથી ( નીચેનો પારિગ્રાફ વાંચો ) અનુમાન કરવો પડે છે. એટલે પછી એ જ સાર ઉપર જવું પડશે કે, કાં તો પહેલા અને બીજા પુરૂષના રાજ્યઅમલ વચ્ચે, અથવા તો બીજા અને ત્રીજા પુરૂષના રાજ્યકાળ વચ્ચે, કેટલોક આંતરો આવી જવો જોઇએ, કે જે સમયે કલિંગદેશની સ્વતંત્રતા લુંટાઇ ગઈ હોય અને થોડાક સમય સુધી ચેદિવંશની સત્તા દૂર થઇ ગઈ હોય.

ઉપરના પારિગ્રાફમાં જે હકીકતનો હવાલો લેવાનું સૂચન કરાયું છે તે આ પ્રમાણે છે. હાથીગુંફાના પ્રખ્યાત શિલાલેખમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે મગધપતિ નંદરાજાએ કલિંગપતિ રાજા ક્ષેમરાજના રાજ્યઅમલે ચડાઇ લઈ જઇ તેને હરાવી, કલિંગમાંની અતિ મશહુર જૈન પ્રતિમા પોતે મગધમાં ઉપાડી લઇ ગયો હતો. એટલે એમ સાબિત થયું કે, તે સમયે કલિંગદેશ મગધથી તદ્દન સ્વતંત્ર હતો. નહીં તો મગધપતિની આજ્ઞાને, કલિંગપતિ શિરસાવંદ્ય ગણત અને તેમ થતાં મગધપતિને કલિંગ ઉપર ચડી આવવાની જરૂરીઆત પણ ઉભી રહેત નહીં. આ મગધપતિ નંદ, તે નંદ પહેલો અથવા નંદિવર્ધનજ હતો.[૫૯] એટલે અર્થ એ થયો કે નંદ પહેલાના ( ઈ. સ. પૂ. ૪૭૩-૪૫૬ ) સમયે ( અથવા તે પૂર્વે ) કલિંગ દેશ સ્વતંત્ર થઈ ગયો હતો. બીજી બાજુ મગધપતિ સમ્રાટ ઉદયન ભટ્ટે ( જેનો સમય ઇ. સ. પૂ. ૪૯૬ થી ૪૮૦ છે ) પોતાના બાહુબળથી, મગધથી માંડીને ઠેઠ દક્ષિણે કન્યાકુમારી સુધીનો આખો હિંદી દ્વીપકલ્પ, બલ્કે સિલોન પણ જીતીને, ત્યાં સુધી પોતાની આણ પ્રવર્તાવી દીધી હતી, એમ આપણે તેના વર્ણન લખતાં સાબિત કરીશું. એટલે એમ પુરવાર થયું કે, કલિંગદેશ જે મગધથી કાંઈક દક્ષિણે છે તે આખો પ્રદેશ મગધપતિ ઉદયનભટ્ટની આણામાં આવી ગયો હતો.[૬૦]

એટલે ચેદિવંશની પ્રારંભિક વંશાવળી આ પ્રમાણે આપણે ગોઠવાઇ કહી શકાશેઃ-

| | | ઇ. સ. પૂ. વર્ષ. | | | મ. પૂ. મ. પૂ. | |
|---|---|---|---|---|---|---|
| ( ૧ ) | મેઘવાહન | ૫૫૮-૫૩૭=૨૧= | | | ૩૧---૧૦ | |
| (૨-૩) | પુરૂષો | ૫૩૭-૪૯૨=૪૫= | મ. | પૂ. | ૧૦---મ. સં. | ૩૫ |
| | કલિંગ પરાધીન | ૪૯૨-૪૭૫=૧૭= | મ. | સં. | ૩૫--- | ૫૨ |
| ( ૪ ) | ક્ષેમરાજ | ૪૭૫-૪૩૯=૩૬= | મ. | સં. | ૫૨--- | ૮૮ |

હવે બીજા અને ત્રીજા પુરૂષોનાં નામ તથા રાજકાળ વિશે, કાંઇ ઉકેલ કાઢી શકાતો

( ૫૮ ) જો ખારવેલને છઠ્ઠા પુરૂષ તરીકે ગણવો હોય તો, ક્ષેમરાજ ને ચોથા તરીકે, બુદ્ધરાજને પાંચમા અને ખારવેલને છઠ્ઠા તરીકે ગણાય; પણ કોઇએ ખારવેલને પાંચમો ગણ્યોજ નથી એટલે વધારે વાસ્તવિક એ છે કે રાજા ક્ષેમરાજને ત્રીજાને બદલે ચોથા પુરૂષ તરીકે હજુ લેખવો હોય તો લેખી શકાય; બાકી ત્રીજા તરીકે તો નહીંજ ( જુઓ આગળનું ટી. નં. ૬૪)

( ૫૯ ) જુઓ તેના જીવનચરિત્રે આગળ ઉપર.

( ૬૦ ) આ બનાવને ઇતિહાસમાં અંગમગધા તરીકે જે વર્ણવ્યો છે તે કેટલેક અંશે ગણી શકાય. (આ શબ્દના પ્રયોગ માટે જુઓ પુરાતત્ત્વ પુ. બીજું પૃ. ૨-૩ ) કેમકે અંગદેશ તે કલિંગ રાજ્યનો અત્યારનો એક ભાગજ હતો.

હોય તો તે માટેનો પ્રયાસ કરીએ. ઉપરના ટીપણ ૪૬ માં સુલોચન ઉર્ફે સુરથને પ્રથમ પુરૂષ ગણાવ્યો છે અને તેની પછી ગાદીએ આવનાર તેના જમાઈ શોભનરાયને, ચેટક પુત્ર તરીકે ઓળખાવ્યો છે. જો કે, આ નામાવલી તે લેખકને કયાંથી પ્રાપ્ત થઇ તેનો આધાર જણાવ્યો તો નથીજ, પણ જ્યારે નામ તથા સાલ પણ તેણે દર્શાવ્યાં છે, ત્યારે તેમાં કાંઇક સત્યતાનો અંશ હોવો જોઇએ, તેટલું આપણે હાલતુરત તો સ્વીકારી લેવું રહે છે. અને આપણે પણ બે પુરૂષનાંજ નામ શોધવાં રહે છે. એટલે તે નામો આ બે જ હોવાં જોઇએ, અને હશે એમ ગણી લેઈશું. હવે તે બેનાં સગપણ સંબંધ વિશે વિચારીએ. બીજાને "ચેટકપુત્ર" તરીકે ઓળખાવ્યો છે, પણ ચેટકરાજા અપુત્રિયો મરણ પામવાથી, તેનું વૈશાલીનું રાજ્ય મગધ સામ્રાજ્યમાં કૂણિકે ભેળવી દીધું હતું, એમ ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલ છે.[૬૩] એટલે તે ચેટક-પુત્ર હોવાની હકીકત અસત્ય ઠરે છે. બાકી, આ કુટુંબને, રાજા ચેટકના કુટુંબ સાથે સગપણ સંબંધ છે, એમ તો આપણે જાણીએ છીએજ, કેમકે, મહારાજા કરકંડુના પિતા રાજા દધિવાહન તે, રાજા ચેટકના જમાઇ થતા હતાજ; એટલે મૂળ ગ્રંથમાંથી, નકલ કરી પ્રત ઉતારનાર લેખકે, કાંઇક પોતાનું ડહાપણ ડોળી, ભૂલ કરી દીધી હોય તેમ બનવાજોગ છે, (અને આવી ભૂલો તો લહિઆઓએ અનેક વખત કરી પણ છે જ.) જેથી, જો આપણે ટીપણમાંના શબ્દો થોડા ફેરફાર સાથે નીચે પ્રમાણે ગોઠવીએ તો, ઇતિહાસની બીજી ઘટના સાથે બરાબર બંધબેસતી થઈ શકશે.

(૧) ( ચેટકના જમાઈ સુલોચન ઉર્ફે રાજા દધિવાહનનો પુત્ર )[૬૪] | (કરકંડુ ચેદિવંશ સ્થાપક)

(૨) (જમાઇ ?) સુરથ ( કેમકે કરકંડુ તો અપુત્રિયો મરણ પામ્યો છે એટલે તેની ગાદીએ તેનો જમાઈ બેઠો હોય એમ હજુ બનવાયોગ્ય ગણી શકાય.) કેટલોક સમય ગાદી ખાલી રહી ( જે આપણે મ. સં. ૩૫ થી ૫૨ સુધીનો સત્તર વર્ષનો કાળ ગણાવ્યો છે.) અને તે બાદ ક્ષેમરાજ ગાદીએ આવ્યો છે.

(૩) ( પુત્ર ) શોભનરાય વીર સં. ૧૮

---

(૬૧) રાજા ઉદયન, ગાદી ફેરવીને ચંપા નગરીથી પાટલિપુત્રમાં લાવ્યો હતો તે બાદ તેણે કલિંગ જીત્યો હતો. ઈ. સ. પૂ. ૪૯૨ ( જુઓ તેના વૃત્તાંતે)

(૬૨) ક્ષેમરાજ અને તેની પછીના બુદ્ધરાજ તથા ભિખ્ખુરાજ વિગેરેના જીવનવૃત્તાંત માટે ચેદિવંશની હકીકત જુઓ.

(૬૩) જુઓ પૃ. ૧૩૭.

(૬૪) અને તેમ પણ ન ગણતાં જો સુલોચનને દધિવાહન તરીકે ગણવામાં આવે, તો તે ચેટકનો જમાઈ પણ છે અને તેને મૂળપુરૂષ ગણતાં, તેના પુત્ર તરીકે, સુરથને કરકંડુ ઉર્ફે મહામેઘવાહન ગણવો રહેશે: અને તે પછી ઉત્તરોત્તર.

(૧) સુરથ
|
(૨) શોભનરાય. (જમાઈ)
|
(૩) ચંડરાય.
|
(૪) ક્ષેમરાજ.

આ પ્રમાણે જો વંશાવળી ગોઠવાય તો જે વર્ષ ૧૭ નું Interregnum ( જુઓ પૃ. ૧૭૫) ગણવાનું મેં સૂચવ્યું છે તે બંધ કરી, આ ચેદિવંશ અત્રુટિત-પણે ચાલુ રહ્યો છે, એમ જણાવું રહેશે. અને ઉદયન ભટ્ટના સમયે, ચંડરાય પોતે મગધ સમ્રાટનો ખંડિયો રહ્યો ગણાશે; અને તેના મરણ બાદ ક્ષેમરાજે ગાદીએ

હવે તેમના સમયનો વિચાર કરીએ. શોભનરાયનો સમય મજકુર લેખક મહાશય, વીર સં. ૧૮ આપે છે અને કલિંગની સ્વતંત્રતાનો લોપ આપણે વીર સંવત ૩૫ માં ગણાવ્યો છે ( જુઓ પૃ. ૧૭૧ ) એટલે શોભનરાયનો રાજ્યકાળ મ. સં. ( વીર સંવત ) ૧૮ થી ૩૫=૧૭ વર્ષનો ગણીએ તો ખોટું નહીં ગણાય. અને તેમ થયું, એટલે સુરથનો સમય પછી આપોઆપ ઇ. સ. પૂ. ૫૩૭ થી (મ. પૂર્વ ૧૦) ઇ. સ. પૂ. ૫૦૯ ( મ. સં. ૧૮ )=૨૮ વર્ષનોજ ગણવો રહ્યો. આથી કરીને હવે ચેદિવંશની નામાવલી બરાબર ગોઠવાઇ રહી કહેવાશે. ભૂલ ન થાય માટે ફરીને તે આખીજ અત્રે ઉતારીશું.

( ૧ ) સુલોચનઃ કરકંડુઃ મહામેઘવાહન
ઈ. સ. પૂ. ૫૫૮ થી ૫૩૭–૨૧ વર્ષ (મ. પૂ. ૩૨ થી મ. પૂ. ૧૧)
( ૨ ) સુરથ ( જમાઈ ) ઇ. સ. પૂ. ૫૩૭–૫૦૯=૨૮ ,, (મ. પૂ. ૧૧ થી મ. સં. ૧૮)
( ૩ ) શોભનરાય ( પુત્ર ) ઈ. સ. પૂ. ૫૦૯–૪૯૨=૧૭ ,, (મ. સં. ૧૮ થી ૩૫)
Interregnum મગધપતિની આણમાં ૪૯૨–૪૭૫=૧૭ ,, ( મ. સં. ૩૫ થી ૫૨ )
અથવા વધારે સારૂં એ કે, આ સત્તર વર્ષ સુધી ચંડરાયનું રાજ્ય ચાલ્યું હતું એમ ગણવું.
( ૪ ) ક્ષેમરાજ ૪૭૫–૪૩૯=૩૬ ,, ( મ. સં. ૫૨ થી ૮૮ )
( ૫ ) બુદ્ધરાજ ( ૬ ) ભિખ્ખુરાજ વિગેરે માટે જુઓ ચેદિવંશના વર્ણનમાં.

**એક બીજી પરિસ્થિતિ**

મહારાજા કરકંડુ પોતે તો ત્રિકલિંગાધિપતિ હતો. અને તેથી તેની સત્તામાં, અંગ, વંશ અને કલિંગ તે ત્રણે દેશો હતા, એમ આપણે ઉપર પૃ. ૧૬૯ માં જણાવી ગયા છીએ. હવે તે અપુત્રિઓ મરણ પામવાથી, મગધપતિ રાજા શ્રેણિકે, તે સર્વે મુલક પોતાના સામ્રાજ્યમાં ભેળવી લીધો હતો એમ કહીએ તો પણ ચાલે; પણ વળી કેટલીક હકીકતના આધારે પૃ. ૧૮૦ ઉપર આપણે એમ માનવું પડયું છે, કે તેની ગાદી ઉપર તો તેનો જમાઇ આવ્યો છે. વળી બીજી બાજુ, આગળ ઉપર એમ જોઇશું કે, રાજા અજાતશત્રુ જ્યારે મગધપતિ થયો ત્યારે, પોતાની ગાદી મગધની રાજગૃહીમાંથી ફેરવીને, અંગદેશની ચંપાપુરી નગરીમાં લાવ્યો હતો. આ પ્રમાણે ક્યારે બની શકે કે, જો ચંપાપુરીવાળો અંગદેશ મગધના કબજામાં હોય તો જ. એટલે પછી આપણે એમ અનુમાન કરવું રહે છે કે, ત્રિકલિંગના ત્રણ દેશમાંથી, રાજા શ્રેણિકે એક કલિંગ કે પછી કલિંગ અને વંશ મળીને બે દેશ, કરકંડુના જમાઇને સોંપ્યા હોય અને અંગદેશને તો પોતાના રાજ્યના અંગ તરીકે ભેળવી લીધો હોય. આ કારણથી અંગમગધાનો પ્રયોગ શરૂ થયો હતો.

તે વખતે ગણતંત્ર રાજ્યની પ્રથા પ્રવર્તતી હોવાથી, કલિંગદેશનું રાજ્ય અર્ધસ્વતંત્ર જેવું બની રહ્યું હશે. આ સ્થિતિ ઈ. સ. પૂ. ૫૩૭ થી માંડીને,

---

આવતાં, મગધ સમ્રાટોની નબળાઇનો લાભ લઈ, માથું ઉંચકી, કલિંગની સ્વતંત્રતા જાહેર કરી દીધી હતી. આ પ્રમાણે ઇતિહાસ ગોઠવવો પડશે. આ સ્થિતિ સાચી હતી કે, પૃ. ૧૭૭ માં વર્ણવેલી સાચી હતી, તે શોધવાનું કામ હાલ તો વિદ્વાનોને સોંપી આગળ વધીશું.

રાજા અજાતશત્રુના મરણ સુધી અને તેથી પણ આગળ વધીને કહો કે, રાજા ઉદયનનો અમલ શરૂ થયા બાદ, અરે કહો કે તેણે પાટલિપુત્રમાં ગાદી ફેરવી નાંખી નિશ્ચિંત થયો ત્યાં સુધી, એટલે ઈ. સ. પૂ. ૪૯૨ સુધીના પીસતાલીશેક વર્ષ પર્યંત, ચાલુ રહી ગણાય. અને તે બાદ રાજા ઉદયને તે દેશ મગધને તાબેજ કરી લીધો હતો એમ કહેવું યથાર્થ ગણાશે. પાછું જ્યારે મગધપતિ રાજા અનુરૂદ્ધનું મરણ ઇ. સ. પૂ. ૪૭૪ માં ઓચિંતું નીપજ્યું અને તે બાદ ગાદીએ આવનાર રાજા મુંદનું ચિત્ત રાજકારભારમાં સ્થિત નહોતું જેથી, કરકંડુ મહારાજના વંશના કોઈ ભાયાત સરદાર નામે ક્ષેમરાજે માથું ફેરવીને, પોતે સ્વતંત્રતા ધારણ કરી લીધી. અહીં સુધીના ( ઇ. સ. પૂ. ૪૯૨ થી ૪૭૫ સુધીના ) સત્તરેક વર્ષના ગાળા દરમ્યાન તે કલિંગ દેશ, મગધના એક ખંડિયા તરીકે જ રહેવા પામ્યો હતો. એટલે પૃ. ૧૭૩ ની વંશાવળીમાં જણાવ્યા પ્રમાણે આંક નં. ૨ વાળા સુરથ અને નં. ૩ વાળા શોભનરાયને ગણતંત્રના અધિકારી ગણવા રહે છે અને Interregnum વાળા કાળ દરમ્યાન, કલિંગને મગધ સામ્રાજ્યના એક અંગ તરીકે લેખવો રહે છે; તેમ છતાં ચંડરાય નામની વ્યક્તિને, જો તે દેશની લગામ સોંપવામાં આવી હતી એમ ગણાવાય, તો તે મગધપતિના એક ખંડિયા તરીકેજ રહ્યો હતો એમ લેખવું રહેશે.

આ પ્રમાણે કલિંગની ત્રણ સ્થિતિ થઈ: ૫૩૭ થી ૪૭૫ સુધીના ૬૨ વર્ષ સુધીમાં (૧) મગધના તદ્દન એક અંગ તરીકે અથવા ( ૨) બાસઠમાંના પ્રથમ ૪૫ વર્ષ સુધી ગણતંત્ર રાજ્ય અને બાકીના ૧૭ વર્ષ સુધી મગધના એક અંગ તરીકે અથવા ( ૩ ) ૪૫ વર્ષ ગણતંત્ર રાજ્ય અને ૧૭ વર્ષ મગધના ખંડિયા તરીકે.

આ ત્રણ માંની કઈ સ્થિતિ માન્ય રાખવા યોગ્ય નીવડશે તે તો વિશેષ સંશોધનને અંગે પૂરવાર થાય તે ખરૂં. મારૂં પોતાનું મંતવ્ય બીજી સ્થિતિ તરફ વિશેષ ઢળતું થાય છે.

**પેલી સુવર્ણમય પ્રતિમા વિષે**

આપણે કહી ગયા છીએ કે, મહારાજા કરકંડુ જૈન ધર્મ પાળતો હતો; અને જૈન ધર્મનો એક એવો સિદ્ધાંત છે કે, જ્યાં સુધી બીજા તીર્થંકરનો ઉદ્‌ભવ ન થાય ત્યાંસુધી, સર્વે જૈન મત પાળનારા, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપી આખો ચતુર્વિધ સંઘ, તે ગત તીર્થંકરનોજ અનુયાયી કહેવાય. એટલે કે, મહારાજ કરકંડુ તે પાર્શ્વનાથનો ભક્ત કહી શકાય. ભલે તે વખતે શ્રી મહાવીરની વિદ્યમાનતા તો થઇ ગઇ હતી, પણ જ્યાં સુધી તેમને જ્ઞાન ઉત્પન્ન ( જૈન ગ્રંથોમાં જેને કૈવલ્યજ્ઞાન કહેવાયું છે ) ન થાય અને તે બાદ ધર્મોપદેશ આપવાનો શરૂ ન કરે ત્યાં સુધી, તેઓ કોઈને પણ ( ચતુર્વિધ સંઘમાંથી કોઇને પણ ) પોતાનો અનુયાયી કરી ન શકે. એટલે સર્વે જૈન ધર્મીઓને શ્રી મહાવીરની પહેલાના જે તીર્થંકર શ્રી પાર્શ્વનાથ નામે થઈ ગયા છે, તેમનાજ અનુયાયીઓ અને ભક્તો કહેવામાં આવતાં; અને તેથી કરકંડુ મહારાજ, પોતાના ઇષ્ટદેવ તરીકે શ્રી પાર્શ્વનાથને માનતા. આ કારણથી તે પોતે ભક્તિ નિમિત્તે, દેવમંદિર બંધાવી તેમાં પાર્શ્વદેવની પ્રતિમાનું સ્થાપન કરવાની ઇંતેજારી વિશેષપણે બતાવે તે પણ સ્વાભાવિક છે. એટલે તેમણે પોતાના રાજનગરે, પ્રભુભક્તિ માટે મંદિર બંધાવ્યાનું જે આપણે જણાવી ગયા છીએ તેમાં શ્રી પાર્શ્વનાથનીજ પ્રતિમા[૬૫] પધરાવી હતી.

( ૬૫ ) આ પ્રતિમા તેમણેજ નવી ભરાવી ( એટલે કોતરાવી ) હતી કે પછી કોઈ અન્ય ઠેકાણેથી

ક્ષત્રિયો હમેશાં પોતાની ટેકને ચીવટથી વળગી રહેનાર એક પ્રજા તરીકે મશહુર થયેલ છે, અને જ્યારે એક લૌકિક વસ્તુને માટે પણ તેઓ પોતાનો પ્રાણ પાથરતા માલૂમ પડ્યા છે તો પછી જે વસ્તુને તેઓ, આ ભવ તથા પરભવ તેમજ ભવોભવ કલ્યાણકારક ગણતા હોય તે માટે તો તેઓ શું શું ન કરે તે કહેવા કરતાં કલ્પી શકાય તેવી બાબત છે. અને એટલું તો ચોક્કસજ છે કે, પ્રાચીનકાળમાં દરેક મનુષ્ય સ્વધર્મ પાલન માટે પોતાની એટલી તો ઉચ્ચ જવાબદારી ધરાવતો હતો, કે કોઇ પણ દુન્યવી વસ્તુને, ધર્મપાલન આગળ, તુચ્છ કિંમતનીજ ગણતો હતો. જ્યારે અદના માણસની આ સ્થિતિ હોય તો પછી ક્ષત્રિય ગણાતા એક ભૂપાલની મનોદશાનીતો વાતજ શી કરવી ? આથી કરીને જ્યારે, રાજા નંદ પહેલો ( મગધપતિ રાજા નંદિવર્ધન ) કલિંગ ઉપર ચડી આવીને પોતાના પૂર્વજ કલિંગપતિરાજાની ઉપર લખેલી માનિતી પ્રતિમા પોતાના દેશે ઉપાડી જાય, ત્યારે તે સમયના કલિંગપતિ ક્ષેમરાજના મનમાં જે સંક્ષોભ ઉત્પન્ન થાય તે પણ અવર્ણનીયજ હોવો જોઇએ, તે દેખીતુંજ છે. એટલે તેણે તે હૃદયવિદારક અપમાનનો બદલો લેવાને ધમપછાડા તો ઘણા માર્યા હશે પણ પોતે તુરતનો ઉગતો રાજા હતો ( કેમકે ઉપર જોઇ ગયા છીએ કે તે તો ચેદિવંશનો પુનરૂદ્ધારકજ હતો ) અને મગધ સમ્રાટ જેવા પ્રખર સત્તાશાળી હરિફની સામે ટકવામાં કાંઇ એકલા બાહુબળથીજ ચાલી શકે તેમ નહોતું. તે માટે તો સાધનોની ઉગ્રતા, તેમજ વિપુળતાની આવશ્યકતા પણ ગણાય, જેથી હાલતુરત તેણે ગમ ખાઇ જઇ પ્રસંગને જતો કર્યો હતો. પણ તેના વંશજો તે વૈર સહેજે ભૂલી જાય તેવું નાનુસૂનું નહોતું. અને આપણે પ્રખ્યાત હાથીગુફાના લેખથી જાણીએ છીએ કે પ્રસંગ આવતા, તે જ ક્ષેમરાજના પૌત્ર સમ્રાટ ખારવેલે, તે જ નંદિવર્ધનના વારસ મગધપતિ સમ્રાટ બૃહસ્પતિમિત્રને એક ક્ષત્રિયને અને મોટામાં મોટા સમ્રાટને, જેટલી બને તેટલી હિનપતભરેલી રીતે અપમાનિત કરાવું માની શકાય, તેવી રીતે તે જ પ્રતિમાના પગ પાસે નમાવીને અપમાનિત કર્યો હતો. અને પછી તે જ પ્રતિમા પોતાના રાજનગરમાં લાવી નૂતન મંદિર બંધાવી ત્યાં તેની પુનઃપ્રતિષ્ઠા કરાવી દીધી હતી.

વાચકના મનમાં કદાચ એવો પ્રશ્ન પણ ઉદ્‌ભવશે કે, એક નજીવી[૬૬] અને જડ[૬૭] પ્રતિમા જેવી વસ્તુ માટે આવા મોટા રાજવીઓ શું મમત્વ પકડી બેસતા હશે કે, તે માટે યુદ્ધ આદરી, અનેક પશુપ્રાણી અને મનુષ્યનો સંહાર કરવાના કારણભૂત બનતા હશે ? તેના ઉત્તરમાં જણાવવાનું કે એક તો, આ બાબતમાં બંને

---

પ્રભાવવંતી માલૂમ પડતાં, ખર્ચ કરીને અત્રે મંગાવી લીધી હતી તે જાણવામાં આવ્યું નથી; પણ કદાચ અન્ય સ્થળેથી આણવામાં આવી હોય તેમ વધારે સંભવ છે. ( સરખાવો નીચેનું ટીપણ ૬૮. તથા ઉપરનું ટીપણ નં. ૫૩. )

( ૬૬ ) નજીવી એટલે જીવવિનાની=નિર્જીવ એમ કહેવાનો ભાવાર્થ નથી, પણ તે વસ્તુ માટે લડતા બંને સમ્રાટોમાં જે વિજેતા થાય, તેને જે પ્રદેશની પ્રાપ્તિ થાય અને તેનું જે મૂલ્ય અંકાય, તેની સરખામણીમાં તે પ્રતિમાના સુવર્ણની કીંમત કાંઇ વિશાતમાં જ નહોતી, એમ કહેવાનો આશય છે.

( ૬૭ ) અહીં જડ એટલે નિશ્ચેતન-અચેતન કહેવાનો હેતુ છે. બાકી મૂર્તિઓ તો બધી હમેશાં જડ પદાર્થનીજ હોય છે, પણ તેમાં રહેલા સત્ત્વ અને તેના પ્રભાવથી તેને ચૈતનવંતીજ ગણી શકાય છે.

પક્ષકારો જાતે ક્ષત્રિયો હતા. કે જેમના કુળાભિમાન અને સ્વભાવની સ્વભાવિકતા કેવી હોય છે તે આપણે જણાવી ગયા છીએ. ઉપરાંત બીજું કારણ એ હતું કે, ખુદ તે પ્રતિમાનુંજ પ્રભાવિકપણું અને ગૌરવ એમ બંને, તે સમયે પણ એટલાં તો મહિમાવંતાં હતાં[૬૮] અને હાલ પણ છે કે, જો તેનું યથાર્થ સ્વરૂપ વાચકવર્ગ પાસે રજુ કરવામાં આવે, તો તેમનું માનસ પણ એકવાર તો કહીજ ઉઠશે કે, જે થયું છે તે યથોચિતજ થયું છે. ( આ વિષય આપણે સમ્રાટ ખારવેલનું જીવનચરિત્ર લખતી વેળાએ પુનઃ ગ્રહણ કરવો પડશે, માટે તે સમય સુધી તેનું નિરૂપણ કરવું મુલતવી રાખવું ઠીક ગણાશે. )

**કરકંડુ સિવાયના અન્ય ભૂપતિયો**

મહારાજા કરકંડુ ઉર્ફે મહામેઘવાહન, ગાદીત્યાગ કરતી વેળા અપુત્રિયો હતો એમ જૈન ગ્રંથો સાક્ષી પૂરે છે, જ્યારે બીજી બાજુ તેનો વંશ તેના પછી સમેટી લેવાયો નથી એમ ઇતિહાસ વળી સાક્ષી પૂરે છે, એટલે એ જ અનુમાન ઉપર જવું પડે છે કે પુત્રની ગેરહાજરીમાં તેના જમાઇનો, ગાદી ઉપર અભિષેક કરવામાં આવ્યો હશે; અને તેનું નામ આપણે સુરથ ઠરાવ્યું છે. તેના જીવન વિશે કોઇ હકીકત જાણવામાં આવી નથી. તે બાદ તેનો પુત્ર શોભનરાય ગાદીપતિ થયો છે, એમ તે જ લેખક મહાશયના જણાવ્યા પ્રમાણે આપણે નોંધ લેવી રહે છે. તેના રાજ્યકાળ વિશે પણ કોઇ જાતની બાતમી અદ્યાપિ પર્યંત ઉપલબ્ધ થઈ નથી. જો કેવળ અનુમાન બાંધી શકાય, તે એટલુંજ કે, તેના રાજ્યના અંત વચ્ચે અને રાજા ક્ષેમરાજના ગાદીનશીન થવાના સમય વચ્ચે, કાંઇક કાળક્ષેપ થયો હોવો જોઇએ જ; કેમકે નહીં તો ઇતિહાસમાં જે કેટલાકે, રાજા ક્ષેમરાજને ચેદિવંશના સ્થાપક ( ખરી રીતે પુનરૂદ્ધારક કહી શકાય) તરીકે અને કેટલાકે[૬૯] ચોથા પુરૂષ તરીકે ઓળખાવ્યો છે, તેમ બનત નહીં. આ બન્ને ઇતિહાસકારોને સાચા ઠરાવવા માટે, એક જ સ્થિતિ કલ્પી લેવી રહે છે. તે એમ કે રાજા. ક્ષેમરાજને, રાજા શોભનરાય પછી તુરતનો ગાદીએ આવતો ન ગણવો. અને જો તેટલું નિશ્ચિત થયું, તો પછી રાજા શોભનરાયની સત્તાનો અંત કેમ આવ્યો તે હકીકતનું શોધન કરવુંજ બાકી રહે છે. હવે મગધાધિપતિના ઇતિહાસનો અભ્યાસ કરતાં[૭૦] માલૂમ પડે છે કે, ઉદયનભટ્ટે, હિંદના ઠેઠ દક્ષિણ છેડા સુધીનો મુલક જીતી લઇ, પોતાના સામ્રાજ્યનો વિસ્તાર ત્યાંસુધી લંબાવ્યો હતો; અને આ સ્થિતિ કયારે બની શકે કે, જો ઉદયનભટ્ટને દક્ષિણ સુધી પહોંચતા, વચ્ચે આવતો કલિંગદેશ પણ તાબે આવી ગયો હોય તો જ. એટલે તે ઉપરથી નિશ્ચિત-

---

( ૬૮ ) ઉપરના ટી. ૬૫ નો સાર વાંચતાં સહજ સમજી શકાશે કે આ મૂર્તિ કોઈ પ્રાચીન સમયનીજ હોવી જોઈએ અને તેથીજ મેં અનુમાન દોર્યું છે, કે મહારાજ કરકંડુએ તે પ્રતિમા નૂતન બનાવી નહીં હોય, પણ બીજે ક્યાંકથી આણી હોવી જોઈએ.

( ૬૯ ) અને શોભનરાયના પુત્ર ચંડરાયને મગધપતિનો ખંડિયો ગણી, તે બાદ આવનાર ( પછી પુત્ર હોય કે અન્ય સંબંધી હોય ) ક્ષેમરાજે પોતાની સ્વતંત્રતા પાછી મેળવી લીધી હોય, તો તેને મહાપુરૂષ તરીકે લેખવો જ રહે છે. પછી જોઈએ તો તેને પુનરૂદ્ધારકનું નામ આપો કે સ્થાપકનું નામ આપો. તે બન્ને આશય સમજાવવા પુરતું બસ છે. (સરખાવો ઉપરનું ટીપણ ૬૪.)

( ૭૦ ) આ માટે જુઓ ઉદયનભટ્ટનું જીવનવૃત્તાંત.

પણે માની લેવું પડે છે કે, રાજા શોભનરાયના રાજ્યનો અંત ઉદયનભટ્ટના હાથેજ આવ્યો હોવો જોઇએ.

ઉદયનભટ્ટની સાથેના યુદ્ધમાં રાજા શોભનરાયનું મરણ થઇ ગયા પછી, તેની ગાદીએ તેનો પુત્રજ ખરી રીતે તો આવવો જોઇએ, કારણ કે તે સમયે રાજાઓના મનમાં, પોતાના સામ્રાજ્યમાં પૃથ્વીનો કેવળ વૃદ્ધિ કરવાનો, મોહ જાગૃત થયો નહોતો;[૭૧] પણ તેમની મહત્ત્વકાંક્ષા તો એટલીજ હતી કે, અન્ય રાજવી ઉપર સ્વામિત્વ મેળવી, પોતાના ખંડિયા તરીકે તેમની સત્તા ચાલુ રહે, અને પોતાને સાર્વભૌમ તરીકે ઓળખાવાય, એટલે પોતાનું જીવન ધન્ય સમજતા.[૭૨] પણ, જો તે યુદ્ધમાં મરણ પામતા રાજવીનો કોઈ સીધો વંશ કે વારસ નજ મળી આવતો, તો તો તેનું રાજ્ય પોતાના સીધા અધિકારમાં લઈ લેવામાં આવતું હતું. એટલે રાજા શોભનરાય અને રાજા ક્ષેમરાજની વચ્ચેનો પડેલો ગાળો વિચારીએ છીએ, ત્યારે કબુલ રાખવું પડશે કે, રાજા શોભનરાય નિર્વંશ મૃત્યુ પામ્યો હોવો જોઇએ; અને તેથી કલિંગને મગધ સામ્રાજ્યના એક અંશ તરીકે મેળવી દેવામાં આવ્યું હોવું જોઇએ. અથવા તો ચંડરાય તેના પુત્ર તરીકે બેઠો હોય, અને તેણે ખંડિયા તરીકેજ જીવન પૂરું કર્યું હોય. આ બેમાંથી એક સ્થિતિ હોવી જોઇએ. વિશેષે કરીને બીજી સ્થિતિ સંભવનીય ગણાય, કેમકે હાથીગુફાના લેખ આધારે જણાય છે કે,[૭૩] રાજા ક્ષેમરાજે પોતાના વંશનો પુનરૂદ્ધાર કરતાંજ, તે સમયના મગધસમ્રાટ[૭૪] નંદિવર્ધનનો પિત્તો ખસી ગયો હતો, અને તેણે કલિંગ દેશ પ્રતિ આક્રમણ કરી, પોતાનો હક્ક કેટલેક અંશે વ્યાજબી ઠરાવ્યો હતો. આ બધો વૃત્તાંત આપણે ચેદિવંશના પ્રકરણે પાછો ઉતારવો પડશે. એટલે હાલ તો આટલેથીજ આ પરિચ્છેદ બંધ કરીશું.

## ( ૧૪ ) અવંતિ-માળવા.

પ્રખ્યાત ચીનાઈ મુસાફર મિ. હુએનશાંગના પુસ્તક ઉપરથી ભાષાંતર રૂપે જે રેકર્ડઝ ઑફ ધી વેસ્ટર્ન વર્લ્ડ નામક ગ્રંથો એ વિભાગમાં **જુદા જુદા સમયે** **જુદાં જુદાં નામ** બહાર પડ્યાં છે, તેમાં[૭૫] અનેક પ્રદેશોનું વર્ણન કરતાં, માળવા અને ઉજ્જયિની એમ બન્ને છૂટા દર્શાવવામાં આવ્યાં છે; છતાં તે બન્ને

---

( ૭૧ ) મહારાજા પ્રિયદર્શિનના મરણ બાદ આ મનોદશા સમ્રાટોના મનમાં વિશેષપણે ફાટી નીકળી હતી. એ ઐતિહાસિક બનાવોથી જોઇ શકાય છે.

( ૭૨ ) આ વસ્તુસ્થિતિ, મહારાજા પ્રિયદર્શિનના પોતાના હાથે કોતરાયલા શિલાલેખોથી આપણને દીવાના જ્યોત જેવી નિર્મળપણે દેખાઈ આવે છે.

( ૭૩ ) પંક્તિ ૧૭ માં મહારાજા ખારવેલ પોતાને પ્રવૃત્તચક્રના વંશજ તરીકે ઓળખાવે છે અને આ " પ્રવૃત્તચક્ર " શબ્દનો અર્થ શું હોઈ શકે ? તે માટે જુઓ ખારવેલનું જીવનચરિત્ર.

( ૭૪ ) આ સમયે મગધની ગાદી ઉપર નબળા મનનો સમ્રાટ રાજા મુંદ હતો એટલે રાજા ક્ષેમરાજે તે તકનો લાભ લઈ પોતાના વંશનો પુનરૂદ્ધાર કર્યો હતો.

આ પ્રમાણે મગધ સામ્રાજ્યની વિભક્ત દશા થતી જોઇ, મહાઅમાત્ય અને સૈન્યાધિપતિ નંદિવર્ધને, રાજાનું ખૂન કરી પોતેજ મગધસમ્રાટ બની બેઠો અને કલિંગપતિ ઉપર ચડાઈ લઇ ગયો. ( આ બધી હકીકત માટે જુઓ નંદિવર્ધનનું વર્ણન )

( ૭૫ ) જુઓ મજકુર પુસ્તક ભા. ૨ પૃ. ૨૬૦ થી ૨૭૦. તથા આ ગ્રંથમાં ત્રીજા પરિચ્છેદે ટીકા નં. ૩૨, ૬૧ અને ૬૨.

પ્રાંતોનો કુલ વિસ્તાર,[૭૬] તેમજ બન્નેના પાટનગરનો ઘેરાવો, એક સરખાંજ અનુક્રમે ૬૦૦૦ લી. અને ૩૦ લી. જણાવ્યાં છે. અલબત્ત, સાથે સાથે એમ પણ લખેલ છે કે, માળવાની રાજધાનીની દક્ષિણે તથા પૂર્વે, મહી નદી આવેલી છે,[૭૭] તેમજ માળવા પ્રાંતથી વાયવ્ય ખૂણે બે હજાર લી.ના વિસ્તારવાળો ભૃગુકચ્છ દેશ અને તેનાથી અગ્નિ ખૂણે ૨૮૦૦ લી. ના વિસ્તારવાળો ગુર્જરદેશ[૭૮] આવેલ છે. એટલે આ બધાં વર્ણન ઉપરથી સ્પષ્ટ સમજાય છે, કે તે સમયે (ઈ. સ. પૂ. ૬૩૪ માં) ઉજ્જયિનીનો પ્રાંત, માળવા પ્રાંતથી ભિન્નજ ગણાતો હતો. આ અનુમાનને સમર્થનરૂપ થઇ પડે તેમ મિ. રીઝ ડેવીસ સાહેબનું મંતવ્ય પણ લાગે છે. તેઓ લખે છે કે[૭૯] " ઇ. સ. ની બીજી સદી સુધી ( જુઓ જુનાગઢ શહેરની તળેટીવાળો રૂદ્રદામન ક્ષત્રપનો લેખ ) તો તેને અવંતીજ કહેવામાં આવતો, પણ ઇ. સ. ની સાતમી કે આઠમી શતાબ્દિથી તેને માળવા[૮૦] તરીકે ઓળખવામાં આવ્યો છે. "

આ લખાણથી નીચે પ્રમાણે નિર્ણીત થઇ શકે છે કે ( ૧ ) જુનાગઢ શહેરની તળેટીવાળો મજકુર શિલાલેખ કોતરાયો, તે સમય સુધી અવંતી નામથી ( પૂર્વ આકારાવંતી અને પશ્ચિમ આકારાવંતી[૮૧] એવા બે વિભાગોથી )તે પ્રાંતો ઓળખાવાતા, જ્યારે ( ૨ ) ઇ. સ. ૫૩૩

( ૭૬ ) ૧ લી. = $\frac{1}{6}$ માઇલ ( કવચિત $\frac{1}{5}$ પણ લેખાય છે તેમ $\frac{1}{7}$ પણ લેખાય છે ) સરખાવો ઉપરમાં પૃ. ૧૨૧ નું ટીપણ નં. ૫૭.

( ૭૭ ) આ વર્ણનથી દેખાય છે કે તે સમયે માળવાની રાજધાની ધારાનગરી જ હોવી જોઈએ.

( ૭૮ ) આ બંને દેશની હદ માટે ત્રીજા પરિચ્છેદની હકીકત જુઓ.

( ૭૯ ) The Buddhistic India p. 28. It was called Avanti at least as late as the second century A. D. ( vide Rudradaman's inscription at Junagadh ) but from the 7th or 8th century, it was called Malava.

( ૮૦ ) જૈન ધર્મ પ્રકાશ નામે માસિકમાં (જુઓ ૧૯૮૪ ની સાલનું પુ. ૪૩ પૃ. ૪૨૦-૨૪) લેખકે સાબિત કર્યું છે કે, માલવ સંવત ઈ. સ. ૫૨૭ ( વિ. સં. ૫૮૯=ઈ. સ. ૫૩૩ પણ નીકળે છે. ) માં શરૂ થયો છે, અને તેનો આદિ કરનાર પરમારવંશ સ્થાપક રાજા યશોધર્મન ઉર્ફે વિક્રમાદિત્ય ઉર્ફે (જુઓ મિ. હોલનું ગોડવહો નામે પુસ્તક, પૃ. CCXIX) શિલાદિત્ય હતો. ઈ. સ. ૫૩૩ થી રાજપુતની ચાર શાખાઓ પડી છે તે વસ્તુ ઇતિહાસપ્રસિદ્ધ છે.

( ૮૧ ) अ, ब, क, ड, પારિગ્રાફમાં જણાવ્યા પ્રમાણે આ શબ્દના ચાર અર્થ કરી શકાય તેમ છે.

( अ ) પૂર્વ અને પશ્ચિમ એમ તેના બે વિભાગ પાડી શકાય છે, આકાર=સમુહ (group) ખાણ ( a mine ), સમુહ ( a collection ) : અને પૂર્વાકાર=જે પૂર્વ વિભાગમાં મોટા સમુહ ( અહીં સ્તૂપોની મોટી સંખ્યા કહેવાનો અર્થ છે, કેમકે અવંતિના આ પ્રદેશમાં આવાં ચણતરકામની સંખ્યા ઘણી મોટી છે. ) આવેલ છે તે, અને પશ્ચિમ વિભાગે તેવા સ્તૂપો ન હોવાથી તેને માત્ર અવંતિ શબ્દથીજ સંબોધાય અથવા બહુ તો ' પશ્ચિમ અવંતિ ' પણ કહેવાય તેને કાંઇ પશ્ચિમાકારાવંતિ કહી ન શકાય.

( ब ) આકાર=કદાચ અમુક પ્રદેશનું નામજ હોય (જુઓ આગળ ઉપર સિંધ સૌવિર દેશનું વૃત્તાંત) કદાચ સાંચી અને ભિલસા આદિના સ્થળવાળા પ્રદેશને આ નામથી ઓળખાવવામાં આવતો હોય એમ પણ બને.

( क ) એ. ઈ. પુ. ૮ મું. ( સુદર્શન તળાવની પ્રશસ્તિમાં ) પૂર્વાપરાકાર અને અવંતિ એમ બન્ને શબ્દો કેમ જાણે છૂટા હોય તેવી રીતે વપરાયા છે. અહીં અપરનો અર્થ વિદ્વાનોએ " બીજું " એમ ગણ્યો, અને પ્રથમ શબ્દ પૂર્વ હોવાથી આ અપરનો અર્થ પશ્ચિમ, એવા ભાવાર્થમાં કર્યો. આ અર્થ ઉચિત નથી. કેમકે તેમ માનવામાં વ્યાકરણનો દોષ આવે છે. એકતો, અવંતિ શબ્દ એક વચનમાંજ વપરાયો છે.

( અથવા ખરી રીતે તો ઈ. સ. ૫૧૭ જોઇએ ) માં પરમાર વંશની સ્થાપના થઈ ત્યારથી, ઉપર હદ બતાવી છે તે પ્રમાણેના વિસ્તારવાળા પ્રદેશો, માળવા અને ઉજ્જયિની નામથી ઓળખાવા લાગ્યા. આ નામો હુએનશાંગના સમયે ( ઈ. સ. ૬૩૪ ) પણ ચાલુ હતાં ( ૩ ) પણ ઈ. સ. ની આઠમી સદીની આસપાસ,[૮૨] તે બન્ને નામો એકત્ર થઇ જઇ, તેના આખા પ્રદેશને માત્ર માળવાના એક નામથીજ ઓળખવા માંડ્યો હતો.

---

પણ જો પૂર્વ અને પશ્ચિમ અવંતિ એમ બે પ્રદેશ કહેવાનો હેતુ હોત તો, અવંતિને બદલે દ્વિવચનનું રૂપ જે 'અવંતી' છે, તે વાપરત: અને સાથે સાથે પૂર્વાપરાકારને બદલે પૂર્વાપરાકારૌ શબ્દ લખત. એટલે કે " પૂર્વાપરાકારૌ અવંતી " લખત; અથવા તો સમાસ કરીને એકજ શબ્દ તરીકે લખવો હોત તો, પૂર્વાપરાકાર અને અવંતિ તેમ બન્ને શબ્દો છુટા છૂટા ન લખતાં 'પૂર્વાપરાકારાવંતિ' એક શબ્દે લખત; અથવા વધારે સારૂં તો " આકાર " શબ્દની જરૂર ન હોવાથી માત્ર 'પૂર્વાપરાવંતિ' ખાલી લખત; પણ જ્યારે પ્રશસ્તિના કોતરાવનારે તેમાંનો કોઇ માર્ગ ગ્રહણ કર્યો નથી, એટલે કરીને એમ સમજાણુ થાય છે કે, 'અપર' નો અર્થ " બીજો " ન કરતાં, " પાછલો=Latter ( જુઓ લ. મો. પટેલની ગુજરાતી ડીક્ષનેરી. ઇ. સ. ૧૯૦૯. પૃ. ૬૦) તે ભાવાર્થે કર્યો હોવો જોઇએ; એટલેકે જેમ, અપરરાત્રી=રાત્રીનો પાછલો ભાગ ( Latter part of the night ) એમ અર્થ થાય છે, તેમ અહીં પણ, 'પૂર્વાપરાકાર અવંતિ' એટલે જે પૂર્વ-અવંતિના પાછલા ભાગમાં, ઘણાં સ્તૂપો અથવા સ્તૂપોનો સમુહ આવેલો છે તેવો અવંતિનો પ્રદેશ; આવા હેતુમાં વપરાયલો ગણી લેવો.

( ક ) પૂર્વ વિભાગને આકાર તેમજ દશાર્ણ[૧] પણ કહેવામાં આવે છે.

'પૂર્વાપરાકાર અવંતિ' પરત્વે ઉપર પ્રમાણે ચાર અર્થ થઈ શકે છે; તે સર્વનો વિચાર કરતાં અ અને ડ છોડી દઇને બાકીના બે એટલે બ અને ક ના અર્થ સંતોષકારક દેખાય છે.

( ૮૨ ) મારો ખ્યાલ એમ છે કે, આ બનાવ માલવપતિ રાજા વૃદ્ધ ભોજદેવના સમયમાં ( ઈ. સ. ૬૨૦--૬૮૦ સુધીમાં ) બન્યો છે, કે જેના સમયે હુએનશાંગ હિંદમાં મુસાફરી કરતો કરતો માળવામાં ગયો હતો. તેમજ જેના રાજદરબારે, પેલા પુરાણુ-પ્રસિદ્ધ બાણુ અને મયૂર નામના બે પ્રખ્યાત કવિઓ, તથા માનતંગસૂરિ નામના જૈન ધર્મના, પ્રખ્યાત આચાર્ય, થઈ ગયા છે. આ જૈનાચાર્યને ઉપરના બે કવિઓની ઈર્ષ્યાને લીધે, રાજાએ કેદમાં નાંખ્યા હતા. પણ આચાર્યે પોતાના જ્ઞાનથી એકેક પદ રચી, દેવાધિદેવની સ્તુતિ કરી, એક પછી એક, એમ ચુમાલીશ ઓરડીનાં તાળાં તોડી નાંખ્યાં હતાં. પાછળથી આ સર્વે પદોને સમગ્રપણે ગુંથીને તેનું " ભક્તામરસ્તોત્ર " એવું એક નામ આપવામાં આવ્યું છે. અત્યારે પણ જૈન પ્રજા આ સ્તોત્રને કંઠસ્થ રાખવાનો અતિ ઉમંગ ધરાવે છે.

---

[ ૧ ] ( જુઓ પુરાતત્ત્વ પુ. ૧ લું પૃ. ૫૨ ) વળી જુઓ આ પુસ્તકે પૃ. ૫૧ ઉપર ટીપણ નં. ૨૪ નું લખાણ. અહીં દશાર્ણ શબ્દનો અર્થ 'દશવિભાગ' કર્યો છે. અને રાજા ઉદયન ( સિંધસૌવિરપતિ ) ને અવંતિથી પાછા ફરતાં, દશપુર નામના શહેરની સીમમાં, પોતાના લશ્કરના દશ વિભાગ પાડીને પડયા રહેવાનું થવાથી તે સ્થળનું નામ દશપુર અથવા દશાર્ણ પાડવામાં આવ્યું હતું: આમ જે અર્થ કરીને બેસાર્યું છે તે વાસ્તવિક નથી દેખાતું. કેમકે, તેમ હોયતો, આ દશાર્ણનું સ્થાન, અવંતિ અને સિંધ દેશની વચ્ચે આવી શકે. એટલે કે, અવંતિની પશ્ચિમે આવેલું ગણાય. જ્યારે અહીં તો અવંતિના પૂર્વની વાત કહેવાતી સૂચવાય છે. બાકી 'દશાર્ણવૃત્ત' શબ્દ પણ જૈન ગ્રંથમાં વપરાયો છે. અને ત્યાં તે શબ્દ, અવંતિનો પહાડી પ્રદેશ તેમજ અવંતિનો પૂર્વ ભાગ એવા અર્થમાં વપરાયો છે. એટલે પુરાતત્ત્વકારનું કથન વ્યાજબી લાગે છે. પણ દશાર્ણ=દશપુર ગણીને, તેનો જે અર્થ

**તે પ્રાંતોનાં રાજપાટનાં સ્થાનો**

હાલના સર્વે ગ્રંથકારોનો અભિપ્રાય એમ છે કે, પૂર્વ આકારાવંતીની રાજધાની વિદિશા(૮૩) નગરી અને પશ્ચિમની ઉજૈની નગરી હતી. આમાં પશ્ચિમ વિભાગની ઉજૈની માટે શંકા નથી. પણ પૂર્વ વિભાગની રાજધાની વિશે મારો ખ્યાલ એમ છે કે, તે વિદિશા નહીં પણ હાલનું જે સાંચીગામ છે, ને જ્યાં ઘણા સ્તૂપો મોજુદ જળવાઈ રહ્યા આપણે નીહાળીએ છીએ, તે સાંચી નગરી હતી.

આ નગરી બહુજ મોટા વિસ્તારમાં પથરાયલી હતી, તેના ઉત્તર-પશ્ચિમના ભાગને વિદિશા(૮૪) નગરીના નામથી ઓળખાવતાઃ જ્યારે શહેરનો મુખ્ય ભાગ જે વિદિશાની અપેક્ષાએ પૂર્વ દિશાએ આવી વસેલો હતો તેને સાંચી ( સંચીપૂરી(૮૫) ) કહેવામાં આવતો. એટલે કે, વિદિશા તે સ્વતંત્ર રીતે કોઈ નગરજ નહોતું. પણ જેમ વિદેહ રાજ્ય-પ્રદેશની રાજધાની વૈશાળા નગરીના ત્રણ વિભાગ પાડી, એકને ક્ષત્રિયકુંડગ્રામ, બીજાને વાણિજ્ય ગ્રામ અને ત્રીજાને વિશાળા proper અથવા બ્રાહ્મણકુંડગ્રામ કહેવામાં આવતું, તેમ વિદિશા ગામનું પરૂં પણ, રાજનગર સંચીપુરી નગરીનો, એક ભાગજ હતો અને તેમાં અનેક શેઠ શાહુકારોના નિવાસસ્થાનો આવી રહેલાં હતાં. જ્યારે સંચીપૂરી proper કે જ્યાં બધા સ્તૂપો આવી રહેલા છે, તે ભાગ તરફ શહેરનાં ઉપવનો અને ક્રિડાસ્થાનો(૮૬) આવી રહેલાં હતાં. પણ જ્યારથી મૌર્ય સત્તાની સ્થાપના

---

(૮૩) વિદિશા=વિદ્વાનો તેનું મૂળ સ્થાન બેસનગર, અને હાલનું ભિલ્સા લેખે છે; પણ સર કનિંગહામ સાહેબનો મત નીચે પ્રમાણે છે. (Ar. sur. Ind. 1874--75 vol. x p. 34 ) Bhilsa is said to have been founded after the desertion of Besnagar; but it seems more probable that the foundation of Bhilsa led to the abandonement of the old city. ( આ. સ. રી. ૧૮૭૪--૭૫; પુ. ૧૦ મું પૃ. ૩૪: એમ કહેવાય છે કે બેસનગરનો ત્યાગ થયા પછી ભિલ્સા નગરી વસી છે, પણ વધારે સંભવિત એમ દેખાય છે કે, ભિલ્સાનગરીનું ખાત- મુહુર્ત થઈ જવાથીજ, પ્રાચીન શહેર ( એટલે બેસનગર ) પડી ભાંગ્યું હતું.

( ૮૪ ) સંસ્કૃત સાહિત્યમાં તેમજ પ્રાચીન શાસ્ત્રોમાં, ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમને, દિશાઓના નામથી ઓળખાવી છે જ્યારે, ઈશાન, વાયવ્ય, અગ્નિ અને નૈઋત્ય ખૂણાઓને "વિદિશા" તરીકે પણ ઓળખવામાં આવે છે.

રાજધાનીનો વિદિશા નગરીવાળો આ ભાગ, મુખ્ય શહેરના એક ખૂણામાં ( વિદિશામાં ) આવેલ હોવાથી ( આગળ ઉપર તેનો નકશો જુઓ ) તેટલા ભાગને વિદિશા એવું ટૂંકું નામ અપાયું હોય તે બનવા યોગ્ય છે.

( ૮૫ ) પછી સંચીપૂરી મુખ્ય નગરી હોય અને વિદિશાવાળો ભાગ તે મુખ્ય નગરનું એક પરૂં હોય, કે વિદિશાનગરી પોતે મૂળનગર હોય અને સંચીવાળો ભાગ તેનું પરૂં હોય; આ બેમાંથી એક સ્થિતિ હતી એમ ચોક્કસ માલૂમ પડે છે. ( વિશેષ માટે આગળ જુઓ. )

( ૮૬ ) એટલે આ બાજુનો પાર્વતીય પ્રદેશવાળો ભાગ (જુઓ પૃ. ૧૭૯ ઉપરનું દશાર્ણ વૃત શબ્દને લગતું, ઉપનોટ નં. ૧ નું લખાણ ) સંત, સન્યાસી અને તેવાજ

---

બેસારવામાં આવ્યો છે. તે માત્ર કલ્પિત દેખાય છે. પાછળથી માલુમ પડયું છે કે ( જુઓ ક. સૂ. ટી. પૃ. ૫૯ ) આકર=લોખંડઆદિની ઉત્પત્તિનું સ્થાન. એટલે ઉપર (જ) માં આપણે, ખાણનો અર્થ જે કર્યો છે તેવા ભાવાર્થમાં "આકર" વપરાતો લાગે છે. પણ અહીં "લોખંડ આદિ" એમ ચોખ્ખું લખ્યું છે એટલે આકર નામની ખાણવાળા સ્થાનમાં લોખંડજ ખાસ નીકળતું હોવું જોઈએ. અને આ વિદિશાના પ્રદેશનો નકશો જોતાં પણ તે હકીકતને ટેકો મળે છે.

થઇ[૮૭] અને સમ્રાટ ચંદ્રગુપ્તે ત્યાં રાજ મહેલ બંધાવી, વર્ષના અમુક ભાગ માટે રહેવાનું ઠરાવ્યું, ત્યારથી[૮૮] પાછો તેનો સિતારો ચડવા પામ્યો હતો. તે એટલે સુધી કે તેને મૌર્ય-સામ્રાજ્યના એક મુખ્ય અંગ તરીકે લેખી, સમ્રાટના યુવરાજને અથવા એકદમ નજીકના કોઈ રાજકુંવરને તે પ્રાંતના સૂબા[૮૯] તરીકે નીમવાનું ધોરણ ચાલુ થઇ ગયું હતું. આ પદ્ધતિ અશોકના રાજ્યકાળ સુધી જળવાઈ રહી હતી, અને તેની પછી ગાદીએ આવનાર સમ્રાટ પ્રિયદર્શિને તો, મગધ દેશમાંના પાટલિપુત્રથી ગાદી બદલીને અવંતીના સંચીપૂર-પૂરીને જ પોતાના સામ્રાજ્યનું પાટનગર બનાવી દીધું હતું. અને ત્યારપછી તે નગરી તે પદને ચાલુ શોભાવતી જ રહી હતી. આ સંચીપૂરીએ જૈન ધર્મના ઇતિહાસમાં એક અજોડ નગરી તરીકે ભાગ ભજવ્યો છે, જેનો ઉલ્લેખ આપણે મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્ત[૯૦] તેમજ પ્રિયદર્શિનની હકીકતે કરી બતાવવાની જરૂર પડવાની છે. એટલે વિશેષ ન જણાવતાં અત્રે એટલું જ કહેવું બસ ગણાશે કે, સંચીપૂરીને અને તેની પાસેના સ્તૂપ પ્રદેશને, જૈન ધર્મની સાથે જ લાગે-વળગે છે,[૯૧] પણ જેમ વિદ્વાનો માની બેઠા છે તેમ, બૌદ્ધધર્મને બીલકુલ લાગતું-વળગતું છે જ નહીં.

**ઉજ્જૈન વિશે વિશેષ પ્રકાશ**

આ નગરને હિંદુસ્તાનમાંના, જે સાત નગરો પ્રાચીનતમ અને પ્રખ્યાત[૯૨] ગણાય છે તેમાંનું એક ગણવામાં આવે છે. જેમ તે તીર્થસ્થાન[૯૩] હતું, તેમ રાજકીય પ્રવૃત્તિનું પણ મુખ્ય ધામ અને કેંદ્ર હોવાને સર્જીત થયેલું હતું. અને તેથી ઉત્તર હિંદમાં, જેમ તક્ષિલાનું મહત્વ હતું તેમ

---

સંસારથીવિરક્ત થઇ ગયેલ અન્ય પુરૂષો માટેના, અવર જવરના માર્ગરૂપ બની ગયો હોય તે સ્વાભાવિક છે. (જુઓ આગળની હકીકત)

(૮૭) અવંતી દેશને મગધમાં ભેળવી દેવામાં આવ્યો ત્યારથી (મ. સં. ૬૦ થી) તે ચંદ્રગુપ્ત મગધપતિ બન્યો ત્યાંસુધી (મ. સં. ૧૫૫ સુધી) ૯૫ વર્ષના કાળ લગી તે રાજનગર મટી ગયું હતું.

(૮૮) રાજા ચંદ્રગુપ્તને જે સ્વપ્નાં આવ્યાં હતાં અને શ્રી ભદ્રબાહુ નામે જૈનાચાર્યને તે કહી સંભળાવ્યાં હતાં (જુઓ ચંદ્રગુપ્તનું વર્ણન.) તે આ નગરીએજ બન્યું હતું.

(૮૯) દાખલામાં:—બિંદુસારના વખતમાં અશોકને તેમજ અશોકના સમયે કુંવર કુણાલને, આ પ્રાંતના સૂબાપદે નીમવામાં આવ્યા હતા.

(૯૦) જુઓ ભિ. પૃ. ૧૫૪: ચંદ્રગુપ્ત સમ્રાટે, તે ટોપના ઘુમટમાં, દીપક કરવા માટે વાર્ષિક ૨૫ હજાર દ્રવ્યનું (પણ નામના શિક્કાનું) દાન દીધાનું (જેની કિંમત અઢી લાખ રૂપીઆ થાય છે.) કહ્યું છે. ચંદ્રગુપ્ત પોતે જૈન ધર્મ પાળતો હતો અને જૈન સાધુ થઈ ગયો હતો તે તો નિર્વિવાદપણે સિદ્ધ થયેલી હકીકતજ છે. એટલે સંચીપૂરી અને બધા સ્તૂપો પણ, ચંદ્રગુપ્તના ધર્મના એટલે જૈન ધર્મનાજ છે એમ ભારપૂર્વક કહી શકાશે.

(૯૧) જુઓ ઉપરની ટીકા (૯૦)

(૯૨) C. H. I. p. 531; It is held as one of the most famous of all the cities of India.

કે. હી. ઇ. પૃ. ૫૩૧-હિંદનાં સર્વ નામાંકિત શહેરોમાંનું તે પણ એક ગણાય છે.

(૯૩) These seven are recorded in the following couplet.

अयोध्या, मथुरा, माया, काशी, कांचि, अवंतिका ।
पूरि द्वारावति चैव सप्तैता मोक्षदायिकाः ॥

આ સાતે નામને એક કડીમાં ગુંથવામાં આવ્યાં છે. આ યુગ્મમાં શું ફેરફાર થઇ શકે તેમ છે (જૈન તેમજ વૈદિક દૃષ્ટિએ) તે રાજા ખારવેલના વૃત્તાંતે સમજાવીશું.

પશ્ચિમ હિંદમાં આ ઉજ્જૈનીનું સ્થાન ગણાતું.[૯૪]

પ્રદ્યોતવંશી રાજાઓનો રાજ્ય અમલ અવંતિના પ્રદેશ ઉપર થયો, ત્યાં સુધી ઉજ્જૈની એક મહામૂલું રાજપાટ હતું. પણ જેમ મગધના પાટનગર કુશાગ્રપુરને, વારંવાર અગ્નિપ્રકોપના[૯૫] ભોગ થવું પડતું હોવાથી, તેના રાજા પ્રસેનજિતને[૯૬] રાજગાદી ફેરવીને રાજગૃહી (ગિરિવ્રજ) લઇ જવી પડી હતી,[૯૬] તેમ ઉજ્જૈનીમાં પણ સર્વભક્ષી જ્વાલાના પ્રચંડ સપાટા વારંવાર દેખાવ કરી જતા અને પાટનગરને બેસુરત કરી દેતા હોવાથી, રાજનગરને કોઇ અન્ય સુરક્ષિત સ્થળે ફેરવવાનો રાજા ચંડને વિચાર થયા કરતો હતો. તેવામાં એક મોટો પ્રકોપ તેનાજ સમયે પાછો પ્રગટી નીકળ્યો. પણ તેની શિયળવંતી રાણી શિવાદેવીના[૯૭] શિયળના મહિમાથી,[૯૮] તે સર્વથા શાંત થયો હતો. એટલે રાજપાટ ફેરવવાનો તેણે જે વિચાર કરેલ, તે પડતો મૂકવો પડ્યો હતો. જો કે આ પાવકપ્રકોપ છેવટનોજ નીવડ્યો હતો અને રાજનગર શીર્ણવિદીર્ણ સ્થિતિમાં આવી પડયું હતું, છતાં રાજપાટ તરીકે તો ચાલુજ રહ્યું હતું. રાજા ચંડનું મરણ ઇ. સ. પૂ. ૫૨૭ માં થયું ત્યારથી તે પછીના સાઠ વર્ષ સુધી પણ, તેની તેજ સ્થિતિ ચાલુ હતી. તે પછી તો અવંતિનો દેશજ, મગધ સામ્રાજ્યનો એક ભાગ બની ગયો. ( ઈ. સ. પૂ. ૪૬૬) એટલે પાટનગર તરીકેનું તેનું મહત્ત્વ એકદમ ન્યૂન થઈ ગયું. આમે આગને લીધે કાંઈક નષ્ટ તો થયુંજ હતું ને તેમાં, વળી રાજગાદી તરીકેની ગણનામાંથી બાતલ થયું, એટલે તેનાથી બરાબર પૂર્વદિશાએ ૧૨૦ માઇલના અંતરે[૯૯]

---

( ૯૪ ) E. H. I. (V. Smith) 3rd edi. p. 155– Ujjain, the capital of Western India was equally famous ( like Takshila ) and equally suitable as the seat of viceregal governments. અ. હી. ઇ. ( ત્રીજી આવૃત્તિ ) પૃ. ૧૫૫: પશ્ચિમ હિંદની રાજધાની ઉજ્જૈન પણ, તક્ષિલાની પેઠે, તેના જેટલીજ નામાંકિત અને ( પ્રાંતિક ) સૂબાની ગાદીના સ્થાન તરીકે તેટલીજ લાયક હતી.

Ujjain the capital of Avanti ( Pro. Hultz, Cor. Inscr. Ind. vol I. Intro xxxviii ) ઈ. કો. ઈ. xxxviii અવંતિની રાજધાની ઉજ્જૈન હતી.

Rec. West. World. vol II p. 270 f.n. 82—Ujjain is probably the capital of Avanti in Malwa, the capital of Chastana. રે. વે. વ. પુ. ૨. પૃ. ૨૭૦. ટીપણ ૮૨. માળવાના અવંતિની રાજધાની ઉજ્જૈની, તે ચષ્ઠણની રાજધાની હતી.

C. H. I. p. 166; Ujjain began to play an important role in the history of India from the time of Asoka (it ought to be Priyadarshin) કે. હી. ઇ. પૃ. ૧૬૬. અશોકના ( પ્રિયદર્શિન જોઇએ ) સમયથી ભારતના ઇતિહાસમાં ઉજ્જૈન નગરનું સ્થાન કેંદ્ર જેવું થવા પામ્યું હતું.

( ૯૫ ) તે સમયે નગરની રચના કરવામાં, કાષ્ટનો ઉપયોગ અતિ વિપુલપણે કરવામાં આવતો હતો, કેમકે તે માટેના જંગલો બહુજ ઘાડાં તેમજ બહોળા વિસ્તારમાં પથરાયલાં હતાં. ( જુઓ પૃ. ૭, ૧૬ તથા ૫૦ ની હકીકત. )

( ૯૬ ) મગધસમ્રાટ શ્રેણિકના પિતાનું નામ પ્રસેનજિત હતું; વળી આ હકીકતના વિશેષ વર્ણન માટે જુઓ આગળ ઉપર મગધદેશનો ઇતિહાસ.

( ૯૭ ) જુઓ ઉપરમાં પૃ. ૧૩૧.

( ૯૮ ) ભર. બા. વૃ. ભા. પૃ. ૩૩૩.

( ૯૯ ) Coins of Ant. India. p. 94 ( Ujjain, the present town 36 miles N. of Indore, 120 miles nearly due west

આવેલ અને ગિરિશૃંખલાથી સુરક્ષિત એવા ભિલ્સાગામે, ઉજ્જૈન શહેરના વ્યાપારી ખેલાડીઓ વસવા જવા મંડ્યા. અને[૧૦૦] પરિણામે તે મહાનગરમાં ફેરવાઇ જતું ચાલ્યું; પણ જ્યારથી ચંદ્રગુપ્ત મૌર્ય મગધસમ્રાટ થયો ( મ. સ. ૧૫૫-ઈ. સ. પૂ. ૩૭૨ ) અને પોતાના ધર્મ પ્રત્યેના અનુરાગને લીધે ત્યાં રાજમહેલ બંધાવી, વર્ષના અમુક ભાગ માટે નિવાસસ્થાન કરી રહેવા લાગ્યો, ત્યારથી તો એક મહા સ્મૃદ્ધિવંત શહેર તરીકે તેની વિશેષ ગણના થવા લાગી. અને ઉજ્જૈન તો લગભગ વિસારી દેવા જેવું થયું હતું એટલુંજ નહીં, પણ અવંતિ દેશના પણ બે વિભાગ પાડી,[૧૦૧] પૂરાણા ઉજ્જૈનને પશ્ચિમ વિભાગના નગર તરીકે લેખાવી, આ વિદિશાને ( અથવા બેસનગરને ) નવા ઉભા કરેલ પૂર્વ વિભાગના પાટનગર તરીકે જાહેર કરાયું હતું. અને આખા અવંતિ પ્રદેશને મગધ સામ્રાજ્યના એક અતિ અને મહામૂલો પ્રાંત ગણી, તેના ઉપર રાજ્ય વહીવટ ચલાવવાને, સમ્રાટના યુવરાજને કે અતિ નીકટના રાજપુત્રને નિયુક્ત કરાતો હતો. અને એમ અનુમાન કરવાને કારણ મળે છે કે, આવા પ્રાંતિક સૂબાનું પ્રથમ માન, સમ્રાટ ચંદ્રગુપ્તે પોતાના યુવરાજ બિંદુસારને આપ્યું હતું.

ચંદ્રગુપ્તે શરૂ કરેલી આ પ્રથા, તેની પછી સમ્રાટ બિંદુસારે, તેમજ અશોકે ચાલુ રાખી હતી, ને પોતાના યુવરાજ કુણાલને અવંતિનો સૂબો પણ નીમ્યો હતો. પણ સમ્રાટ પ્રિયદર્શિનના સમયથી, પૃ. ૧૮૧ માં જણાવી ગયા પ્રમાણે બધી સ્થિતિ પલટાઇ ગઇ કહેવાય; અને સંચી નગર ( વિદિશાનગરી ) સમસ્ત ભારતવર્ષનું રાજનગર થઇ પડયું. તે બાદ શુંગવંશી રાજ અમલમાં સંચીનગરની ક્ષત અને ઉજ્જૈનીની બઢતી થવા લાગી પણ હોય, એમ કલ્પના કરી શકાય છે, ( જો કે ખાસ કોઇ પૂરાવો મળતો નથી ) કેમકે, તેઓ વૈદિકધર્માનુયાયી હોવાથી, તેમના સમયે જૈન ધર્મને તથા જૈન તીર્થોને ઘણું જ સહન કરવું પડયું છે. જેથી કરીને સંચીનગરની મહત્તા ઘટવા અને તે જ પ્રમાણમાં ઉજ્જૈનીની સુરત ફૂલવા મંડી હતી. તે એટલાં વેર કે, તેની પછી અવંતિપતિ બનનાર, ગર્દભિલવંશી રાજા વીર વિક્રમાદિત્યના સમયે તો, તેનેજ હિંદના રાજપાટ તરીકે ગણવામાં આવ્યું હતું. ઉજ્જૈનીને ઇ. સ. પૂ. પહેલી સદીમાં વિશાળાપુરી પણ કહેવાતી હતી.[૧૦૨] વળી તેનું એક વિશિષ્ટ નામ અયોધ્યા ? ( અયુદ્ધા ) પણ હતું. શામાટે અયુદ્ધા પડયું હશે તે ખબર નથી પણ અનુમાન કરાય છે કે, અ-not ( નહીં ) અને યુદ્ધ-લડાઈ, એટલે કે જેને યુદ્ધમાં ઉતરવુ પડતું નથી તેવું, અને યુદ્ધા તે નારીજાતિવાચક શબ્દ ગણાય. મતલબ કે, જે પુરૂષના હાથમાં આ નગરી હતી તે વ્યક્ત અયુદ્ધ-જેની સાથે યુદ્ધમાં કોઇ ઉતરી શકે નહીં તેવી ગણાતી. એટલે કે, તે નગરનો સ્વામી અજેય તેમજ સાર્વભૌમ સમ્રાટ લેખાતો. આવો ભાવાર્થ દર્શાવવા માટે અયુદ્ધા શબ્દ વાપરવામાં આવ્યો હોય એમ સંભવે છે.

પછી ચક્ષ્ણવંશી ક્ષત્રિયોના સમય સુધી

---

of Bhilsa.)કો. એ. ઇ. પૃ ૬૪. વર્તમાનકાળનું ઉજ્જૈન, ઇંદોરની ઉત્તરે ૬૬ માઈલના અને ભિલ્સાની પશ્ચિમે લગભગ ૧૨૦ માઈલના અંતરે છે.

( ૧૦૦ ) આ પરિચ્છેદમાં આગળ ઉપર જુઓ.

( ૧૦૧ ) જ્યારે બે વિભાગ પાડવામાં આવ્યા હોય તો આ પ્રમાણે સ્થિતિ સર્જવામાં આવી હતી એમ સમજવું; અન્યથા નહીં.

( ૧૦૨ ) જ. બો. રો. સો. પુ. ૯ પૃ. ૧૪૦ ડૉ. ભાઉ દાજીસાહેબનો લેખ. J. B. B. R. A. S. IX. P. 140. by Dr. Bhau Daji.

તેમજ તે બાદ ગુપ્તવંશી રાજ્ય અમલે, પણ ઉજ્જૈનીએ પોતાની નોક જાળવી રાખી હતી. પણ પાછી ફરીને એકવાર તેને માથે પનોતી બેઠી અને ઉતરતી સ્થિતિ થતી ચાલી. તે વિષય જોકે આપણા આ પુસ્તકનો નથી છતાં, જ્યારે પ્રસંગ ઉપસ્થિત થયો છે ત્યારે, કાંઇક નિર્દેશ કરવાની આવશ્યકતા છે, કે જેથી અન્ય સમયના ઇતિહાસ લેખકોને કાંઇક તેમાંથી જાણવાનું મળી શકે. તેથી જણાવવાનું કે, ગુપ્તવંશની પડતી સાથે ઉજ્જૈનીની પડતી આવવા લાગી; અને અવંતિના પ્રદેશની કીર્તિને પણ ઝાંખપના પડ ઉપર પડ ચડવા માંડ્યા. વળી પ્રકાશનું એક કિરણ ઝગમગી ઉઠયું. ઇ. સ. પૂ. ૫૧૭ માં જ્યારે પરમાર વંશની સ્થાપના થઇ, અને અવંતિના દક્ષિણ વિભાગને માળવાનું નામ આપી ધારાનગરને રાજપાટ તરીકે ગણવામાં આવ્યું, ત્યારથી તે ઝાંખપ વધતી અટકી ગઇ; એટલુંજ નહીં, પણ ઉલટ આ પરમારવંશી માલવપતિની[૧૦૩] સત્તા, જેમ વિશેષ જામવા માંડી અને તેમના રાજ્યનો વિસ્તાર વધવા માંડ્યો, તેમ અવંતિના અસલ પ્રદેશને પણ માળવામાં સમાવેશ કરી ( માત્ર અવંતિના ઉત્તરના ભાગનેજ બાદ રખાયો હતો, કેમકે તેમની સત્તામાં તે નહોતો; પણ પ્રતિહાર-વંશી[૧૦૪] કનોજપતિને તાબે હતો તેથી ) ધારાનગરીને તેમજ ઉજ્જૈનીને, અમુક સમય માટે પાછાં રાજનગર તરીકેનાં સ્થાન બનાવાયાં હતાં. આ સમય ચીનાઈ મુસાફર હ્યુએનશાંગનો અને પરમારવંશી રાજા વૃદ્ધભોજદેવનો કહી શકાશે.[૧૦૫]

ઉપરના વૃત્તાંતથી જોઈ શકાશે કે વિદિશા—સંચીપૂરી, ઉજ્જૈની તેમજ ધારાનગરો વિગેરે અતિ મહત્ત્વનાં સ્થાનો હતાં, અને રાજપાટનાં સ્થળો હોઇ, વિશેષ વાણિજ્ય ડોળતાં હોવાથી સમૃદ્ધિવાન પણ હતાં, તેમજ પડોશી રાજ્યનાં રાજનગરો સાથે, વ્યાપારી વ્યવહાર સાચવવા માટે, પાકી સડકોથી[૧૦૬] સંકળાયલાં હતાં. જેમાંની એક સડક ઉજ્જૈનીથી માંડીને ગોધી, દિવિશા,[૧૦૭] વાલસેવટના પાદરે થઈને કોશાંબી નગરે જતી હતી.

અત્યારે અવંતિ પ્રદેશનું વર્ણન ચાલે છે. એટલે તેના રાજપાટ વિશે ખરો ખ્યાલ આપવો તે આવશ્યક છે જ.

**રાજનગરનાં વિધ વિધ નામોની સમજુતી તથા ઇતિહાસ**

જો કે પૃ. ૧૭૯ ઉપર જણાવવામાં આવ્યું છે કે, અવંતિ દેશના બે વિભાગ પાડવામાં આવ્યા હતા અને તે બન્નેની જુદી જુદી રાજધાની હતી. જ્યારે પૃ. ૧૮૧ ઉપર એમ જણાવાયું છે કે, પ્રદેશ તો એકજ હતો પણ તેની રાજધાનીના સ્થાનનો, સંજોગવશાત્ પલટો કરવામાં આવ્યો હતો. બન્નેમાંથી પ્રથમની હકીકત વર્તમાન કાળના વિદ્વાનોની માન્યતાને સમર્થન રૂપે છે જ્યારે બીજો મત છે તે પ્રાચીન સમયની સ્થિતિને


( ૧૦૩–૧૦૪ ) પૃ. ૧૮૭ ના ટીપણમાં પરમાર-વંશી અને પરિહારવંશી રાજાઓની વંશાવળી જુઓ.

( ૧૦૫ ) જુઓ ઉપરમાં ટી. નં. ૮૦ અને ૮૨.

( ૧૦૬ ) હા. બુ. પૃ. ૩૩૩–૩૪. Hardy's manual of Buddhism P. 333-34.

( ૧૦૭ ) ભા. પૃ. ૨: અહીં જે 'દિવિસા' લખવામાં આવ્યું છે તે ભિલ્સાની પાસેના બેસનગરનું અથવા વિદિશાનું મુખ્યત્વે કરીને અપભ્રંશ થયેલ સ્વરૂપ છે. Here Diwisa is most probably a corrupt form of Vidisha or Besnagar near Bhilsa ( Stupa of Bharhuta by Sir Cunningham P. 2 )

અનુરૂપ હોય એમ સમજાય છે. ગમે તેમ હોય પણ, કોઇ એક પક્ષ લેવાથી આપણા ઐતિહાસિક સ્વરૂપને બાધા આવતી નથી, એટલે સ્થાનના પ્રશ્નને ચર્ચાનું રૂપ આપવું અનાવશ્યક ગણી છોડી દઈશું; પણ તેમાંનું એક, કે જેને વિદિશા તરીકે જણાવાયું છે, તેનાં સ્થિતિ અને વિસ્તાર વિશે કાંઈક ખ્યાલ આપવો યથાસ્થાને લેખું છે; કેમકે તે મુદ્દા સાથે કેટલાક ઐતિહાસિક



સંશયોના ઉકેલનો ધટસ્ફોટ થવા વકી છે.

વિદિશાનગરીનાં ચાર નામો આપણને અત્યારસુધી પ્રાપ્ત થયાં કહેવાશે ( ૧ ) વિદિશા ( ૨ ) બેસનગર ( ૩ ) સંચી અથવા સાંચી અને ( ૪ ) ભિલ્સા–આ ચારે સંબંધી થોડીક સમજુતી આપીશું.

( ૧ ) વિદિશા—પૃ. ૧૮૦ ના ટીપણુ ( ૮૪ ) માં જણાવ્યું છે કે, કોઇ સ્વતંત્ર નગરીનું તેવું નામજ નહોતું, પણ પાટનગરમાંજ દિશા–વિનાના એટલે જેને ભૂગોળમાં ખૂણો કહે છે તેવા સ્થાન ઉપર તે ભાગ આવેલ હોવાથી તેને વિદિશા એવું નામ દેવાયું હતું. એટલે ખરી રીતે તો મુખ્ય નગરનો એક ભાગજ તે હતો અને તેથી આપણે તેને તે રાજનગરના એક પરા તરીકે ઓળખીશું.

( ૨ ) બેસનગર—આ નામ બૌદ્ધગ્રંથ સિવાય કોઇ અન્ય પુસ્તકમાં મળી આવતું નથી. પણ માનવાને કારણ મળે છે કે તે નગર, બેસ નામની નદી ઉપર આવેલું હોવાથી, તેનું નામ તેમણે બેસનગર તરીકે જાહેર કર્યું હશે. ખરા નામને સ્થાને આવું નામ ઉભું કરવાની તેમને શું જરૂર પડી હશે, તે આપણે કહી શક્તા નથી; પણ જેમ બેન્ના નદીના તટ ઉપર આવેલ નગરને બેન્નાતટ કહેવામાં આવ્યું છે તેમ આને બેસનગર તરીકે લેખાવ્યું હોય. (જુઓ ટી. નં. ૧૧૨)

( ૩ ) સંચી અથવા સાંચી–ઇંગ્રેજીમાં તેને Sanchi લખાય છે. એટલે તેને ગુજરાતીમાં વાંચતા, સંચી અથવા સાંચી બન્ને તરીકે વાંચી શકાય. મતલબ કે તે બન્ને શબ્દો એકજ સ્થાનનાં નામના છે.

આ નામ જૈન ગ્રંથોમાં પણ નજરે પડે છે. તેમાં તેને સચ્ચપુરી કહી છે. પછી વર્તમાન કાળનો સંચી શબ્દ, તે આ સચ્ચપુરીનો અપભ્રંશ થયો હોય કે સ્વતંત્ર રીતેજ યોજાયો હોય કે પછી તે બન્ને સ્થાનો–સચ્ચીપુરી અને સંચી–પણ ભિન્ન ભિન્ન હોય તે એક જુદીજ વાત છે. પણ આ પરિચ્છેદમાં આગળ ઉપર " સંચી નગરીના ઇતિહાસ ઉપર વિશેષ પ્રકાશ " નામક પારિગ્રાફમાં વર્ણવેલ હકીકત ઉપરથી સાબિત કરીશું કે તે બન્ને એકજ નગર છે અને તેની સાથે જૈન ધર્મના એક તીર્થનું મહાત્મ્ય ગુંથાયેલું છે.

ઉપર કહ્યું કે, જૈન ગ્રંથમાં તેનું નામ આવે છે. તેવા તો અનેક પ્રસંગો હશે, પણ બે[૧૦૮]મુખ્યપણે હોઈ તે જણાવીશું. તે બેમાં જે વિશેષ પ્રાચીન મનાય છે તેમાં સચ્ચીપુરી

---

( ૧૦૮ ) આ બે પ્રસંગો નીચે પ્રમાણે છે: વારંવાર–અરે કહો કે દરરોજ જૈન શ્રાવકોના મુખેથી બોલવામાં આવે છે કે—

( અ ) જગચિંતામણિ નામક એક સૂત્ર છે. તે દરરોજ સવારે પ્રતિક્રમણમાં શ્રાવક તથા સાધુને મુખપાઠે બોલવું પડે છે તેમાં એક ગાથા આ પ્રમાણે છે—

*જયઉ સામી, જયઉ સામી, રિસહસત્તુંજે,*
*ઉજ્જિંત પહુ નેમિજિણં ચ, જયઉ વીર સચ્ચ*
*ઉરિ મંડણ.*

આમાં જે સચ્ચઉરિ છે તે સચ્ચપુરિ=સત્યપુરિ સમજવાની છે. અને તેમાં એમ જણાવ્યું છે કે શત્રુંજય ઉપર શ્રી ઋષભદેવ, ઉજ્જયંત (ગિરનાર) ઉપર શ્રી નેમિનાથ, અને સત્યપુરીમાં શ્રી વીર ( શ્રી મહાવીર ) જયવંતા વર્તો. આ સૂત્રનો રચનાકાળ ઇ. સ. પૂર્વના સમયનો છે તેથી તેને પ્રાચીન કહેવાય.


જ્યારે (બ) બીજા સૂત્રની રચનાનો સમય ઇ. સ. સોળમી સદીનો છે. મોગલસમ્રાટ અકબરના સમયે, કવિ સમયસુંદર કરીને, જૈન શ્રમણ થઈ ગયા છે. તેમણે આ સ્તવન રચ્યું છે. તેમાંનું એક ચરણ આ છે. તેમાં લખ્યું છે કે " પૂર્વદિશિ પાવાપુરી, ઋધ્ધે ભરી રે, મુક્તિ ગયા મહાવીર, તીરથ તે નમું રે. " ( અથ

શબ્દ છે જ્યારે, અર્વાચીન છે તેમાં વિદિશા શબ્દ છે. આ બન્ને શબ્દોનો અર્થ તથા

| (૧૦૩) **પરમાર વંશ.** | (૧૦૪) **કનોજપતિ** (પરિહાર વંશ) | **ગુજરાતનો સોલંકી વંશ** |
|---|---|---|
| (૧) વિક્રમાદિત્ય : શિલાદિત્ય : યશોધર્મન ઇ. સ. પૂ. ૫૩૪–૫૭૫ | | |
| (૨) વૃદ્ધ ભોજદેવ (માનતુંગસૂરિ અને હ્યુએનશાંગવાળા; બાણ અને મયૂર સમકાલીન) ઇ. સ. પૂ. ૫૭૫–૬૪૦ | સમ્રાટ હર્ષવર્ધન (ઇ. સ. ૬૩૦) ના બનેવી ગૃહવર્મન | |
| (૩) — ૦ | ભોગવર્મન ઇ. સ. પૂ. ૭૦૫ માં વિ૦ | |
| (૪) — ૦ | | |
| (૫) દેવશક્તિ ઇ. સ. ૭૩૦ થી ૭૮૦—સમકાલીન– | યશોવર્મન (ભવભૂતિ અને વાક્પતિરાજ વાળા) ઇ. સ. પૂ. ૭૪૪ પહેલાંથી (કદાચ ૭૧૫ થી) ૭૫૫: વિક્રમાદિત્ય: સિદ્ધસેનદિવાકરવાળા) | |
| (૬) વત્સરાજ ઇ. સ. ૭૮૦–૮૧૦ | આમરાજા: ઇંદ્રાયુદ્ધ ( બપ્પભટ્ટસૂરિવાળા ) : નાગાવલોક–નાગભટ્ટ બીજો, ઇ. સ. ૭૫૫–૮૩૪=૭૯ | |
| (૭) નાગભટ્ટ ( ૮૧૦–૮૪૦ ) | | |
| (૮) રામભટ્ટ (રામદેવ)૮૪૦–૮૬૨ | દુંદુક–૮૩૪–૮૪૦=૬ વર્ષ | |
| (૯) ભોજ બીજો આદિવરાહ: —સમકાલીન— પ્રભાસ ( ઉપમિતિ ભવપ્રપંચાના કર્તા સિદ્ધર્ષિ વાળા) ૮૭૨–૯૧૫ ( વૈરસિંહ ? પહેલો ) | ભોજદેવ પહેલો ૮૪૦–૮૮૫ ( વિદ્વાનોએ પરમાર વંશી ભોજદેવને, પરિહારવંશી ધારીને, એક બીજાને ભેળસેળ કરી દીધા છે) મહેન્દ્રપાળ : મહિપાળ ૮૮૫-૮૯૦ | |
| (૧૦) કૃષ્ણરાજ; ઉપેંદ્ર. ૯૧૫–૯૩૫ | ભોજદેવ બીજો ૯૧૮–૯૧૩; મહિપાળ : ક્ષિતિપાળ ૯૧૩––૯૪૫ | મૂળરાજ ૯૪૨–૯૯૭ |
| (૧૧) વૈરસિંહ બીજો ૯૩૫-૯૫૫ | | ચામુંડ ૯૯૭–૧૦૧૦ |
| (૧૨) શિયકસિંહ : સિંહભટ્ટ, હર્ષદેવ ૯૫૫-૯૭૦ | દેવપાળ ૯૪૫–૫૦; વિજયપાળ પહેલો ૯૫૦–૯૭૫ | વલ્લભસેન ૧૦૧૦–૧૦૧૦ |
| સિંધુરાજ; (૧૩) મુંજ : પૃથ્વીવલ્લભ ૯૭૦–૯૯૬ | વિજયપાળ બીજો ૯૭૫–૧૦૦૦ | દુર્લભસેન ૧૦૧૦–૧૦૨૨ |
| (૧૪) ભોજદેવ ત્રીજો : વૈરસિંહ ત્રીજો : શિલાદિત્ય : પ્રતાપશીલ. ૯૯૬–૧૦૫૫; વાદિવેતાલ શાંતિસૂરિવાળા —સમકાલીન— | જયપાળ ૧૦૦૦–૧૦૨૦ મહમદ ગીજનીનો સમકાલીન. | ભીમદેવ પહેલો ૧૦૨૨–૧૦૭૨=૫૦ (પરમારવંશી ભોજદેવ ત્રીજાનો સમકાલીન |

પરસ્પર સંબંધ પણ વિચારવો રહે છે.

જો સચ્ચીપુરીજ શબ્દ હોય તો તે માગધી છે અને તેનું સંસ્કૃત નામ સત્યપુરી કહેવાય. અથવા પુરીને સ્થાને નગર શબ્દ વાપરો તો સત્યનગર કહેવાય. અને સત્યનગરને માગધીમાં બોલો તો સાચોરનગર કહેવાય. એટલે સચ્ચીપુરી અથવા સાચોરનગર તે એકજ સ્થાનદર્શક બે શબ્દો થયા; પણ જો સચ્ચીને બદલે સયંચી





ઉધારો છે કે, પૂર્વ દિશાએ પાવાપુરીમાં શ્રી મહાવીર મોક્ષને પામ્યા છે. તે તીર્થને મારો નમસ્કાર હો.) આ કડીને સુધારીને વાંચવા જરૂર છે. " પૂર્વ વિદિશિ પાવાપુરી ( પાપાપુરી ) ઋધ્ધે ભરી રે " મૂળ આ શબ્દ હોવો જોઇએ પણ લહિઆએ વિદિશાને બદલે દિશા શબ્દ લખી દીધો જણાય છે. વળી પાવાપુરીને પાપાપુરી પણ કહેવાય છે (કેમકે શ્રી મહાવીર જેવા આત્માનું તે જગ્યાએ બલિદાન લીધું તેથી તે જગ્યાને પાપાપુરી તરીકે પણ જૈન ગ્રંથોમાં વર્ણવી છે. આ પાપાપુરી શબ્દ વિશે વળી આગળ વિવેચન કરવું પડશે)

હવે આ બન્ને કડીઓ ( પ્રાચીન અને અર્વાચીન ) જો એકઠી કરીશું તો એમ ભાવાર્થ નીકળશે કે, શ્રી મહાવીરનું નિર્વાણ સત્યપુરિ-સચ્ચીપુરી અથવા બીજી રીતે પાવાપુરી નગરીમાં થયું છે; અને દેહનો અંત તો હમેશાં એક જગ્યાએજ હોય, કાંઈ બે ભિન્ન ભિન્ન જગ્યાએ ન હોય. જેથી માનવું પડશે કે, સત્યપુરી અને પાવાપુરી તે બન્ને એકજ નગરી છે. પછી એકજ નગરીનાં જુદાં જુદાં પરાં હોય તે જુદી વાત ગણાય ( જુઓ ભિલ્સાનો નકશો ).

છતાં મેં જેમ સૂચવ્યું છે તેમ " વિદિશા " શબ્દ ન લેતાં, જેમ કડીમાંનું ચરણ અત્યારે ગવાતું આવ્યું છે તેમ, " પૂર્વદિશા " એમજ રાખવું હોય તો, એવો અર્થ ઘટાવવો રહે છે કે, " અવંતિ દેશની પૂર્વદિશાનો જે ભાગ છે તેમાં ઋદ્ધિથી ભરપૂર એવી પાવાપુરી નગરી આવેલી છે. અને તે નગરીમાં શ્રી મહાવીરની મુક્તિ થવા પામી છે. "

શબ્દ હોય તો સંસ્કૃત વ્યાકરણના નિયમાનુસાર કદાચ તે શબ્દ ઉભો થયો હોય એમ માનવું પડે. પણ તેમ થયું હોય તે સંભવિત નથી.૧૦૫ એટલે એક વસ્તુ ઉપર ધ્યાન જાય છે કે, તે પ્રદેશમાં અનેક સ્તૂપોનો સમૂહ આવેલો હોવાથી, અને તે જુદા જુદા મહાત્મા પુરૂષોના સ્તૂપોનો સંચય-સંગ્રહ તરીકે એકઠો કરેલ હોવાથી તેનું નામ સંચય-પૂરી ઠરાવી દેવામાં આવ્યું હોય. અને કોઇ બુદ્ધિશાળીએ, તેમાંથી પણ સુધારીને, મૂળ નામ જે સન્ચીપુરી હતું તેને અનુરૂપ થઇ પડે




A. S. I. ( Imp. ser. vol. x 1874 75 & 76-77 ) પૃ. ૫૮ માં સાંચી સ્તૂપનું વર્ણન કરતાં એક કોપીંગ પત્થર ઉપર શિલાલેખ છે ( તેને નં. ૨ આપ્યો છે ) ને તેમાં " પુરુવિદા દિસાગિરિ પુતાનદાનમ્ " આવા શબ્દો કોતરાવાયા છે એમ ગ્રંથના લેખક સર કનિંગહામ જણાવે છે. આ શબ્દોમાં આપણી કડીવાળા " પૂર્વદિશિ પાવાપુરી" શબ્દની કાંઇ ગંધ આવે છે કે ? તે વાચક વર્ગના વિચાર ઉપર છોડું છું.

( ૧૦૫ ) સંસ્કૃતમાં એવો નિયમ છે કે, પૂર્વનો જે કોઇ અક્ષર હોય, તે પાછળના અક્ષરના વર્ગનો, તેટલામોજ અક્ષર થઇ જાય; એટલેકે અહીં પાછળનો અક્ષર (ચી) મૂર્ધસ્થાનીય છે. એટલે તેની પૂર્વે જે કોઈ અક્ષર હોય ( પછી તે કંઠસ્થાની, ઓષ્ઠસ્થાની, દંતસ્થાની કે અન્યસ્થાની હોય તો પણ ) તેના વર્ગનો તેટલામો અક્ષર થઈ જાય; અને (ચી) વર્ગનો અક્ષર ઞ છે એટલે "ઞ્ચી થઇ ગયો હોય; પણ જો તેમ થયું હોય તો મૂળ અક્ષર ઙ્, ણ્, ન્, મ્ હોઇ શકે; આવાં અક્ષરવાળું નામ હશે કે કેમ તે શંકાસ્પદ છે, એટલે આ નિયમે સંચીનામ પડયું હોય તે સંભવિત નથી.

તેવુંજ નામ બનાવીને, સંચયપુરીને બદલે સંચીપુરી ગોઠવી દીધું હોય, તે બનવાજોગ છે. આ પ્રમાણે આ નગરીના નામને લગતો ઇતિહાસ સંભવિત ગણી શકાય.

ઉપર જણાવ્યું છે કે આ સ્થળ સાથે જૈન ધર્મના એક તીર્થની પ્રભાવિકતા જોડાયલી છે. તો તે કઇ રીતે? તેનું ટૂંક વર્ણન પણ આપવું રહે છે. ( વિસ્તારથી આ હકીકત જરા આગળ ઉપર નવ મુદ્દા આપીને સમજાવેલ છે ) અને ધારૂં છું કે આ પૃષ્ઠ ઉપરના ટીપણ (૧૦૮) ના વાંચનથી આ તીર્થની પ્રભાવિકતા માટેનો કાંઇક ખ્યાલ આવી પણ જશે. જો કે, અત્યારે જૈન પ્રજાનો મુખ્ય ભાગ શ્રી મહાવીરની નિર્વાણ-ભૂમિ માટે પાવાપુરી નામનું સ્થળ તો માને છે જ, પણ તેનું સ્થાન ઠેઠ બંગાળ ઇલાકામાં જણાવી રહ્યા છે. જ્યારે તે સ્થાન ત્યાં ન હોઇ શકે, પણ આ અવંતિના પ્રદેશમાંજ છે એમ, આવા પ્રકારના ઐતિહાસિક પુરાવાથી જણાવી શકાય છે. આ આખોય પ્રશ્ન, શ્રી મહાવીરનું જીવનચરિત્ર જે હું ઐતિહાસિક દૃષ્ટિએ અન્ય પ્રમાણિક આધાર સહિત મારા તરફથી બહાર પાડનાર છું તેમાં વિસ્તારપૂર્વક ચર્ચનાર છું, એટલે અત્રે તો આટલું સૂચન માત્ર કરીને હું આગળ વધીશ.

( ૪ ) ભિલ્સા[૧૧૦]—ઉપરનાં ત્રણે નામો કરતાં આ નામ અર્વાચીનતમ છે. અને ઉપરનો વિદિશાનો નકશો જોવાથી સ્પષ્ટ માલૂમ પડશે કે, તે બેસનગરથી માત્ર એક માઇલને છેટે વસેલું છે. પછી બેસનગર ભાંગ્યા બાદ તે ભિલ્સા વસ્યું, કે પ્રથમ ભિલ્સા વસ્યું અને તેના વસ્યા બાદ, બેસનગરની વસ્તિ ત્યાં જઇને રહેવા માંડી, તે જુદોજ પ્રશ્ન છે. પણ પુરાતત્ત્વવિદ કનિંગહામ સાહેબનું માનવું એમ થાય છે કે[૧૧૧] પ્રથમ ભિલ્સાનો પાયો નંખાયો અને પછીજ, સાથે સાથે બેસનગર તુટવા માંડયું. ગમે તેમ બનવા પામ્યું હોય, પણ એટલી વાત તો નિશ્ચિતજ છે કે ભિલ્સા અને બેસનગરનાં સ્થાન, ભિન્ન ભિન્ન છે. પછી ભલે બન્ને વચ્ચેનું અંતર માત્ર એક બે માઇલજ હોય. જેવી રીતે ગુજરાતમાં આવેલ વર્તમાન ખંભાત શહેરના સ્થાન અને તેજ નામના પ્રાચીન ખંભાતના સ્થાન વચ્ચે, ત્રણેક માઇલનું અંતર પડી ગયું છે તેવી રીતે આ સ્થળની બાબતમાં પણ બનવા પામ્યું છે.

સાથેના વિદિશાના નકશામાં ત્રિવેણીનું સ્થાન બતાવાયું છે, તેમજ ચરણ તીર્થ અને દુર્જનપુર–નામનાં સ્થળો નિર્માણ થયેલ બતાવ્યાં છે. તથા ભિલ્સા શબ્દનો અર્થ=પ્રકાશ ફેંકનાર થાય છે, એમ જે ડૉકટર હોલનું મંતવ્ય થયું છે ( જુઓ નીચેનું ટીપણ નં. ૧૧૦ ) તે માન્યતામાં કાંઇ મહત્વ સમાયલું છે કે કેમ ? તેમજ આ જગ્યાઓનાં ભાવાર્થ તથા સૂચનમાં શું શું અન્ય રહસ્ય સમાયલાં છે તે માટે શ્રી મહાવીરનું જીવનચરિત્ર જોવું રહેશે; કેમકે તે પ્રસંગનો ઇતિહાસ અહીંને લગતો ગણાય નહીં.

ઉપર પ્રમાણે એકજ નગરનાં ચારે નામોનો ઇતિહાસ ટૂંકમાં જણાવી ગયા. વળી ઉપરના

---

(૧૧૦) Dr. Hall pointed out, Bha=light, li=to throw; Bhilsa=thrower of light; ( Arch, sur. Ind. 1874—75 vol x p. 34 આ. સ. રી. ૧૮૭૪-૭૫, પુ. ૧૦ પૃ. ૩૪ ડૉ. હોલ એમ સાબિત કરી રહ્યા છે કે–ભા=પ્રભા, પ્રકાશ, અજવાળુ: અને લિ=ફેંકવું એટલે ભિલ્સા=પ્રકાશ ફેંકનાર.

(૧૧૧) જુઓ ઉપરમાં ટી. ૮૩.

સર્વે નકશાઓ જોવાથી, તે શહેરની આસપાસના પ્રદેશનો પણ ખ્યાલ આવશે કે, મુખ્ય નગર ઉપરાંત, તેને સંકળાઇને અન્ય નાનાં નાનાં સ્થળો આવી રહ્યાં હતાં, જેને આપણે વર્તમાન કાળની ભાષામાં, મુખ્ય શહેરના પરાંઓ તરીકે ઓળખાવીશું. તે આખોયે પ્રદેશ પાર્વતીય હોઇને, સંસારથી વિરક્ત થયેલ મહાત્મા પુરૂષોને અધ્યયન, ચિંતવન તથા મનન માટે ખાસ ઉપયોગી સ્થાન થઈ પડયું હતું. તેમ પાડોશમાંજ રાજનગરને શોભાવે તેવું આબાદીવાળું શહેર વસેલું હોવાથી, આવા સંતો માટે ભિક્ષા લાવી પેટનો સવાશેર ખાડો પૂરી લેવાને ઘણું સગવડતાભર્યું થઇ પડતું હતું.

ઇતિહાસમાં એમ જે સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે, કુમાર અશોકે, વિદિશાનગરીના કોઈ શ્રેષ્ઠિની પુત્રી વેરે લગ્ન કર્યું હતું, તે ઉપરથી સમજાય છે કે, તેનું પોતાનું રહેવાનું સ્થાન અને વિદિશાનગરીનું સ્થાન ભિન્નજ હોવાં જોઇએ. નહીં તો ગ્રંથકાર એમજ જણાવત કે, તેણે પોતાની અથવા પોતે જ્યાં રહેતો હતો તે વિદિશા નગરીમાં આ પ્રમાણે લગ્ન કર્યું હતું; પણ તેમ નથી દર્શાવ્યું એટલે સમજાય છે કે તેના રહેવાના સ્થાન કરતાં વિદિશાનગરી જુદી છે. બાકી એટલું ખરૂં કે તે મહાવૈભવશાળી નગરી હતીજ. અને પોતે જ્યાં રહેતો તે સ્થાન તો, સર્વસંમત અવંતિની રાજધાની ઉજ્જૈન નગરીજ હતી.[૧૧૨]

આટલા ઉપરથી હવે વાચકને એમ પણ સમજાશે કે, વિદ્વાનોની માન્યતા પ્રમાણે અવંતિ દેશના બે ભાગ નહોતા, પણ પૃ. ૧૮૧ ની ફુટનોટમાં દર્શાવ્યા પ્રમાણે અવંતિનો એકજ પ્રદેશ હતો. જ્યારે પુર્વાપરાકારાવંતિ શબ્દનો અર્થ, પૂર્વ અને પશ્ચિમ અવંતિ એમ ન કરતાં, અવંતિનો પૂર્વ પ્રદેશ કે જેના પાછલા ભાગમાં ( સ્તૂપોનો સંચય અથવા ) આકર ( ખાણ ) આવી રહી છે તેવો પ્રદેશ, એમ એક સ્થાનીય ભાગસૂચક જ તેનો અર્થ કરવો જોઇશે.

આ પ્રમાણે અવંતિ, પૂર્વાપરાકારાવંતિ, તથા તેની રાજધાની સાંચીપુરી અથવા વિદિશા-

(૧૧૨ ) આ હકીકત સૂચવે છે કે, અવંતિની રાજધાની ઉજૈનીમાંજ હતી; રાજા ચંડપ્રદ્યોતના સમયે એટલે ઇ. સ. પૂ. ૫૨૭ માં પણ તેજ રાજધાની હતી. તેમ કુમાર અશોકના સમયે ઇ. સ. પૂ. ૩૩૦ માં પણ તેજ હતી; તેમ શકારિ વિક્રમાદિત્યના સમયે ઇ. સ. પૂ. ૫૭ માં પણ ત્યાંજ હતી; પણ રાજા ચંડના સમયે જે અગ્નિપ્રકોપ વારંવાર થયાં કરતો એમ જણાયું છે તેને લીધે, પ્રજાએ પોતાની સહીસલામતી જાળવવા, પાસેના પ્રદેશમાંથી વસવાલાયક સ્થાન મળે તો પસંદગી કરવા ધાર્યું હશે. પણ તે સમયે, પ્રજાનો મોટો ભાગ જૈન ધર્મ પાળતો હતો. તેથી પોતાના ધર્મના તીર્થસ્થાન જેવું સ્થળ હોય અને વળી બે નદીની વચ્ચે, ત્રણે તરફથી સુરક્ષિત હોય, અને ચોથી બાજુએથી કોટકિલ્લાથી સુરક્ષિત કરી દેવાતું હોય, એમ બેસનગરના સ્થાનને તેમની નજરમાં સર્વ પ્રકારે અનુકૂળ સ્થળ બેસતાં પસંદગી દેવાઇ હોય. વળી રાજકીય કારણને લીધે, તેમજ વેપાર વણજ માટે પણ, તે સ્થાન રાજપાટની પાસે ને પાસે પણ કહેવાય; એટલે તે જગ્યાએ વસવાટ, ઠેઠ ઇ. સ. પૂ. પાંચમી સદીમાંથી કરી દેવાયો હોય એમ માની શકાય. ( બેસનગરઃ બેસ=બેસ્ટ, સર્વ રીતે ઉત્તમ એવું નગર તે બેસનગરઃ આવો અર્થ કહેવાનો હશે કે ? અને તેવા આશયથીજ જો આવું નામ અપાયું હોય તો, આ બેસનગરનો સ્થાપન સમય અહીંથીજ ગણવો પડશે. ) વળી સરખાવો ઉપર પૃ. ૧૮૬ :ની હકીકત.

જ્યારે ભિલ્સાની વસાવટ રાજા વિક્રમાદિત્યના સમય બાદજ થવી જોઇએ. ક્યારે થઈ હશે તે માટે તો ઇતિહાસથી વાકેફગારી મેળવવાની આવશ્યકતા રહે છે.

નગરી તેમજ તેનાં ભિન્ન ભિન્ન નામો વિશે, જે મારો ખ્યાલ બંધાયો છે તે વાચક સમક્ષ રજુ કરી દીધો છે. અને ધારૂં છું કે તેના વાચનથી, વાચકવર્ગને પણ પ્રતીતિ થશે કે, આ પ્રદેશના ઇતિહાસને અત્યાર સુધી જે અવગણના કરવામાં આવી છે તે કોટિનો તે પ્રદેશ નથી પણ ભારત વર્ષના ઇતિહાસને, જેમ મગધદેશની હકીકત ભૂષણરૂપ મનાય છે, તેજ પ્રમાણે આ અવંતિ દેશને લગતો ઇતિહાસ સંપૂર્ણપણે શોધીને રજુ કરવામાં આવે તો તે પણ, ભારતવર્ષના વર્તમાન ઇતિહાસને ફેરવી નાંખી તદ્દન નવીન સ્વરૂપેજ ચિતરી બતાવે તે કક્ષાનો નિવડવા દરેક વકી છે. એટલે વિનતિ છે કે, વાચકવર્ગ આ બાબતમાં પોતાનો ફાળો જરૂર નોંધાવશે.



# સપ્તમ પરિચ્છેદ

## સત્તાધીશ રાજ્યોનું વૃત્તાંત–ચાલુ

**ંક સાર—**

( ૧૩ ) **અવંતિ** ( ચાલુ ). સંચીપુરીના ઇતિહાસ :ઉપર તદ્દન નવીન પ્રકાશ–સંચીના પ્રદેશમાં આવેલ અનેક સ્તૂપ સાથેનો મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્ત તથા પ્રિયદર્શિનનો સંબંધ–પ્રદ્યોતવંશની સ્થાપના, રાજ્યકાળ તથા વંશાવળી–તે ઉપરની ગવેષણા અને સમાલોચના–પાંચ સો વર્ષ સુધીની અવંતિપતિઓની નામાવળી–તેમાં વિદ્વાનોએ ખાધેલી અનેક ભૂલોનું નિવારણ–પ્રદ્યોતવંશી પાંચે રાજાઓનાં, એક પછી એકનાં જીવનચરિત્રો–અંતે અવંતિ દેશનું મગધ સામ્રાજ્ય સાથેનું થયેલ જોડાણ.

( ૧૪ ) **સિંધ-સૌવિરઃ**–આ બન્ને, જુદા જુદા પ્રાદેશિક નામ હતાં કે કેમ? તેમજ દરેકના વિસ્તાર સંબંધી, અનેક વિદ્વાનોનાં મતદર્શન–આ પ્રદેશના રાજકર્ત્તા સમ્રાટ ઉદયનના વંશ તથા જીવન વિશેનો કેટલોક પરિચય–તેની સાથેની ઇરાની શહેનશાહતની મિત્રાચારીનું વર્ણન–સર્વે હિંદી સમ્રાટોમાં તેનું અગ્રસ્થાન–તેના જીવનના બનાવોનું અધિક વર્ણન–તેની પછી તેનો ભાણેજ ગાદીપતિ બન્યો હતો તે વિશેનો, તેમજ તેના સમયે રાજનગરનો નાશ થયો હતો તેનો ઉલ્લેખ–જેસલમીરનું જે મોટું રણ સિંધની પૂર્વે આવેલું છે તેની ઉત્પત્તિ તથા સમયનું વર્ણન–વર્તમાનકાળે વિશેષપણે પુરાતત્ત્વવિશારદોનું જે ધ્યાન ખેંચી રહેલ છે તે મોહનજાડેરો નગર ઉપર, તથા આખા સિંધ પ્રદેશના અવશેષો ઉપર, અજવાળું પાડતી તદ્દન નવીન ઘટનાઓ વિશેનું વિવેચન–સિંધુ નદીના વહેણનું થએલ સ્થાનાંતર; તેમજ હકરા, વાહિંદ, મિહરજ, સરસ્વતી આદિ નદીઓનું અદૃશ્ય થવું; તથા કાઠિયાવાડના વર્તમાન દ્વીપકલ્પને સ્થાને, તે બેટ હતો એમ જે માન્યતા પથરાઇ છે; તે સર્વે ઘટનાનો કરેલ ઘટસ્ફોટ–સમ્રાટ ઉદયનના જીવનપ્રસંગોની ગોઠવેલી સાલવારી.

( ૧૫ ) બાકી રહેલ દેશોમાંથી સૌથી છેલ્લા એવા–સૌરાષ્ટ્ર દેશનું થોડુંક વર્ણન.

## ( ૧૩ ) અવંતિ. (ચાલુ)

**સંચીનગરીના ઇતિહાસ ઉપર નવીન પ્રકાશ.**

અત્રે આવેલ સ્તૂપોની રચના, ચિત્રકામ, સ્થાપત્ય, સમયકાળ ઇત્યાદિ અનેક હકીકતોથી જો કે વિદ્વાનોએ પુસ્તકોને પુસ્તકો ભરી દીધાં છે; તથાપિ આ નગરનાં મહત્ત્વ વિશે અદ્યાપિ પર્યંત કોઇ પણ ઇતિહાસના પુસ્તકોમાં[૧] વિવેચન કરેલું જણાયું નથી. એટલુંજ નહીં, પણ જે ધર્મને આ સ્થાન સાથે નીકટનો સંબંધ છે, તે ધર્મના સામાન્ય કે ઐતિહાસિક પુસ્તકોમાં પણ તે બાબતના ઉલ્લેખ સરખુંયે કાંઇ જોવામાં આવતું નથી. તેથી કરીને, જ્ઞાન-પિપાસુ વર્ગની જીજ્ઞાસા સંતોષવાની બેવડી ફરજ આપણે બજાવવી રહે છે. વળી એક તરફથી એમ પણ મનમાં રહ્યા કરે છે કે, જો શોધખોળમાંથી સાંપડી આવેલાં આ નગરને લગતાં, સ્મારકો, બહાર પડ્યાં ન હોત, તો આવું કોઇ નગર પૂર્વ સમયે હૈયાતીમાં આવ્યું હતું કે નહીં, તેની ઝાંખી સરખી પણ, હાલની જનતાને આવવા પામત નહીં. એટલે લંબાણ થવા છતાં પણ, આ આખા વિષયને કાંઇક સ્પષ્ટતાથી સમજાવવાની જરૂર રહે છે. આ પ્રમાણે ફરજ અને જરૂર, બન્ને મુદ્દાથી આપણને આગળ વધવાની પ્રેરણા મળે છે.

પ્રથમ તો એ હકીકત ખ્યાલમાં લેવાની કે[૨] જે પ્રદેશમાં, આ સંચીપુરી આવી રહેલ છે, તે અવંતિ પ્રદેશ ઉપર ઈ. સ. પૂ. છઠ્ઠી સદીમાં પ્રદ્યોતવંશી રાજાઓનો અમલ હતો. તે સર્વે જૈનધર્મી હતા; અને તેમાંય રાજા ચંડપ્રદ્યોત તો, તે સમયે વિચરતા જૈન ધર્મ પ્રવર્તક શ્રી મહાવીરનો પરમ ભક્ત હતો. પ્રદ્યોતવંશની સમાપ્તિ, નંદિવર્ધન ઉર્ફે નંદ પહેલાના હસ્તે મ. સં. ૬૦–ઈ. સ. પૂ. ૪૬૭ માં થતાં, તેનો દેશ, મગધ સામ્રાજ્યનો એક ભાગ બન્યો હતો.[૩] આ નંદવંશ પણ જૈન ધર્માનુયાયીજ હતો, એમ આપણે આગળના પરિચ્છેદમાં જોઇશું. અને આ નંદવંશ ખતમ થતાં, મગધ સામ્રાજ્યની સાથે અવંતિ પ્રદેશનું સ્વામિત્વ, મૌર્યવંશને વારસાપણે મળ્યું હતું; કે જેનો આદ્યપુરૂષ સમ્રાટ ચંદ્રગુપ્ત હતો. આ ચંદ્રગુપ્ત, તેની પૂર્વના અવંતિના સત્તાધારીની માફક, જૈનધર્મી હતો એટલુંજ નહીં, પણ તે તો, તે સર્વે કરતાં વળી એક પગલું આગળ ગયો હતો; કેમકે તેણે તો જૈન ધર્મની દીક્ષા પણ અંગીકાર કરી હતી. બાદ પ્રિયદર્શિન ઉર્ફે સમ્રાટ સંપ્રતિ[૪] થયો, જે પણ જૈન ધર્મનો ધુરંધર પ્રણેતા અને ભક્ત હતો. મતલબ કહેવાની એ છે કે, ઠેઠ ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીથી, તે મૌર્યવંશનો અંત આવ્યો ત્યાં સુધી ( ઇ. પૂ. ૨૦૪ ),[૫] એટલે ચાર સદી સુધી તો અસ્ખલિતપણે, આ પ્રદેશ ઉપર

( ૧ ) માત્ર એક જૈન સ્તોત્રમાં હજુ નિર્દેશ થયો જણાયેલ છે. જુઓ ઉપરના પરિચ્છેદે ટી. નં. ૧૦૮.

( ૨ ) આગળ જણાવવું પડશે કે સંચીપુરી નામ તો પાછળથીજ ગોઠવાયું લાગે છે. બાકી ખરૂં નામ સત્યપુરી હશે. ( જુઓ પૃ. ૧૯૮ પારિગ્રાફ છઠ્ઠો તથા પૃ. ૧૮૭ તથા ટી. નં. ૧૦૮ ની હકીકત. નં, ૧) જેને માગધી ભાષામાં સચ્ચપુરિ કહેવાય. અને તેનું રૂપાંતર થઇ સંચી–સંચયપુરી નામ પડયું લાગે છે.

( ૩ ) જુઓ આ પરિચ્છેદમાં આગળ ઉપર.

( ૪ ) આ સ્થળ વાદ કરવાનો ન હોવાથી, ચંદ્રગુપ્ત પછી આવનાર બિંદુસાર અને અશોકના ધર્મ વિશે, નામોલ્લેખ કરવાનું દુરસ્ત વિચાર્યું નથી, ( તે માટે તેમના વૃત્તાંતે જુઓ ) તેમજ અશોક અને પ્રિયદર્શિન વચ્ચેની માન્યતામાં જે ભેદ અત્યારસુધી ચાલ્યો આવે છે તે પણ ખોટો છે. તે અત્રે ચર્ચવા યોગ્ય નથી. ( તે માટે જુઓ તેમના જીવનવૃત્તાંતો )

( ૫ ) જુઓ મૌર્યવંશની વંશાવળી.

જૈનધર્મી રાજાઓનીજ હકુમત ચાલી આવી હતી. એટલુંજ નહીં, પણ તેઓ સર્વે તે ધર્મના ચુસ્ત રાગી અને પરમ ભકત પણ હતા.

બીજું, રાજા ચંદ્રગુપ્તે પોતે અવંતિના પ્રદેશમાં પોતાના માટે રાજમહેલ બંધાવી, ત્યાં વર્ષના અમુક ભાગ માટે નિવાસસ્થાન રાખ્યું હતું.[૬] વળી તેણે રાજ્યત્યાગ કરી દીક્ષા લીધી તે પૂર્વે, ત્યાં ઉભા થયેલા અનેક સ્તૂપો જે અદ્યાપિ વિદ્યમાન છે તેમાંના સૌથી મોટા સ્તૂપના ઘુમટમાં, ગોળાકારે ફરતી ગવાક્ષની હારમાળા જે દીપક પ્રગટાવવા માટે રચાયલી છે, તેના નિભાવ માટે લગભગ પચીસ હજાર દિનારની વાર્ષિક રકમ, સમ્રાટ ચંદ્રગુપ્તે અર્પણ કર્યાનું સર કનિંગહામ જેવા તટસ્થ અને પ્રમાણભૂત મનાતા વિદ્વાને “ભિલ્સાસ્તૂપ” નામક પુસ્તકમાં[૭] જાહેર કર્યું છે. આ હકીકત નિર્વિવાદિતપણે સાબિત કરે છે કે, આ સ્તૂપને રાજા ચંદ્રગુપ્ત અને તેણે ગ્રહણ કરેલ જૈનધર્મ સાથે, અતિ ઘાટો સંબંધ હતો અથવા તો હોવો જોઇએ.

ત્રીજું: આ સાંચી સ્તૂપોના ગર્ભગૃહ-પ્રવેશ માટેના જે પત્થરોથી બનાવેલા, ચાર દિશાએ ચાર મોટા સિંહદ્વારો;[૮] અથવા દરવાજા છે, તેવાજ પ્રવેશદ્વારો, ભારહુત નામનું સ્થળ કે જ્યાં આવીજ બાંધણીનો એક મોટો સ્તૂપ આવેલો છે,[૯] અને જેની રચના, કૃતિ તથા અન્ય સર્વ સ્થિતિ, સાંચીસ્તૂપનેજ મળતી આવે છે, તેનાં પ્રવેશદ્વારો પણ તેની આબેહુબ પ્રતિ-કૃતિ કેમ જાણે ન હોય, તેવાં બનાવેલાં દેખાય છે, તેવીજ રીતનાં પ્રવેશદ્વાર, મથુરાનગરીમાં જે મોટો સિંહસ્તૂપ[૧૦] આવેલ છે, તેની પ્રદક્ષિણા માટે બંધાવેલ કોટની દીવાલમાં બનાવેલાં દેખાય છે. આ ત્રણે સ્થળનાં પ્રવેશદ્વારોનાં ચિત્રો જો સરખાવીને જોવામાં આવશે,[૧૧] તો તે ત્રણે, એકબીજાની નકલરૂપે જ ઉભાં કરવામાં આવ્યાં છે, એમ તુરત જણાઈ આવ્યા વિના રહેશે નહીં. હવે આમાંનો, મથુરા સિંહસ્તૂપ જે છે તેને તો જૈનધર્મનો હોવાનું વર્તમાન સર્વ વિદ્વાનોએ કબુલ રાખ્યું છે.[૧૨] જ્યારે

(૬) જૈન ગ્રંથોમાં (દિગંબર આમ્નાયના પુસ્તકોમાં આ હકીકત વિશેષ સ્પષ્ટરૂપે વર્ણવેલી દેખાય છે) જણાવાયું છે કે, શ્રી ભદ્રબાહુ આચાર્ય એક દિવસ, ઉજૈનીમાં પધાર્યા હતા ત્યારે, જે સોળ સ્વપ્નાં, (ભિ. પૃ. ૧૫૪.) ચંદ્રગુપ્તને આવ્યાં હતાં, તે તેમની પાસે કહી બતાવી, તેઓનું ફળ જાણવા માગ્યું હતું. અહીં જ્યારે સુવાનું થયું છે ત્યારે સમજાય છે કે ત્યાં નિવાસ કર્યો હશે, પછી પર્યટનનો સમય હોય કે, બે-ચાર માસ લાંબી મુદત માટેનો વસવાટ હોય, તે વાત જુદી છે. અને નિવાસ થયો એટલે રાજ્યકર્તાને યોગ્ય મહેલાતો પણ હોય તે નિર્વિવાદિત છે.

(૭) The Bhilsa topes by Sir A. Cunnigham P. 154. ભિ. પૃ. ૧૫૪ જુઓ.

(૮) અહીં તો માત્ર સિંહદ્વારની જ વાતનો ઉલ્લેખ કરૂં છું, પણ (જુઓ અમરાવતી સ્તૂપની હકીકત-રાજા ખારવેલના વૃત્તાંતે). સંશોધન-વિશારદ એક વિદ્વાને તો એટલે સુધી જાહેર કર્યું છે કે સાંચી, માણિકયાલ, અમરાવતી, ભારહુત વિગેરેના સ્તૂપો પણ એકજ પ્રકારના છે.

(૯) The Bharhuta Stupa by Sir A. Cunnigham. સર કનિંગહામ કૃત ‘ભારહુતસ્તૂપ’ માંના ચિત્રો જુઓ,

(૧૦) એ. ઇ. પુ. ૮ મું—“મથુરાનો સિંહ-સ્તૂપ”વાળો લેખ વાંચો: વળી નીચેની ટીકા ૧૧ વાંચો. તથા કૅટલૉગ ઑફ મથુરામ્યુઝીઅમનાં પૃ. ૧૬૨ થી ૧૬૪ સુધીનાં વર્ણન અને ચિત્રો જુઓ.

વળી જુઓ નીચેની ટીકા નં. ૧૨,

(૧૧) V. A. smith; E. H. I. ની ત્રીજી આવૃત્તિમાં મુખપૃષ્ઠ ઉપર છાપેલચિત્ર જુઓ, અને પછી ઉપરની ટીકા ૭, ૯ અને ૧૦ નાં ચિત્રો સરખાવો.


(૧૨) આ વિષે વિશેષ હકીકત, જ્યારે ક્ષત્રપ રાજુલનું જીવન લખીશું ત્યારે લખવામાં આવશે. તે




( આકૃતિ. નં. ૩૬ : પૃષ્ઠ ૧૯૬ )



( આકૃતિ. નં. ૩૭ : પૃષ્ઠ ૧૯૬ )




( આકૃતિ. નં. ૩૧ : પૃષ્ઠ ૧૯૬ )



( આકૃતિ. નં. ૩૨ : પૃષ્ઠ ૧૯૬ )



( આકૃતિ. નં. ૩૩ : પૃષ્ઠ ૧૯૬ )



( આકૃતિ. નં. ૩૪ : પૃષ્ઠ ૧૯૬ )



( આકૃતિ. નં. ૩૮ : પૃષ્ઠ ૨૬૬ )



( આકૃતિ. નં. ૪૧ : પૃષ્ઠ ૨૯૧ )



( આકૃતિ. નં. ૪૨ : પૃષ્ઠ ૨૯૬ )

સાંચી અને ભારહુત માત્ર બેનેજ બૌદ્ધ ધર્મનાં હોવાનું ઠરાવવામાં આવ્યું છે. વાસ્તવિક રીતે આ એક ખ્યાલફેરજ છે; બાકી તો, જેમ મથુરાનો સિંહસ્તૂપ જૈન ધર્મની શોભારૂપ છે, તેમ આ બીજા બે સ્તૂપો પણ, જૈન ધર્મનાં પ્રતિભાસૂચક ચિહ્નોરૂપ છે.[૧૩] મતલબ કહેવાની એ છે કે, જેમ મથુરા સિંહસ્તૂપ જૈન ધર્મનું સ્મારક છે, તેમ સાંચીસ્તૂપ પણ જૈન ધર્મનુંજ લાક્ષણિક સ્થાન છે, (ઉપરના બીજા પારિગ્રાફમાં આપણે તે જ વસ્તુસ્થિતિ સાબિત કરી ગયા છીએ) અને ભારહુતસ્તૂપને પણ તે જ ધર્મનું જાગતું-જીવતું સ્થાન ગણવું પડે છે.

ચોથું: ગુજરાતના રાજવંશીઓમાં, સોલંકી-વંશકુળભૂષણ અને ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિ-ઓમાં, રાજા કુમારપાળનું નામ અગ્રસ્થાને શોભી રહેલું છે. તેના પરમ પૂજ્ય ગુરૂ તરીકે, શ્રી હેમ-ચંદ્રસુરિ નામની વ્યક્તિ જાણીતી છે. આ હેમચંદ્રસુરિ એક જૈનાચાર્ય છે, તેમજ મહાન લેખક અને સર્વ વિજ્ઞાનના સમર્થ આલોચક હોવાથી, કળિકાળસર્વજ્ઞ બિરૂદના ધારક લેખાયા છે; અને તેથી તેમણે જે પુસ્તકો લખેલ છે, તેનાં વખાણ પાશ્ચાત્ય વિદ્વાનોએ મુક્તકંઠે કરેલ આપણે નિહાળીએ છીએ. આવા સન્માનીય લેખકની કૃતિઓ આધારભૂત પણ લેખાય, તેમાં આશ્ચર્ય પામવાનું કે શંકાશીલ રહેવાનું કારણ મળતું નથી. આ વિદ્વાન લેખકે, પોતે રચેલા પરિશિષ્ટપર્વ નામે ઐતિહાસિક પુસ્તકમાં, ભારતમાં ભલે ઘણાં રાજ્યો થઇ ગયાં હતાં છતાં, શ્રી મહાવીરના જીવન સાથે કોઈ પણ અન્ય પ્રદેશના રાજવંશ અને તેની નામાવલીનું વર્ણન ન કરતાં, કેવળ અવંતિદેશનું જ નામ જોડીને વર્ણન કરેલું છે.[૧૪] તો તેમાં શું કોઇ વિશિષ્ટ હેતુ સચવાયલો દૃષ્ટિગોચર નથી થતો? થાય છે જ. અને તે એ કે, તેમાં આળેખેલા શ્રી મહા-વીરના જીવનના પ્રસંગોની અમુક કડીઓ અવંતિપ્રદેશની હકીકત સાથે સંકલિત થયેલી છે.

પાંચમું;—ખૂદ જૈન સંપ્રદાયના કેટલાંક સૂત્રો,[૧૫] જે અતિ પ્રાચીન સમયના રચાયલાં છે અને જે સમયે અત્યારની પેઠે કોઇ સંપ્રદાયનો વ્યામોહ નહોતો, કે તાણાતાણીમાં સમાજની છિન્નભિન્ન

માટે તે સ્થાને જુઓ. તથા જુઓ Muttra and its Antiquities મથુરા એન્ડ ઇટસ એન્ટીકવીટીઝ નામનું પુસ્તક.

(૧૩) આ સ્તૂપો જ તે ધર્મના છે એમ નહીં, પણ આવી આવી આકૃતિ અને રચનાવાળા સર્વે સ્તૂપો, મુખ્યતઃ જૈન ધર્મનાજ હોવા જોઇએ, એમ બારીક અભ્યાસ કરનારને લાગ્યા વિના રહેશે નહીં. કેટલુંક વિવેચન આગળ ઉપર અમરાવતી સ્તૂપનું વર્ણન કરતાં વળી કરવામાં આવશે માટે ત્યાં જોવું (જુઓ ચેદિવંશી સમ્રાટ ચક્રવર્તી રાજા ખારવેલના ચરિત્રે, હાથીગુફાના શિલાલેખનું વિવેચન અને સમજુતિ.) તથા ઉપરમાં પૃ. ૧૬૨ નું વર્ણન.

(૧૪) આ માટે જુઓ, અવંતિ પ્રદેશના વર્ણને પૃ. ૨૦૨થી આગળના પૃષ્ઠોનું વર્ણન તથા તેને લગતી ટીકાઓ.

(૧૫) મોગલ સમ્રાટ અકબરના સમયે સમય-સુંદર નામે એક કવિ અને લેખક થયા છે. તેમણે રચેલ તીર્થમાળા સ્તવનમાં લખ્યું છે કે. " પૂર્વે વિદિશાએ પાવાપુરી, ઋધ્ધે ભરી રે; મુક્તિ ગયા મહાવીર, તીરથ તે નમું રે. " જો કે કડીમાં, રાસ મેળવવા કાજે હોય કે લેખક અથવા લહિઆની ભૂલ થઇ હોય, ગમે તે કારણ હોય, પણ તે ગાથામાં "પૂર્વ દિશે પાવાપૂરી" આવા અપભ્રંશ થએલ શબ્દો નજરે પડે છે; પણ ખરી રીતે તે શબ્દો, મેં જે પ્રમાણે ઉપર સુધાર્યા છે તે પ્રમાણે હોવા જોઇએ. આ સૂચિત સુધારો પ્રમાણિક અને યથાભૂત છે કે નહીં તે માટે, નીચેનો છઠ્ઠો પારિગ્રાફ જુઓ; તથા બીજું સૂત્ર જે ઉપરના કરતાં પણ અતિ પ્રાચીન છે. તે માટે જુઓ પૃ. ૧૮૭, ટી. ૧૦૮.

સ્થિતિ થઇ પડેલી નહોતી, કે જેથી સામાન્ય રીતે તે સૂત્રની રચના કે ગુંથણીમાં, તેના કર્ત્તાનાં પક્ષપાત, અપ્રમાણિકપણું કે અસત્યતાનાં મિશ્રણ થઈ જવાની ભીતિનો મુખ્યતઃ અભાવજ કહી શકાય. તેવાં સૂત્રોમાં, કથિત હકીકતના સાર ઉપરથી[૧૬] પણ, ઉપરનાં દોરેલાં અનુમાનને સમર્થન મળે છે કે, આ વિદિશા અથવા સાંચી-નગરને જૈન તીર્થસ્થાન તરીકેજ ગણવામાં આવ્યું છે.

છઠ્ઠું:—મૌર્યવંશી સમ્રાટ અશોક જ્યારે કુંવરપદે હતો, ત્યારે અવંતિ પ્રદેશના સૂબા તરિકે તેની નિમણુક થઇ હતી, અને તે પદના અધિકાર કાળ દરમ્યાન, તેણે બેસનગર–વિદિશા-નગરીના એક ધનાઢ્ય વણિકની પુત્રી સાથે લગ્ન કર્યું હતું. તે ઇતિહાસપ્રસિદ્ધ, પ્રમાણોપેત અને સત્યસિદ્ધ હકીકત છે. આ સ્થિતિ પણ એજ બાબત સાબિત કરે છે કે, તે કાળે વિદિશા-નગરીમાં અનેક વણિક–વૈશ્ય વ્યાપારીઓ આવી વસેલા હતા.[૧૭] અને અશોકનો આ શ્વસુર-પક્ષ પણ જૈનધર્મી હતો.[૧૮] જેથી પાકે પાયે કબુલ કરવું પડે છે, કે તે સમયે વિદિશા શહેર પ્રબળપણે જૈનધર્મીઓથી વાસિત થયેલી નગરી હતી.

સાતમું:—અદ્યાપિ પર્યંત, સમ્રાટ અશોકને રાજા પ્રિયદર્શિન તરીકે લેખ્યો છે, પણ મારા મત પ્રમાણે, બન્ને વ્યક્તિઓ જુદી છે. રાજા પ્રિયદર્શિન તે તો સમ્રાટ અશોકનો ઉત્તરાધિકારી, અને તેનો પૌત્ર ( એટલે અશોકના અંધપુત્ર અને યુવરાજ કુણાલનો પુત્ર ) થતો હતો.[૧૯] જેને જૈન ગ્રંથોમાં સમ્રાટ સંપ્રતિ તરીકે વર્ણવ્યો છે.[૨૦] તેણે તો જૈનધર્મને વિશ્વવ્યાપી બનાવવામાં પોતાની આખી જીંદગી અર્પણ કરી નાંખેલી હતી. આ પ્રકારની સર્વ હકીકત ખૂદ મહારાજા પ્રિયદર્શિને, પોતેજ કોતરાવી ઉભા કરેલ, અને કાળયુગની સામે પ્રખર વિરોધ કરતા અદ્યાપિ પર્યંત ઉભા રહેલ નાના–મોટા સર્વે ખડકલેખો અને શિલાલેખો, તથા-પ્રકારેજ, ડીંડીમ અવાજે, કિંચિત્ પણ ન્યૂનાધિક કર્યા વિના, અને જૈન ગ્રંથોમાં આલેખ્યા પ્રમાણેજ, તેના કર્તાની યશગાથા આપણને અને સર્વ જગતને, સંભળાવી રહેલ છે. શિલાલેખના આવા સચોટ અને સજ્જડ પૂરાવા વિરુદ્ધ, કોઇથી આંગલી સુદ્ધાં પણ ચીંધી શકાય તેમ નથી. રાજાઓના પણ મહારાજા આ પ્રિયદર્શિને, પોતાના પિતા કુણાલના અધિકારવાળા સૂબાપ્રાંતમાં, પોતાનું ઉત્તર જીવન ગાળ્યું હતું, અને સામ્રાજ્યની રાજગાદી મગધના પાટલિપુત્ર નગરમાંથી ફેરવીને અવંતિ પ્રદેશની આ વિદિશાનગરીમાં આણી હતી (જુઓ તે માટે મહારાજા પ્રિયદર્શિનનું જીવનવૃત્તાંત ). આમ કરવાને તેને ઘણા પ્રકારનો પક્ષપાત પણ હતો, તેમ

( ૧૬ ) ઉપરની ટીકા ( ૧૫ ) સરખાવો.

( ૧૭ ) આ માટે જુઓ અશોકનું જીવન વૃત્તાંત.

( ૧૮ ) જુઓ પૃ. ૧૮૩.

( ૧૯ ) આ બધી હકીકત સમ્રાટ અશોકના જીવનચરિત્રે, વિશેષ વિવેચન સાથે ચર્ચી છે ત્યાંથી જોઈ લેવા વિનંતિ છે.

( ૨૦ ) Eng. Translation by Prof. Herman Jacobi etc. etc. પ્રોફેસર જેકોબી રચિત ઇંગ્રેજી ભાષાંતર છપાયેલ છે તે જુઓ.

( ૨૧ ) તે સર્વે શિલાલેખો અને ખડકલેખોને વિદ્વાનોએ અશોકની કૃતિઓ માની લઇને તેના ધર્મની એટલે બૌધધર્મી હોવાનું જણાવ્યું છે; પણ ખરી રીતે તે તો સર્વ કૃતિઓ જૈનધર્મી પ્રિયદર્શિન મહારાજાની જ છે. આ હકીકતની સર્વે ભૂલો ટાળવા અશોક જીવન લખતાં મેં પ્રયત્ન આદરેલ છે. તે માટે ત્યાં જુઓ.

રાજદ્વારી કારણો પણ હતાં; પણ કહેવાનું તાત્પર્ય એ છે કે, તેના સમયે આ આખો અવંતિનો પ્રદેશ, જૈનધર્મનું એક કેંદ્રસ્થાન બની ગયો હતો.

આઠમું:—આ પ્રદેશમાં કાંઈ એક બે સ્તૂપ ઉભા કરાવેલ નથી, પણ નાના—મોટા મળીને તેની સંખ્યા લગભગ બે ડઝન ઉપરાંતની છે. અને જોકે અદ્ય તો તેઓ ભાંગીતૂટી ગયેલી સ્થિતિમાં છે, છતાં તેમાંના નાનામાં નાના સ્તૂપનું કદ અને વિસ્તાર ધ્યાનમાં લઇએ તોપણ, તેનું એવડું તો ગંજાવર સ્વરૂપ હોવાનું દેખાય છે કે,[૨૨] કોઇ પણ માણસ તે પ્રદેશમાં તદ્દન ઉપેક્ષાની તો શું પણ, શૂન્ય દૃષ્ટિ રાખીને ફર્યા કરે તોયે, તેની અડફેટે આવ્યા વિના રહે નહીં. જ્યારે નાનામાં નાના સ્તૂપનું આમ છે, તો સર્વેથી મોટા વિશે તો કહેવુંજ શું ![૨૨] હવે વિચારો કે, આવાં ચણતર કામો અત્યારે તેની ભગ્નાવસ્થામાં પણ જ્યારે આવડો જંગી અને ઉપેક્ષાદૃષ્ટિએ જોનારને પણ આચ્છાદિત રહી ન શકે તેવોસ્થળપ્રદેશ ઘેરી રહ્યાં છે, ત્યારે તે સમયે—એટલે ઇ. સ. ની સાતમી સદીમાં કે, જ્યારે પ્રખ્યાત ચીનાઇ મુસાફર મિ. હુએનશાંગ[૨૩] હિંદની મુસાફરીએ આવ્યો હતો તે સમયે—એટલે કે આજથી લગભગ તેરસો વર્ષ પૂર્વે તો, આ સર્વે મકાનો સંપૂર્ણપણે અને પૂરબપકામાંજ ઉભાં રહેલાં હોવાં જોઇએ. એટલે મિ. હુએનશાંગ જેવા ચકોર અને તીક્ષ્ણ દૃષ્ટિના વિવેચકની નજર બહાર તે સર્વે ચાલ્યાં જાય તેમ કદી બને નહીં. વળી આ વાત પણ ભૂલવી જોઈતી નથી કે, મિ. હુએનશાંગ પોતે બૌદ્ધમાર્ગી હતો, તેમ વળી તેણે તે ધર્મના લાક્ષણિક તત્ત્વો અને સ્થાનોના કેવળ નિરીક્ષણ માટેજ હિંદ જેટલા દૂર દેશ આવવાનો પરિશ્રમ ઉઠાવ્યો હતો. એટલે તેણે પોતાના ધર્મનાં દિવાની જ્યોત જેવાં આવાં ઝગમગતાં સ્મારકો અવલોક્યાં વિનાજ પોતાની મુસાફરી પૂરી કરી દીધી હોય, તે બનવાયોગ્યજ નથી. તેની આ હિંદ દેશની યાત્રાનું વર્ણન છપાવીને પુસ્તકાકારે પ્રગટ થયું છે અને તેનું ઈંગ્રેજી ભાષાંતર થઈ બે ગ્રંથરૂપે બહાર પડેલ છે. તેમાં નિહાળીશું તો, અવંતિ પ્રદેશનું વર્ણન લખતાં, અનેક મામૂલી હકીકત સાથે બૌદ્ધધર્મના નાના સ્તૂપોનું વર્ણન પણ તેણે કર્યું છે, છતાં અજાયબ જેવું તો એ છે કે પોતે જે સ્તૂપો વર્ણવ્યા છે[૨૪] તેના કરતાં અનેકગણા મોટાં અને મહત્ત્વતામાં અને કલામાં અનેકગણા ચઢીઆતાં, એવાં આ સ્મારકો સંબંધી એક અક્ષર વટિક પણ ઉચ્ચાર્યો નથી ! શું આ વસ્તુસ્થિતિ એમ પ્રકાશ નથી પાડતી કે, આ બધાં અવશેષો અને સ્મારકોને મિ. હુએનશાંગના બૌદ્ધધર્મ સાથે લેશમાત્ર પણ લાગતું વળગતું નથી ? અને જો બૌદ્ધધર્મ સાથે સંબંધ નથી તો પછી, તે સમયે જે ધર્મ

---

( ૨૨ ) જુઓ ધિ ભિલ્સા ટોપ્સનું પુસ્તક.

| | ડાયામીટર | ઉંચાઈ | પરિઘ |
|---|---|---|---|
| નાનામાં નાનું કદ. | ૩૦ ફીટ | ૨૦ ફીટ | |
| મોટામાં મોટું કદ. | ૭૦ ,, | ૮૦ ,, | |

( ૨૩ ) આ મુસાફર જ્યારે હિંદમાં હતો ત્યારે તેનો સમય ઈ. સ. ૬૩૦ થી ૬૪૦ સુધીનો ગણાય છે.

મિ. ફાહિયાન નામે મુસાફર તેની પહેલાં બે એક સદી પૂર્વે અને મિ. ઈત્સીંગ નામે મિ. હુએનશાંગ પછી પચીસ પચાસ વર્ષે આવ્યો હતો.

( ૨૪ ) જુઓ રે. વે. વ. પુ. ૧ અને ૨. ભિલ્સા, સાંચી અને ભારહુત જે પ્રદેશોમાં આવી રહ્યાં છે તે પ્રદેશોનું, તેમજ તેની આસપાસના પ્રદેશોનું વર્ણન, ( આ પ્રદેશોને મજકુર પુસ્તકમાં માળવા, અવંતિ, વત્સ, ચિકિટા, મહેશ્વર, અંગ, કોશસ્થળ ઇત્યાદિ તરીકે ઓળખાવેલ છે. જુઓ ઉપરમાં, ત્રીજા પરિચ્છેદે આ સ્થળોનું વર્ણન ) તેમાં ક્યાંય આ સ્તૂપોનું વર્ણન કરાયું નથી.

તેની સાથે તદ્દન સામ્ય ધરાવતો હતો એવો તો માત્ર જૈનધર્મજ હતો. એટલે એજ નિર્ણય ઉપર આવવું પડશે કે મિ. હ્યુએનશાંગે વર્ણન કરવું જે છોડી દીધું છે તે તેની સ્ખલના કે ભૂલનું પરિણામ નથી, પણ તે સર્વે સ્મારકો જૈન ધર્મનાં હોવાને લીધે જ તેમ બનવા પામ્યું હતું.

નવમું:—આ સર્વે અવશેષો ઉપર, તેમજ તેમાંથી સાંપડતા પત્થરના કરંડકો ઉપર, જે લેખન આળેખાયું છે, તેનો અર્થ બેસારવામાં વિદ્વાનોને અનેક મુશ્કેલીઓ પડી છે. તેમ કેટલેક સ્થાને તો, મારીમચડીને અર્થ તથા અનુમાનો બેસારવાં પડ્યાં છે. અને તેમ કરવા જતાં, હાસ્યાસ્પદ અને કાલ્પનિક તરંગોની પરાકાષ્ઠા થઈ જતી તરી આવે છે. આ બધું શા માટે થાય છે કે, તે સર્વે બૌદ્ધમતને લગતાં છે એવી માન્યતાથીજ તે સર્વેની વિચારણા, કરવામાં આવી છે તેથીજ; પણ તે સ્થાનો જૈન ધર્મનાં છે, એવા મંતવ્યથી જો તેની વિચારણા કરવામાં આવે, તો ઘણીખરી નડતરોનો તુરતાતુરત તોડ આવી જાય છે. જેમ આ સ્તૂપોના કિસ્સામાં બન્યું છે, તે જ પ્રમાણે સમ્રાટ પ્રિયદર્શિનના ખડક અને શિલાલેખની લિપિના અર્થ ઉકેલમાં પણ થયું છે. પણ તે સઘળાની અત્ર ચર્ચા કરવી તે અયોગ્ય છે.[૨૫] કહેવાનો ભાવાર્થ એ છે કે, અર્થની દૃષ્ટિએ વિચારતાં પણ આ સ્થાનો બૌદ્ધમતનાં નથીજ, પણ જૈન ધર્મનાંજ હોવાનું પુરવાર થઇ શકે તેમ છે.

ઉપરના નવ પારિગ્રાફમાં દર્શાવેલ મુદ્દાઓ ઉપરાંત તેના ટેકારૂપે બીજી પણ અનેક સાબિતીઓ રજુ કરી શકાય તેવી મળી આવે છે, પણ તે વિષયને જ્યારે સ્વતંત્રપણે ચર્ચવો હોય ત્યારેજ તે સર્વને રજુ કરવાનું યથેષ્ઠ ગણાય. હાલતુરત મુખ્ય મુખ્યપણે જે પ્રમાણો અને દલીલો આગળ ધરવાં આવશ્યક દેખાતાં હતાં, તેટલાંજ રજુ કર્યાં છે. છતાં તે સર્વેની પૃથક પૃથક આલોચના કરવામાં આવશે કે સમગ્રને એકત્રિતપણે ખ્યાલમાં રાખીને સમાલોચના કરવામાં આવશે, તો પણ એકજ નિષ્કર્ષ નીકળી શકશે કે, અવંતિ પ્રદેશનો આ સાંચી અને વિદિશાનગરવાળો સઘળો પ્રદેશ, જૈન ધર્મનાં અતિ મહત્ત્વતાપૂર્ણ, વૈભવશાળી તેમજ મહિમાવંતાં સ્મારકોથી પ્રાયઃ ભરપૂર છે.

**પ્રદ્યોતવંશની સ્થાપના, રાજ્યકાળ તથા વંશાવળી**

અવંતિપતિનો આ વંશ, ઇતિહાસમાં તો પ્રદ્યોતવંશ તરીકેજ પ્રખ્યાત થયેલ છે, પણ તેના પ્રથમ પુરૂષનું નામ પુનિક[૨૬] હોવાથી, કેટલાક પુરાણ ગ્રંથોમાં, આ વંશના પુરૂષોને 'પૌનિકાઃ' નામથી સંબોધ્યા છે.

તેમ આ વંશના રાજ્યકાળ માટે પણ મત-

---

(૨૫) આ બાબતનું પ્રાસંગિક વિવેચન તથા ઘટસ્ફોટ, સમ્રાટ અશોક અને પ્રિયદર્શિનનાં જીવન લખતાં આપણે કરીશું જ: બાકી સવિસ્તર અધિકાર જાણનારને તો, મારા તરફથી બહાર પડનાર સમ્રાટ પ્રિયદર્શિનનું જીવનચરિત્ર વાંચવાને વિનંતિ કરવામાં આવે છે.

(૨૬) પુલિકે (મત્સ્યપુરાણ) અથવા મુનિકે (વાયુ પુરાણ) પોતાના સ્વામિને મારી નાંખી, અવંતીની ગાદીએ પોતાના પુત્રને બેસાર્યો: જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું પૃ. ૧૦૬ તથા તેજ પુસ્તક પૃ. ૧૦૬ ઉપરનું ટીપણ નં. ૧૩૯ જુઓ. Pulika ( Matsya ) or Munika ( Vayu ) killed his lord and set up the son on the throne of Avanti.

Vide J. O. B. R. S. Vol. I P. 106. Ibid. ( f.n. 139 on P. 106. शुनिकः (पुलिक) स्वामिन् हत्वा पुत्रं समभिषेक्ष्यति ।

( આ વાક્યથી તો ઘાતકનું નામ પુનિક હોય એમ લાગે છે, નહીં કે જે ઘવાયો હોય તેનું નામ )

ભેદ દેખાય છે. કેટલાકને મતે ૧૫૪ વર્ષ ચાલ્યાનું ગણાય છે[૨૭] જ્યારે વિશેષ મતે ૧૨૮ વર્ષ તે વંશ ચાલ્યો હોવાનું[૨૭] ગણવામાં આવે છે. અને તેમજ હોવા સંભવ છે. તે આપણે આગળ જતાં આ પુસ્તકમાં સાબિત કરી બતાવીશું.

આ વંશનો બીજો પુરૂષ, જેને ચંડ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. તેનું રાજ્ય ૪૭ વર્ષ[૨૮] પર્યંત ચાલ્યું ગણાયું છે. ( જુઓ પૃ. ૧૩૧. વળી આ પરિચ્છેદે આગળ ઉપર; તથા નીચેનું ટીપણ ૩૨ ) અને તેનું મરણ ઈ. સ. પૂ. ૫૨૭ માં[૨૯] નીપજ્યું છે. એટલે તેનું રાજ્યારોહણ ઈ. સ. પૂ. ૫૨૭+૪૭=ઈ. સ. પૂ. ૫૭૪ માં થયું ગણાશે. તેની પછી તેનો પુત્ર પાલક ગાદીએ આવ્યો છે; અને આ પાલકના વંશનો ( એટલે પ્રદ્યોતવંશનો ) અંત ઇ. સ. પૂ. ૫૨૭-૬૦[૩૦]=ઇ. સ. પૂ. ૪૬૭ માં આવ્યો હતો એમ ગણવામાં આવે છે. એટલે એમ તો થયુંજ કે, ઇ. સ. પૂ. ૫૭૪ થી ૪૬૭ સુધી ૧૦૭ વર્ષ સુધી ચંડ અને તેના વંશજોએ ગાદી ભોગવી છે. હવે જો આ આખા વંશને ૧૨૮ વર્ષ સુધી ચાલ્યાનું સ્વીકારી લઇએ, તો ચંડની પહેલાનો પુરૂષ એટલે તેનો પિતા અને વંશનો સ્થાપક, જેને રાજા પુનિક તરીકે ગણાવ્યો છે, તેનો રાજ્યકાળ ૧૨૮–૧૦૭=૨૧ વર્ષ સાબિત થઇ જાય છે; જ્યારે આ વાતને ટેકો આપનારી હકીકત પણ મળી આવે છે. અલબત્ત, તેમાં આ પુનિકના કાળે ૨૬ વર્ષ કહ્યાં છે[૩૧] પણ ૨૧ અને ૨૬ વર્ષ તેમાં બહુ ફેર ન ગણાય. પૂર્વ કાળના ઇતિહાસમાં જ્યાં બધું અવ્યવસ્થિત પડયું છે અને જ્યાં કેટલીયે આડીઅવળી ભૂલો ઘુસી જવા પામી છે, ત્યાં આવા પાંચ વર્ષ જેવા નાના સમયની મતફેરીની તો વાતજ શું કરવી ? અહીં તો, પુરાણમાં જે આ વંશને ૧૫૫ વર્ષ ચાલ્યો હોવાનું જણાવ્યું છે,

---

( ૨૭ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૧૦૮ ( મત્સ્ય પુરાણમાં ૧૫૫ ની સાલ છે, પણ તેમાં નંદિવર્ધનનું નામ પણ આપ્યું છે. જ્યારે બીજાઓમાં ૧૨૮ લખેલ છે. J. O. B. R. S. Vol. I. P. 108. According to the Matsya it is 155, but it includes Nandivardhana, while others put it to 128.

જ. ઓ. બી. રી. સો, પુ. ૧, પૃ. ૭૯, ટી. ૮૩, J. O. B. R. S. Vol. I. P. 79. fn. 83.

જૈન ગ્રંથોમાં તે માટે આંક સંખ્યા જણાવી નથી પણ હકીકતની ગણત્રી કરતાં તેજ સાર ઉપર અવાય છે. The Jain books do not fix any length for it, but the calculation leads us nearly to the same result.

( ૨૮ ) ૪૭ ને બદલે ૪૮ વર્ષ ચાલ્યાનું નક્કી થાય છે. જુઓ આગળ ઉપરનું લખાણ.

( ૨૯ ) જુઓ નીચેનું ટીપણ નં. ૩૩. તથા તેને લગતું મૂળ લખાણ.

( ૩૦ ) પરિશિષ્ટ પર્વ ૬, ૨૪૩ શ્લોક: ઈ. હી. ક્વો. પુ. ૫ સપ્ટેમ્બર ૧૯૨૯ પૃ. ૩૯૯ Parishista Parva; VI 243. Ind. His. Quarterly Vol. V. Sept. 1929 P. 399. अनन्तरं वर्धमानस्वामिनिर्वाणवत्सरात् गतायां षष्ठिवत्सर्यामेशनंदोऽभवन्नृपः ।

આ હકીકત શિક્કાના પ્રમાણથી પણ સાબિત કરી શકાય છે. કો. એ. ઈ. પૃ. ૯૬ ઉપરના શિક્કામાં જે યોદ્ધો બતાવ્યો છે તે નંદિવર્ધન હોય એમ સૂચવે છે: વળી આ પુસ્તકમાં ત્રીજા વિભાગે શિક્કાને લગતું પરિચ્છેદ જુઓ. તેમજ વિશેષ હકીકત આ પારિગ્રાફમાં આગળ જુઓ.

( ૩૧ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું. પૃ. ૧૦૬. J. O. B. R. S. Vol. I P. 106.

અને તે સત્ય ગણીએ તો ૧૫૫ માંથી ઉપરના ૧૦૭ વર્ષ બાદ કરતાં ૪૮ વર્ષ[૩૨] રાજા પુનિકનું રાજ્ય ચાલ્યું કહી શકાય તેમ છે, તે પુરાણકારનો મત વ્યાજબી કહેવાય કે કેમ, તે મુદ્દોજ માત્ર આ વાતથી સ્પષ્ટ કરવો રહેતો હતો. ઉપરની સાબિતીથી જોઇ શકયા છીએ કે, રાજા પુનિકનું રાજ્ય ૪૮ વર્ષ જેવડું અતિ દીર્ઘ સમયનું નથી પણ ૨૧ કે ૨૬ વર્ષનુંજ હોઇ શકે છે. અને તેમાં પણ વિશેષ આધારભૂત ૨૧ વર્ષનુંજ ગણવું પડશે. એટલે આખો વંશ પણ ૧૨૮ વર્ષજ ચાલ્યો છે એમ સહેજે સાબિત થઇ ગયું કહેવાશે.

આખો વંશ ૧૨૮ વર્ષ ચાલ્યો હોવાનું હવે સાબિત થઈ ગયું. વળી તેમાંના પ્રથમ રાજા પુનિકનો રાજ્ય અમલ ૨૧ વર્ષનો અને બીજા રાજા ચંડનો ૪૭ વર્ષ સુધીનો હોવાનું પણ જાણી ચૂકયા. એટલે હવે પાલક તથા તેના વંશે જે ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યાનું નોંધાયું છે, તેમાં કોણ કોણ રાજાએ, કેટલો સમય રાજ્ય કર્યું તેટલુંજ તપાસવું માત્ર બાકી રહે છે.

પરિશિષ્ટપર્વ નામે જૈન ઐતિહાસિક ગ્રંથ કે જેનું ઇંગ્રેજી ભાષાંતર પ્રખ્યાત વિદ્વાન જેકોબી સાહેબે કર્યું છે, અને લીપઝીક શહેરમાં ઇ. સ. ૧૮૭૯ માં છપાઇ પ્રગટ થયું છે. તથા અત્યારે સર્વમાન્ય તરીકે કબૂલ રખાયું છે તેમાં જણાવ્યું છે કેઃ—[૩૩]

(૧) જે રાત્રીને વિષે, શ્રી મહાવીર અર્હંત નિર્વાણને પામ્યા, તે રાત્રીએ પાલક અવંતિનો રાજા બન્યો. (૨) રાજા પાલકે ( તેના વંશે ) ૬૦ વર્ષ પર્યંત અવંતિનું રાજ્ય કર્યું: જ્યારે નંદ ( વંશ ) નું રાજ્ય ૧૫૫ વર્ષ, મૌર્યનું ૧૦૮ વર્ષ અને પુષ્યમિત્રનું ત્રીસ વર્ષ રાજ્ય ચાલ્યું છે. (૩) ( તે પછી ) બળમિત્ર–ભાનુમિત્રનું ૬૦ વર્ષ, નભોવાહનનું ૪૦ વર્ષ; તે પછી તેર વર્ષ પર્યંત ગર્દભિલનું ( ૧૩ વર્ષ ) અને ચાર વર્ષ શક ( પ્રજા ) નું રાજ્ય અવંતિ ઉપર ચાલ્યું છે.

આ આખા શ્લોકમાં જે તાત્પર્ય રહ્યું છે, તે આપણે વહેલુંમોડું વિચારવું તો રહેશે જ; કેમકે તેમાં ઘણું ઐતિહાસિક તત્ત્વ ભરેલું છે. એટલે અત્ર ઉપયોગી થાય તેવી હકીકતનો સમાવેશ

---

( ૩૨ ) રાજા પુનિકને બદલે તેના પુત્ર ચંડનું રાજ્ય ૪૮ વર્ષ ચાલ્યું હતું એમ કહેવામાં હજુ વાંધો નથી. કેમકે આપણે ચંડનો રાજ્યકાળ ૪૭ વર્ષનો લેખાવ્યો છે ( જુઓ આ પારિગ્રાફનો આદિ ભાગ )

( ૩૩ ) जं रयणिं कालगओ, अरिहा । तीर्थंकरो महावीर । तं रयणि अवंतिवई, अहिसत्तो पालगो राया ॥१॥

सट्ठि पालगरणो, पणवन्नसयंतु होइ ( नाणाणं ? ) नंदाण । अट्ठसयं मुरियाणं, तिसं च पुशमित्तस ॥ २ ॥

बलमित्त भानुमित्त, सट्ठि वरि साणि चत्त । नभवहने तह गद्दभिल-रज्जं, तेरसवरिसा सगस्स चउ ॥ ३ ॥

The English version is stated as under; ( 1 ) Palaka, the lord of Avanti, was anointed in that night, in which the Arhat and Tirthankar Mahavir entered nirwana ( 2 ) Sixty are ( the years ) of king Palaka but one hundred and fifty five are ( the years ) of the Nandas, one hundred and eight, those of the Mauryas and thirty, those of Pusamitta (3) sixty ( years ) ruled Balmitta and Bhanumitta, forty Nabhavahan. Thirteen years likewise lasted the rule of Gardabhila and four are the years of the Shaka.

તો જોકે તે શ્લોકની પહેલી કડીમાં અને બીજીની શરૂઆતમાં જ થઇ જાય છે; છતાં વારંવાર તે શ્લોકો ચર્ચવાથી, એક તો, વાતનું પિષ્ટપેષણ થઈ જાય: અને જુદે જુદે ઠેકાણે ચર્ચીએ તો કેટલીક કડીનો સંબંધ તૂટી જાય: ઉપરાંત વાચકવર્ગને અહીંથી તહીં, અને તંહીથી અહીં જોવા માટે પાનાં ઉથલાવવાં પડે. એટલે, જો કે વિષયાંતર થઇ જાશે છતાં, તે દોષ માથે વહોરી લઇને પણ, આ પ્રકારની સઘળી પ્રતિકૂળતા ટાળવા કાજે, આપણે આખા શ્લોકની ચર્ચા આ સ્થાનેજ કરી વાળીશું. અલબત્ત, પ્રથમના પારિગ્રાફમાં પાલકના વંશની હકીકતના વિષયનેજ વળગી રહેશું. અને તે બાદ તદ્દન નિરાળો પારિગ્રાફ પાડીને મજકુર શ્લોકની અન્ય કડીઓને લગતી ચર્ચા કરીશું. એટલે માત્ર પ્રદ્યોતવંશની હકીકત જાણનાર ઇચ્છક, તે નિરાળો પારિગ્રાફ વાંચ્યા વિના અને ઇતિહાસની ત્રુટી અનુભવ્યા સિવાય, આગળ વધી શકશે.

એક ગ્રંથકાર[૩૪] લખે છે કે, રાજા પ્રદ્યોત ( ચંડ કહેવાનો હેતુ લાગે છે ) નો દીકરો મથુરામાં અને જમાઈ કૌશાંબીમાં હોવાથી, ઉત્તર હિંદમાં તેની સત્તા બહુ મજબૂત હતી. તેનું મરણ મગધપતિ અજાતશત્રુના રાજ્ય અમલે આશરે સાતમા વર્ષમાં થયું છે. જો કે આપણે ઉપર જોઇ ગયા છીએ કે રાજા ચંડનું મૃત્યુ તો ઈ. સ. પૂ. ૫૨૭ માં થઇ ગયું છે, કે જે સાલમાં અજાતશત્રુને ગાદીએ બેઠા માત્ર દોઢજ વર્ષ થયું હતું; એટલે અજાતશત્રુના રાજ્યના ૭–૮ મા વર્ષની આસપાસમાં જેના રાજ્યનો અંત આવ્યાનું લેખવે છે તે કદાચ રાજા પાલક હોવો સંભવે છે. કેમકે, પુરાણકારના વૃત્તાંતમાં એવા કેટલાય બનાવને, એક રાજાની સાથે સંબંધ ધરાવતી હકીકતને, તેના પહેલાના કે પછીના રાજાની સાથે જોડી દેવામાં આવે છે.[૩૫] એટલે અજાતશત્રુના રાજ્યના આશરે સાત–આઠ વર્ષની હકીકત, તે રાજા પાલકનેજ આબાદ રીતે

---

( ૩૪ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું પૃ. ૭૮ ટીપણ ૪ અ. ઉત્તરહિંદમાં પ્રદ્યોત સૌથી સત્તાશાળી રાજા હતો. તેનો પુત્ર મથુરામાં અને જમાઈ કૌશાંબીમાં હતો. તેણે મગધના દેશ ઉપર સ્વારી લઈ જવાની તૈયારી કરી હતી. ( બુ. ઇ. પૃ. ૧૩ જુઓ ) અજાતશત્રુના રાજ્યે, સાતમા વર્ષ આસપાસ તેનું મરણ થયું હતું. ( આ આખું વાકય જોકે ખોટું જ છે પણ તેમાંથી ઐતિહાસિક હકીકત તારવી શકાય છે )

J. O. B. R. S. Vol. I P. 78. fn. 4 a:—Pradyota was the most powerful king in the north of India, having a son at Mattura & a son-in-law at Kausambi. He made preparations to take Magadha ( Bud. Ind. P. 13. ) His death occurred in or about the 7th year of Ajatsatru's reign. ( The whole sentenc though wrong, gives out some clues to the formation of history )

જુઓ આનો ખુલાસો નીચે ટી. ૩૫ માં. તેમણે જો કે આશરેજ સાત વર્ષ લખ્યાં છે પણ શા આધારે લખ્યાં છે તે જણાવ્યું નથી; જ્યારે મારા હિસાબે ૮ વર્ષ હોવાનું સમજાય છે. જુઓ આગળ પૃ. ૨૦૪–૫.

( ૩૫ ) આવા દાખલાઓ, વિશેષ આઘેપાછે ગોતવા ન જતાં, ખુદ ચંડપ્રદ્યોત વિશેજ જુઓ, કે એ ત્રણ બાબતમાં; તેની હકીકત ન હોવા છતાં તેની સાથે જોડીદીધી છે. તેમ કેટલીક તેની હોવા છતાં બીજામાં જોડી દીધી છે. જેમકેઃ–

( ૧ ) વૈદેહી તે ચંડનીજ રાણી હોવા છતાં, તેણીને તેની મા ઠરાવી દીધી છે એટલે કે રાજા પુનિકની રાણી ઠરાવે છે. ( જુઓ ચંડના વૃત્તાંતે )

( ૨ ) અજાતશત્રુના રાજ્યે સાતમા વર્ષે પાલકના રાજ્યનો અંત છે, તેને બદલે ચંડના

લાગુ પડતી હોવી જોઇએ, અને છે પણ તેમજ. જે આપણે તેના જીવનચરિત્ર લખતાં જણાવીશું. હવે આ આઠમું વર્ષ તે ( રાજા અજાતશત્રુનું રાજ્યારોહણ ઈ. સ. પૂ. ૫૨૮ માં છે એટલે તે હિસાબે ) ઇ. સ. પૂ. ૫૨૦ માં ગણવું પડશે. એટલે પાલકનું રાજ્ય ઇ. સ. પૂ. ૫૨૭ થી ૫૨૦= ૭ ( સાત ) વર્ષજ માત્ર ચાલ્યું કહેવાશે.

રાજા પાલકના મરણ બાદ પ્રદ્યોતવંશી અન્ય રાજાઓ કેટલા થયા અને તે પ્રત્યેકે કેટલા

**સ્થાપના તથા વંશાવળી બાબત વિશેષ પ્રકાશ**

વર્ષ રાજ્ય કર્યું તે બહુ અનિશ્ચિત છે, એટલે પુરાણકારે જે નામાવલી આપી છે તે અહીં સદાબરી ઉતારીશું અને અન્ય ગ્રંથોમાં મળી આવતી હકીકત[36] પણ રજુ કરીશું, જેથી સાચું શું છે તે વાચક પોતે જ તારવી શકશે.

પુરાણોમાં આ પ્રમાણે છે—

પુનિક
| ( વૈદહિ રાણી )
ચંડપ્રદ્યોત
|
પાલક — ગોપાલક — અવંતિપુત્ર — કુમારસેન

ગોપાલક
| આર્યક
વિશાખયૂપ

અવંતિપુત્ર
| સૂરસેનપતિ
બૃહદરથ
( જેને વિદૂરથે હરાવ્યો હતો )

જ્યારે પ્રાચીન ઇતિહાસના એક બીજા લેખકે નીચે પ્રમાણે જણાવ્યું છે.[37]

બૃહદરથવંશનો છેલ્લો રાજા રિપુંજય વ્યભિચારી દમવિનાનો અને જુલ્મગાર હતો. તેનું રાજ્ય ૫૦ વર્ષ જેટલી લાંબી મુદત સુધી ટક્યું હતું. આખરે તેના વડા પ્રધાન સુનકે તેનો ઘાત કર્યો

---

રાજ્યનો અંત ગણાવે છે ( જુઓ ઉપરની ટી. ૩૪ )

( ૩ ) ઉપરનીજ ટી. ૩૪ માં, પ્રદ્યોતના પુત્રને મથુરાનો સૂબો કહ્યો છે જ્યારે તે પોતેજ સૂબો હતો, અને કૌશાંબીપતિને જમાઇ લેખવ્યો છે તે હકીકત પોતાને લગતી છે. કેમકે તેનો જમાઈ ઉદયન તે કૌશાંબિપતિજ હતો.

આ પ્રમાણે એકની હકીકત બીજાને જોડી દીધી છે. તેવા તો અનેક કિસ્સામાં પુરાણકારોએ ગોટાળા કરી દીધા છે.

( ૩૬ ) તે તે રાજ્યના વૃત્તાંતે આગળ ઉપર જુઓ.

( ૩૭ ) જુઓ હિં. હી. પૃ. ૪૯૪ થી ૪૯૫. જેમ આ લેખકે પણ પુરાણના આધારે હકીકત ગોઠવી છે તેમ જ. ઓ. બી. રી. સો. પુ. ૧ (જુઓ ઉપરમાં ટી. ૨૭ નાં ટાંચણો ) ના લેખકે પણ તેજ પુરાણની હકીકત લઇને પોતાના વિચારો દર્શાવ્યા છે; છતાં એકબીજાનો તુલના કરીશું તો માલૂમ પડશે કે પ્રત્યેકે ક્યાંક ને ક્યાંક ભૂલ ખાધીજ છે. H. H. P. 494 & 95. Ripunjaya, the last king of the Brihadrath Dynasty was profligate, worthless and despotic. His long reign of 50 years. At length Sunaka, prime minister killed his master & secured the throne for his son Pradyota, who began to rule about B. C. 779. The Pradyota dynasty a short one of 5 kings, ruled for 124 solar years.

અને પોતાના પુત્ર પ્રદ્યોતને ગાદીએ બેસાર્યો. તેના રાજ્યની શરૂઆત ઇ. સ. પૂ. ૭૭૯ થી થઇ. તેનો પ્રદ્યોતવંશ ૧૨૪ સૌર્ય વર્ષ જેટલા ટૂંક સમય સુધી ચાલ્યો હતો. અને તેમાં પાંચ રાજા થયા હતા. ગાદી બથાવી પાડનાર આ રાજા, ભલો નીવડવાને બદલે ઉલટોજ નીવડ્યો હતો. તે બહુ ડોળઘાલુ હતો. તેના રાજકર્મચારીઓ તેના માટે બહુમાન ધરાવતા નહીં. મત્સ્યપુરાણમાં તો આ રાજાનું નામ સુદ્ધાં પણ લખ્યું નથી. પણ તેનું રાજ્ય પંદર વર્ષ ચાલ્યું હતું, એમ લખ્યું છે. પછી બીજો રાજા પાલક થયો. તેણે ૨૩ વર્ષ, ત્રીજા વિશાખયુપે ૩૫ વર્ષ, ચોથા જનકે ૩૦ વર્ષ અને પાંચમા નંદિવર્ધને ૨૦ વર્ષ રાજ્ય કર્યું છે. આ પાંચમાના છેલ્લા ત્રણ તો જુલ્મગારજ પાક્યા હતા.

ઉપરના લખાણથી નીચેના નવ મુદ્દા તરી આવે છે. ( ૧ ) બૃહદરથવંશનો છેલ્લો રાજા રિપુંજય હતો. ( ૨ ) તેનું રાજ્ય ૫૦ વર્ષ ચાલ્યું હતું. ( ૩ ) તેના મુખ્ય પ્રધાન શુનકે તેને મારી નાંખ્યો. ( ૪ ) પછી તેની ગાદી ઉપર પોતાના પુત્ર પદ્યોતને બેસાર્યો. ( ૫ ) આ બનાવ ઇ. સ. પૂ. ૭૭૯ માં બન્યો હતો. ( ૬ ) આ પ્રદ્યોત વંશમાં પાંચ રાજા થયા છે અને ( ૭ ) તે સર્વેનો એકંદર સમય ૧૨૪ સૌર્ય વર્ષ પર્યંત છે. ( ૮ ) પ્રદ્યોતનું રાજ્ય પંદર વર્ષ ચાલ્યું છે. ( ૯ ) અને તે બાદ ચાર રાજાઓ થયા હતા. તેમનાં નામ તથા રાજ્યકાળ આ પ્રમાણે અનુક્રમે હતાં. પાલક ૨૩ વર્ષ, વિશાખયુપ ૩૫ વર્ષ, જનક ૩૦ વર્ષ અને નંદિવર્ધન ૨૦ વર્ષ.

હવે આપણે ઉપરના નવે મુદ્દા એક પછી એક તપાસીએ. (૧) બૃહદરથ વંશનો છેલ્લો રાજા રિપુંજય હતો: કાશીદેશનું વર્ણન કરતાં આપણે જોઇ ગયા છીએ કે (૨) કાશીપતિ તરીકે બૃહદરથ વંશનો છેલ્લો રાજા અશ્વસેન હતો અને તેના અંત સમયે અવંતિપતિ તરીકે વિતિહોત્રવંશી રાજાઓ હતા. પણ અહીં તો અવંતિ દેશનું વર્ણન કરતાં, બૃહદરથવંશી રિપુંજય રાજાનું નામ દેવાય છે. એટલે એકને બદલે બીજાને ઠરાવી દીધો હોય એમ સમજાય છે. બૃહદરથવંશી રાજાઓ તો કાશીપતિજ હતા. તેમને અવંતિના દેશ સાથે કાંઇ સંબંધજ નહોતો, પણ સમજાય છે કે અવંતિપતિ તરીકે જે વિતિહોત્રીઓ અમલ ચલાવતા હતા તેમનો છેલ્લો રાજા તે રિપુંજય હશે અને તેમજ છે. તે નીચેના ત્રણ મુદ્દાની ચર્ચા ઉપરથી સાબિત પણ થાય છે ( ૨-૩-૪ ) રિપુંજયનું રાજ્ય ૫૦ વર્ષ ચાલ્યું હતું અને તેના મુખ્ય પ્રધાન શુનકે તેને મારી નાંખી, પોતાના પુત્ર પ્રદ્યોતને અવંતિની ગાદીએ બેસાર્યો છે. આ હકીકત સાથે પૃ. ૨૦૦ ની હકીકત તથા તેનું ટીપણ ૨૬ સરખાવતાં, સ્પષ્ટ થાય છે કે, બંને લેખકોની વાત તો મળતી આવે છે જ, પણ જે કાંઇ ફેર રહે છે તે, એકબીજાના નામ પ્રત્યેનો જ. એકમાં શુનક નામ છે બીજામાં પુનિક નામ છે. તેણે પોતાના સ્વામીને મારીને પોતાના પુત્રને અવંતિની ગાદીએ બેસાર્યાનું પણ બંનેમાં નીકળે છે જ. એટલે સાર એ થયો કે, પુનિક નામના પ્રધાને

---

The usurper ought to have been a good king but he proved to be reverse. He was a hypocrite. The nobles of the state showed no regard for him. The Matsya Purana does not mention even his name. (1) He ruled for 15 years. (2) Palaka ruled for 23 years. (3) Visakhayukh 35 years. (4) Janaka 30 years & (5) Nandivardhana 20 years. The last three were despots.

પોતાના સ્વામી રિપુંજયને મારીને તેની ગાદી ઉપર પોતાના પુત્રને બેસાર્યો હતો; અને રિપું-જયને બૃહદરથવંશી ગણવાને બદલે ઉપરના નં. ૧ ના મુદ્દાની સાથે મેળવીશું તો તેને વિતિહોત્ર વંશનોજ છેલ્લો રાજા માનવો પડશે અને તેનું રાજ્ય ૫૦ વર્ષ ચાલ્યું હોવાનું ગણવું રહેશે. ( ૫ ) આ મુદ્દા સાથે આપણે સંબંધ નથી એટલે પડતો મૂકીશું ( ૬ ) પાંચ રાજા થયા છે. આગળ ઉપર ગોઠવેલી તેમની વંશાવળી આપણે જોઇશું તો તે પ્રમાણેજ છે. (૭) એકંદર સમય ૧૨૪ સૌરવર્ષનો જણાવ્યો છે. આમાં સૌર્યવર્ષ ૩૬૫ દિવસનું લેખાય છે. જ્યારે ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસનું ગણાય છે. ( આ ગ્રંથ-કારે ઘણે ઠેકાણે આ પ્રમાણે બંને વર્ષો ટાંકયા છે ને હિસાબ કરી બતાવ્યો છે ) એટલે ૧૨૪ સૌર્યને ૩૬૫ થી ગુણી ૩૫૪ વડે ભાગતાં, ચાંદ્ર-વર્ષ ૧૨૮ આવી રહે છે; અને તે હકીકત આપણો મત જે ઉપર દર્શાવાઇ ગયો છે તેને ટેકારૂપ પણ છે. ( ૮. ૯. ) સર્વે રાજાઓનો રાજ્યકાળ આગળ ઉપર આપણે વર્ણવીશું ત્યાંથી જોઇ લેવું. અત્રે તો એટલુંજ જણાવવાનું કે છેલ્લો રાજા નંદિવર્ધન ઠરાવી, તેના ફાળે ૨૦ વર્ષ લખ્યા છે તે ઉચિત નથી. આ નંદિવર્ધન જો કે અવંતિપતિ બન્યો હતો ખરો, પણ તે તો મગધ-દેશનો નંદવંશી રાજા હતો. અને તેણે તો અવંતિ-દેશના છેલ્લા રાજાને જીત્યા પછી, જ્યારે તે નિર્વંશ મરણ પામ્યો, ત્યારે તેનું રાજ્ય પોતાના સામ્રાજ્યમાં ભેળવી લીધું હતું. એટલે નંદિવર્ધનનું રાજ્ય ૨૦ વર્ષ ચાલ્યું હતું એમ ગણવાને બદલે, પ્રદ્યોતવંશી છેલ્લા અવંતિપતિનું રાજ્ય ૨૦ વર્ષ ચાલ્યું હતું એમ ગણવું ઉચિત લેખાશે. કદાચ એમ માન-વાની ઇચ્છા થાય કે નંદિવર્ધનની રાજ્યસત્તા અવંતિ ઉપર ૨૦ વર્ષ સુધી ચાલી હતી તેમ ગણવું : પણ તેમ બની શકે તેમ નથી, કેમકે તેનો રાજ્યકાળ મગધપતિ તરીકે જ જ્યાં માત્ર ૧૬ વર્ષનો છે, ત્યાં પછી તે અવંતિદેશ ઉપર તેટલા સમય દરમ્યાન ચડી આવ્યો કયારે? અને વળી તે દેશ જીતીને ત્યાં ૨૦ વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું પણ કયારે? મતલબકે નંદિવર્ધનનું રાજ્ય અવંતિ ઉપર ૨૦ વર્ષ ચાલ્યું હોય એમ લેખવું તે તદ્દન અસંભવિત છે. એટલે પછી છેલ્લા પ્રદ્યોતવંશી અવંતિપતિ રાજાનુંજ રાજ્ય વીસ વર્ષ સુધી ચાલ્યું હતું એમ માનવું રહે છે.

અહીંઆ પાલકના વંશની એટલે પ્રદ્યોત-વંશની હકીકત પૂરી થાય છે, જેથી કરીને પૃ. ૨૦૨ માં જણાવી ગયા પ્રમાણે બાકીની કડીઓને લગતો અર્થ તથા વિવેચન જુદાજ પારગ્રાફે હવે કરીશું.

**પાંચસો વર્ષ સુધીના અવંતિ-પતિઓ**

પરિશિષ્ટપર્વ નામક ગ્રંથમાં ત્રણ કડીમાં જે રાજાવલિ આપવામાં આવી છે તે આપણે પૃ. ૨૦૨ ઉપર ઉતારી છે. તે જોવાથી માલૂમ પડશે કે, તેમાં કેટલીય જાતના વંશના નામ પરિધાન કરેલાં છે. આ રાજા-વલીઓને વર્તમાનકાળના ઘણા ઇતિહાસકારોએ મગધપતિઓ તરીકે લેખી કાઢ્યા છે[૩૮] અને તેમ કરવા માટે તેમને સબળ કારણ, મારી ધારણા પ્રમાણે એ મળેલું હોવું જોઇએ કે, તેમાં નંદવંશનાં અને મૌર્યવંશનાં નામો પણ સમાવિષ્ટ થયેલાં છે. અને આ બે વંશના નૃપતિઓ મગધસમ્રાટો તરીકે વિશેષતઃ પ્રખ્યાત છે; પણ તેટલા માટેજ તેઓની માન્યતાનું વાસ્ત-વિકપણું, જો સ્વીકારી લેઈએ તો, આપણે

( ૩૮ ) જુઓ આગળના પૃ. ૨૦૭ ઉપરનું ટી. નં. ૩૯.

પણ તેઓનેજ સામો પ્રશ્ન પૂછી શકીએ કે, ભલા, નંદવંશ અને મૌર્યવંશનાં નામોને લીધે તમો તે સર્વેને મગધપતિ જો ઠરાવી શકો છો તો, તે નામાવળીમાં પ્રદ્યોતવંશનું, શક પ્રજાનું, તેમજ અન્ય શુંગવંશી અને અજ્ઞાત વંશોનાં ( બાળમિત્ર-ભાનુમિત્ર-નભોવાહન આદિનાં ) નામો પણ જોડાયલાં છે. તો શું તે બધાઓ પણ મગધપતિ થઈ ગયા હતા એમજ ગણશો કે ? જો હા, કહેવામાં આવે તો ચોખ્ખો ઐતિહાસિક વિરોધ આવે છે. કારણ કે રાજા ચંડના પ્રદ્યોતવંશે કે શકપ્રજાએ કોઇ કાળે પણ મગધ ઉપર સત્તા ભોગવ્યાનું પ્રમાણ મળી આવતું નથીજ. એટલે આ ઉપરથી સિદ્ધ થાય છે કે, જે નામાવલી પરિશિષ્ટકારે આપી છે, તે મગધપતિઓની નથીજ પણ અવંતિપતિઓનીજ છે.[૩૯] અને એમ સ્પષ્ટ-પણે સ્વીકારાય તોજ, સમસ્ત પ્રકારે ઇતિહાસનું સમાધાન થઇ શકે છે. અને આ પ્રમાણે સ્વીકાર કરાયો એટલે તો, પુષ્યમિત્રના શુંગવંશને જે મગધપતિ તરીકે અદ્યપર્યંત મનાતો આવ્યો છે તે ભ્રમ પણ આપોઆપ દૂર થઈ જાશે; અને તેને પણ અવંતિપતિ તરીકેજ લેખવો પડશે. તેમજ નભોવાહન કે જે નહપાણક્ષત્રપનું સંસ્કૃત-હિંદી નામ છે તેને પણ અવંતિપતિ તરીકે સ્વીકારવાનું સતર થઇ પડે છે; વળી તેના નામના શિક્કા પણ તે બાબતના સાક્ષીરૂપ છે. વળી નામાવલિની અંતે અવંતિપતિ તરીકે ગર્દભિલ-પુત્ર-વીર વિક્રમાદિત્ય-શકારિ વિક્રમાદિત્યનું નામ પણ જોડાયલું છે. એટલે તે ઉપરથી આપણને ઇતિહાસના ત્રુટિત અંકોડાઓ મેળવવાનું પણ બની શકે છે કે, વિક્રમાદિત્ય શકારિ તેજ અવંતિ-પતિ હતો, કે જેના પ્રાતઃસ્મરણીય નામ સાથે જોડાયલી અનેક પ્રકારની દંતકથાઓ, હિંદુ શાસ્ત્રોમાં તેની કીર્તિગાથાઓ તરીકે આપણા વાંચવામાં તેમજ સાંભળવામાં આવ્યાં કરે છે.

આટલો મુદ્દો આ નામાવલીથી સિદ્ધ થઇ ગયા સાથે, એક તેવોજ મહત્ત્વ ધરાવતો અન્ય મુદ્દો પણ સિદ્ધ થઇ જાય છે કે, પરિશિષ્ટકારને અન્ય કોઇ દેશના ભૂપતિઓના નામાવલીની ગણના કરવાની જરૂર પડી નહીં, અને કેવળ અવંતિપતિઓનીજ શા માટે? અને તેમાંય પણ શ્રી મહાવીરના નિર્વાણ પામવાના દિવસને આરંભમાં જોડીનેજ, તેવું વર્ણન કરવાની શી જરૂર પડી? તો શું, પરિશિષ્ટકાર જે પોતે જૈન ધર્મનો એક ધુરંધર લેખક છે તેણે, પોતાના ધર્મના અમુક ઐતિહાસિક સત્ય સાથે નિકટ

(૩૯) Ind. His. quarterly Vol. 8. p. 402:—Dr. Konow argues that the gathas are not meant as a chronology of the Magadha kings as has been usually assumed, but are in reality meant, as an enumeration of the rulers of Central India, between the Nirwana and Vikramaditya. ઇ. હી. ક્વૉ. પુ. ૮ પૃ. ૪૦૨: ડૉ. કોનાઉની દલીલ એમ છે કે-આ ગાથાઓ, જેમ સાધારણ રીતે ધારી લેવાયું છે તેમ મગધપતિની સાલવારી દર્શાવતી નથી. પણ વાસ્તવિક રીતે તેના ( મહાવીરના ) નિર્વાણ અને વિક્રમાદિત્યના અંતરમાં જે રાજાઓ મધ્યહિંદ ઉપર રાજ્ય ભોગવી ગયા હતા તે હકીકત દર્શાવે છે.

J. O. B. R. S. Vol. I p. 102:—The Jaina chronology may be called the Ujjain chronology. જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું પૃ. ૧૦૨:-જૈન ગ્રંથમાં જે સાલવારી અપાયેલી છે તેને ઉજ્જૈનની સાલવારી કહી શકાય તેમ છે.

સંબંધ ધરાવતું આ સંકલન છે એમ બતાવવા માટેજ, શું આ પ્રકાશન કરવાનું તેણે સુવિહિત ધાર્યું નહીં હોય? દેખાય છે કે તેમ ધારીનેજ તેમણે અત્ર નિવેદન કરેલ છે, અને તે આપણે પૃ. ૧૯૫ થી ૨૦૦ માં સાબિત કરી ગયા છીએ.

હવે આપણે ત્રણે ગાથાઓ એક પછી એક તપાસીએ. પહેલી ગાથાનો અર્થ સ્પષ્ટ છે, એટલે તે બાબત કાંઇ બોલવા જરૂર નથી. બીજી ગાથાનો પ્રથમ ભાગ કે જેમાં રાજા પાલકે સાઠ વર્ષ પર્યંત એકલાએ રાજ્ય કર્યા હોવાનું લખેલ છે તેને બદલે પાલકના વંશે ૬૦ વર્ષ પર્યંત રાજ્ય કર્યું હતું, એમ લખવું વિશેષ માનનીય છે. હવે રહ્યો. તેનો ઉત્તર ભાગ તેણેજ સાથી વિશેષ ગુંચવાડો ઉભો કર્યો છે, તેમાં આ પ્રમાણે શબ્દો છે. "**पणवन्न सयंतु होइ ( नागाणां* ) नंदाण । अठ्ठसयं मुरियाणं**" અને તેનો અર્થ એમ કરાયો છે કે "નંદવંશના રાજાઓએ ૧૫૫ વર્ષ અને મૌર્યવંશીઓએ ૧૦૮ વર્ષ રાજ્ય કર્યું છે." આમાં પ્રથમ નંદવંશની હકીકત તપાસીએ. એ તો સુપ્રસિદ્ધ છે કે આખા નંદવંશનો રાજ્યકાળ માત્ર ૧૦૦ ( સો ) વર્ષનો ગણાય છે,[૪૦] તોપછી તે વંશ ૧૫૫ વર્ષ સુધી અવંતિ ઉપર અધિકાર ભોગવતો રહ્યો હતો એમ લખવાનું, આવો પ્રખર ઇતિહાસલેખક સાહસ કરી શકે ખરો? તેમ કરવા જતાં તો તેને મોટો અજ્ઞાનીજ[૪૧] કહેવો પડશે. એટલે સ્પષ્ટ છે કે કાં તો કોઇ શબ્દમાં હેરફેર થયો છે, કે લેખકનો આશય સમજવામાં કાંઇક ગલતી કરાઇ છે. મારી તરફની ચારથી પાંચ સૂચનાઓ છે, તેમાં કઈ વ્યાજબી હોઇ શકે તે તો ભાષાશાસ્ત્રીઓ પોતે વિચારીને પોતાનો નિર્ણય જાહેર કરી શકે.

એક સૂચના:–૧૫૫ વર્ષ સુધી નહીં પણ ૧૫૫ મા વર્ષ સુધી: not for 155 years but till the 155th year એમ ગણવું જોઈએ. અને આ વંશાવળીની આદિ શ્રી મહાવીર નિર્વાણ પામ્યા તે દીવસથી કરવામાં આવી છે. એટલે તેને મ. સં. ( મહાવીર સંવત ) ૧૫૫ ગણવો. અને તે ગણત્રીથી ઇ. સ. પૂ. ૫૨૭–૧૫૫=ઈ. સ. પૂ. ૩૭૨ આવશે એટલે કે ઇ. સ. પૂ. ૩૭૨ સુધી નંદવંશ ચાલ્યો હતો એમ અર્થ થયો. વળી તે ૧૫૫ વર્ષમાંથી પ્રથમના ૬૦ વર્ષ પાલકવંશના બાદ કરતાં જે ૯૫ વર્ષ બાકી રહે, તેટલા સમય સુધી નંદનવંશની હકુમતમાં આ અવંતી દેશ રહ્યો હતો એમ કહેવાની પણ મતલબ થઇ.

બીજી સૂચના:–અઠ્ઠસયં શબ્દને પાછળના મુરિયાણંની સાથે ન લેતાં, આગળના નંદાણંની સાથે લઈ જવો. એટલે "પણવન્ન સયંતુ હોઈ ( અહીં નાગાણાં શબ્દ મેં મૂકયો છે. ) નંદાણ અઠ્ઠસયં" થયું. અને પાછા તેના બે ભાગ પાડી 'પણવન્ન સયંતુ' એક ભાગ અને 'હોઇ નંદાણ અઠ્ઠસયં' તે બીજો ભાગ ગણો: હવે તેનો અર્થ એમ થશે કે, The family of Nanda which ruled upto 155th year, had begun to rule after a length of 108 years of the Nagas ( Shishunaga dynasty is shortly called Nagas ). This Nanda dynasty is also a part of the Shishunaga dynasty; so Nandas can also be called Nagas–જે

---

* બ્રેકેટમાં મૂકેલા શબ્દો મારા પોતા તરફના સમજવાના છે.

( ૪૦ ) તેમની વંશાવળી અને રાજ્યકાળ માટે જુઓ "નંદવંશ" ના ઈતિહાસમાં ( દ્વિતીયખંડે. )

( ૪૧ ) જુઓ પૃ. ૨૧૪ ઉપરના પારિગ્રાફના અંત ઉપરનું લખાણ.

નંદવંશી રાજાઓએ ૧૫૫મા વર્ષ પર્યંત રાજ્ય કર્યું છે, તેમાં તેમનો રાજ્યારંભ તો પોતાના નાગવંશીઓએ ૧૦૮ વર્ષ રાજ્ય કર્યું હતું ત્યાર પછીજ થયો હતો. ( અને આ ૧૦૮ વર્ષ નીચે પ્રમાણે ગણ્યાં છે. શ્રી મહાવીરની વિદ્યમાનતામાં રાજા શ્રેણિકનું રાજ્ય હતું તેના ૫૨+તે બાદ કૂણિકના ૩૨ વર્ષ+તેબાદ ઉદયનના ૧૬+તે બાદ અનુરૂદ્ધ-મુંદના ૮: એમ કુલ મળીને ૧૦૮ વર્ષ થયાં. એટલે કે ૧૦૮ છે તે અમુક વંશને ( શિશુનાગવંશને અથવા ટૂંકમાં કહેતાં, નાગવંશને[૪૨] )ઉદ્દેશીને સંખ્યાસૂચક વર્ષનો આંક છે, જ્યારે ૧૫૫ છે તે અવંતિના રાજ્ય ઉપર હકુમત ભોગવતા રાજ્યવંશના વર્ષનો સંખ્યાસુચકનો આંક છે.

ત્રીજી સૂચનાઃ-ઉપરની બીજી સૂચનામાં જે 'નંદાણું' અને 'નાગાણું' એમ બે ભાગ પાડીને અર્થ બેસાર્યો છે. તેને બદલે એકલું 'નાગાણું'જ લઇએ તો, બધી કડાકૂટ અને ખટપટ નીકળી જાય છે. એટલે કે, અવંતિ ઉપર ૧૫૫ વર્ષ સુધી ( મ. સ. ૧૫૫મા વર્ષ પર્યંત ) નાગવંશી રાજાઓએ ( શિશુનાગવંશ અને નંદવંશ બન્નેને ઉદ્દેશીને એકજ શબ્દ વાપર્યો છે ) રાજ્ય કર્યું હતું. આ પ્રમાણે કહેવાનો હેતુ સંભવે છે.

ચોથી સૂચનાઃ-અઠ્ઠસયં શબ્દને મુરિયાણુંથી છૂટો પાડી, આગલની ગાથા સાથે જોડતાં, 'પાલગો-રાયા' શબ્દના ગુણવાચક તરીકે પણ 'અઠ્ઠસયં' લઇ શકાય છે; એટલે કે, 'પાલકનો જે વંશ અવંતિ ઉપર ૧૦૮ વર્ષ પર્યંત રાજ્ય કરીને ખતમ થયો હતો, અને જેની પછી નંદવંશે ૧૫૫ મા વર્ષ સુધી રાજ્ય કર્યું હતું' એટલું તાત્પર્ય સૂચવવા પૂરતુંજ તેમાં કથન કર્યું છે. કારણ કે લેખક ( પરિશિષ્ટકાર ) પોતે જૈનધર્મી છે અને જૈન ધર્મનો ઇતિહાસ લખે છે, માટેજ આ ગાથાઓ દાખલ કરી છે. વળી તેણે પાલકના વંશની ગણત્રી, ચંડપ્રદ્યોતથીજ કરી છે, કેમકે રાજા ચંડ પોતે, પોતાના રાજ્યના પ્રારંભે તો બ્રાહ્મણ ધર્મીજ[૪૩] હતો પણ પાછળથીજ જૈન મતાનુયાયી બન્યો હતો. એટલે અનુમાન થાય છે કે રાજા ચંડના પિતાનો ધર્મ પણ, બ્રાહ્મણ-વૈદિક ધર્મજ હતો. જેથી ચંડપ્રદ્યોતથી માંડીને -હિસાબ કરતાં-તેના રાજ્યકાળના ૪૮ વર્ષ;[૪૪] અને તે બાદ પાલક, તથા તેના અનુજોના એકંદર ૬૦ વર્ષ, એમ કુલ મળીને ૧૦૮ વર્ષ થાય છે તેટલું જણાવવા પૂરતો આ ગ્રંથકારનો હેતુ હતો.

પાંચમી સૂચનાઃ-જો અઠ્ઠસયં શબ્દને મુરિયાણું શબ્દ સાથેજ જોડવાનો હોય તો, અઠ્ઠસયંને બદલે અઠ્ઠસઠ્ઠસયં શબ્દ, મૂળમાં તો ગ્રંથકારે લખ્યો હોવો જોઇએ; પણ કોપી કરનાર લહિઆએ, અઠ્ઠ અને સઠ્ઠ શબ્દો બંને સાથે સાથે આવતા હોવાથી, પૂર્વના લહિઆની ગલતી થયેલી માની, પોતાનું ડહાપણ વાપરી, તે બેમાંથી એક શબ્દ ઉડાડી મૂક્યો હોય અને તેથી કરીને 'અઠ્ઠસયં મુરિયાણું' વંચાતો રહ્યો

( ૪૨ ) ઉપરનું ટીપણ* જુઓ. નાગાણું= એટલે નાગવંશીઓમાંના નંદરાજાઓના વંશને.

( ૪૩ ) જૈનધર્મી નહોતો એટલે કે અજૈન હતો; અને તે સમયે જૈન અને વૈદિક એમ બે જ સંપ્રદાય અસ્તિત્વ ધરાવતા હતા, એટલે જ્યારે જૈન ન હોય ત્યારે વૈદિક ધર્મી=બ્રાહ્મણજ હોઈ શકે તે ગણત્રીએ તેને બ્રાહ્મણધર્મી ગણાવ્યો છે. અને તે જૈન નહોતો એમ તો આપણે પૃ. ૧૨૯, ૧૩૧ ઉપર જોઈ ગયા છીએ.

( ૪૪ ) જુઓ પૃ. ૧૩૧: વળી જુઓ પૃ. ૨૭૫નું લખાણ તથા તેનું ટીપણ નં. ૨૮

હોય; જ્યારે મૂળ લેખકનો આશય 'અટ્ઠસટ્ઠસયં મુરિયાણું,' લખવામાં એ હતો કે, જે મૌર્યવંશે અટ્ઠ એટલે આઠ, સટ્ઠ એટલે સાઠ અને સયં કહેતા સો. એટલે ૮+૬૦+૧૦૦=કુલ ૧૬૮ વર્ષ રાજ્ય કર્યું છે, તે માૈર્યવંશે, એક સો પંચાવનમા વર્ષ બાદ, અવંતિ પ્રદેશ ઉપર સ્વામિત્વ ભોગવવા માંડયું હતું. વળી મૌર્ય રાજ્યકર્તાઓના આખા વંશનો રાજ્યકાળ ૧૬૮ વર્ષનો જણાવે છે: અને તેમની વંશાવળી જોતાં તે બાબત બરાબર પણ દેખાય છે જ. એટલે કે ગ્રંથકારે બે મુદ્દા જણાવ્યા છે એક તો, મૌર્યવંશનો એકંદર રાજ્યકાળ ૧૬૮ વર્ષ ચાલ્યો હતો તે, અને બીજો એ કે તેમની સત્તા અવંતિના પ્રદેશ ઉપર સંવત ૧૫૫ પછી થવા પામી હતી તે.

"અટ્ઠસયં" શબ્દના આ ગાથામાં થયેલ વપરાશ પરત્વે આ પ્રમાણે મારી પાંચ સૂચનાઓ થાય છે. કઇ વિશેષ બંધબેસતી ગણી શકાય તે વિચારકો સ્વયં વિચારી જોશે.

મૌર્યવંશ પછી પુષ્યમિત્રે ત્રીસ વર્ષ રાજ્ય કર્યું છે. ( અહીં બીજી ગાથા સમાપ્ત થાય છે. ) હવે ત્રીજી ગાથા—બળમિત્ર, ભાનુમિત્રાદિએ ૬૦ વર્ષ પર્યંત રાજ્ય કર્યું છે, અને આપણે આ બન્ને બળમિત્ર, ભાનુમિત્રના વર્ણને આગળ જોઇશું કે, તેઓ પણ શુંગવંશીજ હતા એટલે પુષ્યમિત્રના ૩૦ ની સાથે આ ૬૦ વર્ષ ગણતાં, આખો શુંગવંશ ૯૦ વર્ષ પર્યંત ચાલ્યાનું પણ જણાવી દીધું કહેવાશે. ( અલબત્ત પુરાણમાં શુંગવંશના ૧૧૨ વર્ષ ગણાવ્યાં છે, પણ તે કઇ ગણત્રીથી કહ્યા છે તેનો ભેદ શુંગવંશની હકીકત લખતાં આપણે જણાવીશું ). શુંગવંશ પછી નભોવાહનનું[૪૫] રાજ્ય અવંતિ ઉપર ચાલીસ વર્ષ ચાલ્યું છે. તે બાદ ગર્દભિલવંશના હાથમાં અવંતિનું રાજ્ય ગયું છે. તેનું રાજ્ય ૧૩ વર્ષ પર્યંત ચાલ્યું હતું. પછી શક પ્રજાનું રાજ્ય ચાર વર્ષ ચાલ્યું અને તે બાદ વીર વિક્રમાદિત્ય—શકારિ અવંતિપતિ તરીકે ગાદિ ઉપર બિરાજમાન થયો. આ પ્રમાણે ત્રણે ગાથાનો ભાવાર્થ છે.

એટલે કે શ્રી મહાવીર નિર્વાણ પામ્યા પછી, ૬૦ વર્ષ પાલકના વંશના: તેના અને નંદ વંશના સમુચ્ચયે ૧૫૫ વર્ષ + ૧૬૮ વર્ષ મૌર્યના + ૩૦ પુષ્યમિત્રના + ૬૦ વર્ષ બળમિત્ર, ભાનુમિત્રના + ૪૦ વર્ષ નભોવાહનના + ૧૩ વર્ષ ગર્દભિલના + ૪ વર્ષ શકરાજ્યના[૪૬] એમ કુલ મળીને ૪૭૦ વર્ષ વીત્યા બાદ, શકારિ વીર વિક્રમ અવંતિપતિ થયો; અને તેથીજ વીર સંવત અને વિક્રમ સંવત વચ્ચેનું અંતર આપણે ૪૭૦ વર્ષનું જે ગણીએ છીએ તે સત્ય છે, એમ પણ આ હકીકત ઉપરથી સિદ્ધ થઇ ચુકયું.

આ ઉપરથી સમજાશે કે, પરિશિષ્ટકારનું કથન તો તદ્દન સત્યપૂર્ણજ છે, પણ જેમ કાવ્ય પરત્વે સદા બનતું આવ્યું છે કે તેની કડીઓ સંક્ષિપ્તમાંજ ગુંથાય, તેમ અત્રે પણ ગાથાની કડીઓ તેવીજ રીતે સંક્ષિપ્તમાં

---

( ૪૫ ) આ નભોવાહન તે હિંદી નામ છે; જ્યારે તેની જાતિનું અસલ નામ "નહપાણ" હતું અને ક્ષહરાટ નહપાણ તો ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. એટલે કહેવાનો ભાવાર્થ એ છે કે, નહપાણે અવંતિપતિ તરીકે ૪૦ વર્ષ રાજ્ય કર્યું છે. ( તે માટે આગળ ઉપર તેના વૃત્તાંતે જુઓ. )

( ૪૬ ) જૈનમતાનુસાર ગર્દભિલના ૧૩ અને શકના ૪ મળી ૧૭ વર્ષ ગણાયાં છે જ્યારે પુરાણકારના મતથી ( જુઓ ગર્દભિલની હકીકત ) ૧૦ અને ૭ ના અનુક્રમથી ૧૭ વર્ષ ગણાયાં છે. કયો મત સાચો કહેવાય તે વિદ્વાનોએ શોધવું રહે છે; બાકી બન્નેના મત પ્રમાણે એકંદર સમય તો ૧૭ વર્ષનોજ લેખાવાયો છે.

ગુંથાયેલી હોવાથી, તેમજ વિદ્વાનોને અન્ય ઐતિહાસિક વિગતોની માહિતી નહીં હોવાથી, તેમણે સ્વ-મત્યાનુસાર અર્થ બેસારી દીધો. એટલે તેમના હાથે બે દોષ થઇ ગયા. ( ૧ ) ઐતિહાસિક સત્ય માર્યું ગયું અને ( ૨ ) ઇતિહાસના વિષયમાં આધક ઉપકારી ગણી શકાય તેવા મહાન પુરૂષ-પરિશિષ્ટકારને અપ્રમાણિક ઠરાવી દીધો.

હવે તે સર્વ વિદ્વાનોને કબૂલ કરવું પડશે કે તેમાં પરિશિષ્ટકારનો દોષ તો કિંચિત્ માત્ર પણ નથી; બાકી મુખ્યતયા તો અર્થ ન સમજવામાં તેમની પોતાની મતિનું સ્થૂલપણુંજ જવાબદાર હતું.

## ( ૧ ) પુનિક

**પ્રદ્યોતવંશી રાજાઓનાં જીવન-ચરિત્રો**

પૃ. ૯૭ ઉપર આપણે જોઈ ગયા છીએ કે, જ્યારે રાજા શિશુનાગ કાશીપતિ થયો ત્યારે અવંતિ ઉપર વિતિહોત્રીઓનું રાજ્ય ચાલતું હતું, અને આ વિતિહોત્રીઓ બાદ તુરત પ્રદ્યોતવંશી રાજા પુનિકનો રાજ્યઅમલ શરૂ થયો છે. અને પ્રદ્યોતવંશના આદ્ય પુરૂષ, આ રાજા પુનિકના રાજ્યનો અંત અને દ્વિતીય રાજા ચંડનું ગાદીનશીન થવું ઇ. સ. પૂ. ૫૭૪ માં ગણ્યું છે. વળી રાજા પુનિકનો અમલ ૨૦-૨૧ વર્ષ પર્યંત ચાલ્યાનું પણ જણાવી ગયા છીએ. એટલે પુનિકનું રાજ્ય ઇ. સ. પૂ. ૫૯૫ થી ૫૭૪ સુધીનું થયું. આ વિતિહોત્રીઓ પાસેથી રાજા પુનિકે કેવી રીતે રાજ્યપ્રાપ્તિ કરી તથા તે બન્ને ( વિતિહોત્રી અને પ્રદ્યોત ) વંશ વચ્ચે કાંઈ સગપણ સંબંધ હતો કે કેમ? તે હકીકત જણાઈ નથી; પણ જ્યારે રાજા શિશુનાગે પોતાના વંશની સ્થાપના ( ઇ. સ. પૂ. ૮૦૪ માં )[૪૭] કરી હતી, ત્યારે વિતિહોત્રીઓ અવંતિપતિ હતાજ. અને તેમનો અંત ઈ. સ. પૂ. ૫૯૬ માં થયો છે એટલે ઓછામાં ઓછો તેમનો અમલ અવંતિ ઉપર ૮૦૪-૫૯૬=૨૦૮ વર્ષથી વધારે વર્ષ પર્યંત ચાલ્યોજ ગણી શકાય.

તે સિવાય અન્ય કોઈ હકીકત આ રાજા પુનિક વિશે આપણી જાણમાં આવતી નથી. જો કે આડકતરી રીતે તેના કારભાર-જીવનચર્યા વિશે પૃ. ૨૦૫ માં એટલો ઈસારો થઇ ગયો છે કે તે બહુ દંભી રાજકર્તા હતો. તેમ જુલ્મી પણ કદાચ તે હશે. એટલે તેના અમલદારો તેના વિશે બહુમાન ધરાવતા નહોતા. અને પોતે ભલે વૈદિક મતાનુયાયી હતો છતાં, મત્સ્યપુરાણ જેવાએ પણ તેના નામનો કે રાજ્યનો ઉલ્લેખ સરખોયે કરવાનું ઉચિત વિચાર્યું નથી. આ ઉપરથી એટલુંજ તારણ કરી શકાય છે કે તેનો આખોયે રાજ્યકાળ ઇતિહાસની દૃષ્ટિએ તદ્દન કોરોજ પસાર થઇ ગયો હશે. આટલું જણાવી આપણે આગળ વધીશું.

## ( ૨ ) ચંડપ્રદ્યોત

તે ગાદીએ આવ્યો ત્યારે લગભગ પચીસ-ત્રીસ વરસનો ભર યુવાવસ્થામાં હતો. એટલે સ્વાભાવિક છે કે, તેનું રાજ્ય કાંઇક ૪૮ વર્ષ પર્યંતના દીર્ઘકાળ સુધી ચાલ્યું સંભવી શકે. પોતે મહાપરાક્રમી અને બાહુબળી લડવૈયો હતો, તેથી અતિ મગરૂર હતો. એક તો યુવાવસ્થા, બીજુ મોટા રાજ્યનો ધણી અને ત્રીજું લડવૈયા તરીકે બળનો મદ-આમ ત્રણે પ્રકારના કેફને લીધે તે સ્વભાવે પણ અતિક્રૂર[૪૮] બની ગયો હતો, તેમ વિધવિધ પ્રકારના વેગવાન સૈન્યના લડાયક

( ૪૭ ) જુઓ મગધ દેશના વર્ણને શિશુનાગ વંશની નામાવલી.

( ૪૮ ) આપણે તો ચંડપ્રદ્યોતને આ વિશેષણ લગાડવાનું છે, બાકી ગ્રંથકારે પાલકને અંગે ગેરસમજથી

અંશો[૪૯] ધરાવતો હોવાથી, તે મનમાં અહંકાર પામી પોતાને અજેય માનતો હતો; તેથી કરીને તેનું ખરૂં નામ તો મહસેન[૫૦] હતું છતાં, જૈન ગ્રંથકારોએ તેના તીવ્ર અને ક્રૂર સ્વભાવને લીધે તેને ચંડ[૫૧] નામ આપી દીધું છે; જેથી ઇતિહાસમાં ચંડ-પ્રદ્યોતના[૫૨] નામથી તે વિશેષ પ્રખ્યાત થયો છે.

આપણે ઉપર કહી ગયા છીએ કે તે સત્તા, યુવાવસ્થા અને બાહુબળ એમ ત્રણ પ્રકારના મદથી અતિ ગર્વિષ્ઠ બની ગયો હતો. અને તેના આવા મદમાં આઘુંપાછું જોયા વિના,[૫૩] તે એવાં તો કામ કરી વાળતો, કે જે તેના નામને કલંક સમાન નીવડતાં. જો તેમ નહીં હોત, તો તેના નામને જે કાંઇ ઝાંખપ

---

વાપર્યું છે. તે અવતરણ માટે નીચેના ટી. ૫૫ માં જ. ઓ. બી. રી. સો. વાળા શબ્દો જુઓ.

( ૪૯ ) તેના લશ્કરના ચાર વિભાગ હતા જેમાંથી (૧) ઓપનિક નામે રથ, ગુલામો ખેંચી જતા હતા અને તેની ગતિ, એક દિવસમાં ૬૦ યોજન જવાની અને તેટલીજ પાછી આવવા જેટલી હતી (૨) માલગિરિ નામે હાથીની ( જૈન ગ્રંથમાં અનલગિરિ નામ લખ્યું છે). ૧૦૦ યોજનની, (૩) મુદ્રકેશી નામની સાંઢણીની ૧૨૦ યોજનની અને (૪) તલકર્ણિક નામે અશ્વની ૮૦ યોજનની ગતિ હતી. ( જુઓ ભા. પૃ. ૨ ) He had four kinds of army: of which (1) chariot called Opanic drawn by slaves that would go in one day 60 yojanas & return (2) an elephant called Malgiri (Jain books call her Analgiri ) that would go in one day 100 yojanas & return (3) A mule ( a female camel ) called Mudrakeshi that would go in one day 120 yojanas & return and (4) a horse called Telekarnika that would go the same distance ( Bharhut stupa by Cunningham P. 2 )

વ્યુત્પત્તિના અર્થ પ્રમાણે જો તેનું નામ પાડવામાં આવ્યું હોય તો, મહસેન કરતાં મહાસેનાનીનું નામ શોભિતું ગણાશે.

( ૫૦ ) જુઓ જૈન સાહિત્ય લેખ સંગ્રહ પૃ. ૭૬. વળી જૈન સ્તોત્રોમાં પણ ગવાય છે કે—

"શાસનનાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો.

અર્થ:-(૧) શાસન ( જૈન ધર્મ ) ના નાયક એવા શ્રી મહાવીરને કૈવલ્યજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે ચતુર્વિધ સંઘની સ્થાપના કરવા માટે તેઓશ્રી મહસેન વનમાં આવ્યા. અથવા ( ૨ ) એમ પણ અર્થ થાય કે, તે વખતે ચતુર્વિધ સંઘની સ્થાપના કરવા, જે વનમાં શ્રી મહાવીર સમોસર્યા હતા ત્યાં રાજા મહસેન, આવ્યો. આ બેમાંથી પહેલો અર્થ વિશેષ સારો દેખાય છે.

જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૧૦૬ આ બનાવ ઉજ્જૈનીમાં બન્યો છે તેનું વિશેષ વર્ણન, શ્રી મહાવીર ચરિત્ર નામે પુસ્તક જે હું લખવાનો છું ત્યાંથી જોઈ લેવું. ( J. O. B. R. S. Vol. I. P. 106. Pradyota is called the Mahasen both by Bhasa and Bana

( ૫૧ ) ચંડ=તીવ્ર (quick) પ્રચંડ=more acute: quicker. ( જુઓ ક. સૂ. સુ. પૃ. ૩૦: પ્રચંડ ગતિથી હરિણગમેષી ચાલ્યો. ) Chand also means large. Chandpradyota had a very large army.

જૈન ગ્રંથકારોની એ ટેવ છે કે રાજાઓને તેના વિશિષ્ટ અંશને અંગે અમુક બિરૂદ=અપર નામ દેવું અને તે નામથી સંબોધ્યા કરવું. તેનો આ એક ઉજ્વલ દૃષ્ટાંત છે ( સરખાવો પૃ. ૮૩ ઉપર જૈન ગ્રંથકારોની એક ખાસિયતવાળો પારિગ્રાફ તથા તેને લગતી ટીકાઓ. )

( ૫૨ ) ચંડ+અશોક=ચંડાશોક. ચંડ+પ્રદ્યોત= ચંડપ્રદ્યોત : આ બન્ને શબ્દો સરખાવો.

( ૫૩ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧. ટી. ૧૪૪:—કયા રાજાને ગાદી ઉપર રહેવા દેવો તેનો નિર્ણય કરવાનું કામ પણ તેની મુનસફી ઉપર હતું. J. O. B.

ઈતિહાસના પાને અંકિત થયેલી નિહાળીએ છીએ તે સ્થાને, કોઇને પણ વરી ન હોય તેવી ઉજ્જવળ કીર્તિ-રાણીનો તે સહયોગી[૫૪] થઇ પડ્યો હોત. અત્રે આપણે તેની આવી ઘેલછાસૂચક[૫૫] બે પ્રકરણ જણાવીશું. એક પોતાના પશ્ચિમ સીમાડાના પડોશી-પ્રદેશના સિંધુ-સૌવિરપતિ રાજા ઉદયન પ્રતિનો છે. અને બીજો ઉત્તર સીમાડાના પડોશીપ્રદેશ એવા વત્સપતિ રાજા શતાનિક સંબંધીનો છે. આ બન્ને પ્રસંગમાં તેને ખત્તા ખાવા પડ્યા હતા. પ્રથમમાં તેને અપમાનિત થઇને, કપાળમાં (મમ દાસીપતિ) એવા શબ્દોથી અંકિત સુવર્ણપટ્ટી પહેરવી પડી હતી અને બીજાના પરિણામે પોતાની આઠ રાણીઓનો હમેશ માટે વિયોગ સહન કરવો પડ્યો હતો. ( જો કે આ પ્રસંગ રાણીઓની બાબતમાં તો પ્રશસ્તપણે પરિણમિત થયો કહી શકાય, પણ તેને પોતાને માટે તો એક રીતે શોકકારકજ હતો. ) આ પ્રસંગોમાંનો પ્રથમ કેવી રીતે ઉપસ્થિત થયો હતો તે આપણે ઉપર પૃ. ૧૨૭ થી ૧૩૦ માં વર્ણવી ચુકયા છીએ. એટલે અત્ર કેવળ બીજાનુંજ નિવેદન કરવું રહે છે. તે નીચે પ્રમાણે બન્યો હતો.

વત્સપતિ રાજા શતાનિકને, પોતાની રાણી મૃગાવતીની લાવણ્યતાને લીધે, રાજા ચંડ સાથે કેવી રીતે યુદ્ધ થયું હતું અને તેનું પરિણામ આવ્યા પહેલાં અતિસારના રોગથી મરણ નીપજ્યું હતું તે હકીકત પૃ. ૧૧૩-૪ ઉપર લખી ગયા છીએ. વળી તે બાદ રાજા ચંડે રાણી મૃગાવતીનું અપમાન કરવાનું કેવી રીતે ચાલુ રાખ્યું હતું અને પરિણામે શ્રી મહાવીરે પોતે હાજર થઈ, તેને ઉપદિશ્યો તથા ચંડની પટરાણી શિવા અને અન્ય આઠ રાણીઓને દીક્ષા દીધી, તે હકીકત પણ પૃ. ૧૩૨ ઉપર લખાઇ ગઈ છે. અને પછી જ્યારે રાજા ઉદયન વત્સપતિએ ઉમરે પહોંચ્યા બાદ, પોતાની વિધવા માતાની પજવણી રાજા ચંડે કર્યાની વાત જ્યારે સાંભળી હતી ત્યારે રાજા ચંડે કરેલ અપમાનનો બદલો વાળવા, તે ચંડનીજ પુત્રી વાસવદત્તાનું તેણે હરણ કરી તેની સાથે ગાંધર્વ લગ્ન કરી વાળ્યું હતું, તે હકીકત પણ આપણે પૃ. ૧૧૬-૭ ઉપર જણાવી ગયા છીએ. આમ આ બન્ને કિસ્સામાં જ્યાં ને ત્યાં તેણે ઠોકર ઉપર ઠોકરજ ખાધા કરી છે.

સિંધુપતિ ઉદયનની સાથે ઇ. સ. પૂ. ૫૬૧ માં યુદ્ધ થયું ત્યાંસુધી તે તાપસ ધર્મનો ભક્ત હતો. પણ પછી જ્યારે ઉદયને, સંવત્સરિક પ્રાતક્રમણ

---

R. S. Vol. I. fn. 144 :—With him rested the decision as to which of the reigning monarchs should be allowed to enjoy the sovereignties. ( શું આ શબ્દો સત્તાનો મદ દર્શાવતા નથી ? )

(૫૪) નીચેની ટીકા ( ૫૫ ) માં વપરાયેલા 'નરોત્તમ ' શબ્દ સાથે સરખાવો.

( ૫૫ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૧૦૬:— પાલક પોતાના પિતાના પગલેજ જીવન ગુજારતો હતો. તેના પિતાને ( ખરી રીતે પૂરોગામી લખવું જોઈએ : અર્થાત્ રાજા ચંડને ) વાયુપુરાણમાં અને મત્સ્યમાં, રાજકીય સિદ્ધાંતોમાં શંકાશીલ વર્ણવ્યો છે. જો કે નરોત્તમ પદને તે અલંકૃત કરે તેવો હતો. બૌદ્ધ ગ્રંથોમાં તેને ચંડ અને ક્રૂર તરીકે જણાવ્યો છે. J. O. B. R. S. Vol. I. P. 106 :—Palaka carried on the traditions of his father. His father ( really it ought to be predecessor; meaning Chandraja ) is described as unscrupulous by the Vayupurana and by the Matsyapurana as immoral in foreign policy ( જેના દષ્ટાંતો તરીકે આપણે આ પારિગ્રાફમાં સીમાડાના પાડોશી રાજાઓ સાથે આખડવાના પ્રસંગો તેણે ઉભા કર્યા હતા તે બતાવીએ છીએ ) although a great man Narottam and by Buddhist writers as fierce and cruel.

કરતાં પહેલાં ખમાવ્યો ત્યારથી, તેણે જૈન ધર્મ તરફ ઢળવા માંડયું હતું. અને તે ધીમે ધીમે એવો તો દૃઢ જૈનધર્મી બની ગયો હતો કે [૫૬]વિદેહ-પતિ–વૈશાળીપતિ રાજા ચેટકે, પોતાની કુંવરી શિવાદેવીને, તેની પોતાની વેરે ઇ. પૂ. ૫૬૦ માં[૫૭] પરણાવી દીધી હતી. આ રાણી વિદેહની કુંવરી હોવાથી, કવિ ભાસે તેણીને વૈદેહિ રાણી તરીકે ઓળખાવી છે.[૫૮]

તેના રાજ્યઅમલે ઉજ્જૈનીમાં ભારે અગ્નિ-પ્રકોપ સળગ્યો હતો. તે આ વૈદેહી રાણી શિવા-દેવીએ પોતાના શિયળના પ્રભાવે ઠારી દીધો હતો. તે વર્ણન આપણે ઉપરમાં પૃ. ૧૮૨ માં જણાવી ગયા છીએ. આ પ્રમાણે ચાર પાંચ મુખ્ય બનાવ સિવાય અન્ય કાંઈ વિશેષ તેના કાળે નોંધવાનું રહેતું નથી.

તેણે પોતાના બાહુબળથી ઘણો મુલક જીતી લીધો હતો અને ચૌદ મુકુટધારી રાજાઓને પોતાના ખંડીયા રાજા બનાવ્યા હતા.[૫૯]

અડતાળીશ વર્ષનું રાજ્ય ભોગવી અંતે, ઈ. સ. પૂ. ૫૨૭ માં જે રાત્રીને વિશે શ્રી મહાવીર નિર્વાણ પદને પામ્યા તેજ રાત્રીના રાજા ચંડ મૃત્યુ પામ્યો. તેની પાછળ પાલક ગાદીએ બેઠો. આ પાલક વૈદિક મતાનુસાર રાજા ચંડનો પુત્ર થતો હતો જ્યારે ગોપાળ અને પાલક બન્ને જૈન ગ્રંથાનુસાર રાજા ચંડના ભાઇઓ થતા હતા.[૬૦] તેમાં મોટા ગોપાળે દીક્ષા લીધી હતી એટલે પાલક જે નાનો હતો તે અવંતિપતિ થયો.

**પાલક**

તેનું રાજ્ય બહુ ટૂંકું નીવડયું હતું બહુમાં બહુ તો ૭–૭॥ વર્ષજ[૬૧] ચાલ્યું હોવું જોઇએ. ( ઇ. સ. પૂ. ૫૨૭ થી ૫૨૦ ). આમ થવાનું કારણ કાંઈ પોતે ગાદીપતિ થયો ત્યારે મોટી ઉમરનો હતો એમ નહોતું. એમતો તે બહુ ત્યારે ૪૦ વર્ષની ઉમ-રનોજ હશે. પણ પોતે, પોતાના જ્યેષ્ટ બંધુ રાજા ચંડના જેવો ક્રોધી અને તુંડમીજાજી હતો. એટલે પ્રજા ઉપર જુલ્મ ગુજારવામાં કાંઇ પણ પાછું વાળીને જોતો નહોતો. જ્યારે તેણે વર્તા-વેલા સીતમ પ્રજાને અસહ્ય થઇ પડયા ત્યારે પ્રજાએ એકત્ર મળીને, નગરશેઠની સહાયથી[૬૨]

---

( ૫૬ ) ભ. બા. વૃ. ભા. પૃ. ૮૪.

( ૫૭ ) જુઓ ઉપરનું પૃ. ૧૩૧.

( ૫૮ ) ભાસરચિત વાસવદત્તા જુઓ પૃ. ૬૮. ( પ્રદ્યોતના પિતાનું નામ ભાસે લખ્યું નથી પણ તેની માતાને વૈદેહિ હોવાનું જણાવ્યું છે ) આ પ્રમાણે જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું પૃ. ૧૦૬ ના ટીપણ ૧૪૪ માં ટાંચણ કરેલ છે. જુઓ Vasavdatta by Bhasa P. 68 ( Bhasa omits this king Pradyota's father's name but mentions his Vaidehi mother ) the above sentence is quoted in J. O. B. R. S. Vol. I. P. 106. f.n. 144. વળી જુઓ ઉપર પૃ. ૨૦૩. ટીકા. ૩૫ (૧).

( ૫૯ ) ક. સૂ. ટીકા પૃ. ૧૩૮.

( ૬૦ ) ભ. બા. વૃ. ભા પૃ. ૩૭૨.

( ૬૧ ) જુઓ પૃ. ૨૦૪ અને પૃ. ૨૦૩ ઉપરની ટી. ૩૪

( ૬૨ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૧૦૬:— પાલક જુલ્મગાર હતો. રાજધાનીના વ્યાપારી મંડળના પ્રમુખની આગેવાની નીચે, પ્રજાએ તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો. અને ગોપાળને બંદિખાનામાંથી મુક્ત કરી, ગાદીએ બેસાર્યો (એટલે કે પાલકની પછી ગોપાળ રાજા થયો). J. O. B. R. S. Vol. I. P. 106:— Palaka was a tyrant. The populace headed by the president of the guild-merchant of the capital, deposed him and having brought out Gopal from the prison, put him on the throne.

તેને પદભ્રષ્ટ કરી, તેના સ્થાને તેના વડીલ પુત્ર દંતિવર્ધનને રાજ્યાસને બેસાડયો[૬૩]

**દંતિવર્ધન[૬૪]**

રાજા પાલકનો જ્યેષ્ઠ પુત્ર દંતિવર્ધન રાજા બનવાથી, તેનો નાનો ભાઈ, જે રાષ્ટ્રવર્ધન નામે હતો, તેને યુવરાજ પદવી મળી. આ દંતિવર્ધનનું રાજ્ય આશરે વીસેક[૬૫] વર્ષ ચાલ્યું હશે એમ સમજાય છે. તેનો અમલ પણ તેના પિતાની પેઠે કાંઇક ત્રાસદાયકજ નીવડયો હશે. ઉપરાંત તેને પણ ઢાંકી દે તેવું ઓર વિશેષ તો તેનું વ્યભિચારપણું હતું. પોતાના નાના ભાઇ રાષ્ટ્રવર્ધનની ધારિણી નામની રાણી હતી. એકદા તેનું મનોહર લાવણ્યવંતુ રૂપ રાજા દંતિવર્ધનની નજરે પડી ગયું ત્યારથી તેણીને મેળવવાને તે આકુળવ્યાકુળ રહેવા મંડયો અને ઘણા ઉપાયો યોજ્યા છતાં પણ ફાવ્યો નહીં. છેવટે તે કુબુદ્ધિતને મનમાં એમ સૂઝયું, કે જ્યાં સુધી ભાઇ હૈયાત છે, ત્યાં સુધી તેની રાણીને મેળવવી ભારે છે. એટલે તે ભ્રષ્ટાચારીએ કુભાંડ રચી નાના ભાઇનો ઘાત કરાવ્યો[૬૬] આ બધું તર્કટ પોતાના જ્યેષ્ઠનું ( ધણીથી મોટોભાઇ તે જ્યેષ્ઠ કહેવાય ) હોવાનું સમજી જઈ, રાણી ધારિણી પોતાના શિયળના રક્ષણ અર્થે બે ત્રણ માસથી ગર્ભવતી હતી છતાં, ત્યાંથી ( પોતાનો એક પુત્ર હતો તેને મૂકીને ) નાશી છુટી અને પડોશના વત્સદેશના શાસક ઉદયનની પટરાણી વાસવદત્તા કે જે તેણીની નણંદ થતી હતી, તેણીના[૬૭] આશ્રયે તે ગઇ. થોડા દીવસ રહીને જ્યારે તેનો જીવ હેઠો બેઠો, ત્યારે સંસાર ખારો જાણી, દીક્ષા લઇ લીધી. પણ પોતે ગર્ભવતી હતી તેમ ગુરૂણીને જાહેર ન કર્યું. હવે કાળે કરીને ગર્ભનાં ચિહ્ન સ્પષ્ટપણે દેખાવાં મંડયાં એટલે એકાંતમાં તેણીને રાખવામાં આવી. અને તેણીને જે પુત્ર પ્રસવ્યો તેને કંબળમાં વીંટી અંગુલિમાં મુદ્રિકા પહેરાવી રાજમહેલના નીકટના માર્ગમાં મૂકી દીધો. સદભાગ્યે આ સમય પછી તુર્તજ, રાજા ઉદયનના અંતઃપુરની કોઈ દાસીનું તે રસ્તેથી પસાર થવું થયું. તેટલામાં તે દાસીને બાળકનું રૂદન સાંભળી આશ્ચર્ય થયું અને રડતો અવાજ આવતો હતો તે દિશાએ જઇને જોયું તો અલૌકિક કાંતિવાન કોઇ

---

( accordingly Gopal must be said to have succeeded Palaka ) આ હકીકત પુરાણના આધારે લીધી છે. જ્યારે મેં, જૈન ગ્રંથમાં જણાવેલી હકીકત આધારે અહીં વૃત્તાંત લખ્યું છે. બેમાંથી જે હકીકત, વધારે પ્રમાણવાળી લાગે તે, શોધકે ખરી માનવી.


( ૬૩ ) ભ. બા. વૃ. ભા. પૃ. ૩૪૨:—( એકદા પાલકે સંસારને અસાર જાણી દંતિવર્ધનને રાજ્ય અને રાષ્ટ્રવર્ધનને યુવરાજ પદવી આપી સંયમ ગ્રહણ કર્યો

( ૬૪ ) જૈન ગ્રંથ આવશ્યક સૂત્રમાં."**उज्जैणि-ऽवंतिवद्धणं**" આવા શબ્દો છે. (આ સૂચના ઈતિહાસપ્રેમિ મુનિરાજશ્રી કલ્યાણવિજયજીએ કરી છે. તે માટે તેમનો ઉપકાર માનું છું). અહીં સવાલ એ રહે છે છે કે, આ દંતિવર્ધનનું નામ અવંતિવર્ધન હશે કે તેની પાછળ ગાદીએ બિરાજનાર અવંતિસેનનું નામ અવંતિવર્ધન હશે. હાલમાં તો આ નામ ભ. વા. પૃ. ૩૪૨ માં જણાવ્યા પ્રમાણે મેં અહીં કાયમ રાખ્યું છે.

( ૬૫ ) તેનું રાજ્ય સોળ વર્ષ ચાલ્યાનું નક્કી થયું છે. ( જુઓ આગળ ઉપરની સમયાવલી )

( ૬૬ ) આ બનાવ લગભગ ઇ. સ. પૂ. ૫૦૫ અને ૫૦૧ ની વચ્ચે બન્યો હોય એમ કલ્પી શકાય છે.

( ૬૭ )




(વાસવદત્તા અને ધારિણી બંને નણંદ ભોજાઈ થતા હતા)

રાજકુંવરને પણ શરમાવે તેવો છોકરો માલમ પડયો. તુર્તાતુર્ત બાળકને ઉપાડી લઇ, પોતાની સ્વામિની પટરાણી વાસવદત્તાને ભેટ ધરી દીધી. સર્વે રાણીઓ (ઉદયન રાજાના અંતઃપુરમાં કોઈ પણ રાણીને પુત્ર નહોતો) અપુત્રીયા[૬૮] હોવાથી પટરાણી બહુજ ખુશી થઈ અને સ્વજનિત પુત્ર તરીકે તે બાળકને ઉછેરવા લાગી. પછી રાજા ઉદયનનું જ્યારે મૃત્યુ ઈ. સ. પૂ. ૪૯૦ માં થયું ત્યારે પોતાના દત્તક પુત્ર[૬૯] તરીકે તેને મણિપ્રભ ઉર્ફે મેઘવિનના નામથી કૌશંબીપતિ તરીકે ગાદીએ બેસાર્યો. ( જુઓ પૃ. ૧૨૧ )

આ બાજુ રાણી ધારિણીએ ઉજૈનીનો ત્યાગ કર્યા બાદ, રાજા દંતિવર્ધનના લંપટ પણાની વાત જગજાહેર થઇ ગઇ, એટલે પ્રજાએ તેને રાજ્યાસનથી ઉઠી જવાની ફરજ પાડી.[૭૦] એટલે તેણે પોતે, દીક્ષા લીધી. આ બનાવ ઈ. સ. પૂ. ૫૦૪ ની આસપાસ બન્યો હોવો સંભવે છે. તેની પાછળ, સદ્‌ગત બંધુ રાષ્ટ્રવર્ધનનો મોટો પુત્ર[૭૧] અવંતિસેન ગાદીએ આવ્યો. આ અવંતિસેન પણ રાણી ધારિણીની કુક્ષિથીજ ઉત્પન્ન થયો હતો. એટલે કે અવંતિસેન, જેમ યુવરાજ રાષ્ટ્રવર્ધનનો જ્યેષ્ઠ પુત્ર હતો, તેમ રાણી ધારિણીનો પણ જ્યેષ્ઠપુત્રજ થતો હતો. અને તેથી કરીને ઉપર વર્ણવાયેલા કૌશંબીપતિ મણિપ્રભનો સહોદર અને જ્યેષ્ઠ ભ્રાતાજ થતો હતો એમ ગણવું રહે છે.

**અવંતિસેન**

ઇ. સ. પૂ. ૫૦૪ ના અરસામાં તે ગાદીએ બેઠો હતો. તેણે તેના પૂર્વજોના કરતાં, રાજકાજ ચલાવવામાં જૂદી ભાત પાડી હતી. લોકો સંતુષ્ટ હતા. તેના રાજ્યમાં બીજો કોઈ ખાસ નોંધવા યોગ્ય બનાવ બન્યો હોય તેવું જણાયું નથી. એટલામાં વત્સપતિ ઉદયનનું મરણ નીપજવાથી તેની ગાદીએ મણિપ્રભ બેઠો હતો. એક બાજુ વત્સપતિ મણિપ્રભનું શાસન પણ લોકપ્રિય ધોરણે ચાલ્યું જતું હતું તેમ બીજી બાજુ અવંતિપતિનું રાજ્ય પણ તેજ ધોરણે વહ્યાં કરતું હતું. તેટલામાં શું કારણથી તે જણાયું નથી, પણ બે રાજ્ય વચ્ચે ચકમક ઝરી. બનવા જોગ છે કે, અવંતિસેન ઉમરે પણ મોટો હતો તેમ તેના રાજ્યનો વિસ્તાર પણ મોટો હતો. એટલે મોટપ મેળવવાની અભિલાષા થઈ આવી હોય કે, નાના રાજાને દાબી નાંખવાની ગણત્રી થઈ આવી હોય. અને તેથી ન્યાયાન્યાય એક બાજુ મૂકી દઇ, કાંઇક ખંડણીની કે અન્ય પ્રકારની અયોગ્ય માંગણી કરી હોય. એટલે સ્વાભાવિક છે કે, મણિપ્રભે તે સ્વીકારી ન હોય. આતો માત્ર અટકળ બાંધીને કલ્પનાઓ કરી બતાવી છે. પણ વિશેષ સંશોધનથી એમ માનવાને વધારે મજબૂત કારણ દેખાય છે, કે વત્સદેશની પટરાણી વાસવદત્તા, તે આ અવંતિસેનની ફોઇ થતી હતી, એટલે વાસવદત્તાએ જે કોઈ અજાણ્યા

---

( ૬૮ ) રાજા ઉદયનને એક પુત્રી થઈ હતી. જેનું લગ્ન પાછળથી નંદિવર્ધન વેરે થયું હતું; અને તે કાળક્રમે મગધનો સમ્રાટ બન્યો હતો ( જુઓ નંદવંશે તેનું જીવનવૃત્તાંત ). વળી જુઓ પૃ. ૧૨૧ તથા ટી. ૫૪.

( ૬૯ ) આ હકીકતથી ખાત્રી થાય છે કે પ્રાચીન સમયે પણ દત્તકપુત્ર લેવાની અને તેને ગાદી સુદ્ધાં આપી દેવાની પ્રથા પ્રચલિત હશેજ.

( ૭૦ ) ઉપરનું ટી. ૬૨ જુઓ. તેમાં રાજા પાલકને પદભ્રષ્ટ કર્યાનું લખેલ છે પણ તે હકીકત જૈન ગ્રંથમાં પાલકના પુત્ર દંતિવર્ધન પરત્વે દેખાય છે.

( ૭૧ ) જુઓ ઉપર પૃ. ૨૧૫ : જે પુત્રને અવંતિ છોડતી વખતે, ધારિણીએ પાછળ મૂક્યો હતો તેજ પુત્ર આ અવંતિસેન સમજવો.

કુમારને દત્તક પુત્ર લીધો હતો તેના કરતાં, વત્સની ગાદિ ઉપર, તેણીના ભાઈના પુત્ર તરીકે પોતાનો હક્ક વધારે છે એમ માનતો હતો; અને તેથી તેણે વત્સ ઉપર ચડાઇ કરી હોય. ગમે તેમ થયું હોય, પણ પરિણામે બન્ને રાજ્યો વચ્ચે યુદ્ધ જાગ્યું હતું. અવંતિપતિ લાવલશ્કર સાથે કૌશંબી-નગરની સમીપ આવી પહોંચ્યો અને નગરના કોટની બહાર ડેરા તંબુ તાણી છાવણી નાંખી. યુદ્ધના દુદુંભી વાગવા માંડ્યા. હવે થોડાજ કાળમાં વિના કારણ મહાભયંકર યુદ્ધ જામશે અને અનેક માનવની પ્રાણહાની થશે, તેમજ અકથ્ય અત્યાચાર થાશે, એમ સાધ્વી ધારિણીએ પોતાના દૈવીજ્ઞાનથી, જોયું. એટલે વિચાર સૂઝ્યો કે કૌશંબી જઈ પોતાના આ બન્ને જાયાઓને સમજાવી, ઘટતી ઓળખ આપી, યુદ્ધવિરામ કરાવું: જેથી પોતે કૌશંબી આવ્યા: અને બન્ને નૃપતિઓમાંના દરેકની પાસે જઈ, આગળ પાછળની સાબિતી આપી, તે બન્ને તેણીનાજ ઉદરથી ઉદ્ભવેલ પુત્રરત્નો છે, એટલે કે બન્ને સગાભાઇઓ છે એમ ખાત્રી કરી આપી. જેથી બન્ને જણા પરસ્પર ભેટ્યા અને યુદ્ધ પણ બંધ કરી દેવાયું. સાધ્વી ધારિણી બન્ને પુત્રોને આશિર્વાદ આપી, પોતાનું કાર્ય સિદ્ધ થયું જાણી, આત્મસંતોષ માની, અન્યત્ર વિહાર કરી ગયા.

રાજા અવંતિસેનને, પોતાને પુત્ર ન હોવાથી દીક્ષા લઇ ચાલી નીકળવા મન થયું. અને રાજા મણિપ્રભને–પોતાના નાના ભાઇને– અવંતિની ગાદી સુપ્રત કરી ત્યારથી રાજા મણિપ્રભ બંને દેશનો ભૂપતિ થયો. આ બનાવ આશરે ઇ. સ. પૂ. ૪૮૭ માં બનવા પામ્યો હશે એમ આપણે નોંધીશું.

આ પ્રમાણે રાજા મણિપ્રભનું અવંતિદેશમાં ગાદીનશીન થવાનું બન્યું હતું. જોકે તે પહેલાં ત્રણેક વરસથી વત્સપતિ તો થઈજ ગયો હતો.

**મણિપ્રભ ઉર્ફે મેઘવિન**

પણ ઈ. સ. પૂ. ૪૮૭ થી બન્ને દેશનો ભૂપાળ થયો. અને પોતે શાંતિથી રાજધુરા વહન કર્યે જતો હતો. કેટલેક કાળે બીજી બાજુ પૂર્વના મગધદેશમાં જબરો ફેર-ફાર થઇ રહ્યો હતો. મગધપતિ રાજા મુંદ, અંતઃપુરમાંજ દિવસો ગાળનારો નીવડ્યો હતો. અને રાજકાજમાં મુદ્દલે ધ્યાન આપતો નહોતો. એટલે રાજ્યમાં બળવા જેવી સ્થિતિ થઇ પડી હતી. અને સામ્રાજ્યમાંથી એક પછી એક એક રાજ્ય છૂટું થવા મંડી પડ્યું હતું. એટલે વસ્તુસ્થિતિને કાબુમાં લેવા રાજા મુંદના સેનાપતિ નાગદશકે, નંદિવર્ધન નામ ધારણ કરી, ઇ. સ. પૂ. ૪૭૨ માં સમ્રાટ બની, પોતે પાટલિપુત્રની ગાદી ઉપર આવ્યો હતો. અને પછી ત્યાંની સ્થિતિ ધીમે ધીમે શાંત પાડી પોતાનો પગ મજબૂત કરી લીધો. ત્યારબાદ તેણે ઇ, સ. પૂ. ૪૬૭ માં અવંતિ તરફ લક્ષ પહોંચાડ્યું. અવંતિ ઉપર તેને રોષ હોવાનું કાંઇ કારણ તો દેખાતું નથી. પણ સમજાય છે કે, નીચે પ્રમાણેના સંયોગોને લીધે આ પગલું ભરવાને તે પ્રેરાયો હોય. વત્સપતિ ઉદયન જ્યારે નિર્વંશ મરણ પામ્યો, ત્યારે દત્તક પુત્ર તરીકે મણિપ્રભ વત્સપતિ બન્યો હતો. પણ પાછળથી સાતેક વર્ષે એટલે ઈ. સ. પૂ. ૪૮૪ ( અને દશ વર્ષ હોય તો ઈ. સ. પૂ. ૪૮૦ માં ) માં ઉદયનની પુત્રીવેરે જયારથી નંદિવર્ધનનું લગ્ન થયું હતું ત્યારથી વત્સની ગાદી ઉપર પોતાને કુદરતી રીતે વિશેષ હક્ક છે એમ તેણે સમજવા માંડ્યું હોય. જોકે તે સમયે પોતે મગધનો સેનાધિપતિજ માત્ર હતો એટલે પોતાને થતો અન્યાય ગળી ખાવાનું દુરસ્ત ધાર્યું હોય; પણ હવે તો તે મગધનો સમ્રાટ બની ગયો હતો અને વળી

બધે શાંતિ સ્થાપી દીધી હતી એટલે પોતાના હક્ક ઉપર ત્રાપ મારનાર વત્સ અને અવંતિદેશના આ મણિપ્રભ ઉપર ચડાઇ લઈ આવ્યો હોય, તે બનવાજોગ છે. બન્નેની વચ્ચે વિગ્રહના મંડાણ થયાં અને પરિણામે રાજા મણિપ્રભ મરાયો૭૨ અને અવંતિ તથા વત્સદેશ બન્ને, મગધ સામ્રાજ્યના અંગભૂત બનવા પામ્યા. ઇ. સ. પૂ. ૪૬૭. આ પ્રમાણે પ્રદ્યોતવંશની સમાપ્તિ થઈ.

હવે આપણે પ્રદ્યોતવંશની જે નામાવલી ઉપરના પૃષ્ઠોમાં ગોઠવી છે તેને એકી નજરે જોવી અનુકૂળ પડે તે માટે નીચે કોષ્ટકરૂપે ગોઠવીશું અને વાચકને વિનતિ કે, તેને અને પુરાણકારોએ જે વંશાવળી અવંતિપતિની આપી છે અને જે આપણે પૃ. ૨૦૪ ઉપર અવતરણ કરેલી છે, તે બન્નેને સરખાવે અને સારભૂત લાગે તેનો સત્ય તરીકે સ્વીકાર કરે.

| | ઇ. સ. પૂ. | ઈ. સ. પૂ. | કેટલા વર્ષ | મ. પૂ. | મ. પૂ. |
|---|---|---|---|---|---|
| ( ૧ ) પુનિક | ૫૯૬ | ૫૭૫ | ૨૧ | ૬૯ | ૪૮ |
| ( ૨ ) મહસેન : ચંડપ્રદ્યોત | ૫૭૫ | ૫૨૭ | ૪૮ | ૪૮ | ૦ |
| | | | | મ. સં. | મ. સં. |
| ( ૩ ) પાલક | ૫૨૭ | ૫૨૦ | ૭ | ૧ | ૭ |
| ( ૪ ) દંતિવર્ધન૭૩ | ૫૨૦ | ૫૦૧ | ૧૯ | ૭ | ૨૬ |
| ( ૫ ) અવંતિસેન | ૫૦૧ | ૪૮૭ | ૧૪ | ૨૬ | ૪૦ |
| ( ૬ ) મણિપ્રભ:૭૪ મેઘવિન | ૪૮૭ | ૪૬૭ | ૨૦ | ૪૦ | ૬૦ |
| | | | ૧૨૮—૯ | | |

( ૭૨ ) જૈન ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ( જુઓ દ્વિતીય ખંડે, છઠ્ઠા પરિચ્છેદમાંની હકીકત ) પાલકનો વંશ નિર્વંશ જવાથી મગધમાં ભેળવી લીધો; જ્યારે પુરાણ વિગેરે નંદિવર્ધન સાથે યુદ્ધ થયાનું લખે છે.

J. O B. R. S. Vol. XIII P. 240 :—The kingdom of Avanti was conquered and annexed to the kingdom of Magadh by Nandivardhan. This is also supported on neumismatic evidences ( see chapter on coins of Avanti) જ. ઓ. બી. રી. સો. પુ. ૧૩, પૃ. ૨૪૦:—અવંતિનું રાજ્ય, નંદિવર્ધને જીતી લેઈ, મગધના રાજ્યમાં ભેળવી દીધું- આ હકીકતને શિક્કા ઉપરથી પણ ટેકો મળે છે ( જુઓ અવંતિના શિક્કાઓ—તે પરિચ્છેદે )

આ કારણથી મેં યુદ્ધ થયું હોવાનું અહીં જણાવ્યું છે: બાકી યુદ્ધ થયું અને અવંતિનું રાજ્ય નંદિવર્ધનને મળ્યું કે, મણિપ્રભ નિર્વંશ ગુજરી જવાથી નંદિવર્ધનને મળ્યું તે બે સ્થિતિમાંથી કઈ વિશેષ મનાય તેમ છે તે સંશોધકોએ વિચારવું રહે છે. મારું મંતવ્ય નિર્વંશની સ્થિતિ તરફ વધારે પડે છે. હાલ તો અહીં લડાઈની સ્થિતિ વર્ણવી છે અને નંદિવર્ધનનાં વર્ણનમાં નિર્વંશ હોવાની સ્થિતિ ચીતરી બતાવવાનું યોગ્ય ધાર્યું છે.

( ૭૩ ) જે નામને અંતે વર્ધન હોય તેને ઇતિહાસકારોએ વૈશ્ય ( ક્ષત્રિય નહીં ) જાતિના ગણાવ્યા છે, અને જો ક્ષત્રિય હોય તો, વર્મન અક્ષર અંતે આવવો જોઈએ એમ તેમની માન્યતા છે; અને તેથી કનોજના હર્ષવર્ધનને તેઓ વૈશ્ય ઠરાવે છે, પણ આ દષ્ટાંતોથી હવે સમજી શકાશે કે, તેમણે ભૂલ ખાધી છે. આવા પ્રકારના અનેક દાખલા ટાંકી શકાય તેમ છે. જેમકે—(૧) નંદવંશનો નંદિવર્ધન (૨) શિશુનાગવંશનો ક્ષેમવર્ધન (૩) અવંતિનો દંતિવર્ધન તથા (૪) તેનો ભાઈ રાષ્ટ્રવર્ધન (૫) મૌર્યવંશી અશોકવર્ધન તથા (૬) તેનો પુત્ર અને સમ્રાટ પ્રિયદર્શિનનો પિતા કુણાલ: ધર્મવર્ધન, આ સર્વ ક્ષત્રિયોજ કહેવાય,

એટલે કનોજનો હર્ષવર્ધન સમ્રાટ પણ વૈશ્યને બદલે ક્ષત્રિય હોવો જોઇએ એમ ધારવું ખોટું નહીં ગણાય.

( ૭૪ ) આ પ્રમાણે છ રાજા થયાનું આપણે

## ( ૧૫ ) સિંધુ–સૌવિર

**વિસ્તાર**

જેને સાંપ્રતકાળે સિંધ દેશ તરીકે ઓળખાવાય છે તે પ્રદેશમાં થઇને સિંધુ નદી ઉભી પસાર થતી હોવાને લીધે તેને પ્રાચીન કાળે સિંધુ દેશ કહેવાતો હતો.[૭૫] અને તેની પૂર્વના ભાગને સૌવિર તરીકે ઓળખતા; પણ આ સિંધુદેશ અને સૌવિરદેશ બન્ને એકજ રાજાના અધિકારમાં હોઇ સિંધુ–સૌવિરના યુગ્મ તરીકે તે સમયના પુસ્તકોમાં ઓળખાતા હતા.

આમાં સૌવિરદેશની સીમા માટે જુદા જુદા સમયે જુદા જુદા અભિપ્રાય બંધાયા છે. ઇ. સ. ના સાતમા સૈકામાં જ્યારે મિ. હ્યુએનશાંગ આવ્યો હતો, ત્યારે આ સૌવિર પ્રાંતમાં તે પ્રદેશનોજ માત્ર સમાવેશ થતો હતો કે જેને આજે જોધપુર અને શિરોહી રાજસ્થાન તરીકે ઓળખાવાય છે. પણ જે સમયનો ઇતિહાસ આપણે આળેખી રહ્યા છીએ એટલે કે ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં તો, જે પ્રાંતોને હ્યુએનશાંગના સમયે સિંધ, સૌવિર, ગુર્જ્જર, અટ્ટલી અને મધ્ય દેશ તરીકે તેણે વર્ણવ્યા[૭૬] છે તે સર્વેનો આ સૌવિર દેશની ભૂમિમાં સમાવેશ થઈ જતો હતો. એટલે માલૂમ થાશે કે, તે સમયે પશ્ચિમ હિંદી રાજ્યતંત્રમાં, આ સિંધુ–સૌવિરનું રાજ્ય વિસ્તારમાં સર્વથી મોટું હતું.[૭૭] અરે ! એમ કહો કે, પૂર્વ દિશામાં આવેલા મગધ સામ્રાજ્ય કરતાં લગભગ ચારથી પાંચગણું વિસ્તારમાં મોટું હતું. વળી એક ઇતિહાસકારના કહેવા પ્રમાણે તો[૭૮] મોટા મોટા દશ દેશના રાજાઓ, આ સિંધુ–સૌવિરપતિની આણમાં હતા. અને આ દશ મોટા

---

નોંધ્યું છે: પણ જો પુનિકને આદિ પુરૂષ તરીકે ન લેખતાં ચંડપ્રદ્યોતનેજ આદિ પુરૂષ ગણવો હોય તો, પ્રદ્યોતવંશી પાંચ રાજાઓ ગણાય. ( જુઓ પૃ. ૨૦૬ ની હકીકતે મુદ્દો નં. ૬ )

( ૭૫ ) J. I. H. Q. vol xii ( Prof. Sten konow ) p. 18:—Sindu desa was often identified with the country to the west of the Indus. જ. ઇ. હી. કવો. પુ. ૧૨ ( પ્રો. સ્ટેનકોનાઉનો લેખ ) પૃ. ૧૮:–સિંધુ નદીના પશ્ચિમ તરફના પ્રદેશને વારંવાર સિંધુ દેશ તરીકે ઓળખવામાં આવતો હતો. (જો આ પ્રમાણે સિંધ દેશની હદ હોય તો પૂર્વના ભાગને સૌવિર અને પશ્ચિમના ભાગને સિંધ કહેતા હતા એમ થયું અને તેથી તેની રાજધાની પણ તે નદી ઉપરજ હોય તે વિશેષ સંભવનીય ગણાય. મેં વીતભયપટ્ટણની જગ્યા તેજ પ્રમાણે કલ્પી છે. સરખાવો આગળ ઉપરનું મોહનજાડેરો અને વીતભયપટ્ટણને લગતું વર્ણન. )

( ૭૬ ) જુઓ ઉપરમાં પૃ. ૫૭. નકશો નં. ૨

( ૭૭ ) આ સિંધુપતિ એવડો જબરજસ્ત ભૂપતિ હતો કે ઇરાનના શાહેનશાહે પોતાના રાજ્યની સ્થાપના કરવાના કાર્યમાં આ સિંધુપતિની મદદ લીધી હતી; અને પછી ઈરાન અને સિંધુ એક બીજાના મિત્ર બની ગયા હતા.

C. H. I. P. 330 :—An embassy was sent to Cyrus by an Indian king: ( Ibid. P. 229 ) Cyrus the great carried on campaigns with Indian borders through East of Iran: (Ibid. P. 330) It is doubtful whether he attained suzerainty ove the Indian frontier itself. કે. હી. ઇ. પૃ. ૩૩૦—એક હિંદી રાજાએ સાઇરસના દરબારે પોતાનો એલચી મોકલ્યો હતો. ( પૃ. ૨૨૯ ) ઈરાનની પૂર્વમાંની હિંદી સરહદ ઉપર સાઇરસધી ગ્રેઇટ અનેક હુમલા કર્યા હતા. ( પૃ. ૩૩૦ ) હિંદી સરહદ તેણે જીતી લીધી હતી કે કેમ તે શંકાસ્પદ છે.

આ બે વાકયો ઉપરથી એમ સારાંશ નીકળે છે કે ઉત્તરનું, રાજા પુલુસાકીનું કંબોજ, કે દક્ષિણનું સિંધુ સૌવિર, તે બે પ્રદેશમાંથી એકે સાઈરસે જીતી લીધો નહોતો.

( ૭૮ ) જૈન સાહિત્ય લેખ સંગ્રહ પૃ. ૭૬. વળી જુઓ વિશેષ હકીકત આગળ ઉપર.

રાજાઓમાં, અવંતિપતિ ચંડપ્રદ્યોત પણ એક, લેખાતો હતો. તેમ વળી આ ચંડના પોતાના તાબામાં પણ અન્ય ચૌદ ખંડિયા રાજાઓ સેવા કરતા હતા.[૭૯]

સૌવિર દેશની સીમા સંબંધી તેમજ તેની રાજધાની પરત્વે જે ભિન્ન ભિન્ન મત દર્શાવાયાં છે તેમાંના કેટલાકની નોંધ અત્ર રજુ કરવી યોગ્ય ધારૂં છું.

( ૧ ) પ્રથમ તે દેશની સીમા સંબંધી વિચાર કરીશું. એક લેખક[૮૦] કહે છે કે, સર કનિંગહામના મત પ્રમાણે હાલના ઇડર શહેરને સૌવિર તરીકે ઓળખવામાં આવતું હતું, કે જે ગુજરાત પ્રદેશનું એક શહેર છે અને તેને બૌદ્ધ સાહિત્યમાં Vadari–વડારી[૮૧] અને બાઇબલમાં Sophir–સોફિર તરીકે ઓળખાવાયું છે.

( ૨ ) સૌવિરદેશ સિંધુ અને ઝેલમ નદીના વચ્ચેનો પ્રદેશ કહેવાય છે[૮૨]

( ૩ ) કચ્છદેશની ઉત્તર–પૂર્વ એટલે ઇશાન ખૂણે સાવિર દેશ આવેલ છે અને તેની રાજધાનીનું નગર રોરુક–રોરુવ હતું[૮૩]

( ૪ ) સાવિર તે સિંધદેશનો એક પ્રાંત હતો[૮૪]

( ૫ ) સૌવિરદેશ તે, સિંધુ નદીની પૂર્વમાં ક્યાંક આવેલ જણાય છે. પછી તે કચ્છ અને કાઠિયાવાડની ઉત્તરે કે ઇશાન ખૂણે પણ કદાચ આવેલ હોય.[૮૫] આ સૌવિરદેશની પશ્ચિમે એક નાનો પ્રાંત છે જેનું નામ દશાર્ણ[૮૬] હતું. તે નામ એ ઉપરથી પાડવામાં આવ્યું હતું કે તે પ્રાંતમાં નાની નાની દશ નદીઓ વહેતી હતી. ( સંભવિત છે કે, હાલના ભાવલપુર, જેસલમીર, સક્કરજીલ્લો અને થરપારકરવાળા ભાગનો તેમાં સમાવેશ થતો હોય )

( ૬ ) સિંધુ અને ઝેલમ નદીની વચ્ચેનો

---

( ૭૯ ) જુઓ આ પરિચ્છેદે ઉપર ટી. નં. ૫૯ વાળું વર્ણન તેમજ કલ્પસૂત્ર સુ. ટીકા પૃ. ૧૩૮.

( ૮૦ ) કે- એ. ઇ. પૃ. ૮૧ ( મહાભારત શબ્દે )

( ૮૧ ) જુઓ આગળ ટી. નં. ૯૨.

( ૮૨ ) ઉપરનુંજ કે. એ. ઇ. પૃ. ૮૧ જુઓ.

( ૮૩ ) બુ. ઇ. પૃ. ૩૨૦ ઉપરનો નક્શો જુઓ.

( ૮૪ ) Dr. Bhagwanlal Inderji (J. B. B. R. A. S. 1927. vol iii. Pt. II ) says on the authority of Patanjali જ. બોં. રો. સો. ૧૯૨૭ નું પુ. ૩ ભા. ૨ માં જુઓ ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીના લેખ. તેમાં પતંજલી મહાશયનો હવાલો આપીને આ પ્રમાણે જણાવ્યું છે. " સૌવીરા દત્તામિત્રી નગરી "

( ૮૫ ) પુરાતત્ત્વ પુ. ૧ પૃ. ૨ અને આગળ.

( ૮૬ ) સિંધુનદી અને હાલ પર્વતની વચ્ચેનો પ્રદેશ એમ આનો અર્થ થાય છે. This means a tract of land betweeen the Indus and the Hala mountains:

અન્ય દશાર્ણ માટે અવંતિદેશના વર્ણને જુઓ. પૃ. ૧૭૯. ટી. ૮૧ (ફ) ઉપર ( પુરાતત્ત્વ પુ. ૧. પૃ. ૯૫ નાં અવતરણો. ) વળી જુઓ આ પુસ્તકે પૃ. ૧૨૭ નું લખાણ તથા ટી. ૮૫.

મુખ્ય સિંધુ નદીની બન્ને બાજુએ દશ દશ નાની નદીઓ તેમાં મળતી હતી એમ કેટલાક ગ્રંથકારો ધારે છે. ગમે તેમ હોય પણ દશની સંખ્યાને અને દશાર્ણને જો સંબંધ હોય તો તો, તેવા અનેક ભૂપ્રદેશના ભાગને દશાર્ણ શબ્દથી સંબોધી શકાય. Some authors put 10 confluent rivers on either side of the parent Indus. Any how, if the word Dasharna has its derivative origin from the number of 10, it must designate several such pieces of land in different parts of India.

આથીજ કરીને જુદા જુદા દશાર્ણ દેશ કહી બતાવાયા છે.

પ્રદેશ. તેમાં પ્રાચીન સમયના આયુદ્ધ અને સૌવિર પ્રાંતોનો સમાસ પણ થઈ જતો હતો.[૮૭]

( ૭ ) સિંધુનદીના મુખ પાસેના ડેલ્ટા-વાળા પ્રદેશને પણ સૌવિરનો એક ભાગ કહી શકાય, જેની રાજધાનીનું નગર પાતલ (પાતાલ) હતું અને તેની સ્થાપના ગ્રીક પાદશાહ સિકંદર-શાહે કરી હતી.

જેમ સૌવરદેશની હદ વિશે મતભેદ છે તેમ તેના રાજનગર વિશે પણ ભિન્ન મતો અસ્તિત્વ ધરાવે છે. જૈન સાહિત્ય પ્રમાણે[૮૮] રાજધાનીનું નામ વીતભયપટ્ટણ હતું, જ્યારે બૌદ્ધ સાહિત્યમાં તેનું નામ રોરુક અથવા રોરુવ કહ્યું છે, ( અને તે પણ જુદાં જુદાં સ્થળનાં બૌદ્ધ ગ્રંથોમાં જુદાં જુદાં નામ અને સ્થળ વર્ણવે છે ) અને તેમાં મોટા ભાગે, આ નગરનું સ્થળ, કચ્છના રણના કિનારા ઉપર અને રાજપુતાનાની સરહદ નજીક ઠરાવે છે. એવી માન્યતાથી કે, જ્યારે સિથિઅન અથવા શક પ્રજા, માળવદેશ ઉપર હુમલો લઇ આવી, ત્યારે તેમને સિંધમાંથી સોંસરા થઇ, પશ્ચિમે આવેલ જેતલસરના મોટા રણમાં ઉતરીને આવવાનું અશક્ય લાગે માટે, તેઓ સિંધુ નદીના ડેલ્ટામાં થઇને કચ્છના અખાતદ્વારા, કચ્છ દેશમાં ઉતર્યા હોય: અથવા સિંધુ નદીના ડેલ્ટામાંથી સીધાજ કચ્છના કિનારે કિનારે થઇને આ રોરુક નગર પાસેથી તે વખતના સૌવિરદેશમાં તેઓએ પ્રવેશ કર્યો હોય.[૮૯] એટલે કચ્છના કિનારાના આ નગરને, સૌવિરદેશની રાજધાની હોવાનું કલ્પી લીધું. પણ કિનારાનું નગર રાજપાટનુંજ સ્થળ હોય છે કે દેશની મધ્યમાં આવેલું કોઈ અન્ય નગર પણ પાટનગર હોય તે વિશે બધું શંકાશીલ રાખ્યું. પછી ત્યાંથી ગુજરાતના વઢીઆર[૯૦] પ્રદેશને વીંધીને અરવલ્લી પર્વતમાંના[૯૧] ઈડર શહેર પાસેના ઘાટદ્વારા[૯૨] તેઓ માળવામાં ઉતરી આવ્યા હોય, એમ ગણત્રી કરી.

ઉપર પ્રમાણે સ્થિતિ હોવાનો કાંઇક અંશે ખ્યાલ લઇ જવાની સંભાવના કલ્પી શકાય, પણ મારૂં અદના તરીકેનું મંતવ્ય એમ છે કે, સિંધુ અને સૌવિર બન્ને દેશ, એકજ રાજાની સત્તામાં હોઇને, તેનું એક જોડકું બની ગયેલું છે. બાકી વાસ્તવિક રીતે, બન્ને દેશ ભિન્ન ભિન્ન આચાર પાળનારી પ્રજાથી વસાયલ હોવા જોઇએ. અને તેમાંના સિંધ દેશની રાજધાની વીતભયપટ્ટણ હશે અને સૌવિર દેશની રાજધાની, અનેક વિદ્વાનોની ધારણા થઇ છે તે પ્રમાણે

( ૮૭ ) કે. એ. ઇ. પૃ. ૭૫. સિંધસાગર-દુઆબનું વર્ણન વાંચો.

( ૮૮ ) પુરાતત્ત્વ પુ. ૧ લું પૃ. ૨૮૨.

( ૮૯ ) કચ્છના રણના પશ્ચિમ કિનારે આવેલ ઝીંઝુવાડા અને મોઢેરાના ખંડીયરો પાસેનો મુલક તેને કહી શકાય.

( ૯૦ ) આ વઢીઆર પ્રદેશનું મુખ્ય નગર અત્યારે રાધણપુર ગણાય છે. આ પ્રદેશના ઘુંટ, બળદો, અદ્યાપિ પણ બહુ ઉંચી કીસમના ગણાય છે; તેમજ વઢીયારના બળદો પણ પંકાય છે. એટલે એમ અનુમાન બંધાય છે કે તે વખતે ગુજરાત અને માળવાનો વ્યવહાર અત્યારના ઈડર પાસેના પ્રદેશમાંથી ચાલતો હશે. પણ વર્તમાનકાળે ગુજરાત અને માળવાની એમ બે (દો) પ્રાંતોની સીમા (હદ) જ્યાં મળે છે તેને ' દોહદ ' નામના શહેર તરીકે ઓળખાવાય છે, વળી નીચેનું ટી. ૯૨ જુઓ.

( ૯૧ ) મહાભારતમાં આ પર્વતને વિંધ્યાચળના ભાગ તરીકે ગણે છે અને તેનું નામ પારાપાત્ર આપ્યું છે.

( ૯૨ ) સરખાવો ઉપરમાં સૌવિરદેશની હદ વિશે નં. ૧ નો ફકરો: જેમાં ઇડર શહેરનો ઉલ્લેખ સર કનિંગહામે કર્યાનું જણાવ્યું છે. તેમાંનું વડારી તે વઢીયાર કહેવાનો ભાવાર્થ તો નહીં હોય કે? કે ઈડરની પાસે એક વડાળી કરીને ગામ આવેલું છે તે હશે. વળી ઉપરનું ટી. ૯૦ જુઓ.

કચ્છના તટ પ્રદેશમાં આવેલું રોરુક[૯૩] નગર હશે. આ પ્રમાણે બન્ને દેશની રાજધાની જુદાં જુદાં નગર[૯૪] હોવી જોઇએ. (આ પ્રમાણેની હકીકતને આબેહુબ મળતી સ્થિતિ, કંબોજ-ગાંધાર રાષ્ટ્રની અને તેનાં પાટનગરોનાં સંબંધમાં હતી. ઉપરમાં પૃ. ૭૧ ની હકીકત વાંચો.)

પૂર્વ હિંદમાં આવેલા મગધદેશ વિશે, તેમ મધ્ય હિંદમાં આવેલ વત્સ, અંગ અને અવંતિદેશ વિશે તેમ ઉત્તરે આવેલ કોશળદેશ વિશે, ત્યાં ત્યાંના રાજકર્તાઓના વંશની માહિતી તથા નામાવળી, જોકે થોડી ઘણી મળી આવી છે, પણ પશ્ચિમ હિંદમાં જેમ ઉત્તરે આવેલ કંબોજ રાજ્ય વિશે કાંઇજ પ્રાપ્ત થયું નથી તેમ આ દક્ષિણે આવેલ સિંધ-સૌવિરને લગતું પણ મળતું નથી. માત્ર જે કાંઇ મળી આવ્યું છે તે, તે સમયે જે રાજ્યકર્તા હતો તેનું નામ તથા કેટલુંક જીવન ચરિત્ર.

**સૌવિરપતિના વંશ અને જીવન વિશે કાંઇક**

સિંધુ સૌવિરપતિનું નામ ઉદયન હતું. તેનાં ગોત્ર, કુળ, કે માતા પિતાનાં નામ ઇત્યાદિ કાંઇ પણ જણાયાં નથી. વળી તેની રાણીનું નામ પ્રભાવતી હતું, અને તે વિદેહપતિ રાજા ચેટકની કુંવરી હતી. ( ઉપરમાં પૃ. ૧૨૫ જુઓ ) રાણી પ્રભાવતી સાથેનું તેનું લગ્ન ઇ. સ. પૂ. ૫૮૪ આસપાસ થયું હતું, અને આ રાણીને એક કુંવર સાંપડ્યો હતો ( જે વિશે આગળ લખવામાં આવશે ) તેમજ તેણીનું પોતાનું ભવિષ્ય નજીક આવેલું જાણી પોતે ઈ. સ. પૂ. ૫૭૪ આસપાસ દીક્ષા લીધી હતી અને પછી થોડાજ કાળમાં સ્વર્ગે સીધાવી હતી ( જુઓ પૃ. ૧૨૭ )

રાજા ઉદયનનો જન્મ ઈ. સ. પૂ. ૬૦૦ માં થયો હતો. કેમકે ગૌતમબુદ્ધના જન્મ વિશે એમ કહેવામાં આવ્યું છે કે તેમનો જન્મ જે દિવસે થયો હતો તેજ દિવસે અન્ય ૭ વ્યક્તિઓ મળીને કુલ સાત જણા જન્મ્યા હતા[૯૫] તે સાતમાંનો આ ઉદયન પણ એક હતો. આશરે ઇ. સ. પૂ. ૫૮૪ માં તે ગાદી ઉપર બેઠો હોય એમ સંભવે છે. પોતે ઘણો ન્યાય પ્રિય અને શાંતિશીલ જીવન ગુજારનારો રાજવી હતો. જેથી કરીને તેનું રાજ્ય જેમ અતિ વિસ્તારવંત હતું તેવાંજ તેનાં પ્રભાવ અને ગૌરવ પણ પ્રસરેલાં હતાં. તેનાં દીર્ઘકાળ પર્યંતના રાજ્ય દરમ્યાન, પશ્ચિમ બાજુના ઇરાન દેશ ઉપર પ્રખ્યાત શહેનશાહ સાઇરસનું રાજ્ય પ્રવર્તમાન રહ્યું હતું. આ ઈરાની શહેનશાહે ઘણા મુલકો કબજે કરીને છેવટે આ હિંદી સમ્રાટને પણ નમાવવાને મન ઉપર લીધું હતું. અને ઘણીવાર આક્રમણ પણ લઈ આવ્યો હતો. પણ તેની મુરાદ બર ન આવવાથી અંતે, સંધિ કરીને મિત્રાચારીની ગાંઠથી બન્ને

---

( ૯૩ ) રોરુક નગરને હાલના રોહરી ( સિંધ દેશનું એક શહેર છે ) શહેરના સ્થળ સાથે સંબંધ હશે કે ? ( જુઓ આગળ ઉપરની હકીકત તથા ટી. નં. ૧૨૨.

( ૯૪ ) જુઓ આગળ ઉપરની હકીકત તથા તેનું ટી. નં. ૧૧૯.

( ૯૫ ) C. H. I. P. 188, (states on the authority of Prof. R. Davis's Buddhist birth stories: note on P. 68.):—For instance, there is an early list of the seven con-natals—persons born on the same day as the Buddha. કે. હી. ઇ. પૃ. ૧૮૮ પ્રો. રીસ ડેવીઝ કૃત " બુદ્ધ જાતક કથા " માં પૃ. ૧૬૮ ના ટીપણમાં જણાવ્યું છે કે " જે દિવસે બુદ્ધનો જન્મ થયો હતો તેજ દિવસે અન્ય છ, એમ કુલ મળી સાત પુરૂષોનો જન્મ થયો હતો.

જણા બંધાયા હતા. અને અરસપરસના દરબારે એલચી મોકલવાની ગોઠવણ કરી હતી એમ દેખાય છે.[૯૬] પણ રાજા ઉદયને ગાદી ત્યાગ કર્યા બાદ જ્યારે તેના ભાણેજના હાથમાં રાજ્યની લગામ આવી હતી, ત્યારે કે તે બાદ ઈરાની શહેનશાહ ડેરીઅસના કારોબાર સમયે, આ સિંધુ દેશને ઇરાની શહેનશાતમાં બહુધા ભેળવી દેવાયો હોય એમ વિશેષ અંશેમાલુમ પડે છે.[૯૭]

તેણે અવંતિ પતિ ચંડપ્રદ્યોત કે જેને મોટા ચૌદ રાજાઓ ખંડણી ભરતા હતા, તેવા મદોન્મત રાજાને પણ હરાવીને ઠેકાણે આણ્યો હતો તે આપણે જોઈ ગયા છીએ. તેમ બીજા અનેક રાજાઓને નમાવીને પોતાની આણમાં લાવી મૂકયા હતા. એક ગ્રંથકારે વ્યાજબીજ લખ્યું[૯૮] છે કે “ રાજા ઉદાયન, સિંધુસૌવિર આદિ સોળ જનપદ[૯૯] વીતભય આદિ ત્રણસો ત્રેસઠ નગર અને આકર[૧૦૦] ( ખાણ ) તથા મહાસેન[૧૦૧] આદિ દશ મોટા મુકુટબદ્ધ રાજાઓનો તેમજ બીજા અનેક નગરરક્ષક, દંડનાયક, શેઠ, સાર્થવાહ આદિ જનસમુહનો સ્વામિ હતો. ”

આ ઉપરથી કહી શકાશે કે, તેના સમયના સર્વે હિંદિ સમ્રાટોમાં, આ સમ્રાટ ઉદયનનું સ્થાન, પ્રથમપદે મૂકી શકાય તેમ હતું. પોતે ગાદીએ આવ્યો ત્યાં સુધી કે તે પહેલાં, તાપસ ધર્મ પાળતો હતો. પણ પછીથી જૈનધર્મી બન્યો હતો.[૧૦૨] પછી ઈ. સ. પૂ. ૫૮૪ કે તે બાદ એકાદ બે વર્ષમાં, રાણી પ્રભાવતી સાથે લગ્ન કર્યું હતું. તથા પૂજા ભકિત અર્થે નગરમાં મોટું મંદિર બંધાવ્યું હતું અને તેમાં અંજનશલાકા કરીને અનેક જૈન પ્રતિમાઓ પધરાવી હતી. તેમાંની એક તો જે દૈવી સંજોગથી[૧૦૩] તેમને મળી હતી તે મૂર્તિ પણ હતી. આ મૂર્તિની સાનિધ્યમાં રાજા રાણી પૂજા કરીને ભકિત નિમત્તે પ્રસંગોપાત નૃત્ય કરતા હતાં. એકદા જ્યારે રાજાના હાથમાં વીણા હતી અને રાણી નૃત્ય કરતી હતી, તેમાં તેણીને ધડવિનાના દેહવાળી જોઇ ત્યારે રાજાને જરા મૂર્છા આવવાથી હાથમાંની વીણા પડી ગઈ. આ ઉપરથી રાણીએ

---

( ૯૬ ) જુઓ ઉપરનું ટીપણ નં. ૮૭.

( ૯૭ ) ઈરાનના શહેનશાહ ડેરીઅસનું વર્ણન લખતાં, કે. હી. ઇ. પૃ. ૩૩૭ માં જણાવ્યું છે કે હિંદની સરહદે સૂર્યોદયની દિશાએ રેતી આવેલ છે. C. H. I. P. 337:—That the part of the Indian territory towards the rising sun is sand ( rising sun એટલે પૂર્વ દિશા થઈ. અને ઈરાનની પૂર્વ દિશા, તે હિંદની પશ્ચિમ દિશાજ થઇ. એટલે સિંધુદેશ તે હિંદની પશ્ચિમેજ આવ્યો કહેવાયઃ આ પ્રમાણે ઉપરના વાક્યોનું સત્યપણું સમજાશે ) The eastern part of India is a desert on account of sand હિંદની તરફના પૂર્વ ભાગમાં રેતી હોવાથી તેને રણ કહેવાય છે. આ શી રીતે બનવા પામ્યું હતું તે માટે જુઓ આગળના વર્ણને.

( ૯૮ ) જૈન સાહિત્ય લેખ સંગ્રહ પૃ. ૭૬ તથા સરખાવો ઉપરની ટી, ૮૭ અને ૮૮ની હકીકત તથા તેને લગતાં વર્ણન.

( ૯૯ ) જનપદ=મોટો પ્રદેશ-પ્રાંત. ( શહેરના અર્થમાં કેટલાક વાપરે છે તેમ નહીં )

( ૧૦૦ ) આકર=ખાણઃ તે ગ્રંથકારે એવો અર્થ કર્યો લાગે છે. પણ વાકયની રચના જોતાં તો તે કોઇ દેશનું નામ હોય અને તેનો રાજા આ ઉદયનને તાબે હોય એવો અર્થ થાય છે. તો સુદર્શન તળાવ આદિની પ્રશસ્તિમાં આકારાવંતિ શબ્દ જે કોઇ પ્રદેશના નામ તરીકે વપરાયો છે તે શું બરાબર નથી લાગતું ! જુઓ આ ગ્રંથમાં પૃ. ૧૭૮ તથા ટી. ૮૧ ની હકીકત,

( ૧૦૧ ) જુઓ પૃ. ૨૧૯ ઉપરની નામાવળી તથા પૃ. ૨૧૨ નું લખાણ અને તેની ટીકા નં. ૪૯, ૫૦, ૫૧ ની હકીકત.

( ૧૦૨ ) જૈન. સાહિ, લેખ સંગ્રહ. પૃ. ૭૬,

( ૧૦૩ ) આ હકીકત કેમ બની તે જાણવી હોય તો જુઓ, ભ. બા. વૃ. બા. પૃ. ૧૮૨-૮૩.

રાજાની સારવાર કરવા માંડી. અને શુદ્ધિમાં આવતાં તેમ થવાનું કારણ પૂછયું. રાજાએ જે પોતે નજરે જોયું હતું તે જણાવી દીધું. એટલે રાણીએ પોતાનું મૃત્યુ બહુ નજદીક આવેલું જાણી, દીક્ષા લેવાનું ઉચિત ધાર્યું અને રાજાની સંમતિ મેળવી પંચમહાવ્રત ગ્રહણ કર્યાં. (એટલે કે જૈન સંપ્રદાયની સાધ્વી થઇ ). રાજાએ પોતાની સંમતિ આપતાં શરત કરી કે, જો તારો જીવ કદાચ કોઇ દેવતાપણે અવતરે, તો વિપત્તિ સમયે મને દેખાવ દઇ દોરવણી કરજે. રાણીએ તે પ્રમાણે કબુલ કર્યું હતું. અને તે વચન કેવી રીતે પાળી, દેશ ઉપર પડતી આફતની આગાહી કહી સંભળાવી હતી, તે આપણે પૃ. ૧૨૭ ઉપર લખી ગયા છીએ. તેમજ તે આગાહી કેટલે દરજ્જે સત્ય નીવડી હતી તે પણ હવે પછી આપણે વર્ણવવી રહે છે તે ઉપરથી વાચક વર્ગની ખાતરી થશે.

આ પ્રમાણે રાણીના વિયોગ બાદ તેણે કેટલાંય વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું હતું. પણ આ બધો સમય પોતે ઉદાસીનપણેજ સંસારમાં રહ્યો હતો. એકદા શ્રી મહાવીર, જ્યારે વિહાર કરતા કરતા સિંધ દેશમાં આવ્યા[૧૦૪] ત્યારે, તેણે તેમનાજ વરદ હસ્તે દીક્ષા લેઇ સાધુપણું અંગીકાર કરી લીધું.[૧૦૫] આ બનાવ આશરે ઇ. સ. પૂ. ૫૪૬ માં બન્યો સમજાય છે. દીક્ષા લેવાથી ખાલી પડેલી ગાદી ઉપર રાજા ઉદયને પોતાના પુત્ર કેશવને[૧૦૬] બેસારવાને બદલે, પોતાના ભાણેજ કેશિ કુમારને બેસારવાની ગોઠવણ કરી હતી. કારણકે તેની માન્યતા એવી હતી કે, રાજપદ એ એવી વસ્તુ છે કે, જેના ભોગવટામાં એવાં અનેક આચરણ તે રાજાને સેવવાં પડે કે જેનાં પરિણામે તે વિશેષપણે નરકગામીજ થાય છે. માટે પોતે પોતાના પુત્રના શુભેચ્છક તરીકે તેને રાજ્યાસને બેસારવાની ઇચ્છા ધરાવતો નહોતો. આ ઇચ્છાને માન આપીને અમાત્ય મંડળે પણ ભાણેજ કુમારનોજ[૧૦૭] રાજ્યાભિષેક કર્યો હતો, હવે ઉદયનરૂષિ, ધર્મઆજ્ઞા પ્રમાણે દેશવિદેશ પગે ચાલીને વિહાર કરવા મંડયા.

---

( ૧૦૪ ) જૈન પ્રજાની એમ માન્યતા છે કે શ્રી મહાવીરે મગધ, કોશલ, કાશી કૌશાંબી સિવાયના કોઈ પ્રદેશમાં વિહાર કર્યોજ નથી. તેઓ આ હકીકત ઉપરથી વિચાર કરશે કે તેમની માન્યતા અનુમાનિક અને માત્ર કલ્પિતજ છે,

( ૧૦૫ ) આ ઉદયન વિશે જૈન સાહિત્યમાં એમ લખ્યું છે કે તે છેલ્લા રાજર્ષિ હતા ( જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૪૪ ) " છેલ્લા રાજર્ષિ " શબ્દ મુકુટબદ્ધધારિ રાજાને આશ્રયીને લખ્યો હશે કે કોઇ બીજા ભાવાર્થમાં, તેનો વિચાર કરતાં એમ લાગે છે કે, મુકુટબદ્ધને અંગે નહીંજ હોય. કારણ કે, ચંદ્રગુપ્ત મૌર્ય પણ મુકુટધારી કહેવાય અને તેણે પણ દીક્ષા તો લીધી હતી. એટલે તે અર્થમાં ઉદયનરૂષિ છેલ્લા રાજર્ષિ નજ કહેવાય. તોપણ જેને કૈવલ્ય પ્રાપ્ત કર્યું હોય તેવા અર્થમાં તે વપરાયો હોય: કેમકે કલિંગપતિ મહારાજ કરકંડુએ દીક્ષા લીધી હતી અને તેને કૈવલ્ય પણ ઉપજ્યું હતું, તેમજ પોતનપુરના રાજા પ્રસન્નચંદ્રે પણ દીક્ષા લીધી હતી અને કૈવલ્ય પ્રાપ્ત કર્યું હતું. આ બન્ને રાજાઓને જ્ઞાન પ્રાપ્તિ થઇ છે તે રાજા ઉદયનને જ્ઞાનપ્રાપ્તિ થઈ તે પહેલાં થઈ છે. તેથી મારી સમજ આ પ્રમાણે થવા પામી હતી, પણ મુનિ ન્યાયવિજયજી ( ન્યાયતીર્થ ન્યાયવિશારદ ) ને પૂછતાં એમ જણાય છે કે, જે રાજાએ શ્રી મહાવીરના સ્વહસ્તે દીક્ષા લીધી હોય તેવા રાજાઓમાં આ છેલ્લા જ હતા એવો અર્થ કરવાનો છે.

( ૧૦૬ ) તેને એક પુત્ર હતો તે હકીકત માટે જુઓ ઉપરમાં પૃ. ૨૨૨

(૧૦૭) ભ. વા. વૃ. ભા, પૃ, ૪૪ ઉપર જણાવ્યું છે કે તેના પુત્ર કેશવને ગાદી ઉપર બેસાર્યો હતો પણ આ લખાણમાં સ્ખલના થઇ હોય એમ સમજાુ છું. કેમ જે તેજ પુસ્તકમાં વળી આગળ જતાં પૃ. ૧૮૪ ઉપર લખાણ છે કે, ભાણેજને ગાદી સોંપી હતી.

આ ભાણેજ કુમારનો વહીવટ દશેક વર્ષ ચાલ્યો હશે ખરો. પણ તેટલા સમયમાં તો, પુત્રના લક્ષણ પારણામાંથી પરખાય તે પ્રમાણે, પ્રજા ઉપર ત્રાસ ફેલાવી પણ દીધો લાગે છે. એકદા કર્મ-સંયોગે રાજા ઉદયનને ( હવે તો રૂષિ ઉદયન કહેવાય) એવો ભાવ મનમાં ઉત્પન થયો કે ભાણેજને કરૂણ ભાવે એ અક્ષર ઉપદેશ આપવો. તે ઉદ્દેશથી દેશપ્રદેશમાં વિહાર કરતા કરતા સિંધ-દેશમાં પોતે ઉતર્યા. આ બાજુ ઉદયન મુનિ આવવાના સમાચાર કેશીરાજાને પહોંચી ગયા. એટલે તે દુર્બુદ્ધિએ તો ઉલટું એમ વિચાર્યું કે રાજાએ મને ગાદી સોંપતા તો સોંપી દીધી હતી, પણ હવે પશ્ચાતાપ થતો હશે માટે મારી પાસેથી રાજ્ય પાછું લઇ લેવાનેજ, અત્રે પધારે છે.[૧૦૮] આ સમયે ઉદયન રાજર્ષિનું શરીર કઠિન તપશ્ચર્યા અને વૃત્તાદિના પાલનથી કૃષ થઇ ગયું હતું. અને શરીરમાં દાહજ્વર પણ ઉત્પન્ન થયો હતો. આ દાહજ્વરની શાંતિના અર્થે દહીં ખાવાની જરૂર હમેશાં રહ્યા કરતી. એકદા રાજર્ષિ દહીં વહોરવા માટે રાજમહેલમાં ગયા હતા. ત્યાં રાજાકેશીએ, પોતાનો દાવ આવેલો જોઇને વિષમિશ્રિત દહીં વહોરાવ્યું. એવી ગણત્રીથી કે દહીંનો આહાર કરવાથી રૂષિ મરણ શરણ થઇ જાય એટલે પીડા ટળે અને પોતે નિષ્કંટકપણે રાજ્ય કરી શકે. પણ મનુષ્યનું ધારેલું હમેશાં થતું નથી. કોઇ દેવતાએ આ સર્વ અનિષ્ટ થતું જોયું. એટલે તે ટાળી નાંખવા માટે, તેણે પોતાના પ્રભાવથી તે પેયને શુદ્ધ કરી નાંખ્યું. આ બનાવ ઇ. સ. પૂ. ૫૩૭ માં બન્યો હોવા સંભવ છે.

**મોહનજાડેરો અને જેસલમીરનું રણ**

આપણે પૃ. ૧૨૭ ઉપર કહી ગયા છીએ કે રાજા ઉદયનની રાણી પ્રભાવતીનો જીવ જે એક દેવપણે ઉપજ્યો હતો તેણે, પોતાની દાસી અવંતિ જતાં જે પેલી પ્રાચીન પ્રતિમા સાથે ઉપાડી ગઇ હતી તેને અવંતિમાંથી ખસેડીને, પાછા સૌવિરમાં લઈ જવાનો પ્રયત્ન કરતાં ઉદયનને અટકાવ્યો હતો અને ભવિષ્ય કથ્યું હતું કે, તારૂં નગર થોડાજ વખતમાં દટાઈ જવાનું છે, માટે પ્રતિમા જ્યાં છે ત્યાંજ રહેવા દેવી. તેમ ઉપરના પારિગ્રાફમાં એ પણ જોઈ ગયા છીએ કે, રાજર્ષિ ઉદયનને મારી નાંખવાને તેના ભાણેજ રાજાએ ઝેર દીધું હતું. પણ તે ઝેર દેવતાની કૃપાથી, શુદ્ધ બની નિષ્ફળ પરિણામી થયું હતું. આ દેવતા ને પાપિષ્ટ રાજાના આવા અનર્થકારી દુરાચારથી અતિ ક્રોધાયમાન થયો હતો. એટલે તે દેવ દુષ્ટબુદ્ધિ ભાણેજ રાજાને શિક્ષા કરવા ઉદ્યમવંત થયો. આ સમયે રાજર્ષિ ઉદયનની આ દાહજ્વરની માંદગીમાં સુશ્રૂષા કરવાને એક કુંભારને રાખવામાં આવ્યો હતો. તે કુંભાર અને રાજર્ષિ થોડાક સમયે ત્યાંથી નીકળી ગયા એટલે, પેલા દેવે, પ્રચંડ વંટોળીઓ વિકુર્વ્યો. અને સાથે સાથે એવો તો રેતીનો વરસાદ વરસાવ્યો કે,[૧૦૯] સારોયે પ્રદેશ કેટલાએ માઇલના વિસ્તાર સુધી, રેતીના ઢગમાં

---

( ૧૦૮ ) રાજા કેશીનો મહાઅમાત્ય પણ આવા જ વિચારનો હોવાથી તેણે પણ રાજાના કાન ભંભેરવામાં ભાગ ભજવ્યો હોય એમ માલુમ પડે છે.

(૧૦૯) ભ. બા. વૃ. ભા, પૃ. ૧૮૩ ના લખાણથી એમ સમજાય છે કે, આ બનાવ રાજર્ષિ ઉદયનના મરણ બાદ થોડાક વર્ષે બન્યો છે. જો તેમ બન્યું હોય તો તેની સાલ ઈ. સ. પૂ. ૫૨૦ અંદાજે આવશે. પણ જો વિષ પ્રયોગ પછી તત્કાળજ બનવા પામ્યો હોય તો ઈ. સ. પૂ. ૫૩૪ માં આશરે બન્યો ગણાય.

ઢંકાઈ ગયો. તે પ્રદેશને હાલ આપણે જેસલમીર અને થરપારકરના રણ તરીકે ઓળખતા રહીએ છીએ.[110] અને આ રેતીના રણનો વિસ્તાર તથા તેની અનુલંઘનીયતા જોતાં, સહજ ખ્યાલ આવી શકશે કે આ દૈવી કોપનો જુવાળ તે સમયે[111] તાજેતરમાં કેવો પ્રચંડ અને કંપાયમાન નીવડ્યો હોવો જોઇએ. આ બનાવ ઇ. સ. પૂ. ૫૩૪માં બન્યાનું આપણે લેખીશું. આ કારણને લીધે મિહરજ, હકરા, વાહિંદ આદિ[112] જે દશ નાની નાની નદીઓ હતી તે તો સર્વાંશે સર્વદા રેતીમાં દટાઇજ ગઇ. પણ સરસ્વતી જેવી મોટી અને ઉંડી નદીઓનો પ્રવાહ, જ્યાં છીછરો હતો ત્યાં ત્રુટિત થઇ ગયો અને જ્યાં બહુ ઊંડો હતો ત્યાં તે અદ્ય પર્યંત વહેતો નજરે પડતો રહી ગયો. વળી જે કોઇએક નદીનાં મૂળ કે મુખ ન મળતાં, કેવળ બે ત્રણ ઠેકાણે કાંઈ મેળ વિનાનો પ્રવાહજ[113] હાલમાં આપણી નજરે પડે છે. તેનું કારણ પણ, આ ઉપર પ્રમાણે વર્ણવાયલો રેતીનો વરસાદ જ છે. આમ કેટલીક નદીઓના પ્રવાહ દટાઇ ગયા, ત્યારે કેટલીકનાં જળ છલકાઇ જઇને પ્રવાહ બદલી બેઠા. તેમ કેટલાંક ઠેકાણે સ્થાનાનંતર થયેલ જળની આસપાસ રેતીના ઢગ ને ઢગ ફરી વળ્યા. એટલે તે સ્થાનો જળમય–મોટા સરોવર રૂપે બની ગયાં. અને પછી તે જળ, ત્યાં સ્થિત થઇ જવાથી જમીનમાં પચપચી રહી ભેજવાળો પ્રદેશ બની ગયો.[114]

કેટલાક વિદ્વાનો જે એમ માન્યતા ધરાવે છે કે [115]કાઠિયાવાડનો પ્રાંત જે હાલ એક મોટા દ્વીપકલ્પ તરીકે નજરે પડે છે તે અતિ પ્રાચીન સમયે, ચારે બાજુથી વિંટળાએલો દ્વીપ અર્થાત્[116] ટાપુ રૂપે હતો. પણ પાછળથી, ઉપર વર્ણવેલો જેસલમીરના રણ જેવોજ કોઇ કુદરતી

(૧૧૦) સરખાવો નીચેનાં ટી. ૧૧૨ તથા ૧૧૩.

(૧૧૧) જુઓ ઉપરનું ટી. ૧૦૯.

(૧૧૨) એમ કહેવાય છે કે, પૂર્વ બાજુએથી સાત નદિઓ સિંધુમાં પડતી હતી, અને તેથી તેનું નામ સપ્તસિંધુ કહેવાતું; તેમાંની માત્ર પાંચજ સાંપ્રત કાળે નજરે પડે છે ( સતલજ, રાવી, ચીનાબ, ઝેલમ અને સિંધુ ) અને બેનાં નામ જણાયાં નથી; કદાચ આ બે, જેસલમીરના રણમાં દટાઇને અદશ્ય થઈ ગઈ હશે,—કેટલાક ગ્રંથકારોના કહેવા પ્રમાણે, સાતને બદલે દશ નદીઓ હતી.

(૧૧૩) મહાભારતમાંની સરસ્વતી નદીનો આ રણમાં જે સર્વાંશે પત્તો લાગતો નથી, પણ બે ત્રણ ઠેકાણે ત્રુટક ત્રુટક દેખાતી હોવાનું જણાવેલ છે તેનું કારણ હવે આ હકીકતથી સ્પષ્ટપણે સમજાશે.

(૧૧૪) કચ્છના રણની ઉત્તરનો પ્રદેશ જે marshy tract of land ગણાય છે, તે આ પ્રમાણે બનવા પામ્યો હશે એમ મારૂં ધારવું થાય છે.

(૧૧૫) આ વિષય જ. રો. સો. ના પુ. ૧૦ ( કે આસપાસ) જેવા જૂનાં પુસ્તકોમાં વર્ણવાયો છે તેમાંનો સાર નીચેના ટીપણના પ્રથમ ભાગમાં લખ્યો છે તે જુઓ.

(૧૧૬) કાઠિયાવાડની ઉત્તરે આવેલ કચ્છનો અખાત અને પૂર્વે આવેલ ખંભાતનો અખાત; આ બન્ને અખાતની અણીઓ લંબાતી લંબાતી એક બીજાને મળી ગઇ હતી એટલે સૌરાષ્ટ્રનો ( કાઠિયાવાડનો ) પ્રાંત એક દ્વીપ બની ગયેલ હતો; અને તે બેની વચ્ચે, હાલ જે જમીન દેખાય છે, તે તો પાછળથી ઉપસી આવેલ હતી; આ પ્રમાણે વિદ્વાનોમાં માન્યતા બંધાયલી છે. જ્યારે અહીં જેસલમીરના રણની ઉત્પત્તિનું જે વર્ણન બતાવ્યું છે તે ઉપરથી તો માલમ પડે છે કે કચ્છનું રણ બહુધા તે સમયે જ વધારે નજરે પડતું બન્યું હશે. તે પૂર્વે તો હોય કે ન પણ હોય. વળી જૈન સાહીત્યમાંથી એમ હકીકત નીકળે છે કે સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવેલ તેમનું શત્રુંજય તીર્થ શાશ્વતું છે. અને ત્યાં પગે ચાલીને જવાતું હતું. એટલે સૌરાષ્ટ્ર પ્રાંત દ્વીપ તરીકે હોય તો ત્યાં પદાચારીપણે પહોંચી શકવું અસંભવિત ગણાય; આમ વસ્તુસ્થિતિ

પ્રસંગ બની ગયો હશે જેથી તે દ્વીપકલ્પ થઈ ગયો દેખાય છે. પણ હવે સ્પષ્ટ થશે કે ત્યાં આગળ ટાપુ જેવી સ્થિતિ હતીજ નહીં, પણ ઉલટું જે પ્રદેશનું ગળું સાંકડું થઇને, હાલના કાઠિયાવાડને દ્વીપકલ્પ બનાવી દે છે, તે તો, ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદી જેટલા, અતિ નજીકના કાળ સુધી, મહા સમૃદ્ધિવાળો અને ભરચક વસ્તીથી આબાદ બનેલો, પહોળો વિસ્તારવાળો અને સિંધુ સૌવિર તરીકે ઓળખાતા પ્રદેશની પૃથ્વીનોજ પટ-પ્રદેશ હતો.

આ પ્રમાણે જેસલમીર રણની ઉત્પત્તિ કેમ થઇ તે જેમ બતાવી શકયા છીએ, તેમ સાથે સાથે એમ પણ જાહેર કરી શકીએ તો ખોટું નહી કહેવાય, કે મિ. હેનરી કાઉઝેન્સે જે Antiquities of Sind[૧૧૭] નામનું પુસ્તક બહાર પાડી, તેમાં અનેક પૂરાણાં સ્થળનાં વર્ણન આપ્યાં છે તે સર્વે, આ દટાઇ ગયેલા સૌવિર દેશની ભૂમિ ઉપરજ, પ્રાચીન સમયે-ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદી સુધી આવી વસેલાં સ્થળો હતાં. વળી સિંધુસૌવિર દેશ, જેમ રાજા ઉદયનની સત્તા તળે હોઈને તે સ્થળનાં મંદિરો વિગેરે, મુખ્યત્વે જૈન સંપ્રદાયના હતાં, તેમ મી. હેનરી કાઉઝેન્સે વર્ણવેલાં સ્થળો-મંદિરો વિગેરેનાં અવશેષો પણ, જૈન દેવાલયોને લગતાં હતાં એમ કહી શકાશે.[૧૧૮] તે ઉપરાંત તેવીજ અગત્યની એક બીજી બાબત ઉપર પ્રકાશ પણ પાડી શકાશે. અને તે, વર્તમાન કાળે પ્રાચીન શોધ-ખોળના વિદ્વાનોમાં અતિ માનિતા થઈ પડેલ સ્થળ મોહનજાડેરોને લગતી ગણી શકાય.

સિંધ-અને સૌવિર-બંને પ્રદેશોનું એક યુગ્મ હતું તે તો નિર્વિવાદ છેજ. તેમાં પણ સૌવિર દેશના હાલ હવાલ કેવા થઈ ગયા તે આપણે ઉપર જોઇ ગયા છીએ. હવે બાકી રહી સિંધદેશની વાત.[૧૧૯] ત્યાં પણ શું શું બનાવ બની ગયાનું કહી શકાય તેમ છે, તે પણ અત્ર સંક્ષિપ્તમાં કહી જઇએ. ઉપર કહી ગયા છીએ કે રેતીના ઢગથી અને તેના વરસાદથી, નદીઓના પ્રવાહ બદલી ગયા હતા. તેમ એ પણ આપણે જાણી ચૂકયા છીએ કે આ સિંધ દેશની રાજધાનીનું શહેર રાજા ઉદયનના સમયે વીતભયપટ્ટણ[૧૨૦] હતું. અને એ તો સ્વભાવિક છે કે આવડા મોટા પ્રદેશના સમ્રાટની, જેનો ખંડીઓ અવંતિપતિ જેવો મુકુટધારી રાજા હોય તેવા સમ્રાટની, જે રાજધાની હોય તે કાંઇ નાનું સૂનું શહેર તો નજ હોય. એટલે સાધારણ રીતે

---

જોતાં નક્કી પણે કદાચ માની પણ શકાય કે, સૌરાષ્ટ્ર અસલથી દ્વીપકલ્પ જ છે, પણ ટાપુ તરીકે નહીંજ હોય.

( ૧૧૭ ) The Antiquities of Sind by Henry Cousens M. R. A. S. published in A. D. 1929 by the Government of India. જુઓ એ. સી. નામનું પુસ્તક.

( ૧૧૮ ) જેમ આ આખો પ્રદેશ અમુક સંપ્રદાયનાં દેવાલયો અને ધર્મસ્થાનો ધરાવતો ગણી શકાય છે, તેમ એક બીજો પ્રદેશ, તેટલાજ પ્રાચીન સમયે, તેજ સંપ્રદાયનાં દેવાલયો અને ધર્માલયોથી વાસીત થઈ રહ્યો હતો. તેનું નામ બેન્નાકટક ( જુઓ પરિચ્છેદ છઠ્ઠો ) હતું.

આ સિંધુસૌવિર દેશ ઉપર, મહારાજ ઉદયનની હાક વાગી રહી હતી, તેમ બેન્નાતટ ઉપર મહારાજ ખારવેલની સત્તા જામી રહી હતી. બંને જૈન સંપ્રદાયના અનુયાયીઓ હતા.

( ૧૧૯ ) આ સાથે, પૃ. ૨૨૧-૨માં સિંધુ સૌવિર દેશની રાજધાની પૃથક પૃથક નગરો હોવાની મારી માન્યતાવાળી હકીકત સરખાવો.

( ૧૨૦ ) પટ્ટણ શબ્દજ એ સ્થિતિ સૂચવે છે કે તે મોટું નગર હોવું જોઇએ. અને તે સમયના બીજા રાજધાનીનાં સ્થળોનો વિસ્તાર અને વર્ણન વાંચતાં અને તેની સાથે સરખાવતાં આ શહેર કેવું હશે, તેની સહજ કલ્પના આવી શકશે. ( સરખાવો મગધ દેશના પાટલિપુત્રની હકીકત તેમજ અવંતિની રાજધાની સમાન સંચીપુરી નગરીનું વર્ણન )

એમ પણ માનવાને કારણ મળે છે કે, વીતભય-પટ્ટણ જેમ રાજનગર હતું, તેમ વ્યાપારનું પણ મોટું મથકજ હોવું જોઇએ. વળી મગધ સામ્રાજ્યનું પાટલિપુત્ર, ગંગા નદીના તટ ઉપર વસાયેલું જેમ શહેર હતું તેમજ બીજી રીતે એ પણ સિદ્ધ થયેલી બાબત છે કે વ્યાપારાર્થે જળ પ્રવાહનો માર્ગ એક અતિ આવશ્યક અંગ ગણાય છે. એટલે આ બન્ને મુદ્દાવાળા સંજોગોને અનુલક્ષીને જો કલ્પના કરીશું, તો આ વીતભય-પટ્ટણ નગર પણ, સિંધુ નદીના તટ પ્રદેશમાંજ વસેલું શહેર હશે એમ સહજ અનુમાન બંધાઇ જાય છે. એટલે એમ સાબીત થાય છે, કે વીતભયપટ્ટણ સિંધુ નદીના તીરપ્રાંતમાં આવેલું એક મહાન વિસ્તાર-વાળું. અને બહોળું વ્યાપારી સાધન સામગ્રીથી ભરપુર શહેર હોવું જોઈએ. અને ઉપરના દૈવી પ્રકોપથી તે શહેર દટાઇ ગયું હોય, તેમજ સિંધુ નદીનો જળપ્રવાહ સ્થિત્યાંતર થયો પણ હોય. વળી બનવા જોગ છે કે, કાંતો મૂળપ્રવાહ શહેરની પૂર્વે હોય તે હઠીને વિશેષ પૂર્વમાં આવ્યો હોય, કે શહેરની પશ્ચિમે પણ ગયો હોય કે, શહેરની વચ્ચે થઇને પણ ચાલવા માંડયો હોય. હવે પ્રાચીન સમ-યની આ સ્થિતિને તે પ્રદેશમાં હાલ આવી રહેલી વર્તમાન સ્થિતિ સાથે સરખાવો જોઇએ ! શું હાલના સક્કર[૧૨૧] અને રોરી[૧૨૨] અથવા રોહરી નામના બે શહેરની વચ્ચે થઇને વહેતી સિંધુ નદી, તે સમયના વીતભયપટ્ટણનો ખ્યાલ નથી આપતી ! તેમજ સક્કર શહેરની અતિ નજીકના સ્થાનમાં આવેલ લારખાના શહેર અને તેની પાસેના મોહન-જાડેરો નામે ગામડું, તે પણ શું વીતભયપટ્ટણનું હૃદયસ્થળ હોય તેમ નથી સૂચવતું ? અને મોહન જાડેરોના અતિ ભવ્ય અવશેષો શું આવા મોટા પાટનગરને શોભા આપનારાં સ્થળો નથી દેખાતાં ! મારૂં તો એમજ માનવું છે કે આ મોહનજાડેરો તે અન્ય કોઈ સ્થળ હોવાને બદલે રાજા ઉદય-નની રાજધાનીનું શહેર વીતભયપટ્ટણજ હોય.[૧૨૩] કે જેનો નાશ આપણે જણાવી ગયા પ્રમાણે ઈ. સ. પૂ. ૫૩૪ ની આસપાસ થયાનું બતાવી શકાય છે. અલબત મોહનજાડેરોમાં જે અવશેષો શોધી કઢાયાં છે અને તે ઉપરથી તેનો સમય ઈસવીસન પૂર્વે બે થી ત્રણ હજારનો ઠરાવાય છે. તો તે પણ આપણી ધારણા અને અનુમાનને બંધ બેસતીજ છે. કેમકે ઈ. સ. પૂ. છઠ્ઠી સદીને અત્યારે અઢી હજાર વર્ષતો થયાંજ છે. અને તે પૂર્વે કેટલાંય વર્ષોથી આ નગરી વસાયલી હશે, તેમજ જાહોજલાલી ભોગવતું નગર બની રહ્યું હશે. તે જો કે આપણને કયાંયથી જાણવાને મળી શકતું નથી, પણ આ ઉપરથી કહી શકાશે કે કમમાં કમ એક હજારથી દોઢ હજાર વર્ષનું આયુષ્ય તો તે નગરે ભોગવ્યું હોવુંજ જોઇએ. અને જો મોહન જાડેરોનું સ્થળ પ્રાચીન સમયનું વીતભય નગરજ

(૧૨૧) બાકી સક્કર શહેર વિશે મી. નાથા-લાલ છગનલાલ શાહ કરીને એક ગૃહસ્થ કે જે જૈન તીર્થોની પ્રાચીનતાની શોધખોળ માટે અથાગ મહેનત કરી રહ્યા છે. અને તેનું એક પુસ્તક હાલ છપાવી રહ્યા છે તેમણે મને જણાવ્યું છે કે, આ સક્કર શહેર તે જૈન તીર્થ હતું એમ પોતે કયાંક વાંચ્યું છે (કયાં તે હાલ તેમને યાદ નથી આવતું ) સરખાવો નીચેનું ટીપણું.

(૧૨૨) સિંધ દેશની રાજધાનીને બૌદ્ધ ગ્રંથોમાં રોરુક-રોરુવ કે રોરવ કહેલ છે, તે શું હાલના રોહરી શહેરના નામ સાથે સંબંધ ધરાવતું કહી શકાય !

(૧૨૩) જૈ. સા. લેખ-સંગ્રહ પૃ. ૭૬ માં લખેલ છે કે આ શહેરની ઈશાન ખૂણે મૃગવન નામનું એક મોટું વન હતું. ( will this be of any use as a hint, to the archeological department in fixing the site of the old capital ).

ઠરી શકે, તો તેનું અસ્તિત્વ પણ ત્રણ હજાર વર્ષ પૂર્વેનું કહી શકાશે, તથા તેનાં તેમજ તેની આસપાસના સક્કર વિગેરે સ્થળનાં મંદિરો ઇત્યાદિ પ્રાચીન સ્મારકો અને ખંડિયેરોને પણ, જૈન સંપ્રદાય સાથે સંબંધ ધરાવતાંજ કહી શકાશે.[૧૨૪] તેમજ વીતભયપટ્ટણની આબાદીના સમયે તેનો વિસ્તાર, લંબાઈમાં લગભગ વીસ માઈલ અને પહોળાઈમાં સાત આઠ માઈલ જેટલો કહી શકાશે. અને મોહનજાડેરોના હાલના ખંડિયેરો જોતાં તે વાત સત્ય હોવાની પ્રતીતિ વધતી પણ જાય છે.

આ રાજર્ષિ ઉદયનના ભાણેજ કુમારના રાજ્યનો પણ અંત આવી ગયો તેમ તેના વંશનો પણ અંત આવી ગયો

**રાજા ઉદયનના વંશનો અંત**

ગણાશે. તે નધણિયાતા પ્રદેશ ઉપર, પડોશના ઈરાની શહેનશાહનો ડોળો ક્યારનોયે ખેંચાઇ રહ્યો હતો તેણે હવે પ્રસંગ જોઇને આક્રમણ લઈ જઈ પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધો પણ હોય. આ બનાવ શહેનશાહ સાઇરસના કે ડેરીઅસના સમયે બન્યાનું આપણે કહી શકીશું. તેમાં પણ જો સાઈરસના રાજ્યે બન્યો હોય તો ઇ. સ. પૂ. ૫૩૧-૩૦ માં અને ડેરીઅસના સમયે બન્યો હોય તો ઇ. સ. પૂ. ૫૨૦ ની આસપાસ બન્યાનું કહી શકાશે. વિશેષ સંભવ સાઇરસના રાજ્યે બન્યાનુ સંભવિત છે.[૧૨૫]

રાજા ઉદયનના જીવનના અન્ય બનાવો ધાર્મિક જીંદગી પૂરતા હોવાથી અત્ર ઇતિહાસના અંગે વર્ણવવા જરૂર નથી. એટલે હવે, રાજા ઉદયન તથા તેની રાણી પ્રભાવતીના જીવનના બનાવોની સાલવારી ગોઠવીને આ પ્રકરણ બંધ કરીશું. તે સાલવારી નીચે પ્રમાણે ગોઠવી શકાશે.

## (૧૬) સૌરાષ્ટ્ર અને બાકી રહેલ દેશો

પૃ. ૫૬ થી ૬૭ સુધીમાં બતાવેલા પચીશ આર્ય દેશોમાંના પંદરનું વર્ણન આપણે કરી

| | | ઉદયનની સાલ | ઉદયનની ઉમર | | પ્રભાવતીની સાલ | પ્રભાવતીની ઉમર |
|---|---|---|---|---|---|---|
| (૧) | જન્મ | ઈ. સ. પૂ. ૬૦૦ | ૦ | ઇ. સ. પૂ. | ૫૯૪ | ૦ |
| (૨) | લગ્ન | ,, ૫૮૦ | ૨૦ | ,, | ૫૮૦ | ૧૪ |
| (૩) | રાજ્યારોહણ | ,, ૫૮૦ | ૨૦ | ,, | ૫૮૦ | ૧૪ |
| (૪) | કુમાર કેશવનો જન્મ | ,, ૫૭૫ | ૨૫ | ,, | ૫૭૫ | ૧૯ |
| (૫) | અવંતિ ઉપરની ચડાઈ | ,, ૫૬૧ | ૩૯ | ,, | | |
| (૬) | દીક્ષા લીધી | ,, ૫૪૬ | ૫૪ | ,, | ૫૬૯ | ૨૫ |
| (૭) | વીતભયનું દટ્ટણ | ,, ૫૩૫ | ૬૫ | | | |
| (૮) | મૃત્યુ | ,, નક્કી નથી | | ,, | ૫૬૭ | ૨૭ |

(૧૨૪) સરખાવો ઉપરનું સક્કર વિશેનું ટી. નં. ૧૨૧. તથા વર્તમાનકાળના, the greater Bombay. the greater Calcutta જેવા હિંદી શહેરો, તથા the greater Paris, the greater Berlin and the greater London જેવાં યુરોપી નગરોના વિસ્તાર સાથે આ વીતભયપટ્ટણનો ઘેરાવો સરખાવો.

(૧૨૫) આ સાથે કાળચક્રના પલટાના સમયને સરખાવો. ઉપરના પૃ.૬ તથા ૮ માં તેને આપણે ઈ. સ. પૂ. ૫૨૩ માં હોવાનું જણાવ્યું છે, આ હકીકત સાથે કુદરતના કાયદાના ધોરણનો ( જુઓ પૃ. ૪ ) વિચાર કરીશું તો આ હકીકત પણ વાસ્તવીક દેખાશે. કે કાળદેવની અસર પણ કુદરતને લાગેલી હોય જ.

ચૂક્યા છીએ તેમાં પણ ચઉદ તો હમેશને માટે (આપણે નિર્ણીત કરેલ એક હજાર વર્ષના કાળ માટે) આર્યજ લેખાતા હતા. જ્યારે આંધ્ર નામના પંદરમા પ્રદેશે, પાછળથી આર્ય સંસ્કૃતિને અપનાવેલ હતી, છતાં તેના ઉપર જે રાજાઓ સત્તા ભોગવતા થયા હતા તેઓનો, એક સ્વતંત્ર વંશજ દીપી નીકળેલ હોવાથી, તેમનું વર્ણન જુદા દેશ તરીકે ગણીને દર્શાવવામાં આવ્યું છે.

બાકીના દશમાંથી લાટ, વત્સ, કચ્છ અને સુરાષ્ટ્ર: સર્વથા આર્ય દેશમાંજ ગણાયા છે, એટલે તેમને પણ સ્વતંત્ર સ્થાન આપવું યોગ્ય હતું. છતાં (૧) જે રાજપતિઓની સત્તામાં તે હતા, તેમના અધિકારનું વર્ણન તે તે દેશનું વર્ણન કરતાં લખાઈ ગયું છે (૨) તેમજ તેમના ઉપર એકજ વંશની સત્તા કાયમ રહી નથી. આવાં બે કારણને લીધે, તેમની હકીકત સ્વતંત્ર લખવા જરૂર રહેતી નથી. વળી નેપાળ, કામરૂપ, ચોલા, પાંડ્યા, અપરાંત અને મહારાષ્ટ્ર: તેઓ જોકે પાછળથી આર્ય દેશ તરીકે લેખાયા છે, છતાં તેમની સ્થિતિ પણ અધિકાર પરત્વે તો, ઉપરના ચાર આર્ય દેશો માફકજ પ્રવર્તી રહેલ હોવાથી, તેમનું વર્ણન પણ સ્વતંત્ર રીતે લખવું રહેતું નથી. તોપણ આ દશમાંથી, એક પ્રદેશનો કિંચિત્ ઉલ્લેખ કરવાની ખાસ આવશ્યકતા હોવાથી અહીં તેને સર્વથી છૂટો પાડીને ગણના કરાવરાવી છે.

**સૌરાષ્ટ્ર:**—પંદર રાજ્યોના રાજકર્તાઓ વિશે જેમ થોડી ઘણી માહિતી કોઈ ગ્રંથોમાંથી મળી આવી છે તેમ આ વિશેતો કાંઇ માહિતીજ મળતી નથી; એટલુંજ નહીં પણ તેના વિશે કયાંય ઉલ્લેખ પણ કરેલ હોય તેમ નજરે પડતું નથી. જ્યારે તેના કરતાં કેટલાયે નાના, એવા વિદેહ, કોશળ, વત્સ આદિ દેશોનો ઇતિહાસ લખાય, અને તેનેજ બાકાત રાખવામાં આવે, ત્યારે એમ અનુમાન થાય છે કે, તેનું રહસ્ય કાંઇક જુદુંજ હોવું જોઇએ. તે માટે એક વસ્તુસ્થિતિ સંભવે છે. તે એમ કે, જો તેના પાડોશી રાજ્યોના અધિકારમાં તે ગયું હોય તો તેનું વર્ણન આલેખાય નહીં. આવાં મોટાં બે પડોશી રાજ્યો હતાં. એક સિંધુ-સૌવિરનું અને બીજું અવંતિનું. આ બેમાંથી કોને તાબે આ સૌરાષ્ટ્ર હશે તે જણાયું નથી. પણ અવંતિપતિને તાબે હોવા વિશેષ સંભવ છે. અને કાળાંતરે જેમ અવંતિપ્રદેશ પોતેજ મગધનું એક અંગ બની ગયું તેમ સૌરાષ્ટ્રની દશા પણ તેજ થઇ હશે એમ ગણવું રહે છે.[૧૨૬]

આ પ્રમાણે ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં જે સોળ રાજ્યો હતાં તે દરેકનો ટૂંક ઇતિહાસ રજુ કરી દીધો છે. હવે, ઉપરના રાજ્યોમાંથી જે ત્રણ ચાર અન્ય રીતે ફાલી ફુલી મોટાં સામ્રાજ્યો તરીકે મશહુર બની ગયાં હતાં, તેમનો વૃત્તાંત વિસ્તારથી જણાવીશું. વળી અત્યાર સુધી ઉત્તર હિંદનાં રાજ્યોનું વર્ણન જ મુખ્યપણે લખાયું છે પણ દક્ષિણ તરફ મીટ સરખી માંડી નથી, તો ત્યાં જે આંધ્ર પ્રજાનું એક મોટું સામ્રાજ્ય જામી પડયું હતું, તેનો ઇતિહાસ પણ સાથેસાથે આલેખી બતાવીશું.

---

(૧૨૬) સુદર્શન તળાવની પ્રશસ્તિ ઉપરથી સમજાય છે કે તે પ્રદેશ મૌર્ય ચંદ્રગુપ્તની (ઇ. સ. પૂ. ૩૭૨–૩૫૬ સુધી) સત્તામાં હતો. તે પહેલાં ક્યારથી તે મગધની સત્તામાં ગયો તે જણાયું નથી.

# દ્વિતીય ખંડ

# દ્વિતીય ખંડ

## મગધ સામ્રાજ્ય

(अ) શિશુનાગ વંશ અને (आ) નંદવંશ
ના રાજ્ય અમલ

### (अ) શિશુનાગવંશ


પ્રથમ પરિચ્છેદ

(૧) શ્રેણિક [ બિંબિસાર ]

દ્વિતીય પરિચ્છેદ

શ્રેણિક [ ચાલુ ]

તૃતીય પરિચ્છેદ

(૨) અજાતશત્રુ [ કૂણિક ]

(૩) ઉદયાશ્વ અને

(૪) અનુરૂદ્ધ તથા મુંદ


### (आ) નંદવંશ [નાગવંશ]


ચતુર્થ પરિચ્છેદ

(૫) નંદ પહેલો : નંદિવર્ધન

(૬) નંદ બીજો : મહાપદ્મ

પંચમ પરિચ્છેદ

(૭) નંદ ત્રીજાથી નંદ આઠમા સુધી:
ના છ રાજાઓ

(૮) નંદ નવમો : મહાનંદ

ષષ્ઠ પરિચ્છેદ

ઉપરના આઠે રાજઅમલમાંના
જય પરાજયનું વર્ણન



# પ્રથમ પરિચ્છેદ

## (અ) શિશુનાગ વંશ: મોટો નાગવંશ.

**ટૂંકસાર:—**

શિશુનાગ અને મગધનો સંબંધ—બૃહદ્રથ અને શિશુનાગ વચ્ચેનું અંતર અને સગપણ—શિશુનાગ વંશની નામાવળી તથા રાજ્યકાળ ગોઠવતાં, તેની ચર્ચા અને નિવેદન—તેના દશરાજામાંના પ્રથમ પાંચના જીવન—કોશળપતિ અને મગધપતિનો કુળમદ અને તેનું ભોગવવું પડેલું પરિણામ—રાજા બિંબિસાર પોતાના ભાઇઓમાં નાનો હોવા છતાં કેમ ગાદીપતિ બન્યો તેનો ઇતિહાસ—બાપે કરેલી તેની અનેક પરીક્ષાઓ—તેનું પરદેશગમન અને ભાવિનો વિકાસ—પ્રથમા રાણી સુનંદા સાથેનું તેનું પાણિગ્રહણ—તેજંતુરીનો મહિમા—બિંબિસારનો રાજ્યાભિષેક—અગીઆર વર્ષની ઉમરે જ્યેષ્ઠ પુત્ર અભયકુમારનું કઠિન પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ મગધ દેશના મહામંત્રીશ્વર બનવું—બિંબિસારનું આયુષ્ય અને રાજ્યકાળ—અંતરકાળે કુદરતે ખૂબીઓ ઉત્પન્ન કરી હતી તેનું વર્ણન—ચાર મહાપુરૂષોના ઉદ્‌ભવ—રાજા બિંબિસારે કરેલ અનેક ધર્મપલટાઓ અને ગૌતમબુદ્ધ સાથેનો પરિચય—બિંબિસારના ભાવિ જીવનનો અને વર્તમાનનો સંબંધ—ઈ. સ. પૂ. ૫૫૮ ની સાલની મહત્તા—ચિલ્લણા રાણી સાથેના પાણિગ્રહણના સમયે બનેલી આશ્ચર્યકારક ઘટનાઓ.

## શિશુનાગવંશ

આગળ પૃ. ૯૩ થી ૧૦૦ ઉપર કાશીદેશનો ઇતિહાસ લખતાં આપણે જોઈ ગયા છીએ કે તે દેશ ઉપર ઈ. સ. પૂ. ની આઠમી સદીમાં બૃહદરથ વંશી રાજા અશ્વસેનનું રાજ્ય હતું. તે જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના પીતા થતા હતા. આ પાર્શ્વકુમારે પોતાના પિતાની હૈયાતિમાં અને તેમના રાજ્યકાળેજ દીક્ષા લઇ લીધી હતી એટલે અશ્વસેન રાજાના મરણ બાદ કાશીની ગાદી ખાલી પડી હતી. તે ગાદી ઉપર શિશુનાગ નામનો ક્ષત્રિય રાજા બેઠો હતો અને તેના ઉપરથી તે વંશનું નામ પણ શિશુનાગ વંશ પડયું હતું.

પૃ. ૧૦૦ ઉપર આપણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, આ શિશુનાગ રાજા જે કાશીપતિ થયો હતો તે રાજા અશ્વસેનના મરણ બાદ તુરતજ થયો હતો કે, વચ્ચે કાંઇ અંતર હતું ? અને બૃહદરથ વંશને અને શિશુનાગ વંશને કાંઇપણ સગપણ સંબંધ હતો કે કેમ ? આ બે મુદ્દાનો નીકાલ અત્રે આપણે કરવો રહે છે, અને તે બાદ આ શિશુનાગ વંશમાં થયેલ રાજાઓનું એક પછી એક જીવન લખવાનું હાથ ધરીશું.

શિશુનાગવંશી રાજાઓ આદિમાં તો કાશી પતિજ હતા. પણ પાછળથી તેઓને મગધદેશનું રાજ્ય ચલાવવાને આમંત્રણ મળ્યું હતું. તેથી તેઓ બન્ને દેશના સ્વામી બનવા ઉપરાંત, મગધ દેશ ઉપર પણ તેમનો અધિકાર દીર્ઘકાળ પર્યંત જામવા પામ્યો હતો, તેમજ તે દેશ ઉપર સત્તા ભોગવતા ભોગવતા વિશેષ પ્રમાણમાં કીર્તિની ઉજ્જવળતાને વરવા પામ્યા હતા. તેથી તેમનો ઇતિહાસ અહીં મગધદેશના વર્ણનના મથાળા તળે હાથ ધરવાનું દુરસ્ત ધાર્યું છે.

અન્ય પ્રદેશના ભૂપતિની બાબતમાં જેમ બનતું આવ્યું છે, તેમ આ કાશીપતિના સંબંધમાં પણ તેમની આદિ ક્યારે થઈ તેનો સમય નિશ્ચિતપણે જણાયો નથી. જો કે આસપાસની હકીકત ઉપરથી તેનું અનુમાન કેટલેક અંશે કરી શકાય છે ખરૂં?

**બૃહદરથનો અંત અને શિશુનાગની આદિ વચ્ચેનું અંતર**

મત્સ્ય પુરાણમાં આખો શિશુનાગવંશ ૩૩૩ વર્ષ[1] પર્યંત ચાલ્યાનું અને તેમાં દશ ભૂપતિઓ થયાનું કહે છે. વળી કહેલું છે કે શિશુનાગ વંશનો અંત આવ્યા બાદ નંદવંશ ગાદીએ આવ્યો છે, કે જે ૧૦૦ વર્ષ રાજ્ય કરીને સમાપ્ત થતાં, મૌર્યવંશી ચંદ્રગુપ્ત[2] મગધનો સમ્રાટ થયો હતો. આટલી હકીકત ઉપરથી આપણે શિશુનાગ વંશની આદિ શોધી કાઢીએ તેમ છે. પૃ. ૨૦૬ થી આગળ ઉપરની ચર્ચામાં આપણે સાબિત કર્યું છે કે ચંદ્રગુપ્ત મૌર્ય મ. સં. ૧૫૫=ઈ. સ. પૂ. ૩૭૨ માં મગધપતિ બન્યો હતો. અને તેમાંથી નંદવંશના સો વર્ષ બાદ કરીએ એટલે ઇ. સ. પૂ. ૪૭૨માં નંદવંશની આદિ અને શિશુનાગવંશનો અંત થયો ગણી શકાશે: અને ઇ. સ. પૂ. ૪૭૨ માં ૩૩૩ વર્ષ ઉમેરીએ તો શિશુનાગ વંશની આદિ ઇ. સ. પૂ. ૮૦૫ માં ગણી શકાશે: હવે જેમ શિશુનાગ વંશનો પ્રારંભ ઇ. સ. પૂ. ૮૦૫ માં ગણીએ તેમ બૃહદરથ વંશનો અંત પણ તેજ સાલમાં ગણીએ, એટલે તો એકનો અંત અને બીજાની શરૂઆત થઇ છે એમ કહી શકાય. પણ બૃહદરથ વંશનો અંત ક્યારે થયો તે વસ્તુજ નક્કીપણે કરી શકાતી ન હોવાને લીધે કેવળ અનુમાન ઉપરજ ઈમારત રચવી પડે છે. અને તે એમ બને છે કે, શ્રી પાર્શ્વનાથની દીક્ષા ઇ. સ. પૂ. ૮૪૬ અને નિર્વાણ ઇ. સ. પૂ. ૭૭૬ માં સાબિત કર્યું છે (જુઓ પૃ. ૯૭) એટલે કે શિશુ-

( ૧ ) કેટલાકમાં ૨૭૫ વર્ષ લખ્યાં છે.

( ૨ ) ઇ. એ. પુ. ૩૨ પૃ. ૨૨૯

નાગ વંશના પ્રારંભ પહેલાં ( ૮૪૬–૮૦૫ ) ૪૧ વર્ષે દીક્ષા લીધી છે, અને શિશુનાગનો આરંભ થયા બાદ ૨૯ વર્ષે નિર્વાણ પામ્યા છે. હવે જો એમ સાબિત થઈ શકે કે રાજા અશ્વસેન તો પાર્શ્વ-નાથે દીક્ષા લીધા પછી ૪૧ વર્ષ જીવંત રહેવા પામ્યા છે; તો તો એમ પણ સાબિત થઈ ગયું જ ગણાય, કે તેમના મરણ બાદ તુરતજ શિશુનાગ-વંશ શરૂ થયો હતો. બાકી તો ૪૧ વર્ષને સ્થાને, જેટલાં વર્ષ ઓછાં હોય તેટલાં વર્ષનું અંતર, એક વંશનો અંત અને બીજાનો પ્રારંભ થવામાં પડયું હોય, એમ ગણવું જ રહેશે.

બાકી એ વંશના વચ્ચે કાંઇપણ સગપણ હોવા સંભવ નથી, કારણકે બન્નેનાં ગોત્ર તથા જ્ઞાતિઓ જુદાંજ છે. બૃહદરથો ઇક્ષ્વાકુ છે જ્યારે શિશુનાગ વંશી લિચ્છવી–સંવ્રીજી[3] છે. વળી કોશળપતિને અને આ શિશુનાગ કાશીપતિને ઉચ્ચનીચ ગોત્રના હોવા માટે તો તે એની વચ્ચે મોટા વિગ્રહો મંડાયાનું જ ઇતિહાસના પાને નોંધાયું છે. જ્યારે કોશળપતિ તથા બૃહદરથવંશી બન્ને સગોત્રીય અને એક જ ઇક્ષ્વાકુ વંશના હતા. તે પણ આપણે ઉપર જોઇ ગયા છીએ. એટલે આ બધી હકીકતથી સાબિત થાય છે કે બૃહદરથને અને શિશુનાગને એ વચ્ચે પિતૃપક્ષે કાંઇ સંબંધ હોવા સંભવ નથીજ.

ઉપર જોઇ ગયા છીએ કે શિશુનાગવંશ એકંદરે ૩૩૩ વર્ષ ચાલ્યો છે અને તેમાં કુલ દશ રાજાઓ થયા છે. હવે જૈન અને બૌદ્ધ ગ્રંથોનુ સાર કહી શકાય છે કે, શ્રી મહાવીરના સમકાલીન તરીકે રાજા શ્રેણિક મગધ-પતિ હતો. તેમજ તે તથા તેની પછીના બીજા ચાર મળીને કુલ પાંચ[4] રાજા હતા અને તેમનો વંશ ૧૦૮ વર્ષ ચાલ્યો હતો[5] એટલે કે, શ્રેણિકની પહેલા પાંચ રાજા થઇ ગયા કહેવાય અને તે પાંચેનો એકંદર સમય ૩૩૩–૧૦૮= ૨૨૫ વર્ષ ગણાય.

**શિશુનાગ વંશની નામાવળી તથા રાજ્યકાળ**

આ પ્રથમ ભાગના પાંચ રાજાઓ વિશે પહેલ વહેલાં વિચાર કરી લઇએ. મિ. વિન્સેંટ સ્મિથ પૌરાણિક ગ્રંથોના આધારે ચાર રાજાનાં નામ તથા તેમનો રાજ્યકાળ નીચે પ્રમાણે જણાવે છેઃ[6]–

(૧) શિશુનાગ ૪૦
(૨) કાકવર્ણ ૨૬
(૩) ક્ષેમવર્ધન ૩૬
(૪) ક્ષેમજિત ૨૪
૧૨૬

જ્યારે મિ. પાર્જીટર બહુ સંશોધન અંતે જો કે તેજ ચારે પુરૂષોનાં નામ તો જણાવે છેજ, છતાં ૧૨૬ વર્ષને બદલે ૧૩૬ વર્ષનો સમય જણાવે છે.[7] ગમે તેટલો મતભેદ હોય છતાં સમજાય છે કે, જે સમય ૧૨૬ વર્ષનો ગણાવ્યો છે તેને બદલે જો ૨૨૬ નો

( ૩ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૭૬:– પાલીગ્રંથમાં લખેલ છે કે શિશુનાગવંશી રાજાઓ વૈશાળીના લિચ્છવી કુટુંબના હતા. ( પૃ. ૪૧ ) પંડિત તારાનાથનું કહેવું થાય છે કે નંદવંશી રાજાઓ ( કાલાશોક વિગેરે ) પણ તેજ નાતના હતા. J. O. B. R. S. Vol. I. P. 76:- The Pali writers relate that the Sisunagas belonged to the family of Vaishali (Lichhavis). (Ibid P. 41) Taranath says the same of Nandin (Kalasoka) આ બંને વાકયો એક કરીને વાંચીશું તો શિશુનાગ અને નંદવંશી રાજાઓ એકજ Stock (કુળ) ના ક્ષત્રિય હતા એમ બંને લેખકનું માનવું થાય છે.

( ૪ ) પાંચ રાજાનાં નામ તથા દરેકનો રાજ્યકાળ કેટલા વર્ષનો હતો તે માટે આગળ જુઓ. તથા ઉપર જુઓ પૃ. ૨૦૯.

( ૫ ) જુઓ પૃ. ૨૦૯,

( ૬ ) અ. હી. ઇ. ૪થી આવૃતિ પૃ. ૫૧.

( ૭ ) જુઓ પા. ક.

આંક મૂકવામાં આવે તો, આપણે ઉપરમાં સરવાળા-બાદબાકીના હીસાબે તેમનો સમય જે ૨૨૫ વર્ષ ગણાવ્યો છે તેને મળતો જ નિર્ણય આવી શકે છે, અને આ પ્રમાણે ૧૨૬ અને ૨૨૬ માં જે પ્રથમના આંકમાં ફેર પડી ગયો છે તેવા બનાવ તો પ્રાચીન ઇતિહાસમાં અનેક ઠેકાણે બની ગયાનું દૃષ્ટિગોચર થઇ જાય છે. પછી ફાવે તો લહિયાએ પ્રત ઉતારવામાં સ્ખલના કરી દીધી હોય કે તેનો દૃષ્ટિદોષ થયો હોય, કે પછી પોતાનાજ મતિ વિપર્યાસ અથવા દોઢ ચતુરાઇને લીધે બનવા પામ્યું હોય, પણ વસ્તુ સ્થિતિ સૂચવે છે કે, તે આંક ૧૨૬ નો નહીં પણ ૨૨૬ નો હશે. વળી તે આપણે નીચેની વિગતેથી જોઈ શકીએ છીએ.

અલબત્ત અત્યારના સમયે પ્રત્યેક રાજાનો સત્તાકાળ સરેરાશ ૨૫ થી ૩૦ વર્ષનો ગણવામાં આવે છેઃ અને તે હિસાબે ચાર રાજાઓનું રાજ્ય સમગ્રપણે આશરે ૧૨૦ વર્ષ જ ચાલ્યું હોવાનું ગણી લેવાય. પણ આપણે હાલના સમયનો વિચાર કરવાને બદલે તે કાળના સમયનોજ વિચાર કરવો જોઇએ. આગળના પૃષ્ઠો ઉપર તેવા અનેક દેશના-જેવા કે કોશળ, વત્સ અને અંગના-ભૂપતિઓની વંશાવળી આપણને પ્રાપ્ત થયેલી છે. તેમાં પણ કોશળ અને અંગદેશના રાજાઓની હજુ કેટલેક અંશે અપૂર્ણજ છે જ્યારે વત્સપતિની તો સર્વાંશે સંપૂર્ણજ મળી આવી છે. ( જુઓ પૃ. ૧૧૨ ) તે તપાસતાં માલૂમ થાય છે કે તેના પણ પ્રથમના પાંચ ભૂપતિઓનો સમગ્ર રાજ્યકાળ સવાબસો વર્ષનોજ થવા જાય છે. એટલે શિશુનાગવંશીઓના કિસ્સામાં આપણે સવાબસો વર્ષ માની લેવામાં જરાએ આંચકો ખાવા જરૂર નથી. વળી બીજી રીતે પણ તે હકીકત સિદ્ધ થઈ શકે છે. પાર્શ્વનાથ અને મહાવીર નામના જૈનોના ત્રેવીસમા અને ચોવીસમા તીર્થંકરો વચ્ચેનું અંતર અઢીસો વર્ષનું ગણાય છે. તેમાંના પાર્શ્વનાથની પાટપરંપરાએ પાંચમા પુરૂષ કેશિમુનિ થયા છે કે જે શ્રી મહાવીરના સમયે વિદ્યમાન હતા. અને આ કેશિમુનિને કોશળપતિ રાજા પ્રસેનજિતના ધર્મગુરૂ તરીકે વર્ણવ્યા છે. એટલે કે એકબીજાના સમકાલીન થયા કહેવાય. તેમ શ્રી મહાવીર અને શ્રેણિક પણ સમકાલીન છે. સિદ્ધવચનના ( By the rules of axioms) સૂત્ર પ્રમાણે આ ચારે પુરૂષો, (કેશિ, પ્રસેનજિત, શ્રીમહાવીર અને શ્રેણિક) એક બીજાના સમકાલીન ગણી શકાય. હવે ઉપર આપણે જોઇ ગયા છીએ કે રાજા અશ્વસેનના મરણબાદ શિશુનાગ ગાદીએ આવ્યો છે. અને તે સમયે શ્રી પાર્શ્વનાથ હૈયાત હતા. તો પછી પાર્શ્વનાથની પાંચમી પેઢીએ થયેલ કેશિમુનિની વિદ્યમાનતાના સમયે, તેજ શિશુનાગના વંશમાં જે પાંચમો પુરૂષ થાય, તેની હૈયાતિનો પણ સંભવ કેમ ન હોઇ શકે ! મતલબ કે હોઇ શકે છે, અને તેમજ હતું. એટલે સાર એ થયો કે, પાર્શ્વનાથની પાંચમી પેઢીએ જે પુરૂષ થયો (કેશીમુનિ) તેને બસો સવાબસો વર્ષનું અંતર હતુંજ; અને તે પુરૂષ શ્રીમહાવીરનો સમકાલીન પણ હતોજ; અને તે શિશુનાગવંશી શ્રેણિકનો પણ સમકાલીન હતો. એટલે શિશુનાગવંશના પ્રથમના પાંચ પુરૂષોનો રાજ્ય વહીવટ સવાબસો વર્ષ સુધી લંબાયો હોય,[૮] તેમ માની લેવાને કાંઇજ અયુકત નથી. જેમ આ માની શકાય તેવું છે, તેમ એ પણ

( ૮ ) આ સમયે અવસર્પિણી કાળનો ચોથો આરો ચાલતો હતો તે ભૂલવું જોઈતું નથી. આ તો પાંચ રાજા વચ્ચે સવા બસો વર્ષનીજ વાત થઈ. પણ હજુ તેના કરતાં વિશેષ ને વિશેષ પ્રાચીન સમય નિહાળતા જઇશું, તો તેઓ આ કરતાં પણ વિશેષ લાંબુ રાજ્ય અને આયુષ્ય ભોગવતાં હતાં એમ માલૂમ પડશે. કાળ

માની શકાય એવું છે કે પાર્શ્વનાથની પાંચે પાટ સુધી, થનારા પુરૂષો, રાજા શિશુનાગની પાંચે પેઢીવાળા પુરૂષો સાથે, સમકાલીનપણે વર્તતા હોઇ શકે ખરા.

હવે આ પાંચ પુરૂષોને બદલે આપણને ભાળ મળી છે ત્યાં સુધી તો, ઉપર જણાવ્યા છે તે ચાર જ વ્યક્તિઓનાં નામ નજરે પડે છે. તો પાંચમો પુરૂષ કોણ, અને તે કયારે થયો ગણવો ? જૈન ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, રાજા શ્રેણિક પોતાના પિતા પ્રસેનજિતના મરણ બાદ તુરતજ ગાદીએ બેઠો છે. જ્યારે આપણે ઉપર ટાંકેલા કોષ્ટકમાં, ચારમાંથી કોઇનું નામ પ્રસેનજિત દેખાતુંજ નથી. પણ છેલ્લા ( એટલે ચોથાનું ) નામ ક્ષેમજિત છે. એટલે ઘણી વખતે, જેમ એક બીજાનાં નામ, આગલા પાછલા પુરૂષોને અનુસરતાં ગોઠવાયાં હોવાનો આપણને પરિચય છે, તેમ અત્રે પણ બનવા જોગ છે કે, રાજા ક્ષેમજિતની પછી રાજા પ્રસેનજિતજ પાંચમા પુરૂષ તરીકે આવ્યો હશે. અને પછી તુરતજ પ્રસેનજિતના પુત્ર તરીકે રાજા શ્રેણિક, તે છઠ્ઠા પુરૂષ તરીકે ગાદી પતિ બન્યો હોય.

આ પ્રમાણે પ્રથમના પાંચ રાજાઓનાં નામો નક્કી થઇ ગયાં. હવે તેમનાં રાજ્યનો સમય ગોઠવીએ. આગળ ઉપર આપણે જોઇશું, કે રાજા શ્રેણિક ઇ. સ. પૂ. ૫૮૦ માં[૯] મગધપતિ બન્યો હતો. અને તેની પૂર્વેના પાંચ રાજાનો સમય ૨૨૫ વર્ષ ગણતાં શિશુનાગ વંશનો પ્રારંભ ઇ. સ. પૂ. ૮૦૫ માં થયો કહેવાય. હવે જો આપણે નીચેનાં બે સૂત્ર ધ્યાનમાં રાખીને તેમનો સમય ગોઠવીશું તો જે કાંઈ છેવટ ઉપર આવીશું તે મોટે ભાગે સાચોજ રહેશે. અલબત, તેમાં બે વર્ષ આઘું-પાછું બનવા યોગ્ય તો રહેશેજ. તે બે સૂત્ર એમ છે કે, (૧) બે લાગલાગટ રાજાઓનો રાજ્યકાળ ઘણો લાંબો વખત હોઇ ન શકે અને (૨) જેમ રાજાના નામનું સ્થાન ઉપર હોય, તેમ તેનો રાજ્યકાળ પણ વધારે હોય, કારણ કે આયુષ્ય પણ વધારેજ હોય છે ( જુઓ ઉપરનું ટી. ૮.) હવે જે ગ્રંથોમાં આ રાજાઓનાં નામો અપાયાં છે તેમાં લગભગ સર્વે સહમત છે કે, બીજા અને ચોથા રાજાનો રાજ્યકાળ ૩૬ વર્ષનો છે. એટલે પછી આપણે જે કાંઈ કલ્પના કરવી રહે છે તે, પહેલા, ત્રીજા અને પાંચમાનો સમય ઠરાવવા પૂરતીજ: અને કોશળપતિની વંશાવળી જો નજર પાસે રાખીશું તો, પ્રથમવાળાને ૬૦ વર્ષ, ત્રીજાને ૫૦ વર્ષ, અને પાંચમાને સવાબસોમાંના બાકી ખુટતા ૪૩ વર્ષ અર્પણ કરવા પડશે. તે પ્રમાણે કરવાથી નીચે પ્રમાણે તેમની વંશાવળી ગોઠવી ગઇ ગણાશે.[૧૦]

---

દેવનું મહાત્મ્ય શું હતું અને છે, તે આ દષ્ટાંતોથી જણાઈ આવે છે.

( ૯ ) ઇ. સ. પૂ. ૩૭૨ માં મૌર્યવંશની સ્થાપ્ના: ઈ. સ. પૂ. ૪૭૨ માં નંદવંશની સ્થાપ્ના (જુઓ પૃ. ૨૩૪ ઉપર ): અને શ્રેણિક વિગેરે પાંચ રાજાનો અમલ ૧૦૮ વર્ષ: ( જુઓ ૨૩૫ એટલે ૪૭૨+૧૦૮= ઇ. સ. પૂ. ૫૮૦ આવશે.

( ૧૦ ) ભા. પ્રા. રા. પુ. ૨ જું, પૃ. ૧૯ અને આગળમાં જે વર્ણન આપ્યું છે તેમાંથી નીચે પ્રમાણે તારણ નીકળે છે—

(૧) શિશુનાગ ૪૦.

(૨) શાકવર્ણ ( વાયુપુરાણમાં શકવર્ણ છે. )

(૩) ક્ષેમધર્મા ( પાઠાંતરે, ક્ષેમવર્મા ક્ષેમકર્મા=૩૬: વાયુ અને બ્રહ્માંડ પુરાણમાં ૨૦ વર્ષ કહ્યાં છે )

(૪) ક્ષત્રૌજા ( ક્ષેત્રજ્ઞ ) ૩૬: ( મત્સ્યમાં ક્ષેમજીત: ક્ષેમાર્ચ ૪૦: ક્ષેમવિત ૨૪ લખ્યું છે ).

( ૧૧ ) જુઓ પૃ. ૨૦૯.

( ૧૨ ) જુઓ પૃ. ૮૬ ઉપરની નામાવળી.

| | | ઈ. સ. પૂ. | થી | ઈ. સ. પૂ. | વર્ષ | મ. પૂ. | થી | મ. પૂ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ( ૧ ) | શિશુનાગ | ૮૦૫ | ,, | ૭૪૫= | ૬૦ | ૨૭૮ | ,, | ૨૧૮ |
| ( ૨ ) | કાકવર્ણ | ૭૪૫ | ,, | ૭૦૯= | ૩૬ | ૨૧૮ | ,, | ૧૮૨ |
| ( ૩ ) | ક્ષેમવર્ધન | ૭૦૯ | ,, | ૬૫૯= | ૫૦ | ૧૮૨ | ,, | ૧૩૨ |
| ( ૪ ) | ક્ષેમજિત | ૬૫૯ | ,, | ૬૨૩= | ૩૬ | ૧૩૨ | ,, | ૯૬ |
| ( ૫ ) | પ્રસેનજિત | ૬૨૩ | ,, | ૫૮૦= | ૪૩ | ૯૬ | ,, | ૫૩ |
| | | | | | ૨૨૫ | | | |

અને તે બાદ બીજા પાંચની વંશાવળી નીચે પ્રમાણે ( જે આગળ સાબિત કરવી રહે છે ) છે:૧૧ એમ બન્ને સાથે વાંચવાથી આખા શિશુનાગવંશની નામાવળી બરાબર ગોઠવાઇ ગઇ કહી શકાશે.

| | | ઇ. સ. પૂ. | થી | ઈ. સ. પૂ. | | મ. પૂ. | થી | મ. પૂ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ( ૬ ) | બિંબિસાર : શ્રેણિક | ૫૮૦ | ,, | ૫૨૮= | ૫૧ાા | ૫૩ | ,, | ૨ |
| ( ૭ ) | અજાતશત્રુ : કૂણિક | ૫૨૮ | ,, | ૪૯૬= | ૩૨ાા | ૨ | ,, | ૩૧ |
| ( ૮ ) | ઉદયન ભટ્ટ | ૪૯૬ | ,, | ૪૮૦= | ૧૬ | ૩૧ | ,, | ૪૭ |
| ( ૯ ) ( ૧૦ ) | અનુરૂદ્ધ મુંદ | ૪૮૦ | ,, | ૪૭૨= | ૮ | ૪૭ | ,, | ૫૫ |
| | | | | | ૧૦૮ | | | |

પહેલાં પાંચ રાજાના ૨૨૫ વર્ષ+બીજા પાંચના ૧૦૮= મળી કુલ ૩૩૩ વર્ષ આખો વંશ ચાલ્યો ગણાશે.

**પહેલાં પાંચનાં જીવન વિષે**

બીજા દેશના ભૂપાળની માફક આ રાજાઓના જીવનવૃત્તાંતો વિષે પણ આપણી માહિતી તો શૂન્યવત જ છે. જો કે આદિ પુરૂષ રાજા શિશુનાગ વિષે એમ બાતમી નીકળે છે કે, તે પ્રથમ કાશીની ગાદીએ બેઠો, ત્યારે પાસેના પ્રદેશ કોશળના રાજા વૃત્તે,૧૨ પણ કાશીની ગાદી લઇ લેવાને યુદ્ધ આદર્યું હતું. આ રાજા વૃત્ત, મરહુમ કાશીપતિ બૃહદરથવંશી રાજા અશ્વસેનની ઈક્ષ્વાકુ જ્ઞાતીનો હોવાથી, પોતાને તેના ભાયાત તરીકે માનતો હોવો જોઇએ. અને ભાયાતનો હક પ્રથમ હોય તેમ ગણી, તેણે કાશીની ગાદી ઉપર શીરજોરીથી આવનાર આ શિશુનાગ સાથે વિગ્રહ માંડ્યો હોવો જોઇએ. પણ પછી પોતાની વૃદ્ધ ઉમરને લઇને કે, યુદ્ધકળામાં નબળો હોવાથી રાજા વૃત્ત ગમ ખાઇ બેઠો હતો. એટલે રાજા શિશુનાગનું નામ દેવું તેણે મૂકી દીધું હતું. પણ થોડા કાળે, શિશુનાગને, તેની મલ્લ જાતિના ક્ષત્રિય સંસ્થાન મગધ દેશમાં આવી રાજ્ય ચલાવવાનું આમંત્રણ આવવાથી૧૩ પોતે ત્યાં ગયો અને પોતાના પુત્ર કાકવર્ણને કાશીની ગાદીએ બેસારતો ગયો. આ બાજુ

( ૧૩ ) J. O. B. R. S. vol. I. P. 76 & 70 f. n. 16 Shishunaga is not alleged to have come by force to Magadha on the extinction of the Brahadrathas. The Kasi sovereigns belonged to a proud house and it is very likely that the reigning king was invited by the Magadha people to fill in the vacant throne. જ. ઓ. બી. રી સો. પુ. ૧. પૃ. ૭૬. બૃહદરથના વંશજો (?) ખતમ થઈ જવાથી મગધની ગાદીએ શિશુનાગ રાજા માનવામાં આવે છે તેમ બળજબરીથી કાંઈ ગાદી ઉપર બેસી નહોતો ગયો. કાશીપતિઓ ઘણા નામીચા કુટુંબના હતા.

શિશુનાગની પીઠ ફરી કે, કોશળપતિએ લાગ જોઈ, કાશીપતિ કાકવર્ણ ઉપર હલ્લો કર્યો અને પરિણામે એક વખત કાશીદેશ કોશળ દેશની સત્તામાં ચાલ્યો ગયો. પણ રાજા શિશુનાગથી આ અપમાન ગળી જવું પાલવે તેમ નહોતું. એટલે તેણે મગધથી આવી, ભારે સંગ્રામ મચાવી, અંતે કાશી પાછું મગધને તાબે કરી લીધું. આ પ્રમાણે મગધમાં રાજ્ય કરવા છતાં, કાશીદેશ ઉપર પણ નજર રાખતો હતો. તેમજ સત્તાશાળી કોશળપતિનો ગાદીનો હક્ક કાશીદેશ ઉપર હોવા છતાં, તે દેશ પોતાને કબજે કરી રાખીને, પોતાના વંશની ત્યાં સ્થાપના કરી હતી. આ બે હકીકતથી સાબિત થાય છે કે રાજા શિશુનાગ બાહુબળી, પરાક્રમી તેમજ મહા બુદ્ધિશાળી હોવો જોઇએ. તેના મરણ બાદ તેનો પુત્ર કાકવર્ણ મગધ–કાશીપતિ બન્યો હતો. તે તેના પિતાના જેવો કદાચ પરાક્રમી નહીં હોય[14] એટલે વળી કાશીનો હાથબદલો મગધ અને કોશળ વચ્ચે થયા કર્યો હશે. તેના રાજ્ય અમલ વિશે બીજું કાંઇ જણાયું નથી. પણ એક ગ્રંથકાર[15] હર્ષચરિત્ર ગ્રંથમાં લખાયલી એક હકીકત ઉપરથી જણાવે છે કે, કોઈ નગરમાં પ્રવેશ કરતાં, તેનું ખુન કરવામાં આવ્યું હતું. કયા નગરે, કોણે અને શા કારણથી ખુન કર્યું તે કાંઈ જણાવાયું નથી. પ્રથમના આ બે રાજવી સંબંધી તો આટલીયે હકીકત જણાઇ છે. જ્યારે તેની પછીના બે રાજા, ક્ષેમવર્ધન અને રાજા ક્ષેમજિત્ત વિશેતો કાંઇજ જણાયું નથી. પણ તેના પછી આવનાર પાંચમા રાજા પ્રસેનજિત વિશે કાંઈક વિશેષ પ્રમાણમાં નોંધાયલું જણાય છે. તેમાંનું કેટલુંક રાજા શ્રેણિકના જીવનની સાથે સંબંધ ધરાવતું હોવાથી આપણે તેમનું જીવન લખતી વખતે જણાવવું ઠીક થઇ પડશે. અત્રે તો એટલુંજ જણાવીશું કે અત્યાર સુધી મગધની રાજધાનીનું શહેર કુશાગ્રપુર[16] હતું. તેનાં ઘર, મહેલાત વિગેરે લાકડ કામથી બંધાયાં હતાં, કેમકે તે વખતે જંગલો અતિ વિસ્તારવાળાં હતાં, તેમજ મનુષ્યોનાં દેહમાન મોટાં હોવાથી, તેમને રહેવા માટે મોટી જંગી ઇમારતના ચણતર કામ કરતાં ઘણું ખર્ચાળ થઈ પડતું, તેમજ વખત વધારે લાગતો. જ્યારે કાષ્ટના સ્તંભને સ્તંભ એકદમ ગોઠવીને ઉભા કરી શકાતા હોવાથી, ટૂંક સમયમાં અને ટૂંક પરિશ્રમે તે બધું તૈયાર કરી શકાતું હતું. આ પ્રમાણે રાજધાનીનું નગર મુખ્યત્વે કરીને સર્વ કાષ્ટમય હતું, જેથી ત્યાં અગ્નિજવાળા વારંવાર નજરે પડતી[17] અને પ્રજાને અતિ મુશ્કેલીમાં આવી પડવાનું થતું હતું. રાજા પ્રસેનજિતે આ બાબતનો વિચાર કરીને તે નગરનો ત્યાગ કરી, મગધ દેશમાંજ, પણ થોડેદૂર આવેલ વૈભારગિરિ નામના પર્વતની હારમાળા ઉપર, મોટો રાજ્ય મહેલ બંધાવી, ત્યાં રાજધાની વસાવી, અને ગિરિ ઉપર તે કિલ્લો હોવાથી તેનું

---

અને તેથી સંભવિત છે કે મગધની ગાદી ખાલી પડતાં ( તે વખતના ) રાજકર્તાને (ત્યાં આવવાનું) મગધની પ્રજાનું આમંત્રણ મળ્યું હોય.

( ૧૪ ) H. H, P. 497: Kakavarna was dark in complexion & not heroic like his father, It appears that king of Sravasti wrested Benares from his hands. કાકવર્ણનો રંગ કાળો હતો ( કદાચ તેનું નામ પણ તે ઉપરથી પડયું હોય. કાક=કાગડો. અને કાકવર્ણ એટલે જેના શરીરનો રંગ કાગડાના જેવો છે તે ) અને તેના પિતાની માફક તે પરાક્રમી નહોતો. એમ સમજાય છે કે શ્રાવસ્તિના રાજાએ તેની પાસેથી બનારસ (કાશી) ઝુંટવી લીધું હતું.

( ૧૫ ) ભા. પ્રા. રા- પુ. ૨ પૃ. ૧૯ અને આગળ.

( ૧૬ ) જુઓ મહાન સંપ્રતિ નામનું પુસ્તક. પૃ.૪૪

( ૧૭ ) સરખાવો ઉજૈની શહેરની સ્થિતિ પૃ. ૧૮૨ ઉપર.

નામ ગિરિવ્રજ[૧૮] પાડ્યું હતું. પણ આ સ્થાન, ગિરિના શિખરે હોવાથી હંમેશના વ્યવહારને અગવડ પડતું હતું. જેથી રાજા શ્રેણિકે તેને ફેરવીને તેજ વૈભારગિરિની પર્વતમાળાથી ચારે તરફ વીંટળાઇ રહેલ સપાટ પ્રદેશમાં, બીજી રાજધાની વસાવી. અને તેનું નામ તેણે રાજગૃહી રાખ્યું.[૧૯] આ નગરીના ખંડિયેર અદ્યાપિ પર્યંત, તે મશહુર શહેરની પ્રતિભા સૂચવતાં નજરે પડે છે. આ બન્ને ગિરિવ્રજ અને રાજગૃહી વિશે, બૌદ્ધ તેમજ જૈન સાહિત્યમાં અનેકવાર નિર્દેશ કરવામાં આવેલ આપણે નિહાળીએ છીએ.

### (૬) શ્રેણિકઃ બિંબિસાર

કહે છે કે, રાજા પ્રસેનજિતને ઘણા કુમારો હતા.[૨૦] તેમાંના એકનું નામ બિંબિસાર હતું.[૨૧]

**નાનો હોવા છતાં ગાદી લાયક કેમ બન્યો?**

આમાંથી કોને પોતાના વારસદાર તરીકે ગાદીપતિ નીમવો તે બાબત રાજા પ્રસેનજિતને એકદા વિચાર ઉત્પન્ન થયો. એટલે કુંવરોની પરીક્ષા કરી જે રાજ્યને લાયક હોય તેને તે પદ માટે નીમવાનું તેણે દુરસ્ત ધાર્યું. આ કામ માટે તેણે બે પ્રસંગો ગોઠવ્યા હતા.[૨૨] એકમાં તેણે નીચે પ્રમાણે વ્યવસ્થા કરાવી હતી. વાંસના બાંબુના કેટલાક ટોપલા બનાવી, અંદર ખાજલી ભરાવી; અને ટોપલાના મોં સજ્જડ બાંધી એક મોટા દીવાનખાનામાં ગોઠવી દીધા. તથા સાથે સાથે માટીના કોરા ઘડા મંગાવી, તેમાં સ્વચ્છ અને તાજું ઠંડું પાણી ભરાવી, તેના મોં ઉપર વાસણ મૂકી બંધ કરાવી દીધાં. પછી તે દીવાનખાનામાં સર્વે કુમારોને એકઠા કરી એવો હુકમ કર્યો કે, મજકુર કરંડીઆનાં મુખ બંધન છોડ્યા વિના, જેટલી ખાજલી ખવાય તેટલી ખાવી તેમજ ઘડાનાં ઢાંકણાં ઉઘાડ્યા સિવાય જેટલું પીવાય તેટલું પાણી પીવું. અને આ પ્રમાણે કરીને પોતાની ક્ષુધા તથા પિપાસા છીપાવવી. બાદ પોતે એવે સ્થળે બેઠો કે કુમારો શું કરે છે તે સર્વેની ચિકિત્સા કરી શકાય. અન્ય કુમારો તો કેમ કામ લેવું તેની સમજ ન પડવાથી એક બીજાની સામે મોં વકાસી જોઇ રહ્યા. જ્યારે

---

(૧૮) C. H. I. Vol. I. P. 310:—fortress on the hill at the foot of which the old capital of Magadha Rajagriha grew up. બીજું નામ રાજગિરિ અથવા રાજગિર પણ કહી શકાય. આ રાજગિર એક ટેકરી ઉપર કિલ્લારૂપે હતો. તેની તળેટીમાં મગધની પ્રાચીન રાજધાની ઉભી કરવામાં આવી હતી. ( સરખાવો ટીપણ નં. ૧૯ તથા વિશેષ વિવેચન આગળ ઉપર જુઓ.

(૧૯) વિશેષ હકીકત આગળ ઉપર જુઓ. તેના બે અર્થ (૧) રાજગિરિ રાજ્યનો પહાડ (૨) જે પહાડ ઉપર, રાજનું મુખ્યનગર વસી રહ્યું છે. આ પ્રમાણે આમ બે અર્થ થઈ શકે છે.

રાજગૃહિ અથવા સારો શબ્દ રાજગૃહ=રાજાનું ગૃહ જ્યાં આવેલું છે તેવી જગ્યા. રાજ્યમહેલ જે સ્થળમાં આવેલ છે તે સ્થાન. પણ રાજ એટલે આખું રાજ્ય (એકલો રાજા નહીં) એવો અર્થ કરાય, તો પ્રજાજનથી વસઈ રહેલું આખું નગર એમ અર્થ થાય છે.

(૨૦) જૈ. સા. લે. સંગ્રહ પૃ. ૭૮૦ અને આગળ. કેટલાકના મતે તે સંખ્યા સોની હતી જ્યારે કોઇ કમતે બત્રીસની હતી. જેમાં બિંબિસાર સૌથી નાનો હતો (જૈન ગ્રંથોમાં સોળકનાં તો નામ સુદ્ધાં પણ અપાયાં છે.)

(૨૧) ભા. પ્રા. રા. પૃ. ૧૯. ભાગવતમાં તેનું નામ વિધિસાર છેઃ વિષ્ણુમાં વિધિસાર તથા વિધ્રિસાર. મત્સ્યમાં બિંદુસેન અથવા વિધ્રસેનઃ વાયુ, મહાવંશ અને અશોકાવદાનમાં બિંબિસાર.

જૈન સાહિત્યમાં તેને ભંભાસાર નામ અપાયું છે, (કારણ માટે જુઓ આગળ ઉપર.)

(૨૨) આ પ્રસંગોનું વર્ણન અનેક જૈન ગ્રંથોમાંથી મળી આવે છે જેમકે—સ. બા. વૃ. પૃ. ૨૫ અને પછી.

કુંવર બિંબસારે તો, એક પછી એક એમ થોડા કરંડીઆ હાથમાં પકડીને ખૂબ હલાવ્યા તથા ઉંચે નીચે અફાળ્યા કર્યાં, જેથી અંદરની ખાજલી ભાંગીને ભૂકો થઇ જવાથી, બાંસુની ચીપોની તરાડમાંથી તેનો ભૂકો ગરવા માંડ્યો. જે તેણે એકઠો કરીને ખાધો અને પોતાની ક્ષુધા સમાવીઃ હવે ઉદ્‌ભવેલી તૃષા છીપાવવા માટે આ પ્રમાણે યુક્તિ કરી. ઘડા તાજા અને નવા હોવાથી ઝમતા હતા, એટલે કપડાના નાના કટકા કરીને તેને ફરતા લપેટી દીધા અને પછી જ્યારે તે કટકા, ઝમતા પાણીથી ભીંજાઇને તરબોળ થઈ ગયા, ત્યારે ઘડા ઉપરથી ઉખેડી લઇ તે સર્વેને નીચોવી કરી, તેમાંનું પાણી બીજા વાસણમાં ભરી લઈ પી લીધું. પાણી સ્વચ્છ અને ઠંડું હોવાથી તુરતજ તૃષા છીપી ગઈ. આ પ્રમાણે તેણે ક્ષુધા અને તૃષા બંને સંતોષ્યા. બીજે પ્રસંગે તે સર્વે કુમારોને ઉત્તમ ભોજન પીરસી જમવા બેસાર્યા અને જેવું જમવાનું શરૂ કર્યું કે બીજી બાજુ ભૂખ્યા ડાંસ કુતરાઓને દીવાનખાનામાં છોડી દીધા. કુતરાઓ તો પૂછડાં હલાવતા હલાવતા, કુમારો જમતા હતા ત્યાંથી ખાવાનું મળશે એવી આશામાં ત્યાં પહોંચી ગયા. આ બાજુ કુતરાઓને પાસે આવેલ જોઈ બિંબિસાર સિવાય સર્વ કુમારો ઉભા થઇ ગયા. પણ બિંબિસાર તો બેસી રહ્યો અને સુખેથી ખાવા લાગ્યો. દરમ્યાન જો કોઈ કુતરો પાસે આવી પહોંચતો અને હડી જવાની નીશાની કરવા છતાં આઘો ન જતો, તો ઉભા થઈ ગયેલ પાસેનાં કુમારનાં થોડાંક ભોજનપાત્રો પોતે લઈ લીધાં હતાં તેમાંથી, થોડું થોડું તે કુતરા તરફ દૂર નાંખ્યા કરતો. એટલે કુતરો પણ પૂંછડું હલાવતો તે નાંખેલું ખાવા, દૂર જઈને બેસતો અને બીજી બાજુ કુમાર બિંબિસાર પોતે પોતાનું ભોજન આરોગવાનું આગળ ચલાવ્યે રાખતો. આ પ્રમાણે પોતે યથેષ્ટ ઉદરતૃપ્તિ કરી પેટે હાથ ફેરવતો ઉભો થઈ ગયો.

આ બંને પરીક્ષામાં કુમાર બિંબિસારની આપત્તિસમયની ધીરજ, બુદ્ધિચાતુર્ય અને સમયસુચકતા જોઇ, રાજા પ્રસેનજિત અતિ પ્રસન્ન થયો અને આવા કુમારના હાથમાં રૈયતનું હિત તથા રાજ્ય ચલાવવાનું સુકાન જો સોંપવામાં આવે તો કવચિત્ પણ વિમાસણમાં આવવું નહીં પડે તેમ પોતાના મનમાં પાકી ખાત્રી કરી[૨૩] લીધી. પછી પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ, પારિતોષિક તરીકે, ભંભા નામનું એક વાજીંત્ર તેમણે કુંવર બિંબિસારને ભેટ આપ્યું. જે ઉપરથી બિંબિસારને જૈન સાહિત્યમાં કોઈ કોઇ ઠેકાણે ભંભાસાર[૨૪] પણ કહીને સંબોધાયો છે.

આ પ્રમાણે કુંવર બિંબિસાર, પિતાનું કૃપાપાત્ર થઈ પડવાથી, તેનાથી મોટી ઉમરના અન્ય કુમારો, બિંબસારની ઈર્ષ્યા કરવા લાગ્યા. તેમજ પ્રસંગ પડયે તેના તરફ દ્વેષીવર્તન પણ કરવા ચુકતા નહીં. રાજા ચતુર હોવાથી સમજી ગયો કે આ પ્રમાણે જો અંદર અંદર ચાલ્યા કરશે, તો બિંબિસારનું જીવન કંટકમય થઇ પડશે અને કદાચ

**ભાઇઓ ભાઇઓમાં કલેશ અને તેનું નિવારણ**

( ૨૩ ) પ્રાચીન સમયે રાજાઓ આવી રીતે પોતાના કુંવરોની, અમાત્યોની, કે અન્ય પુરૂષોની પરીક્ષા કરવાનું મન ઉપર લેતા, એમ ઘણી આખ્યાયિકાઓનાં વર્ણન ઉપરથી જોઈ શકાય છે. સરખાવો નીચેનું ટી. ૪૮ તથા તેને લગતી હકીકતનું વર્ણન.

( ૨૪ ) સારઃ સૃ=ફરવું: જે ભંભા લઈને ફરે તે ભંભાસાર one who moves with ( his ) Bhambha is called Bhambhasar. આ ભંભાસાર

અનિષ્ટ પણ થઈ જશે. માટે દૂર દેશમાં મોકલી દેવો અથવા તો નજર પાસેથી અલગ કરવો. અને તેમાંજ પોતાની, કુંવરની, તેમજ ભવિષ્યમાં જે જોખમદારી ભર્યું કાર્ય તેને સોંપવું છે, તે સર્વે કાર્યોની સિદ્ધિ સમાયલી છે, એમ પોતાની દીર્ઘ દૃષ્ટિથી જોઇ લીધું. આ પ્રમાણે નિરધાર કરીને, નજીવું કારણ મળતાંજ, કુંવર બિંબિસારનું રાજાએ એકદા જાણી જોઇને અપમાન કર્યું; એટલે સ્વમાન-ની કિંમત આંકનાર કુંવરથી તે ખમી શકાયું નહીં; અને પોતાની ઉમર બારેક[૨૫] વરસની હોવા છતાં, પોતાને ઇનામમાં મળેલ પેલા પ્રિય વાજીંત્ર, ભંભાને ખભે ભરાવીને દેશાટને નીકળી પડ્યો. રસ્તે જોઇતી કેટલીક સગવડતા રાજાએ અણદીઠ રહીને કરી રાખી હતી, એટલે કુંવરને તે બાબતના આશયની બહુ ખબર પડી નહીં. કુંવર બિંબિસાર તો ખિન્ન હૃદયે ગંગાના પ્રવાહમાંજ, ( મછવાનો કે ) તરાપાનો[૨૬] આશ્રય લઇને નીકળી પડ્યો. થોડા દિવસે તરાપો ખારસમુદ્રમાં આવ્યો અને પછી તેના જોડીદારોએ પ્રવાસની દીશા બદલી. એકંદરે વીસેક દીવસની[૨૭] મુસાફરી કર્યા પછી બેન્નાતટ નગરે[૨૮] પહોંચ્યો. ત્યાં લંગર નાંખી, કાંઠે ઉતર્યો. પછી સવારમાં નગરમાં પ્રવેશ કરી, દીનચર્યા

**પ્રથમા રાણી સુનંદા સાથેનું પાણિગ્રહણ**

નિહાળતો નિહાળતો, એક વૈશ્ય[૨૯] ( વ્યાપારી ) પોતાની દુકાન ઉઘાડતો હતો ત્યાં પહોંચ્યો. તે વ્યાપારીએ આ નૂતન આગંતુક પરદેશીની મુખમુદ્રા જોઇ, કોઇ ખાનદાન કુટુંબનું ફરજંદ હશે એમ તુરત કળી લીધું. અને પોતાની સામેજ આસન આપી આદરસત્કારથી દુકાને બેસાર્યો. પછી કુશળ સમાચાર પૂછી વાર્તાલાપ કરતાં જણાયું કે, આ શહેરમાં તેનું કોઈ સગું વહાલું કે ઓળખીતું નથી. કેવળ શોખની ખાતર અહીં ચઢી આવ્યો છે. જરા થોડાક સમયથી આ પરદેશી પોતાની દુકાન ઉપર બેઠો હતો, તેટલામાં તો વ્યાપારીને હમેશનાં કરતાં અધિક વ્યાપાર તેમજ નફો થયો. એટલે પરદેશી કોઈ ભાગ્યવાન પુરૂષ હોવો જોઈએ, પણ વખાનો માર્યો દેશાટને નીકળ્યો લાગે છે, એમ અનુમાન કર્યું. તેનું નામ પૂછતાં, પરદેશીએ પોતાનું નામ ગોપાલ જણાવ્યું. વ્યાપારીએ કહ્યું કે, જ્યારે કોઈ તમારૂં સગું કે ઓળખીતું આખા શહેરમાં નથી, ત્યારે આપ મારે ત્યાંજ અમારા એક સ્નેહીજન તરીકે રહો. સંપૂર્ણ આશ્વાસન મળવાથી અને પોતાનું ઇચ્છિત આમ

---

વાજીંત્ર હાલના લશ્કરી બ્યુગલ જેવું કે, દેશી રાજ્યોમાં આગ વખતે ફુંકવામાં આવતું પીપુડા જેવું, હોવા સંભવ છે.

( ૨૫ ) કોઇને શંકા થાય કે, શું આટલી નાની ઉમરે, દેશાટન કરી શકે ? તો જણાવવાનું કે તે સમયે શરીરની ઉંચાઇજ લગભગ દશ ફુટની હતી: અને તેર વરસે તો લગ્ન પણ થતાં હતાં. તેમ પુખ્ત ઉમરની હદ પણ લગભગ તેર વર્ષનીજ ગણાતી હતી. એટલે દેશાટન નાની ઉમરે કરાતું તે માની શકાય તેમ છે.

( ૨૬ ) ભ. બા. વૃ. ભા. પૃ. ૩૧:—આ બધું વર્ણન લંબાણથી આ પુસ્તકમાં આપેલ છે ત્યાંથી જોઈ લેવું. તેમાં સૂકા ઝાડનું ઠુંઠું—ઝાંખરૂં હતું એમ કહ્યું છે.

( ૨૭ ) કેટલા દિવસ તેને દરિયામાં ગાળવા પડ્યા હતા તે ઉપરના પુસ્તકમાં પૃ. ૩૧ માં આપ્યું છે, અને તેથીજ અહીં વીસ દિવસ લખ્યા છે.

( ૨૮ ) આ નગર ક્યાં આવ્યું તે માટે જુઓ પૃ. ૧૫૦ ની હકીકત.

( ૨૯ ) આ વ્યાપારીનું કુટુંબ એક વખત અતિ ધનાઢ્ય હતું પણ એકદા રાજાની અવકૃપા ઉતરવાથી, તેનાં ધનદોલત લઈ લેવાયાં હતાં. ત્યારથી સાધારણ સ્થિતિમાં રહી પોતાની કુલીનતા પ્રમાણે તે કુટુંબનો મુખ્ય પુરૂષ ધંધો વ્યાપાર કર્યે જતો હતો.

અણધાર્યું પ્રાપ્ત થવાથી, ગોપાળે હા પાડી આમં-ત્રણનો સ્વીકાર કર્યો. હવે ગોપાળ તો તે શ્રેષ્ઠિની સાથે તેના ગૃહે રહેવા લાગ્યો, અને તેની દુકાને પણ હમેશાં તેની સાથે આવતો જતો થયો. દિવસાનુદિવસ શ્રેષ્ઠિની ચડતીકળા થવા લાગી. ગોપાળ પોતાની સભ્યતા અને આચાર વિચારથી ટૂંક સમયમાંજ શ્રેષ્ઠિગૃહે તેમજ નગરમાં સર્વને અતિપ્રિય થઈ પડયો.

શ્રેષ્ઠિની દુકાનમાં ઘણા ઓરડાઓ હતા. તેમાંના કેટલાક અવાવરૂ (ઉપયોગમાં નહિ લેવાતા) પડયા રહ્યા હતા. તેમાં આંટો મારતાં, દરેક ખૂણા-માં માટી જેવી દેખાતી ધૂળના ઢગેઢગ ગોપાળે જોયા. આ ધૂળને તેણે તપાસી જોઈ તો તે ધૂળ નહીં પણ, તેજંતુરી[૩૦] માલૂમ પડી. આથી ગોપાળને અચંબો થયો કે, અહો, આટલું બધું ધન આ શેઠજી પાસે છે. પણ બિચારા જીવને ખબર નથી કે આ શું છે. તેથી હેરાન થાય છે. ખેર! પ્રસંગ આવ્યે વાતનો ખુલાસો કરીશ, એમ મનમાં ગાંઠ વાળી હમેશ મુજબ કામે લાગ્યો. એકદા, તે બેનાતટનગરે કોઇ સાર્થવાહનો કાફલો આવી પહોંચ્યો.[૩૧] તે પોતાની પાસેની કરિયાણાં સારા શહેરમાં વેચવા માટે ફરી વળવા છતાં, કોઇપણ વ્યાપારી પુરતું દ્રવ્ય આપી ખરીદી શકયું નહીં. એટલે સાર્થવાહે નિરાશ થઇ, શહેરના રાજા પાસે સઘળી હકીકત કહી. રાજાએ વિચાર્યું કે, અહો આવડું મોટું શહેર, તેના અનેક ધનિક શેઠીઆઓ અને રાજનો ભંડારઃ એમ છતાં પણ જો કરિ-યાણાંની કિંમત જેટલું દ્રવ્ય આપીને ખરીદી ન શકાય, તો તો આબરૂ જાય. તેથી તેણે આખા શહેરમાં દાંડી પીટાવીને જાહેર કર્યું. છતાં કોઇ પણ વેપારીએ એકલાપંડે, તેમજ સર્વેએ સમુહમાં મળીને પણ, તે પડહ ઝીલી લેવાની હિંમત ધરી નહીં.[૩૨] આ પ્રમાણે સ્થિતિ થઈ રહી હતી, ત્યારે છેવટે વિચાર કરીને, ગોપાળે પોતાના શેઠને સમજાવ્યું કે તમો બીડું ઝડપો, અને સૌ સારાં વાનાં થઇ રહેશે. શેઠજીએ બહુ આનાકાની કરી પણ ગોપાળનાં વચન અને ચારિત્ર્યમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી, અંતે તેણે બીડું ઝડપ્યું. શ્રેષ્ઠિની સ્થિતિ તો પ્રજામાં જાણીતી હતી એટલે સઘળા વિસ્મય પામ્યા અને પોતપોતામાં શેઠની હાંસી પણ કરવા લાગ્યા. બીડું ઝડપેલ હોવાથી શેઠજીને રાજદરબારે તેડી ગયા. સાથે ગોપાળ પણ ગયો. રાજાજીએ તેમનો આદર સત્કાર કરી તે બન્નેને યોગ્યાસને બેસાર્યા. પછી સાર્થવાહને બોલાવી મંગાવી, સઘળાં કરીયાણાંની કિંમત અંકાવી અને સોદો સુધાર્યો. કિંમત નક્કી થઈ ગઇ એટલે ગોપાળે સાર્થવાહના અગ્રેસરને વિનંતિ કરી, કે અમારી દુકાને પધારો અને આપતું જે દ્રવ્ય છે તેટલી કિંમતની તેજંતુરી જોખી લ્યો. આ સાંભળીને આખું સભાગૃહ તાજુબ થઇ ગયું. સાર્થવાહને તો પોતાનું દ્રવ્ય મળ્યું એટલે તે તો શહેર છોડીને પોતાને રસ્તે પડ્યો. પણ રાજાજીએ, શેઠનું તથા ગોપાળનું અતિ સન્માન કર્યું અને પોતાના વડવાઓએ, શેઠજીના કુટુંબની જે કાંઈ અવદશા કરી મૂકી હતી તે બદલ પોતાનો પશ્ચાતાપ જાહેર કર્યો. અને શેઠજીનો મોભો તેમજ દરજ્જો પૂર્વની પેઠે વધારી દીધો.

---

(૩૦) Golden dust—સોનાપૂર્ણ ધૂળ અથવા જે ધૂળ ગાળવાથી સોનું નીકળી આવે તે. સરખાવો આગળ ઉપરનો વેપાર અને વ્યવહારવાળો પારિગ્રાફ.

(૩૧) આ બનાવને આપણે ઇ. સ. પૂ. ૫૮૩ માં બન્યાનું નોંધી શકીએ છીએ.

(૩૨) પ્રાચીન સમયે કોઈ અસાધારણ પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે, આ પ્રમાણે રાજ્ય તરફથી ઉદ્-ઘોષણા કરવામાં આવતી હતીઃ—સરખાવો પૃ. ૨૪૬ની મહાઅમાત્યની પસંદગી કરવાની રીતવાળું લખાણ.

હવે તો ગોપાળનું માન પણ સારા નગરમાં તેમજ રાજદરબારમાં વૃદ્ધિ પામ્યું. આ બાજુ શેઠજીના ગૃહે રહેતા, તેમના ઘરમાંનાં સઘળાનો ચાહ પણ ગોપાળે ધણો મેળવી લીધો હતો. એટલે, શેઠજીની એકની એક દીકરી, નામે સુનંદા હતી તે ગોપાળની વેરે પરણાવવામાં આવી.[૩૩] આ પ્રમાણે ગોપાળને સર્વ પ્રકારે લાભની પ્રાપ્તિજ થયાં કરતી રહી હતી. એમ કરતાં બે એક વર્ષ વીતી ગયાં.

આ બાજુ રાજા પ્રસેનજિત બીમાર પડ્યો હતો અને મંદવાડમાંથી ઉઠે તેવી આશા નહોતી. એટલે કુમાર બિંબિસારની શોધ માટે ચારે દિશામાં માણસો મોકલી દીધાં. કેટલેક કાળે બેન્નાતટ નગરે તે હોવાનો પત્તો લાગ્યો. એટલે રાજાએ પુત્રને સ્વદેશ આવવાને કહેણ મોકલાવ્યું તથા તેડું પણ મોકલ્યું. પણ ગોપાળ સ્વદેશ જવાને એકદમ તો તૈયાર નજ થયો, કારણકે તેને અપમાનનો ડંખ અંતરમાં ખટક્યા કરતો હતો. પણ પિતાપુત્ર વચ્ચે, બે એક વખત સમસ્યા રૂપી[૩૪] પત્રવ્યવહાર ચાલવાથી, પિતાનો શુભ હેતુ સમજાઈ ગયો. આ પ્રમાણે પોતાની ભૂલ ભાંગી ગઇ એટલે પિતાની આખરી માંદગીમાં સેવાભૂત થઈ પડવાને, સ્વદેશ તરફ પ્રયાણ કરવાને અતિ ઉત્સુક થયો. સાસુ સસરાની તથા અન્ય સ્નેહી વર્ગની રજા લઈ લીધી. પણ સુનંદા સગર્ભા હોવાથી સાથે આવી શકે તેમ નહોતું. એટલે તેણીને સ્મારકરૂપે મુદ્રિકાદિ આપી, સ્નેહપૂર્વક વિદાય લઇ, પોતાના પિતા તરફથી તેડવા આવેલ માણસ સાથે ચાલી નીકળ્યો. આ વખતે પૂર્વની પેઠે તરી રસ્તે ન જતાં, ખુશ્કી રસ્તે માર્ગ લીધો. વચ્ચે પહાડો જંગલો વિગેરે જે રમ્ય દશ્યો આવતાં તેની નૈસર્ગિક મોજ લેતો, કેટલેક કાળે રાજગિરિ–ગિરિવ્રજ આવી પહોંચ્યો.[૩૫] થોડા કાળે રાજા પ્રસેનજિત મરણ પામ્યો અને કુંવર બિંબિસારને, યથાવિધિ રાજ્યાસને બેસારવામાં આવ્યો. આ બનાવને ઇ. સ. પૂ. ૫૮૦ માં ઠરાવી શકાય છે.

**તેનો રાજ્યકાળ અને આયુષ્ય**

આખા શિશુનાગવંશમાં ( મોટો શિશુનાગવંશ તેમજ નાનો શિશુનાગ એટલે નંદવંશ બન્ને મળીને આખો શિશુનાગવંશ કહેવાય) રાજા બિંબિસારનું રાજ્ય સૌથી લાંબા સમય સુધી ચાલ્યું છે. તેનું રાજ્ય બાવન વર્ષ ચાલ્યાનું[૩૬] જણાવાય છે. જ્યારે બૌદ્ધ પુસ્તક[૩૭] આધારે પણ જણાય છે કે, તેનું રાજ્ય બાવન વર્ષજ ચાલ્યું છે, પણ પૌરાણિક ગ્રંથોમાં તેનું રાજ્ય એકાવન વર્ષ ચાલ્યાનું લખાયલું છે. એટલે સંભવ છે કે, જે એક વર્ષનો તફાવત બતાવાયો છે, તે તેના જીવનકાળના અંતનું એક વર્ષ[૩૮] તેના પુત્ર કૂણિકે, તેને કેદી બનાવ્યો હતો, તે તેના રાજ્યકાળમાં પૌરાણિક ગ્રંથકારોએ

---

( ૩૩ ) આ બનાવ ઈ. સ. પૂ. ૫૮૨ માં બન્યો હોવો જોઈએ એમ ગણત્રી કરતાં માલુમ પડે છે. આ બધી હકીકત માટે જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૩૭.

( ૩૪ ) આ સમસ્યાઓ શું હતી તે જાણનારે ભ. બા. વૃ. ભા. માં અભયકુમારનું જીવન વૃત્તાંત વાંચવા વિનંતિ છે.

( ૩૫ ) મગધ દેશમાંથી દરિયામાર્ગે અહીં બેન્નાતટે આવ્યો તેમજ પાછો સ્થળ માર્ગે મગધ પહોંચ્યો તે બન્ને વખતનું, આવતાં જતાંનું વર્ણન લખાયું છે, તેના વાંચનથી પાકી ખાત્રી થાય છે કે, બેન્નાતટ નગરનું જે સ્થાન મેં કલ્પ્યું છે તેજ છે, જુઓ પૃ. ૧૫૧ નું વર્ણન.

( ૩૬ ) કો. ઇ. પૃ. ૫

( ૩૭ ) દીપવંશ III. 56-61; મહાવંશ II. 25. & seq. જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૯૭. ટી. ૧૦૯: ઇ. એ. ૧૯૧૪ નું પૃ. ૧૩૩.

( ૩૮ ) જૈન ગ્રંથોમાં કોઇ ઠેકાણે બાર વર્ષ કહેવામાં આવ્યા છે તે લહિયાનો હસ્તદોષ હશે એમ

લેખ્યો નહીં હોય. ( અથવા એકાવન વર્ષને થોડા મહિના રાજ્ય ચાલ્યું હોવાથી પણ એકાવન વર્ષ લખ્યાં હોય ). બાકી સર્વે ગ્રંથકારો સંમત છે કે તેણે બાવન વર્ષ રાજ્ય કર્યું છે.

તેનું મરણ ઈ. સ. પૂ. ૫૨૮માં[૩૯] થયાનું તારવી કઢાય છે. કેમકે, ગૌતમબુદ્ધનું પરિનિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૦ માં સાબિત થયું છે.[૪૦] અને તેની પહેલાં આઠ વર્ષે રાજા શ્રેણિકનું મરણ થયાનું જણાયું છે.[૪૧] વળી એમ પણ જણાવાયું છે કે, તેના મરણ બાદ દોઢ વર્ષે, ( રાજા અજાતશત્રુના રાજ્યકાળે બીજા વર્ષમાં ) શ્રી મહાવીરનું નિર્વાણ થયું છે. અને મહાવીરનો નિર્વાણકાળ તો ઈ. સ. પૂ. ૫૨૭ માં સાબિત થયેલી બીના છે.[૪૨] એટલે તે હીસાબે પણ શ્રેણિકનું મરણ ઇ. સ. પૂ. ૫૨૮ માં થયાનું નિશંક ઠરે છે.

આ પ્રમાણે તેનું મરણ જ્યારે ઇ. સ. પૂ. ૫૨૮ માં નીપજ્યાનું ઠરાવી શકાય છે. અને તેનું રાજ્ય બાવન વર્ષ ચાલ્યાનું સાબિત થાય છે, ત્યારે તેના રાજ્યારોહણનો સમય પણ ૫૨૮+૫૨=ઇ. સ. પૂ. ૫૮૦ નિશ્ચિતપણે સાબિત થઇ શકે છે. વળી જ્યારે તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર પંદર વર્ષની હતી, એટલે તેનો જન્મ ઇ. સ. પૂ. ૫૯૫ માં થયાનુંજ ગણી શકાશે. તેમજ બૌદ્ધગ્રંથોમાં પણ જણાવાયું છે કે, ગૌતમબુદ્ધ શ્રેણિકથી પાંચ વર્ષે મોટા હતા.[૪૩] આ હકીકત પણ તે જ નિર્ણય ઉપર આપણને લઇ જાય છે. કેમકે ગૌતમબુદ્ધનો જન્મ ઇ. સ. પૂ. ૬૦૦ માં છે[૪૪] એટલે શ્રેણિકનો જન્મ ઇ. સ. પૂ. ૫૯૫ માં ગણાય અને બુદ્ધથી પાંચ વર્ષે નાનો પણ થયો કહેવાય. તેમ ઇ. સ. પૂ. ૫૮૦ માં રાજ્યાસને બેઠો છે. એટલે તે સમયે પંદર વર્ષની તેની ઉમર પણ થઇ ગણાય. આ પ્રમાણે સર્વપક્ષની ગણત્રીથી દરેક બનાવ માટે એકને એકજ સાલ આવીને ઉભી રહે છે. જેથી તે અટળ અને સત્ય હોવાનું સાબિત થાય છે. એટલે રાજા શ્રેણિકનો જન્મ ઈ. સ. પૂ. ૫૯૫ માં, રાજગાદીએ બેસવું ઈ. સ. પૂ. ૫૮૦ માં, અને બાવન વર્ષ રાજ્ય કરી ઇ. સ. પૂ. ૫૨૮ માં ૬૭ વર્ષની ઉમરે મરણ થયાનું નક્કી થયું કહી શકાય.

**કુમાર અભયનું મંત્રીપણું**

ઉપરમાં આપણે જોઇ ગયા છીએ કે, જ્યારે બિંબિસારે બેન્નાતટ નગરથી મગધ તરફ આવવા પ્રયાણ કર્યું ત્યારે રાણી સુનંદા સગર્ભા હતી.[૪૫] ગર્ભકાળ સંપૂર્ણ થયે તેણીને પુત્રનો પ્રસવ થયો હતો. ( ઇ. સ. પૂ. ૫૮૦ ) તેનું નામ અભયકુમાર[૪૫]

---

માની લેવું રહે છે. બાર વર્ષ નહીં, પણ બાર માસ જોઇએ.

( ૩૯ ) જુઓ નીચેનું ટી. ૪૧

( ૪૦ ) જુઓ તૃતીય ખંડે પહેલો પરિચ્છેદ.

( ૪૧ ) Ind. Ant 1914 P. 133:— Bimbisara has died before Lord Buddha & Mahavira. ઇ. એ. ૧૯૧૪ નું પૃ. ૧૩૩:— બિંબિસારનું મરણ શ્રી બુદ્ધ અને શ્રી મહાવીરના મરણ પહેલાં થયું છે.

બુદ્ધનું મરણ ઇ. સ. પૂ. ૫૨૮ માં છે, અને મહાવીરનું ઇ. સ. પૂ. ૫૨૭ માં છે. એટલે તે બન્નેની પહેલાંજ શ્રેણિકનું મરણ થયું કહેવાય. જુઓ ઈ. એ. પુ. ૩૨, પૃ. ૨૨ તથા કે. હી. ઈ. પૃ. ૧૫૭.

( ૪૨ ) તૃતીય ખંડે, પહેલો પરિચ્છેદ જુઓ.

( ૪૩ ) જુઓ નીચેનું ટી. ૬૨.

( ૪૪ ) તૃતીય ખંડે, પહેલો પરિચ્છેદ જુઓ.

( ૪૫ ) અભયકુમાર=આ નામમાંજ કોઇ એવું જાદુ સમાઈ ગયું હતું કે જ્યારે તે મોટો થયો હતો અને ગૃહસ્થધર્મમાં પ્રવેશ્યો હતો ત્યારે જે કોઈ તેની મિત્રાચારીમાં હોવાનો દાવો કરી શકતું તે પુરૂષ આ

પાડવામાં આવ્યું હતું આ કુંવર જ્યારે સાત આઠ વરસનો થયો હતો અને પોતાના સમવયસ્ક બાળકો સાથે રમતો હતો ત્યારે રમતાં રમતાં કોઈ બાળકે તેને "નબાપો" કહ્યો તેથી તે શરમિંદો પડી ગયો અને પોતાની મા પાસે આવી પોતાના પિતાના વિશે માહિતી મેળવવા માંડી. તેણીએ તો જે સ્મરણ ચિહ્નો કુંવર બિંબિસાર (ગોપાળ) જતાં જતાં આપતો ગયો હતો તે બતાવ્યાં: ઉપરાંત કુમાર અભયે, પોતાના માતામહ પાસેથી જે કાંઇ અન્ય હકીકત મેળવી શકાય તેમ હતી તે મેળવી લીધી. અને મગધદેશ તરફ પોતાના પિતાની ખોળ કરવા નીકળી પડયો. પુત્ર-પ્રેમને લીધે રાણી સુનંદા પણ સાથે[૪૬] ચાલી. વાટ કાપતાં કાપતાં કેટલેક કાળે તેઓ મગધદેશની રાજગિરિ નગરીની સમીપે આવી પહોંચ્યા. નગર બહારના કોઇ ઉદ્યાનમાં ઉતારો કરી, ત્યાં માતાને મૂકી કુંવર અભય પોતે શહેરમાં તપાસ કરવા અર્થે નીકળ્યો. આ સમયે કુંવરની ઉમર તો લગભગ દશેક વર્ષનીજ થવા આવી હતી[૪૭] પણ પરમ બુદ્ધિશાળી હોવાને લીધે, તેમજ શરીરની કાંતિ અને લલાટની વિશાળતાને લઇને, તેને જોતાં વેંતજ તે મહા ભાગ્યશાળી પુરૂષ ભવિષ્યમાં નીવડવાની આગાહી કરી જવાતી હતી. હવે કુંવર પોતે શહેરના દરવાજા તરફ ચાલ્યો જાય છે ત્યાં એકઠા મળેલા માણસોનું એક ટોળું તેણે દીઠું. એટલે શું છે, તે જોવા ખાતર કુતુહળતાને લીધે ત્યાં ગયો. અને પૂછતાં જણાયું કે રાજાજીને રાજ્યવહીવટ ચલાવવાને એક મહા અમાત્યની જરૂર છે. પણ તે પદને યોગ્ય કોઇ પુરૂષ તેમની નજરમાં નહીં આવવાથી અત્ર પરીક્ષા[૪૮] કરવાનું ઠરાવ્યું છે. આ જે જીર્ણકૂપ છે. તે નિર્જળ હોઇને તદ્દન શુષ્કતળ છે તેની મધ્યમાં જે પેલી સુવર્ણ મુદ્રિકા દેખાય છે, તેને અત્ર કાંઠા ઉપરજ બેસી રહીને, જે પુરૂષ બહાર કાઢી લાવે, તેને મહા અમાત્યપદે નીમવામાં આવશે, એમ રાજાજી તરફથી પટહ[૪૯] વગડાવવામાં આવ્યો છે. આટલી ખબરની ચોકસાઈ કરી, જે અમલદારને આ કામ ઉપર નિરીક્ષણ કરવાને નિયત કર્યો હતો, અને જે પાસેજ બેઠો હતો તેને અભયકુમાર મળ્યો. અને નમ્રતાથી પૂછયું કે, હું પરદેશી છું ને લઘુવયસ્ક છું તો આ કસોટીમાં ઉતરવા યોગ્ય ગણાઉં કે! જો મારી ઉમેદવારીને બાધ ન આવતો હોય તો તેનો પ્રયાસ કરવા મારી ઇચ્છા છે. એકત્રિત થયેલ સર્વે જન સમુહ આ કથન સાંભળીને આશ્ચર્ય પામ્યો અને માંહોમાંહે તેઓ સર્વે બોલવા લાગ્યા કે, અહો, કેટલાય મહા વિચિક્ષણ અને નામાંકિત

---

સંસારમાંથી **અભયપદ**નેજ પ્રાપ્ત કરી શકતો એવું જણાયું છે (અભયપદને પામતો એટલે કે તે મિત્ર થોડાજ ભવમાં મોક્ષપદને વરતો હતો એમ જૈન ગ્રંથમાં વર્ણવાયું છે.)

**અભયપદ**—જે પદ અથવા સ્થાનમાં અભય કહેતાં ભય હોતો નથી એવું સ્થાન, મતલબકે મોક્ષ. તે એવું સ્થાન છે કે જ્યાં પહોંચ્યા પછી જીવને પાછા જન્મ મરણના ભયમાં ઉતરવાનું રહેતું નથી. તેથી અભયપદ=મોક્ષ સમજવું: R. M. M. P. 61. Prince Abhaya son of king Bimbisara રાજા બિંબિસારનો પુત્ર, કુમાર અભય.

(૪૬) વિકટ સમયે, એકદા સ્ત્રીઓ પણ લાંબી મુસાફરી કરવાનું જોખમ ખેડી શકતી હતી, તેનો આ દષ્ટાંત છે. અલબત અત્ર પુત્ર પ્રેમ છે તેમ પતિભક્તિનું પણ કારણ ઉમેરાયું છે.

(૪૭) ઉમર નાની દેખાય છે પણ તે સમયે શરીરનું દેહમાન જે હતું (જુઓ ઉપરની ટી. ૨૫) તેનો જો ખ્યાલ રાખીશું તો કોઇ રીતે તાજુબ થવાનું કે શંકા રાખવાનું કારણ રહેતું નથી.

(૪૮) સરખાવો ઉપરની ટી. ૨૩.

(૪૯) જુઓ ઉપરમાં ટી. ૩૨ વાળું લખાણ તથા બેનાતટ નગરે સાર્થવાહના સંબંધમાં પીટાયેલ પટહવાળી હકીકત.

પુરૂષો અત્યાર સુધીમાં આવી ગયા અને પ્રયાસ પણ કરી જોયા, છતાં કોઇની હિંમત સરખી પણ ચાલી નથી ત્યાં આ નાનો કુમાર શું ધાડ મારવાનો હતો ? પણ તેટલામાં તે અમલદારે, પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં વિચાર કરીને તુરત જણાવ્યું કે, આ કામ માટે ઉમેદવારને, ઉમરનો કે સ્થાનનો કે અન્ય કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ નથી. માટે તમો ખુશીથી કામ માથે લઇ શકો છો. એટલે અભયકુમાર પોતાની ઇચ્છીત રીતે પ્રયત્ન કરવા ઉજમાળ થયો.[૫૦]

કામ કરવાની અકળ રીતથી તેને સંપૂર્ણ ફતેહ પામેલો જોઈ સર્વે મુગ્ધ થઈ ગયા અને આફ્રીન આફ્રીન પોકારવા મંડયા. ત્યાં બનેલા સર્વ સમાચાર તુરત રાજા બિંબિસારને પહોંચાડવામાં આવ્યા; એટલે તે આનંદિત થયો. પણ વિશેપમાં જ્યારે તેણે સાંભળ્યું કે, પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તો કેવળ દશેક વર્ષની ઉમરનો બાળકજ છે, ત્યારે તો તેને પણ આશ્ચર્યતાનો અવધિ થઇ ગયો. એટલે કરેલ શરત પ્રમાણે તેને મહાઅમાત્ય પદનો પોષાક સમર્પણ કરવા, પોતાની સમીપ બોલાવી મંગાવવાને બદલે, પુરતા સન્માન સાથે તેડી લાવવા માટે, પોતેજ સામો ઉઠીને હાથી ઉપર બેસીને લેવા ચાલ્યો. દરવાજા બહાર પહોંચતાં જ્યાં દૂરથી બાળ–અમાત્યને જોયો ત્યાં તો તે પોતે પણ એક વખત માટે સ્તબ્ધ બની ગયો. પણ પાસે આવીને પોતાની શરત પ્રમાણે હાથીની અંબાડી ઉપર બેસીને પોતા સાથે રાજદરબારે આવવાનું તે કુમારને આમંત્રણ કર્યું છતાં જ્યારે બાળ અમાત્યે તેમ કરવાની ના પાડી ત્યારે તો તે વળી વિશેષપણે ઓર આશ્ચર્ય પામ્યો. એટલે આ પ્રમાણે ના પાડવાનું રાજાજીએ કારણ પૂછતાં બાળ અમાત્યે જણાવ્યું કે, હું અહીં કયારનો આવ્યો છું અને આપનું જે ફરમાન હતું તે સંપૂર્ણ કરવામાં પણ કેટલોક વખત વ્યતીત થઇ ગયો છે, એટલે મારી માતુશ્રીથી વિખુટા પડયાને ઘણો વખત થઇ ગયો છે જેથી તે બિચારી દુઃખી થતી હશે માટે તેમને મળ્યા સિવાય હું આવી ન શકું. આ બધા સવાલ જવાબ ચાલતા હતા તે દરમ્યાન સઘળો વખત રાજાની દૃષ્ટિ આ બાળઅમાત્યના શરીર ઉપર ચારે તરફ રમી રહી હતી. જે પેલી મુદ્રિકા ગોપાળ તરીકે, તેણે પોતાની સ્ત્રીનો ત્યાગ કરતી વખતે સ્મરણચિહ્ન–ઇધાણી તરીકે આપી હતી તે, રાજા બિંબિસારે આ કુમાર અમાત્યની આંગળીએ પહેરેલી હોવાથી ઓળખી લીધી. તેમજ બાળ અમાત્યનો ચહેરો પોતાના ચહેરાને મળતો આવતો જોયો, એટલે રાજા બિંબિસારને મનમાં સોવસા શંકા ઉત્પન્ન થઇ કે, રખેજ તે બાળ–અમાત્ય પોતાનો જ પુત્ર હોય નહીં. આવા વિચારની ઘટમાળ તેના મસ્તિષ્કમાં તરવા મંડી. બાળઅમાત્ય પણ આ સર્વ સમય

(૫૦) પ્રથમ તેણે ચારે બાજુ ફરીને સ્થાન તથા મુદ્રિકા બરાબર જોઈ લીધી. પછી ગોબર મંગાવી તે મુદ્રિકા ઉપર ફેંકયું કે જેથી તેમાં તે ચોંટી ગઈ. ત્યાર બાદ સૂકા ઘાસના પૂળા મંગાવી તેને સળગાવીને તેના ઉપર નાંખ્યા. જેથી કરીને ગોબર સૂકું બખ થઈને તેનું એક છાણું બની ગયું, પાછી ખાત્રી કરી લીધી કે, વીંટી અંદર સજ્જડ ચોંટીજ રહી છે. એટલે તે અમલદારને વિનંતિ કરી કે હવે મહેરબાની કરી કૂવાની અંદર પાણી નંખાવો. તુરતજ તેમ કરવામાં આવ્યું. જેમ જેમ પાણી ભરાતું આવ્યું તેમ તેમ તે છાણું પાણી ઉપર તરતું તરતું ઉંચું આવવા લાગ્યું. અને કૂપ જ્યારે કાંઠા સુધી સંપુર્ણ જળભરિત થયો ત્યારે છાણું ઠેઠ ઉપર આવી રહ્યું હતું, એટલે તેને કાંઠા ઉપર ઉભા રહી, હાથથી પાણીમાં હલેસાં મારી પોતા તરફ ખેંચી લીધું. પછી તેણે તે પાસે આવ્યું કે તુરત હાથમાં લઈ, તેમાંની સુવર્ણ મુદ્રિકા ઉખાડી લીધી અને ઠરાવેલ શરત પ્રમાણે અમલદારને હવાલે કરી દીધી.

રાજાજીની મુખમુદ્રા નિહાળી રહ્યો હતો અને તેના ચહેરામાં થતા ફેરફાર અલ્પાંશે જોઈ શક્યો હતો. એટલે લાગ જોઇને કુંવરે ઉમેર્યું કે, અમે એક જોડલાના બે સગા ભાઇઓ છીએ. તે અમે બન્ને એવા તો અમારી માતાજીને લાડકવાયા છીએ કે, અમારા બેમાંથી કોઇને પણ તે લાંબા સમય પર્યંત પોતાથી છુટા રહેવા દેતી નથી. આ સર્વ વાતના શ્રવણ ઉપરથી રાજાને એમ મનમાં નક્કી થયું કે, આ બધી વસ્તુનો ભેદ ભાંગવા માટે, તે બાળઅમાત્યની માની પાસે જવુંજ રહે છે. એટલે, રાજાજીએ પોતાની આંગળીએ બાળઅમાત્યને દોર્યો અને જે સાજન મહાજન રાજાજીની સાથે સ્વારીમાં જોડાઇને આવ્યું હતું, તે તથા ત્યાં એકત્રિત થયેલ માનવ સમુહ, એમ મળી તે સર્વે, જે ધર્મશાળામાં બાળઅમાત્યે ઉતારો કર્યો હતો અને પોતાની માને એકલી મૂકી હતી, ત્યાં આવ્યા. રાજાજીએ ( ગોપાળે ) જોતાં વારજ, પોતાની સ્ત્રી સુનંદાને ઓળખી લીધી, પણ વિશેષ સાબિતી માટે કેટલાક પ્રશ્નો પૂછ્યા. અંતે તેણી તેજ છે, અન્યથા નહીં, એમ સર્વે પ્રકારે ખાત્રી થતાં, રાજા રાણી=પતિ–પત્નિ ભેટી પડયા. અને રાજાજીએ બાળ અમાત્ય–અભયકુમારને પોતાના ખોળામાં બેસાડી, ખૂબ પ્રેમથી ચુંબન કર્યાં. સર્વ માનવ મેદનીમાં આ દૃશ્યથી અપૂર્વ આનંદ છવાઈ રહ્યો અને સર્વ કોઇ, બાળઅમાત્યને હવે તો પોતાના યુવરાજ અને ભાવિ ભૂપાળ તરીકે વંદન કરવા લાગ્યા. પણ રાજાજીને વળી મનમાં એક ઓરતો (આશ્ચર્ય) રહી ગયો હતો. તેનો ખુલાસો પૂછવાનું મન થઇ આવ્યું. એટલે તેમણે રાણી સુનંદાને પૂછ્યું કે, બીજો બાળકુમાર ક્યાં છે? રાણી તો ગભરાઇ ગઇ ને વિચારવા લાગી કે, બીજો પુત્ર શ્યો અને વાત શી? શું રાજા મારા શીયળ માટે શંકાશીલ છે કે? આવા વિચાર વમળમાં તણાવા લાગી. પણ થોડીવારે હિંમત લાવી, ચિત્તને સ્વસ્થ કરીને બોલી, કે આવી મશ્કરી કરવાનો આ સમય નથી. તુરત રાજાએ અભયકુમાર સામે જોયું. કુમાર તો આ પ્રશ્નનો આશય સમજીજ ગયો હતો. એટલે આપોઆપ તેણે ખુલાસો કર્યો કે, હું મારી માતાજીને એટલો બધો વ્હાલો છું, કે તેણી કિંચિત માત્ર સમય માટે પણ, મને છોડી શકતી નથી. એટલે કે તેણીના હૃદયમાં હું, તે પ્રમાણે હમેશાં અદ્વૈતભાવે રમી રહ્યો છું. અને તેથી હૃદયમાં રહેલો એવો જે હું, તે પણ મારી પ્રતિકૃતિ હોવાથી, તે મારો ભાઈ–જોડકણે જન્મેલો ભાઇજ થયો કહેવાય. એટલે જ્યારે જ્યારે હું આ શરીર દેહે તેનાથી છૂટો પડું છું, ત્યારે ત્યારે મારો સુક્ષ્મ આત્મા જે મારો ભાઇ કહેવાય, તે તો મારી માતાજીના હૃદયમાંજ વાસો કરીને રહેલ હોય છે, અને હું કેવળ સ્થુળ દેહેજ તેટલો વખત તેણીના હૃદયની બહાર રહું છું. આ પ્રમાણે અમે બે સજોડે જન્મેલા ભાઇઓ છીએ. જેમાંનો એક સર્વથા અને સદા, મારા માતાજીના હૃદયમાંજ રહે છે અને બીજો જે હું, તે આ પ્રમાણે બહાર પણ રહું છું અને તેણીની પાસે પણ રહું છું. રાજારાણી તથા સર્વ મંડળી આ ઉકેલનો ન્યાય સાંભળી, કુમારની તીવ્ર બુદ્ધિ[૫૧] અને અસીમ ચાતુર્યથી આલ્હાદિત બની ગઇ. અને સર્વત્ર આનંદ આનંદ પ્રવર્તી રહ્યો. પછી વાજતે ગાજતે, રાજા બિંબિસાર, રાણી સુનંદા સાથે કુંવર અભયને વચ્ચમાં બેસારીને, ચડી સ્વારીએ હાથીની અંબાડીમાં

---

( ૫૧ ) આથી કરીનેજ "અભયકુમારની બુદ્ધિ હોજો" એમ શારદા પૂજન કરતાં જૈન પ્રજા પોતાના ચોપડાના મથાળે વાક્ય લખે છે. અભયકુમારની બુદ્ધિ ચાતુર્યના પ્રસંગો નિહાળવા હોય તો જૈન સાહિત્યમાં ચંચુપાત કરવો પડશે. તેને બુદ્ધિનિધાન કહી શકાય તેમ છે.

બેસીને, નગરમાં મુખ્ય મુખ્ય રસ્તાએ ફરીને રાજ મહેલમાં પધાર્યા. હવે આપણે અભયકુમારને મંત્રીશ્વરની[૫૨] ઉપાધિથી પણ ઓળખતા રહીશું. આ બનાવ બન્યાની સાલ આપણે ઈ. સ. પૂ. ૫૭૦ થી ૫૬૮ ઠરાવીશું કે જે સમયે રાજા બિંબિસારની ઉમર ૨૫-૨૭ અને અભયકુમારની ઉમર ૧૦-૧૨ વર્ષની હોવાનું કહી શકાશે.

**અંતર કાળે કેવી ખૂબીઓ કુદરત ઉત્પન્ન કરે છે ?**

આપણે અનુભવીએ છીએ કે, એક સ્થિતિ માંથી બીજી સ્થિતિમાં જ્યારે કોઇપણ કાર્યને પસાર થવાનું હોય છે ત્યારે તે બે વચ્ચેનો કાળ-જેને અંતરકાળ-Transitional stage-કહેવાય છે તે સમયે અવનવા બનાવ બનવા પામે છે. કેમકે તે સમયે ભૂત તથા ભાવિ, એમ બન્ને કાળને સાચવી રાખીને, તેમજ વર્તમાનને અનુકૂળ રહીનેજ, સર્વ બાબતની રચના તેમજ સર્જન ઘડવાં પડે છે. તેથી કરીને તે અંતર કાળના નેતાઓને બહુજ સાવધાનીથી કામ લેવું પડે છે. પછી તે સ્થિતિ ફાવે તો રાજદ્વારી વિષય પરત્વેની હોય, સામાજીક વિષયની હોય, આર્થિક હોય, કે ભલેને કેળવણીને લગતી હોય, અથવા ગમે તે અન્ય વિષયની હોય, તો પણ સર્વ બાબતોમાં, એકજ પ્રકારના અનુભવમાંથી તે તે બાબતના સૃષ્ટા અને અગ્ર ગણાતા નેતાઓને પસાર થવું પડે છે. આપણે જે સમયનો ઇતિહાસ અત્યારે લખી રહ્યા છીએ તે સમય પણ તેવોજ હતો. કેમકે રાજા બિંબિસારનો રાજ્યકાળ પણ, પહેલા પરિચ્છેદમાં જણાવી ગયા છીએ તે પ્રમાણે ચાલુ અવસર્પિણી કાળના ચોથા આરાના અંતનો અને પાંચમા આરાની ઉષાનો કાળ હતો. તેથીજ આ સમયે એવડી મોટી અને સંગીન પ્રકારની ઉથલ પાથલ સર્વ ક્ષેત્રોમાં થવા વકી હતી, કે તે તે વિષયમાં તેની દોરવણી કરનારાઓ, જો પ્રખર જ્ઞાતા અને શાંતપણે વિચારક ન હોય, તો તે વિષયમાં એવી તો ગંભીર પ્રકારની અવ્યવસ્થા પેસી જવાની બીક રહે કે, જેની અસર કેટલાય જમાના સુધી ભાવિ પ્રજાને સોસવી પડે. જેમ આ બાબતમાં આપણને મનુષ્યને લાગેવળગે છે, તેમ કુદરતને પણ કાંઇ ઓછું લાગતું વળગતું નથીજ. તેથી કરીને તે પણ આવા અંતરકાળમાં તેવાજ મહાપુરૂષોનો ઉદ્‌ભવ કરાવે[૫૩] છે. આ વસ્તુસ્થિતિને અનુલક્ષીને કુદરતે ચાર મહાપુરૂષોનો જન્મ નીપજાવ્યો હતો. બેનો ધાર્મિક વિષયે પુનર્સર્જન કરવા અને બેનો સામાજીક વિષયે નૂતન ઘડતર રચવા. અલબત સામાજિક વિષયમાં બીજા ઘણા પ્રકારનો સમાવેશ હોઇ શકે છે, કે જેમાં પ્રજાના આખા જીવનના પ્રશ્નો અંતર્ગત થઇ જાય. તેમજ ધાર્મિક અને સામાજીક પ્રશ્નો વચ્ચે પણ એવો જળ અને મીન જેવો સંબંધ જળવાઇ રહેલો હોય છે, કે બેની વચ્ચે ચોખ્ખી હદ બાંધનારી લીંટી દોરી શકાયજ નહીં. જેથી કરીને આ સર્વે મહાપુરૂષો પ્રજા કલ્યાણાર્થે, એક બીજાના સહકારમાં રહીનેજ કામ આટોપવાનું ઠરાવે તેજ હિતકારક કહેવાય. આ ચાર મહાપુરૂષોનાં નામ આપણે ઉચ્ચારીએ (૧) મહાવીર (૨) ગૌતમબુદ્ધ (૩) રાજા બિંબિસાર અને (૪) તેમના મહામંત્રી અભયકુમાર. આ ચારમાંથી પ્રથમનાં બે નામોજ વર્તમાન પ્રજાને વિશેષ પરિચયવાળા છે. કેમકે તે ધાર્મિક વિષયના નેતા હતાઃ જ્યારે બાકીના બે

(૫૨) જુઓ દ્વિતીય પરિચ્છેદે. ટી. ૨૩ માં મંત્રી અને મંત્રીશ્વરનો અર્થ તથા તેને લગતી હકીકત.

(૫૩) પરિત્રાણાય સાધુનામવાળો શ્લોક પૃ. ૬ ઉપર જુઓ.

સામાજીક બાબતોના પ્રણેતા હતા. આ ઉપરથી વાચકને, ભલે ધાર્મિક પ્રશ્નમાં, કે જડ વાદી અને ચૈતન્યવાદિ–આત્મવાદિ ( Materialistic અને Spiritualistic ) વચ્ચેની પસંદગીમાં શ્રદ્ધા હોય યા ન હોય, તો પણ કુદરત શું ન્યાય ઊતારે છે તે લક્ષમાં રાખીશું, તો પણ આપોઆપ સમજાશે કે, સામાજીક પ્રશ્નને ગૌણપણે રાખી, ધાર્મિકનેજ મુખ્યપણે ગણવાની જરૂરિઆત કુદરતે પણ સ્વીકારી છે. હવે આપણે તે બંને વિષયો એક પછી એક હાથ ધરીશું.

**રાજા બિંબિસારનો ધર્મ કયો કહી શકાય ? પ્રથમ તથા ઉત્તર જીવનકાળે**

ઉપર જણાવી ગયા પ્રમાણે તેમજ અનુભવ શિખવે છે તે પ્રમાણે, સમજાય છે કે ધાર્મિક તેમજ સામાજીક કાર્યોને પરસ્પર જળ અને મીનની પેઠે અતિ નિકટ સંબંધ હોય છે. છતાં આપણે અત્ર ઇતિહાસની દૃષ્ટિએજ સર્વ પરિસ્થિતિ આલેખવી રહે છે. અને ઇતિહાસમાં તો મુખ્યતઃ સામાજીક વિષયોનોજ સમાવેશ કરી શકાય છે. જ્યારે ધાર્મિક વિષયને તો માત્ર અંગુલી નિર્દેશ જેવીજ સ્થિતિ ભોગવવી રહે છે. એટલે આપણે પણ, ધર્મની બાબતમાં માત્ર ઉડતી નોંધજ લેવી પરવડે. તે પણ રાજા બિંબિસાર પોતે જ્યારે ચાર મહાપુરૂષમાંનો એક છે, અને તેના જીવનના અન્ય બનાવો, તેણે સ્વીકારેલ ધર્મ સાથે એટલા બધા પ્રમાણમાં સંકલિત થઇ ગયેલા છે કે, જો તે વિષયને યથાર્થ સ્વરૂપમાં તારવવામાં ન આવે તો, તેણે જે કાર્યો એક ભૂપાળ તરીકે રહીને જનસમુહના શ્રેયસાર્થે કર્યાં છે, તેની કિંમત અલ્પાંશે પણ આંકી ન શકાય. અને તેમ થાય તો, તેને મોટો અન્યાય કરી દીધો ગણાય. એટલે દરજ્જે તે કાંઇક વિસ્તારપૂર્વક વિચારવું પડશે.

બૌદ્ધ પુસ્તકોમાં રાજા બિંબિસારને તે ધર્મનો અનુયાયી ગણ્યો છે, જ્યારે જૈન પુસ્તકોમાં પોતાના ધર્મનો દૃઢભકત અને પોષક ગણવામાં આવ્યો છે. પહેલામાં તેને વિશેષપણે બિંબિસારના નામથી સંબોધ્યો છે જ્યારે બીજામાં રાજા શ્રેણિકના નામથી તે વિશેષ પ્રસિદ્ધીને પામેલો જણાય છે. આમ બન્ને પ્રકારે હેરફેર થવાનું કારણ શું ? શું તે બન્ને પ્રકારનું ધાર્મિક સાહિત્ય ખોટું હશે! ના તેમ નથી. પણ વિશેષ ગવેષણાને અંતે સમજાય છે કે, તે બંને દર્શનના ગ્રંથનું કથન તો સત્યજ છે, પણ જેમ પુરાણકારોએ પોતાના ઐતિહાસિક ગ્રંથોમાં સ્વમતાનુયાયીનું મહત્વ વિશેષપણે ગાઇ બતાવ્યું છે, તેમ આ બન્નેનાં સાહિત્યગ્રંથોમાં પણ, તેજ સ્થિતિ પ્રવર્ત્તી રહી દેખાઇ આવે છે. તે નીચેની હકીકતથી સમજાશે.

ઉપર જોઇ ગયા છીએ કે, રાજા બિંબિસાર ઇ. સ. પૂ. ૫૮૦ માં ગાદીએ આવ્યો તે પહેલાં, તેમજ બેન્નાતટ નગરે શ્વસુર પક્ષમાં રહેતો હતો ત્યાંસુધી, જૈન ધમ પાળતો હતો.[૫૪] વળી આગળ ઉપર સાબિત કરીશું કે રાણી ચિલ્લણા સાથે ઈ. સ. પૂ. ૫૫૮ માં લગ્ન કર્યું ત્યારબાદ તે પાછો જીનભકત થઈ ગયો હતો. એટલે સાર એજ કાઢવો રહે છે કે જો તેણે બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યોજ હોય, તો ઇ. સ. પૂ. ૫૮૦ અને ૫૫૮ વચ્ચેના બાવીસ વર્ષમાંજ હોઈ શકે: અન્યથા નહીં.

બૌદ્ધગ્રંથો બાપોકાર ઉદ્‌ઘોષણા કરે છે કે, ગૌતમબુદ્ધે[૫૫] ૨૯ વર્ષની ઉમરે સંસાર ત્યાગ

( ૫૪ ) ભા. બા. વૃ. ભા. પૃ. ૩૭ માં લખ્યું છે કે "તે ત્રિકાળ જીન પૂજા કરતો હતો."

( ૫૫ ) જુઓ તૃતીય ખંડે પ્રથમ પરિચ્છેદમાં આલેખાયેલી હકીકત.

કર્યો, ૩૬ મે વર્ષે પ્રવર્તકપણું લીધું, ૫૭ મે વર્ષે નિર્વાણ પામ્યા, અને ૮૦ મે વર્ષે પરિનિર્વાણ પામ્યા. તેમનો જન્મ ૬૦૦ ઈ. સ. પૂ. માં ગણતાં, ઉપરના ચારે બનાવો અનુક્રમે ઈ. સ. પૂ. ૫૭૧ માં, ૫૬૪ માં, ૫૪૩ માં અને ૫૨૦ માં આવી ઉભા રહે છે. હવે જો ગૌતમબુદ્ધના જીવનના આ ચાર બનાવોને, રાજા બિંબિસારના રાજ્યકાળના ઉપરના ઇ. સ. પૂ. ૫૮૦ થી ૫૫૮ ના અંતર ગાળાના સમય સાથે ઘટાવીશું, તો તે દરમ્યાન ગૌતમબુદ્ધના જીવનના પ્રથમના બે બનાવનેજ રાજા બિંબિસારના જીવનમાંના ઉપર કહી ગયા તે બાવીસ વર્ષમાં બન્યા ગણી શકાશે. (૧) ઈ. સ. પૂ. ૫૭૧ માં તેમનો સંસારત્યાગ અને (૨) ઇ. સ. પૂ. ૫૬૪ માં પ્રવર્તક પણું સ્વીકાર્યું તે. ( Preaching of Buddha-gospel and entrance into its monastic order ). બીજી બાજુ, બૌદ્ધસાહિત્યમાં[૫૬] નિશંક પણે જણાવાયું છે કે, ગૌતમબુદ્ધ પોતે ૩૬ વર્ષના થયા (એટલેકે ઈ. સ. પૂ. ૫૬૪માં તેઓ પ્રવર્તક[૫૭] થયા) ત્યાં સુધી (૧) કોઇને પણ પોતાનો શિષ્ય બનાવ્યો નથી, તેમજ (૨) રાજા બિંબિસારને પણ પ્રથમજ વાર આ સમયે એટલે ઈ. સ. પૂ. ૫૬૪ માં (પોતાની ૩૬ વર્ષની ઉમરે) રાજગિરિ[૫૮] ઉર્ફે ગિરિવ્રજમાં મળ્યા હતા; અને (૩) પ્રવર્તક થયા પછી[૫૯] ૭ વર્ષે એટલે ઇ. સ. પૂ. ૫૫૮ માં (બિંબિસારની) રાણી ક્ષેમાને બૌદ્ધ ભિક્ષુણી બનાવી હતી; એટલે આ ત્રણ બનાવોનો જે સમય નિશ્ચિત પણે ગણી શકાય છે, તે ઉપરથી આપણે બેધડક રીતે એટલું કહી શકીશું જ કે, ગૌતમબુદ્ધ પોતે, રાજા બિંબિસાર કે તેના અંતઃપુરની વ્યક્તિમાંની કોઇ સાથે, જો કોઇ પણ રીતે સમાગમમાં આવ્યા હોય, તો તે માત્ર ઇ. સ. પૂ. ૫૬૪ થી માંડીને ઇ. સ. પૂ. ૫૫૮ સુધીના[૬૦] ૭ સાડા ૭ કે સાત વર્ષના ગાળા દરમ્યાનજ હોઇ શકે: કે જ્યારે રાજા બિંબિસારે રાણી ચિલ્લણા સાથે લગ્ન કર્યું છે અને તે પૂર્વે થોડાક સમયે જૈન

(૫૬) જુઓ તૃતીય ખંડે, પ્રથમ પરિચ્છેદ.

(૫૭) પોતે સંસારનો ત્યાગ તો ઇ. સ. પૂ. ૫૭૧ માં ૨૯ મા વર્ષની ઉમરે કર્યો છે. જ્યારે પ્રવર્તકપણું-શિષ્ય બનાવવાનું-તો ૩૬ મા વર્ષેજ ધારણ કર્યું છે: એટલે વચ્ચગાળાના સાત વર્ષ સુધી તેમની પ્રવૃત્તિ શું હતી તે, બૌધસાહિત્યમાં જણાવ્યું નથી, તે વિષય આપણે શોધવો રહેશે.

(૫૮) રાજગિરિ અને ગિરિવ્રજ નામ લખે છે પણ રાજગૃહી નામ નથી લખતા તે વાત ધ્યાનમાં રાખવી.

(૫૯) ભા. પ્રા. રા. પુ. ૨ પૃ. ૩૫: C. H. I. P. 183:-seven years before he became a Buddha. કે. હી. ઇં. પૃ. ૧૮૩ માં જણાવ્યું છે કે "તે બુદ્ધ થયો તેની પૂર્વે સાત વર્ષે." આ કથન જો વાસ્તવિક હોય તો, તેની સાલ ઈ. સ. પૂ. ૫૪૩+૭= ઈ. સ. પૂ. ૫૫૦ની આવે, પણ ઉપર પૃ. ૨૫૦ માં આપણે જાણી ચુકયા છીએ કે તે સમયે તો રાજા બિંબિસાર દઢપણે જૈન થઈ ગયો હતો. અને તેટલા માટે તે સમયે તેની રાણી બૌદ્ધ ધર્મની દીક્ષા ગ્રહણ કરે તે માની શકાય નહીં. એટલે એમ માનવું રહે છે કે આ આંક ૭ ને બદલે ૧૭ હોય [ એટલે કે ૫૪૩+૧૭=૫૬૦ અથવા કેટલાકના મત પ્રમાણે નિર્વાણ પામ્યાની સાલ ૫૪૧ ગણાય છે તો તે (જુઓ ખં. ૩, પ્રથમ પરિ.) પ્રમાણે ૫૪૧+૧૭=૫૫૮ આવશે. અને તે બરાબર લાગે છે ] અથવા તો, નિર્વાણને બદલે પોતે પ્રવર્તક થયા તેની પછી સાત વર્ષ, એમ કહેવાનો હેતુ હોય, તો તેનો સમય ૫૬૪-૭=ઇ. સ. પૂ. ૫૫૭. ગણી શકાય

આમાંથી પાછલું અનુમાન સત્ય હોવા સંભવ છે. જે આપણે આગળના વર્ણનથી જાણી શકીશું.

(૬૦) બિંબસારના જીવનમાં આ સાલે (ઈ. સ, પૂ. ૫૫૮) અતિ અગત્યનો ભાવ ભજવ્યો છે તે આપણે ક્રમાનુક્રમે આગળ ઉપર જાણતા જઈશું.

ધર્મ અંગીકાર કર્યો છે. પછી તો રાજા બિંબિસારે બુદ્ધ ધર્મનો ત્યાગ કરેલ હોવાથી, ગૌતમબુદ્ધ ભલે તેની સાથે ધર્મચર્ચા નિમિત્તે મળ્યા હોય, તો પણ પોતાના ભક્તજન તરીકે તો લેખી શકાય નહીંજ. એટલે પુરવાર થાય છે કે, જો રાજા બિંબિસારે કદાપિ પણ બુદ્ધધર્મનો સ્વીકાર કર્યો હોય, તો આ સાત વર્ષના ગાળા દરમ્યાનજ બન્યું હોય. પછી આખાય સમય સુધી તે બાદ્ધધર્મી રહ્યો કે તેના કોઈ અંશ સુધી તે નક્કી ન કહી શકાય. છતાં ઉત્કૃષ્ટપણેજ આપણે તો માની લ્યો કે તે સાતે વર્ષ રાજા બિંબિસાર બૌદ્ધમતાનુયાયીજ રહ્યો હતો.[૬૧]

આટલા વિવેચન ઉપરથી સ્પષ્ટ થઇ ગયું કહેવાશે કે, ગાદી ઉપર આવ્યા પૂર્વે એ વર્ષ તે જીનભક્ત હતો; પછી ઇ. સ. પૂ. ૫૬૪ થી ૫૫૮ સુધીના ૭ વર્ષ બૌદ્ધમતી અને ૫૫૮ થી ઇ. સ. પૂ. ૫૨૮ માં તેના મરણ પર્યંત, ફરીને જીન ધર્મી થયો હતો. હવે સવાલ એ રહે છે કે, ઇ. સ. પૂ. ૫૮૦ માં ગાદીએ આવ્યો ત્યારથી માંડીને ઇ. સ. પૂ. ૫૬૪ સુધીના સોળ વર્ષ સુધી તે ક્યો ધર્મ પાળતો હતો. બનવાજોગ છે કે, તે પોતાના માતપિતાનો ધર્મ અનુસરતો હોય, જોકે તે સમયે બુદ્ધ ધર્મની સ્થાપના નહોતીજ થઇ. એટલે પછી કાંતો તે વૈદિકમતાવલંબી હોય કે જૈન મતાનુયાયી હોય. તેની માતા ભટ્ટીક્ષત્રિયાણી હોય એમ એક ગ્રંથમાં[૬૨] જણાવાયું છે. અને આ ભટ્ટીક્ષત્રિયો, સંભવ છે કે કદાચ આયુદ્ધ[૬૩] પ્રાંતોના વતની હોય કે, કદાચ હાલની ભાટિયા જ્ઞાતિના પૂર્વજોની જ્ઞાતિના હોય. હાલના ભાટિયાઓ પોતાને ક્ષત્રિયોત્પન્ન તરીકે જણાવે છે, તેમ તે જ્ઞાતિના વડવાઓને ભટ્ટીક્ષત્રિયો કહેવામાં પણ આવે છે. ગમે તેમ હોય, પણ એ બનવાજોગ છે કે, રાજા પ્રસેનજિત ભટ્ટીક્ષત્રિયાણીને પરણ્યો હોય, કેમકે આયુદ્ધનો પ્રાંત, કાશી દેશની હકુમતમાંનો કે તેની સાથે અતિ સહવાસ ધરાવતો પ્રદેશ છે. એટલે એક બીજા બેટી વ્યવહારમાં જોડાયા હોય પણ ખરા. વળી રાજા પ્રસેનજિતના વંશનો મૂળ સ્થાપક પુરૂષ, શિશુનાગ પ્રથમ તો ત્યાંજ ગાદીપતિ બન્યો હતો. અને ત્યારબાદ તે પ્રાંત ઉત્તરોત્તર તેમના વંશની સત્તામાં ચાલ્યોજ આવતો હતો. એટલે રાજા પ્રસેનજિતનું સ્થાન ભલે અત્યારે મગધ-દેશમાં હતું, છતાં પણ તે કાશીપતિ હોઇને, ત્યાંની કન્યા પરણ્યો હોય, તો જરાયે આશ્ચર્ય પામવા કે પ્રશ્ન ઉઠાવવા જેવું રહેતું નથી. હવે જ્યારે રાજા પ્રસેનજિતનો રાજ્ય અમલ ચાલતો હતો, ત્યારે તો બ્રાહ્મણ ધર્મનું[૬૪] કે જેને વૈદિક ધર્મ તરીકે સાધારણરીતે ઓળખવામાં આવે છે, તેનું જોર

(૬૧) આ કારણથી (કારણકે તે જૈનેતર ધર્મ પાળતો કહેવાય તેથી)જ વિદેહપતિ રાજાચેટક પોતાની કુંવરી મગધપતિ બિંબસારવેરે પરણાવતો ન હતો (જુઓ પૃ. ૨૪૭)

(૬૨) Chronology of India by Duff P, 5–He was born of a Bhattiya queen. He was a friend to Buddha who was senior to him by five years. He was murdered after a reign of 52 years. ક્રો. ઇ. પૃ. ૫–તે ભટ્ટીયરાણીના પેટે જન્મ્યો હતો; બુદ્ધ દેવ તેનાથી પાંચ વર્ષ મોટા હતા તેમજ તેની સાથે મિત્રતા હતી. અને તેણે બાવન વર્ષનું રાજ્ય ભોગવ્યા બાદ તેનું ખુન કરવામાં આવ્યું હતું.

(૬૩) જુઓ ઉપર પૃ. ૫૯ ટી. (૧૪) અને પૃ. ૬૦ ટી. [ ૨૫ ]. વળી સરખાવો આગળ ઉપર આઠમા નંદબૃહસ્પતિના વૃતાંતે. તેની માતાની હકીકત.

(૬૪) જોકે ઘણા બ્રાહ્મણો એમ તો જૈન મત પાળનારા પણ થયા છે. એટલુંજ નહીં પણ જૈન સંપ્રદાયના ભલભલા આચાર્યો, અરે શ્રી મહાવીરની પાટે આવનારા તેના પટધરોમાંથી કેટલાય,જન્મે બ્રાહ્મણ હતા. મતલબ કે, તે કાળે બ્રાહ્મણ નામતો, માત્ર બ્રાહ્મણ માત પિતાના પેટે જન્મવા પુરતું લેખાતું હતું. પણ કાંઈ

કડે ધડે હતું. અને તેમના શાસ્ત્રાધારે આરંભાતા પશુયજ્ઞો તથા અનેક હિંસાદિક વિધિવિધાનો, ધૂમ જોરમાં થયે જતાં હતાં. (આવાં હિંસાદિક કાર્યોની અફળતા સિદ્ધ કરી બતાવવા માટેજ કુદરતે પ્રસેનજિતના સમય બાદ, મહાપુરૂષોનો જન્મ[૬૫] નિર્માણ કર્યો હતો). એટલે એ પણ બનવાજોગ છે, કે તે વખતના ક્ષત્રિયો પણ, વૈદિક મતાનુયાયી વિશેષ પણે બની ગયા હોય.[૬૬] કહેવાની મતલબ એ છે કે, રાજા બિંબિસારના માતાપિતાનો ધર્મ, મુખ્ય પણે વૈદિક હોવા સંભવ છે અને તેથી રાજા બિંબિસાર પણ પોતાના જીવનના પૂર્વાર્ધમાં તેજ ધર્મને અનુસરતો હોય, એમ માની લઇએ તો ખોટું નહીં ગણાશે. પણ પછી જ્યારે બે મહાન ધર્મોપદેશકોના[૬૭] વચનામૃતોનું તેણે પાન કર્યું ત્યારેજ તેણે બાપીકો ધર્મ ત્યજી, તે તે મતોનું વાસ્તવિક પણું નિહાળીને, તે તે મતાનુયાયી થયો હોવો જોઇએ. તાત્પર્ય એ થયો કે, પ્રથમનાં સોળ વર્ષ (ઇ. સ. પૂ. ૫૮૦ થી ઇ. સ. પૂ. ૫૬૪ સુધી) તે વૈદિકધર્મી હતો,[૬૮] તે બાદના સાડાછ થી સાત વર્ષ (ઈ. સ. પૂ. ૫૬૪ થી ૫૫૮ સુધી) બૌદ્ધ

---

એમ નિયમ નહોતો; કે તેઓએ હાલની માફક વૈદિકમતજ પાળવો જોઈએ, તેથીજ આપણે જોઈશું કે, શકડાળ મંત્રી, પાણીનિ, ચાણાક્ય આદિ જન્મથી બ્રાહ્મણ હતા, છતાં જૈન ધર્મીજ હતા: એટલે કે જન્મને અને ધર્મને કાંઇ સંબંધ નહોતો.

(૬૫) જુઓ પૃ. ૨૪૯ ઉપરનું લખાણ તથા તેને લગતું ટી. નં. ૫૩.

(૬૬) રાજા પ્રસેનજિતના સમય બાદ ક્ષત્રિયોમાંનો મોટો ભાગ વૈદિક મત ત્યજીને જૈન ધર્મી બની ગયો હતો. તે રાજા શ્રેણિકથી માંડીને ઠેઠ શુંગવંશી રાજા પુષ્યમિત્ર તથા તેમના પુરોહિત મહાવિખ્યાત પતંજલી વ્યાકરણકાર થયા, ત્યાં સુધીના સર્વે મગધપતિઓ (માત્ર મૌર્ય અશોક સિવાય) જૈનધર્મીજ હતા એમ આપણે જોઇ શકીશું.

(૬૭) પ્રથમ બૌદ્ધ મતના સ્થાપક ગૌતમબુદ્ધનું અને પછી જૈન મતના પ્રચારક શ્રી મહાવીરનું; એમ અનુક્રમે બન્નેનાં ધર્મપ્રવચન ઝીલ્યાં હતાં. ગૌતમ બુદ્ધ અને શ્રીમહાવીર બન્નેનો જન્મ જોકે થઈ ગયો હતો અને તેઓ બન્ને સમકાલીનજ હતા; છતાં, ગૌતમ બુદ્ધને પ્રથમ ગણાવ્યા અને શ્રી મહાવીરને તે બાદ ગણાવ્યા તેનું કારણ, તેમના ધર્મ પ્રચારના સમયને અંગેજ છે. કેમકે ગૌતમે પોતાના ધર્મનો પ્રચાર ઈ.સ.પૂ. ૫૬૪થી આરંભ્યો છે જ્યારે શ્રી મહાવીરે ઈ. સ. પૂ. ૫૫૬ બાદ આરંભ કર્યો છે. એટલે કે ગૌતમબુદ્ધે ધર્મનું પ્રવર્ચન કરવા માંડયું તે બાદ આઠ વરસે શ્રી મહાવીરે પ્રારંભ કર્યો છે.

(૬૮) પુરા. પુ. ૨ પૃ. ૨: ૩. તથા નીચેની હકીકત જુઓ.

આપણા આ અનુમાનને ટેકો આપનારા બે બનાવો તેના જીવનમાં બન્યા છે, એટલે વિશેષ ખાત્રી થાય છે, આ ઉપરથી તે અનુમાન હોવાનું બદલી તેને હવે નિશ્ચિત બનાવ તરીકેજ આપણે સ્વીકારીશું.

(૧) વાત એમ છે કે તેણે એક વખત ગર્ભિણી હરિણીનો શિકાર કર્યો હતો. અને જ્યારે તે માદા મરવાને તરફડીયાં મારતી હતી ત્યારે, તેનો ગર્ભ બહાર નીકળી પડયો. તે ગર્ભ પણ તરફડીયાં મારવા લાગ્યો. આવો દીલ કંપાવનારો અને કમકમાટી ઉપજાવતો બનાવ જોઇને, કોઈપણ સહૃદય મનુષ્યને અનુકંપાજ ઉત્પન્ન થાય. છતાં રાજા બિંબિસાર તો ઉલટો ખુશી થવા લાગ્યો અને કેમ જાણે, મોટા સિંહનો શિકાર કરીને આવ્યો હોય, તેમ મનમાં ઉકમાઈ ધરવા લાગ્યો હતો. એક તો આવું પાપિષ્ઠ કામ કર્યું, અને વળી તેના માટે પશ્ચાતાપ ન કરતાં, ઉલટી અનુમોદના કરી. જેથી આવા તેના નિષ્ઠુર કાર્યના પરિણામે, બહુ જ આકરૂં અને દુઃખદ ભવનું કર્મ તેણે ઉપાર્જન કર્યું. તથા (૨) એમ કહેવામાં આવ્યું છે કે (ભ. બા. વૃ. ભા. પૃ. ૨૦૧) "માંસના વ્યસનથી શ્રેણિક રાજા દુષિત થયા છે, મદિરાના વ્યસનથી કૃષ્ણનું રાજ્ય ગયું છે, હિંસાથી રાઘવપિતા (દશરથ) દુષિત થયા છે, વેશ્યાગમનથી કયવન્ના શેઠ ધનરહિત થયો છે." એટલે કહેવાનું કે રાજા શ્રેણિકે માંસ ભક્ષણ પણ કર્યું છે. અને એટલું તો સ્પષ્ટજ છે કે આ બન્ને બનાવો

ધર્મી હતો અને છેવટે તે જૈન મતાનુયાયી બની જઇ, પોતાના જીવંત પર્યંત (ઇ. સ. પૂ. ૫૫૮ થી ૫૨૮ સુધી ) તે ધર્મ–પંથનેજ વળગી રહ્યો હતો. આ પ્રમાણે ધર્મ પરીક્ષા કરવામાં, તેણે રાજ્ય-

---

હિંસકવૃત્તિનાજ છે. અને હિંસકવૃત્તિ તો જૈન તેમજ બૌદ્ધ ધર્મમાં નિંદ્ય ગણાઇ છે. (જો કે બૌદ્ધ ધર્મમાં હજુ માંસ ભક્ષણ કરાય છે ખરૂં પણ તે અમુક સંજોગોમાંજ. બાકી હિંસા કરીને મેળવવું, તે તો તેમાં પણ વર્જીત ગણાયું છે. ) એટલે નિશ્ચિત થાય છે કે, આવું નિંદ્ય કાર્ય માત્ર વૈદિકસંપ્રદાયી તરફથીજ કરાયું હશે.

આ બનાવો ક્યારે બનવા પામ્યા તેની સાલ આપી નથી, તેમ સમયનો અનુમાન કરવાને કોઈ બીજી બીના તે સાથે જોડી નથી. પણ બીજા કેટલાક સંજોગો આપણે જાણીએ છીએ એટલે તે આધારે તેનો સમય કલ્પી શકાય છે. વળી તે સમયે રાજા બિંબિસાર વૈદિક મતાનુયાયી હતો એમ ગણી શકાય છે. તે આ પ્રમાણે છે.

જૈન સિદ્ધાંતમાં એક એવો નિયમ છે કે, દરેક મનુષ્ય પોતાના આગામી ભવનું આયુષ્ય, વર્તમાન ભવના કોઈ એક ૧/૩ ભાગના સમયે બાંધે છેઃ મતલબ કે એક મનુષ્ય, ભવિષ્યમાં કઈ ગતિમાં જન્મ લેશે, તેનું નામકર્મ, પોતાના હાલના આયુષ્યમાંનો ૧/૩ ભાગ જતે તે બાંધે છેઃ પ્રથમના ૧/૩ ભાગે ન બાંધ્યું તો તે પછીના ૧/૩ ભાગ જતે બાંધેઃ અને તેમ પણ ન થયું તો અંતકાળે પણ બાંધેઃ હવે આપણે જાણીએ છીએ કે, રાજા બિંબિસારનું આયુષ્ય ૬૭ વર્ષનું હતું ( ૧૫ વર્ષની ઉમરે ગાદીએ બેઠો છે અને બાવન વર્ષ રાજ્ય કર્યું છે.) તેનો ત્રીજો ભાગ કરતાં ૨૨ ૧/૩ વર્ષનો અકેક ભાગ થયો. હવે તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૯૫ માં થયો છે એટલે, પહેલો ૧/૩ ભાગ=૫૯૫–૨૨ ઈ. સ. પૂ. ૫૭૩ માં આવશે અને તે બાદ બીજો ૧/૩ ભાગ ૫૭૩–૨૨ ઈ. સ. પૂ. ૫૫૧ માં આવશેઃ જ્યારે ઉપરના ઐતિહાસિક પુરાવાથી આપણે જાણી ચુકયા છીએકે, ઈ. સ. પૂ. ૫૫૧ માં તો તે દૃઢ જૈની હતો, વૈદિક મતનો નહોતો. એટલે બાકી રહી એકલી વિચારવાની સાલ ઈ. સ. પૂ. ૫૭૩ ની. અને તે તો આપણે જે સમયનો અત્યારે વિચાર કરી રહ્યા છીએ, તેની અંદરજ સમાવિષ્ટ થઈ જાય છે. એટલે કે ૫૮૦ થી ૫૬૪ સુધીના ૧૬ વર્ષના ગાળાની તે વાત છે. એટલે ખાત્રી થાય છે કે રાજા બિંબિસાર

સુકાની તરીકેના પોતાના જીવનને, ત્રણ વિભાગમાં વહેંચી નાંખ્યું હતું એમ આપણે હવે સ્વીકારવું પડશે. આટલા ભારપૂર્વક અને લંબાણથી આ ચર્ચા જે કરવી પડી છે તેનું વિશેષતઃ કારણ પણ

---

પોતાના રાજ્યકાળના પ્રથમ ૧૬ વર્ષ સુધી ચોખ્ખો વૈદિક મતાનુયાયીજ હતો. અને તે સમયે સમસ્તદેશમાં પણ હિંસક વૃત્તિનું જોર અત્યંત જામી પડયું હતું. પશુયજ્ઞો પણ હદ ઉપરાંત થતા હતા, શિકારો અને પશુવધ પણ વિશેષ સંખ્યામાં કરાતા હતા. મતલબ કે જ્યાં જુઓ ત્યાં હિંસા હિંસાને હિંસાનુંજ સામ્રાજ્ય પ્રવર્તી રહેલું દૃષ્ટિએ પડતું હતું. એટલે રાજા બિંબિસાર તે પંથનો હોય એમ માની શકાય છે.

વિશેષમાં એક હકીકત જણાવું. કે તે જો કે ચર્ચાની સીમાબહાર જતું ગણાશે તેમજ હાલના વિદ્યાભૂષિત વાચક વર્ગને કાંઈક અરૂચિકર પણ ગણાશે, અરે કદાચ અશ્રદ્ધાનું ભાજન ગણાશે છતાં તે હકીકત સુવિહિત હોવાથી જણાવવી દુરસ્ત ધારૂં છું. અને જો તે વાચક વર્ગને બુદ્ધિગમ્ય લાગે તો જૈન દર્શનમાં કેવા કેવા સિદ્ધાંતો અને મૂળ નિયમો સમાયલા છે તેનું કાંઈક માપ જાણવાનું તેઓને મળશે. આ હકીકત પણ ઉપર જણાવેલ ભાવિ જન્મના આયુષ્ય નામકર્મનેજ લગતી છે. રાજા બિંબિસાર માટે જૈન ગ્રંથોમાં એમ જણાવેલ છે કે, હાલ તે નર્કગતિમાં[1] છે. અને તે બાદ આવતી ઉત્સર્પિણીમાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર નામે પદ્મનાભ[2] થશેઃ–હવે બન્ને કથનનો વિચાર કરીએ કે, તે શી રીતે રાજા બિંબિસારના વર્તમાન જીવન સાથે બંધ બેસતું થઇ શકે છે. આ બે માંથી પ્રથમ નર્કગતિનાબંધનો પ્રશ્ન વિચારીએ. તે પ્રસંગ તો ( નર્કગતિમાં તેનો જીવ જે ગયો છે તે પોતે કરેલ કર્મની શિક્ષાના પરિણામરૂપે ગણવાનું છે. ) આપણે ઉપર જોઈ ગયા છીએ તે પ્રમાણે ઈ. સ. પૂ. ૫૭૩ માં તેણે ગર્ભિણી હરિણીનો કરેલ શિકારરૂપી અતિ નીંદનીય અને ઘોર પાપકર્મ હોય. વળી અધુરામાં પૂરૂં તે પાપમાં અતિરિક્તપણે તેણે અનુમોદના પણ કરી હતી. એટલે આ

---

[૧] ભ. બા. વૃ. ભા, પૃ. ૨૦૧ જૈન ધર્મ પ્રકાશ પુ. ૧૯૮૪ પૃ. ૧૮૭. [૨] ભ. બા. વૃ. પૃ. ૫૧ તથા આ ગ્રંથમાં આગળ જુઓ પૃ. ૧૭૬.

એજ છે કે, પ્રજા જીવનની અને રાજ્ય ચલાવવાની વ્યવસ્થા પૂર્વક રૂપરેખા, જે તેણે તથા તેના પુત્ર અને મહામંત્રીશ્વર કુમાર અભયે, દોરી બતાવીને અમલમાં મૂકી હતી. તે રૂપરેખાનો જન્મ[૬૯] પણ તેણે અનુભવેલ ત્રણે ધર્મોની કસોટીના પરિપાક રૂપેજ થયો હતો તેમ તે રૂપરેખાનો આશય વાચકને વિશેષપણે સમજી શકાય તે માટે તેના જન્મદાતા તથા પ્રણેતાનો સંબંધ જોડી બતાવવાનું અત્ર આવશ્યક લાગ્યું છે

ઉપરમાં (પૃ. ૨૫૧ તથા ટીકા નં. ૬૦ જુઓ) લખી ગયા છીએ કે, રાજા બિંબિસારના જીવનમાં આ સાલે કાંઈ અનેરૂંજ પરિણામ નીપજાવ્યું છે. તે જાણવાની આકાંક્ષાને વધુ વાર દબાવી ન રાખતાં તે બાબત આપણે પ્રથમ હાથ ધરી લઇશું.

**ઇ. સ. પૂ. ૫૫૮ ની સાલની મહત્તા**

રાજા બિંબિસારે કયો ધર્મ ગ્રહણ કર્યો હતો તે વિષયના અધિકારે આપણે સાબિત કરી ગયા છીએ કે ઈ. સ. પૂ. ૫૬૪ થી ૫૫૮ સુધીના ૬, ૬॥ કે ૭ વર્ષ સુધી તે બૌદ્ધમતાનુયાયી હતો,

---

કાર્યથી તેણે નર્કગતિનું આયુષ્ય બાંધ્યું હશે એમ કહી શકાય. (અશુભ કર્મનું ફળ પણ અશુભજ હોય તે તો નિર્વિવાદિત છે અને કોઈ પણ સજ્જન એમ તો નહીંજ કહી શકે કે, હિંસા કરવી તે શુભ કાર્ય છે. તેમાં પણ સગર્ભા હરિણીને મારી, એટલે એકી વખતે બે જીવનો વધ કર્યો કહેવાય): હવે બીજો પ્રસંગ તેણે બાંધેલ તીર્થંકર પદવીને લગતો શુભગતિનો છે તે વિચારીએ: આવો ભારે કર્મી જીવ, જે નર્કગતિમાં હોય તે પાછું તીર્થંકર પદ ધારણ કરે, એવું કયું શુભ કર્મ તેણે આ મનુષ્ય દેહે કરી વાળ્યું હશે કે જેના ફળરૂપે આવો ઉત્તમ ભવ પામી શકે. આ શુભ કાર્ય કરવાનો સમય તેના વર્તમાન આયુષ્યના બીજા $\frac{૧}{૩}$ ભાગમાં તેણે મેળવ્યો હતો. તે ઉપર બતાવ્યા પ્રમાણે ઇ. સ. પૂ. ૫૫૧ ની સાલ હતી. આ સમયે તે ધર્મિષ્ઠ જીવન ગાળતો હતો. એટલે પોતાના આત્માના કલ્યાણને અર્થે જેમ તે અતિ ઉજમાળ કાર્ય કર્યે જતો હતો તેમ પ્રજા કલ્યાણના શ્રેયાર્થે, એક રાજવી તરીકે પણ, તે અતિ ઉત્સુકતાથી અને પોતાની સર્વ શક્તિથી કાર્યો કર્યે જતો, યોજનાઓ ઘડતો અને તેને અમલમાં મૂકી સમગ્ર પ્રજાનો સંપૂર્ણ ચાહ વહોરી લેતો હતો. આ સર્વ કાર્યમાં તેને પોતાના જ્યેષ્ઠ પુત્ર અને મહામંત્રીશ્વર અભયકુમારનો સાથ હતો. તેમજ, જૈન ધર્મના અગ્રગણ્ય પ્રવર્તક અને નિયામક એવા શ્રી મહાવીર તથા તેના પ્રથમ પટ્ટશિષ્ય ગણધર ગૌતમ તરફનું પ્રેરણા બળ હતું: શ્રી મહાવીરને કૈવલ્ય જ્ઞાન ઈ. સ. પૂ. ૫૫૬ માં પ્રાપ્ત થયું હતું અને તેમનું નિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૭ માં છે: વચ્ચેના ત્રીસ વર્ષના સમય દરમ્યાનજ તેમણે ધર્મોપદેશ કર્યો છે. રાજા બિંબિસારના જીવનની ઉપર પ્રમાણેની ઈ. સ. પૂ. ૫૫૧ ધન્ય સાલનો સમાવેશ પણ આ ત્રીશ વર્ષના ગાળામાંજ થયેલ છે. તેમજ શ્રી મહાવીરે આ ત્રીસ વર્ષના ગાળા માંનો મોટો ભાગ, એટલે કે અર્ધ ઉપરાંતનો કાળ-સોળ ચોમાસાં રાજગૃહી નગરીમાંજ ગાળ્યાં છે. અને જ્યારે જ્યારે રાજગૃહીમાં રહ્યા છે ત્યારે ત્યારે આ રાજ્યના નેતાઓને-પિતા અને પુત્રને-રાજા બિંબિસાર અને અભયકુમારને લોકકલ્યાણનોજ ઉપદેશ આપ્યા કર્યો છે. આ હકીકતનો સાર જૈન ગ્રંથોમાં, ભગવતી સૂત્ર જેવા આગમ સૂત્રોમાં પ્રશ્નોત્તરરૂપે વર્ણવાયલો, અદ્યાપિ પર્યંત જળવાઈ રહેલો. દષ્ટિગોચર થયા કરે છે. આ બધી હકીકત ઐતિહાસિક સત્યજ છે. પણ તે બુદ્ધિમાં પચે તે માટે શ્રદ્ધા હોવી જોઈએ. બાકી ઐતિહાસિક સત્ય તે તો હમેશાં નગ્ન સત્યજ છે અને નગ્ન સત્યજ રહેવાનું.

(આવતી ઉત્સર્પિણી ક્યારે શરૂ થશે તથા નર્કગતિમાંથી તેનો જીવ ક્યારે બહાર નીકળશે તે બધા પ્રશ્નો દાર્શનિક છે. તેને ઈતિહાસ સાથે સંબંધ નથી એટલે અત્રે વિવેચન કરવું યોગ્ય નથી. પણ એટલું જણાવવાનું કે, આ ઉત્સર્પિણી કાળ વિગેરે જે હકીકત પ્રથમ તથા બીજા પરિચ્છેદમાં જણાવી છે તે બધી ઘટના ઠીક લાગે તો મહેરબાની કરી જૈન સૂત્રોનાં કથનમાં વિશેષ શ્રદ્ધાવંત બનવું.)

(૬૯) આ રૂપરેખા વિશે કિંચિત્ ઉલ્લેખ આપણે આગળ કરવો પડશે.

તેમજ એમ પણ જોઇ ગયા છીએ, કે ગૌતમબુદ્ધ ઇ. સ. પૂ. ૫૬૪ માં પ્રવર્તક બની, પોતે પ્રથમજ વાર રાજા બિંબિસારને મળ્યા હતા. તે બાદ પાંચ કે ૭ વર્ષે એટલે ઈ. સ. પૂ. ૫૫૯ ના અંતમાં, રાજા બિંબિસારને બીજી વખત મળ્યા હતા. તથા રાણી ક્ષેમાને બૌદ્ધ ભિક્ષુણી તરીકે દીક્ષા દીધી હતી. આ બધા સંજોગો એમ સૂચવે છે કે, ગૌતમ બુદ્ધના ઉપદેશની અસર રાજા બિંબિસારના અંતઃપુર ઉપર ઘણીજ થઇ હતી. આવાં કારણથી રાણી ક્ષેમાનું મન દીક્ષા લેવા તરફ ઢળ્યું હશે એટલે તેણીએ રાજા બિંબિસારની સંમતિ લેવા માંડી હશે. પણ અનુમાન થાય છે કે રાજા બિંબિસારે તે નહીં આપી હોય. એટલે ખુદ ગૌતમ બુદ્ધ પોતે, રાજાને સમજાવવાને રાજગિરિ આવેલ હોય. છતાં રાજાએ છેવટ સુધિ પોતાની અનુમતિ આપી ન પણ હોય એમ સમજાય છે. કારણકે જો અનુમતિ આપી હોત તો પછી, રાણી દીક્ષા લ્યે તેથી નારાજ થવાનું કારણ તેને મળત નહીં. પણ રાજાએ સંમતિ આપી નહીં હોય એટલે, કદાચ રાણીનું મન સંતોષવા ગૌતમબુદ્ધે દીક્ષા આપી દીધી દેખાય છે. અને આ કારણથીજ રાજાનું મન દુઃખિત થતાં, તેને તે ધર્મ ઉપર કાંઇક અરૂચિ પેદા થઇ હોય અને તેથી તે ધર્મનો ત્યાગ કરવા પ્રેરાયો હોય એમ માની શકાય. વળી આ બનાવ બન્યા પછી, બુદ્ધદેવને કે રાજા બિંબિસારને કદાપિ પાછો મેળાપ થયો હોય એમ બૌદ્ધ પુસ્તકોમાં ક્યાંય જણાવાયું નથી[૭૦] તેનો ખુલાસો પણ અહીંજ પ્રાપ્ત થાય છે. કહેવાની મતલબ એ છે કે રાણી ક્ષેમાએ દીક્ષા લેવી કે રાજાની સંમતિ વિના રાણીને દીક્ષા દેવી તે આખો પ્રસંગજ[૭૧] રાજા બિંબિસારનું ધર્મપરિવર્તનનું કારણરૂપ છે અને બૌદ્ધમતના વિશેષ પ્રચારને પણ એક આડખીલી અને અવરોધરૂપજ નહીં પણ અતિ મહાન ફટકારૂપ થઇ પડેલ છે.

---

(૭૦) C. H. I. P. 184. On Gottam's visit to Rajagira Bimbisara presented Him with the Bamboo grove where huts could be erected for the accommodation of the order; we hear very little about him in the books. He is not even mentioned in three out of the four Nikayas and the few references in the fourth are of the most meagre kind.

કે. હી. ઈ. પૃ. ૧૮૪—જ્યારે ગૌતમે રાજગિરમાં મુકામ કર્યો ત્યારે વાંસનો લતામંડપ રાજા બિંબિસારે તેમને, અર્પણ કર્યો હતો કે જ્યાં, બૌદ્ધધર્મના શ્રમણો માટે વિહારરૂપી નાનાં નાનાં મઠો બાંધી શકાય. તેમના સાહિત્યમાં તેના વિશે કાંઈ વિશેષ લખાણ મળી આવતું નથી; તેમના ચાર નિકાય ગ્રંથોમાંથી ત્રણમાં તો તેના નામનો ઉલ્લેખ પણ થયો દેખાતો નથી. જ્યારે ચોથામાં જે કાંઈ થોડું ઘણું તેના માટે લખાયલું નજરે પડે છે તે કેવળ નામનુંજ છે.

(૭૧) જો કે સીધી રીતે આ પ્રસંગની સાથે કાંઇ સંબંધતો નથીજ, છતાં એક રીતે સંબંધ કહી શકાય તેમ પણ છે. એટલે અત્ર જણાવવાની જરૂર દેખું છું. તે હકીકત એમ છે કે, આજકાલ જૈન સંપ્રદાયમાં સગીરવયના બાળકોને તેમજ ઉમર લાયક પુરૂષ અથવા સ્ત્રીઓને, તેમના લાગતા વળગતા વડીલ કે આશ્રીત જનની સંમતિ વિના, જે દીક્ષા દઈ દેવામાં આવે છે, તે સઘળાનું પરિણામ કેવું આવે, તે બાબત ઉપર આ પ્રસંગથી અચ્છી રીતે પ્રકાશ પડશે એમ ગણાવવાની જરૂર સમજું છું. સારૂં થયું છે કે વિ. સં. ૧૯૮૯ માં અજમેર મુકામે જૈન શ્વેતાંબર સ્થાનકવાસી મુનિઓના સંમેલને તેમજ વિ. સં. ૧૯૯૦ માં અમદાવાદ મુકામે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓના સંમેલને આ બાબતમાં ઘટતા ઠરાવો કર્યા છે. વળી જુઓ આગળના દ્વિતીય પરિચ્છેદે. ટી. ૮૬ ની હકીકત તથા તેને લગતું લખાણ.

રાજા બિંબિસારે આ કાર્યમાં સંમતિ નથી આપ્યાનું જે સમજાય છે તે સહેતુક છે કે કેમ, તે આપણે કહી ન શકીએ. પણ એટલું ચોક્કસ છે કે, તેને આ બનાવથી સખ્ત આઘાત લાગ્યો હતો અને મન દુઃખ થતાં તે ધર્મનો ત્યાગ કરી દીધો હતો.[૭૨] તથા રાણી ક્ષેમાએ સંસારત્યાગ કરવાથી બીજી કોઈ રાણીની શોધમાં પણ તેને નીકળવું પડયું હતું. રાજાનું મન થાય એટલે પછી તે કામ માં મદદ કરનારનો કાંઇ તોટો હોતો નથી. એટલે પ્રસંગનો લાભ લઇ કોઇ ચિત્રકારે, પાસેના વિદેહ દેશના રાજા ચેટકની કુંવારી અને ઉમર લાયક કન્યાનું ચિત્ર[૭૩] રાજા પાસે રજુ કર્યું. રાજાનું મન તે તરફ આકર્ષાયું અને કન્યા માટે કહેણ પણ મોકલાવાયું. એવી ઉમેદથી કે મગધ અને કાશી જેવા મોટા સામ્રાજ્યના ખુદ સમ્રાટ માટેજ જ્યારે કન્યાનું માંગુ કરવામાં આવશે ત્યારે મિથિલાપતિ અથવા વિશાળાપતિ જેવા નાના પ્રદેશનો રાજવી અસ્વીકાર કરશે નહીં. પણ જ્યારે વિશાળાપતિ–વિદેહપતિ તરફથી કહેણનો અસ્વીકાર તો એક બાજુ રહ્યો, પણ ઉલટો તિરસ્કાર કરાયલો સાંભળ્યો, ત્યારે રાજા બિંબિસારનો પિત્તો ખસી ગયો. પણ મહામંત્રીશ્વર અભયકુમારની સલાહથી સંભાળ પૂર્વક પૂછપરછ ચલાવતાં માલૂમ પડયું કે, તેમ કરવામાં વિદેહપતિને રાજા બિંબિસાર પ્રત્યે કાંઈ પિતાનો મનસુબો જાણી લીધો અને આશ્વાસન આપ્યું.

પછી પોતે પોતાનું સ્વરૂપ બદલી વૈશાળી નગરીએ જઈ, ચેટકના અંત.પુરની દાસીઓ આવે જાય તેવા માર્ગે સરૈયાની દુકાન માંડી, અને તેમાં રાજા શ્રેણિકનું ચિત્રપટ ટાંગી રોજ નમન કરવા લાગ્યો. રાજમહેલની દાસીઓ જે સુગંધી પદાર્થો લેવા આ સરૈયાની દુકાને આવતી, તેમની સાથેનો પરસ્પરનો પરિચય વધવાથી, તે હમેશાં કોના ચિત્રપટને નમન કરતો હતો તે પૂછયું. મગધપતિ રાજા બિંબસારનું તે ચિત્ર છે એમ તેણે જણાવ્યું. દાસીઓએ તે સમાચાર પોતાની સ્વામિનીને જણાવ્યા. કુમારી સુજ્યેષ્ઠાએ શ્રેણિકને[૧] મેળવી આપવા, તે દાસીઓદ્વારા અભયકુમાર સાથે ગોઠવણ કરાવી. પછી અમુક દીવસે, રાજાશ્રેણિક પોતાના વિશ્વાસુ યોદ્ધાઓ સાથે રથ લઇને આવે એમ ઠરાવ્યું. ઠરાવેલ દીવસે શ્રેણિક આવી પહોંચ્યો, અને સંકેત પ્રમાણે કુંવરી સુજ્યેષ્ઠા, રાજ્યમહેલની અંદર રહેલ ભોંયરાના મુખદ્વારે આવી. આ ભોંયરાનો એક છેડો ચેટક રાજાના રાજ્ય

( ૭૨ ) એક બીજી વસ્તુ પણ અહીં કલ્પનામાં ખડી થાય છે. તે એ કે, આ બધા બનાવ રાજગિર–ગિરિના મહેલમાં પોતે રહેતો હતો ત્યાં સુધીમાં બન્યા હતા. આ પ્રમાણે એક બાજુ રાણી ક્ષેમાનો વિયોગ થયો, બીજી બાજુ બૌદ્ધ મતનો ત્યાગ કર્યો, ત્રીજું ગૌતમબુદ્ધ સાથે ખાટું મન થયું. એટલે રાજગિરિના મહેલમાં રહેલું તેને અકારૂં પણ લાગતું હતું. રાજા અજાતશત્રુ અને રાજા ઉદયનને પણ રાજગાદી ફેરવવા માટે, ગૃહસંસાર નાં કારણોજ નિમિતભૂત બન્યાં હતાં. એટલે રાજગિરિમાંથી ફેરવીને રાજગૃહીમાં નિવાસસ્થાન બનાવ્યું હોય અને ત્યાંજ, રાણી ચિલ્લણા સાથેનું પાણિગ્રહણ કર્યું હોય એમ લાગે છે. જુઓ આગળ ઉપર રાજધાનીનું સ્થાનાંતર, વાળો પારિગ્રાફ.

( ૭૩ ) રાજા ચેટકની બે પુત્રીઓ કુંવારી હતી. તે બેમાં મોટી સુજ્યેષ્ઠા અને નાની ચિલ્લણા હતી. આ બન્ને બહેનોને ગાઢી મૈત્રી હતી. કોઈ અપમાનિત થયેલી તાપસીએ સુજ્યેષ્ઠાને અનેક શોકયો ઉપર પરણાવી દુઃખી બનાવવાનું ધારી, તેણીના રૂપનું ચિત્ર આળેખ્યું. તે લઇ મગધપતિ શ્રેણિકને બતાવ્યું. રાજાએ તે ચિત્ર વાળી લલનાનો પરિચય સમજી લઈ, ચેટકરાજા પાસે માગું મોકલ્યું. તેનો સ્વીકાર ન થવાથી તે ખિન્ન ચિત્તવાળો થઈ બેઠો હતો. મંત્રીશ્વર અભયકુમારે ઇંગિતકારથી પોતાના

[ ૧ ] અહીં શ્રેણિકને બદલે સર્વ ઠેકાણે બિંબિસાર વાંચવું, કેમકે શ્રેણિકનું બિરૂદ તો આ બનાવ બન્યા પછી કેટલાંય વર્ષે તેને મળ્યું હતું એમ આગળ ઉપર સમજાશે.

વ્યક્તિગત રોષ કે અપ્રીતિ નહોતી; પણ વિદેહ-પત રાજા ચેટકનો ધર્મશ્રદ્ધાજન્ય એક સિદ્ધાંત

મહેલના ગઢની અંદર પડતો અને બીજો કેટલાક માઇલ દૂર વૈશાળી રાજ્યની હદમાં, પણ ગંગા નદીના કાંઠા સુધી પહોંચતો. જ્યારે તેણી ભૂગર્ભમાં જવાની તૈયારી કરી રહી હતી ત્યારે, નાની બહેન ચિલ્લણાને શક પડતાં આ બધી દોડધામનું કારણ પુછ્યું. બન્ને બહેનોના જીવ મળી રહેલ હોવાથી, સુજ્યેષ્ઠાએ સર્વ વાત ચિલ્લણાને જણાવી દીધી. એટલે તે પણ પોતાની બહેન સાથે જવા તૈયાર થઈ. બન્ને બહેનો ભોંયરામાં જઈ રાજા બિંબિસારના રથમાં ચડી બેઠી, અને રથ આગળ વધવા માંડયો. તેટલામાં સરંજામ ગોઠવતાં પોતાના આભૂષણનો રત્નકરંડક ભૂલી ગઈ છે એમ સુજ્યેષ્ઠાને જણાયું. એટલે રથ ઉભો રાખી તેણી પાછી રાજમહેલમાં આવી. અને કરંડક લઇ બહાર નીકળે છે ત્યાં બધી વાત ખુલ્લી પડી ગઇ, એટલે રાજા ચેટકના રક્ષપાલકો હથિયાર સજી, રાજા બિંબિસારને પકડવા ભૂગર્ભમાં પેઠા. માથે ઝઝુમી રહેલો ભય દેખી, બિંબિસારના યોદ્ધાઓએ રાજાનો રથ મોખરે કરી પોતે પાછળ ચાલવા માંડયું. અને બની શકે તેટલા વેગથી રથને હંકારવા કહી દીધું. એટલે રાજા ચેટકના વીર ભટ્ટોનો જો સામનો થઇ જાય તો પ્રથમ, બન્ને પક્ષના સુભટોમાંહેજ યુદ્ધ થાય. અને તે દરમ્યાન રથ સુખેથી આગળ વધી, ભોંયરામાંથી બહાર નીકળી જાય. અને બન્યું પણ તેમજ. વિશાળાપતિના સુભટોને તે માર્ગ સુવિહિત હોવાથી, વિશેષ વેગથી આગળ વધી શકતા, જેથી આગળ વધેલ બિંબિસારના માણસોને પકડી પાડયા. ભોંયરામાં માંહોમાંહે મહાયુદ્ધ જામ્યું. રાજા બિંબિસારના અંગરક્ષકોમાં, નાગરથિકના[૨] બત્રીસ પુત્રો પણ હતા. આ બત્રીસે મહાપરાક્રમી હતા. જેથી તેમણે, ચેટકના યોદ્ધાઓને લડાઇમાં ઘણો વખત ખાળી તો રાખ્યા હતા પણ અંતે, અજ્ઞાત અને સાંકડી ભૂમિમાં લડવાનું હોવાથી ઘવાયા અને મરણ પામ્યા. ( આ બત્રીસે એક સમયે જન્મ્યા હતા, અને એકજ સમયે મરણાધીન થવાને નિર્મિત થયેલ હતા. એટલે જો એક મરાય તો બત્રીસે તેજ વખતે મરણ પામે, તેવું વિધાન[૩] સર્જીત હતું ) બીજી બાજુ, રાજા બિંબિસાર અને ચિલ્લણાનો રથ ત્વરિત ગતિથી હંકારાયે જતો હતો, અને યુદ્ધ ખતમ થતાં થતાં ભોંયરાના મુખ બહાર નીકળી ગયો. એટલે ચેટકના મહારથીઓને વીલે મ્હોંડે પાછા ફરવું પડયું.

સુજ્યેષ્ઠા અને ચિલ્લણા બન્ને સાદશ્યમુખા હોવાથી અત્યાર સુધી રાજા બિંબિસાર કોઇને પારખી શક્યો નહોતો એટલે, ચિલ્લણાને સુજ્યેષ્ઠા સમજીને સંબોધવા લાગ્યો. ત્યારે ચિલ્લણાએ વાતનો પડદો ફોડી નાંખ્યો; ' યદ્ભાવિ તદ્ ભવિષ્યતિ ' એમ સમજી રાજાએ પોતાનું

---

[ ૨ ] આ નાગરથિક કોણ હતો તે માટે નીચેની નોટ નં. ૩ જુઓ. આ રથિક તેમજ મહારથિક નામના હોદ્દેદારો બહુ વસીલદાર ગણાતા હતા, જે આપણે આગળ ઉપર આંધ્રપતિ શાતકરણી રાજાઓનાં વૃત્તાંતે જોઇ શકીશું.

[ ૩ ] જુઓ ક. સૂ. સુ. પૃ. ૧૦૪ તથા ભ. બા. વૃ. ભા. સુલસાનું વૃત્તાંત, તેમાં જણાવ્યું છે કે—સુલસાનો ધણી નાગ પ્રથમથીજ જૈન ધર્મી હતો: જ્યારે સુલસા પાછળથી જૈન ભક્તા બની હતી. રાજા બિંબિસાર ગાદીનશીન થયો તે અરસામાં આ નાગ, તેના રથિક તરીકે નોકરીમાં જોડાયો હતો. સુલસાને કાંઈ સંતતિ નહોતી. તેણીએ દેવનું આરાધન કર્યું. દેવે ખુશી થઈ, બત્રીસ ગોળીઓ આપી. જેના આહારથી તેને બત્રીસ પુત્રો થયા. બત્રીસ પુત્રો થાય તેના કરતાં, બત્રીસેના સમગ્ર ગુણ વાળો, પણ એકજ પુત્ર થાય તો સારું, એવી માન્યતામાં એકેક દીવસે એક ગોળી ખાવાને બદલે સઘળી ગોળીઓ એક સમયેજ ગળી ગઈ, ત્યારથી તેણીને ગર્ભ રહ્યો. પણ એકને બદલે બત્રીસ ગર્ભ એક સાથે હોવાથી તે અતિ દુઃખી થઇ. દેવે જણાવ્યું કે, હવે તને બત્રીસ પુત્રો એકજ આકૃતિના અને એક સરખાંજ આયુષ્યના થાશે. કાળ ગયે પુત્રો જન્મ્યા. અને ઉમરલાયક થતાં રાજા બિંબિસારના અંગરક્ષક થયા. ઉપર પ્રમાણે લડાઇ લડતાં, તે સર્વે એકજ સમયે ખપી ગયા હતા. શામાટે બત્રીસે સુભટો એકી વખતે મરાયા તેનો ભેદ ઉપરની આખ્યાયિકાથી સમજી શકાશે.

( આ હકીકત ઇતિહાસની દૃષ્ટિએ સત્ય માલૂમ પડે છે. કેમકે, રાજા બિંબિસાર ગાદીનશીન થયો કે તુરતજ એટલે ઇ. સ. પૂ. ૫૮૦ ની આસપાસમાંજ આ નાગ રથિક નોકરીમાં જોડાયો છે તે બાદ બેત્રણ વરસે સુલસાને ગર્ભ રહ્યાની હકીકત બની હોય તો તેની સાલ ઈ. સ. પૂ. ૫૭૬ કહી શકાય; હવે તેણીના આ પુત્રો સુભટ સાથે યુદ્ધમાં માર્યા ગયા છે ત્યારે ઈ. સ. ૫૫૮ ની

હતો૭૪ કે, પોતાની પુત્રી કોઈ અન્યધર્મી ક્ષત્રિય બચ્ચાને પરણાવવી નહીં. તે સૂત્રને લીધેજ વાંધો ઉઠાવ્યો હતો. આ મુદ્દામાં કાંઈક સત્યાંશ લાગવાથી રાજા બિંબિસારનું મન-કાંઈક શ્રદ્ધાથી અને કાંઈક કામ કાઢી લેવાની વૃત્તિથી, તેમજ ઉપર પ્રમાણે ગૌતમબુદ્ધના પ્રત્યે મન ખાટું થવાથી, તેમ કાંઈક અંશે પોતાના જ્યેષ્ઠ પુત્ર અને મહામંત્રીશ્વર અભયની સમજાવટથી, એમ અનેકવિધ કારણથી-જૈન ધર્મ પ્રત્યે ચોંટવા લાગ્યું. એટલે હાલ તુરત કડવો ઘુંટડો ગળી જઈ, તે કન્યા મેળવવાના પેંતરા રચવા મંડ્યો. આ કામ મંત્રીશ્વર અભયકુમાર, રાજા ચેટકના ધર્મનો અનુયાયી હોવાથી તેણે પાર ઉતારવાનું બીડુ ઝડપ્યું. અને ધારૂં છું ત્યાં સુધી કેવળ છ થી બાર માસના અરસામાંજ તે બુદ્ધિનિધાને માથે ઉપાડેલું કાર્ય પોતે સંપૂર્ણપણે પાર ઉતારી દીધું૭૫ હતું. મતલબકે રાજા બિંબિસારનું પાણિગ્રહણ ચેટક કુંવરી ચિલ્લણા વેરે થવા પામ્યું હતું. રાણી ચિલ્લણા જૈન ભૂપતિની પુત્રી હોઈ, પોતે પણ તેજ ધર્મ ઉપર આરકત હતી. તેથી તેણીએ પોતાના પતિ રાજા બિંબિસારને, પ્રસંગોપાત દાખલાઓ અને પ્રમાણો આપી, તે ધર્મમાં વિશેષપણે દૃઢ કર્યો હતો. સંજોગવસાત તેવામાં અનાથ મુનિનો એક કિસ્સો૭૬ બનવા પામ્યો. જેના દૃષ્ટાંતથી રાજા બિંબિસાર એટલો બધો જૈનધર્મ પ્રત્યે રકત થઈ ગયો કે, તેની જોડી આખા ઇતિહાસમાં શોધી જડે તેમ નથી. વળી ધર્મ સિદ્ધાંતના પાલનના આ કાર્યથી તેના જીવનનો પલટો પણ એટલે દરજ્જે થઈ ગયો હતો કે ક્રમાનુક્રમે, શુદ્ધ ભાવ-

---

તેમજ ચિલ્લણાના મનનું સમાધાન કરી લીધું. અને રાજનગરે આવી, પૂર ભપકાથી તેણીની સાથે લગ્ન કર્યું.

આ બાજુ વિશાળાપતિને, ધીમે ધીમે સમાચાર મળવા લાગ્યા કે રાજા બિંબિસારે લગ્ન કર્યું છે અને જૈનધર્મ પણ અંગીકાર કર્યો છે એટલે તેણે વૈર વિરોધનો ત્યાગ કરી, પુત્રી અને જમાતૃ સાથે પ્રેમ સંબંધ વધારવા માંડ્યો. જ્યારે કુમારી સુજ્યેષ્ઠાએ મનોરથભગ્ના થવાથી, અવિવાહિત અવસ્થામાંજ દીક્ષા લઇ લીધી.

( ૭૪ ) ઉપર પૃ. ૧૨૫થી૧૩૪ના વર્ણનથી જણાશે કે આ પૂર્વે રાજા ચેટકની પાંચ કન્યાઓ મગધપતિ કરતાં પણ મોટા સત્તા પ્રદેશ ઉપર રાજ્ય કરતા ભૂપાળો સાથે, પરણાવવામાં આવી હતી અને તે સર્વે જૈન ધર્મીજ હતા.

યાદ રાખવાનું કે રાજા ચંડપ્રદ્યોતનું લગ્ન શિવાદેવી સાથે ત્યારેજ થવા પામ્યું હતું કે, જ્યારે તેણે સૌવિરપતિ રાજા ઉદયન સાથેનો પ્રસંગ પડયાબાદ, જૈન ધર્મ ગ્રહણ કર્યો હતો ત્યારે. તે પ્રસંગપણ રાજા ચેટક સિદ્ધાંતપાલનમાં કેવો ચુસ્ત હતો તે સાબિત કરી બતાવે છે.

( ૭૫ ) કેવી તદબીર રચવામાં આવી હતી તે આખી કથા એક સુંદર વાંચન પુરૂં પાડે તેવું પ્રકરણ છે. તે માટે જુઓ ભ. બા. વૃ, ભા. ૫, ૩૨૬; જેનો ટૂંક સાર વાચક વર્ગની વૃત્તિ સંતોષવા અત્ર ટાંકુ છું. તે માટે ઉપરનું ટીપણ નં. ૭૩ જુઓ.

( ૭૬ ) આ પ્રસંગ પણ જૈન ગ્રંથોમાં ઠીકઠીક રીતે વર્ણવાયો છે. તેમજ બૌદ્ધધર્મમાં પણ અનાથની એક કથા આવે છે.

---

સાલ હતી ( કેમકે ચિલ્લણા રાણીનું લગ્ન ઈ. સ. પૂ. ૫૫૮ માં એટલે શ્રી મહાવીરને કૈવલ્ય જ્ઞાન થયું તે પૂર્વે ૧ાા—૨ વર્ષે ગણાવ્યું છે. જેથી ૫૫૮ ની સાલ બરાબર છે) એટલેકે, આ સુલસાના પુત્રોની ઉમર ૫૭૬—૫૫૮=૧૮ વર્ષ આસપાસની તે યુદ્ધ સમયે કહેવાય. અને જ્યારે તે સમયે ૧૩-૧૪ વર્ષની ઉમરને પુખ્ત વય તરીકે લેખવાનું ધોરણ ચાલતું હતું ત્યારે ૧૮ વર્ષની ઉમરવાળા સૈનિકો પણ, નોકરીમાં જોડાઇને બરાબર તાલીમ લઈ તૈયાર થઈ ગયા હોય અને પછી અંગરક્ષક તરીકે યુદ્ધમાં ઉતર્યા હોય તેમાં ખોટું પણ નથીજ. મતલબ એ થઇ કે આ દરેક બનાવ સમયની ગણત્રીથી બરાબર બંધબેસતો થતો જણાય છે અને તેથી જૈન ગ્રંથોમાં લખાયલી હકીકત સત્ય તરીકેજ આપણે સ્વીકારવી રહે છે.

નાના પરિણામે ચઢતાં, તેણે જૈનમત પ્રમાણે ભાવિ જીંદગીમાં તીર્થંકરપદ પામવાનું સુભાગ્ય પણ પ્રાપ્ત[૭૭] કરી લીધું હતું.

સારાંશમાં કહેવાનું કે ઇ. સ. પૂ. ૫૫૮ માં તેના મનને આઘાત ઉપજાવનારા જે અનેક બનાવો બન્યા હતા તે ટાળવામાં નીચેના ત્રણ બનાવોજ કારણભૂત થઇ પડયા હતા.

( ૧ ) રાજગિરિ—ગિરિવ્રજ—રાજગિરિમાંથી નિવાસ સ્થાન ફેરવીને રાજગૃહી નગરી વસાવી ત્યાં રહેવા માંડયું તે[૭૮] ( ૨ ) રાણી ચિલ્લણા સાથેનું પાણિગ્રહણ કર્યું તે અને ( ૩ ) બૌદ્ધ ધર્મનો ત્યાગ કરી જૈનધર્મ પ્રત્યે ધીમે ધીમે અનુરાગીત થતો ગયો તે. હવે સમજાશે કે ઇ. સ. પૂ. ૫૫૮ માં અને તત્ પશ્ચાત્‌ના થોડા કાળે, રાજા બિંબિસારના જીવનમાં કેવા પ્રકારનો પલટો કરી નાંખ્યો હતો.

( ૭૭ ) જુઓ ઉપરની ટી. નં. ૬૮

( ૭૮ ) જુઓ. ઉપરની ટીકા નં. ૭૨.





# દ્વિતીય પરિચ્છેદ

## રાજા શ્રેણિકનું વૃત્તાંત (ચાલુ)

ટૂંકસારઃ—

તેણે રાજપાટનું સ્થાન ક્યાં ફેરવ્યું હતું અને શામાટે, તેનું વિવેચન—તથા રાજગિર, ગિરિવ્રજ અને રાજગૃહી શબ્દોના અર્થ અને તેમનાં સ્થાનોમાં રહેલો ફેરફાર—મગધનો વ્યાપાર, પૂર્વ અને પશ્ચિમ તરફ, ક્યા દૂર દૂર દેશ સુધી ચાલતો તેનું વર્ણન અને પુરાવા—વેપાર, સમાજ, તેમજ રાજકારણને અંગે શ્રેણિઓ રચીને તેણે પ્રાપ્ત કરેલું શ્રેણિકનું બિરૂદ—તે સર્વેની રચના કરવામાં જોઇતી પ્રેરણા અને મદદ કરનારનાં નામો તથા તેમણે ભજવેલો ભાગ—શ્રેણિકનાં વિધવિધ નામો—તેણે ક્યા સમયથી સિક્કા પાડવા માંડ્યા હતા—કળાનો શોખિન, સદ્‌ગુણોનો પ્રશંસક અને શાંતિનો ઇચ્છુક તે હતો. તેને લગતા તેના જીવનમાંનો બનાવો—તેના સર્વગ્રાહી જીવનનો વિશેષાંશે પરિચય—તેનાં જાતિ અને કુળની ચર્ચા—તેની રાણીઓ, પુત્રો, પુત્રીઓ વિગેરે પરિવારનાં સંખ્યા સહિત નામો, તથા તે સર્વેનો ટૂંક ઇતિહાસ—સાથે સાથે લગ્ન વ્યવહારનાં બંધનો કેવાં હતાં તેનાં દૃષ્ટાંતો આપી, બતાવેલ ટૂંક નિર્દેશ—તેના મરણનું કારણ તેમજ અજાતશત્રુના કપાળે ચોંટેલા કલંકનું વ્યાજબી ગેર વ્યાજબીપણું—તેના જેલનિવાસના કાળનોવિવાદ—

રાજા પ્રસેનજિતે આગના ઉપદ્રવને લીધે, મગધની અસલ રાજધાની કુશાગ્રપુરમાંથી બદલીને વૈભારગિરિ પહાડની એક ટેકરી ઉપર રાજગિરિ–રાજગિર કે વ્રજગિરમાં કરી હતી. તે આપણે ઉપર જણાવી ગયા છીએ[1] આ સ્થાન જોકે રાજાના પોતાના નિવાસને અંગે કેટલેક દરજ્જે તો ઠીકજ હતું. પણ પ્રજાને પોતાની પાસે ટેકરી ઉપર આવતાં જતાં અતિ હાડમારી વેઠવી પડતી હતી. તેથી સ્થાન ફેરવવાને રાજાના મનમાં વિચાર તો આવ્યા કરતો હતો પણ મનની ડગુમગુ સ્થિતિને લીધે, તે મક્કમ પણે નિશ્ચય કરી શક્યો નહતો. છેવટે ઈ. સ. પૂ. ૫૫૬ ની સાલ પસાર થઇ ગઇ ત્યારે પોતે દરેક રીતે ચિંતામુક્ત બની સ્થિર ચિત્ત થઇ ગયો હતો.[2] બીજી બાજુ શ્રી મહાવીરના ધર્મોપદેશથી અને મંત્રીશ્વર અભયકુમારની પ્રેરણાથી, તેના અંતરમાં છૂપાઈ રહેલી જનકલ્યાણ કરવાની ભાવના પણ ધીમે ધીમે જાગૃત થવા માંડી હતી. એટલે તેણે એક બાજુ સામાજીક અને વ્યવહારિક વ્યવસ્થાની રચના કરવા માંડી દીધી હતી, તેમ સાથોસાથ બીજી બાજુ રાજ્યદ્વારી ક્ષેત્રમાં પણ ઘટતા ફેરફાર કરવાનું પણ ધ્યાન બહાર રહેવા દીધું નહોતું. આ બીજા પ્રકારના ફેરફારમાં પોતાના નગરનું સ્થાન કેવું જોઈએ તેનો વિચાર મુખ્ય પણે હતો. આખરે તે એમ ઠરાવ ઉપર આવ્યો હતો કે, રાજગિરિનું સ્થાન જે પહાડની ટેકરી જેવું[3]–અથવા કહો કે ટેકરી ઉપરજ બાંધેલ–હતું ત્યાંથી ફેરવીને, તેજ વૈભારગિરિના પહાડની તળેટીમાં અને તેની ચારે શાખાની વચ્ચમાં[4] જે સપાટ પ્રદેશ હતો, તે ઉપર પોતાના મહેલની સાથે આખી નગરી વસાવવી. એટલે રાજનગરને ચારે બાજુ પહાડનું રક્ષણ પણ મળે, તેમ સપાટ જમીન ઘણાજ વિસ્તારમાં હોવાથી, પ્રજાજનના વસવાટ તથા વ્યવહારના રાજમાર્ગ માટે પુરતી જગ્યા પણ મળે; અને વળી રાજા તથા પ્રજા એકજ સ્થાન ઉપર રહેતી હોવાથી, બન્નેને જ્યારે ઈચ્છા થાય ત્યારે વિના વિલંબે અને વિના હરકતે મળી પણ શકાય. આ પ્રમાણે અનેક સગવડતા સચવાય તેવા હેતુથી, તે પર્વતમાળાથી ઘેરાયલા સપાટ પ્રદેશમાંજ રાજનગર વસાવ્યું અને તેનું નામ[5] રાજગૃહ અથવા રાજગૃહી નગરી પાડયું. આ ઉપરથી જોઈ શકાશે કે, રાજગિરનું સ્થાન અને રાજગૃહીનું સ્થાન ભિન્ન ભિન્ન છે. ભલે પછી તે એકબીજાથી કિંચિત્ માત્રજ દૂર છે. પણ દૂર છે અને ભિન્ન છે એમ તો સમજાય છે[6] જ. બીજી વાત પણ સ્પષ્ટ થાય છે કે, રાજગૃહી નગરીની સ્થાપ્ના ઈ. સ. પૂ. ૫૫૬ બાદ થઈ છે. જ્યારે રાજગિરિ–રાજગિર–ની સ્થાપ્ના તે પૂર્વે થઈ હતી. અને આપણે ઉપર જણાવી ગયા છીએ કે, રાજા બિંબિસારે ધર્મ પલટો ( બૌદ્ધ ધર્મમાંથી જૈન મતમાં આવવું )

રાજધાનીનું સ્થાનાંતર

---

( ૧ ) જુઓ ઉપર પૃ. ૨૩૯.

( ૨ ) આ બધી ચિંતાઓ કેવા પ્રકારની હતી તે માટે જુઓ પૃ. ૨૫૦ થી ૨૫૫ સુધીની તેના ધર્મ પલટાને લગતી હકીકત. ખાસકરીને ટી. નં. ૬૮

( ૩ ) ડુંગરી ઉપરનો કિલ્લો–Fortress on the hill–સરખાવો કે. હી. ઈ. ના ગ્રંથકારે લખેલ શબ્દો, પૃ. ૨૪૦, ટી. ૧૮.

( ૪ ) વચ્ચમાં: આ શબ્દોજ સૂચવે છે કે તેનું સ્થાન તળેટીમાં હતું અને તેથીજ ઉપરના પૃ. ૨૪૦ ટી. ૧૮ માં તેના લેખકે, at the foot of the hill લખ્યું છે તે બરાબર છે, એમ સમજવું.

( ૫ ) રાજ+ગૃહી: જ્યાં રાજાનાં ગૃહો એટલે મહેલાતો વિગેરે આવી રહેલ છે તે સ્થાન તેવો અર્થ થાય છે, ( જુઓ પૃ. ૨૪૦ નું ટી. ૧૮,)

( ૬ ) જુઓ નીચેનું ટી. ૮. તેમજ તેને લગતું લખાણ.

ઈ. સ. પૂ. ૫૫૮ માં કર્યો છે. એટલે કે રાજગૃહીની સ્થાપના થયા પૂર્વે. આ કારણથીજ, બૌદ્ધગ્રંથોમાં જ્યાંને ત્યાં રાજગિરિ કે ગિરિવ્રજમાં રાજા બિંબિસાર અને બુદ્ધદેવનો મેળાપ થયાનું જણાવાયું છે. પણ રાજગૃહીમાં થયાનું ક્યાંય જણાવ્યું નથી. તેમજ બીજી હકીકત લખતાં પણ સાધારણ રીતે મગધના પાટનગર તરીકે ગિરિવ્રજનુંજ નામ દેવાયું છે. રાજગૃહીનું નામ બીલકુલ નજરે પડતું નથી.[૭] અથવા ક્યાંક ભૂલ્યે ચુકયે જો લખાણમાં તે નામ પ્રવેશ થઇ ગયું હોય, તો અર્વાચિન ગ્રંથોમાં લેખકોએ પોતાની બુદ્ધિનો પરિચય કરવા માટેજ; અથવા તો તે બન્ને સ્થાન પરત્વે શું ભિન્નતા કે ભેદ છે, તેનો કાંઈ પણ ખ્યાલ કર્યા સિવાયજ વાપરી દીધું હોવું જોઇએ. જ્યારે તેનાથી ઉલટીજ સ્થિતિ જૈન સાહિત્યમાં આ રાજનગરના નામ વિશે માલૂમ પડે છે. તેમાં જ્યાંને ત્યાં રાજગૃહી શબ્દજ લખાયો છે. ગિરિવ્રજ કે રાજગિર જવલેજ માલૂમ પડે છે. મગધના રાજપાટનું આ પ્રમાણેનું સ્થળાંતર વિષેનું મારૂં અનુમાન, રાજા બિંબિસારના ધર્મપરિવર્તનના કાળ નિર્ણયની માફકજ, વિશેષ સંશોધનથી સત્ય સાબિત થાશે એમ હું ધારૂં છું.

આ રાજગૃહી નગર વિશે, સર કનિંગહામ જેવા સંશોધન ખાતાના વિશારદ પણ એજ મંતવ્ય જાહેર કરે છે કે,[૮] પુરાણ ગ્રંથોમાં વર્ણવાયલા રાજા જરાસંધની રાજધાની તેમજ મગધના શિશુનાગવંશી રાજા પ્રસેનજિતની રાજધાની એમ બન્નેના સમયની રાજનગરી ( વધારે સારો શબ્દ રાજનગર જોઈએ ) રાજગૃહી હાલ આપણે જેને રાજગૃહી નગરીનાં ખંડિયેરો તરીકે ઓળખાવતાં આવ્યાં છીએ તેનાથી ભિન્નજ હતી. રાજા જરાસંધનો સમય તો અતિ પ્રાચીન છે એટલે તે સમયની વાત એક બાજુએ આપણે રાખીશું. પણ રાજા પ્રસેનજિત ( જે બિંબિસારના પિતા થતા હતા અને જેણે ગિરિવ્રજ વસાવ્યું હતું—જુઓ પૃ. ૨૪૦) ની રાજધાનીથી રાજા બિંબિસારની રાજગૃહી ( જેમ આ પરિચ્છેદના પ્રારંભમાં આપણે બતાવ્યું છે તેમ ) ભિન્ન હતી, એટલું તો સર કનિંગહામ સાહેબનું ધારવું પણ થાય છેજ. જૈન ગ્રંથમાં પણ[૯] તેજ વાત આ નગરીના સ્થાનને બંધબેસ્તી આવે છે. આ નગરી ૧૨ યોજન લાંબી તથા ૯ યોજન પહોળી હતી[૧૦] અને તેની દક્ષિણ દિશાએ, પાસે થઇનેજ ગંગા નદી વહેતી હતી. તેમ

---

( ૭ ) સરખાવો ગત પરિ. ટી. ૭૦ તથા તેનું લખાણ. ત્યાં કે. હી. ઈ. ના ગ્રંથકારે પણ " રાજગિર " શબ્દજ વાપર્યો છે અને પછી પોતાના મનમાં ઉદ્‌ભવેલી શંકા રજુ કરી છે.

( ૮ ) જુઓ ભિ. ટો. પૃ. ૨૦૭:—આ રાજગૃહી (રાજાનું નિવાસસ્થાન) રાજા જરાસંધની તેમજ શ્રેણિકના પિતા પ્રસેનજિતની રાજધાનીથી ભિન્નજ છે. આ નગરી રાજા શ્રેણિકના પુત્ર અજાતશત્રુએ વસાવી હતી. એમ કહેવું તે સાચું નથી જોકે કેટલાકનું અનુમાન તેવું થયું છે. (જુઓ ક્રો. ઇ. પૃ. ૬) Bhilsa Topes. P. 237—This Rajagriha (the abode of king ) is quite different from the capital of Jarasandha as well as that of king Prasenjit, the father of the king Shrenik. It is incorrect to say, that it was founded by king Ajatashatru, son of Bimbisara, as inferred by some ( see Chronology of India by Duff p. 6. )

જૈનગ્રંથમાં પણ આ વાતને ટેકો મળતો દેખાય છે ( જુઓ મહાનસંપ્રતિ નામનું ભાવનગરમાં છપાયેલું પુસ્તક પૃ. ૪૮ નું વર્ણન )

( ૯ ) ભ. બા. વૃ. ભા. પૃ. ૨૭; તથા ઉપરની ટીકા નં. ૮ માં મહાનસંપ્રતિ નામક ગ્રંથને લગતી સાક્ષી જુઓ.

( ૧૦ ) આ સ્થાન જો પર્વતની ટેકરી ઉપરનું હોય, તો આવડી મોટી વિશાળ રાજનગરી માટે ત્યાં જગ્યા ફાજલ

આ સપાટ પ્રદેશની સર્વ દિશાએ પર્વતોની ટેકરીઓ આવેલી છે. પણ માત્ર દક્ષિણ દિશાએથીજ પ્રવેશ માટે ખુલ્લો છે. અને વૈભારગિરિની ટેકરી લંબાતી લંબાતી ઠેઠ, ઓરિસ્સા પ્રાંતમાં જ્યાં અશ્વત્થામા નામની ટેકરી આવેલી છે અને જેની તળેટીમાં, ધૌલી–જાગૌડાનો પ્રસિદ્ધ શિલાલેખ આવેલ છે, ત્યાં સુધી ગઇ છે. જેમ રાજા શ્રેણિકને જૈન સંપ્રદાયની સાથે અતિ નિકટનો સંબંધ છે, તેમજ રાજગૃહી નગરને અને આ ધૌલી–જાગૌડાના શિલાલેખવાળા સ્થાનને તથા તેની આસપાસના પાર્વતીય પ્રદેશને પણ જૈન ધર્મ સાથે તેટલોજ નિકટ સંબંધ છે. તે આપણે થોડા અંશે ઉપર પૃ. ૧૭૪ થી ૧૭૬ માં જણાવી પણ ગયા છીએ. તેમજ સમ્રાટ પ્રિયદર્શિનના અને ચક્રવર્તી ખારવેલના જીવન વિશે લખતાં પણ પ્રસંગ પૂરતું જણાવીશું. કહેવાની મતલબ એ છે કે, રાજગૃહી નગરીથી માંડીને તેની નૈરૂત્ય દિશાએ લંબાતો ઠેઠ ધૌલી–જાગૌડા સુધીનો પ્રદેશ જૈન સંપ્રદાયની એક તીર્થ ભૂમિ જેવો પ્રદેશજ બની રહેલ છે.

જેમ જેમ અવસર્પિણી કાળના ચોથા આરાનો અંત આવતો જતો હતો (ઇ. સ. પૂ. પર૩ માં અંત કલ્પ્યો છે) તેમ

**વેપાર અને વ્યવહાર**

તેમ મનુષ્યના જીવન નિર્વાહનો વિષય, મુશ્કેલીવાળો થતો જવાનો હતો, અને થતો જતો પણ હતો. વળી જેમ દરેક વિષયમાં બને છે તેમ, આ બાબતમાં પણ અંતરકાળનો–ઇ. સ. પૂ. પર૩ પહેલાંના ત્રીસેક વર્ષનો–સમય વિશેષપણે સાવધાન પૂર્વક પસાર કરવાનો હતો. તે પહેલાંતો, વેપારીઓ, સોદાગરો, અને સાર્થવાહો ટોળાબંધ એક દેશથી બીજા દેશ ફર્યા કરતા[૧૧] અને એક દેશની પેદાશ અન્ય દેશમાં પહોંચાડતા. તેમ તેના સાટામાં, તે દેશની પેદાશ સ્વદેશે લઈ આવતા, અથવાતો તેજંતુરી (Golden dust[૧૨]) જેવી વસ્તુથી ક્રયવિક્રય કરતા. પણ કોઇ સ્થાપિત ધોરણે સિક્કાજેવી વસ્તુ હોવાનો સંભવ જણાતો નથી. મતલબકે તે સમયે Bartering ની પદ્ધતિથીજ મુખ્ય ભાગે વેપાર ચાલતો. અને જ્યાં તેમ ન બને તેમ હોય, ત્યાં તેજંતુરીથી[૧૩] કામ ચાલતું.

---

પાડી શકાય કે કેમ તે એક કઠિન પ્રશ્ન છે. તેથી સાબિત થાય છે કે રાજગૃહી નગરી સપાટ પ્રદેશ પરજ વસેલી હતી.

(૧૧) સરખાવો પૃ. ૧૯ તથા નીચેનું ટી. ૧૫ નું લખાણ.

(૧૨) Coins of Ant. India by Sir Cunningham p. 21—The Indians had no coinage ( Herodotus III p. 94-96 ): that the tribute was paid in "gold-dust": the same author while describing Udambar coins on p. 36, says, that they were referred to by the great grammarian Panini ( whose time is B. C. 376, see further: Nanda IX ) which means that the coins were current in India for pretty **long time, if not very long before. ( of** course these were punch-coins but not struck in mints )

કો. એ. ઈ પૃ. ૨૧:-હિંદીઓને કોઇ સિક્કાઓજ નહોતા ( હેરોડોટસ : ૩. પૃ. ૯૪-૯૬ ) ખંડણીનું ભરણું તેજંતુરીથી કરાતું હતું. વળી ઉદંબર પ્રાંતના સિક્કાનું વર્ણન કરતાં ( પૃ. ૩૬ માં ) લખે છે કે, મહાન વ્યાકરણિ પ્રાણીનિએ પણ સિક્કા વિશે ઈસારો કર્યો છે ( જેનો સમય ઈ. સ. પૂ. ૩૭૬ છે. જુઓ નવમા નંદનું વર્ણન ) એટલે સમજાય છે કે, સિક્કાઓનું ચલણ કેટલાક સમયથી ચાલ્યું આવતું હતુંજ. ભલે પછી બહુ ઘણા લાંબા સમય પૂર્વેથી નહીં હોય. ( જો કે, આ સિક્કા એડીથી પાડેલ હતા, ટંકશાળમાં છાપેલા નહોતા) ( કૌંસમાં લખેલ શબ્દો મારા પોતાના છે. )

(૧૩) જુઓ **પૃ.** ૨૪૩ તથા પૃ. ૩૬ નાં લખાણ **અને પૃ. ૩૫ ટી. નં. ૭૪. તથા ઉપરની ટી. ૧૨.**

પણ પછી જેમ જેમ પંચમ આરો બેસવાનો સમય નજીક આવતો ગયો (આ સમય હું ઈ. સ. પૂ. ૫૫૬ પછીથી ગણું છું : કે જે સમયે શ્રી મહાવીરે ધર્મોપદેશનો પ્રારંભ કર્યો છે) તેમ તેમ સિક્કાની જરૂરિઆત ઉભી થતી લાગી છે. અને રાજા બિંબિસારે આરંભમાં તો, જેને સિક્કાશાસ્ત્રીઓ પંચ કરેલ સિક્કાઓ તરીકે ઓળખાવે છે[૧૪] તે પદ્ધતિએ સિક્કાઓ બનાવ્યા લાગે છે.

વેપાર વહેવારનાં સાધન તરીકે, દરેક પ્રાંતના મુખ્ય મુખ્ય નગરો[૧૫] ધોરી રસ્તાઓથી સંધાયલા હતા. તેમાંનો એક ઠેઠ તક્ષિલાથી (પંજાબમાંથી) રાજગૃહી સુધી પણ હતો. જેમ સ્થળ માર્ગે વ્યાપાર ધીકતો ચાલતો હતો, તેમ જળમાર્ગે પણ કાંઇ કમી ચાલતો હોય એમ નહોતુંજ. આગળ આપણે જોઈશું કે, જેને હાલ અરબસ્તાન કહે છે ત્યાંથી હિંદના પશ્ચિમ કિનારે પણ વ્યાપારીઓ ઉતરતા તેમજ હિંદથી ત્યાં પાછા પણ જતા હતા. તેજ મિસાલે હિંદની પૂર્વ દિશાનો વેપાર પણ ચાલતો હતો. આ પ્રમાણે ખુશકી અને તરી માર્ગનો તે સમયનો વ્યવહાર વ્યવસ્થિતપણે ચાલ્યા કરતો હતો. તે દરેકનો એકેક દૃષ્ટાંત પણ આપણે અત્રે રજુ કરીશું. પ્રથમ ખુશકી (સ્થળ) માર્ગનો દૃષ્ટાંત ટાંકીશું.

જેમ રાજા બિંબિસારનો રાજ્ય પ્રદેશ ભરતખંડની પૂર્વમાં છેક છેડે હતો તેમ કંબોજ—રાષ્ટ્રપતિ રાજા પુલુસાકીનો પ્રદેશ ઠેઠ વાયવ્યખુણે હતો. આ બંન્ને પ્રદેશના વ્યાપારીઓ, હમેશ માફક અરસપરસ ક્રયવિક્રય કર્યે જતા હતા. એકદા આવા વ્યાપારી દ્વારા પુલુસાકીએ, મગધરાજના સમાચાર જાણ્યા. એટલે તેણે તેની મિત્રતા સાંધવા, રાજાને શોભે તેવી પોતા તરફની ભેટ સોગાદો તેવા શાહ સોદાગર મારફત મોકલી. તેમ વળતાં, રાજા બિંબિસારે સામી ભેટ તરીકે, પોતાના દેશની અજાયબ વસ્તુઓમાંની કેટલીક રાજા પુલુસાકીને મોકલી હતી. આમ એક બે વખત વિનિમય થતાં, તેમની મિત્રતા દૃઢ થઈ. જે ઉપરથી રાજા પુલુસાકીને એવી ઉત્કંઠા થઈ કે, તેણે જાતેજ મગધપતિની મુલાકાત લેવી અને ત્યાંના રાહરશમનું નિરીક્ષણ કરવું. તે ઈચ્છાથી પોતે તે દીશાએ પ્રયાણ પણ કર્યું હતું. પણ પોતાની વૃદ્ધાવસ્થાને લીધે હોય કે, પછી મુસાફરીમાં અનેક પ્રકારના હવા—પાણી તેમજ પ્રવાસના થાકની અસરને લીધે હોય કે ગમે તે કારણે થયું હોય, પણ તેની તબિયત લથડવાથી માંદો પડ્યો અને પરિણામે, મગધદેશની સીમામાં પ્રવેશ કર્યા બાદ તુરતજ મરણ પામ્યો હતો. આ દૃષ્ટાંતથી સમજાય છે કે, તે સમયે રાજાઓ ભલે સમ્રાટની સ્થિતિ ભોગવતા હતા, છતાં આડંબર કે અભિમાનથી દૂર હતા. અને નિખાલસ સ્વભાવને લીધે, નિર્ભયપણે એકબીજાની મિત્રાચારી સાધવાની ઇચ્છા પણ ધરાવતા હતા.

તરી રસ્તેનો દૃષ્ટાંત ટાંકતાં જણાવવાનું કે, હાલના અરબસ્તાનની દક્ષિણે જે એડન બંદરવાળો પ્રદેશ[૧૬] આવેલ છે, તેને ઇ. સ. પૂ. છઠ્ઠી સદીમાં આર્દ્રદેશ તરીકે ઓળખતા હતા અને તે ઉપરથી તેના રાજાને આર્દ્રરાજા અને તેના કુમારને

(૧૪) આના નમુનાઓ માટે Coins of India નામે પુસ્તક જુઓ તથા હકીકત માટે ખં. ૩. પરિ. ૨ જુઓ. વળી સરખાવો ઉપરનું ટી. ૧૨.

(૧૫) તક્ષીલા, શ્રાવસ્તિ, કૌશાંબી ઉજૈની, રાજગૃહી ઈત્યાદિ શહેરો તે સમયે વ્યાપારના મોટાં મથકો ગણાતાં હતાં. વળી જુઓ પૃ. ૧૯ નું ટી. ૩૨.

(૧૬) કોઈકના મતે યુરોપના ઇટલીદેશના એડ્રીઆટીક સમુદ્ર કિનારે આવેલ પ્રદેશને આર્દ્રદેશ ગણાય છે; પણ તે વાસ્તવિક નથી દેખાતું.

આર્દ્રકુમાર કહેતા હતા. એકદા આ આર્દ્રદેશના વ્યાપારી, લક્ષ્મીપુરનગરે[17] ઉતર્યા હતા. અને ત્યાંથી કાળ ગયે મગધદેશમાં ઉતર્યા, અને ત્યાંના યુવરાજને, પોતાના યુવરાજ તરફથી મોકલાવેલ વસ્તુઓની ભેટ ધરી. પછી વેપારપાણી કરીને પોતાના સ્વદેશે પાછા ફરવાનો સમય થયો ત્યારે યુવરાજ—મહામંત્રીશ્વર અભયકુમારની સલામે ગયા; તેણે પોતા તરફથી તેમના યુવરાજ માટે વળતી ભેટ મોકલાવી. આ ભેટમાં એક જીનપ્રતિમાજ તેણે મોકલવા માટે પસંદ કરી હતી. એવા હેતુથી કે, તે આર્દ્રકુમાર કોઇ હળુકર્મી જીવ છે પણ કર્મવશાત્ આવા અનાર્ય મૂલકમાં તેનો જન્મ થયો છે માટે તેને પ્રતિબોધ પમાડાય તો મારી મિત્રાચારી કરી પણ પ્રમાણ એટલે સાર્થક થઈ ગણાય.[18] આવો આશય મનમાં ધારીને પ્રતિમા તેણે એક કરંડકમાં મૂકીને તે સોદાગરને આપી. સોદાગરોએ સ્વદેશે આવી પોતાના યુવરાજને ભેટ ધરી હતી. અને અભયકુમારના ધારવા પ્રમાણેજ પરિણામ આવ્યું હતું. કથા તો બહુ લાંબી છે[19] એટલે અત્રે વર્ણવવા જરૂર નથી, પણ કહેવાની મતલબ કે, વહાણ બાંધવાની તથા નૌકા ચલાવવાની કળા તે સમયે પણ સારી રીતે જણાયલી હતી. તેમજ દેશપર-

(૧૭) આ આખી કથા માટે જુઓ ભ. બા. વૃ. ભા. માં અભયકુમારની વાર્તા; તેમાં હિંદી દ્વીપકલ્પના પશ્ચિમ કિનારે આ બંદર આવ્યાનું જણાવ્યું છે. મારા ધારવા પ્રમાણે, અપરાંત દેશની રાજધાની જે સોપારા હતું, તે અને હાલનું ભરૂચ બંદર: આ બે નગરની વચ્ચે તે બંદર હોવું જોઇએ (ઉપર પૃ. ૨૦ નું ટીપણ નં. ૩૪ જુઓ)

(૧૮) સરખાવો પૃ. ૨૪૫, ટી. ૪૫. જૈન ગ્રંથોમાં એમ હકીકત નીકળે છે કે જે કોઈ વ્યક્તિને અભયકુમારની સાથે મૈત્રી થાય, તે જીવ બહુજ નિકટ સમયમાં મોક્ષને પ્રાપ્ત કરે; એટલે તે જીવનું સાર્થક થયુંજ કહેવાય.

(૧૯) તેમાંનો કાંઈક અંશ તે વખતની પરિસ્થિતિ ઉપર પ્રકાશ નાંખે તેમ છે તેથી તેનો ટૂંક સાર અત્ર આપવા ધારૂં છું જે નીચે પ્રમાણે સમજવો. બાકી સંપૂર્ણ હકીકત માટે ભ. બા. વૃ. ભા. પૃ. ૨૧૦ થી ૨૧૭ સુધીનું વર્ણન જુઓ.

ભ. બા. વૃ. ભા. પૃ. ૨૧૫. શ્રેષ્ઠિની પુત્રી શ્રીમતી સાથે આર્દ્રકુમારનું લગ્ન થયું છે, અને એક પુત્ર પણ થયો છે, તે નિશાળે જતો આવતો થયો એટલે આર્દ્રકુમારે દીક્ષા લેવાની શ્રીમતી પાસે રજા માંગી. તે ઉપરથી શ્રીમતીએ તે હકીકત પોતાના પુત્રને જણાવવાને રૂ ની પૂણીઓ લઇને કાંતવા બેઠી. તેવામાં નિશાળેથી બાળક આવ્યો. તેણે કહ્યું, કે માતા તેં આવું ન કરવા યોગ્ય કામ કેમ આદર્યું છે, એ મજુર લોકોને કરવા યોગ્ય છે. માતાએ કહ્યું. તારા પિતા દીક્ષા લે છે તો મને તે ત્યજી દેશે એટલે મારે તે વિના અન્ય કારણ નથી. પુત્ર બોલ્યો, તારે દુ:ખ ધરવું નહીં. હું એવું કરીશ કે તે દીક્ષા નહીં લે. એમ કહી પિતા જ્યાં હતા ત્યાં પાસે જઇ તેમના પગે રેંટિયા ઉપરથી સૂતરનો તાંતણો કાઢીને વીંટવા માંડ્યો અને માતાને કહેવા લાગ્યો કે જુઓ મેં આમ બાંધ્યા છે તો હવે ક્યાં જશે! માતા બોલી, શું આવા તાંતણાથી બંધાયલા તારા પિતા દીક્ષા નહીં લ્યે. આ પ્રમાણે મા દીકરાનો સંવાદ સાંભળીને આર્દ્રકુમારે વિચાર્યું કે, આ પુત્રનો હજુ મારા ઉપર આવો મોહ છે તો દીક્ષા લીધા પછી સ્ત્રી પુત્રનું શું થશે? તે ઉપરથી તેણે નિશ્ચય કર્યો કે પુત્રે જેટલીવાર તાંતણા મારા પગ ઉપર વીંટાળ્યા હશે તેટલાં વર્ષ પર્યંત હું ગૃહસ્થાવાસમાં રહીશ. પગ ઉપરના તાંતણા ગણતાં બાર થયા. જેથી તે બાર વરસ સુધી પુત્રના પ્રતિબંધથી સ્ત્રી સાથે રહ્યો.

આ કથાનકથી એટલોજ સાર કાઢવાનો છે કે (૧) લોકો કપડાં પહેરતા હતા એટલે તે સમયે રૂ તથા તેને કાંતવા માટેનાં સાધનનું અસ્તિત્વ થયુંજ; પછી તે રેંટિયો ગમે તે પ્રકારનો હોય તે બીજી વાત છે. (૨) ગરીબ લોકો રેંટિયાથી પોતાનો નિર્વાહ ચલાવતા હતા, (૩) દીક્ષા લીધા પહેલા સગાંસંબંધીની સંમતિ લેવાતી હતી, તેમને રખડતા રઝળતા મૂકી દેવાતા નહોતા કે મારી ઝૂડીને અથવા દમદમાટીથી કે છળકપટ કરીને પણ રજા મેળવાતી નહોતી.

દેશના વેપારી એક બીજા સાથે સંબંધમાં આવીને ધમધોકાર વ્યાપાર ખેડયે જતા હતા.[૨૦]

આ પ્રમાણે જેમ જેમ વ્યાપાર અને દેશ-પરદેશ વચ્ચેનો વ્યવહાર ખીલ્યે જતો હતો, તેમ તેમ વેપારની, સમાજની, રાજ કારણની ઇત્યાદિ, દરેક ક્ષેત્રની વ્યવસ્થા પૂર્વક બંધારણ કરવાની જરૂરિઆત ઉભી થવા લાગી હતી. પરિણામે ચઢ ઉતર દરજ્જાની શ્રેણિઓ ગોઠવવી પડી હતી. જેમકે વેપારમાં, ધાતુનાં, (સોનું, રૂપું, લોઢું, સીસું આદિમાં) કામ કરનારની, ચામડાનાં કામ કરનારની, લાકડાનાં કામકરનારની, કાપડનાં કામકરનારની, ઈત્યાદિ ઈત્યાદિની. તેવીજ રીતે સામાજીક કાર્યમાં સોનારની, વણકરની, ધોબીની, હજામની, ઇત્યાદિની.

**વેપારની, સમાજની તેમજ રાજ કારણની શ્રેણિઓની રચના**

રાજકારણમાં-દંડનાયક, કોષાધ્યક્ષ સૈન્યાધિપતિ, મંત્રી, મહામંત્રી, ઇત્યાદિની. આ પ્રમાણે દરેક ક્ષેત્રમાં બંધારણ રચી વ્યવસ્થા કરી નાંખી; જેથી કરીને અથડામણના પ્રસંગો જેમ બને તેમ ઓછા થાય. વળી તેના અમલ માટે ધારાધોરણ રચી, તેની બજવણી માટે અમલદારો પણ નિયત કરી દીધા. ટૂંકમાં, જેમ અત્યારે એક રાજતંત્ર ચલાવવામાં, તેનાં જુદાં જુદાં ખાતાં પાડીને, દરેકને પૃથક પૃથક અધિકારીની જુમેદારી તળે સોંપી દેવામાં આવે છે, તેજ પ્રમાણે અને તેને મળતી, દરેક પ્રકારની વ્યવસ્થા તેણે કરી નાંખી. આ કાર્યમાં મુખ્યપણે તેનો સહાયક મહામંત્રીશ્વર અભયકુમાર હતો. પણ રચના રચવામાં પ્રેરણા પૂરનાર અને સર્વ પ્રકારે જોઇતું વિચાર બળ રેડનાર, તો જૈન ધર્મના પ્રવર્તક અને અર્હન શ્રી મહાવીરજી હતા.[૨૧] તેમને વિશ્વવ્યાપી જ્ઞાન કયારનું પ્રાપ્ત થઈ ગયેલ હતું. તેથી

---

(૨૦) જેમ અરબસ્તાન સાથે વ્યાપાર ખેડતા તેમ તેનાથી દૂર પશ્ચિમમાં, ગ્રીસ રોમ અને ઇજીપ્ત સુધી પણ વેપારીઓ જતા હતા (સરખાવો પૃ. ૨૦નું લખાણ) વળી પશ્ચિમની માફક પૂર્વમાં પણ તેઓ વ્યાપાર ખેડતા હતાજ (તેનું વિવેચન પણ તેજ ટીપણમાં જણાવ્યું છે)

(૨૧) વળી દ્વિતીયખંડે ષષ્ઠમપરિચ્છેદે જુઓ.

જૈન. સા. સં. ઈ. માં પૃ. ૧૯ ઉપર પ્રોફેસર લોયમાનના અભિપ્રાયનો આધાર આપીને જણાવ્યું છે કે "એમના (મહાવીરના) સમયની, સૌ વિદ્યાઓમાં એ પોતે પારંગત હતા. પોતાની તપશ્ચર્યાને બળે (એટલે મારૂં એમ માનવું થાય છે કે, આ શબ્દો તેમને કૈવલ્ય પ્રાપ્ત થયું હતું તેને અનુલક્ષીને વાપર્યા છે. એટલે કે કેવળજ્ઞાનના બળે આમ કર્યું હતું એમ કહેવાનો હેતુ હશે) એ વિદ્યાઓને એમણે રચનાત્મક સ્વરૂપ આપી પૂર્ણ બતાવી હતી (આ રચનાત્મક જે સ્વરૂપ, તેજ સામાજીક વ્યવસ્થાની શ્રેણિઓ, રાજકીય બંધારણનું ઘડતર, વ્યવહારમાં ઉપયોગી થઈ પડે તેવી વ્યવસ્થા, તથા નિયમો આદિની રચના, વિગેરે વિગેરે સમજવું)

E. H. I. 4th Edi. p. 161:—I have pointed out that its (Shama shastry's Arthashastra now known as Kautilya's Arthashastra) contents describe the state of things, as existing immediately before the establishment of the Mauryan Empire, while Mr. Shama shastry suggests that it may refer back, even to the pre-buddhistic age (p. xviii)—અ. હિ. ઈ. ૪ થી આવૃત્તિ પૃ. ૧૬૧ "શામાશાસ્ત્રીનું અર્થ શાસ્ત્ર" કે જે હવે કૌટિલ્યના અર્થશાસ્ત્ર તરીકેજ ઓળખાવાય છે તેમાંની હકીકત, મૌર્ય સામ્રાજ્ય શરૂ થયું તે પહેલાં તુરતના સમયને લગતી હોય, એમ મેં સાબિત કર્યું છે જ્યારે શામાશાસ્ત્રીનો પોતાનો મત એમ છે કે, તે તો બુદ્ધના સમયની પૂર્વેની પણ કદાચ હોય, એટલે કે બુદ્ધના સમયની લગભગની હોય. હવે વિચારો કે અર્થશાસ્ત્રમાં વર્ણવેલી રાજકીય વ્યવસ્થા તથા સર્વ પ્રકારની ગુંથણીનો રચનાનો

ત્રણેકાળની વસ્તુસ્થિતિ યથા પ્રકારે પોતે જ્ઞાનચક્ષુથી જોઇ શકતા હતા. એટલે, સામાન્ય જનતાને કઇ સ્થિતિ અનુકૂળ અને હિતકર નીવડશે, તે પોતાના જ્ઞાનબળના ઉપયોગથી વિચારી લઇ, પોતાના પટ્ટધર શિષ્ય ગૌતમને, જ્યારે રાજા બિંબિસાર અને અભયકુમાર દર્શનાર્થે આવતા ત્યારે પાસે બેસા-રીને, તેમના સાનિધ્યમાં પ્રશ્નોત્તરરૂપે જણાવતા. અને આ વાર્તાલાપમાંથી[22] રાજા અને મહાઅમાત્ય પ્રેરણા ઝીલી લઇ, બન્ને પોતાના સ્થાનકે આવી, તે ઉપદેશને મૂર્તિમંતરૂપ આપી, કાયદા બનાવતા. આ પ્રમાણે આખી સમાજ વ્યવસ્થાનું સંગઠન, તેમજ રાજકીય બંધારણનું ઘડતર અને શ્રેણિઓ,

---

ઉત્પાદક કોણ હોઈ શકે? રાજા શ્રેણિકજ શ્રેણિઓ તો રચી છે. અને "શ્રેણિ બનાવી" તે શબ્દ ઉપરથીજ આપો-આપ સિદ્ધ થઈ જાય છે કે તે પહેલાં તો તેવું કાંઈ બંધારણ હતુંજ નહીં. પછી તો માત્ર એટલુંજ અનુમાન કરવું રહે છે કે તે સઘળું બુદ્ધ કે મહાવીર જેવા કયા પુરૂષના પ્રોત્સાહનથી અને પ્રેરણાથી તે થયું હોય? ગૌતમબુધ્ધે તેવા વિચારોનું આંદોલન સરખુંયે રાજા શ્રેણિકના જીવનમાં ઉતાર્યું હોય એવું કોઈપણ બૌધ સાહિત્ય વિષયક ગ્રંથમાંથી નીકળતું નથી. જ્યારે ઉપર તો સર્વ સાબિત પણ કરી બતાવાયું છે કે ઈ. સ. પૂ. ૫૫૬ ની સાલ પછી રાજા શ્રેણિકે બુદ્ધધર્મનો ત્યાગ કર્યા પછીજ અને પોતે જૈનધર્માનુયાયી થયા બાદજ શ્રેણિઓ ઉભી કરવાના વિચારને જન્મ આપ્યો હતો; તો પછી આવા વિચારની પ્રેરણા તેના મસ્તિકમાં રેડનાર કોણ હોઇ શકે, તે દિવાની જ્યોત જેવું સ્પષ્ટ છે.

વળી પ્રો. લૅાયમાન જેવા વિદ્વાન અને તટસ્થ વિચારકનું સ્વતંત્રપણે જે મંતવ્ય થયેલું છે, તેઆ પ-ણે ઉપર ટાંકી બતાવ્યું છે, તે પણ સાબિતી આપે છે કે આ રચનાત્મક કાર્ય-શ્રેણિઓ રચવાનું કાર્ય-શ્રી મહાવીરનાં જ્ઞાનબળ અને તપશ્ચર્યાનુંજ પરિણામ છે. હવે સમજાશે કે આવા જ્ઞાનબળના પરિણામે નીપજેલ કાર્ય ચિરસ્થાયી રહેવાનેજ સરજાયલું ગણી શકાય. અને તેથીજ આપણે તે સ્થિતિ અનુભવી રહ્યા છીએ.

( ૨૨ ) વિશેષ માટે જુઓ તૃતીય ખંડે તેમજ પૃ. ૪૨ ઉપર બં. રો. એ. સોસાઈટીના પ્રમુખ મી. હોર્નેલનું પ્રવચન:

જૈન ધર્મમાં કોઇ ચીજનો પ્રારંભ કરવાની અને સાવદ્ય વ્યાપાર કરવાની મના કરી છે. જ્યારે એક સાધા-રણ મનુષ્યને પણ આટલે દરજ્જે મના હોય ત્યારે, અર્હન પદવીએ પહોંચેલા વ્યકિતને માટે તો માર્ગ જુદોજ હોય તે દેખીતું છે. છતાં આવો ઉપદેશ કેમ કર્યો હશે તેવો પ્રશ્ન થાયજ! ઉત્તર—જેમ પ્રથમ અર્હન શ્રીઋષભદેવે (સંસા-રની આદિમાં, બધા વ્યવહારની રચના કરી જેથી આદિ-નાથ પણ કહેવાયા છે) સમાજરચના કરી, તેમ શ્રી મહાવીરે પણ તેમનું અનુકરણ કર્યું છે. પ્રશ્ન—આદિનાથ તો પોતે સંસારી હતા ત્યારે આ કાર્ય કર્યાં છે, જ્યારે શ્રી મહાવીરે તો અર્હન થયા બાદ કર્યાં છે તેનું શું પ્રયોજન? ઉત્તર—પોતે સિધ્ધો ઉપદેશ આપતાજ નથી. ( અને કદાચ સિધ્ધો ઉપદેશ આપે, તોપણ તેઓ પોતાના જ્ઞાન-થી બધું પરિણામ જોઈ વિચારીને આગળ વધે છે. તેમજ પાત્રની યોગ્યતા પણ વિચારે છે. ) પણ મૂળ સિદ્ધાંતજ પ્રશ્નોત્તરરૂપે ગૌતમને સમજાવ્યા છે. અને તે ઉપરથી, અભયકુમારે પોતાની બુદ્ધિ અને ચાતુર્યને લીધે, સમાજ-ને હિતકર થઈ પડે, તેવી તે ઉપદેશમાંથી ગુંથણી કરી છે. વળી જૈન સૂત્રનો એકનિયમ છે કે, નિશ્ચય તે હમેશાં નિશ્ચળ રહે છે. જ્યારે વ્યવહાર છે તે, દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ પ્રમાણે ફેરવી પણ શકાય છે. એટલે કે, વ્યવહાર-ધર્મ અપેક્ષાવાદ અને સ્યાદ્‌વાદજ ઉપર રચાયલો છે. તે પ્રમાણે અર્હને પ્રરૂપેલા બોધવચનમાંથી, વ્યવહારને તારવી, તે સમયે અનુકૂળ પડયું તેમ તેમણે ગુંથણી કરી લીધી. એટલે કે, અર્હનના ઉપદેશમાં તો માત્ર સ્યાદ્‌વાદ ધર્મનીજ પ્રરૂપણા કરેલી ગણવી. બાકીદે શકાળને અનુ-કૂળ પડતી તે બનાવવી, અથવા લૌકિક ભાષામાં જેને 'પવન પ્રમાણે પીઠ ફેરવવી' એમ કહેવાય છે તે તો આ સમાજના બે ધુરંધર નેતાઓનુંજ કાર્ય હતું. ટૂંકમાં, સમાજની રચનાના મુખ્ય કાર્યકર તો શ્રેણિક અને અભયકુમારજ કહેવાય. બાકી પ્રેરણા રેડવા પૂરતુંજ કાર્ય ધર્મપ્રવર્તકે કર્યું ગણાય, અને તેમાં બાદ નહીં આવતો હોય એમ સમજવું. જો બાદ હોત તો અર્હન પોતેજ તે

રાજા બિંબિસારે કરી હતી. તે ઉપરથી તેનું બિરૂદ, શ્રેણિના કરનાર એટલે શ્રેણિક[૨૩] નામ ઇતિહાસમાં પ્રસિદ્ધિને પામ્યું છે. અને આ શ્રેણિઓના પ્રણેતા, શ્રી મહાવીર હોવાથીજ, તે ગમે તેટલો કાળ ગયે છતે અદ્યાપિ પર્યંત અભંગપણે ચાલી આવી છે. અલબત, દ્રવ્ય, ક્ષેત્ર અને કાળને અનુસરીને જે ફેરફાર કરવા ઘટે તે તો તેમાં થયાજ કર્યા છે, અને થયાજ કરવાના. પણ તેથી તેનું મૂળ સ્વરૂપ-ખોખું તો કાયમજ રહ્યું છે ને રહેવાનું. આ ઉપરથી હવે સમજાશે કે, વર્તમાનકાળે જે સામાજીક, વ્યવહારિક, કે રાજકીય, કોઈ પણ જાતનાં બંધારણ આપણે નિહાળી રહ્યાં છીએ, તેની ઉત્પત્તિ તો રાજા બિંબિસારથીજ થઈ છે અને તે પણ ઇ. સ. પૂ. ૫૫૬ થી ૫૨૮ સુધીના અઠાવીસ વર્ષના ગાળામાંજ.

જોકે, કોઇક ઠેકાણે,[૨૪] કેવળ લશ્કરી રચનાની શ્રેણિઓના કર્તા તરીકેજ રાજા શ્રેણિકને ગણવામાં આવ્યા છે. અને પછી તેમાં સુધારા વધારા રાજા ઉદયનભટ્ટે કર્યા હતા. તે બાદ રાજા નંદિવર્ધને પણ લશ્કરની પુનર્રચના કરી હતી અને પછી વિશેષ વ્યવસ્થિત રીતની ગોઠવણી તો સમ્રાટ ચંદ્રગુપ્તના મહા અમાત્ય પંડિત ચાણાક્યેજ કરી હતી. જેને અંગે, સમ્રાટ અશોકના દરબારે આવેલ પરદેશી એલચી મિ. મેગાસ્થનીઝને તે લશ્કરી તરકીબની અને શિસ્તની સંપૂર્ણતા સંબંધી ભારે વખાણ કરવા પડ્યાં હતાં. તેમાં મગધદેશનું લશ્કરી બળ પ્રથમ નંબરે અને આંધ્રદેશનું બીજે નંબરે તેણે મૂક્યું હતું. અને આ પ્રમાણે બધા વિદ્વાનો માને પણ છે. જોકે ભિન્ન ભિન્ન સમયે વિદ્વાનોએ ઉચ્ચારાયલા અભિપ્રાયોમાં પણ સત્ય તો ભરેલુંજ છે. છતાં એટલું તો સ્વીકારવુંજ રહે છે કે, આવા તાલીમબદ્ધ લશ્કરી રચનાનું

---

કામમાં ભાગ ન લેત. (વળી જુઓ ઉપરની ટીકા નં. ૨૧ તથા નં. ૨૩ નાં લખાણ )

( ૨૩ ) C. H. I. p. 206—He organised institutions. vide also Heart of Jainism by Mrs Stevenson p. 40.

કે. હી. ઈ. પૃ. ૨૦૬ તેણેજ સંસ્થાઓનું ઘડતર ઘડીકાઢયું છે; વળી મીસીઝ સ્ટીવન્સને રચેલા "ધી હાર્ટ ઓફ જેનીઝમ" નામના પુસ્તકમાં પૃ. ૪૦ મું જુઓ.

તથા ઉપર ની ટીકા નં. ૨૧ જુઓ. પાશ્ચાત્ય વિદ્વાન અને જૈન ધર્મના અભ્યાસી મિ. જે. ગ્લેઝનાપે "Jainism" નામનો જે ગ્રંથ ઇંગ્રેજીમાં લખ્યો છે, અને જેનું ગુજરાતી ભાષાંતર, ભાવનગરની ધર્મ પ્રસારક સભાએ ૧૯૩૩ માં છપાવી બહાર પાડ્યું છે તે જુઓ પૃ. ૨૬ થી ૩૦ સુધી.

વળી જુઓ આગળ ષષ્ટમ પરિચ્છેદે.

( ૨૪ ) J. B. B. R. A. S. pt. I p. 96 Shreni—an army devision & hence it may mean a military king...but from the knowledge we have of his person and of his regime, we make bold to declare that there is not a tinge of militarism in him; on the contrary his reign is full of peace and constitutional reforms.

જ. બો. રો. સો. પુ. ૧ લું પૃ. ૯૬:—શ્રેણિ એટલે, સૈન્યનો એક વિભાગ અને તેથી તેને, શ્રેણિઓના રચનાર અને લશ્કરી માનસ ધરાવતો રાજા કહી શકાય. પણ તેના પોતા વિશે તેમજ તેના રાજ્યમાં બનેલી હકીકતોની જ્યાં સુધી આપણને માહિતી મળી રહી છે ત્યાં સુધી તો, હિંમતથી આપણે કહી શકીએ તેમ છે કે, તેનામાં લશ્કરી માનસનો પટ સરખો પણ ક્યાંય નજરે પડતો નથી; ઊલટું, તેનું રાજ્યતો સંપૂર્ણ સુલેહ, શાંતિ અને વ્યવસ્થા પૂર્વક બંધારણના એક નમુનારૂપ છે—મને લાગે છે કે જ. બો. રો. સો. ના લેખકે, શ્રેણિ શબ્દનો અર્થ બરાબર ન સમજવાને લીધેજ, પોતે ઉપર પ્રમાણે અભિપ્રાય દર્શાવી દીધો છે. તેમજ અર્થશાસ્ત્રમાં પૃ. ૨૪૫ ઉપર પ્રમાણે જણાવાયું છે.

મૂળ-બીજ રોપનાર તો રાજા શ્રેણિકજ હતો. એટલે રાજા શ્રેણિકના સમયનું બંધારણ, તે અસલ કહી શકાય અને પછીથી ફેરફાર થતું જે ઉતરી આવ્યું છે તેને તો, અસલ ઉપરથી નકલજ કરેલી કહેવાય.

આગળ ઉપર અમાત્ય અને મંત્રી મંડળ વિશે આપણે થોડુંક લખી ગયા છીએ. અને તેમાં જણાવ્યું છે કે રાજા શ્રેણિકને પાંચસો મંત્રીઓ હતા.[૨૫] તેઓનો દરજ્જો હાલના મ્યુનિસિપલ કોરપોરેટર્સ જેવો હતો. આ પાંચસોના અધ્યક્ષ તરીકે મહામંત્રી અભયકુમાર બેસતો. વળી કાઉન્સિલ, કેબિનેટ અને ધારાસભાના બંધારણનો પણ ખ્યાલ આપી ગયા છીએ. તેમજ ધંધાવાર શ્રેણિઓ રચવામાં આવી હતી તે પણ જણાવી ગયા છીએ. આ સર્વે હકીકતનું અન્વેષણ કરતાં એમ માલમ પડે છે કે, સર્વ પ્રકારના ધંધાદારીઓ પોતપોતાના મંડળ ધરાવતા હતા, અને તેમાંથી પોતાના પ્રતિનિધિ ચૂંટીને, રાજસભામાં પોતાના મંત્રી તરીકે મોકલતા હતા. પ્રત્યેક મંડળ કેમ બનાવવું તથા કયા મંડળે કેટલા પ્રતિનિધિ મોકલવા, તેનાં ધોરણ વિશે ક્યાંય ઉલ્લેખ થયો દેખાતો નથી, પણ સહજ કલ્પી શકાય છે કે, તેની સંખ્યાનું પ્રમાણ, મંડળની ઉપયોગતા અને તેમાં જોડાયલા સભ્યોનાં બળ ઉપર, આધાર રાખતું હોવું જોઇએ. તે સમયે

**મંત્રી મંડળ અને કારભારનું બંધારણ**

હાલની માફક ધર્મ[૨૬] કે જાતિઓ[૨૭] જેવી સંસ્થાઓ નહોતી. એટલે તે ઉપર મદાર બંધાતો હોય એમ ક્ષણભર પણ માનવાનું કારણ નથી. બલકે શ્રેણિવાર ચુંટણી થતી હોવાથી, ગમે તે વર્ણનો પ્રતિનિધિ જઇ શક્તો અને રાજ-મંત્રણામાં ભાગ લઇ શક્તો. ધર્મ કે વર્ણ જેવી જે વ્યવસ્થા હતી, તેને રાજકીય કારણ સાથે ભેળવવામાં આવતી નહોતી. ધર્મને તો માત્ર આત્મસાધન તરીકેજ ગણાતો અને વર્ણને અન્ય સામાજીક વ્યવહાર પૂરતોજ લેખતા. એટલે રાજકીય મંત્રીમંડળનું બંધારણ, ધર્મ અને વર્ણથી પરોક્ષ રીતેજ ચાલતું. જેને આપણે હાલના મિશ્ર મતદાર મંડળ સાથે સરખાવી શકાય.

અથવા વિશેષ સ્પષ્ટપણે સમજવા માટે એમ કહી શકાય, કે મધ્યયુગમાં જેને "મહાજન" કહેવામાં આવતું, તે પ્રકારનું આ મંત્રીમંડળ હતું. તે સમયે શ્રેષ્ઠિ-શેઠિ, મહાશેઠિ જેવા જે શબ્દો[૨૮] વપરાતા હતા તે ઉપરથી આપણા અનુમાનને સમર્થન મળે છે. વળી આ વિચારને મળતાજ ઉદ્‌ગારો હમણા એક સાપ્તાહિકમાં[૨૯] વાંચવામાં આવ્યા છે, તે ઉપયોગી સમજી અત્રે ઉતારૂં છું. "અમને લાગે છે કે કોમી પ્રશ્નનો નિવેડો આપણા દેશની પરિસ્થતિમાં, ધર્મભેદના પાયા ઉપર કરવો, એ રાષ્ટ્રીયતાને હાનીકારક છે. એનો નિવેડો આર્થિક હિત સંબંધના ધોરણે, ધંધાવાર મતદાર સંઘો સ્થાપવાથી આવી શકે. આપણા દેશમાં

(૨૫) જુઓ પૃ. ૧૩ અને ૧૪ નું વિવેચન.

(૨૬) ધર્મ હતા તો ખરા, અને તેની સંખ્યા પણ ત્રણનીજ હતી; છતાં ધર્મ જે હતો, તેની વ્યાખ્યા હાલની માફક નહોતી કરાતી, કે અમુક ક્રિયા કરવાથી કોઈ માણસ અમુક ધર્મનો છે, એમ માની લેવાય. પણ તે તે ક્રિયા સમજીને આચરણમાં મુક્તો અને તેનેજ ધર્મ ગણતા.

(૨૭) જાતિઓ તો હતીજ નહીં. પણ કેટલાક વિદ્વાનોએ, શ્રેણિઓને જાતિ તરીકે લેખીવાળી છે (જુઓ પૃ. ૨૫ થી ૨૯ ની હકીકત.

(૨૮) જુઓ પૃ. ૩૪, ૩૫.

(૨૯) ગુજરાત પ્રાંતના વડોદરા શહેરમાંથી પ્રગટ થતા "નવ ગુજરાત" પત્રનો ૨૦-૭-૩૪ નો અંક પૃ. ૫ જુઓ.

"મહાજન" સંસ્થા પૂરબહારમાં હતી. મહાજનનું બંધારણ ધંધાવાર હતું. એટલે સુથાર મહાજન, કડીઆ મહાજન, વિગેરે જુદા જુદા ધંધાવાર મહાજન હોય, એ દરેક મહાજનનો એક એક પ્રતિનિધિ શહેરના મહાજનમાં જતો. શહેરોમાં મહાજન તથા ગામડાઓમાં ગામ પંચાયતો, સત્તાશાળી હતાં. આપણા દેશના આ ઇતિહાસને અનુરૂપ ગામપંચાયત તથા મહાજન સંસ્થાની રચનાનો ઉપયોગ, આપણે ઇટાલી માફક, ધંધાવાર મતદાર સંઘ સ્થાપીને કરી શકીએ. મૈસુર રાજ્યમાં ધંધાવાર કેટલીક બેઠકો ચુંટણી માટે રાખી છે. તેથી અમુક ધંધો કરનાર હિંદુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી વિગેરે એકજ મિશ્ર મતદાર સંઘમાં મૂકાય છે અને ધર્મ તથા વર્ણભેદ ભૂલી જવાય છે."

ઉપરમાં દર્શાવેલી હકીકતથી એ પણ હવે સમજાશે કે રાજા બિંબિસારનું નામ શ્રેણિક શા કારણથી પડયું છે. અને

**રાજા બિંબિસારનાં અનેક નામો**

ક્યારથી પડયું છે. અને સમયનો જ્યારે હવે નિર્ણય કરી શકાયો છે ત્યારે એ પણ સમજી શકાશે કે, શ્રેણિક નામ તો તેણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો તે બાદજ અને તે પણ કેટલાંય વર્ષે પડયું છે. અને તેમાં પણ જૈન ગ્રંથકારોએજ, તે નામ પોતાના સંપ્રદાયના રાજકર્તાની ગુણ પ્રશંસા અર્થેજ યોજેલું સમજાય છે.[૩૦] તેમજ બૌદ્ધ ગ્રંથોમાં શ્રેણિકના નામનો ઉલ્લેખ, જે વારંવાર નથી કરાયેલો પણ તેને બદલે રાજા બિંબિસાર શબ્દજ મુખ્યતયા વપરાયલ છે, તેનું કારણ[૩૧] પણ આ ઉપરથી સમજી શકાશે.

અલબત્ત કુંવરપદે રાજા બિંબિસાર હતો ત્યારે તેનું નામ શું હતું, તે આપણને જણાયું નથીજ. પણ બાપ સાથે રૂસણાં લઇને દેશાટને ઉપડી ગયો હતો, તે અરસામાં તો તેને ભંભાસાર કહેવામાં આવતો હતો. તે આપણે કહી ગયા છીએ. આ નામ પણ જૈન ગ્રંથકારોએજ સમર્પેલું છે. છતાં ગાદીપતિ બન્યા પછી, તેનું નામ બિંબિસાર રખાયલું હોવાથી અને બૌદ્ધધર્માનુયાયી રહ્યો હતો, ત્યારે પણ તેજ નામથી ઓળખાતો રહેતો હોવાથી, વર્તમાન વિદ્વાનોએ, ભંભાસાર અને બિંબિસારનો ભેદ દોર્યોજ નથી. અથવા દોર્યો હોય, તો એક બીજાનો અપભ્રંશ છે એમજ ગણવા પ્રેરાયા છે. બાકી ખરી રીતે, તો ભંભાસાર નામ તે જૈન સાહિત્યનું છે, અને બિંબિસાર તે બૌદ્ધ સાહિત્યનું છે. જ્યારે શ્રેણિક નામ, તે પણ છે તો જૈન સાંપ્રદાયિક સાહિત્યનુંજ, છતાં તે ઉપાધિ સામાયિક કાર્યોને અંગેજ અર્પણ થયેલ હોવાથી, ઇતિહાસમાં પણ તે નામેજ પ્રસિદ્ધિને પામ્યો છે. અને તેથી કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના, દરેકે દરેક સાહિત્યમાં તે નામ વાપરેલું આપણે નિહાળીએ,[૩૨] તો પણ, તે યથાર્થજ છે એમ પણ આ ઉપરથી સમજી શકાશે.

---

( ૩૦ ) આ પ્રમાણે અનેક વ્યક્તિઓનાં ખરા નામને બદલે, ગુણદર્શક નામો જોડી કાઢીને, જૈન ગ્રંથોમાં લખવાનું સામાન્ય થઈ પડયું છે. જેમકે, ચંડપ્રદ્યોત, સંપ્રતિ, કૂણિક, કરકંડુ ઇત્યાદિ- વળી જુઓ પૃ. ૮૩.

( ૩૧ ) રાજા શ્રેણિકનું, તથા શ્રેણિઓની રચના કરવામાં તેના મદદગાર, મહામંત્રી અને જ્યેષ્ઠપુત્ર અભયનું નામ, બૌદ્ધ ગ્રંથોમાં બહુજ જૂજ પ્રમાણમાં માલૂમ પડે છે. તે સ્થિતિ સૂચવે છે કે, તેણે બૌદ્ધ ધર્મનો ત્યાગ કર્યો પછીજ આ બધું બનવા પામ્યું છે- એટલે કે ઈ. સ. પૂ. ૫૫૬ પછી.

( ૩૨ ) રાજગિર અને ગિરિવ્રજ શબ્દ આ પ્રમાણે વપરાયો છેઃ તેકેવી રીતે, રાજગૃહી શબ્દથી જુદો પડી જાય છે, તે વાતનું સ્પષ્ટિકરણ આપણે પૃ. ૨૬૨-૬૪ માં કરી ગયા છીએ.

**તેના સમયના સિક્કા**

વ્યાપાર શિર્ષક પારીગ્રાફમાં લખી ગયા છીએ કે, રાજા બિંબિસારના સમય પૂર્વે, તેમજ તેના રાજના પૂર્વાર્ધમાં (ઇ. સ. પૂ. ૫૫૬ પહેલાં), વસ્તુના બદલાથી અથવા તો તેજંતુરીની આપ લે કરવાથી, સર્વે પ્રકારનો ક્રયવિક્રય થતો હતો. પણ જ્યારથી તેણે બધી વ્યવસ્થા અને બંધારણો ઘડી, શ્રેણિઓની સ્થાપના કરી, ત્યારથી તેને ધોરણસર ચલણની જરૂરિઆત દીસવા માંડેલી, એટલે સિક્કા ચાલુ કર્યા હતા. પણ તે સિક્કા ટંકશાળમાં જેમ બીબાંવડે હાલ મુદ્રિત થયેલ બહાર પડાય છે, તેવા નહોતા. પણ તે સર્વે ઢાળ પાડેલ હોવા સંભવ છે. અથવા જેને પંચ coins[૩૩] કહેવાય છે તેવા પ્રકારના હતા. તેમાં પોતાનું નામ નિશાન કે શાલ જેવું કાંઇજ ચિતરવામાં આવતું નહોતું. કેમકે તે સમયે પોતાનાં નામ ઠામની, જાહેરાતની, કે પ્રખ્યાતિ પામવાની લાલસા પડીજ નહોતી. કેવળ તેઓ જે આલેખન માંગતા તે એટલુંજ કે, તેમનું કુળ અને તેમનો ધર્મ, તે ઉપરથી જણાઇ આવે એટલે બસ. અને તેમાં પણ પોતાનાં કુળ અને વંશની મહત્ત્વતા કરતાં, ધર્મની મહત્તા વિશેષ આંકતા હોવાથી, સિક્કાની સવળી બાજુ ( જેને obverse[૩૪] કહેવાય છે ) ઉપર ધર્મનાં લાક્ષણિક ચિહ્નો પાડતાં અને અવળી બાજુ ( Reverse ) ઉપર પોતાના વંશની નિશાની છપાવતા. આ સર્વ સ્થિતિ, તે સમયના સિક્કા નિહાળવાથી આપણે જોઇ શકીએ છીએ. ( જુઓ તૃતીયખંડે સિક્કાના વર્ણનવાળો પરિચ્છેદ ) આ ઉપરથી સાબિત થશે કે, જે સિક્કા રાજા શ્રેણિકના છે, તે ઇ. સ. પૂ. ૫૫૬ પછીનાજ સમજવા.

**કળાનો શોખીન**

જે કોઇ કળા નવી દેખે તે શીખી લેવાનો તેને શોખ હતો, એવો તે કળાપ્રિય હતો. એકદા રસ્તે થઇને તે ચાલ્યો જતો હતો તેવામાં એક કળાધરને તેણે જોયો. તે એકજ સ્થાન ઉપર સ્થિત રહીને કેટલેક દૂર આવેલ આંબા ઉપરની કેરીની લુમોમાંથી એક પછી એક કેરી તીરથી વીંધીને, પોતે ખાયા કરતો હતો. તેને દેખીને તે વિદ્યા સંપાદન કરવાનું રાજાને મન થયું. એટલે તેણે પેલા વિદ્યાધરને પોતાને રાજમહેલે આવી, વિદ્યા શીખવવાનું આમંત્રણ આપ્યું. તે પ્રમાણે તે કળારસિક હમેશાં રાજમહેલે જઈ, રાજાને વિદ્યા પાઠ આપવા લાગ્યો. ઘણો કાળ વ્યતીત થયો અને શિક્ષક તથા શિષ્યની અથાગ કાળજી અને ખંત હતી છતાં વિદ્યા સાધ્ય ન થઇ. એટલે શિક્ષકને તે બાબત વિચાર કરવો પડયો. અંતે તેને માલુમ પડયું કે વિદ્યાગુરૂએ હમેશાં શિષ્ય કરતાં ઉચ્ચ સ્થાને બેસીને મંત્ર આપવો જોઇએ. જ્યારે આ કિસ્સામાં તો રાજા પોતે ઉચ્ચ સ્થાને બેસતો અને ગુરૂ નીચા આસને બેસતો. આ હકીકત તેણે રાજાને વિનય પૂર્વક વિદિત કરી.

---

( ૩૩ ) જેમ હાલ, કોઈ ધાતુનો અમુક ઘાટ ઘડવો હોય છે, ત્યારે તેને ખૂબ તપાવીને તેવીજ સ્થિતિમાં તેનો મનમાનતો ઘાટ ઘડી શકાય છે, તેમ જે ધાતુના સિક્કા પાડવા હોય, તેના અમુક અમુક કદના કટકા કરી. તેને ખૂબ તપાવીને પછી, તેના ઉપર છાપ પાડનારી જે "અડી–એડી" હોય તેને હથોડા વડે, કે તેવા અન્ય હથિઆરથી ટીપે; એટલે તેવી છાપ પડી જાય; એટલે આવા punch conis ને આપણે અડીથી-એડીથી પાડેલા સિક્કા તરીકે ઓળખાવી શકીએ.

( ૩૪ ) સવળી બાજુ ઉપર જે છાપ કે હકીકત હોય તેની મહત્તા વિશેષ ગણાય; અને અવળીની ઓછી ગણાય. તે બાબતની સમજુતિ માટે સિક્કાવાળો પરિચ્છેદ જુઓ.

એટલે તુરત રાજા સમજી ગયો અને ગુરૂને ઊંચ આસને બેસારી પોતે જમીન ઉપર બેસવા[૩૫] લાગ્યો. આ પ્રમાણે કરવાથી થોડાજ વખતમાં તે વિદ્યા તેને ફળી. કહેવાનો સારાંશ એ છે કે, વિદ્યા પ્રાપ્તિ માટે, તે ઉચ્ચ કે નીચના ભેદને જરાયે સ્થાન આપતો નહીં. કોઇ પણ વિદ્યા નવીન દેખાય, તો ભલે તેનો ધારક કનિષ્ઠમાં કનિષ્ઠ અને ક્ષુદ્રમાં ક્ષુદ્ર હોય, તો પણ તેની પાસેથી શીખી લેવાને તે સદાકાળ ઉદ્યમીજ રહેતો હતો.

જેમ તેને કળા શીખવાનો શોખ હતો, તેમ તે સદ્‌ગુણનો પણ પ્રશંસક હતો. તેને બનતા સુધી કોઈનાં છિદ્ર કે અવગુણ જોવાની ટેવજ ન- હોતી, એમ કહીએ તો પણ ચાલે. એકદા રસ્તે ચાલ્યા જતાં, એક કુતરૂં મરી ગયેલું તેણે જોયું[૩૬] અને વધારે કોહવાટને લીધે તેના મૃત દેહમાંથી દુર્ગંધ પણ નીકળતી હતી. એટલે તેની સાથે સ્વારીમાં નીક- ળેલા બીજા કર્મચારીઓએ, તે મુડદું દેખીને નાક મચકોડયાં. જ્યારે રાજા તો ઉલટો પાસે જઇ ઉભો રહ્યો, અને જે દંતપંક્તિ તે મૃત દેહના બે ઓષ્ટોમાંથી બહાર નીકળી, એકધારી લાઈનમાં દાડમની શ્વેતકળી પેઠે શોભી રહી હતી, તેનાં વખાણ કરવા મંડી ગયો.

**તેમજ શાંતિનો ઈચ્છુક**

જેમ કળાનો શોખીન અને ગુણનો પ્રશં- સક હતો, તેવોજ તે સુલેહ શાંતિનો ઇચ્છુક પણ હતો. કલહ, મારફાડ કે યુદ્ધ જેવી કોઈ વસ્તુ તેને ગમતીજ નહીં. તેથી પોતાના રાજ્યકાળે કોઇ બખેડો, ટંટો ફિસાદ કે મોટી લડાઇ, તેણે કોઇ સાથે આદરી હોય, એવું એક પણ પ્રકરણ ક્યાંય નોંધાયું નથી. કોશળપતિની કન્યા મેળવવામાં અને વિદેહ પતિની કન્યાનું હરણ કરવામાં, જે કાંઇ તેને લડવું પડયું હતું,[૩૭] તે કાંઈ યુદ્ધ કહી શકાય નહીં. છતાં યુદ્ધનુંજ નામ જો તેને આપવું હોય તો પણ તે, જેમ અન્ય વિગ્રહો પૃથ્વી મેળવવા માટે બે રાજસત્તાઓ વચ્ચે યોજાય છે તેવા પ્રકારનું આ હતુંજ નહીં. તે તો કેવળ જોરૂ પ્રાપ્તિ માટેનું હતું. અને તે માટેનું નિદાન આપણે એકદમ પ્રથમ પરિચ્છેદમાં (પૃ. ૭ ટી. ૧૧) જણાવી ગયા છીએ તે પ્રમાણે પણ કહી શકાશે કે, તે કાળદેવની અસ- રનું પરિણામ હતું. ચતુર્થ આરામાં લડાઇઓ જે થતી તે મુખ્યત્વે, "જર, જમીન અને જોરૂ એ ત્રણે કજીઆનાં છોરૂં" ની કહેતીમાંથી સૌથી છેલ્લી વસ્તુ નિમિત્તેજ આરંભાતી. જ્યારે પંચમ આરો બેસતાંજ, તે કાળદેવનો પ્રભાવ ( જમીન પ્રાપ્તિ માટેના યુદ્ધો ) આપણે, તે જ શ્રેણિકના પુત્ર, સમ્રાટ અજાતશત્રુના રાજ્યપ્રારંભથી જોઇશું. જો કે આપણે રાજા શ્રેણિકના સ્વભાવની આ પ્રમાણે ચિકિત્સા કરી છે. છતાં કોઈ ગ્રંથકારે[૩૮] એવો એક પ્રસંગ લખી બતાવ્યો છે કે જેને અંગે આપણે, એક વખતને માટે વિચાર કરવોજ રહે છે કે, શું તે પ્રમાણે રાજા શ્રેણિકના બાબમાં બન્યું હશે! કદાચ હોય ખરૂં. પણ વિશેષ સંશો- ધનને અંગે તે ખોટું ઠરે એમ પણ મનમાં ભીતિ રહે છે. તે ગ્રંથકાર લખે છે કે, રાજા શ્રેણિકે,[૩૯]

---

( ૩૫ ) विनयमूलो धम्मो

વિનય એ ધર્મનું મૂળ છે.

( ૩૬ ) જૈ. સા. લે- સં. પૃ ૭૮ અને આગળ.

( ૩૭ ) જુઓ પૃ. ૨૫૭ તથા તેની ટી. નં. ૭૩.

( ૩૮ ) પુરા. પુ. ૨. પૃ. ૨, ૩ નો આ પ્રમાણે મત છે, જ્યારે અન્ય ગ્રંથકારો માટે નીચેનું ટી. ૩૯ જુઓ.

( ૩૯ ) કે. હી. ઈ. પુ. ૧ પૃ. ૬૯૭: તથા બુ. ઇ- પૃ. ૬૦: આ બન્નેના મત નીચે પ્રમાણે થાય છે. મગધ અને ચંપાના બે નાનાં રાજ્યો વચ્ચે, જીવલેણ તકરાર ચાલ્યા કરતી હતી, અને તેનું પરિણામ, બુદ્ધદેવના

પોતાના મૃત્યુ પહેલાં નવ વર્ષે, અંગદેશ મગધ સામ્રાજ્ય સાથે ભેળવી દીધો હતો[૪૦] અને ત્યારથી અંગ-મગધા શબ્દનો પ્રયોગ અસ્તિમાં આવ્યો છે: આ પ્રમાણે બનવા પામ્યું હોય તો તેની સાલ ઈ. સ. પૂ. ૫૨૮+૯=ઇ. સ. પૂ. ૫૩૭ આવે.[૪૧] હવે તે સમયે, અંગદેશ ઉપર કયો ભૂપતિ રાજ્ય ચલાવતો હતો એમ જો આપણે તે દેશનો ઇતિહાસ તપાસીશું[૪૨] તો જણાય છે કે મહારાજા કરકંડુના અમલનો અંત આવ્યો છે. અને તે અપુત્રિયો હોવાથી તેની ગાદીએ તેનો જામાતૃ બેઠો છે. જ્યારે ઉપરમાં તો એમ હકીકત પ્રસિદ્ધ થઈ છે કે, અંગદેશ મગધદેશમાં ભેળવી લેવાયો. આ બેમાં કઈ હકીકત સાચી તેની સત્યતા પૂરવાર કરવામાં ન ઉતરતાં,[૪૩] આપણે એમ પણ તોડ કાઢી શકીશું કે, મહારાજા કરકંડુના સન્યસ્ત અંગીકરણ બાદ, તે દેશ મગધના ખંડિયા તરીકે ચાલુ થયો હતો અને કરકંડુના જમાઈએ, મગધનું ઉપરીપણું કબુલ રાખવાથી, રાજ્યસત્તાનો ભોગવટો કરવાનું તેને સોંપાયું હતું. આમ અનુમાન કરવાને મજબુત કારણ એ મળે છે કે, જો તે પ્રમાણે મગધને તાબે અંગદેશ હોય તોજ, મગધસમ્રાટ નંદિવર્ધનના સમયે,[૪૪] કલિંગપતિ ક્ષેમરાજ સ્વતંત્ર થવાને મંથન કરી શકે. નહીં તો મગધની સત્તા સામે માથું ઊંચકવાનું તેને કારણજ ન રહેત. એટલે પ્રાપ્ત થયેલ હકીકત ઉપરથી વિચારતાં એમ દેખાય છે કે, રાજા શ્રેણિકે, અંગદેશ યુદ્ધ કરીને કાંઇ કબજે કર્યો હતો એમ તો નથીજ. પણ તેમાં તો મહારાજા કરકંડુએ સન્યસ્ત લેવાથી, તે પ્રદેશ મગધની સત્તામાં ગયો હોય એવો ધ્વનિ નીકળે છે. આ બાબતમાં ગમે તેમ હોય, પણ એટલું નિર્વિવાદ થાય છે કે, રાજા શ્રેણિક કોઈ પણ રાજા સાથે, ભૂમિલાભ માટે[૪૫] વિગ્રહ આરંભ્યોજ નથી. અને તેથી કે. હી. ઇ. પૃ. ૧૫૭ માં લખ્યા પ્રમાણે He was the mightiest ruler of East India હતો છતાં, તેના રાજ્યનો વિસ્તાર, તેના પિતા તરફથી જે વારસો મળ્યો હતો તેનાથી કિંચિત પણ વિશેષ પ્રદેશનો તે સત્તાધારી થયો નહોતો.

**તેનું નિરભિમાનપણું**

જેમ વિદ્યા પ્રાપ્તિમાં, કે ગુણની પ્રશંસા કરવામાં તે તદ્દન સરળ અને નિરભિમાની હતો તેમ અન્ય વહેવારમાં પણ તે સાદોજ હતો. તેને ઊંચ-નીચ એવા ભેદજ અપ્રિય હતા, અને તે પ્રત્યે તિરસ્કાર પણ હતો. તેમાંય ખાસ કરીને, કોઈ વ્યક્તિ ફાંકો ધરાવે કે હું, જન્મને લીધે ( ગોત્ર કે કુળ)

---

બાળપણના સમયે, મગધના વિજય તરીકે છેવટમાં આવ્યું હતું. A death struggle was going on between the two smaller kingdoms of Magadha and Champa. This was decided in the time of Buddha's boyhood by the final victory of Magadha. ( જો આ સાચુંજ હોય તો, બુદ્ધદેવની બાળવયમાં, ઇ. સ. પૂ. ૫૮૯-૯૦ માં અને રાજા પ્રસેનજિતના સમયમાંજ એટલે શ્રેણિક ગાદીએ બેઠો તે સમયની પહેલાં બની ગયો કહેવાય. )

( ૪૦ ) જુઓ આ પુસ્તકે પૃ. ૧૭૩ ની નામાવળી.

( ૪૧ ) જુઓ આ પુસ્તકે પૃ. ૧૭૦.

( ૪૨ ) ઉપરની ટી. ૪૦ જુઓ.

( ૪૩ ) આપણે પૃ. ૧૭૧ ઉપર એમ જણાવ્યું છે કે, અંગદેશ તો મગધની સાથે રાજા ઉદયને ભેળવી લીધો હતો. વળી સરખાવો ઉપરની ટી. નં. ૩૯.

( ૪૪ ) જુઓ પૃ. ૧૭૭ તથા ચેદિવંશની નામાવળી ગોઠવવાને લગતી હકીકત.

( ૪૫ ) કૌશળપતિ રાજા પ્રસેનજિત સાથેના યુદ્ધનો પ્રસંગ તો માત્ર "કુળમદ" નું પરિણામ હતું.

ઊંચ છું તો તેને તે આકરી શિક્ષાપણ કરતો. એવો તે ન્યાયપ્રિય હતો. કૌશળપતિ પ્રસેનજિત સાથે જે તેને વારંવાર અખડાબખડી થયાં કરતી તેનું જો કારણ શોધીશું તો આ કૌશળપતિનું, કુળાભિમાનજ હતું. રાજા શ્રેણિકને તે મદ એટલો બધો ખટકતો હતો કે તેણે ઉપરાઉપરી નવ કે અગિયાર વખત કોશળપતિ ઉપર હલ્લો લઇ જઇને અંતે તેને હરાવીને નમાવ્યો ત્યારેજ જંપીને બેઠો હતો. અને વિશેષમાં તેનો તે કુળમદ–જાતિમદ,[૪૬] ફરીને પુનર્જીવન થવા ન પામે અને સર્વદા તે મગધના કુળથી ઉતરતી પંકિતનો છે એમ યાદ રહ્યા કરે, માટે તેની એક કુંવરી પોતા માટે અને તેના યુવરાજની કુંવરી પોતાના યુવરાજ કૂણિકને માટે, એમ તેના ઘરની બે કન્યાઓ લગ્નમાં લીધી હતી ( આ પ્રસંગ આપણે તેના કુટુંબનું વર્ણન લખતી વખતે પાછો હાથ ધરવો પડશે ) આ પ્રમાણે બીજાનો મદ ગાળવા પૂરતીજ પોતે ઉત્સુકતા ધરાવતો હતો, એમ નહોતું. પણ દૃષ્ટાંત બેસાડવાને પોતે પણ અન્ય કુળમાંથી[૪૭] અને વર્ણમાંથી પોતાના અંતઃપુરમાં રાણીઓ લાવ્યો હતો. એટલુંજ નહીં પણ પોતાની કુંવરીઓ પણ ક્ષત્રિય સિવાયના અન્ય વર્ણમાં પરણાવી હતી.[૪૮]

જો કે તે પોતે તો જાતિ, કુળ કે વર્ણમાં, પહેલેથી પણ બહુ માનતોજ નહોતો. તેમ વળી ઉત્તર જીવનમાં તો તે પાકો જૈન થઇ ગયો હતો. તે દર્શનમાં, જન્મના કારણને લીધે ઊંચ નીચનો ભેદજ હોતો નથી. તેમજ તે દર્શનમાં ગમે તે જ્ઞાતિ, કુળ કે વર્ણના માણસનો સદા સત્કાર અને પ્રવેશ થઇ શકે છે. એટલે તેવા દર્શનમાં જે પરમરકત થઇ ગયો હોય તેણે તો ઊંચ નીચની માન્યતાને એકદમ તિલાંજલીજ દઈ દીધી હોય એમ માની શકાય છે. છતાં તે પોતે અમુક જ્ઞાતિ[૪૯] અને કુળનો તો ગણાતોજ હતો ( આ બધાં બંધનો વ્યવહારીક અને સામાજીક છે, તેને ધર્મપાલન સાથે સંબંધજ નથી. વળી આ ઉપરથી આપણને સમાજ-સ્થિતિનું કેટલેક અંશે ભાન થશે. ) એટલે અત્રે તે વિષયની ચર્ચા કરવી અસ્થાને ગણાશે નહીં.

**તેનાં જાતિ અને કુળ**

લલિતવિસ્તર નામે બૌધગ્રંથ આધારે પુરાતત્ત્વના લેખક[૫૦] જણાવે છે કે તે વિદેહ દેશના કુટુંબમાંથી ઊતરી આવ્યો હતો. તેથી તે વૈદેહી

---

( ૪૬ ) હાલ જે અર્થમાં આ શબ્દ વપરાય છે તેવા સ્વરૂપમાં વપરાયો હોય તો કહેવું જોઈએ કે તે સમયે જાતિઓ નહોતીજ. પણ આવા પ્રકારના જુદા જુદા ભેદ દર્શાવવા પૂરતોજ તે શબ્દ અહીં વાપરવો પડ્યો છે. ( વિશેષ માટે પૃ. ૨૫ થી ૨૯ સુધીનું લખાણ જુઓ ) અહીં જાતિ એટલે ઓલાદ અથવા વંશ એવો અર્થ કરવો ઠીક થઈ પડશે.

( ૪૭ ) જુઓ રાણી સુનંદા સાથેનું તેનું લગ્ન. પૃ. ૨૪૨. જૈન સાહિત્ય ગ્રંથમાં આ પ્રમાણે હકીકત જણાવે છે. (જુઓ નં. મ. ચ. ૧૯૩૦ પૃ. ૫૦૪) ચેટક રાજા પાસે સુજ્યેષ્ટાની માગણી કરવા દૂત મોકલ્યો હતો. તેના જવાબમાં ચેટક રાજાએ કહ્યું કે " વાહી કુળમાં ઉત્પન્ન થઇ, હૈહયવંશની કન્યા ઇચ્છે છે, સમાન કુળનાં વર-કન્યાનો વિવાહ થવા યોગ્ય છે. " ( તો તો શ્રેણિકનું વાહી કુલ અને ચેટકનું હૈહયી થયું–વર્તમાન કાળે મહિસુર રાજ્યનું મુખ્ય કુટુંબ, હૈહયી વંશનું કહેવાય છે. ને આ વંશના પૂર્વજોને પણ જૈન ધર્મીઓજ લેખવામાં આવતા હતા. અહીં વાહી કુળ લખ્યું છે, જ્યારે ઈતિહાસમાં મલ્લ જાતિ અને લિચ્છવી–સંત્રીજિ ક્ષત્રિય તરીકે ગણાવ્યો છે. સમજાય છે કે વાહી તે કુળ હશે. જ્યારે સંત્રીજિ, લિચ્છવી, મલ્લ વિગેરે જાતિ ( ક્ષત્રિય ) નાં નામ હશે.

( ૪૮ ) આગલ ઉપર. તેનાં પુત્ર પુત્રીઓની હકીકતમાં જુઓ.

( ૪૯ ) ઉપરના ટીપણ ૪૬ માં જે અર્થ જાતિનો સૂચવ્યો છે તે અહીં લેવો.

( ૫૦ ) જુઓ પુરા. પુ. ૨. પૃ. ૨, ૩ઃ વળી સર-

કહેવાતો હતો. જ્યારે પંડિત તારાનાથ તથા જ. બી. રી. સો. ના[51] લેખક જણાવે છે કે તે લિચ્છવી જાતના ક્ષત્રિયોની એક જ્ઞાતિનો હતો. હવે વૈદેહીના અર્થ બે ત્રણ થઇ શકે છે (૧) વિદેહ દેશનો વતની (૨) વિદેહ દેશના રાજ્ય કુટુંબનો માણસ–ભલે પછી વિદેહમાં ન પણ રહેતો હોય અને (૩) વિદેહ દેશની કન્યાનો પુત્ર. આ ત્રણ અર્થમાંથી જો કોઇ સંબંધ રાજા બિંબિસારને લાગતો હોય તોજ તેને વૈદેહી કહી શકાય. વિદેહ દેશની રાજધાનીનું નામ વિશાળા નગરી છે એટલે વિદેહને વૈશાળી દેશ કહેવાય છે. વળી તેની અને મગધ દેશની વચ્ચે ગંગા નદી વહે છે. એટલે કે બન્ને દેશ જુદા છે. કે જેથી નિવાસ સ્થાનને અંગે તો મગધપતિ હોય તે વૈદેહી થઇ ન શકે. હવે બીજા અર્થ પરત્વે પણ તે વૈદેહી નથી ઠરી શકતો, કેમકે જો તે વિદેહપતિ સાથે કૌટુંબિક સંબંધ ( માતૃપક્ષ કે અન્ય સંબંધ કાટુંબિક ન કહેવાય. માત્ર પિતૃપક્ષીજ–from paternal side only કુટુંબ તરીકે ગણી શકાય. ) ધરાવતો હોય તો તો વિદેહપતિ રાજા ચેટક સાથે યુદ્ધમાં પણ ઉતરત નહીં, તેમ ચેટક રાજાની કન્યા, ચિલ્લણા સાથે પોતે લગ્નગ્રંથીથી જોડાઇ શકત પણ નહીં. કેમકે એકજ કુટુંબની કન્યા, તેજ કુટુંબનો પુરૂષ પરણી શક્તો નથીજ.[52] એટલે પ્રથમના બે મુદ્દા અફળ ઠર્યા. હવે ત્રીજો મુદ્દો તપાસીએ. તેની માતા વિદેહ દેશની પુત્રી નહોતીજ. તેણીને તો આપણે ભદ્રીક્ષત્રિયાણી[53] હોવાનું કહી ગયા છીએ, જેથી તે અર્થમાં પણ તેને વૈદેહી કહી શકાય તેમ નથીજ. એટલે લલિત વિસ્તરનું કથન ઠીક નથી એમ જોઇ લીધું. હવે પંડિત તારાનાથનું અને અન્ય લેખકનું કથન વિચારીએ. તેમના મત પ્રમાણે તે લિચ્છવી જાતિના ક્ષત્રિયમાંનો હતો. અને આ લિચ્છવીને પણ સંગ્રીજિ[54] નામની મૂળ ક્ષત્રિય જાતિના વિભાગ તરીકે બૌદ્ધગ્રંથોમાં ઓળખાવી છે. જ્યારે જૈન સાહિત્યમાં[55] એમ જણાવાયું છે કે, કાશીદેશના મલ્લ જાતિના નવ રાજાઓ[56] તથા કોશળદેશના લિચ્છવી જાતિના નવ રાજાઓ, એમ મળી કુલ્લ અઢાર રાજાઓ, કોઇક કામ પ્રસંગે એકઠા મળ્યા હતા. ત્યાં તેમણે શ્રીમહાવીર નિર્વાણ પામ્યાના સમાચાર સાંભળ્યા. અને તે બધા રાજાઓ વિદેહપતિ રાજા ચેટકની આણમાં[57] હતા. તેમ વળી ઇતિહાસમાં પણ પ્રસિદ્ધ છે કે, મલ્લજાતિના ક્ષત્રિયોનાં અનેક સ્થાનો (સંસ્થાનો) હતાં, જેમાંનું એક મગધદેશની રાજગૃહી પાસેજ હતું, બીજું વિદેહની વૈશાલીમાં હતું, અને ત્રીજુ કાશી દેશમાં હતું.

---

બાવો કૂણિક વૃત્તાંતે જ્યાં તેને વિદેહિપુત્તો કહ્યો છે તે હકીકત.

( ૫૧ ) જુઓ પુ. ૧ લું પૃ. ૯૭.

( ૫૨ ) કોઈ ગ્રંથમાં આવો દાખલો બન્યાનું લખાયું હોય એમ યાદ નથી. વર્તમાનકાળે કેટલીક કોમોમાં આ પ્રથા નજરે પડે છે. એટલે તેની શરૂઆત પાછળના કોઈ સમયે થઈ હશે એમ માનવું રહે છે.

( ૫૩ ) જુઓ પૃ. ૨૫૨.

( ૫૪ ) સમ્+ગ્રીજિ:સમ્=સાથે, એકત્ર અને ગ્રીજિ એટલે ગ્રીજિ જાત: એટલે કે જેટલા ગ્રીજિ જાતના ક્ષત્રિય હોય, તે બધાને સમગ્ર લઇને જો સંબોધવા હોય તો તે સર્વે સંગ્રીજિ કહી શકાય છે.

( ૫૫ ) જુઓ ક. સૂ. સુ. ટીકા પૃ. ૧૦૨.

( ૫૬ ) અત્ર રાજા શબ્દ એટલે નાના પ્રદેશ ઉપર હકુમત ધરાવતો પુરૂષ ગણવાનો છે. રાજા એટલે king જેવા ભાવાર્થમાં નહીં, પણ એક મોટો જમીનદાર–A great land lord; જેમ શ્રી મહાવીરના પિતાને રાજા સિદ્ધાર્થ કહેવાય છે તેમ કોઈ એક ગણતંત્ર રાજ્યનો અધિકારી હોય તે રાજા કહેવાય.

( ૫૭ ) ચેટક તો માત્ર વિદેહપતિ હતો. તેની આણ કાશી ઉપરે નહોતી, તેમ કોશળ ઉપરે પણ નહોતી. ( જુઓ તે બન્ને દેશનો ઇતિહાસ જે આપણે ઉપર

તેમ આપણે કાશી દેશનો ઇતિહાસ લખતાં જણાવી ગયા છીએ કે, રાજા શિશુનાગને કાશીની ગાદીએ આવ્યા બાદ થોડા કાળે, મગધદેશમાં આવી રાજ્યની લગામ હાથ ધરવાને આમંત્રણ મળ્યું હતું. એટલે આ બધી સ્થિતિનું એકીકરણ કરતાં માલૂમ પડે છે કે, શિશુનાગવંશી રાજાઓ, મલ્લ જાતિના ક્ષત્રિય હોવા જોઇએ. અને તે મલ્લ જાતિ લિચ્છવી ક્ષત્રિયોની પેઠે સંગ્રીજિ જાતિનાજ પેટા વિભાગી હોવા જોઈએ. વળી એમ પણ દેખાય છે કે, આ અઢાર જાતિના સંગ્રીજિમાંથી, કોઇ પણ એક જાતિવાળો પુરૂષ બાકીની સત્તર જાતિમાંથી કન્યા પરણી શકતો હશે અને તેમ કરવામાં ગોત્ર કે કુળનો બાદ આવતો નહીં હોય. જ્યારે આ અઢારે જાતિઓમાં ઉપ્તન્ન થયેલાને એકલા સંગ્રીજિ તરીકેજ ઓળખાવાય છે ત્યારે તેઓ હાલની માફક જુદી જુદી જ્ઞાતિવાળા હોવા જોઇએ તેવા ભાવાર્થમાં ન લેખતાં, તેઓ જુદી જુદી ઓલાદના (stock) હતા,[૫૮] એમ દર્શાવવા પૂરતુંજ તે સ્થિતિનું વર્ણન કરાયું છે એમ ગણવું રહે છે.

**શ્રેણિકના ચારિત્યની સમાલોચના**

તે સમયે રાજકીય પ્રશ્નોમાં, જમીન પ્રાપ્તિનો મોહતો રાજાઓને નહોતોજ, તેથી ભૂમિ વિસ્તારની ગણત્રીએ શ્રેણિકનો રાજ્યકાળ કેવળ ઉપેક્ષાયુક્તજ ગણી શકાશે. બાકી દેશપરદેશની સાથે મિત્રતા અને આંતરિક વ્યવસ્થાના માપથી જો તેના રાજકીય જ્ઞાનની કિંમત આંકવી હોય, તો તેમાં પણ તે અન્ય ક્ષેત્રની પેઠે ઉત્તીર્ણ થતોજ દેખાશે. તેમ વળી ક્ષાત્ર તેજથી પરિપૂર્ણ હોઈ, સ્વમાનની રેખા પણ અતિ ઊંચા પ્રકારની ધરાવતો હતો એમ કહીએ તો ચાલી શકે; અને તેથી આપણે તેને, પિતા તરફથી કિંચિત્ પણ અપમાનિત થતાં, એકદમ દેશાટન સિધાવતો, અને બુદ્ધદેવ જેવા સમર્થ ધર્મપ્રચારકે, શિષ્ય લોભના મોહમાં અંજાઈ, પોતાની સંમતિ વિના રાણી ક્ષેમાને દીક્ષા દઇ દેવાથી, શેષ જીવનમાં તેમનું દર્શન પણ નહીં કરતો જોઇએ છીએ. તેમજ સમયસૂચકતા બતાવવામાં પણ, તે એક્કોજ હોય એમ સ્વીકારવું પડશે. નહીંતો પિતાએ યોજેલી રાજપદનિર્માણની પરીક્ષામાં લેશ માત્ર પણ ગભરામણ બતાવ્યા સિવાય, પોતાના સર્વ બાંધવોથી આગળ કેમ તરી આવત ? તેમજ ચિલ્લણાના અપહરણ સમયે તથા અભયકુમાર દીક્ષા લેવા ચાલ્યો ગયો ત્યારે,[૬૦] આસન્ન સંપન્ન ભયનું દર્શન થતાવેંત, જે ત્વરાથી તેણે કામ લીધું હતું તે શું લઈ શકત? અલબત્ત તે સાથે તેની બુદ્ધિમતાનું મુલ્ય આંકવાનું પણ વિસરવાનું નથી જ. અને તેથીજ તે બેન્નાતટ નગર જેવા અજાણ્યા પ્રદેશમાં પણ તેજંતુરીની પરીક્ષા કરીને, સાર્થ-

---

લખી ગયા છીએ તે ) પણ અહીં એમ અર્થ બંધબેસતો લાગે છે કે, તે સંગ્રીજિ જાતના સર્વે ક્ષત્રિઓમાં વૃદ્ધ હતો. એટલે તેની આણામાં સર્વે લિચ્છવીઓ અને મલ્લ રાજાઓ હતા. ( અહીં આણ તે રાજ્ય હકુમતને અંગે નથી વપરાયો, પણ કૌટુંબિક અને જ્ઞાતિના બંધન પરત્વેજ વપરાયલ ગણવાનો છે. )

( ૫૮ ) જુઓ ઉપરનું ટી. ૪૬.

( ૫૯ ) શ્રેણિકના ચારિત્રને આધારે આપણે તેને નીચે પ્રમાણેના શબ્દો ટૂંકમાં અર્પણ કરી શકીશું.

( a ) Shrenik the Talented —બુદ્ધિમાન
( b ) „ the Reformer —સુધારક
( c ) „ the Courageous—હિંમતવાન
( d ) „ the Just and —ન્યાયી
( e ) „ not Envious or Vindictive. —સમભાવી
( f ) „ the Liberal —ઉદાર
( g ) „ the Present-minded—સમયસૂચક

( ૬૦ ) આ પ્રસંગ ઈતિહાસને લગતો ન હોવાથી આપણે આ પુસ્તકમાં વર્ણવ્યો નથી.

વાહને સંતોષી, રાજ્યતરફના માનને પામી શક્યો હતો. જેમ પોતે પરીક્ષામાં બેસીને, પોતાના પરીક્ષકને સંતોષી, સાબાશી પ્રાપ્ત કરી જાણતો, તેમ પોતે પણ સામાની પરીક્ષા કરવાના ચાતુર્યમાં ઊતરે તેમ નહોતો. તે હકીકત, તેણે મહામંત્રી નીમવા માટે કરેલી ગોઠવણ ઉપરથી આપણને કેટલેક અંશે સમજાય છે. તેમજ તે વખતે, જે ત્રણ ધર્મો–વૈદિક, બૌદ્ધ અને જૈન–સામાન્યપણે વર્તી રહ્યા હતા, તે ત્રણેનો–એક પછી એકનો–સ્વાનુભવ મેળવી તેમાંથી સારાસારપણે, ક્યો વધારે ઉપાદેય અને હિતકારક ગણી શકાય તેમ છે, તે તારવી શકત નહીં. તે સાથે એમ પણ કહેવુંજ જોઇશે, કે પોતે ગમે તે ધર્મનો અનુયાયી હોવા છતાં, કોઇ અન્ય ધર્મી ઉપર, ધર્મની બાબતમાં દબાણ લાવ્યો હોય, કે પોતાનો રોષ ઠાલવ્યો હોય એમ પણ ક્યાંય નજરે પડતું નથી; નહીં તો બુદ્ધદેવે, તેની રાણીને, તેની સંમતિ વિના દીક્ષિત કર્યા પછી, તે જો ધારત તો, પોતાના રાજ્ય પ્રદેશમાં સર્વ સમર્થ હોવાથી, શું તેમને કે તેમના કોઇ સાશ્રીતને હેરાન કરી ન શકત? અથવા પોતાના રાજ્યની હદમાં, પ્રવેશ કરવાનો મનાઇ હુકમ શું તેમને ફરમાવી ન શકત? પણ તેમ કાંઇ પણ કર્યાનું, જ્યારે તેઓનાજ ગ્રંથોમાં પણ માલૂમ પડતું નથી ત્યારે સ્પષ્ટપણે સમજાય છે કે, તે ધર્મના બાબમાં જેમ સહિષ્ણુતા ધરાવતો હતો, તેમ પ્રજાનાં ધર્મપાલનમાં કોઇ જાતની રાજ સત્તા તરફથી ડખલગિરિ કરવી તે આફતને નોતરવા સરખું છે એમ પણ ગણતો હતો. વળી તે અતિ ઉદાર હતો. તેના નગરમાં અનેક ધનિકો વસતા હતા છતાં કોઇ તરફ રાતી આંખ સરખી કરી, કે તેમના ધન સંચય તરફ કાંઇ ઇર્ષ્યાની નજર કરી ત્રાંસી આંખે નિહાળ્યું હોય, એમ પણ દેખાયું નથી. વળી વિદ્યા અને કળા જ્યાંથી મળે ત્યાંથી સંપાદન[૬૧] કરવામાં, એક ઉત્સુક તરીકે, તેમજ સારવસ્તુના ગ્રાહક તરીકે, અને શાંતિના ઇચ્છુક તરીકે પણ, તેને આપણે જોઇ લીધો છે. વળી શાંતિના ઇચ્છુક હોવા છતાં અને ન્યાય તોળવામાં ઝીણવટથી જોનાર હોવા છતાં,[૬૨] કોઈ જાતનો દંભ કે ડોળ તેને કયાંય દેખાય તો તેનો ઉચ્છેદ કરવામાં, જેમ કૌશળપતિની પાછળ આદુ ખાઇને મંડયો હતો, તેમ પોતાનું મનધાર્યું છેવટ આવી જાય ત્યાં સુધી ખંતપૂર્વક મંડયો રહેતો હશે એમ પણ સમજાય છે.

હવે એકજ બાબતનો ઉલ્લેખ કરીને તેનું જીવનચરિત્ર સમાપ્ત કરીશું. આ બાબત સામાજિક છે. તેમાં પણ કેવળ લોક કલ્યાણની તેની ભાવનાનીજ પ્રતીતિ મળે છે. દરેક સંક્રમણકાલમાં કાર્ય કરનારે, કેવી સંભાળથી, ધૈર્યથી અને દક્ષતાથી કામ લેવું પડે છે, તેનો જેને અનુભવ થયો હોય છે, તેજ કહી શકે છે. તે પ્રમાણે તેનો સમય પણ લૌકિક વ્યવહારમાં સંક્રમણનો હોઇને, આખા સમાજમાં શ્રેણિઓના રૂપમાં, જે તદ્દન નવીન પ્રકારની રચના તેણે ઊભી કરી છે, તથા તેનો લાભાલાભ વિચારી, નિર્વિઘ્નપણે તે સર્વેને ગતિમાં મૂકી બતાવી છે, તેથી તો તેનાં અસીમ ધૈર્ય, સાહસિકતા અને કાર્ય કુશળપણાની હદજ આવી ગઇ હોય, એમ આપણે લેખવું પડે છે. એટલુંજ નહીં પણ, જ્યારે તેણે રચી આપેલ સર્વ ધારા ધોરણ માત્ર નામનાજ ફેરફાર સાથે, અદ્યાપિ પર્યંત પણ,

---

મુમુક્ષુએ ભ. બા. પૃ. માં અભયકુમારની આખ્યાયિકા વાંચી જોવી.

( ૬૧ ) આવાં આવાં સદ્‌ગુણોનાં દૃષ્ટાંતો જે ધર્મ તે પાળી રહ્યો હતો તે જૈન ધર્મનાં સાહિત્ય ગ્રંથોમાંથી અનેક મળી આવે તેમ છે. પણ અત્ર તો કેવળ ઐતિહાસિક ગ્રંથમાં આલેખી શકાય તેવાંનેજ દાખલ કરવાનો મુદ્દો હોવાથી, તે ક્યાંય જણાવ્યાં નથી.

( ૬૨ ) જુઓ ઉપરની ટીકા ૫૯.

એવાંને એવાંજ આપણા હિતમાં ઉભાં રહેલ નિહાળીએ છીએ, ત્યારે તેના કાર્યના સંગીનપણાની આપણને ખાત્રી મળે છે. વળી તે માટે આટલા લાંબા કાળે પણ જ્યારે આશ્ચર્ય ચકિત થવા સાથે, તેનો ઉંડો આભાર દર્શાવવાનું મન થઇ આવે છે, ત્યારે તો તેની કુશાગ્ર બુદ્ધિ માટે તેને ધન્યવાદ આપવા આપણા મનમાં સહેજેજ સ્ફુરતિ થઇ આવે છે. તેમજ તે વખતનો સમાજ, તેવાં કાર્યોની આદિ કરનારની બુદ્ધિ, હિંમત, લોક કલ્યાણની ધગશ અને તે સર્વ માટે દાખવેલી શક્તિ ઉપર, વિનમ્ર ભાવે મસ્તક નમાવી શું શું પ્રમાણમાં ઓવારણાં લીધાં વિના રહી જતો હશે, તેનો ઉલ્લેખ કરવા કરતાં તો કલ્પનાજ કરી લેવી આપણા માટે યથાર્થ ગણાશે.

આ પ્રમાણે આર્થિક, ધાર્મિક કે રાજકીય એમ જે ક્ષેત્રમાં જુઓ તે સર્વેમાં આપણી દૃષ્ટિએ તે સર્વ ગુણોપેત હોવાનુંજ માલૂમ પડે છે. તેની વિરૂદ્ધમાં જાય તેવો બનાવ કદાચ બન્યો હોય છતાં કોઈ દાખલો નોંધાયો ન હોય, એમ પણ બને. અથવા કદાચ વિરૂદ્ધમાં જાય તેવો બનાવ મૂળે બનવા પામ્યોજ ન હોય એમ પણ બને. પણ પ્રથમ સ્થિતિના અભાવે બીજી વસ્તુસ્થિતિજ પ્રમાણે સઘળું હતું, એમ અત્યારે તો માની લેવું રહે છે.

• જૈન ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે તો તેને ઘણી રાણીઓ હતી[૬૩] તેમાંથી ત્રેવીસે તો દીક્ષા પણ લીધી હતી. આ ઉપરાંત વળી બીજી અનેક હતી.

**તેનું કુટુંબ,રાણીઓ, અને પુત્ર પુત્રીઓ**

પણ તેમાંની જે વ્યક્તિઓ વિશે ઇતિહાસની નજરે કાંઇ પણ જણાયું છે, તેઓને લગતુંજ વિવેચન અત્ર કરીશું. તેવી રાણીની સંખ્યા પાંચની છે. તેમનાં નામ અનુક્રમવાર આ પ્રમાણે ગોઠવી શકાશે ( ૧ ) સુનંદા ( ૨ ) ધારિણી ( ૩ ) ક્ષેમા ( ૪ ) ચિલ્લણા અને ( ૫ ) કૌશલ્યા દેવી.

( ૧ ) સુનંદા–તેણી ધનકટક દેશમાં બેન્નાતટ નગરના એક શ્રેષ્ઠિની પુત્રિ હતી. અને તેણીનું લગ્ન કુમાર બિંબિસાર ઈ. સ. પૂ. ૫૮૦ માં મગધપતિ થયો તે પૂર્વે, બે અઢી વર્ષે એટલે ઈ. સ. પૂ. ૫૮૩–૮૨ માં બેન્નાતટ નગરેજ થયું હતું તે આખો પ્રસંગ પૃ. ૨૪૨–૪ ઉપર વર્ણવ્યો છે. તેણીને પેટે મહામંત્રી અભયકુમારનો જન્મ ઇ. સ. પૂ. ૫૮૦ માં થયો હતો. એટલે રાજા બિંબિસારના સર્વે પુત્રોમાં અભયકુમાર જ્યેષ્ઠ પુત્ર કહી શકાય. તે મહાવિચિક્ષણ અને બુદ્ધિશાળી હતો. આવા સદ્દગુણોને લીધે મગધપતિનો (એટલે પોતાના પિતા રાજા બિંબિસારનો ) મહામંત્રી કેવી રીતે તે બનવા પામ્યો હતો તેનું વર્ણન ઉપરમાં પૃ. ૨૪૫ થી ૪૯ માં આપણે કરી ગયા છીએ. મહામંત્રી બન્યા પછી પણ પોતાના પિતાને તે ગૃહકાર્યમાં તેમજ રાજકારણમાં બહુમુલ્યવાન મીરાસ સમો

( ૬૩ ) એ. હી. ઈ. પૃ ૭૩ ઉપર, બૌદ્ધગ્રંથ મહાવગ્ગનું નામ આપીને જણાવ્યું છે કે, રાજા બિંબિસારને ૫૦૦ રાણીઓ હતી.

જૈનગ્રંથ ( જુઓ અંતગડદશાંગ વર્ગ સાત, અધ્યયન ૧૩ ) શ્રેણિક રાજાની તેર રાણીઓએ, પતિની રજા મેળવી દીક્ષા લીધી હતી. તેમનાં નામ (૧) નંદા (૨) નંદમતિ (૩) નંદોત્તરા (૪) નંદસેના (૫) મહત્તા (૬) સુતુરતા (૭) મહામરૂતા (૮) મરૂદેવા (૯) ભદ્રા (૧૦) સુભદ્રા (૧૧) સુજાતા (૧૨) સુમનાતીતા અને (૧૩) ભૂતદીપ્તા. વળી આઠમા વર્ગના દશ અધ્યયનામાં, શ્રેણિકના મરણ પછી જે રાણીઓએ દીક્ષા લીધી હતી તેનાં નામ આપ્યાં છેઃ–(૧) કાલી (૨) સુકાલી (૩) મહાકાલી (૪) કૃષ્ણા (૫) સુકૃષ્ણા (૬) મહાકૃષ્ણા (૭) વીરકૃષ્ણા (૮) રામકૃષ્ણા (૯) પિતૃસેન કૃષ્ણા અને (૧૦) મહાસેનકૃષ્ણા. આ બધી કૂણિકની અપર માતાઓ છે. તેની પોતાની માતાનું નામ જુદું જાણવું.

થઇ પડયો હતો. તેમજ રાણી ચિલ્લણા સાથેનું લગ્ન ગોઠવી આપવામાં તથા સામાજીક અને આર્થિક ઘડતરની શ્રેણિઓ રચવામાં, રાજા શ્રેણિકના જમણા હાથ રૂપ તે નીવડયો હતો. તેની બુદ્ધિ પ્રધાનતાને લીધે તે એટલો બધો પ્રસિદ્ધિને પામ્યો છે કે અઢી હજાર વરસનો કાળ વ્યતીત થઇ ગયા છતાં, અદ્યાપિ પણ જૈન વ્યાપારિઓ પોતાના હિસાબી ચોપડાઓનું દીપોત્સવી પ્રસંગે શારદા પૂજન કરતી વખતે, અનેક શુભ આશીર્વાદોની યાચનામાં 'અભયકુમારની વૃદ્ધિ હોજો' એવી એક પ્રાર્થના કરતી ગાથા પણ લખે છે. જેમ બુદ્ધિમાં વિચિક્ષણ હતો અને રાજકાજમાં એક મુખ્ય સુકાની હતો તેમ તેનું ચારિત્ર અને સદાચાર પણ અતિ ઉત્તમ કોટિના હતાં. તેના વિશે જૈન સાહિત્ય ગ્રંથોના એટલે સુધી તારીફ કરવામાં આવી છે કે, જે કોઇ અભયકુમાર મંત્રીશ્વરની મિત્રતા સાધવામાં ફતેહમંદ થતું, તેનું જીવન ધન્ય ગણાતું. અને તે વ્યકિત કાંતો તેજ ભવમાં અથવા બહુતો ત્રણ ભવમાંજ મોક્ષનો અધિકારી બની શકતો.[૬૪] તે પોતે પણ જૈન પંથનો પરમ શ્રદ્ધાવંત ભકત હતો અને જ્યેષ્ઠ પુત્ર હોવા છતાં રાજ્ય પ્રાપ્તિ તરફ દુર્લક્ષ રાખી, રાજા શ્રેણિકના રાજ્યના અંત પૂર્વે પાંચ છ વર્ષેજ, એટલે આશરે ઈ. સ. પૂ. ૫૩૩ માં જૈન મતની દીક્ષા લઇ સાધુ બની ગયો હતો; તેનું મરણ કયારે નીપજ્યું તે બરાબર જણાયું નથી.

રાણી સુનંદાને પેટે અન્ય કોઇ કુમાર કે કુંવરી જન્મ્યા હતા કે કેમ તે જાણી શકાયું નથી. પણ કુંવરી મનોરમા[૬૫] કદાચ તેણીની પુત્રી પણે માની શકાય તેમ છે; જોકે વિશેષ પણે તો તે બીજી રાણી જે ધારિણી નામ્ના હતી તેણીની પુત્રી હોવા સંભવે છે.

રાણી સુનંદાના ઉત્તર જીવન વિશે તેમજ તેણીના અંત વિશે[૬૬] બીજી કોઇ માહિતી મળતી નથી. એટલુંજ કહી શકાય તેમ છે કે, રાજા બિંબિસારના રાજ્યાભિષેક થયા પછી આઠેક વર્ષ બાદ તેણી, પોતાના પુત્ર અભયકુમારની સાથે, પિતૃગૃહનો ત્યાગ કરીને મગધમાં આવી હતી અને પછી શેષ જીવન પતિગૃહેજ નિર્ગમન કર્યું હતું.

(૨) ધારિણી—રાજા બિંબિસાર ગાદીનશીન થયા પછી આ રાણી સાથે લગ્ન ગ્રંથીથી તુરતમાંજ જોડાયો હોય એમ ગણત્રી કરી શકાય છે. કેમકે આ રાણીના પેટે જન્મેલ મેઘકુમારે, પોતે યૌવનાવસ્થામાં અનેક કુંવરીઓ વેરે પરણ્યા બાદ દીક્ષા લીધી છે.[૬૭] અને તે બનાવ અર્હન શ્રી મહાવીરે (અર્હન પદની પ્રાપ્ત ઇ. સ. પૂ. ૫૫૬ માં છે) રાજગૃહીનગરે ચૌદ ચોમાસાં કર્યાં છે[૬૮] તે સમયે બનવા પામ્યો છે. એટલે કે મેઘકુમારની દીક્ષા ઈ. સ. પૂ. ૫૫૬ બાદ થઇ છે. આપણે તેને

(૬૪) આ વિશે દ્રષ્ટાંતો જોવા હોય તો ભ. બા. વૃ. ભા. માં અભયકુમારનું જીવન વાંચો. તેમાં ખાસ કરીને આર્દ્રકુમાર કે જેની હકીકત પૃ. ૨૬૬ તથા તેની ટીકાઓમાં કરેલ છે તે તથા કૃતપુણ્ય-કયવન્નાશેઠ સાથેની મૈત્રી સંબંધવાળો ભાગ વાંચો.

(૬૫) આ પુત્રી વિશે આગળ લખીશું.

(૬૬) જૈન સાહિત્યમાંથી સમજાય છે કે, જ્યારે અભયે દીક્ષા લીધી ત્યારે, તેની માતાએ પણ પતિની રજા મેળવી શ્રી મહાવીર પાસે દીક્ષા લીધી છે.

(૬૭) આ કુંવરની દીક્ષા સંબંધી મનોરંજક અને પ્રબોધક વૃત્તાંત માલૂમ પડે છે. જુઓ તે માટે ભ. બા. વૃ. માં તેનું જીવન ચરિત્ર.

(૬૮) ક. સૂ. સુ. ટીકા પૃ. ૧૦૧-તેમનાં ૪૨ ચોમાસાં નીચે પ્રમાણેનાં સ્થળે થયાં છે ૧ અસ્થિકગ્રામ, ૩ ચંપા-પૃષ્ઠ ચંપા, ૧૨ વૈશાળી અને વાણિજ્યગ્રામે, ૧૪ રાજગૃહીનગરી અને નાલંદે, ૬ મિથિલામાં, ૨ ભદ્રિકામાં, ૧ આલંબિકાનગરીએ, ૧ શ્રાવસ્તિ, ૧ વજ્રભૂમિ અને ૧ અપાપાનગરી: તેમાંના કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયા બાદના જે ૩૦ ચોમાસાં છે તેમાનું ૧ ચંપા, ૧૦ વૈશાળી ૧૩ રાજગૃહી અને ૬ મિથિલા નગરીએ સમજવાં (આ

ઇ. સ. પૂ. ૫૪૫ ગણીએ તો પણ તે સમયે મેઘ-કુમારની ઉમર આશરે ૩૦ ની લેખતાં, તેનો જન્મ ઇ. સ. પૂ. ૫૭૫ માં આવશે. અને રાજા બિંબિસારનો રાજ્યાભિષેકજ ઇ. સ. પૂ. ૫૮૦ માં થયો છે. એટલે ધારિણી સાથેનું લગ્ન, રાજ્યપદે આવ્યા પછી પ્રથમ થયું હોય એમ માની શકાય છે.

કુમાર મેઘ ઉપરાંત, કુંવરી મનોરમા પણ આ રાણીને પેટે જન્મી હોય એમ માનવાને કારણ મળે છે.[૬૯] અને તેણીને રાજગૃહી નગરીના એક કૃતપુણ્ય[૭૦] નામે શ્રીમંત શ્રેષ્ઠિપુત્ર સાથે પરણાવી હતી. આ કૃતપુણ્ય શેઠને પણ અભયકુમાર સાથે અતિગાઢ મૈત્રી બંધાઈ હતી અને શ્રી મહાવીર પાસે તેણે દીક્ષા પણ ગ્રહણ કરી હતી. આગળ પાછળના સંજોગની ગણત્રી કરતાં કુંવરી મનો-રમાનું લગ્ન આશરે ઈ. સ. પૂ. ૫૫૯–મ. પૂ. ૩૨ માં થયાનું માની શકાય છે. એટલે તેણીનો જન્મ આશરે ઈ. સ. પૂ. ૫૭૨ માં થયો કહે-વાશે. આ પ્રમાણે રાણી ધારિણીને પેટે મેઘકુમાર અને કુંવરી મનોરમાના પ્રસવ થયા કહી શકાશે. આ બન્નેનાં ( મુનિ મેઘકુમાર અને મનોરમાનાં ) મરણ ક્યારે થયાં તે હકીકત તારવી શકાતી નથી, તેમજ રાણી ધારિણીના મરણની સાલ પણ કાઢી શકાતી નથી. પણ તેણીએ પાછળથી દીક્ષા લીધી હશે એમ હકીકત ઉપરથી માનવાને કારણ મળે છે ખરૂં.

( ૩ ) ક્ષેમા—આ રાણી વિષે જૈન ગ્રંથમાં એક અક્ષર વટીક પણ ક્યાંય માલૂમ પડતો નથી. પણ બૌદ્ધ સાહિત્ય ઉપરથી સમજાય છે કે ઇ. સ. પૂ. ૫૫૯ ના અરસામાં તેણે બૌદ્ધદીક્ષા ગ્રહણ કરી હતી. આ સિવાય તેણીના જીવનની અન્ય કોઈ ઐતિહાસિક ઘટના નજરે પડતી નથી. એટલે આપણે પણ તેણીના નામનો માત્ર ઉલ્લેખ કરીનેજ સંતોષ ધરવો પડે છે.

( ૪ ) ચિલ્લણા—આ રાણી સાથેનું પાણિ-ગ્રહણ કેવી રીતે થવા પામ્યું હતું તે આખો પ્રસંગ ટૂંકમાં ઉપર પૃ. ૨૫૭ માં વર્ણવાઇ ગયો છે રાણી મહાબુદ્ધિમતા હોઇ રાજા સાથે વારંવાર વાર્તા-લાપ અને ચર્ચાઓ કરતી જેથી, તેના ચિત્તનું આકર્ષણ બહુ સારી રીતે ટૂંક વખતમાં કરી શકી હતી. પરિણામે રાજા બિંબિસારની જૈનધર્મ પ્રત્યેની

---

ઉપરથી સમજાશે કે, કૈવલ્ય બાદ મોટા ભાગનાં ચોમા-સાંનું જીવન તેમણે રાજગૃહી અને વૈશાળીમાંજ ગાળ્યું છે; વર્ષના શેષ ભાગે અન્ય વિહાર કરતા હતા.

( ૬૯ ) અત્યારસુધી રાજા બિંબિસારને ત્રણ રાણીઓ હતી એમ દેખાય છે; સુનંદા, ધારિણી અને ક્ષેમા. તેમાંની છેલ્લી તો બૌદ્ધધર્મી હતી એટલે તે પોતાની પુત્રીને બનતા સુધી, જૈનધર્મી વેરે પરણાવવાને સંમત થાય નહીં એમ ધારી શકાય છે. જેથી ક્ષેમાની પુત્રી તરીકે મનોરમા કલ્પી શકાય નહીં; બાકી સુનંદા અને ધારિણી માંથીજ એકની પુત્રી તે હોઈ શકે. પણ ભ. બા. વૃ. ભા. પૃ. ૯૪ માં લખેલ છે કે અભયકુમારને શ્રેણિકે એકાંતમાં બોલાવીને કહ્યું કે " મારી પુત્રી મનોરમા રાજકુંવરને યોગ્ય છે. " હવે જો તેણી સુનંદાનીજ પુત્રી હોત તો, અભયકુમારને એમ કહેત કે, " તારી બહેન મનોરમા " પણ તેમ નથી કહ્યું. એટલે તે સુનંદાની પુત્રી નહીં હોય એમ કલ્પી શકાય છે.

( ૭૦ ) કૃતપુણ્ય તે સંસ્કૃત નામ છે. અને માગધીમાં તેને કયવન્ના શેઠ કહે છે.

કૃતપુણ્ય એટલે જેણે ઘણાં પુણ્યનાં કાર્યો કર્યાં છે તે; તેનું ખરૂં નામ શું હશે તે જણાયું નથી. પણ જૈન ગ્રંથકારો ઘણી વખત વ્યક્તિના ગુણદોષ ઉપરથી કે તેના જીવનના અમુક પ્રસંગ ઉપરથી જે નામે સંબોધે છે, તે પ્રથાનો આ એક દૃષ્ટાંત છે એમ સમજવું. બીજા દૃષ્ટાંતોમાં, શ્રેણિક, કૂણિક, સંપ્રતિ તથા ઉપરમાં પૃ. ૮૩ થી ૮૬ ની હકીકત અને તેની ટીકાઓ જુઓ.

શ્રદ્ધા વિશેષ દૃઢ થવા પામી હતી. તેવામાં એક અનાથ મુનિનો પ્રસંગ બન્યો એટલે બિંબિસાર જૈનધર્મનો અનન્ય ભક્ત બની ગયો. એમ માનવાને કારણ મળે છે કે, ઉપરની ત્રણમાંથી કોઇ રાણી આ સમયે વિદ્યમતી ન હોવાથી[૭૧] રાણી ચિલ્લણાને પટરાણીના માનવંત પદે સ્થાપીત કરવામાં આવી હતી.

રાણી ચિલ્લણાનું લગ્ન થવાનો પ્રસંગ ઇ. સ. પૂ. ૫૫૮ ની શરૂઆતમાં કે ઇ. સ. પૂ. ૫૫૯ ની આખરમાં બન્યો હોવો જોઇએ. રાણી થોડા સમયમાં સગર્ભા થઇ અને કાળ ગયે પુત્રને જન્મ આપ્યો. જે પાછળથી કૂણિક ઉર્ફે અજાતશત્રુ તરીકે રાજા બિંબિસારની પછી મગધપતિ તરીકે પ્રસિદ્ધ થયો છે. આ અરસામાં શ્રી મહાવીરને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી ( ઇ. સ. પૂ. ૫૫૬ )

ઘણીવખત એમ બને છે કે સગર્ભા સ્ત્રીને દોહદ ઉત્પન્ન થાય છે અને તે ઉપરથી ઉદરમાં રહેલ બાળકનું ભાવિ સૂચવનારાં વૃત્તાંતની આગાહી કરી શકાય છે. આ નૈસર્ગિક નિયમાનુસાર પટરાણી ચિલ્લણાને બે વખત દોહદનો ઉદ્ભવ થયો હતો. પ્રથમ વખતે તેણીને પોતાના પતિના શરીરનું માંસ ખાવાની[૭૨] અને દ્વિતીય વખતે મોટા ઠાઠ માઠ પૂર્વક વરઘોડો કાઢીને જીન મંદિરે જઇ, પ્રભુપૂજા કરવાની તેણીને ઇચ્છા થઇ હતી. પ્રથમનો દોહદ

---

( ૭૧ ) રાણી સુનંદા અને રાણી ધારિણી જૈન ધર્માનુયાયી હતી અને ક્ષેમા બૌદ્ધ ધર્મી હતી. પ્રથમની બે મરણ પામી હશે અને ત્રીજીએ દીક્ષા ગ્રહણ કરી હશે. જો પ્રથમની બે જણીએ પણ દીક્ષા લીધી હોય તો ક્ષેમા ભીક્ષુણી થવાથી તથાગત પ્રત્યે રાજાને જે ખોટું લાગ્યું હતું તેમ ખોટું લાગવાને કારણ મળત નહીં; અથવા તો ક્ષેમા પ્રત્યે પોતાનો અત્યંત પ્રેમ હોય તેથી પણ દીક્ષા આપવાને પોતે સંમતિ નજ આપી હોય એમ પણ બને.

આ ઉપરથી એમ પણ નક્કી થઈ શકે છે કે, કુંવરી મનોરમા તે ચિલ્લણાની પુત્રી હોઈ ન શકે: એટલે તે સુનંદા કે ધારિણીની પુત્રી સંભવી શકે છે: વળી બીજી હકીકત પણ સિદ્ધ થઈ જાય છે કે, ધારિણીપુત્ર મેઘકુમાર કે જેણે દીક્ષા લીધી હતી તેની ઉમર, રાણી ચિલ્લણાનું લગ્ન થયું ત્યારે ઘણી મોટી હોઇને ગૃહસ્થી તરીકેનું જીવન ગાળી રહ્યો હશે.

( ૭૨ ) આ દોહદનો ભાવ કેવી રીતે ભજવાયો હતો તે માટે જુઓ આગળ ઉપર. જ્યાં રાજા શ્રેણિકનું મરણ કેવા સંજોગોમાં નીપજ્યું હતું તેની હકીકત લખી છે તે તથા નીચેની હકીકત પણ વિચારો. Those who believe in metem-psychosis according to one's own deeds in previous births & thereby prove the link existing between karmas of one birth with those of the other, soon trace and realise the meaning of the present incident. (1) The queen having a desire when pregnant to eat king's flesh. (2) Why she threw the child out of disgust & the desire it created in her, when it was in womb. (3) Why Kunika has turned out a patricide and (4) Why the queen belonging to the Jain faith did not like to disclose such a desire to the king etc. etc. એક ભવમાં કરેલ કૃત્યો, જન્માંતરમાં ભોગવવાં પડે છે એવા સિદ્ધાંતમાં જેને શ્રદ્ધા છે (અને તેથી કરીને પૂર્વભવ અને વર્તમાન જીવન સંકળાયલાં કહી શકાય છે ) તેમને આ પ્રમાણેના બનાવનું સત્ય તુરત સમજી શકાશે. તે બનાવો ક્યા ? ( ૧ ) રાણી સગર્ભા હતી ત્યારે તેને રાજાના શરીરનું માંસ ખાવાની ઇચ્છા થઈ હતી તે ( ૨ ) બાળક ગર્ભમાં હતું ત્યારે જે ઇચ્છા થઈ તે, અને તે બાળકને ઘૃણાથી જીવતાં ઉકરડે નંખાવી દીધું તે ( ૩ ) કૂણિકની વૃત્તિ જે પિતૃઘાતક ? ( પિતાને દુઃખી કરવાની ) જેવી થઈ છે તે ( ૪ ) જૈન ધર્મમાં શ્રદ્ધા ધરાવતી રાણીએ પોતાના મનોભાવ રાજાને જણાવ્યા નહીં તે, ( જુઓ ટી. નં. ૭૩ ) આ બધા બનાવો ઉપર જન્માંતરના સિદ્ધાંતપરત્વે વિચાર કરો.

અનિષ્ઠ અને પાપશીલ હતો જ્યારે બીજો શુભ અને શાંતિ સૂચક હતો. છતાં પ્રથમવારની હકીકત રાજાને નિવેદન કરવાની તેણીની હિંમત ચાલી નહીં. એટલે બીજીવારની ઇચ્છા પણ ગોપવીજ[૭૩] રાખી અને એકપણ ઇચ્છા પરીપૂર્ણ ન થવાથી, તેણીની કાયા દુર્બળ બની ગઇ. જે ઉપરથી રાજાએ કારણ પૂછયું. ત્યારે દ્વિતીય દોહદ વ્યકત કર્યો અને રાજાએ ખુશી થઇ તે પરિપૂર્ણ પણ કર્યો. તે બાદ તેણીના ગર્ભાવસ્થાના શેષ દિવસો ઉલ્લાસમાં ગયા અને પૂર્ણ સમયે પુત્રને જન્મ દીધો. આ પુત્રજ ભાવિ મગધસમ્રાટ અજાતશત્રુ સમજવો.

કુંવર લાલન પાલન કરાતો ઉમરમાં વૃદ્ધિ પામવા લાગ્યો. એકદા તે અતિ આક્રંદ કરવા લાગ્યો. અને પાલણામાં હીંચોળાવા છતાં તેમજ અન્ય શાંતિદાયી ઉપચારો કરાતાં છતાં પણ, તેનું રૂદન જ્યારે બંધ નજ થયું, ત્યારે રાણીએ કંટાળીને તે પુત્રને દાસીદ્વારા રાજગઢ બહારના ઉકરડે નાંખી દેવરાવ્યો. ત્યાં ચરી ખાતા કુકડાયે તે બાળકની સુકુમાર આંગળીઓને પોતાની ચાંચવડે, છેદવા માંડી, એટલે છેદન થવાથી રૂધિર નીકળવા માંડયું. જેથી બાળકે પીડાને લીધે વિશેષ જોરથી આક્રંદ કરવા માંડયું. અકસ્માતે રાજા બિંબિસારનું ત્યાંથી પસાર થવું થતાં, રૂદન સાંભળવામાં આવ્યું. અને તપાસ કરી તો સ્વપુત્ર માલૂમ પડયો. પછી દાસ પાસે ઉપડાવી રાજમહેલમાં આણ્યો અને શાંત પાડયો. પણ રકત ઝરેલ આંગળીઓ ઉકરડાની અશુચીના યોગે પાછળથી પાકવા માંડી, અને અંદરથી પરૂ નીકળવા લાગ્યું. આ વેદનાભર્યા દિવસોમાં કુંવર કોઇ પણ રીતે શાંત રહી શકતો નહીં. એટલે રાજાએ પુત્રસ્નેહને અંગે તેની અંગુલીઓ પોતાના મુખમાં રાખી, પરૂમિશ્રિત લોહીવાળા પદાર્થ ચૂસી લઇ થૂંકી નાંખવા માંડયું. પરિણામે બાળકને કાંઇક શાંતિ વળવા લાગી અને નિદ્રા ધરવા લાગ્યો. ધીરે ધીરે કુંવરને આરામ આવી ગયો. આંગળીનો કેટલોક ભાગ કુકડાએ કરડી ખાધો હતો તેથી, તેમજ ક્ષત પડવાને લીધે માંસ ખવાઈ ગયું હતું તેથી, તે હાથનો પંજો, વાંકો ટૂંકો અને બેડોળ થઈ ગયો. જે ઉપરથી તે કૂણિક[૭૪] ( one having crooked arm ) નામથી પ્રસિદ્ધ થયો.

સૌથી મોટી બે રાણી સુનંદા અને ધારિણીનો અભાવ થવાથી તેમજ ત્રીજી રાણી ક્ષેમા ભીખુણી થઈ જવાથી રાણી ચિલ્લણાને પટરાણીના પદે[૭૫] સ્થાપવામાં આવી હતી. તેણીને અજાતશત્રુ સિવાય, હલ્લ અને વિહલ્લ નામના બીજા બે

( ૭૩ ) આ દોહદ રાજા પાસે રાણી પ્રગટ કરી શકી નહોતી તેમાં બીજું પણ કારણ હોઇ શકે છે, કે રાજાને હજુ આવા પ્રકારના દોહદના ફળ વિશે તથા જૈન ધર્મ વિશે બહુ લગની ન લાગી હોય, જેથી રાણીને મનમાં શંકા રહ્યાજ કરતી હોય કે હું દોહદની વાત તો કરૂં, પણ પરિપૂર્ણ ન કરે અને નાહક હાંસી થાય તો ?

આવા પ્રકારની શંકા રાણીના મનમાં થઈ હોય તો તે ઉપરથી સાબિત થાય છે કે તે સમયે રાજા પાકો જૈન થયો નહોતો એટલે નક્કી થાય છે કે રાણીને ઈ. સ. પૂ. ૫૫૮ અને ઈ. સ. પૂ. ૫૫૬ વચ્ચેજ ગર્ભ રહ્યો હતો.

( ૭૪ ) જૈ. સા. લેખ. સંગ્રહ પૃ. ૮૨; J. O. B. R. S. vol. I. p. 86:–Kunik in sanskrit means "one with a crooked arm." This epithet which was apparently employed by contemporaries, signifies that Ajatsatru had a cripled arm. જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૬. કૂણિક શબ્દનો અર્થ સંસ્કૃતમાં, બેડોળ હાથવાળો થાય છે. અને આવું ઉપનામ અજાતશત્રુને તેના સમસમયીપુરૂષોએ આપ્યું છે તેથી પૂરવાર થાય છે કે, તેનો હાથ વાંકોચુંકો અને બેડોળ હતો.

( ૭૫ ) જુઓ ઉપરની ટી. નં. ૭૧.

પુત્રો થયા હતા. રાજા બિંબિસારના મરણ બાદ, બીજાજ વર્ષે આ હલ્લ અને વિહલ્લ પુત્રોનાં મરણ નિપજ્યાં હતાં ( વધારે સત્ય તો એમ છે કે તેમણે તે વખતે દીક્ષા લીધી હતી ) તેમજ તેણીના પિતા[૭૬] વિદેહપતિ રાજા ચેટકનું મૃત્યુ પણ થયું હતું. આમ એક કે દોઢ વરસના અરસામાં અનેક સંબંધી જનોના વિયોગથી દુઃખિત થઇ, સંસારની અસારતા જાણી તેણીએ ઇ. સ. પૂ. ૫૨૭ ની મધ્યમાં, શ્રી મહાવીરના હસ્તેજ[૭૭] જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. આ સમયે તેણીની ઉમર[૭૮] આશરે પીસતાલીસ વરસની હતી. પછી ક્યારે મરણ પામી તે જણાયું નથી.

( ૫ ) કૌશલ્યાદેવી-કોશલ દેશના રાજા પ્રસેનજિતની પુત્રી હોવાથી તેણીને કૌશલ્યાદેવીના નામથી ઇતિહાસકારોએ સંબોધી છે. ખરૂં નામ શું હશે તે જણાયું નથી. મગધપતિનો શિશુનાગવંશ અને કોશલપતિનો ઇક્ષ્વાકુ વંશ; આ બેની વચ્ચે ઉચ્ચ નીચ કુળના અભિમાનને લીધે, કેટલાંય વર્ષો અને પેઢીઓ થયાં, વેરઝેર ચાલી આવતાં હતાં.[૭૯] પણ છેવટે જ્યારે ઇ. સ. પૂ. ૫૩૮ ના અરસામાં રાજા શ્રેણિકે કોશલપતિને સંપૂર્ણ હરાવીને સુલેહ કરી ત્યારે, મુખ્ય શરતમાં કોશલપતિનું કુલાભિમાન તોડવા માટે, તેની કુંવરી પોતા વેરે અને કોશલના યુવરાજની પુત્રી પોતાના યુવરાજ કૂણિક વેરે પરણાવવાનું નક્કી કર્યું હતું. આ પ્રમાણે રાણી કૌશલ્યાદેવી સાથેનું લગ્ન ઇ. સ. પૂ. ૫૩૮ ના અરસામાં થયું ગણાશે. તેણીના જીવન વિષે અન્ય કાંઇ હકીકત જણાઇ નથી. જ્યારે રાજા શ્રેણિકનું મરણ થયું ત્યારે તેણીની ઉમર ભાગ્યેજ ૨૬ વર્ષની કહી શકાય. એટલે પોતાની ભર યુવાવસ્થામાં આ કારી ઘા સહન કરી ન શકવાથી શોકમાં તથા શોશમાં, બીજાજ વર્ષે[૮૦] એટલે કે ( ઇ. સ. પૂ. ૫૨૭ માં ) તેણી મરણ પામી હતી.

રાજા શ્રેણિકના પુત્ર-પુત્રીઓની સંખ્યા પણ વિધવિધ રીતે વર્ણવવામાં આવી છે. તે બધાની ચર્ચામાં ઉતરવાને બદલે, તેઓનાં નામઠામ કે ટૂંક હકીકત જે જણાઈ છે તે અત્ર જણાવીશું.

( ૧ ) અભયકુમાર—તેનો જન્મ ઇ. સ. પૂ. ૫૮૦ માં હોવાથી રાજા બિંબિસારના સર્વે સંતાનોમાં તે જ્યેષ્ઠ હતો. તે બુદ્ધિનિધાન હોવાથી, પોતાના પિતાના મહાઅમાત્યપદને શોભાવી રહ્યો હતો. કેવા સંજોગોમાં તે મહાઅમાત્યપદને પ્રાપ્ત થયો હતો તે પૃ. ૨૪૫-૪૯ માં ઉપર આપણે જણાવી ગયા છીએ. વળી તેણે રાજકારણની રચના કરવામાં, તથા સામાજિક, આર્થિક અને વ્યવહારિક બંધારણની શ્રેણિઓ ગોઠવવાનાં કાર્યમાં પણ, પોતાના પિતાને અતિ કિંમતી મદદ આપી હતી. તેનું ચારિત્ર ઘણું આદર્શ અને દૃષ્ટાંતરૂપ હતું. રાજધૂરાને નર્કગામિની માનતો હોવાને લીધે, પોતે જ્યેષ્ઠ પુત્ર હોવા છતાં, રાજપદે આવવાને ઇચ્છાવંત નહોતો. અને તેથી રાજપ્રાપ્તિના હકને જતો કરી, અન્ય શેષ તથા જીવંત કુમારોમાંથી કોઇને યુવરાજ સ્થાપવા પોતાના પિતાને તેણે પ્રેર્યા હતા. અને તેને અંગે કુમાર કૂણિકની તે પદે વરણી થઇ હતી. અંતે પિતાના જીવંત કાળમાંજ તેણે દીક્ષા ગ્રહણ કરી લીધી હતી. જેનો સમય ઇ. સ. પૂ. ૫૩૩ ઠરાવી શકાય તેમ છે. તેનું મરણ ક્યારે થયું તે જણાયું નથી.

( ૨ ) મેઘકુમાર—તેનો જન્મ રાણી ધા-

---

( ૭૬ ) આ હકીકત કેમ બની હતી તે માટે જુઓ રાજા કૂણિકના વૃત્તાંતે.

( ૭૭ ) જ. ઓ. બ. બી. સો. પુ. ૩૨૮.

( ૭૮ ) તેણીના જન્મ માટે જુઓ પૃ. ૧૩૫.

( ૭૯ ) જુઓ ઉપરમાં કાશી દેશની હકીકત.

( ૮૦ ) અ. હી. ઇ. ત્રીજી આવૃતિ પૃ. ૩૨.

રિણીના પેટે ઈ. સ. પૂ. ૫૭૫ ના અરસામાં થયો હોય એમ ગણત્રી કરતાં કહી શકાય છે. અને ઉમર લાયક થતાં તેણે કેટલીય રાજકુંવરી સાથે પાણિગ્રહણ કર્યાં હતાં. પણ યુવાવસ્થામાંજ પૂર્વ સંસ્કારને લીધે સંસારની અસારતા જાણી, અર્હન શ્રી મહાવીરના વરદ હસ્તે આશરે ઇ. સ. પૂ. ૫૪૫ માં દીક્ષા લઇ મુનિપણું ગ્રહણ કર્યું હતું.

( ૩-૪-૫ ) કૂણિક, હલ્લ અને વિહલ્લ, આ ત્રણે સહોદરો થતા હતા અને રાણી ચિલણાના પેટે જન્મ્યા હતા. આ ત્રણે જણાનાં વૃત્તાંતો આગળ કહેવામાં આવશે.

( ૬ ) નંદિષેણ—કઇ રાણીના પેટે જન્મ થયો હતો, અથવા તો સામાજિક જીવન કેવા પ્રકારે વ્યતીત કર્યું હતું, તે જૈન સાહિત્યમાં પણ જણાયું નથી. જે કાંઈક જણાયું છે તે એટલુંજ કે, તેણે દીક્ષા લઈ આધ્યાત્મિક જીવન પૂર્ણ કર્યું હતું. તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૬૦ માં થયો હોય એમ ગણત્રી કાઢી શકાય છે.

( ૭ ) મનોરમા—આ કુંવરી, રાણી ધારિણિની પુત્રી[૮૧] અને મેઘકુમારની બ્હેન થતી હતી. તેણીનું લગ્ન રાજગૃહીનગરના વૈભવશાળી વૈશ્ય ગૃહસ્થ[૮૨] નામે કૃતપુણ્ય સાથે થયું હતું. અને તેણીનો જન્મ ઈ. સ. પૂ. ૫૭૨ ની આસપાસ થયો હોય એમ ગણી શકાય છે; એટલે લગ્ન પણ ઇ. સ. પૂ. ૫૫૮ આસપાસ કરવામાં આવ્યું હોય તે સંભવિત છે. પછીના જીવન વિષે બહુ જણાયું નથી.

( ૮ ) કુંવરી—નામ જણાયું નથી. પણ તેણીની હકીકત કેટલીક રીતે ઉપયોગી હોઈ, અહીં તેનું નામ ઉતારવાની આવશ્યકતા લાગી છે. તેણીના જન્મ વિષે તેમજ જનેતા વિષે પણ બધું અંધકારમાંજ છે. પણ તેના જીવનની ખાસ વિચિત્રતા એ છે કે, રાજા બિંબિસારે તેણીને અતિ શુદ્ર જાતિના એક ચાંડાળપુત્ર નામે મેતાર્ય વેરે પરણાવી હતી. અલબત્ત કહેવું પડે છે કે જ્યારે તે મેતાર્યની સાથે તેણીને પરણાવવામાં આવી, ત્યારે તો તેને શુદ્ર જાતિનો જાણીનેજ લગ્ન કરવામાં આવ્યું હતું. પણ પાછળથી જણાયું હતું કે તે જન્મથી તો મહાસમૃદ્ધિવાન વૈશ્યનો પુત્ર હતો. પણ ભૂત કર્મવશાત્, ચાંડાળને ત્યાં ઉછેરાયો હતો અને તેથી ચાંડાળપુત્ર તરીકેજ પ્રસિદ્ધિને પામ્યો હતો. આ દૃષ્ટાંતથી સાબિત થાય છે કે, તે સમયે સામાજિક બંધારણ[૮૩] અત્યારની પેઠે સંકુચિત નહોતું. આ મેતાર્યજીએ[૮૪] ઉત્તરજીવનમાં દીક્ષા ગ્રહણ કરી, આ જીવનનું સાર્થક કર્યું હતું. અને તેનું મરણ જૈન ધર્મવિરોધી પુરૂષોના અત્યાચારથી કરૂણાજનક સ્થિતિમાં બનવા પામ્યું હતું.

આ આઠ ઉપરાંત પણ અનેક કુંવરકુંવરીનાં નામો[૮૫] વિધવિધ પુસ્તકોમાં જણાવાયાં છે. જ્યારે ઉપાંગ અને નિર્યુક્તિના આધારે, ઈન્ડીઅન એન્ટી-

---

( ૮૧ ) જુઓ ઉપરની હકીકત તથા તેને લગતી ટી. નં. ૭૧.

( ૮૨ ) આ હકીકતથી સાબિત થાય છે કે, તે સમયે વર્ણાશ્રમધર્મ અસ્તિ ધરાવતો હતો ખરો. પણ લગ્નસંસ્થાના નિયમો તે આધારે કાંઈ ચાલતા નહોતા. રાજા શ્રેણિક પોતે પણ વૈશ્ય કન્યાને-સુનંદારાણીને પરણ્યો હતો. તેમ પોતાની આ કુંવરી મનોરમા ઉપરાંત, બીજી કુંવરીને તો વળી શુદ્ર વર્ણના વર વેરે પરણાવી હતી. જુઓ ૮ મા સંતાનની હકીકત.

( ૮૩ ) સરખાવો ઉપરની હકીકત તથા ટીકા નં. ૮૨.

( ૮૪ ) શ્રી મહાવીરના અગિઆર ગણધર હતા તેમાં પણ મેતાર્ય નામના એક ગણધર હતા. તે વ્યક્તિ જુદી છે. આમના વિશેષ જીવન માટે જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૬૨.

( ૮૫ ) જૈન સાહિત્ય ગ્રંથોમાંથી નીચે પ્રમાણે

કવેરીમાં[૮૬] જણાવ્યું છે કે, રાજા અજાતશત્રુને એક કાલ ઉપરાંત બીજા નવ બંધુઓ ( અલબત્ત સગા તથા ઓરમાન સાથે ગણતાં ) હતા. એટલે કે, શ્રેણિકને કુલ ૧૧ પુત્રો હતા એમ તેનું કથન થયું ગણાય. જેમાં મહાપદ્મ અને નંદન એમ એનાં નામ પણ લખ્યાં છે. જોકે જૈન સાહિત્યમાં કાલ અને મહાકાલ ઉપરાંત બીજા પણ કેટલાંક નામો જણાય છે. તેમાંના કેટલાંક એકજ વ્યક્તિનાં બે–ત્રણ ભિન્ન ભિન્ન નામ પણ હોવા સંભવિત છે. એટલે કે ઉપરનાં આઠ નામોમાં, આ ભિન્ન નામાભિધાનયુક્ત અન્ય વ્યક્તિઓની પૂર્તિ જો કરવામાં આવશે તો, શ્રેણિક રાજાનો પુત્ર પરિવાર ૧૦ થી ૧૧ ની સંખ્યામાં હતો એમ કહેવામાં બાધા આવતી નથી.

**તેના મરણનું કારણ**

રાજા બિંબિસારને અનેક પુત્રો હતા. તેમાંના મુખ્યપણે, ઉપર જણાવ્યા પ્રમાણે, અભયકુમાર, મેઘકુમાર, નંદિષેણ, કૂણિક, હલ્લ અને વિહલ્લ હતા. આ છમાંથી છેલ્લા બે, કૂણિકથી નાના હતા. એટલે તેમનો હક ગાદી ઉપર પહોંચી શકે નહીં. જ્યારે મેઘકુમાર અને નંદિષેણ બન્ને કૂણિકથી મોટા હતા પણ તે બન્નેએ દીક્ષા લઇ લીધી હતી. એટલે અભયકુમાર અને કૂણિક બેજ બાકી રહ્યા. આ બેમાંથી ગાદી કોને આપવી તે પ્રશ્ન રાજા બિંબિસારને મુંઝવી રહ્યો હતો. કુમાર અભયને ગાદી આપવાનું તેને ઘણું મન હતું કેમકે તે, સર્વે સંતાનોમાં જ્યેષ્ઠ પણ હતો તેમ રાજકારભાર ચલાવવાને સર્વ રીતે શક્તિમાન પણ હતો. પણ અભયકુમારને પોતાનેજ રાજધૂરા ગ્રહણ કરવાની ઇચ્છા નહોતી. તેના મનમાં એમ ઠસી બેઠું હતું કે રાજ કરવું તે હમેશાં નરકની ગતિમાં લઇ જનારૂં છે. એટલે તેને તો દીક્ષા લેવાનોજ વિચાર હતો. પણ રાજા બિંબિસારે તેને તેમ કરતાં વારી રાખ્યો હતો. અંતે એક પ્રસંગ[૮૭] એવોજ બન્યો કે, રાજા બિંબિસારના મુખથીજ, અભયકુમારે દીક્ષા લેવાની સંમતિ મેળવી[૮૮] લીધી અને તુરતાતુરત શ્રી મહાવીર પાસે તે અંગીકાર કરી લીધી. એટલે રાજા શ્રેણિકના હાથ હેઠા પડ્યા અને નિરૂપાયે કુમાર કૂણિકને યુવરાજપદવી આપવી પડી. ઈ. સ. પૂ. ૫૩૩–૩૪ માં આ બનાવ બન્યો ગણી શકાશે. જ્યારે હલ્લ અને વિહલ્લ કુમારોને, સચેનક હાથી[૮૯] અને રત્નજડિત કુંડળોના ભેટ[૯૦] આપી હતી.

---

હકીકત મળે છે. ( અનુત્તરોવાઇ સૂત્ર ) રાજા શ્રેણિકના દશ પુત્રોએ, દીક્ષા લીધી છે તેમનાં નામઃ—(૧) જલી (૨) મયાલી (૩) ઉવયાલી (૪) પુરૂષસેન (૫) વારીસેન (૬) દીર્ઘદંત (૭) લષ્ટદંત (૮) વિહલ (૯) વેહાસ અને (૧૦) અભયકુમાર. ઉપરાંત બીજા તેર પુત્રોએ ( અનુત્તરોવાઇ સૂત્ર, બીજો વર્ગ ૧૩ મું અધ્યયન ) પણ દીક્ષા લીધાનું જણાવ્યું છે : તે સર્વેના નામઃ—(૧) દીર્ઘસેન (૨) મહાસેન (૩) લષ્ટદંત (૪) ગુઢદંત (૫) શુદ્ધદંત (૬) હલ્લ (૭) દ્રુમ (૮) દ્રુમસેન (૯) મહાદ્રુમસેન (૧૦) સિંહ (૧૧) સિંહસેન (૧૨) મહાસિંહસેન અને (૧૩) પૂર્ણસેન. (ટીપણ=આ બે ટીપમાં લષ્ટદંતનું નામ બે વાર આવેલ છે. તેમ મેઘકુમારનું નામ ક્યાંય દેખાતું નથીઃ એટલે બનવા જોગ છે કે તેનું બીજું નામ કાંઈક હોવું જોઇએ, અથવા બીજા લષ્ટદંતને બદલે મેઘકુમારનું નામ રજુ કરવું જોઇએ.)

( ૮૬ ) ઇ. એ. ૧૯૧૪ પૃ. ૧૬૮, ટી. ૬૯.

( ૮૭ ) આ પ્રસંગ જાણવાની ઈચ્છાવાળાએ, ભ. બા. વૃ. ભા. માં અભયકુમારનું વૃત્તાંત વાંચી લેવું.

( ૮૮ ) ઉમર લાયક થયા બાદ, દીક્ષા લેતી વખતે, મુરબ્બી વર્ગની કે લાગતા વળગતાની સંમતિ લેવાની જરૂર નથી એમ એક પક્ષ હાલ જૈનપ્રજામાં માનવા લાગ્યો છે. તેમને આ દ્રષ્ટાંતથી સમજવા જેવું થાશે. તથા સરખાવો પૃ. ૨૫૬ તથા તેની ટી. નં. ૭૧ ની હકીકત.

( ૮૯ ) આ હાથી દેવપ્રસાદીત શક્તિવાળો હતો; કેટલેક ઠેકાણે તેનું નામ સેચનક પણ લખ્યું છે.

( ૯૦ ) જૈ. સા. લેખ સંગ્રહ પૃ. ૭૫.

આ સમયે કુમાર કૂણિકની રાણી પ્રભાવતીને પેટે, કુમાર ઉદયનનો જન્મ થઇ ગયો હતો અને લગભગ બેએક વર્ષની ઉમર પણ થઇ હતી. ધીમે ધીમે શિશુકુમાર મોટો થતાં, તેને રમવા કરવા તેમજ ક્રિડા કરવામાં સ્વારી ચડવા માટે હાથી હોય તો સારૂં એવી યુવરાજ્ઞીની ઇચ્છા થઈ. એટલે તે માટે પેલા સચેનક હાથીની માંગણી કરી. યુવરાજ કૂણીકે, તે વાત રાજા શ્રેણિકને કાને નાંખી. પોતે આપેલું દાન કદાપિ પણ પાછું લઇ નથી શક્તો એમ રાજાએ રોકડું પરખાવી દીધું એટલે ભાઈ સાહેબ–યુવરાજશ્રીને ક્રોધ વ્યાપ્યો. એકતો પોતે યુવરાજ હતો, વળી અઠ્ઠાવીસ વર્ષની યુવાવસ્થામાં (ગદ્ધાપચીસીમાં) હતો. વળી કોશળપતિની સાથે યુદ્ધ કરી વિજય મેળવી આપવામાં પોતાના પિતાને ખાસ મદદ રૂપ થઇ પડ્યો હતો. તેમાં વળી આ પ્રસંગતો, તેજ કોશળપતિની કન્યા ( રાણી પ્રભાવતી તે કોશલ દેશનીજ પુત્રી હતી)[૯૧] ના પુત્ર–કુમાર માટે ક્રિડા મિલનના અંગે ઉભો થયો હતો. વળી પોતે યુવરાજ પદે આવ્યા બાદ, રાજકાજમાં એટલા બહોળા પ્રમાણમાં ભાગ લેવા માંડ્યો હતો ( કેમકે રાજાનું ઘડપણ બેસી ગયું હતું ) કે તેણે સર્વ ખાતાના મુખ્ય મુખ્ય અમલદારોને સ્વપક્ષે કરી લીધા હતા. એટલે પોતે ગમે તેવું અવિચારી કે અન્યાયી કૃત્ય કરશે તો પણ કોઇની મગદૂર નથી, કે પોતાની સામે માથું ઉચકી શકે. અને કદાપિ જો કોઇએ તેમ કરવા હિંમત ધરી, તો પછી વખત આવ્યે વિચારી જોવાશે, કારણકે અંતે તો પોતેજ રાજ્યનો માલિક નિર્મિત થઇ ચુક્યો હતોજ. આવી આવી વિચારણાના અંતે, રાજા શ્રેણિકને તેણે કેદખાનામાં પૂરી દીધો. છતાં રાજાએ પોતાનો વટ ન છોડ્યો. એટલે તેમને હમેશાં (સો સો) ફટકા મારવાનો તેણે હુકમ કાઢ્યો. રાણી ચિલ્લણાએ પણ પોતાના પુત્રને, આવું અકાર્ય કરતો અટકાવવા ઘણું ઘણું સમજાવ્યો. પણ જ્યારે પોતાના સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયા ત્યારે મુંગે મોઢે બેસી રહી પ્રસંગ આવ્યે તકનો લાભ લેવા ધાર્યું. આ પ્રમાણે સ્થિતિ ચાલી જતી હતી. તેવામાં, એમ બન્યું કે યુવરાજ કૂણિક ભોજન લેતો હતો અને પાસે રાણી ચિલ્લણા તથા યુવરાજ્ઞી પ્રભાવતી બેઠાં હતાં, જ્યારે બાળકુમાર ઉદયન રમતો હતો. તેટલામાં બાળકુમારે રમતમાં ને રમતમાં, યુવરાજના ભાણામાં લઘુશંકા કરીવાળી.[૯૨] આથી કૂણિકે, જરાક નાક મચકોડયું તો ખરૂં, પણ જાણે કાંઇજ બન્યું નથી એવો દેખાવ કરી, પ્રસંગ તરફ આંખ મિચામણાં કરવા માંડયાં. એટલે રાણી ચિલ્લણાએ પુત્રને કહ્યું કે બેટા, હમેશાં પુત્રપ્રેમજ એવો છે કે, પુત્રનો ગમે તેવો બૃહદગુન્હો હોય તોપણ, પિતા કોઇ દિવસ પોતાના પુત્રને શિક્ષા કરતો નથી. જેમ અત્રે તેં પુત્રપ્રેમ દાખવ્યો છે તેમ તારા પિતાએ પણ તારા પ્રત્યે કાંઈ થોડા ઉપકાર કર્યા નથી. તું જ્યારે નાનો હતો અને તારી આંગળીમાં ક્ષત પડ્યાં હતાં તથા તેની પીડાને લીધે અસહ્ય વેદના થતી હતી, તેમ નિદ્રા પણ આવતી નહોતી, ત્યારે તારા પિતા પોતાની જીંદગીની લેશમાત્ર પણ દરકાર કર્યા વિના, તારી આંગળીઓમાંથી લોહી તથા પરૂ ચૂસી લઈ થૂંકી નાંખતા અને કોઇ કોઇ વખત તો તારી દુઃખતી આંગળી મોંમાં ને મોંમાં લાંબો વખત સુધી રાખી મૂકતા. પરિણામે તને શાંતિ વળતી અને નિદ્રાવશ થઈ જતો. આ પ્રમાણે પોતાના જીવના જોખમે ( બાળકુમારે જે લઘુશંકા કરી તે પ્રસંગ તો, આ બનાવની પાસે કાંઈ વિસાતમાંજ નથી ) તને તારા પિતાએ ઉછેર્યો છે. જ્યારે તેનો બદલો તું પોતેજ

---

( ૯૧ ) જુઓ ઉપર પૃ. ૨૮૪.

( ૯૨ ) જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૧૦૭.

જોને, કે તું કેવી રીતે વાળી રહ્યો છે?[૯૩] પોતાની જનેતાનો આવો બરાબર પ્રાસંગિક તેમજ માર્મિક ઉપહાસ સાંભળી કૂણિકને અત્યંત શરમ ઉપજી અને લજ્જાનો માર્યો, સફાળો ઉભો થઈ પિતાને બંધનમુક્ત કરવા નીકળ્યો. જતાં જતાં વચ્ચમાં કુહાડો નજરે પડ્યો તે લઇને બંદીખાના તરફ દોડતો ગયો. એવી ઇચ્છાથી કે, તે કુહાડા વડેજ, બંધનની લોહશૃંખલા તોડી નાંખીશ. આ પ્રમાણે તેના મનોરથ હતા. જ્યારે, રાજા શ્રેણિકને તો તે દૃશ્ય વિપરીત ભાવેજ દીસ્યું હતું. તેણે તો એમ કલ્પના કરી કે, હંમેશાં તો કુમાર મને માત્ર ફટકાજ મારીને–મરાવીને સંતોષ ધારે છે, જ્યારે આજે તો કુહાડો લઇને આવે છે, તેમ વળી ધાવત્ આવે છે એટલે ખચીતજ શસ્ત્રવડે મારા પ્રાણની હાની કરવાનીજ તેની વાંછના હોવી જોઇએ. માટે આ કષ્ટમય મરણને શરણ થવા કરતાં, તો હું પોતેજ જીભ કરડીને મરણવશ થઇ જઉં તેજ બહેતર છે. આ ધારણાથી પુત્ર આવી પહોંચે તે પહેલાં તો જીભ કરડીને તેણે મૃત્યુને ભેટી લીધું. આ ઉપરથી સમજાશે કે, રાજા કૂણિકને ઇતિહાસકારોએ જે પિતૃઘાતક[૯૪] કહીને વર્ણવ્યો છે, તે સ્પષ્ટપણે જો કહેવામાં આવે તો, તે[૯૫] કલંકયુક્ત તો નહીંજ કહી શકાય: બાકી પિતૃ–મરણ (આપઘાત) ના ઉપાદાન કારણભૂત[૯૫] જ તેને કહી શકાશે.

આ બનાવ તથાગત ગૌતમબુદ્ધના પરિનિર્વાણની પૂર્વે આઠ વર્ષે[૯૬] બન્યો હતો અને બંદીખાનામાં તેને બાર માસ ગાળવા[૯૭] પડ્યા હતા.

તેના જીવનના બે અંતિમ બનાવો ઇતિહાસની દૃષ્ટિએ કાંઇક ખુલાસાની અપેક્ષા ધરાવે છે. એક તેના મરણનો ભેદ

**તેનો જેલ નિવાસ**

અને બીજો તેણે ભોગવેલ જેલ નિવાસનો કાળ. આ બેમાંથી પ્રથમના બનાવનો—એટલે તેના મરણનો ભેદ–ઉકેલ આપણે ઉપર કરી વાળ્યો છે. હવે જેલનિવાસનો પ્રસંગ ઉકેલીએ.

કેટલાકનું એમ માનવું થાય છે. (જૈન ગ્રંથમાં પણ કોઇકોઇનું કથન તે પ્રમાણે થાય છે) કે તેણે બાર વર્ષ સુધી કેદખાનું ભોગવ્યું હતું. જ્યારે કેટલાકનું કહેવું એમ થાય છે કે, બાર માસ સુધીજ તે કેદમાં રહ્યો હતો. આ બીજો મત વિશેષ માનનીય છે. બાર વર્ષનો કાળ ગણવા માટે નીચેના મુદ્દાનો વિરોધ આવે છે.

બાર વર્ષનો કાળ જો સ્વીકારીએ તો, જેલમાં પુરાવાનો સમય ઇ. સ. પૂ. ૫૪૦ નો ગણવો

(૯૩) હાલના યુવકોએ પણ ચિલ્લણા રાણીના આ માર્મિક શબ્દો ધ્યાનમાં રાખવા યોગ્ય છે; વળી સમ્રાટ પ્રિયદર્શિનના શિલાલેખના વાક્યો સાથે સરખાવો, જ્યાં તેમણે માબાપની શુશ્રૂષા, વડીલ તરફ માન, નોકર ચાકર તરફ દયા, કુટુંબીજનો પ્રત્યે પ્રેમ સેવા વિગેરેનો બોધ કર્યો છે તે.

(૯૪) ઓ. હિ. ઇ. ના લેખકે પૃ. ૪૮ ઉપર લખ્યું છે કે બૌદ્ધ ગ્રંથોમાં કેટલીક હકીકતો, પોતાના સામાપક્ષને હલકો પાડવા માટે ખોટી ચીતરવામાં આવે છે. વળી જણાવે છે કે–For those reasons I now reject the Buddhist tale of Ajatsatru's murder of his father : અજાતશત્રુએ પોતાના પિતાને મારી નાંખ્યો એમ જે બુદ્ધ ગ્રંથોની કથામાં આવે છે તેને હું આવા કારણથી સત્ય તરીકે માનતો નથી.

(૯૫) તે જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માતાને દોહદ ઉત્પન્ન થયો હતો અને જે આપણે આ પુસ્તકમાં પૃ. ૨૮૨ ઉપર લખી ગયા છીએ તેની સાથે આ ઘટના સરખાવો અને વિચાર કરો કે, દોહદને અને ઉદરમાં રહેલ ગર્ભને કેવી જાતનો સંબંધ હોય છે. આ માટે પૃ. ૨૮૩ ઉપરમાં ૭૩ નું ઇંગ્રેજી લખાણ વાંચો ને વિચારો.

(૯૬) જુઓ. ઇ. એ. પુ. ૨૨ પૃ. ૨૨૭: કે. હી. ઇ. પૃ. ૧૫૭: ક્રો. ઈ. પૃ. ૬:–બુદ્ધના મરણ પહેલાં આઠ વર્ષે: 8 year's before Buddha's death

(૯૭) નીચેનો પારિગ્રાફ જુઓ.

પડે. એટલે (૧) કૂણિકની ઉમરજ તે સમયે માત્ર અઢાર વર્ષની ગણાય. તો તે વખતે તેની પાસે એવી શું સત્તા હોય અથવા રાજ્યમાં લાગવગ હોય; કે રાજકર્તા એવા પોતાના પિતાને તે કેદમાં ધકેલી શકે (૨) અભયકુમારનું મહાઅમાત્ય પદ ઠેઠ ઇ. સ. પૂ. ૫૭૦ થી ઇ. સ, પૂ. ૫૩૩ સુધી ચાલ્યું છે. અને જ્યાંસુધી અભયકુમાર જેવો, ચારિત્રસંપન્ન પુરૂષ, વિનયશીલ પુત્ર, અને બુદ્ધિશાળી મહામંત્રી, રાજ્યના સુકાનીઓમાં કડેધડે હોય ત્યાંસુધી રાજકર્તા પિતાને કેદમાં જવું પડે અને ત્યાં રિબાવું પડે તે બનવા યોગ્ય નથી. (૩) કૂણિકને યુવરાજપદજ ઈ. સ. પૂ. ૫૩૩ બાદ પ્રાપ્ત થયું છે. એટલે તે કાંઇપણ સત્તાશાળી જો થયો હોય તો ત્યારપછીજ હજુ ગણી શકાય. તેમ જ્યેષ્ઠ ભ્રાતા અને મહામંત્રી અભયકુમારે તે સમયે દીક્ષા લઈ લીધેલ હોવાથી, તેનો જે અંકુશ હતો તે પણ નીકળી ગયો હતો. વળી રાજા પોતે પણ વૃદ્ધ બની ગયો હતો. આવાં કારણોને લીધે હજુ માની શકાય કે, જો શ્રેણીકને કેદમાં જવું પડયું હોય તો ઇ. સ. પૂ. ૫૩૩ બાદજ હોઇ શકે: તે પૂર્વે તો નહીંજ.

અને જો ઇ. સ. પૂ. ૫૩૩ બાદજ જેલમાં જવાનું થયું હોય તો, આપોઆપ સિદ્ધ થઇ જાય છે કે, તેના જેલનિવાસનો સમય બાર વર્ષ સુધી લંબાયો નજ હોવો જોઇએ. કેમકે તેનું મરણજ ઇ. સ. પૂ. ૫૨૮ માં નોંધાયું છે. એટલે પછી એક નિશ્ચય ઉપરજ આવવું પડે છે કે, તેને માત્ર બાર માસજ બંદીખાનું ભોગવવું પડયું હતું. ( બારનો આંક સાચો, પણ તેટલાં વર્ષ નહીં, પણ માસ સમજવા. આવા પ્રકારની ભૂલો તો લહિઆઓએ કયાં એકજ વખત કરી છે, કે આપણને તે માટે નવાઈ જેવું લાગી આવે! )



# તૃતીય પરિચ્છેદ

## શિશુનાગ વંશ ચાલુ

ટૂંકસાર—

( ૭ ) **કૂણિકઃ**—તેનાં અનેક નામો—ગાદીનો હક ન હોવા છતાં તે મળી તેનાં કારણો—તેના કપાળે ચોંટેલાં કલંકો—પાટનગરનું કરેલ સ્થાનાંતર—વિદ્વાનોએ માનેલ ચંપાપુરીના સ્થાનનો કરી આપેલ ઉકેલ—કોશળપતિનો અને મગધપતિનો તે સ્થાન ઉપરનો પક્ષપાત અને તેમાં રહેલો મર્મ—તે બૌદ્ધ ધર્મી નહોતો તેનાં કારણો સહિતની ચર્ચા—તેના કુટુંબનું વર્ણન—તેનો રાજ્ય વિસ્તાર-કેવા સંજોગોમાં તેનું મરણ નીપજ્યું હતું તેની માહિતી—

( ૮ ) **ઉદયનઃ**—તેનો સમય અને આયુષ્ય—તેના પિતા અને દાદાની પેઠે તેણે પણ કરેલ રાજધાનીની ફેરબદલી—સાંપ્રતકાળના અને તે કાળના ઇજનેરોની કરેલ સરખામણી-તેણે મેળવેલ " ભટ્ટ " બિરૂદ અને તેની સાર્થકતા—સિલોનની તેની જીત અને વર્ણન—સ્વેચ્છાથી કરેલ તેણે ગાદી ત્યાગની હકીકત—

( ૯ ) **અનુરૂદ્ધ અને મુંદ**—અનુરૂદ્ધ મગધપતિ બન્યો હતો કે ?—સિલોનના પાટનગર અનુરૂદ્ધપુર સાથેનો તેનો સંબંધ—પલ્લવ, ચોલ, પાંડ્ય, કદંબ વિગેરે જાતિઓનાં મૂળ અને ઉત્પત્તિ—મગધના સામ્રાજ્યમાંથી ઉદ્ભવેલ સ્વતંત્ર રાજ્યો—ઉદયન અને અનુરૂદ્ધનાં મરણ ઉપર પડતો પ્રકાશ—મુંદનુ મરણ કે ઉત્થાપન વિગેરે ઐતિહાસિક ઘટનાઓનો કરેલ ઉકેલ—નાગદશક અને નાગવંશની સમજુતિ—

## ( ૭ ) અજિતશત્રુ : કૂણિક

રાજા બિંબિસાર-ઉર્ફે શ્રેણિકના મરણ બાદ તેનો પુત્ર કૂણિક : અજિતશત્રુ ઈ. સ. પૂ. ૫૨૮ માં મગધનો સ્વામી થયો.

**તેનાં નામો** તેનું નામ કૂણિક કેમ પાડવામાં આવ્યું હતું તે આપણે જોઈ ગયા છીએ. જ્યારે પૌરાણિક ગ્રંથોમાં તેને દર્શકના[1] નામથીજ ઓળખાવ્યો છે. પણ બૌદ્ધ સાહિત્યના લલિતવિસ્તર જેવા અતિ પ્રાચીન ગ્રંથમાં રાજા શ્રેણિકને વિદેહીપુત્તોના નામથી સંબોધ્યો છે. તે નામ વાસ્તવિક રીતે તો કૂણિકનેજ સ્પર્શતું હોય એમ સમજાય છે. કારણ કે પૃ. ૨૭૫-૬માં ચર્ચા કરીને સાબિત કરી આપ્યું છે કે, રાજા બિંબિસારને તો કોઈ રીતે પણ વિદેહી-

---

( ૧ ) He is called Darshak in the Puranas ( C. H. I. vol. I. P. 312 ) see the Puranic list of kings.–કે. હી. ઈ. પુ. ૧ પૃ. ૩૧૨: પુરાણમાં તેને દર્શક નામ આપવામાં આવ્યું છે. વળી દર્શક માટે થોડાક વિચારો, વત્સદેશના વર્ણનમાં, રાજા ઉદયનની રાણીઓની હકીકતે જુઓ.

અંહીં દર્શક અને ઉદયન એ બન્નેનાં નામ જ્યારે લખ્યાં છે ત્યારે બન્ને વ્યક્તિ જુદી છે એમ તો લખનારનો આશય હોવો જોઈએ, તે સૂર્યના તેજની પેઠે સ્પષ્ટજ છે; અને ઉદયનની પહેલાં દર્શકનું નામ લખ્યું છે, એટલે દર્શક પહેલો અને ઉદયન પછી હતો, એમ પણ ચોખ્ખું થાય છે. અને તેમ થયું, એટલે તે કૂણિકને સંબોધીને લખાયું છે, તે આપો આપ સિદ્ધ થઈ જાય છે. Darshak's reign for 24, 25 or 35 years, and Udayan's reign for 23 years=48 years after Buddha nirwana. દર્શકનું રાજ્ય ૨૪, ૨૫ કે ૩૫ વર્ષ, અને ઉદયનનું રાજ્ય ૨૩ વર્ષ ( એટલે બુદ્ધનિર્વાણ બાદ ૪૮ વર્ષ ) સુધી છે. આમાં નિર્વાણ શબ્દ જો લઈએ તો ઈ. સ. પૂ. ૫૪૩ લેખાય, અને પરિનિર્વાણ લઇએ તો ઈ. સ. પૂ. ૫૨૦ લેખાય.

જો ૫૪૩ લઇએ તો; ૨૪, ૨૫, અને ૩૫ વર્ષ બાદ ના હિસાબે, ઈ. સ. પૂ. ૫૧૯, ૫૧૮ અને ૫૦૮ આવે. તે કોઈ આંકડો, રાજા શ્રેણિક, કૂણિક કે ઉદયનની સાલ સાથે બંધ બેસતો થતો નથીજ, પણ જો ૫૨૦ ની સાલ લેઇએ અને ઉપરના ૨૪, ૨૫ અને ૩૫ વર્ષની ગણત્રી લાગુ પાડીએ તો, તેની સાલો ઈ. સ. પૂ. ૪૯૬, ૪૯૫, ૪૮૫ આવે છે; અને તેમાંની ૪૯૬-૯૫ તે રાજા કૂણિકના અમલનો અંત પણ સૂચવે છે. એટલે વધારે સંભવિત છે કે, દર્શક એટલે રાજા કૂણિક એમ કહેવાનો ભાવાર્થ હોવો જોઇએ; અને after Buddha nirwana " વાળા શબ્દો, જેમ ૪૮ વર્ષની પાછળ લખ્યા છે તેમ 24, 25 or 35 years શબ્દોની પાછળ પણ લેખવાના છે એમ લેખકનું મંતવ્ય છે. અને જે પદ્ધતિએ લખાણ લખાયું છે તે પણ તેજ અનુમાનને પુષ્ટિ આપનારૂં છે; માત્ર એટલુંજ કે, ૨૪, ૨૫ નો આંક છે તે સાચો છે જ્યારે ૩૫ નો આંક છે તે ખોટો સમજવો પડશે. કોઈ અન્ય પુરાણકારે દૃષ્ટિદોષથી લખી વાળ્યો હશે.

ઉદયનને લગતો ૪૮ વર્ષનો આંક કેવી રીતે લખાયો હશે તે પણ વિચારી લેઈએ, જો કે તે વિષય અત્રનો નથીજ; " 48 years after Buddha nirwana " એટલે જો ઇ. સ. પૂ. ૫૪૩ માં નિર્વાણ લઈએ તો ઇ. સ. પૂ. ૪૯૫ આવે અને ઈ. સ. પૂ. ૫૨૦ માં પરિનિર્વાણની ગણત્રી લઈએ તો ૫૨૦-૪૮=૪૭૨ ઈ. સ. પૂ. આવે આ બે સાલોના આંક સાથે, ઉદયનના રાજ્ય અમલને કાંઇ સંબંધ નથી ( જુઓ તેનું રાજ્ય ). હજુ એક રીતે ૪૭૨ ની સાલને તો સંબંધ છે જ કેમકે, રાજા ઉદયનનું રાજ્ય જો કે ઇ. સ. પૂ. ૪૮૦ માં ખતમ થયું છે પણ તેની પાછળ આવનાર તેના બે પુત્રોમાંના એકનો અમલ તો ઇ. સ. પૂ. ૪૭૨ માં જ ખતમ થયો છે. અને આ બે પુત્રોનો રાજ્ય વહીવટ નકામો જેવો હોઈને, તેની ગણના કરવી નહીં તે મુદ્દો પણ હોય. એટલે ઉદયનનુંજ રાજ્ય ઈ. સ. પૂ. ૪૭૨ માં પૂરૂં થયું એમ કહી શકાય; અથવાતો Udayan's reign એમ કહેવાને બદલે Udayan and his suceessor's reign એમ પણ

પુત્તો કહી શકાય તેમ નથીજ એટલે, પછી રાજા કૂણિકનેજ આશ્રયીને તે ઉપનામ વપરાયું હોય એમ સંભવે છે. વળી કેમ્બ્રીજ હીસ્ટરી ઓફ ઈન્ડીયાના પ્રથમ પુસ્તકના પૃ. ૧૮૩ ઉપર પણ તેજ મતલબનું લખાણ[૨] મળી આવે છે. તેમ જૈન સાહિત્યમાં પણ તે હકીકતને સમર્થન આપેલ જણાય છે, કેમકે તે રાણી ચિલ્લણાના પેટે જન્મ્યો હતો.[૩] અને રાણી ચિલ્લણા પોતે, વિદેહપતિ રાજા ચેટકની કુંવરી હોઈ તેણીને વિદેહા કહી શકાય; એટલે તેણીને પેટે જન્મેલ કુંવરને વિદેહીપુત્તો[૪] પણ કહી શકાયજ; વળી તેના જીવનવૃત્તાંત ઉપરથી સમજાય છે કે જ્યાં જ્યાં તે રણે ચડતો ત્યાં ત્યાં વિજયમાળા પહેરીનેજ પાછો ફરતો ( જુઓ કોશલ દેશ ઉપરની તેની ચડાઈનું વૃત્તાંત ) એટલે કે તે અજેય હતો; તે કોઈ શત્રુથી જીતાતો નહીં, જેથી તેને અજિતશત્રુ[૫] પણ કહી શકાય. તેમ જૈ. સા. લેખ સંગ્રહ પૃ. ૪૦ માં તેનું નામ અશોકચંદ્ર હોવાનું પણ જણાવ્યું છે.

**ગાદી ઉપરનો તેનો હક્ક**

ગાદી ઉપરના તેના હક્ક વિશે જો વિચાર કરીશું તો તેના પિતા રાજા શ્રેણિકની માફક તે પણ નશીબનો બળીઓજ કહી શકાશે. જેમ રાજા શ્રેણિક પણ જ્યેષ્ઠ પુત્ર ન હોવા છતાં ગાદી મેળવવા ભાગ્યશાળી થયો હતો તેમ રાજા કૂણિકની બાબતમાં પણ એમજ બન્યું હતું. કેમકે તે જ્યેષ્ઠ પુત્ર ન હોવા

કહેવાનો હેતુ હોઈ શકે; અથવા ઉદયનના પોતાના સંબંધમાં પણ આ સાલનો ઉપયોગ થયો હોય એવું કહી શકાય તેમ છે ( તે માટે જુઓ તેનું વૃત્તાંત ). ગમે તેમ પણ દર્શક તે રાજા કૂણિક છે અને ઉદયન તે બાદ થયો છે; તથા તેના વંશનો અંત,. બુદ્ધનિર્વાણ પછી ૪૮ વર્ષે આવ્યો છે એટલું આ ઉપરથી ચોક્કસ થાય છે.

( ૨ ) C. H. I. p. 183–Kunik being born of Chillana, who is a princess of Videha hence called Videha, is addressed as Videhiputto ( He was Videhiputta in the canonical pali–texts; the later Buddhist traditions make him a son of Kosaldevi )—કે. હી. ઇ. પૃ. ૧૮૩–રાણી ચિલ્લણા, જે વિદેહના રાજાની કુંવરી હોવાથી, વિદેહા કહી શકાય, તેણીના પેટે કૂણિક જન્મ્યો હતો. અને તેથી તેને "વિદેહી પુત્તો" કહેવાય છે ( પાલી ભાષાના ધર્મ ગ્રંથોમાં પણ તેને વિદેહીપુત્તોજ કહેલ છે; જ્યારે અર્વાચીન બૌદ્ધ ગ્રંથોમાં તેને કોશળદેવીના પુત્ર તરીકે ગણે છે. )

આ ઉપરથી સમજાય છે કે, પ્રાચીન બૌદ્ધ ગ્રંથોમાંથી કેટલુંક અવતરણ કરવામાં અર્વાચીન ગ્રંથકારોએ પોતાનું દોઢ ડહાપણ વાપરી, ગોટાળો ઉભો કર્યો લાગે છે.

( ૩ ) પુરાઃ પુ. ૧, પૃ. ૧૩૦. આ પુસ્તકે પૃ. ૨૮૨,

( ૪ ) જુઓ ઉપરની ટી. નં. ૨.

( ૫ ) પણ જો અજિતશત્રુને બદલે અજાતશત્રુ તરીકે લેખવામાં આવે તો, તેનો અર્થ એમ કરવો કે, જેનો કોઈ દુશ્મન જન્મ્યો નથી તેવો તે અજાતશત્રુ રાજા હતોઃ જો કે પરિણામે તો અજાતશત્રુ અને અજિતશત્રુ બન્નેનો એકજ અર્થ થઈ જાય છે. તે સમયે રાજાઓને અંદર અંદર લડવાનું કારણજ બહુધા ઉપસ્થિત થતું નહોતું, એટલે એકબીજાને દુશ્મન થવાનું કારણ રહેતુંજ નથી. આ હિસાબે તો પછી સર્વ રાજાને બહુધા અજાતશત્રુજ કહી શકાય : પણ ખાસ કરીને જ્યારે કૂણિકનેજ તે વિશેષણ લાગુ પડાય છે ત્યારે તે અજાતશત્રુ જેવું સામાન્ય નામ હોવાને બદલે અજિતશત્રુ જેવું વિશેષ અર્થવાળું નામ હોવા સંભવ ગણાય, એમ મારૂં માનવું થતું હોવાથી તે નામ મેં મૂળ લખાણમાં લખ્યું છે.

કોઈક ગ્રંથકારનો મત એમ છે કે તે જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માતાને પોતાના પતિનું લોહી પીવાનું મન થયું હતું. જેથી રાજાએ પોતાના ઢુંટણમાંથી લોહી કાઢી પીવરાવીને તેણીને સંતોષ આપ્યો હતો. આ ઉપરથી શત્રુ એટલે દુશ્મન અને અજાત=જેનો જન્મ નથી થયો તે, કેમકે હજુ ગર્ભમાં તેનો જીવ હતો, તે ઉપરથી તેનું નામ અજાતશત્રુ પડયું છે; પણ આ કલ્પના ઠીક નથી લાગતી, કેમકે અજાતશત્રુ નામ તો જન્મ થયા પછી જ પડયું

છતાં, તેને નશીબદેવીએ નવાજ્યો હતો. અલબત્ત કહેવુંજ જોઈએ કે રાજા શ્રેણિકને જે ભાગ્યદેવીએ વરમાળા આરોપી હતી તે તેની બુદ્ધિમતાને લીધે હતી. જ્યારે રાજા કૂણિકને તેના પોતાના કોઈ ઉત્કૃષ્ટ ગુણને લીધે કાંઈ વરમાળા પહેરાવાઇ નહોતી, પણ ખરા હકદારો જે તેની વચ્ચે ઉભા હતા, તેઓને તેમની અધ્યાત્મપણાની ઉચ્ચપદની યોગ્યતા હોવાને લીધે ઉચકી લેવામાં આવ્યા હતા. તેથી કરીને કૂણિક રાજપદે આવી શકયો હતો. ગમે તેમ પણ પિતા–પુત્ર બન્ને, એક દૃષ્ટિએ તો નશીબના બળીઆજ કહી શકાશે.

પોતાના શીરછત્રરૂપ પિતાના મરણનું કારણભૂત પોતે બન્યો હતો, તે કલંકનો ઘા તો હજુ તેને સાલ્યા કરતો હતો;

**તેના કપાળે ચોંટેલાં કલંકો**

તેવામાં બીજા ચાર સ્નેહીજનનો ઉપરાઉપરી વિયોગ તેના પોતાનાંજ કૃત્યને પરિણામે તેને વહોરી લેવો પડ્યો હતો. વાત એમ બની હતી કે, હવે પોતે રાજા થયો હતો અને યુવરાજ્ઞી પ્રભાવની તે સમ્રાજ્ઞી થઇ હતી, એટલે રાજા શ્રેણિકના સમયે જે સત્તા તેઓ બન્ને ધરાવતા હતા તે કરતાં તો અત્યારે કયાંય વિશેષ પ્રમાણમાં તેઓ સત્તાયુક્ત થયા કહેવાય. એટલે સત્તાના ઘેનમાં રાણી પ્રભાવતીનાં ભંભેરવાથી તેણે પાછો ઉપાડો માંડ્યો અને બાળકુંવર ઉદયનના ખેલન માટે, સચેનક હાથીની ફરીને હલ્લ અને વિહલ્લ પાસે માંગણી કરી. સ્વભાવિક છે કે તે માંગણી તેમણે સ્વીકારી નહીં. એટલે રાજા કૂણિકે યુદ્ધ માટે કહેણ મોકલ્યું. ગમે તેમ પણ કુંવર હલ્લ અને વિહલ્લ, ભલે રાજા કૂણિકના સહોદર ભાઈઓ હતા, છતાં રાજપદ યુક્ત તો નહોતાજ. એટલે રાજાની સામે બાથ ભીડવા કરતાં, મગધદેશ ત્યાગીને પાસેના વૈશાળીદેશના રાજવી અને પોતાના માતામહ, રાજા ચેટકના આશ્રયે જઈ રહ્યા. આ ઉપરથી કૂણિકે, રાજા ચેટકને કહેણ મોકલ્યું કે મારા ગુન્હેગારને સોંપી દો અથવા સંગ્રામ કરો. રાજા ચેટક ભલે નાના દેશનો સ્વામી હતો, પણ તેનામાં ક્ષત્રિય ઓજસ રગેરગે વહ્યા કરતું હતું. એટલે ઉત્તર વાળ્યો કે, ક્ષત્રિય બચ્ચો કોઈ દિવસ શરણાગતને, દગો દઇને ત્યજી શકતો નથી. તેમાંય આ બે કુમારો તો, જેમ તું મારો દોહિત્રો થાય છે તેમ તેઓ પણ મારા દોહિત્રા છે. એટલે ક્ષત્રિયરાજા તરીકે, તેમજ માતામહ તરીકે, એમ એવડી ફરજથી તેમનું રક્ષણ કરવાને હું બંધાયેલ છું. માટે તે બાબતનો આગ્રહ છોડી દેવો. અને નહીં તો ખુશીની સાથે યુધ્ધે નીકળવું. રાજા કૂણિકને તો એટલુંજ જોઇતું હતું. અને ધમાધમી કરવી તે તો તેનો સ્વભાવજ થઇ પડ્યો હતો. એટલે બન્ને દેશનાં લશ્કરો સામ સામે કટીબદ્ધ થયાં અને મોરચા મંડાયા. પ્રથમ હલ્લ અને વિહલ્લ પોતાના સચેનક હાથી ઉપર આરૂઢ થઈને લડવા નીકળ્યા. પણ આ દેવહાથી હોવાથી, સામાપક્ષે રાજા કૂણિકની કાંઈ યારી ફાવી નહીં. છેવટે તેણે કંટાળીને યુક્તિ કરી કે, પોતાના લશ્કરની મોખરે એક મોટી અને પહોળી ખાઈ ખોદાવી અને તેમાં અગ્નિના જીવતા અંગારા–ભર્યા. પછી પોતાનું લશ્કર જરા પાછું ખેંચી લીધું. એટલે કુંવર હલ્લવાળું લશ્કર સચેનક હાથી સહિત આગળ વધ્યું. અને ખાઈ પાસે આવતાં

---

છે. અને તે પ્રમાણે નામ પડાય ત્યારે, રાજા પોતાના શત્રુને અજાત (નહીં જન્મેલ) તરીકે તો ન જ ગણે. જો કે પ્રથમ તો કોઈ પિતા પોતાના પુત્રને-અને તે પણ જન્મતાં પૂર્વે કે જન્મતાવેંત દુશ્મન લેખી શકેજ નહીં એટલે મનની ઉઠાવી કેવળ કલ્પના કરીનેજ ગ્રંથકારોએ આ બધું હાંકયે રાખ્યું દેખાય છે.

તુરતજ હાથીએ પોતાના દૈવીજ્ઞાનથી[૬] સ્થિતિ કળી લીધી, એટલે અંબાડી ઉપર બેઠેલા બન્ને હલ્લ અને વિહલ્લને પોતાની સુંઢથી નીચે ઉતારી, પોતે ખાઇમાં કૂદી પડી, અંગારમાં ભડથું થઇ ગયો. કોઇના મતમાં એમ છે કે ઉપર બેઠેલા કુંવરો સહિત તે અગ્નિમાં બળી મૂઓ હતો. જ્યારે કોઇકનો મત એમ થાય છે કે તે એકાકીજ બળી મૂઓ હતો, પણ હલ્લવિહલ્લને, આકાશમાં ફરતા તે વખતના કોઈ દેવતાએ ઉપાડી લઈ જ્યાં શ્રી મહાવીર હતા ત્યાં તેમની સમીપે મૂક્યા હતા; અને તેમણે તો વૈરાગ્યવંત બની દીક્ષા ગ્રહણ કરી[૭] લીધી હતી. મુખ્ય લડવૈયાઓ આ પ્રમાણે દૂર થવાથી હવે લડવાનો વારો, રાજા ચેટકનો આવ્યો. જોકે મગધપતિ કરતાં તે નાનો રાજા હતો, છતાં મહાન નિશાનબાજ અને અચૂક બાણાવળી હોઇને, ધારત તો રાજા કૂણિકને જેર પણ કરી શકત; અથવા તો સારી રીતે હંફાવી પણ શકત. પણ ન ધાર્યું બની જાય અને પોતાના બાણથી કદાચ રાજા કૂણિકનો વધ થવા પામે તો, એક દૌહિત્રાના ઘાતક બનવું તે કરતાં પોતેજ કાં મરી ન જવું એમ વિચારી, કુવામાં પડી, ડૂબી મરણ પામ્યો. રાજા ચેટકના કેજ વિશે વિધવિધ મંતવ્યો[૮] આગળ ધરાય છે. ગમે તે સત્ય હોય પણ એટલું નિર્વિવાદિત છે કે, રાજા ચેટકના જીવનનો અંત તો આ સમયેજ આવ્યો હતો. રાજા ચેટકના મરણથી અને તેને કોઇ પુત્ર ન[૯] હોવાથી, કૂણિકે આખું વૈશાળીનું-વિદેહનું રાજ્ય મગધ સામ્રાજ્યમાં ભેળવી લીધું. આ બનાવ રાજા કૂણિક ગાદીએ આવ્યા પછી બીજેજ વર્ષે બન્યો હોવાનું એટલે ઈ. સ. પૂ. ૫૨૭ માં થયાનું નોંધી શકાશે.

આ પ્રમાણે પોતાના બે પુત્રો, હલ્લ અને વિહલ્લનો વિયોગ થયો અને બીજી બાજુ પિતા ચેટકનો વિયોગ થયો એટલે વિધવા રાણી ચિલ્લણા-ને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને તેથી તેણીએ પોતાની લગભગ ૪૫ વર્ષની ઉમરે, શ્રી મહાવીરના સ્વહસ્તેજ દીક્ષા ગ્રહણ કરી લીધી. આ બનાવ ઈ. સ. પૂ. ૫૨૭ ના મે-કે એપ્રીલ માસમાં[૧૦] બન્યા-

( ૬ ) જૈન ગ્રંથોમાં આવા જ્ઞાનને વિભંગજ્ઞાન કહે છે. વિ=વિપરીતઃ એટલે કે આ જ્ઞાનને લીધે વસ્તુ-સ્થિતિનું ભાન થાય ખરૂં, પણ વિકૃત સ્વરૂપે થાય એટલે કે સવળાનું અવળું દેખે.

( ૭ ) ભ, બા. વૃ. ભા. પૃ. ૧૦૫ માં લખ્યું છે કે તે બન્ને ભાઇઓ પણ ખાઈમાં, હાથી ઉપર બેઠા બેઠાંજ, બળતા અંગારમાં બળી મૂઆ હતા.

( ૮ ) કોઇના મતે એમ નીકળે છે કે, તેનું મરણ લડતાં લડતાં થયું છે. કોઇ કહે છે કે તેણે અનશન લઇ પ્રાણનો ત્યાગ કર્યો હતો. ત્યારે કોઈ કહે છે કે, દૌહિત્રાના હાથે કદાચ પરાજય પમાય તો, નીચું જોવાનું થાય તેના કરતાં મરણ વહોરી લેવું બહેતર છે એમ વિચારી આપઘાત કર્યો હતો.

( ૯ ) આ હકીકત છપાતી હતી ત્યાં દીલ્હીથી પ્રગટ થતા "અનેકાંત" માસિકના અંકો મારા વાંચવામાં આવ્યા તેના પુ. ૧, કિ. ૪, પૃ. ૨૨૬ ઉપર મુનિ શ્રી કલ્યાણવિજયજીએ, હિમવંત થિરાવલી આધારે જણાવ્યું છે કે, રાજા ચેટકનો પુત્ર શોભનરાય નાશી જઈ કલિંગપતિ બન્યો હતો અને તેના વંશમાં હાથીગુંફા લેખવાળો ચક્રવર્તિ રાજા ખારવેલ થયો હતો. આ વિચાર બહુ ટકી શકે તેવો મજબુત મને લાગતો નથી; તેને લગતી દલીલો આપણે ઉપરમાં પૃ. ૧૬૫-૧૭૪ સુધીમાં ચર્ચી ગયા છીએ.

( ૧૦ ) જૈન મતનો સિદ્ધાંત છે કે, ચાતુર્માસમાં ( એટલે આષાઢ શુદ ૧૫ પછીના ચાર માસ ) કોઇને દીક્ષા આપી શકાય નહીં. અને શ્રી મહાવીરનું નિર્વાણ, કાર્તિક વદી ૦)) નું છે. [તે સમયે પૂર્ણિમાંત માસની ગણત્રી ચાલતી હતી તેથી કાર્તિક વદ ૦)) લખ્યું છે. પણ જો હાલની માફક અમાસાંત માસની ગણત્રી લેખીએ તો આશ્વિન વદ ૦)) ગણાય] એટલે તે મિતિ ઓકટોબરમાં

તું નોંધવું પડશે. કેમકે તે પછી થોડા માસમાંજ શ્રી મહાવીરનું નિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૭ ના ઓકટોબરમાં થયું છે.

આ પ્રમાણે ગાદીએ બેઠા પછી પ્રથમના એક વર્ષ જેટલા કાળાવધિમાં રાજા કૂણિકને પોતાના ચાર સ્નેહીજનોનો—હલ્લ અને વિહલ્લ એમ બે સહોદરોનો, માતામહ રાજા ચેટકનો અને છેવટે પોતાની જનેતા રાણી ચિલ્લણાનો—અનુક્રમવાર વિયોગ સહન કરવો પડ્યો. અને તે બાદ તુરતજ, પોતાના ધર્મપિતા શ્રી મહાવીરનો[૧૧] મોક્ષ થયો છે. આ પ્રમાણે દોઢ વર્ષના કાળમાં તેણે ઉપરની ચાર વ્યક્તિ ઉપરાંત, જન્મપિતા રાજા શ્રેણિક અને ધર્મપિતા શ્રી મહાવીરને પણ ગુમાવ્યા હતા.[૧૨] ઉપરાંત તેની અપરમાતા કૌશલ્યાદેવી પણ અકાળે મૃત્યુ પામી હતી ( જુઓ પૃ. ૨૮૪ ) આ પ્રમાણે એકંદરે સાત જણાનો વિયોગ તેને થવા પામ્યો હતો.

જે મગધ સામ્રાજ્યનો તે સ્વામી બન્યો હતો તેમાં, તેને મગધદેશ અને અંગદેશની ભૂમિજ વારસામાં મળી હતી. પણ હવે ઉપર પ્રમાણે તેમાં વિદેહ દેશની ભૂમિનો વધારો થયો હતો. અત્યાર સુધી

**પાટનગરનું સ્થાનાંતર.**

મગધદેશની રાજધાની રાજગૃહીમાં હતી. પણ ત્યાં તો, ઉપરના પારિગ્રાફમાં લખી ગયા પ્રમાણે પોતાના અંગત સ્નેહીજનો ગુમાવી બેઠો હોવાથી, તેનું ચિત્ત વ્યગ્ર રહેતું હતું. તેથી જીવને કરાર વળતો નહીં, તેમ વિદેહદેશની રાજધાની વૈશાળી નગરીમાં પણ તેનું ચિત્ત ઠરે તેમ નહોતું: કેમકે ત્યાં પણ માતામહ રાજા ચેટકનું મરણ નીપજ્યું હતું. એટલે પછી અંગદેશની ભૂમિ તરફ રાજપાટ લઈ જવાને ધ્યાન ખેંચાયું. ત્યાં પણ તેની રાજધાની ચંપાનગરીનો[૧૩], જોકે કૌશંબિપતિ રાજા શતાનિકે ઇ. પૂ. ૫૫૬ માં લુંટ ચલાવી થોડેઘણે અંશે નાશ તો કરી વાળ્યોજ હતો, પણ બીજી કોઇ રીતે તેના મનને દુઃખિત થવાનું ત્યાં કારણ ન

---

આવે છે. અને તેણીએ શ્રી મહાવીરના સ્વહસ્તેજ દીક્ષા લીધી હતી એમ જણાવાયું છે એટલે કે તેમની જીવંત અવસ્થામાં દીક્ષા લીધી હતી એમ કહેવાય. તેનો સમય ઈ. સ. પૂ. ૫૫૭ ના જુલાઈમાં ચોમાસાનો આરંભ થાય તે પૂર્વે એપ્રીલ કે મે માસમાં આવે, એ ગણત્રીએ આ કથન કીધું છે.

( ૧૧ ) ધર્મપિતા એ માટે કહેવા પડ્યા છે કે, રાજા કૂણિક જૈન હતો. તે માટે આગળના પારિગ્રાફે દલીલો જુઓ.

( ૧૨ ) જુઓ જૈ. સા. લે. સંગ્રહ પૃ. ૭૫

( ૧૩ ) હાલના વિદ્વાનો આ ચંપાનગરીનું સ્થાન, બંગાળા ઈલાકામાં આવેલ ભાગલપુર જીલ્લામાં બતાવે છે. અને તેમ માનવાનું કારણ એમ દેખાય છે કે, રે, વે. વ. નામના પુસ્તકમાં તે પ્રમાણે માન્યતા લખાઈ છે: વળી હાલના જૈન ધર્માનુયાયીઓ પણ તેમની ધર્મભૂમિ તરીકે લેખાતી ચંપાનગરીનું સ્થાન તે જ ગણે છે. પણ તે માટે વિશેષ સબળ પુરાવા નથી. જ્યારે, હાલના મધ્યપ્રાંતમાં જ્યાં રૂપનાથનો ખડકલેખ આવેલ છે ત્યાં આ પ્રાચીન ચંપાનગરી હોવાનું અહીં બતાવવું પડ્યું છે તે માટે તો R. E. જેવા અખંડનીય પુરાવા છે, તેમ તે નગરને લગતી અનેક દંતકથાઓ કે કથાનકો તપાસો તો પણ તુરતજ બંધબેસતી થઈ જાય છે. એટલે તે દઢપણે સાબિત થાય છે. વિશેષ માટે ખં. ૧. ત્રીજો પરિચ્છેદ જુઓ કે જ્યાં જુદા જુદા વિભાગોનું ભૌગોલિક દૃષ્ટિએ વર્ણન આપ્યું છે.

રાજા કૂણિકનું મૃત્યુ ચંપા ( ચંપાનગરી નહીં. પણ ચંપાદેશ=ચંપાનગરી જે દેશમાં છે તે ) માં થયું છે. અને તે કુદરતી મોતે નથી મૂઓ, પણ વિંધ્યાપર્વતમાં જીત મેળવવા ગયો હતો ત્યાં મૂઓ છે. ( જુઓ હરમન જેકોબી કૃત પરિશિષ્ટપર્વ સર્ગ. ૬. પૃ. ૨૧ વિગેરે) આ વિંધ્યાચળ પર્વતનું સ્થાનજ એમ સૂચવે છે કે, તે ચંપા બંગાળમાં નહીં, પણ અંગદેશની રાજધાનીવાળીજ ચંપા અને તે પણ હાલના સેંટ્રલ પ્રોવીન્સીઝમાંજ હોઇ શકે.

હોવાથી તે સ્થાન તેણે પસંદ કર્યું. જોકે ત્યાં તો ઉલટું તેને, એક દૃષ્ટિએ જોતાં બે ત્રણ કારણથી રંજિત થવાનું હતું, એટલે વિશેષ ઉલ્લાસથી ત્યાં રહેવાનું મન કર્યું. રંજિત થવાના કારણમાં, એક તો તે નગરી, પોતાના ધર્મના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યસ્વામિના જન્મની, દીક્ષાની, કૈવલ્યની અને મોક્ષ પામ્યાની ભૂમિ તરીકે તીર્થભૂમિ હતી. તેમજ, જે શ્રી મહાવીરનો પોતે અનુયાયી અને અનન્ય ભક્ત હોવાનું પોતાના માતાપિતાની પેઠે અભિમાન ધરાવતો હતો, તે શ્રી મહાવીર અર્હન્તનું કૈવલ્ય સ્થાન પણ તેજ અંગદેશમાં હતું.[૧૫] મહત્ત્વનાં આ બે કારણથી તે વિશેષ આલ્હાદને અનુભવતો હતો. વળી તે નગરી સર્વથા નાશ પામેલ નહોતી એટલે બે ત્રણ વરસમાંજ તેનો પુનરુદ્ધાર કરાવી રાજપાટ ફેરવી ત્યાં રહેવા લાગ્યો.[૧૬] તથા સ્વધર્મ પ્રત્યે ભક્તિભાવ બતાવવા, શ્રી મહાવીરના કૈવલ્યજ્ઞાન પામવાના આ સ્થળને પણ તીર્થભૂમિ ગણી, ત્યાં તેણે એક મોટો સ્તંભ ઉભો કરાવ્યો. જે હાલ પણ ' અજાતશત્રુ રાજાના સ્તંભ ' તરીકે પ્રસિદ્ધ છે અને તેનું વર્ણન ' ભારહુત સ્તૂપ ' નામક ગ્રંથમાં અચ્છી રીતે આલેખાયું છે. આ તીર્થની કલ્યાણકની ભૂમિને[૧૭] રાજા અજિતશત્રુ એટલું બધું મહત્ત્વ આપતો હતો કે, જ્યારે તેજ મહાવીરના પ્રથમ પટ્ટધર શ્રી સુધર્મા સ્વામી, તે સ્થાને વિહાર કરતા કરતા પધાર્યા ત્યારે, નગરપ્રવેશને ટાણે સામૈયું કરવામાં અપૂર્વ ઠાઠમાઠ કર્યો હતો. અને તેમ કરવામાં એટલું તો અઢળક દ્રવ્ય તેણે વાપર્યું હતું કે જૈન સાહિત્યમાં[૧૮] તે પ્રસંગને એક અદ્વિતીય અને અજોડ બનાવ તરીકે વર્ણવ્યો છે. અને તે પ્રસંગનું દૃશ્ય રાજા અજાતશત્રુએ પોતે ઉભા કરાવેલ સ્તંભમાં કોતરી બતાવી, ભવિષ્યની પ્રજાને તેનું સ્મરણ થયાં કરે, તે માટે ખડું કરી રાખ્યું છે.[૧૯] આ પાટનગરના સ્થાનાંતર વાળો બનાવ પોતે ગાદી ઉપર આવ્યા પછી ચોથા વર્ષે એટલે ઇ. સ. પૂ. ૫૨૪ માં બન્યો છે.

આ ઉપરથી જણાશે કે, રાજા અજાતશત્રુએજ ચંપાપુરીમાં ગાદી બનાવી હતી. પણ બૌદ્ધગ્રંથોમાં એમ જણાવાયું છે કે, તેણે પો-

---

( ૧૪ ) આ સ્થાન હાલમાં, મહારાજા પ્રિયદર્શિનના રૂપનાથના ખડક લેખ તરીકે પ્રસિદ્ધ છે. ( વિશેષ માટે જુઓ મહારાજા પ્રિયદર્શિનના વૃત્તાંતે. )

( ૧૫ ) આ સ્થાન હાલ ભારહુત નામના ગામ તરીકે ઓળખાયું, કે જે ઉપર જણાવેલ રૂપનાથના ખડક લેખવાળા સ્થળથી, માત્ર ૨૫ માઇલના અંતરે જ આવી રહેલ છે. આ ભારહુત ગામે જે મોટો સ્તૂપ અદ્યાપિ પર્યંત ઉભો રહેલ જોવામાં આવે છે; તેમાં એક સ્તંભ રાજા અજાતશત્રુએ પણ, પોતાના ધર્મ પ્રત્યેની ભક્તિરૂપે ઉભો કરાવેલ છે: જ્યારે એક બીજો સ્થંભ કોશલપતિ રાજા પ્રસેનજિત, કે જે રાજા શ્રેણિકનો સસરો થતો હતો અને રાજા કૂણિકનો મોટો સસરો થતો હતો, તેણે ઉભો કરાવ્યો છે. આ સ્થળનું બધું વર્ણન જાણવું હોય તો સર કનિંગહામે લખેલું ' ભારહુત સ્તૂપ ' નામનું પુસ્તક જોઈ લેવું.

( ૧૬ ) જુઓ ત્રિ. શ. પુ. ચરિત્ર પર્વ ૧૦, સર્ગ ૧૨.

( ૧૭ ) કલ્યાણક: એટલે કલ્યાણનું કરનાર એમ શબ્દાર્થ થાય છે: પણ જૈન ધર્મમાં ખાસ કરીને, તેમના દરેક તીર્થંકરના પાંચ કલ્યાણક ગણાવાય છે. અને જે સ્થળે તેવા પ્રસંગ બને તેને કલ્યાણકની ભૂમિ કહે છે. તે પાંચ કલ્યાણક નીચે પ્રમાણે જાણવા. (૧) ચ્યવન: માતાના ગર્ભમાં અવતરવું તે (૨) જન્મ (૩) દીક્ષા (૪) કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થવી અને (૫) મોક્ષ પામવું તે: આ પાંચ બનાવને પાંચ કલ્યાણક કહેવામાં આવે છે.

( ૧૮ ) જુઓ પરિશિષ્ટ પર્વ પ્રકરણ પંદરમું: ભ. બા. વૃ. ભા. પૃ. ૧૩૨: જૈનયુગ નામનું માસિક. પુ. બીજું, ૧૯૮૩ પૃ. ૩૬૨.

( ૧૯ ) આ ચિત્ર માટે જુઓ ભા. સ્તૂ. ના પુસ્તકમાં પ્લેઈટ નં. ૧૬ અને ૧૭.

તાના[20] રાજ્યે ચોથા વર્ષે[21] પાટલીપુત્ર (કુસુમપુર)માં ગાદી ફેરવી હતી. આ હકીકત કાંઇક નામની હેરફેર ઉપરથી ઉભી થયેલી ગેરસમજુતીને લીધે થયેલી દેખાય છે. કેમકે, હવે પછી રાજા ઉદયનના હેવાલમાં આપણે જણાવવું પડશે કે કુસુમપુર–પાટલીપુત્રમાં ગાદી કરનાર તો તે પોતેજ હતો. અને તે તેણે પોતાના રાજ્યે, ચોથા વરસમાં કરી હતી. એટલે કે, ચંપાપુરીમાં ગાદી જે બનાવવામાં આવી છે તે પણ ચોથા વરસે અને કુસુમપુરમાં ગાદી કરાઇ છે તે પણ ચોથા વરસે. આમ[22] બન્ને સ્થળ વિશે, રાજ્ય અમલ થયા બાદ ચોથા વર્ષે ગાદી સ્થાપન કર્યાનું આવે છે. એટલેજ, રાજા કૂણિકની હકીકત તેના પુત્રને લાગુ પાડી દીધી દેખાય છે. એક હકીકત અત્રે જણાવી લઇએ કે, ચંપાનગરી અને પાટલીપુત્ર બન્નેની રાજપાટ તરીકેની સ્થાપના, ચોથા વર્ષેજ થઇ છે. તેથી ચંપાનગરીએ રાજનગર તરીકે માત્ર કૂણિકના રાજ્યકાળના સમય જેટલી એટલે કે બત્રીસ વર્ષનીજ જાહોજલાલી ભોગવી ગણાશે.

**તેનો ધર્મ**

જૈનગ્રંથોમાં તેમજ બૌદ્ધસાહિત્યમાં, રાજા અજાતશત્રુને પોતપોતાના ધર્મના ભક્તજન તરીકે ગણાવ્યો છે. વાસ્તવિક રીતે તેમાં કયું સત્ય છે તે આપણે તપાસવું રહે છે. જૈન સિદ્ધાંતિક ગ્રંથમાં[23] લખ્યું છે કે રાજા અજાતશત્રુ શ્રી મહાવીર પાસે ઉપસ્થિત થઇને પ્રશ્નોત્તર કરી પોતાના સંદેહનું નિવારણ કરતો હતો. હવે શ્રીમન્ મહાવીરનું મરણ ઈ. સ. પૂ. ૫૨૭ છે જ્યારે રાજા અજાતશત્રુનું ગાદીએ આવવું ઈ, સ. પૂ. ૫૨૮ માં છે. એટલે, ઉપર પ્રમાણે જો કાંઇ તેણે પ્રશ્નોત્તર કર્યા હોય તો, પોતાના રાજ્યના પ્રથમના એક કે દોઢ વર્ષમાંજ થયા લેખી શકાય. પણ પ્રો. જે. કાર્પેન્ટીઅર, બૌદ્ધ ગ્રંથોના મતાનુસાર જણાવે છે કે,[24] રાજા ઉદયન પોતાના રાજ્યાભિષેક પૂર્વે ૩૦ વર્ષે, જ્યારે તે નાનો બાળક હતો ત્યારે પોતાના પિતા રાજા અજાતશત્રુની સાથે તથાગત ગૌતમબુદ્ધના દર્શને જતો હતો. અહીં માત્ર દર્શને જવું કહ્યું છે તેથી તે ધર્મનો અનુયાયી હતો એમ તો ભારપૂર્વક કહી નજ શકાય. તેના કરતાં તો, ધર્મની ચર્ચા જે કરતો હતો તે પ્રસંગ હજુ તે ધર્મના અનુયાયી કહેવાને કાંઇક વિશેષ વજનદાર ગણી શકાય. એટલે કે, આ બે કથનથી આપણને કાંઇ નિશ્ચય ઉપર આવવાનું સબળ કારણ મળતું નથી. પણ પ્રો. રીઝ ડેવીઝના નિવેદનથી કાંઇક મક્કમ નિર્ણય બાંધી શકાય છે ખરો. તેઓ કહે છે કે,[25] "પ્રાચીન ગ્રંથોમાં તો કાંઇજ ઉલ્લેખ નથી. છતાં, અર્વાચીન ગ્રંથોમાં એમ વાંચવામાં આવે છે કે, રાજા અજાતશત્રુએ અમુક સભામંડપ બંધાવી આપ્યો હતો અને તેમાં બૌદ્ધધર્મની પ્રથમ સભા મળી

(૨૦) જુઓ નીચેની ટી. નં. ૪૩ તથા તેને લગતું પૃ. ૩૦૩ નું લખાણ.

(૨૧) Pargiter's dynastic list in Kali-ages. P. 69 "That king will make as his capital on the earth Kusumpur, on the south banks of the Ganges in his fourth year. પા. ક. પૃ. ૬૯. તે રાજા (અજાતશત્રુ) પોતાના રાજ્યના ચોથા વર્ષે ગંગા નદીના દક્ષિણ કિનારે, કુસુમપુર નામનું શહેર વસાવી ત્યાં રાજધાની કરશે.

(૨૨) જુઓ તેનું વૃત્તાંત.

(૨૩) ઔપપાતિક સૂત્ર. પારિ. ૩૯૮: ઈ. એ. ૧૯૧૪. પૃ. ૧૨૭.

(૨૪) દિગ્નિકાય: એક, ૫૦: ઈ. એ. ૧૯૧૪ પૃ.૧૭૪ ઉપર ટી. નં. ૯૭

(૨૫) બુ. ઇ. પૃ. ૧૫:—રાજા અજાતશત્રુએ બુદ્ધના અવશેષો મેળવીને, તે ઉપર સ્તૂપ અથવા સમાધ

હતી " જો આ પ્રમાણેજ વસ્તુસ્થિતિ હોય તો તો, અર્વાચીન ગ્રંથ કરતાં પ્રાચીન ગ્રંથો હમેશાં વિશેષ માનનીય ગણાતા હોઇને એમજ માનવું રહે છે કે, જ્યારે પ્રાચીન ગ્રંથોમાં રાજા અજાતશત્રુએ મંડપ બંધાવી આપ્યાનો ઉલ્લેખ સુદ્ધાં પણ નથી ત્યારે[૨૬] તે બૌદ્ધધર્મી ન જ હોવો જોઇએ. આગળ ચાલતાં, તે જ પુસ્તકમાં, તે જ ગ્રંથકાર સ્વમંતવ્ય વિશેષ સ્પષ્ટપણે વ્યક્ત કરતાં જણાવે છે[૨૭] કે, " તેણે બૌદ્ધધર્મનો ઉપદેશ સાંભળ્યો અને પછી અપનાવ્યો હોય એવો કોઈ સપ્રમાણ પુરાવોજ નથી; તેમજ તેણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો પણ નથી. " આવા નિર્ભેળ મતથી આપણા મનમાં કિંચિત્ પણ શંકાને સ્થાન રહેતું નથી. વળી કેમ્બ્રીજ હીસ્ટરી ઓફ ઇન્ડીઆમાં પૃ. ૧૬૦ ઉપર લખ્યું છે કે[૨૮] " પિતૃઘાતક રાજા અજાતશત્રુને પોતાનો ધર્માનુયાયી ગણવાને બુદ્ધ ધર્મ કરતાં, જૈન ધર્મવાળાને, વધારે હક્ક છે. " તટસ્થ લેખકોના સંશોધક દૃષ્ટિએ રચાયેલ વિચારો આ પ્રમાણે છે. તેમજ સર્વથી શ્રેષ્ઠ પુરાવો તો ભારહુતસ્તૂપ મધ્યેનો રાજા અજાતશત્રુએ પોતેજ

---

બંધાવી; અને જો કે પ્રાચીન ગ્રંથોમાં આ બાબત કંઈજ ઉલ્લેખ મળતો નથી, પણ અર્વાચીન ગ્રંથો કહે છે કે, રાજગૃહમાં પ્રથમ બુદ્ધસમિતિ બોલાવનાર રાજા પોતેજ હતો; અને તેણે શાતપણી ગુફાના મુખ પાસે મંડપ ઉભો કરવાની ગોઠવણ કરી આપી હતી. અને આ સ્થાને સમિતિનું કામકાજ ચાલ્યું હતું. Bud. India P. 15. " He (KingAjatsatru) obtained Buddha's relics and built a Stupa (the Bharhuta Tope) or burial mound over them. And though the oldest authority says nothing about it, younger works state, that on the convocation of the first council at Rajagriha, it was the king, who provided and prepared the hall at the entrance of the Shatpani cave, where the rehearsal of the doctrine took place.

(૨૬) અને હોઈ પણ શી રીતે શકે, કેમકે તે રાજા મૂળે તે ધર્મનો અનુયાયીજ નહોતો.

(૨૭) બુ. ઈ. પૃ. ૧૫:—હમેશની પેઠે જેમ મૂર્તિ બેસારવામાં આવે છે તેમ ભારહુતસ્તૂપવાળા સ્થાને બુદ્ધની મૂર્તિ કોતરવામાં આવી નથી: માત્ર તેમના ચરણજ બતાવ્યાં છે: અને એમ પણ સ્પષ્ટ રીતે જણાવાયું છે કે, તેણે (અજાતશત્રુએ) ધર્મપલટો કર્યો નથીજ: તેમજ, પોતાનું અંતઃકરણ પીગળ્યા બાદ, તેણે બુદ્ધના ધર્મોપદેશ પ્રમાણે ખરેખર વર્તન કરવા માંડયું હતું એવો પુરાવો પણ ક્યાંય મળતો નથી: તેમજ, આપણને ખબર છે ત્યાંસુધી, બુદ્ધદેવ કે તેમના કોઈ શિષ્યની પાસે ધર્મના સિદ્ધાંતો ઉપર ચર્ચા કરવાને કોઈ દિવસ તે પોતે ઉપસ્થિત થયો હોય એમ પણ જણાયું નથી: તેમજ, બુદ્ધદેવના જીવનકાળ દરમ્યાન તેણે તે ધર્મને કાંઈ સક્રિય કે સંગીન મદદ કર્યાનું પણ આપણે સાંભળ્યું નથી.

Buddh. India P. 15:—" As usual the Buddha himself is not delineated (આ સ્થિતિ સૂચવે છે કે તે સ્તૂપ બુદ્ધનો નથી) at the Bharhuta Stupa. Only his footprints are shown. It is also distinctly stated that he was not converted. There is no evidence, that he really, after the movement, when his heart was moved, continued to follow the Buddha's teaching. He never, as far as we know, waited again either upon the Buddha or upon any member of the order, to discuss ethical matters and we hear of no material support given by him to the order during Buddha's life-time.

(૨૮) કે. હી. ઇ. પૃ. ૧૬૦:—પિતૃઘાતક રાજા અજાતશત્રુએ ધર્મપરિવર્તન કરીને, પોતાના ધર્મમાં આવ્યા વિશે બૌદ્ધ કરતાં, જૈનનો હક્ક વધારે મજબુત છે. C. H. I. P. 160:—" There seems to

ઉભો કરાવેલ સ્તંભ અને તેમાં પોતેજ કોતરાવેલ દશ્યનું રહસ્ય[૨૯] પૂરો પાડે છે. એટલે હવે નિશંકીય સ્વીકારવું રહે છે કે, તે પોતાના માતા પિતાની માફક ચુસ્ત જૈન ધર્માનુયાયી પોતાના આખા જીવનપર્યંત હતો.

તેનો જન્મ ઈ. સ. પૂ. ૫૫૬-૭માં થયો હતો અને ઇ. સ. પૂ. ૫૨૮ માં તેના પિતાના મરણ બાદ તે મગધપતિ થયો હતો. વળી ૩૨ વર્ષનું રાજ્ય ભોગવી ઇ. સ. પૂ. ૪૯૬ માં મરણ પામ્યો[૩૦] છે. એટલે તેનું આયુષ્ય ૬૦ વર્ષનું કહી શકાય. તેમ તેનો રાજ્યાભિષેક થયો ત્યારે તેની ઉમર ૨૮ વર્ષની ગણાય.

**તે તથા તેનું કુટુંબ**

તેની પટરાણીનું નામ પ્રભાદેવી અથવા પ્રભાવતી હતું. અને તે કોશલપતિ રાજા પ્રસેનજિતના પુત્ર યુવરાજ વિદુરથની પુત્રી થતી હતી. આ સગપણ સંબંધ ઇ. સ. પૂ. ૫૩૮ ની આસપાસમાં બંધાયો હતો. એટલે તેણીનો જન્મ ઇ. સ. પૂ. ૫૫૧-૨ લગભગમાં થયો નોંધી શકાશે. આપણે ઉપર જણાવી ગયા છીએ કે, કુમાર ઉદયનની ઉમર, રાજા કૂણિક જ્યારે ગાદીએ આવ્યો ત્યારે માત્ર પાંચ કે છ વર્ષની હતી એટલે રાણી પ્રભાવતીને પેટે તે કુંવરનો જન્મ ઇ. સ. પૂ. ૫૩૪ માં ગણી શકાય. આ કુંવર સિવાય એક કુંવરી પણ રાજા કૂણિકને હોવાનું ઇતિહાસ ઉપરથી સિદ્ધ થાય છે, કે જેણીને વત્સપતિ રાજા ઉદયન વેરે પરણાવવામાં આવી હતી. તેણીનું નામ પદ્માવતી[૩૧] હતું. ( રાણીનું નામ પ્રભાદેવી, અને કુંવરીનું નામ પદ્માવતી. )

રાજા અજાતશત્રુને, ઉપર બતાવેલી રાણી પ્રભાવતી સિવાય, અન્ય રાણીઓ હતી કે કેમ તે ઇતિહાસ ઉપરથી જણાયું નથી. પણ ઘણી સ્ત્રીઓ પરણવાના તે જમાનામાં, મગધ સામ્રાજ્ય જેવા અતિ વિશાળ અને અગત્ય ધરાવતા મુલકનો ભૂપાત, કેવળ એકજ પત્નિવ્રતધારક બની રહ્યો હોય એમ માની શકાય તેવું નથી. જો કે, એક ગ્રંથકારે[૩૨] બીજી રાણી હોવાનું અને તેણીનું

---

be little doubt that the Jains have more claim to include the patricide King ( Ajatsatru ) among their converts than the Buddhists."

ઓ. હી. ઈ. પૃ. ૪૮:—બૌદ્ધ અને જૈનો બન્ને રાજા અજાતશત્રુને પોતાનો ગણે છે: પણ જૈનોનો હક્ક સપ્રમાણ પુરાવાથી સાબિત થયેલ છે. O. H. I. P. 48:—Both Buddhists and Jains claimed him as one of themselves. The Jain claim appears to be well founded.

( ૨૯ ) જુઓ પૃ. ૨૯૬ નું લખાણ તથા તેના ટી. નં. ૧૫.

( ૩૦ ) તેનું મરણ કુદરતી સંજોગોમાં નથી થયું. જુઓ તે માટે પૃ. ૨૯૬ ઉપર ટી. ૧૩ નું લખાણ.

( ૩૧ ) H. H. P. 60: His ( Ajatsatru's ) daughter Padmavati was still unmarried. રાજા અજાતશત્રુની કુંવરી પદ્માવતીને હજુ પરણાવી નહોતી. "

( ૩૨ ) જુઓ ભા. પા. રા. પુ. ૨. He had another queen by name of Patli, the daughter of one king named Mahendravarma. મહેંદ્રવર્મન રાજાની પુત્રી નામે પાટલી તે તેની બીજી રાણી હતી. આ કથન માટે તે લેખકે કોઇ આધાર ટાંક્યો નથી. એટલે દેખાય છે કે તે કાલ્પનિક હશે. અથવા એમ પણ હોય કે, રાજા ઉદયને " પાટલીપુત્ર " નગર વસાવ્યું છે એટલે પાટલીપુત્ર નગરને બદલે, ઉદયનનેજ પાટલીપુત્ર ( પાટલી નામની વ્યક્તિનો પુત્ર તે પાટલીપુત્ર ગણીને ) ઠરાવી દીધો હોય અને ઉદયનને પાટલી રાણીનો પુત્ર જો ઠરાવે તો, પાટલી નામની વ્યક્તિ તે રાજા કૂણિકની રાણી ઠરે. છતાં વિશેષ

નામ પાટલી હતું એમ લખી પણ વાંચ્યું છે. પણ આ નામ માટે મને તો શંકા રહે છે.

તેને વારસામાં મગધપ્રાંત તથા અંગદેશ[૩૩] અને કાશીના પ્રાંતો મળ્યા હતા. ઉપરાંત

**રાજ્ય વિસ્તાર અને મરણ**

પોતે ગાદી ઉપર બેઠા પછી તુરત પોતાના માતામહ રાજા ચેટકનો વિદેહ—વૈશાળાનગરીનો દેશ મેળવી લીધો હતો, તે બતાવી ગયા છીએ. આ સિવાય બીજી કોઈ લડાઇ તેને લડવી પડી હોય તેમ જણાયું નથી. પણ પોતાના પિતાના રાજ્ય અમલે, કોશળપતિની સાથે લગભગ ૧૦–૧૨ વખત તેને યુદ્ધ ખેડવું પડયું હતું. તેમાં અવારનવાર તેનો જય અને પરાજય પણ થતો રહ્યો હતો. જો કે છેવટે જીત મેળવીને તે બન્ને દેશ વચ્ચે મિત્રાચારીની સંધિ થઇ હતી અને પરિણામે કોશળ રાજવંશની બે કન્યાઓ મેળવી હતી. એક પોતાના પિતા શ્રેણિક માટે અને બીજી પોતાના માટે. આ વૃત્તાંત આપણે આગળ ઉપર વર્ણવી ગયા છીએ. કોઇ ગ્રંથકારનું એમ માનવું જે થયું છે કે,[૩૪] આ યુદ્ધોમાં છેવટે તો, કૂણિકની હાર થઇ હતી અને તેને બંદીવાન થવું પડયું હતું, તે વાત ઘણીજ અસંગત લાગે છે. કેમકે, જો કુંવર કૂણિકની હારજ થઇ હોત તો, સંધિની શરતમાં, કોશળપતિની કન્યા તેને ન મળત; કારણ કે દુનિયાનો રિવાજ છે કે, જે પક્ષ હારે તે નામોશી ભરેલી શરતો કરે, અને જે પક્ષ વિજેતા નીવડે તેનો હાથ તો ઉપરવટ રહે: તેમ પોતાની કન્યા બીજાને આપવી પડે તે તો નામોશી ભરેલી શરત કહી શકાય છે. એટલે સૌથી આખરે કૂણિક કુમારની તો જીતજ થઇ હોવી જોઇએ એમ અનુમાન દોરવું રહે છે.

આ પ્રમાણે તેનું રાજ્ય, પૂર્વ ભારતનો સઘળો ઉત્તર ભાગ રોકી પડયું હતું. તેમ કોશળ સાથે મૈત્રીની ગાંઠ હતી. એટલે તેણે દક્ષિણ જીતવા તરફ પોતાનું ધ્યાન દોર્યું હતું. પણ વિંધ્યાચળ પર્વતમાં થઇને રસ્તો કરવા જતાં, આકસ્મિક સંજોગોવશ્ચે તેનું અકાળ મરણ થઇ ગયું હતું.[૩૫]

અત્ર એક બાબત વાચકવર્ગના ખાસ લક્ષ ઉપર મૂકવાની છે. તે એ કે, જેમ તેના પિતાને એટલે રાજા શ્રેણિકને, વર્તમાનકાળની સંસારવ્યવસ્થાની રચના કરવાનું માન આપવું પડયું છે,

---

તપાસ થાય તો ખોટું નથી. સરખાવો નીચેની ટી. નં. ૪૪.

( ૩૩ ) એકે આ દેશ ખરી રીતે તો કલિંગપતિની આણમાંજ હતો એમ જણાવું રહે છે. પણ પુરાતત્ત્વકારે, જ્યારે અંગમગધાઃ એવો શબ્દપ્રયોગ કર્યો છે ત્યારે આપણે એને વળગી રહેવું પડયું છે. સંશોધકોએ તપાસ કરવા યોગ્ય આ બાબત છે.

અંગદેશનો રાજા મગધનો ખંડિયો કદાચ હોય એમ ચેદિવંશના ઇતિહાસથી કલ્પના બાંધી શકાય છે. (જુઓ પૃ. ૧૭૩ અને પછી) પણ જ્યારે અજાતશત્રુએ રાજગાદીજ અંગદેશની ચંપા નગરીમાં કર્યાનું સિદ્ધ છે, તો પછી તે દેશ મગધ સામ્રાજ્યમાંજ હતો એમ વિશેષતઃ માનવું પડશે.

( ૩૪ ) E. H. I. 3rd Edition P. 35:— It is said Ajatsatru was carried away as a captive in chains to his opponents' capital: ultimately peace was restored and a princess of Koshal was given in marriage to the king of Magadh. અ. હી. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૩૫:–એમ કહેવાય છે કે, રાજા અજાતશત્રુને બેડી પહેરાવીને, તેના શત્રુની રાજધાનીમાં લઈ જવામાં આવ્યો હતો. અંતે સુલેહ કરવામાં આવી હતી, અને કોશળ રાજાની કુંવરીને, મગધપતિ વેરે પરણાવવામાં આવી હતી.

( ૩૫ ) જુઓ પૃ. ૨૯૬ ઉપર ટી. નં. ૧૭.

તેમ તેને પણ એક જાતનું માન આપણે આપવું રહે છે. અત્યારસુધી ઉત્તર હિંદ અને દક્ષિણ હિંદનો સીધો વ્યવહાર કરવાનું, વિંધ્યાચળમાંથી તદ્દન બંધ હતું. તેનો રસ્તો કરવા માટે જોકે તેણે તો પ્રયાસજ કરેલ, અને તેમાં તેનું મૃત્યુ થયું હતું. પણ તે પ્રયાસ સૌથી પ્રથમનો હતો અને તે તરફ તેનુંજ ધ્યાન દોરાયું હતું તેથી તેનો યશ તેને ખાતે નોંધવો રહે છે. આ હકીકતનું વર્ણન કરવું અત્ર અસંગત છે. પણ એટલું ખરૂં કે, તેનો પ્રયાસ તેના માટે તો અફળજ નીવડયો હતો, છતાં ભવિષ્ય માટે તે રસ્તો ઉઘડી ગયો અને તેને પરિણામેજ, તેનો પુત્ર ઉદયન, ઠેઠ સિંહલદ્વીપ સુધી જઇ શકયો હતો. આ બાબતમાં વિશેષ ઉહાપોહ ન કરતાં, ઓકસફર્ડ હીસ્ટરી ઓફ ઇન્ડીઆની આવૃતિમાં પૃ. ૪ ઉપર તે વિચારને અનુસરતા જે શબ્દો ઇતિહાસના વિદ્વાન લેખક મિ. વિન્સેંટ સ્મિથે લખ્યા છે તે જ અત્રે સદાઅરા ઉતારીશ:—

"In prehistoric times, communication between the north and the south, must have beeen very difficult and rare.[39] The people of either region presumably knew little or nothing of those in the other and the two populations were probably totally different in blood. ઇતિહાસના પૂર્વના કાળે ( એટલે ઈ. સ. પૂ. ચાર–પાંચ સદીની ગણત્રી છે ) ઉત્તર અને દક્ષિણ હિંદ વચ્ચેનો અવરજવર કે વ્યવહાર બહુજ મુશ્કેલીવાળો અને થોડોજ હશે. વળી બન્ને પ્રદેશના લોકો, અરસપરસનું જ્ઞાન બહુ જુજ–બલ્કે કિંચિત પણ નહીં ધરાવતા હોય તેમજ તે બન્ને પ્રજાનું સગપણ, લોહીનાં દૃષ્ટિબિંદુએ જોતાં, તદ્દન જુદુંજ હતું."

આ પ્રમાણે અન્ય વિદ્વાનો શું ધારે છે તે જણાવ્યું છે. મારે જે વાત ઉપર ધ્યાન ખેંચવું રહે છે તે ટીકા નં. ૩૬ માં જણાવ્યું છે. એટલું કહી, હવે આપણા કાર્યમાં આગળ વધીશું.

## ( ૮ ) ઉદયન–ઉદાયશ્વ[૩૭] અથવા ઉદાયનભટ્ટ.[૩૮]

રાજા કૂણિકના મરણ પછી તેનો પુત્ર ઉદયન મગધપતિ બન્યો. તેની માતાનું નામ પ્રભાદેવી હતું, જે કોશળદેશના રાજકુટુંબની પુત્રી હતી. પણ કોઈ ગ્રંથકારે તેની માતાનું નામ, પાટલીરાણી ઠરાવી દીધું છે. ( જુઓ ઉપરની ટીકા નં. ૩૨ તથા પૃ. ૩૦૩ ઉપર ટીકા નં. ૪૪. ) આ હકીકત કેટલે દરજ્જે સત્ય છે તે તપાસ માંગે છે. રાજા ઉદયનનો જન્મ ઇ. સ. પૂ. ૫૩૪ માં થયાનું આપણે નોંધ્યું છે. એટલે ઇ. સ. પૂ. ૪૯૬ ગાદીએ બેઠા ત્યારે તેની ઉમર ૩૮–૩૯ વર્ષની ગણાય. અને ૧૬ વર્ષ સુધી રાજ્ય કરી,

---

( ૩૯ ) આ ઉપરથી સમજાશે કે, મારૂં લખાણ અને મિ. સ્મિથનું કથન એક બીજાને તદ્દન મળતુંજ છે. તેમના વિચારથી મેં સ્વતંત્ર રીતેજ લખાણ કરેલ હતું. ખરી વાત છે કે, મારો મત જૈનગ્રંથમાં વર્ણવેલી હકીકતને આધારે મેં બાંધ્યો હતો. મારે જે જણાવવું પડે છે તે એટલુંજ કે, જૈન સાહિત્યમાંની કેટલીએ હકીકત, લાંબા વિચાર કે લખાણના ભાવાર્થમાં ઊંડા ઉતર્યા સિવાય અને તેનું રહસ્ય સમજ્યા સિવાય, કેટલાક વિદ્વાનો તેવા લખાણને હસી કાઢે છે તેમાં, જૈન સાહિત્યને તેઓ અન્યાય કરતા હોય કે નહીં, તે પ્રશ્ન એક બાજુ રાખીએ, પણ તેઓ જરૂર હિંદી ઇતિહાસને તો અન્યાય કરે છેજ, એમ આપણે સ્વીકારવું રહે છે. આવા દૃષ્ટાંતો, આ આખા પુસ્તકમાં અનેક ઠેકાણે મળી આવે છે.

( ૩૭ ) વડોદરાની સાહિત્ય ગ્રંથમાળાનું "ચંદ્રગુપ્ત" નામનું પુસ્તક પૃ. ૪૦.

( ૩૮ ) જુઓ આગળ ઉપર ટી. નં. ૫૪.

ઈ. સ. પૂ. ૪૮૦ માં[૩૯] પંચાવન વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામ્યો કહી શકાય.

જૈન સાહિત્ય ગ્રંથમાંથી એમ હકીકત નીકળે છે કે તેણે પોતાના પુત્રને રાજ્ય સોંપી[૪૦] આત્મસાધન કરવા માંડયું હતું. (જુઓ અ. ભા. વૃ. પૃ. ૫૬.) એટલે તેણે ગાદીનો ત્યાગ કર્યો હોય એમ સમજાય છે. અને પછી કેટલેક કાળે તેનું મરણ નીપજ્યું હશે. (જુઓ ઉપર ટી. નં. ૧ ની હકીકત.) અને આ પ્રમાણે બનવાનું વિશેષપણે સંભવિત પણ છે. એટલે તે હિસાબે તેની ઉમર મરણ સમયે પંચાવન વર્ષ કરતાં મોટી ગણી શકાય.

**રાજપાટની પાછી ફેરબદલી**

જેમ રાજા કૂણિકને પોતાના પિતા શ્રેણિકના અકાળ મરણને લીધે રાજગૃહીમાં રહેવાનું અકારૂં લાગ્યું હતું તેમ રાજા ઉદયનને પણ પોતાના પિતા કૂણિકના અકાળ મૃત્યુને લીધે ચંપાનગરીમાં રહેવાનું અકારૂં લાગવા માંડયું હતું. અને તેથી તેણે, રાજધાની ફેરવીને અન્ય સ્થળે લઇ જવાનો વિચાર કરવા માંડ્યો. તે માટે કર્મચારીઓની કેટલીક નાની ટુકડીઓ પાડી, તપાસ કરવા ચારે તરફ મોકલી દીધી. તેમાંની એક મંડળી, જ્યાં સોન[૪૧] નદી ગંગાનદીને મળે છે ત્યાં તેના સંગમ સ્થાન ઉપર, દક્ષિણ તટે એક સુંદર વૃક્ષ હતું ત્યાં આવી પહોંચી. અહીં તેમને એક આશ્ચર્ય માલૂમ પડયું. વૃક્ષને સુંદર, મનોહર, લાલ ઘેરાં ફુલો વિકસિત થઈ શોભાવી રહ્યાં હતાં. તેમાં એક પક્ષી બેઠું હતું; તે પોતાનું મુખ અવાર નવાર ઉઘાડતું હતુ અને તેને આહારરૂપે જોઇતાં નાનાં નાનાં ઉડતાં પતંગિયાં, મગતરાં, કીડાઓ અને પંખીઓ આપોઆપ આવી પડતાં હતાં. એટલે પછી તે પક્ષી પોતાનું મુખ બંધ કરી, તે સર્વેને સ્વાહા કરી જઇ ઉદરતૃપ્તિ કર્યે જતું હતું. વિના પ્રયાસે તેનું કાર્ય સિદ્ધ થતું જોઇ, તપાસ કરવા નીકળેલી આ મંડળીને પણ મનમાં એમ વસી ગયું કે, જો આ સ્થાને રાજધાનીનું શહેર વસાવવામાં આવે તો, જેમ પક્ષીને વિના મહેનતે ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઇ આવે છે તેમ રાજ્યને પણ સર્વ ઇચ્છિત વસ્તુનો લાભ મળી રહે.[૪૨] આ કલ્પનાથી હર્ષિત થઈ, તેમણે પાછા આવીને તે સર્વ વૃત્તાંત પોતાના રાજાને કહી સંભળાવ્યો. તેણે પણ તે પસંદગીને અનુમોદન આપવાથી તે વૃક્ષના સ્થાને પાટનગર વસાવવાની તડામાર તૈયારી કરાવા માંડી. ત્રણેક વર્ષમાં તો રાજધાનીને યોગ્ય સર્વ સામગ્રી સંપૂર્ણ થઇ રહી. અને રાજા ઉદયને, ગાદીએ બેઠા પછી ચોથા વરસે તો આ નવા નગરમાં પ્રવેશમુહુર્ત પણ કરી દીધું. ઇ. સ. પૂ. ૪૯૨.[૪૩] અને જે વૃક્ષના સ્થાન ઉપર આ નગર વસાવવામાં આવ્યું

(૩૯) સરખાવો ઉપરની ટી. નં. ૧ નું લખાણ.

(૪૦) એટલે તેને ' અપુત્રિયો ' કહી ન શકાય. સરખાવો વત્સપતિ ઉદયન રાજાનો મરણવાળો બનાવ.

(૪૧) હાલમાં તે નદીનું નામ સોન છે. પણ તે સમયે, હિરણ્યરેખા અથવા સુવર્ણરેખાના નામથી ઓળખાતી હતી. એટલે સુવર્ણરેખાનું સોન નામ તે અપભ્રંશ તરીકે પડયું કહેવાય. આ નદીના આરંભમાં તેના બે નાના ફાંટા છે. તેમાંના એક ભાગની રેતી બહુજ બારીક, સુંવાળી અને સ્પર્શમાં મુલાયમ હોવાથી તેને "રૂજુવાલુકા" નામથી સંબોધાયલી છે. આ પેટા નદી જ્યાં હાલના મધ્ય પ્રાંતમાં નાગોડ રાજ્ય છે, અને જેના ભારહુત ગામે મોટો સ્તૂપ માલુમ પડ્યો છે ત્યાંની પડોશમાં આવેલ છે. (જુઓ ઉપર પૃ. ૧૮૫ નો નકશો.)

(૪૨) બૌદ્ધ પુસ્તકોમાં આ સ્થાનનું કૌતુક તો વર્ણવ્યુંજ છે. પણ કેટલેક અંશે ફેર પડે છે. જોકે મુખ્ય મુદ્દામાં તો લગભગ એકસરખુંજ છે એમ કહેવામાં વાંધા જેવું નથી.

(૪૩) અ. હી. ઇ. ત્રીજી આવૃત્તિ. પૃ. ૩૬

તે વૃક્ષનું નામ પાટલ ( રાયડા ) હોવાથી, નગરનું નામ પાટલીપટ્ન અથવા પાટલીપુત્ર[૪૪] પાડવામાં આવ્યું. તેમ તે વૃક્ષ પોતાનાં વિકસાયમાન અને ખુલ્લાં, રાતા રંગનાં તથા સૂર્યનાં કિરણો પડવાથી અતિ મનોહર દેખાતાં કુસુમને લીધે દેદિપ્ય બની રહ્યું હતું. તે ઉપરથી તેનું નામ કુસુમપુર પણ કહેવાયું છે. આ શહેરની રચના કેટલા મોટા પથારામાં થઈ રહી હતી, તે ઈ. સ. પૂ. ૩૦૪ માં તે સમયના મગધપતિ અશોકવર્ધનના દરબારમાં જે ગ્રીક એલચી મેગેસ્થનીઝ આવી રહ્યો હતો તેના કથનના આધારે જણાય છે; કે[૪૫] તેનો રહેણાક વસ્તીવાળો ભાગ લંબાઇમાં એંસી અને પહોળાઈમાં પંદર સ્ટુડીઆ હતો. તથા શહેરની આસપાસ લાકડાનો કોટ બનાવવામાં આવ્યો હતો. તે કોટને ૫૭૦ મિનારાઓ અને ૬૪ દરવાજા હતા. તથા કોટની બહાર ફરતી મોટી ખાઇ ખોદવામાં આવી હતી. તેની પહોળાઇ ૭ સો ફીટ, અને ઊંડાઇ ત્રીસ ફીટ હતી.

ઇજનેરી કળાના નિષ્ણાતો તથા વિશ્વકર્માઓ વર્તમાનકાળે જે એમ માનતા જણાય છે કે, તેમની કળાને લગતું હાલના સમયે જેવું પદ્ધતિપૂર્વક જ્ઞાન છે અને જેવી ઝડપથી અને કુશળતાથી તેઓ કામ કરી શકે છે તેટલા પ્રમાણમાં, પૂર્વના સમયે આ હુન્નર તથા કળા ખીલેલાં નહોતાં. તો આ પ્રસ્તાવને તેમના ચરણમાં સાદર ભેટ કરવી પડે છે. વળી જણાવવાનું કે આપણા ભારતવર્ષની સાંપ્રતકાળની નૂતન રાજધાની, જેને " ન્યુદીલ્હી "

---

ઉપરનું ટી. ૨ અને પૃ. ૩૯ ઉપરનું ટી. ૧:—વાયુપુરાણમાં ખાત્રીપૂર્વક જણાવ્યું છે કે ઉદયને પોતાના રાજ્યના ચોથા વર્ષે, ગંગા નદીના દક્ષિણ તટ ઉપર, પાટલીપુત્ર શહેર વસાવ્યું હતું. E. H. I. by Smith 3rd Edi. P. 36. fn. 2 & P. 39 fn. 1. The building of the city of Patliputra on the south bank of the Ganges in his fourth year by Udayan is asserted by the Vayupurana.

વળી જુઓ ભ. બા. વૃ. પૃ. ૫૫.

વળી જુઓ જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૭૪ નું ટી. ૪૧—પુરાણગ્રંથો, ગર્ગસંહિતા અને જૈન ગ્રંથો એમ સર્વે સંમત થઇને જણાવે છે કે, ઉદયને પાટલીપુત્રની સ્થાપના કરી છે. J. O. B. R. S. Vol. I. P. 74. fn. 41:—Udayan has founded the city of Patliputra according to the unanimous testimony of the Puranas, Gurgasamhita and the Jain traditions.

સરખાવો ઉપરમાં ટી. નં. ૨૦ ની હકીકત તથા તેનું લખાણ.

આ પાટલવૃક્ષનો ઉદ્ભવ શા કારણથી અને ક્યારે થવા પામ્યો હતો તે જાણવું હોય તો જુઓ નીચેનું ટીપણ નં. ૪૪ નો અંતનો ભાગ.

( ૪૪ ) પાટલીપુત્ર એટલે પાટલી રાણીનો પુત્ર એમ નહીં. ( જુઓ ઉપરતું ટી. નં ૩૨ ) પણ પુત્ર એટલે પુત્તઃ પટ્ટણ અથવા શહેર (જુઓ પૃ. ૧૦૬ ઉપર ટી. નં. ૧). આ પાટલવૃક્ષના સ્થળના ભૂત ઇતિહાસ વિશે અનેક મનોરંજક દંતકથાઓ કહેવાય છે. જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૫૫ થી ૬૦. જુઓ રે. ચે. વ. પુ. ર. પૃ. ૮૨, ૮૩.

( ૪૫ ) કે. હી. ઈ. પૃ. ૪૧૧ [લંબચોરસ. ૮૦×૧૫ સ્ટુડીઆ=૯¾ માઈલ લાંબો અને ૧ માઈલ ૧૨૭૦ વાર પહોળો; તેની ખાઈ ૩૦ કયુબીટ ( ૬૦ ફીટ ઉંડી ); ૬ પ્લેથરા= ૨૦૦ યાર્ડ પહોળી હતી ] C. H. I. P. 411. [oblong 80×15 studias=9¾ miles by 1 mile & 1270 yds: ditch 30 cubits ( 60 ft.) deep by 6 plethra ( 200 yds ) vide ]

ઈ. કો. ઈ. ની પ્રસ્તાવના પૃ. ૩૭:—વસ્તીવાળો તેનો ભાગ લંબાઈમાં બન્ને બાજુએ એંસી અને પહોળાઇમાં પંદર સ્ટુડીઆ હતો, અને તેની ચારે તરફ ફરતી ખાઇ આવી રહી હતી, જે ૬૦૦ ફીટ પહોળી ( કે. હી. ઇ. વાળા ઉપરના લખાણમાં ૨૦૦ ફીટ લખી છે) અને ૩૦ કયુબીટ ( ૬૦ ફીટ ઉંડી હતી. વળી તે કોટને ૫૭૦ કોઠાઓ અને ૬૪ દરવાજા

કહેવામાં આવે છે. અને જેના માત્ર એક ભાગનેજ છેલ્લાં દશેક વરસથી[૪૬] કેટલીયે જહેમત ઉઠાવી રાજધાનીના બરનો બનાવવા પરિશ્રમ સેવાઇ રહ્યો છે, છતાં હજુ મનપ્રસન્ન સંપૂર્ણ કરી શકાયો નથી. તેની સાથે, સરખામણી કરવાનું મહેરબાની કરીને વિચારશે. આ પાટલીપુત્ર જેવું લગભગ ૧૦ માઇલ લાંબુ અને ૨ માઇલ જેવું પહોળું રાજનગરનું શહેર તથા તેને ફરતો આવો મોટો કોટ, તેને ફરતી આવી મોટી ઉંડી ખાઇ તથા તે ઉપરાંત ગુંબજો અને મિનારાઓ, તેમજ સરકારી મકાનો, રાજાના મહેલો અને રહેઠાણો; તેમજ તેની વસ્તી માટે રહેવાનાં મકાનો, બજારો રસ્તાઓ ઇત્યાદિ સર્વે વસ્તુઓ, તદ્દન નવેસરથી માંડીને ઉભી કરવી, તેને લગતા નકશાઓ વિચારી કાઢી, યોજના ઘડી તેને મૂર્તસ્વરૂપે ખડું કરવું ઇત્યાદિ સર્વ કાર્ય કરવામાં જે ચાર વર્ષથી પણ ટૂંક સમય લાગ્યો હતો તે ક્યાં? અને નૂતન દીલ્હી બાંધવામાં, અને તે પણ તેનો માત્ર એક ભાગજ બાંધતાં બાંધતાં–જે દશદશ વર્ષનાં વહાણાં વહી ગયાં છતાં પૂર્ણ નથી કરી શકાયું તે ક્યાં?[૪૭]

ત્યારબાદ પાટલીપુત્રમાં તેણે પોતાના માટે એક મોટું જૈન મંદિર બનાવરાવ્યું: અને તેમાં બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથના બિંબની પ્રતિષ્ઠા કરાવી.[૪૮] ત્યાં તે હમેશાં જિનપૂજા કરવા જતો હતો. જિનમંદિર બંધાવ્યા બાદ તે સૌરાષ્ટ્રમાં આવેલા શત્રુંજય અને ગિરનારની યાત્રાએ નીકળ્યો હતો. જે એમ કહેવાયું છે કે, ઈ. સ. પૂ. ૧૮૮૨ માં પટણા શહેરની નજીકમાંથી, યક્ષની બે મૂર્તિઓ મળી આવી છે[૪૯] અને જેને કલકત્તા મ્યુઝીઅમમાં "ભારહુતગેલરી" નામના વિભાગમાં ગોઠવવામાં આવી છે. તથા જેને સર કનિંગહામના મંતવ્ય પ્રમાણે,[૫૦] અશોકવર્ધનના સમય પૂર્વેની બનાવેલી નહીં હોવાનું મનાય છે જ્યારે મિ. જયસ્વાલની ધારણા મુજબ,[૫૧] એક પ્રતિમા ઉપર "અજ" ( Lord of the world ) અને બીજી ઉપર "સમ્રાટ વર્તિનાન્દ" આવા શબ્દો હોવાથી, અશોકના સમયની પૂર્વે કેટલાય સમયની હોવાનું સંભવિત છે; આ બંને યક્ષ-પ્રતિમાઓ, રાજા ઉદયને જે મંદિર આ પાટલીપુત્રમાં પોતા માટે બંધાવ્યું હતું તેને લગતી હોવી જોઇએ એમ મારૂં માનવું થાય છે. કેમકે, તે જ

---

હતા. Inscr. of Ashok by Prof. Hultzsch Vol. I. Pref. xxxvii "Stretched in the habited quarters to an Extreme length of each side of eighty studia and that its breadth was fifteen studia, and that a ditch encompassed it all round, which was six hundred feet in breadth and thirty cubits in depth: and that the wall was crowned with 570 towers and had four and sixty gates."

( ૪૬ ) આ લખાણ મેં ૧૯૩૦ માં લખેલ છે તેથી "દશ વરસ" એમ લખ્યું છે; બાકી તે પછી તેનું બાંધકામ જોકે પૂરૂં થઈ ગયું છે. પણ તેથી કરીને તેની સરખામણીક રવાની વસ્તુ સ્થિતિ કાંઈ ટાળી શકાતી નથી.

( ૪૭ ) એવોજ બીજો ઈજનેરી કળાનો નમુનો સરખાવવાનો કાળ, સમ્રાટ પ્રિયદર્શિનના સમયે આપણે જોઇશું. અલબત આવા પ્રસંગો ઈતિહાસનાં પાને ચડવા પામ્યા છે એટલે આપણને કાંઈક ભાન થાય છે કે તે સમયે કેવી કળા વિકસેલી હતી. બાકી ઇતિહાસનાં પાનાંએ ન ચડેલ તો કેટલાએ બનાવો રહી જતા હશે તેનું તો કહેવુંજ શું!

( ૪૮ ) ભ. આ. વૃ. ભા. પૃ. ૫૫.

( ૪૯ ) ભા. પ્રા. રા. પુ. ૨, પૃ. ૨૮. ૨૯.

( ૫૦ ) આ. સ. રી. પુ. ૧૫. પૃ. ૨, ૩,

( ૫૧ ) જ. ઓ. રી. સો. ૧૯૧૯ માર્ચ "પૃથ્વીના સ્વામિ મહારાજ "અજ"—"નંદિવર્ધનને વાયુપુરાણમાં વર્તિવર્ધન કહ્યો છે," જુઓ ભા. પ્રા. પુ. ૨ પૃ. ૩૦,

જયસ્વાલજી મહાશય આગળ જતાં લખે છે કે, ભાગવતમાં રાજા ઉદયનને " અજ " અને તેની પછી ગાદીએ આવનાર નંદિવર્ધનને " અજેય " કહેવામાં આવ્યા છે.[૫૨] અને જો તે બધું સત્ય ઠરે તો, એમ કહી શકાશે કે જે સર્વે જૈન પ્રતિમાઓ સાંપ્રતકાળે વિદ્યમાન નજરે પડે છે, તેમાં આ સૌથી પ્રાચીનમાં પ્રાચીન છે. વળી એમ પણ સાબિત થાય છે કે, રાજા અજાતશત્રુના સમય સુધી જૈન પ્રજામાં પ્રતિમા જેવું કાંઇ પણ નહોતું, કેવળ પદસ્થાપ્નાજ[૫૩] કરવામાં આવતી હતી. અને રાજા ઉદયનેજ સૌથી પ્રથમ જિનબિંબ ભરાવીને જિનમંદિરમાં પ્રતિષ્ઠા કરાવી હતી. બૌદ્ધ ધર્મવાળાઓએ પ્રતિમાની સ્થાપ્ના કયારથી કરવા માંડી તે નક્કીપણે કહી શકાય તેમ નથી.

**ભટ્ટ-બિરૂદની સાર્થકતા**[૫૪]

નવી રાજગાદી સ્થાપી ત્યાં વસવાટ કરવાનું માંડ્યા પછી, તેના મનનો ભાર કેટલોય ઓછો થઈ ગયો હતો. અને જે કાંઇ રહ્યો-સહ્યો હતો તે વળી યાત્રાગમનને લીધે તદ્દન નષ્ટ પામ્યો હતો. એટલે હવે તેણે રાજ્યનો વિસ્તાર વધારવા તરફ મન દોરવ્યું. **સૌથી પ્રથમ** તેણે સૈન્યની બંધારણપૂર્વક રચના કરી અને પોતાના જાતિબંધુ નાગદશકને મુખ્ય સેનાધિપતિ નીમી તેના અધિકારમાં ( ઇ. સ. પૂ. ૪૯૦-૯૧ ) સર્વ સૈન્યને સોંપ્યું. ગ્રીક એલચી મેગેસ્થેનીઝે મગધના સૈન્યની કુશળતાની પ્રશંસા કરી, તેને જે પ્રથમ પંક્તિની ઠરાવી હતી તેની શિસ્તનો પાયો આ ઉદયનભટ્ટના રાજ્યે રોપાયો હતો અને પછી વીસ વર્ષે સૈન્યપતિ નાગદશક જ્યારે પ્રથમ નંદ ઉર્ફે નંદિવર્ધન નામ ધારણ કરી મગધપતિ બન્યો હતો; ત્યારે લશ્કરી તાલીમ તેમજ વ્યવસ્થા ખૂબખૂબ સુધારવામાં આવી હતી. અને તે બાદ વળી ચંદ્રગુપ્તના સમયે તે સૈન્યને વિશેષપણે મજબૂત બનાવવામાં આવ્યું હતું. આ પ્રમાણે ઉત્તરોત્તર સુધારાવધારા થતા ચાલુજ રહ્યાથી તે સમયનાં, સર્વ રાજ્યોનાં સૈન્યમાં તેનું સૈન્યબળ પ્રથમપદે પહોંચ્યું હતું. આ પ્રમાણે સઘળું લશ્કર તાલીમબદ્ધ અને તૈયાર થઈ જવાથી તેનો માર્ગ ચઢાઇ લઈ જઈ ફતેહ મેળવવામાં ઘણોજ સતર થઈ પડ્યો હતો. તે એટલે સુધી કે, કેવળ દશેક વર્ષની અવધિમાં તો, તેણે પોતાના પિતાએ જ્યાંથી જીત મેળવવાનું કાર્ય અધૂરૂં મૂકયું

( ૫૨ ) ભા. પ્રા. રા. પૃ. ૩૦, " ભાગવતમાં શિશુનાગવંશી ઉદયાશ્વની જગ્યાએ "અજ" અને તેના પુત્ર નંદિવર્ધનને "અજેય" લખ્યો છે ( પુત્ર નહીં, પણ ઉત્તરાધિકારી કહેવાનો ભાવાર્થ હોવો જોઇએ ) અજેય શબ્દ કહી આપે છે કે તે કેવો પરાક્રમી હશે.

( ૫૩ ) જુઓ ભારહુતસ્તૂપમાં, રાજા અજાતશત્રુના સ્તંભનું દશ્ય, જેમાં મૂર્તિ નથી પણ, પદનીજ સ્થાપના છે. બૌદ્ધ ધર્મમાં હમેશાં મૂર્તિઓજ સ્થાપન કરે છે-જુઓ તૃતીય ખંડે પ્રથમ પરિચ્છેદ.

( ૫૪ ) રા. કુ. મુ. પૃ. ૭૭:—આ કૂણિક વિશે વર્ણન કરતાં દિગ્નિકાય II નો હવાલો આપીને તે ગ્રંથકારે જણાવ્યું છે કે " would that my son Udayibhadda " શું મારો પુત્ર ઉદાયીભદ્દ: એટલે કે અહીં 'ભદ્દ' શબ્દ લખાયો છે. તેનો અર્થ તો ચોખ્ખી રીતે ભદ્ર=ભલો, the good, એવોજ થાય છે અને તે પ્રમાણે તેનું વર્તન હશે. પણ તેના દષ્ટાંત તરીકે કોઈ પ્રસંગ તેમણે જણાવ્યો નથી. તે યાત્રાએ ગયો હતો એવું પ્રાસંગિક બ્યાન મળી આવે તેટલું હજુ ગનિમત કહેવાય. બાકી ઐતિહાસિક હકીકતથી તો એમ પૂરવાર કરી શકાય છે કે તેના રાજ્ય અમલે, એક ભટ્ટ-યોદ્ધાને શોભે તેવી કાર્યકુશળતાથી કામ લેવાયું હતું. એટલે તે પૂરાવાથી દોરાઈને મેં 'ભદ્દ' શબ્દને બદલે 'ભટ્ટ' શબ્દ વાપરવો યોગ્ય ધાર્યો છે. બાકી તો જે પ્રમાણે વસ્તુસ્થિતિ છે તે પ્રમાણે રજુ કરી દીધી છે, વાચકે

હતું, ત્યાંથી માંડીને હિંદના ઠેઠ દક્ષિણ કિનારા સુધીની જમીન મગધને તાબે કરી વાળી હતી. ત્યાંથી આગળ વધીને સિંહલદ્વીપમાં પણ મગધપતિનું લશ્કર દાખલ થઇ ચૂકયું હતું. અને જીત મેળવી, ત્યાં તેના સ્મારક માટે મોટું નગર વસાવી રાજધાની તરીકે તેને જાહેર કરી દીધું હતું. તેનું નામ અનુરુદ્ધપુર[૫૫] પાડયું હતું. કે જે અત્યારે તેના મંદિર, મઠ, વિહાર આદિના ભગ્નાવશેષપણે જળવાઇ રહ્યું છે. પછી આ પ્રમાણે જે બનાવ બનવા પામ્યો તે (૧) રાજા ઉદયનનાજ અમલ દરમ્યાન સિંહલદ્વીપ ઉપર ચડાઈ લઈ જવામાં આવી હોય અને તેની સરદારી તેના યુવરાજ અનુરુદ્ધને દેવાઇ હોય, અને તેણે જીત મેળવી તે બદલ તેના નામ ઉપરથી અનુરુદ્ધપુર નગરનું નામ પાડવામાં આવ્યું હોય કે (૨) પછી ખુદ અનુરુદ્ધનાજ રાજ્યે ત્યાં ચડાઇ લઈ જવામાં આવી હોય—આ બેમાંથી કઇ વસ્તુસ્થિતિ સત્ય હતી તે નક્કી કરી શકાતું નથી.[૫૬] પણ બેમાંથી એક સ્થિતિ તો હતીજ તેટલું ઉઘાડું છે. અલબત્ત આ બધી લડાઇઓમાં સૈન્યપતિ નાગદશકની કુશળતાની કિંમત ઓછી આંકવાની નથીજ. બાકી રાજા ઉદયન પોતે યુદ્ધ સમયે ઉપસ્થિત થતો હતો કે નહીં તે ભલે સ્પષ્ટ ન થતું હોય છતાં તેનું લડાયક ખમીર બતાવતું નામ જે[૫૭] ભટ્ટ: યોદ્ધો હતું તે તો તેણે યુદ્ધ વિષયક સૈન્યની રચના ફેરવી નાંખીને તથા આખા દક્ષિણ હિંદને મગધની સત્તામાં લાવીને સાક્ષીભૂત—પ્રમાણપૂર્વક સાર્થક કરી બતાવ્યું છે[૫૮] એમ જરૂર કહી શકાશે.

**તેનો અંત**

પોતે યુદ્ધપ્રિય સ્વભાવ ધરાવતો હોવા છતાં બહુજ સરળ સ્વભાવી હતો.[૫૯] એટલે ઉપર પ્રમાણે જીત મેળવી, પોતે યુદ્ધ પરિણત પાપનું નિવારણ કરવા પાછો તીર્થયાત્રાએ નીકળ્યો હતો અને રાજગાદી પોતાના યુવરાજ અનુરુદ્ધને[૬૦] આપી હતી. પોતે કયાં અને કેવા સંજોગોમાં મરણ પામ્યો તે સ્પષ્ટ રીતે જણાયું નથી. પણ સમજાય છે કે યાત્રાએ ગયો

---

પોતાનો નિર્ણય કરવો રહે છે. સરખાવો ઉપરની ટી. નં. ૩૮ તથા નીચેની ટી. નં. ૫૭ અને ૫૯.

(૫૫) દક્ષિણ હિંદમાં તે ગયો હતો કે કેમ તેનો આધાર સ્પષ્ટપણે આપણને કોઈ ગ્રંથમાંથી મળી શકે અને તે બતાવી શકાય તેમ નથીજ એટલે અહીં આધાર ટાંકયો નથી પણ તે વિશેના ઐતિહાસિક પુરાવાઓ અનેક મળી આવે છે. જે હકીકત આપણને ચુટુકાનંદના (શિક્કા ચિત્રે જુઓ) નવી મૌર્યપ્રજાના (જુઓ મૌર્ય ચંદ્રગુપ્ત) અને પલ્લવાઝ (દ્વિતીયખંડે, ષષ્ઠમ પરિચ્છેદે જુઓ) વિગેરેના ઇતિહાસ અને ઉત્પત્તિ ઉપરથી સમજી શકાય તેમ છે: વળી નીચેનું લખાણ તેમજ ટીપણ નં. ૫૬ જુઓ તથા આગળ જુઓ પૃ. ૩૧૨.

(૫૬) જુઓ અનુરૂદ્ધના વૃત્તાંતે મારાં અનુમાનો, વિશેષ સંભવ ઉદયનના સમયનો છે માટે અહીં દર્શાવ્યો છે. અનુરૂદ્ધના સમયમાં ન હોવાનું કારણ એમ છે કે, તેનું રાજ્યજ માત્ર બે કે છ વર્ષજ ચાલ્યું છે. વળી તે માટે વિશેષ ખુલાસો નીચેના ટી. નં. ૬૪ માં જુઓ.

(૫૭) ઉપર ટી. નં ૩૮ માં "ભટ્ટ" શબ્દ છે પણ સંભવ છે કે કદાચ તે શબ્દ ભદ્ર પણ હોય, અને એમ હોય તો, તેનો અર્થ "ભદ્ર"=ભલો the good એમ થઈ શકે, અને તેમ હોય તો તે વિશેષણ પણ તેને લાગુ પડી શકે છે. જુઓ નીચેની ટી. નં. ૫૯, તથા સરખાવો ઉપરની ટી. નં. ૫૪.

(૫૮) જુઓ આગળ ઉપર ષષ્ઠમ પરિચ્છેદે,

(૫૯) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૭૫:— " Udayana the good–Dharmatma–on the authority of Garga-samhita: ગર્ગસંહિતાના અભિપ્રાય પ્રમાણે " ધર્માત્મા ઉદયન "

(૬૦) તેને બે પુત્ર હતા, અનુરૂદ્ધ અને મુંદ. ( જુઓ તેમના વૃત્તાંતે. )

હતો ત્યાં માર્ગમાંજ મરણને શરણ થયો હશે.[૬૧] કેટલાક ગ્રંથકારો તેનું ખૂન થયાનું અને અપુત્રિયો મરણ પામવાનું જાહેર[૬૨] કરે છે તે વિચારવા જેવું છે ખરૂં. બાકી મારૂં માનવું એમ છે કે, જેનું ખૂન થયું છે અને જે અપુત્રિયો મરણ પામ્યો છે તે તો વત્સપતિ શતાનિકનો પુત્ર, રાજા ઉદયન હતો. બન્નેનાં નામ એક સરખા હોવાથી, એકને બદલે બીજો માની લેવામાં ગફલત કરવામાં આવી છે. હું જે નિર્ણય ઉપર આવ્યો છું તે માટેનાં કેટલાંક કારણો નીચે જણાવું છું. તેનું ખૂન કરનાર એક ડોળધારી સાધુ હતો. તેને રાજા ઉદયનની સાથે વૈર હતું. આ વૈર ઉત્પન્ન થવામાં તે ડોળધારી સાધુ જ્યારે સંસારીપણામાં હતો ત્યારે તેને રાજા ઉદયને નોકરીમાંથી કાંઇક કારણસર દૂર કર્યો હતો. એટલે ત્યાંથી નીકળી વૈરવૃત્તિ પોષવા માટે અવંતિ ગયો હતો અને તે રાજ્યનો આશ્રય લઇ પોતાનો ભાવિક્રમ તેણે ગોઠવી કાઢ્યો હતો. આ પ્રમાણે હકીકત જણાવવામાં આવી છે. હવે જો આ પ્રમાણેજ સ્થિતિ છે તો પ્રશ્ન એ થાય છે કે (૧) શું અવંતિનો માણસ નોકરી માટે પાસેના વત્સદેશે[૬૩] જવાનું વિચારી શકે કે મગધપતિ જેવા દૂર દેશે? (૨) કદાચ નોકરી માટે દૂર દેશે જવાનો સંભવ દેખાય. પણ શું આગગાડી વિહુણા તે સમયના જમાનામાં તેમ કરવું સુગમ હતું કે? (૩) જ્યારે તે વૈર લેવાનું પગલું ભરવા પ્રેરાયો છે અને અવંતિ રાજ્યે તે ભાવનાને પોષી છે, તો શું અવંતિ રાજ્યને, વત્સના રાજ્યની સાથે કાંઇ અંટસ હોવા સંભવ છે કે મગધના રાજ્ય સાથે? જ્યાં સુધી ઇતિહાસ સાક્ષી આપે છે ત્યાં સુધી તો, આ સમયે મગધ અને અવંતિ વચ્ચે ભલે મૈત્રી જેવું ન હોય પણ કલેશ જેવું કાંઇ હોય તેવું તો લેશમાત્ર પણ જણાતું નથી: ઉલટું અવંતિ અને વત્સદેશ વચ્ચે તો ખડાખાખડું ચાલ્યાજ કરતું હતું તે તદ્દન દેખીતું છે. કેમકે ઉદયનની માતા મૃગાવતી ઉપર અવંતિપતિ ચંડપ્રદ્યોતે કૂડી નજર રાખી હતી અને અનેક વીતકો વીતાડ્યાં હતાં: કે જેના પ્રતિકાર તરીકે, રાજા ઉદયને પણ ચંડની પુત્રી વાસવદત્તાનું હરણ કર્યું હતું. આ સઘળી બીના ઇતિહાસ પ્રસિદ્ધ છે એટલે જ્યારે કિંચિત્ પણ કારણ મળી આવતું દેખાતું, ત્યારે આ બે રાજ્યોમાંનું કોઈ પણ, એક બીજાની સામે પોતાનું બળ અજમાવવાને ભૂલી જાય તેવું બનતું નહોતુંજ. જેથી સંભવ છે કે, આ કિસ્સામાં પણ વત્સના દરબારમાં અપમાન પામેલા નોકરે અવંતિનો આશ્રય લીધો હોય. (૪) વળી, ખૂનથી મરણ પામેલ ઉદયન ભૂપ-

---

(૬૧) જુઓ પૃ. ૩૦૨ ની હકીકત.

(૬૨) ભ. બા, વૃ. ભા. પૃ. ૫૬ માં જણાવાયું છે કે, તે પોતાના પુત્રને ગાદી આપી યાત્રાએ ગયો. (અપુત્રિયો હતો તો પુત્ર ક્યાંથી આવ્યો) તેમ જૈનેતર ગ્રંથો પણ તેને પુત્ર હોવાનું જણાવે છે (જુઓ અનુરૂદ્ધના વૃત્તાંતે) ત્યારે પરિશિષ્ટપર્વ જેવા જૈન ગ્રંથમાં તેને અપુત્રિયો હોવાનું જણાવે છે. તેમજ ભ. બા. વૃ. માં અન્ય ઠેકાણે તે જ હકીકત જણાવી છે: (આ પ્રમાણે ભ. બા. વૃ. માંજ એક સ્થળે પુત્ર હોવાનું અને બીજે સ્થળે અપુત્રિયો હોવાનું જણાવે છે) આમ ઉલટાસુલટી હકીકત મળી આવે છે: બાકી ખરી સ્થિતિ શું છે તે આગળ વાંચવાથી જણાઈ આવશે.

(૬૩) કારણકે અહીં વત્સપતિ ઉદયન (કે જે ઉદયનનું ખૂન થયું હું લેખું છું) કે મગધપતિ ઉદયન (કે જેનું ખૂન થયાની માન્યતા ચાલુ આવી છે) બેમાંથી કોણ ઉદયન હોઈ શકે તે જોવું રહે છે. આ મુશ્કેલી તેટલા ઉપરથી ઉભી થાય છે કે, આ બન્ને રાજાઓ એકજ નામધારી તેમજ એક બીજાના સમકાલીન પણ હતા. જુઓ વત્સદેશની હકીકતે રાજા ઉદયનનું વૃત્તાંત અને ખાસ કરીને પૃ. ૧૨૭ ટી. નં. ૪૭ નું લખાણ.

તિને, અપુત્રિયો હોવાનું જણાવાયું છે; જ્યારે મગધપતિ ઉદયનને તો અનુરૂદ્ધ અને મુંદ નામે બે પુત્રો હતા અને તેઓ તેના મરણ બાદ મગધની ગાદીએ પણ બેઠા છે. ત્યારે વત્સપતિ ઉદયનની ગાદી તેના દત્તકપુત્ર, મણીપ્રભને દેવાઈ છે. ( જુઓ પૃ. ૧૧૨, ૧૨૧, અને ૨૧૭.) આવાં અનેક કારણથી એમ માનવુંજ રહે છે કે, ખૂનથી માર્યો ગયેલ ઉદયન, તે મગધપતિ નહીં પણ વત્સપતિજ ઉદયન હતો.

### ( ૯ ) અનુરૂદ્ધ અને મુંદ

રાજા ઉદયનના મરણ બાદ તેનો યુવરાજ અનુરૂદ્ધ મગધપતિ બન્યો. પણ તે કેવળ છ વર્ષમાં જ મરણ પામ્યો હતો એટલે તેનો ભાઈ મુંદ ગાદીએ આવ્યો હતો. અને તેનું રાજ્ય પણ માત્ર બે વરસજ ચાલ્યું હતું. એટલે કે, અનુરૂદ્ધ અને મુંદ બન્નેનું મળીને એકંદર આઠ વર્ષજ રાજ્ય ચાલેલું છે.[૬૪] તેમજ કોઇ રાજદ્વારી મહત્ત્વપૂર્ણ અથવા તેમને જેબ આપે તેવા બનાવ બનેલ ન હોવાથી, બલ્કે હીણપત ભરેલ કલંક લાગે તેવા પ્રસંગો બનવા પામેલ હોવાથી, તે બન્નેનો એકજ અમલ ગણી કાઢ્યો છે. જેથી તેમનો એકત્ર અમલ ઇ. સ. પૂ. ૪૮૦ થી ૪૭૨ સુધી ૮ વર્ષ ચાલ્યાનું લેખાશે.

આ બન્ને ભાઇઓ ગાદીએ આવ્યા ત્યારે ભરયુવાન હતા એમ કહીએ તો ચાલી શકે, છતાં તેમનું રાજ્ય બહુજ ટૂંકું બલ્કે આખા શિશુનાગવંશના નવે રાજકર્તાઓમાં સૌથી ટૂંકું–ચાલ્યું છે એમ કહી શકાય.

**મુખ્ય મુખ્ય બનાવો**

આમ હોવાથી તેમાંથી અનેક વિચારણીય મુદ્દા ઉભા થાય છે. તેઓ નબળા પણ નહોતા કે જેથી તેમનાં જીવન નામશેષ માત્ર થઈ જાય. તેમ અનુરૂદ્ધની બાબતમાં તો એમ પણ જોઇ ગયા છીએ કે તેણે સિંહલદ્વીપ સુધીનો સર્વ મુલક તાબે કરી મગધ સમ્રાજ્યની કીર્તિને જ્વલંત અને ઉજ્જ્વળી બનાવી મૂકી હતી.[૬૫] ત્યારે એવું શું કારણ ઉપસ્થિત થયું હોય કે તેઓ બન્નેના રાજ્યકાળ અતિ અલ્પ સમયી થઇ ગયા !

પ્રાચીન સમયનો ઇતિહાસ જેમ અનેક બાબતમાં અંધકારમય છે તેમ આ કિસ્સામાં પણ તેવોજ છે. એટલે જે કાંઇ માહિતી મળી આવે તેમાંથી આ સર્વે મુદ્દા આપણે તો તારવી કાઢવાજ રહે છે. પ્રથમ વાત અનુરૂદ્ધની હાથ ધરીએ.

બેમાંથી તે મોટો હોઇને, ઉદયાશ્વની પછી તુરતજ તે મગધપતિ બન્યો હતો અને તેનું રાજ્ય કેવળ છ વર્ષ એટલે ઇ. સ. પૂ. ૪૮૦ થી ૪૭૪–૫ સુધી ચાલ્યું છે. જેથી તેનું મરણ ૪૭૪ માં થયેલ ગણાય. અને તેની પાછળ તેનો ભાઇ ગાદીપતિ બન્યો છે એટલે તે અપુત્રિયોજ હોવો જોઇએ એમ સ્પષ્ટ સમજી શકાય છે. છ વર્ષ જેટલા અલ્પકાળમાં જ્યારે તેનું મરણ નીપજ્યું છે ત્યારે તે અકાળે એટલે કે આકસ્મિક સંજોગોમાં થયું હોવું જોઇએ એમ અનુમાન ઉપર આવવું રહે છે. તે માટે નીચેનાં કારણ કલ્પી શકાય છે:—

( ૧ ) રાજા ઉદયાશ્વ યાત્રાએ જતાં, અનુરૂદ્ધને ગાદી હાથ લેવી પડી છે. એટલે, ઉદયાશ્વ યાત્રાએ ગયો હોય અને ત્યાં સ્થિતિ કરી રહ્યો હોય. તેવામાં ત્યાં કાંઇ ઉપદ્રવ કે મહામારી ફાટી નીકળ્યો હોય. એટલે પિતાને જોવા પુત્ર ત્યાં ગયો હોય અને ત્યાંને ત્યાંજ ઉદયાશ્વ તેમજ પુત્ર અનુરૂદ્ધ

( ૬૪ ) ભા. પ્રા. વં. પુ. બીજું. પૃ. ૩૦–૩૧ જુઓ; મહાવંશ અને અશોકાવદાનના આધારે તેમાં જણાવ્યું છે કે, ઉદયનની પછી અનુરૂદ્ધ અને મુંદનો રાજ્યવહીવટ આઠ વર્ષ સુધી ચાલ્યો છે. વળી જુઓ મહાવંશ. ૪: ઇ. એ. ૧૯૧૪ પૃ. ૧૯૮.

( ૬૫ ) આ ઉપરથી એમ સમજી શકાય છે કે

એમ બન્ને મહામારીના ભોગ બની ગયા હોય.[૬૬]

(૨) યાત્રાના સ્થાન સિવાય, અન્ય સ્થાન ઉપર પણ તેવીજ રીતે મહારોગનો[૬૭] તે ભોગ થવા પામ્યો હોય.

(૩) રાજ્ય વિસ્તારમાં કયાંય બળવો જાગ્યો હોય, અને તેને સમાવવા જતાં ખૂન થઇ ગયું હોય. અથવા કોઇ રાજાએ સ્વતંત્ર બની, સામું માથું ઉચકયું હોય અને તેને તાબે કરવા જતાં, યુદ્ધ વહોરી લેવું પડયું હોય અને તેમાં પોતે ખપ આવી ગયો હોય.

(૪) અથવા પોતે કોઇના કાવતરાનો ભોગ થઇ પડ્યો હોય, ઇત્યાદિ ઇત્યાદિ. આ પ્રમાણે કારણો ઉપર વિચાર કરતાં નં. ૨ અને ૩ નાં કારણો ઉભાં થયાં હોય તે વિશેષ સંભવિત છે. તેમાં પણ નં. ૩ વિશે હજુ સંભવ જરા ઓછો કહી શકાય. ખરીવાત છે કે, તેના રાજ્યના અંતે, તેના કેટલાયે પ્રદેશો મગધ સામ્રાજ્યમાંથી છુટા પડી ગયા છે. એટલે કે, સ્વતંત્ર થવાનો પવન ખૂબ વેગ પૂર્વક ફાટી નીકળ્યો હતો. પણ પ્રથમ સ્વતંત્રતાનો પવન ઊભો થયો અને તેમાં તેનો ભોગ લેવાયો, કે પ્રથમ તેનું શરીર પડયું અને પછી સ્વતંત્રતાનો પવન ફૂંકાયો: તે બે પ્રશ્નો વિચારવાથી કાંઈક ઉકેલ મળી શકે. અત્રે આપણે તેની સિંહલદ્વીપ તરફની વિજયયાત્રા યાદ લાવવી રહેછે. એટલે કે પોતે પરાક્રમી હોઈ અન્ય કોઇને સ્વતંત્ર બનવા દે, તેમ હોવું અશકય હતું. જેથી કરીને પોતે મરણ પામવાથીજ, બીજાઓ સ્વતંત્ર થવા પામ્યા હોય તેજ અનુમાન દૃઢ બનતો જાય છે. અને તે સ્થિતિ ત્યારેજ ઉભી થાય કે, જો પોતે કોઇની કપટજાળનો કે કાવત્રાંનો ભોગ બની ચૂકે અથવા તો કોઇ કુદરતી કેરનો કોળીઓ બની જાય તોજ. વિશેષ સંભવિત તો પાછલી સ્થિતિ બનવા પામી હોય એવા અનુમાન ઉપર જવું પડે છે.[૬૮]

જ્યારે મુંદની બાબતમાં વળી જુદીજ સ્થિતિ બન્યાનું જણાય છે. ધારો કે એક બાજુ પિતા ઉદયાશ્વનું મરણ થયું હોય, તેમાં વળી મોટાભાઇ અનુરૂદ્ધનું મરણ નીપજ્યું—જોકે મરણ તો હમેશાં આઘાતનું ઉત્પાદકજ ગણાય છે તેમાં વળી આ તો અકાળ મૃત્યુ હતું, તેથી વિશેષ આઘાત ઉપજ્યો હોય—તેમાં વળી પોતે રાજ્યની લગામ હાથ ધરી ન ધરી અને કાંઇક ચિત્ત પરોવી રાજકાજમાં ધ્યાન દેવા મંડ્યો ત્યાં તેની રાણીનું મરણ નીપજ્યું.[૬૯] આમ માણસને માથે વાદળ તૂટી પડે ત્યારે તે શું કરે? કહે છે કે, રાણીના પ્રેમમાં તે એટલો બધો લિપ્ત હતો કે, પ્રથમ તો તેણે તે શબનો અગ્નિસંસ્કાર કરવા માટે ઊપાડવા પણ દીધું નહીં. પછી ઘણું સમજાવવાથી શબ તો લઇ જવા દીધું અને તેની યથાવિધિ કરવામાં આવીજ.[૭૦] પણ તે શોક-

---

સિહાલીઝ ક્રોનીકલ વિગેરેમાં જે કાંઈ હકીકત મગધપતિઓ વિશે આવ્યા કરે છે, તે આ મગધપતિઓએ તેમના દેશ ઉપર સ્વામિત્વ ભોગવ્યું હતું તેને લીધે જ હશે; નહીંકે તેઓનો તે ધર્મ હતો તેથી.

(૬૬) જુઓ નીચેનું ટીપણ નં. ૬૯.

(૬૭) જુઓ નીચેનું ટી. નં. ૬૮. તથા દ્વિતીય ખંડના છઠ્ઠા પરિચ્છેદે, રાજા ઉદયનના રાજ્ય વિસ્તારનું વર્ણન; તથા આગળના પૃ. ૩૧૨ ની હકીકત સાથે સરખાવો.

(૬૮) જુઓ નીચેનું ટીપણ ૬૯

(૬૯) આમ ઉપરાઉપરી મરણ જ્યારે નીપજ્યાં કરે ત્યારે અનુમાન કરવું રહે છે કે તે કુદરતી મરણ ન જ હોય પણ કાંઈ રોગ—ઉપદ્રવ તે વખતે તે પ્રદેશમાં ફાટી નીકળેલ હોવો જોઇએ. જોકે આપણને આ બાબતનો કોઈ સીધો પુરાવો તો નથીજ, પણ તેમ બનવાજોગ છે એટલુંજ અત્રે તો જણાવવું રહે છે.

(૭૦) જુઓ આગળ ઉપરનું લખાણ તથા તેને લગતું ટીપણ.

સાગરમાં એવો ડૂબેલ રહેવા લાગ્યો કે કોઇ કાર્યમાં ભાગજ લેવાનું માંડી વાળ્યું. આથી કરીને આખું સામ્રાજ્ય વેરવિખેર થઈ જવા લાગ્યું. જ્યાં ને ત્યાં અંધાધૂંધી–અંધાધૂંધની પ્રવર્તવા માંડી, અનેક રાજ્યો સ્વતંત્ર થઇ ગયાં. અને જેને જેમ ફાવે તેમ વર્તવા માંડયું. આવી સ્થિતિ પ્રજાને તેમજ સૈન્યપતિ નાગદશકને અસહ્ય લાગવાથી, રાજના હિત ખાતર, છેવટે રાજા મુંદને ઊડાડી મૂકવો પડ્યો.[૭૧] અને તેને પણ પુત્ર ન હોવાથી તેમજ અન્ય કોઈ નજીકનું સગું ન હોવાથી, તેમનો ભાયાત તથા રાજ્યની બે પેઢીથી વફાદારીપણે સૈન્યપતિની નોકરી બજાવતો આવતો જે નાગદશક હતો તેનેજ[૭૨] મગધની લગામ પ્રજાએ સુપ્રત કરી દીધી.

આ પ્રમાણે નાગદશક મગધપતિ બનવાથી, એક રીતે કહીએ તો શિશુનાગ વંશનો અંત આવીજ ગયો એમ કહી શકાય. છતાં, નાગદશક પોતે પણ તેજ વંશમાંથી ઉતરી આવેલ હોવાથી, તે વંશ હજુ ચાલુ રહ્યો હતો એમ પણ કહી શકાય. આ માટેની વિશેષ સમજૂતિ નીચેના પારિગ્રાફમાંથી જાણી લેવી.

**અનુરૂદ્ધપુર સાથે રાજા અનુરૂદ્ધનો સંબંધ**

રાજા અજાતશત્રુના વર્ણનમાં કહી ગયા છીએ કે, તેનો રાજ્યવિસ્તાર કેવળ ઉત્તર હિંદમાંજ હતો; એટલે કે ઇ. સ. પૂ. ૪૯૬ સુધી મગધ સામ્રાજ્યની હદ ત્યાં સુધીજ હતી. બીજી બાજુ હાથીગુંફાના શિલાલેખથી સાબિત થાય છે કે (જુઓ રાજા ખારવેલનું વૃત્તાંત) રાજા ખારવેલ પોતે યુવરાજપદે હતો ત્યારે, ઇ. સ. પૂ. ૪૩૧ માં તેણે દક્ષિણ હિંદમાં સ્વારી લઈ જઇને કલિંગથી માંડીને ઠેઠ કન્યાકુમારી સુધીનો સઘળો ભાગ પોતાને તાબે કરી લીધો હતો. આ બે હકીકતનું એકીકરણ કરવાથી સમજાશે કે, ઇ. સ. પૂ. ૪૯૬ થી ૪૩૧ સુધીના ૬૫ વર્ષના ગાળામાંજ, દક્ષિણ હિંદ તરફ કોઈ મહાપરાક્રમી રાજા આક્રમણ લઈ ગયો હતો અને પોતાના કબજામાં એક વખત તે મૂલક લઇ લીધો હતો. પણ પાછળથી તેજ પાંસઠ વર્ષના ગાળામાં તે સર્વે પ્રાંતો પાછા સ્વતંત્ર બની ગયા હતા.

હવે આપણને ઇતિહાસ કહે છે કે, આ

(૭૧) પાછળથી રાજા મુંદનું શું થયું તે જણાયું નથી એટલે, ગાદીત્યાગ કરવો પડયો હોય એમ અનુમાન કરી લીધેલ છે. પણ સંભવ છે કે તેને સંસાર ખારોઝેર થઇ પડયો હોવાથી, તથા જેમ અન્ય રાજવીઓ આવા પ્રસંગો ઉપસ્થિત થતા ધાર્મિક જીવન ગાળતા હતા તેમ આણે પણ તેમ કર્યું હોય.

તેનું ખૂન કરવામાં આવ્યું હોય એમ માનવાને પણ કારણ નથી કેમકે તે સમયે રાજ્યલોભની જ્યાં તૃષ્ણાજ નહોતી ત્યાં ખૂન કરવાનું કે કરાવવાનું પ્રયોજન શું? જોકે બૌદ્ધ ધર્મગ્રંથોમાં રાજા અજાતશત્રુને તથા તેની પાછળના અન્ય ચારને, એમ કુલ મળી પાંચ રાજાને, પિતૃઘાતકો તરીકે વર્ણવ્યા છે, પણ જૈન રાજા અજાતશત્રુને નિષ્કલંક હોવાનું આપણે સાબિત કર્યું છે, તેમ બીજા ચાર પણ નિષ્કલંકજ છે. કેમકે તેના પુરાવા મળતા નથી. વળી બૌદ્ધ ધર્મગ્રંથોએ તો માત્ર પોતાના ધર્મના નહીં હોય તેવાને ઉતારી પાડવા માટેજ આવાં અતિશયોક્તિભર્યાં લખાણ પાને પાને ચીતરી કાઢયાં છે (જુઓ પૃ. ૨૮૮ તથા ટી. નં. ૬૪ ની હકીકત) ઓ. હી. ઇ. પૃ. ૪૮ નું અવતરણ. પ્રાચીન ઇતિહાસમાં, પ્રથમમાં પ્રથમ રાજ્યપ્રાપ્તિ માટે જે ખૂન થયાનું નોંધાયું હોય કે થયું હોય તો રાજા અશોકવર્ધનના સમયે (?) કે શુંગવંશી પુષ્યમિત્ર–અગ્નિમિત્રના સમયેજ. તે સમયે તેમના સ્વામી એવા મૌર્ય સમ્રાટ બૃહદરથનુંજ થયું હતું એમ કહી શકાય તેમ છે.

(૭૨) તેનું નાગદશક નામ તો સંજોગવશાત ઉભું થયું છે એમ માનવાને કારણ છે. એટલે તેનું ખરૂં નામ શું હશે તે લખવું જોઈએ. પણ તે માલૂમ પડયું નથી એટલે પછી નાગદશક લખીને સંતોષ ધરવો પડે છે.

પાંસઠ વર્ષના ગાળામાં મહાપરાક્રમી રાજામાં કોઇ ની ગણત્રી કરી શકાય તેમ હોય તો તે, મગધપતિ અને કલિંગપતિજ હતા. દક્ષિણ હિંદમાં પરાક્રમશીલ રાજવીઓની ગણનામાં આંધ્રપતિને જરૂર મૂકી શકાય તેમ છેજ. પણ તેમનો ઉદયજ કેવળ ઇ. સ. પૂ. ૪૨૭ થી થયો છે ( જુઓ તેમનું વૃત્તાંત.) એટલે જે સમયની વિચારણા આપણે કરવાની છે, તે સમયે તો તેમનું લેખું કરવાનું રહેતુંજ નથી. જેથી વિચારવા રહેછે, મગધપતિ અને કલિંગપતિઃ હવે જો તેમની વંશાવળી તપાસીશું તો સ્પષ્ટ થાય છેકે, આ પાંસઠ વર્ષના ગાળામાં, મગધપતિ તરીકે, ઉદયન, અનુરૂદ્ધ, મુંદ, નંદિવર્ધન પહેલો, અને નંદ બીજો એમ મળીને પાંચ રાજાઓ, અને કલિંગપતિ તરીકે ક્ષેમરાજ તથા બુદ્ધરાજ એમ મળી બે રાજા થયા છે.

હવે જ્યારે એમ જણાયું છે કે, બુદ્ધરાજના યુવરાજ ભિખ્ખુરાજે ( પાછળથી રાજા ખારવેલ નામ ધારણ કર્યું છે તે ) દક્ષિણ હિંદનો મૂલક જીતી લીધો છે, ત્યારે એમ સિદ્ધ થઇ ચૂકયુંજ કહેવાય કે, તે ભૂમિ ઉપર બુદ્ધરાજ અને તેના પિતા ક્ષેમરાજના સમય સુધી કલિંગની સત્તા નહોતીજ. અને તેથીજ તેને તે મુલક જીતવો પડ્યો હતો. જેથી ઉપરના સાતની ગણત્રીમાંથી કલિંગપતિનાં બે નામો આપણે બાદ કરી નાંખવાં રહ્યાં. એટલે આપો આપ સાબિત થઇ જાય છે કે, ક્ષેમરાજ પોતે સ્વતંત્ર કલિંગપતિ થયો ત્યારે ( એટલે કે ઇ. સ. પૂ. ૪૭૪ પૂર્વે ) અથવા ત્યાંસુધી કોઇ બીજાની આણ ચાલુ હતી. અને તે દેશ ઉપર જો કોઇની આણ પડી ચૂકી હોય તો ઉપરના પાંચ મગધપતિમાંથીજ કોઈની હોઇ શકે. આ વ્યક્તિ કોણ હોઇ શકે તેનો વિચાર કરવા માટે પાછા આપણે ઇ. સ. પૂ. ૪૯૬ થી ઇ. સ. પૂ. ૪૭૪ સુધીના બાવીસ વર્ષમાં થયેલ મગધપતિની નામાવળી જોવી રહી. તે સમયના ગાળામાં તેવાં ત્રણજ નામો છે. ઉદયન, અનુરૂદ્ધ અને મુંદઃ એટલે નક્કી થયું કે આ ત્રણમાંથી એક જણાના રાજ્યઅમલે દક્ષિણ તરફની જીત મેળવી હતી. હવે આ ત્રણમાંથી અનુરૂદ્ધ અને મુંદનું રાજ્ય તો કેવળ આઠ વર્ષજ ટકવા પામ્યું છે. અને તે દરમ્યાન શું શું બનવા પામ્યું હતું તે આપણે ઉપરનાજ પારિગ્રાફમાં જોઇ શકયા છીએ. એટલે તે ઉપરથી સમજી શકાય છે કે, દક્ષિણ હિંદની જીત તેમના રાજ્યે થવા પામી નથી.[૭૩] પછી રહ્યો સવાલ માત્ર ઉદયન વિષેનોજ. અને તેથીજ આપણે રાજા ઉદયાશ્વનું જીવન વૃત્તાંત લખતાં જણાવવું પડયું છે કે, તેણે પોતાના પરાક્રમથી ઠેઠ દક્ષિણ હિંદ સુધીનો મૂલક જીતીને મગધના સામ્રાજ્યમાં ભેળવી દીધો હતો.

આટલી હકીકત પૂરવાર કર્યા પછી હવે આપણે અનુરૂદ્ધપુર નગર જે દેશમાં આવેલું છે તે સિંહલદ્વીપનો થોડોક ઇતિહાસ તપાસવો પડશે. બૌદ્ધ ગ્રંથમાં જણાવાયું છે કે ત્યાંના રાજા વિજયે અનુરૂદ્ધપુર વસાવ્યું હતું. રાજા વિજયનો સમય ઇ. સ. પૂ. ૫૨૦ થી ૪૮૨ સુધીનો ગણાય છે.[૭૪] અલબત્ત તેમાં એમ નથી જણાવાયું કે, કઇ સાલમાં તે વસાવ્યું હતું. પણ આપણે એમ જણાવીએ છીએ કે, રાજા ઉદયાશ્વના સમયે ઇ. સ. પૂ. ૪૯૬ થી ૪૮૦ સુધીમાં તે વસાવાયું હતું. આ બન્ને કથનનો સમય તો લગભગ એકજ છે. પણ અત્ર વિચારવું જે રહે છે તે એ

( ૭૩ ) જુઓ આ પરિચ્છેદને અંતે, વધુ પ્રકાશવાળી હકીકત.

( ૭૪ ) જુઓ રાજા પ્રિયદર્શિનના અને અશોકવર્ધનના વૃત્તાંતેઃ ત્યાં આ સિંહલદ્વીપના રાજાની વંશાવળી આપી છે કે જેથી કોણ કોણ સમકાલીન હતા તે જોઇ શકાય. વળી આ દ્વિતીય ખંડમાંના છેલ્લા પરિચ્છેદે, જુઓ, ત્યાં સર્વે શિશુનાગવંશી અને નંદવંશી રાજાઓના રાજ્ય વિસ્તાર વર્ણવ્યા છે તેમાં ઉદયનનો વૃત્તાંત.

કે વિજયરાજાએ જો વસાવ્યું હોય, તો તેને અનુરૂદ્ધપુર નામ આપવાનું કારણ શું મળ્યું? હજુ નામ પાડે તો, પોતાના વિજયનામને મળતું આવે તેવું હોય તે વાસ્તવિક ગણાય. જ્યારે આપણે તો એમ સૂચવીએ છીએ કે, ઉદાયશ્વના યુવરાજ અનુરૂધ્ધેજ તે દેશ ઉપર જીત મેળવી હતી અને તે જીતના સ્મારક તરીકે, પોતાના નામને બંધબેસતું અનુરૂદ્ધપુર નગર વસાવ્યું હતું. આ બે પરિસ્થિતિમાંથી કઈ વધારે સમીચીન કહી શકાય તેનો ઉત્તર આપવાનું આપણે વાચક વર્ગ ઉપરજ રહેવા દેઇશું.

વળી એમ પણ પ્રશ્ન કરી શકાય કે, ઉદયાશ્વના પુત્રનું નામ અનુરૂદ્ધ હતું એમ તમે શા ઉપરથી કહો છો? તે તો બીજુંજ નામ હશે પણ આ બધું ચોકઠું બંધબેસતું કરી નાંખવા માટેજ તમે તાગડો રચી કાઢ્યો છે. તો અત્ર ખુલાસો કરવો પડે છે કે, મૂળે તો આ નામ મગધપતિની નામાવળીમાં કોઇ ભારતીય ધાર્મિક ગ્રંથોમાં કે તેના ઇતિહાસમાં નજરે પડતો નથી. જો ક્યાંય તેના નામનો ઉલ્લેખ થયો હોય તો તે પણ સિંહલદ્વીપના બૌદ્ધ ગ્રંથોમાંજ છે અને તેના આધારેજ ભારતીય ઇતિહાસકારોએ હકીકત જણાવી છે કે અનુરૂદ્ધ અને મુંદ તે રાજા અજાતશત્રુના પૌત્ર હતા[૭૫] અને ઉદયાશ્વ પછી ગાદીપતિ બન્યા હતા તથા તેમનું રાજ્ય આઠ વર્ષ ચાલ્યું હતું.

મારૂં માનવું એમ થાય છે કે, અનુરૂદ્ધપુરના વસાવનાર તરીકે સિંહલદ્વીપના રાજા વિજયના કરતાં, યુવરાજ અનુરૂદ્ધનો હક્ક વિશેષ હોવાનું વાચકવર્ગ સ્વીકારી લેશે. વળી તેના વિશેષ પુરાવા માટે જણાવવાનું કે, [૭૬]મગધપતિ–શિશુનાગવંશી રાજાઓ જૈનધર્માનુયાયી હોઇને આ અનુરૂદ્ધકુમારે પણ ત્યાં અનુરૂદ્ધપુર વસાવીને, પોતાના ધર્મને અનુકૂળ એવાં, દેવમંદિર, ઉપાશ્રય, ચૈત્ય ( જેને વિદ્વાનો વિહાર, મઠ ઇત્યાદિ નામથી ઓળખાવી રહ્યા છે ) વિગેરે ત્યાં બંધાવ્યાં હતાં. અને જેમ રાજા અજાતશત્રુએ ભારહુત મુકામે[૭૭] સ્તૂપ ઉભો કરાવ્યો છે, સમ્રાટ પ્રિયદર્શિને સાંચીનો સ્તૂપ[૭૭] રચાવ્યો છે, સમ્રાટ ખારવેલે અમરાવતીનો સ્તૂપ[૭૭] ચણાવ્યો છે, તેમ આ અનુરૂધ્ધે પણ તેવીજ મિશાલનો એક સ્તૂપ આ અનુરૂદ્ધપુરમાં ઉભો કરાવ્યો હતો,[૭૮] અને તેમ થયા બાદ, તે દેશમાંથી મગધ-

( ૭૫ ) પૃ. ૩૦૨ ની ટી, નં. ૬૪.

( ૭૬ ) આ ઉપરાંત અન્ય ઐતિહાસિક પ્રસંગો પણ અનુમાનના સમર્થનમાં રજુ કરી શકાય તેમ છે. પણ તેનો ઉલ્લેખ શિશુનાગ અને નંદવંશના રાજ્યવિસ્તારવાળા પરિચ્છેદમાં બીજી ઘટનાઓની સાથે સાથે કરવાનો હોવાથી ( કે જેથી વાચકવર્ગને બધી સ્થિતિ દિવાની જ્યોત પેરે સ્પષ્ટ દેખાઈ આવે ) અહીં વર્ણવ્યો નથી. માટે તે હકીકત ત્યાંથી જોઈ લેવી.

( ૭૭ ) આ બધાની હકીકત માટે તે રાજાના વર્ણનમાં જુઓ

( ૭૮ ) આ. સ. ઇ. ૧૯૮૪ ન્યુ સીરીઝ પુ. ૧૫ પૃ. ૨૦ જુઓ ) We know of but two very distinct types of stupas. The more common is examplified in those of Manikyala, Sanchi, Saranath and of Anuraddhapura in Ceylon: એટલે એમ કહેવાને માંગે છે કે, આ સ્થળના બધા સ્તૂપો એકજ નમુનાના છે. They have a circular basement, supporting a hemispherical dome etc. (હવે જો તેમાં સાંચી, ભારહુત, વિગેરે જૈન ધર્મના ઠરે છે તો પછી અનુરૂદ્ધપુરનો સ્તૂપ પણ તે ધર્મનો હોવાનું, ઠરાવી શકાય કે નહીં?). એકબીજાથી ભિન્ન એવી બે જાતના સ્તૂપના પ્રકારની આપણને માહિતી છે. તેમાંની વિશેષતઃ જે સાધારણ છે તેના દૃષ્ટાંત તરીકે, માણિક્યમાલ, સાંચી, સારનાથ અને સિલોનમાં આવેલાં અનુરૂદ્ધપુરનાં સ્તૂપો કહી શકાય. તે સર્વેમાં, ગોળ ફરતો ખુલ્લો ચોક હોય છે ને વચ્ચે, એક અર્દ્ધગોળાકારે મોટો ચણતરકામનો ગુંબજ ઉભો કરેલ હોય છે.

પતિની સત્તાનો અસ્ત થવાથી અને કાળબળે ત્યાં બૌદ્ધધર્મનો પ્રચાર વિશેષ થવાથી, અસલના સાંપ્રદાયિક જે જે તત્ત્વો હતાં તે સર્વનો પલટો કરી નંખાવાયો હોય. અને અશોકવર્ધનના સમયે તેનો પુત્ર મહેંદ્ર જ્યારે ધાર્મિક પ્રચારના ઉદ્દેશ માટે–mission–ઉપર ત્યાં ગયો, ત્યારે બનવા પામ્યું હોય એમ સંભવે છે.

ઉપરના બધા પ્રસ્તાવથી હવે આપણી ખાત્રી થઈ ગઈ છે કે રાજા ઉદયાશ્વના સમયે દક્ષિણ હિંદનો સર્વ મુલક મગધપતિની હકુમતમાં આવી ગયો હતો. એટલે તેને ઉદયન ભટ્ટ નામનું ઉપનામ જે અપાય છે તે સાર્થક થયું કહી શકાશે. ઉદયાશ્વના મરણ પર્યંત તો મગધ સામ્રાજ્ય અખંડ રહેવા પામ્યું હતું. પણ તેની પાછળ તેના બન્ને પુત્રો અનુરૂદ્ધ અને મુંદ ગાદીએ આવ્યા હતા અને તેઓનો અંત અલ્પ સમયમાંજ અકાળ રીતે આવી ગયો હતો. એટલે જે કેટલાક, આવી અચોક્કસ સ્થિતિનો લાભ લેવાની ઝંખના કરી રહ્યા હતા. તેમને ઇચ્છેલી તક સ્વભાવિક રીતેજ મળી ગઇ. તેમાં સૌથી પહેલાએ કલિંગદેશ બથાવી પાડયો. તેનું નામ ક્ષેમરાજ હતું. તે ચેદિવંશનો કહેવાય છે. તેનો અને મૂળ ચેદિવંશના સ્થાપક મહારાજ કરકંડુનો સંબંધ કાંઇ જણાયો નથી પણ તેણે પોતાના વંશનું નામ ચેદિવંશ આપ્યું છે. એટલે તેમના કુળનો હશે તેમ કાંઇક સગો

**કોણ કોણ સ્વતંત્ર થયું**

પણ હશે એમ માની લઇએ. તેણે પોતાના વડવાઓને થયેલ અન્યાય ધ્યાનમાં રાખી, તક આવ્યેથી પૂરતો બદલો વાળી લીધો. આ બનાવની સાલ ઇ. સ. પૂ. ૪૭૫–૪ કહી શકાશે.

મગધની અડોઅડનો કલિંગ દેશ સ્વતંત્ર થવાની સાથેજ તેની દક્ષિણે આવેલા સર્વ મુલકનો સંબંધ મૂળ સામ્રાજ્યથી દૂર પડી ગયેલો ગણાય. અને જેમ જેમ વધારે દૂર પડે તેમ તેમ સમ્રાટની હકુમત કમજોર પણ બનતી જતી કહેવાય. એટલે બીજા બે ત્રણ સરદારોએ કે જેમને યુવરાજ અનુરૂધ્ધે ત્યાં પોતાના પ્રતિનિધિ તરીકે વહીવટ કરવા મૂકયા હતા, તેઓએ પણ ભારે માથાવાળા બની પોતાની સ્વતંત્રતા જાહેર કરી દીધી. આ બધા સંભવિત ક્ષત્રિયોજ હોવા સંભવ છે. અને જે નવ જાતના લિચ્છવી અને નવ જાતના મલ્લ મળીને અઢાર પ્રકારના ક્ષત્રિયો હોવાનું જણાવાયું છે, તેમાંના તેઓ લાગે છે. આ બીજા સરદારોની જાતને, કદંબ, ચોલા, પલ્લવ અને પાંડ્યના નામથી ઓળખાવી શકાય: તેમાંની કદંબ પ્રજાએ દક્ષિણ હિંદના પશ્ચિમ ભાગને પસંદ કરી લીધો. ચોલા પ્રજાએ કલિંગની હદને લગતો પૂર્વ કિનારાનો પ્રદેશ, અને પાંડ્ય પ્રજાએ, ચોલાની પણ દક્ષિણે જઇને બાકીનો મુલક પસંદ કરી લીધો. અને પલ્લવ જાતિવાળાની પસંદગી, કદંબ અને ચોલાની વચ્ચેના મુલક ઉપર ઉતરી હશે. આ બધી પ્રજાએ થોડી ઘણી સ્થિરતા કરીને, આશાએસ પૂર્ણ રાજ વહીવટ કર્યો હશે[૮૦] તેવામાં તેમાંની બે ( કદંબ

---

( ૮૦ ) થોડીઘણી, એટલા માટે કહેવું પડયું છે કે, પચીસેક વર્ષના ગાળામાં પાછી તેમની સ્વતંત્રતા લગભગ હણાઈ ગઈ હતી. એટલે તેમનું નામ પાછું અદશ્ય થઈ ગયું હતું. અહીંથી ગણતંત્ર રાજ્યનો આસ્તે આસ્તે લય થવા માંડયો હતો. તેમ ચંદ્રગુપ્તના સમયે મહાઅમાત્ય ચાણાકયે તે પ્રથાનો તદ્દન વિનાશ કરવા પ્રયત્ન કરેલ, છતાં તે પણ સર્વથા તેમાં ફતેહમંદ નીવડયો નહોતો. જો કે, પાછું સમ્રાટ પ્રિયદર્શિને તે ગણતંત્ર પ્રથાને કાંઈક ઉત્તેજન આપ્યું લાગે છે. પણ પછી તો ધીમે ધીમે તે પ્રથા આપમેળેજ નાશ પામી ગઇ હોય એમ

અને પલ્લવને ) પ્રજાને મગધપતિ નંદિવર્ધને પોતાના તાબે કરી લીધી દેખાય છે[૮૧] (જુઓ તેના વૃત્તાંતે ) અને બાકીની બેને-ચોલા અને પાંડ્યને-કલિંગપતિ ક્ષુદ્રરાજે પોતાની સત્તામાં લઇ લીધી દેખાય છે ( જુઓ ક્ષુદ્રરાજના વૃત્તાંતે[૮૨] ). આ બધી પ્રજાનું પછીથી શું શું થવા પામ્યું હતું તેમનો હેવાલ વળી પ્રસંગોપાત જણાવવામાં આવતો રહેશે. પણ અત્રે તો એટલુંજ જણાવવાનું કે આ બધી પ્રજાનું મૂળ-ઉત્પત્તિ સ્થાન, મગધદેશમાં રહેલી સંત્રીજી જાતિય ક્ષત્રિય પ્રજામાંથીજ હતું. તેમજ તેઓ ઇ. સ. પૂ. ની પાંચમી સદીના અંતમાંથીજ ત્યાં આવીને વસવા મંડ્યા હતા. તે ઉપરાંત સંત્રીજી ક્ષત્રિયમાંની ( મૌર્ય નામે ) એક બીજી પ્રજા પણ પછીથી દક્ષિણમાં ઉતરી આવી હતી. પણ તે સમ્રાટ ચંદ્રગુપ્તના સમયે અને તેનાજ કુળની પ્રજા હોવાથી, ઉત્તર હિંદમાંની મૌર્ય પ્રજાથી તેની અલગ ઓળખ આપવા માટે દક્ષિણ હિંદના ઐતિહાસિક ગ્રંથોમાં તેને નવીન મૌર્ય (New Mauryas) ના નામથી સંબોધવામાં આવી છે. તે હકીકત આપણે ચંદ્રગુપ્તના સમયે પાછી જણાવીશું.

જો કે આપણે ઉપરના પૃષ્ઠોમાં એમજ સ્વીકાર કરી લીધો દેખાશે કે, રાજા ઉદયને સોળ વરસ (ઇ. સ. પૂ. ૪૯૬ થી ૪૮૦) સુધી, પછી અનુરૂધ્ધે ૭ વર્ષ (ઇ. સ. પૂ. ૪૮૦ થી ૪૭૫-૪) અને પછી રાજા મુંદે બે વર્ષ ( ઇ. સ. પૂ. ૪૭૪ થી ૪૭૨ સુધી રાજ્ય કર્યાં છે. પણ જે કેટલીક

**એક બીજી વિશેષ સંભવિત ઐતિહાસિક સ્થિતિ**

વસ્તુસ્થિતિને લીધે, તે સર્વે માન્યતામાં કાંઇક સુધારો કરવાની જરૂરિઆત દેખાય છે, તેનું વર્ણન કરી બતાવવાની પણ તેટલીજ આવશ્યકતા છે. અલબત્ત એટલું તો ખરૂં છેજ કે, તે નવી પરિસ્થિતિ વિશેષ સંભવનીય છે; છતાં, જે ઇતિહાસનું સ્વરૂપ આપણે ઉપરના પારિગ્રાફોમાં આલેખી ગયા છીએ તેમાં કોઇ જાતનો એવો ફેરફાર થઇ જવાનો નથીજ કે જેથી રાજકીય ઘટનાને અલવલ પહોંચાડી ગણી શકાય.

તે સંભવનીય વસ્તુસ્થિતિ કલ્પવા માટે નીચે પ્રમાણે કારણો મળે છે અને તે ઉપરથી વિવિધ અનુમાનો દોરવાં પડ્યાં છે. એક બાજુ ( જુઓ પૃ. ૨૯૨ નું ટી. નં. ૧ ) એમ કહેવાયું કે, રાજા ઉદયનનું રાજ્ય ત્રેવીસ વર્ષ ચાલ્યું છે ( એટલે કે આપણે ૧૬ વર્ષનું ગણ્યું છે તે ઉપરાંત બીજા સાતેક વર્ષ વધારે લેવાં), તેમ બીજી બાજુ એમ પણ કહેવાયું છે કે ( જુઓ પૃ. ૩૦૨ નું લખાણ ) તે તો પોતાના પુત્રને ગાદીએ બેસાડી આત્મસાધન કરવા યાત્રાએ નીકળી પડ્યો હતો. એટલે કે પોતે

---

સમન્વય છે. છતાં એમ જરૂર કહેવું પડશે કે, તે પ્રથાને મરણશરણ કરવામાં શુંગવંશના અશ્વમેધ યજ્ઞોએ અને પરદેશી આક્રમણકારોના હુમલાઓએ વિશેષ ત્વરિત ગતિ આપી હશે.

( ૮૧ ) આ જીતાયલા મુલક ઉપર નંદિવર્ધને પોતાની જાતવાળા સરદારો નીમ્યા હતા. જેમને આપણે ચુટુકાનંદ, મુળાનંદ કે તેવાંજ નામથી ઓળખાવી રહ્યા છીએ, ( આમના સિક્કા સુદ્ધાંત અદ્યાપિ મળી આવે છે, જુઓ ત્રીજા ખંડમાં સિક્કાના પરિચ્છેદે )

( ૮૨ ) અથવા વધારે સ્પષ્ટતાથી કહીએ તો ક્ષુદ્રરાજના પુત્ર ખારવેલે કોતરાવેલ હાથીગુંફાના લેખમાંની હકીકત જુઓ: જેમાં તે પોતે ગાદીપતિ બન્યો તે પહેલાંના બે વર્ષની તવારીખ નોંધી છે: અને ગાદીપતિ બન્યા પૂર્વેની હકીકત છે એટલે તેને ક્ષુદ્રરાજના સમયની કહેવી જોઇએ. તે હિસાબે મેં અહીં ક્ષુદ્રરાજનું નામ લખ્યું છે. બાકી ખરી રીતે તો હાથીગુંફાના લેખના વર્ણને અને રાજા ખારવેલના વૃત્તાંતેજ તે વાંચી શકાશે.

તે વખત પછી કેટલાંય વર્ષ જીવંત રહ્યો છે. ત્રીજી હકીકત એમ બતાવે છે કે, અનુરૂદ્ધ પોતે માત્ર ૭ વર્ષનું ( પછી ૭ કે સાડા ૭ વર્ષ હોય) રાજ્ય ભોગવી ઇ. સ. પૂ. ૪૭૫–૪ માં મરણ પામ્યો છે. અને તેની પાછળ તેનો નાનો ભાઈ મુંદ મગધપતિ બન્યો છે. અને તેણે બે વર્ષ ( પછી બે વર્ષ હોય કે બે–ચાર માસ ઓછા વધતા હોય ) રાજ્ય કર્યું છે, જેથી એકંદરે બન્ને ભાઇનો રાજ્યકાળ આઠ વર્ષનો છે. વળી ચોથી હકીકત એમ નીકળે છે કે, રાજા અજાતશત્રુના પૌત્ર મુંદે ( જુઓ તેના વૃત્તાંતે) આઠ વર્ષ રાજ્ય કર્યું છે (બુદ્ધ સંવત ૪૦ થી ૪૮ એટલે કે ઇ. સ. પૂ. ૪૮૦ થી ૪૭૨[૮૩] સુધી ), તેમ પાંચમી હકીકત એમ નીકળે છે કે, અનુરૂદ્ધ અને મુંદનું મળીને બન્નેનું સંયુક્ત રાજ્ય ચાલ્યું હશે, કેમકે બન્નેનાં નામ જુદાં જુદાં ન લખતાં, સાથેજ લખાયલાં છે. જ્યારે વળી છઠ્ઠી સ્થિતિ એમ બતાવે છે કે, શિશુનાગવંશી નવ રાજા થયા પછી, (જો અનુરૂદ્ધ અને મુંદને એક ગણીએ તોજ નવ રાજ્ય થયાં કહી શકાય ) નંદિવર્ધન દશમો થયો અને તેથી તેને નાગદશક ( એટલે નાગવંશનો–શિશુનાગવંશનું ટૂંકું નામ પણ નાગ વંશ કહેવાય છે) પણ કહેવાય છે. આમાં ભિન્ન ભિન્ન ગ્રંથકારોનાં મંતવ્ય થયાં છે. હવે જો આપણે દરેકનાં કથનને માનભરી દૃષ્ટિએ જોઇએ તો કોઇને પણ એકદમ અસત્ય તો કહી ન જ શકાય. અલબત્ત એટલું ખરૂં કે, જેમ અનેક પ્રસંગે બન્યું છે તેમ આ બાબતમાં કદાચ તે સર્વેનું દૃષ્ટિબિંદુ માત્ર જુદું હોઇ શકે. એટલે ઉપરની સઘળી હકીકતનો સમન્વય કરીશું તો જણાશે કે, તે સર્વેનું કથન સત્ય છે. તે વસ્તુસ્થિતિ આ પ્રમાણે બનેલી હોવી જોઇએ. રાજા ઉદયને ઇ. સ. પૂ. ૪૮૦ માં ગાદી ત્યાગ કરીને, જ્યેષ્ઠપુત્ર ઉદયનને રાજ્યની લગામ સોંપેલી અને પછી પોતે સાત વરસ (વધારે ચોક્કસ કહીએ તો સાડા છએક વર્ષ ) જીવંત રહી, ઈ. સ. પૂ. ૪૭૫–૪ માં મરણ પામ્યો છે. (જેથી તેનું આયુષ્ય ૫૫ વર્ષ+૬॥=૬૨ વર્ષનું કહેવાય ) એટલે તેનું રાજ્ય ૨૩ વર્ષ પણ ચાલ્યું ગણાય. જ્યારે અનુરૂદ્ધનું મરણ પણ કર્મસંયોગે, તે જ વર્ષમાં[૮૪] નીપજ્યું છે. ત્યારે તેના રાજ્યકાળને, તેના પિતાશ્રીના સન્યસ્ત સમય જેટલો ગણવો જોઇએ. વળી તેનો પિતા હૈયાત હોવાથી તેને સ્વતંત્ર રાજ્યાધિકારી ગણ્યો નથી. પણ પિતા પુત્રનું એકજ વર્ષમાં મરણ નીપજવાથી[૮૫] ઉદયનની પછી તુરત મુંદ ગાદીએ આવ્યો છે એમ ગણી

---

( ૮૩ ) બુદ્ધનું પરિનિર્વાણ ઈ. સ. પૂ. ૫૨૦ અને નિર્વાણ ઈ. સ. પૂ. ૫૪૩ ગણાય છેઃ અને બુદ્ધ સંવત જુદા જુદા દેશમાં જુદી રીતે ગણવામાં આવે છે તે વિષેની સમજુતિ તથા ચર્ચા એક જુદાજ પરિચ્છેદે કરી છે (જુઓ તૃતીય ખંડ, પ્રથમ પરિચ્છેદ) છતાં કાંઈક પરિચય થઈ જાય માટે જુઓ પૃ. ૨૯૧ની ટી. નં. ૧ માંનું લખાણ.

( ૮૪ ) જુઓ નીચેનું ટી. નં. ૮૫.

( ૮૫ ) પિતાપુત્રના મરણ નીપજ્યાં હતાં એમ તો સમજાય છે: પણ પુત્રનું મરણ પહેલું કે પિતાનું મરણ પહેલું તે મુદ્દો પણ કાંઇક ઉકેલ માગે છે. કેમકે તે બનાવને ઐતિહાસિક ઘટના સાથે સંબંધ ધરાવતો કહી શકાય તેમ છે.

મારૂં ધારવું એમ છે કે અનુરૂદ્ધનું મરણજ પહેલું થયું હોવું જોઈએ : અને જ્યારે પોતાના જ્યેષ્ઠ પુત્રનું ભર યુવાન વયે અને એ પણ આકસ્મિક સંજોગોમાં મરણ થયાનું, રાજા ઉદયને સાંભળ્યું હોય, ત્યારે તેના જેવી ૬૨ વર્ષની વયવાળાને સખ્ત આઘાત લાગે તે પણ દેખીતું જ છેઃ એટલે તે આઘાતના પરિણામે તેનું પણ મરણ નીપજ્યું હોય તેમ ગણી શકાય.

વળી અનુરૂદ્ધનું મરણ પહેલું નીપજ્યું હતું એમ ગણવાને બીજું કારણ એ પણ છે કે, જો ઉદયન પ્રથમ મૃત્યુ પામે તો, અનુરૂદ્ધનું નામ મગધપતિ તરીકે લેખાવું જ જોઇએ. ભલે પછી અલ્પ સમય માટે હોય છતાં તેની ગણના તો થઇ જવીજ રહે; પણ તેમ નથી થયું

લીધું. એટલે તે હિસાબે શિશુનાગવંશના નવ રાજ્ય લેખ્યાં. અને પછી નંદિવર્ધનને દશક=દશમો ગણ્યો હશે. આ પ્રમાણે સ્થિતિ ધારી લેવાથી ઉપરથી છએ હકીકત સત્ય તરીકે બન્યાનું ઘટાવી શકાય છે.

ઉપર પ્રમાણે અનુરૂદ્ધના સત્તાકાળ ( નહીં કે રાજ્યકાળ ) નો અંત ઇ. સ. પૂ. ૪૭૫–૪ માં ગણી લેવાથી તેમજ રાજા ઉદયનનું મરણ થયેલું પણ માની લેવાથી, ક્ષેમરાજ ચેદિ, તથા લિચ્છવી પ્રજામાંના ચોલા, પાંડ્ય, કદંબાદિના ઉદ્‌ભવ પણ સાથે સાથે જોડી શકાય તેમછે. ઉપરાંત પોતાની પટરાણીનું મૃત્યુ થયું એટલે રાજકીય અને સાંસારિક ચક્રોમાં બહોળી ઉથલપાથલ થઈ જતાં, રાજા મુંદ જેવા ઉગતી વયના પુરૂષનું મગજ સમતોલપણું ગુમાવી પાગલ જેવી દશા ભોગવતું બની જાય, તે બધું સમજી શકાય તેમ છે. હવે એકજ પ્રશ્ન વિચારવો રહે છેઃ કે કુમાર અનુરૂદ્ધનું મરણ કેવા સંયોગમાં નીપજ્યું હોવું જોઇએ. તેનું મરણ ઈ. સ. પૂ. ૪૭૪–૫ માંજ થયું ગણીએ અને પૃ. ૩૦૮ ઉપર દર્શાવેલ ચારે કારણોનો ફરીને વિચાર કરીએ તો, ત્યાં જણાવ્યા પ્રમાણે નં. ૨ અને ૩ નાં કારણોજ વધારે સંભવિત દેખાય છે. એટલે કે તેનું મરણ આકસ્મિક સંયોગોમાં, પણ મગધની ભૂમિ બહાર, થયું ગણાય. પણ જ્યારે રાજા મુંદની રાણીનું મૃત્યુ પણ તે જ સમયે થયાનું જણાયલું છે, ત્યારે તેની સાથે તે વસ્તુને જો ઘટાવવા માગીએ, તો વિશેષપણે એમજ માનવું વ્યાજબી ગણાશે કે, કુમાર અનુરૂદ્ધનું અને મુંદની પટરાણીનું, એમ બન્નેનાં મરણ મગધદેશ માં ફાટી નીકળેલ કોઈ મહારોગને લીધેજ બનવાં પામ્યાં હશે. નહીં તો એક રાજકીય દરજ્જો ધરાવતી વ્યક્તિનું અને બીજી ગૃહસંસાર ભોગવતી વ્યક્તિનું મરણ ટૂંક સમયે બન્યાનું શી રીતે કલ્પી શકાય ?

**શિશુનાગ વંશ વિષે અન્ય માહિતી**

કેમ્બ્રીજ હીસ્ટરી ઓફ ઇન્ડીઆમાં જણાવ્યું છે કે,[૮૬] પાટલીપુત્રના રાજા મુંદને, પોતાની રાણી ભદ્દાના મરણ પામવાથી, એટલો બધો આઘાત થયો હતો કે તેણીના શબને તે સમયના રીવાજ પ્રમાણે અંતિમ ક્રિયા કરવા પણ દેતો નહોતો. છેવટે નારદ નામના એક સ્થવીર સાધુએ સમજાવવાથી તેને પોતાની ભૂલ સમજાઇ હતી : બીજા એક ગ્રંથમાં જણાવ્યું છે કે[૮૭] રાજા મુંદ તે રાજા અજાતશત્રુનો પૌત્ર થતો હતો અને તેનો રાજ્ય કાળ બુદ્ધ સંવત ૪૦ માં શરૂ થયો હતો :

---

માટે. તેનું મરણ પહેલું થયું હતું એમ લખવું પડે છે.

( ૮૬ ) C. H. I. p. 189:- on the authority of Aguttar III. 57-63:-a king Munda, dwelling at Pataliputra is so overwhelmed with grief at the death of his wife Bhadda, that he refuses to have the cremation carried out, according to the custom but after a simple talk with a thera ( a monk ) named Narad, he recovers his self-possession. ( આ વાક્યનો ગુજરાતી ભાવાર્થ મૂળ લખાણમાં ઉતારવામાં આવ્યો છે એટલે અહીં ટીપણમાં લખવા જરૂર રહેતી નથી )

( ૮૭ ) Mahavansa IV 2. 3. Divya-vadana 36, V. We learn from the chronicles that king Munda was the grand son of Ajatsatru and began to reign about the year 40 A. B. ( 520-40=B. C. 480 ) " ક્રોનીકલ્સ " ઉપરથી સમજાય છે કે મુંદરાજા તે અજાતશત્રુનો પૌત્ર થતો હતો. અને તેના રાજ્યનો આરંભ બુદ્ધ સંવત ૪૦ થી થયો છેઃ અને બુધ સંવત ૪૦ એટલે ૫૨૦-૪૦=ઇ. સ. પૂ. ૪૮૦ થાય છે.

આમાં બુધ સં. ૪૦ એટલે ઇ. પૂ. ૪૮૦ આવશે અને તે સાલમાં રાજા ઉદયનનું મરણ થયું છે એમ આપણે ઉપર જોઇ ગયા છીએ. એટલે તાત્પર્ય એ થયો કે, રાજા ઉદયનની પછી તેનો પુત્ર ( રાજા અજાતશત્રુનો પૌત્ર ) મુંદ મગધની ગાદીએ આવ્યો હતો. જ્યારે પૃ. ૩૦૮ ટીપણ ૬૪ ઉપરથી જણાય છે કે ઉદયનની પછી અનુરૂદ્ધ અને મુંદ એમ બે જણા ગાદી ઉપર આવ્યા છે. તેમજ ઉદયનના રાજ્યકાળે અનુરૂદ્ધપુર વસાવાયું છે એટલે તે ઉપરથી સાબિત થાય છે કે અનુરૂધ્ધજ યુવરાજ સંભવે છે. હવે પ્રશ્ન તે ઉભો રહે છે કે, પ્રથમ અનુદુદ્ધ કે પ્રથમ મુંદઃ અથવા તો બન્ને સાથે ગાદીએ બેઠા એમ ગણવું ? આ બધી વાતનો મેળ કાઢતાં, એમજ સાર ઉપર આવવું પડશે કે, તે બન્ને, રાજા ઉદયનના પુત્ર થતા હતા અને એકી સાથેજ રાજ્ય અમલ ચલાવતા હતા. વળી આ અનુમાનને એક અન્ય હકીકતથી સમર્થન મળે છે. શિશુનાગ વંશના રાજાઓની નામાવળીમાં રાજા નાગદશકનું (નાગ–નાગ વંશ અને દશક–દશમો ) નામ દશમું આવે છે. એટલે તેની પૂર્વે નવ રાજા થયા હતા એમ સાબિત થાય છે. અને તે તો, જો અનુરૂદ્ધ અને મુંદનું સમવાય–એકત્રિત રાજ્ય ગણીએ તોજ નવની સંખ્યા મળી રહે છે.[૮૮] તેમ વળી નાગદશકના સિક્કાઓમાં પણ નાગ ( Serpant )નું ચિહ્ન છે. એટલે તેનો વંશ પણ શિશુનાગ વંશનો[૮૯] એક ભાગ હતો એમ સ્પષ્ટ રીતે સાબિત થાય છે. તેથી બન્ને વંશને–નાના મોટ નાગવંશને ( નાગદશક એટલે નંદિવર્ધન. અને તેના નામ ઉપરથી તેનો વંશ નંદ વંશ તરીકે પણ ઓળખાય છે) જો એકઠા કરીએ તો નાગદશકનું નામ દશમું આવે છે.

આ પ્રમાણે મોટા શિશુનાગવંશનો અને નંદવંશ અથવા નાના શિશુનાગવંશનો સંબંધ જાણવો. અત્રે મોટો શિશુનાગ વંશ સમાપ્ત થાય છે. હવે નંદવંશની હકીકત લખીશું.

---

(૮૮) જુઓ ઉપર પૃ. ૨૩૮ શિશુનાગવંશની સંપૂર્ણ વંશાવળી.

(૮૯) શિશુનાગવંશ તે મોટો અને નાગદશકઃ નંદિવર્ધનનો વંશ તે નાનો; નંદિવર્ધનના વંશને તેના નામ ઉપરથી નંદવંશ પણ કહેવાયો છે; શિશુનાગવંશનું ચિહ્ન મોટો સર્પ છે જ્યારે નંદવંશનું ચિહ્ન નાનો સર્પ છે. (જુઓ સિક્કા પ્રકરણે તેના સિક્કાઓ) Prof. J. L. Carpentier says:—" That the Puranas know no break of political continuity between the Shishunagas and the Nandas." પ્રો. જે. એલ. કારપેન્ટીઅર કહે છે કે:-શિશુનાગવંશી રાજાઓ અને નંદ રાજાઓ વચ્ચે રાજકીય દૃષ્ટિએ કાંઇ અંતર પડી જતું હોય એમ સ્વીકારવાને પુરાણગ્રંથો સાફ ના પાડે છે.

# વધુ પ્રકાશ

આ રાજાઓને લગતી કેટલીક ચર્ચા ઉપરમાં લખાઇ ગઇ છે. તે બાદ વિશેષ હકીકત કાંઇક પ્રકાશ માં આવી છે. તે સર્વનો સંબંધ જળવાઇ રહે તે માટે, તે આખો પ્રસ્તાવજ ફરીને રજુ કરૂં છું.

જૈન, બૌદ્ધ અને વૈદિક ગ્રંથાનુસાર, ઉદયન, અનુરૂદ્ધ અને મુંદ વિષે નીચે પ્રમાણે ઉલટાસૂલટી વિગતો રજુ થઇ છે.

(૧) ઉદયન અપુત્રિયો હતો ( પૃ. ૧૨૦ ટી. નં. ૫૩. )

(૨) ઉદયનનું ખૂન કરવામાં આવ્યું હતું. ( જુઓ પૃ. ૧૨૦, તથા પૃ. ૩૦૭. )

(૩) ઉદયન તેના પુત્રને રાજ્ય સોંપી યાત્રાએ ગયો હતો. ( જુઓ ઉપર પૃ. ૩૦૨. )

(૪) ઉદયનનું રાજ્ય સોળ વર્ષ ચાલ્યું છે. ( જુઓ પૃ. ૨૩૮ ની વંશાવળી )

(૫) ઉદયનનું રાજ્ય ૨૩, ૨૪ વર્ષ ચાલ્યું છે. ( જુઓ પૃ. ૨૯૨, ટી. નં. ૧ )

(૬) ઉદયનના મરણથી શિશુનાગવંશનો અંત આવ્યો છે અને નંદવંશ શરૂ થયો છે. ( જુઓ પૃ. ૩૧૦. ૩૧૬ )

(૭) શિશુનાગવંશ ૧૦૮ વર્ષ ચાલ્યો છે. ( જુઓ પૃ. ૨૩૫ )

(૮) ઉદયન પછી નંદિવર્ધન તુરત ગાદીએ આવ્યો છે. ( જુઓ ઉપરની દલીલ નં. ૬.)

(૯) મુંદ ગાદીએ આવ્યો હતો અથવા ગાદી ઉપર તેનો હક્ક હતો છતાં, મંત્રીમંડળે તેને ઉઠાડી મૂકી નંદિવર્ધનને ગાદી આપી છે. ( જુઓ દ્વિતીય ખંડ ૫ાંચમ પરિચ્છેદ તથા ઉપર માં પૃ. ૩૧૦. )

સર્વ બાજુનો વિચાર કરતાં એમ લાગે છે કે, જેમ અનેક ઠેકાણે બન્યું છે તેમ, ત્રણે ધર્મોનાં ગ્રંથોના લેખકમાંથી કોઈ પણ ખોટા નથી. માત્ર દરેકે પોતપોતાની શૈલીથી લખાણ કર્યું છે. પણ સાથે સાથે વિશેષ ખુલાસો કરેલ નહીં હોવાથી, તેમજ પાછળના લેખકોએ પોતપોતાનું મંતવ્ય શોધ કર્યા વિના ઉપર ટપકેથીજ ઉમેરી દીધું હોવાથી, બધો ગોટાળો ઉભો થયો છે.

ઉપરની નવે મુશ્કેલીનો ઉકેલ નીચે લખ્યા પ્રમાણે, માત્ર એકજ વસ્તુસ્થિતિ ધારી લેવાથી આવી જાય છે. પછી તે મારૂં અનુમાન સત્ય હો વા નહીં, તે માટે સંશોધકોએ અને વિચારકોએ તપાસવું રહે છે. તે એક પરિસ્થિતિ આ પ્રમાણે. હોવાનું હું કલ્પું છું.

ઉદયનનું રાજ્ય ઈ. સ. પૂ. ૪૯૬ થી ૪૭૨= ૨૪ વર્ષ સુધીનું ગણવું. પણ તેમાં પાછલાં આઠ વર્ષ પોતે યાત્રામાં હતો; તેથી રાજવહીવટ પોતાના પુત્રોને–અનુરૂદ્ધ અને મુંદને–સોંપી ગયો હતો. અનુરૂધ્ધે સેનાપતિ નંદિવર્ધનની સાથે દેશ જીતવાનું કાર્ય ઉપાડી લીધું હતું; જ્યારે મુંદ મગધમાં રહીને રાજ્યવ્યવસ્થા જાળવતો હતો. અનુરૂદ્ધ પોતાનું કાર્ય છ વર્ષમાં આટોપી મગધમાં પાછો ફર્યો હતો. અને પછી બન્ને ભાઇઓ રાજ્યવહીવટ ચલાવવા મંડ્યા હતા. તેવામાં કોઇ મહામારી ફાટી નીકળવાથી, યુવરાજ અનુરૂદ્ધનું મરણ પ્રથમ નીપજ્યું. તે સમાચાર સાંભળીને આઘાત થવાથી વૃદ્ધ રાજા ઉદયન જ્યાં યાત્રામાં હતો ત્યાંજ તેનું મરણ નીપજ્યું. તેવામાં મુંદની પટરાણી પણ મહામારીમાં ઝડપાઇ ગઇ. આમ થોડાજ કાળમાં પોતાના

ત્રણ અંગત સ્નેહીનાં મરણ થવાથી કુમાર મુંદ (કહો કે રાજા મુંદ કહો ) પાગલ બની ગયો. અને તેથી મંત્રીમંડળે તેને ઉઠાડી મૂકી સેનાપતિ નંદિવર્ધનને ગાદીએ બેસાડયો. [ અથવા મહામારીમાં પ્રથમ અનુરૂદ્ધ, પછી મુંદની રાણી અને પાછળથી મુંદ એમ ત્રણે મરણ પામ્યા હોય એટલે આઘાતને લીધે રાજા ઉદયનનું મરણ થયું હોય. ઉપરના કરતાં આ સ્થિતિ વધારે સંભવનીય છે. પણ એક હકીકત બૌદ્ધ ગ્રંથમાંથી નીકળી આવે છે, કે રાજા મુંદ તો ( જુઓ તેના વૃત્તાંતે ) તેની રાણી ભદ્રાના મરણથી પાગલ બની ગયો હતો, વિગેરે. આ હકીકત જો સત્ય હોય, તો તે ઉપરથી તો રાજા ઉદયન મરણ પામ્યા બાદ અનુરૂદ્ધ અને મુંદ ગાદીએ આવ્યા ગણાય. અને જ્યાં સુધી પાકી શોધ ન થઈ શકે ત્યાં સુધી, આ બીજી સ્થિતિ વિશેષ સંભવિત હોવા છતાં કૌંસમાં લખીને તેને ગૌણ તરીકે લેખવી પડે છે. ]

હવે ઉપરની નવે મુશ્કેલીના ઉકેલની ચાવી તરીકે આ વસ્તુ સ્થિતિનો ઉપયોગ કરી બતાવીએ.

( ૧ ) ઉદયનને પુત્રો તો હતા, પણ મહામારીમાં ખપી ગયા હોવાથી, અને તે પુત્રોની પાછળ, વારસરૂપે કોઈ ન હોવાથી, ઉદયનને અપુત્રિયોજ કહી શકાય.

( ૨ ) ખરી રીતે તો વત્સપતિ ઉદયનનુંજ ખૂન થયું હતું. પણ ઉદયાશ્વ મગધપતિ અને ઉદયન વત્સપતિ, બન્ને સમકાલીન હોવાથી અને અપુત્રિયા હોવાથી, તેમજ બંનેના નામનું સામ્ય હોવાથી, ગ્રંથકારોએ એકની હકીકત, બીજાનાં નામ સાથે જોડી દીધી છે (વળી જુઓ પૃ. ૩૦૭ અને ટીકા નં. ૬૩ ની હકીકત )

( ૩ ) એક રીતે રાજા ઉદયનના પુત્રો અનુરૂદ્ધ અને મુંદ ગાદીએ તો બેઠા કહી શકાયજ, કેમકે બન્ને જણાએ અમુક જવાબદારીઓ અદા કરી હતી. અત્યારે પણ મુખ્ય રાજકર્તાની કામચલાઉ ગેરહાજરી થતાં તેના પ્રતિનિધિ તરીકે, અમુક સત્તા સાથે અમુક વ્યકિતને રાજ્યની લગામ સોંપવાની પ્રથા, આપણે સાક્ષાત નિહાળીએ પણ છીએ.

( ૪ ) પોતે ખાસ રીતે રાજ્યની લગામ ઈ. સ. પૂ. ૪૯૬ થી ૪૮૦=૧૬ વર્ષ સુધી સાચવી રાખી છે. પછી ભલે બીજા આઠ વર્ષ જીવંત રહ્યો છે. પણ તે કાળ તેના પુત્રોના રાજ્ય અમલ તરીકે ગણીએ, તો ગણી શકાય તેમ છે.

( ૫ ) ઉદયન જ્યાં સુધી જીવતો રહ્યો ત્યાં સુધી તેનું રાજ્ય હતું એમ ગણીએ તો પણ ગણી શકાયજ. અને તેમ થાય તો તેનું રાજ્ય ઈ. સ. પૂ. ૪૯૬ થી ૪૭૨=૨૪ વર્ષનું કહી શકાશે. ( આવી સ્થિતિ મૌર્ય ચંદ્રગુપ્ત, અશોક, શુંગવંશી અગ્નિમિત્ર ઇત્યાદિના વખતે પણ થોડા ઘણા ફેરફાર સાથે ઉભી થઇ હતી એમ કહી શકાશે ).

( ૬ ) ઉપરની દલીલ નં. ૧ વાસ્તવિક ગણીએ તો રાજા ઉદયન બાદ, શિશુનાગ વંશનો અંત અને નંદ વંશનો પ્રારંભ થયાનું કહી શકાયજ.

( ૭ ) શ્રેણિકના ૫૨ + કૂણિકના ૩૨ + ઉદયનના ૨૪ ( અથવા ઉદયનના ૧૬ + અને અનુરૂદ્ધ મુંદના ૮ એમ મળીને ૨૪ વર્ષ ) =કુલ મળીને ૧૦૮ વર્ષ થઇ રહે છે.

( ૮ ) ઉપરની દલીલ નં. ૧ અને ૬ પ્રમાણે નંદવંશની આદિ ગણતાં, રાજા ઉદયન પછી તુરતમાં રાજા નંદિવર્ધનજ આવ્યો કહી શકાય.

( ૯ ) આ હકીકત કાંઇક સ્પષ્ટપણે રાજા મુંદના વૃત્તાંતમાં આપણે કહીશું ( જુઓ દ્વિતીય ખંડ, પંચમ પરિચ્છેદ )



# ચતુર્થ પરિચ્છેદ

## ( આ ) નંદવંશ : નાનો નાગવંશ

ટૂંક સાર:—

તેનાં નામ તથા તેને લગતી અન્ય સામાન્ય હકીકત-તેની નામાવળી.

નંદ પહેલો: નંદિવર્ધન-તેનાં ભિન્ન ભિન્ન નામોનો ભેદ-તેનો અને ઉદયનનો સંબંધ-તે ઉદયન કોણ ?-તેની ઉમર અને રાજ્ય અમલ-રાણી અને કુટુંબ-તેનો ધર્મ અને અમાત્ય-તેના સમયે મગધદેશ ઉપર કુદરતે મોકલેલી બે આફતો-તેનો સંવત્સર હોવા વિશેની માન્યતા સંબંધી ખુલાસો.

નંદ બીજો: મહાપદ્મ અને મહાનંદ વિશેનો ગોટાળો-કાળાશોક બિરૂદ કોનું હોઇ શકે અને શા માટે ?-તેના કુટુંબનું વર્ણન-તેનો રાજ્યકાળ અને આયુષ્ય-તેના રાજ્યના બે મુખ્ય બનાવો-સામાજીક ક્ષેત્રમાં થયેલ હોહાકાર સાચો હતો કે ?-લગ્ન પ્રથાનાં કેટલાંક બંધન તથા વિવેચન-ધર્માશોક અને કાળાશોક નામની વ્યક્તિઓનાં યુગલોનું સ્પષ્ટિકરણ-એક બીજી ઐતિહાસિક સંભાવના અને તેથી ઇતિહાસવેત્તાઓને ઉપજનારૂં આશ્ચર્ય—

આ વંશ વાસ્તવિક રીતે, શિશુનાગવંશનોજ ભાગ હોઇને, તેની ઓળખ પણ શિશુનાગ તરીકેજ આપી શકાય. પણ જ્યારે આ વંશના પ્રથમના રાજાની વિશિષ્ટતાઓ બતાવવાને, ઇતિહાસકારોએ તેમનો વંશ જૂદોજ નોંધવાનું દુરસ્ત ધાર્યું છે ત્યારે, મૂળ શિશુનાગવંશને મોટો અને આ વંશને નાનો શિશુનાગ વંશ પણ કહી શકાશે. કેમકે પહેલાની સરખામણીએ તેમાં રાજાઓની સંખ્યા પણ ઓછી છે તેમજ તેનો સમય પણ ઓછો છે; અથવા નાનો શિશુનાગવંશ કહેવાને બદલે, ટૂંકમાં તેને નાગવંશ[1] પણ કહેવાય છે. કેમકે તે વંશની ઓળખ માટેનું રાજ્ય ચિન્હ તેઓના સિક્કા ઉપર સર્પ-નાગ[2] કોતરવામાં આવ્યું છે. આ બે નામ ઉપરાંત ત્રીજું નામ પણ તેનું છે. અને તે સર્વથી વિશેષ પણે પ્રચલિત છે. તે નામ "નંદવંશ" છે. કેમકે, પ્રથમ રાજા નંદિવર્ધનને સંક્ષિપ્તમાં નંદ કહેવામાં આવતો, અને તેથી તેના આખા વંશને નંદવંશથી સંબોધી, તેમાં થયેલ દરેક નૃપતિને, નંબર પહેલો, બીજો, ત્રીજો, એમ અનુક્રમવાર નંબરો આપીને ઓળખાવ્યા છે; જેથી પ્રથમ રાજા નંદિવર્ધનને, નંદ પહેલો કહેવાય છે.

**તેનાં નામ તથા અન્ય હકીકત**

આખો નંદવંશ સો વર્ષ ચાલ્યો છે[3] એમ મુખ્યપણે માનવું થાય છે. પણ તેના દરેક રાજાઓનાં નામ તથા તેમના રાજ્યકાળ બરાબર નિશ્ચય પૂર્વક જણાયલા ન હોવાથી, વિધવિધ કલ્પનાઓ તે વિશે કરવાનું હજુ ચાલુ રહ્યું છે. એક ગ્રંથકારે[4] તે ૧૨૩ ( એકસો ત્રેવીસ ) વર્ષ સુધી ચાલ્યાનું પણ જણાવ્યું છે. અને એમ સમજૂતી રજુ કરી છે, કે કાંતો તે આંકમાંની "૨૩" ની સંખ્યાજ કાળે કરીને પડતી મૂકી દેવામાં આવી છે. અથવા તો મૂળ લખાણુમાં તો પૂરેપુરી ૧૨૩ની સંખ્યા લખેલજ, પણ પાછળથી લહિઆએ નકલ કરતાં, પ્રથમનો આંક પડતો મૂકી (સંસ્કૃતમાં દશક અને એકમની આંક સંખ્યા, પ્રથમ લખવામાં આવે છે અને શતકનો આંક સૌથી છેલ્લો લખાય છે તેથી ) પાછળનો આંકજ જાળવી રાખેલ દેખાય છે. આ બેમાંથી કઇ ઘટના બનવા પામી હશે તે ખાત્રી પૂર્વક,તે લેખક મહાશય કહી શકતા નથી.પણ ૧૨૩ વર્ષ ચાલ્યો હતો તેમ તેમની દઢ માન્યતા થઇ છે એટલુંજ જણાવે છે.

---

( ૧ ) જુઓ અવંતિદેશના વર્ણને: જંરયણિ કાલગઓ વાળી ગાથા: તેમાં નંદાણું, નાગાણું ! સરખાવો.

( ૨ ) સિક્કા પરિચ્છેદે જુઓ.

( ૩ ) જુઓ ઉપર ટી. ૧ માં લખેલ મૂળ ગાથા તથા તેની મેં ત્યાં આપેલ સમજૂતી; તેમજ નીચે ટી. ૪ નું સંસ્કૃત વાક્ય.

( ૪ ) ભુક્ત્વા મહીં વર્ષશતં- નન્દેન્દુઃ સભવિષ્યતિ ( આમાં તો ચોખ્ખા શત એટલે ૧૦૦ વર્ષ લખ્યાં છે ) પણ તેના વિશે ટીકા કરીને જણાવ્યું છે કે:—J. O. B. R. S. Vol. I. p. 86:—" The tradition about Shat (100) for the Nandas was the result of a mistake. The period covered by the 4 Nandas ( from Nandavardhan to the last Nanda ) is 123 years. Either the word for 23 years was dropped off, leaving Sata ( 100 ), or the original figure ended in Shata, e. g. in Chatvarinshat—ચત્વારિંશત્—and the first part of this original was dropped off in course of copying. Resultant confusion is apparent; the reading of the line containing the figure is glaringly corrupt. Words and numbering have been introduced to fill up some gap " જ. ઓ,

જેમ તેનાં નામ વિશે અને કાળના અવધિ વિશે ભિન્ન ભિન્ન મતો છે તેમ તેમાં થયેલ રાજાની સંખ્યા વિશે પણ મતભેદો ચાલ્યા આવે છે. સામાન્ય માનતા એમ છે કે, તે વંશમાં નવ રાજાઓ થયા છે. પણ કોઈનાં નામ બરાબર જણાયાં ન હોવાથી, કેવળ તેમને અનુક્રમવાર નંબર આપીનેજ સંબોધવામાં ઇતિકર્તવ્યતા માની છે. એટલે, પહેલા ભૂપતિને નંદ પહેલો, બીજાને નંદ બીજો. એમ ઉત્તરોત્તર છેક છેલ્લાને નવમો નંદ કહેવામાં આવ્યો છે. પણ કોઇનાં સાચાં નામ જણાવ્યાંજ નથી. જ્યારે કોઈ કોઈ ગ્રંથકાર એવો પણ મત ધરાવે છે કે "નવનંદ" જે શબ્દ લખાય છે તે આંક, સંખ્યાસૂચકજ નથી. એટલે કે તે વંશમાં નવ રાજા થયા છે એમ બતાવવા તે શબ્દ નથી, પણ નવ=નવો,[૫] રાજા નંદ એવો ભાવાર્થ લેખવા પૂરતો તે છે. જેથી કરીને તે વંશમાં કેવળ એકજ રાજા થયો છે અથવા તો નવથી[૬] ઓછા વધતા રાજા થયા હોય એમ ગણી, તેમાંના કોઇ અમુક રાજાને નવનંદ તરીકે ઓળખાવવા માટે તે શબ્દ વપરાયો હોવાનું ગણાવે છે. પણ આગળ ઉપર આપણે જોઇ શકીશું કે, તે વંશમાં નવ રાજાઓજ થયા છે. અને તે સર્વેને એક બીજાથી ઓળખવા માટેજ, અનુક્રમની સંખ્યાનો આંક દરેકને જોડવામાં આવ્યો છે. અને તેથી 'નંવનંદ' એટલે નવમો નંદ અથવા છેલ્લો નંદ એમ ગણવો રહે છે.

આમ જ્યારે સંખ્યા વિશેજ મૂળમાં મતભેદ છે, ત્યારે તેમના અનુક્રમ વિશે તો મતભેદ હોય તે દેખીતુંજ છે. જેમણે જેમણે નામનો નિર્દેશ કરી બતાવ્યો છે, તેમાંના લગભગ સર્વે નંદિવર્ધનને નંદ પહેલા તરીકેજ ગણાવે છે. પણ આગળ જતાં, મહાપદ્મ અને મહાનંદનાં નામો આવે છે. તેમાંના મહાપદ્મને કેટલાક મહાનંદની ઉપર મૂકે છે. જ્યારે કેટલાક મહાનંદને પ્રથમ મૂકે છે અને મહાપદ્મને પાછળ મૂકે છે. જ્યારે કોઇકની ધારણા પ્રમાણે બન્ને એકજ વ્યક્તિ હોવાનું પણ દેખાય છે. આમ ભિન્ન ભિન્ન માન્યતા ચાલી આવી છે.[૭] આ ત્રણ સિવાય બીજા છ પુરૂષો કયા હતા, અને તેમનો અનુક્રમ શું હોઈ

---

બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૯:—નંદવંશને માટે શતાબ્દિની જે દંત કથા ચાલે છે તે **ભૂલનું** પરિણામ દેખાય છે. નંદિવર્ધનથી છેલ્લા નંદ સુધીના ચારે નંદોનો સમય ૧૨૩ વર્ષ નો છે. તેમાંથી ૨૩ નો આંક પડતો મૂકાયો છે અને માત્ર સો નોજ રાખવામાં આવ્યો છે. અથવા તો મૂળમાં જે શબ્દ હશે, તેનો અંત્યાક્ષર શત હશે (જેમકે ચત્વારિંશત્) અને તેમાંનો પ્રથમ ભાગ કાપી કરતાં મૂકી દેવામાં આવ્યો છે. એટલે ગડબડ થવા પામે તે દેખીતુંજ છે. તેમ પંક્તિનો ઉકેલ કરતાં ભૂલ થાય તે સ્પષ્ટ છે. પાછળથી શબ્દો કે સંખ્યા ઉમેરીને, ફારી જગ્યા પૂરી કરવામાં આવી છે.

(૫) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું, પૃ. ૯૧:-સંભવિત છે કે છેલ્લા નંદને એકલાનેજ "નવનંદ" કહેવાતો હતો: અને નવ=નવું: એટલે નવનંદનો અર્થ નવો નંદ અથવા નાનો નંદ એમ મૂળ અર્થ કરવો જોઇએ. J. O. B. R. S. Vol. I. P. 91:—It is very likely that the last Nanda alone was originally called Nava-Nanda (Nava= the new) or Nand the Junior.

(૬) પણ જે નામાવળી આ વંશની મેં રજુ કરી છે તે ઉપરથી જાણી શકાશે કે, નવ એટલે નવો એમ ગણવાનું નથી. પણ નવ એટલે આઠને એક નવ એમ સંખ્યાદર્શકજ તે આંક છે.

(૭) પંડિત જયસવાલજીએ આ વિષયમાં પોતાના વિચારો અન્ય કોઈ ઠેકાણે બતાવ્યા છે. તે ઉપર, જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું, પૃ. ૮૯: માં લેખક મહાશય પોતાનું મંતવ્ય રજુ કરતાં જણાવે છે કે:—પ્રથમ નંદિવર્ધનનું, તે બાદ મહાનંદ અને પછી મહાપદ્મનાં નામ વંશાવળીમાં મૂકતાં તેણે ભૂલ ખાધી છે. અને તેથી કરીને જે કેટલાક બનાવ મહાપદ્મને લગતા

શકે, તે મુદ્દો આપણે તેમના રાજ્યાધિકારનું વર્ણન કરતી વખતે જણાવીશું.

જેમ આ વંશના સમગ્ર સમય વિશે મતભેદ હોવાનું આપણે લખી ગયા છીએ તેમ, આ વંશ કયારે સત્તાધીશ થયો અને તેનો અંત[૮] કયારે આવ્યો, તે પણ પાકે પાયે હજુ સુધી કોઈ જણાવી શકયું નથી. પણ અવંતિના પ્રદેશની હકુમતનો ઇતિહાસ લખતાં, આપણે સાબિત કરી ગયા છીએ કે, આ વંશનો અંત મ. સ. ૧૫૫= ઇ. સ. પૂ. ૩૭૨ માં આવ્યો છે. જ્યારે તેનો રાજ્યઅમલ સો વર્ષ ચાલેલ હોઇને, તેનો આરંભ ઇ. સ. પૂ. ૪૭૨ માં થયો ગણવો રહે છે.

આ વંશના અસ્તિત્વ સાથે જેમ સો વર્ષના આંકનો સંબંધ, એક રીતે આપણે ઉપરમાં બતાવી ગયા છીએ, તેમ બીજી રીતે પણ સો વર્ષની આંકસંખ્યા, આ વંશની સાથે સંકલિત થયેલી છે. અને તેથી પણ કેટલોક ગુંચવાડો ઇતિહાસકારોના મનમાં થવા પામ્યો હોય તે બનવા યોગ્ય છે. તે હકીકત આ પ્રમાણે છે. પ્રજા કલ્યાણની દષ્ટિએ જે પ્રમાણે આ આખા વંશનો રાજ્યઅમલ ગોઠવાયો છે. તે પ્રમાણે તેના ત્રણ વિભાગ પાડી શકાય તેમ છેઃ પ્રથમ વિભાગમાં બે રાજા, બીજા વિભાગમાં છ અને ત્રીજા વિભાગમાં એક, એમ મળીને નવે રાજાના અમલના ત્રણ વિભાગ પડાય છે. પહેલા વિભાગનો આદિ મ. સં. ૫૫ માં અને અંત મ. સં. ૧૦૦[૯] માં (=ઈ. સ. પૂ. ૪૭૨ થી ઇ. સ. પૂ. ૪૨૭) થયો છે. તેવીજ રીતે બીજા વિભાગનો આદિ મ.સં. ૧૦૦ માં અને અંત મ. સં. ૧૧૨ માં છે. અને ત્રીજાનો પ્રારંભ મ. સં. ૧૧૨ માં હોઈ અંત મ. સં. ૧૫૫ માં છે. આ ત્રણે વિભાગના અમલની અનેક વિશિષ્ટતાઓ છે, જે આપણે આગળ ઉપર જોઈ શકીશું. એટલે પ્રથમ વિભાગનો અંત જે મ. સં. ૧૦૦ માં[૧૦] થયો છે, તેને આ નંદવંશના ઇતિહાસની સાથે જોડીએ, તો એમ કહી શકાય કે નંદવંશ ૧૦૦ વર્ષ સુધી ( upto 100; but not for 100 years ) ચાલ્યો હતો. જ્યારે બીજા વિભાગમાં તો કેવળ અંધાધુનીજ પ્રવર્તી રહેલ હોવાથી, ઇતિહાસની દૃષ્ટિએ તેનો હિસાબજ કાંઇપણ લેખાયો નથી. અને તેથી તે અસ્તિત્વમાં કેમ જાણે ન હોય એમ પણ ગણી શકાય તેવું છે. જ્યારે

---

છે તે મહાનંદના ઠરાવી દેવાયા છે. અને કેટલાક નંદિવર્ધનના ગણાઇ ગયા છે, આ પ્રમાણે બન્યાનું તેમના પોતાનાજ શબ્દથી કહી શકાય છે. J. O. B. R. S. Vol. I. P. 86 :—He has mistaken in chroniclizing Nandavardhan, then Mahananda and then Mahapadma and hence some of the events attributed to Mahapadma are applicable to Mahananda and some to Nandavardhan, which is clear from his own words.

ઉપરનાજ પુસ્તકે પૃ. ૯૧:—દેખીતી રીતેજ આ ભૂલાવો ખવરાવનારો કિસ્સો છે. જેમ (બૌદ્ધ સાહિત્યમાં) મહાપદ્મનો સમય નંદકાળાશોકના સમયમાં ફેરવી નાંખ્યો છે, તેમ અહીં તેણે ( લેખકે=પંડિત જયસવાલજીએ ) મહાપદ્મ ( અને તેના પુત્રોના ) સમયને કાળાશોક તરીકે ગણાવી દીધા છે, ( ટી. ૯૪ ): Ibid. P. 91:—Obviously here is a case of confusion as they ( Buddhists ) transferred the reign period of Nanda Mahapadma to Nanda Kalasoka; so also they have transferred from Mahapadma (his sons) to Kalasoka. ( f.n. 94. )

( ૮ ) આ વિષેની ચર્ચા મહાપદ્મના જીવનમાં આપણે કરવાની છે તેથી અહીં મૂકી દીધી છે.

( ૯ ) જુઓ પૃ. ૩૨૪ ઉપર આપેલી વંશાવળી, જેમાં નંદ બીજાના રાજ્યનો અંત મ. સં. ૧૦૦=ઈ. સ. પૂ. ૪૨૭ માં જણાવ્યો છે.

( ૧૦ ) ઉપર પૃ. ૩૨૧ ના કારણ સાથે સરખાવો

ત્રીજા વિભાગે પાછી એવી ઘટનાઓ બનવા પામી છે, કે તેના રાજ્યને કેમ જાણે તદ્દન નવીન વંશનુંજ રાજ્ય હોય નહીં, તે પ્રમાણે લેખી શકાય તેમ છે. આ પ્રમાણે આ વંશને લગતી જે કાંઇ નવીનતા મારી નજરે ચડવા પામી છે, તે ટૂંકમાં કહી દીધી છે. હવે તેના રાજાઓની નામાવળી માત્ર આપીને પછી તેમના જીવનચરિત્રો વર્ણવીશું.

| નામ. | | કયાંથી કયાં સુધી | | | કેટલાં વર્ષ |
|---|---|---|---|---|---|
| | | મ. સ. : મ. સ. | ઈ. સ. પૂ. | ઈ. સ. પૂ. | |
| ( ૧ ) નંદ પહેલો | : નંદિવર્ધન | ૫૫—૭૨ | ૪૭૨ | ૪૫૫ | ૧૬॥ |
| ( ૨ ) નંદ બીજો | : મહાપદ્મ | ૭૨–૧૦૦ | ૪૫૫ | ૪૨૭ | ૨૮॥ |
| ( ૩ ) નંદ ત્રીજો | : અશ્વઘોષ[૧૧] | ૧૦૦–૧૦૨ | ૪૨૭ | ૪૨૫ | ૨ |
| ( ૪ ) નંદ ચોથો | : જ્યેષ્ટમિત્ર[૧૧] | ૧૦૨–૧૦૪ | ૪૨૫ | ૪૨૩ | ૨ |
| ( ૫ ) નંદ પાંચમો | : સુદેવ[૧૧] | ૧૦૪–૧૦૬ | ૪૨૩ | ૪૨૧ | ૨ |
| ( ૬ ) નંદ છઠ્ઠો | : ધનદેવ[૧૧] | ૧૦૬–૧૦૮ | ૪૨૧ | ૪૧૯ | ૨ |
| ( ૭ ) નંદ સાતમો | : બૃહદરથ[૧૨–૧૧] | ૧૦૮–૧૧૦ | ૪૧૯ | ૪૧૭ | ૨ |
| ( ૮ ) નંદ આઠમો | : બૃહસ્પતિ મિત્ર[૧૨–૧૧] | ૧૧૦–૧૧૨ | ૪૧૭ | ૪૧૫ | ૨ |
| ( ૯ ) નંદ નવમો | : મહાનંદ : ધનનંદ : ઉગ્રસેન, : પ્ર (ચંડ) નંદ | ૧૧૨–૧૫૫ | ૪૧૫ | ૩૭૨ | ૪૩ |
| | | | | | કુલ વર્ષ=૧૦૦ |

## (૧) નંદ પહેલો : નંદિવર્ધન : નાગદશક

આ રાજાને નંદનું ઉપનામ કેમ અપાયું છે તે પૃ. ૩૧૭ માં જણાવી ગયા છીએ : તેમ તેને નાગદશક=નાગવંશના દશમા પુરૂષ તરીકે પણ ઓળખાવાય છે: ( જુઓ પૃ. ૩૧૭ તથા તેની પૂર્વે જે નવ રાજાઓ થઇ ગયા છે તેનાં નામ માટે જુઓ પૃ. ૨૩૮. ) જ્યારે નંદિવર્ધન[૧૪] નામ તો તે

**જુદા જુદા નામનો ભેદ**

ઉપરથી પડયું દેખાય છે, કે તેના પૂર્વના રાજાઓએ, જે કેટલાક મુલક ગુમાવ્યા હતા તેમાંના કેટલાક તેણે પાછા મેળવી લીધા હતા. તેમ કેટલાક તો તે ઉપરાંત પણ મેળવ્યા હતા. ખાસ કરીને ઉત્તર હિંદના જે પ્રાંતો, અદ્યાપિ પર્યંત અજેય ગણાતા. તે તેણે જીતી લઈ રાજ્યના વિસ્તારમાં વૃદ્ધિ કરી હતી. અને તેથી તેના નામની પાછળ વર્ધન[૧૫] એટલે વૃદ્ધિ કરનાર, એવું બિરૂદ જોડાયું હતું. તેમજ અજેય[૧૬]નું બિરૂદ પણ તેજ કારણથી તેની સાથે

( ૧૧ ) આ બધાં નામો શી રીતે મળ્યાં છે અને ગોઠવ્યાં છે તે માટે તેમનાં વર્ણન કરતાં જણાવીશું.

( ૧૨ ) પુરાણમાં બૃહદરથ અને બૃહસ્પતિમિત્રનાં નામ જણાવ્યાં છે.

( ૧૩ ) હાથીગુંફાના શિલાલેખમાં ચેદીપતિ ખારવેલે જેને ગંગાનદીમાં હરાવીને નમાવ્યો છે તે મગધપતિ બૃહસ્પતિમિત્ર આ જ હતો એમ સમજવું.

( ૧૪ ) જુઓ પૃ. ૩૦૪ નું ટીપણ નં. ૫૧

( ૧૫ ) વૃદ્ધિ કરનાર માટે ખરો સંસ્કૃત શબ્દ વર્ધક કહેવાય, એટલે અહીં વર્ધન શબ્દ, વર્ધક શબ્દના ભાવાર્થમાં વપરાયો માની લેવો રહે છે.

( ૧૬ ) જુઓ પૃ. ૩૦૫. ટી. નં. ૫૨.

જે કેટલાકની એમ માન્યતા છે કે ક્ષત્રિય જાતિનો પુરૂષ હોય તે પોતાના નામનો અંત્યાક્ષર વર્ધન રાખે છે,

સંયુક્ત થયું હતું એમ કહી શકાય. આ ઉપરાંત એક બીજું કારણ પણ કલ્પી શકાય તેમ છે. તે એક મહાપરાક્રમી સેનાધિપતિ હતો, એમ આપણે ઉદયન મગધપતિના રાજ્ય અમલે જોઈ ગયા છીએ. અને રાજા ઉદયનને ઠેઠ સિંહલદ્વીપ સુધી, જે જીત મળી હતી, તે આ શુરવીર સૈન્યાધિપતિના કૌશલ્યને લીધેજ હતી, એમ આશાનીથી કહી શકાય તેમ છે. એટલે દેખાય છે, કે જ્યાં જ્યાં તે ચડાઈ લઇ જતો ત્યાં ત્યાં તે અજેય હોવાનુંજ સિદ્ધ થતું હતું.

**તેનો અને રાજા ઉદયનનો સંબંધ**

એ વાત ચોક્કસ છે. ( એક ) રાજા નંદિવર્ધનનો શરીર સંબંધ, વત્સપતિના રાજ્યકુટુંબ સાથે થયો હતો. પછી તે વત્સપતિ ઉદયનની બહેન વેરે હોય, કે પુત્રી વેરે હોય તે[૧૭] જોવું રહે છે. અને ( બીજી ) હકીકત એકે વત્સપતિ ઉદયનનું મરણ ઈ. સ. પૂ. ૪૯૦ માં થયું હતું.

બીજી બાજુ, નંદિવર્ધનનો પોતાનો જન્મ ઇ. સ. પૂ. ૫૨૮[૧૮] આસપાસ થયો ગણાય છે. તેમજ ઈ. સ. પૂ. ૪૯૫ માં સેનાધિપતિ થયો હતો. ઇ. સ. પૂ. ૪૭૨ માં મગધપતિ બન્યો હતો અને ઇ. સ. પૂ. ૪૫૫ માં સ્વર્ગે સીધાવ્યો હતો. તેમ ત્રીજી હકીકત, એમ પણ સિદ્ધ થયેલી છે કે વત્સપતિ ઉદયન નિસંતાન મરણ પામવાથી તેની રાણીએ દત્તક લીધેલ કુમાર મણિપ્રભ વત્સદેશની ગાદીએ બેઠો હતો.

ઇ. સ. પૂ. ૪૯૦ માં ઉદયનનું મરણ થતાં દત્તકપુત્રને જે ગાદી મળી છે, તે વસ્તુસ્થિતિ બતાવવાને બસ છે કે, તે વખત સુધી નંદિવર્ધનનો સંબંધ વત્સદેશની કન્યા સાથે બંધાયો નહોતોજ. નહીંતો વત્સની ગાદી, પુત્રના અભાવે જમાઈને–પુત્રીના હાથમાં–એટલે કે પુત્રીના શ્વશુરપક્ષમાં જાત. પણ તેમ થયું નથી, એટલે સાબિત થાય છે કે નંદિવર્ધનનું વત્સકન્યા સાથેનું લગ્ન ઈ. સ. પૂ. ૪૯૦ બાદજ થયું છે. અને જ્યારે લગ્ન ઇ. સ. પૂ. ૪૯૦ બાદ થયું, ત્યારે ( ભલેને પછી બે ચાર કે પાંચ દશ વરસ પછી પણ ન ગણતાં તત્કાળ ગણો, તોયે ) વહેલામાં વહેલું તે ઈ. સ. પૂ. ૪૮૯ માંજ થયું ગણવું રહે છે. અને તે સમયે પણ નંદિવર્ધનની ઉમર ગમે તેટલી મ્હોટી હશે, છતાં પરણનાર રાજકન્યાની ઉમર તો માત્ર તેર કે ચૌદ વર્ષનીજ ગણવી રહે છે. એટલે તેણીનો જન્મ ઈ. સ. પૂ. ૪૯૦[૧૯]+૧૪= ઈ. સ. પૂ. ૫૦૪ માં વહેલામાં વહેલો નોંધી શકાય. હવે તે સમયે, ઉદયનનો પિતા શતાનિક તો કયારનોયે મરણ પામી ચૂકયો હતો; તેનું મરણ ઇ. સ. પૂ. ૫૫૦ માં ઠરાવાયું છે. જેથી તેણી શતાનિકની પુત્રી, અર્થાત્ ઉદયનની બહેન તો હોઈ શકેજ નહીં. એટલે પછી તે ઉદયનની પુત્રી હોવાનુંજ ધારી લેવું રહે છે. અને તે પ્રમાણેજ હકીકત સત્યસ્વરૂપે છે. આથી કરીને હવે સાબિત થયું કે, નંદિવર્ધન તે વત્સપતિ રાજા ઉદયનનો જામાતૃ થતો હતો. અને તેનું લગ્ન, રાજા ઉદયનના મરણ બાદ થયું સંભવે છે: મરણ બાદ કેટલા વર્ષે તે ચોક્કસ કહી શકાય તેમ નથી. પણ વસ્તુસ્થિતિ

---

બ્રાહ્મણ હોય તે શર્મન રાખે છે અને વૈશ્ય હોય તે વર્મન રાખે છે. તે બાબતની સમજુતિ માટે જુઓ પૃ. ૨૧૮ નું લખાણ તથા તેનું ટી. નં. ૭૩.

( ૧૭ ) આ વિષયની થોડીક હકીકત પૃ. ૧૧૭ તથા ટી. નં. ૪૭ માં ચર્ચી ગયા છીએ ત્યાંથી જુઓ.

( ૧૮ ) જુઓ આગળ ઉપર તેની ઉમરવાળા પારિગ્રાફે.

( ૧૯ ) પાછળથી આ સાલ ઈ. સ. પૂ. ૪૯૪ હોવાની ગણત્રી નીકળી શકે છે, એટલે કે રાજા ઉદયનના મરણ સમયે કુંવરીની ઉમર માત્ર ત્રણ ચાર વરસનીજ હતી.

જોતાં કમમાં કમ દશેક વર્ષ બાદ એટલે ઇ. સ. પૂ. ૪૮૦[૨૦] ના અરસામાં થયું હોવું જોઇએ.

એક બીજો મુદ્દો અત્રે જણાવી દેવાની જરૂર રહે છે કે, જયારે રાજા નંદિવર્ધનને ઉદયનનો જમાઇ ઠરાવાયો છે, ત્યારે તેને વત્સપતિ ઉદયન ગણવો કે મગધપતિ ઉદયન ગણવો. તે પ્રશ્ન પણ વિચારી લેવો જરૂરી છે. પણ આ વાતનો નિર્ણય તો સહજમાં કરી શકાય તેમ છે. કેમકે, રાજા ઉદયન મગધપતિ તે પણ શિશુનાગવંશી છે. તેમજ નંદિવર્ધન પણ તે જ વંશનો કુળદીપક છે. અને લગ્નગ્રંથીનો એ તો એક સિદ્ધાંતજ છે કે, એકજ કુળના એટલે એકજ પિતૃપક્ષના પુરૂષ અને સ્ત્રી પરણી શકે નહીં. તેથી સિદ્ધ થયું કે, નંદિવર્ધનનો સસરો ઉદયન, તે શિશુનાગવંશી હોઈ શકે નહીં. એટલે તે વત્સપતિ ઉદયનની પુત્રી વેરેજ પરણ્યો હતો, એમ સાબિત થયું ગણાય.

**તેની ઉંમર અને રાજ્ય અમલ**

તેની રાજદ્વારી કારકિર્દીની શરૂઆત, રાજા ઉદયાશ્વના સેનાધિપતિ તરીકે થઈ છે. અને તે બનાવ, તેનો રાજ્યાભિષેક ઇ. સ. પૂ. ૪૯૬ માં થયા બાદ, તુરત પહેલા વર્ષેજ બન્યો છે.[૨૧] કારણકે જો તે મોડેથી સૈન્યપતિ બન્યો હોત, તો રાજા ઉદયનના રાજ્યકાળના સોળ વરસ જેટલા ટૂંક અવધિમાંજ આખા સૈન્યની નવેસરથી રચના કરીને ઠેઠ દક્ષિણ ભરતખંડના નાકા સુધી જીત મેળવવાને તે ભાગ્યશાળી થઇ શકયો હોત નહીં. એટલે આપણે તેને ઇ. સ. પૂ. ૪૯૫ માં સેનાનાયક નીમાયાનું લેખીશું. અને આવા ઉચ્ચ હોદ્દે જે અમલદાર નિયુક્ત થાય, તે કમમાં કમ ૨૫ કે ૩૦ વર્ષનો હોયજ,[૨૨] એટલે તેનો જન્મ ઈ. સ. ૫૨૫ની આસપાસ નોંધીશું. વળી મગધપતિ અનુરૂદ્ધ અને મુંદના મરણબાદ, તે મગધપતિ બન્યો છે એ પણ ચોક્કસ છે. જેથી તે ગાદીપતિ બન્યો તેની સાલ ઇ. સ. પૂ. ૪૭૨ માં ગણાશે. અને સોળ વરસ રાજ્ય કરીને મરણ પામ્યો છે. એટલે તેનું મરણ પણ ઇ. સ. પૂ. ૪૫૬ માં થયું હતું, એમ ચોક્કસ ગણવું રહે છે. આથી કરીને મરણ સમયે તેની ઉમર ૫૨૫-૪૫૬=૬૯ વર્ષની આશરે હોવાનું નક્કી થાય છે.

કેટલાકના મતે[૨૩] તેનું રાજ્ય સોળને બદલે ચોવીસ વર્ષ ચાલ્યાનું કહેવાય છે. તેમજ ચાળીસ વર્ષ[૨૪] પણ ચાલ્યાનું ગણાય છે. આ બન્ને માન્યતા તો સાચીજ છે. પણ તે એવી ગણત્રીથી કે, જે સમયે તે સૈન્યપતિ હતો, એટલે કે, સત્તાધિકાર ભોગવી રહ્યો હતો, તે કાળ પણ તેની સાથે ગણવામાં આવે તોજ. એટલે ઉદયાશ્વના સમયે તે અમલદાર હતો, ત્યાંથી જો ગણો તો તેના ૧૬+અનુરૂદ્ધ અને મુંદના ૮+૧૬ પોતાના મળીને ૪૦ થાશે; અને જો અનુરૂદ્ધ-મુંદનો સમય તથા તેનો પોતાનો રાજ્યકાળ ગણીએ તો ૨૪ થાશે. બાકી તેનો પોતાનો એકલાનો રાજ્યકાળ તો ૧૬ વર્ષજ ચાલ્યો કહી શકાશે.

તેને મહાપદ્મ નામે એક કુંવર હતો, કે જે તેની પછી, નંદ બીજાનું નામ ધારણ કરી ગાદીએ

---

(૨૦) જ્યારે લગ્ન ઇ. સ. પૂ. ૪૮૦ માં છે ત્યારે જન્મ ઈ. સ. પૂ. ૪૯૪ માં કહેવાશે: જુઓ ઉપરની ટીકા ૧૯ તથા આગળ છઠ્ઠા પરિચ્છેદે ઉદયનના વૃત્તાંતે.

(૨૧) નીચેના પારિગ્રાફમાં ટી. નં. ૨૩-૨૪ નું લખાણ જુઓ.

(૨૨) જો યુવરાજ હોય અને તે પદવી ઉપર નિયુક્ત થાય તો, તેની ઉમર તેના કરતાં પણ નાની હોઈ શકે: પણ નંદિવર્ધન કાંઈ યુવરાજ તો નહોતો તે ચોક્કસ છે. એટલેજ આવો મોટો હોદ્દો સ્વીકારવાને જે કમમાં કમ તેની ઉમર ગણાય તે આપણે લીધી છે.

(૨૩-૨૪) પાર્જીટર સાહેબે રચેલી "ડાઇનેસ્ટીઝ ઓફ કલીયુગ" નામની બુક જુઓ.

બેઠો હતો. તે સિવાય બીજા પુત્ર-પુત્રીઓ હોવાનું જણાયું નથી. તેની રાણીની સંખ્યા ક્રમમાં ક્રમ બે હોવાનું તો સિદ્ધ થાય છેજ. સિવાય વધારે હતી કે નહીં તે જણાયું નથી.

**રાણી અને કુટુંબ**

યુવરાજ મહાપદ્મ જ્યારે ગાદીએ બેઠો ત્યારે મોટી ઉમરનો હતો. એટલે તેની માતા યુવરાજ્ઞી હોવી જોઇએ. પછી તેણી, નંદિવર્ધન ગાદીપતિ થયો ત્યારે હૈયાત હતી કે મરણ પામી હતી તે જૂદી વાત છે. જેથી કરીને ઉદયન વત્સપતિની કુંવરીને, રાજા નંદિવર્ધનની બીજી રાણી લેખવી રહે છે.

આપણે જોઇ ગયા છીએ કે, ઈ. સ. પૂ. ૪૯૦ માં વત્સપતિ ઉદયનનું મરણ થયું હતું અને તે બાદ નંદિવર્ધનનું લગ્ન થયું છે. ઉદયનના મરણ વખતે તે કુંવરી ભલે એક-બે વરસની હોય (એટલે કે જન્મ ઇ. સ. પૂ. ૪૯૩ હોય) તોયે તેર-ચૌદ વર્ષની ઉમરે તો લગ્ન થઇ જાયજ[૨૫] એટલે મોડામાં મોડું તેણીનું લગ્ન ઇ. સ. પૂ. ૪૭૯ માં થઈ ગયું હોવું જોઇએ. જ્યારે આપણે જોઇ ગયા છીએ કે તે પોતે મગધપતિ તો ઇ. સ. પૂ. ૪૭૨ માંજ થયો છે. એટલે મતલબ એ થઈ કે, તેનું લગ્ન પોતે સેનાધિપતિ હતો ત્યારે, એટલે કે ગાદીએ બેઠો તે પહેલાં, આઠેક વર્ષે કરવામાં આવ્યું હતું. જો રાજાની પદવીએ બિરાજીત થયા પછી લગ્ન કરવામાં આવ્યું હોત, તો તે સ્થિતિ ઉપર આપણું લક્ષ પણ ન પડત. પણ સૈન્યપતિના હોદ્દે હતો, છતાં લગ્ન કરવામાં આવ્યું છે. અને તે પણ વત્સપતિની ખુદની કન્યા અપાઇ છે, ત્યારે સહજ કલ્પના થઇ જાય છે, કે આમ કરવામાં કોઇક વિશિષ્ટ હેતુ હોવો જોઇએ. અને તે વિશે મારૂં અનુમાન આ પ્રમાણે થાય છે.

નંદિવર્ધન ઠેઠ ઉદયાશ્વના સમયથીજ સેનાધિપતિ હતો એ તો નિર્વિવાદિત છે. અને સેનાધિપતિ એટલે રાજ્યના અગ્રગણ્ય સુકાનીઓમાંનો એક અમલદાર. તેમ વળી તે કુશળ અને પરાક્રમી હોવા ઉપરાંત, ઉદયાશ્વનો પિત્રાઇ હોવાથી તેના જમણા હાથ રૂપ થઇ પડયો હતો. એટલે ઉદયાશ્વે જોઇ લીધેલું કે, નાગદશક જેવા કુશળ રાજકર્મચારીનો સહકાર હમેશાં ચાલુ હોય, તો મગધપતિને તે એક કાયમની મીરાસ સરખો લેખી શકાય. તેમ આવા કામમાં, જો માણસ સગપણની ગાંઠથી જોડાયલો હોય, તો કોઇ દિવસ બનતાં સુધી રાજ્યને બેવફા થઇ શકતો નથી. વળી નાગદશક તો પોતાનો પિત્રાઇ થતો હતો, એટલે પોતાના કુટુંબની કોઇ કન્યા તો તેની વેરે પરણાવી શકાય નહીં ( અનુમાન કરાય છે કે આ વખતે નાગદશકની સ્રી અને મહાપદ્મની માતુ મરણ નીપજ્યું હોવું જોઇએ). ત્યારે એવું કયું બીજું નજીકનું સગું કહી શકાય, કે જેની કન્યા તેને આપી શકાય અને તેમ કરીને પોતાની પાછળ આવનાર અનુરૂદ્ધ અને મુંદની સાથેનો સંબંધ પણ વિશેષ નિકટવર્તી બનાવી શકાય? તેની નજર વત્સપતિ મરહુમ ઉદયનવેરે પરણાવેલ પોતાની બહેન પદ્માવતી[૨૬] તરફ ગઇ. આ વખતે પદ્મા-

---

( ૨૫ ) પાછળથી હિસાબ કરતાં આ કુંવરીનો જન્મ ઈ. સ. પૂ. ૪૯૪ અને લગ્ન ઈ. સ. પૂ. ૪૮૦ માં થયાનું ગણાયું છે. જુઓ આગળ છઠ્ઠા પરિચ્છેદે ઉદયનના વૃત્તાંતે.

( ૨૬ ) આ પદ્માવતીને કેટલાકે, કૂણિકની બહેન એટલે રાજાશ્રેણિકની પુત્રી લેખી છે. મારૂં માનવું કૂણિકની પુત્રી એટલે ઉદયાશ્વની બહેન હોવાનું થયું છે તે આ હકીકતથી સાબિત થાય છે. પોતાની બહેન હતી માટેજ બહેનની પુત્રીની-એટલે ભાણેજની-કાળજી તેને લાગી ગણાય. પણ જો પોતાની ફોઈ થતી હોત ( કૂણિકની બહેન હોત ) તો તેટલું હિત આ સંબંધ જોડવામાં તેને ન લાગત. વળી જુઓ પૃ. ૧૧૮ ટી. ૪૭.

વતીની કુંવરી પણ લગ્ન યોગ્ય ઉમરની થઇ ગઇ હતી. વધારે સંભવ એમ છે કે પદ્માવતીએ પોતાના ભાઇ મગધપતિ ઉદયાશ્વની સલાહ માંગી હોવી જોઇએ, કેમકે તેણી પોતે તો વિધવા હતી. તેમ શ્વશુરપક્ષે બીજો કોઈ ભડવીર પુરૂષ એવો નહોતો, કે જેની સાથે તેણી પરામર્ષ કરી શકે. હરીફરીને તેણીને તો પોતાના વડીલ ભાઇ તરફજ નજર નાંખવાની હોય. એટલે રાજા ઉદયાશ્વે પોતાનો હેતુ પણ પાર પડે, તેમ પોતાની બ્હેનને પણ જરૂર પડે તો ( કેમકે વત્સની ગાદીએ દત્તક કુમાર[૨૭] મણિપ્રભનું રાજ્ય શરૂ થઇ ગયું હતું, પણ કદાચ અન્ય કોઇ રાજકીય પ્રસંગ ઉભો થાય તો) નાગદશક તેણીનો જમાઇ થાય એટલે પોતાની સાસુને ઉપયોગી થઇ શકે—આ પ્રમાણે એક કાંકરે બે પક્ષી મરાતા હોવાથી–બન્ને પક્ષનું ( પોતાનું અને બહેનનું ) હિત સધાતું હોવાથી તુરતજ, તેણે આ સંબંધનું ચોકડું સાંધી દીધું હશે એમ ધારી શકાય છે.

એટલે તેનું પહેલું લગ્ન સામાન્ય નિયમ પ્રમાણે, તે પોતે પંદર સોળ વર્ષનો હશે ત્યારે થઇ ગયું હોવાનું ગણાય. તેની સાલ આપણે પ૨૪ (તેના જન્મની આ સાલ માટે ઉપર જુઓ પૃ. ૩૨૬)—૧૬=ઇ. સ. પૂ. ૫૦૮ ગણીશું અને તેનું બીજું લગ્ન, ઉપર પૃ. ૩૨૬ માં જણાવ્યા પ્રમાણે ઈ. સ. પૂ. ૪૮૦ માં ગણીએ તો તેની ૪૮ વર્ષની ઉમરે થયું કહી શકાય.

તેનું મરણ ઇ. સ. પૂ. ૪૫૬ માં થયું છે તે ચોક્કસ છે. વળી તેનું પ્રથમ લગ્ન ૫૦૮ માં અને બીજું લગ્ન ઇ. સ. પૂ. ૪૮૦ માં થયું છે. હવે જો લગ્ન બાદ એક વરસેજ મહાપદ્મનો જન્મ થયો ગણો, તોયે મહાપદ્મની ઉમર, તેના બાપના મરણ સમયે વધારેમાં વધારે ૫૦૭–૪૫૬=૫૧ વર્ષની અને કમમાંકમ ૪૭૯–૪૫૬=૨૩ વર્ષની હોઇ શકે. વળી તેનું રાજ્ય પાછું ૨૮ વર્ષ ચાલ્યું છે, એટલે તેના મરણ સમયે કાં તેની ઉમર ૫૧+૨૮=૭૯ ની હોય કે ૨૩+૨૮=૫૧ ની હોય. પણ તેના પિતાનું આયુષ્ય ૬૯ વર્ષનું અને તેના પુત્ર મહાનંદ ઉર્ફે નવમાનંદનું પણ લગભગ ૬૫–૬૬ વર્ષનું આયુષ્ય જોતાં, તેનું પણ આપણે લગભગ ૭૦ વર્ષનું[૨૮] કલ્પીશું, એટલે તેનો જન્મ પ્રથમની રાણી પેટેજ થયો ગણાશે. અને જ્યારે તેનું મરણ ઇ. સ. પૂ. ૪૨૮ માં છે, ત્યારે તેનો જન્મ ૪૨૮+૭૦=ઇ. સ. પૂ. ૪૯૮ માં અથવા બે પાંચ ઓછા વધતા વરસમાં થયો હશે, એમ આપણે ગણીશું.

મોટા શિશુનાગ વંશી રાજાઓ જૈન ધર્મ પાળતા હતા, તે આપણે જોઇ ગયા છીએ. અને આ નંદવંશી રાજાઓ, ભલે તેમનો વંશ જૂદા નામે

( ૨૭ ) આ હકીકત પણ તેથીજ ઉપયોગી ગણી શકાશે કે વત્સપતિ ઉદયનનું મરણ ક્યારનું થઈ ગયું હતું અને દત્તકપુત્રનું ગાદીવિધાન પણ થઈ ગયું હતું, એટલે પછી જમાતાના હક્કનો સ્વીકાર થઈ શકેજ નહીં.

( ૨૮ ) ત્રણેનાં મરણ કુદરતી સંજોગોમાંજ થયાં છે. તેથીજ લગભગ સરખા આયુષ્યવાળા લેખ્યા છે. નહીં તો તો કોઈની ઉમર નાની મોટી લેખવી પડતઃ મહાનંદના રાજ્યનો અંત તેના મરણથી નથી આવ્યો, પણ તેના ગાદી ત્યાગથી, એટલે તે બાદ પણ તે જીવ્યો હશે. કેટલું જીવ્યો હતો તેની આપણને માહિતી નથી. નહીં તો આયુષ્ય પાકે પાયે ગણી શકાત. પણ તે બહુ જૂજ સમય હશે એમ ધારી, રાજ્યના અંતની તારીખજ અત્યારે હિસાબમાં ગણી છે.

વળી મહાપદ્મના શુદ્રાણી પેટે જન્મેલ કુંવરની ઉમર, પોતાના મરણ સમયે લગભગ ૩૦ વર્ષની હતી, એટલે તેનું આયુષ્ય અઠાવન વર્ષ કરતાં તો મોટી ઉમરનું હોવું જોઈએ એમ માનવું રહે છે.

ઓળખાવા લાગ્યો છે પણ વાસ્તવિક રીતે તો એકજ કુટુંબમાંથી ઉતરી આવેલ હોઇને સર્વ રીતે એક ઝાડની બે ડાળ જેવાજ હતા. તેથી માની શકાય છે કે તેમનો ધર્મ પણ જૈન દર્શનનોજ હતો. તેમજ આપણા આ અનુમાનને સાચું ઠરાવવા માટે હાથી ગુંફાના શિલાલેખ[૨૯] જેવો જબરજસ્ત પુરાવો પણ વિશ્વમાં મોજુદ છે. એટલે તે વિશે, વિશેષ ચર્ચા કરવા જેવું રહેતું નથી. એક પ્રખ્યાત ઇતિહાસકાર[૩૦] પણ તેજ મત ધરાવતો હોય તેમ જાહેર કરતાં લખે છે, કે નંદવંશી રાજાઓ વૈદિકધર્મના કટ્ટા વિરોધી હતા; અને વૈદિક ધર્મના વિરોધી એટલે જૈન ધર્માનુયાયી સમજી લેવાય તે તદ્દન સહજ વાત છે. વળી આ વાતને બીજા ઐતિહાસિક પુરાવાથી પણ સમર્થન મળે છે.

**તેનો ધર્મ તથા અમાત્યો**

જૈન સાહિત્યમાં લખ્યું છે કે[૩૧] મહાનંદ ઉર્ફે નવમા નંદનો અમાત્ય જે શકટાળ--શકડાળ[૩૨] નામે હતો, તેના બાપદાદા સાત પેઢીથી નંદવંશમાં પ્રધાનપદ શોભાવતા આવ્યા હતા. તેઓ જાતે બ્રાહ્મણ હતા. અને તેમના પ્રથમ પુરૂષનું નામ કલ્પક હતું. આ અમાત્યનું આખું કુટુંબ જૈન ધર્મ પાળતું હતું. અને આ કલ્પકના કુટુંબના ઉત્તરાધિકારી પાંચ છ પુરૂષો ઉપર, રાજકીય કારણસર અનેક વિતર્કોની ઝડીઓ વરસાવવામાં આવી હતી.

આ કલ્પક અમાત્યના કુટુંબમાં સાત પેઢી સુધી અમાત્યપદ ઉતરી આવ્યું હતું. અને રાજા નંદિવર્ધનથી માંડીને મહાનંદ સુધીના એટલે નંદ વંશના નવે નંદસુધીના એક શતાબ્દિ સુધીના સમયમાં, તેઓએ પ્રધાનવટું કર્યું હતું. તે વંશનો પુરૂષ નામે શકટાળ, રાજા મહાનંદના સમયે મહાઅમાત્યપદ ઉપર બિરાજતો હતો. ( વિશેષ માટે રાજા મહાનંદની હકીકત જુઓ. )

જેમ તેના રાજ્યઅમલ દરમ્યાન રાજકીય વિશિષ્ટતાઓ બની ગઇ છે. તેમ કુદરતે પણ તેજ પગલે ચાલી બતાવ્યું છે. આવા બે સંજોગો ખાસ ઉભા થયા હતા. અને તે બંને જળના સંબંધમાં હતા. એક સમયે અના વૃષ્ટિ થઇ હતી અને બીજે સમયે અતિવૃષ્ટિનું સંકટ પાટલીપુત્ર ઉપર ઉતરી આવ્યું હતું.

**કુદરતી આફતો**

( ૨૯ ) જો તે જૈન મતાનુયાયી ન હોત તો જીનબિંબપ્રતિમા ઉઠાવી જવા ખાતર આટલી મોટી લડાઈ માથે ન ઉઠાવત. (જુઓ ઉપર પૃ. ૧૭૫ ની હકીકત.)

( ૩૦ ) E. H. I. 3rd Edi. P. 42. f. n. 2: Sir G. Grierson informs that the Nandas were reputed to be the bitter enemies of the Brahmins ( અહીં બ્રાહ્મણો છે તેના કરતાં Brahamanism લખવો જોઈએ ). સમજાય છે કે, જેમ સાંપ્રત સમયે, બ્રાહ્મણનો ધર્મ એટલે વેદધર્મ મનાય છે, તેમ તે સમયે પણ નિરધારીતપણે હશે, એમ સમજીને લેખકે આ શબ્દો વાપર્યા હશે પણ વાસ્તવિક તેમ નહોતુંજ, કેમકે ઘણા બ્રાહ્મણોએ વૈદિકધર્મ ત્યજીને જૈન ધર્મઅંગીકાર કર્યો હતો. શ્રી મહાવીરના મોટા મોટા ગણધરો પણ બ્રાહ્મણજ હતા. વળી આપણે આ પારિગ્રાફમાં પણ એમજ પ્રતિપાદન કરવાના છીએ, કે ઘણા બ્રાહ્મણો સંસારીપણે જૈન મતાનુયાયી હતા.

( ૩૧ ) જુઓ ભ. બા. વૃ. ભા. પૃ. ૪૭, ૫૬, તથા પરિશિષ્ટ પર્વ.

( ૩૨ ) આ શકડાળ મંત્રીના પુત્રનું નામ સ્થુલીભદ્ર હતું અને તે મહાવીરની પાટે સાતમા પટ્ટધર હતા. આ સ્થુલીભદ્રનું નામ તો ઈતિહાસમાં જાણીતુંજ છે, તેઓ જૈન હતા અને તેમનું આખું કુટુંબ જૈન ધર્મ પાળતું હતું. વળી જુઓ ઉપરની ટી. ૩૦.

અનાવૃષ્ટિનો પ્રસંગ બન્યાનું તો આપણને હાથીગુંફાના લેખમાંથીજ મળી આવે છે. કેમકે રાજા ખારવેલે જણાવ્યું છે કે, રાજાનંદે બનાવેલી નહેરમાંથી, એક બીજો ફાંટો ખોદાવીને તેણે તે નહેર પોતાની રાજધાની સુધી લંબાવી હતી. એટલે આ ઉપરથી બે વાત સિદ્ધ થાય છે. એક એ કે રાજા નંદ–નંદિવર્ધને જ્યારે નહેર[૩૩] ખોદાવી હતી ત્યારે તેણે માત્ર મગધ દેશની હદ સુધીજ ખોદાવી હતી. કારણ કે ત્યાં[૩૪] સુધીજ તેની હદ પહોંચતી હતી: અને બીજી વાત એ કે જ્યારે રાજા ખારવેલે તે નહેર લંબાવી, ત્યારે તે ભૂમિ તેના કબજામાં હતી. અથવા તો તે ઉપર તેની વિશેષપણે કરીને લાગવગ[૩૫] પહોંચતી હતી, કે જેથી મૂળ નહેરનો માલિક ત્યાંથી ખોદીને નહેર લંબાવવામાં વાંધો લઇ શકે નહીં. અને વાસ્તવિક હતું પણ તેમજ. કારણ કે આપણે લખી ગયા છીએ તે પ્રમાણે રાજા મુંદના વખતમાંજ, એટલે કે રાજા નંદિવર્ધન તખ્તનશીન થયો તે પહેલાંજ, ક્ષેમરાજે કલિંગને સ્વતંત્ર જાહેર કરી દીધો હતો. એટલે મગધ અને કલિંગની હદ જુદા જુદા સ્વામીની સત્તામાં ગણાતી થઇ હતી. આ સમયે પડેલ દુષ્કાળ કેવો કપરો અને ભયંકર નીપજ્યો હતો, તે જાણવાનું કાંઇ સાધન હાલ તો આપણી પાસે નથીજ.

જે બીજો પ્રસંગ બન્યો હતો તે અનાવૃષ્ટિને બદલે અતિવૃષ્ટિનો હતો. તે સમયે સોન નદીમાં પાણી પૂરે ચડયાં હતાં. અને પાટલીપુત્ર શહેરની ગઢની રાંગે ખૂબ જોરથી અથડાવાં લાગ્યાં હતાં. અને જો શહેરમાં પ્રવેશ કરત તો પ્રજાજનને મોટી ચિંતારૂપ થઈ પડત. પણ જૈન મંત્રોપચાર વડે અંતે પૂર સમી જવાથી તે ધર્મ ઉપર પ્રજાની આસ્થા વિશેષપણે સ્થાયી થવા પામી હતી. આ પ્રસંગ[૩૬] જૈન ગ્રંથમાં વર્ણવેલો માલૂમ પડે છે.

સંજોગાનુસાર વિચાર કરતાં, અતિવૃષ્ટિનો પ્રસંગ મ. સં. ૫૯=૭. સ. પૂ. ૪૬૮ માં અને અનાવૃષ્ટિનો બનાવ મ. સં. ૬૪[૩૭] ( ઈ. સ. પૂ. ૪૬૩ ) થી મ. સં. ૭૨ ( ઈ. સ. પૂ. ૪૫૫ ) ની અંતરાળે બન્યા હોવાનું ધારી શકાય છે.

એવી માન્યતા પ્રચલિત છે કે, હાથીગુંફામાં સમયસૂચિત જે આંકસંખ્યા વપરાયલી છે, તે સાથે રાજાનંદનું નામ

**તેના સંવત વિશેની** જોડાયલું હોવાથી, તે સંવત

**માન્યતાનો ખુલાસો** રાજાનંદનો હોવો જોઇએ.

અને જ્યારે તેનો ઉપયોગ ખારવેલે પણ કર્યો છે ત્યારે તે નંદસંવત, કેટલોય કાળ પ્રવર્તતો રહ્યો હોવો જોઇએ. આવી કલ્પનાના આધારે તેમજ અન્યસ્થાને મળેલ પ્રાસંગિક હકીકત ઉપરથી એક લેખકે[૩૮] જણાવ્યું છે કે " મિ. આલબરૂનીને જે સમાચાર મળ્યા હતા તે

( ૩૩ ) આ હકીકતથી સમજાય છે કે પ્રાચીન સમયે પણ દુષ્કાળના સમયે પાણીની નહેર ખોદાવવાનું કાર્ય અતિ આવશ્યક ગણાતું હતું, તેમ તે બનાવવાની આવડત પણ હતીજ.

( ૩૪ ) અથવા એમ પણ ધારી શકાય કે અનાવૃષ્ટિની અસર ત્યાં સુધીજ હતી. પણ તેમ ધારવું અશક્ય છે.

( ૩૫ ) કારણકે તેણે મગધપતિ ઉપર પોતાના વિજેતા હાથનો પરિચય કરી બતાવ્યો હતો.

( ૩૬ ) જૈન ગ્રંથોમાં જણાવ્યું છે કે શ્રી મહાવીરની ગાદીએ, શ્રી જંબુ નામના આચાર્ય થયા હતા. તેમનું મરણ મ. સં. ૬૪ માં થયા બાદ, કેટલીયે વસ્તુનો વિચ્છેદ થયો છે. એટલે સમજાય છે કે, તે બાદજ આ દુષ્કાળનો પ્રસંગ બન્યો હોવો જોઇએ. ખારવેલની હાથીગુંફા ઉપરનું વિવેચન સરખાવો.

( ૩૭ ) જુઓ ભ. બા. વૃ. ભા. માં રોહિણીનું વૃત્તાંત.

( ૩૮ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧૩, પૃ.

પ્રમાણે ઇ. સ. પૂ. ૪૫૮ માં કનોજ અને મથુરા શહેરમાં નંદસંવત વપરાતો હતો." જો કે મિ. આલબરૂનીએ તો એટલુંજ જણાવેલ છે કે[૩૯] નંદરાજાના સમય બાદ આશરે ત્રણસો વર્ષે કોઇક હિંદુ રાજાએ કાંઇક બનાવ્યાનું હાથીગુંફાના શિલાલેખમાં કોતરાયું છે. આના ઉપર તે લેખક ડૉ. મજુમદારનો અભિપ્રાય ટાંકીને સમર્થન કરે છે કે જે હર્ષવર્ધન થઇ ગયો છે તે જ આ નંદિવર્ધન સમજવો.[૪૦] (હર્ષસંવત તો કેટલાક શિલાલેખમાં ચોખ્ખા શબ્દે લખાયલ છે. એટલે પછી હાથીગુંફામાં લખેલ અને પોતે અનુમાનથી બાંધેલ આ હર્ષસંવતઃ તે બન્નેને એકજ નંદ સંવત તરીકે લેખવવાનો આશય તે લેખક ધરાવતો હશે એમ આ ઉપરથી સમજાય છે) પણ આગળ જતાં તે લેખક મહાશય અન્ય વિદ્વાનોના મત જણાવતા કહે છે કે[૪૧] "હાથીગુંફાના શિલાલેખમાં પંકિત ૬ અને ૧૧ માં જે સમયસુચક અક્ષરો લખાયલા છે, તે કોઇ સંવતની કાળગણના કર્યા વિના તો કાંઇ વાપરવામાં આવ્યા નજ હોય" વળી અન્ય વિદ્વાનનો મત ટાંકી જણાવે છે કે[૪૨] "વિક્રમ સંવતમાં ૪૦૦ ઉમેરવાથી નંદ સંવત આવતો હતો. આ ગણત્રી આલબરૂનીએ આપેલી છે. આ સંવતનો ઉપયોગ હાથીગુંફાના લેખમાં કરેલ છે તથા ચૌલુક્યવંશી વિક્રમાદિત્ય છઠ્ઠાએ તે સંવતનો વપરાશ કાઢી નાંખ્યો છે." આ પ્રમાણે ઉપરના સર્વે અવતરણોનું એકીકરણ જો કરીશું, તો લેખક મહાશય એમ મનાવવાને મથી રહ્યા જણાય છે કે (૧) હાથીગુંફાના લેખમાં જે આંક વપરાયો છે તે નંદ સંવત ઉર્ફે હર્ષ સંવતનો હતો (૨) જો તે સંવતનો આંક કાઢવો હોય તો, વિક્રમ સંવતમાં આશરે ચારસોની સંખ્યા ઉમેરવી જોઇએ (૩) આવો સંવત ઇ. સ. પૂ. ૪૫૮ માં પણ કનોજ અને મથુરા શહેરમાં વપરાતો હતો. (૪) વળી ચૌલુક્યવંશી વિક્રમાદિત્ય છઠ્ઠાએ આ સંવતનો વપરાશ બંધ કરી નાંખ્યો છે. આ બધાં અનુમાન મિ. આલબરૂનીએ જે કાંઇ સમાચાર (કિંવદંતિ તરીકે જે સાંભળ્યું હતું તેના આધારેજ) મેળવ્યા હતા, તેના ઉપરથીજ ઘડી કાઢયાં છે. પણ પ્રશ્ન એ થાય છે કે જે સમાચાર મિ. આલબરૂનીને મળ્યા હતા તેનો આધાર કેવો પ્રમાણભૂત કે સંગીન હતો તે માટે તો એક અક્ષરવટીક પણ કોઇ વિદ્વાન ઉચ્ચારતાજ નથી. તે તો માત્ર સમાચારરૂપે હતા એટલુંજ લખે છે. હજુ કર્ણોપકર્ણ ચાલી આવતી તે દંતકથા

---

૨૪૦-૨૪૫. J. O. B. R. S. Vol. XIII. P. 240-245:—The Nanda era was in use at Kanoj and Mattura in B. C. 458: as Alburini says, on the strength of his informants.

(૩૯) તેજ પુસ્તક. પૃ. ૪૫. Ibid P. 45;—Alburini says:—A reference is made in the Hathigumpha inscription of something having been made by a Hindu king 300 years, since the time of Nanda Kings.

(૪૦) કૌંસમાં લખેલ વાકય મારૂં અનુમાન છે.

(૪૧) તેજ પુસ્તક પૃ. ૨૩૭. ડૉ. સ્ટેનકોનાઉ (એ. ઓ. ઇ. પૃ. ૨૪-૨૬). ડૉ. આર. સી. મજમુદાર જ. ઓ. બી. રી. સો. પુ. ૯. પૃ. ૧૪૭ "Long periods mentioned in lines 6 & 11 of Hathigumpha inscriptions, could not have been reckoned without an era."

(૪૨) જૈ.સા.સંશોધકપુ.૩.પૃ.૮૭૨. According to Alburini's theory, the figure of the Nanda Era was got by an addition of 400 to that of Vikram era: the Nand era has been used in the Hathigumpha inscription & it was abolished by Vikramaditya VI of the Chaulukya dynasty.

જો હોત તો પણ, તે કહેવાતા સમાચાર કરતાં વિશેષ વજનદાર ગણાત. કહેવાની મતલબ એ છે કે તદ્દન બિનપાયાદાર હકીકત ઉપરજ આ સર્વ અનુમાનો રચાયાં છે. છતાં દલીલની ખાતર માની લ્યો કે તે હકીકત તથા અનુમાનો સત્યજ છે. તો પછી એટલોજ તાત્પર્ય કાઢી શકાય, કે રાજા નંદ મહા પ્રતાપી પુરૂષ હોવો જોઈએ અને તેથી તેનો સંવત લગભગ એક હજાર[૪૩] વર્ષ સુધી પ્રચલિત રહ્યો છે. પણ જ્યારે આપણે આગળ જતાં આ નંદ વંશનીજ હકીકત લખતાં, તેમજ શ્રી ખારવેલના વર્ણન લખતાં, સાબિત કરીશું, કે તે સંવતને રાજા નંદના જીવન સાથે સંબંધ હોવા છતાં, અને પોતે તેની સાથે પોતાનું નામ જોડવાને સર્વથા સમર્થ હોવા છતાં, પણ તેણે તેમ કર્યું નથી. પણ પોતે જે ધર્મ પાળતો હતો તે ધર્મના પ્રેરક અને ઉપદેશક એવા મહાપુરૂષનોજ[૪૪] સંવત તેણે ચલાવ્યો છે, ત્યારે તો તે રાજાના શુરવીરપણા ઉપરાંત તેની માનસિક ઉદારતા, હૃદયની વિશાળતા, સ્વભાવની નમ્રતા તથા નિરભિમાનપણાનીજ પ્રશંસા આપણે મુકતકંઠે કરવી રહે છે. તથા તે વખતના રાજાઓ પોતાની કીર્તિ વધારવા કરતાં, પોતાના ધર્મને વધારે મહત્ત્વ આપતા એમ સમજવું રહે છે.

તેનું મરણ મ. સં. ૭૨=ઇ. સ. પૂ. ૪૫૫ માં થતાં તેની પછી તેનો યુવરાજ મહાપદ્મ ઉર્ફે નંદ બીજો મગધની ગાદીએ બેઠો હતો.

**(૨) મહાપદ્મ : નંદબીજો અથવા કાળાશોક[૪૫]**

તે રાજા નંદિવર્ધનનો યુવરાજ હોઈ તેના મરણ બાદ તુરત ગાદીપતિ થયો હતો.[૪૬] એટલે આ વંશનો તે બીજો પુરૂષ હતો. તેથી તેનું નામ ઇતિહાસમાં નંદબીજા તરીકે

**તેનાં નામો**

પ્રસિદ્ધ થયું છે. ઉપરાંત નંદવંશી રાજાઓમાં બે નામ જાણીતાં છે. મહાપદ્મ અને મહાનંદ. આ બે રાજાઓને એક પછી એક ગોઠવવામાં મતાંતર ઉભાં રહે છે. કોઈ મહાપદ્મને પ્રથમ ગણે છે તો કોઇ મહાનંદને પ્રથમ ગણે છે. ત્યારે કોઇક તો તે બન્ને નામ એકજ વ્યક્તિનાં છે એમ પણ માનતા લાગે છે. જ્યારે મારૂં માનવું એમ છે કે, બન્ને પુરૂષો તો જુદા જુદાજ છે. અને તેમાં પણ મહાપદ્મ પહેલો છે અને મહાનંદ પછી થયો છે. વિચારતાં એમ થાય છે કે, એકનું રાજ્ય ૨૮ વર્ષ છે જ્યારે બીજાનું ૪૩ વર્ષ છે. તેમ એકના રાજ્યે કાંઇ મહત્ત્વતાપૂર્ણ બનાવ બન્યા નથી, અથવા બન્યા છે તો બહુ જૂજ, જ્યારે બીજાનું રાજ્ય તો તેવા બનાવથી ભરપૂર છે. મતલબ કે, સમયની દૃષ્ટિથી અને જે બનાવો બન્યા છે તેની અપેક્ષાથી, આ બેમાંથી મહાનંદના ( નામના અર્થ પ્રમાણે ) નામને જો કોઈ લાયક હોય, તો તે પ્રથમનો મહાપદ્મ નહીં, પણ બીજો પુરૂષ મહાનંદ પોતેજ છે. જેથી કરીને મેં મહાપદ્મને પ્રથમ ગણાવ્યો છે.[૪૭] અને મહાનંદને પાછળ મૂકયો છે. આ ઉપરાંત તેમ કરવાને બીજાં પણ બે કારણો છે. એક એ કે પુરાણોમાં નંદ બીજાને (એટલે કે નદિવર્ધનના પુત્રને) કાલાશોક[૪૮] તરીકે વર્ણવ્યો છે. અને આપણે જાણીએ છીએ

( ૪૩ ) એક હજાર-એટલા માટે કહેવા પડયા છે કે ઈ. સ. પૂ. ૪૦૦ વર્ષથી માંડીને ચૌલુકયવંશી છઠ્ઠા વિક્રમાદિત્ય સુધી ( આનો અમલ ઇ. સ. ની છઠ્ઠી સદીમાં ગણાય છે ) નું અંતર તેટલું છે.

( ૪૪ ) આગળ ઉપર નંદ ત્રીજાથી આઠ સુધીનાં નામો કેમ જડી આવ્યાં હતાં તેના લખાણ સાથે સરખાવો.

( ૪૫ ) નંદ બીજાનું નામ કાળાશોક હોઇ ન શકે તે બાબતની ખાત્રી, દલીલો તથા તેના ઉપરથી નીકળતા નિષ્કર્ષ માટે, જુઓ પૃ. ૩૩૮-૩૪૨ સુધીનું લખાણ.

( ૪૬ ) મહાવંશ ૪ (૧) ઇ. એ. ૧૯૧૪, પૃ. ૧૬૮

( ૪૭ ) કે. હી. ઈ. પૃ. ૩૧૨ ઉપર લખેલું પુરાણ ગ્રંથોનું લીસ્ટ જુઓ.

( ૪૮ ) જુઓ નીચેનું ટીપણ. ૫૨.

કે પુરાણના સર્વે ગ્રંથો વૈદીક મતનો-બ્રાહ્મણધર્મનો પડઘો પાડનાર છે. એટલે બ્રાહ્મણોના મતે નંદ બીજાને કાલાશોક કહેવાયો ગણાય. આ ઉપનામ શા માટે તેને દેવામાં આવ્યું છે તે આપણે બીજા પારિગ્રાફમાં જોવાનું છે. પણ કહેવાની મતલબ એ છે કે, બ્રાહ્મણો નંદ બીજાને કાલાશોક તરીકે ઓળખે છે. જ્યારે બીજું કારણ એ કે, તેજ પુરાણો પાછા કલિયુગ સંવત-યુધિષ્ઠિર સંવત-ની ગણનાઓ કરતાં રાજા મહાપદ્મનું નામ જોડે છે.[૪૯] અને જ્યારે સંવતની ગણના કરવામાં તે પુરૂષનું નામ લેવાય છે, ત્યારે તે પુરૂષ તેમની દૃષ્ટિએ કાંઇ જેવો તેવો તો નજ ગણાય. એટલે કહેવાનો ભાવાર્થ એમ છે, કે મહાપદ્મ અને કાલાશોક[૫૦] તે બન્ને નામો પુરાણકારોની દૃષ્ટિએ એકજ વ્યકિતનાં હોવાં સંભવે છે. અને તેથી મેં પણ તેજ માર્ગ ગ્રહણ કર્યો છે.

વળી બૌદ્ધગ્રંથમાં તેમના ધર્મના એક મહા પ્રતાપી રાજાનું નામ પણ અશોક[૫૧] તરીકે સુપ્રસિદ્ધ છે. પણ તે રાજા અશોક તો હજુ હવે થવાનો છે. એટલે આ મહપદ્મ તો તે અશોકની પૂર્વે થયો ગણાય. જેથી તે બૌદ્ધધર્મી રાજા અશોકને અશોક બીજો[૫૨] અને આ તેમના ધર્મના રાજા અશોકને અશોક પહેલો, એવાં ઉપનામથી પુરાણોમાં સંબોધ્યાનું જણાય છે. અને કેટલાક અર્વાચીન ઇતિહાસમાં આ પ્રથાનું અનુસરણ કરાયલું નજરે પણ પડે છે. એટલે તદનુસાર વાંચકવર્ગની ઓળખ માટે આપણે પણ મહાપદ્મને અશોક પહેલો કહીશું અને બૌદ્ધધર્મી અશોકને અશોક બીજો કહીશું.

તેનો જન્મ આશરે ઇ. સ. પૂ. ૪૯૮ માં થયો હોવાનું પૃ. ૩૨૮ ઉપર જણાવી ગયા છીએ.

**તેનો રાજ્યકાળ તથા આયુષ્ય**

અને ઇ. સ. પૂ. ૪૫૬ માં ગાદીએ બેઠો છે એટલે તે સમયે તેની ઉમર ૪૨ વર્ષની થઈ ગણાય. વળી તેનું રાજ્ય ૨૮ વર્ષ ચાલ્યું છે. એટલે તેનું મરણ ઇ. સ. પૂ. ૪૨૭ માં ૪૨+૨૮ આશરે ૭૦ વર્ષની ઉમરે થયું કહી શકાય.

ઇ. સ. પૂ. ૪૨૭ ની સાલને જો મહાવીર સંવતમાં લખીએ તો મ. સં. ૧૦૦ આવશે. એટલે કે રાજા મહાપદ્મ ઉર્ફે નંદ બીજાના રાજ્યનો અંત મ. સં. ૧૦૦ માં આવ્યો કહેવાય. આ સોની આંક સંખ્યા સાથે નંદવંશને ૧૦૦ વર્ષ ચાલ્યું હોવાનું ( for 100 years, અથવા upto 100th year; આ બંને ઇંગ્રેજી શબ્દોનો અર્થ ગુજરાતી ભાષામાં કરીએ તો સામાન્ય રીતે ૧૦૦ વર્ષ સુધી એમજ લખી શકાય.) ગણી લીધું છે. તેને કેટલો સંબંધ હોઇ શકે અને હોય તો કેમ ગુંચવાડો થવા પામે, તે હકીકત સંક્ષિપ્તમાં પૃ. ૩૨૩ ઉપર આપણે કયારની જણાવી ચૂકયા છીએ.

---

( ૪૯ ) ઈ. ક. ના પુસ્તકમાં 'કલિયુગ સંવત' નો લેખ જુઓ.

( ૫૦ ) કાળાશોકનાં બિરૂદ ઉપર વિશેષ અજવાળું પાડતું વિવેચન આગળના પાને જુદુંજ લખ્યું છે તે જુઓ

( ૫૧ ) હિંદી ઈતિહાસમાં એકંદરે કેટલા અશોક થયા છે અને તે કોણ કોણ કહેવાય છે તેને લગતું એક પરિશિષ્ટ બીજા પુસ્તકને અંતે લખવાનું છે ત્યાં જુઓ.

( ૫૨ ) ભવિષ્યમાં કોઇ અમુક નામધારી રાજા થવાનો છે એમ ગણીને ભવિષ્યના રાજાની અપેક્ષાએ પૂર્વના રાજાને ઉપનામ અપાય તે કોઇકાળે બનવા યોગ્ય નથી. માટે પુરાણકારોએ જો "કાળાશોક" નો શબ્દ વાપર્યો હોય તો આ રાજામાટે હોઈજ ન શકે એમ મારૂં માનવું છે. ( સરખાવો નીચેની ટી. નં. ૬૩ નું લખાણ ) તથા 'એક બીજી સંભાવના'વાળો નીચેનો પારિગ્રાફ.

તેની રાણીઓમાં ક્ષત્રિયાણીઓ તેમજ શુદ્રાણીઓ હોવાનું જણાયલું છે. તે બન્ને વર્ગમાંથી કેટલી સંખ્યા સાથે તેનાં પાણીગ્રહણ થયેલ હતાં તે ચોક્કસપણે કહી શકાતું નથીજ. પણ અનેક પત્નિ કરવાના તે જમાનામાં તેને ઘણી રાણીઓ હોવી જોઇએ એમ તો કહી શકાય છેજ. તેવી અનેક રાણીમાંની જે ક્ષત્રિયાણી રાણીના પેટે તેને ૭ સાત પુત્રો થયા નોંધાયેલ છે, તે રાણી પાંચાલ દેશની કન્યા હતી એમ જણાય છે. ( જુઓ આઠમાં નંદની હકીકતે આગળ ઉપર ) તેમ શુદ્રાણીની સંખ્યા પણ કમમાંકમ બે હોવાનું ઇતિહાસ ઉપરથી જણાય છે. ( જુઓ આગળનું ટી. ૭૪ )

**તેનું કુટુંબ**

પુત્રોની સંખ્યા લગભગ દશ જેટલી જાણવામાં આવી છે. તેમાંના ૭ ક્ષત્રિયાણીના જાયા હતા જ્યારે ત્રણ શુદ્રાણીના પેટે જન્મેલ હતા.

ક્ષત્રિયાણી પુત્રો સર્વે મગધપતિ બન્યા છે, પણ શુદ્રાણી પુત્રોમાંનો એકજ મગધપતિ બન્યો છે, જ્યારે બીજા બે, મગધ જેવા જબરજસ્ત રાજ્યના ધણી થવા પામ્યા છે. મતલબ કે, તેના સર્વે પુત્રો રાજ્ય મેળવવાને ભાગ્યશાળી થયા તો છેજ. ફેર એટલો કે, મગધપતિઓ જે થયા છે તે કાંઇક હક્કના બળથી, જ્યારે બીજા બે, જે રાજપતિઓ થયા છે તે પોતાના કાંડાના બળથી થયા છે. (જે આપણે તેમના જીવન વૃત્તાંતે જાણીશું.)

રાજકીય દૃષ્ટિએ તેના આવડા મોટા કાળના રાજ્ય અમલમાં કાંઇ મહત્ત્વપૂર્ણ બનાવ ( વિશેષ માટે આ ખંડના છેલ્લો પરિચ્છેદ જુઓ ) બનવા પામ્યો હોય તેમ નોંધાયું માલૂમ પડતું નથી. પણ અન્ય અપેક્ષાએ અવલોકતાં, બે મોટા બનાવ બન્યા છે. એક ધાર્મિક દૃષ્ટિએ અને બીજો સામાજીક દૃષ્ટિએ ઉપયોગી છે.

**રાજ્યકાળના બે મુખ્ય બનાવો**

પ્રથમ ધાર્મિક દૃષ્ટિનો લઇશું. તેના રાજ્યનો આરંભ થયાને બરાબર ૧૦ વર્ષ અને ૧૫ દિવસ પસાર થયા[૫૩], ત્યારે એટલે કે રાજ્યાભિષેક બાદ અગીયારમા વર્ષે, તેની હકુમતના વૈશાળી પ્રાંતમાં અથવા જેને વિદેહદેશ કહેવામાં આવે છે ત્યાંના મુખ્ય નગર વૈશાળીમાં બીજું નામ મિથિલાનગરીમાં—બૌદ્ધધર્મની મહાપરિષદનું દ્વિતીય અધિવેશન ભરાયું હતું. તે સમયે બૌદ્ધ ગ્રંથાનુસાર બુદ્ધદેવના નિર્વાણને સો વર્ષ થયાં હતાં.[૫૪] આપણે તેનો રાજ્યાભિષેક ઇ. સ. પૂ. ૪૫૫ માં ગણાવ્યો છે અને તેમાંથી ૧૦ વર્ષ ૧૫ દિવસ=૧૧ વર્ષ જો બાદ કરીશું તો ઇ. સ. પૂ. ૪૫૫–૧૧ ઇ. સ. પૂ. ૪૪૪ માં આ મહાપરિષદ્ અથવા જેને બૌદ્ધ કૌંસીલ કહેવામાં આવે છે તેની બેઠક ભરાણી કહી શકાય. આ ગણત્રીથી, તેમજ બુદ્ધદેવના નિર્વાણ બાદ સો વર્ષની ગણત્રી[૫૫]થી, તેમજ સિંહાલીઝ સાહિત્યના આધારે મહારાજા અશોકના રાજ્યાભિષેકની પૂર્વે ૧૧૮ વર્ષની

---

( ૫૩ ) કો. ઇ. પૃ. ૭ જુઓ. દીપવંશ ૪: ૪૪–૫, ૨૫: જુઓઃ—ઓલ્ડનબર્ગનું રચેલું વિનયપીટક ( પ્રસ્તાવના પૃ. ૨૯ ) જુઓ.

સિંહાલીઝ મત પ્રમાણે આનો સમય, અશોકના રાજ્યાભિષેક પૂર્વે ૧૧૮ વર્ષનો બતાવાયો છે, અશોકનો રાજ્યાભિષેક ઈ. સ. પૂ. ૩૨૬ માં થયો છે (જુઓ તેના રાજ્યે) એટલે તે હિસાબે ૩૨૬+૧૧૮=ઈ. સ. પૂ. ૪૪૪ માં આ બેઠક ભરાઈ હતી એમ કહેવાનો અર્થ થાય છે.

( ૫૪ ) બુદ્ધનું નિર્વાણ ઈ. સ. પૂ. ૫૪૩-૪ માં કહેવાય છે અને પરિનિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૦ માં ગણાય છે. અહીં નિર્વાણ ગણાવ્યું છે એટલે ૫૪૪ ની સાલ લેવી રહે છે, અને તેમાંથી ૧૦૦ વર્ષ બાદ કરતાં ઈ. સ. પૂ. ૪૪૪ ની સાલ આવે છે.

( ૫૫ ) ઉપરનું ટી. ૫૪ જુઓ.

ગણત્રીથી[૫૬]; એમ ગમે તે ગણત્રીથી લેતાં, સર્વેની સંખ્યાનો આંક ઉપર પ્રમાણે ઇ. સ. પૂ. ૪૪૪ આવીને ઉભો રહે છે. એટલે સર્વથા નિશ્ચયપૂર્વક કહી શકીશું કે આપણે આ રાજઅમલના બનાવોને જે સમય અર્પ્યો છે તે સર્વે તદ્દન સાચાજ છે. આ કૌંસીલના સબંધમાં એક બીજો મુદ્દો અત્રે વિચારી લેવા યોગ્ય છે. બૌદ્ધ સાહિત્યમાં એમ નોંધાયું છે કે, આ બેઠક મહારાજા મહાપદ્મના પ્રમુખપણા નીચે મળી હતી. પણ આ કથન અર્ધસત્ય જેવું દેખાય છે, કેમકે બૌદ્ધગ્રંથોમાં પાછું એમ પણ લખાયલું છે કે, આ અધિવેશનનું પ્રમુખસ્થાન તો તે સમયના એક પ્રખર વિદ્વાન બૌદ્ધાચાર્યથી શોભાયુક્ત બનવા પામ્યું હતું. એટલે હજુ એમ કહેવું યોગ્ય થઇ પડશે કે, આ અધિવેશન મહાપદ્મના આશ્રય નીચે-તેની કૃપાદૃષ્ટિથી, તેની છત્ર છાયામાં, અથવા તેના રાજ્યની હકુમતમાં મળવા પામ્યું હતું; પણ તેમના પ્રમુખપદે નહીં; કેમકે તેના સ્થાન પરત્વે તો ચોખ્ખો નિર્દેશ થયેલ છે કે, તેનું સ્થાન વૈશાળીનગર હતું અને નહીં કે પાટલીપુત્ર. જો રાજા મહાપદ્મજ તેના પ્રમુખ સ્થાને હોત તો, સભાનું સ્થાન વૈશાળીને બદલે મગધ દેશનું રાજનગર પાટલીપુત્ર વધારે બંધબેસ્તુ લેખાત. વળી રાજા મહાપદ્મ તેમજ તેનો આખો નંદવંશ જૈન મતાનુયાયી હતો એમ નિર્વિવાદિત છે.[૫૭] એટલે તે દૃષ્ટિકોણથી પ્રમુખસ્થાનનો પ્રશ્ન વિચારાય તો પણ તુરત જણાઈ આવે છે કે, મહાપદ્મ તેનો પ્રમુખ હોઈ શકે નહીં, પણ તેની સહાનુભૂતિજ હોઇ શકે. અને તેમ બનવું કાંઈ અયોગ્ય પણ નથી કેમકે, એકતો રાજા તરીકે પણ તેની ફરજ છે કે, પોતાની પ્રજાના સર્વે ધર્મો પ્રત્યે એકજ ભાવથી જોવું જોઈએ. તેમ બીજી રીતે, તેનો જૈન ધર્મ પણ તેને એમજ ફરમાવે છે કે, સર્વ ધર્મ પ્રત્યે સહિષ્ણુતા દાખવવી અને કોઇનું મન દુઃખવવું નહીં. મતલબ કે જૈનધર્મ અહિંસા રૂપજ ગણાતો આવ્યો છે. એટલે નિશંકિત પણે સાબિત થઈ શકે છે, કે બુદ્ધ કૌંસીલનું દ્વિતીય અધિવેશન સમ્રાટ મહાપદ્મની સંપૂર્ણ સહાનુભૂતિથી ભરવામાં આવ્યું હતું અને પ્રમુખસ્થાને તો બૌદ્ધાચાર્યજ બિરાજમાન થયા હતા.

હવે સામાજીક દૃષ્ટિવાળો બનાવ વર્ણવીશું. તેમાં લગ્ન સંસ્થા વિશેની હકીકતનો ઉલ્લેખ થવાનો છે. તેથી લગ્ન સંબંધી તે સમયે પ્રચલિત એવા કેટલાક મુદ્દાનું વિવેચન પ્રથમ કરવાનું આવશ્યક દીસે છે. લગ્ન છે તો સામાજીક ક્રિયા, પણ તેની વિધિઓ ધર્મના અનુષ્ઠાન આધારે થતી હોવાથી, તેમાં ધાર્મિક તત્ત્વો સાથેનો સંબંધ થોડેઘણે અંશે સંયુક્ત થયેલ નજરે પડે છે. તે સમયે મુખ્ય ધર્મો તો ત્રણજ હતા. જૈન, બૌદ્ધ અને વૈદિક. તેમાંય જૈન[૫૮] અને બૌદ્ધ ધર્મને જાતિ કે વર્ણ પરત્વે કાંઇ લાગતુંવળગતુંજ નથી. જેથી તેમાં લગ્નના બાબતમાં, ધાર્મિક અનુકૂળતા કે પ્રતિબંધ જેવું બહુ હોતું નથી. એટલે તે બે ધર્મનો પ્રશ્ન છોડીને બાકી રહેલ વૈદિક મતમાં લગ્ન વિશે શું નિયમો હતા કે હોય, તેજ આપણે જોવું રહે છે.

લગ્નમાં પુરૂષ અને સ્ત્રી એમ બે પક્ષ છે. પુરૂષ તે બીજ રૂપે છે અને સ્ત્રી તે ક્ષેત્રરૂપે છે.

---

(૫૬) ઉપરના ટી. નં. ૫૩ નો અંત ભાગ જુઓ.

(૫૭) નંદવંશી સિક્કાઓ પણ આ વાતની સાક્ષી પૂરે છે (જુઓ સિક્કા પ્રકરણે તેમજ ઉપર પૃ. ૩૨૯ ઉપરનું વિવેચન.)

(૫૮) રાજા મહાપદ્મ જૈન મતાનુયાયી હોવાથી તેને આવાં લગ્ન (શૂદ્ર રાણી પરણવાના કાર્ય માટે) નિંદવામાં આવ્યો હોય તે માની શકાતું નથી. જુઓ આગળ ઉપર 'એક નવી સંભાવના' વાળા પારિગ્રાફની હકીકત.

અને પુરૂષની પ્રધાનતા સર્વદા ગણાતી આવી છે. જેથી કરીને, બીજની ઉત્તમતા જળવાઈ રહે તે નિયમેજ લગ્ન ગોઠવવાનું હમેશાં ઉચિત ધરાય છે. આ ઉત્તમતા સાચવવા માટે, કાંતો બીજ અને ક્ષેત્ર બન્ને સમાન કક્ષાના હોવા જોઇએ; અથવા તો બીજ કરતાં ક્ષેત્ર ચઢતા પ્રકારનું હોવું જોઇએ. તેમાં જો ક્ષેત્ર અને બીજ બન્ને સમાન કક્ષાના હોય તો તેમનો વિકાસ નૈસર્ગિક રીતે થયાં કરે છેઃ પણ ક્ષેત્ર ચઢીઆતું હોય, તો વિકાસ ભલે નૈસર્ગિક રીતે ન થાય, પણ બીજની હાની તો નજ થાય. હજુ કાંઇ પણ ફેરફાર થવાનો સંભવ હોય, તો તે બીજની કેટલેક અંશે વૃદ્ધિ થવાનુંજ માની શકાય. પણ જો બીજ સારૂં હોય અને ક્ષેત્ર ઉતરતું હોય, તો તેમાં બીજનો વિધ્વંસ અથવા કેટલેક અંશે ક્ષતિ થવાનો સંભવ છે. ખેતીવાડીના કામમાં પણ આ નિયમેજ કામ લેવાય છે. અને તે સિદ્ધાંત હિંદુશાસ્ત્રને પણ માન્ય છે. એટલે આ નિયમાનુસાર પોતાનાજ વર્ગની અથવા ( જરૂર પડતાં ) તો ઉંચ વર્ગની કન્યા સાથેજ લગ્ન કરવું જોઇએ તે વાસ્તવિક ઠરાવાય. પણ બીજા સિદ્ધાંત પ્રમાણે તે પ્રકારના લગ્નને હિંદુશાસ્ત્રોએ પ્રતિલોમ[૫૯] ગણીને અનિચ્છનીય અથવા તો કવચિત અપવાદરૂપેજ લેખાવ્યું છે. જ્યારે, પોતાથી ઉતરતા વર્ણની કન્યા સાથે વિવાહ જે બંધાય તેને [૬૦]અનુલોમ લગ્નનું નામ આપી તેને રાજમાર્ગ તરીકે ગણાવ્યો છે. આ પ્રમાણે એક સિદ્ધાંતાનુસાર, જેને રાજમાર્ગ કહ્યો તેને પાછો બીજા સિદ્ધાંતથી અપવાદ માર્ગ ઠરાવી દીધો.

બન્નેમાં બીજને ( seed=પુરૂષને ) પ્રધાનપણે અને ક્ષેત્રને ( soil=સ્ત્રીને ) ગૌણપણે માન્યા છે. પણ અનુલોમ પદ્ધતિમાં, બીજને એક તરફથી પ્રધાનતા આપી અને, તેના ઉપર ઉતરતા પ્રકારના ક્ષેત્રની અસર થવાનીજ નથી એમ માની લઇને, સાથેસાથે ઉત્તમતા પણ આપી દીધી. જ્યારે પ્રતિલોમ પદ્ધતિમાં, બીજને પ્રધાનતા આપીજ છે, પણ ઉત્તમતા ન આપતાં, ઉતરતા પ્રકારના ક્ષેત્રથી સંરક્ષણ મળવું જોઇએ તેવી ઇચ્છા વ્યક્ત કરી છે.

આ બન્ને સિદ્ધાંતો પ્રસંગાનુસાર હિંદુધર્મ સ્વીકારે તો છેજ. પણ એમાંથી કયો રાજમાર્ગ અને કયો અપવાદ માર્ગ કહેવાય. તે તો તે વિષયના જ્ઞાતા હોય તે સમજાવી શકે. મેં તો જે પ્રમાણે મને સમજાયું છે તે પ્રમાણે બન્ને પક્ષ રજુ કર્યા છે.

આપણે રાજા શ્રેણિકના સમયે કહી ગયા છીએ કે, તેણે બધી શ્રેણિઓ પ્રથમવારજ ઉભી કરી હતી. તે પૂર્વે, ધંધાવાર શ્રેણિઓ ન હોવાથી બહુ

---

( ૫૯-૬૦ ) અનુલોમ=પોતાથી ઉતરતા વર્ગની કન્યા સાથેનો વિવાહ. પ્રતિલોમ=પોતાથી ચઢતા વર્ગની કન્યા સાથેનો વિવાહ. અનુલોમઃ અનુ=પાછળનું, પાછળ આવતું. અને લોમ=વાળ,(પ્રકારાંતરે વર્ગ) પોતાથી પાછલા વર્ણનું. ઉતરતા વર્ણનું હોય તેઃ અને તેથી ઉલટું=પ્રતિ એટલે ચડતા વર્ણનું હોય તે પ્રતિલોમ.

દષ્ટાંત : બ્રાહ્મણ હોય અને તે ક્ષત્રિય કે વૈશ્ય કન્યા સાથે જોડાય; અથવા ક્ષત્રિય હોય અને તે વૈશ્ય કન્યા સાથે જોડાય તે અનુલોમ લગ્ન. આ પ્રમાણે બે વર્ગને તો જરૂર પડતાં અનુલોમ લગ્ન કરવાની છૂટ થઇ. જ્યારે વૈશ્યને અનુલોમ તરીકે તો શુદ્રજ વર્ગની કન્યા રહી. અને તેનો દરવાજો તો પ્રથમથીજ બંધ કરી દીધો હતો. એવું ઠરાવીને કે શુદ્ર તે તો સર્વને ત્યાજ્ય છે. એટલે વૈશ્યને થતો અન્યાય દૂર કરવા માટે એમ યોજના કરી કે, ચાર વર્ણને બદલે બેજ વર્ગ પાડયા. પહેલા વર્ગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને રાખ્યા અને બીજામાં એકલા શુદ્રનેજ સમાવેશ કર્યો. અને પછી ઉપરના અનુલોમની પદ્ધતિએ બ્રાહ્મણ અને ક્ષત્રિયને છૂટ તો હતીજ, પણ વૈશ્યને જરૂર પડતાં શુદ્ર કન્યા લેવાને અપવાદ માર્ગ તરીકે છૂટ આપી. )

પ્રાચીન પુરૂષોમાં થઇ ગયેલા પ્રતિલોમ લગ્નના દષ્ટાંતો:—રેણુકા અને જમદગ્નિનો વિવાહ અનુલોમ હતોઃ શુક્રાચાર્ય પુત્રી દેવયાની યયાતી રાજાને પરણી તે પ્રતિલોમ વિવાહ હતો.

વાડા બંધાયા નહોતા. એટલે મનુષ્ય માત્ર અરસપરસમાં કન્યા લઇ દઇ શકતો હતો. પણ શ્રેણિકના વખતથી વર્ણભેદ=એટલે ધંધાની શ્રેણિઓને લીધે પડતો ભેદ-ઉભો કરવામાં આવ્યો હતો, અને તે પણ કેવળ લગ્ન પૂરતોજ: બાકી જેને હાલ આપણે જ્ઞાતિઓ કહીએ છીએ તેવું નહોતુંજ. એટલે ખાણી-પીણીને અંગે તો સર્વ એકાકારજ હતું. આ સર્વ હકીકત આપણે ખુદ રાજા શ્રેણિકના પોતાનાજ ગૃહદૃષ્ટાંતોથી જાણી ચૂકયા છીએ. કેમકે તેણે પોતાની કુંવરીઓ ક્ષત્રિય સિવાયના અનેક વર્ણમાં આપી હતી. એટલે કે ત્યાં સુધી પ્રતિલોમ લગ્ન પણ થતાં હતાં.[૬૧] પણ જમાનો જેમ આગળ વધતો ગયો, અને વૈદિક સંપ્રદાયના મતનું જોર વધવા માંડયું (અરે કહોકે તે મતનું જોર તો બહુ વધ્યું નહોતું દેખાતું, પણ તેમના સહચારથી કેટલાક વિધિ-વિધાનો, જનસમુહના સામાજીક વ્યવહારમાં પેસવા માંડતા હતા, અને અમાત્યો પણ વૈદિક મતના આવ્યે જતા હતા) એટલે શ્રેણિની પ્રથા વિશેષ મજબૂત થતી ચાલી હતી. અને અનુલોમ પ્રતિલોમ લગ્નનાં સારાસારપણા બાબત, વિશેષ ચીવટથી પ્રજા નિહાળવા લાગી હતી. રાજા મહાપદ્મને આ બાબત છીટ હતી, એટલે તેણે દાખલો બેસાડવા તથા વૈદિક માન્યતાઓ જે ખોટી રીતે ઘર કરવા માંડી હતી તેને તોડવા, પોતેજ શૂદ્રકન્યા[૬૨]

---

(૬૧) જોકે શ્રેણિકે પોતે પણ ક્ષત્રિયાણી સિવાયની રાણીઓ કરી છે. તે સમયે લોક વિચાર શું થયો હશે તે માલુમ પડયું નથી. પણ અનુમાન કરૂં છું કે, કાળદેવની અસર ઈ. સ. પૂ. ૫૨૩ પછીજ (જુઓ પ્રથમ ખંડ પ્રથમ પરિચ્છેદ) પ્રબળપણે થવાની જણાયલી છે, એટલે તે પૂર્વે અનુલોમ, પ્રતિલોમ લગ્ન કે બીજની વૃદ્ધિ કે ક્ષતિ, જેવો પ્રશ્નજ વિચારવો રહેતો નહીં હોય. અને રાજા શ્રેણિકના સર્વ લગ્નપ્રસંગો તે સમય પૂર્વેનાં છે.

(૬૨) કે. હી. ઈ. માં પ્રો. જાર્લકાર્પેન્ટીઅર જણાવે છે કે—પુરાણોમાં જણાવેલ છે કે શિશુનાગવંશ અને નાગવંશવચ્ચે રાજકીય દૃષ્ટિએ કાંઈજ તફાવત નથી: પણ પ્રથમના અને પાછલના નંદ રાજાઓ વચ્ચે સામાજીક અને ધાર્મિક બાબતમાં મોટો અંતર પડી ગયો હતો એટલું સ્વીકારે છે; આ તફાવત એ હતો કે, જ્ઞાતિબંધનનો છડેચોક ભંગ કરવામાં આવ્યો હતો, તથા પરિણામે શૂદ્રરાણીને પેટે જન્મેલ એવા મહાપદ્મને ગાદીએ બેસારવામાં આવ્યો હતો.

Prof. J. L. Carpentier says "That the Puranas know no break of political continuity between the Shishunagas and the Nandas, but they recognize a great social and religious gulf has been fixed between the earlier and the later Nandas by the flagrant violation of caste law, which placed Mahapadma ( it ought to be rather Mahananda ) the son of a Sudra woman on the throne "

વળી બુ. ઈ. પૃ. ૬૦ જુઓ. તેમાં લખેલ છે કે:-જો કે આંતરજાતિય લગ્નો વારંવાર થતાં હતાં તે નિસંદેહ છે. તેમ વળી એક બાજુ કુલાભિમાની એવી ક્ષત્રિય જાતિ અને બીજી બાજુ અધમ ગણાતા ચાંડાળ વચ્ચેનું, મોટું કલ્પિત અંતર પણ કદમેકદમ કમી થતું જતું હતુંજ, અને ભિન્ન ભિન્ન પ્રથા વચ્ચેના સિમાબંધનો પણ હમેશાં અદૃશ્ય થતાં જતાં હતાં, છતાં વિજાતિય લગ્નો કરવામાં, હજુ અનેક અંતરાયો ઉભાંજ હતાં. Bud. Ind. P. 60:—Though the fact of frequent intermarriage is undoubted, though the great chasin between the proudest kshatriya on the one hand, and the lowest chandal on the other, was bridged over by a number of imperceptible stages and the boundaries between the stages were constantly being over-

સાથે લગ્ન કર્યું. આથી કરીને વૈદિક મતવાળાઓ, કે જેમાં મુખ્યપણે બ્રાહ્મણોજ હતા, તેમણે મહારાજાનાં આવાં શાસ્ત્રવિરૂદ્ધ[૬૩] ( તેમના ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ: નહીં કે રાજા પોતે જે મત પાળતો તે ધર્મના શાસ્ત્ર વિરૂદ્ધ ) કરેલ કૃત્ય માટે, અનેક અવહેલનાકારક શબ્દો બોલવા માંડ્યા. અને પછી જ્યારે પુસ્તકો લખાઇને પ્રગટ થવાં માંડ્યાં ત્યારે તો ખુલ્લી રીતે, મત્સ્ય, વાયુ આદિ વૈદિક મતના પુરાણોમાં, તેમના કર્ત્તાઓએ આવા શબ્દો વાપરી તેમનો રોષ જાહેર કરી દીધો. તે વખતે[૬૪] બૌદ્ધ ધર્મોપકારક મહાન સમ્રાટ અશોકનું નામ, બૌદ્ધ ગ્રંથોના પાને ક્યારનુંયે ચડી ગયું હતું. વળી તેનાં કાર્યો, ધર્મની ઉજ્વળતારૂપ હતા. જ્યારે આ મહારાજા તેના જેવો શક્તિશાળી હોવા છતાં તેનાં કાર્યો નોખી ભાત પાડનારાં હતાં. એમ દ્વિવિધા પોતાનો મત દર્શાવવા, મહાપદ્મને કાલાશોક ( કાળા એટલે નિંદિત, કલંકરૂપ: કાળાં કામનો કરનાર અશોક રાજા ) અથવા અશોક પહેલો કહ્યો અને બૌદ્ધ ધર્મી અશોકને અશોક બીજો કહ્યો છે. આ પ્રમાણે વર્ણપ્રથાને વળગી રહેવાનાં મક્કમ પગલાંનાં વિરોધદર્શક ચિહ્નો, પ્રથમ વાર નોંધવામાં આવ્યાનું નજરે ચડે છે.

પૃ. ૩૩૩ ઉપર લખેલ વિવરણમાં અશોક શબ્દ સાથે બે પ્રકારનાં વિશેષણ જોડાયાં છે.

**એક બીજી સંભાવના**

એકમાં ગુણવાચક વિશેષણ લગાડી **કાલાશોક** શબ્દ બતાવ્યો છે, જ્યારે બીજામાં સંખ્યાવાચક વિશેષણ જોડી **અશોક પહેલો** શબ્દ બનાવ્યો છે. બન્ને વિશે કાંઇક ગેરસમજૂતી થતી દેખાય છે. તે દૂર કરવા પ્રયત્ન કરીશું.

પ્રથમ સંખ્યાવાચક શબ્દ લઇએ:—આ શબ્દનો પ્રયોગ બૌદ્ધગ્રંથમાં થયેલ હોય એમ જણાય છે. અને તેમની દૃષ્ટિએ એક રીતે તેઓ

---

stepped, still there were also real obstacles to unequal unions.

હજુ સુધી ઈતિહાસમાં એટલુંજ જણાવાયું છે કે, શૂદ્ર કન્યા સાથે લગ્ન કર્યું; પણ તેની સંખ્યા એક, બે, કે કેટલી હતી તે લખેલ નથી. મને એમ જણાય છે કે, બે શૂદ્ર રાણીઓ તેને હતી. આને લગતી ચર્ચા જુદા પારિગ્રાફે છે. ત્યાં જુઓ.

એમ સમજાય છે કે, વર્ણોમાં અરસપરસ લગ્ન થવામાં બાદ નહોતો ગણાતો. આ સમયે તો શું, પણ તે પછી પણ ચંદ્રગુપ્ત, બિંદુસાર, અને અશોક સુદ્ધાંતે પણ, વર્ણાંતર (ક્ષત્રિય સિવાયના વર્ણમાં) લગ્ન કર્યાં છે. છતાં કોઇ ઠેકાણે પ્રજાનો રોષ આટલો બધો ઉગ્ર સ્વરૂપે ફાટી નીકળ્યાનું જણાયું નથી. કદાચ એમ પણ કારણ હોય કે, વર્ણાંતરમાં પણ માત્ર શૂદ્ર સાથેનાજ વહેવારને નિંદિત ગણાયો હોય; અથવા નંદના સમયથી આ છીટ શરૂ થઈ હોય. અને પછી ધીમે ધીમે ચંદ્રગુપ્ત, બિંદુસાર અને અશોકના સમય સુધીમાં ઘણે અંશે ભૂંસાઈ પણ ગઈ હોય ( વળી જુઓ ઉપરમાં "કાળાશોક" ના પારિગ્રાફે ટીકા નં. ૫૦ નું લખાણ)

( ૬૩ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૩ પૃ. ૨૫૭ પંડિત જયસવાલજી એમ કહે છે કે—"મહાપદ્મના રાજ્યે તેને (પૌરાણિક લગ્ન પ્રથાને ) સૌથી ખરાબમાં ખરાબ સમય જોવો પડ્યો હતો." Pandit Jayaswalji says "It (Puran) saw the worst days under Mahapadma (J. O. B. R. S. vol. III. p. 257)

( ૬૪ ) ઈ. સ. ના ચોથા સૈકામાં પુરાણો પ્રથમ લખાયાં હોય એમ માન્યતા બંધાઈ છે; જ્યારે આ બનાવ ઇ. સ. પૂર્વની પાંચમી સદીનો છે; જેથી મહાપદ્મ અને પુરાણોનું પ્રગટ થવું, તે બેની વચ્ચેનો અંતર એક હજાર વર્ષનો ગણી શકાય. અને તેથીજ અશોકની સરખામણી કરી શક્યા છે; નહીંતો અશોકની પૂર્વે થઈ ગયેલ વ્યક્તિની સરખામણી, અશોક વેરે કેવી રીતે થઈ શકે. સરખાવો ઉપરની ટી. નં. ૫૨.

વ્યાજબી પણ છે એમ કહી શકાશે. કેમકે, મૌર્ય સમ્રાટ અશોક એક જગતમશહુર વ્યક્તિ છે, તથા બૌદ્ધ ધર્મના પરમ અનુરાગી તરીકે પ્રખ્યાત છે. તેમ વળી તેના આશ્રય નીચે, બૌદ્ધ ધર્મની ત્રીજી ધર્મસભા પણ મળી હતી. એટલે તેનું નામ બૌદ્ધ સંપ્રદાયમાં ઉત્કૃષ્ટપણે અમર થઇ ગયું છે. જ્યારે નંદ બીજાના સમયે તેવીજ રીતે, બૌદ્ધધર્મની બીજી સભા મળી હતી. એટલે કદાચ તેની ગણના કરીને, બન્નેને તેઓ અશોક તરીકે ઓળખાવે, અને સમયની અપેક્ષાએ નંદ બીજો તે પ્રથમ થયેલ હોવાથી તેને અશોક પહેલો અને મૌર્ય અશોકને, અશોક બીજો કહે તે વ્યાજબી ગણાય. પણ જ્યાં સુધી ઇતિહાસમાં જણાયું છે ત્યાં સુધી અશોકમૌર્યનું નામજ પ્રથમમાં પ્રથમ અશોક તરીકે બહાર પડેલ સમજાય છે. એટલે ખરી રીતે જોતાં, નંદવંશી રાજા કે જે પહેલો થયો છે તેને, પાછળથી થનારા રાજાના નામ સાથે સરખાવી ન શકાય; હા, તેના ગુણની સાથે કે જીવનના બીજા બનાવ સાથે સરખાવી શકાય ખરૂં. એટલે પછી એકજ અનુમાન કરવું પડે છે કે મૌર્ય અશોક થઈ ગયા પછીજ, બૌદ્ધ ગ્રંથોના લેખકોએ, "અશોક પહેલો અને અશોક બીજો" એવા શબ્દપ્રયોગ કરવા માંડયા હશે. અને નંદ વંશીને પ્રથમ અશોક અને મૌર્યવંશીને બીજો અશોક કહ્યો હશે. બાકી નંદનું નામ જે અશોક પડયું છે તે, તેના સમયે કોઇની જાણમાં પણ નહીં હોય. તેને કલ્પિતજ ગણી લેવું રહે છે.

હવે ગુણની દૃષ્ટિએ વિચારીએઃ—આ બાબતમાં પણ સમયની અપેક્ષાએ ઉપર લખ્યા પ્રમાણે નંદવંશી રાજાને અર્પાયેલ, અશોકનું ઉપનામ, કલ્પિતજ ગણવું રહે છે. પણ જ્યારે ઇતિહાસકારોએ ( ગમે તે સમયના હોય ) તેનું નામ આપ્યુંજ છે તો પછી, તે કઇ વ્યક્તિ હોવી જોઇએ, અને તે શા માટે તેવું નામ અપાયું છે તે વિચારવું જરૂરી થઇ પડે છે. આવું ગુણવાચક નામ, પુરાણકારોએ તેમજ ઇંગ્રેજી સંશોધકોએ પણ વાપર્યું છે એટલે, સંખ્યાવાચક નામ કરતાં કાંઇક વિશેષ પ્રચલિત કહેવાય અને તેથી પણ તેનો ખુલાસો કરવો આવશ્યક છે.

અત્યાર સુધીના લગભગ સર્વ વિદ્વાનોની માન્યતા એમ છે કે, નંદ બીજાએ, શૂદ્ર જાતિની કન્યા સાથે લગ્ન કરેલ હોવાથી, તે સમયના બ્રાહ્મણોએ એમ ધારી લીધેલ કે, આ પ્રકારનું પ્રતિલોમ લગ્ન, જ્ઞાતિ નામની સંસ્થાનું ઉચ્છેદ કરનારૂં નીવડશે. તેટલા માટે તેના પ્રતિરોધ તરીકે, તેમણે તેમ કરનાર પ્રત્યે પોતાનો રોષ પ્રગટ કરી 'કાલાશોક' નામ આપ્યું છે. પણ આ દલીલ સમીચીન લાગી શકતી નથી. કેમકે (૧) હમેશાં એવું ધોરણ છે કે, જો કોઇને કાંઇ ઉપનામ આપવું હોય તો, પહેલાં તો તે પુરોગામીમાં તેવોજ ગુણ હોવો જોઇએ. હવે અહીં અશોકની સરખામણી (સમયની અપેક્ષા તો નિરાળીજ વસ્તુ છે. અને તે વિશેનો વિચાર તો આપણે ઉપર જણાવી દીધો છે ) કરી છે, તો શું અશોકે તેવા પ્રકારનું આચરણ કર્યું હતું ? અથવા તેણે શું, નંદરાજા કરતાં કોઈ ઉંચા પ્રકારનું પગલું લગ્ન બાબતમાં ભર્યું હતું કે, જેથી નંદને 'કાળો' શબ્દ લગાડી શકાય અને મૌર્ય સમ્રાટને તેનાથી ઉલટ પ્રકારનો માની શકાય ? આ બન્નેનો જવાબ વિરૂદ્ધમાં[૬૫] જાય તેમ છે. કારણ કે અશોકવર્ધને કોઇ શૂદ્રજાતિની

---

( ૬૫ ) તે સમયે તો શું, પણ તે પૂર્વે કે તત્ પશ્ચાત,સ્વજાતિમાંજ માત્ર લગ્ન કરવાં એવું ધોરણ નહોતું. પ્રથમ તો જેને તેઓએ "જાતિ" શબ્દથી ઓળખાવા માંડી છે તે જાતિજ નહોતી. તે તો માત્ર "શ્રેણી" જ હતી અને બહુબહુ તો આગળ વધીને જાઓ તો "વર્ણ" ની ગણત્રીમાં આવે તેવી સ્થિતિ હતી (જુઓ પૃ. ૨૭૫

કન્યા સાથે લગ્ન કર્યાનું જણાયું નથી. હજુ વૈશ્ય કન્યા સાથે પરણ્યાનું નીકળે છે. એટલે શૂદ્રાણી તો નજ કહી શકાય; ઉપરાંત એક લગ્ન તેણે યવન કન્યા સાથે કરેલું છે, ( યવન રાજા સેલ્યુકસ નીકેટોરની પુત્રી વેરે ) પણ તેને જો પુરાણો શૂદ્ર ગણવા માંગતા હોય તો, તેમની દૃષ્ટિએ તો ઉલટું શૂદ્ર કરતાંયે નીચેનો દરજ્જો યવનનો મૂકાય, કેમકે, તેઓ યવનોને અનાર્ય પ્રજા લેખે છે, જ્યારે શૂદ્રની તો આર્ય પ્રજા તરીકે ગણના કરાઇ છે. એટલે કે, શૂદ્ર અને યવનની દ્રષ્ટિએ જો "કાલાશોક" નું નામ દેવાયું હોય તો, મૌર્યસમ્રાટને હજુ "કાળાશોક" નું ઉપનામ દઇ શકાશે, નહીં કે નંદરાજાને. આ નંદની બાબતમાં જેમ બૌદ્ધગ્રંથોએ અને વૈદિક મતવાળા (પુરાણગ્રંથોમાં) એ પોતાનો મત દર્શાવ્યો છે, તેમ તે સમયનો ત્રીજો ધર્મ જેને જૈન તરીકે ઓળખીએ છીએ, તેના કોઇ ગ્રંથમાં તેને વિશે, એક શબ્દવટીક લખાયો જણાતો નથી. એટલે બે અનુમાન કરી શકાય છે; કાંતો જૈન ગ્રંથકારોએ, પોતાનો ધર્મ પાળતા એવા રાજાનો પક્ષપાત કરીને તે બાબત મૌન સેવી લીધું હોય, અથવા તો આવી જાતનાં લગ્નમાં તેમને કોઈ પ્રકારનું અનુચિતપણું દેખાયું નહીં હોય. બીજું કારણ વાસ્તવિક દેખાય છે. કેમકે જો પ્રથમનું કારણ હોત તો, રાજા શ્રેણિકે તે પ્રકારનાં કરેલાં કાર્યને, તે જૈન ધર્મનો પરમ ઉપકારી હોવા છતાં, જેમ તેમણે નોંધપોથીનાં પાને ચડાવ્યાં છે, તેમ નંદનું તેવા પ્રકારનું કોઈ ઉપનામ લખ્યા વિના રહેત નહીં. આ પ્રમાણે વસ્તુસ્થિતિને સર્વ તરફથી તોળી જોતાં એમ સાર નીકળે છે કે, કાળાશોકના ઉપનામ સાથે લગ્નના પ્રકરણને સંબંધ નથી દેખાતો.

હવે ગુણવાચક તરીકે તે શબ્દની તપાસ લઈએ. પૂરાણકારોએ વળી એમ જણાવ્યું છે કે, તેણે ક્ષત્રયોની[૬૬] કત્લ કરી નાંખી હતી. અને તેના સમયથી યુધિષ્ઠિર સંવત બંધ પડી કલિ સંવત્સરની સ્થાપ્ના થઇ છે. ( અથવા તો કોઇ પ્રકારે તેના આ કૃત્ય સાથે તેને સંબંધ છેજ.) હવે જો ઇતિહાસ તપાસીએ છીએ, તો આવી કત્લ તો આ બીજા નંદે કરી નથી પણ નવમા નંદે કરી છે. એટલે તે હિસાબે, આ કાલાશોકનું બિરૂદ, નવમા નંદને અર્પણ થવું જોઇએ. વળી કત્લને લીધે, બિરૂદ અપાય તો હજુ વાસ્તવિક પણ દેખાય. કેમકે, અતિ પ્રાચીન સમયે, મહાતપસ્વી એવા જમદગ્નિ ઋષિના પુત્ર પરશુરામે, એકદા પિતા પાસેથી વચન મેળવી, પોતાના કુહાડાવડે ત્રણ વખત આખી

---

તથા તેને લગતી ટીકા નં. ૪૬, ૪૮ ) છતાં માનો કે, તેમણે જે અર્થમાં આ જાતિ શબ્દનો ઉપયોગ કર્યો છે તે પ્રકારનું ધોરણ તે સમયે હતું, તો જણાવવાનું કે, તેમના પૂર્વે રાજા શ્રેણિકે ક્ષત્રિય સિવાયની અન્ય જાતિમાંથી કન્યા લીધી પણ છે તેમ દીધી પણ છે. રાજા ખારવેલ અને ચંદ્રગુપ્તનાં નામ પણ દઇ શકાય તેમ છે. તેમ જે શૂદ્રાણીને લઈને આ નંદ બીજાને તેઓ ઉણપ આપવા નીકળ્યા છે, તેનીજ બીજી શૂદ્રજાતિની રાણીના પેટે જન્મેલ પુત્રોને, ક્ષત્રિયાણીઓ દેવામાં આવી છે, એટલુંજ નહીં પણ તેમને પેટે જન્મેલી કન્યાઓ, ક્ષત્રિયોએ પોતાનામાં લીધી છે. તો પછી ઉંચ નીચનું ધોરણ ક્યાં રહ્યું ? પૂર્વની અને સમસમયીની વાત આ પ્રમાણે થઈ. હવે પશ્ચાત્સમયની વાત કરીએ—રાજા પ્રિયદર્શિને ( અશોકની પાછળ આવનારે ) અંધ્રવંશની કન્યા લીધી છે (આ અંધ્રવંશને પુરાણકારોએ હલકું કુળ પણ ગણાવ્યું છે ) બીજા પણ અનેક દૃષ્ટાંતો દેવાય તેમ છે. ટૂંકમાં કહેવાનું કે, આ પ્રમાણે લગ્નની બાબતમાં રજુ કરાયલી દલીલ પ્રમાણિક દીસતી નથી. વળી જુઓ ઉપરની ટીકા નં. ૬૦.

( ૬૬ ) જુઓ સર કનિંગહામ કૃત ધી બુક ઑન એન્શન્ટ ઈરાઝ અને પાર્જીટર રચીત, ધી ડાઇનેસ્ટીક લીસ્ટસ ઇન કલીએજીઝ નામનાં પુસ્તકો.

પૃથ્વીને નક્ષત્રિય બનાવી કાળો કેર વર્તાવ્યો હતો. આ પરશુરામ જન્મથી બ્રાહ્મણ હોવાને લીધે, પુરાણકારનાં પાને તેનું નામ પણ નોંધાયું છે. એટલે, અહીં પણ તેવાંજ કાળાં કૃત્ય કરનારનું નામ, પુરાણની નોંધમાં ચડાવાયું હોય એમ સંભવિત લાગે છે. ( જૈન ગ્રંથો નવમા નંદ માટે કેમ મૂંગા રહી ગયા છે, તે પ્રશ્ન ખડો થાય છેજ. મારાં વાંચવામાં કાંઈ આવ્યું નથી. બીજાઓએ વાંચ્યું હોય તો કૃપા કરી જણાવવું. ત્યાંસુધી જૈન લેખકે નવમા નંદની બાબતમાં પક્ષપાત કર્યો હોવાનું માનવુંજ રહે છે. )

હવે જો કૃત્યને લીધે, બિરૂદ દેવાયાનું ઠરતું હોય તો, મૌર્ય અશોકે પણ તેવી નિંદ્ય ( અલબત ક્ષત્રિય કે અન્ય વર્ણનો ભેદ રાખ્યા સિવાયની માનવહિંસા—વળી વિશેષ છોગું ચડે તેવી હિંસા કરી છે. કેમકે તેણે તો સ્ત્રીવર્ગને પણ ભોગ બનાવી હતી ) કત્લ કરી છે અને તે કૃતિની અપેક્ષાએ તો બન્નેને " કાળાશોક " જ કહેવા પડશે. કોઇને ધર્માશોક ન કહી શકાય.

ઉપરના બન્ને કારણોની તુલના કરતાં, લગ્નનું કારણ નિર્મૂળ દેખાય છે. જ્યારે કૃતિનું કારણ ઊચિત સમજાય છે. તો પછી તુલનાત્મક વિશેષણો—ધર્માશોક અને કાળાશોક—કેમ અને કોના માટે વપરાયા ગણી શકાય ?

નંદ બીજાના ચારિત્રમાં કત્લ જેવું નિંદ્ય કે ઘૃણીત કોઈ કાર્ય નોંધાયું નથી. જ્યારે નવમા નંદ વિશે તેમ કહી શકાય છે. એટલે આ બે નંદમાંથી એકબીજાની અપેક્ષાએ, નંદ બીજાને ધર્માશોક કહેવાય ( બૌદ્ધ સભાના અંગે ઉપર જે દલીલ આ બાબતમાં કરી છે તે સંખ્યાની દૃષ્ટિએ કરી છે. છતાં હવે ગુણની દૃષ્ટિથી પણ તે ઉપનામને લાયક ઠરે છે ) જ્યારે નવમા નંદને કાળાશોક કહેવાય. એટલે સમજવું રહે છે કે કદાચ પુરાણકારની દૃષ્ટિ આ પ્રકારે બંધાઇ હોય.

નંદવંશી રાજામાં આ પ્રકારે જેમ બે નંદને, આવાં ગુણવાચક બિરૂદો અર્પી શકાય છે, તેમ મૌર્યવંશી બે રાજાઓને પણ તેવાંજ બિરૂદો અર્પી શકાય છે. ત્યાં બિંદુસારપુત્ર અશોકવર્ધનને " કાળાશોક " કહી શકાય તેમ છે, જ્યારે તેની પાછળ ગાદીએ આવનાર અને તેના પૌત્ર સમ્રાટ પ્રિયદર્શિનને ધર્માશોક કહી શકાય તેમ છે. રાજતરંગિણિમાં જે ધર્માશોકને કાશ્મિરપતિ તરીકે જણાવ્યો છે તે આ પ્રિયદર્શિન છે, નહીં કે તેનો પિતામહ અશોકવર્ધન. આ પ્રકરણ વિસ્તારપૂર્વક આપણે આગળ ઉપર લખવું રહે છે. તે માટે બીજા પુસ્તકના અંતે તે બાબતનું સ્વતંત્ર પરિશિષ્ટ જુઓ.

આ પ્રમાણે બે ધર્માશોક[૯૭] અને બે કાળાશોકનાં[૯૮] યુગ્મો થયાં કહેવાય. એક નંદવંશમાં અને બીજું મૌર્યવંશમાં. નંદવંશમાં પણ એકની પછીજ બીજો ગાદીએ બેઠો કહેવાય ( વચ્ચે નામધારી રાજા થયા છે પણ ઐતિહાસિક દૃષ્ટિએ તે ગણત્રીમાં લેવાયા નથી ) તેમ મૌર્યવંશમાં પણ તેજ પ્રમાણે બન્યું કહેવાય. તે બન્ને દૃષ્ટાંતોમાં ફેર એટલોજ છે કે, નંદવંશમાં પ્રથમ જે થયો છે તે ધર્માશોક છે ને પાછળનો કાળાશોક છે, જ્યારે

---

( ૯૭ ) બે ધર્માશોકઃ—પહેલાંનો રાજ્યકાળ ૨૮ વર્ષ ચાલ્યો છે. બીજાનો ૫૪ વર્ષ લંબાયો છે. અને રાજ્યાભિષેક પૂર્વેનાં ૧૪ વર્ષ ગણીએ તો ૬૮ વર્ષ ગણી શકાય તેમ છે.

( ૯૮ ) બે કાળાશોકઃ—પહેલાંનો રાજ્યકાળ ૪૩ વર્ષ ચાલ્યો છે. બીજાનો ૪૧ વર્ષ કહી શકાય. ( બાકી ખરી રીતે તો ૨૭ વર્ષજ છે અને ૧૪ વર્ષ રીજંટ તરીકેનાં છે ) આ ચારેનો રાજ્યકાળ આ પ્રમાણે જણાવ્યો છે. એટલે જે જે ઠેકાણે અશોક નામધારી રાજાનું વર્ણન જાણવામાં આવે ત્યાં, તેનો સમય કેટલા વર્ષનો જણાવ્યો છે તે તપાસવું; અને તે ઉપરથી સહજ જાણી શકાશે, કે તે ક્યા રાજાને અનુલક્ષીને કહેવામાં આવે છે.

મૌર્યવંશમાં તેથી ઉલટુંજ થયું છે. ઉપરાંત બીજો ફેર એ છે કે, નંદવંશમાં તે બન્ને અશોક, જૈન ધર્મના અનુયાયી છે, જ્યારે મૌર્યવંશના બે અશોકમાંથી પ્રથમનો બૌદ્ધધર્મી છે અને બીજો જૈનધર્મી છે. ( આ વિષય ઇતિહાસમાં તદ્દન નવીનજ પ્રકરણ ઉઘાડે છે. તેનો સવિસ્તર હેવાલ રાજા પ્રિયદર્શિનના જીવનવૃત્તાંતે જુઓ )

**એક ઐતિહાસિક બનાવનું નવીન સ્વરૂપ.**

અત્ર જે વર્ણન કરવા ધારૂં છું તેમાંનું કેટલુંક કન્વવંશને લગતું છે. કાંઈક આંધ્રવંશને અન્વયે છે, તેમ કતિપય આ નંદવંશને પરત્વે પણ છે. અને વાસ્તવિક રીતે જે જેને લગતું હોય તે તેને સ્થાને આળેખાય, તે યોગ્ય કહેવાય. પણ તે સઘળું એકજ સ્થળે લખવા માટે મને સબળ કારણ એ મળ્યું છે કે, આ ઘટનાનો સ્ફોટ હજુસુધી ક્યાંય કરાયો હોય એમ મારી જાણમાં નથી. એટલે એક હકીકતનો સંબંધ, બીજીની સાથે મળી રહે, તે સમજવા માટે વાચક વર્ગને ભિન્ન ભિન્ન સ્થળે જોવાનું જો સૂચવવામાં આવે, તો વાચકવર્ગને પણ અથડામણ જેવું થાય છે. તેમજ એક સ્થાને લખેલ હકીકતનો સંબંધ, બીજી જગ્યાએ દર્શાવેલ વસ્તુ સાથે મેળવવાને, કેટલીક હકીકતનું અવતરણ કરવું પડે છે. જેથી પિષ્ટપેષણ પણ થઇ જાય છે. છતાં એકજ સ્થાને લખેલ હકીકત બરાબર યથાસ્થિત સમજવામાં જે આનંદ પડે છે, તેટલો જુદાં જુદાં સ્થાને લખેલ હકીકત સમજતાં અને પચાવતાં થતો નથી. આ કારણથી આખી ઘટના અત્ર એક સ્થાને જ મેં વર્ણવી છે.

ઉપરના પારિગ્રાફમાં આપણે જણાવી ગયા છીએ, કે રાજા મહાપદ્મે શૂદ્ર જાતિની કન્યા સાથે લગ્ન કર્યું હતું. ઇતિહાસકારો આ પ્રમાણે એકજ શૂદ્ર રાણી કર્યાનું જણાવે છે. જ્યારે ઉપરની ટીકા નં. ૬૦ માં જણાવ્યા પ્રમાણે બે શૂદ્રાણીઓ હોવાની મારી માન્યતા થાય છે. આ હકીકત કેવી રીતે બનવા યોગ્ય છે તે હવે વર્ણવું છું.

દક્ષિણ ભરતખંડના એક વખત ચક્રવર્તી સમાન થઈ પડેલ શતવાહન વંશનું નામ તો ઇતિહાસમાં સુવિખ્યાત થઇ પડેલ છે. તેના આદિ પુરૂષનું નામ શ્રીમુખ ગણવામાં આવે છે. આ રાજા શ્રીમુખે, તેમજ શરૂઆતના સર્વે આંધ્રપતિઓએ પાડેલ સિક્કાનાં ચિત્રો ઉપરથી આપણે સાબિત કરી શકીએ છીએ[૬૯] કે તેઓ જૈન ધર્મ પાળનારા હતા. તથા નંદવંશ સાથે પણ સંબંધ ધરાવતા હતા. વળી દક્ષિણ કેનેરાના ચુટુકડાનંદ અને મૂળાનંદના સિક્કા પણ આંધ્રપતિને મળતા આવે છે. અને તેના વિશે વિવેચન કરતાં ( જુઓ તૃતીય ખંડે, દ્વિતીય પરિચ્છેદે તેમના સિક્કાઓ ) જણાવીશું કે તેઓ પણ નંદવંશની સાથે કાંઇક સૈનિક સંબંધ ધરાવતા અમલદારો હોવા સંભવે છે.[૭૦] એટલે આ બધી ઘટના આપણને રાજા મુંદના સમયે જે અંધાધૂંધી અને બળવાખોર જેવી વૃત્તિ, મગધ દેશમાં વ્યાપી રહી હતી, ત્યાં વેર નજર લંબાવવાને દોરી જાય છે. કારણ કે નહીં તો, શ્રીમુખ તથા ચુટુકડાનંદ વિગેરે રાજાઓ, નંદવંશ કે શિશુનાગવંશને મળતા આવે તેવા પોતાના સિક્કા જેવી અજોડ પુરાવારૂપી વસ્તુ પ્રજાને અને ઇતિહાસને ભેટ ધરત નહીં. એટલે સમજાય છે કે શ્રીમુખ અને ચુટુકડાનંદ વિગેરે, નંદવંશમાંથી છુટા પડેલ અંશો હોવા સંભાવત છે. તેમ શતવહન વંશની સ્થાપનાનો સમય પણ નંદવંશના તે સમયને બંધ

( ૬૯ ) જુઓ સિક્કા પ્રકરણે તેમના સિક્કા ચિત્રો તથા તેને લગતું વિવેચન.

( ૭૦ ) જુઓ છઠ્ઠા પરિચ્છેદે ઉદયન, અનુરૂદ્ધ તથા નંદીવર્ધનની હકીકતે.

બેસતો હોઈ, આપણા તે અનુમાનને દઢતર બનાવે છે.

બીજી બાજુ, ઇતિહાસ ભેરી અવાજે એમ જાહેર કરી રહ્યો છે કે, નંદ બીજો મરણ પામતાં તેની ગાદી માટે હક્કદાર કોણ ? તે પ્રશ્ન ઉભો થવા પામ્યો હતો. અને છેવટે એમ ઠરાવાયું હતું કે ક્ષત્રિયાણી પેટે જન્મેલ પુત્રોનો હક વિશેષ ગણી તેમને ગાદી મળવી જોઇએ.[૭૧] આથી કરીને નંદ ત્રીજાથી માંડીને આઠમા નંદ સુધીના છ ક્ષત્રિયાણી જાયા, નંદ બીજાના પુત્રો મગધપતિ બન્યા હતા. અને તેઓ મરણ પામતાં, નંદ બીજાનો શૂદ્રાણી પેટે જન્મેલ પુત્ર નવમા નંદ તરીકે મગધનો સમ્રાટ બન્યો હતો. આ નવમા નંદની માને કોઇક હજામ જાતિની માને છે. જયારે કોઈક ધોબણ કે તેવી અન્ય શૂદ્ર જાતિની પણ માને છે.

ત્રીજી બાજુ, રાજા શ્રીમુખ અને તેના વંશની ઉત્પતિ પણ હલકા વર્ણની માતાના પેટે જન્મેલ પુત્રોથી થયાનું ઇતિહાસકારોએ જણાવ્યું છે.[૭૨] તેમ શ્રીમુખનો સમય[૭૩] પણ નંદ રાજાના સમયનો છે, તેમ તેના સિક્કા ઉપરથી તે નંદવંશમાંથી ઉતરી આવેલો જણાય છે. તેમ નંદ બીજાએ શૂદ્રજાતિની કન્યા કે કન્યાઓ સાથે લગ્ન કર્યાનું પણ જણાયું છે. એટલે આ બધાનો સંબંધ જોડવા માટે એમ માની લેવાનું કારણ મળે છે, કે શ્રીમુખ પણ રાજા મહાનંદની કોઇ શૂદ્રાણી જાતિની રાણી પેટેજ જન્મેલો કુંવર હોવો જોઇએ. હવે સવાલ એ ઉદ્‌ભવે છે કે શ્રીમુખ અને મહાનંદ તે બન્ને એકજ શૂદ્રાણીને પેટે જન્મ્યા હશે કે જુદી જુદી રાણીના પેટે. જો બન્ને જુદી રાણીના પેટે જન્મ્યા હોય તો, રાજા મહાનંદને શૂદ્ર જાતિની એક કરતાં વધારે રાણી હતી, એમ નિર્વિવાદિત રીતે સાબિત થઈ જાય છે. અને એ તો જાણીતું છે કે, મહાનંદની માતા તથા શ્રીમુખની માતા બન્ને જુદીજ કોમની છે.[૭૪] એટલે બન્ને રાણી જુદીજ ઠરે છે.

---

(૭૧) હમેશાં જ્યેષ્ઠ પુત્રનેજ ગાદી અપાય તે રિવાજ. છતાં કોનો હક વધારે તે પ્રશ્ન ઉભો થયો છે, તે હકીકતજ એવા અનુમાન ઉપર આપણને લેઇ જાય છે, કે ક્ષત્રિયાણી જાયા પુત્રો કરતાં બીજો કોઈ મોટો પુત્ર કે પુત્રો હશે. પણ તે ક્ષત્રિયાણીને પેટે જન્મેલ નહીં હોય. વળી જુઓ આગળ પૃ. ૩૪૫ નું લખાણ.

સરખાવો નંદ બીજાના વર્ણને પૃ. ૩૩૪ માં 'તેનું કુટુંબ' વાળો પારિગ્રાફ.

કદાચ એમ માનીએ કે શૂદ્રાણી જાયો-પુત્ર તો તેજ હતો કે જે પાછળથી નવમા નંદ તરીકે આવ્યો છે. પણ તે હકીકત માન્ય રહે તેમ નથી. કારણ કે નવમો નંદ ગાદીએ બેઠો ત્યારે ૨૧-૨૩ વર્ષની ઉમરનો હતો. એટલે નંદ બીજાના મરણ સમયે તેની ઉમર ૨૩-૧૨=૧૧ વર્ષનીજ ઠરે. અને જો તે સૌથી મોટો હોય તો બીજા છ નંદો તો તેનાથી પણ નાના ઠરે. વળી તે સર્વે સહોદરો હોવાથી, દરેકની વચ્ચે બબ્બે વર્ષનો અંતર ગણતાં અગિયાર વર્ષના સમયમાં, તે છ જણનાં જન્મ ઘટાવવાનું કાર્ય મુશ્કેલ થઈ પડે છે. અને એ તો નક્કીજ છે કે નંદ બીજાના મરણ પછી તેના કોઇ પુત્રનો જન્મ કલ્પીજ ન શકાય. આ હકીકતને લીધે ઉપર પ્રમાણે કોઈ બીજોજ શૂદ્રાણી જાયો કુંવર હતો એમ નક્કી ઠરે છે.

(૭૨) જુઓ આંધ્રપતિની ઉત્પતિ માટે ચતુર્થ વિભાગે. જ્યાં વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી છે.

(૭૩) જુઓ પૃ. ૧૫૬ થી ૧૬૧ સુધીની હકીકત: તથા પૃ. ૧૫૮ માં ટી. નં. ૨૬ નું નિવેદન.

(૭૪) જુઓ શ્રીમુખના વર્ણને-તેની માતા હજામ કે ધોબી જાતની નથી: જ્યારે મહાનંદની માતા હજામ જાતની હતી- (જુઓ પૃ. ૩૪૧ ની હકીકત.)

બન્ને શૂદ્ર રાણીઓ જુદા જુદા વર્ણની છે. કદાચ એકજ વર્ણની હોય તો પણ માતા તો જુદીજ છે: શ્રીમુખની માતા સાથેનું લગ્ન મહાપદ્મ ગાદીએ બેસતાં ટૂંક વખતમાંજ કર્યું લાગે છે. જ્યારે મહાનંદની માતાની સાથેનું લગ્ન તો, બૌદ્ધ કાઉન્સીલ મળી ગયા બાદ. તેના રાજ્ય સમયના તેર ચૌદ વરસ થઈ ગયા બાદ, કર્યું હોય એમ અનુમાન થાય છે.

આ ઉપરથી એટલું સિદ્ધ થયું કે, રાજા મહાનંદને એક કરતાં વધારે શૂદ્ર જ્ઞાતિની રાણીઓ હતી. તેમાં એકને પેટે શ્રીમુખનો જન્મ હતો અને બીજીને પેટે મહાનંદનો જન્મ હતો.

હવે તે બન્નેની ઉમર વિશે વિચાર કરીશું. રાજા મહાનંદ જ્યારે મગધપતિ બન્યો ત્યારે તેની ઉમર લગભગ ૨૧ કે ૨૩ વર્ષનીજ હોવાનું સાબિત થાય છે. કેમકે, જ્યારે તેના શીર ઉપર રાજની હાથણીએ[૭૫] રાજ્યાભિષેક માટેનો જળપૂર્ણ કળશ ઢોળ્યો છે, તે સમયે તે વરરાજા તરીકે વરઘોડે નગરમાં ફરવા નીકળ્યો હતો. અને તે લગ્ન કોઇક જ્યોતિષ્કારે તેનું ભવિષ્ય ભાખવાથી ગોઠવવામાં આવ્યું હતું એમ જણાયું છે. તે સમયે તેની ઉમર ૨૧ થી ૨૩ વર્ષની કહી છે: એટલે મ. સં. ૧૧૨ માં=ઇ. સ. પૂ. ૪૧૫ માં જ્યારે તે ગાદીએ આવ્યો, ત્યારે તેની ઉમર ૨૩ વર્ષની હોવાની ગણત્રી કરીએ, તો તેનો જન્મ મ. સં. ૮૯=ઇ. પૂ. ૪૩૮ માં થયો ગણાશે. અને તે હિસાબે, રાજા મહાનંદના મરણ સમયે ( ઇ. સ. પૂ. ૪૨૭ માં=મ. સં. ૧૦૦ માં ) તે કેવળ ૧૧ વર્ષની ઉમરનોજ હોય. જ્યારે રાજા શ્રીમુખે મ. સં. ૧૦૦ માં તો આંધ્રવંશની સ્થાપ્ના કરી છે. અને કન્વવંશી સુશર્મનને માર્યો પણ છે. એટલે તેની ઉમર તો તે સમયે કમમાં કમ ૨૫ વર્ષની હોવી જોઇએ. અને તેમ ગણીએ તો તેનો જન્મ મ. સં. ૭૫ ( ૧૦૦–૨૫ )=ઇ. સ. પૂ. ૪૨૭+૨૫=ઇ. સ. પૂ. ૪૫૨ માં માનવો પડશે. અને તેમ બનવા યોગ્ય પણ છે, કેમકે રાજા મહાપદ્મ પોતે, પોતાના પિતાના મરણ બાદ એટલે મ. સં. ૭૨ ( ઇ. સ. પૂ. ૪૫૫ ) માંજ મગધ સમ્રાટ બન્યો છે. તેમજ સ્વતંત્ર બન્યા પછી ત્રણેક વર્ષે કે એકાદ–બે વર્ષે, શૂદ્ર જાતની રાણી વેરે લગ્ન કરે તો તેને પાલવી શકે તેમ પણ હતું. એટલે હવે આખી વાતનો સાર એ થયો, કે રાજા મહાપદ્મના મરણ સમયે શ્રીમુખની ઉમર ૧૦૦–૭૫=(આશરે) ૨૫ વર્ષની હતી. અને મહાનંદની ઉમર માત્ર ૧૧ વર્ષની હતી. અગિઆર વર્ષની ઉમર તે સગીર ગણાય એટલે તેને તો, ગાદીયોગ્ય ગણાયજ નહીં. પછી ફાવે તો શૂદ્ર રાણી પેટે જન્મ હોય, કે ક્ષત્રિયાણીના પેટે જન્મ હોય. બાકી ૨૫ વર્ષની ઉમર તો શ્રીમુખને માટે પુખ્ત વયજ લેખાય તેમ હતું. પછી સવાલ એ રહ્યો કે, શ્રીમુખ પુખ્ત વયનો હોવા છતાં. તેને ગાદી કેમ ન મળી ? બે જ કારણ હોઇ શકે છે. એક તો પોતે શૂદ્રરાણીને પેટે જન્મ્યો હોય તેથી નાલાયક ઠરાવાયો હોય: અથવા બીજા ક્ષત્રીયજાયા કુંવરમાંનો કોઇ તેનાથી પણ મોટી ઉમરનો હોય. આ બે કારણમાંથી પ્રથમનુંજ કારણ અત્ર સંભવિત છે, કેમકે (જુઓ પૃ. ૩૪૨ ની હકીકત તથા તેનું ટીપણ નં. ૬૯.) ઉમરની લીધે તો તેનો હક્ક સર્વોપરીજ હતો. પણ શૂદ્રરાણીના પેટે જન્મ થયો હોવાથીજ, કોને ગાદી સોંપવી તે પ્રશ્ન રાજકર્મચારીઓ વચ્ચે ચર્ચાયો હતો. અને અંતે ક્ષત્રિયાણી જાયા કુંવરને ગાદી સુપ્રત થઈ હતી. આ બનાવથી કુંવર શ્રીમુખ પોતાનું અપમાન થયું સમજી, રૂસણા લઇને પોતાના એક સહોદર બંધવ સાથે[૭૬] પોતાના બાપની હકુમતની–મગધભૂમિનો ત્યાગ કરી દેશાટને નીકળી પડ્યો હતો. આ પ્રમાણે શ્રીમુખ કોણ અને ક્યાંથી આવ્યો તેની ચર્ચાનો જવાબ મળી ગયો કહેવાશે.

હવે સાબિત થઇ ચૂક્યું કહેવાય કે

(૭૫) આ હકીકત માટે જુઓ નવમા નંદના વૃત્તાંતે.

(૭૬) જુઓ ઉપરમાં, તેના કુટુંબ સંબંધી હકીકત. આ તેના બીજા ભાઇનું નામ કૃષ્ણ હતું તે આપણે આંધ્રવંશના ઇતિહાસથી જાણીશું.

કુમાર શ્રીમુખ પોતે રાજબીજ તો હતોજ, એટલે તેનાથી બીજું તો શું થાય ? ક્યાંક જઇને રાજ્યના મોટા અધિકારી તરીકે જીંદગી ગાળી શકે અથવા તો કોઇક સ્થાન જમાવી ત્યાંનો અધિપતિ બની બેસે. તેના પિતા મહાપદ્મ: રાજા નંદબીજાના મરણ બાદ મગધની ભૂમિ ઉપર તો તેનો (ઓરમાન) ભાઇ રાજા નંદ ત્રીજા તરીકે જાહેર થઇ ગયો હતો, એટલે મગધની સત્તાની બહાર જવુંજ રહ્યું. મગધની બહારના લગોલગ પડોશી રાજ્યોમાં, એક હતો કલિંગ દેશ, બીજો ઓરીસાવાળો ભાગ; અને ત્રીજો મધ્ય પ્રાંતવાળો ભાગ. તેમાંના પહેલા બન્ને પ્રદેશો તે સમયે તુરતના ગાદીએ આવેલ ચેદિપતિ ખારવેલના અધિકારમાં હતા. અને તેની સાથે એકલવાયે કોઇની મદદ સિવાય બાથ ભીડવી પાલવે તેમ નહોતું. એટલે કલિંગ રસ્તે ન જતાં, બુંદેલખંડ અને રેવા રાજ્યવાળા ભાગમાંથી કે મધ્યપ્રાંતમાંના રસ્તે ઉતરી, ત્યાં પોતાનું નશીબ અજમાવવું તેને યોગ્ય લાગ્યું. અને તે પ્રદેશ પ્રથમ જીતી લઈ, ત્યાં રાજગાદી સ્થાપ્યા પછી દક્ષિણ પૂર્વમાં આવેલ કલિંગની હદ ઉપર આક્રમણ લઇ જવાની વેતરણમાં પડ્યો (આ અધિકાર શ્રીમુખના અને કલિંગપતિ રાજા ખારવેલની સાથે સંબંધ ધરાવે છે. ત્યાં લખવામાં આવશે.) આ પ્રમાણે નંદ બીજાના જ્યેષ્ઠ પુત્રનો હક્ક ડુબાડાયાથી તેણે દેશવટું લીધું હતું. અને તેથી ક્ષત્રિયાણી જાયો મગધપતિ બનવા પામ્યો હતો.

આ પ્રમાણે મારી માન્યતા મેં રજુ કરી છે. અલબત્ત પ્રકાશિત હકીકત આશ્ચર્યમાં ગરકાવ કરે તેવી તો છે જ. પણ સંશોધનનું કાર્યજ સર્વદા એવી સ્થિતિ ભોગવે છે. ગવેશકો આ બાબત ઉપર પોતપોતાના વિચારો જાહેર કરશે.



# પંચમ પરિચ્છેદ.

## (આ) નંદવંશ: નાનો નાગવંશ ચાલુ

**સંક્ષિપ્ત સાર:—**

નંદ ત્રીજાથી નંદ આઠમા સુધીના છ રાજાઓ—તેમનાં નામોનો અકસ્માતિક લાગેલ પત્તો અને તેને લગતું વિવેચન—મહાવીર સંવત નામના નવીન સંવત્સરની કરાયલી શોધ—તેમનાં રાજ્યોની અન્ય હકીકત—મગધપતિ બૃહસ્પતિમિત્રનાં સગાંઓની ઓળખ.

નંદ નવમો : મહાનંદ—તેનાં બીજાં પાંચ છ ગુણવાચક નામો વિશેની સમજૂતિ—તેના રાજ્ય વિસ્તારની ટૂંકી સમીક્ષા—પેલી જગપ્રસિદ્ધ ગિપુટી લાવવાના મનોરથ અને ફળ સિદ્ધિ—શકટાળ મહામંત્રીનું અમાત્યપણું અને પં. ચાણાક્યનું શિષ્યપણું—કાત્યાયન અને શાકતાયન વચ્ચેનો તફાવત—ઘમંડી અને ઇર્ષ્યાખોર વરરૂચિએ કરેલાં કેટલાંક ન છાજતાં કાર્યો—તેનું ભોગવવું પડેલું પરિણામ અને તેનો થયેલ ફેજ—ચંદ્રગુપ્તની ઉત્પત્તિનો અને રાજા મહાનંદની કારકિર્દીના અંતનો ઇતિહાસ—તેનું રાજ્ય કુટુંબ, રાજ્યકાળ અને આયુષ્ય.

## ( ૩ થી ૮ ) નંદ ત્રીજાથી નંદ આઠમા સુધીના છ રાજાઓ

નંદ બીજા પછી તેની ક્ષત્રિયાણી.રાણી પેટે જન્મેલા[1] છ પુત્રો એક પછી એક નંદ ત્રીજો, નંદ ચોથો, નંદ પાંચમો, નંદ છઠ્ઠો, નંદ સાતમો અને નંદ આઠમો : એમ અનુક્રમે નામ ધારણ કરી મગધની ગાદીએ આવવા પામ્યા છે. આટલું સત્ય તો ઇતિહાસકારોએ અદ્યાપિ પર્યંત જાહેર કરેલું છે. પણ જેમ આખા નંદવંશ વિશે કેટલીક માહિતી અપ્રકાશિત પડી રહી છે, તેમ આ છએ રાજવીનાં નામો પણ અંધારામાંજ રહ્યાં છે. અકસ્માતથી તે બાબત ઉપર પ્રકાશ મળી ગયો હતો, જે આ નીચે જણાવું છું. અલબત્ત તેમનાં નામ વિશે તો હવે બહુ શક રહ્યો નથી. પણ તેમનો જે અનુક્રમ ગોઠવી નાંખ્યો છે, તે હજુ ખામીવાળો ગણી શકાય ખરો. કેમકે તે ગોઠવવામાં કોઇ આધાર મળી શક્યો નથી.

**તેમનાં નામો શી રીતે મળી આવ્યાં**

નામ કેમ મળી આવ્યાં તે બનાવ રજુ કરૂં છું. સર કનિંગહામે પોતાના પુસ્તકમાં[2] કેટલાક સિક્કાનું વર્ણન કર્યું છે. તે મળી આવ્યાં છે તો સંયુક્ત પ્રાંતોના કોઇ વિભાગેથી, પણ તેના ઉપર વત્સનું ચિત્ર હોવાથી તે સિક્કાઓને કૌશંબીપતિના ઠરાવ્યા છે, કારણકે કોશંબીપતિનું રાજ્યચિન્હ વત્સ છે. અને જેનાં નામો તેઓના ઉપર આલેખેલાં છે, તે નામ વાળી વ્યક્તિઓને કૌશંબીપતિના ખંડિયા રાજા હોવાનું, અને જે સ્થાનોમાંથી તે જડી આવ્યા છે તે સ્થાનો ઉપર હકુમત ભોગવતા નાના જાગીરદારો તેઓ હોવાનું, જાહેર કર્યું છે. તેમ આમાંના કેટલાક રાજાઓનાં નામને છેડે મિત્ર શબ્દ આવેલ છે. વળી જાણીતા શુંગવંશી રાજાઓ, જેવા કે પુષ્યમિત્ર, અગ્નિમિત્ર વિગેરે વત્સપતિઓ હતા. એટલે, આ સિક્કાઓમાં જણાવેલા મિત્ર નામધારી નૃપતિઓ પણ ઉપરના, શુંગવંશી રાજાઓના સંબંધી હશે, તેમજ તે સમયની આસપાસ કદાચ થઇ ગયા હશે એવું અનુમાન તેમણે દોર્યું છે. પણ સિક્કા ઉપરનાં ચિત્રો બારીકાઇથી નિહાળતાં જણાય છે, કે તેમાં ચૈત્ય અને સંઘ જેવાં ચિન્હો જે સ્પષ્ટપણે કોતરેલાં છે, તે જૈન ધર્મનાં હોવા સંભવ છે. અને જો તે ચિન્હો જૈન ધર્મનાં ઠરે તો, શુંગવંશ–મિત્રવંશ તો વૈદિક સંપ્રદાયને માનનારો હતો. એટલે તે સિક્કાઓ તેને લગતા તો કેમ સંભવી શકે ! હરગીજ નહીં. ત્યારે પ્રશ્ન એ થયો કે, એવા કયા વત્સપતિઓ હતા કે જે, જૈન ધર્માનુયાયી પણ હતા, તેમ આ સિક્કાવાળા પ્રદેશ ઉપર આધિપત્ય પણ ભોગવતા હતા. વત્સદેશનો ઇતિહાસ આગળ લખી ગયા છીએ અને તેથી જાણ્યું છે કે, તે ઉપર જૈન રાજાઓમાં તો, શતાનિક, ઉદયન વિગેરેની સત્તા પ્રથમ હતી અને પછી, મગધપતિ નંદવંશની સત્તા જામી હતી. શતાનિક વિગેરેનાં કોઇ બીજાં વ્યક્તિગત રાજ્ય ચિન્હો હોવાનું જાણમાં નથી. એટલે તે કોનાં હોવા સંભવ છે તે તારવી કાઢવાની મુશ્કેલી પાછી આવી પડી. પણ વળી બારીકીથી તે સિક્કાઓ જોતાં, તેમાં નીચે સર્પ જેવી વાંકી ચૂંકી લીટીઓ આળેખેલી નજરે પડી. અને આવી લીટીઓને, સિક્કાશાસ્ત્રીઓએ, સર્પનું નામ આપી

---

( ૧ ) આ રાણી માટે કાંઈક પ્રકાશ પાડતી હકીકત હાથ લાગી છે. તે માટે જુઓ નંદ આઠમાની હકીકતે.

( ૨ ) જુઓ કો. એ. ઈ. નામે પુસ્તકમાં કૌશંબીનું પ્રકરણ; તથા તૃતીયખંડે, દ્વિતીય પરિચ્છેદે તેમના અવતરણ કરેલાં સિક્કાચિત્રો અને તેને લગતું વિવેચન.

મગધપતિ શિશુનાગવંશી રાજાઓનાં રાજ્યચિન્હ તરીકે હોવાનું જણાવ્યું છે. એટલે તુરત ખાત્રી થઈ કે, આ સિક્કાઓ શતાનિક કે ઉદાયન સિવાય જે નંદવંશી રાજાઓની હકુમતમાં કૌશંબીદેશ આવી પડ્યો હતો તેમનાજ છે. કેમકે નંદવંશ પણ શિશુનાગની નાની શાખાજ છે. એટલે શિશુનાગ વંશનું ચિન્હ જે સર્પ છે, તે નંદવંશનું પણ ચિન્હજ ગણાય. કદાચ શિશુનાગવંશ મોટો હોઈ ને, તેના ચિન્હમાં મોટો સર્પ હોય અને નંદવંશ તે નાનો વંશ હોઇને તેનું ચિન્હ નાનો સર્પ હોય તે વાત જુદી છે. પણ બન્નેનાં રાજ્ય ચિન્હમાં સર્પ હોય તેટલું ચોક્કસ થાય છે. અને કેટલાક સિક્કામાં બે મોટા સર્પ હોવાનું પણ જણાવાયું છેજ. એટલે તેવા મોટા સર્પ વાળા સિક્કા[૩] તે શિશુનાગવંશના અને નાના સર્પવાળા તે નંદવંશનાજ છે એમ પાકી ખાત્રી થઈ ગઇ. એટલે હવે ઘણો માર્ગ સુગમ થઇ પડ્યો. કેમકે હવે તો એટલુંજ નક્કી કરવું રહ્યું કે, કયા નંદવંશી રાજાઓ કૌશંબીપતિ થયા હતા અને તેમાંથી કયા રાજાના તે સિક્કાઓ હોઇ શકે! વત્સદેશના ઇતિહાસથી સાબિત થયું છે કે, તે દેશ તથા અવંતિ દેશ એમ બન્ને દેશોને, નંદ પહેલા ઉર્ફે રાજા નંદિવર્ધને મગધ સામ્રાજ્યમાં મ. સં. ૬૦–૪૬૭ ઈ. સ. પૂ. માં ભેળવી દીધા હતા. ત્યારથી તે મગધપતિની આણમાં ચાલુ રહ્યા છે. એટલે કે આખો નંદવંશ વત્સનો અધિપતિ હતો. આથી કરીને તે સિક્કામાં જે નામો કોતરાયલાં છે તે નંદવંશીના જે નવ રાજા થયા છે તેમાંના કોઈકનાં નામો હોવાં જોઇએ. હવે આ નવમાંથી, પહેલાનું નામ નંદિવર્ધન, બીજાનું મહાપદ્મ, અને નવમા અથવા છેલ્લાનું નામ મહાનંદ—એમ આપણે જાણીએ છીએજ; અને તેમાંનાં કોઈ નામ સિક્કાવાળા નામોમાં નથી. એટલે પછી નિશ્ચય થયો કે, તે નંદ ત્રીજાથી માંડીને આઠમા નંદ સુધીનાંજ નામો હોવાં જોઇએ. અને તેવાં નામોમાં એક બૃહસ્પતિમિત્રનું પણ છે. વળી આ બધા નંદ રાજાઓ વત્સાધિપતિ હોવા ઉપરાંત મગધપતિ તો છેજ. એટલે તુરત હાથીગુંફાનો પેલો પ્રખ્યાત શિલાલેખ, કે જેમાં કલિંગપતિ ચક્રવર્તી ખારવેલે મગધદેશ ઉપર બે વખત ચડાઇ લઇ ગયાનું જણાવ્યું છે તે સાંભરી આવે છે. તેમાં પણ બીજી વેળાયે એટલે પોતાના રાજ્યાભિષેક બાદ તેરમા વરસે તો રાજા ખારવેલે તે દેશના રાજાને એટલે મગધ પતિ બૃહસ્પતિમિત્રને, નમાવીને તેને હીણપત લાગે તેવું પગલું પણ ભરાવ્યું છે. એટલે તુરત બધી ઘડ બેસી જાય છે કે, સિક્કાવાળો બૃહસ્પતિમિત્ર તે ખારવેલવાળોજ બૃહસ્પતિમિત્ર હોવો જોઇએ. કેમકે, હાથીગુંફાના લેખમાં પણ નંદના નામનો ઉલ્લેખ આંક સંખ્યા સાથે જોડાયો છે. તેમ આ બૃહસ્પતિમિત્ર પણ નંદવંશીજ હતો. એટલે આટલું સાબિત થયા પછી તો બધાં ઐતિહાસિક બનાવોનું જ્ઞાન જે હોય, તેને એકઠું કરીને કસી જોવાનીજ માત્ર જરૂર રહે છે. તેમાં, પેલો ૧૦૩ નો આંક બહુ મદદગાર નીવડ્યો. કારણકે, તે આંક, ચક્રવર્તી ખારવેલના રાજ્યાભિષેક બાદ પાંચમા વર્ષનો છે. એટલે ૧૦૩–૫=બાદ કરતાં, તેના રાજ્યાભિષેકની સાલ ૯૮ ની કહી શકાય. તેજ શિલાલેખમાં, તેણે શતવહનવંશના સ્થાપક રાજા શ્રીમુખને, પોતાના રાજ્યાભિષેક બાદ બીજે વર્ષે હરાવ્યાનું જણાવેલ છે. અને શતવહન વંશની સ્થાપના આપણે સિદ્ધ

(૩) આ બધું વર્ણન સર કનિંગહામ કૃત કોઈન્સ ઓફ એન્શન્ટ ઈન્ડીઆ નામક પુસ્તકમાં લખાયેલું છે; તેમ આ પુસ્તકના તૃતીય ખંડે, બીજા પરિચ્છેદે સિક્કા પ્રકરણમાં પણ લખ્યું છે તે જોવું.

કરી ગયા પ્રમાણે, ૧૦૦ મા વર્ષે થઈ છે. એટલે તે હિસાબે પણ ખારવેલનો રાજ્યાભિષેક ૧૦૦–૨=૯૮ માં આવી રહ્યો. આમ બધી ગણત્રીનો હિસાબ ગણતાં, એકને એકજ જવાબ આવી ઉભો રહ્યો. એટલે કે જ્યારે એક હકીકત ગણિત શાસ્ત્રાધારે પુરવાર થાય, ત્યારે તેનો આધાર સબળ અને અછેદ્ય પુરાવા રૂપે ગણાય છે. વળી તેને પાછા તેવાજ શિલાલેખી અને સિક્કાઇ પુરાવા જેવા અખંડ અને અચૂક પુરવાઓનો, ટેકો મળી રહેતો હોય તો પછી, ત્રુટીજ ક્યાં રહે છે કે, અન્ય સાબિતી વળી શોધવા જવું પડે? જ્યારે આટલા દરજ્જે વાત સાબિત થઇ ગઇ, ત્યારે માત્ર હવે બેજ મુદ્દા શોધવા રહ્યા. એક મુદ્દો એ કે આ ૧૦૩ નો આંક તથા તે ઉપરથી અન્ય હકીકત માટે ઠરાવેલા આંક (૯૮+૨=૧૦૦ તથા (૯૮+૧૩=૧૧૧ ના આંક) તે કોને લગતા છે. અને બીજો મુદ્દો એકે, આ બૃહસ્પતિમિત્ર તે ક્યો નંદરાજા છે। અહીં નંદ વંશનો રાજ્યકાળ વિચારવો રહે છે. આ વંશના છેલ્લા એટલે નવમા નંદ રાજાએ ૧૧૨ થી ૧૫૫ સુધીના ૪૩ વર્ષ રાજ્ય અમલ કર્યો છે. એટલે સ્વભાવિક છે કે, ૧૧૧ ની સાલમાં–એટલે કે ૧૧૨ માં નવમો નંદ ગાદીએ બેઠો તેના આગલા જ વર્ષે–જ્યારે રાજા ખારવેલે મગધ ઉપર ચડાઇ કરી ત્યારે ઉપરનો બૃહસ્પતિમિત્ર નંદ જ રાજ્ય કરતો હોવો જોઇએ. અને છેલ્લો રાજા નવમો નંદ કહેવાય તો તેની પૂર્વનો નંદ તે, આઠમો નંદજ કહી શકાય. આમ બૃહસ્પતિમિત્રના સંબંધમાં બે મુદ્દા સિદ્ધ થઈ ચૂક્યા. એકતો તે આઠમો નંદ ઠર્યો, અને બીજું એ કે તેનું રાજ્ય ૧૧૨ માં પૂરૂં થઈ ગયું હતું. અને તે બાદ નવમો નંદ મગધપતિ થયો હતો. એટલે હવે તો તે બધા આંક ક્યા સંવતને લગતા છે તેટલોજ મુદ્દો શોધી કાઢવો રહ્યો. અને તે પણ તેટલું જ સૂતર છે. કેમકે, અત્યાર સુધી આ પુસ્તકમાં આગળ કેટલાંક પાનાંઓમાં ઇ. સ. પૂ. નો આંક તેમજ મ. સં.–મહાવીર સંવત દર્શક સંક્ષિપ્ત શબ્દોનો આંક–બન્ને સાથો સાથ મૂકાયા છે, એટલે તેની સરખામણી કરતાં ખાત્રી થાય છે. વળી નંદવંશી રાજાઓની સાલ સંબંધે જે મ. સં. ના આંક લખાયલ છે, તેજ આંક સંખ્યા હાથી ગુફાનાં લેખમાંની આંક સંખ્યા સાથે આબાદ રીતે મળતા આવે છે. એટલે નિર્વિવાદિત રીતે સાબિત થયું ગણાશે કે, તે આંક સંખ્યા સર્વે મહાવીર સંવતમાં દર્શાવેલ આંકજ છે. વળી કોઈ એમ પણ પ્રશ્ન કરેકે, જે નંદવંશી રાજાના કાળે નહેર ખોદાવ્યાનું જણાવાયું છે તે નંદવંશી રાજાઓનો નંદ સંવતનો તે આંક, કેમ ન હોય? અથવા તો હાથીગુંફાના લેખ કોતરાવનાર રાજા ખારવેલના ચેદિવંશને લગતો ચેદિ સંવત કાં ન હોય? આ બન્ને શંકાનું નિવારણ પણ આપણે જરૂર કરવું જ રહે છે.

પ્રથમ નંદ સંવતની હકીકત લઇએ. નંદવંશની સ્થાપ્નાજ મૂળે તો, નંદ પહેલો ગાદીએ બેઠો ત્યારથીજ એટલે કે મ. સં. ૫૫ થી ગણી શકાય. એટલે ૧૧૧ ની સાલમાં (ઇ. સ. પૂ. ૪૧૬) જ્યારે રાજા ખારવેલ મગધ ઉપર ચડી આવ્યો ત્યારે નંદ સંવત ૧૧૧–૫૫=૫૬ ચાલતો ગણી શકાય. પણ શિલાલેખમાં તો ૧૦૩ નો આંક લખ્યો છે. એટલે સાબિત થઈ ગયું કે તે આંકને નંદ સંવત સાથે લાગતું વળગતું નથી.

હવે ચેદિ સંવતની બાબત વિચારીએ, આ વંશની સ્થાપના ક્યારે થઇ હતી તે વિષય પૃ. ૧૬૮ ઉપર વિચારાયો છે. અને તે વંશની સ્થાપ્ના જ્યારથી થઇ કહેવાય ત્યારથીજ તેના સંવતની પણ સ્થાપ્ના થઈ હોય એમ કહેવું પડશે. તેવી ત્રણ સાલો જણાવી છે; એક ઇ. સ. પૂ. ૫૫૮, બીજી

ઇ. સ. પૂ. ૫૫૬ અને ત્રીજી ઇ. સ. પૂ. ૪૭૫. હવે જો આ ત્રણે સાલોને ઇ. સ. પૂ. ૪૧૬ સાથે ઘટાવીએ, તો તે ત્રણેનો આંક અનુક્રમવાર ૧૪૨, ૧૪૦ અને ૫૯ આવશે. દેખાય છે કે તે ત્રણમાંથી કોઇ આંક, હાથીગુંફાના શિલાલેખમાં જણાવેલ આંક સાથે મળતો આવતો નથી. એટલે સાબિત થયું કે, તે આંક ચેદિસંવતનો પણ નથી. ( વળી વિશેષ ચર્ચા ચેદિવંશના પરિચ્છેદે કરીશું )

ઉપરના સર્વ વૃત્તાંતથી વાચકવર્ગની ખાત્રી થઇ હશે કે, હાથીગુંફાના લેખમાં જણાવેલ, રાજા ખારવેલના રાજ્યાભિષેક બાદના વર્ષોની આંક સંખ્યા સાથે, તેમાં દર્શાવેલ ૧૦૩ ની આંક સંખ્યાને જો પરસ્પર ઘટાવીશું, તો તે આંક નથી નંદ સંવતનો, કે નથી ચેદિ સંવતનો, પણ તે આંક, રાજા ખારવેલ તથા રાજાનંદ જે ધર્મના હતા, તે ધર્મના મહાન પ્રવર્તક શ્રી મહાવીરનો સંવત હતો. અને તે સમયના રાજાઓ, પોતાના વંશનો કોઇ સંવત ચલાવવાનું દુરસ્ત નહોતા ધારતા, એમ જે એક સૂત્ર-સિદ્ધાંત આપણે પ્રતિપાદન કર્યો છે ( જુઓ બીજા ભાગમાં સિક્કાને લગતા પરિચ્છેદે ) તેને સમર્થન રૂપ થઇ પડે છે.

આ પ્રમાણે આ આખા પારિગ્રાફના વિવેચન ઉપરથી, નીચેની ઐતિહાસિક ઘટનાઓ સત્ય સ્વરૂપે હવે સાબિત થઈ ગયેલી ગણવી રહે છે. (૧) સંયુક્ત પ્રાંતમાંથી મળી આવેલ સિક્કાઓ, જે મગધપતિઓ કૌશંબીપતિઓ પણ હતા તે સર્વનાજ છે. (૨) આ મગધપતિઓ તો બીજા કોઇ નહીં, પણ નંદવંશી નભીરાઓજ છે ( ૩ ) હાથીગુંફાવાળા શિલાલેખમાં સમ્રાટ ખારવેલે જે આંક સંખ્યા વાપરી છે તે મહાવીર સંવતની છે[૪] ( ૪ ) રાજા શ્રીમુખ, સમ્રાટ ખારવેલ અને મગધપતિ બૃહસ્પતિ તે ત્રણે સમકાલીનપણે થયા છે. ( ૬ ) રાજા શ્રીમુખ મ. સં. ૧૦૦ માં અને ખારવેલ મ. સ. ૯૮ માં ગાદીએ આવ્યા છે. તેમજ બૃહસ્પતિમિત્ર મ. સં. ૧૧૧ માં રાજા પદે હતો. ( ૭ ) શતવહન વંશનો મ. સં. ૧૦૦ માં પ્રારંભ થયો છે અને ( ૮ ) બૃહસ્પતિમિત્ર તે આઠમો નંદ છે.

એટલે સિક્કામાંના બૃહસ્પતિમિત્રને આઠમો નંદ ઠરાવ્યા બાદ, બાકીનાં જે નામો રહ્યાં તેમને તો ત્રીજા નંદથી માંડીને સાતમા નંદ સુધીનાં પાંચ રાજાઓને ગમે ત્યાં ગોઠવી આપો, તો પણ ઐતિહાસિક દૃષ્ટિએ કાંઇ મહત્ત્વપૂર્ણ અન્યાય થઇ જવાનો ભય રહેતો નથી. કેમકે તે પાંચેનો રાજ્ય અમલ રાજકીય નજરે તો શુન્યવતજ હતો. તેમજ આ પારિગ્રાફની શરૂઆત કરતાં આપણે જણાવ્યું છે કે, અનુક્રમવાર ગોઠવવામાં હજુ ભૂલ થઇ હોય તો તે સંભવત છે. બાકી નામના નિર્દેશમાં તો ભૂલ થવાનો સંભવ રહ્યો નથી.

આ છએ રાજાઓનો રાજ્યકાળ સમગ્ર રીતે જ વર્ણવવો રહે છે. કેમકે કોઇ જાણવા જોગ બનાવ તેમના રાજ્યે બન્યો

**તેમનાં રાજ્યોની અન્ય હકીકત**

નથી. સિવાય કે, આખા સામ્રાજ્યમાં અંધેર અને અંધાધૂનીજ સર્વત્ર માલમ

( ૪ ) ઉપરમાં પૃ. ૩૩૦-૩૩૨ માં લખેલી ચર્ચા સરખાવો. તથા સમ્રાટ ખારવેલના જીવનચરિત્રે, હાથીગુંફાના લેખની ચર્ચા પણ જુઓ.

અત્યારસુધી કોઈના ખ્યાલમાં પણ નથી કે મહાવીર સંવત જેવો કોઇ સંવત અસ્તિત્વ ધરાવતો હતો કે નહીં. અને હોય તોપણ તે, હાથીગુંફા સમાન અર્ધ રાજકીય જેવા શિલાલેખમાં ખુદ રાજકર્તા તરફથીજ તે વાપરવામાં આવ્યો હોય એમ તો ક્યાંથીજ ખ્યાલમાં આવે ?

આ હકીકત તો ખાસ કરીને જૈન ધર્મને મગરૂર થવાનાં કારણરૂપ છે. છતાં ભીતિ રહે છે કે જૈન પ્રજાને પણ ભાગ્યેજ આ બાબતની જાણ હશે.

પડતાં હતાં. મહાઅમાત્ય કલ્પક જે નંદિવર્ધનના સમયથી હોદ્દો ભોગવતો આવ્યો હતો, તેના વંશજો એક પછી એક તે પદ ઉપર આવી ગયા હતા. આ પ્રમાણે તે પદ ઉપર પણ છઠ્ઠો પુરૂષ નિયુક્ત થઇ ચૂકયો હતો. આ છએ રાજાઓનો એકંદર રાજ્યકાળ બાર વર્ષ ચાલ્યાનું જણાવાયું છે.[૫] તેમાં પ્રત્યેકે કેટલા વર્ષ રાજ્ય ભોગવ્યું તે જણાવ્યું નથી, અને જણાવાયું હોય તો તે અતિ ઉપયોગી પણ નથી. એટલે હાલ તો તે છએ જણા વચ્ચે દરેકનાં બે બે વર્ષ ગણાવી કાઢયાં છે. કદાચ ફેરફાર હશે તો તે બાબત ભલે અન્ય શોધકો જણાવે. છેવટે મ. સં. ૧૧૦ થી ૧૧૨=ઇ. પૂ. ૪૧૭ થી ૪૧૫ સુધી આઠમો નંદ: બૃહસ્પતિમિત્ર ગાદીપતિ બન્યો. તેના રાજ્યના બીજાજ વર્ષે એટલે મ. સં. ૧૧૧ માં=ઇ. સ. પૂ. ૪૧૬ માં કલિંગપતિ ખારવેલ મગધદેશ ઉપર ચડી આવ્યો હતો. અને બૃહસ્પતિમિત્રને હરાવી જે જૈન મૂર્તિ કેટલાંક વર્ષ પૂર્વે કલિંગમાંથી ઉપાડી જવામાં આવી હતી તે મૂર્તિ પાછી, પોતાના દેશમાં લેતા આવ્યો હતો.[૬] અને ભવ્ય મંદિર બંધાવરાવી પોતાની રાજધાનીમાં તેની પુનઃપ્રતિષ્ઠા કરી દીધી હતી.

બીજે વરસે રાજા બૃહસ્પતિમિત્રનું મરણ નીપજ્યું. એટલે આ સર્વે રાજાઓનો રાજ્યઅમલ ઇ. સ. પૂ. ૪૧૫ માં ખતમ થયો કહેવાય. આમાંનો દરેકે દરેક નંદ રાજા, પોતપોતાના કુદરતી મોતે મરણ પામ્યો હતો, કે એક બીજાએ અંદરોઅંદર કત્લ કરી નાંખી હતી, કે કોઇ બળવાખોરના હાથે કાવત્રાંનો ભોગ થઇ પડયો હતો, તે હકીકત સ્પષ્ટપણે જણાઇ નથી. પણ વિશેષ સંભવ છે કે કુદરતી મોતે તેઓ કોઇ મૃત્યુ પામ્યા નથી.

આ પ્રમાણે રાજા મહાનંદના આઠ પુત્રોનો[૭] ઇતિહાસ મગધદેશની સાથેના સંબંધ પરત્વે કરી ગયા. હવે નવમાં પુત્ર વિશે લખીશું.

હાથીગુંફાના લેખમાં, બૃહસ્પતિમિત્રને ખારવેલે નમાવ્યા બાદ જે એમ હકીકત જણાવાઇ છે, કે ખારવેલની જીત થઇ સાંભળી, પરદેશી રાજા મથુરાથી પાછો વળી ગયો અને જેનો અર્થ વિદ્વાનોએ એમ કર્યો છે કે, તે પરદેશી રાજા યવન ડીમેટ્રીઅસ હતો. પણ તે હકીકત તેમ નથી તથા તેને મદુરા સાથે સંબંધ પણ નથી. આ સર્વ બાબત રાજા ખારવેલના જીવનચરિત્ર લખતાં જણાવી છે. તેમ મગધદેશની સાથે કે રાજા બૃહસ્પતિમિત્રની સાથે તે સંબંધ ધરાવતી ન હોવાથી અત્ર જણાવવા જરૂર પણ જોઇ નથી.

**બૃહસ્પતિમિત્ર વિષે વળી કંઇક**

બૃહસ્પતિમિત્રને આઠમો નંદ સાબિત કર્યા પછી તેને લગતી જે થોડી ઘણી માહિતી મળી શકી છે તે અત્રે જણાવી લઇએ. ઉપરમાં સિક્કાઓની વાત કરી છે. અને તે ઉપરથી આ નંદવંશના રાજાઓનાં નામનો પત્તો મેળવવા શકિતવંત થયા છીએ. વળી તે જીલ્લાઓમાંથી કેટલીક ઇંટો મળી આવી છે. તેમાંથી આ પ્રમાણે હકીકત તારવી શકાય છે. સને ૧૯૧૧ માં મૌરા અને ગણેશ નામનાં સ્થળેથી જે ઇંટો મળી આવી છે તેમાં કોતરેલ શબ્દોથી[૮] સમજાય છે કે, આ મગધપતિ

---

(૫) કે. હી, ઇ ના પૃ. ૩૧૨ ઉપર જે પુરાણોમાંનું કોષ્ટક ઉતારેલું છે તે જુઓ.

(૬) જુઓ હાથીગુંફાનો શિલાલેખ.

(૭) શ્રીસુખે અને શ્રીકૃષ્ણે મગધનો ત્યાગ કર્યો હતો તે જણાવી ગયા છીએ. અને બીજા છનો ફેજ આ પારિગ્રાફમાં જણાવ્યા પ્રમાણે થયો. એમ મળીને આઠ પુત્રોની હકીકત લખાઈ કહેવાશે.

(૮) જુઓ "ગંગા" નામના માસિકનો ૧૯૩૩ જાન્યુઆરીનો પુરાતત્વ નામનો ખાસ અંક. પૃ. ૧૭૦–લખેલ છે કે जीवपुताये राजमर्याये बृहास्वाति मित्ति चिद्र यशमताये कारितम्=બૃહસ્પતિમિત્રની દુહિતા યશોમતિ, જે મથુરાના રાજાની ભાર્યા હતી તેણે બનાવ્યું.

બૃહસ્પતિને યશોમતી નામે એક પુત્રી હતી. તેણીને મથુરાના રાજા વેરે પરણાવી હતી. હવે જ્યારે તેની પુત્રીને પરણાવ્યાનું જાહેર થાય છે, ત્યારે બૃહસ્પતિની પોતાની ઉમર, તે હિસાબે કમમાં કમ ૩૫ વર્ષની તો ગણી શકાશેજ. તેમજ પોતે, મહાપદ્મઃ નંદ બીજાના ક્ષત્રિયાણી પેટે જન્મેલા સર્વ પુત્રોમાંનો સૌથી નાનો હતો. તથા મહાપદ્મના મરણબાદ બારેક વર્ષે ગાદીએ બેસવા પામ્યો હતો. અને તે સમયે મહાપદ્મનો શૂદ્રાણીપુત્ર જે નાનામાં નાનો હતો. તે મહાનંદ નામ ધારણ કરી પછીથી ગાદીએ બેઠો હતો. તે વખતે તે ૨૧-૨૩ વર્ષની ઉમરનો હતો; આ પ્રમાણેની સર્વે પરિસ્થિતિ સરખાવી જોતાં, રાજા બહસ્પતિની ઉમર પણ સહેજેજ ૩૦-૩૫ ની તો કલ્પી શકાય છેજ. વળી એમ જણાયું છે કે[૯] પાંચાલ દેશની રાજધાની અહિછત્રનો રાજા આષાઢસેન આ બૃહસ્પતિમિત્રનો મામો થતો હતો. એટલે એમ થયું કે રાજા આષાઢસેનની બહેન તે મગધપતિ નંદ બીજાની રાણી થતી હતી. અને તે ક્ષત્રિયાણીના પેટેજ, નંદ ત્રીજાથી નંદ આઠ સુધીના છ પુત્રો જન્મ્યા હશે. વળી એમ પણ જણાય છે કે મગધપતિઓ આ મથુરા અને પાંચાલ દેશના રાજવીઓમાંથી કન્યાઓ લેતા[૧૦] પણ હતા તેમ દેતા પણ હતા.

હવે આપણે નવમા નંદના રાજ્ય અમલ વિશે ચર્ચા કરીશું.

**(૯) નવમો નંદ: મહાનંદઃ ધનનંદ**

મહારાજા મહાપદ્મ મરણ પામતાં ગાદીએ કોને બેસારવો તે પ્રશ્ન જેમ ઉપસ્થિત થયો હતો, તેમ તેજ પ્રશ્ન પાછો આઠમો નદ ઉર્ફે બૃહસ્પતિમિત્ર મરણ પામતાં ઉભો થવા પામ્યો હતો. કારણકે આ છએ નંદમાંથી કોઈને પુત્ર નહોતો. અને બધાય નાની ઉમરમાંજ કપાઈને સ્વધામ પહોંચી ગયા હતા.

**પાછી એને એજ સ્થિતિ**

મહાપદ્મના સમયે તો પ્રશ્નનો ઉકેલ હજુ એકદમ આણી શકાયો હતો. કેમકે તે વખતે તો એટલુંજ જોવાનું રહ્યું હતું કે, સૌથી મોટો પુત્ર જે શૂદ્રાણીના પેટે જન્મ્યો હતો તેનો રાજ્યાભિષેક કરવો કે, તેનાથી નાનો હોય પણ ક્ષત્રિયાણી પુત્ર હોય, તેનેજ રાજગાદીએ બેસારવો. છેવટે મોટાનો હક ડૂબાવીને તેનાથી નાનાને, પણ ક્ષત્રિયાણી પુત્રને ગાદીપતિ બનાવ્યો હતો. પણ આ સમયે તો કોઈ મહાપદ્મનો ક્ષત્રિયાણી જાયો પણ રહ્યો નહોતો. તેમ જે હતા તે બધા અપુત્રિયાજ મરી પરવાર્યા હતા. કેવળ જે એક જીવંત રહેવા પામ્યો હતો અને લગભગ ૨૨-૨૩ વર્ષની ઉમરે પહોંચી ચુકયો હતો, તેવો મહાપદ્મનો એક શૂદ્રાણી જાયો કુંવરજ હૈયાત હતો. હવે જો તેને ગાદી સુપ્રત કરવામાં આવે, તો પ્રથમ વખતે પોતેજ ભરેલું પગલું અને તોળેલો ન્યાય સ્વહસ્તેજ ઉલટાવી નાંખેલ ગણાય. તેમજ જે કુંવરને અપમાન લગાડાયું હતું, તે હવે તો કાંઈક વધારે બળવાન સ્થિતિમાં આવ્યો હતો. એટલે પોતાને થયેલ અપમાનનો બદલો લેવા મગધ ઉપર ચડી આવે પણ ખરો. આ પ્રમાણે અમાત્ય મંડળની સ્થિતિ ત્રિશંકુના જેવી થઈ પડી હતી. અંતે લાંબી વિચારણાના પરિણામે એવું ઠરાવ્યું, કે રાજ્યની હાથણી જે છે તેને પંચદિવ્ય[૧૧] સાથે શહેરમાં ફેરવવી અને જે

(૯) જુઓ એ. ઇ. પુ. ૨. પૃ. ૨૪૨.

(૧૦) સરખાવો રાજા શ્રેણિકની માતા અને રાજા પ્રસેનજિતની રાણી ભદ્રિય રાણીનો દૃષ્ટાંત (પૃ. ૨૫૨ ની હકીકત તથા તેને લગતી ટી. નં. ૬૨ અને ૬૩.) તેણી પણ આ દેશનીજ પુત્રીહતી.

(૧૧) જળપૂર્ણ રૂપાનો કળશ, ફૂલમાળા, છત્ર અને બે ચામરઃ આ પાંચ દિવ્યો=પંચદિવ્ય કહેવાય છે.

ભાગ્યવાન પુરૂષના માથે તે હાથણી કળશ ઢાલવે અને ફૂલની માળા આરોપે તેને મગધપતિ તરીકે સ્વીકારવો.

બીજી તરફ હકીકત એમ બની હતી કે, કોઈ ભવિષ્યવેત્તાએ—હસ્તપરિક્ષકે રાજા મહાપદ્મના પેલા શૂદ્રાણી જાયા કુંવરની રેખાઓ જોઇને, કેટલાક વખત અગાઉ જાણી લીધું હતું અને ખાત્રી કરી લીધી હતી, કે તે કુંવર ભવિષ્યમાં એક મોટા સામ્રાજ્યનો સ્વામી થવાને નિર્માયલો છે. એટલે પોતાની પુત્રીનું સગપણ તેની વેરે કરી દીધું હતું. અને તેનું લગ્ન હાલ નિરધારાયું હતું તેથી વરરાજા બનીને તે કુંવર પરણવા નીકળ્યો હતો. એક બાજુ આ વરઘોડો અને બીજી બાજુ પંચ દિવ્ય લઇને, લાયક પુરૂષને શોધવા નીકળેલી પેલી રાજહાથણી; એમ બન્નેનો સામ સામે રસ્તેથી આવતાં, એક રાજમાર્ગ ઉપર ભેટો થઇ ગયો. આ વરરાજા તે પણ એક રીતિએ તો રાજા સમાનજ છે, તેમ તેને છત્ર ધરાયેલું છે, વળી તેની આગળ પાછળ રાજાની માફક શિષ્ટમંડળ પણ ચાલી રહેલું છે: આવી સ્થિતિ રાજહાથણીએ જોઈ, તેને રાજપદ યોગ્ય ધારી તેના શીરેજ કળશના જળથી અભિષેક કરી દીધો.[12]

એટલે તે શૂદ્રાણીથી જન્મેલ[13] રાજા મહાપદ્મનો પુત્ર, હવે મગધની ગાદીએ બેસવાને ચૂંટાયો. અને તે નવમા નંદ તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો.

ઉપર પ્રમાણે તેનું એક નામ તો જાણે, નંદ નવમો હતું. ઉપરાંત બીજાં કેટલાંક નામો તેના ગુણ અને સ્વભાવને આશ્રયીને પડેલ જણાયાં છે.

**ગુણજન્ય તેનાં અન્ય નામો.**

નંદવંશી એકંદર નવ રાજા થયા છે. તેમાં સૌથી દીર્ઘ રાજ્યકાળ આ નવમા નંદનો ચાલેલ હોવાથી, તેને મહાનંદ પણ કહેવાય છે. તેમ તેના રાજ્યઅમલ દરમ્યાન વિશેષ મહત્ત્વપૂર્ણ બનાવો બનેલ હોવાથી પણ, આ મહાનંદનું નામ તેણે સાર્થક કરી બતાવ્યું હતું. ઉપરાંત તે ધનનો એટલો બધો લોભી હતો કે યેનકેન પ્રકારેણ ધનસંચયજ કરવામાં સમજ્યો હતો. એટલે તેનું નામ ધનનંદ પણ પડયું હતું. વળી તેનું રાજ્ય અતિ વિસ્તારને પામ્યું હતું, તેથી બૌદ્ધગ્રંથોમાં તેના રાજ્ય વિસ્તારને મહામંડળ નામથી પણ ઓળખાવેલ છે. અને તેને પોતાને ઉગ્રસેન (possessing a terrible army)[14] કહ્યો છે. તેમજ પુરાણમાં પ્રચંડનંદ[15] (*Nanda the cruel or Nanda the atrocious* )

---

( ૧૨ ) આ બનાવથી, રાજા મહાનંદે, પોતાના સિક્કામાં આવું ચિત્ર ચિતરાવ્યું છે. (જુઓ તેનાં ચિત્રો)

( ૧૩ ) પરિશિષ્ટ પર્વ: સર્ગ ૭ મો પરિચ્છેદ ૧૮ જુઓ: "નાપિત જ્ઞાતિનો હોવાથી, સામંતો માન આપતા નહોતા."

જુઓ નીચેના પારિગ્રાફનું લખાણ

( ૧૪ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું. પૃ. ૮૯ અને આગળના પૃષ્ઠો—"એક છત્ર નીચે એક મોટું સામ્રાજ્ય" દિવ્યાવદાન નામે પુસ્તકમાં તેને "મહામંડળ" નામથી ઓળખાવ્યું છે. J. O. B. R. S. Vol. I. P. 89. ff :—"one king-empire under a single umbrella" It is distinguished in Divyavadan as Maha-mandala.

( ૧૫ ) જુઓ છઠ્ઠા પરિચ્છેદે ટી. નં. ૪૦. વળી લખે છે કે, નંદિવર્ધન રાજાનો લશ્કરી જુસ્સો તેનામાં સર્વોશે વારસામાં ઉતરી આવ્યો હતો. The military prowess of king Nandivardhan seems to have descended in him to a full degree.

( ૧૬ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧ લું પૃ. ૮૯ અને આગળના પૃષ્ઠો જુઓ. ( ભવિષ્યપુરાણના હવાલા આપીને કથન કર્યું છે.)

તરીકે ઓળખાવ્યો છે. આ બન્ને નામો પેલા અવંતપતિ પ્રખ્યાત ચંડપ્રદ્યોત મહસેનના સ્વભાવ અને સૈન્યદળનો મુકાબલો કરવા માટેજ વાપરવામાં આવ્યા દીસે છે. વળી જેવો તે ગાદીનશીન થયો કે તુરતજ, રાજ્યમાં પ્રવર્તી રહેલી અંધાધૂની દફે કરવાને અને પુનઃ શાંતિ સ્થાપવાને ઉપરાઉપરી તેણે હુકમો છોડવા માંડ્યા હતા. પણ રાજ્યકર્મચારીઓ કે જેઓ વિશેષ સંખ્યામાં ક્ષત્રિયોજ હતા તેઓ, રાજા શૂદ્રજાતિનો હોવાથી[૧૮] તેના તરફનો અણગમો દર્શાવવાના તે હુકમોનો અમલ કરવામાં બહુ શિથિલતા બતાવતા હતા. એટલે હુકમનું અપમાન કરનારા ઉપર પોતાની સત્તાની છાપ પાડવા સારૂ, તેણે મજબૂત હાથે કામ લેવાનું શરૂ કરી દીધું. અને તેમ કરવામાં, અધિકારીઓને જીવતા મારી નાંખતાં પણ પાછું વાળી જોયું નહોતું.[૧૯] તેના આવા નિંદ્ય કૃત્યથી પણ કદાચ તેને Nanda the cruel or Nanda the atrocious નાં ઉપરનાં ઉપનામો અર્પણ થયાં હોય. અને પૃ. ૩૩૮ થી ૩૪૨ માં જણાવ્યા પ્રમાણે કાલાશોક પણ કહેવાયો હોય. પણ થોડાંક વર્ષમાંજ, તેના મહા અમાત્ય તરીકે, રાજાનંદિવર્ધનના પેલા કલ્પક અમાત્યનો સાતમી પેઢીનો વંશજ, શકટાળ[૨૦] નીમાયો કે, આ બધા અત્યાચારો બંધ થઇ ગયા. અથવા કહો કે, શાંતિ સ્થપાઈ જતાં, તેવાં કૃત્યો આદરવાની તેને જરૂરિઆત પણ રહી નહોતી.

આ પ્રમાણે તેના પાંચ છ નામો જણાયાં છે (૧) નવમો નંદ, (૨) મહાનંદ, (૩) ધનનંદ, (૪) ઉગ્રસેન અને (૫) પ્રચંડનંદ તથા (૬) કાલાશોક.

રાજ્યની લગામ હાથમાં લીધા પછી એકદમ શરૂઆતમાંજ પ્રભાવ બતાવવા માંડ્યો, એટલે સર્વત્ર

**રાજ્ય વિસ્તાર**

ટૂંક સમયમાંજ અંધાધૂનીના સ્થાને શાંતિ પસરાઇ ગઇ, જેથી પોતે પણ નચિંત બન્યો. વળી શકટાળ જેવો શાણો અને દીર્ઘદષ્ટિ મહામંત્રી મળી ગયો. એટલે હવે તેણે પોતાનું ધ્યાન, રાજ્ય વિસ્તારવા અને ધનસંચય તરફ રોકવા માંડ્યું. અત્યારસુધી શિશુનાગવંશી સર્વે રાજાઓ દક્ષિણ ભરતખંડ તરફજ ભૂવિસ્તાર માટે મંડ્યા રહેતા હતા. જ્યારે રાજા નંદિવર્ધને પ્રથમવારજ ઉત્તરહિંદ તરફ લક્ષ દોડાવ્યું હતું. છતાં તે પંજાબ અને કાશ્મીર જેવા દૂર દેશો સર કરી શક્યો નહોતો.[૨૧] એટલે આણે, પોતાના દાદાએ અધૂરૂં મૂકેલું કાર્ય હાથ ધર્યું. આ પંજાબ દેશ જે કંબોજ રાષ્ટ્ર તરીકે લેખાતો હતો અને જેના ઉપર લગભગ દોઢ સદીથી ઇરાની શહેનશાહનો ઝંડો ફરકતો હતો, તે ઉતરાવી પાછો

---

(૧૭) ચંડપ્રદ્યોત અને મહસેન: તે બન્ને નામો કેમ પડ્યાં હતાં, તે માટે જુઓ અવંતિદેશના વર્ણનમાં, ચંડપ્રદ્યોતનું વૃત્તાંત.

(૧૮) જુઓ ઉપરનું ટીપણ ૧૩.

(૧૯) પા. ક. પૃ. ૬૯ જુઓ—શૂદ્ર નારીના પેટે જન્મેલ એવો તે, સઘળા ક્ષત્રિયોનું નિકંદન કાઢી નાંખશે, તે એકહથ્થુ સત્તાધારી ભૂપતિ થશે, અને સર્વને પોતાની આણમાં લાવી મૂકશે. પણ કૌટિલ્ય નામનો બ્રાહ્મણ તે સર્વેને નિષ્ફળ કરી વાળશે. Pargiter's Dynasties P. 69.—Born of a Sudra woman will exterminate all kshatriyas: he will be sole monarch, bringing all under his sole sway; a Brahmin Kautilya will uproot them all.

(૨૦) આગળ ઉપર જુઓ.

(૨૧) જુઓ આગળના ષષ્ઠમ પરિચ્છેદે તેણે જીતેલા દેશની હકીકત તથા સરખાવો નીચેનું ટીપણ ૨૨.

લગભગ ઇ. સ. પૂ. ૪૦૫=મ. સં. ૧૨૨ માં હિંદુસ્થાનના હિંદુરાજાના કબજે તેણે કર્યો.[૨૨] ત્યાંથી પાછા ફરતાં મનમાનતા પ્રમાણમાં દ્રવ્ય ઘસડી લાવ્યો. તેનાથી તેની ધનલોલુપતા ગમે તેટલી તૃપ્ત થવા પામી હશે, પણ ઇતિહાસમાં તે જે માટે પ્રસિદ્ધને પામ્યો છે, તે તો તેણે તે દેશમાંથી આણેલી વિદ્યાભ્યાસંગી ત્રિપુટી–ત્રણ મહાશય–નેલીધે હતી (આ વિષય માટે સ્વતંત્ર વર્ણન કર-

---

( ૨૨ ) કો. એ. ઇ. પૃ. ૬૫:—તક્ષિલામાં પણ તેના સિક્કા માલૂમ પડયા છે. કૌશાંબી અને તક્ષિલાના સિક્કાઓ સર્વ એકજ સ્થાને એકઠા મળી આવ્યા છે. અને તેથી એકજ વખતે તે પ્રચલિત હોવા જોઈએ, પણ તેમાંનો મોટો ભાગ હિંદી તોલનો છે તેથી એમ અનુમાન કરાય છે કે, તે પ્રાંત ગ્રીક લોકોએ જીતી લીધો તે પહેલાંના સમયના હોવા જોઇએ. His coins are also found in Taxila ( vide C. A. I. p. 65 ) where Sir Cunningham says " All the coins are found together ( Kaushambi & Taxila) they must have been current at the same time but as the greater number are of the Indian standard, I infer that they must belong to the indegenous coinage prior to the Greek occupation "

ગ્રીક લોકોની ચડાઇ તો ઇ. સ. પૂ. ૩૨૭ માંજ પ્રથમ વાર થઈ છે. અને આ મહાનંદનો સમય તે પૂર્વેનો છે. વળી ઉપરમાં કૌશાંબી અને તક્ષિલાના સિક્કાઓ એક સ્થળે એકઠા માલૂમ પડયાનું લખ્યું છે. તે બતાવે છે કે જે કૌશાંબીપતિ હતો તેજ તક્ષિલાપતિ હતો. અને કૌશંબી તો ઠેઠ ઇ. પૂ. ૪૬૭ થી મગધને તાબે ચાલ્યોજ આવે છે. આથી દેખાય છે કે, તક્ષિલાનો પ્રદેશ મગધને તાબે આવ્યો હતો.

વળી જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૦ માં જણાવ્યું છે કે ક્તેસીઆઝ ( ઇ. સ. પૂ. ૪૧૬ થી ૩૯૮ નો સમય) નામના લેખકે વર્ણન કરતાં કરતાં હિંદી પ્રજાનો એકલીનો નહીં, પણ હિંદી રાજા વિશે પણ ઉલ્લેખ કરેલ છે. એટલે તે સમયે ઇરાની શહેનશાહતનો હકુમતનો અંત આવી ગયો હશે. કદાચ ઇ. સ. પૂ. ૪૫૦ ને ૪૦૦ ની વચ્ચે પણ અંત આવ્યો હશે. J. O. B. R. S. Vol. I. p. 80:— " But Ktesias ( B. C. 416 to 398 ) when writing, speaks not of the Indians only. but also of the king of India. By this time the Persian domination had ended and it must have thus ended between cir. 450 and 400. આ પ્રમાણે જોતાં, આપણો સમય આવી રહે છે, કેમકે આપણે પણ ઈ. સ પૂ. ૪૦૫ લગભગ આ મહાનંદની જીતને ઠરાવીએ છીએ.

વળી તેજ પુસ્તકમાં પૃ. ૮૦ ઉપર જણાવ્યું છે કે— જ્યારે ઇ. સ. પૂ. ૪૫૦ માં હેરોડોટસ હિંદમાં હતો ત્યારે હિંદમાં મોટા પ્રમાણમાં સુવર્ણ કેમ બનાવવામાં આવતું હતું તે તેણે સાંભળ્યું હતું. અને તે ઉપરથી એમ સમજાય છે કે તેના સમય સુધી હિંદ ઈરાનના આક્રીમીનીઅન વંશના તાબે હતું. "When Herodotus was in India cir. 450, he heard the account how gold was in large quantities produced in India; the impression received from this, is that India was still under and had to send gold to the Achaeminion Emperor "

એટલે કે ઈ. સ. પૂ. ૪૫૦ સુધી ઈરાનને તાબે તે દેશ હતો. અને ઉપરના પારિગ્રાફમાં લખેલી હકીકત સાથે સરખાવતાં એજ મુદ્દો નીકળે છે કે ઈ. સ. પૂ. ૪૫૦ અને ૪૦૦ ની વચ્ચેજ ઈરાની શહેનશાહતનો અંકુશ હિંદ ઉપરથી નીકળી ગયો હોવો જોઈએ. હવે જો નંદિવર્ધનનો સમય લઈએ તો ઈ. સ. પૂ. ૪૭૨ થી ૪૫૬ છે. એટલે તેના રાજ્યે તે બનાવ બન્યો નથી એમ થયું. તેમ મહાપદ્મના સમયે તો તે બાજુ લડાઈ લઈ જવામાં આવી નથી પણ મહાનંદેજ તે બાજુ ચડાઈ કરી હતી. એટલે નિર્વિવાદિત રીતે માનવું પડે છે કે, મહાનંદેજ તે દેશ જીતી લીધો હતો.

સરખાવો પ્રથમ પરિચ્છેદની હકીકત અને તેને લગતું ટીપણ. વળી આગળનું ટી. નં. ૩૮.

વાનું છે. આગળ જુઓ ). આ પ્રમાણે તેણે સમસ્ત ઉત્તરહિંદ જીતી લીધા બાદ, પાછો પોતાના સ્થાને આવી ગયો. પછી દક્ષિણ તરફ વિચાર દોડાવ્યો. પણ ત્યાં તો હિંદી દ્વીપકલ્પના આખા પૂર્વ કિનારે તથા દક્ષિણહિંદ ઉપર, ચક્રવર્તી ખારવેલનું રાજ્ય તપતું હતું. તેમ વળી તે મહાસમર્થ, અને પ્રતાપી રાજા હતો એટલે તેની સાથે બાથ ભીડવાનું યોગ્ય લાગ્યું નહીં. તેમ દ્વીપકલ્પના બાકી રહેલ મધ્યભાગ તથા પશ્ચિમ કિનારા ઉપર તો પોતાનાજ ભાઈઓ[૨૩] ( શતવહનવંશી રાજા શ્રીમુખ, તેનો પુત્ર અને તેનો ભાઈ શ્રીકૃષ્ણ ) રાજ્ય અમલ ચલાવી રહ્યા હતા. એટલે તેમના ઉપર પણ વિના કારણે ચડાઈ લઈ જવાનું ડહાપણવાળું ગણ્યું નહીં. જેથી, પોતે ભૂમિવિસ્તાર વધારવાનું છોડી દઈ, રાજ્ય સુદૃઢ કરવામાં અને બીજી રીતે પ્રજોપયોગી કાર્ય કરવામાં તેણે શેષ જીવનકાળ વ્યતીત કર્યું હતું.

પ્રાચીન હિંદના ઇતિહાસ સંબંધી લેશમાત્ર પણ જ્ઞાન ધરાવનારી સર્વે પ્રજાએ, પાણિની, ચાણાક્ય અને વરરૂચિ એ ત્રણ નામો વધતા ઓછા અંશે સાંભળ્યા તો હોવા જોઈએજ. તેમાંનો પાણિની એક મોટા વ્યાકરણશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ છે. ચાણાક્ય એક મહાન રાજદ્વારી પુરૂષ તરીકે ઇતિહાસ વિખ્યાત થયેલ છે. જ્યારે વરરૂચિ પોતાના ઉપરના બે મિત્રો કરતાં જો કે કાંઇક ઓછી શકિતવાળો હોઇને ન્યૂનાંશે જાણીતો થયો છે, છતાં તેણે પાણિની મહાશયના રચેલા વ્યાકરણ ઉપર પ્રભાવશાળી એક ટીકા લખી છે. વળી તેનું ગોત્ર કાત્યાયન હોઇને તે વરરૂચિના પોતાના સાદા નામને બદલે, બ્રાહ્મણ ગ્રંથોમાં કાત્યાયનના[૨૪] નામથી ઓળખાયો છે. આ પ્રમાણે આ ત્રણે પુરૂષો મોટા વિદ્વાનો હતા, અને સહચારી હોઇ મીત્રો પણ હતા. તેથી આપણે તેમને ત્રિપુટી[૨૫] કહી સંબોધવાનું માન ભર્યું ગણ્યું છે. હવે તેઓ સંબંધી કાંઈક માહિતી આપીશું.

**પેલી જગપ્રસિદ્ધ ત્રિપુટી કોણ હતી, કયાંથી આવી હતી અને કયારે આવી હતી ?**

પ્રથમ તેમના સ્થાન વીશે વિચારણા કરીશું. એક ગ્રંથકારે[૨૬] પાણિનીની જન્મભૂમિ તરીકે ગોનાર્ડ દેશ જણાવ્યો છે. અને સિંધુ નદીમાં જ્યાં આગળ કાબુલ નદી મળે છે તેની આસપાસના પ્રદેશને ગોનાર્ડ દેશ તરીકે તેણે ગણાવ્યો છે. જ્યારે એક બીજા લેખકે જણાવ્યું છે કે[૨૭]

---

( ૨૩ ) કારણકે, જેમ પોતે નંદ બીજાનો શૂદ્ર રાણીના પેટે જન્મ્યો હતો, તેમ રાજા શ્રીમુખ પણ બીજા નંદની શૂદ્ર રાણીના પેટેજ જન્મ્યો હતો. એટલે બધા ભાઈઓજ થયા કહેવાય. પછી ભલે માતા ઓરમાન હતી. જુઓ પૃ. ૩૩૪ અને આગળનાં પાનાંઓ.

( ૨૪ ) શાકતાયન નામે જે વૈયાકરણી થયો મનાય છે અને જેના આધાર પતંજલીએ લીધા છે તે અને આ પુરૂષ એકજ હશે કે ? અથવા શાક્તાયન અને કાત્યાયન અપભ્રંશ તો નહીં હોય કે ?

( ૨૫ ) નીચેનું ટીપણ ૩૧ જુઓ

( ૨૬ ) ડે. એ. ઇ. પૃ. ૧૬:-જ્યાં કાબુલ નદી સિંધુ નદીમાં મળે છે તે પ્રદેશને ગોનાર્ડ કહેતા અને પાણિનીની જન્મભૂમિ ત્યાંજ છે. Dey's Ant. Geo. India, p. 16 "Panini's birth-place in Gonard country where the river Kabul falls into the Indus.

( ૨૭ ) જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૨. તેના પૂર્વજ નંદિએ પાણિનીની જન્મભૂમિનો પ્રદેશ જીતી લીધો હોય એમ અનુમાન કરાય છે, તેથી કરીને તક્ષશિલા અને પાટલીપુત્રનો સંબંધ નજીક આવ્યો હતો અને કદાચ પાણિની પોતે પણ પાટલીપુત્રમાં આવ્યો હોય એમ સંભવિત છે. J. O. B. R. S. Vol. I. p. 82-His

નંદ રાજાએ પાણિનીની જન્મભૂમિ સુધીનો દેશ જીતી લીધો હતો અને તેથી કરીને તક્ષિલા તથા પાટલીપુત્ર બન્ને શહેરો વ્યવહારમાં જોડાયલાં જેવાં બની ગયાં હતાં. એટલે એમ પણ બનવા યોગ્ય છે કે, પાણિની ત્યાંથી પાટલીપુત્ર આવ્યો હોય. વળી તેજ લેખક આગળ જતાં લખે છે કે[૨૮] નંદરાજાની સત્તા પિશાચ પ્રજાના રાજા પિલુ (પિષ્તુ) ઉપર જામી હતી. આ ઉપરથી માની-શકાય છે કે, રાજા મહાનંદની રાજ્યહકુમત, હિંદના વાયવ્ય ખૂણા સુધી વિસ્તરવા પામી હતી. જ્યારે એક અન્ય મહાન સંશોધક અને લિપિ-વિશારદ[૨૯] તે પાણિની વિશે એમ વિચાર જણાવે છે કે, તેણે અતિ પ્રાચીન ઇરાની ભાષાના શબ્દો જ વાપર્યા કર્યા છે. તેમ વર્તમાનકાળના વિદ્વાનો પણ હવે તો કબુલ રાખે છે કે, પાણિનીના વ્યાકરણમાં કેટલાય ખરોષ્ટી ભાષાના શબ્દોનો ઉપયોગ કરાયો છે. વળી એક અન્ય વિદ્વાન લેખકે જણાવ્યું[૩૦] છે કે, "અનેક વિદ્વાનોં કે મતમેં આચાર્ય ચાણાકય[૩૧] સ્વયંભી આર્ય ન થા." એટલે કે ચાણાકયની જન્મભૂમિ વાસ્તવિક રીતે હિંદ દેશમાં નહોતી પણ હાલ જેને હિંદ ગણાય છે તેની બહારના પ્રદેશમાં હતી. આ પ્રમાણે જુદા જુદા વિદ્વાનોએ પ્રદર્શિત કરેલ અભિપ્રાયનું જો એકી-કરણ કરીશું તો એકજ સાર ખેંચી શકાય છે, કે (૧) તેની જન્મભૂમિ સિંધુ નદીની પશ્ચિમે આવેલ ગોનાર્ડ દેશમાં હતી. (૨) તે દેશહિંદની પશ્ચિમે લગોલગ આવેલો હતો. (૩) ત્યાં પુષ્તુ ભાષા બોલતા પિશાચ લોકો વસ્તા હતા અને

---

predecessor Nanda (અત્રે યાદ આપવું જરૂરી છે કે, ઘણા વિદ્વાનોએ એક નંદને લગતી હકીકત બીજા નંદને અર્પણ કરી દીધેલી હોય છે. તેથી અહીં નંદિ લખ્યું છે. જુઓ આ પુસ્તકમાં પૃ. ૩૨૧-૨૨ નું લખાણ) is implied to have extended his conquest upto Panini's home. Taxilla was brought near Pataliputra. આ ઉપરથી સમજાશેકે જે નંદ પાણિનીને લાવ્યો હતો, તથા તેણેજ પંજાબ જીત્યું હતું.

(૨૮) જ, ઓ, બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૨ ટી. ૬૨ ):—પિશાચ લોકનો રાજા પિલુ (પિષ્તુ) રાજા નંદને તાબે હતો (મારૂં એમ માનવું છે કે આમ લખવાનો લેખકનો હેતુ અફગાન પ્રજાના રાજા કહેવાનો છે. અફગાન પ્રજાની વર્તમાન ભાષાને પણ 'પુષ્તુ' કહેવાય છે. અને કદાચ તે શબ્દ પિષ્તુનું અપભ્રંશપણ્ હોય) એટલે એમ અર્થ કરી શકાય છે કે મહાનંદની સત્તા હિંદના ઠેઠ વાયવ્ય ખૂણા સુધી પહોંચી ચુકી હતી. J. O. B. R. S. Vol. I. p. 82; fn. 62:- "Nanda had king Pilu (Pishtu) of the Pisachas (I think the writer wants to mean therely the Afghan king of that time; the language of the Afghans is at present even known as Pushtu, perhaps a corrupt form of the above word Pishtu) in his power; we may take him to mean that Mahanand's political influence extended to the north-western frontiers of India"

(૨૯) ઇ, કો ઈ, (પ્રસ્તાવના પૃ, ૪૩ ટીપણ ૮) પાણિનીએ પ્રાચીન સમયના ઈરાની શબ્દનો ઉપયોગ કરેલ છે, See Prof. Hultzsch (Asoka Inscri. Vol. I. Intro. XLiii. f. n. 8) "Panini used ancient Persian words"

(૩૦) જુઓ મૌર્ય સામ્રાજ્યકા ઈતિહાસ (કાંગડી ગુરૂકુળના આચાર્ય વિદ્યાભુષણ અલંકારે બનાવેલ)

(૩૧) એકબાજુ પાણિની અને ચાણાકયના નામનો નિર્દેશ થાય એટલે કે તે બન્નેને સહસમયી ગણીને બધો વર્તાવ થાય, તથા બીજી બાજુ (આગળ ટી. ૩૬ માં પંડિત તારાનાથનું કથન) પાણિની અને વરરૂચિની વાતો થાય. એટલે સિદ્ધવચન પ્રમાણે પાણિની ચાણાકય અને વરરૂચિ તે ત્રણે સમકાલીન થયા એમ સાબિત થાય છે. વળી જુઓ આગળ ટી. નં. ૪૪ માં ટાંકેલું હી. હી. નું પૃ. ૫૧૨ ઉપરનું અવતરણ.

તેમના રાજાનું નામ પિલુ અથવા પિષ્ટુ હતું.

વળી આપણને ઉપરની હકીકતને ટેકો આપનારી બીજી ઘટનાઓ પણ જડી આવે છે કે, પાણિની મહાશયે ઘણા ખરોષ્ટી શબ્દો તથા ઇરાની ભાષાના શબ્દો પોતાના ગ્રંથમાં વાપર્યા છે. તેમજ મહારાજા પ્રિયદર્શિનના, તે દેશ તરફ આવેલ શિલાલેખની લિપિ ઉપરથી પણ આપણને જાણ થયેલ છે કે, તે પ્રદેશમાં ખરોષ્ટી ભાષા પ્રચલિત હતી. વળી ખરોષ્ઠ પ્રજાના જે સરદારો[૩૨] હિંદ ઉપર ચડી આવ્યા હતા તેમની ભાષા અને સ્થાન પરત્વે આપણું જે જ્ઞાન છે, તે પણ એજ સાર ઉપર લઇ જાય છે કે, તેઓનો પ્રદેશ પણ આજ છે. તેમ એ પણ જાણીતી વાત છે કે, આ ભૂમિ ઉપર, ઇરાની શહેનશાહતની રાજ્યસત્તા લગભગ દોઢસો વરસથી[૩૩] ચાલી આવતી હતી. તેથી તેમાં તે પ્રજાની ભાષાના શબ્દોનું મિશ્રણ પણ કેટલાક અંશે થઇ શકે. એટલે હવે નિશંકપણે સાબિત થઈ ગયું કે, પાણિનીની જન્મભૂમિ હિંદના વાયવ્યખૂણે સિંધુ નદીની પશ્ચિમે લગોલગ આવેલ ગોનાર્ડ દેશમાં હતી.[૩૪]

તેમ ચાણાક્યની જન્મભૂમિ પણ આર્યદેશ નહીં તેવા પ્રદેશમાં જણાવી છે. વળી આ ત્રણે મહાશય નાનપણથીજ સહાધ્યાયી અને મિત્રો હતા. એટલે માની શકાય છે કે ત્રણે નાનપણથીજ –વધારે નહીં તો વિદ્યાર્થી અવસ્થામાં–એકજ ભૂમિમાં વસવાટ કરી રહ્યા હતા. એટલે આપણે તેને તેમજ તે સર્વને હાલ તો ગોનાર્ડ દેશનાજ વતની લેખીશું.

હવે તેમના સમયનો પ્રશ્ન વિચારીએ–એક લેખિકા[૩૫] અન્ય વિદ્વાનોના મત ટાંકીને જણાવે છે કે મિ. ગોલ્ડસ્ટુકર અને મિ. ભાંડારકરની માન્યતા પ્રમાણે પાણિનીનો જન્મ, બુદ્ધદેવની પણ પૂર્વે છે. જો કે મિ. બ્હોટલીંગના માનવા પ્રમાણે તો તેનો સમય ઈ. સ. પૂ. ૩૫૦ નોજ ગણવો રહે છે. એટલે કે આ વિદ્વાનો પાણિનીના ચોક્કસ સમય વિશે ભલે સહમત થતા નથી દેખાતા, પણ ત્રણેના મતથી તેઓનો સમય ઇ. સ. પૂ. ની ત્રણ ચાર સદી પૂર્વે હોવાનું ચોક્કસ છેજ–જ્યારે એક લેખકે એમ પૂરવાર કર્યું છે કે[૩૬] "પાણિનીનો આશ્રયદાતા અને સમકાલીન રાજા નંદ જે હતો તેનું

(૩૨) આ માટે ચડાઈ લઇ આવનાર પરદેશી પ્રજાઓમાં બેકટ્રીઅન્સ પ્રજાની હકીકત ત્રીજા વિભાગે જુઓ.

( ૩૩ ) સરખાવો આગળ ઉપરનું ટી. નં. ૨૨ તથા પૃ. ૭૨ ઉપરનીકંબોજ રાજ્યની હકીકત.

( ૩૪ ) પતંજલીની જન્મભૂમિ પણ કેટલાક ગોનાર્ડ દેશ માને છે, તે કદાચ પાણિની અને પતંજલી બન્નેનું વ્યક્તિત્વ એક પ્રકારનું હોઈને, જન્મભૂમિ પણ એકજ હોવાનું ધારી લીધું હશે કે? કેમકે પતંજલીની જન્મભૂમિ તો ગૌડ દેશ છે નહીં કે ગોનાર્ડ દેશ.

( ૩૫ ) Chr. Ind. by M. Duff p. 7 "His ( Panini's ) time B. C. 350 according to Bohtlingk, though Goldstucker and Bhandarkar place him before Buddha "

( ૩૬ ) જ. ઓ. બી. રી. સો. પૃ. ૮૨:—પેલી પ્રજાકીય વાર્તામાં જણાવેલ પાણિનીનો સમકાલીન તથા આશ્રયદાતા પ્રખ્યાત રાજા નંદ તે મહાનંદ ( નંદ ધી ગ્રેઇટ) જ હશે એમ આથી કરીને સ્પષ્ટ સમજાય છે. વળી પૃ. ૮૨ ની ટી. ૬૧ માં લખેલ છે કે—વિભાસ નામના ગ્રંથના કર્તા વરરૂચિને, તેની પછી આવતા રાજાના સમયે હોવાનું પં. તારાનાથે માન્યું છે ( મહાનંદ અને મહાપદ્મ વિશે થતી ભેળસેળ માટે જુઓ પૃ. ૩૨૨ નું લખાણ). J. O. B. R. S. p. 82 "It is thus evident that the Nanda, the reputed contemporary and patron of Panini of the popular story is really Mahananda, ( Nanda the great )—( fn. 61 on p. 82 ) Taranath places Vararuchi, the author of

નામ મહાનંદ હતું. પણ પંડિત વરરૂચિ કે જેણે વિભાસ નામનો ગ્રંથ રચ્યો છે, તે તો મહાનંદની પછી જે રાજાનંદ થયો છે તેના સમયે થયો હતો, એમ પંડિત તારાનાથની માન્યતા થયેલી છે." એટલે કે આ વિદ્વાનોના મતથી પાણિની તથા વરરૂચિ, બન્ને નંદરાજાના સમયે તો થયા છે, પણ એકની માન્યતા એમ છે કે તેઓ મહાનંદના સમયે થયા છે, જ્યારે બીજાની માન્યતા એમ છે કે તે પછીના નંદરાજ્યે થયા છે. ગમે તેમ પણ નંદરાજાનો સમય-ભલે કયો નંદ તે પછી નક્કી કરીશું-હતો એટલું તો ચોક્કસ છેજ. બાકી ઉપર પૃ. ૩૨૨ માં આપણે કહી ગયા છીએ કે મહાપદ્મ અને મહાનંદને એકજ વ્યક્તિ તરીકે પણ માની લેવાયા છે, તેમ તેના અનુક્રમમાં પણ ફેરફાર હોવાનું મનાયું છે. એટલે ઉપરના વિદ્વાનોના મંતવ્યમાં, નંદરાજા સંબંધી મતફેર દેખાય છે તે સંભવિત ગણાય.

ઉપરતો આપણે, વિદ્વાનોની ખાલી માન્યતાનીજ વાતો કરી ગયા અને જણાવ્યું કે, આ વિદ્વાન ત્રિપુટીનો સમય નંદરાજાના રાજ્યકાળે કે તેની પૂર્વે હોવા સંભવ છે. પણ માન્યતા તે માન્યતાજ કહેવાય, તે કાંઇ ઐતિહાસિક પ્રમાણથી બળવત્તર પુરાવો નજ કહી શકાય. જ્યારે ઇતિહાસતો બેરિનાદે આપણને જણાવે છે, કે આ ત્રિપુટીમાંના એક પંડિત ચાણાકય મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તનો સમકાલીન અને મહા અમાત્ય હતો. એટલે ચાણાકય અને ચંદ્રગુપ્ત, બન્ને સહસમયી થઇ શકે; અથવા કદાચ બન્નેની ઉમર એક સરખી કે બહુ નજીક નજીક હોવાને બદલે વિશેષ વર્ષના અંતરના તફાવત વાળી હોય, તોયે બહુબહુ તો એની વચ્ચે ત્રીસથી પચાસેક વર્ષનો જ અંતર સંભવી શકે. અને આપણે ઇતિહાસના જ્ઞાનથી, એમ તો જાણીએજ છીએ કે, સમ્રાટ ચંદ્રગુપ્તે મગધની જે ગાદી પ્રાપ્ત કરી હતી, તે નંદવંશના છેલ્લા રાજા પાસેથીજ મેળવી હતી. અને તે છેલ્લા રાજાનું રાજ્ય દીર્ઘકાલ સુધી ચાલ્યું હતું. હવે આપણે સાબિત કરી ગયા છીએ કે, આ છેલ્લા રાજા નવમાનંદનું રાજ્ય ૪૩ વર્ષ ચાલ્યું છે, અને ઉપર એમ કહ્યું કે, ચંદ્રગુપ્ત અને ચાણાકયની ઉમર વચ્ચે બહુમાં બહુતો પચાસ વર્ષનોજ ફેર સંભવી શકે. એટલે ગણિત શાસ્ત્રની સાદી અને સરળ ગણત્રીથી પણ કહેવુંજ પડે છે કે, ચાણાકયજીનો સમય[૩૭] છેલ્લાનંદ રાજાના રાજ્યકાળેજ હોઇ શકે, તે પૂર્વે[૩૮] કદી નહીં: અને જો ચાણાકયજીનો સમય નવમા નંદનો ઠર્યો, તો પછી પાણિની અને વરરૂચિનો તેમજ એકંદરે આખી

---

Vibhas under the next reign (for confusion which has occurred between Mahapadma & Mahananda, see p. 322)

(૩૭) સમય-કારકિર્દીનો સમય; નહીં કે જન્મ અથવા બાળપણ કે શિશુવયનો સમય; હા, જન્મ કદાચ છેલ્લા નંદની પૂર્વના રાજાના સમયે હજુ સંભવી શકે, બાકી કારકિર્દીયોગ્ય ઉમરનો સમય, તો છેલ્લા નંદના સમયેજ હતો

(૩૮) પૂર્વે કદી નહીં, એટલે નવમા નંદના સમયે જ, કારણકે, નવમા નંદ પહેલાના, છ રાજા તો તદ્દન અલ્પ સમયમાંજ, ઉકલી ગયા છે. અહીં કહેવાની ખાસ મતલબ તો એ છે કે, નવમા નંદના સમયેજ આ ત્રિપુટી ખ્યાતિમાં ઝળકી ઉઠી હતી. હવે જ્યારે આ ત્રિપુટીને, પંજાબ જીતીને મગધમાં આણવામાં આવી છે. અને તે પણ નવમા નંદના રાજ્ય અમલે, તો પછી જે કેટલાક એમ મનાવવા પ્રયત્ન કરે છે કે, પંજાબ દેશ તો રાજા નંદિવર્ધને જીત્યો હતો, તે સત્ય છે કે કેમ તે આ ઉપરથી સમજી શકાશે.

સરખાવો છઠા પરિચ્છેદે નંદિવર્ધનના વૃત્તાંતે. ટીપણ (૩૬) નું લખાણ તથા હકીકત.

ત્રિપુટીનો પણ તેજ સમય સાબિત થયો; તે સૂર્ય પ્રકાશની પેઠે નિશંકિત જાણવું.

**ત્રિપુટી લાવવાના મનોરથ અને ફળસિદ્ધિ**

રાજા મહાનંદનું એક ઉપનામ ધનનંદ પણ હતું એમ આપણે જણાવ્યું છે. અને તેનું કારણ એમ કહેવાય છે કે, તેને ધનસંચયનો અતિ શોખ હતો. કોઈ પણ ઉપાયથી સુવર્ણ મળતું કે તુરત તેનો સંગ્રહ કરતો. આ પ્રમાણે કરતાં કરતાં તેણે પાંચ (કોઇક નવ પણ કહે છે) મોટી ટેકરી–ઢગલા[૩૯] સુવર્ણ એકઠું કર્યું હતું. પછી એકઠું કરીને તે સુવર્ણ, ટેકરી રૂપે જમીનના ઉપરી ભાગે દેખાવમાં આવે તેમ તેણે ગોઠવી રાખ્યું હતું, કે ભૂગર્ભમાં ગુપ્ત પણે ભંડારી રાખ્યું હતું એ કહેવું મુશ્કેલ છે. પણ ઇતિહાસમાં જ્યારે આપણને એમ કહેવામાં આવે છે કે, શુંગવંશી રાજા અગ્નિમિત્રે પાટલીપુત્ર ઉપર ચડાઈ લઇ જઇ ધનપ્રાપ્તિ માટે આખા શહેરને ખોદાવી નાંખ્યું હતું,[૪૦] ત્યારે એમ કલ્પના કરી શકીએ છીએ કે, ધનનંદે સંગ્રહીત કરેલું સુવર્ણ, પોતે ભૂગર્ભમાંજ દાટી રાખ્યું હોવું જોઇએ. આ પ્રમાણે સુવર્ણ સંચયના આશયને અંગે કેટલાક ઇતિહાસકારો તેને ધનલોભી હોવાનું જણાવે છે. પણ આપણે જે હકીકત આ ઠેકાણે લખવા ધારીએ છીએ, તે ઉપરથી કહી શકાશે કે તેનો લોભ, પોતાના ઉચ્ચ મનોરથની સિદ્ધિ અર્થે જોઇતાં નાણાં મળી રહે તેટલા પૂરતોજ હતો. એટલે કે તેનો લોભ પ્રશસ્ત-લોભ હતો. નહીં કે કંજુસાઇ અને ચૂસણીયા નીતિનો, કૃપણ અથવા અપ્રશસ્ત પ્રકારનો. જો કૃપણ હોત તો તેને ધનનંદને બદલે લોભીનંદ કે તેવુંજ ઉપનામ મળત. તેમજ રાજા અગ્નિમિત્રને, આખું શહેર ખોદવા છતાં, કાંઈ મનપૂરતો બદલો મળ્યો નથી (મળ્યો હોય તોયે ઇતિહાસમાં દૃષ્ટિગોચર થાય તેવી નોંધ રખાઇ નથી) તે મળ્યા વિના ન રહેતઃ અથવા તો ધનનંદ પછી તુરતજ મગધપતિ બનનાર સમ્રાટ ચંદ્રગુપ્તને રાજ્યધૂરા વહન કરવામાં જે ધનસંકોચ અનુભવવો પડયો છે, તે પણ ભોગવવો ન પડત.[૪૧] એટલે પ્રશસ્ત હેતુ

---

(૩૯) એક ટેકરી કે ઢગલામાં કેટલું સોનું હોઈ શકે તેનું માપ કાઢેલું કે વર્ણવેલું ક્યાંય નજરે પડયું નથી. પણ કહેવાની મતલબ એ છે કે તોળ્યું તોળાય એવું નહોતું; અને તોળાય તેવું નહોતું, એટલે કિંમત તો આંકીજ ક્યાંથી શકાય? આમાં કદાચ અતિશ્યોક્તિ જેવું અત્યારની દૃષ્ટિએ દેખાશેજ, પણ રાજા શ્રેણિકના સમયે તેના સસરાના ઘરમાં, બેન્નાતટ નગરે વખારને વખારો તેજંતુરી (golden dust) થી ભરી રહેતી હતી તેમજ ઇરાનના શહેનશાહને ખંડણી તરીકે જે અઢળક સોનું મોકલાતું હતું, તે સર્વ વિચારીએ છીએ, ત્યારે અતિશ્યોક્તિ કે આશ્ચર્ય બદલાઇ જતાં વાર લાગે તેમ નથી.

(૪૦) જુઓ શુંગવંશની હકીકતે રાજા અગ્નિમિત્રનો રાજ્ય અમલ.

(૪૧) કોઈ એમ પણ બચાવ તરીકે કારણ રજુ કરી શકે, કે ચંદ્રગુપ્તને પૈસાની તંગી ભોગવવી પડી હતી તે તો રાજા મહાનંદને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો ત્યારે મનમાં આવે તેટલું ધન ઉપાડી જવાની તેને જે છૂટ આપી હતી તેને લીધે હતું. તો જવાબ એ છે કે તે ધન તો માત્ર હીરા, માણેક આદિ રૂપે હતું. અને તે પણ જે રથમાં મહાનંદ બેસીને નગર બહાર નીકળી ગયો તે રથમાં કેવળ સમાય તેટલું જ હતું. છતાં ઘડી ભર માનો કે બે ચાર પાંચ રથ ભરીને તે કિંમતી વસ્તુઓ ઉપાડી લઇ ગયો હતો. પણ અહીં તો સુવર્ણનીજ વાત થાય છે. કયાં બે ચાર રથમાં સમાય તેટલું સુવર્ણ અને કયાં પાંચ સાત ટેકરીઓ ખડકી રાખેલું સોનું? મતલબ કે મહાનંદ ઉપાડી ગયા બાદ પણ ઘણું દ્રવ્ય બાકી હતું. છતાં ચંદ્રગુપ્તને સંકોચ જે વેઠવો પડયો છે તે બતાવે છે કે બધું સંગ્રહીત દ્રવ્ય કાંઈને કાંઈ ઉપયોગમાં લેવામાં આવ્યું હતુંજ.

હોવાનો જે અનુમાન તેના ધનસંગ્રહ માટે આપણે દોર્યો છે તે વાસ્તવિકજ દેખાય છે.

હવે આપણે તેના મનોરથ અને તેની ફળ સિદ્ધિ વિશે જણાવીશું. રાજા મહાનંદે પંજાબ જીતી લીધો હતો એમ કહ્યું. એટલે તે પ્રદેશ તેના અધિકાર તળે આવ્યો તે ચોક્કસ થયુંજ. અને પંજાબ દેશ કબજે આવ્યો એટલે તેની નગરી તક્ષિલા ઉપર પણ રાજાનંદનું સ્વામિત્વ થયુંજ. આ તક્ષિલા નગરીની મહા વિદ્યાપીઠ તો તે સમયે વિશ્વમશહુર એક સંસ્થા હતી એ નિર્વિવાદિત છે. વળી વિદ્વાનોની આ ત્રિપુટીને મગધદેશમાં જે લાવવામાં આવી છે તે પણ પંજાબમાંથીજ. એટલે સ્વભાવિક રીતે એજ અનુમાન ઉપર જવું પડે છે કે, આ વિદ્વાનોને મજકુર મહાવિદ્યાપીઠ સાથે સંબંધ હોવો જોઇએ. પછી તે સંબંધ કેવળ તે સ્થાને તેઓએ વિદ્યાપ્રાપ્તિ કર્યા હોવાનો પણ હોઇ શકે. અથવા તો વિદ્યાપીઠમાં કોઇ વિષયશિક્ષણાર્થે ગુરૂપદે સ્થાપિત હોવાનો પણ હોઇ શકે. પણ જ્યારે રાજા પોતે કોઇ વ્યકિતને વિદ્યાપ્રચાર અને ઉત્કૃર્ષ માટે સ્વદેશે લાવે, ત્યારે તે પુરૂષે કયારની કાંઇક ખ્યાતિ મેળવી લીધી હોય તોજ લાવવાનું સંભવિત થાય. એટલે નક્કી થાય છે કે આ ત્રિપુટીને વિદ્યાપીઠ સાથે ઉપદેશક–ગુરૂ–કે આચાર્યપણાનોજ સંબંધ હોવો જોઇએ. આવા નામાંકિત આચાર્યોને પોતાના દેશમાં લાવવાનો હેતુ કેવળ પોતાની પ્રજાને તે તે પ્રકારની વિદ્યા અર્પણ કરવાનોજ હશે એમ ધારી શકાય છે.

પ્રાચીન ભારત વર્ષમાં, પંજાબ દેશમાં આવેલી તક્ષિલા મહાવિદ્યાપીઠ જેમ પ્રખ્યાતિને પામેલી હતી, તેમ મગધદેશની નાલંદાની મહાવિદ્યાપીઠ પણ પ્રસિદ્ધ થયેલી હતી. પછી તે એમાં કઇ પ્રથમ શરૂ થયેલી હશે તે જુદી વાત છે. જો કે બૌદ્ધ સાહિત્યમાં ઉલ્લેખ કરાએલ અનેક પ્રસંગ ઉપરથી અનુમાન કરી શકાય છે, કે બુદ્ધદેવના સમયે નાલંદાવિદ્યાપીઠ અસ્તિત્વમાં હતીજ, પણ જૈન ગ્રંથોમાંથી તેવી માહિતી મળતી નથી. જો કે બુદ્ધ દેવના સમયે જૈન ધર્મની જાહોજલાલી પણ તેટલીજ હતી. છતાં જ્યારે જૈન ધર્મના સાહિત્યમાં તે બાબત માલુમ પડતી નથી ત્યારે એમ અનુમાન પણ કરી શકાય છે કે, કાંતો નાલંદાની વિદ્યાપીઠ બુદ્ધદેવના સમયમાં, તેની બાલ્યાવસ્થામાં હશે, અથવા તો કેવળ બૌદ્ધસાહિત્ય માટેજ તે હશે. કે પછી અસ્તિત્વમાંજ ન હોય, અને કદાચ પાછળથી સ્થપાઇ હોય[૪૨]. બૌદ્ધ સાહિત્ય પણ અન્ય ધર્મના સાહિત્યની પેઠે પાછળથી બહાર પડેલ છે, તેથી તે વખતના ઉત્સાહી ગ્રંથકારોએ પોતાના ધર્મની વાહવાહ જણાવવા, વર્ણનોમાં અતિશ્યોક્તિ ભરેલી હકીકતો દાખલ કરી દીધી હોય. પણ જ્યારે, નાલંદા વિદ્યાપીઠને લગતો ઐતિહાસિક પુરાવો અત્ર મળી આવે છે, ત્યારે અન્ય હકીકત કરતાં તેને સબળતર માની લઇ, બીજાં અનુમાનો જતાં કરવા પડે છે. અને એમ માનવું પડે છે કે, મહારાજા ધનનંદના સમયેજ તે વિશેષ ખ્યાતને પામી છે. વળી રાજા ધનનંદ પોતે જૈન ધર્મી હોવાથી

(૪૨) પ્રાચીન સમયે, લેખિત સાહિત્ય જેવું નહીં હોય (જુઓ સપ્તમ પરિચ્છેદે). એટલે આ વિદ્યાપીઠોમાં, મૌખિક પાઠ લેવાતા દેવાતા હશે. જ્યારે, વિદ્યાનો લિખિત પ્રચાર કરવાનું કાર્ય, આ મહાનંદ અને તેના સમસમયી કલિંગપતિ ચક્રવર્તી ખારવેલના સમયથી થયું દેખાય છે. (જુઓ હાથીગુંફાનો શિલાલેખ)

સિક્કાઓમાં પણ અક્ષરનું દર્શન થતું હોય તો આ સમયથીજ પ્રથમ થતું દેખાય છે (જુઓ વત્સપતિ નંદના સિક્કાઓ; નંદ ત્રીજાથી આઠમા નંદના નામવાળા સિક્કાઓ)

તે ધર્મને લગતું સાહિત્ય વિપુળપણે શીખવવાનો પ્રબંધ કરાયો હોવો જોઇએ. તેમજ, મગધ જેવા દેશનો સમ્રાટ ખુદ પોતેજ તે વિદ્યાપીઠનો પ્રાણ દાતા હોય, છતાં વિદ્યાપીઠનું સ્થાન, તેની રાજગાદીના સ્થળે ( રાજગૃહી કે પાટલીપુત્ર નગરે ) ન રાખતાં તેની નજીકમાં વીસ પચીસ માઇલ દૂરના સ્થળે (નાલંદાનું અંતર આ બન્ને નગરોથી લગભગ તેટલું હશે ) સ્થાપિત કરે, એટલે કલ્પી શકાય છે કે, વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને, રાજનગરની હવાના કેટલાક પ્રતિકુળ અંશોથી દૂર રાખવામાંજ વિશેષ હિત સમાયલું છે, એમ મહારાજાના મનમાં ઠસ્યું હોવું જોઇએ. તેમજ ત્યાં અભ્યાસ કરતા છાત્રોની મોટી સંખ્યા માટે, રહેવા કરવા નાવા ધોવા તથા વ્યાયામાદિ અન્ય ઈચ્છવા યોગ્ય પ્રવૃત્તિઓનો સંપૂર્ણપણે વિકાસ સાધવામાં, જે બહોળા વિસ્તારના ક્ષેત્રની આવશ્યક્તા અનિવાર્યપણે દેખાય, તેવડું મોટું ક્ષેત્ર કદાચ રાજપાટનગરની નિકટમાં ન પ્રાપ્ત થાય, અને થાય તો પણ કલુષિત વાતાવરણમાં છાત્રોને રાખવા હિતાવહ ન ગણાય: આવા અનેકવિધ મુદ્દાઓને લીધે, તેણે નાલંદાનું સ્થળ પસંદ કર્યું હશે એમ દેખાય છે. એટલે સાબિત થાય છે કે વિદ્યાશિક્ષણ વિશે સાંપ્રતકાળમાં જે વિચાર પ્રવાહ ચાલી રહ્યો છે, તે ધોરણેજ તે સમયે પણ ગુરૂકુળ, છાત્રાલય આદિના સંબંધમાં કામ લેવાતું હતું. અને આવા પ્રજા કલ્યાણના કાર્યની વિશાળતા જોતાં, તેમજ તેને અમલમાં મૂકવા માટે જે સાવધાનપણું સાચવવું જોઇએ, તે સાચવવાની કાળજી અને ઉલટ જોતાં, મહારાજા નંદનાં ડહાપણ, વિદ્યાપ્રેમ, દીર્ઘદૃષ્ટિ અને છૂટા હાથે દ્રવ્યવ્યય કરવાની[૪૩] તત્પરતા વિશે,

---

( ૪૩ ) જૈન સાહિત્ય ગ્રંથોમાં વર્ણવાયું છે. કે જો કોઈ કવિ, નવીન કાવ્ય રચીને લાવતો તો, મહારાજા નંદ તેને એક લક્ષ દ્રવ્ય ઇનામ આપતો ( આવા ઈનામી પ્રસંગો વરરૂચિએ સાધવા માંડયા હતા. પણ તેમાં શકટાળજીની બુદ્ધિથી તે ફાવ્યો ન હતો; આથી કરીને શકટાળ અને વરરૂચિ વચ્ચે વૈર બંધાયું હતું ( તેનો દૃષ્ટાંત નીચે પ્રમાણે જાણવો )

આ હકીકતજ તેનો વિદ્યાપ્રેમ તથા તેની પાછળ ગાંડો થઈને જે ધન તે ખર્ચતો હતો તેના પુરાવો રજુ કરે છે; તથા શ્રુતજ્ઞાન કેવું હતું તે પણ સાબિત થાય છે, ( જુઓ દ્વિતીય ખંડ ષષ્ટમ પરિચ્છેદે લખેલ હકીકત ).

આવું ઈનામ મેળવવાને, વરરૂચિએ નવીન શ્લોક રચવા માંડયા હતા. પ્રથમ તે મહાનંદની સમીપે બોલી જવા પડતા. આ નવીન શ્લોક સાંભળવાને રાજદરબારમાં અનેક પુરૂષ વર્ગ પણ હાજર રહેતો, તેમ સ્ત્રી વર્ગ પણ જવનિકાની અંદર બેસતો. શકટાળ મંત્રીએ આ સમયે પોતાની સાતે પુત્રીઓ હાજર રહીને સાંભળે તેમ ગોઠવણ કરી રાખી હતી. આ પુત્રીઓમાં, સૌથી મોટીની શક્તિ એવી હતી, કે જે કાંઇ એક વાર તેણી સાંભળે તે તેને યાદ રહી જતું, બીજીને બે વાર સાંભળવાથી યાદ રહી જતું, ત્રીજીને ત્રણ વખત સાંભળવાથી: એમ ઉત્તરોત્તર સાતમી વાર બોલેલું સાતમી પુત્રીને યાદ રહી જતું. એટલે હવે બનતું એમ કે, જે કાંઈ વરરૂચિ નવીન તરીકે બોલી જાય, તે પહેલી પુત્રીએ એક વખત સાંભળી લીધેલું ગણાય, એટલે તેણી અક્ષરે અક્ષર બોલી બતાવતી; અને તેણી બોલી જાય એટલે તે શ્લોક બેવાર બોલાયલ હોવાથી ( એકવાર વરરૂચિ બોલેલ, અને બીજી વખત તેની મોટી બહેન બોલેલ, એમ એકંદર બે વખત થયું ) બીજી પુત્રી પણ કડકડાટ બોલી જતી, તેવીજ રીતે, બીજી પુત્રીના બોલી ગયા બાદ ત્રીજી પુત્રી બોલી જતી; એમ ઉત્તરોત્તર સાતે પુત્રીઓ અનુક્રમવાર તે શ્લોક, અખંડ રીતે બોલી બતાવી શકતી. આ થી શકટાળમંત્રી મહાનંદને એમ સમજાવતો કે, વરરૂચિનો શ્લોક જો તદ્દન નવીનજ હોય તો, મારી આ સાતે પુત્રીઓને તે શ્લોક કંઠસ્થ શી રીતે હોઈ શકે ? મતલબકે વરરૂચિનું રચેલું કાવ્ય, આ યુક્તિથી મહા અમાત્ય જૂનું પુરાણું ઠરાવી દેતો. આમ કરવામાં તેનો મૂળ હેતુ, વરરૂચિ તરફ

આપણે મુક્તકંઠે હર્ષોદ્દગારજ કાઢવા પડે છે. એટલે જો કોઇ તેને કળથલોભી કહેવાની ધીઠતા વાપરે તો તે કથન સ્વીકારવાને આપણે ધસીને સાફ સાફ ના પણ પાડી દઇશું.

આ પ્રમાણે પ્રજાને વિદ્યાદાન દેવામાં મહારાજાએ, પંજાબમાંથી આયાત કરેલી પેલી વિદ્વાન ત્રિપુટીનો, તેમજ સુવર્ણરૂપે સંગ્રહિત કરેલ ધનનો, બહોળે હાથે ઉપયોગ કર્યો હોય એમ સમજાય છે. અને તેથીજ જનતાએ પણ કૃતજ્ઞ બની, તેની કીર્તિને નાલંદાવિદ્યાપીઠના ગૌરવ સાથે જગઆશકારા બનાવી, ભવિષ્યની પ્રજાના મુખે ગવાતી કરી દીધી છે.

એટલે હવે ઉપર પ્રમાણેની હકીકતના વિવેચનથી સમજાશે કે ત્રિપુટીનો નાલંદા વિદ્યાપીઠ સાથેનો **સંબંધ મ. સં. ૧૨૩–ઈ. સ. પૂ. ૪૦૪ થી** શરૂ થયો છે.

**શકટાળ મંત્રીનું મહાઅમાત્યપણું અને ચાણાક્યજીનું શિષ્યપણું**

સમ્રાટ નંદિવર્ધનના મહાઅમાત્ય કલ્પકની સાતમી પેઢીના પુરૂષ શકટાળે[૪૪] મહારાજા મહાનંદના મહાઅમાત્યનું પદ[૪૫] તેના ગાદીનશીન થયા પછી થોડા સમયે ગ્રહણ કર્યું હતું. તે બાદ સર્વત્ર શાંતિ પ્રસરી જવાથી પંજાબ દેશ ઉપર ચડાઇ કરીને તે તેણે જીતી લીધો. તથા ત્યાંથી પેલું પંડિતોનું ત્રિક આયાત કર્યું અને તેમણે નાલંદાવિદ્યાપીઠની કીર્તિ વધારી દીધી. આ સર્વે હકીકતથી આપણે હવે જાણકાર થઇ ચૂકયા છીએ. આ સર્વ પ્રસ્તાવમાં જેમ સમ્રાટ ધનનંદને યશ ઘટે છે તેમ તેના મુખ્ય સલાહકાર મહાઅમાત્યને પણ તેમાં યત્કિંચિત ભાગીદાર ગણવોજ પડશે.

મ. સં. ૧૨૩ થી ૧૨૮–૩૦ સુધીના=ઈ. સ. પૂ.

---

કાંઇ અભાવ નહોતો, પણ રાજાની મરજી વિરૂદ્ધ કોઇનાથી જવાય નહીં, અને રાજા આ પ્રમાણે લાખ લાખ દ્રવ્ય જો આપી દે, તો પછી રાજકોષ જલદી ખાલી થઇ જાય. એટલે અમાત્ય તરીકે તેની ફરજ હતી કે રાજ્યનું હિત ચાહવું જ જોઇએ. આ હેતુથી આવી યુક્તિનું આલંબન તેને લેવું પડતું હતું. આ પ્રમાણે વરરૂચિને ઈનામ અપાતું અટકાવી દેતો. એટલે વરરૂચિ, મહા અમાત્ય ઉપર રોષ રાખી તેનું કાટલું કાઢવાને, છિદ્રો શોધ્યાં કરતો હતો. અને અંતે તેના કાવાદાવાનોજ ભોગ આ મહા અમાત્ય થઈ પડયો હતો. જુઓ આગળ પૃ. ૩૬૫ અને ૩૬૬ ની હકીકત. વળી જ્ઞાન કેવું હતું તે પણ આથી સાબિત થાય છે (જુઓ દ્વિતીય ખંડ પંચમ પરિચ્છેદે લખેલ હકીકત)

(૪૪) એશિઆટીક રીસર્ચીઝ અંક ૫. પૃ. ૨૬૪ માં તેનું નામ શકતર આપ્યું દેખાય છે. પુરાણોમાં તેનું નામ શકટાર આપ્યું છે, જ્યારે કેટલાક જૈન ગ્રંથોમાં તેનુ નામ શકડાળ લખેલ છે. Asia. Res. V. p. 264:—Shakater. The Puranas state his name to be Shakatar; some Jain books pronounce as Shakadala.

મૈ. સા. ઈતિહાસ પૃ. ૯૫:—નંદ કે મંત્રિકા નામ શકટાર થા.

હી. હી. ઓ. પૃ. ૫૧૨—નંદરાજાના અમાત્યનું નામ સતકાર લખ્યું છે. વળી તેજ પુસ્તકમાં પૃ. ૫૦૩ પાને તેમણે લખ્યું છે કે "Katya- yana, the critic of Panini, was his prime minister—પાણિનીનો ટીકાકર કાત્યાયન તે તેનો (મહારાજા નંદનો) વડો પ્રધાન હતો. મારી સમજપ્રમાણે આ ભૂલ ભરેલું છે.

ખરીવાત એમ છે કે ચાણાક્ય, વરરૂચિ કાત્યાયન અને પાણિની તે ત્રણે સહાધ્યાયી હતા. અને સાથેજ મગધમાં આવેલ, તેમજ રાજમાં સરખી રીતે માનીતા હતા. એટલે પાણિનીના ગ્રંથ ઉપર ટીકાઓ તે લખી પણ શકે. બાકી મહાઅમાત્યપદે તે વિભૂષિત થયો હોય એમ બન્યું નથી દેખાતું. તેણે તે પદ માટે પ્રયાસ કરવામાં બાકી નહોતી રાખી તેટલું ખરૂં. બાકી તે પદ મેળવવા ભાગ્યશાળી થયો નહોતો (હકીકત જુઓ પૃ. ૩૬૫ થી ૩૬૭ માં).

(૪૫) ઉપરનું ટી. ૪૪ જુઓ

૪૦૪ થી ૩૯૭ સુધીના પાંચથી સાત વરસમાં ઉપરના ત્રણે વિદ્વાન પંડિતોએ પોતાની વિદ્યાના બળે મહારાજા ઉપર કાંઈક અજબ કાબૂ મેળવી લીધો હતો. જેથી તેઓને રાજ દરબારમાં પણ ગમે તે વખતે પ્રવેશ કરવાની રજા મળી હતી. આ ત્રણમાંથી પાણિની, માત્ર સરસ્વતી દેવીનોજ ઉપાસક હતો અને રાજકીય પ્રકરણમાં બિલકુલ માથું મારતો નહીં. તેથી તે તેના પ્રિય વિષય વ્યાકરણમાં એક અપૂર્વ સત્તા સમાન થઇ પડયો હતો. જ્યારે બીજા બે–ચાણાકય અને વરરૂચિ–વિદ્યા ગુરૂ તરીકેની પોતાની ફરજો ઉપરાંત રાજકીય બાબતોમાં પણ ચંચુ પ્રવેશ કર્યે જતા. તેથી વિદ્યા વિષયમાં, તેમનો સાથી પાણિની જેટલા અંશે ઝળકી ઉઠયો હતો, તેટલા તે ફાવ્યા નહોતા. છતાં તેઓએ પણ જે જે વિષયો[૪૬] હાથ ધર્યા હતા તેમાં તેઓ પ્રખ્યાત તો થયા હતાજ.

આ પ્રમાણે મગધનું રાજપ્રકરણી શકટ ચાલ્યે જતું હતું. પંડિત ચાણાકય પણ મહાઅમાત્ય શકટાળને પોતાની બુદ્ધિ અને અભ્યાસ અનુસાર પ્રસંગોપાત મદદ કર્યે જતો હતો. તેવામાં સંસારિક કામને લીધે, વચનની ભિક્ષાને અંગે પંડિતજીને[૪૭] રાજાનંદની પાસે એકાએક જવાની જરૂર પડી. આ સમયે રાજા અન્ય કામમાં ગુંથાયેલ હતો. પણ તેના ત્રણ કુંવરો રાજસભાવાળી કચેરીમાં રમી રહ્યા હતા. એટલે તેમની સાથે પંડિતજીને વાર્તાલાપ કરવાનો પ્રસંગ ઉભો થયો. તેમાં સૌથી નાના કુમારે–એકતો રાજકુંવર એટલે–મનમાં મદ તો હોયજ, તેમાં વળી બાળકપણું (ઉમર આશરે સાતેક વર્ષની હતી), વળી તેમાં પંડિતજીનો ચિંથરે હાલ જેવો વેષ–આવાં ત્રિવિધ કારણને લઇને સખ્ત અપમાન કર્યું. એટલે પંડિતજી જે પ્રકૃતથી ઉગ્ર ક્રોધી હતા, તેમનો પિત્તો હાથમાં ન રહેવાથી કોપાયમાન થઈ ગયા અને ક્રોધની જ્વાળામાંને જ્વાળામાં વસ્તુસ્થિતિનો વિચાર કર્યા વિના સપથ[૪૮] લીધા, કે જ્યારે રાજાનંદના વંશને[૪૯] ઉખેડી નાંખું ત્યારેજ હું બ્રાહ્મણ સાચો. આવી સખ્ત પ્રતિજ્ઞા લઈને રાજમહેલમાંથી તે નીકળી ગયો. કોઇનો સમજાવ્યો, લીધેલ પ્રતિજ્ઞામાંથી પાછો હઠ્યો નહીં. અને અંતે પ્રતિજ્ઞાના પાલનાર્થે તેણે મગધ દેશ છોડી દીધો. (જેનું અનુસંધાન આપણે હવે પછી જોડવું રહે છે) પણ અત્રે કહેવાનું એ છે કે, મહાઅમાત્યજીને એક વિદ્વાન્ અને ભવિષ્યમાં અતિ ઉપયોગી સલાહકાર થઈ પડે તેવા શિષ્યનો વિયોગ થયો. હવે તેની જગ્યા મેળવવા તેના અન્ય સાથીદાર વરરૂચિએ પ્રયાસ કરવા માંડ્યો.[૫૦] ધીમે ધીમે શકટાળના નિકટ સહવાસમાં તે આવતો ગયો. અને પોતાની સાંકડી મનોવૃત્તિને લીધે તેમજ ઇર્ષ્યાખોર સ્વભાવને લીધે, શકટાળનો પ્રિયજન થવાને બદલે તેના દુશ્મન[૫૧] તરીકેજ ઉગી નીકળવા માંડયું. એટલે મહામંત્રીજીને ખુવાર કરવા

(૪૬) પંડિત ચાણાકયજીએ જે અર્થશાસ્ત્ર રચ્યું છે અને જે ગ્રંથ અદ્યાપિ પણ એક સત્તા સમાન ગણાય છે, તેના મૂળાક્ષરનો અભ્યાસ તો તેણે નંદ દરબારે શકટાળમંત્રીના શિષ્ય તરીકેજ કરેલ, એમ આ ઉપરથી સમજાય છે (સરખાવો પૃ. ૨૬૭ ની ટી. નં. ૨૧.) જ્યારે વરરૂચિએ "વિભાસ" વીગેરે ગ્રંથો રચ્યા છે

(૪૭) પ્રસંગ માટે જુઓ પરિશિષ્ઠ પર્વ

(૪૮) આ સપથ લીધાથી તે પોતાની શેંડી (માથાના વાળ) હંમેશાં છૂટીજ રાખતો.

(૪૯) નંદને ઉખેડવાનું હોય તો તો એકલા નંદનેજ સહન કરવું પડત. પણ અહીંતો નંદપુત્રોએ અપમાન કરેલું એટલે તેનો બદલો તેમનાજ ઉપર લેવાનો હતો. જેથી નંદ વંશને ઉખેડી નાંખવાની પ્રતિજ્ઞા લેવાનું સમજાય છે.

(૫૦) સરખાવો ઉપરનું ટી. નં. ૪૪.

(૫૧) વરરૂચિનો સ્વભાવ પ્રથમથીજ ઈર્ષ્યાખોર તો હતોજ, પણ જ્યાં સુધી ચાણાકયજી ત્યાં હાજર હતા, ત્યાં સુધી તેને વારતા અને કાબૂમાં રાખતા; પણ હવે તેની ગેરહાજરીને લીધે તે નિરંકુશ બન્યો હતો.

અનેક કાવાદાવા રચવા[પર] મંડ્યો. પણ પોતે બહુ ફાવેલ નહીં, તથા સત્યનોજ અંતે જય થાય છે, તેથી તે પાછો પડયે જતો હતો. તેમાં એક બે વખત કેટલા પાસા એવા તો અવળા પડી ગયા કે[પ૩] રાજા મહાનંદને પણ વરરૂચિ પ્રત્યે અણગમો અને તિરસ્કાર પેદા થવા લાગ્યો. રાજાના આવા વર્તનથી જે ઉદ્વિગ્નતા પેદા થતી, તેમાંથી મુક્તિ મેળવવાને તેણે પોતાનું વર્તન સુધારવાને બદલે ઉલટા નફટ બની, મદિરાભક્ત બનવા માંડયું. અને પછી તો પૂછવુંજ શું ? દરેક પ્રકારે તેણે માઝા મૂકવા માંડી. એવામાં મહામંત્રીને ત્યાં પુત્રના વિવાહનો પ્રસંગ આવ્યો. અમાત્યે વિચાર્યું કે આવા શુભપ્રસંગે, સ્વગૃહે મહારાજાની પધરામણી કરી, કાંઇક ભેટ સોગાત ધરૂં. અને તેથી ક્ષત્રિય યોગ્ય, આયુધ ઉપયોગી સુવર્ણનાં અને રૂપાનાં શસ્ત્ર અસ્ત્ર કરાવવા આરંભી દીધાં. આ સમાચાર સાંભળવાથી વરરૂચિને જોઇતી તક સાંપડી આવી. મહારાજાને કાને ગુપ્તચરદ્વારા તેણે હકીકત પહોંચાડાવી કે, મહામંત્રીજી તો પધરામણી નિમિત્તે તેમના આવાસે આપને તેડી જઇ, આપનો ઘાટ ઘડવા-ઘાત કરવા માંગે છે, અને તે માટે અત્યારથી શસ્ત્રયુક્ત થવા માંડયું છે. આ બાબતની ખાત્રી કરવી હોય તો તેમના નિવાસસ્થાને ભૂગર્ભમાં શું બની રહ્યું છે તેની તપાસ કરાવો. મહારાજાને મહામંત્રીજીમાં સંપૂર્ણ વિશ્વાસ તો હતોજ. પણ જ્યાં સ્વપ્રાણ રક્ષાનો સવાલ આવ્યો ત્યાં મન ડગમગવા માંડયું. અને ખાનગી અનુચરો મોકલી તપાસ કરાવી, તો વરરૂચિના સંદેશ પ્રમાણેજ હથિઆર તૈયાર કરાતાં હતાં. તેવી ( તેમાં શો હેતુ હતો તે વાત જુદી છે ). સર્વ સ્થિતિ માલૂમ પડી. રાજા વહેમાયો અને તેથી મહામંત્રીજી તરફ અરૂચિ દેખાડવા લાગ્યો. ચકોર શકટાળ આ બધું તત્કાળ સમજી ગયો. તેણે વિવાહનો પ્રસંગ જાળવી લીધો. પણ પછી કેમ માનભર ખસી જવાય, તેના રસ્તા તેણે યોજવા માંડ્યા. આ સમયે શકટાળનો એક પુત્ર નામે શ્રીયક, મહારાજા નંદના અંગરક્ષકોના ઉપરીના અધિકાર પદે હતો. પિતાએ પુત્રને વિશ્વાસમાં લઇ, શું બન્યું હતું તે વાતથી તથા વરરૂચિનાં નીચ કૃત્યથી વાકેફ કર્યો. અને ભય દર્શાવ્યો કે મહારાજાનું મન વિશેષ વહેમી થતાં, કદાચ આપણા આખા કુટુંબનું નિકંદન કાઢી નાંખે; માટે તે પહેલાં હું પોતે એકલોજ ખપી જાઉં-મરણ પામું-તે બહેતર છે. એમ સમજાવી, એવી ગોઠવણ કરી કે, રાજસભામાં અમુક દિવસે ( અમુક પ્રસંગે ) મહામંત્રી ઉભા થઇને રાજ્ય પરિસ્થિતિનું નિવેદન કરવા, જેવા સમ્રાટ પાસે પરવાનગી માંગવા શીર ઝુકાવે, કે તેમની વિનત ગરદન ઉપર, સમ્રાટની પાસેજ ઉભા રહેતા અંગરક્ષકના સરદાર શ્રીયકજીએ પોતાના પિતાની ડોક ઉપર તુરત તલવારનો ઝટકો મારી, ધડથી માથું છુટું કરી નાંખવું.[પ૪] અને જ્યારે આમ કરવાનું કારણ પૂછે ત્યારે, કહેવું કે અંગરક્ષક તરીકે, સમ્રાટની સલામતી માટે કોઇ પણ રાજ્ય દ્રોહીનો, પછી તે ગમે તેવો મનુષ્ય હોય તો પણ તેનો વધ કરવો તે મારી ફરજ છે. આ પ્રમાણે કરવાથી, મહારાજાના મનનો વહેમ,

---

( પર ) સંપૂર્ણ હકીકત જાણવાના ઇચ્છકો એ પરિશિષ્ટ પર્વ જોવું; તથા ભ. બા. વૃ. ભા. પૃ. ૪૭ અને તે પછીના પૃષ્ઠો વાંચી જોવાં.

( પ૩ ) આમાંનો એક ટૂંકમાં લખી ગયો છું, ( જુઓ તે માટે ટીપણ નં. ૪૩ નું લખાણ )

( પ૪ ) અને મહામંત્રી તે સમયે પોતાના મુખમાં એવી જાતનું ઝેર-પ્રવાહી રાખે કે જેથી તેનું મરણ તે ઝેરથીજ નીપજે. એટલે વાસ્તવિક રીતે, શ્રીયકજીને પિતૃઘાતકપણાનો દોષ લાગે નહીં. આ બધા વૃત્તાંત માટે જુઓ ભ. બા. વૃ. ભાષાં. પૃ. ૪૮; ૪૯.

જેનું કારણ પોતે થયો છે તે દૂર થતાં ટળી જશે અને આખા કુટુંબને પાયમાલ કરવાને બદલે, ઉલટ શ્રીયકજીને ધન્યવાદ સાથે નોકરીની કદર દાની તરીકે સરપાવ પણ મળશે. ગોઠવ્યા પ્રમાણે બધો પાઠ શ્રીયકજીએ ભજવી બતાવ્યો અને પરિણામ પણ ધાર્યા પ્રમાણેજ આવ્યું. હવે મહારાજા નંદે શકટાળની જગ્યાએ શ્રીયકજીને મહામંત્રીની મુદ્રા આપવા માંડી. પણ તે સ્થાને પોતાના વડિલબંધુ સ્થુલિભદ્રજીની સ્થાપના કરવા તેણે વિનંતિ કરી. સ્થુલભદ્રજીને પૂછતાં, આ સર્વ કલેશના કારણભૂત મંત્રીમુદ્રાજ છે એમ લાગવાથી તેમણે તો જૈનદીક્ષાજ લઈ લીધી. એટલે શ્રીયકજીને તે પદ અર્પણ કરવામાં આવ્યું. આ બનાવ આશરે મ, સં. ૧૪૬-ઇ. સ. પૂ. ૩૮૧ માં બન્યો હોય એમ સમજાય છે. શકટાળના મરણથી વરરૂચિને અતિ આનંદ ઉપજ્યો. એટલે વિશેષ ગર્વિષ્ટ બન્યો અને પોતાની ધૂંધમાં ન કરવાનું પણ કરી બેસતો; તેથી તે રાજા નંદને વિશેષ અળખામણો થયો. તેવામાં પ્રસંગ આવતા શ્રીયકજીએ વરરૂચિનાં સર્વ કાવતરાંની વાત સમ્રાટને અથથી ઇતિ સુધી કહી સંભળાવી દીધી હતી. તથા મરહુમ મહાઅમાત્ય કેવો નિર્દોષ હતો તે પણ પ્રસંગ મળતા સાબિત કરી આપ્યું હતું. એટલે મહારાજા નંદે કારણ મળતાં તે લબાડ થઇ બેઠેલા દુશ્ચારિત્રી વરરૂચિને મગધની બહાર હાંકી કાઢ્યો. હવે શ્રીયકજી મહામંત્રી તરીકે નિશ્ચિંત થયો. આશરે સાતેક વર્ષ રહીને તે પણ ભરયુવાન વયે (આશરે ૩૫ વર્ષની) દીક્ષા લઇ છૂટો થયો હતો.[૫૫] આ પ્રમાણે રાજા નંદે એક પછી એક પોતાના સાચા સલાહકાર અને નિમકહલાલ સેવકો તેમજ પંડિતો[૫૬] ગુમાવ્યા હતા. આ બનાવની વધારે સંભવિત સાલ મ. સં. ૧૫૩-ઇ. સ. પૂ. ૩૭૪ હશે એમ દેખાય છે.

**ચંદ્રગુપ્તની ઉત્પત્તિ અને મહા રાજા નંદની કાર-કિર્દીનો અંત**

પંડિત ચાણાકયે, આશરે મ. સં. ૧૩૦-ઇ. સ. પૂ. ૩૯૭ માં આકરા સપથ લઇને જ્યારે પાટલીપુત્ર છોડયું, ત્યારે રસ્તામાં તેને પાસેનાજ ગામમાં એક મયૂરપોષકને ઘેર જવાની તક ઉભી થઇ હતી. ત્યાં તેની ગર્ભવતી પુત્રી મુરાનો[૫૭] દોહદ તેણે પૂરો કર્યો. એવી સરતે કે, જો પુત્ર અવતરે અને તેની પોતાને જરૂર પડે, તો તે ગમે તે વખતે માગી શકે અને તેના માબાપે તેને વિના સંકોચે હવાલે પણ કરવો પડે. કાળ ગયે તેણીને પુત્ર અવતર્યો હતો. તેનું નામ ઇતિહાસમાં ચંદ્રગુપ્ત તરીકે નોંધાયું છે[૫૮]. જ્યારે તે લગભગ ચૌદથી સોળેક વર્ષનો થયો, ત્યારે પોતે કરેલ સરત પ્રમાણે તેના માબાપ પાસેથી

---

(૫૫) તેણે સ્થુલભદ્રજીના ગુરૂ શ્રી શય્યંભવ-સ્વામી પાસે દીક્ષા લીધી હતી. આ શય્યંભવસૂરિનું સ્વર્ગ મ. સં. ૧૫૬ માં થયું છે. એટલે શ્રીયકજીની દીક્ષા તે પૂર્વે બે ત્રણ વરસે થઈ હોય; આ સઘળી ગણત્રી આપણી હકીકતના વર્ષો સાથે બરાબર મળતી આવી રહે છે.

(૫૬) ત્રિપુટીમાંનો, ચાણાકય તો રાજાને છોડી ગયો હતો, બીજા વરરૂચિને દેશવટો મળ્યો હતો અને ત્રીજા પાણિની વિશે કાંઇ સંભળાયું નથી. પણ સંભવ છે કે તે મરણ પામ્યો હશે. નહીંતો ચંદ્રગુપ્તના રાજ્યે ચાણાકયની સાથે તેના મિત્ર તરીકે તેના વિશે કાંઇક સાંભળવામાં આવત ખરૂં.

(૫૭) આ હકીકત સાબિતી આપે છે કે મુરાને અને રાજા નંદને કોઈ પ્રકારનો સંબંધ નહોતો. એટલે ચંદ્રગુપ્ત તે નંદનો પુત્ર હોઈ શકે નહીં. વળી જુઓ નીચેની ટી. નં. ૬૩ ની હકીકત.

(૫૮) આને લગતી બીજી હકીકત માટે જુઓ ચંદ્રગુપ્તના જીવન વૃત્તાંતે.

ચાણાકયજી તેને ઉપાડી ગયા. અને મગધદેશની હદની બહાર નજીકના પ્રદેશમાં જઇ, લુંટફાટ કરી થોડીક જગ્યા મેળવી લઈ, ત્યાંના જંગલી લોકોની મદદવડે તેને મ. સં. ૧૪૫-ઈ. સ. પૂ. ૩૮૨ માં ત્યાંના રાજા તરીકે જાહેર કર્યો. અને બીજાં આઠેક વર્ષના ગાળામાં તો, આસપાસની કેટલીક જમીન કબજે કરી તે નાના જેવા પ્રદેશનો સ્વામી બની બેઠો. અહીંથી એટલે ઇ. સ. પૂ. ૩૮૨ થી ચંદ્રગુપ્ત પોતે રાજા થયાનું અને તેના મૌર્યવંશની સ્થાપ્ના થયાનું કહી શકાશે.

એક તરફ ઉપર પ્રમાણે બનાવ બન્યે જતા હતા, જ્યારે બીજી બાજુ રાજાનંદની પાસેથી નિમકહલાલ નોકરો અને સાચા સલાહકારો (જુઓ ઉપરનો પારિગ્રાફ) ધીમે ધીમે ખસી જતા હતા. એટલે રાજ્યધૂરા વહન કરવાનો બોજો તેને માથે વધ્યે જતો હતો[૫૯]. તેમ વળી હવે, તો તેની ઉમર પણ ૬૦ વર્ષની ઉપર પહોંચી ગઈ હતી એટલે શરીરે નબળો પડી ગયો હતો.

આ બાજુ ચંદ્રગુપ્ત પણ કાંઇક રાજપદના લેખામાં આવી ગયો હતો. એટલે ચાણાકયજીએ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા વિશેષ ત્વરાથી કામ ઉપાડયું. પાસેનો ચેદિદેશ કે જે પર્વતોથી ભરપૂર હતો અને તેથી તેને પાર્વતીયપ્રદેશ પણ કહેવાતો[૬૦] હતો તેનો સ્વામી, અત્યારે પેલી હાથીગુંફાવાળા કલિંગપતિ સમ્રાટ ખારવેલનો પુત્ર વક્રદેવ હતો. તેથી તેની સાથે મંત્રણા કરીને ચાણાકયજીએ મગધ ઉપર[૬૧] ચડાઇ લઇ જવાની પેરવી કરી. આ ગોઠવણમાં એવી સરત કરાઇ હતી કે જીતમાં મળેલ વસ્તુઓનો અડધોઅડધ ભાગ વહેંચી લેવો. ( આ ભાગ કેવી રીતે પાછળથી વહેંચાયો હતો તે માટે જુઓ ચંદ્રગુપ્તના વૃત્તાંતે ) પછી ચંદ્રગુપ્ત અને વક્રગ્રીવના લશ્કરે એકઠા થઇ મગધ ઉપર આક્રમણ કર્યું. પરિણામે એકલવાયા અને વૃદ્ધ મહારાજા નંદનો પરાજય થયો. એટલે તેને મગધદેશનો ત્યાગ કરવો પડયો[૬૨], અને ચંદ્રગુપ્ત સમ્રાટ બન્યો. (મ. સં. ૧૫૫-૩૭૨ ઇ. સ. પૂ. ) આથી કરીને નંદવંશની સમાપ્તિ થઇ. રાજા મહાનંદનું પાછળથી શું થયું તે જણાયું નથી. પણ જ્યારે તેણે દેશનો ત્યાગ કર્યો, ત્યારે સમ્રાટ ચંદ્રગુપ્તે રાજામહાનંદને જેટલું દ્રવ્ય ઉપાડી લઇ શકાય તેટલું એક રથમાં ભરીને લઈ જવા રજા આપી હતી, તેથી તેણે કેવળ હીરારત્નાદિ અમુલ્ય વસ્તુઓજ ઉપાડેલ કે જેથી તેને નિવૃત્તિકાળે રાજ્યપતિ જેવાજ વૈભવમાં દિવસો ગાળવાનું બની શકે. એટલે માની શકાય છે કે, શેષ જીવનકાળ તેણે એક વ્યકિત તરીકેજ પૂર્ણ કર્યો હશે.

**તેનું કુટુંબ, રાજ્યકાળ તથા ઉમર**

તેને કેટલી રાણી હતી તે જણાયું નથી. પણ રાજ્યાભિષેક થયો તે વરસેજ નૈમિત્તિકની જે પુત્રી પરણ્યો હતો તે એક રાણી વીશે તો અત્ર આપણે નોંધ લેઇ શકીશુંજ. કુંવરમાં તેને ત્રણ હોવાનું હાલ તો જણાયું છે. જેઓ

( ૫૯ ) આ ઉપરથી સમજાય છે કે ચંદ્રગુપ્તને રાજા બનવા માટે જે પ્રદેશમાં લુંટફાટ કરવી પડી હતી, તે મગધ સામ્રાજ્યની સત્તામાં હોવા છતાં તે મૂલકની પાછળ કોઇ દેખરેખ રાખી શકતું નહીં. તેથી ચંદ્રગુપ્ત અને ચાણાકયનું કામ તેટલા દરજ્જે સૂતર થઇ પડયું હતું.

( ૬૦ ) આ બધા પ્રદેશને હાલમાં રેવા રાજ્યનો અગ્નિકોણવાળો અને ઓરિસા પ્રાંતનો વાયવ્ય ખૂણાવાળો કહી શકાય.

( ૬૧ ) આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કલિંગપતિ તે સમયે સ્વતંત્ર હતો. તેમજ તે જબરો રાજા પણ મણાતો હતો. એટલે મગધ દેશની હદ પશ્ચિમે કે દક્ષિણ હિંદમાં નહોતીજ એમ પણ સાબિત થાય છે.

( ૬૨ ) આ ઉપરથી દેખાય છે કે, રાજા નંદ મરાયો હતો એમ જે કેટલાકનું મંતવ્ય થાય છે તે બહુ આધારભૂત નથી. વિશેષમાં જુઓ ચંદ્રગુપ્તના વર્ણને.

દરેકની ઉમર, જ્યારે પંડિત ચાણાક્યજીનું અપમાન મ. સં. ૧૩૦ માં કરવામાં આવ્યું, ત્યારે અનુક્રમે બાર, દશ અને આઠેક વર્ષની હતી એમ સમજાય છે. એટલે તેમનો જન્મ મ. સં. ૧૧૮, ૧૨૦, ૧૨૨. અને ઇ. સ. પૂ. ૪૦૯, ૪૦૭, ૪૦૫ માં કહી શકાય. આ બધા જીવંત હોય તો, મહારાજા નંદે ગાદી છોડી તે સમયે તેમની ઉમર ૩૭, ૩૫ અને ૩૩ વર્ષની કહેવાય. જ્યારે મહારાજા નંદની પુત્રી[૬૩] પાછળથી ચંદ્રગુપ્તની પટરાણી બની છે તેનું લગ્ન મ. ૧૫૫ માં થયું કહેવાય. અને તેની ઉમર તે સમયે બહુ બહુ તો ૧૪–૧૫ વર્ષની ગણતાં, તેણીનો જન્મ મ. સં. ૧૪૧=ઈ. સ. પૂ. ૩૮૬ ની આસપાસમાં નોંધવો રહે છે.

મહારાજા નંદ મ. સં. ૧૧૨ માં જ્યારે ગાદીપતિ થયો ત્યારે તેની પોતાની ઉમર આશરે ૨૧–૨૩ વર્ષની હોવાનું જણાવ્યું છે. એટલે તેનો જન્મ મ. સ. ૯૧ કે ૮૯ માં સંભવે. વળી જ્યારે ગાદીત્યાગ મ. સ. ૧૫૫ માં કરવો પડ્યો છે, ત્યારે તેનું રાજ્ય ૧૫૫–૧૧૨=૪૩ વર્ષનું અને તેની ઉમર તે સમયે લગભગ ૬૫ વર્ષની થઇ કહેવાશે. આથી સમજાશે કે નંદવંશી નવે રાજાઓમાં, આ છેલ્લા રાજાનું રાજ્ય, દીર્ઘમાં દીર્ઘસમયી છે અને તેથી પણ તેને મહાનંદનું નામ છાજતું જ લેખાશે.

---

(૬૩) આથી સમજાશે કે, ચંદ્રગુપ્ત તે તો રાજાનંદનો જમાઇ થાય છે: નહીં કે પુત્ર ( જુઓ ઉપરની ટી. નં. ૫૭ ) એટલે ક. સૂ. સુ. પૃ. ૧૨૭ ઉપર તથા પરિશિષ્ટપર્વ તેમજ મુદ્રિકારાક્ષસ જે જણાવે છે કે, ચંદ્રગુપ્ત તે મહાનંદનો પુત્ર થતો હતો, તે બધી હકીકત ખોટી ઠરે છે, હજુ તેને મહાનંદની પાછળ ગાદીએ આવનાર કહી શકાય ખરો, પણ તેથી તેનો પુત્રજ હોવો જોઇએ એમ નથી ઠરતું: વળી બન્નેનો વંશજ જુદો ગણ્યો છે અને તેથી ગોત્ર પણ જુદાં ઠરે છે: એટલે પણ તે બન્ને, પિતા–પુત્ર હોઇ શકે નહીં,



# ષષ્ઠમ પરિચ્છેદ

## સમગ્ર નાગવંશી રાજાઓના ભૂમિવિસ્તારનું દિગ્દર્શન

**ટૂંક સાર—**

આ પ્રમાણે જુદોજ પરિચ્છેદ પાડી પ્રણાલિકા ભંગ કરવાનું પ્રયોજન—એક બીજી વસ્તુસ્થિતિ–કુરદતની ઇચ્છાઓનું પૃથ્થકરણ.

રાજા શ્રેણિકના સમયે અંગમગધા શબ્દનો થયેલો આરંભ અને તેમાં રહેલું રહસ્ય—રાજા અજાતશત્રુએ જે ચંપાનગરીમાં રાજધાની ફેરવી હતી તેનું સ્થાન ખરી રીતે કયાં આવેલું છે તેની સમજૂતિ–દક્ષિણહિંદનો માર્ગ અત્યારસુધી બંધ હતો તેનું ઉદ્‌ઘાટન થવાનો ભેદ—પોતાના સૈન્યનાં શિસ્ત અને સંગઠન માટેની ઉદયાશ્વની ચીવટ—તેનાં દીઠેલાં મીઠાં ફળ—યુવરાજ અનુરૂદ્ધની કારકિર્દીનો હેવાલ—મગધદેશમાં મહારોગ ફાટી નીકળ્યો હોવાનો સંભવ—નંદવંશની સ્થાપના—નંદિવર્ધન નામનો સાર્થકતા અને એક છત્રે રાજ્ય ચાલતું હોવાની સ્થિતિનો અનુભવ–મહાપદ્મઃ નંદ બીજાના રાજ્ય અમલની તુલના—નંદ ત્રીજાથી નંદ આઠમા સુધી મગધ દેશને શું ગુમાવવું પડયું ?–મહાનંદ અને ક્ષત્રિયોચ્છેદક પરશુરામની સરખામણી—તેનો સુવર્ણસંચય અને વિદ્યાપ્રેમ—નાલંદા વિદ્યાપીઠનો પુનરૂદ્ધાર અને રાજા મહાનંદના ધનનો કરાયલો સદુપયોગ—નાના મોટા નાગવંશના મુખ્ય રાજવીઓને અપાયલાં ઉપનામોની નોંધ—

## સમગ્ર નાગવંશી રાજાઓના ભૂવિસ્તારનું દિગ્દર્શન

ઇતિહાસના અનેક પુસ્તકો અત્યાસુધી બહાર પડી ચુક્યાં છે. પણ તેમાં પ્રત્યેક રાજાઓની હારજીત, કે તેણે જે દેશ ગુમાવ્યો પડ્યો હોય કે ઉમેરી લીધો હોય, તે સર્વેનું વર્ણન, તે તે રાજાના વર્ણનેજ કરી નાંખેલું હોય છે. અને તે પ્રમાણે સર્વે લેખકો કરતા આવે છે. એટલે તે રીત ઉત્તમ લાગી હશેજ. છતાં તે ચાલી આવતી પ્રણાલિકાનો ભંગ કરીને મારે બીજી રીતે કામ લેવાની વૃત્તિ થઇ છે તે માટે વાચક વર્ગની પાસે તેનું પ્રયોજન રજુ કરવા જરૂર વિચારૂં છું.

**જુદો ૪ પરિચ્છેદ પાડવાનું પ્રયોજન**


ચાલુ પદ્ધતિથી ફાયદોતો છેજ, કેમકે પ્રત્યેક રાજાઓનાં જીવન વૃત્તાંત આલેખતાં તેમાંના દરેકે શું શું પરાક્રમ કર્યાં હતાં, તે જો જાણવામાં ન આવે અને એમને એમ બીજી હકીકતો રજુ કર્યે જવાય, તો તે તે રાજાઓનાં વીર્ય અને શૌર્યથી આપણે અજ્ઞાત રહી જઇએજ. તેમ કેટલીક હકીકતો તેમની હારજીતની સાથે એવી રીતે સંકળાયેલી પડી હોય છે કે, જો એક પ્રકારની હકીકત રજુ ન કરવામાં આવી હોય તો બીજી હકીકત સમજીજ શકાય નહીં. અને પછી તે હકીકત સમજી નહીં શકવાથી, કાંતો ઇતિહાસનું વાંચનજ નિરસ થઈ જાય છે અને કાંતો વાચકને કંટાળા રૂપ થઇ પડતાં તેનો ત્યાગ કરવો પડે છે. એટલે આ દોષોનાં નિવારણ કરવા પૂરતા દરજ્જે ચાલુ પદ્ધતિ આવકારદાયક તો, છે જ. પણ આમ કરવામાં બીજી એક મુશ્કેલી ઉભી રહે છે. તેનું નિવારણ કરવા તરફ બેલક્ષ રહેવાય તો તે પણ તેટલીજ હાનીકર્તા થઇ પડે તેમ છે. તે એ છે કે પ્રત્યેક રાજાના વર્ણને તેમના રાજ્ય વિસ્તારની અને જય વિજયની હકીકત લખાય તો, એક રાજાની જીતહાર સાથે તેની અગાઉના અને પાછળના આવનારને કેટલો કેટલો સંબંધ હતો, ક્યા ક્યા બીજા સંયોગો ઉભા થયા હતા, કે જેની અસર તેમના જય પરાજય ઉપર પડી હતી તથા તે ઉપરથી સામાજીક વ્યવહારમાં અન્ય પ્રકારના શું ફેરફારો થઈ પડ્યા હતા કે જેના પરિણામે વસ્તુસ્થિતિનો પલટોજ નજરે પડતો હતો; આવા પ્રસંગોનો યથાસ્થિત ખ્યાલ લાવવા માટે, વાચકને કાંતો આગલાં પાછલાં પાનાં ઉથલાવવાં પડે છે અને કાંતો પોતાની સ્મરણ શક્તિને તીવ્ર બનાવવી પડે છે. અને આમ કરવામાં સ્મરણ શક્તિને વિશેષ ખેંચવા જતાં, મગજ ઉપરનો બોજો વધે છે. એટલે પણ, ઇતિહાસના અભ્યાસમાં જે બે દોષો ઉપર વર્ણવ્યા તે પાછા આવીને ખડા થાય છે. તે ટાળવા માટે મેં અહીં પ્રણાલિકાનું પરિવર્તન કરવા ધાર્યું છે. એટલે કે પ્રત્યેક રાજાના જયપરાજય સિવાયની અન્ય હકીકત લખતાંની સાથે સાથે, આપણો વિષય સમજવામાં કઠિન થઇ ન પડે તેટલા પુરતું, ત્યાં તેમના જયપરાજયનું પણ ધ્યાન આપવું; બાકી વિશેષ વિસ્તૃત વિવેચન તો જુદું પ્રકરણ લખીનેજ પુરૂં કરવું. અને સાથે સાથે તે સ્થાને અન્ય સંકલિત વસ્તુનો પણ પરિચય કરાવતા જવો. આટલા હેતુથી, આ પરિચ્છેદ સ્વતંત્ર રીતે લખ્યો છે.

**એક બીજી વસ્તુસ્થિતિ**


જો એમ પ્રશ્ન થાય કે, આ પ્રમાણેજ હેતુ છે તો પ્રથમ ખંડની સમાપ્તિ કરતી વખતે પણ આ પ્રકારનું પગલું કેમ ભર્યું નથી ? અને માત્ર દ્વિતીય ખંડના સમયેજ તેની આદિ કરવી પડે છે. તો તેનો જવાબ એમ છે કે, પ્રથમ ખંડમાં સોળે રાજ્યોનો ટૂંક ખ્યાલ આપવાનો હેતુ હતો. વળી




(આકૃતિ. નં. ૪૬ પાન ૩૦૭)




(આકૃતિ. નં. ૪૭ પાન ૩૦૭)




( આકૃતિ. નં. ૪૮ પૃષ્ઠ ૩૭૩ )

તે દરેક રાજ્યના ભૂમિવિસ્તારનો ચિતાર આપવા ધાર્યો હોય, તો કાંઈ એકજ પરિચ્છેદમાં સુગંઠિત રીતે આપી ન શકાય. વળી તેમ કરવા જતાં તો અહીંથી તહીં, અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ કુદાકૂદ કરવી પડે એટલે ધાર્યો હેતુ બર ન પણ આવે. જેથી તેવો પ્રયાસ કરવાનો વિચારજ નકામો હતો. વળી બીજું કારણ એમ પણ છે કે, આ પુસ્તકમાંના આલેખનની મર્યાદા આપણે ઇ. સ. પૂ. ૯૦૦ થી ઇ. સ. પૂ. ૧૦૦ સુધીની આંકી છે, અને તેમાંનો પ્રથમ અર્દ્ધભાગ તો ઇતિહાસકાળના સમયની પૂર્વેનો છે જેને ઇંગ્રેજીમાં Pre-historic કહેવાય છે; કે જે વખતે, વર્તમાનકાળની પધ્ધતિએ કોઇ પ્રકારનો ઇતિહાસ સાચવીજ રખાતો નહીં, તેમ કાળબળની—કુદરતની ઇચ્છા[1] પણ એવીજ દેખાય છે કે પ્રજાને તેમ કરવાની જરૂરિઆત ઉભી થવાની નથી. આ બે કારણથી પ્રથમ ખંડમાં આ પ્રકારે વર્ણન કરવાનું દુરસ્ત ધાર્યું નથી.

આ ઉપરાંત એક ત્રીજું વિશિષ્ટ કારણ એમ પણ હતું કે, સોળ રાજ્યોનો પૂર્વકાળનો ઇતિહાસ, પોત પોતાનેજ માત્ર સ્પર્શ કરતો હતો. તેની અસર સારાયે ભરતખંડને લાગુ પડતી નહોતી, કેમકે રાજાઓને ભૂપ્રાપ્તિની લોલુપ્તાનું લફરૂં વળગ્યું નહોતું.[2] એટલે તે તે રાજ્યે સત્તા ધરાવતો, એક વંશ જેવો ખતમ થતો કે તેમનું સર્વ વર્ચસ્વ ત્યાંજ સમાપ્ત થતું. અને પછી તે કોઈ દિવસ ભારતના ઇતિહાસમાં અસ્તિત્વમાં આવ્યું હતું કે કેમ, તેનું નામનિશાન જાણવાને પણ કાંઈ સાધન રહેતું નહીં. એટલે પછી એકજ માર્ગ ઉઘાડો રહ્યો કે, જ્યાંથી—કાળદેવે પોતાની સત્તાનો બાહુ ફેરવવા માંડ્યો, અને અમુક અમુક સામ્રાજ્ય જેવી પરિસ્થિતિ ઉભી કરવા માંડી, ત્યારથીજ આપણે પણ આપણો પ્રયત્ન ઉપાડવો જોઇએ. આથી કરીને, ઈ. સ. પૂ. ૫૨૩ થી જે સ્થિતિ પ્રવર્તતી રહી હોય, તેનોજ ચિતાર આપવા માટે જુદો પરિચ્છેદ પાડવાની યોજના હાથ ધરી. અથવા બહુતો, ઇ. સ. પૂ. ૫૨૩ થી શરૂ થનારી સ્થિતિ સાથેનો મેળ બાઝે તેવી સ્થિતિ પણ સંક્ષિપ્તમાં પ્રથમ જણાવી દેવી અને પછી ઇ. સ. પૂ. ૫૨૩ ની બાદની સ્થિતિ રજુ કરવી.

રાજા શ્રેણિકનો આખો રાજ્યકાળ પૂરો થયો, ત્યાં સુધી શુભ સમયજ પ્રવર્તમાન હતો (ઈ. સ. પૂ. ૫૨૩ પહેલાનો સમય હતો) એટલે તેને જર કે જમીન એમાંથી એકે વસ્તુના મોહે ઘેર્યો નહોતો. અને તેથી પ્રજાની સ્વાતંત્ર્યતા, વિના જોખમે નિયમીત રીતે વહ્યા કરતી હતી. તેમજ જુદાં જુદાં રાજ્યો[3] પણ એક બીજા સાથે અથડામણમાં આવ્યાં વિના, પોત પોતાનાં બંધારણમાં રહીને પોતાની હદમાં કાળ વ્યતીત કર્યે જતાં હતાં. પણ પોતાના રાજ્યનો અંત જેમ જેમ નજીક વર્તી થતો ગયો, તેમ તેમ તેણે શ્રી મહાવીર કે જે પોતાના જ્ઞાન બળથી ભવિષ્યની જરૂરિઆતથી જાણકાર હતા, તેમના પાસેથી પ્રેરણા મેળવી, પોતાના પુત્ર અને મંત્રીશ્વર અભયકુમારની

(૧) જુઓ "પ્રવેશક" બાબતના પ્રથમ પરિચ્છેદનું વર્ણન.

(૨) જુઓ પ્રવેશક નામના પ્રથમ પરિચ્છેદે જર, જમીન, જોરૂ, તે ત્રણે જગ્યાનાં છોરૂં—આ બાબતનો ખ્યાલ આપતી ટીકા—નં. ૧૧.

(૩) આ કારણને લીધેજ માત્ર ઉત્તર ભારતમાં તે સમયે સોળ (તેથી પણ ઓછી સંખ્યામાં) મોટાં રાજ્યો અસ્તિત્વ ધરાવતાં હતાં; દક્ષિણ ભારત તો અનાર્ય ગણાતો. એટલે ત્યાં કોઈ બંધારણ જેવુંજ નહોતું. આ સર્વ રાજ્યો ગણતંત્ર પ્રણાલિકાથી ચલાવાતાં હતાં; વિશેષ વિસ્તારપૂર્ણ વર્ણન માટે વાંચો પુરાતત્ત્વ પુ. ૨ માં તે વિષયનો લેખ.

સહાયથી, વિધવિધ પ્રકારની શ્રેણિઓ ઉભી કરી દીધી. અને તે પ્રમાણે સુવ્યવસ્થિત રાજ્યરચના તેમજ સંસારના બંધારણ ઘડી કાઢયાં. આ શ્રેણિ અને બંધારણ અનુસાર શ્રેણિકની પછી આવનારી સઘળી પ્રજાએ બધો વ્યવહાર ચલાવ્યે રાખ્યો હતો; તેમાં જોકે કાળાનુસાર સુધારો વધારો કરાતો રહ્યો છે[૪] ખરો, છતાં જો સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીશું તો હાલમાં પ્રવર્તી રહેલી સઘળી રાજ્ય વ્યવસ્થાનો, તથા વ્યવહારનાં બંધારણનાં સર્વ સૂત્રોનો, મૂળ પુરૂષ રાજા શ્રેણિક તથા તેનો પુત્ર મંત્રી અભયકુમારજ જણાઈ આવશે.

રાજા શ્રેણિકના મૃત્યુ બાદ પાંચ વર્ષેજ, કાળની સ્થિતિમાં મહાપલટો આવ્યો હતો. અને તે પરિવર્તનનો પ્રારંભ થતાંજ, તેનો પ્રભાવ-પ્રાદુર્ભાવ તેજ શ્રેણિકના પુત્ર અને સમ્રાટ એવા ખુદ કૂણિકમાંજ પ્રગટપણે દેખાવા લાગ્યો હતો. જેના પરિણામે તેને પોતાના માતામહ રાજા ચેટક ઉપર ચઢાઈ લઇ જતો આપણે નિહાળી શકીએ છીએ. તેમજ તેણે પોતાનો આખો જીવનકાળ જમીન મેળવવાના વ્યામોહ અને આસાક્તમાં, તથા આડોશીપાડોશીનાં રાજ્યો સાથે તકરાર અને બખેડાઓ કરવામાંજ વિતાવ્યો છે. એટલુંજ નહી પણ તે ને તે મોહની ઘેલછામાં અંધ બની પોતાની શક્તિનું માપ જાણ્યા સિવાય પોતાના ઘમંડમાં આગળ વધ્યાંજ કર્યો હતો. અને પરિણામે વિંધ્યાચળ પર્વતની એક ખીણ-અથવા ગુફામાં તેને પોતાનો જાન ગુમાવવો પડયો હતો.[૫] અલબત્ત આથી કરીને તેના શરીરનું જો કે બળીદાન દેવાયું હતું, પણ ભારતવર્ષને એક ફાયદો તો જરૂર થયોજ. તે એકે અત્યાર સુધી વિંધ્યાને ચીરીને દક્ષિણ ભારતમાં જવાનો માર્ગ જે તદન બંધ હતો તે ખુલ્લો થયો. અને પરિણામે દાક્ષણ ભારત અનાર્ય મટી આર્યપણા તરફ વળવા મંડયો. આ સ્થિતિનો સૌથી પ્રથમ લાભ, કૂણિકની પછી તુરતજ ગાદીએ આવનાર અને તેનાજ પુત્ર ઉદયનભટે લીધો હતો. તે આપણે આગળ ઉપર જોઇ શકીશું.

આટલું પ્રસ્તાવક વિવેચન કરીને હવે આપણે પ્રત્યેક સમ્રાટનો રાજ્ય વિસ્તાર તથા તેમ થવાનાં કારણો અને સંજોગોનો ઉલ્લેખ કરીશું.

## બિંબિસાર : શ્રેણિક

રાજા શ્રેણિકના સમયનો લગભગ આખો ઉત્તર ભાગ, વ્યવહારની રચના કરવામાંજ વ્યતીત થયો હતો. એટલે કોઈ બીજા રાજ્ય સાથે આખડવાનો પ્રસંગ તેને માટે ઉપસ્થિત થાય તેટલો

---

( ૪ ) સરખાવો પૃ. ૪૩ ઉપર, સામાન્ય વર્ણનવાળા આખા પારિ. ની હકીકત.

( ૫ ) જુઓ પૃ. ૩૦૧ ઉપર તેનાં મરણને લગતી હકીકત વાળું લખાણ. આ પ્રકરણ કાંઈક ધાર્મિક તત્ત્વ ચર્ચતું કહી શકાય તેવું છે. એટલે અહીં ઉતારવું યોગ્ય નથી ધાર્યું. માત્ર તેનો સાર જ કહ્યો છે.

ધાર્મિક તત્ત્વ એટલા માટે કહ્યું છે કે તે હકીકત જડવાદમાં માનનારને અને જેટલી પ્રત્યક્ષ વસ્તુ જુએ તેટલીજ સત્ય, બાકી બધું ટાઢા પહોરના ગપ્પાં તરીકે માનનારને ગળે ઉતરે તેવી નથી, પણ જેમ જેમ શાસ્ત્રની અનેક હકીકતો બુદ્ધિગમ્ય અને સાધારણ અક્કલમાં ન ઉતરી શકે તેવી હોવા છતાં, કાળક્રમે વૈજ્ઞાનિક શોધથી તે હકીકતો પૂરવાર થઇ સત્ય તરીકે સ્વીકારાતી જાય છે ( જેમ કે, વનસ્પતિમાં જીવ હોવાનું સાબિત થયું છે.) તેમ તેમ શાસ્ત્ર કથન ઉપર માણસને વિશ્વાસ ચોંટતો જાય છે. તે પ્રમાણે આ ધાર્મિક તત્ત્વ પણ કાળક્રમે તે કક્ષામાં કદાચ ઉભું રહે તો આશ્ચર્ય પામવા જેવું નહીં ગણાય.

આના જેવી કેટલીએ પ્રાચીન વસ્તુઓનો, કાળના પ્રભાવથી વિનાશ થતો ગયો છે, ને થતો જાય છે, તે ભલે બુદ્ધિગમ્ય ન હોય, પણ જ્યારે હાથીગુંફા જેવા શિલાલેખના આધારે કેટલીક હકીકતો જણાઇ છે, ત્યારે તો તેને માન્યા વિના છુટકો રહે તેમ નથી—( જુઓ તેનું વર્ણન અને મૌર્ય કાળની સાથે શ્રુતલેખનનો સંબંધ )

ફાજલ વખત નહોતો. તેમ વળી તે શાંતિનો[૬] ઉપાસક હતો. એટલે પણ કોઇની સાથે વિના કારણ કજીયા વહોરી લેવાની વૃત્તિવાળો નહોતો. છતાં તેને કોઇ સાથે બાખડવુંજ નહોતું પડયું તેમ તો બન્યુંજ નથી. જે કાંઇ તેને પડોશી રાજ્ય સાથે લડવું થયું છે, તે પોતાના રાજ્યકાળના પ્રથમાર્દ્ધમાંજ. અને તે પણ, ભૂમિપ્રાપ્તિના લોભને વશ થઇને કરવું નથી પડયું, પણ કેવળ જોરૂ લોભને[૭] અર્થેજ કરાયું હતું. કેમકે જો જમીન મેળવવાનોજ આશય હોત તો જે એ રાજ્ય સાથે તેને યુદ્ધ આદરવું પડયું હતું અને જે બંનેમાં વિજયમાળા તેને વરી હતી, તેનો કેટલોય વિસ્તાર પોતાના મગધ સામ્રાજ્યમાં હોઇયાં કરી દીધો હોત. છતાં આપણે જોઈશું કે તે પ્રમાણે કાંઈજ બનવા પામ્યું નથી. પણ જોરૂની પ્રાપ્તી થતાંજ તે બંનેની સાથેના યુદ્ધને હમેશ માટે ખંભાતી તાળાં દેવાઇ ગયાં હતાં અને કાંઇ જાણે બન્યુંજ નહોતું એમ પૂર્વવત્ સર્વવ્યવહાર ચાલુ થઇ ગયો હતો. આ બે રાજ્યોમાંનું એક કોશલપતિનું હતું અને બીજું મિથિલાપતિનું હતું. તેમાંયે મિથિલાપતિ રાજા ચેટક સાથેના યુદ્ધને તો યુદ્ધનું નામ આપવા કરતાં એક છમકલુંજ કહેવું, હજુ સમીચીન ગણાશે. જ્યારે કોશલપતિ રાજા પ્રસેનજિત સાથેનું યુદ્ધ તો લગભગ દોઢદસકા સુધી લંબાયું હતું. અને તેટલા કાળ દરમ્યાન આશરે બારથી પંદર વખત હુમલા લઇ જવા પડયા હતા. મિથિલા સાથેના યુદ્ધમાંથી તેને રાણી ચિલ્લણાની પ્રાપ્તિ થઇ હતી અને કોશળ સાથેના યુદ્ધમાંથી તેને પોતાને રાણી કૌશલ્યાદેવીનો લાભ મળ્યો હતો ઉપરાંત તેની સાથે યુદ્ધમાં મદદ કરનાર યુવરાજ કૂણિકને રાણી પ્રભાદેવીનો પણ લાભ મળી ગયો હતો.

સાંપ્રતકાળે પણ કોઇ વખતે, જેમ બનતું આવ્યું છે કે ચઢાઇ કરનારના અને જેના ઉપર ચઢાઇ કરવામાં આવે છે તે બન્નેના પ્રદેશ વચ્ચે હજારો માઇલનું અંતર હોય છે તેમ તે વખતે બનતું નહોતું. અને તેથીજ રાજા શ્રેણિકને, જે કાંઇ યુદ્ધ કરતો આપણે નિહાળવો પડ્યો છે, તે કેવળ પોતાના પડોશી રાજ્યો સાથેજ છે. જે પ્રમાણે ઉપરનાં બે પડોશી રાજ્યની સાથે કજીયા કરતો જોયો તે જ પ્રમાણે બીજાં ત્રણ રાજ્યો પણ તેની સરહદને લગોલગ અડીને આવેલાં હતાં. તેમનાં નામ કાશી,[૮] કૌશાંબી અને ચંપા (અંગ) કહેવાય. તેમાંનું કાશી તો તેને પોતાના પૂર્વજો તરફથી વારસામાં ઉતરી આવ્યું હતું. એટલે કે તે તો તેનું પોતાનુંજ હતું એમ થયું. અને બાકીનાં બે જે રહ્યાં, ત્યાં તેના સગા સાઢુઓ[૯] રાજ્યાધિકારી હતા. એટલે પછી ત્યાં કાંઇ જોરૂ લોભ હોવાનું કે તેનો ઉદ્‌ભવ થવાનું-કારણ નહોતું. ઉપરના દૃષ્ટાંતો પૃથ્વી લોભના કરતાં જોરૂ લોભ હોવાની પ્રતીતિ માટે ટાંકી શકાશે.

છતાં એક અન્ય પરિસ્થિતિ ઉપર વાચક વર્ગનું ધ્યાન ખેંચવાની આવશ્યકતા લાગે છે. રાજાશ્રેણિકે ભલે ઉપરના કૌશાંબી કે ચંપાના

---

(૬) જુઓ દ્વિતીય પરિચ્છેદે ટીકા નં. ૨૪

(૭) સરખાવો પ્રથમ પરિચ્છેદમાં વર્ણવાયલી સ્થિતિ, પૃ. ૭ તથા ટી. ૧૧ ની હકીકત.

(૮) કાશીનું નામ અહીં ખરી રીતે લેવું ન જોઇએ. કેમકે તેની માલિકી તો તેની પોતાની હતીજ; પણ અહીં ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે, સોળ રાજ્યોનાં નામો જે ગણાવાયાં છે તેમાં તેનું નામ પણ લેવાયું છે તેથી.

(૯) કૌશાંબીપતિ-વત્સપતિ રાજા શતાનિક વેરે, ચેટક કુંવરી મૃગાવતી પરણાવી હતી અને અંગપતિ રાજા દધિવાહન વેરે ચેટક કુંવરી પદ્માવતી પરણાવી હતી. એટલે આ બન્ને રાજા શ્રેણિકના સાઢુજ કહેવાય (જુઓ ઉપર પૃ. ૧૨૫ થી ૧૩૪ સુધીની હકીકત)

રાજ્ય સાથે યુદ્ધ તો નહોતુંજ આદર્યું, તોપણ ચંપાના રાજ્ય ઉપર એટલે કે અંગદેશ ઉપર પોતાની સત્તા હોય તો સારું, એમ તેના મનની ભાવના તો હતીજ. વળી અંગદેશ ઉપર તેનો પક્ષપાત હોવાનાં અનેક કારણ પણ છે. કેમકે (૧) તે દેશની રાજધાની ચંપાનગરીમાં તેના ધર્મના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યનું નિર્વાણ થયું હતું[૧૦] એટલે કે તે એક તીર્થભૂમિ હતી (૨) તેમ બીજું કારણ: તેના પરમ ઉપકારી અને ધર્મના વિદ્યમાન પ્રવર્તક શ્રી મહાવીરને જ્યાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું હતું તે સ્થાન[૧૧] પણ આ દેશમાંજ આવેલ હતું. આવાં બે તીર્થો જ્યાં આવી રહેલ હોય ત્યાં તેનું મન ઝંખ્યા કરે તે સ્વભાવિક હતું. પણ તે અંગદેશનું રાજ્ય તેનું સહધર્મી હોવાથી તેમજ તેને પોતાને તે ધર્મના રહસ્યનું આદર્શ જ્ઞાન હોવાથી, તેમજ રાજ્યલોભનો તેના હૃદયને તલ ભાર પણ સ્પર્શ થયેલ ન હોવાથી ઉપર પ્રમાણે સ્થિતિ નભાવી લીધી હતી. વળી કોઇ રીતે અન્યાયનો નજ થવો જોઇએ તે સૂત્રનો પક્ષપાતી હોવાથી[૧૨] પોતાની તે પ્રબળ ઇચ્છા મનમાંજ સમાવી રાખી હતી. છતાં તેનો રાજા દધિવાહન નિર્વંશ[૧૩] મરણ પામ્યો છે એમ તેના સાંભળવામાં આવ્યું કે તુરતજ પોતાની શક્તિ ફેરવી તે અંગદેશનું રાજ્ય તેણે મગધમાં ભેળવી લીધું હતું. ત્યારથી તે અંગ-મગધાનો[૧૪] સ્વામી થયો. અને હવે અંગદેશ, મગધ સામ્રાજ્યનો એક ભાગ થઇ જવાથી, રાજા શ્રેણિકના મરણ બાદ તેનો પુત્ર કૂણિક જ્યારે અજાતશત્રુ તરીકે ગાદીએ આવ્યો તથા તેનું મન રાજગૃહીમાં રહેવાને ખટકવા માંડયું ત્યારે તેણે આ ચંપા નગરીને રાજધાની બનાવી હતી. અલબત તેણે રાજપાટ બનાવ્યું ત્યારે તે ભગ્નાવસ્થામાં હોવાથી[૧૫] તેના કેટલાક ભાગને સમરાવી કરીને જીર્ણોદ્ધાર કરવો પડ્યો હતો. આ બનાવ ઇ. સ. પૂ. ૫૨૪ માં બનવા પામ્યો હતો. ઉપરાંત પોતે તેજ ધર્મનો પરમભક્ત હોવાથી તે કૈવલ્યકલ્યાણકની તીર્થભૂમિ ઉપર જેમ કોશળ-

(૧૦) જે જગ્યાએ પ્રિયદર્શિન રાજાએ રૂપનાથનો લેખ ઉભો કરાવી રાખ્યો છે તે સ્થાન.

(૧૧) જૈન ધર્મમાં પાંચ કલ્યાણકોમાંનું એક કલ્યાણક કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિને ગણ્યું છે. અને તેથી તેના સ્થાનને પણ એક તીર્થભૂમિ તરીકે લેખે છે.

હાલના મધ્યપ્રાંતમાં આવેલ નાગોડ રાજ્યની સત્તામાં ભારહુત નામનું ગામડું જે આવી રહેલ છે તે સ્થાન આ તીર્થભૂમિ સમજવી. પાટલીપુત્ર શહેરવાળી સોન નદીની શાખાનદી ઉપર તે આવેલું છે; તેમજ રેલ્વે લાઇનના સતના જંકશનથી થોડાક માઈલ ઉપર તે સ્થાન આવેલું છે; ત્યાં "ભારહુતસ્તૂપ" નામથી ઓળખાતો મોટો સ્તૂપ ઉભો કરાયેલ છે. તથા તેના દરવાજામાં કોશળપતિ રાજા પ્રસેનજિતે, અને આ મગધપતિ રાજા અજાતશત્રુએ પોતપોતાના નામે મોટા સ્તંભો ઉભા કરાવ્યા છે તથા રાજા પ્રિયદર્શિને પણ પોતાનો હિસ્સો પૂરાવ્યો છે.


વળી પૃ. ૨૯૫ માં પાટનગરના સ્થાનાંતરવાળા પારિગ્રાફનું વર્ણન અને તેને લગતી ટીકાની હકીકત જુઓ. તેમજ હવે પછી બહાર પડનાર મારું પુસ્તક નામે "Life of Shree Mahavira–શ્રી મહાવીર ચરિત્ર જુઓ."

(૧૨) સરખાવો તેના જીવન ચરિત્રે પૃ. ૨૭૭ ઉપરની તેના ચારિત્રની સમાલોચના ટી. નં. ૫૯ (a) અને (g) તથા પૃ. ૨૭૮ માં ટી. નં. ૬૨ નું લખાણ.

(૧૩) ખરી રીતે તો તે નિર્વંશ નહોતોજ; કેમકે તેનો પુત્ર મહામેઘવાહન કરકંડુ નામે હતો. પણ તે પોતે કલિંગપતિ તરીકે અભિષિક્ત થયો હતો એટલે અંગદેશ ઉપર તેનો હક વિશેષ કહી ન શકાય. આ ગણત્રીથી તેને નિર્વંશ ગણવામાં આવ્યો છે એમ સમજવું.

(૧૪) જુઓ અંગદેશની હકીકતે આ બનાવ ઈ. સ. પૂ. ૫૩૭ માં બન્યો હતો.


(૧૫) ઈ. સ. પૂ. ૫૫૭ માં વત્સપતિ રાજા શતાનિકે, ચંપા ઉપર હલ્લો કરી ભાંગી નાંખી હતી (જુઓ પૃ. ૧૧૪ ઉપર) એટલે કે આશરે પચીસ વર્ષે તેનો પુનરુદ્ધાર થયો એમ ગણવું.




( આકૃતિ. નં. ૫૦ : પૃષ્ઠ ૩૭૭ )




( આકૃતિ. નં. ૪૯ પૃષ્ઠ ૩૭૫ )




( આકૃતિ. નં. ૫૧ : પૃષ્ઠ ૩૭૯)

પતિ રાજા પ્રસેનજિતે તે સ્તૂપના ગઢમાં પોતાના નામે એક સ્તંભ-તોરણ ઉભું કરાવ્યું હતું. તેમ રાજા અજાતશત્રુએ પણ પોતાનો હિસ્સો ઉમેરીને પોતાની ભક્તિ દર્શાવી હતી. આ સ્તંભો અદ્યાપિપર્યંત પણ તે બન્ને ભૂપતિની કૃતિનાં સ્મારક તરીકે સાક્ષી પૂરતા આપણી નજરે પડી રહ્યા છે

એટલે ઉપર દર્શાવ્યા પ્રમાણે રાજા શ્રેણિક ના અમલમાં તેને જે મુલકનો વારસો પોતાના પિતા તરફથી મળ્યો હતો, તેમાં માત્ર અંગદેશનોજ ઉમેરો થવા પામ્યો હતો. તે સિવાય લેશ પણ બીજી પ્રાપ્તિ કરી નથી તેમ ગુમાવ્યું પણ નથી.

### અજાતશત્રુ : કૂણિક

જેમ તેના પિતાને ચારિત્રને અંગે ( જુઓ પૃ. ૨૭૭ ) પાંચ સાત બિરૂદો લગાડી શકાયાં છે. તેમ આને, એકજ ઉપનામ ચારિત્રને અંગે Kunika the greedy અને બીજું તેના શરીર સ્થાપત્યને અંગે Kunika the crooked એમ કુલ મળી બે ઉપનામો આપી શકાયાં છે. Kunika the crooked કેમ પડ્યું હતુ તે આપણે ઉપરમાં પૃ. ૨૮૩ તથા ૨૮૭ માં જણાવી ગયા છીએ. હવે બીજું ઉપનામ કેમ મળ્યું તેની કાંઇક ઝાંખી કરાવીએ.

તેના સમયથી કાળદેવની અસર જણાવવાનો પ્રારંભ થઇ ચૂકયો હતો તે ઉપર કહી ગયા છીએ. એટલે તેની વૃત્તિઓમાં ક્રમેક્રમે રાજ્ય લોભનો સંચાર થવા પામતો હતો. જેના પ્રથમ દર્શનેજ પોતાની દૃષ્ટિ પોતાના સહોદરો હલ્લ અને વિહલ્લને અંગે પોતાના માતામહ વિશાળાપતિ રાજા ચેટક ઉપર પડી હતી. જેના પરિણામે રાજા ચેટકનું નિર્વંશપણે મરણ નીપજવાથી તેનો વિદેહનો પ્રદેશ, મગધપતની સત્તામાં આવી ગયો હતો. આ બનાવ ઇ. સ. પૂ. ૫૨૮-૭ માં બન્યો હતો. તે પછીના એક વર્ષમાંજ તેના કેટલાએ સ્નેહી જનોના અભાવ થવાથી અને તેમાં કેટલાકનાં પરોક્ષ અપરોક્ષ કારણરૂપે પોતે હોવાથી તેને પસ્તાવો થતો હતો. તેથી રાજગૃહીમાં રહેવા ઉપરથી તેનું મન ઉઠી ગયું હતું. એટલે તેણે રાજ્ય લગામ લીધા બાદ તુરતજ પાટનગરનું સ્થાનાંતર કરવાનું મન ઉપર લીધું હતું. તે સ્થાન તેણે સુધારી કરીને ચોથા વરસે અમલમાં પણ મૂકી દીધું હતું. તે આપણે તેનું જીવન ચરિત્ર લખતાં જણાવી ગયા છીએ.

હવે તેની ગાદી ચંપાનગરીમાં થવાથી રાજગૃહી જેવા એક ખૂણામાં પડી રહેવાને બદલે તે મધ્યસ્થ સ્થાને આવી ગણાય. એટલે રાજકીય નજરે પણ તે ફેરફાર આવકારદાયક દેખાતો હતો એમ કહી શકાય. બાકી તેને સ્થાનાંતર કરવામાં તો શોક ( ઉપર જણાવ્યું તેમ ) અને પૃ. ૨૯૬ જણાવ્યા પ્રમાણે ધર્મ પ્રત્યેની ભક્તિ કારણરૂપે હતાં. હવે તેણે સ્થિર થઇને પોતાનું રાજ્ય વધારવાની લાલસા સંતોષવા માટે ધ્યાન ઉપર લેવાનું હતું. તેમાં પૂર્વ તરફનો કોઇ પ્રદેશ જીતવા જેવું હતુંજ નહીં પણ પશ્ચિમ દિશામાં ઠેઠ ઉત્તરેથી ગણતાં, પ્રથમ કોશળદેશની, પછી વત્સ અને અવંતિની હદો આવી રહેલી હતી. જ્યારે આખી દક્ષિણવાટે વિંધ્યાચળ પર્વત આડો પડેલ હતો. તેમાંય પ્રથમ નજર કોશળ તરફ દોડાવી હોય એમ લાગે છે. જોકે કેટલાકનો મત એમ પણ છે કે[૧૬] કોશળ દેશની સ્વતંત્રતા રાજા નંદિવર્ધનના સમય સુધી અખંડિત રહેવા પામી હતી. પણ તેમ માનવાને કોઇ મજબૂત પુરાવો મળતો હોય એવું ધ્યાનમાં નથી. તેમ એ પણ

---

( ૧૬ ) જુઓ નંદિવર્ધનના વૃત્તાંતે, ટી. નં. ૩૪ ની હકીકત તથા તેનું મૂળ લખાણ.

કહેવું જોઇશે કે, તે દેશ જીતી લીધો હોય તેવું પુરવાર કરવાને પણ પુરાવા નથી. બાકી જે કાંઇક પ્રભાવ તેની રાણી પ્રભાવતીએ તેના ઉપર પાડ્યો હતો તે જોતાં, અને રાણી પ્રભાવતી કોશળદેશની રાજકન્યા હતી તેઃ એ પ્રમાણેના બે કારણો જોતાં, તો ઉલટું એમ માનવાને કારણ મળે છે કે તે દેશ તરફતો તેણે આડી આંખે પણ જોયું હોવું ન જોઈએ. પણ તેનો લોભી સ્વભાવ અને ચળવળીયું મન જોતાં, રાજકીય કારણ પાસે સસરાના સંબંધને ગૌણ લેખી, તે રાજ્ય ઉપર તેણે આગળની માફક હુમલા લઇ જઇને તેને પોતાના સામ્રાજ્યનું એક ખંડિયું બનાવી દીધું હોય તેમ ધારવા માટે ખચકાવા જેવું નથી. પછી રહી વત્સ અને અવંતિ દેશની વાત. તેમાં વત્સદેશના રાજા ઉદયન વેરે પોતાની પુત્રી પદ્માવતીને પરણાવી હતી એટલે ત્યાં તો નિરૂપાયે મૌનજ સેવવું પડે તેમ હતું. એટલે હવે રહ્યું એકલું અવંતિનું રાજ્ય. પણ તેની અને પોતાની વચ્ચે કેટલીક હદ સુધી વત્સ રાજ્યની હદ હતી તેમ કેટલીક જે અડોઅડ હતી ત્યાં વિંધ્યાચળની શાખાઓ, પર્વતો અને ડુંગરાઓ તથા નદીનાળાં આડે આવીને ઉભાં હતાં. એટલે તે બાજુ પણ પ્રયાસ કરવાનું માંડી વાળ્યું હોય એમ માનવાને કારણ રહે છે. પછીતો એકજ માર્ગ ઉઘાડો રહ્યો કહેવાય; કે કેમે કરીને જો વિંધ્યાપર્વતની પેલી પાર જવાય તો આખો દક્ષિણ ભરતખંડ તેને ચરી ખાવાને મળે. આ કામ બે રીતે પાર પડી શકાય તેમ હતું. એક એ કે, તે પર્વત ઉપર લશ્કર લઇ જઇ તેને ઓળંગાય તો અને બીજું, કોઇ ઘાટ જેવો રસ્તો હોય તો તેમાં થઇને પેલી પાર જવાય. તે સમયે આ બન્ને માર્ગો બંધ જેવાજ હતા. એટલે તે બેમાંથી જે વધારે સુતર જેવો તેને દેખાયો તે ગ્રહણ કરવાને પ્રેરાયો. તે પ્રમાણે પર્વતને વીંધીને માર્ગ કરવા જતાં તેને કેમ જાન ગુમાવવો પડ્યો હતો, તે આપણે ઉપર જોઈ ગયા છીએ. એટલે અતિ લોભ તે પાપનું મૂળ તે હિસાબે, તે નથી તો પોતાના રાજ્યમાં વધુ મુલકનો ઉમેરો કરી શક્યો, કે નથી તો પોતાના સતપતિયા સ્વભાવને લીધે બહુ શાંતિથી જીવન ગુજારી શક્યો. એટલેકે આખી જીંદગી તેણે લગભગ રઝળાયાપણેજ પૂરી કરી છે.

### ઉદયન

રાજા અજાતશત્રુના મરણ પછી તેનો પુત્ર ઉદયન ગાદીએ આવ્યો. તેણે પણ પોતાના પિતામહ અને પિતાની પેઠે રાજ્યપાટ ફેરવવાની જરૂરિઆત જોઇ હતી. અને કેવી રીતે તે અમલમાં મૂકી હતી, તે આપણે જણાવી ગયા છીએ. જો કે વિંધ્યાચળ પર્વતમાં થઇને દક્ષિણ હિંદમાં જવાનો માર્ગ તેના પિતાના મરણ બાદ તેને માટે ખુલ્લો થયો હતો, છતાં તે માર્ગ દૂર જેવો થઇ પડ્યો હતો. કેમકે હવે તેનું પાટનગર ચંપા નગરીમાંથી ફેરવીને પાટલીપુત્રમાં આવી ગયું હતું. એટલે દક્ષિણ દેશ તરફ જવાની પોતાની મનોકામના અમલમાં મૂકવાને, વિંધ્યાનો માર્ગ ન લેતાં મગધની હદને લગોલગ જે કલિંગદેશ આવી પડ્યો હતો અને જે રસ્તે પાટલીપુત્રથી જવું નજીક પડતું હતું તે રસ્તો તેણે ગ્રહણ કર્યો. આ વખતે કલિંગપતિ તરીકે જે રાજા હતો તે ખરી રીતે, કલિંગના મહારાજા કરકંડુના પોતાના ચેદિવંશનો પુરૂષ તો નહોતોજ, પણ તેના જમાઇના વંશનો હતો. એટલે તેનો હક મજબૂત ન પણ ગણ્યો હોય તેથી, કે પછી જે રાજા અત્યારે ગાદી ઉપર હતો તેનું મરણ નીપજ્યું હોય તેથી કે, પછી કાળદેવનો પ્રભાવ વચ્ચે જતો હોવાથી રાજા ઉદયનની ભાવનામાં રાજ્ય લોભની વૃતિ વિશેષ પ્રબળ પણે ઉદ્ભવી હોય તેથી, કે પછી સર્વનો સંજોગ એકઠો થયો હોય—ગમે તેમ હોય, પણ અત્યાર સુધી ચાલી

આવતી ગણતંત્ર રાજ્યની પ્રથાને રાજા ઉદયને ઠોકરે મારવા માંડી અને કલિંગ ઉપર પોતાની સ્વતંત્ર આણ વર્તાવવાનું મન ઉપર લીધું. એટલે પાટલીપુત્રમાં ગાદી ફેરવી લીધા બાદ જેવું મન સ્થિર થયું કે તુરતજ કલિંગ ઉપર ચડાઈ લઇ ગયો અને તે કબજે કર્યો. ( ઇ. સ. પૂ. ૪૯૦ ) પછી તે દેશને મગધ સામ્રાજ્યનો ભાગ બનાવ્યો કે તેના ઉપર ચંડરાયને એક ખંડિયા તરીકે નીમીને ચાલુ રાખ્યો, તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી.

અત્ર જણાવી દેવું જરૂરી છે કે, ગાદીએ આવીને બીજા વર્ષેજ તેણે પોતાના કુટુંબીજન નાગદશકની સૈન્યપતિ તરીકે નિમણુંક કરી દીધી હતી અને સૈન્યની સુધારણા અને વ્યવસ્થાને લગતાં ધારાધોરણ ઘડી કાઢી અમલ કરવા મંડી પડ્યો હતો. જેથી બીજા બે વરસમાં મનમાનતી તાલીમ દેવાઇ રહી દેખી કે, તુરત વધારેના પ્રદેશ જીતવામાં તેનો ઉપયોગ કરવા માંડ્યો. અને સમજાય છે કે તેનો પ્રથમ અખતરો કલિંગ ઉપરની આ ચડાઇ વખતેજ કરી જોયો હતો. અને તેમાં સંતોષકારક પરિણામ આવેલું દેખાતાં, વધારે આગળ વધવાનું તેને ઉત્તેજન મળ્યું હતું.

ઉપર કહી ગયા પ્રમાણે કલિંગ જીતી તેણે આગળ વધવા માંડયું. પણ આ લડાઇ લઇ જવામાં કેટલો કાળ જશે તથા ક્યાં સુધીની જમીન ઉપર પ્રયાણ કરવું પડશે તે બધું અનિશ્ચિત હોવાથી ( કેમકે તે માર્ગ હજુ સુધી અણદીઠ અને અણ ખેડાયલ હતો એમ કહીએ તો પણ ચાલે )લશ્કરની સરદારી ધારણ કરી, સાથે જવું પોતાને પરવડે તેમ નહોતું. કેમકે જો પોતે લશ્કરમાં જાય તો રાજનગર, રાજા વિના અનિશ્ચિત સમય સુધી ખાલી રહે; માટે પોતાના વિશ્વાસુ એવા સૈન્યપતિનેજ તે કામ સોંપ્યું. અને પોતાના સ્થાને પોતાના પ્રતિનિધિ તરીકે અથવા તો પ્રસંગ પડે ત્યારે પોતાના જેટલોજ અધિકાર ભોગવી શકે તેવા પોતાના યુવરાજ શ્રી અનુરૂદ્ધને તેની સાથે મોકલ્યો. આ પ્રમાણે દક્ષિણ હિંદના એક પછી એક દેશ જીતી લેતા, લગભગ આઠ નવ વરસ નીકળી ગયા. ( ઇ. સ. પૂ. ૪૮૩–૨ ) અને દરેક જીતેલા દેશ ઉપર પોતાની સંત્રિજીક્ષત્રિયની પેટા શાખાઓવાળા ભાયાતો જેવા કે પાંડય, પલ્લવ, ચોલા, કદંબ[૧૭] આદિ હતા,[૧૮] તેઓને પોતાના સૂબાઓ તરીકે રાજ્ય વહીવટ ચલાવવા અને શાંતિ જાળવવા મૂકતા ગયા અને આગળ વધતા ગયા. જેમ દરેક ઠેકાણે સૂબા તરીકે પોતાના ભાયાતોને મૂક્યા, તેમ સાથે સાથે અમલદાર વર્ગ પણ મૂકવો જોઇએ. અને તેમનાં બાળ બચ્ચાં તથા સગાંવહાલાં પણ સાથે આવેજ;

( ૧૭ ) કદંબ જાતિનો પ્રદેશ, હાલના મુંબઈ ઈલાકાના પશ્ચિમ કિનારે આવેલ કોકણ દેશવાળો ભાગ હતો. તેને તે સમયે અપરાંત કહેવામાં આવતો હતો. અને આ ભાગ તો રાજા નંદિવર્ધને જીત્યો હતો. નહીં કે રાજા ઉદયાશ્વે (જુઓ આગળ ઉપર ટી. નં. ૩૭.) એટલે ખરી રીતે કદંબ જાતિનો વસવાટ અને નિમણુંક પણ તેના સમયેજ થવી જોઇએ. પણ અત્રે તેનું નામ ઉતારવાનાં બે કારણ છે ( ૧ ) ક્યો પ્રદેશ ખાસ કરીને કદંબને અપાયો હતો તેની હદ બરાબર લીંટી દોરીને પાડી શકાતી નથી તેથી ( ૨ ) તેમજ અન્ય પ્રજાનું સરણ મગધમાંથી થયું હોય તે સમયે, બીજાં કુળો અને ગોત્રનાં સ્ત્રી પુરૂષો પણ સાથે સાથે નીકળી પડયાં હોય તે બનવા જોગ છે. પછી ભલે તેમના પક્ષના કોઈ અમલદાર વર્ગના દરજ્જે નીમાયા ન હોય એમ પણ બને. આ બે કારણથી તેમનું નામ અહીં જોડી દેવામાં આવ્યું છે.

( ૧૮ ) જુઓ ઉપર પૃ. ૩૧૩ ની તથા તેના ઉપર લખેલ ટીપણ નં. ૮૦ ની હકીકત.

એટલે દરેક ઠેકાણે, મગધમાં વસી રહેલ કેટલીએ ક્ષત્રિય જાતિના યુવકોને તથા ક્ષત્રિય કુળોને દક્ષિણ હિંદમાં વસવાટ કરવા મોકલવા પડ્યાં. તેમ અનેક વ્યક્તિઓ પોતાનો કામ ધંધો શોધી કાઢવા અને નવીન ભૂમિની પેદાશનો ઉપભોગ કરવા ધીમે ધીમે ઉતરી પડવા મંડ્યા. આ પ્રમાણે હાલના ઐતિહાસિક યુગમાં દક્ષિણ હિંદની અનાર્ય પ્રજા સાથે ઉત્તર હિંદની આર્ય પ્રજાનું પ્રથમ મિશ્રણ થવાની શરૂઆત થયાનું નોંધી શકાશે. આથી કરીને દક્ષિણ હિંદમાં જાણે તદ્દન નવીન યુગજ પ્રવર્તાવવા માંડ્યો હોય, એવું દૃશ્ય ચારે તરફ નજરે પડતું થયું. એટલે સૈન્યપતિ નાગદશકને, સૈન્યને લગતાં લશ્કરી અનુભવની સાથે રાજ્ય વ્યવસ્થા કરવાનો પણ અનુભવ થતો ગયો, તેમ ઉગતા યુવરાજ શ્રી અનુરૂદ્ધને પણ રાજકર્તા યોગ્ય કેળવણી મળતી ગઇ. હવે હિંદનો કિનારો છોડીને, તેની દક્ષિણે આવેલ સિંહલદ્વીપમાં ઉતરવાનું અને ત્યાંની સ્થિતિ જોવાનું યુવરાજશ્રીને મન થયું. એટલે બન્નેએ પોતાના લશ્કરને સિંહલદ્વીપના કિનારે ઉતાર્યું. આ વખતે ત્યાં વિજય નામે રાજાનું રાજ્ય[૧૯] (ઇ. સ. પૂ. ૫૨૦–૪૮૨=૩૮ વર્ષ—મ. સં. ૭ થી મ. સં. ૪૫) ચાલતું હતું. બન્ને પક્ષ વચ્ચે ખૂબ યુદ્ધ જામ્યું. અને સમજાય છે કે રાજા વિજયનું લડતાં લડતાં મરણ નીપજ્યું હતું. (મરણ નીપજ્યું કે તેને નાશી છૂટવું પડયું તે બહુ નક્કી નથી. પણ તેના રાજ્યનો અંત આવ્યો હતો તેટલું તો ચોક્કસજ છે; પણ મહાવંશે જ્યારે died શબ્દનો પ્રયોગ કર્યો છે ત્યારે આપણે તેનું મરણ થયું હતું એમજ માનવું રહે છે) તે બાદ ત્યાં બધી વ્યવસ્થા કરી, રાજપાટ નવું વસાવી, અનુરૂધ્ધે પોતાના ઉપરથી તેનું નામ અનુરૂદ્ધપુર પાડયું. (સમજાય છે કે, પોતાના પિતાની મંજુરી મેળવી લીધા બાદ આ નામ પાડયું હોવું જોઇએ; નહીં તો ઉદયનપટ્ટણ કે તેવું નામ પાડવામાં

(૧૯) ઈ. એ. ૧૯૧૪ પૃ. ૧૭૧–રાજા અજાતશત્રુના રાજ્યે આઠમા વર્ષે અને બુદ્ધદેવ જે રાત્રીના મરણ પામ્યા તે દિવસે, સિંહલદ્વીપના રાજા વિજયના રાજ્યનો પ્રારંભ થયો છે. અને ૩૮ વર્ષનું રાજ્ય કરીને, ઉદયન રાજાના રાજ્ય અમલે ૧૪ મા વર્ષે, રાજા વિજયનું મરણ થયું છે (મહાવંશ ૭ મો સર્ગ પૃ. ૧ અને આગળ. ઇ. એ. ૧૯૧૪ નું ટીપણ નં. ૮૩ જુઓ) Ind. Ant. 1914 p. 171:—Vijaya king of Ceylon, began his reign in the 8th year of Ajatsatru and died after having been king 38 years, in Udayan's 14th year, on the very night of Buddha's death (Mahavansa VII–1. Ind. Ant. 1914. fn. 83) [આમાં "On the very night of Buddha's death" શબ્દવાળું જે વાક્ય સૌથી છેવટે લખ્યું છે તે 8th year of Ajatsatru ની પાછળ મૂકવું જોઈએ, કેમકે, Buddha's death તે રાજા અજાતશત્રુના રાજ્યે આઠમા વર્ષે નીપજ્યું છે (હવે પછીના પરિચ્છેદમાં આપણે તે જોઈશું) ]

મહાવંશ જેવા બૌદ્ધ સાહિત્યના મુખ્ય ગ્રંથમાં જ્યારે આ હકીકત છે અને તેને હાલની પદ્ધતિથી સંશોધન કરનાર વિદ્વાનોનો ટેકો છે, ત્યારે તે અતિ વિશ્વાસનીય હરોજ એમ આપણે સ્વીકારવું રહે છે, અને તેમાં રાજા અજાતશત્રુ અને ઉદયનનાં નામ આપ્યાં છે એટલે સિંહલદ્વીપના રાજાઓને મગધપતિ સાથે કાંઇક સંબંધ કે પરિચય પણ હોવોજ જોઇએ એમ સિદ્ધ થાય છે; પછી તે રાજકીય સંબંધ હોય કે મિત્રાચારીનો, તે જુદી વાત છે; નહીં તો તેમના નામનો હવાલો આપત નહીં, પણ માત્ર બુદ્ધદેવના જીવનના બનાવનોજ આધાર બતાવત.

સિંહલદ્વીપના રાજાની વંશાવળી તથા નામાવળી અહીં ઉતારી શકત. પણ તેનો વિશેષ સંબંધ રાજા પ્રિયદર્શિન સાથે હોવાથી ત્યાં ઉતારીશ. તે માટે ત્યાં જુઓ.

આવત) ત્યાં પોતાનો પ્રતિનિધિ નીમી, ઘટતો બંદોબસ્ત કરી, પોતાના ધર્મનાં અનેક સ્થાનો બંધાવી[૨૦] કરી, નાગદશક અને યુવરાજ બન્ને પાછા વળ્યા. અને થોડા સમયમાંજ પાટલીપુત્ર નગરે આવી પહોંચ્યા. પાછા વળવામાં તો માત્ર મહીનો બે મહીનાનોજ સમય બસ હતો. કેમકે કોઇની સાથે યુદ્ધ કરવાનું નહોતું. માત્ર પોતાનાજ દેશમાંથી પસાર થઇને નીકળી જવાનું હતું.

યુવરાજ અનુરૂદ્ધ અને સૈન્યપતિ નાગદશક દિગ્વિજય કરીને આવ્યા એટલે, ઉદયાશ્વે તેમનું યોગ્ય સન્માન કર્યું હોવુંજ જોઇએ. જોકે તે બાબતનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી પણ અનુમાન કરી શકાય છેજ. કેમકે આ પછી તુરતજ રાજા ઉદયાશ્વ રાજ્યની લગામ યુવરાજ અનુરૂદ્ધને સોંપીને અને નાગદશકને પોતાની ભાણેજ –બહેનની પુત્રી–મરહુમ વત્સપતિ ઉદયનની પુત્રી પરણાવીને તીર્થ યાત્રા કરવા નીકળી પડ્યો છે. તીર્થયાત્રાએ જવામાં અનેકવિધ કારણો જોકે હશેજ. જેમકે કુંવરને રાજ્ય ચલાવવાની તાલીમ પણ અપાય. જો કે વિશેષતઃ તો એમ બનવા યોગ્ય છે કે, આટલો બધો મુલક જીતવામાં જે અનેક લડાઇઓ તેના નામે–એટલે તેના હુકમથી લડાઈ હતી તેમાં અનેક માનવીનાં અને પશુઓનાં મરણો નીપજ્યાં હતાં. અને તેથી તે સર્વેનું ઉત્પાદન કારણ પોતે હોઈ, તેને લીધે ઉદ્‌ભવતાં સર્વ પાપનો કર્તા અથવા તો મોટા ભાગનો હિસ્સેદાર પોતે છે, એમ તેનું મન ડંખ્યા કરતું હતું. એટલે તે બંધાયલા પાપની મુક્તિ માટે, તેનો ભીરૂ અને ધર્મિષ્ઠ આત્મા[૨૧] તલસવા લાગ્યો અને તેથીજ ધર્મયાત્રાએ ઉંજવાની યોજના કરી. (ઈ. સ. પૂ. ૪૮૦)

આ દિગ્વિજયને લગતાં સઘળાં વર્ણનથી જોઇ શકાશે કે, તેનું નામ જે ઉદયનભટ્ટ (ભટ્ટ=યોદ્ધો) પડયું છે તે વાસ્તવિક છે. હવે અહીં આગળ, તેના પોતાના રાજ્ય અમલનો અંત આવી ગયો ગણાય. અને યુવરાજ અનુરૂદ્ધનું રાજ્ય શરૂ થયું કહેવાય. પણ હજુ રાજા ઉદયન પોતે હૈયાત હોવાથી તેમજ વિધિપૂર્વક અનુરૂદ્ધનો રાજ્યાભિષેક થયો નહીં હોવાથી, ખરી રીતે તો ઉદયનનુંજ રાજ્ય ચાલતું રહ્યું છે એમ કહી શકાય. એટલે તેનું મરણ જે હવે પછી સાતમા વર્ષે નીપજ્યું લેખાય છે (ઇ. સ. પૂ. ૪૮૦–૬॥=ઇ. સ. પૂ. ૪૭૫-૪) ત્યાં સુધીના બનાવોનું સઘળું વર્ણન, અહીં તેના શીર્ષક તળેજ કરીશું.

આ બાજુ રાજા ઉદયન યાત્રાએ ગયો, અને અનુરૂધ્ધે રાજ્યવહીવટ સંભાળ્યો. તેમ નાગદશકને યુદ્ધમાં ચડેલો થાક ઉતારવા આરામની જરૂર હતી. એટલે કે મગધમાં સર્વ શાંતિમય જીવન ચાલ્યે જતું હતું. ત્યાં સિંહલદ્વીપમાં વળી નવીનજ રંગ જામી રહ્યો હતો. એકતો મૂળે અહીંની પ્રજા, એટલી બધી સંસ્કૃતિ પામેલી નહોતી, અને તેમાં વળી રાજા વિજયનુ[૨૨] મૃત્યુ નીપજવા બાદ, જે

(૨૦) આ ઉપરથી કહી શકાશે કે, સિંહલદ્વીપમાં જૈન ધર્મ દાખલ કર્યાનું માન યુવરાજ અનુરૂદ્ધને ઘટે છે.

(૨૧) પોતાને ધર્મ ઉપર અતિ પ્રીતિ હોવાથીજ તેણે પાટલીપુત્રની સ્થાપના કરીને, જેમ ત્યાં પોતા માટે જૈન ધર્મના બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથનું જીન મંદિર બંધાવ્યું હતું (જુઓ ઉપર પૃ. ૧૮૫, તથા તેનાં ટીપણો), તેમ અહીં અનુરૂદ્ધપુરમાં પણ ગાદી સ્થાપન કરીને જીન મંદિરો ઉપાશ્રયો વિગેરે બંધાવવાના હુકમો છોડયા હતા. અને તેથીજ પોતે તીર્થયાત્રાએ પણ ગયો હોય એમ અનુમાન દોરવું રહે છે. આવાં સઘળાં તેનાં વર્તન ઉપરથીજ તેને ધર્માત્માનું ઉપનામ મળ્યું હશે એમ સમજાય છે. (જુઓ ઉપર પૃ. ૩૦૬ ટી. નં. ૫૯).

(૨૨) જુઓ રાજા પ્રિયદર્શિનના વૃત્તાંતે સિંહલદ્વીપના રાજાઓની વંશાવળી.

નવા શાસકો ત્યાં નીમાયા હતા, તેઓને ત્યાંની પ્રજા સાથે તદ્રૂપ થતાં આવડયું ન હોય કે, હળતા મળતા થવામાં વાર લાગી હોય, ( એક બીજાની ભાષાથી અજ્ઞાત હોઈને વારજ લાગી હશે એમ ધારવું પડે છે ) ગમે તેમ, પણ જેવી યુવરાજે–અનુરૂધ્ધે પીઠ ફેરવી અને હિંદમાં પ્રવેશ કર્યો, તેવી તુરતજ સિંહલ-વાસીઓએ બંડ જેવી સ્થિતિ ઉભી કરી દીધી. અને અંધાધૂની ચલાવી ( શાસકે નીમેલ પ્રતિનિધિની કત્લ કરી નાંખી હોય એમ સંભવે છે ). આવી સ્થિતિ લગભગ એક વરસ ચાલુ રહી. પછી તો ત્યાંની પ્રજાએ પાંડુવાસ નામની વ્યક્તિને[૨૩] પોતાનો રાજા નીમી, સિંહલદ્વીપની ગાદીએ બેસારી દીધો. આવી સ્થિતિ મગધપતિ જેવા સાંખી લઇને ચલાવી લ્યે એમ બનવા જોગ નહોતું. પણ બે કારણથી તેમણે આંખમિચામણાં કર્યાં લાગે છે. ( ૧ ) રાજા ઉદયન યાત્રામાં હોવાથી અનુરૂદ્ધના પગ પાટલીપુત્રમાં બંધાઈ ગયા હતા એટલે તે ત્યાં જઈ શકે તેમ નહોતું. તેમ નાગદશકની સ્થિતિ ઉપર જોઇ ગયા છીએ તે પ્રમાણે આરામ લેવા જેવી થઈ પડી હતી. એટલે તેનાથી પણ ત્યાં જઇ શકાય તેમ નહોતું. ( ૨ ) ધારો કે ત્યાં કોઇ બીજાને મોકલીને બધું ઠીકઠાક કરી દે, પણ પાછા વળી ત્યાં શું થશે અને શું નહીં થાય, તેની બાંહેધરી શી કહેવાય ? તેમ તે પ્રદેશ એટલો બધો દૂર પડયો કે વારંવાર ત્યાં જવું, અને અસંસ્કૃત પ્રજામાં શાંતિ સ્થાપવી, તે અમુલ્ય વખત અને શકિતનો ભોગ આપવા જેવું લેખાતું હતું. એટલે તેમને તેમનું પોતાનું ફોડી લેવા દેવાનુંજ દુરસ્ત ધાર્યું હતું.

હવે પછીનાં ૭ વર્ષમાં બીજો કાંઇ અગત્યનો બનાવ બન્યો હોવાનું માલૂમ પડતું નથી. પણ યુવરાજ અનુરૂદ્ધનું અકાળ મરણ ઈ. સ. પૂ. ૪૭૪ માં નીપજવાથી રાજા ઉદયાશ્વને, કે જેની ઉમર લગભગ ૬૭ વર્ષની થઈ હતી અને યાત્રામાંજ હતો ( અથવા બહુતો યાત્રા કરી પાટલીપુત્રમાં આવી ગયો હોય તોયે આત્મિક જીવનજ ગુજારતો હતો ) તેને સખ્ત આઘાત લાગ્યો હતો. એટલે થયેલ આઘાતને લીધે તેનું પણ મરણ થયું હતું.

યુવરાજ અનુરૂદ્ધને પુત્ર નહી હોય એમ સ્થિતિ ઉપરથી સમજવું રહે છે. જેથી કરીને તેના નાના ભાઇ મુંદને મગધની ગાદીએ બેસારવામાં આવ્યો[૨૪].


### અનુરૂદ્ધ-મુંદ

અનુરૂદ્ધનું સ્વતંત્ર જીવન લખવાની જરૂરિઆત રહેતી નથી. કેમકે તે મગધપતિ તરીકે ગાદીપતિ બન્યોજ નથી. પણ તેની કારકિર્દીને લગતા જે બનાવો બનવા પામ્યા હતા, તે તેના પિતાના જીવન વૃત્તાંતે લખાઇ ગયા છે. તે ત્યાંથી વાંચી લેવા.


રાજા મુંદ ગાદીએ આવ્યો ત્યારે શોકાગ્રચિત તો હતુંજ, કેમકે પ્રથમ તેના મોટાભાઈ અનુરૂદ્ધનું મરણ થયું હતું અને તેના ખેદકારક સમાચાર સાંભળી, આઘાત થવાથી તેના પિતા ઉદયાશ્વનું મરણ થયું હતું. એમ ઉપરા ઉપરી

( ૨૩ ) આ પાંડુવાસને અને મરહુમ રાજા વિજયને કાંઈ સગપણ સંબંધ હતો કે કેમ તે જણાયું નથી. આ એક વર્ષ, સિંહલદ્વીપના ઇતિહાસમાં Iuterregnum તરીકે ગણાય છે.

( ૨૪ ) અનુરૂદ્ધ અને મુંદ આ બેમાંથી કોણ મગધપતિ બન્યું અથવા કોણ પહેલું; અથવા અનુરૂદ્ધનું મરણ પાટલીપુત્રમાં ન થતાં, સિંહલદ્વીપમાંથી પાછા ફરતાં રસ્તામાંજ નીપજ્યું હોય; અને જ્યારે પણ નીપજ્યું હોય, ત્યારે કેવા સંજોગોમાં થયું હોય તે બધી પરિસ્થિતિને અનુલક્ષીનેજ ( જુઓ ઉપર પૃ. ૩૦૮ થી ૩૧૭ સુધી ) અહીં વર્ણન કરાયું છે. વિશેષ સંશોધનથી વળી જે હકીકત તરી આવે તે જુદી.




(આકૃતિ નં. ૫૨ : પૃષ્ઠ ૩૮૦)




(આકૃતિ નં. ૫૩ : પૃષ્ઠ ૩૮૩)




(આકૃતિ. નં. ૫૪ : પૃષ્ઠ ૩૮૪)




(આકૃતિ. નં. ૫૫ : પૃષ્ઠ ૩૮૫)

એ અંગત સ્નેહી ટૂંક વખતમાં તેણે ગુમાવ્યા હતા. પણ દુઃખનું ઓસડ દહાડા ગણાય છે તેમ થોડોક સમય ગયો હશે એટલે રાજકાજમાં જરા જેવો જીવ પરોવવા માંડયો હશે. પણ તે કાંઇ બાહોશ અને તેજસ્વી રાજ્યકર્તા નીવડે એવું કાંઇ દેખાતું નહોતું. એટલે મગધમાં કાંઇક ખળભળાટ અને અવ્યવસ્થા જેવું ચાલવા માંડયું. જેથી કરીને આવી તકનો લાભ ઉઠાવી, કલિંગદેશના મૂળ રાજ્યકર્તાના ચેદિવંશના કુટુંબનો કોઇ નબીરો હતો, તેણે ક્ષેમરાજ નામ ધારણ કરી, કલિંગાધિપતિ તરીકે સ્વતંત્ર બની ઘોષણા વર્તાવી દીધી. એટલે મગધદેશથી દક્ષિણે હિંદમાં દૂર દૂર જે પ્રદેશો આવ્યા હતા તેમના પલ્લવ, ચોલા પાંડય અને કદંબ સરદારોએ જોયું કે[૨૫] તેમની અને મગધ વચ્ચે સ્વતંત્ર કલિંગ દેશ આવી પડેલ છે, જેથી તેઓ તો કલિંગ કરતાં વિશેષપણે નિર્ભય છે. એટલે તેઓ પણ સાથે સાંપડેલ તકનો લાભ ઉઠાવી, મગધદેશથી સ્વતંત્ર થઇ ગયા. આ પ્રમાણે આખું દક્ષિણ હિંદ મગધસામ્રાજ્યમાંથી ખસી ગયું. માત્ર હવે ઉત્તર હિંદનો પૂર્વભાગજ રહ્યો. તેવામાં રાજામુંદની પટરાણી નામે ભદ્રા હતી તેનું મરણ આકસ્મિક સંજોગોમાં નીપજ્યું. એટલે તો વળી રાજા મુંદની સ્થિતિ ઓર ખરાબ બની ગઇ. આ રાણીના પ્રેમમાં તે ખરેખર મુગ્ધ બની ગયો હતો જેથી અર્ધ પાગલ જેવો બની ગયો. તે એટલે સુધી કે, તેના શબને અંતિમ અગ્નિદાહની ક્રિયા કરવા માટે રાજમહેલમાંથી ઉપાડવા પણ ન દીધું. પછી કોઇ સંત પુરૂષે સંસારની–દુન્યવી માયાવિશે તેને સમજણ આપીને માંડ-માંડ તે શબને ઉપાડવા દેવરાવ્યું. અમાત્ય મંડળે જોયું કે એક તો રાજામુંદ નબળો પણ છે, તેમાં વળી તેના ચિત્તની સ્થિતિ પાગલ જેવી બની ગઇ છે અને અનેક રાજ્યો વિખુટાં પડી જઇ સામ્રાજ્યની કીર્તિને નામોશી લાગી રહી છે; એટલે સારો માર્ગ એ છે, કે તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી, મરહુમ રાજા ઉદયાશ્વના જમણા હાથ સમાન અને મગધની કીર્તિને ઉજ્વળ બનાવનાર એવા સૈન્યપતિ નાગદશકને ગાદીએ બેસારી તેને રાજ્યતિલક કરવું. જેથી તેને રાજ્યની ખરા દીલથી સેવા કરવાનો બદલો મળ્યો પણ કહેવાય. તેમ વળી તે, રાજકર્તાનો ભાયાત હોવાથી તેનાજ વંશમાં ગાદી રહી ગણાશે. વળી પ્રજાનું મન પણ તેણે જીતી લીધું છે એટલે પ્રજાને પણ સંતોષ રહેશે. તેમ ઉદયાશ્વની ભાણેજ વત્સપતિની કન્યા વેરે લગ્ન થયું છે, એટલે વત્સ દેશના રાજ કુટુંબને પણ આનંદ થશે. આવાં અનેકવિધ મુદ્દાથી નાગદશકનો મગધપતિ તરીકે અમાત્ય મંડળે રાજ્યાભિષેક[૨૬] કર્યો. ઇ. સ. પૂ. ૪૭૨= મ. સં. ૫૫. અહીં શિશુનાગવંશની સમાપ્તિ થઈ કહેવાય.

### નંદવંશ : નાગવંશ

આ વંશની ઉત્પત્તિ અને શિશુનાગવંશ સાથેના સંબંધ વિશે આગળ ઉપર આપણે લખી ગયા છીએ. આ વંશનો આદિ પુરૂષ નંદિવર્ધન, તે નંદ પહેલાના નામથી ઇતિહાસમાં વધારે પ્રસિદ્ધ છે. મગધસામ્રાજ્યનાં હિત અને અભિવૃદ્ધિ સાથે તેનો સત્તાકાળ તો ઠેઠ ઇ. સ. પૂ. ૪૯૫ થી જોડા-

---

(૨૫) આ સૂબાઓને રાજા ઉદયાશ્વે પોતાના પ્રતિનિધિ તરીકે હજુ છ વર્ષ ઉપરજ ત્યાં વહીવટ ચલાવવા નીમ્યા હતા. જુઓ પૃ ૩૦૬, તેની ટી. નં. ૫૫; પૃ. ૩૧૩ ની હકીકત. તેમજ પૃ. ૩૭૮ નું લખાણ.

(૨૬) આથી સમજાશે કે, તે સમયે અમાત્ય મંડળની અને પ્રજાની સત્તા કેટલી મોટી હતી. ભલે રાજા સર્વ સત્તાધીશ તરીકે ગણાતો, છતાં રાષ્ટ્રહિતની ખાતર તેને ગાદી ત્યાગ કરવાની ફરજ પાડી શકાતી. પ્રજાના આવા અધિકારના વિશેષ દષ્ટાંતો માટે જુઓ પૃ. ૨૧૪ માં પાલકનું અને પૃ. ૨૧૬ માં દંતિવર્ધનનું વર્ણન.

યલ છે. પણ રાજા તરીકેનો સમય તો હવે ઈ. સ. પૂ. ૪૭૨ થીજ શરૂ થતો ગણાશે. એટલે અત્યાર સુધીના ત્રેવીસ સાડીત્રેવીસ વરસ સુધીમાં તેણે સૈન્યપતિ તરીકે જે દેશ જીતી લીધા હતા તે ખરીરીતે તો તેના ફાળે ચડાવી નજ શકાય. જેથી તે સર્વેનું વૃત્તાંત આપણે અહીં લખી શકીશું નહીં.

રાજ્યની લગામ હાથ ધરીને પ્રથમ તો તેણે પોતાનું ઘરજ વ્યવસ્થિત કરવાનું, એટલે મગધદેશમાં સર્વ શાંતિ પ્રસારવાનું કાર્ય હાથ ધર્યું હતું. એક બે વરસ તેમાં ગાળીને તુરતજ લગોલગ આવેલ કાલંગપતિને પોતાની આણામાં લેવા ઉપર ધ્યાન દોડાવ્યું. અને ત્યાં ચડાઇ લઇ ગયો.પણ પોતાને એકદમ યશ મળે તેવી સ્થિતિ ત્યાં નહોતી; કેમકે કલિંગપતિ ક્ષેમરાજ પણ તેની સાથે ટક્કર ઝીલે તેવો બરોબર સમોવડીયો અને પરાક્રમી હતો. એટલે તેણે તો વ્યૂહ રચના ગોઠવી દીધી હતી. છતાં નંદિવર્ધન કાંઇ હિંમત હારીને ખસી જાય તેવો તો નહોતોજ. એકતો કલિંગપતિ કરતાં તે મોટા સામ્રાજ્યનો સ્વામી હતો એટલે તેના કરતાં કેટલાય ગણી વિપુલ સામગ્રી ધરાવતો હતો. તેમ લશ્કરી ખમીરવાળો અને અનુભવથી રીઢો થયેલ રાજદ્વારી પુરૂષ હતો. પણ અહીં કલિંગની ભૂમિ ઉપર સંપૂર્ણ જીત મેળવે તે અગાઉ તેની રાજધાનીમાં કુદરતી આફત આવી પડવાથી[૨૭] તાત્કાલિક ત્યાં દોડી જવુ પડયું. અને પોતે થોડે ઘણે અંશે[૨૮] પણ ક્ષેમરાજ ઉપર જીત મેળવી છે તેની એંધાણી તરીકે, કલિંગપતિના રાજનગરે, જીનમંદિરમાં જે દેવાધિદેવની અલૌકિક પ્રભાવશાળી પ્રતિમા સ્થાપિત કરેલી હતી તે પોતાની સાથે મગધદેશમાં ઉપાડી ગયો[૨૯] ( ઇ. સ. પૂ. ૪૬૮= મ. સં. ૫૯ ).[૩૦] આ પ્રમાણે પૂર્વ હિંદમાં બનાવ બની રહ્યા હતા, ત્યારે બીજી બાજુ મધ્યાહિંદમાં વળી ઓર પ્રકારનું રાજકીય વાતાવરણ પ્રસરવા પામ્યું હતું.

આપણે આગળ ઉપર જોઇ ગયા છીએ કે વત્સપતિ ઉદયન નિર્વંશ મરણ પામતાં, તેની ગાદીએ દત્તકપુત્ર મણિપ્રભ બેઠો હતો. આ મણિપ્રભને પાછળથી અવંતિની ગાદી મળતાં, તે વત્સ અને અવંતિ એમ બન્ને દેશનો સ્વામી થયો હતો. અને સૌરાષ્ટ્રનો દેશ પણ અવંતિપતિની હકુમતમાં હતો એટલે મધ્યહિંદનો મોટો ભાગ, અને વિંધ્યાચળ પર્વતના સઘળા ઉત્તર ભાગના પ્રદેશ ઉપર આ મણિપ્રભની સત્તા હતી. આ માણપ્રભનું

---

( ૨૭ ) જુઓ પૃ. ૩૨૯ ઉપર પાટલીપુત્રમાં અતિવૃષ્ટિ થયાનું અને તે ભયમાં આવી પડયાનું વર્ણન

( ૨૮ ) જ. આં. હી. રી. સો. પુ. ૨ ભાગ ૧ પૃ. ૪:-નંદિવર્ધને કલિંગદેશ જીતી લીધો હતો એમ કહેવાય છે–Nandivardhana is said to have conquered Kalinga. જો કલિંગ જીત્યોજ હોત તો, ક્ષેમરાજના વંશનું અસ્તિત્વજ નાબુદ થઈ જાત; તેમ હાર્યો પણ ન કહી શકાય, કેમકે તે ત્યાંથી જીન પ્રતિમા ઉપાડી જવા પામ્યો છે એટલે આ તેની જીતને, સંપૂર્ણ ન માનતાં, " કંઇક અંશે " થયાનું લખવું પડયું છે.

( ૨૯ ) હાથીગુંફાના શિલાલેખમાં જે જીન પ્રતિમાનો ઉલ્લેખ ચક્રવર્તી ખારવેલે કર્યો છે તે આ પ્રતિમા સમજવી. વિશેષ હકીકત માટે ઉપર જુઓ પૃ. ૧૭૫ તથા આગળ ઉપર રાજા ખારવેલની હકીકત.

( ૩૦ ) જે. સ. ઇ. પુ. ૨. પૃ. ૪–ઉપ્સલા શહેરના પ્રો. જાર્લ કાર્પેન્ટીઅર કહે છે કે, નંદરાજા જે જીનની પ્રતિમા ઉપાડી ગયો હતો, તે બનાવ સંભવીત છે કે શ્રી મહાવીરના નિર્વાણ બાદ લગભગ ૬૦ વર્ષે બન્યો હતો=Jarl Carpentier of Upsala says Nanda, took away the idol of Jina, possibly about 60 years after the death of Mahavira.

ઇ. સ. પૂ. ૪૬૭ માં મરણ થયું અને તેને પણ કોઇ પુત્ર ન હોવાથી[૩૧] તેમ આ નંદિવર્ધન વત્સપતિનો અત્યારે જમાઇ થતો હોવાથી, વત્સની અને અવંતિની[૩૨] બન્નેની ગાદી તેને મળી. એટલે આવડા મોટા પ્રદેશનો મગધ સામ્રાજ્યમાં સહેજમાંજ ઉમેરો થઇ પડ્યો.[૩૩]

જે કેટલાકનું માનવું છે કે કોશળ દેશ રાજા નંદીવર્ધને જીત્યો હતો,[૩૪] તોઇ.સ. પૂ.૪૬૬ આસપાસમાં તેણે તે જીત્યો હોય એમ ગણવું પડશે.

હવે તો નંદિવર્ધનને પગમાં જોમ આવ્યું. તેમાં વળી તેના ભાગ્યના સિતારે પણ જોર કર્યું. બીજાજ વર્ષે એટલે ઇ. સ. પૂ. ૪૬૫–૬ માં ઇરાનના પ્રખ્યાત શહેનશાહ ઝરસીજનું મરણ થયું. એટલે જે કાંઇ પ્રદેશ ઇરાનની સત્તામાંનો હિંદમાં આવી રહ્યો હતો, તે બથાવી પાડવાની તક તેને પ્રાપ્ત થઇ. સમજાય છે કે તેણે સિંધ[૩૫] તથા

(૩૧) આગળ ઉપર પૃ. ૨૧૮ માં ચડાઈ લઈજઈને મણિપ્રભને નંદિવર્ધને જીત્યો હતો એમ લખ્યું છે. જ્યારે અહીં, મણીપ્રભને પોતાના કુદરતી મોતે પણ નિવંશ ગુજરી જવાથી, તેના દેશો રાજા નંદિવર્ધને મગધમાં ભેળવી લીધા હતા એમ જણાવ્યું છે. તે એવા હેતુથી કે, બન્ને સ્થિતિમાંથી કઇ વધારે સંભવિત છે તે સંશોધકો તપાસી શકે. મારૂં પોતાનું માનવું મણિપ્રભ નિર્વંશ ગયાની હકીકત વધારે માન્ય કરવા તરફ લાગે છે. ( જુઓ અવંતિ દેશની હકીકત.)

( ૩૨ ) એકે અવંતિ અને વત્સ એકજ ભૂપતિના તાબે અત્યારે હતા તેથી પણ તેનો હક પહોંચતો હતો; વળી અવંતિ ઉપર બીજી રીતે પણ નંદિવર્ધનનો હક પહોંચતો હતો-અવંતિની ગાદી નિર્વંશ જવાથી અવંતિ પતિ ચંડપ્રદ્યોતની કુંવરી વાસવદત્તાને તે વારસામાં જાય, અને વાસવદત્તાને પણ કોઈ વારસ પુરૂષ ન હોવાથી, તેણીના જમાઈ ( ભલે ઓરમાન પુત્રીનો વર હતો, છતાં જમાઈતો કહેવાયને ) નંદિવર્ધનનેજ તે ગાદી જાય.

( ૩૩ ) જુઓ ઉપરમાં પૃ. ૨૧૮ નું લખાણ તથા ટીકા ૭૨ માં જણાવેલા વિચારો.

J. O. B. R. S. vol I p. 78-79—Nandi the Increaser added Avanti to his empire: last Pradyota or to be accurate, last of the Punikas—જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૭૮-૭૯:—નંદિવર્ધને છેલ્લા પ્રદ્યોતના, અથવા વધારે સ્પષ્ટતાથી કહીએ, પુનિકવંશના છેલ્લા રાજાના સમયે, અવંતિના દેશને પોતાના સામ્રાજ્યમાં મેળવી દીધું.

( ૩૪ ) જુઓ આ પરિચ્છેદમાં કુણિકના વૃત્તાંતે. જ. ઓ. બી. રી. સો. પુ. ૧ પૃ. ૮૯:—The third family ( Ikshavakus of Sravasti ) must have been also obliterated by Nanda I, the Increaser—ત્રીજો રાજવંશ, જે શ્રાવસ્તિનો ઈક્ષ્વાકુ વંશ ગણાય છે, તેને પણ નંદ પહેલાએજ ( નંદિવર્ધને ) નાબુદ કરી નાંખ્યું હશે.

( ૩૫ ) તેણે સિંધ જીત્યો તે ક્યાંય સ્પષ્ટ પણે ઉલ્લેખ કરાયો વાંચ્યો નથી. પણ સંજોગને અનુસરીને મેં કલ્પના કરી છે. કેમકે ( ૧ ) ડેરીઅસ અને ઝરસીઝના સમય સુધી સિંધ દેશ ઈરાનને તાબે હતોજ ( ઈ. સ. પૂ. ૪૬૫ ) અને ( ૨ ) અલેક્ઝાંડર ધી ગ્રેઇટે ઇ. સ. પૂ. ૩૨૮ માં ઈરાન જીતી લીધું છે છતાં તેને ઇ. સ. પૂ. ૩૨૬–૫ માં સિંધ જીતવો પડ્યો છે; એટલે સિદ્ધ થયું કે, ઈરાનથી સિંધ, ઉપરના ૪૬૫ અને ૩૨૫ વચ્ચેના ૧૪૦ વર્ષના ગાળામાં સ્વતંત્ર થઈ ગયું હતું; આ અરસામાં હિંદમાં મોટા રાજાઓ જો થયા હોય તો નંદ પહેલો, નંદ બીજો, નંદ નવમો, અને મૌર્યવંશી ચંદ્રગુપ્ત તથા બિંદુસાર; આમાં છેલ્લા ચારનો હકીકતના અવલોકનથી જાણી શકાય છે કે તેમણે તે તરફ મીટ માંડીને જોયું પણ નથી. એટલે પછી નંદિવર્ધનેજ તે જીતી લીધું હોવું જોઈએ, એમ મેં અનુમાન દોર્યું છે.

The provinces of Hinden and Gandhara are mentioned in the inscriptions of Darius at Persepolis and Nagsh-i-Rustam and Herodotus names "Hinden etc. amongst the tribes composing the army of Xerxes" ( Pro. Hultzsch Inscr. of Asoka Vol. I. Intro XLiii f. n. 8.) પર્સીપોલીસ અને નાગશી રૂસ્તમના શિલાલેખમાં,

પંજાબના દક્ષિણનો[36] મુલક આ સમયે પોતાના સામ્રાજ્યમાં ભેળવી લીધો હતો.

આ પ્રમાણે ઉત્તર હિંદમાં તેણે પગદંડો મજબૂત કરી લીધો. એટલે હવે જે પ્રદેશ દક્ષિણ હિંદમાં તેણે પોતાના શિરછત્ર મરહુમ રાજા ઉદયાશ્વના સમયે સ્વબળે જીતી લીધો હતો, પણ કુમાર અનુરૂદ્ધના મરણથી મગધના સામ્રાજ્યમાંથી ખસી ગયો હતો તે સર્વ પ્રદેશના સત્તાધીશોને નમાવવા તરફ તેના મનમાં ચટપટી થવા લાગી. એટલે ઉત્તર હિંદમાંથી પાછા ફરતાં, રાજપુતાના અને અવંતિવાળા પ્રદેશ તરફ ઉતર્યો. અને અપરાંતવાળો ભાગ તથા તેની દક્ષિણે સોલાપુર અને કારવાડ જીલ્લાવાળો ભાગ જેને તે સમયે[37] કુંતલના નામથી ઓળખાવાતો હતો અને જેના ઉપર

---

હીન્ડેન અને ગાંધારના પ્રાંતોને, શહેનશાહ ડેરીઅસના તાબે હોવાનું જણાવ્યું છેઃ વળી હેરોડોટસે, શહેનશાહ ઝર્કસીઝના લશ્કરમાંની જાતોમાં, હીન્ડેન નામની એક જાતનો ઉલ્લેખ કરેલ છે ( જુઓ ઈ. કો. ઈ. પ્રસ્તાવના પૃ. ૪૩, ટીપણ ૮. ) આ ઉપરથી સમજાય છે કે પંજાબનો પ્રાંત ઇરાનને તાબે હતો. આ વાકયની સાથે પૃ. ૩૫૫ નું લખાણ અને ટીપણ નં. ૨૨ ની નોંધ સરખાવો, એટલે ખાત્રી થાય છે કે, પંજાબ પ્રાંત નંદ નવમાએ જીત્યો છે. અને બાકીનો દક્ષિણ પંજાબ તથા સિંધ કે તેવો મુલક જે ઈરાનને તાબે હોય તે આ નંદિવર્ધને જીત્યો હશે એમ માનવું રહે છે. (વળી સરખાવો પૃ. ૩૫૯ ઉપર ટીપણ ૩૮. )

J. O. B. R. S. Vol. I P. 79:—Taranath says that Nandivardhana onquered the countries on the South, Eastern and Western Oceans, and in the North of the Himalayan regions. (P. 34) It is implied that his way included Kashmir and the neighbourhood. ( P. 38 ). જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૭૯:—પં. તારાનાથનું એમ કહેવું છે કે, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દરિયા કિનારાના પ્રદેશો નંદિવર્ધને જીતી લીધા હતા, અને ઉત્તરમાં હીમાલય પર્વતના પ્રદેશ ઉપર પણ વિજય મેળવ્યો હતો. ( પૃ. ૩૪ ) વળી એમ પણ અનુમાન કરી શકાય છે કે તેની હકુમત કાશ્મિર અને આસપાસના પ્રદેશ ઉપર પણ જામી હતી. (પૃ. ૩૮) (ટીકા—આમાં સમુદ્રતટની જે હકીકત લખી છે તે તો મોઘમજ છે. ખાસ પ્રદેશનું નામ આપ્યું નથીજ. બાકી કાશ્મિરને લગતી હકીકત વિચારવા જેવી છે ખરી. મારૂં મંતવ્ય કાશ્મિરનો પ્રદેશ નંદિવર્ધને જીત્યો નહીં હોવા વિશે થાય છે. કેમકે પૃ. ૩૫૫ ઉપર નું લખાણ તથા ટીકા નં. ૨૨ ની હકીકત જુઓ. )

J. O. B. R. S. Vol. I P. 89:—Haihayas and Asmakas were probably subjugated by Nanda I the Vardhana during his campaign to Apranta: જ. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૯:—પોતાની અપરાંત દેશ ઉપરની ચડાઈ વખતે. નંદિવર્ધન રાજાએ હૈહય પ્રજા ( એટલે જેને આપણે મહીસુર રાજ્ય કહીએ છીએ તે. કેમકે તેના રાજકર્ત્તાઓ હૈહયીવંશી કહેવાય છે, અને અસ્મકાઝ—હાલના નીઝામ રાજ્યનો ઉત્તરનો ભાગને જીતી લીધા હોય એમ સંભવિત છે. એટલે કે. આંધ્રદેશ વિગેરે જીતી લીધાં હતાઃ બીજું એમ પણ થયું કે, દ્વીપકલ્પના પશ્ચિમ સમુદ્રતટવાળો કદંબપ્રજાનો પ્રદેશ રાજા ઉદયાશ્વે જીતી લીધો નહીં હોય જેથી આ નંદિવર્ધનને જીતવો પડયો છે. )

( ૩૬ ) પંજાબ દેશનો ઉત્તર ભાગ, કે જેને ગાંધાર કહેવામાં આવતો હતોઃ તે અને કાશ્મિરવાળો ભાગ, તે નવમા નંદે જીતી લીધાનું જણાયું છે. વળી જુઓ ગત પરિચ્છેદે ટી. નં. ૨૭, ૨૮ તથા ૩૮

( ૩૭ ) જુઓ આ પરિચ્છેદમાં ઉપર ટીપણ નં. ૧૭ ની હકીકત.

એપીગ્રાફીકા કર્ણાટીકા પુ. ૨. પૃ. ૪૧ ( એ. ક. પુ. ૫. સિકારપુર સંબંધીનો લેખ પૃ. ૨૨૫ વિગેરે ) પશ્ચિમ દખ્ખણ તથા મહીસુર રાજ્યનો ઉત્તર ભાગનો સમાવેશ થઈને જેને કુંતલનો પ્રદેશ કહેવાય છે તેના ઉપર નંદ રાજાઓની સત્તા હતી. Epi. Karna. II p. 41 ( Epi. Kar. V. Shikarpur 285)Kuntal,

કદંબ ક્ષત્રિયો અડ્ડો જમાવી બેઠા હતા, તેમને જીતી લઇ તે ઉપર પોતાના ભાયાત-ચુટુકાનંદ અને મૂળાનંદ જેવા સરદારો નીમ્યા[૩૮]. તે બાદ દક્ષિણ કાનડા, પાંડ્યા, ચોલા અને પલ્લવોને પણ નમાવીને આંધ્ર દેશમાં થઇ બિરાર અને મધ્ય પ્રાંતના રસ્તે જીત મેળવતો તે સ્વદેશે પાછો આવી પહોંચ્યો. પાંડ્યા, ચોલા અને પલ્લવના મુલકમાં પોતાનો પંજો બતાવ્યાબાદ, મગધમાં આવવાનો સહેલો રસ્તો તો કોઇને માટે કલિંગદેશ ચીરીને આવવા નો ગણાય. પણ તેના ઉપર તો ક્ષેમરાજનું શાસન જામી પડયું હતું, અને પોતે રાજધાનીથી ઘણા સમયથી બહાર નીકળી ગયો હતો એટલે સૈન્ય થાકીને લોથ થઇ ગયું હતું. તેમ મગધમાં દુષ્કાળ પડવાના સમાચાર આવી પહોંચ્યા હતા તેથી આંધ્રદેશ અને મધ્યપ્રાંતનો લાંબો રસ્તો તેને ગ્રહણ કરવો પડયો હતો. આથી કરીને એક વખત આદરેલી પણ દૈવવશાત્ ત્યજી દેવી પડેલી કલિંગ ઉપરની જીત ફરીને છોડી દેવાની તેને દૈવી-સંજોગેજ ફરજ પાડી હતી. એટલે ઉત્તરહિંદની માફક, દક્ષિણહિંદ ઉપર એકછત્રી રાજ્ય ચલાવવાની તેની મુરાદ મનમાં ને મનમાંજ રહી ગઇ હતી.

જેમ બીજા જીતેલા પ્રદેશમાં તેણે સૂબાઓ નીમ્યા હતા તેમ આ આંધ્રદેશ અને મધ્ય પ્રાંતોમાં પણ નીમવાની જરૂર પડીજ હતી. આ જગ્યાઓ ઉપર મહારથી[૩૯] નામના જે કેટલાક હોદ્દેદારો રાજા શ્રેણિકના સમયથી ચાલ્યા આવતા હતા તે દરજ્જાના અમલદારને નીમ્યા હતા. આ સર્વ હકીકતને ઉપર પ્રમાણે જેમ ઐતિહાસિક પુરાવાથી સમર્થન મળે છે તેમ સિક્કાઇ પુરાવાથી પણ ટેકો મળે છે. તેમજ સમ્રાટ ચંદ્રગુપ્ત જે પોતાના રાજ્ય દરમ્યાન ગાદીત્યાગ કરીને દક્ષિણ હિંદમાં શ્રવણ બેલગોલના તીર્થે

---

the province, which included the Western Deccan and the north of Mysore was ruled by the Nandis નંદ તો નવ થયા છે તેમાં. નં. ૨ નં. ૯ તે બાજુ આવ્યાજ નથી. જ્યારે નં. ૩ થી ૮ નો માત્ર નામધારીજ થયા છે એટલે પછી બાકી નંદ નં. ૧ રહ્યો અને તેણેજ કુંતલ જીતી લીધો ગણાય.

વળી પૃ. ૧૯૭ ઉપર લખેલ છે કે—નંદિવર્ધને અપરાંત અને કુંતલના દેશો જીતી લીધા હતા અને તેમ થતાં, તેનું રાજ્ય ઠેઠ દક્ષિણમાં, મહીસુર રાજ્યના સીમાડા સુધી લંબાયું હતું, વળી જુઓ સિક્કાના પરિચ્છેદે ચુટુકાનંદ અને મૂળાનંદના સિક્કાનું વર્ણન King Nandivardhan conquered Aparanta and Kuntala extending his dominions, far south to the exkirts of Mysore ( vide coins of Mulu Nanda, Chudu Nanda).

( ૩૮ ) આ સરદારો જે નંદિવર્ધન પછીના સમયે સ્વતંત્ર થઈ ગયા હતા તેનાં નામો છે. એટલે તેણે નીમ્યા તે જૂદાજ સમજવાં. પણ વાચકને તે સરદારોની ઓળખ જલદી પડી જાય, અને તેમનો સમય તથા ઉત્પત્તિ જાણી શકાય માટે મેં અહીં ઉતાર્યા છે. પૃ. ૩૧૪ માં પલ્લવ અને કદંબનેજ નંદિવર્ધને જીત્યાનું અને બાકીના બેને બુદ્ધરાજે જીત્યાનું લખાયું છે, કયું વિશેષ સંભવિત છે તે શોધવું રહે છે.

એટલે આ હકીકતને જેમ ગયા પાનાંની (૩૮૪) ટીકામાં જણાવ્યા પ્રમાણે ઐતિહાસિક પુરાવાથી ટેકો મળ્યો ગણાય તેમ, અહીં જણાવેલ સિક્કાઈ પુરાવાથી પણ ટેકો મળ્યો ગણાશે.

( ૩૯ ) જે સમયની આપણે આ હકીકત લખી રહ્યા છીએ તે ઈ. સ. પૂ. ૪૬૦ આશરેની છે. જ્યારે આવા એક મહારથીને બિરારના અધિકારનું તરીકે આ પણે પાછા ઈ. સ. પૂ. ૪૦૦ ના અરસામાં, શતવહનવંશી બીજા રાજા યજ્ઞશ્રી ગૌતમીપુત્રના સસરા તરીકે

જઇને પોતે અનશનવ્રત લઇ દેહ ત્યાગ કરી શકયો છે, તે હકીકત પણ સાબત કરે છે કે, આ સર્વે મુલક નંદરાજાની સત્તામાં હતો અને નંદરાજા પાસેથી તેને મગધની ગાદી મળવાની સાથે સાથે વારસામાં મળી આવ્યો હતો.

આ ઉપરથી સમજી શકાશે કે તેને તાબે આખો ભરતખંડ આવી ગયો હતો. સિવાયકે ઉત્તરમાં પંજાબનો થોડો ભાગ અને કાસ્મર તથા દક્ષિણહિંદમાં કલિંગદેશ સિવાયનો. એટલે આખા શિશુનાગ અને નંદવંશના એમ બંને વંશમાં મળીને જે જે રાજાઓ થયા છે, તે સર્વેથી મોટા પ્રદેશનો રાજવી તે થઇ પડયો હતો એમ સ્વીકારવું પડે છે. અને તેથી તેના નામને જે નંદિ વર્ધન=વૃદ્ધિ કરનાર the Increaser નું બિરૂદ લગાડવામાં આવ્યું છે તે યથાર્થજ છે એમ સ્પષ્ટ રીતે સાબિત થયેલું વાચકવર્ગને જણાશે. અને આવા પ્રતાપી રાજાના વંશને તદ્દન સ્વતંત્ર વંશ તરીકે ઓળખવામાં આવે છે. તો ખોટું પણ નથી.[૪૦]

એક બે વાતો અહીં સ્પષ્ટ કરવાની આવશ્યકતા લાગે છે. ( ૧ ) એક વાત એકે જે ભૂમ વિસ્તાર રાજા નંદિવર્ધને ઉત્તર હિંદની પ્રાપ્તિ કરીને મેળવ્યો હતો તે કરતાં વિશેષ ભૂમિ વિસ્તાર તો રાજા ઉદયને પણ દક્ષિણ ભરતખંડ જીતીને મેળવ્યો હતો. છતાં વર્ધન નામનું બિરૂદ ઇતિહાસકારોએ રાજા ઉદયનને અર્પણ કર્યું નથી. પણ એકલા નંદિવર્ધનનેજ તે લાગુ પાડયું છે. એટલે સમજાય છે કે દક્ષિણ હિંદ કરતાં ઉત્તર હિંદની મહત્તા અને ગૌરવ ઇતિહાસકારોની દ્દષ્ટિએ વિશેષ પ્રમાણમાંજ અંકાતું હોવું જોઇએ. ( ૨ ) બીજી વાત એમ છે કે અત્યાર સુધીના લેખકોનું માનવું એમ થાય છે કે શતવહન વંશનો સ્થાપક રાજા શ્રીમુખ જે છે તેણે કન્વ વંશના છેલ્લા પુરૂષ રાજા સુશર્મનને મારીને ગાદી પચાવી પાડી છે. અને શતવહન વંશની સત્તા મુખ્યત્વે આંધ્ર પ્રદેશ તથા કૃષ્ણા નદી ( બેન્ના નદી ) ના પ્રદેશ ઉપર હતી. તેથી કન્વવંશી રાજાઓનો અમલ પણ આ આંધ્રદેશ તથા બેન્નાકટક ( કૃષ્ણા નદીનો તટ પ્રદેશ ) ઉપર હોવો જોઇએ. હવે જો આ પ્રમાણેજ બન્યું હોય તો એમ અનુમાન ઉપર જવું રહે કે, શ્રીમુખની સત્તા આંધ્ર ઉપર સ્થપાઇ, તે પૂર્વે ૪૫ વરસ સુધી ( કેમકે કન્વવંશનો આખો રાજ્યકાળ ૪૫ વર્ષ ચાલ્યો છે ) કન્વવંશે ત્યાં હકુમત ભોગવી હતી. અને રાજા શ્રીમુખનું ગાદીએ આવવું મ. સં. ૧૦૦ ઇ. સ. પૂ. ૪૨૭ માં ( જુઓ તેના વૃત્તાંતે તથા અવંતિદેશના વર્ણને ) થયું છે. એટલે કન્વવંશની સ્થાપના તે પ્રદેશ ઉપર મ. સં. ૫૫–ઇ. સ. પૂ. ૪૬૨ માં થઈ કહેવાય. અને પછી અવિ

---

અને પ્રખ્યાત રાણી નાગનિકાના પિતા તરીકે જોઇશું. તે ઉપરથી વાચકને ખાતરી થશે કે, મહારથી નામના અમલદારનું અસ્તિત્વ કેટલા પ્રાચીન સમયથી ચાલ્યું આવે છે; દક્ષિણ હિંદમાં જે મહારથિક-રાષ્ટ્રીકવંશ ઈ. સ. ની ૮ મી સદીમાં થયો છે તેનું મૂળ પણ આ મહારથીથીજ સમજી લેવાનું છે.

(૪૦) જે. ઓ. બી. રી. સો. પુ. ૧. પૃ. ૮૦ કતેસીઆસ કહે છે કે—વિશેષપણે નંદિવર્ધનજ છે કે, જે સમસ્ત ભારતવર્ષનો એવો એક રાજા હતો કે, જેના લશ્કરમાં, મોખરે અને પાછળ એમ બન્ને સ્થાને, લશ્કરી હાથીઓનું જબરજસ્ત દળ ચાલતું હતું (મારો મત મહાનંદ વિશે છે. સરખાવો પૃ. ૩૫૫ નું લખાણ અને ટીકા નં. ૨૨ ) J. O. B. R. S. Vol. I. P. 80:—Ktesias speaks of this—probably Nandivardhana as one king of the whole India possessing a monster force of war-elephants, moving both in the van and the rear of his army.

ચ્છિન્નપણે ત્યારબાદ ૪૫ વર્ષ ચાલુ રહી કહી ગણાય. પણ આપણે આ નંદિવર્ધનના ઇતિહાસથી હવે જાણી શકયા છીએ, કે આ કાળ દરમ્યાન તે સર્વ પ્રદેશ ઉપર તો તેનીજ હકુમત હતી. તેમ વળી જોઇ શકાશે કે તેના મરણ પછી તેના વંશજોનો અધિકાર ઠેઠ ઇ. સ. પૂ. ૪૭૨ સુધી ચાલુજ રહ્યો હતો. એટલે કાંઈક ભારપૂર્વક કહી શકાશે કે આ પ્રદેશ સાથે કન્વવંશને કોઈ પ્રકારનો સંબંધજ નથી. આ વિશેની થોડીક માહિતી ઉપર પૃ. ૧૫૬–૧૬૭ લખવામાં આવી છે. વળી પ્રસંગ પડયે આગળ ઉપર પણ લખવામાં આવશે.

## મહાપદ્મ : નંદ બીજો

નંદિવર્ધન પછી તેનો પુત્ર મહાપદ્મ : નંદબીજો મગધપતિ બન્યો હતો. તેનું રાજ્ય તેના પિતા કરતાં અધિક સમય સુધી ચાલ્યું હતું છતાં તેના વખતમાં કોઈ લડાઇ લડવી પડી હોય એમ બન્યું નથી. તેમ એ પણ ખરૂં છે કે જ્યારે સમસ્ત હિંદમાં કોઇ જમીન મેળવવીજ રહી ન હોય તો પછી લડાઇ લડવી પણ કોની સાથે. જે કાંઈ મેળવવા જેવું રહ્યું હતું તે માત્ર કલિંગનો પ્રદેશજ હતો. છતાં તે બાબતમાં પણ તેણે કાંઇ હીલચાલ કરી હોય તેવું પ્રમાણ મળતું નથી કે પછી પોતે શાંતિમય જીંદગીને ચાહનાર હોય, અથવા તો કયાસ કાઢી લીધો હોય કે ક્ષેમ રાજની સાથે બાથ ભીડવામાં કાંઇ ફાવટ આવશે નહીં. ગમે તેમ પણ કલિંગનો વહીવટ થોડા વરસ લગી તો બીન અડચણે ચાલી રહ્યો હતો. તેવામાં ઇ. સ. પૂ. ૪૩૯—મ. સં. ૮૮ ની સાલમાં ક્ષેમરાજનું મૃત્યુ થયું અને તેનો પુત્ર બુદ્ધરાજ ગાદીએ આવ્યો. પણ તે કાંઇ, આવી ઉપેક્ષા વૃતિ જેવું જીવન ગાળવાનું નિભાવી લ્યે તેવો નહોતો. એટલે પોતાનો યુવરાજ તાલીમ લઇને તૈયાર થયો કે તુરત તેને લશ્કરની સરદારી આપીને દક્ષિણ તરફ મોકલ્યો. અને હિંદના પૂર્વ કિનારા ઉપરના જે જે પ્રાંતો મગધપતિને તાબે હતા, તેમાંના સર્વે પોતાની સત્તામાં મેળવી લીધા. એટલે કલિંગપતિને તાબે હવે ચોલા, પાંડયા વિગેરે રાજાઓનો મુલક પણ આવી જવાથી તે ત્રિકલિંગાધિપતિ કહેવાવા લાગ્યો. તેવામાં મ. સં. ૯૮–ઇ. સ. પૂ. ૪૨૯ ની સાલમાં બુદ્ધરાજનું મરણ થયું અને તેની જગ્યાએ તેનો પુત્ર ભિખ્ખુરાજ, ખારવેલ નામ ધારણ કરી ત્રિકલિંગાધિપતિ થયો. જ્યારે આ બાજુ તે બાદ દોઢેક વર્ષે, આ રાજામહા પદ્મનું પણ મરણ નીપજયું હતું. મ. સં. ૧૦૦=ઇ. સ. પૂ. ૪૨૭.

## નંદ ત્રીજાથી નંદ આઠમા સુધી.

રાજા મહાપદ્મને જે નવેક કુંવરો હતા તેમાં સર્વથી મોટા બે અને સૌથી નાનો એક એમ મળી ત્રણ પુત્રો શૂદ્ર જાતીની રાણી પેટે જન્મેલ હતા અને વચ્ચેના છ ક્ષત્રિયાણીના પેટે જન્મેલ હતા. એટલેજ કોને ગાદીએ બેસાડવો તે સવાલ ઉભો થયો હતો. અંતે ક્ષત્રિયાણીના પુત્રોનો પ્રથમ હક્ક ગણવો એમ ઠરતાં જ્યેષ્ઠ બે પુત્રોને પોતાનું અપમાન થયું લાગ્યું હતું. જેથી તેમણે મગધની ભૂમિનો ત્યાગ કર્યો હતો. તે બધી હકીકત આગળ જણાવી ગયા છીએ. હવે આ બે પુત્રોએ મગધથી દક્ષિણ તરફ જવાનો માર્ગ લેવાનું ધાર્યું. પણ તેમાંના કલિંગ ઉપર ચેદિવંશની સત્તા ચાલતી હોવાથી મગધની પશ્ચિમે થઇને, જેને હાલ મધ્ય પ્રાંતો કહે છે તે રસ્તે ઉતર્યા. પ્રથમ તે કબજે કર્યો. પછી જેને અંપ્રદેશ કહે છે તે બાજુ તરફ આગળ વધ્યા. એટલે કે મધ્યપ્રાંતવાળો ભાગ મગધની સત્તામાંથી મહાપદ્મના તે બે પુત્રોએ ઝૂંટાવી લીધો. પણ તે બેમાંથી જે મોટો શ્રીમુખ હતો તેણે ગાદી કયાં કરી હતી તે કહી નથી શકાતું. ગાદીપતિ બનવા ઉપરાંત તે સમયનો જે મગધસામ્રાજ્યનો

સત્તાધિકારી હતો ( જેને મહારથીના નામે ઓળખાવાતો ) તેની પુત્રી નાગનિકા સાથે પોતાના પુત્રને[૪૧] પરણાવ્યો અને પછી તે આગળ વધીને અંધ્રદેશમાં ઉતર્યો. આ પ્રમાણે મગધસામ્રાજ્યમાંથી જમીનના બે મોટા વિસ્તાર કમી થઇ ગયા. જેથી કરીને નંદિવર્ધનના સમયે આખા હિંદમાં પથરાયલું મોટું મગધ સામ્રાજ્ય, હવે તો લગભગ માત્ર મગધ, વિદેહ, કાશી, કોશળ, અવંતિ અને ગંગા નદી ઉપરના પ્રાંતોમાંજ સમાઇ જતું રહ્યું હતું.

આ છએ ભાઇઓ માત્ર નામધારી જેવાજ ગણાયા છે. જે એક પછી એક કમોતે મરાયા હશે એમ ધારી શકાય છે. છેવટનો ભાઇ આઠમો નંદ બૃહસ્પતિમિત્ર ગાદીએ આવ્યો, ત્યારે તો તેની સ્થિતિ હજુ પણ વિશેષ નબળી થવાનું સર્જાયેલું હોય એવા સંજોગો ઉભા થયા હતા. તે વખતનો ત્રિકલિંગપતિ રાજા ખારવેલ ગાદીએ બેઠા પછી બાર વર્ષ સુધીમાં,–મ. સં. ૧૧૦–ઇ. સ. પૂ. ૪૧૭ સુધી–આખા દક્ષિણ હિંદ ઉપર ( અંધ્રદેશ ઉપર શતવહન વંશનું રાજ્ય ચાલતું હતું પણ તે આ ખારવેલના ખંડિયા જેવા હોય એમ સમજાય છે ) પોતાનું સામ્રાજય જમાવી રાજકીય દૃષ્ટિએ તદન નિશ્ચિંત બની બેઠો હતો. એટલે જે પોતાના ધર્મની–દેવાધિદેવની–સુવર્ણમય પ્રતિમા કલિંગના રાજનગરમાંથી આ મગધપતિ બૃહસ્પતિ મિત્રનો પિતામહ રાજા નંદિવર્ધન મ. સં. ૫૯–ઈ. સ. પૂ. ૪૬૮ આસપાસમાં, પોતાના પિતામહ રાજા ક્ષેમરાજના સમયે ઉપાડી ગયો હતો, તે માનભંગનું વેર વાળવા ચક્રવર્તી સમાન રાજા ખારવેલે હાલના મગધપતિ બૃહસ્પતિમિત્ર ઉપર ચડાઈ કરી. આ હુમલો સ્થળ વાટે ન લઇ જતાં, ગંગાનદીના પ્રવાહ માર્ગેજ લઇ ગયો.[૪૨] અને બૃહસ્પતિ મિત્રને હરાવી, તે સુવર્ણ પ્રતિમાના પગ પાસે તેને નમાવી, તે પ્રતિમા પાછો પોતાના નગરે લઇ આવ્યો હતો. આ બનાવ બન્યા પછી બે એક વર્ષે એટલે ઈ. સ. પૂ. ૪૧૫=મ. સં. ૧૧૨ માં રાજા બૃહસ્પતિનું મરણ થતાં, વળી એક વખત પૂર્વની માફકજ સંજોગો ઉભા થયા હતા કે, હવે મગધની ગાદી કોને સોંપવી. કેમકે બૃહસ્પતિને પુત્રી હતી પણ એકે પુત્ર નહોતો. તેમ બૃહસ્પતિમિત્રનો એક ભાઈ એટલે નંદ બીજાનો: રાજા મહાપદ્મનો શૂદ્રાણી પેટે જન્મેલ એક ઉમર લાયક પુત્ર, હૈયાત હતો. કેટલીક વિચારણાની અંતે આ શૂદ્રાણી પુત્રને ગાદી મળી હતી અને તે નવમાનંદ તરીકે ગાદીએ બેઠો હતો.

## મહાનંદ : નવમો નંદ

પોતે લગભગ ત્રેવીસ વર્ષની ઉમરે ગાદીએ આવ્યો હતો; તેમજ ભલે ક્ષત્રિય રાજપતિનો પુત્ર હતો છતાં, શૂદ્રાણીના પેટે જન્મેલ એટલે પોતાનું ભવિષ્ય અનેક લીલીસૂકીથી સંકળીત રહ્યાંજ કરવાનું, એવા મનમાં ઘોળાતા વિચારોથી ( અને આનો પ્રત્યક્ષ દાખલો પોતાના જ્યેષ્ઠ બંધુ શ્રીમુખની બાબતમાં નજરો નજર જોયો પણ હતોજ ) યુવાન હોવા છતાં, કાંઇક વિચારક અને ઠરેલ બુદ્ધિનો થઇ ગયો હતો. જેથી એકદમ ઉછાંછળું કે અવિચાર્યું પગલું તે ભરતો નહીં. તેથી ભલે ચારે તરફ સરદારોમાં સ્વતંત્રતાનો કહો કે સ્વચ્છંદતાનો, પવન ફેલાઈ ગયો હતો, છતાં કોઇ ઉમર દમદમાટીથી કામ લઇને તાબે

( ૪૧ ) પોતાના પુત્રને પરણાવ્યો છે, એટલે પુત્રની ઉમર ૧૪-૧૫ વર્ષની અને પોતાની ઉમર ત્રીસ વર્ષ ઉપરની આ સમયે ( એટલે મ. સં. ૧૦૦=ઇ. સ. પૂ. ૪૨૭ માં ) હશે એમ માનવું રહે છે.

( ૪૨ ) જુઓ હાથીગુંફાના શિલાલેખમાં રાજ્યાભિષેક પછી તેરમા વર્ષની હકીકતનું વર્ણન.

કરી લેવા એકદમ લક્ષમાં લીધું નહોતું. પણ પ્રથમમાં દરેકને હુકમો આપી આજ્ઞાધીનપણે વર્તવા ફરમાવ્યું. આ પ્રમાણે જે તાબે થઇ ગયા તેમને યથાસ્થાને પાછા નિયુક્ત કરી દીધા. પણ જેઓ ક્ષત્રિય જ્ઞાતિ ઉંચી અને શૂદ્ર જાતિ હલકી, આવા જાતિ મદના ધમંડમાં, રાજાની આજ્ઞાને શિરોવંદ્ય માનતા નહીં, તેના ઉપર રોષ ઠલવવા માંડ્યો. તેમાંના કેટલાકની કત્લ ચલાવી, અને કેટલાકને લડાઇમાં હરાવીને એકદમ નિર્બળ કરી નાંખ્યા. તે એટલે સુધી કે ક્ષત્રિયત્વ-ક્ષાત્ર તેજ-જેવું નામ નિશાનજ રહેવા ન દીધું.[૪૩] પોતાના રાજ્યના આરંભનાં લગભગ દશેક વર્ષ આ પ્રમાણે પોતાની સ્થિતિ મજબૂત કરવામાં ગાળવા પડયા હતા. તે બાદ બાકી રહેલ ઉત્તર હિંદનો ભાગ કબજે કરી લેવા વિચાર કર્યો. અને પાંચેક વર્ષમાં તો સમસ્ત ઉત્તર હિંદ (પંજાબનો ઉત્તર ભાગ અને કાશ્મિર સુદ્ધાં-અને સિંધનો પ્રદેશ જો નંદિવર્ધને જીત્યો નહોતો એમ ગણાય તો તે સુદ્ધાં) પોતાની આણામાં લાવી મૂક્યો. એટલે એક છત્રછાયા-એક ચક્રે રાજ કરવા જેવી ત્યાં સ્થિતિ કરી દીધી. પોતે વિદ્યાપ્રેમી હોવાથી, તક્ષશિલા જીતતી વેળાએ, ત્યાંના અતિ વિદ્વાન ગણાતા અને ચતુર નિવડવાની આગાહી બતાવતા ત્રણ યુવાન મિત્રોની ટોળકીને, મગધ પાછા આવતાં પોતાની સાથે ઉપાડી લાવ્યો.[૪૪] કદાચ આ બનાવ બાદજ મગધ દેશની નાલંદા વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હોય, કે તે પૂર્વે બહુ પ્રસિદ્ધ થયેલી વિદ્યાપીઠ પોતાની કીર્તિની વૃદ્ધાવસ્થા અનુભવવા માંડતી હોય અને તેનો પુનરૂદ્ધાર કરાયો હોય-પુનર્જીવનજ અર્પાયું હોય તે વધારે સંભવિત દીસે છે. સાથે સાથે જીતેલા પ્રાંતોમાંથી અઢળક દ્રવ્ય પણ લેતો આવ્યો હતો. (કહે છે કે સોનાની નવ[૪૫] ટેકરી બનાવાય તેટલું દ્રવ્ય તે ધસડી લાવ્યો હતો)

આ ફતેહ મેળવીને, પાછા આવ્યા બાદ કાંઇક નિરાંતે બેઠો. આ અરસામાં તેને સુવિખ્યાત નાગરમંત્રી[૪૬] શકડાળ, મહાઅમાત્ય તરીકે પ્રાપ્ત થયો. જોકે રાજા મહાનંદને પોતાનો વિચાર હવે દક્ષિણનાં રાજ્યો, જેવાં કે કલિંગ અને આંધ્ર, જે અત્યારે મગધથી સ્વતંત્ર થઈ ગયા હતા, તેને તાબે કરવા દોરાયો હશે, પણ કદાચ (૧) મહા-

(૪૩) જોકે આવી હકીકત મહાપદ્મના-નંદ બીજાનાં જીવન વૃતાંતે જણાવી છે, પણ વધારે સંભવિત છે, કે તે આ નવમા નંદના સમયની છે (છતાં આ પ્રસંગ વિશેષ શોધખોળ માંગે છે ખરો) અને આ કાર્યને લીધે તેને "કાળાશોક" કહી શકાય ખરો. જુઓ ઉપર પૃ. ૩૩૮ થી ૩૪૨ તથા દ્વિતીય વિભાગે છેવટનાં પરિશિષ્ટો. જેમાંના એકમાં ધર્માશોક-કાળાશોક વિશે ચર્ચા કરી છે.

(૪૪) જુઓ ઉપર તેમજ પૃ. ૩૬૦ નું લખાણ અને ટીકાઓ.

(૪૫) પાંચ ટેકરી જેટલું પણ હોવા સંભવ છે જુઓ શુંગવંશી રાજ્યની હકીકતે, કલ્કી રાજાનું વર્ણન.

(૪૬) નાગર શબ્દના બે અર્થ થઇ શકે છે. (૧) જેને હાલમાં નાગર બ્રાહ્મણ તરીકે ઓળખાવાય છે તે; પણ આ અર્થ સંભવિત નથી કેમકે, તે સમયે પ્રથમ તો જ્ઞાતિ જેવી કોઇ સંસ્થાજ નહોતી; તેમજ વળી નાગર બ્રાહ્મણની ઉત્પત્તિજ, તેમના પોતાના મત પ્રમાણે બહુ અસૂરેથી થવા પામી છે. વળી વણિક કોમમાં પણ નાગર વાણિયા કહેવાતો એક વિભાગ છે; જ્ઞાતિના ઉત્પત્તિના સમયની વિચારણાથી તે અર્થ પણ અહીં સંભવિત લાગતો નથી. કેમકે હાલના ગુજરાતની સર્વે પેટા જ્ઞાતિઓ મધ્યકાલે ઉદ્ભવેલ સંભવે છે; હવે બીજો અર્થ (૨) નાગર એટલે નગરમાં રહેનારા; નાના ગામડામાં રહેનારા નહીં, તેમ રાજધાનીના પાટનગરમાં રહેનારા પણ નહીં, પણ પાટનગર સિવાયના અન્ય નગરોમાં રહેનારાને નાગર કહી શકાય; આવા અર્થમાં 'નાગર' શબ્દ અહીં વપરાયો લાગે છે.

સરખાવો ઉપરમાં પૃ. ૨૫૩ ની ટી. નં. ૬૪ નું લખાણ.

અમાત્યની સલાહ માનીને, કે પછી ( ૨ ) લડાઇમાં કેટલી વીસે સો થાય છે તેનો અનુભવ મળી ગયો હતો તેથી કે ( ૩ ) ખારવેલ જેવા ચક્રવર્તીની વિશ્વવ્યાપી શક્તિ અને કીર્તિ સાંભળીને ડધાઇ ગયો હોય તેથી કે ( ૪ ) શ્રીમુખ આંધ્રપતિ પોતાનો ભાઇ થતો હતો એટલે જો કલિંગ ઉપર પોતે સ્વારી લઇ જાય તો તેની કુમકની ગણત્રીતો હતીજ. પણ ન કરે નારાયણ અને શ્રીમુખ કદાચ કલિંગપતિ સાથે ભળી જાય ( કેમકે શ્રીમુખ કલિંગ પતિથી જેમ ડરતો હતો તેમ કદાચ કાંઇક દબાયલો[૪૭] પણ હોય ); આવાં આવાં અનેક વિધ કારણોમાંના કેટલાંકના પ્રબળપણાથી તેણે પોતાના વિચારને મૂર્ત સ્વરૂપ આપવાનું માંડી વાળ્યું હતું. અને જે લક્ષ્મી તથા વૈભવ ભાગ્ય યોગે પ્રાપ્ત થયો છે તેટલાથીજ સંતોષ માની, બાકીની અવસ્થા સુખશાંતિથી મગધદેશમાંજ રહીને વિદ્યાપ્રચારનું પોતાનું સ્વપ્નું સંપૂર્ણ કરવામાં ગાળવાનું શરૂ કરી દીધું હતું.

તેવામાં જે ત્રણ યુવાન મિત્રોની ટોળીને પોતે તક્ષશિલામાંથી ઉપાડી લાવ્યો હતો, તેમાંના એક ચાણાક્યનું, પોતાના સૌથી નાના પુત્રે,[૪૮] રાજપુત્ર તરીકેના તોરમાં અપમાન કર્યું હતું, અને આપણને વિદિત છે તે પ્રમાણે ચાણાક્યજીના ક્રોધી સ્વભાવને લીધે, આ નજીવા બનાવે મોટું રૂપ પકડયું હતું. અને આવેશમાં ને આવેશમાં મહા ભયંકર પરિણામ લાવવાના માર્ગે તેણે પગલાં માંડયા હતાં. પણ આ બનાવનાં કડવાં ફળ દેખાવા માંડે તે પહેલાં લગભગ એક દસકા જેટલો સમય ચાલ્યો ગયો. દરમ્યાન વિદ્વાન ત્રિકની મંડળીમાંના બીજા સભ્ય વરરૂચિએ જબરો ઉપાડો આદર્યો હતો. જેના પરિણામે રાજા મહાનંદને હમેશ માટે મહાબુદ્ધિશાળી અમાત્ય શકડાળને ગુમાવવો પડ્યો હતો. શકડાળની જગ્યા ઉપર મરહુમ અમાત્યનો ચંચળ અને યુવાન પુત્ર ગોઠવાયો હતો. પણ તે તો માત્ર પ્રસંગની ગંભીરતા ટળી જાય તેટલા પૂરતા સમય માટેજ રહ્યો હતો. તેણે સંપૂર્ણ માન સાથે ટૂંક સમયમાં પોતાના હોદ્દાથી નિવૃત્તિ લીધી હતી.

વચ્ચે મ. સં. ૧૨૩=ઈ. સ. પૂ. ૪૦૪ ના અરસામાં આંધ્રપતિ શ્રીમુખ મરણ પામતાં, તેની ગાદીએ તેનો પુત્ર, અને રાણી નાગનિકાનો ધણી, ગૌતમીપુત્ર યજ્ઞશ્રી આવ્યો હતો. તેને આ મહાનંદે ( એટલે કાકાએ ) હરાવીને પોતાનું સ્વામિત્વ કબુલ કરાવી લીધું હતું. ( જુઓ સિક્કા પરિચ્છેદે ) અને ગણતંત્ર રાજ્યની પ્રથાને અંગે કેવળ ખંડિયાપણું તેનેમાથે રાખી, અર્ધ સ્વતંત્ર રાજ્યનો અધિકાર સોંપી દીધો હતો.

---

( ૪૭ ) ખારવેલના તાબે હોઈને, શ્રીમુખનો વંશ અત્યારે આંધ્રભૃત્ય કહેવાતો હતો.

( આંધ્રભૃત્યો અને શુંગભૃત્યોમાંના કેટલાયે, થોડા વખત ભૃત્યો થતા ને વળી પાછા થોડાજ સમયમાં સ્વતંત્રતા ધારણ કરી લેતા. આવી સ્થિતિમાં કોઇને પણ ચોક્કસપણે ભૃત્યો કહી સંબોધી શકાય તેમ નહોતું. આવી પરિસ્થિતિનો કાંઇક ખ્યાલ તે બન્નેનું વર્ણન કરતી વખત આપણે આપીશું ).

અથવા ઉપર પૃ. ૩૮૭ માં જણાવ્યા પ્રમાણે શ્રીમુખ પોતાનો મોટો ભાઈ થતો હતો ( ભલે સહોદર નહોતો પણ ઓરમાન તો હતોજને ? ) એટલે તેની સાથે યુદ્ધ ન કરવું જોઇએ તેવો વિચાર પણ હોય. જોકે રાજનીતિમાં આવા વિચારને સ્થાન હોતું નથીજ.

( ૪૮ ) તે સમયે રાજ્યની કચેરીના દિવાનખાનામાં ત્રણ પુત્રો રમતે લાગ્યા હતા. ( તે ઉપરાંત બીજા પુત્રો હતા કે કેમ તે જણાયું નથી ) તેમાંથી સૌથી નાના પુત્રે પંડિતજીનું અપમાન કર્યું હતું. અને અપમાનકારક ભાષા જ્યારે વાપરી શકે ત્યારે તેની ઉમર પણ કમમાંકમ ૭-૮ વર્ષની તો માની શકાય, તે હિસાબે તેનાથી મોટા બેની ઉમર ૧૦ અને ૧૨ વર્ષની આશરે હોવા સંભવે છે.

એક બાજુ મહારાજા મહાનંદની ઉમર વધતી જતી હતી. બીજી તરફથી મહા અમાત્ય જેવી જોખમદાર પદવી ઉપર હુંશિયાર અને દીર્ઘ દૃષ્ટિવાળો પુરૂષ નહીં મળવાથી કોઇ નામ શેપને મૂકવો પડ્યો હતો. તેમ ત્રીજી બાજુ અપમાનિત થયેલ ચાણાક્યને પૂરતું બળ–સહાય અને સામગ્રી મળી ગઇ હોવાથી મગધના દૂરના સીમાપ્રાંતો, નાની નાની લૂટફાટ અને બખેડા જગાવી, તેણે જેર કરવા માંડ્યા હતા. એટલે મહારાજા મહાનંદ હતાશ થતો જતો હતો. તેવામાં ચાણાક્યને પોતાની રાજનીતિની ભૂલ[૪૯] સમજાઇ અને તેણે અવ્યવસ્થિત હુમલા કરવાને બદલે પાસેના પાર્વતીય પ્રદેશ ( ત્રિકલિંગના યુથમાં એક જે વંશદેશ હતો તેમાં નર્યા પર્વતોને પર્વત જ આવી રહેલ હોવાથી તેને પાર્વતીય પ્રદેશ[૫૦] કહ્યો છે. ) ના મહિપતિ વક્રગીવની[૫૧] મદદ લઇને મગધ ઉપર ચઢાઈ લઇ ગયો. આ ચઢાઇનું પરિણામ, ઇતિહાસમાં જેમ પ્રસિદ્ધ છે તેમ મહાનંદની હાર થવામાં આવ્યું હતું. એટલે ચાણાક્યજીએ સ્વપ્રતિજ્ઞાના પાલનાર્થે નંદવંશનો ઉચ્છેદ કરી નાંખી મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્તને મગધનો સમ્રાટ બનાવી દીધો. આ પ્રમાણે મોટા શિશુનાગવંશના અને નાના નાગવંશના અમલ દરમ્યાન રાજ્યવિસ્તારની હકીકત સંક્ષિપ્તમાં[૫૨] જાણી લેવી.

**સર્વે રાજાઓનાં ગુણ નિષ્પન્ન નામો**

આ પ્રમાણેનાં વર્ણન ઉપરથી આ સઘળા રાજાઓને આપણે નીચે જણાવેલાં ઉપનામો–બિરૂદો આપી શકીશું આમાંના કેટલાંક તો અવારનવાર અનેક ગ્રંથકારોએ ઉપયોગમાં લીધાનું જાણીએ છીએ તેમ આપણે પણ આ પુસ્તકમાં તે વાપરી ચૂકયા છીએ.

( ૧ ) બિંબિસાર the Organizer=શ્રેણિઓના કરનાર.
( ૨ ) કુણિક the Greedy or Avaricious.
( ૩ ) ઉદયન the Good or the Warrior.
( ૪ ) નંદિવર્ધન the Increaser.
( ૫ ) મહાપદ્મ the Peaceful.
( ૬ ) મહાનંદ the Great or the Cruel.
( ૭ ) બીજાનંદો the Puppets.

---

( ૪૯ ) આ ભૂલ કેવા પ્રકારની હતી અને કયા સંયોગોમાં સમજવામાં આવી હતી તે માટે ચંદ્રગુપ્તના વર્ણને જુઓ.

( ૫૦ ) પાર્વત=પર્વત ઉપર બાંધેલા કિલ્લાને પણ પાર્વત કહેવાય છે. અને તે ઉપરથી પણ પાર્વતીય શબ્દ વપરાયો હોય. સરખાવો વડોદરા સાહિત્યનું ચંદ્રગુપ્ત નામનું પુસ્તક પૃ. ૫૩ થી આગળ.

( ૫૧ ) જુઓ હાથીગુંફાનો લેખ. તેમાં રાજા ખારવેલની ગાદીએ આવનાર તેના પુત્રને વક્રગ્રીવ કહ્યો છે. તેજ આ વક્રગ્રીવ સમજવો: મુદ્રારાક્ષસમાં જે મલયકેતુ રાજા લખ્યો છે તેનો પિતા આ વક્રગ્રીવ હોવા સંભવે છે.

( ૫૨ ) જુઓ સિક્કા પરિચ્છેદે.

# વંશાવલિઓ.

પુસ્તકમાંની અને અહીં આપેલી સાલોમાં જ્યાં ફેર પડે ત્યાં સંશોધન માંગે છે એમ સમજી લેવું.

| કોશળપતિ | ઇ. સ. પૂ. | ઈ. સ. પૂ. | કેટલાં વર્ષ | મ. સં. પૂ. | મ. સં. પૂ. |
|---|---|---|---|---|---|
| વૃત્તઃ વંક ... ... | ૭૯૦ | ૭૩૦ | ૬૦ | ૨૬૩ | ૨૦૩ |
| રતનજય ... ... | ૭૩૦ | ૬૯૦ | ૪૦ | ૨૦૩ | ૧૬૩ |
| દબ્બસેન ... ... | ૬૯૦ | ૬૪૦ | ૫૦ | ૧૬૩ | ૧૧૩ |
| સંજય ... ... | ૬૪૦ | ૫૮૫ | ૫૫ | ૧૧૩ | ૫૮ |
| પ્રસેનજિત ... ... | ૫૮૫ | ૫૨૬ | ૫૯ | ૫૮ | મ.–સં. ૧ |
| વિદુરથ ... ... | ૫૨૬ | ૪૯૦ | ૩૬ | મ.–સં. ૧ | ૩૭ |
| કુશુલિક ... ... | ૪૯૦ | ૪૭૦ | ૨૦ | ૩૭ | ૫૭ |
| સુરથ ... ... | ૪૭૦ | ૪૬૦ | ૧૦ | ૫૭ | ૬૭ |
| સુમિત્ર ... ... | ૪૬૦ | ૪૫૦ | ૧૦ | ૬૭ | ૭૭ |
| | | | ૩૪૦ | | |

| વત્સપતિ. | | | | | |
|---|---|---|---|---|---|
| સુતીર્થ ... ... | ૭૯૬ | ૭૩૬ | ૬૦ | ૨૬૯ | ૨૦૯ |
| રૂચ ... ... | ૭૩૬ | ૬૯૬ | ૪૦ | ૨૦૯ | ૧૬૯ |
| ચિત્રક્ષ ... ... | ૬૯૬ | ૬૫૧ | ૪૫ | ૧૬૯ | ૧૨૪ |
| સુખીલલ ... ... | ૬૫૧ | ૬૧૧ | ૪૦ | ૧૨૪ | ૮૪ |
| સહસ્રનીક : પરણુતપ ... | ૬૧૧ | ૫૬૬ | ૪૫ | ૮૪ | ૩૯ |
| શતાનિક ... ... | ૫૬૬ | ૫૫૦ | ૧૬ | ૩૯ | ૨૩ |
| રાણી મૃગાવતી ... ... | ૫૫૦ | ૫૪૩ | ૭ | ૨૩ | ૧૬ |
| ઉદયન ... ... | ૫૪૩ | ૪૯૦ | ૫૪ | ૧૬ | મ.–સં. ૩૭ |
| મેઘવિન ... ... | ૪૯૦ | ૪૬૭ | ૨૩ | મ.–સં. ૩૭ | ૬૦ |
| | | | ૩૩૦ | | |

| ચેદિપતિ-કલિંગપતિ. | | | | | |
|---|---|---|---|---|---|
| સુલોચનઃ કરકંડુ મહામેઘવાહન ... | ૫૫૮ | ૫૩૭ | ૨૧ | ૩૨ | ૧૦ |
| સુરથ ... ... | ૫૩૭ | ૫૦૯ | ૨૮ | ૧૦ | મ. સં. ૧૮ |
| શોભનરાય ... ... | ૫૦૯ | ૪૯૨ | ૧૭ | મ. સં. ૧૮ | ૩૫ |
| ચંડરાય–ખંડિયા તરીકે ... | ૪૯૨ | ૪૭૫ | ૧૭ | ૩૫ | ૨ |
| ક્ષેમરાજ ... ... | ૪૭૫ | ૪૩૯ | ૩૬ | ૫૨ | ૮૮ |
| બુદ્ધરાજ વિગેરે ... | ૪૩૯ થી આગળ. | | | | |

| અવંતિપતિ | ઇ. સ. પૂ. | ઇ. સ. પૂ. | કેટલાં વર્ષ | મ. સં. પૂ. | મ. સં. પૂ. |
|---|---|---|---|---|---|
| પુનિક ... ... | ૫૯૬ | ૫૭૫ | ૨૧ | ૬૯ | ૪૮ |
| ચંડપ્રદ્યોત: મહસેન ... | ૫૭૫ | ૫૨૭ | ૪૮ | ૪૮ | ૦ |
| પાલક ... ... | ૫૨૭ | ૫૨૦ | ૭ | મ. સં. ૦ | મ. સં. ૭ |
| દંતિવર્ધન ... ... | ૫૨૦ | ૫૦૧ | ૧૯ | ૭ | ૨૬ |
| અવંતિસેન ... ... | ૫૦૧ | ૪૮૭ | ૧૪ | ૨૬ | ૪૦ |
| મણિપ્રભ : મેઘવિન ... | ૪૮૭ | ૪૬૭ | ૨૦ | ૪૦ | ૬૦ |
| | | | ૧૨૮ | | |

| મગધપતિ. | ઇ. સ. પૂ. | ઇ. સ. પૂ. | કેટલાં વર્ષ | મ. સં. પૂ. | મ. સં. પૂ. |
|---|---|---|---|---|---|
| **મોટો નાગવંશ** | | | | | |
| શિશુનાગ ... ... | ૮૦૫ | ૭૪૫ | ૬૦ | ૨૭૮ | ૨૧૮ |
| કાકવર્ણ ... ... | ૭૪૫ | ૭૦૯ | ૩૬ | ૨૧૮ | ૧૮૨ |
| ક્ષેમવર્ધન ... ... | ૭૦૯ | ૬૫૯ | ૫૦ | ૧૮૨ | ૧૩૨ |
| ક્ષેમજિત ... ... | ૬૫૯ | ૬૨૩ | ૩૬ | ૧૩૨ | ૯૬ |
| પ્રસેનજિત ... ... | ૬૨૩ | ૫૮૦ | ૪૩ | ૯૬ | ૫૪ |
| શ્રેણિક–બિંબિસાર ... | ૫૮૦ | ૫૨૮ | ૫૨ | ૫૩ | ૨ |
| કૂણિક–અજાતશત્રુ ... | ૫૨૮ | ૪૯૬ | ૩૨ | ૨ | મ.–સં. ૩૧ |
| ઉદયાશ્વ ... ... | ૪૯૬ | ૪૮૦ | ૧૬ | મ.–સં. ૩૧ | ૪૭ |
| અનુરૂદ્ધ–મુંદ ... ... | ૪૮૦ | ૪૭૨ | ૮ | ૪૭ | ૫૪ |
| | | | ૩૩૩ | | |

**નાનો નાગવંશ: નંદવંશ.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| નંદ પહેલો—નંદિવર્ધન ... | ૪૭૨ | ૪૫૬ | ૧૬ | ૫૫ | ૭૧ |
| નંદ બીજો—મહાપદ્મ ... | ૪૫૬ | ૪૨૮ | ૨૮ | ૭૧ | ૯૯ |
| નંદ ત્રીજો—અશ્વઘોષ ... | ૪૨૮ | ૪૨૫ | ૩ | ૯૯ | ૧૦૨ |
| નંદ ચોથો—જયેષ્ઠમિત્ર ... | ૪૨૫ | ૪૨૩ | ૨ | ૧૦૨ | ૧૦૪ |
| નંદ પાંચમો—સુદેવ ... | ૪૨૩ | ૪૨૧ | ૨ | ૧૦૪ | ૧૦૬ |
| નંદ છઠ્ઠો—ધનદેવ ... | ૪૨૧ | ૪૧૯ | ૨ | ૧૦૬ | ૧૦૮ |
| નંદ સાતમો—બૃહદરથ ... | ૪૧૯ | ૪૧૭ | ૨ | ૧૦૮ | ૧૧૦ |
| નંદ આઠમો—બૃહસ્પતિમિત્ર | ૪૧૭ | ૪૧૫ | ૨ | ૧૧૦ | ૧૧૨ |
| નંદ નવમો—મહાનંદ : ધનનંદ | ૪૧૫ | ૩૭૨ | ૪૩ | ૧૧૨ | ૧૫૫ |
| | | | ૧૦૦ | | |

# સમયાવળી.

**સમજૂતિઃ—**

( ૧ ) દરેક બનાવનું વર્ણન કયા પાને છે તે બતાવવા તેનો આંક સાથે આપ્યો છે.

( ૨ ) જ્યાં એકજ બનાવની બે સાલ માલૂમ પડી છે, ત્યાં વિશેષ માનનીય લાગી તે અહીં જણાવી છે. અને શંકાશીલ લાગી તેને કૌંસમાં મૂકી છે. કૌંસમાં બે જાતના અક્ષરો છે. બ્લેકમાં છે તે સમયસૂચક છે અને સાદા છે તે પૃષ્ઠ સૂચક છે. ( દૃષ્ટાંત–શિશુનાગવંશની સ્થાપ્ના ૮૦૫ માં વિશેષ માનનીય છે તે પૃ. ૨૭૮ મે છેઃ પણ કેટલીક ગણત્રીએ **૮૦૪** પણ થાય છે જેની હકીકત ૨૧૧ અને ૨૩૪ પૃષ્ઠે છે. )

( ૩ ) જેની સાલ માત્ર અંદાજી ગણી કાઢીને ગોઠવી છે તે માટે ? આવી નિશાની મૂકી છે. ( જેમકે ૬૧૬, ૫૯૦ વિગેરે )

| ઈ.સ.પૂ. | મ.સં.પૂ. | **બનેલ બનાવ તથા તેનું સ્થાન.** |
|---|---|---|
| ૩૨૦૧ | ... | મહાભારતનું યુદ્ધ. |
| ૮૭૭ | ૩૫૦ | શ્રી પાર્શ્વનાથ જન્મ ૩૦ : ૯૭. |
| ૯ સદી | ... | શ્રુતિનો રચનાકાળ ૨. એક રીતે અહીંથી Historic period ઇતિહાસની નોંધનો આરંભ કાળ કહી શકાય. |
| ૮૪૭ | ૩૨૦ | પાર્શ્વનાથની દીક્ષા ૯૭ ( **૮૪૬** : ૨૩૪ ) કાશીપતિ બૃહદવંશી રાજા અશ્વસેનનું રાજ્ય ચાલુ ૧૦૦. |
| ૮૦૫ | ૨૭૮ | શિશુનાગ કાશિપતિ બન્યો. ૨૩૮. શિશુનાગ વંશની સ્થાપ્ના ( **૮૦૪**; ૨૧૧, ૨૩૪ ) |
| ૮ સદી | ... | માણિક્યાલનો શિલાલેખ ૩૮. |
| ૮ સદી | ... | ચેદિપતિ–મહાકોશળપતિ રાજા પ્રસેનજિત ( શ્રી પાર્શ્વનાથનો શ્વશુર ) નો સમય ૭૬. |
| ૭૭૭ | ૨૫૦ | શ્રી પાર્શ્વનાથનું નિર્વાણ ૩૦, ૯૭ ( **૭૭૬** : ૨૩૪ ). |
| ૭૫૪ | ૨૨૭ | શ્રી વિજયાનંદસૂરિના મત પ્રમાણે પ્રથમવાર જૈન પ્રતિમા બનાવાઇ ૧૭૦. |
| ૭૪૫ | ૨૧૮ | શિશુનાગવંશી રાજા કાકવર્ણ ૨૩૮. |
| ૭૦૯ | ૧૮૨ | શિશુનાગવંશી રાજા ક્ષેમવર્ધન ૨૩૮. |
| ૬૫૯ | ૧૩૨ | શિશુનાગવંશી રાજા ક્ષેમજિત ૨૩૮. |
| ૬૨૫ | ૯૮ | વિતિહોત્રી વંશનો છેલ્લો રાજા રિપુંજય અવંતિપતિ બન્યો. |
| ૬૨૩ | ૯૬ | શિશુનાગવંશી રાજા પ્રસેનજિત ૨૩૮. |
| ?૬૧૬ | ૮૯ | વૈશાળીપતિ રાજા ચેટકનો જન્મ ૧૩૭. |
| ૬૦૧ | ૭૪ | ક્ષત્રિયકુંડ ગ્રામના યુવરાજ અને શ્રી મહાવીરના જ્યેષ્ઠ ભ્રાતા નંદિવર્ધનનો જન્મ. ૧૩૨. અંગદેશના રાજા દધિવાહનનો જન્મ ૧૪૩. |
| ૬૦૦ | ૭૩ | સિંધુ–સૌવિરપતિ રાજા ઉદયનનો જન્મ ૧૩૦, ૨૨૨. ચેટકપુત્રિ જ્યેષ્ઠા અને ક્ષત્રિયકુંડગ્રામની યુવરાણીનો જન્મ, ૧૩૫; (**પ૯૯**, ૧૩૨). કોશળપતિ રાજા પ્રસેનજિતનો જન્મ; ( **પ૯૦**, ૯૧ ). બૌદ્ધ ધર્મના સ્થાપક શ્રી ગૌતમબુદ્ધનો જન્મ, ૨૪૫. |

| | | |
|---|---|---|
| ૫૯૮ | ૭૧ | સિંધુ-સૌવિરપતિ ઉદયનની રાણી પ્રભાવતીનો જન્મ ૧૩૦, ૧૩૫; (**૫૯૪ ; ૨૨૯**) **જૈન** ધર્મના મહાન પ્રવર્તક શ્રી મહાવીરનો જન્મ **૧૩૨.** |
| ૫૯૬ | ૬૯ | અવંતિપતિ અંતિમ વિતિહોત્રી રાજા રિપુંજયના પ્રધાન તરીકે પુનિક નીમાયો, જેણે ૨૧ વર્ષ પ્રધાન પદે રહી, પોતાના સ્વામીનો ઘાત કરી, પોતાના પુત્ર ચંડપ્રદ્યોતને અવંતિપતિ બનાવ્યો. ૨૦૪, ૨૧૧, ૨૧૮. |
| ૫૯૫ | ૬૮ | રાજા બિંબિસારનો જન્મ ૨૪૫. |
| ૫૯૩ | ૬૬ | અંગપતિ રાજા દધિવાહનની રાણી પદ્માવતીનો જન્મ ૧૩૪, ૧૩૫. |
| ? ૫૯૦ | ૬૩ | મગધદેશની રાજધાની કુશાગ્રપુરમાંથી બદલીને ગિરિવ્રજમાં રાજા પ્રસેનજિત લાવ્યો, ૨૪૦, ૨૬૩. |
| ૫૮૬ | ૫૯ | ક્ષત્રિયકુંડના યુવરાજ નંદિવર્ધનનું-ચેટક પુત્રી જ્યેષ્ઠા સાથે લગ્ન ૧૩૫. |
| ૫૮૫ | ૫૮ | કોશળપતિ રાજા પ્રસેનજિતનો રાજ્યકાળ ૫૮૫ થી ૫૩૫ સુધી, ૯૦, ૭૬ (૫૮૫-૫૨૬=૫૯ વર્ષ). વત્સપતિ રાજા શતાનિકનો જન્મ ૧૧૩, ૧૩૩. |
| ૫૮૪ | ૫૭ | સિંધુ-સૌવિરના ઉદયનનું, ચેટકપુત્રી પ્રભાવતી સાથે લગ્ન, ૧૩૦, ૧૩૫, ૨૨૨; તેનું ગાદીનશીન થવું ૧૩૦, ૨૨૨. ચેટક પુત્રી અને વત્સપતિ રાજા શતાનિકની રાણી મૃગાવતીનો જન્મ (**૫૮૦** ૧૩૩, ૧૩૫ ) રાજા બિંબિસારના મહામંત્રીશ્વર અને જ્યેષ્ઠ પુત્ર અભયકુમારનો જન્મ રાણી સુનંદાના પેટે ૨૪૫, ૨૭૯, ૨૮૪; રાજા બિંબિસાર (૫૮૦ થી ૫૬૪ સુધી) વૈદક મતાનુયાયી બન્યો હોય ૨૫૩. સિંધુ સૌવિરપતિ ઉદયનનું ગાદીએ બેસવું તથા ચેટકપુત્રી પ્રભાવતી સાથે તેનું લગ્ન થવું ૨૨૯. |
| ૫૮૨ | ૫૫ | કુંવર બિંબિસારનું ગોપાળ તરીકે બેન્નાતટ નગરે જવું ૨૪૨. ત્યાં સાર્થવાહનું આવવું ૨૪૩: ગોપાળનું **જૈન** ધર્મી બનવું અને શ્રેષ્ઠિ પુત્રી સુનંદા સાથે લગ્ન થવું ૨૭૯. (**૫૮૧**; ૨૪૪) |
| ૫૮૦ | ૫૩ | મગધપતિ રાજા પ્રસેનજિતનું મરણ અને બિંબિસારનું ગાદીએ બેસવું ૨૩૮, ૨૪૪, ૧૩૧, ૨૩૭. |
| ૫૭૯ | ૫૨ | અંગપતિ રાજા દધિવાહનનું ચેટક પુત્રી પદ્માવતી સાથેનું લગ્ન ૧૩૫; રાજા બિંબિસારનું રાણી ધારિણી સાથેનું લગ્ન ૨૮૦, રથિકનાગનું રાજા બિંબિસારની નોકરીમાં જોડાવું ૨૫૮. |
| ૫૭૭ | ૫૦ | રાજા દધિવાહન અને રાણી પદ્માવતીને લઇને હાથીનું નાશી જવું ૧૩૪. |
| ૫૭૬ | ૪૯ | સુલસાના પેટે રાજા બિંબિસારના બત્રીસ અંગરક્ષકોનો જન્મ ૨૫૮. રાણી પદ્માવતીએ દીક્ષા લીધી ૧૩૫. સાધ્વી પદ્માના પેટે મહારાજા કરકંડુનો જન્મ (**૫૭૭**: ૧૬૮). |
| ૫૭૫ | ૪૮ | ચંડપ્રદ્યોતનું અવંતિપતિ બનવું, ૨૧૮ (જુઓ ૫૯૬ ની હકીકત) ૧૩૨. (**૫૭૪** ૧૩૨, ૨૦૧ ). બિંબિસારની રાણી ધારિણી પેટે મેઘકુમારનો જન્મ ૨૮૧, ૨૮૫. સિંધુ-સૌવિરની પટરાણી પ્રભાવતીના પેટે કુમાર કેશવનો જન્મ ૨૨૯. ચેટક પુત્રી અને અવંતિપતિ ચંડપ્રદ્યોતની એક વખતની પટરાણી શિવાદેવીનો જન્મ (**૫૭૪** ૧૩૨, ૧૩૫) |

૫૭૪ ૪૭ ચેટક પુત્રી અને બાળબ્રહ્મચારિણી સુજ્યેષ્ઠાનો જન્મ ૧૩૩, ૧૩૫.

૫૭૩ ૪૬ રાજા બિંબિસારે ગર્ભિણી હરિણીનો શિકાર કરી માંસ ભક્ષણ કર્યું, જેથી નર્ક-ગતિ બાંધ્યાનો સંભવ ૨૫૪: સિંધુપતિ ઉદયનની પટરાણી પ્રભાવતીએ દીક્ષા લીધી ૧૩૦, ૧૩૫ ( ૫૭૪; ૨૨૨. ૫૬૯; ૨૨૯).

૫૭૨ ૪૫ સાધ્વી પ્રભાવતીનું મરણ ૧૩૦ ( ૫૭૪; ૭૩, ૨૨૨. ૫૬૭; ૨૨૯ ). રાજા બિંબિ-સારને ત્યાં કુંવરી મનોરમાનો જન્મ ૨૮૧, ૨૮૫. ચેટક રાજાની પુત્રી, રાજા શ્રેણિકની એક વખતની પટરાણી અને રાજા અજાતશત્રુની માતા ચિલ્લણાનો જન્મ ૧૩૨, ૧૩૫.

૫૭૧ ૪૪ બૌદ્ધ ધર્મ સ્થાપક શ્રી ગૌતમબુદ્ધનો સંસાર ત્યાગ ૨૫૧.

૫૭૦ ૪૩ કોશળપતિ વિદુરથનો જન્મ ૯૧. વત્સપતિ શતાનિકનું ગાદીએ બેસવું ૧૩૩ (૫૬૬; ૧૧૨ ) તથા ચેટક પુત્રી મૃગાવતી સાથેનું લગ્ન ( ૫૬૬; ૧૩૫ ). અભયકુમારને મહા અમાત્યની પદવી મળી ૨૮૯ ( ૫૬૮; ૨૪૯ ).

૫૬૯ ૪૨ શ્રી મહાવીરે દીક્ષા ગ્રહણ કરી ૧૩૦. ( ડીસેમ્બરમાં )

૫૬૪ ૩૭ ગૌતમબુધ્ધે ઉપદેશ કરવા માંડયો ૮૧, ૨૫૧. પ્રથમવાર ગિરિવ્રજમાં રાજા બિંબિ-સારને ગૌતમબુદ્ધ મળ્યા ૨૫૧, ૨૫૬. રાજા બિંબિસાર ( ૫૬૪ થી ૫૫૮=૬॥ વર્ષ સુધી ) બૌદ્ધ ધર્મી થયો ૨૫૨, ૨૫૫. કોશળપતિ રાજા પ્રસેનજિત બૌધ ધર્મી ( ૫૬૪–૫૫૯ સુધી ) થયો હતો ૮૧.

૫૬૨ ૩૫ સિંધુપતિ ઉદયને અવંતિ ઉપર ચડાઇ કરી ૧૩૦.

૫૬૧ ૩૪ સિંધુપતિ ઉદયન, અવંતિના ચંડને જીતી કેદ કરી પોતાના દેશ તરફ પાછો ફર્યો ૧૨૮, ૨૨૯. રાજા ચંડ જૈન બન્યો ૧૨૮, ૧૨૯.

૫૬૦ ૩૩ રાજા ચંડનું શિવાદેવી સાથેનું લગ્ન ૧૩૧, ૧૩૫, ૨૧૪. રાજા બિંબિસાર પુત્ર નંદિષેણનો જન્મ ? ૨૮૫.

૫૫૯ ૩૨ કોશળપતિ રાજા પ્રસેનજિત જૈન બન્યો ( ૫૬૫; ૮૨ ). કાલંગ પતિ જે શ્રી મહાવીરના પિતાનો મિત્ર ( જુઓ ૧૬૫–૨ ) હતો તે અપુત્રયો મરણ પામવાથી તેની ગાદીએ મહારાજા કરકંડુનો રાજ્યાભિષેક થયો ( ૫૬૫: ૧૬૮ અને ૫૬૩; ૧૬૮, ૧૬૯ : ૫૫૮, ૧૬૬, ૧૬૮, ૧૭૩ ) ( તેનું રાજ્ય ;૫૫૮–૫૩૭=૨૧ વર્ષ સુધી ). ચેદિવંશની સ્થાપ્ના ૧૬૮. ગૌતમ બુદ્ધ રાજા બિંબિસારને બીજી વખત મળ્યા ૨૫૬. રાજા બિંબિસારની રાણી ક્ષેમા બૌદ્ધ ભિખુણી બની ૨૫૩, ૨૮૧. (૫૫૮ તથા ૫૫૭–૨૫૧ ). રાજા બિંબિસારની કુંવરી મનોરમાનું લગ્ન ૨૮૧, ૨૮૫. શ્રી મહા-વીરનું દશમું ચોમાસું કૌશાંબીનગરે ૧૧૧. ( ભૂલમાં ૫૬૭ લખી છે તે સુધારવી )

૫૫૮ ૩૧ ઈરાનનો શહેનશાહ સાઈરસ ( ૫૫૮ થી ૫૩૦) ગાદીએ આવ્યો. ૭૨ રાજા બિંબિ-સાર ચેટક પુત્રી ચિલ્લણાને પરણ્યો ૧૩૧, ૧૩૨, ૧૩૫. બિંબિસારના અંગરક્ષક રથિક નાગ અને સુલસાના બત્રીસ પુત્રો એકી સાથે ચેટકના સુભટ સાથે યુદ્ધમાં મરણ પામ્યા, ૨૫૮. રાજા બિંબિસાર જૈન ધર્મી બન્યો ૨૬૨, ૨૫૨, ૨૫૫ ( ૫૫૭: ૭૮. ૫૫૬: ૮૨ ). મગધની રાજધાની તરીકે રાજગૃહી વસાવાયું. ૨૬૦, ૨૫૭, (૫૫૬:

૨૬૨ ), અંગપતિ દધિવાહન અને ચેદિપતિ–કલિંગપતિ કરકંડુ ( જે બાપ દીકરા થતા હતા પણ ઓળખ નહોતી પડી ) વચ્ચેનું યુદ્ધ ( ૫૫૯ : ૧૩૪ ).

છઠ્ઠી શતાબ્દિ ઈરાની શહેનશાહે હિંદ ઉપર કરેલ આક્રમણ ૪૧.

૫૫૭ ૪૦ વત્સપતિ રાજા ઉદયનનો જન્મ ૧૧૧, ૧૧૮, ૧૧૬. વત્સપતિ રાજા શતાનિકે અંગદેશના રાજા દધિવાહન ઉપર ચડાઇ કરી તેની રાજધાની ચંપાનગરી લુંટી ૧૧૪, ૨૯૫. ( ચંપા નગરી ૫૫૭થી ૫૨૫=૩૨ વર્ષ ખંડિયેર તરીકે રહી ૧૧૪). દધિવાહનની રાણી ધારિણી જીભ કરડીને મરણ પામી ૧૧૪. રાજા અજાતશત્રુનો જન્મ ૧૧૮. (૫૫૬: ૨૮૨, ૨૯૯). રાજા દધિવાહનનું મરણ ( ૫૫૫ : ૧૩૦, ૧૪૩ ) જેથી મહારાજા કરકંડુ ત્રિકલિંગાધિપતિ બન્યો ( ૫૫૬; ૧૬૮ ) આ ગણત્રીથી ચેદિવંશની સ્થાપ્ના અહીંથી થઇ ગણાય. જૈનધર્મની પ્રતિમા પ્રથમવાર બનાવાયાની ઇતિહાસના પાને નોંધ ચડી ૧૭૦. ( અહીં સાલ ૫૫૫ લખી છે તે સુધારીને ૫૫૭ લખવાની છે. )

૫૫૬ ૨૯ શ્રી મહાવીરને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ ૭૮, ૧૧૪, ૧૩૦, ૨૫૩, ૨૫૯. તે બાદ ધર્મોપદેશ શરૂ કર્યો ૮૨. અંગદેશના મરહુમ રાજા દધિવાહનની પુત્રી વસુમતિ દીક્ષા લઇ શ્રી મહાવીરની પ્રથમ સાધ્વી ચંદનબાળા બની ૧૪૪, ૧૧૫. [ ૫૫૬ બાદ– કોશળપતિ રાજા પ્રસેનજિતે ભારહુતસ્તૂપ ઉભો કરાવ્યો ૭૮ ( તેની સાલ ૫૫૦ સંભવિત છે ). રાજા શ્રેણિકે તથા મંત્રીશ્વર અભયકુમારે શ્રેણિઓ રચી અનેક પ્રકારે વ્યવહાર રચના કરી ૨૬૭, ૨૬૯. ( આ માટેનો સમય ૫૫૬ થી ૫૪૩ સુધીનો ઠરાવી શકાશે. બલ્કે ૫૫૬, થી ૫૪૦ સુધીનો ). રાજા શ્રેણિકે પંચમાર્કડ સિક્કાઓ પાડયા ૨૬૫ ( ઉપર પ્રમાણે સમય ૫૫૬ થી ૫૪૦ ) ]

૫૫૪ ૨૭ ચેટક પુત્રી બાળબ્રહ્મચારિણી સુજ્યેષ્ઠાએ જૈન પ્રવ્રજ્યા લીધી ૧૩૬. અનાથ મુનિનો બનાવ ( તેનો સમય ૫૫૬ થી ૫૫૨ છે એટલે મેં ૫૫૪ નોંધ્યો છે ) ૨૫૯. રાજા શ્રેણિક દ્દઢ જૈની થયો ( તેનો સમય ૫૫૬ અને ૫૫૧ વચ્ચે છે. મેં અહીં ૫૫૪ નક્કી કર્યો છે. )

૫૫૨ ૨૫ રાજા અજાતશત્રુની પટરાણી પ્રભાવતી; ( કૌશલ્યા ) પ્રભાદેવીનો જન્મ, કોશળપતિ યુવરાજ વિદુરથને ત્યાં ૨૯૯. ( ૫૫૦ : ૯૧ ).

૫૫૧ ૨૪ રાજા શ્રેણિકે જૈનધર્મ ઉપરની આસક્તિ અને અનેકાવધ પ્રજાકલ્યાણના કાર્યોની તત્પરતાને લીધે, તીર્થંકરગોત્ર નામકર્મ ઉપાર્જન કર્યું ૨૫૪.

૫૫૦ ૨૩ ગાંધારપતિ સમ્રાટ પુલુસાકીનું મરણ, ૭૨. વત્સપતિ રાજા શતાનિકનું મરણ, ૧૧૧, ૧૧૪, ૧૧૫, ૩૨૫. અને તેની વિધવા રાણી મૃગાવતીના રાજ્યનો આરંભ (૫૫૦ થી ૫૪૩ રીજંટ તરીકે ) ૧૧૨, ૧૧૬. અવંતિપતિ ચંડપ્રદ્યોતે કોશંબી ઉપર પહેલીવાર ચડાઇ કરી, ૧૧૫. કૌશાંબીની આસપાસ કોટ ચણાયો ( તેનો સમય ૫૫૦ અને ૫૪૩ ની વચ્ચેનો છે. તે ૫૪૭ માં પૂરો થયાનું આપણે ઠરાવીશું ) ૧૧૫.

૫૫૦ ૨૩ ભારહુતસ્તૂપવાળા કોશળપતિ પ્રસેનજિતનો સમય ૭૬.

૫૪૯ ૨૨ ચંડપ્રદ્યોતની કુંવરી અને વત્સદેશના ઉદયનની એક વખતની પટરાણી વાસવદત્તાનો જન્મ ૧૧૯.

| | | |
|---|---|---|
| ૫૪૭ | ૨૦ | કૌશાંબીને ફરતો કોટ ચણાવાયો ( જુઓ ઉપરમાં ૫૫૦ ની સાલ ). |
| ૫૪૬ | ૧૯ | સૌવિરપતિ ઉદયને શ્રી મહાવીરની પાસે સ્વહસ્તેજ અંતિમ રાજર્ષિ તરીકે દીક્ષા લીધી, ૨૨૪, ૨૨૪, ૨૨૯. તેની ગાદીએ તેમનો ભાણેજ કુમાર કેશવ સૌવિરપતિ થયો. |
| ?૫૪૫ | ૧૮ | શ્રેણિક પુત્ર મેઘકુમારે શ્રી મહાવીરની પાસે દીક્ષા લીધી, ૨૮૫. |
| ૫૪૫ | ૧૮ | ઉજ્જૈનીમાં અગ્નિ પ્રકોપ, રાણી શિવાદેવીએ કરેલું શાંતવન ( ૫૩૫–૧૮૨ ). |
| ૫૪૩ | ૧૬ | ગૌતમ બુદ્ધને જ્ઞાન પ્રાપ્તિ ( નિર્વાણ ) ૨૫૧, ૨૬૧. ચંડપ્રદ્યોતે કૌશાંબી ઉપર બીજી વાર ચડાઈ કરી ૧૧૫. શ્રી મહાવીરની સાનિધ્યમાં ચંડપ્રદ્યોતે, શતાનિક કુમાર ઉદયનને વત્સની ગાદીએ બેસારી તિલક કર્યું ૧૧૬. રાણી મૃગાવતીના રાજ્યનો અંત ૧૧૬. રાણી મૃગાવતી ( જુઓ પૃ. ૧૩૩ ) તથા ચંડપ્રદ્યોતની રાણી શિવાદેવી વિગેરે અનેક લલનાઓએ શ્રી મહાવીર પાસે દીક્ષા લીધી ૧૩૫. વત્સપતિ ઉદયનનો રાજ્ય અમલ શરૂ થયો ( ૫૪૩ થી ૪૯૦ સુધી ) ૧૧૨. ૧૧૨. |
| ૫૩૮ | ૧૧ | મગધ અને કોશલના યુદ્ધનો અંત અને સલાહ ૮૦, ૮૨, ૮૬, ૯૦. રાજા શ્રેણિકનું કોશલ્યાદેવી સાથે લગ્ન ૨૮૪. તથા કૂણુક સાથે વિદુરથની કન્યા પ્રભાવતીનું સગપણ થવું ૨૯૯. |
| ૫૩૭ | ૧૦ | કૂણિક સાથે પ્રભાવતીનું લગ્ન ૯૦. કલિંગપતિ કરકંડુના રાજ્યનો અંત ૧૭૦, ૧૭૧. અંગદેશ શ્રેણિકે જીતી મગધની સાથે ભેળવી દીધો ૨૭૪. કરકંડુ પછી તેનો જમાઇ સુરથ કલિંગપતિ થયો ૧૭૩. સૌવિરપતિ ઉદયન રાજર્ષિને રાજા કેશવે વિષમિશ્રિત દહીં વહોરાવ્યું ૨૨૫. |
| ?૫૩૬ | ૯ | સૌવિરપતિ રાજા કેશવના રાજ્યનો અંત ૨૨૫. |
| ૫૩૫ | ૮ | વીતભયપટ્ટણનું દટ્ટન ( જુઓ ૫૨૦ ની સાલ ) અને જેસલમીરના રણની ઉત્પત્તિ ૧૭, ૧૯ ( ૫૩૪; ૨૨૫. ૨૨૮ ). કોશળપતિ રાજા વત્સપતિ ઉદયને, ચંડપ્રદ્યોતની કુંવરી વાસવદત્તાનું કરેલું હરણ અને તેની સાથેનું ગાંધર્વલગ્ન ૧૧૭. |
| ૫૩૪ | ૭ | મગધપાત ઉદાયશ્વનો જન્મ ૧૧૮, ૨૯૯. |
| ૫૩૩ | ૬ | મહામંત્રીશ્વર અભયકુમારની દીક્ષા, ૨૦૦, ૨૮૪. તથા કુમાર કૂણિકનું યુવરાજ બનવું ૨૮૬, ૨૮૯. |
| ?૫૩૧ | ૪ | શહેનશાહ સાઈરસે સિંધુ–સૌવિર દેશ ઇરાની સામ્રાજ્યમાં ભેળવી દીધો ૨૨૯. |
| ૫૩૦ | ૩ | શહેનશાહ સાઈરસનું મરણ, અને કેંબેસીઝનું ગાદીએ આવવું ૭૨. |
| ૫૨૯ | ૨ | રાજા શ્રેણિક બંદીખાને નંખાયો ૨૮૪. |
| ૫૨૮ | ૧ | રાજા શ્રેણિકનું મરણ. ( એપ્રીલ માહનામાં ) ૯૦, ૧૧૧, ૨૩૮, ૨૪૫. રાજા અજાતશત્રુનું મગધપતિ થવું ૨૦૪, ૨૩૮, ૨૯૧ ( તેનું રાજ્ય ૫૨૮–૪૯૬=૩૨ વર્ષ ). ભારહુતસ્તૂપ ( અજાતશત્રુ રાજ્યે બનાવાયો છે; સંભવે છે કે, ૫૨૩ બાદ હશે ) ૭૮. |
| ૫૨૭ | ૦ | હલ્લવિહલ્લનું મરણ ( સાલની શરૂઆતમાં )( કેટલાકના મતે શ્રી મહાવીરના હસ્તેજ દીક્ષા લીધી છે); તે બાદ વિશાળાપતિ રાજા ચેટકનું મરણ ૧૩૭, ૨૮૪, ૨૯૪. તે બાદ વિધવા રાણી ચિલ્લણાએ શ્રી મહાવીરના હસ્તે દીક્ષા ( ૫૨૭ ના જુન માસ હશે) લીધી ૨૮૪, ૨૯૫ ( ૫૨૮; ૧૩૫ ). વિધવા રાણી કૌશલ્યાદેવીનું મરણ ( વર્ષની શરૂ- |

આતમાં ૨૮૪. શ્રી મહાવીરનું નિર્વાણ ( ઓક્ટોબર નવેંબર માસમાં ) ૬, ૯૭, ૧૧૭ ૧૩૨ ૨૪૫. તેજ રાત્રીના અવંતિપતિ ચંડપ્રદ્યોતનું મરણ ૧૧૧ ૧૧૭, ૧૩૨, ૧૮૨. અને પાલકનું ગાદીએ બેસવું ( ૫૨૭ થી ૫૨૦=૭ વર્ષ ) ૨૦૪, ૨૧૪, ૨૧૮.

૫૨૬ ૧ કોશળપતિ રાજા પ્રસેનજિતનું મરણ ( ૫૮૫ થી ૫૨૬=૫૯ વર્ષ રાજ્યકાળ ) ૯૧, ફુટનોટ ૫૮. ( **૫૩૫**, ૯૦ ; **૫૩૦**, ૯૦ ) અને વિદુરથનું ગાદીએ બેસવું.

૫૨૫ ૨ નંદિવર્ધન, નંદ પહેલાનો જન્મ ૩૨૬ ( **૫૨૮**: ૩૨૫ ). અંગદેશની રાજધાની ચંપા-નગરીનો પુનરૂદ્ધાર ૧૧૪ ( ભગ્નાવસ્થા ૫૫૭ થી ૫૨૫=૩૨ વર્ષ સુધી), ( **૫૨૪**: ૧૩૯, ૧૯૬ ).

૫૨૩ ૪ અવસર્પિણી કાળનો જૈન મતાનુસાર ચોથો આરો ઉતરી પાંચમો બેઠો (જુન, જુલાઇ) ૬, ૮, ૨૨૯, ૨૬૪ ( એક રીતે અહીંથી Historic period ઇતિહાસનો યુગ કહી શકાય).

૫૨૨ ૫ ઇરાની શહેનશાહ કેંબેસીઝ બીજાના રાજ્યનો અંત ૭૨. અને શહેનશાહ ડેરીઅસના રાજ્યની શરૂઆત ( તેનું રાજ્ય ૫૨૨–૪૮૬=૩૬ વર્ષ ).

૫૨૦ ૭ કોશળપતિ વિદુરથે ગૌતમબુદ્ધની જન્મભૂમિ કપિલવસ્તુનો નાશ કર્યો અને શાક્ય પ્રજાની કત્લ કરી ૯૨ ( **૫૨૧**; ૯૨ ). વીતભયપટ્ટણનો નાશ ( જુઓ ૫૩૬ ની સાલ ) અને જેસલમીરના રણની ઉત્પત્તિ ૨૨૫. શહેનશાહ ડેરીઅસે સિંધદેશ જીતી લીધો ૨૨૯ ( જો સાઇરસે જીત્યો હોય તો ૫૩૬ ની સાલ સમજવી ). ગૌતમબુદ્ધ-નું પરિનિર્વાણ ૯૨ ( ફુટનોટ ૫૨, મે–જુન માસમાં ) ૨૫૧, ૨૯૧. વત્સપતિ ઉદ-યનનું લગ્ન રાજા અજાતશત્રુની કુંવરી પદ્માવતી સાથે ૧૧૭, ૧૧૯. રાજા દંતિવર્ધન નું અવંતિપતિ બનવું ૨૧૦ ( તેનું રાજ્ય ૫૨૦–૫૦૧=૧૯ વર્ષ ). રાજા વિજયનું સિલોનપતિ થવું ૩૧૧ ( તેનો રાજ્યકાળ ૫૨૦–૪૮૨=૩૮ વર્ષ )

૫૦૯ ૧૮ ત્રીજો ત્રલિંગપતિ શોભનરાય ૧૭૩ ( તેનુ રાજ્ય ૫૦૯–૪૯૨=૧૭ વર્ષ )

૫૦૮ ૧૯ નાગદશકનું પ્રથમ લગ્ન ૩૨૮.

૫૦૪ ૨૩ અવંતિપતિ દંતિવર્ધને પોતાના નાનાભાઇ રાષ્ટ્રવર્ધનનો ઘાત કરાવ્યો. જેથી રાષ્ટ્રવર્ધન ની વિધવારાણી ધારિણીનુ ગર્ભાવસ્થામાં કૌશાંબી તરફ નાશી છુટવું ૨૧૫. રસ્તામાં દીક્ષા લીધી અને બાળક કુંવરનો જન્મ ૨૧૫ ( જેનું નામ પાછળથી મણિપ્રભ પડયું હતું અને જે વત્સ તથા અવંતિની ગાદીએ બેઠો હતો ).

૫૦૩ ૨૪ ઉપરના બાળપુત્ર ( પાછળથી મણિપ્રભ તરીકે પ્રસિદ્ધ થયો તે ) ને વત્સની પટરાણી વાસદત્તાએ દત્તક પુત્ર કરી લીધો ૧૧૮.

૫૦૧ ૨૬ અવંતિસેન અવંતિપતિ થયો ૨૧૬, ૨૧૭, ૨૧૮ (તેનું રાજ્ય ૫૦૧–૪૮૭ ૧૪ વર્ષ).

?૪૯૮ ૨૯ મહાપદ્મ: નંદ બીજાનો જન્મ. ૩૨૮.

૪૯૬ ૩૧ અજાતશત્રુનું મરણ ૨૯૯. શિશુનાગવંશી રાજા ઉદયનું ગાદીનશીન થવું (૪૯૬–૪૮૦) ૧૧૨, ૧૭૧, ૨૩૮.

૪૯૫ ૩૨ નંદિવર્ધન સૈન્યપતિ નીમાયો ૩૨૫, ૩૨૬, ૩૮૧.

૪૯૪ ૩૩ વત્સપતિ ઉદયનને ત્યાં પુત્રીનો જન્મ, જે પાછળથી નંદિવર્ધનઃ નંદ પહેલાને પરણાવવામાં આવી હતી. ૧૧૮, ૩૨૫, ૩૨૬, ૩૨૭.

| | | |
|---|---|---|
| ૪૯૨ | ૩૫ | પાટલીપુત્રમાં ઉદયાશ્વે રાજગાદી ૩૦૨ કરી. કલિંગપતિ શોભનરામનું મરણ ૧૭૩. |
| ૪૯૧ | ૩૬ | ઉદયાશ્વે કલિંગ તાબે કર્યો ત્યારથી કલિંગ ખંડિયું બન્યું. ( ૪૯૧–૪૭૫ સુધી ) ( ૪૯૨, ૧૭૧, ૧૭૩, ૧૭૨ માં ટી. નં. ૬૧ ) ( ૪૯૦: ૩૭૭ ). |
| ૪૯૦ | ૩૭ | કોશલપતિ કુશુલિકનો રાજ્યકાળ ( ? ૪૯૦–૪૭૦=૨૦ ) ૯૦. ઉદયનવત્સપતિનું ખૂન ૧૨૦, ૨૧૬. અને તેની ગાદીએ માણપ્રભ: મેધવિનનું આરોહણ ( ૪૯૦ થી ૪૬૭=૨૩ ) ૨૧૭, ૧૧૨; ( ૪૮૭ થી ૪૬૭=૨૦ વર્ષ: ૧૨૧, ૨૦૬, ૨૧૮, ૨૧૭ ). |
| ૪૮૬ | ૪૧ | ઈરાનીશહેનશાહ ડેરિયસના રાજ્યનો અંત ( ૫૨૨–૪૮૬=૩૬ વર્ષ ) ૭૨. |
| ૪૮૨ | ૪૫ | મગધના યુવરાજે સિલોન જીતી ત્યાંની રાજધાની અનુરૂદ્ધપુરની સ્થાપના કરી ૩૭૮. અને ત્યાંના રાજા વિજયનું મરણ ( ૪૮૨; ૩૧૨ ). ઉદયાશ્વની વતી અનુરૂદ્ધ અને નાગદશકે દક્ષિણ હિંદ જીતી લઇ ત્યાં સ્વકુટુંબી ક્ષત્રિય સરદારો પાંડ્ય, પલ્લવ, ચોલા, કદંબ આદની–સુબા તરીકે નીમણુકો કરી ૩૭૭. |
| ૪૮૧ | ૪૬ | સિંહલદ્વીપમાં મગધના સુબાઓની કત્લ અને અંધાધુની ૩૮૦. |
| ૪૮૦ | ૪૭ | સિંહલદ્વીપમાં એક વરસના અંધેર પછી પાંડુવાસનું રાજ્યારોહણ, ૩૮૦. નાગદશક ( પાછળથી નંદ પહેલો. નંદિવર્ધન ) નું લગ્ન, વત્સપતિ ઉદયનની કુંવરી સાથે ૨૧૭, ૩૨૬, ૩૨૭, ૩૭૯ (૪૮૪, ૨૧૭). ઉદયાશ્વ, કુમાર અનુરૂદ્ધ અને મુંદને રાજ્યકારભાર સોંપી, યાત્રાએ ગયો ૨૩૮, ૩૦૮, ૩૦૨ ( ૪૮૦–૪૭૪ કે ૭૫ ) ( ૪૭૨; ૧૬૭ ). |
| ૪૭૫ | ૫૨ | ક્ષેમરાજ કલિંગપતિએ ચેદિવંશની પુનર્સ્થાપ્ના કરી ૧૫૬, ૧૬૮. (૪૭૨; ૧૬૭). (એના કટક ઉપર તેની સત્તા થઇ ૧૫૬ ). તેનું રાજ્ય ૪૭૫–૪૩૯=૩૬ વર્ષ સુધી ૩૧૩, ૧૭૧. મગધદેશમાં ફાટી નીકળેલ મહામારીથી કુમાર અનુરૂદ્ધનું ઓચીંતુ મરણ ( ૪૭૪ : ૧૭૪ ) ૩૭૯. |
| ૪૭૪ | ૫૩ | ઉદયનનું મરણ (૪૭૨ : ૩૧૯, ૩૧૫ ) મુંદનો રાજ્યકાળ ( ૪૭૪–૪૭૨=૨ વર્ષ ) ૩૦૮, ૩૮૦. |
| ૪૭૨ | ૫૫ | મુંદનો ગાદીત્યાગ: તેની રાણી ભદ્રાનું મરણ ( ૪૭૩–૩૭૯ ). શિશુનાગ વંશનો અંત ૨૩૪ અને નંદવંશનો પ્રારંભ. ૨૩૮. ૩૮૧. નંદિવર્ધને નંદવંશની સ્થાપ્ના કરી અને મગધપતિ બન્યો ( ૪૭૨થી૪૫૬=૧૬ વર્ષ ) ૧૨૧, ૨૧૭, ૧૭૧, ૩૨૩, ૩૨૪. નંદવંશ (૪૭૨ થી ૩૭૨) ૩૨૩. કલિંગને પગલે ચાલી પાંડ્ય, ચોલા, પલ્લવ, કદંબ વિગેરે મગધના સુબાઓએ પણ સ્વતંત્ર થઈ જઇ, પોતપોતાનાં રાજ્ય સ્થાપ્યાં ૩૮૧. |
| ? ૪૭૦ | ૫૭ | કોશળપતિ સુરથનો રાજ્યકાળ ( ૪૭૦ થી ૪૬૦ ) ૯૦. |
| ૪૬૮ | ૫૯ | કલિંગ ઉપર નંદિવર્ધનની ચડાઈ થઇ, પણ મગધદેશમાં અતિવૃષ્ટિ થવાથી માત્ર જીન પ્રતિમાલઇને જ પાછો ફર્યો. ૩૩૦, ૩૮૨, ૩૮૮. |
| ૪૬૭ | ૬૦ | વત્સપતિ અને અવંતિપતિ મેધવિનનું મરણ ૧૧૨, ૧૨૧. વત્સપતિ રાજા ક્ષેમક (?) નું મરણ : નંદિવર્ધને અવંતિ તથા વત્સને મગધ સામ્રાજ્યમાં ભેળવી લીધાં ૧૧૨, ૧૨૧, ૨૦૮, ૩૪૮, ૩૮૩. |
| ૪૬૬ | ૬૧ | નંદિવર્ધને કોશળદેશ જીત્યાનું ઠરેતો, આ સાલમાં તેમ બનેલ ગણી શકાય. ૩૮૩. |
| ૪૬૫ | ૬૨ | ઇરાની શહેનશાહ ઝરસીઝનું મરણ ૧૦૧ ( ૪૬૬ : ૩૮૩ ). |

| | | |
|---|---|---|
| ૪૬૪ | ૬૩ | નંદિવર્ધને સિંધ દેશ, તથા પંજાબનો દક્ષિણ ભાગ જીત્યો ૩૮૩. |
| ૪૬૩ | ૬૪ | નંદિવર્ધને દક્ષિણ હિંદના અપરાંત, કુંતલ તથા ઐસુરવાળા ભાગ જીત્યા ૩૮૪. |
| ૪૬૨ | ૬૫ | મગધમાં દુષ્કાળ પડવાથી, પાંડ્ય ચોલા આદિ સરદારોને નમાવવાનું કાર્ય પડતું મૂકી નંદિવર્ધનને મગધમાં પાછું ફરવું પડ્યું ૩૮૫. |
| ?૪૬૨ | ૬૫ | (૪૬૩ થી ૪૫૫ ના અંતરકાળમાં) મગધદેશમાં દુષ્કાળ પડ્યો ૩૩૦. |
| ?૪૬૦ | ૬૭ | કોશળપતિ સુમિત્રનો રાજ્યકાળ (૪૬૦ થી ૪૫૦) ૯૦. મહારથી નામના અમલદારો નીમવાની રાજા શ્રેણિકે શરૂઆત કરી. ૩૮૫ |
| ૪૫૬ | ૭૧ | નંદપહેલાનું મરણ અને બીજાનું ગાદીએ બેસવું ૩૨૪, ૩૨૫, ૩૨૬. |
| ૪૫૪ | ૭૩ | નંદબીજા:મહાપદ્મે પ્રથમની શુદ્રરાણી સાથે લગ્ન કર્યું (આ રાણી પેટે શતવહન વંશના સ્થાપક શ્રીમુખનો જન્મ થયો હતો) (૪૫૮; ૩૪૪). (૪૫૭ : ૩૪૪) |
| ૪૫૦ | ૭૭ | જૈનમુનિ મનકનું બાર વર્ષની ઉમરે સ્વર્ગગમન ૩૧. હેરોડોટસ નામનો લેખક હિંદમાં હતો ત્યાંસુધી ઇરાનને તાબે પંજાબનો ભાગ હતો ૩૫૫. |
| ૪૪૪ | ૮૩ | બૌદ્ધધર્મની મહાસભાનું બીજું અધિવેશન ૩૨૪. |
| ૪૩૯ | ૮૮ | કલિંગપતિ ક્ષેમરાજનું મરણ ૩૮૭. |
| ૪૩૮ | ૮૯ | મહાનંદ: નવમા નંદનો જન્મ ૩૪૪ (૪૩૬ ૩૬૮). |
| ૪૩૧ | ૯૬ | યુવરાજ ખારવેલે દક્ષિણ હિંદ ઉપર ચડાઇ કરી ૩૧૦. |
| ૪૨૯ | ૯૮ | ચક્રવર્તી ખારવેલનો રાજ્યાભિષેક. ૩૪૮ ૩૫૦. કલિંગપતિ બુદ્ધરાજનું મરણ ૩૮૭. |
| ૪૨૭ | ૧૦૦ | નંદબીજાનું મરણ ૩૩૩ ૩૮૭. નંદત્રીજાનો રાજ્યકાળ (૪૨૭ થી ૪૨૫) ૩૨૪. શ્રીમુખે આંધ્રવંશ સ્થાપ્યો ૩૧૧, ૩૫૦, ૩૮૬. (?) કન્વવંશી સુશર્મનને શ્રીમુખે મારી નાંખ્યો ૩૪૪. |
| ૪૨૫ | ૧૦૨ | નંદ ચોથો (૪૨૫ થી ૪૨૩=૨). |
| ૪૨૩ | ૧૦૪ | નંદ પાંચમો (૪૨૩–૪૨૧ સુધી) ૩૨૪. |
| ૪૨૧ | ૧૦૬ | નંદ છઠ્ઠો (૪૨૧–૪૧૯ સુધી) ૩૨૪. |
| ૪૧૯ | ૧૦૮ | નંદ સાતમો (૪૧૯–૪૧૭ સુધી) ૩૨૪. |
| ૪૧૭ | ૧૧૦ | નંદ આઠમો (૪૧૭–૪૧૫ સુધી) ૩૨૪. પાણિનીનો સમય ૩૯. ચક્રવર્તી ખારવેલે દક્ષિણ હિંદ ઉપર સ્વામિત્વ મેળવી લીધું ૩૮૮. |
| ૪૧૬ | ૧૧૧ | ખારવેલ કલિંગપતિએ મગધ ઉપર ચડાઇ કરી ૩૪૯ ૩૮૮. ક્તેસીઆઝ નામનો ઇરાની વિદ્વાન થયો–૩૫૫ (૪૧૬–૩૯૮). |
| ૪૧૫ | ૧૧૨ | નવમો નંદ: મહાનંદ (૪૧૫ થી ૩૭૨=૪૩ વર્ષ) ૩૨૪. બૃહસ્પતિમિત્ર : નંદ આઠમો મરણ પામ્યો ૩૮૮. |
| ૪૧૪ | ૧૧૩ | મૌખીક પાઠ લેવાતા દેવાતા હતા એમ હાથીગુંફાના લેખ ઉપરથી તારવણી કરી શકાય છે ૩૬૧. |
| ૪૦૯ | ૧૧૮ | નવમાનંદના મહામંત્રી શ્રીયકજીનો જન્મ સંભવે છે ૩૬૬ (૩૭૪ માં ૩૫ વર્ષની ઉમરે દીક્ષા લીધી છે. તે હિસાબે). મહાનંદના સૌથી મોટા પુત્રનો જન્મ ૩૭૮. |

૪૦૭ ૧૨૦ મહાનંદના વચેટ પુત્રનો જન્મ ૩૬૮.

૪૦૫ ૧૨૨ રાજા મહાનંદે ક્ષેત્રમાન ક્ષત્રિયોની મગધમાં કત્લ કરી નાંખી ૩૮૯. મહાનંદે પંજાબ જીતી પાણિની, ચાણાકય અને કાત્યાયન નામના ત્રણ વિદ્વાનોની ત્રિપુટીને મગધમાં આણી ૩૫૫. મહાનંદના જે કનિષ્ઠ પુત્રે પં. ચાણાક્યજીનું અપમાન કર્યું હતું તેનો જન્મ ૩૬૮.

૪૦૪ ૧૨૭ મગધની નાલંદા વિદ્યાપીઠનો પુનરૂદ્ધાર નવમાનંદે કર્યો ૩૬૩. રાજા શ્રીમુખનું મરણ ૩૯૦.

૪૦૦ ૧૨૭ નાશિકના પ્રખ્યાત શિલાલેખવાળી રાણી નાગનિકાનો પિતા અને ગૌતમીપુત્ર યજ્ઞશ્રીનો સસરો વરાડ પ્રાંતનો મહારથી તરીકે વહીવટ કરતો હતો ૩૮૫.

૩૯૭ ૧૩૦ ચાણાકયે મહાનંદના કુટુંબને ઉખેડી નાખવાના સપથ લીધા ૩૬૬.

૩૮૬ ૧૪૧ મૌર્ય રાજા ચંદ્રગુપ્તનો જન્મ. ચંદ્રગુપ્તની પટરાણી અને મહાનંદની પુત્રીનો જન્મ ૩૬૮.

૩૮૨ ૧૪૫ પં. ચાણાકયે કુમાર ચંદ્રગુપ્તને ઉપાડી લઈ જઈ, ડુંગરાળ પ્રદેશનો રાજા બનાવ્યો ૩૬૭. ત્યાંથી મૌર્યવંશની સ્થાપના થઈ ગણાય. આ સમયે કલિંગ ઉપર વક્રદેવનું રાજ્ય ચાલતું હતું. ૩૬૭ ( તેનું રાજ્ય ૩૯૩–૩૭૩ છે ).

૩૮૧ ૧૪૬ સ્વકુટુંબના રક્ષણાર્થે શકટાળ મહામંત્રીનો શિરચ્છેદ, તેના પુત્ર શ્રીયકજીએ તેના કહેવાથી કરી નાંખ્યો ૩૬૬. તેજ સાલમાં સ્થુલભદ્રજીએ જૈનદીક્ષા લીધી અને શ્રીયકજી મગધનો મહામંત્રી બન્યો.

૩૭૬ ૧૫૧ પાણિની હૈયાત હતો–૨૬૪.

૩૭૪ ૧૫૩ મગધના મહામંત્રી શ્રીયકજીએ દીક્ષા લીધી ૩૬૬.

૩૭૨ ૧૫૫ નંદવંશનો અંત ૨૦૮, ૩૬૭ અને મૌર્ય ચંદ્રગુપ્ત મગધના સમ્રાટ તરીકે ૧૮૨, ૨૩૪, ૩૬૭. વિદિશા અથવા બેસનગર ( ૯૭–૧૯૧ ); ચંદ્રગુપ્તે, મહાનંદની પુત્રી સાથે લગ્ન કર્યું–૩૬૮.

૩૫૮ ૧૬૯ મૌર્ય ચંદ્રગુપ્તનું મરણ ( ગાદીત્યાગ ) ૧૦૨ અને બિંદુસારનું ગાદીએ બેસવું.

૩૩૧ ૧૯૬ અલેકઝાંડર ધી ગ્રેઇટે, ઈરાન કબજે કરી, ત્યાંના આચઇમેનીડાઈ વંશની સમાપ્તિ કરી દીધી ૧૦૧.

૩૩૦ ૧૯૭ મૌર્ય સમ્રાટ બિંદુસારનું મરણ ૧૦૧, ૧૦૨. અશોકનું ગાદીએ બેસવું ૧૦૨; (૩૩૦ અને ૫૭ ની વચ્ચે માળવાની ગાદિ ઉજ્જૈનીથી વિદિશામાં ગઇ; પાછી ૫૭ બાદ ઉજ્જૈનીમાં આવી ૧૯૧, ૧૧૨ ).

૩૨૮ ૧૯૯ અલેકઝાંડર ધી ગ્રેઇટ હિંદની સરહદ સુધી આવી પહોંચ્યો ૩૮૩, ૧૦૧. પંજાબ ઉપર મૌર્ય–મૌખરી કુળના રાજા આંભીનું રાજ્ય ચાલુ હતું ૧૦૧.

૩૨૭ ૨૦૦ અલેકઝાંડર હિંદ ઉપર ચડી આવ્યો ૮. ( અલેકઝાંડરનો અશોક સાથે મેળાપ )

૩૨૬ ૨૦૧ પંજાબની સતલજ અને ઝેલમ વચ્ચેના પ્રદેશ ઉપર તેના રાજા પોરસને પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો ૧૦૨. મૌર્ય અશોકનો મગધ સમ્રાટ તરીકે રાજ્યાભિષેક ૩૩૪.

૩૨૩ ૨૦૪ અલેકઝાંડર ધી ગ્રેઇટનું મરણ ૧૦૨.

૩૧૭ ૨૧૦ રાજા પોરસનું ખૂન ૧૦૨. પંજાબદેશ સમ્રાટ અશોકે મૌર્ય સામ્રાજ્યમાં ભેળવી

| | | |
|---|---|---|
| | | લીધો ૧૦૨ ( ૩૧૭ થી ૩૧૨ સુધીમાં ). |
| ૩૧૨ | ૨૧૫ | સેલ્યુકસ નિકેટોરે સિરિયામાં સેલ્યુસીડવંશની સ્થાપ્ના કરી ૧૦૨. તે પછીના આઠ વર્ષમાં તેણે હિંદ ઉપર ૧૨ થી ૧૭ વખત હુમલા કર્યા ૧૦૨. |
| ૩૦૪ | ૨૨૩ | સેલ્યુકસ નિકેટોરે અશોકવર્ધન સાથે સલાહ કરી પોતાની પુત્રી પરણાવી તથા અફગાનિસ્તાન ાવગેરે પ્રાંતો પ્રથમવાર હિંદ સામ્રાજ્યના અંગ બન્યા ૧૦૩. |
| ૨૦૪ | ૩૨૩ | મૌર્યવંશનો અંત ૧૯૫. |
| ૧૧૪ | ૪૧૩ | શુંગવંશનો અંત ૨૯. |
| ઇ. સ. | | |
| ૨૪૩ | | ( એકસમયના ) ચેદિ સંવતનો આરંભ ૧૬૫. |
| ૫૧૭ | | માલવ સંવતની સ્થાપ્ના ૧૭૮; પરમાર વંશની સ્થાપ્ના ૧૮૪. |
| ૫૩૩ | | રાજ્પુતોની ચાર શાખાનો ઉદ્ભવ ૧૭૮. |
| ૬૩૪ | | ચિનાઇ મુસાફર ામ. હુએનશાંગની હિંદમાં હાજરી ૧૭૯. |
| ૬૨૦ | | માલવપતિ વૃદ્ધ ભોજદેવના રાજ્યનો અંત (૬૮૦ થી ૬૨૭) ૧૭૯, ૧૮૨. ( બાણુ મયુર અને માનતુંગસૂરિ વિગેરે તેના રાજ્યે થયા હતા ). |
| આઠમી સદી | | મહારથિક–રાષ્ટ્રીકવંશની સ્થાપ્ના મહારાષ્ટ્રમાં થઈ હતી ૩૮૬. |
| ૧૧૬૫ | | અજારાનો શિલાલેખ ૭૮ ( વિક્રમ સં. ૧૨૨૨ ). |
| દશમીસદી | | ( એક સમયના ) ચેદિસંવતની આદિ ૧૬૫. |
| ૧૯૩૩ | | શ્વે. સ્થા. મુનિ સંમેલન, અજમેર મુકામે ૨૫૬ (વિ. સં. ૧૯૮૯ ) |
| ૧૯૩૪ | | શ્વે. મૂર્તિ. મુનિ સંમેલન, અમદાવાદ મુકામે ૨૫૬. |

* *

*

## વિષયો શોધી કાઢવાની

# ચાવી

તેની સમજ :—જે આંક લખ્યા છે તે પૃષ્ઠ સૂચક છે. જે બ્લેકમાં મૂકયા છે છે તે પ્રસ્તાવના વાળા પ્રથમ ભાગના આંક સમજવા. અને કૌંસમાં જે આંક લખ્યા છે તે પૃષ્ઠો ઉપર ટીકાનું લખાણ સમજવું.

આખા પુસ્તકમાં લગભગ સાડીપાંચસો વિષયો ચર્ચ્યા છે. પણ તેમાં માત્ર સાલની સાથેજ જોડાયલા હોય તેવા બાદ કરતાં, ત્રણસોક બાકી રહે છે. આ પ્રકારના વિષય સાથે તેને લગતી રસપ્રદ, તેમજ ઉપયોગી હકીકત આપી છે. જો કે તે સર્વની માહિતી 'શું અને કયાં' જોવાથી પણ મળી શકે તેમ છે. છતાં વાચકની સગવડતા સચવાય તે માટે, ચાવી રૂપે તેમની ટીપ અહીં જોડી છે. તેના ત્રણ વિભાગ પાડ્યા છે (અ) વિદ્યાજ્ઞાનને સ્પર્શે તેવા સર્વ સામાન્ય વિષયોની (આ) જે સામાન્ય જ્ઞાન સંબંધી છે, તેમ જૈન ધર્મ સાથે પણ સંબંધ ધરાવતા છે એવા વિષયોની અને (ઇ) મુખ્ય ભાગે જૈન ધર્મને જ લગતા કહી શકાય તેવા વિષયોની છે.

( આ ત્રણે વિષયો જોવાથી, લેખકને શીરે જે કેટલાક આક્ષેપો આવી પડવાની બીક લાગે છે અને જેના રદિયા પ્રસ્તાવનાવાળા ભાગમાં વિસ્તારપૂર્વક આપ્યા છે તેના વાસ્તવિકપણાનો ખ્યાલ વાચકવર્ગને આવી શકશે. )

*

* *

આર્ય સુધારક પ્રેસ–વડોદરા

## (આ) વિદ્યાજ્ઞાનને સ્પર્શે તેવા સામાન્ય વિષયો.

**અનુરૂદ્ધ** અને મુંદના જીવન વિશે, નહીં પડેલ પ્રકાશ. (૩૧૪). ૩૧૬ થી ૩૧૮.
**અલેકઝાંડર ધી ગ્રેઇટને** સમકાલીન ચંદ્રગુપ્ત નહીં પણ અશોકવર્ધન હતો ૧૦૨, (૧૦૨).
**આર્ય** અનાર્ય દેશ તથા આર્ય અનાર્ય પ્રજાની સમજ, ૪.
**આર્ય** પ્રજાનું વહાણવટામાં કુશળપણું, ૨૦.
**આંધ્રભૃત્યો** અને શુંગભૃત્યોના શબ્દનો અર્થ જે પ્રમાણે કરાતો રહ્યો છે તેમ નથી. તેની સમજ (૩૯૦).
**ઇજનેરો**ની વર્તમાનકાળે જે કુશળતા છે તેની પ્રાચીન સમયના સાથે કરેલી સરખામણી ૩૦૪-૫.
**ઇડર** અને દોહદ શહેર, માળવાનાં નાકાં તરીકે, ૨૨૧.
**ઇરાને** કરેલ હિંદની સંપતિનું શોષણ ( આંકડામાં તેનો આપેલ ખ્યાલ ) ૭૨.
**ઇરાન**ના શહેનશાહે, સિંધુપતિ ઉદયનની લીધેલી મદદ. (૨૧૯).
**ઉજૈન**ની ચડતી પડતી (૧૮૩) ઉજૈનપતિ પરમારવંશની વંશાવળી અને તેમના સમસમયી કનોજપતિ, ગુર્જરપતિઓનો કોઠાઃ જેથી ભોજદેવ નામના રાજાઓ સમકાલીન પણે વર્તતા હોવાથી. તેમના નામે ઇતિહાસમાં કેટલો છબરડો વળી ગયો છે તેના ઉકેલ માટે, અંહી તેમની વંશાવળી નું કરવું પડેલ અવતરણ (૧૮૭).
**ઉત્તરાદેવી** ( મહાભારતના અભિમન્યુની રાણી ) વૈરાટ નરેશની પુત્રી, તેનું સ્થાન (૫૧).
**ઉદયન** નામે ત્રણ વ્યક્તિઓ સમકાલીન થવાથી, થયેલ અથડામણી ૩૦૬ થી ૩૦૮, ૧૧૯.
**ઉદયાશ્વને** ઉદયનભટ્ટ કહેવો કે ઉદયનભદ્ર કહેવો તેનાં કારણો ૩૦૫.
**ઉદયાશ્વના** સૂબાઓ ચુદુકાનંદ, મૂળાનંદ ૩૮૧.
**ઓરિસા** પ્રાંતને કલિંગનો ભાગ કહી શકાય તેમ નથી (૧૪૬).
**કચ્છના** રણનો પ્રદેશ ભેજવાળો કેવી રીતે બન્યો, તેની સમજ. ૨૨૧.
**કન્વવંશની** હૈયાતિ તથા સત્તાપ્રદેશ વિશેની માન્યતાનું થયેલું ખંડન, ૧૫૬ થી ૧૬૧.
**કપિલ** વસ્તુનો નાશ અને બુદ્ધગૌતમનું પરિનિર્વાણ (૯૨).
**કાઠિયાવાડ**નો દ્વીપકલ્પ, પ્રાચીન સમયે દ્વીપ હતો તેનું સત્યાસત્ય ૨૨૬, (૨૨૬).
**કાળાશોક** નામ ઉપર અનેક દષ્ટિએ કરેલું વિવેચન, ૩૩૨. વધુ વિવેચન. ૩૩૮ થી ૩૪૨.
**કુશિનગર,** બૌદ્ધ નિર્વાણના સ્થાનની ઓળખ (૬૧).
**કુશસ્થળ** ( હ્યુએનશાંગનું-બૌધગ્રંથ અનુસાર ) (૬૪).
**કુશસ્થળ** મહાકોશળ, વિદર્ભ, અંગ, ચેદિ, કલિંગ, ત્રિકલિંગ શબ્દો વચ્ચેનો તફાવત તથા સમજૂતિ ૧૩૮ થી ૧૪૩.
**કુણિક** રાજાનું બીજું નામ દર્શક (૨૯૧) તેના કપાળે ચોંટેલાં અનેક કલંકો. ૨૯૩.
**કોશળ,** અને મહાકોશળ વચ્ચેના ભ્રમનું નિવારણ ૭૫.
**કોશળના** રાજ્ય તથા રાજનગર વિશે બૌદ્ધગ્રંથોની ખોટી સમજ ૭૯.
**ખારવેલ** રાજા સાથે " ત્રીજો " શબ્દ જે લગાડયો છે તેના ભેદનો ઉકેલ, ૧૬૧, (૧૭૧), ૧૭૬.
**ખારવેલના** પિતા બુદ્ધરાજ ત્રિકલિંગાધિપતિ તરીકે. ૩૮૭.
**ગિરિવ્રજ,** રાજગિર, રાજગૃહી, તે દરેકના અર્થ, સ્થાપનકાળ અને સ્થાનો ૨૪૦, (૨૪૦), ૨૬૨-૬૩ તથા ટીકાઓ.
**ગૌડ બ્રાહ્મણની ઉત્પત્તિ,** ૧૪૬, (૧૪૭).
**ઘર** બાંધવામાં શું ચીજો વપરાતી તથા ઘર કેટલાં ઉંચા બાંધવામાં આવતાં હતાં તેનું વિવેચન ૧૭.

**ચાણક્ય :** શકડાળ મંત્રીનો શિષ્ય ૩૬૩ ( ૩૬૪ ).
**ચિકિટાનો** પ્રદેશ બૌદ્ધમતથી પાખંડી ( એટલે જૈન ધર્મી ) ગણાતો હતો (૬૦).
**ચેદિ** વંશ અને ચેદિ સંવત, કાળે કાળે જુદી જ વસ્તુઓ હતી તેની સમજ, ૧૪૦.
**જર,** જમીન અને જોરૂ, એ ત્રણે કજીયાના છોરૂ: તે ઉક્તિનું વાસ્તવિકપણું, ૭.
**જાતિ** અને શ્રેણિ વચ્ચેનો ભેદ (૩૩૯).
**તીર્થક્ષેત્રો :** હિંદુસ્થાનના સાત ગણાય છે તે, (૧૮૧).
**ત્રિકલિંગ** દેશની સમજ (૧૪૦) ૧૬૨.
**ત્રિપુટી,** ઈતિહાસ પ્રસિદ્ધ ( પાણિની, ચાણક્ય અને વરરૂચિ )નાં જન્મસ્થાન તથા તેમને લગતા અનેક મુદ્દાઓની ચર્ચા ૩૫૬ થી ૩૬૦.
**દક્ષિણાપથ** અને દક્ષિણ હિંદ વચ્ચેની ગેરસમજૂતિ, (૩)
**દક્ષિણ** હિંદમાં જવાનો ઉઘડેલ માર્ગ અને ઉદયાશ્વે તેનો લીધેલ પ્રથમ લાભ.૩૭૬.
**દક્ષિણ** હિંદ અનાર્ય મટી આર્ય સંસ્કૃતિ અપનાવવા લાગ્યો. ૩૭૧, ૩૭૮.
**દંતપુરને** અને કંચનપુરને, (બન્નેને) વિદ્વાનો, ગૌતમબુદ્ધના અવશેષના સ્થાન તરીકે એક જ સ્થળ ગણે છે પણ તે બન્ને ભિન્ન છે તેની સમજ ૧૪૫: કંચનપુરની ઉત્પત્તિ. ૧૬૯.
**ધનકટક** પ્રદેશ (બૌદ્ધ ગ્રંથોનો) (૬૪), ૧૫૦.
**ધનનંદ** રાજાના ધનનો વિદ્યાવૃદ્ધિમાં થયેલ ઉપયોગ ૩૬૧-૬૨.
**ધર્માશોક** વ્યક્તિની સમજણ ૩૪૧.
**ધર્મોત્તરસૂરિ** બૌદ્ધાચાર્ય, ૫૧.
**નળદમયંતિનો** નિષેધ દેશ (૬૬).
**નાગર** બ્રાહ્મણોની ( શંકાસ્પદ ) ઉત્પત્તિ ( ૩૮૯ ).
**નંદવંશ** વિશેની દૂર કરેલી ગેરસમજ ૩૨૨.
**નંદવંશ** અને વત્સપતિઓનો લોહીસંબંધ. ૩૨૫.
**નંદવંશી** રાજાઓનાં અદ્યાપિ પર્યંત અપ્રાપ્ય નામો કેવી રીતે મળ્યાં તેનો વૃત્તાંત ૩૪૭.
**નંદ** બીજાને એક શૂદ્ર રાણી હોવાનું ગણાય છે. પણ વિશેષ હતી તેમ તેણીના પુત્રો પણ વિશેષ હતા. જેને લીધે રાજકીય તથા સામાજીક ક્ષેત્રોમાં થયેલ અનેક પ્રકારની ઉથલ પાથલ. ૩૩૩,૩૪૨,(૩૪૩).
**નવમા** નંદના ગુણ જન્ય અનેક નામો ૩૫૩. તેના ભાગ્યે કરેલું જોર. ૩૫૨.
**નવમોનંદ,** તેણે મેળવેલ મહાનંદનું ઉપનામ ૩૮૮ થી ૩૯૦.
**નંદિવર્ધનના** નામની સાર્થકતા ૩૮૨-૮૬; તેણે ઇરાન પાસેથી જીતી લીધેલ પંજાબ અને સિંધદેશ ૩૮૩, તેના સરદારો ૩૮૪-૮૬.
**પતંજલી** મહાભાષ્યકારની જન્મભૂમિ ( ૩૫૮ ).
**પસાદિ** બૌદ્ધધર્મી ( પ્રસેનજિત ) જૈન ધર્મી કેમ થયો (૮૦).
**પાર્વતીય** પ્રદેશનો ખુલાસો અને સ્થાન ૩૯૧.
**પીંગળા વિક્રમાદિત્યના** ભાઇ રાજા ભર્તૃહરીની રાણીનો પ્રસંગ (૧૬૦).
**પુષ્યમિત્ર,** બૃહસ્પતિમિત્ર અને ખારવેલ તથા શ્રીમુખ, ચારેને સમકાલીન લેખાય છે. તેમાં કેટલું સત્ય છે તેની ચર્ચા ૧૫૮ થી ૧૬૧.

**પૃથ્વીને** ફરીને એકવાર નક્ષત્રિય કરવાનો પ્રયાસ-પ્રયત્ન. ૩૪૧.
**પિતાપુત્ર** ગાદીએ આવે તો ઐતિહાસિક તત્ત્વ કેવું જળવાય તેના નિયમ. ૮૮.
**ફરજંદો,** બાપના ગોત્રથી ઓળખાવાને બદલે માતાના ગોત્રથી ઓળખાતા હતા (૩૩).
**બુદ્ધ** પીરીયડ ( Buddha period ) જેવી વસ્તુ ઇતિહાસમાં છેજ નહીં, ૩૦
**બુદ્ધદેવ** શાક્યસિંહનાં કુળ તથા જાતિની માહિતી (૮૧) : તેમણે કરેલો ધર્મ પ્રચાર (૮૧).
**બુદ્ધદેવ**ની ઉમરની ( con-natals ) સાત વ્યક્તિઓ (૨૨૨).
**બુદ્ધદેવે** રાજા બિંબિસાર અને તેના અંતઃપુર ઉપર મેળવેલ કાબુ. ૨૫૧.
**બુદ્ધ**દેવનું નિર્વાણ (૩૩૪). નિર્વાણ અને પરિનિર્વાણ (૨૯૧).
**બૌદ્ધ** ધર્મના પગલાં હિંદમાંથી કેમ કમી થયાં, ૪૪.
**બૌદ્ધ** સંવત ૪૦. બૌદ્ધ ધર્મીઓ પ્રતિમાનીજ સ્થાપના કરે છે, નહીં કે ચરણપદની (૩૦૫) ૨૯૮.
**બૌદ્ધ** સાહિત્યનું રૌરૂક, અને જૈનનું વીતભય પટ્ટણ-એનો મતભેદ. ૨૨૧, (૨૨૮).
**બૌદ્ધ** ગ્રંથોમાં તેમના પ્રતિસ્પર્ધીઓને હલકા પાડવાના ઇરાદાથી જ કેટલાંક લખાણ કરાયાં છે એવો પાશ્ચાત્ય વિદ્વાનોનો મત. (૨૮૮).
**બૌદ્ધ** કૌંસીલનું બીજું અધિવેશન ૩૩૪-૩૫.
**બ્રાહ્મી** ભાષાનું જન્મ સ્થાન, ૭૧.
**મહામેઘવાહન** ચેદિપતિ કરકંડુનો, આશ્ચર્યકારક પ્રસંગોમાં થયેલ જન્મ ૧૩૪. તેનું નામ કરકંડુ કેમ પડયું (૧૩૪) (૧૩૫) ને મહામેઘવાહન કેમ પડયું. (૧૬૯).
**મગધ**નું કાષ્ટમય રાજનગર અને તેનો થતો નાશ. ૨૩૯.
**મગધપતિઓની,** સર્વેની ગુણોથી ઓળખ તથા તેમનાં બિરૂદો. ૩૯૧.
**મગધ** સામ્રાજ્યમાંથી છૂટા પડેલ અનેક અંશો ૩૮૮.
**મગધ** ઉપર ઉતરી પડેલ બે આફતો. ૩૨૯.
**મગધ** દેશમાં ફાટી નીકળેલી મહામારી, ૩૦૮, ૩૮૦.
**મહારથી,** તરીકે કરેલ સરદારની નિમણૂક. જેની પુત્રી, નાશિકના શિલાલેખવાળી રાણી નાગનિકા તરીકે પ્રખ્યાત થઇ છે તે હકીકત ( ૩૮૬ ), ૩૯૦.
**મંત્રીઓ** અને દિવાન એક કે જુદા, ૧૪.
**મોઢેરા** અને ઝીંઝુવાડાની પ્રાચીનતા (૨૨૧).
**મહાજન**નું બંધારણ અને તેની સત્તા, પ્રાચીન સમયે કેવી હતી. ૨૭૦( ૨૧૪, ૨૧૫ ), (૩૧૦)
યુગ ઐતિહાસિક ( Historic period ) ક્યાંથી શરૂ થતો ગણી શકાય, (૨), (૪૩), (૪૪).
**રાજપુતાના**માંના કેટલીયે નદીઓ અદશ્ય થઇ છે તેની તવારીખ (૨૨૬).
**રાજા** પોતે પણ સીપાઇઓને કામમાં મદદ કરતા હતા, ૨૩.
**રાષ્ટ્રિક,** મહારાષ્ટ્રના વંશનો ( ઇસ્વીની આઠમી સદીમાં થયેલ ) સંબંધ ક્યાં મેળવી શકાય, ૨૪, ૩૮૬.
**લગ્ન** કરવામાં સચવાતા નિયમો, તેની ચર્ચા તથા દષ્ટાંતો ૩૩૫-૩૩૮.
**લી.** = ૧/૪ માઇલ (૬૪)
**વસ્તિ** પૂર્વ સમયે ભારતદેશની કેટલી હતી તેનો ચિતાર, ૫૩. તથા સાડાચાર લાખ ગામડાંઓ કેવી રીતે પથરાયાં હતાં, તેની બતાવેલ અટકળ, ૪૯, ૫૦.

**વર્ધન**, વર્મન અને શર્મન. વ્યક્તિઓના નામને અંતે, આવે તો અમુક વર્ણના તે હોઇ શકે એમ જે અટકળ બાંધી છે તેનું અસત્યપણું. (૨૧૮).
**વહિયાર** પ્રદેશની મહત્તા અને તેના વખણાતા ખૂંટ, બળદ આદિ. (૨૨૧).
**વિતિહોત્રીઓ** કોણ હતા ને ક્યારે થયા હતા, ૯૭.
**શતવહન** વંશની ઉત્પત્તિ, અને તેના સમયની તદ્દન નવીન પ્રકારની ચર્ચા ૩૪૨–૩૪૫.
**શિશુ**નાગે કરેલી વંશ–સ્થાપના, અને તે વંશના પ્રથમના પાંચ પુરૂષોના વૃત્તાંત. ૨૩૫.
**સિંધુપતિની** સત્તા અવંતિપતિ ઉપર પણ જામી હતી. ૨૨૦.
**સિહલદ્વીપમાં** વર્તી રહેલ અરાજકતા ( ૩૮૦ ).
**સિંહલદ્વીપ** ઉપર મગધનું સ્વામિત્વ. ૩૦૮–૯, ૩૭૯.
**સીતાદેવી**–વૈદેહી–જનકપુત્રીના મહિયરનું સ્થાન (૬૨).
**સોળ**, દેશનું વર્ણન, બૌદ્ધગ્રંથમાંના ૪૭.
**હરપ્પા** શહેરના સ્થાન ઉપરનું પ્રાચીન શહેર, ૫૮.
**હિંદી** સમ્રાટને તાબે પ્રથમ વારજ, અફગાનિસ્તાન અને હિંદની બહારના અન્ય પ્રાંતો આવ્યા, ૧૦૩.
**હુએનશાંગ** બૌદ્ધ ધર્મની સ્થિતિ સમજવાને જ ખાસ કરીને હિંદમાં આવેલ હતો. છતાં જે મહાન સ્તૂપોને બૌદ્ધ ધર્મના હોવાનું વિદ્વાનો ઠરાવે છે તેમાંથી કોઇનું તેણે વર્ણન કર્યું નથી. ઉલટ, મહાન સ્તૂપોથી અનેક ગુણા નાના સ્તૂપોનું જ વર્ણન કર્યું છે. તે સ્થિતિનું રહસ્ય સમજાવવાનો પ્રયત્ન ૨૦૦.

## (આ) સામાન્ય તથા જૈનધર્મીઓને લગતા વિષયો.

**અમરાવતી** દેવનગરી, તેનો બેન્નાતટનગર સાથે સંબંધ. ૧૫૧, ( ૧૫૩ ).
**અવંતિનો** આખો પ્રદેશ જ જૈનધર્મ સાથે સંબંધ ધરાવે છે એટલે પૃ. ૧૭૭ થી ૨૧૮ સુધીનું તેનું વર્ણન અનેક ઐતિહાસીક નવીનતાઓ રજુ કરે છે.
**અશોક** અને પ્રિયદર્શિન બન્ને ભિન્નભિન્ન વ્યક્તિઓ ( ૮૪ ).
**આણંદપુર**—સૌરાષ્ટ્રની રાજ્યધાની, ( ૬૬–૬૭ ).
**આરા** ચોથાપાંચમાની અંતરાળની પરિસ્થિતિ ૩૭૧.
**આર્યપ્રજા** વિશ્વભરમાં ઉત્તમ કોટિની છે ૧૩.
**આર્યાવર્તના** સાડીપચીસ દેશોનું વર્ણન ૪૬ થી આગળ.
**આયુધરાજ** અને અયોધ્યાના ફેરને લીધે થયેલ ગોટાળો ( ૫૯ ) ( ૭૮ )
**આર્દ્રકુમારના** આર્દ્ર દેશ સાથે હિંદનો વ્યાપાર ૨૬૫.
**ઇક્ષ્વાકુ**, કુળ કે વંશ ( ૯૭ ).
**ઇતિહાસની** કિંમત કેવી રીતે અંકાય ૧૪.
**ઉદયન** વત્સપતિ, તે બૌદ્ધ કે જૈન ( ૧૧૯ ).
**ઉદયન** સૌવીરપતિ છેલ્લા રાજર્ષિ ગણાયા છે તે કેવી રીતે, ૨૨૪.
**ઉંચાઇ**, મનુષ્યની કેટલી હતી ૨૯, તથા તેમનું આયુષ્ય ૨૯, ૩૧.
**કલ્કિ** રાજાની માહિતી ( ૩૮૯ ).

**કાછડી** છૂટા અવંતિપતિઓ ૨૧૪-૨૧૬.
**કૂણિક** રાજાએ સુધર્માનું કરેલું અપૂર્વ સ્વાગત ૨૯૬.
**કૂણિક** રાજા બૌદ્ધધર્મી નહોતો પણ જૈનધર્મી હતો એમ થયેલું વિદ્વાનોનું મંતવ્ય, ૨૯૭-૨૯૯.
**કેળવણી** લેવાનો એક વિચિત્ર પ્રકાર ૨૧.
**કૌટિલ્યનું** અર્થશાસ્ત્ર તે મૂળ નથી. તેણે બીજા ઉપરથી ઉપજાવી કાઢયું હતું ( ૨૬૭ ) ( ૩૬૪ ).
**કૌશાંબી** તથા તેનાં ખંડીયરનો ઇતિહાસ ૧૦૬.
**ગુરૂકુળોનું** પ્રાચીન સમયે અસ્તિત્વ. ૨૨, ૩૬૨.
**ગુર્જર** દેશનું સ્થાન ( ૬૬ ).
**ચોલા,** પાંડ્ય, પલ્લવ, કદંબ વિગેરેની ઉત્પત્તિ ૩૧૩.
**ચંપા** નગરી ૧૩૯, ( ૧૧૪ ) તેનું ખરૂં સ્થાન ૩૭૪. તેનું ભ્રમિતસ્થાન ( ૬૩ ). ( ૧૪૨ ) ૨૯૫ થી ૨૯૮ તથા ટીકાઓ.
**ચંદ્રગુપ્તે** કરેલું ભદ્રબાહુ ગુરૂ પાસે પોતાનાં સ્વપ્નાંનું નિવેદન ૧૮૧. તેણે ભિલ્સાની દીપમાળ માટે દાન કરેલ મોટી રકમ ( ૧૮૧ ). ભિલ્સાનો તે પોતે સમ્રાટ બન્યો ૧૮૩.
**ચંદ્રગુપ્ત** અને પ્રિયદર્શિન રાજાની ધર્મભાવના તથા દૂરદર્શિતા. ૧૯૫-૧૬.
**ચંદ્રગુપ્તને** નંદપુત્ર લેખી ન શકાય તેનાં અનેક કારણો, ૩૬૬, ( ૩૬૮ ) ( ૩૬૬ ).
**ચંદ્રગુપ્ત** રાજાની, અને છેવટે તે સમ્રાટ બન્યો ત્યાં સુધીની, તેની કારકિર્દી ૩૬૭.
**ચંદ્રગુપ્તને** નવમાનંદની સાથે લડવામાં સહાય આપનાર વક્રગ્રીવની ઓળખ ૩૬૭, ૩૯૧.
**જંબુદ્વીપ** તથા ભરતખંડનો તફાવત ૩.
**જેસલમીરના** રણની ઉત્પત્તિ ( ૧૯ ).
**જૈન** ધર્મના સિક્કા ૨૭૨, ૪૧. શ્રેણિકથી થયેલ સિક્કાની શરૂઆત ૩૩૨, ૨૬૫.
**જૈનોની** પ્રતિમાઓ કયારે બનાવાઇ, ૧૭૦, ૩૦૪.
**જૈન** ગ્રંથકારોની એક ખાસીયત. ૮૩.
**જૈનસૂત્રોમાંના** કેટલાંક સ્થળોનો ધટસ્ફોટ, નકશાઓ સાથે ૧૮૪-૧૯૨.
**જૈનધર્મને** વિશ્વવ્યાપી બનાવવામાં સમ્રાટ પ્રિયદર્શિને પોતાની આખી જીંદગી નીચોવી નાંખી હતી તે હકીકત ૧૯૮.
**જ્યોતિર્ધરોએ** પ્રાચીન સમયના કાળની ગણત્રી કરવામાં બતાવેલ અધુરાપણાને લીધે, થયેલ અનેક ઐતિહાસિક ભૂલો, તેનાં દષ્ટાંતોઃ જેવાં કે મહાભારતનો યુદ્ધનો કાળ, કૃષ્ણ અને નેમિનાથનો સમય, કૃષ્ણનું આયુષ્ય વિગેરે.
**દશાર્ણ** નામના ઘણા પ્રદેશો ( ૨૨૦ ), ૨૨૦.
**દષ્ટાંતો,** આ પુસ્તકની વિશિષ્ટતાઓનાં સંક્ષિપ્તમાં ૧૮.
**દોહદ** જે સગર્ભા સ્ત્રીઓને થાય છે તેના પ્રભાવનું વર્ણન, ૨૮૨ થી ૨૮૪ તથા ટીકાઓ.
**નકશાઓની** સમજ.
**નાલંદા** વિદ્યાપીઠનો પુનરૂદ્ધાર ૩૫૭.
**નાલંદા** વિદ્યાપીઠનો જન્મ કે પુનરૂદ્ધાર. ૩૬૦.
**નંદવંશ** આખાનો ધર્મ તથા અમાત્યો ૩૨૯.

**નવમાનંદ** પંજાબમાંથી આણેલી વિદ્વાનોની ત્રિપુટી ૩૫૬.
**પરદેશી** રાજાની વ્યાખ્યા ( ૮૬ ).
**પરદેશી** રાજા વિશે બૌદ્ધગ્રંથોની ગેર સમજ ૭૯.
**પરદેશી** રાજા જૈન હતો તેની પ્રતીતિ ૮૦.
**પરદેશી** રાજાની વ્યાખ્યા ( ૮૬ ).
**પરિચય,** ચિત્રોનો ૬૧.
**પાટલીપુત્રના** સ્થાનનું કૌતુક ( જૈન અને બૌદ્ધની દષ્ટિએ ) ૩૦૨.
**પાઠો** અભ્યાસના મૌખિક જ દેવાતા. લેખન પદ્ધતિ નહોતી, તે વિશે શિલાલેખી પુરાવા ૩૬૧ (૩૬૧) ૩૬૨.
**પ્રસેનજિત** સ્તંભવાળા સ્થાનનો, આશ્ચર્યકારક ઇતિહાસ ૭૫
**પ્રિયદર્શિને** પોતાના ધર્મનેતાઓની સમાધિઓ ઉપર ઉભાં કરાવેલાં સ્મારકો–તેમની ઠેઠ નાના કદથી માંડીને ૧૫૦ ફુટ સુધી પહોળાઇ અને ૮૦ ફીટ સુધી ઉંચાઈ ( ૧૯૯ ).
**ફાયદા** ઇતિહાસ શીખવાથી ૧૨.
**બુદ્ધદેવ અને** મહાવીરના ધર્મપ્રચારકપણાના સમયની સરખામણી ( ૨૫૩ ).
**બૌદ્ધગ્રંથોમાં** રાજગૃહી તથા શ્રેણિક શબ્દ બહુ વપરાયા નથી તેનાં કારણુની સમજ ( ૨૫૬ ).
**બૌદ્ધ** અને જૈન ધર્મ તે સામાજીક ધર્મ હતા. તેમની શ્રેષ્ઠતા. ૩૨.
**બેન્નાતટ** શહેર, તેની જાહોજલાલી સ્થાન, સુરક્ષિતતા વિગેરે ૧૫૦ થી ૧૫૬.
**બેન્નાતટનગર** એક જૈનતીર્થ હતું એમ સરકારી દફતરના પુરાવાથી કરી આપેલી ખાત્રી, ૧૫૩. તેમાં રાજા ખારવેલે પુરાવેલ ફાળો.
**બેન્નાતટ** અને બૃહદ્ આંધ્રનો પ્રદેશ ૧૫૭. Grater Bombay, Grater Londonની સરખામણી.
રાજા **બિંબિસારના** પરદેશ ગમનનું કારણ ૨૪૨ : ત્યાં શ્રેષ્ઠી પુત્રી સુનંદા સાથે લગ્ન અને અભયકુમારનો જન્મ. ૨૪૪.
**બ્રાહ્મણો** જૈનધર્મ પાળતા તથા જૈન ધર્મના પ્રવર્તક શ્રી મહાવીરના પટ્ટધર પણ થતા ૩૨. આ પ્રમાણે બ્રાહ્મણ ચાણક્ય પણ જૈન હતો ( ૨૫૩ ) અને શકડાળ પણ જૈન હતો. ( ૨૫૨ ).
**ભારહુત** સ્તૂપનું મહાત્મ્ય ( ૭૬ ), ( ૮૩ ).
**મહત્તા** હિંદની ૧૩.
**મહત્વતા** ઇ. સ. પૂ. ૫૫૮ ની સાલની ૨૫૫. રાજા શ્રેણિકના જીવનમાં થયેલ તેથી પલટો.
**મહાપુરૂષોનાં** નિષ્ક્રમણમાં કુદરતનો હાથ. ૬.
**મહાભારતના** રાજાઓ પણ જૈનધર્મી હોવાની સંભાવના ( ૯૭ ).
**મહાવીરે** શ્રી શ્રેણિઓની રચનામાં રાજા શ્રેણિકને પ્રેરણા પાઇ હતી ૨૬૭ થી ૨૭૦. ૩૭૧.
**માળવા,** અવંતિ, આકારાવંતિ શબ્દોની સમજાવટ; ૧૭૮ : પૂર્વ અને પશ્ચિમ આકારાવંતિનો મર્મ : ( ૧૭૮ ), અવંતિની રાજધાનીઓ, વિદિશા, બેસનગર, સાંચી, ભિલ્સા, ઉજૈન–આ સર્વેની મહત્તા, સ્થાન, નિર્દેશ અને સમયને લગતી નવીન હકીકતો પૂર્ણ ઇતિહાસ, ૧૮૧ થી ૧૯૨; ખાસ કરીને સંચીપુરીની ઉત્પત્તિ, અર્થ, વિગેરેની સમજ શ્રી મહાવીરના જીવન ઉપર અદ્દ્ભુત રોશની ફેંકે છે.
**મુંબઇ** બંદર, લંડન શહેર, હામ્બર્ગ વિગેરે શહેરો સાથે બેન્નાતટ શહેરની સુરક્ષિતતા સંબંધી પૂરવાર કરેલી સરખામણી ૧૫૨.

**મેતાર્ય** ગણધર અને રાજા શ્રેણિકના જમાઇ મેતાર્યમુનિ બન્ને જુદી જ વ્યક્તિઓ ૨૮૫.
**મોહનજાડેરોની** ઉત્પત્તિ ૧૬, ૧૭.
**રદિયા,** કર્તાને માથે આવી પડતા આક્ષેપોના ૨૪.
**રાહરસમો** પ્રાચીન સમયની તથા તેમની પરિસ્થિતિનું જ્ઞાન ( દ્વિતીય પરિચ્છેદ આખો ૧૩ થી ૪૪ ).
**રોટી** વ્યવહાર અને બેટી વ્યવહારનો સંબંધ ૨૭, ૩૩૭.
**રેંટિયો** પ્રાચીન સમયે પણ અસહાયનો બેલી ગણાતો તેનો પુરાવો ( ૨૬૬ ).
**લગ્ન,** મામા ફોઇના છોકરાંઓ વચ્ચે થતાં હતાં, અમદાવાદના નગરશેઠનાં કુટુંબમાં તેવું થતું અનુકરણ (૧૩૨).
**વત્સપતિઓની** નામશુદ્ધિ ૧૦૯
**વરરૂચિની** નિર્લજતા, ૩૬૫ ( ૩૬૪ ), ૩૯૦.
**વંશાવળીઓ:** વત્સપતિની (૧૧૨) કોશળપતિની (૮૯) મગધપતિની ( ૨૩૮, ૩૨૪ ) ચેદિપતિની (૧૭૩) અવંતિપતિની ૨૨૮. તે સર્વે એકત્રીત કરીને ૩૯૨-૩.
**વીતભયપટ્ટણ** અને મોહનજાડેરોનો સંબંધ, ૧૨૬ થી ૧૨૮, ( ૨૧૯ ) ( ૨૨૩ ), ૨૨૫. તેની પ્રાચીનતા. ૨૨૯.
**વિદ્યાપીઠો** પણ Residential University જેવાં સ્થાન તરીકે હતી અને છાત્રોનાં ચારિત્રની કેટલી સંભાળભરી માવજત રખાતી હતી તેનું વર્ણન, ૩૬૦ થી ૩૬૩-૩૮૯.
**વ્યવહાર** સૂત્ર ઘડવામાં કુદરતની જ ઇચ્છા; ( દુષ્કાળ ૮, ૧૫ ) સામાજીક વ્યવસ્થા ૪૪, ૪૩, ભાષાલિપિ ૩૭, લેવડદેવડના પ્રકાર, ૩૬; સિક્કાઓ, લગ્ન વ્યવહાર વિગેરે. સામાજીક બંધારણોની ઉત્પત્તિ ૨૬૯.
**વ્યવહાર**માં વર્ણ, જાતિ, લગ્ન અને ધર્મનાં જોડાણ કેવીરીતે પરિણમ્યાં ૨૫.
**શાકદ્વીપની** સમજ, ૪.
**શ્રુતિ** ( વૈદિક ): શ્રુતજ્ઞાન ( જૈન ) નો નાશ તથા કાગળનું મહાત્મ્ય. ૩૭. લિપિની ઉત્પત્તિ ૩૬૧-૩૬૨.
**શ્રેણિક** રાજાનું રાજકીય કૌશલ્ય ( ૧૦૦ ).
રાજા **શ્રેણિકનાં** અનેક ધર્માંતરો તથા તે માટેનાં કારણો ૨૫૦ થી ૨૫૫.
રાજા **શ્રેણિકે** નર્કગતિ તથા તીર્થંકર ગોત્ર ક્યારે ને કેમ બાંધ્યું તેની તારવણી ( ૨૫૩ ), ૨૬૦.
**શ્રેણિઓની** પ્રેરણા, રચના ૨૬૭.
**શ્રેણિકે** રાજા **સિક્કા** પાડવાનો પ્રારંભ કરેલ દેખાય છે. ૨૭૨. વળી કળા પ્રત્યે તેનો શોખ ૨૭૨. તેનું રાજકીય ડહાપણ ૨૭૩ : તેના હૃદયની ઉદારતા ૨૭૫ : તેના ચારિત્ર્યની સમાલોચના ૨૭૭.
**શ્રેણિક** રાજાને ભોગવવો પડેલ કારાવાસ, તેનાં કારણ અને મુદત ૨૮૬.
**સમયસુંદર** કવી—૧૮૬.
**સમાજ,** આજની સઘળી રચના કોણે કરી, તે રચનારનુ ડહાપણ, તથા રચનાનું સ્થાયીપણું વિગેરે ૪૪.
**સરસ્વતી** દેવીનું ચિત્ર ૩૩, ૭૧.
**સાંચી** નગરીના ઇતિહાસ ઉપર નવીન પ્રકાશ; ૧૯૫ થી ૨૦૦.
**સિંહલપતિઓ** પણ મગધપતિની આણમાં એક વખત હતા. ૩૦૮.
**સિંધ** આખો પ્રદેશ જૈનધર્મ પાળનારાથી વસાહિત હતો. ૨૨૭, ( ૨૨૭ ).
**સિંહલદ્વીપમાં** જૈનધર્મનો પ્રચાર, ૩૭૯.

**સેંડ્રેકોટસ** તે ચંદ્રગુપ્ત નહીં પણ અશોકવર્ધન છે ૧૧.
**સંવત,** હાથીગુંફાના લેખમાંનો નંદ સંવત હતો, કે મૌર્ય કે કોઈ બીજો તેનું પૃથ્થકરણ, ૩૩૧.
**સિંહલદ્વીપમાં** પણ મગધપતિઓની આણ પ્રવર્તી હતી તેનો બૌદ્ધગ્રંથોએ કરેલ સ્વીકાર ( ૩૭૮ ).
**સુવર્ણ** પ્રતિમા, હાથી ગુંફાવાળીનો મહિમા ૧૭૦, ૧૭૪.
**સુશ્રુષા** માબાપની કરવાનો, પ્રિયદર્શિને તથા રાણી ચિલ્લણાએ ઉપદેશેલો ધર્મ, ૨૮૮.
**સ્તૂપો :** મથુરાં, સાંચી, ભારહુત ની સરખામણી ૧૪૬. તે, તેમજ માણિક્યાલ, અમરાવતીના સ્તૂપો સર્વે એકજ ભાતના અને પંથના હોવાનો સ્વીકાર ( ૧૯૬ ) તેમની સરખામણી કરી શકાય માટે રજુ કરેલાં ચિત્રો ૧૯૬. અનુરૂદ્ધપુરના સ્તૂપનું પણ તેમજ ૩૧૨.

## ( ૬ ) કેવળ જૈન ધર્મને જ લગતા વિષયો

**અભય** કુમાર મહામંત્રીશ્વર કેમ બન્યો તેનું વૃત્તાંત ૨૪૫.
**અભયકુમારને** એક આત્મીય-સહોદર હતો, તેનો કરી બતાવેલ ઉકેલ ૨૪૮.
**અભયપઃ** અને અભયકુમારનો પરસ્પર સંબંધ ( ૨૪૬ ).
**અમરાવતી** સ્તૂપને બૌદ્ધમતી ધારવામાં આવે છે પણ તે જૈનધર્મી છે તેની સાબિતી ૧૬૧, ૧૬૫.
**અવસર્પિણી** કાળના મહાત્મ્યની દેખાવા માંડતી અસર ૨૫૭.
**અવસર્પિણીના** ચોથા અને પાંચમા આરાના અંતકાળની પરિસ્થિતિનું વર્ણન ૩૭૦.
**અવસર્પિણી** ઉત્સર્પિણી કાળ સાથે કુદરતનો સંબંધ ૪ થી ૮.
**અશ્વસેન,** પાર્શ્વનાથના પિતાનો મહાભારતના ભૂપતિઓ સાથે લોહી સંબંધ ૯૩, ૯૪, ( ૯૮ ).
**ઇક્ષ્વાકુવંશમાં** જૈનના ૨૨ તીર્થંકરો ( ૮૨ ).
**ઉદયન** રાજાનું ચરિત્ર ૧૧૭ : તે નામના ત્રણ રાજાઓ હોવાથી, થયેલી હાસ્યજનક ભ્રમણા ૧૧૯-૧૨૦.
**ઉદયન** વત્સપતિની રાણીઓ અને તેમનાં મહિયરો ( ૧૧૭ ).
**કયવન્ના** શેઠ ઉર્ફે કૃતપુણ્ય, રાજા શ્રેણિકનો જમાઇ ૨૮૧, ૨૮૫.
**કાલિકસૂરિને** ભર ચોમાસે કરવો પડેલ અવંતિનો ત્યાગ ૧૬૧.
**કેશીમુનિ** શ્રી પાર્શ્વશિષ્ય: અને પાર્શ્વગણધર કેશિ, તે એનો તફાવત ૮૦.
**કલ્પવૃક્ષની** મહત્તા ૩૩, ૪૧.
**ખમતખામણા** કરતી વખતે કયો ઉદ્દેશ સાચવવો જોઇએ ( ૧૨૯ ).
**ચંડકોશિયો** નાગ-કનકખલ તાપસનું આશ્રમ સ્થાન ( ૬૧ ).
રાજા **ચંડ** પોતાના ગુમાનમાં ખાધેલ અનેક ખત્તા ૨૧૩.
**ચંદનબાળા**-વસુમતિનું વેચાણ ૧૪૪.
**ચેટક**-લિચ્છવીઓના શિરતાજ ( ૧૩ ).
**ચેટક** વૈશાળી પતિની સાત કુંવરીનાં લગ્ન સંબંધ તથા તેમનાં ચરિત્રોમાંની આશ્ચર્યકારક ઐતિહાસિક ઘટનાઓ ૧૨૫-૧૩૫.
**વૈશાળી** નગરીનો પૂર્વભૂત ઇતિહાસ ૧૨૨.
**ચેટક** રાજા એક અચૂક બાણાવળી તથા તેની અમુક પ્રતિજ્ઞાઓ ૧૩૭-૩૭ તેનું ચારિત્ર ૧૩૭.
**ચિત્રો,** જૈનને લગતા, નં. ૭, ૮, ૯, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૯.

**જીવ** પોતાના આગામી ભવનું આયુષ્ય ક્યારે બાંધે છે તેની આપેલ સમજૂતિ ( ૨૫૪ ).

**જૈનધર્મની** મહત્તા, આખા પુસ્તકમાં પ્રસંગોપાત્ત દૃષ્ટાંતો અને પ્રમાણો આપી સાબિત કરાઈ છે. ખાસ કરીને જુઓ, શ્રેણિક, મહાવીર, બિંબિસાર, સાંચી, ઉજૈન, અવંતિકા, ચંદ્રપ્રદ્યોત, ઉદાયન, ચંદ્રગુપ્ત, કરકંડુ વિગેરે શબ્દો.

**જૈનતીર્થો** ૬૮. તેમનાં સ્થળ નિર્દેશ, ૪૬ થી ૬૮ સુધીમાં છૂટક છૂટક લખાયાં છે.

**જૈનધર્મને** થતો અન્યાય, સાચી ને સંચી ઠરાવવાથી ( ૭૮ ).

**જૈનધર્મે** ઠેઠ સિંહલદ્વીપમાં કરેલો પ્રવેશ ૧૭૧, ૩૭૯.

**જૈન રાજાઓની** સત્તા, સારા હિંદ ઉપર ૨૪

**તીર્થંકરો:** ચોવીસેના મોક્ષ સ્થાનોનાં વર્તમાન સ્થળ નિર્દેશ તથા સમજૂતિ ( ૭૭ ) ( ૧૬૬ ).

**તેજંતુરીની** પરિક્ષાના દિવસથી, કુમાર બિંબિસારના નશીબ આડેથી ખસી ગયેલું પાંદડું ૨૪૩.

**ત્રિષષ્ઠિ** શલાકા પુરૂષો-૪૬.

**દીક્ષાઓ,** પૂર્વ સમયે સંબંધી જનોની સંમતિથીજ લેવાતી અને દેવાતી હતી ( ૨૫૬ ) ( ૨૬૬ ) ( ૨૮૬ ) ( ૨૮૦ ).

સાધ્વી **ધારિણીએ** પોતાના બે જાયા વચ્ચે કરાવેલું સમાધાન ૨૧૭.

**નંદિવર્ધન** મહાવીરના જ્યેષ્ઠ બંધુ વેરે ચેટક પુત્રી જ્યેષ્ઠાનું લગ્ન ૧૩૨.

**પર્યુષણાપર્વ** એક દિવસનું હતું, હાલની માફક સાત દિવસનું નહીં ( ૧૨૮ ) ( ૧૨૯ ).

**પાવાપુરીનો** અને મધ્યમ અપાપાનો સંબંધ ( ૧૮૮ ) તે ઉપર પાડેલ પ્રકાશ ( ૧૮૮ ) તેની સિદ્ધ કરેલ તીર્થ પ્રભાવિકતા ( ૧૮૯ ).

**પાડા,** નંદ ઉપનંદના ૧૮.

**પાર્શ્વનાથના** જીવનના બનાવો ૯૭.

**પ્રવૃત્તચક્ર :** કરકંડુને જૈન ગ્રંથોમાં પ્રવૃત્તચક્ર કહ્યો છે. તે હકીકત તેનાજ વંશમાં થયેલ ખારવેલ ચક્રવર્તિએ કોતરાવેલ હાથીગુંફાના લેખથી સાબિત કર્યું છે, ૧૬૮ ( ૧૭૭ ).

**પ્રત્યેકબુદ્ધ** પણ કરકંડુને કહેવાય છે ૧૭૦.

**પ્રસેનજિત** શ્રી પાર્શ્વનાથના સસરા અને પરદેશી રાજા ઉર્ફે પ્રસેનજિત, તે બે વચ્ચેના ભ્રમનું નિવારણ તથા તેમની જૈનધર્મ પરત્વે ભક્તિ ( ૭૬ ).

**મલ્લવાદિસૂરિ** ૫૧.

**શ્રીમહાવીર** ગંગા નદી ઉતર્યા હતા ( ૧૬ ) ( ૨૧ ), તે સમયે ઘર કેવાં બંધાતાં હતાં ૧૭. તેમનું નિશાળે બેસવું ૨૧.

**મહાવીર** સંવતની વપરાશ ૪૦ ( ૪૦ ) ૩૩૩, ૧૫૬, ૩૩૨, ૩૪૯, ૩૫૦.

**મહાવીર** અને તેના પટ્ટધરોના અવશેષો, ૪૩, ૭૫, ૩૭૪ : તેમણે સહેલા ઉપસર્ગોનાં તથા તેમનાં કલ્યાણકનાં સ્થાનો ૩૭૪ : તેમનું કેવળજ્ઞાન ૭૮. તેમનું નિર્વાણ ( ૬૧ ).

**મહાવીરે** શ્રી વજ્રભૂમિમાં ચોમાસું કર્યું હતું તેનો મહિમા ( ૧૬૫ ).

**' મહસેન '** શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો વાળી ગાથામાં આવતા શબ્દની યથાર્થતા ( ૨૧૨ ).

**શ્રી મહાવીરે** પશ્ચિમ દિશામાં સિંધ સુધી વિહાર કર્યો હતો તેનો પુરાવો ૨૨૪.

**શ્રીમહાવીરે** કૈવલ્ય પ્રાપ્તિ બાદ ૩૦ વર્ષમાંનો મોટોભાગ વૈશાળીમાં અને રાજગૃહીમાં કેમ ગાળ્યો તેનાં

કારણ તથા સમજૂતિ, ( ૨૮૦ ) ( ૨૫૫ ).
**મહાવીરનું** નિર્વાણ કાર્તિક વદ ૦)) ગણાય છે તેનો ખુલાસો ( ૨૯૪ ).
**મહાવીરની** કૈવલ્યપ્રાપ્તિનું ભૂમિસ્થાન ૩૭૪.
**મૃગાવતી** રાણીનું રાજ્ય અને ચરિત્ર ૧૧૫ : કુશળતાથી તેણીએ ચલાવેલ રાજવહિવટ ૧૧૬.
**વજ્રભૂમિને** અનાર્યભૂમિ કહી શકાય કે ( ૧૬૬ ).
**વસ્તુનો ઉચ્છેદ,** જૈનગ્રંથોમાં અમુક કાળે અમુક ઉચ્છેદ થયાનું જણાવ્યું છે. તેની બતાવેલ સંગતતા (૩૭૨).
**વાણિજ્ય** ગ્રામ, ક્ષત્રિયકુંડ ગ્રામ અને બ્રાહ્મણકુંડ ગ્રામનાં સ્થાનો ૧૨૩.
**શતાનિક** રાજાનું વૃત્તાંત ૧૧૩.
**શિવાદેવી** અને મૃગાવતીની દીક્ષા, શ્રી મહાવીરના વરદહસ્તે ૧૩૨.
**શિવાદેવીએ** ઉજૈનીમાં પ્રગટેલ પાવક પ્રકોપનું કરેલ શાંતવન ( ૧૩૨ ) ૧૮૨.
**શકડાળ** મંત્રીનું બુદ્ધિકૌશલ્ય ૩૬૪–૩૬૬ : તેનો સ્વહસ્તે આવેલ અંત ૩૬૫.
**શ્રીયકે** બજાવેલી નિમકહલાલી ૩૬૬. છેવટે તેણે લીધેલી દીક્ષા ૩૬૬.
**શ્રેણિકનું** ચિલ્લણા સાથે થયેલું ગાંધર્વ લગ્ન તથા તે સંજોગોનું વર્ણન ૨૫૭.
**રૂજુવાળુકા** જૈનધર્મમાં વર્ણવાયલી નદી તેનું સ્થાન ( ૩૦૨ )
**સમયસુંદરના** વાક્યથી જાગૃત થતું સ્થળ નિર્દર્શન ( ૧૯૭ ).
**સંપ્રતિનો** અર્થ ( ૮૫ )
**સમેત શિખરની** તળેટીમાં, સંપ્રતિએ ઉભો કરાવેલ ખડક લેખ ( ૧૬૬ ), તેને શામાટે પાર્શ્વનાથ પહાડ
કહેવાય છે તેની સમજ ( ૧૬૬ ).
**સિદ્ધાર્થનું** રાજપદ ૧૩.
**સુધર્મા સ્વામીનો** ચંપાપુરીમાં થયેલ પ્રવેશ મહોત્સવ ( ૭૭ ).
**સુલસા** અને નાગરથિકનું વૃત્તાંત : તેણીને એકી સાથે રહેલ ૩૨ ગર્ભની કથા ( ૨૫૮ ).
**સાચોર** નગર કયાં આવ્યું ૧૮૮.
**સ્થુલભદ્રજીએ** ગ્રહણ કરેલ દીક્ષાનો પ્રસંગ ૩૬૬.
**હેમચંદ્રાચાર્યે** પરિશિષ્ટ પર્વમાં અવંતિપતિનીજ નામાવળી આપી છે તેનું ઉંડું કારણ ૧૯૭.

# શું ? અને ક્યાં ?

**તા. ક.**—પ્રસ્તાવના અને ટીપણો અંતર્ગત જે નામો, શબ્દો આદિ છે તેમનાં પૃષ્ટ સંખ્યાના આંક, અનુક્રમે બ્લેક ટાઇપ અને કાસમાં આપવામાં આવ્યા છે.


અ

**અકબર** ( મોગલ સમ્રાટ ), ( ૧૮૬ ); સમય સુંદરના સમકાલીન ( ૧૮૬ ).

**અગ્નિમિત્ર** ( શુંગવંશીય ભૂપાળ ), ( ૮ ), (૩૧૦), ૩૪૭; તેની ધર્માંધવૃત્તિનાં દુષ્પરિણામ, **૨૯**; પાટલીપુત્ર ઉપર ચડાઈ, ૩૬૦; ધન યુદ્ધના પ્રારંભક, ( ૮ ).

**અજ** ૩૦૪ (૩૦૫); નંદિવર્ધનનો પુરોગામી, ૩૦૫.

**અજાતશત્રુ**, ( ૧૭ ), ( ૩૨ ); **સહિષ્ણુતા** ( ૩૨ ), **૨૯૭**; અજાતશત્રુ સ્તંભ, ( ૪૨ ), ( ૭૮ ), **૨૯૬**; ( ૩૭૪ ); મગધપતિ, ૧૭૩; રાજ્યારોહણ, ૨૦૪; ધર્મ, ૨૯૭; ૨૯૮, અંગ-મગધાનો સ્વામી, ૩૭૪, ૩૭૫. ચંપામાં રાજધાની, ૩૭૪. અપર નામો કે બિરૂદો:—કૂણિક, **૨૮૨, ૨૯૧**; દર્શક, **૨૯૧**, વિદેહીપુત્તો **૨૯૧**. અજીતશત્રુ (કૂણિક), ૨૮૨, ૨૯૧, ૨૯૨.

**અટલી દેશ** ( ઉજ્જડ દેશ ) ( ૬૬ ). વરૂણ (૬૬).

**અટ્ટલી**, ૨૧૯.

**અણહિલપટ્ટણ**, ( ૧૦૬ ).

**અનલગિરિ** ( ચંડનો પટ્ટ હસ્તી ), ૧૧૬, ( ૨૧૨ ).

**અનાથમુનિ**, ૨૫૯.

**અનાર્ય પ્રજા** ( દક્ષિણ હિન્દના લોકો ), ૪.

**અનુરૂદ્ધ** ( મગધપતિ ઉદયનનો પુત્ર ), ( ૧૨૦ ), ૨૩૮; મૃત્યુ, ૧૭૪; સિંહલદ્વીપની જીત, ૩૦૮; **અનુરૂદ્ધપુર સાથે સંબંધ**, ૩૧૦, અનેક દેશોની **જીત** ૩૭૭; દિગવિજય ૩૭૯; **સિંહલદ્વીપમાં જૈન** ધર્મનો પ્રસાર, ૩૭૯ ( ૩૭૯ ).

**અનુરૂદ્ધપુર**, ૩૦૬; સ્થાપના કાળ, ૩૧૧; સ્તૂપોની પ્રસિદ્ધતા ૩૧૨, ( ૩૧૨ )

**અનુલોમ લગ્નો**, ૩૩૬, ( ૩૩૬ ).

**અપરાંત**, ૬૫, ૨૩૦; કોંકણનો પ્રદેશ, ( ૩૭૭ ).

**અપાપાપુરી** ( પાપાપુરી, પાવાપુરી ), ( ૭૭ ); મહાવીર પ્રભુની નિર્વાણ ભૂમિ, ( ૭૭ ).

**અપેક્ષાવાદ**, ( ૨૬૮ ).

**અભયકુમાર** ( મહાબુદ્ધિપ્રભાવક મહામંત્રી ), ૪૪; બેન્નાતટ નગર ( મોસાળના ગામમાં ) નિવાસ, **૧૫૩**; બિંબિસારનો પુત્ર, ૨૪૫; વિપુલ બુદ્ધિમત્તા, **૨૪૬, ૨૪૭**, બાલઅમાત્ય, ૨૪૭; મંત્રીશ્વર **૨૪૯**; વૈશાલીમાં વાસ, ( ૨૫૭ ); " અભયકુમારની બુદ્ધિ હોજો " એ વાકયનું મહત્ત્વ, ( ૨૪૮ ); સચ્ચારિત્ર અને પ્રભાવ, ૨૮૦, (૨૮૦); જન્મ, ૨૮૪; રાજપદની અનિચ્છા, ૨૮૪; દીક્ષા ૨૮૬; રાજ્યવ્યવસ્થા અને વ્યવહાર શાસ્ત્રનાં મૂળ સૂત્રોના પ્રણેતા, ૩૭૨.

**અભયપદ**, ( ૨૪૬ ).

**અભયાદેવી** (દધિવાહનની પટરાણી,) ૧૪૩.

**અમદાવાદના નગર શેઠો**—લગ્ન સંબંધમાં ક્ષત્રિયોનું અનુકરણ, ( ૧૩૨ ).

**અમરાવતી** ( દેવનગર ), ૧૫૧), ૧૫૩; **અમરાવતી નગર** ( ધન્યકટકની રાજધાની ); ૧૬૨; **અમરાવતી સ્તૂપ**, (૧૫૭) ૧૬૨, ૩૧૨; **અમરાવતી પુરીઓ**, ૧૫૩.

**અમાત્ય મંડળ**, પૂર્વ કાળમાં તેની સત્તા, ૩૮૧, ( ૩૮૧ ).

**અયુદ્ધા**, ૧૮૩.

**અલેકઝાન્ડર ધી ગ્રેઇટ** ( જગમશહુર ગ્રીક શહેનશાહ) ( ૮ ); હિન્દ ઉપર આક્રમણ, **૧૯**; પંજાબમાં વ્યૂહ રચના **૧૯**. ઇરાન અને સિંધની જીત (૩૮૩).

**અવસર્પિણી કાળ** ( કાળચક્રનો ઉત્તરાર્દ્ધ ) ૫; તેનું દુઃખદ સ્વરૂપ, ૫.

**અવંતિ** ( એક સુપ્રસિદ્ધ પુરાતન નગર ), ( ૧૯ ); ચારિત્ર શૈથિલ્ય અને અશ્વમેધ યજ્ઞોથી તેની કીર્તિને લાગેલ કલંક, ૧૫૯; તેના સૂબાઓ ૧૮૩; જૈનધર્મી રાજાઓ, ૧૯૬; વીરપ્રભુનો સ્મા

પ્રદેશ, ૧૯૭; જૈનધર્મનું કેન્દ્રસ્થાન ૧૯૯; આભ-જ્ઞતા, ૧૯૧; પ્રદ્યોતવંશનો અમલ, ૧૯૫; મગધ-સામ્રાજ્યનું અંગ, ૨૧૮, (૨૧૮);
અવંતિપતિઓ, તેમનું રાજ્યશાસન, ૨૦૬, ૨૦૭.
અવંતિપુત્ર, ૨૦૪.
અવંતિ–વત્સપતિ ( મેઘવિન ), ૧૨૧.
અવંતિસેન ( અવંતિવર્ધન ), ( ૨૧૫ ); ધારિણીનો પુત્ર ૨૧૬; પ્રજાપ્રિયતા, ૨૧૬.
અશોક ( ધર્મસહિષ્ણુ મહાન સમ્રાટ ); ૨૮, ૨૯; પદચ્યુતસ્થિતિ ૧૦; સેન્ડ્રેકોટસનો પૌત્ર, ૧૧; સૂબા તરીકે નિયુકિત, ( ૧૮૧ ) પ્રિયદર્શિનથી ભિન્નતા, ૯, ૧૮; જુઓ અશોકવર્ધન.
અશોકચંદ્ર ( કૂણિક ) ૨૯૨.
અશોક પહેલો ( કાલાશોક ), ૩૩૩, ૩૩૮.
અશોક બીજો ( બૌદ્ધધર્મી અશોક ) ૩૩૩, ૩૩૮; ધર્મસહિષ્ણુતા, ૧૮.
અશોકવર્ધન ( મૌર્યવંશી નૃપાલ ), ( ૩૧ ), (૨૧૮); મગધપતિ, ૧૦૨, બિંદુસારપુત્ર, ૩૪૧; કાળાશોક ૩૪૧; સમયકાળ, ૩૦૩; અવંતિનો સૂબો. (૩૧). જુઓ અશોક.
અશ્વત્થામા, ૨૬૪.
અશ્વસેન ( બૃહદરથવંશનો છેલ્લો રાજા, ( ૯૭ ), ૧૦૦, ૨૦૫; પાર્શ્વનાથના પિતા, ૨૩૪.
અષ્ટાપદ–ઋષભદેવસ્વામીનું નિર્વાણસ્થાન, ( ૭ ). તેની તળાટી ( જુઓ કાલ્સી )
અસિ, ( ૬૦ ).
અસ્પૃશ્યતા–પ્રાચીનકાળમાં અનસ્તિત્વ, ( ૧૪૫ ).
અસ્મકાઝ ( નીઝામ રાજ્યના ઉત્તર ભાગની પ્રજા), ( ૩૮૪ ).
અહિચ્છત્રા ( જંગલદેશની રાજધાની ), ૪૯; રામ-નગર, ( ૬૭ ).
અંગ ( હિન્દનો એક પ્રાચીન દેશ ), ૪૭; જૈન-દૃષ્ટિએ તેનું સ્વરૂપ, ૧૩૮; મધ્ય હિન્દનો પ્રદેશ, ૧૩૮; અંગદેશ વિષે ભ્રમણા, ૧૩૯; ચેદિદેશથી ભિન્નતા, ( ૧૪૬ ); અંગ ઉપર કરકંડુની ચડાઇ, ૧૪૭; અંગ અને કલિંગ, ૧૪૮; મહાવીરપ્રભુના કૈવલ્યજ્ઞાનનો પ્રદેશ, ૨૯૬; અંગપતિ (દધિવાહન), ( ૩૭૨ ).
અંગમગધા, ( ૧૭૧ ), ૨૭૪; અંગમગધાનો સ્વામી, ૩૭૪, ૩૭૫.
અંતરકાળ, તેની ખૂબીઓ, ૨૪૯.

**આ.**

આકર, લોખંડઆદિનું ઉત્પત્તિસ્થાન, ( ૧૮૦ ), ૨૨૩.
આકાર–સમૂહ, પ્રદેશ, ( ૧૭૮ ); પૂર્વવિભાગ (૧૭૯).
દશાર્ણ, ( ૫૧ ), ( ૧૭૯ ).
આકારાવંતી ( પૂર્વ ), ૧૭૮.
આકીમીનીયન ( ઇરાની રાજ્યવંશ ), ( ૩૫૫ ). જુઓ આચીઇમેનીડાઇ.
આક્રમણકારોનો હિન્દમાં પગદંડો, ( ૨૯ ).
આચીઇમેનીડાઇ, ( ઇરાની રાજવંશ ) જુઓ આકી-મીનીયન ૧૦૧;
આણંદપુર, ( ૬૭ ).
આદિ ( એક સંસ્થાન ), ( ૩૦ ).
આદિનાથ ( ઋષભદેવ ), ( ૨૬૮ ); વ્યવહારધર્મના રચયિતા, ( ૨૬૮ ).
આધુનિક દુષ્કાળો, તેનું એક પ્રધાન કારણ, ( ૫૩ ).
આનર્ત્તપુર, ( ૫૦ ).
આયુદ્ધ, ૨૨૧; આયુદ્ધાજ, ( ૭૮ ); યોદ્ધાઓનો પ્રદેશ, ( ૫૯ ). ( ૭૮ ); એક પ્રજા, ( ૫૯ ).
આયુષ્ય–પ્રાચીન અને અર્વાચીન દૃષ્ટિએ તેની તુલના, ૩૧.
આયુષ્યનામ કર્મ, ( ૨૫૪ ).
આરામગૃહો, ૧૯.
આરો, કાળચક્રનો એક ભાગ, ૫, ( ૫ ).
આર્દ્રકુમાર ( આર્દ્રદેશનો યુવરાજ, ( ૨૦ ); ૨૬૬; આર્દ્રદેશના રાજાનો પુત્ર, ૨૬૬; જીનપ્રતિમાની ભેટનો વિરલ પ્રસંગ, ૨૬૬; શ્રીમતી સાથે લગ્ન, ( ૨૬૬ ); પત્નીનો સફળ બોધ, (૨૬૬); દીક્ષાની સ્થગીતતા ( ૨૬૬ ); રેંટીયાનું પ્રભાવક દૃષ્ટાન્ત ( ૨૬૬ ).
આર્દ્રદેશ ( અરબસ્તાન ), ( ૨૦ ).

આર્દ્રરાજા ( આર્દ્રદેશપતિ ), ૨૬૫.
આર્યક, ૨૦૪.
આર્યપ્રજા, ૪; ઉત્તરહિન્દના લોકો, ૪; ઉજ્જવળ ભાવનાવાળી પ્રજા, ૧૦, સામુદાયિક ઉત્કર્ષની સિદ્ધિ, ૧૦
આર્યમહાગિરિજી, ( ૫૧ ).
આર્ય સંસ્કૃતિ, પ્રકૃતિ સાથે તેનો સંબંધ ૪,
આર્યસુહસ્તિજી(સમ્રાટ પ્રિયદર્શિનના ધર્માચાર્ય),(૫૧).
આર્યાવર્ત ( આર્યદેશ ), ૪૬.
આર્યોની શ્રેષ્ઠતા, ૧૩, ૧૪.
આષાઢસેન, ૩૫૨.
આંધ્ર ( અંધ્રદેશ ), ( ૪૭ ); એક સંસ્કૃતિ પ્રધાન પ્રદેશ, ૧૬૩.
આંધ્રવંશ, તેની સ્થાપના, ૩૪૪.

ઇ

ઇક્ષ્વાકુ ( બાવીસ તીર્થંકરો અને કોશલપતિઓનો વંશ), ( ૮૨ ).
ઇજનેરી કળા–પ્રાચીનકાળમાં વિકાસ, ૩૦૩, (૩૦૪)
ઇડર ( સોરીર, સૌવીર ), ૨૨૦. વડારી, ૨૨૦.
ઇત્સીંગ ( એક સુપ્રસિદ્ધ પ્રવાસી ), (૧૯૯).
ઇતિહાસની ઉપયુક્તતા, ૧૨, ૧૩.
ઇરાન, પંજાબ ઉપર તેની સત્તાધીશતા, (૩૮૪),
ઇસાઈ ધર્મ, તેની ઉત્પત્તિ, ૨૩.
ઇસુ ખ્રીસ્ત, ૬.
ઈસુ શક, ૩.
ઇસ્લામ ધર્મ, ૨૩.
ઈંદ્રાયુદ્ધ, ૧૮૭.

ઉ

ઉચ્છદેશ, ( ૬૬ ).
ઉચ્છાપુરી ( વરૂણદેશની રાજધાની ), ૪૯.
ઉજ્જન ( એક પ્રાચીન નગર ), , ૧૭૮, ૧૮૧; તેનો વિસ્તાર, ૧૭૮; માળવાથી ભિન્નતા, ૧૭૮; અવંતિ, ૧૭૮, ( ૧૭૮ ); પશ્ચિમ આકારવંતીની રાજધાની, ૧૮૦; તીર્થસ્થાન, ૧૧૮; વારંવાર થયેલા અગ્નિપ્રકોપો, ૧૮૨; પશ્ચિમ હિન્દની રાજધાની, ( ૧૮૨ ); હિન્દી ઇતિહાસમાં પ્રભાવક શહેર, ( ૧૮૨ ); પશ્ચિમ અવંતિની રાજધાની, ૧૮૩; ઉન્નતિકાળ, ૧૮૩; હિન્દનું રાજનગર, ૧૮૩; વિશાળાપુરી, ૧૮૩; અયોધ્યા ( અયુદ્ધા ), ૧૮૩; પડતીનો સમય, ( ૨૦૭ ); સાલવારી, ( ૨૦૭ ); અવંતિની રાજધાની, ૧૯૧, ( ૧૯૧ ). જુઓ અવંતિ
ઉજ્જયંત ( ગિરનાર, રૈવતાચળ ), ( ૭૭ ), (૧૮૬).
ઉજ્જયંતપર્વત ( નેમીનાથસ્વામીનું નિર્વાણસ્થાન ), ( ૭૭ ).
ઉત્કલ, ( ૧૬૪ ).
ઉત્તર કોશલ, ૭૫, ૧૩૮.
ઉત્તરભારત–તેનાં રાજ્યો, ( ૩૭૧ ).
ઉત્તરાદેવી ( અભિમન્યુની રાણી ), ( ૫૧ ), વૈરાટ નરેશની પુત્રી, ( ૫૧ ).
ઉત્તરાધ્યયન સુત્ર, ( ૧૬૫ ); જૈનોનું એક પ્રસિદ્ધ આગમસુત્ર, (૧૬૫).
ઉત્સર્પિણી ( કાળચક્રનો પૂર્વાર્દ્ધ , ૫; સુખ અને પ્રગતિનો કાળ, ૫, ૭ ).
ઉદય ( કાળચક્રનો એક વિભાગ ), ૫.
ઉદયન ( શતાનિક અને મૃગાવતીનો પુત્ર ), ૧૧૧; જન્મ, ૧૨૧; ચંડપ્રદ્યોત સાથે વૈર, ૧૧૬, ૧૧૭; ધાર્મિષ્ટવૃત્તિ, ૧૧૯; નોકરનું કાપટ્ય, ૧૧૯; ખૂન, ૧૨૦; નિર્વંશપણે મૃત્યુ, ૧૨૦. ( વિગેરે ત્રિપુટી), ૧૨૦ ( વત્સપતિ)–તેનું ખૂન, ૩૦૮. ( સહસ્રાનિકનો પૌત્ર ), ૧૦૯.
ઉદયન (સૌવિરપતિ), ૧૦૬; જન્મ ૧૩૦, (૧૩૦); ન્યાયપ્રિયતા, ૨૨૨; પ્રચંડસત્તા, ૨૨૩; જૈનધર્મનો અનુયાયી, ૨૨૩; દીક્ષા, ૨૨૪; છેલ્લા રાજર્ષિ, ( ૨૨૪ ); રાજર્ષિ, ૨૨૫; દાહજ્વરની દેવથી શાન્તિ, ૨૨૫; જીવનના કેટલાક પ્રસંગો, ૨૨૯; અદ્દભુત ક્ષમાબુદ્ધિ અને ખમતખામણાં, ૧૨૯;
ઉદયન ( ઉદયાશ્વ, ઉદયનભટ્ટ, ઉદાયન ભટ્ટ ), ૧૦૭, ૩૦૧; કૂણિક પુત્ર, ૧૧૦; રાજધાનીનું પરિવર્તન, ૩૦૨; એક પક્ષીના ચમત્કારી દ્રશ્યનો વિરલ પ્રસંગ, ૩૦૨; ભટ્ટ બિરૂદની સાર્થકતા, ૩૦૫; ગણતંત્ર રાજ્યોને ઠોકર; ૩૭૭; લશ્કરી રચના

સુધારા, ૨૬૯, ૩૭૭, શ્રેણિઓમાં સુધારણા, ૨૬૯ સૈન્યની વ્યવસ્થિત રચના, ૩૦૫; દક્ષિણ ભારતના આર્યત્વનો લાભ, ૩૭૨; ઉદાયી ભટ્ટ, (૩૦૫) સામ્રાજ્ય અને તેનો વિસ્તાર, ૧૭૧; કલિંગ આદિની જીત, ૩૭૭; અનેક દેશોમાં સૂબાઓની નિયુક્તિ, ૩૭૭; તીર્થયાત્રા. ૩૭૯; મૃત્યુ; ૩૭૯; ૩૮૦; ધર્માત્મા, ( ૩૭૯ ). ( પાટલીપુત્રનો સ્થાપક ), (૨૯૯ ). (કૂણિક પુત્ર ), ૯૦, ૧૦૭.

ઉદરનિર્વાહ, ચોથા આરામાં સુકરતા, ( ૮ ).

ઉદુંબર, ( ૨૬૪ ). સિક્કાઓથી સુપ્રસિદ્ધ, ( ૨૬૪ ).

ઉદ્ર ( ઉત્કુલ ), ( ૬૩ ).

ઉપજ્ઞાતિઓની ઉત્પત્તિ, ૨૫.

ઉપેન્દ્ર, ૧૮૭.

**ઋ**

ઋષભદેવ ( વ્યવહાર ધર્મના પ્રણેતા ), ( ૨૬૮ ); રિસહ, ( ૧૮૬ ); નિર્વાણસ્થાન ( ૭૭ ).

ઋષભનારાચ ( એક સંઘયણ ), ( ૩૦ ).

**એ**

એલ્મ, ૧૫૨.

એંસી રાજ્યો, હિન્દમાં તેની ઉત્પત્તિ, ૫૫.

**ઐ**

ઐતિહાસિક અધ્યયન, તેમાં તુલનાત્મક દૃષ્ટિની આવશ્યક્તા, ૨.

ઐતિહાસિકયુગ, પૂર્વ ઐતિહાસિક યુગ પછીનો સમય ૨; શ્રુતિ, સ્મૃતિ આદિની રચનાનો સમય, ૨; પ્રારંભકાળ (૪૩).

ઐતિહાસિક લાંધનદોરી, (૨).

ઐરાવત (ગજેન્દ્ર), (૫૨).

**ઓ**

ઓડ ( ઓરિસ્સા ), (૬૩).

ઓદ્ર પ્રજા (૧૪૬).

ઓપનિક (પ્રચંડગતિવાળો રથ), (૨૧૨).

**ક**

કચ્છ, એક આર્યદેશ, ૨૩૦.

[illegible]જાગર, ( ૬૩ ).

કટક, (૬૩) ૧૫૦; કાન્યોધ્રનું પાટનગર, (૬૩ ).

કણ્વવંશ, તેની ઉત્પત્તિ, ૧૫૪; પારતંત્ર્યયુક્ત સ્થિતિ ૧૫૬; સત્તા કાળ, ૧૫૭, ૧૫૮; ૩૮૬, શિથિલાચારનો પ્રવેશ; ૧૫૯; કેટલાક સરમુખત્યારો, ૧૬૮; ધનકટક સાથેનો સંબંધ, ૧૫૮; બ્રાહ્મણ રાજાઓનો વંશ, ૧૫૪.

કદંબ, એક ક્ષત્રિય ઉપવર્ગ ૩૧૩, ( ૩૭૭ ). યુદ્ધનિપુણ પ્રજા, ૩૧૩.

કનકખલ તાપસ, ( ૬૨ ).

કનોજ ( કાન્યકુબ્જ ), ( ૫૯ ).

કાપથ ( ૫૯ ).

કપિલ, ( કંપીલપુર ), ૭૪.

કપિલવસ્તુ, ( ૬૧ ); કત્લથી વિનાશ, ( ૯૨ ).

કયવન્નાશેઠ ( કૃતપુણ્ય ), ( ૨૮૦ ), ૨૮૧, (૨૮૧); વેશ્યાગમન, ( ૨૫૩ ).

કરકંડુ ( મહામેઘવાહન ), ૧૩૪, ૧૬૪, (૧૭૨;) મેઘવાહન, ૧૬૮; અપ્રત્તચક્ર, ( ૧૬૮ ), કરકંડુ અને દધિવાહન, ૧૩૪; ત્રિકલિંગાધિપાત, ૬૯; ચેદીવંશનો સ્થાપક, ૧૬૪; પાર્શ્વનાથનો પરમ ભક્ત, ૧૭૪; કંચનપુરનો નૃપતિ, ૨૪૬; ગુપ્ત નિવાસ, ૧૪૬; સ્મશાન નિવાસ, ૧૪૬; નામાભિધાનનું રહસ્ય, (૧૩૪) ( ૧૪૫, ); કરકંડુ વિષે કિંવદાન્ત; ૧૪૭; જામાતૃવંશજ, ૩૭૬; રાજ્યલોભની અતિરેક્તા, ૩૭૬.

કરવેરા, પ્રજાની પ્રાયઃ મુક્તિ, ૩૫.

કર્નલટોડ ( રાજસ્થાનના કર્તા ), ( ૧૪૧ ).

કર્મ, તેનો અવિચળ નિયમ, ૨૮૨.

કર્ઝન, જૈનોવિષે મંતવ્ય, ૩૮

કલિયુગ, ૫.

કલિયુગના રાજાઓ, ૯૩.

કલિ સંવત્સર, ( ૮ ), ૩૪૦.

કલિંગ ( મગધનો નિકટવર્ત્તી દેશ ), ૧૪૦, ૩૪૫; વિભિન્ન સ્થિતિઓ, ૧૭૩, ૧૭૪; કલિંગ અને તેનું ત્રિક, ૧૬૩, ૧૬૪; હિન્દનો એક પ્રાચીનદેશ, ૪૭; ઉદયાશ્વન ચડાઈ, ૩૭૭.

કલિંગપ્રજા, ( ૧૪૬ ).

કલિંગમંડળ, ( ૧૬૪ ).
કલિંજર, ( ૧૪૧ ).
કલ્કીરાજા, ૧૮, ( ૩૮૯ ).
કસ્તુરીઝ, ( ૧૪૧ ).
કલ્પક ( નંદિવર્ધનના મહામંત્રી ), ૩૨૯, ૩૫૩, ૩૬૩.
કલ્પદ્રુમ ( કલ્પવૃક્ષ ), ૩૩.
કલ્પસૂત્ર, ( જૈનોનું એક સર્વશ્રેષ્ઠ ધર્મપુસ્તક ), (૧૨).
કલ્યાણ, ( ૬૫ ).
કલ્યાણક ( પંચ ), ( ૨૯૬ ).
કલ્યાણકભૂમિ તીર્થભૂમિ, ( ૧૯૬ ), ( ૩૭૪ ).
કંચનપુર, ૧૪૧; નામાભિધાનનું કારણ, ( ૧૬૯ ); આકાશવાણીનો અદ્ભુત પ્રસંગ, ૧૪૬.
કંજીગૃહ, ( ૬૩ ).
કંબોજ, ( ૫૫ ).
કાઉસગ્ગ, (૭૬)
કાકવર્ણ ( મગધ–કાશીપતિ ), ૯૨, ૨૩૫, ખૂન (?) ૨૩૯. શ્રાવસ્તિ નરેશથી પરાજય, ( ૨૩૯ ).
કાજીગૃહ, (૬૩).
કાઠીઆવાડ ( એક દ્વીપ ), (૨૨૬).
કાત્યાયન ( શાકતાયન ), ૩૫૬, ( ૩૫૬ ); મહામંત્રીપદની અપ્રાપ્તિ, ( ૩૬૩ ).
કાન્યકુબ્જ ( કોન્જેઆ ), ( ૬૩ ),
કાન્વાયન, ૧૫૮.
કામરૂપ ( આસામનો પશ્ચિમ ભાગ ), ( ૬૩ ), ૨૩૦.
કામાતુર ચંડપ્રદ્યોત, ૧૧૪ ( ૧૧૪ ), શતાનિકની રાણી મૃગાવતી સાથે અનાચારનો નિષ્ફળ પ્રયત્ન, ૧૧૪, ૧૧૫.
કામાતુરોની નિર્લજ્જતા, ( ૧૧૪ ).
કાયદામંડળો, ૩૪.
કારાગ્રહો, સ્વલ્પ સંખ્યા અને તેનાં કારણો, ૧૪.
કાલંબેપટ્ટણ, ( ૧૦૬ ).
કાલાશોક ( નવમો નંદ ), ૩૪૧; અશોકવર્ધન, ૩૪૧; નંદવંશી રાજા, (૨૩૫); સમયકાળ, (૩૨૩).
કાલાશોકો, ૩૪૧, ( ૩૪૧ ).
કાલિકસૂરિ ( જૈનાચાર્ય ), ૧૬૧. ચાતુર્માસમાં અવંતિનો પરાણે ત્યાગ, ૧૬૧;
કાલુટ, જુઓ કુલુટ.
કાલ્સી (૧૬૬); અષ્ટાપદની તળેટી, (૧૬૬).
કાશી ( હિન્દનો એક પ્રાચીન દેશ), ૪૮; મગધ સાથે જોડાણ, ૧૦૦: સોળ રાજ્યોમાંનું એક રાજ્ય (૩૭૩)
કાશી–કોશલ, ૯૩.
કાશીપતિ મગધપતિઓ, ૧૦૦.
કાશ્મીર (કાશ્યપપુર), (૫૬).
કાશ્યપપુર, (૫૬).
કાળ, ૫; ગણનામાં ભૂલો, ૯૪; નિયમિત કાર્ય, ૫; સત્તાબળ, ૩૭૧; અનંતતા, ૫; સામ્રાજ્યોની ઉત્પત્તિ સાથે સંબંધ, ૩૭૧.
કાંચનપુર (કલિંગની રાજધાની), ૪૭.
કાંપિલ્યપુર (પાંચાલ દેશની રાજધાની), ૪૯.
કિલિકા ( એક સંઘયણ ), ( ૩૦ ).
કુક્કુટ, ૧૦૭.
કુણાલ ( હિન્દનો એક પ્રાચીન ભાગ ), ૪૯.
કુણાલ ( અશોક પુત્ર ) ( ૧૮૧ ); સુયા તરીકે નિયુકિત, ( ૧૮૧ ); અંધસ્થિતિ, ( ૫૨ ).
કૂણિક ( શ્રેણિકના પુત્ર ), ( ૭૭ ); નામ સંબોધનનું કારણ. ૮૪; અજાતશત્રુ ૮૫, ૨૮૨, ૨૯૧; ચેટક ઉપર ચડાઇ, ૧૩૬, ૩૭૨; કેટલાંક કલંકો, ૨૯૩; મગધ–અંગપતિ, ૨૯૫; શોકકારી મૃત્યુ, ( ૨૯૫ ), ૩૦૦, ૩૭૨; ચંપાનગરીમાં રાજધાની, ૨૯૬; ધર્માભિમાન, ૨૯૬; અજાતશત્રુ સ્તંભના નિર્માતા, ૨૯૬; રાજ્યવિસ્તાર, ૩૦૦; એક કહેવાતો પરાજય, ( ૩૦૦ ); રાજ્યલોભ, ૩૭૫; દક્ષિણ હિન્દ તરફ દૃષ્ટિ, ૩૭૫; અંતે ખેદજનક દશા, ૩૭૫.
કુદરતની કૃપા, દેશની સુખાવસ્થા, ૬, ૭. કુદરતનો કાયદો, સાથે સંસ્કૃતિ સાથે સંબંધ, ૪. સવ પ્રવૃત્તિઓની તેને સ્વાધીનતા, ૬.
કુબ્જ ( એક સંસ્થાન ), ( ૩૦ ).
કુમારપાળ (સોલંકી વંશ કુલભૂષણ જૈન રાજા), ૧૯૭.

કુમારસેન, ૨૦૪.
કુરૂ ( આર્યાવર્ત્તનો એક પ્રાચીન વિભાગ), (૪૭).
કુકુર દેશ, ૬૬.
કુલુટ ( કાલુટ, કોલુક ), ૫૮.
કુશસ્થળ ( કુશસ્થળી ), ( ૫૦ ), ( ૬૪ ); મહા કોશલ. ( ૬૪ ); અર્થ રહસ્ય, ૧૩૮.
કુશસ્થળ પતિ, (૭૬).
કુશાગ્રપુર (મગધનું પાટનગર), ૧૮૨, ૨૩૯.
કુશાવર્ત્ત (આર્ય દેશનો એક પ્રાચીન વિભાગ), (૪૭)
કુશિનગર, ( બુદ્ધનું નિર્વાણ સ્થાન), (૬૧).
કુશુલિક (કોશલપતિ), ૮૯.
કુસંપ, બાહ્ય આક્રમણોમાં તેની નિમિત્તભૂતતા, (૨૯).
કુસુમપુર (મગધનું પાટનગર), ૯૨; પાટલીપુત્ર, ૨૯૭.
કુળમદ, કુસંપોનું એક પ્રધાન કારણ, ૮૨, ૮૩.
કુંડગ્રામ, ૧૨૩.
કુંતલ, ૩૮૪.
કૃતપુણ્ય (કયવન્ના શેઠ), ૨૮૦, ૨૮૧ (૨૮૧).
કૃષ્ણ (એક મદ્યપેતા), (૨૫૩).
કૃષ્ણ ( શ્રીમુખનો બન્ધુ), (૩૪૪);
કૃષ્ણરાજ, ૧૮૭.
કૃષ્ણા (બેણા) ૧૫૦.
કેકય (કેતક), ૪૯; હિન્દનો એક પ્રાચીન વિભાગ ૪૯.
કેતક, ૪૯.
કેરલ, ૨૦.
કેશવ (ઉદયનનો પુત્ર), ૨૨૪. કેશીકુમાર, ૨૨૪.
કેશી ( શ્રી પાર્શ્વનાથના ગણધર ); (૮૦); ( એક સુપ્રસિદ્ધ આચાર્ય ૮૦ ).
કેશીમુનિ ( પ્રસેનજીતના ગુરૂ ), (૮૦), ૨૩૬. મહાવીરના સમયે વિદ્યમાનતા, ૨૩૬.
કેંબેસીઝ ( પહેલો ), ( ૭૨ ).
કેંબેસીઝ (બીજો ), ( ૭૨ ).
કૈવલ્યજ્ઞાન ( ત્રિકાળદર્શીજ્ઞાન ), ૪૪.
કોચુઆ, ૧૨૨.
કોટિવર્ષ ( લાટ દેશની રાજધાની ), ૪૯.
કોશલ ( અયોધ્યા, શ્રાવસ્તિ ), ( ૬૪ ). હિન્દનો એક પ્રાચીનદેશ, ૪૮.
કોશલવંશ, તેનું ગર્વચ્છેદન. ૯૩; નિર્મૂલ, ( ૯૨ ).
કોશમ-ઇનામ, ૧૦૬.
કોશમ-ખિરાજ, ૧૦૬.
કોસમ, ( ૧૦૬ ).
કોંકણપુર ( ૬૫ ).
કોંગદ, ( ૧૬૪ ).
કોંજેધા ( ૬૩ ).
કૌરવો ( કુરૂના વંશજો ), ( ૫૦ ).
કૌશલ્યાદેવી ( કોશલદેશની રાજકુમારી ), ૨૮૪; મૃત્યુ, ૨૮૪.
કૌશાંબી ( એક સુપ્રસિદ્ધ પ્રાચીનનગર ), (૧૯), ( ૪૮ ); ચંડપ્રદ્યોતની ચઢાઇ, ૧૩૩; ઘેરો, ૧૧૬. વત્સપટ્ટણ, ૧૦૬.
કૌશાંબીપતિ (તક્ષિલાપતિ ), ( ૩૫૫ ).
ક્વીલોન, ( ૧૦૬ ).
ક્ષત્રપ ચષ્ઠણ ( અવન્તિ પતિ ), ૧૫, તેનો અંક; ૧૫
ક્ષત્રપ રાજુલ, ( ૧૯૬ ).
ક્ષત્રીયકુંડ ગ્રામ, ૧૨૩.
ક્ષત્રીય જૈનો, ( ૨૫૩ ).
ક્ષત્રીયોની ટેક, ૧૭૫. ક્ષત્રીયોમાં લગ્ન, ( ૧૩૨ ).
ક્ષત્રૌજા ( ક્ષેત્રજ્ઞ ), ( ૨૩૭ ).
ક્ષહરાટ નહપાણ ( અવન્તિપતિ ). ૧૮, ( ૨૧૦ ).
ક્ષિતિપાળ, ૧૮૭.
ક્ષેમક, ૧૦૭.
ક્ષેમજીત, ૯૩, ૨૩૫. ૨૩૭, ( ૨૩૭ ).
ક્ષેમધર્મા (ક્ષેમવર્મા, ક્ષેમકર્મા ), ( ૨૩૭ ). ૨૭૪.
ક્ષેમરાજ ( કલિંગપતિ ), ( ૧૬૭, ૨૭૪ ); કલિંગની સ્વતંત્રતા, ૩૩૦, ૩૮૧; ચેદી વંશનો પુનરૂદ્ધારક ૧૭૫, ૧૭૭.
ક્ષેમવર્ધન ( શિશુનાગ વંશી ), ૨૧૮, ૨૩૫.
ક્ષેમા ( શ્રેણિકની રાણી ), ૮૨; બૌધ ભિક્ષુણી, ૮૨; ૨૫૧; ( લગ્ન, ૨૮૧).
ક્ષેમાર્ય ( ક્ષેમવિત ), ( ૨૩૭ ).
ક્ષતેસીયાઝ ( એક સુપ્રસિદ્ધ લેખક ), ૩૫૫.

ખ

ખમતખામણાનું મહત્ત્વ, ( ૧૨૯ ).

ખરોષ્ટ્ર અર્જા, હિન્દ ઉપર આક્રમણ, ૩૫૮.
ખરોષ્ટી ( એક ભાષા ), ૩૯, ૩૫૭.
ખારવેલ ( ચેદીવંશીય સમ્રાટ ), ( ૨૯ ), (૧૯૭); હાથીગુંફાના લેખવાળા કલિંગપતિ, ૩૬૭; આજીવિકમતાનુયાયી, ( ૨૯ ); પ્રવૃત્તચક્રના વંશજ, (૧૭૭); ચેદીપતિ, ( ૩૨૪ ); અમરાવતી સ્તૂપના નિર્માતા, ૩૧૨; ઓરિસ્સા ઉપર અધિકાર, ૩૪૫; મગધ ઉપર ચડાઈ, ૩૪૮, ૩૪૯, ૩૫૧. રાજ્યારોહણ, ૩૫૦; સમયકાળ, ૩૫૦; એક જીન મંદિરની પુનઃ પ્રતિષ્ઠા, ૩૫૧; શ્રીમુખ અને બૃહસ્પતિ મિત્રના સમકાલીન, ૩૫૦; લેખિત સાહિત્યનો પ્રસાર, (૩૬૧).
ખારવેલ (ભીખ્ખુરાજ), ૧૫૯, ૩૮૭.

ગ

ગજપુર ( કુરૂદેશની રાજધાની ), ૪૯.
ગજેન્દ્ર ( ઐરાવત ), ( ૫૨ ).
ગજેન્દ્રપદ ( એક પર્વત ), ( ૫૨ ).
ગણતંત્ર, ૧૩ ( ૧૨૫ ), ( ૩૭૧ );
ગણરાજવાહક, ૩૪.
ગણરાજ્યો, ૮૧; ગણરાજ્યોનો સંપ, ૧૩; ગણરાજ્યોનો લય, ( ૩૧૩ ); યજ્ઞો અને પરદેશી આક્રમણની વિધાતક અસર, ( ૩૧૪ ).
ગણેશ, ૩૫૧.
ગરોડા બ્રાહ્મણ, (૧૪૭). જુઓ ગોડ, ગૌડ.
ગર્દભિલ, ૨૦૨.
ગર્દભિલવંશ, (૧૫૯), અવંતિ ઉપર તેનો અમલ, ૨૧૦; ગંધર્વસેનથી સ્થાપના (૧૫૯).
ગંતુર ( પૌરાણિક અવશેષોનું સુપ્રસિદ્ધસ્થાન ), ૬૫.
ગંધર્વસેન, ( ૧૫૯ ).
ગામડાંઓ, તેમની પ્રાચીન અર્વાચીન તુલના ૫૩, ૫૧, ૫૨, ૫૩.
ગાવુત, ૧૨૩.
ગાઝીપુર, (૬૦). ગર્જનપતિ, ( ૬૦ ).
ગાંધાર ( કંદહાર ), ૨૨; નવમા નંદની તેના ઉપર સત્તા, ૨૨.
ગિરનાર ( ઉજ્જયંત ), ( ૧૮૬ ).
ગિરિવ્રજ ( રાજગૃહી ), ૧૮૨; મગધની રાજધાની, ૯૭, ૯૮, ૧૮૨; ૨૪૦, (૨૫૧), ૨૬૩;
ગુજ્જર ( ગુર્જરોનો દેશ ), (૬૬). જુઓ ગુર્જ્જર.
ગુપ્ત રાજાઓ, ( ૧૪૧ )
ગુપ્તવંશ, તેની પડતી, ૧૮૪.
ગુરૂકુલો, તેમની ઉપયોગિતા, ૨૨.
ગુર્જ્જરદેશ, ૧૭૮. જુઓ ગુજ્જર.
ગુલામીની પ્રથા, તેની અસંભવ્યતા, ૨૪, ૨૫.
ગૃહવર્મન, ૧૮૭.
ગોકર્ણપુરી (ગોવાબંદર ), ( ૨૦ ).
ગોડ બ્રાહ્મણ, ( ૧૪૭ ). જુઓ ગરોડા.
ગોડવાદ. ( ૭૮
ગોત્ર અભિમાન, ( ૯૯ ).
ગોનાર્ડ (પાણિનીની જન્મભૂમિ ),૩૫૬ .
ગોપાળ ( ચંડનો ભાઇ ), ૨૧૪.
ગોડ (પતંજલીની જન્મભૂમિ,) (૩૫૮).
ગૌડ બ્રાહ્મણ, (૧૪૭); ઉત્પત્તિ, ૧૪૭.
ગૌતમ, મહાવીરના પ્રથમ ગણધર, ( ૨૫૫ ).
ગૌતમબુદ્ધ ( બુદ્ધદેવ), ૨૩
બુદ્ધધર્મના ઉત્પાદક, ૨૩, જન્મ ૨૪૫, પરિનિર્વાણ, ૨૪૫; પ્રવર્ત્તકત્વ, ૨૫૧.
ગૌતમી પુત્ર, ગૌતમ ગોત્રવાળી રાણીનો પુત્ર, (૩૩).
ગ્રામોની સંખ્યા, ૪૭, ૪૮, ૪૯; દેશવાર આંકડા ૪૭, ૪૮, ૪૯.
ગ્રામ્ય સુધારણા, તેનું સ્વરૂપ, ૧૫, ૧૬.

ઘ

ઘોસીલા, એક સુપ્રસિદ્ધ ઉપવન, ૧૦૭.

ચ

ચક્રવર્ત્તી ( જૈનીય મહાપુરૂષ ), ( ૪૬ ).
ચષ્ઠણ ક્ષત્રપ ( અવંતિપતિ ), ૧૫
ચષ્ઠણ વંશ, ૧૮૩.
ચષ્ઠણ શક, ૧૫, ૧૮.
ચરણતીર્થ, ૧૯૦.
ચંડ (એક કાપટયશાલી ભૂપાળ ), ૧૧૬; ઉદયનથી પરાજય, ૧૨૭. જુઓ ચંડપ્રદ્યોત.
ચંડકોશીયો (વીર પ્રભુથી પ્રબોધિત થયેલો નાગ), (૬૨)

ચંડપ્રદ્યોત ( અવંતિપતિ ), ૨૩, ૧૧૧; વિષયાંધતા, ૧૧૩, ( ૧૧૪ ); માયા મૃષાવાદ. ૧૨૯, મૃગાવતી સાથે સમાધાન ૧૧૬, મદોન્મત્ત મનોદશા ૨૧૧; ઉન્માદ યુક્ત સ્થિતિ, ૨૧૩; મૃત્યુ, ૧૩૧, ૧૮૨; એક જૈન રાજા, ૨૦૯; મહસેન, (૨૧૨), મહાસેનાની (૨૧૨). જુઓ કામાતુર ચંડ.

ચંડરાય, મગધપતિ નંદરાજાનો સમકાલીન, (૧૬૭), ૩૭૭.

ચંડાશોક, ( ૨૧૨ ).

ચંદનબાળા ( વીરપ્રભુને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થતાં દીક્ષા લેનાર સાધ્વી ), ૧૧૫; દધિવાહનની પુત્રી વસુમતી, ૧૧૫.

ચંદ્દા, ( ૧૫૭ ).

ચદેરી, ( ૧૪૧ ); શિશુનાગનું પાટનગર, (૧૪૧),

ચંદ્રગુપ્ત ( મૌર્ય સમ્રાટ ), (૧૫ ), ૧૦૧; મગધપતિ ( ૧૮૧ ), ૧૮૩, ૨૩૪, ૩૬૭, ૩૯૧, સેન્ડ્રેકોટસ (?) ૧૧; મુરાપુત્ર. ૩૬૬; નવમા નંદનો જામાતા, ( ૩૬૮ ), રાજ્યનો આરંભ ૩૬૭; મૌર્ય વંશનો આદ્ય પુરૂષ, ૩૯૫; મૌર્ય વંશની સ્થાપના, ૧૬૭, ધાડપાડુનું જીવન, ૩૬૭ રાજપાટનો ત્યાગ, ૩૮૫; શ્રવણબેલગોલામાં નિવાસ, ૩૮૫; અનશનથી મૃત્યુ, ૩૮૫, ૩૮૬; ચંદ્રગુપ્ત અને તેનો પૌત્ર સેંડેકોટસ, ૧૧; સોળ સ્વપ્નોનું નિદર્શન, ( ૧૮૧ ), ( ૧૯૬ ); જૈનધર્મની દીક્ષા ( ૧૮૧ ) ઉદારતાથી આર્થિક સંકટ, ( ૩૬૦ ), ૩૬૭,

ચંપા ( અંગ ) ૩૭૩; ચંપાદેશ, ( ૨૯૫ ); મગધથી પરાજય ( ૨૭૪ )

ચંપાનગરી ( અંગદેશની રાજધાની ), ૪૭; અજાતશત્રુનું પાટનગર, ૧૭૩; વાસુપૂજ્યસ્વામીની નિર્વાણભૂમિ, ૩૭૭, ૩૭૪, લૂંટ અને વિનાશ, ૧૧૪, ( ૧૧૪ ); સ્થાન, (૧૪૨), ૨૯૫; સ્થાપના, ( ૧૩૯ ); ચંપાપુરીઓ, ૧૩૯; એક ધર્મભૂમિ, ( ૨૯૫ ); અજાતશત્રુથી જીર્ણોદ્ધાર, ૩૭૪; રૂપનાથના લેખથી પ્રસિદ્ધતા, ૩૭૪;

ચંપાનયર ( ચંપાનગરી ), ( ૭૭ ).

ચાણાક્ય, જગમશઙ્કર અર્થશાસ્ત્રી, ૨૨; ચંદ્રગુપ્તનો મહામંત્રી, ૩૫; શકડાળનો શિષ્ય. ૩૬૩, (૩૬૪); સહાધ્યાયીઓ ( ૩૬૩ ); જૈનધર્મનો અનુયાયી, (૨૫૩); સૈન્યની પુનઃરચના, ૨૬૯; ગણતંત્રનો નાશ, (૩૧૩); વરરૂચી, પાણિની અને નવમા નંદનો સમકાલીન, ૩૫૭: અનાર્યતા ( ? ) , સમયકાળ. ૩૫૯; વક્રદેવ સાથે મંત્રણા, ૩૬૭. મુરાના દોહદનો સંતોષ, ૩૬૬; વચનપ્રાપ્તિ, ૩૬૬; રાજકુમારોથી અપમાન, ( ૩૬૪ ); ક્રોધથી ઉગ્ર પ્રતિજ્ઞા, ૩૬૪, ( ૩૬૪ ). મગધ–ત્યાગ, ૨૬૪; વરરૂચિના નિયામક, (૩૬૪); અર્થશાસ્ત્રના સુપ્રસિદ્ધ રચયિતા, (૧૬૪).

ચામુંડ, ૧૮૭.

ચાંડાલદ્વિજો, ૧૪૬.

ચાંડાલો, તેમનો ઉદ્ધાર, ૧૪૬.

ચાંદ્રવર્ષ, ૨૦૬.

ચિકિટો ( પાંખડીઓનું ગામ ), (૬૦), (૧૯૯).

ચિત્રક્ષ ( વત્સપતિ ), ૧૦૭.

ચિલણા ( ચેટકરાજાની પુત્રી ), ૮૨; હરણ, (૮૨), (૨૫૮); બિંબિસાર સાથે લગ્ન, ૨૫૯, ૨૬૧; બિંબિસાર ઉપર અદ્ભુતપ્રભાવ, ૨૫૯; વિચિત્ર દોહદ, ૨૮૨, (૨૮૨); કૂણિકને આજ્ઞાંકિતતાનો સદ્બોધ, ૨૮૭; વિદેહા, ૨૯૨; દીક્ષાગ્રહણ, ૨૯૪; મૃત્યુ, ૨૯૪.

ચિંતાપલે, ૧૬૨.

ચુટ્ટકાનંદ, (૩૦૬), ૩૧૪, (૩૮૫); સિક્કાઓથી સુપ્રસિદ્ધિ, ૩૪૨; ચુકડાનંદ, ૩૪૨; નંદીવર્ધનનો સરદાર, ૩૮૫; ચુટુકાનંદ, (૧૮૫),

ચુલ્ય, ૬૫, (૬૫)

ચુંટણી, ધર્મસભાઓમાં તેનું તત્ત્વ, (૧૪).

ચેટક, ( વૈશાલીપતિ ), (૧૩), ૮૧; મિથિલાપતિ, ૩૭૨; ચિલણાના પિતા, (૮૨); બાણાવલી, ૧૨૪; વંશ, ૧૨૩; ટેક, ૧૨૪; કુલીનતા, ૧૩૭; અનશનવૃત્ત, ૧૩૬; મૃત્યુ, ૧૩૭, ૨૯૪; ધર્મસિદ્ધાન્ત, ૨૫૯; નિર્વંશ મૃત્યુ, ૩૭૫.

ચેદિ ( હિન્દનો એક પ્રાચીનદેશ ), ૧૯, ૪૮; ૧૬૪,

૧૬૫; પાર્વતીયદેશ, ૩૬૭, (૩૬૭); મહાકોશલ, ૧૪૦, સ્થાન, (૧૬૫).

ચેદીવંશ, ૧૪૦, ૧૪૦, ૧૬૪, ૧૬૫, ૩૧૩, સ્થાપના, ૧૬૮; અનેકતા, ૧૬૫; કલિંગ ઉપર સત્તા, ૩૮૭.

ચેદી સંવત, ૩૪૯, ૩૫૦.

ચોથો આરો, ઉદરનિર્વાહનો સુકરકાળ, (૮).

ચોથો આરો, તેમાં યુદ્ધનાં વિશિષ્ટ કારણો, ૨૭૩.

ચોરપુર ( ચોરવાડ, શૌરિપુર ), (૫૦).

ચોલા, ૬૫. ( ૧૪૦ ), ૧૬૪. ચૌલુક્યવંશ, ૩૩૧.

છ.

છત્તીસગઢ ( મહાકોશલ ), ( ૧૪૧).

જ.

જગચિંતામણિ સ્તોત્ર, તેનો રચનાકાળ ( ૧૮૬ )

જનક ૨૦૫.

જનપદ ( મોટો પ્રદેશ ) ( ૨૨૩ ).

જનંગમ દ્વિજ, ૧૪૬.

જન્મભૂમિ, શ્રુતિકારોની ( ૪ )

જમદગ્નિ ( પરશુરામના પિતા ), ( ૩૩૬ ), ૩૪૦.

જયંતિ, મહાવીરની શ્રમણોપાસિકા ( ૧૦૯ ) ૧૧૩ ( ૧૧૩ )

જયપાળ ( મહમદ ગીઝનીનો સમકાલીન ), ૧૮૭,

જર, જમીન અને જોરૂ, જુગજૂના કલહનાં કારણો, ( ૭, ૮ ),

જરાસંધ, ( ૨૬૩ ).

જવનિકા ( ૩૬૨ ).

જળ માર્ગો ( વ્યાપારનું એક પ્રધાન સાધન ), ૨૬૫.

જંગલ ( હિન્દનો એક પ્રાચીન વિભાગ ), ૪૯.

જંબુદ્વીપ, ૩.

જંબુસ્વામી, ( ૩૩૦ ).

જાગુડા, ( ૫૨ )

જીનપ્રતિમાઓ, અજાતશત્રુના કાળથી અસ્તિત્વ, ૩૦૫

જીર્ણનગર, ( ૧૬૬ ).

જીવનનિર્વાહ, પ્રાચીનકાળમાં સરલતા ૧૭, ૨૩.

જેસલમીર, ૨૨૫, ૨૨૬.

જૈન (જીન ધર્મનો પાલક), ૩૧. ભંડારોના, રક્ષકોનો દોષ, ૨૯, ૮૫. તેમનો દોષ, ૨૫, ૩૧, તેમનો સાધનસંપન્ન જીવનમાર્ગ, ૩૮. તેમનો હ્રાસ ૨૩.

જૈનગ્રંથકારો, તેમની ખાસીયત, ૮૩, ૮૪, (૨૧૨), (૨૭૧), (૨૮૦); નામાભિધાનની પદ્ધતિ, (૧૪૫)

જૈનજ્ઞાનાર્ણવ ( જૈનમત સર્વસંગ્રહ ); ૯; તેની ઉપયુક્તતા ૯.

જૈનધર્મ, અપૂર્વ બંધારણયુક્ત ધર્મ ૪૪.

જૈન અનેકાન્તવાદ, (૨૬૮). અપેક્ષાવાદ, (૨૬૮). વિશ્વવ્યાપી ભાવનાવાળો વિશાળધર્મ, ૩૧, ૩૨. સિંહલદ્વીપમાં પ્રચાર, ૩૭૯; અનુરૂદ્ધના વિવિધ પ્રયાસ (૩૭૯). નિશ્ચયવાદ, (૨૬૮). વ્યવહાર વાદ, (૨૬૮). આયુષ્ય નામ કર્મ સિદ્ધાંતની ચર્ચા (૨૫૪).

જૈન મગધપતિઓ, (૨૫૩). સમ્રાટો, તેમની સર્વાધિકારિતા, ૪૦.

જૈનસાધુઓ, તેમનો ચાતુર્માસકાળ, (૧૬૧); અપરિગ્રહદશા, (૧૪૫).

જોદ્ધાણ, (૭૮).

જોગડા જુઓ જાગુડા

જ્યેષ્ઠા, ૧૩૨.

જ્ઞાતિઓ, તેમની ઉત્પત્તિ, ૨૫. બંધનોનો ભંગ, (૩૩૭).

ઝ

ઝરસીસ ( ઇરાની શહેનશાહ ), ૧૦૧; મૃત્યુ ૧૦૧.

ટ

ટેઇમ્સ, ૧૫૨; લંડનની ઉપયુક્તતામાં તેથી વૃદ્ધિ, ૧૫૨.

ટોડ ( રાજસ્થાનના રચયિતા ), ( ૧૪૧ ).

ટોલેમી ( જગપ્રસિદ્ધ ઇતિહાસકાર ) ( ૨૦ ),

ડ

ડીમેટ્રીયસ ( ઇરાની સમ્રાટ ), ૩૫૧; પરદેશી રાજા, ૩૫૧; બેકટ્રીયન શહેનશાહ, ( ૪૧ ), યોન સરદાર ( ૩૯ ). મથુરાનો ત્યાગ ૩૫૧.

ડુંકુક ( પરિહારવંશીય નરેશ ) ૧૮૭,

ડેરીયસ ( ઇરાની સમ્રાટ ) ૭૨, ૨૨૩, ( ૩૮૩ ); પંજાબ ઉપર અધિકાર, ( ૭૨ )

ઢ

ઢક્ક; ઉત્તર હિન્દની એક બળવાન પ્રજા ( ૫૬

ત

તક્ષશિલા ( તક્ષીલા ) (૧૯), (૨૧), ૭૧; ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્ત્વ, (૧૯), ૨૬૫, મહાવિદ્યાપીઠ ૩૬૧. સિક્કાઓ, (૩૫૫).
તક્ષશિલાપતિ ( કૌશામ્બીપતિ ), (૩૫૫).
તથાગત ( બુદ્ધદેવ ), ૨૮, ૬૦.
તપોધન બ્રાહ્મણો, (૧૪૭).
તમ્લુક, (૬૩).
તલકર્ણિક, (૨૧૨).
તામ્રલિપ્તિ ( અંગદેશની રાજધાની, ૪૭).
તીર્થંકર, દ્રવ્ય ( ૧૭૦ ); ભાવિ ( ૧૭૦ ) .
તુરાનીયન ગ્રીજીઓ, (૯૮).
તેજંતુરી, (૯), ૨૪૩; ક્રયવિક્રયની દ્રષ્ટિએ ઉપયુક્તતા, ૨૬૪.
ત્રિકલિંગ ( ઉત્કલ, કોંગદ અને કલિંગનો પ્રદેશ, ૧૪૦ (૧૬૪),
ત્રિપુરી, (૧૪૦ ).
ત્રિશલાદેવી (મહાવીરની માતા), (૧૨); વિદેહા, (૧૨૨).
ત્રેતાયુગ, ૫.

દ

દક્ષિણ કોશલ, ૭૫, ૧૩૮.
દક્ષિણ ભારત, અનાર્ય પ્રદેશ, (૩૭૧); આર્યત્વનો પ્રચાર, ૩૭૨; ઉત્તર હિન્દ કરતાં ગૌરવની સ્વલ્પતા, ૩૮૬, નવીન યુગનો પ્રારંભ, ૩૭૮.
દાક્ષિણાપથ, ( ૩ ).
દઢાવંશ, ( ૫૧ ).
દધિવાહન ( અંગદેશનો રાજા ), ( ૭૭ ), ( ૩૭૩ ); વંશ, ૧૪૧; વંશનો અંત, ૧૪૪; શતાનિકની ચડાઇથી નાસભાગ, ૧૧૪; પુત્ર સાથેના યુદ્ધની પત્નિથી શાન્તિ, ૧૩૪; નિર્વંશ મૃત્યુ, ૩૭૪.
દબ્બસેન ( કોશલપતિ ), ૮૯.
દર્શક ( કૂણિક ), ( ૧૧૭ ), ૨૯૧.
દર્શનો, પ્રાચીનકાલીન, ૪.
દશપુર ( દશાર્ણ ), ( ૧૭૯ ).
દશપુર ( મંદસોર ( ૧૨૭. (૧૨૭).
દશરથ, તેનું હિંસક કૃત્ય, (૨૫૩).
દશાર્ણ ( હિન્દનો એક પ્રાચીન ભાગ ), ૪૯; દસ વિભાગ, (૧૭૯); પૂર્વ વિભાગ, (૧૭૯); દસ નદીઓનો પ્રદેશ, ૨૨૦.
દશાર્ણવૃત્ત, (૧૯૯).
દહલમંડળ, ( ૧૪૧ ); ચેદિદેશ, (૧૪૧).
દંડકારણ્ય ૧૬૩.
દંડનાયકો, ૧૪.
દંડપાણિ, ૧૦૭.
દંતપુર ( વંશદેશની રાજધાની ), ( ૧૪૪ ). (૧૪૬)
દંતિવર્ધન ( એક દુરાચારી રાજા ), ( ૧૧૮ ), ૨૧૫, ( ૨૧૮ ); ભાઇનો ઘાત, ૨૧૫; અવંતિવર્ધન (?), ( ૨૧૫ ); પદભ્રષ્ટ સ્થિતિ, ૨૧૬.
દંપતિધર્મ, પ્રાચીનકાલીન આદર્શ, ૬૩.
દાસીપુત્ર વિરૂદ્ધક, ૯૧.
દિનાર, ૧૯૬.
દિવિશા ( વિદિશા ? ), (૧૮૪).
દીપવંશ, (૨૪૪).
દીર્ઘાયુ, પ્રાચીનકાળને અનુલક્ષીને તેનાં કારણો, ૭.
દુર્જનપૂર્વ, ૧૯૦.
દુર્લભસેન, ૧૮૭.
દુષ્કાળો, ચોથા આરામાં સર્વથા અભાવ, ૧૫.
દુષ્કાળો, વર્ત્તમાનદૃષ્ટિએ તેનાં કારણો,(૫૩).
દેવગિરિ (દોલતાબાદ), (૬૫).
દેવનગર, ૧૫૩.
દેવનાગરી ( એક પ્રાચીનલિપિ ), ૩૭.
દેવપટ્ટણ, (૧૦૬).
દેવપાળ, ૧૮૭.
દેવભ્રાત ( શુંગવંશનો છેલ્લો રાજા ), ૧૫૪, ૧૫૫; ખૂન, ૧૫૪.
દેવયાની ( યયાતી રાજાની પત્ની ), (૩૩૬).
દેવશક્તિ ( પરમારવંશી રાજા ), ૧૮૭.
દોહદ, (૨૨૧).
દ્રવ્ય, તેના પ્રકાર, ૩૬.
દ્વાપર યુગ, ૫
દ્વારામતી, ( ૫૦ ), ( સૌરાષ્ટ્રની રાજધાની ), ૪૯.
દ્રોણ, ( ૧૦૬ ).

ધ


ધનકટક ( એક અનાર્ય દેશ ), ૧૫૦, ઍન્નાકટક (?) ૧૫૦, સીમા મર્યાદા, ૧૫૦.
ધનદેવ ( નંદ છઠ્ઠો ), ૩૨૪
ધનનંદ ( નંદ નવમો ) ૩૨૪.
ધનયુદ્ધ, અગ્નિમિત્રથી પ્રારંભ, ( ૮ )
ધનસંગ્રહ, મહાનંદથી તેનો પ્રારંભ. ( ૮ )
ધન્યકટક, જુઓ ધાન્યકટક.
ધમ્મલિપિ, ૨૨
ધરણીકોટ, ૧૬૨.
ધરણેન્દ્ર ( પાર્શ્વનાથના પરમભક્ત એક સમર્થ દેવ), ( ૭૬ ).
ધર્મ, તેનું સત્ય સ્વરૂપ, ૨૨
ધર્મ, વૈદિક, ૨.
ધર્મપટ્ટણ ( શ્રાવસ્તિ ), ( ૬૧ ).
ધર્મપ્રવર્તકોના સંવતો, લોપનું કારણ, ૪૧.
ધર્મપ્રેમ, રાજાઓનો એક અદભૂત ગુણ, ૪૦.
ધર્મમદનાં યુદ્ધો, ૯૨.
ધર્મવર્ધન ( ૨૧૮ ).
ધર્મસહિષ્ણુતા, કેટલાંક જાણવા જોગ દૃષ્ટાન્તો (૨૯).
ધર્માશોક ( નંદ બીજો ) ૩૪૧; પ્રિયદર્શિન, ૩૪૧.
ધર્માશોકો, ૩૪૧, ( ૩૪૧ )
ધર્માંધતા, મૌર્ય સામ્રાજ્યનો તેથી વિનાશ ( ૨૯ ).
ધંધાઓ, તેમનું ઉચ્ચ નીચ સ્વરૂપ ( ૧૮ ). મંડળો, ( ૩૪ ).
ધાન્યકટક, ૧૫૮, ( ૧૬૨ ).
ધારાનગરી ( માળવાની રાજધાની ) (૧૭૮) ૧૮૪
ધારિણી (દધિવાહનની રાણી), ૧૧૪; અપૂર્વ શીયલ રક્ષા, ૧૧૫.
ધારિણી ( બિંબિસારની રાણી ) ૨૮૦.
ધારિણી ( રાષ્ટ્રવર્ધનની રાણી ), ૨૧૫; શિયલરક્ષાની અપૂર્વતા, ૨૧૫.
ધાર્મિક શિથિલાચાર, ૨૮.
ધાર્મિક સત્યો, વૈજ્ઞાનિક અન્વેષણોથી સમર્થન, (૩૭૨).
ધૌલી જાગૌડા, (૧૬૬), ૨૬૪; એક મહાન્ પવિત્રસ્થળ, ૨૬૪. તેનો શિલાલેખ, ૨૬૪. જુઓ જાગૌડા
ધૌલી પર્વત, ( ૫૨ ).


ન


નક્ષત્રોનું ચક્ર, ૯૫.
નગરરચના, ૧૬, ૧૭, ૧૮, ૧૯; કાષ્ટનો ઉપયોગ, (૧૮૨).
નભોવાહન, ૨૦૨, ૨૦૭; નહપાણ ક્ષત્રપ, ૨૦૭.
નવનંદ ( નવોનંદ ). ૩૨૨; નાનોનંદ (૩૨૨).
નવીનમૌર્ય, ૩૧૪.
નહપાણ ક્ષત્રપ, ૩૯; અવંતિપતિ, ૨૦૭, ( ૨૧૦). તેના સિક્કાઓ, ૨૦૭.
નંદ કાલાશોક, ( ૩૨૩ ).
નંદ ધી ગ્રેઇટ, ( ૯૨ ). ( નવમો નંદ )
નંદ બૃહસ્પતિ, ( ૨૫૨ ).
નંદવંશ ( અવન્તિ–વત્સ–મગધપતિ ), ૩૪૮; સ્થાપના ૨૩૭, (૨૩૭), ૩૪૯; ઉચ્છેદ; ૩૬૭, ૩૫૧; નંદીવર્ધનનો વંશ, ૩૧૭, (૩૧૭); જૈન ધર્મનો અનુયાયી, ૧૯૫, ૩૩૫; શિશુનાગવંશની શાખા, ૨૦૮, ૩૪૮; એક સ્વતંત્ર વંશ, ૩૮૬; અપૂર્વ હસ્તીબળ, (૩૮૬); વૈદિક ધર્મનો કટ્ટર વિરોધી, ૩૨૯, (૩૨૯); ૭ રાજાઓનું બિનકુદરતી મૃત્યુ, ૩૫૧.
નંદવંશીય રાજાઓ–૧. નંદ પહેલો ( નંદિવર્ધન, નાગદશક ), ૩૨૪; નંદ બીજો ( મહાપદ્મ ), ૩૨૪, ૩૨૬; ૩. નંદ ત્રીજો ( અશ્વઘોષ ), ૩૨૪; ૪. નંદ ચોથો ( જ્યેષ્ટ મિત્ર ), ૩૨૪; ૫. નંદ પાંચમો ( સુદેવ ), ૩૨૪; ૬. નંદ છઠ્ઠો ( ધનદેવ ), ૩૨૪; ૭. નંદ સાતમો ( બૃહદ્રથ ), ૩૨૪; ૮. નંદ આઠમો ( બૃહસ્પતિમિત્ર ), ૩૨૪, ૩૪૯; ૯. નંદ નવમો ( મહાનંદ ધનનંદ, ઉગ્રસેન, પ્રચંડ નંદ ), ૩૨૪, ૩૫૩. નંદ પહેલો ( નંદીવર્ધન, નાગદશક ), ૧૦૧, ૧૧૦, ૧૭૧, ૩૨૨; મગધસમ્રાટ, ૧૭૭, (૧૭૭); વત્સ ઉપર ચડાઇ, ૧૨૧; કલિંગપતિને શ્રાપ, ૩૮૨; જીનપ્રતિમાની પ્રતિષ્ઠા, ૩૮૨, ( ૩૮૨ ); પાટલીપુત્ર ઉપર આપત્તિ, ૩૮૨, ( ૩૮૨ ); અવંતિ–વત્સપતિ, ૩૮૩; કોશલની જીત, ૩૮૩, સિંધ વિગેરે દેશોની પ્રાપ્તિ, ૩૮૩, ૩૮૪; ઇક્ષ્વા...

વંશનું નિકંદન, ( ૩૮૩ ). પાંડ્ય, ચોલા અને પલ્લવની જીત, ૩૮૫; કુંતલ અને અપરાંતમાં વિજય, ( ૩૮૫ ); મગધમાં દુષ્કાળ, ૩૮૫; કલિંગ જીતવાના મનોરથને તિલાંજલી, ૩૮૫; એકછત્રી રાજ્યની મુરાદનો ભંગ, ૩૮૫; ભરતખંડ ઉપર સત્તા, ૩૮૬; વર્ધન બિરૂદની સાર્થકતા, ૩૮૬; ઉદયન કરતાં અધિકતા, ૩૮૬; અજેયતા, ૩૨૪; અપૂર્વ પ્રભાવશીલતા, ૩૩૨; નિરભિમાન વૃત્તિ, ૩૩૨; મૃત્યુ, ૩૩૨.

નંદ બીજો: ૩૨૪; મહાપદ્મ, ૨૮, ૩૨૪, ૩૨૬. તેનો સાવકો ભાઇ, ૩૪૫.

નંદ ત્રીજો ( એક નામશેષ રાજા ), ૩૫૧,

નંદ ચોથો ( એક નામશેષ રાજા ), ૩૫૧.

નંદ પાંચમો ( એક નામશેષ રાજા ), ૩૫૧.

નંદ છઠ્ઠો ( એક નામશેષ રાજા ), ૩૫૧.

નંદ સાતમો ( એક નામશેષ રાજા ). ૩૫૧.

નંદ આઠમો ( એક નામશેષ રાજા ) ૩૫૧.

નંદ નવમો ( મહાનંદ ), ૧૦૧, ૧૫૭; નંદ ધી ગ્રેટ, ( ૬૨ ); જન્મ, ૩૬૮; રાજ્યારોહણ, ૩૫૩, ૩૬૮ કાલાશોક, ૩૫૪; હિંસક કૃત્યો, ૩૫૪; રાજ્ય વિસ્તાર, ૩૫૪, ૩૫૫; પાણિનીનો. આશ્રયદાતા, ૩૫૮, ૩૫૯; સુવર્ણસંચય ૩૬૦; પદભ્રષ્ટ સ્થિતિ ( ૩૬૦ ), ૩૬૧; શૂદ્ર માતાનો પુત્ર, ૩૪૩, ૩૮૮; વિદ્વાનોને ઉત્તેજન, ૩૬૩; ચાણાક્ય આદિનો અજબ કાબુ, ૩૬૪; મનોરથની સિદ્ધ, ૩૬૧; પંજાબની જીત, ૩૬૧; તક્ષિલા ઉપર સ્વામીત્વ, ૩૬૧; લેખિત સાહિત્યનો પ્રચાર, ( ૩૬૧; ); જૈન ધર્મનો અનુયાયી, ૩૬૧; ધર્મસાહિત્ય પ્રચાર, ૩૬૨; વિદ્યાપ્રેમ અને દીર્ઘદૃષ્ટિ, ૩૬૨; કવિઓને ઉત્તેજન, ( ૩૬૨ ); વરરૂચિ પ્રત્યે તિરસ્કાર, ૩૬૫; જ્યોતિષીની પુત્રી સાથે લગ્ન, ૩૫૩, ૩૬૭; ક્ષત્રિયનું નિકંદન ૩૮૯; એક છત્રીરાજ્ય જેવી સ્થિતિ ૩૮૯; શાન્ત વિચારક, ૩૮૮; બિનઆજ્ઞાંકિત સરદારોની કતલ, ૩૮૯; કાશ્મીરની જીત, ૩૮૯; ચાણાક્યના અપમાનનો પ્રસંગ, ૩૮૭; દીર્ઘ-રાજ્ય, ૩૬૮: નિર્દયતા, ૩૯૧; મહત્તા, ૩૯૧; વંશઉચ્છેદ, ૩૯૧; મગધત્યાગ, ૩૯૧; અઢળક દ્રવ્યપ્રાપ્તિ, ૩૮૯, ( ૩૮૯ ); વિદ્યાપ્રચાર, ૩૯૦.

નંદવંશી સિક્કાઓ, ( ૩૩૫ ), ૩૪૮, ૩૪૯.

નંદ સંવત, ૩૩૦, ૩૩૧, ( ૩૩૧ ), ૩૪૯; પ્રચલિતતા. ૩૩૨.

નંદન ( શ્રેણિકના પુત્ર ), ૨૮૬.

નંદિવર્ધન ( નાગદશક ), ૧૦૧, ૧૧૦; નંદ પહેલો, ૩૨૨; અજેયતા, ૩૦૫, ( ૩૦૫ ), ૩૨૪; વત્સપતિ સાથે સંબંધ, ૩૨૫; મૃત્યુ, ૩૩૨. નહેર, ૩૩૦. ( ઉદયનનો સેનાપતિ ), ( ૧૦૮ ), ૧૭૭, (૧૭૭,) ૩૭૭; મહા અમાત્ય, ૧૭૭. (૧૦૮); મગધસમ્રાટ, ૧૧૨, ૧૭૭, (૧૭૭); ૨૧૭, ૩૧૫, ૩૧૬, ૩૧૭; કલિંગ ઉપર આક્રમણ ૧૭૭, (૧૭૭); પાટલીપુત્ર ઉપર શાસન, ૨૧૭; વિજયની પરંપરા, ૩૭૭. જુઓ નંદવંશી રાજાઓ. મહાનંદ કહી શકાય. ૧૩૦.

નંદિવર્ધન ( મહાવીરના બન્ધુ ), ( ૧૨૫ ); બ્હેન ( મામાની પુત્રી સાથે ) લગ્ન, ( ૧૩૨ ).

નંદિષેણ, ૨૮૫; દીક્ષા ૨૮૫.

નંદી, ૨૫.

નંદીપુર ( શાંડિલ્યની રાજધાની ), ૪૯.

નાગ ( સુલસાનો પતિ ), ( ૨૫૮ ).

નાગનિકા ( શતવહનવંશીય રાજરાણી ), ( ૨૪ ); મહારથીની પુત્રી, ( ૩૮૬, ૩૮૮. )

નાગભટ્ટ ( પરમારવંશીય રાજા ), ૧૮૭.

નાગભટ્ટ બીજો, ૧૮૭.

નાગર, ( ૩૮૯ ).

નાગરથિક ( બિંબિસારનો અંગરક્ષક ), ( ૨૫૮ ).

નાગરિક પર્ષદાઓ, ૧૪.

નાગવંશ ( શિશુનાગવંશ ), ૨૦૮.

નાગશીરૂસ્તમ. તેનો સુપ્રસિદ્ધ શિલાલેખ, ૩૮૩.

નાગાર્જુનકોંડા, ( ૬૫ ).

નાગાવલોક, ૧૮૭.

નાગોડ, ( ૩૭૪ ).

નારદ ( એકસ્થવીર સાધુ ), ૩૧૬; મુંડને અદ્દભુત બોધ, ૩૧૬, (૩૧૬)

નારાયણ ( બળભદ્ર ), (૪૭).

નારી પૂજા, તેનું પૂર્વકાલીન સ્વરૂપ, ૧૨.
નાલંદા ( વિદ્યાપીઠનું પ્રાચીન ધામ ), (૨૧), ૨૨, ૩૬૧; અપૂર્વ ખ્યાતિ, ૩૬૧, ૩૬૩; સુયોગ્ય સ્થાન, ૩૬૨; વિદ્યાભ્યાસને અનુકુળ વાતાવરણ, ૩૬૨.
નાંદેર (૫૧).
નિકાસ વ્યાપાર, ૩૬.
નિષધદેશ (ગ્વાલીયર ), (૬૬),
નિશ્ચયધર્મ, (૨૬૮).
નેમિનાથ ( જૈનોના બાવીસમા તીર્થંકર), (૩૭૯); સમયકાળ, (૯૫). મોક્ષ માટે જુઓ ઉજ્જયંત.
ન્યગ્રોધ પરિમંડળ ૫ ( એક સંસ્થાન ), (૩૦).

પ.

પટ્ટણ ( નગર ), (૧૦૬ ), ( ૨૨૭ ).
પડહ, તેની ઉપયુક્તતા, ( ૨૪૩ ).
પત્તન, ( ૧૦૬ ).
પતંજલિ ( મહાન ભાષ્યકાર ), ૩૯, ( ૨૫૩ ).
પદચ્યુત અશોક, ૧૦.
પદસ્થાપના, ૩૦૫.
પદ્દાસી, ( ૮૦ ).
પદ્મનાભ ( જૈનોના આગામી ચોવીશીના પ્રથમ તીર્થંકર ), ( ૨૫૪ ).
પદ્માવતી ( કુણિકની પુત્રી, ( ૧૦૮ ), ૧૧૭, ૨૯૯, ( ૩૨૭ ), ઉદયન વત્સપતિની રાણી ૧૧૭.
પદ્માવતી ( ચેટકપુત્રી, દધિવાહનની રાણી), (૧૩૩), (૩૭૩ ); દીક્ષા, ૧૩૪; પતિપુત્રના યુદ્ધની શાન્તિ, ૧૩૪; દોહદની પર્યાપ્તિનો પ્રયત્ન, ૧૩૩, ૧૩૪.
પભોસા ( ૧૦૬ ).
પરણુતપ શતાનિક, ૧૦૭.
પરદેશી આક્રમણનો પ્રારંભ, ૮.
પરદેશી રાજા ( ડીમેટ્રીયસ ), (૮૬) , ૩૫૧; પ્રસેનજિત, ૮૬.
પરમારવંશ, તેની સ્થાપના, ૧૮૪.
પરશુરામ, જમદગ્નિનો (પુત્ર), ૩૪૦.
પર્સીપોલીસ, શિલાલેખથી પ્રસિદ્ધ, ૩૮૩.
પલ્લવ, ૩૧૩. પલ્લવાઝ, (૩૦૬).
પલ્હવ, ૧૮.
પશુયજ્ઞોનું નિવારણ, તદર્થે મહાપુરૂષોનો જન્મ, ૨૫૪.
પશ્ચિમ અવન્તિ, ( ૧૭૮ ) .
પશ્ચિમ આકારવંતી, ૧૭૮.
પસાદી ( પ્રસેનજિત રાજા ), ( ૭૫ ), (૭૯).
પસેનજિત, ( ૮૦ ).
પસ્સાદી, ૮૦, ૮૪; પ્રસેનજિત, ૮૪.
પંચદિવ્ય, ૩૫૨. ( ૩૫૨ ).
પંચમકાળ, તેમાં લડાઇનાં કારણો, ૨૭૩.
પંચમાકર્ડ સિક્કાઓ, ૩૭.
પંચાયતો, ૧૫.
પંચાયતોનું પ્રાબલ્ય, ૨૭૧.
પંજાબ, તેની ઉપર ઇરાનની સત્તાધીશતા, ૭૩, (૭૩).
પાટલ ( રોયડા ), ૩૦૩.
પાટલી (અજાતશત્રુની રાણી, મહેન્દ્રવર્માની પુત્રી ), ( ૨૯૯ ).
પાટલીપટ્ટન (પાટલીપુત્ર), ૩૦૩; ભવ્ય રચના, ૩૦૪; વિસ્તાર, ૩૦૪.
પાટલીપુત્ર, (૧૬); ઉદયનની રાજધાની, (૧૭૨); કુસુમપુર, ૨૯૭; આપત્તિકાળ, (૩૮૨), (૩૮૨).
પાડાઓ, ૧૭.
પાડો, નંદનો, (૧૮).
પાણિની (મહાન વૈયાકરણી), ૨૨, (૨૫૩); સમય કાળ, ૨૬૪; ચાણાક્યનો સમકાલીન, (૩૫૭); જન્મ, ૩૫૮; વિદ્યાભ્યાસંગ, ૩૬૪.
પાતલ ( પાતાલ ), ૨૨૧; સીકંદરે કરેલી સ્થાપ્ના, ૨૨૧; સીંધનું એક જાણીતું નગર, ૨૨૧.
પાતાલ, ૨૨૧.
પાપાપુરી ( જુઓ પાવાપુરી ), ( ૭૭ ).
પારાપાત્ર ( વિંધ્યાચળ ), ( ૨૨૧ ).
પાર્જીટર, ૯૩.
પાર્થીયન, ૧૮, (૨૯).
પાર્વત, ૩૯૧.
પાર્શ્વનાથ, (જૈનોના ૨૩ મા તીર્થંકર) (૩૦), નિર્વાણ, ૯૭; આયુષ્ય ૯૭; દીક્ષા ૯૭ ૨૩૪.

પાર્શ્વનાથ પહાડ, (૫૧); ૧૬૬.
પાર્શ્વ સંવત, (૧૭૦).
પાલક, (અવંતિપતિ), ૨૦૧, ૨૦૪, ૨૧૪, નરોત્તમ, ૨૧૩; ચંડનો બન્ધુ, ૨૧૪; પદભ્રષ્ટસ્થિતિ, ૨૧૪.
પાવાપુરી, ( જુઓ પાપાપુરી ), ૧૮૮; સત્યપુરી, (૧૮૮); મહાવીરનું નિર્વાણસ્થાન, (૧૮૮); અંગની રાજધાની, ૪૯.
પાંડુવાસ ( સિંહલદ્વીપનો રાજા ), ૩૮૦.
પાંડ્યા ( દ્રાવિડ પ્રાન્તની દાક્ષિણનો પ્રદેશ ), (૬૫) (૧૪૦), ૧૬૪.
પાંડ્યારાજા, તેનો પરાજય, ૧૫૯.
પિલુ ( જુઓ પિષ્તુ ); ૩૫૭, ( ૩૫૭ ), ૩૫૮.
પિશાચ, ૩૫૭.
પિષ્તુ, ૩૫૭ ( ૩૫૭ ), ૩૫૮. જુઓ પિલુ, પુષ્તુ.
પિતાપુત્રનું યુદ્ધ, દધિવાહન અને કરકંડુનું યુદ્ધ, ૧૩૪
પીંગળા, ( ભર્તૃહરીની રાણી ), ( ૧૬૦ ).
પુખ્તવય, તે નાની ઠરાવવાનાં કારણો, ૨૯; અલ્પ વયમાં બુદ્ધિ, પરાક્રમ આદિનાં વિરલ દ્રષ્ટાન્તો, ૨૯.
પુત્ર ( પુત્ત ), ( ૩૦૩ ).
પુનર્લગ્ન, વિધવાઓ ઉપર તે સંબંધમાં નિયંત્રણ, ૩૩, કેટલાક અપવાદરૂપ લગ્નો, ૩૩.
પુનિક, પ્રદ્યોતવંશનો સ્થાપક; ૨૦૦ સ્વામીઘાતક, (૨૦૦); રાજ્યઅમલ, ૨૧૧.
પુરાણોની રચના, (૩૩૮).
પુરાતન ઇતિહાસ, તેની દુર્લભતા, ૭૨.
પુલિક, (પુનિક), ( ૨૦૦ ).
પુલિંદ, ( ૧૪૧ ),
પુલુસાકી ( કંબોજપતિ ), ( ૨૧૯ ), ૨૬૫; તેનાં પરાક્રમો, ૭૨; આક્રમણની જીજ્ઞાસામાં ઇરાની શહેનશાહની નિષ્ફળતા, ૭૨; શાન્તિપ્રિયસમ્રાટ, ૭૧.
પુષ્કલાવતી, ૭૧.
પુષ્તુ, ૩૫૭. ( જુઓ પિષ્તુ ).
પુષ્પપુર ( પુષ્કલાવતી ), ૭૧.
પુષ્પમિત્ર ( શુંગવંશી રાજા ), ૧૫૪, ૨૦૨, (૩૧૦) ૩૪૭, પતંજલીના સમકાલીનઃ (૨૫૩). પુષ્યમિત્ર, (૧૫૪). એક ધર્માંધ રાજા ૨૯, ( ૧૫૪ ).
પ્રુરવટ્ટાહ ( માસની રાજધાની ), ૪૯.
પૂરિવર્ત્તા, ૩૪૯.
પૂર્વ આકારવંતી, ૧૭૮, (૧૭૯); અવંતિનો પૂર્વ-પ્રદેશ, ( ૧૯૧ ).
પૂર્વ ઐતિહાસિક યુગ, ૩૭૧.
પૂર્વકાલીન રાજાઓ, ભૂપ્રાપ્તિ માટે તેમની અનિચ્છા, ૩૭૧; તેમની મહત્ત્વાકાંક્ષા; ૩૭૭; પ્રિયદર્શિનના શિલાલેખોથી મહત્ત્વાકાંક્ષાનું પ્રમાણયુક્ત સમર્થન, ( ૧૭૭ ).
પૃથ્વીવલ્લભ, ૧૮૭.
પેટાજ્ઞાતિઓ, ગુજરાતમાં મધ્યકાળમાં તેમનો ઉદ્ભવ, ( ૩૮૯ ).
પૈન ( ગંગા ), ૧૫૧.
પોતનપુરપતિ, ( ૨૨૪ ); પ્રસન્નચંદ્ર, ( ૨૨૪ );
પોરસ (પંજાબનો વીર રાજા ), ૧૦૧, ખુન ૧૦૨.
પૌનિક ( પુનિકનો વંશ જ ), ૨૦૦.
પૌરવો ૧૦૮ ( ૧૦૮ ).
પૌરસભા, ( ૩૩ ).
પ્રકૃતિ, તેના પ્રચલ નિયમો, ૨૬; દ્રવ્ય, ક્ષેત્ર આદિ સિદ્ધાન્તો, ૨૬; વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ, ૨૬.
પ્રચંડનંદ (નવમોનંદ), ૩૨૪.
પ્રતાપશીલ, ૧૮૭.
પ્રતિમાની પ્રતિષ્ઠા, જૈનોમાં પ્રથમ પ્રસંગ, (૧૭૦).
પ્રતિલોમ લગ્નો, ૩૩૬, ( ૩૩૬ ).
પ્રતિવાસુદેવ, (૪૬).
પ્રત્યેક બુદ્ધઃ (૩૨). કેવળી, (૧૭૦).
પ્રદેશી (૭૫), (૭૯), ( જુઓ પસાદિ )
પ્રદેશી રાજા (પ્રસેનજિત), ૮૧.
પ્રદ્યોત ( પુનિક વંશનો મહાશક્તિશાળી રાજા ), (૨૦૩), ૩૮૩; ચંડપ્રદ્યોત (?), ( ૨૦૩ );
પ્રદ્યોતવંશ, ૯૮; અવંતિ ઉપર અમલ, ૧૯૫; સમાપ્તિ ૧૯૫, ૨૦૧; રાજ્ય અમલ, (૨૦૪).
પ્રભાદેવી ( પ્રભાવતી, વિદુરથની પુત્રી), ૨૯૯.
પ્રભાવતી (સિંધુપતિ ઉદયનની રાણી), ૧૩૫, ૨૨૯;

અપૂર્વ ભક્તિભાવ, ૧૨૬, ઉદયનને બોધ, ૧૨૭, દાસીની કર્તવ્યનિષ્ઠા, ૧૨૭; કેટલાક જીવન પ્રસંગો, ૨૨૯.
પ્રભાવતી ( કૂણિકની રાણી ), ૯૦.
પ્રભાસ, ૧૦૬.
પ્રભાસ, ( ઉપમિતિ ભવપ્રપંચના કર્ત્તા ), ના સમકાલીન ૧૮૭.
પ્રવૃત્તચક્ર, ( ૧૭૦ ).
પ્રસન્નચંદ્ર ( પ્રતિષ્ઠાનપુરના રાજા ) ( ૨૧ ); રાજાર્ષિ ( ૨૨૪ ).
પ્રસેનજિત (કોશલપતિ ) ( ૧૭ ), ૭૫, ૮૯; તેની સામે બંડ, ૯૧. ધર્માન્તર ( ૮૩ ). ( શ્રેણિકના શ્વસૂર ), ૮૬, શ્રેણિક સાથે સલાહ, ૮૦. પ્રસેનજિતસ્તંભ, ૭૫, ૧૪૨, ( ૩૭૪ ); સમયકાળ, ( ૭૮. )
પ્રસેનજિત ( પાર્શ્વનાથના શ્વસૂર ), ૭૬. ૧૪૨.
પ્રસેનજિત (શ્રેણિકનાપિતા) ગિરવ્રજના સ્થાપક, ૨૬૩;
પ્રાકૃત–માગધી, ( ૩૯ ). સર્વસામાન્ય ભાષા ૩૯.
પ્રાગટ્ય, મહાપુરૂષોનાં, ૬.
પ્રાચીન ઇતિહાસ, તેનું દુર્લભત્વ, ૨.
પ્રાચીનકાળમાં કોલેરા, ૧૧૪.
પ્રાચીનકાળમાં પર્યુષણાપર્વ, ( ૧૨૯ ).
પ્રાચીન ધર્મશ્રદ્ધા, ૧૭૫.
પ્રાચીન ધંધાઓ, ( ૧૮ ).
પ્રાચીન નહેરો ( ૩૩૦ ).
પ્રાણહિત, ૧૫૧.
પ્રિયદર્શિન ( સમ્રાટ સંપ્રતિ ), (૧૪). ૧૯૫; વિદિશામાં રાજધાની, ૧૯૮; અશોકથી ભિન્નતા, ૯; અંધ્રવંશીય કન્યા સાથે લગ્ન, ( ૩૪૦ ); ધર્માશોક, ૧૪૧; બાલ્યવયમાં રાજ્યાભિષેક, (૩૧,) ખડક લેખોથી સુપ્રસિદ્ધતા, ( ૭૭ ).
પ્લિની ( જગમશહુર ઇતિહાસકાર ), ( ૨૦ ).

ફ

ફાહીયાન ( જગવિખ્યાત ચીનાઇ પ્રવાસી ), (૬૧) ( ૧૯૯ ).

બ

બદરિક ( કૌશાંબીનું એક પરૂં ), ૧૦૭.
બપ્પભટસૂરિ, ૧૮૭.
બહુપત્ની વૃત્ત કેટલાંક દ્રષ્ટાન્તો, ૩૩.
બળભદ્ર ( નારાયણ, રામ ), ( ૪૭ ).
બળમિત્ર ( શુંગવંશીરાજા ), ૨૦૨, ૨૦૭, ૨૧૦.
બંગ ( હિંદનો એક પ્રાચીન ભાગ ), ૪૭.
બાણકવિ, ૧૭૯, ( ૨૧૨ ).
બાબ્રા–વૈરાટ ( પ્રિયદર્શિનનો સુપ્રસિદ્ધ ખડકલેખ ), ( ૫૧ ).
બાહીકા, ૫૬.
બાહ્ય આક્રમણો ભારતીય કુસંપનું પરિણામ, (૨૯).
બાળબ્રહ્મચારિણી સુજ્યેષ્ઠા, ૧૩૨.
બાળલગ્નો, તેનાં સંભાવ્ય કારણો, ૩૦, ૩૧.
બિહાર ( વરાડ ), ( ૧૫૩ ).
બિંદુસાર ( ચંદ્રગુપ્તનો પુત્ર ), ( ૩૮ ). સૂબા તરીકે નિયુક્તિ. ૧૮૩.
બિંબિસાર ( મગધસમ્રાટ ), ૬; રોષથી ગૃહત્યાગ, ૧૫૪; શ્રેણિક, ૨૪૦, બુદ્ધિ ચાતુર્ય, ૨૪૦, ૨૪૧; દેશવટો, ૨૪૨, ગોપાળ ૨૪૨; સુનંદા સાથે પાણિગ્રહણ ૨૪૪,; ધનરાશિ ( તેજંતુરીના ઢગ ) ની કથા ૨૪૩; રાજ્યાભિષેક, ૨૪૪; રાજ્યકાળ ૨૪૪; કારાવાસ, ૨૪૪, ૨૮૭, ૨૮૮, ૨૮૯; ધર્મ, ૨૫૦, ૨૫૧; એક ભયંકર હિંસાકૃત્ય, ( ૨૫૩ ); હિંસાથી નર્કગતિ ( ૨૫૪ ), આગામી ચોવીશીમાં તીર્થંકરપદની પ્રાપ્તિ, ( ૨૫૪ ), એક ખેદજનક પ્રસંગ, ૨૫૬; સહિષ્ણુતા, ( ૨૫૬ ), ૨૭૮ રાજગૃહીમાં વાસ, ૨૬૦; ધર્માન્તર ૨૬૩; સિક્કાઓની રચના, ૨૬૫, ૨૭૨: શ્રેણિઓની રચના, ૨૬૮, ૩૯૧; બંધારણોની ઉત્પત્તિ, ૨૬૯; શાન્તિનો ઇચ્છુક, ( ૨૬૯ ); ૨૭૩; પાંચસો મંત્રીઓ, ૨૭૦; સિક્કાનાં લાક્ષણિક ચિન્હો, ૨૭૨; કળાનો શોખ, ૨૭૨; એક કળાધરનો પ્રસંગ, ૨૭૨, ૨૭૩; વિદ્યાપ્રાપ્તિમાં વિનય; ૨૭૩ ગુણાનુવાદવૃત્તિ, ૨૭૩; નિરભિમાનતા, ૨૭૪; જાતિ અને કુળ, ૨૭૫; વૈદેહી, ૨૭૫; ચારિત્ર, ૨૭[illegible]

રાણીઓ, ૨૭૯, ( ૨૭૯ ), વત્સલતા, ૨૮૯; મૃત્યુ કે આપઘાત? ૨૮૮. મૃત્યુ,૨૪૫, (૨૪૫),
બિંદુસેન (વિજયસેન), (૨૪૦).
બુદ્ધદેવ ( ગૌતમબુદ્ધ ); ૨૩ બૌદ્ધમતના સ્થાપક ૬ શાક્યસિંહ ૮૧. જન્મ, ૨૨૨, ( ૩૩૪ ); નિર્વાણ, ( ૩૧૫ ), ( ૩૨૪ ); પરિનિર્વાણ, ૨૪૫, ( ૩૧૫ ); જન્મ દિને મહાપુરૂષોનો જન્મ, ( ૨૨૨ ); ઉપદેશ, ૮૨; સંવત, ૪૦, ( ૩૧૫ ). બુદ્ધનો સમયકાળ ( જૈનોની જાહોજલાલીનો કાળ ), ૩૬૧.
બુદ્ધયુગ, તેનું અનસ્તિત્વ, ૩૦, ૩૧.
બુદ્ધરાજ (ખારવેલના પિતા), ૧૫૯, (૧૬૭), ૧૬૮; મૃત્યુ, ૩૮૭. ત્રિકલિંગાધિપતિ, (૩૮૫), ૩૮૭.
બુદ્ધ સંવત, ૪૦, ( ૩૧૫ ).
બુંદેલખંડ, ૩૪૫.
બૃહદ આંધ્ર, ( ૧૫૭ ).
બૃહદ ગુજરાત, ૧૫૭.
બૃહદરથ ( પ્રદ્યોતવંશી રાજા ), ૨૦૪.
બૃહદરથ ( સાતમો નંદ ) ૩૨૪, ખૂન ( ૩૧૦ ).
બૃહદરથવંશ, ૨૩૫.
બૃહદરથો (૯૩) ૨૩૫.
બૃહસ્પતિ, ૧૫૪.
બૃહસ્પતિમિત્ર ( નંદવંશીય રાજા ), ૧૦૬ ૧૫૪ ૩૪૯, નંદીવર્ધનનો પૌત્ર, ૩૮૮; બૃહસ્પતિમિત્ર અને કલિંગપતિ ખારવેલ, ૧૫૬; અપમાનિત દશાનો એક વિરલ પ્રસંગ ૧૭૫.
બેક્ટ્રીયન, ૧૮ ( ૨૯ ),
બેખાર, ૧૨૨. તેનો લાટ, ૧૨૨.
બેણા ( કૃષ્ણા ), ૧૫૦.
બેનકટક, ૧૫૦;
બેનપૂર્વ, ૧૦૭.
બેના (૧૫૧).
બેનાકટક ૧૫૧. જુઓ ધનકટક.
બેન્ના, ( ૧૫૩ ).
બેન્નાકટક, (૧૫૦);
બેન્નાતટનગર (એક સુપ્રસિદ્ધ શહેર), (૬૫); ચોર્યાસી બંદરનો વાવટો, ૧૫૨; અઢળક સમૃદ્ધિવંત નગર, ૧૫૩. તેનું પતન, ૧૫૬. ૧૫૭.
બેસ (બેસનગર), ૧૮૬.
બેસનગર, ૧૮૬; એક ધાર્મિક પવિત્ર સ્થળ, ( ૧૯૧ ) વિદિશાનગરી, ૧૯૮; પતનદશા, ૧૯૦; બેસ, ૧૮૬.
બેસાર, ૧૨૨.
બેહરેચ, ( ૫૨ ).
બૈન ( ગંગા ), ૧૫૧. વૈન, ૧૫૧.
બૌદ્ધ કાઉન્સીલો, ( ૧૪ ).
બોદ્ધધર્મ. ૨૩; ઉત્પત્તિ, ૨૩; પ્રગતિ; ૨૬.
બૌદ્ધધર્મસભાઓ, ૩૩૪, ૩૩૯.
બૌરમદેવ, ( ૧૪૧ ).
બ્રાહ્મણકુંડગ્રામ, ૧૨૩.
બ્રાહ્મી ( એક સુપ્રસિદ્ધ લિપિ ), ૩૭, ( ૩૭ ).

### ભ

ભક્તામર સ્તોત્ર ( એક સુપ્રસિદ્ધ જૈનસ્તોત્ર ), ૧૭૯.
ભટ્ટી ક્ષત્રિયો, ૨૫૨.
ભટ્ટીયરાણી ( પ્રસેનજિતની રાણી ). (૩૫૨).
ભદ્રા ( મુંદની રાણી ), ( ૩૧૬ ).
ભદ્દીલપુર ( મલયદેશની રાજધાની ), ૪૯.
ભદ્રબાહુ ( ચંદ્રગુપ્તના ગુરૂ ), ( ૨૧ ); એક સુપ્રસિદ્ધ જૈનાચાર્ય ), ( ૧૮૧ ).
ભદ્રેશ્વર ( એક તીર્થસ્થલ ), ( ૧૭૦ ).
ભરતખંડ, ૩.
ભરતવર્ષ ( ભારતવર્ષ ), ૩.
ભર્તૃહરિ ( ૧૬૦ ).
ભવભૂત્તિ ( મહા કવિ ), ૧૮૭.
ભંગ ( હિન્દનો એક પ્રાચીન વિભાગ ), ૪૯.
ભંભા ( એક વાજીંત્ર ) ૨૪૧.
ભંભાસાર ( બિંબસાર ), ( ૨૪૦ ), ૨૪૧, ૨૭૧.
ભાનુમિત્ર ( શુંગવંશીય રાજા ), ૧૬૧, ૨૦૨, ૨૦૭, ૨૧૦.
ભારતદેશ ( આર્યાવર્ત ), ૨,
ભારતવર્ષ, ૩.
ભારહુત, ૧૦૭, ૩૭૪.

ભારહુત સ્તંભ ( એક જગપ્રસિદ્ધ ઐતિહાસિક સ્તંભ) ૧૭, ૧૪૨, ( ૩૭૪ ); તેની જૈનીયતા, ( ૭૭ ).
ભાવના, સામુદાયિક ઉત્કર્ષની, ૧૦.
ભાવી તીર્થંકર, ( ૧૭૦ ).
ભાસ, ( ૨૧૨ ).
ભાંડાગારિક, ૩૪; કાર્યપ્રદેશ, ( ૩૪ ).
ભિખ્ખુરાજ ( ખારવેલ બિરૂદધારી રાજા ), ૧૫૯, ૩૮૭; ત્રિકલિંગાધિપતિ, ૩૮૭; બૃહસ્પતિમિત્ર ઉપર ચડાઇ અને વિજયપ્રાપ્તિ, ૩૮૮, દક્ષિણ હિન્દમાં સત્તા, ૩૮૮, જીનપ્રતિમાની પુનઃપ્રાપ્તિ, ૩૮૮.
ભિન્નમાલ (ગુર્જરદેશનું પાટનગર), (૬૬).
ભીતરોટ ( ૭૮ ).
ભીમદેવ પહેલો ( સોલંકી વંશી રાજા ), ૧૮૭.
ભીલ્સા ( એક અર્વાચીન મહાન સ્થળ ). ( ૫૧ ), ૧૯૦; સ્થાપના, ૧૯૦. વિદિશા ૧૮૦.
ભૂપાળોનો ધર્મપ્રેમ, ૪૦.
ભૂમક, ૩૯.
ભૃગુકચ્છ ( ભરૂચબંદર ), ( ૧૯ ); બ્રેગેન્ઝા, (૨૦): બારીગઝ (ભરોચ) ( ૬૫ ).
ભૃગુકચ્છ દેશ. ૧૭૮.
ભોગવર્મન, ૧૮૭.
ભોજ ( આદિવરાહ ), ૧૮૭.
ભોજકટ, ( ૧૪૧ ).
ભોજદેવ ( માલવપતિ પરમારવંશીય રાજા ) (૧૭૯) ૧૮૪.
ભોજદેવ પહેલો ( પરિહારવંશીય રાજા ), ૧૮૭.
ભોજદેવ બીજો, ૧૮૭.
ભોજદેવ ત્રીજો, ૧૮૭.

**મ**

મગધ ( એક અત્યંત પ્રભાવશીલ પ્રદેશ ), ૧૨૧, ૧૩૭; વત્સ સાથે સમન્વય, ૧૨૧.
મગધ-કાશીપતિઓ ( શિશુનાગવંશી રાજાઓ ), ૨૩૪
મગધવાસીઓ, તેમનો દક્ષિણહિન્દમાં વાસ, ૩૭૮.
મગધસામ્રાજ્ય, તેનું અપૂર્વ લશ્કરી બળ, ૨૬૯; ૭ નંદોના ( નંદવંશીય ૭ રાજાઓના ) સમયમાં અંધેર, ૩૫૦; ક્ષતિકાળ, ૩૮૮.
મડાવર ( મુંડોર ), ( ૫૯ ).
મણિપ્રભ ( કૌશાંબીપતિ ), ૨૧૬; મેઘવીન, ૨૧૬. ઉદયનનો દત્તકપુત્ર, ૨૧૬, ૩૦૮; શાસનની લોકપ્રિયતા, ૨૧૬; અવંતિવત્સપતિ, ૧૦૭, ૧૨૧, ૨૧૭: ઘાત ૨૧૮.
મત્સ્ય ( હિન્દનો એક પ્રાચીન ભાગ ), ૪૯.
મત્સ્ય પુરાણ, ૯૮.
મતિપુર, ( ૫૯ ).
મથુરા ( સૂરસેનની રાજધાની ), ૪૯: ઉત્તર પાંચાલની રાજધાની, ૭૪; મિથિલા ( ૫૧ ).
મથુરાનો સિંહસ્તૂપ, ૧૯૬, તેની જૈનીયતા, ૧૯૬.
મધ્યદેશ, ૨૧૯.
મનકમુનિ ( ૩૧ ).
મનોરમા ( કયવન્ના શેઠની પત્ની ) ૨૮૧.
મમદાસીપતિ, ૧૨૭, ચંડ, ૧૨૭.
મયૂર ( ૧૭૯ ).
મર્યાદા ઐતિહાસિક, ૬.
મલય ( હિન્દનો એક પ્રાચીન ભાગ ) (૪૭).
મલયકેતુ, ( ૩૯૧ ).
મલ્લ (એક ક્ષત્રિય જાતિ), (૫૧), (૮૨), ૯૮.
મલ્લવાદીસૂરિ ( બૌદ્ધાચાર્ય ધર્મોત્તર કીર્તિના વિજેતા ) ( ૫૧ ).
મહસેન ( ચંડપ્રદ્યોત ), ( ૨૧૨ ). જુઓ તે શબ્દે.
મહસેન વન ( ૨૧૨ ).
મહા આંધ્ર ( ૧૫૭ ).
મહાકાલ ( શ્રેણિક પુત્ર ), ૨૮૬.
મહાકોશલ, ૭૫, ૧૩૮; ચેદી, ૧૪૦.
મહાકોશલપતિ ( ૭૬ ).
મહાજનોની સત્તા, ૨૭૧.
મહાનંદ ( મગધપતિ ), ( ૮ ). ૯૨; સુમિત્રનો પરાજય, ૮૬; શૂદ્રમાતાનો પુત્ર, ૩૪૩, ( ૩૪૩ ); રાજ્યાભિષેક, ૩૪૪; નવમો નંદ, ૩૨૪.
મહાપદ્મ ( મગધપતિ સમ્રાટ નંદ બીજો ), ૨૮, ૩૨૪, ૩૨૬. બ્રાહ્મણોનો કાલાશોક, ( ૨૮ ); રાજ્યકાળ, ૯૫, ૯૬; પિતા કરતાં અધિક શાસ

–સમય, ૩૮૭; શાન્તિઇચ્છુક, ૩૮૭; મૃત્યુ, ૩૮૭; અપમાનિત પુત્રોનો મગધ–ત્યાગ, ૩૮૭; શૂદ્ર કન્યા સાથે લગ્ન, ( ૩૨૮ ), ૩૩૭; ધર્મ, ૩૨૯; કાલાશોક, ( ૩૨૩ ), (૩૩૨), ૩૩૮, શૂદ્ર કન્યા નો પુત્ર, ( ૩૩૭ ), ૩૪૩, (૩૪૩) રાજ્યઅમલ, ૩૩૩, પાંચાલક્ષત્રીય કન્યા સાથે લગ્ન, ૩૩૪, સહિષ્ણુતા, ૩૩૫; આયુષ્ય, ૩૩૩. જુઓ નંદ બીજો.
મહાપદ્મ ( શ્રેણિક પુત્ર ), ૨૮૬.
મહાપુરૂષો. તેમનાં પ્રાગટ્ય, ૬.
મહાપુરૂષો, તેમનાં મૃતદેહનાં અવશેષ: ૪૩.
મહાભારત (એક જૈન ગ્રંથ), (૭૮); તેનું મૂળ, (૭૮).
મહાભારતનો યુદ્ધકાળ, ૯૬,
મહામંડળ, ૩૫૩, (૩૫૩).
મહા મેઘવાહન, ( ૧૬૯ ): કરકંડુ, ૧૬૯.
મહારથિક, ( ૨૫૮ ).
મહારથિ ( નાગનિકાના પિતા ), ( ૩૮૫ ), (૩૮૬ ).
મહારથી ( સૂબો ), ૩૮૫.
મહારથિક–રાષ્ટ્રીયવંશ, (૩૮૬. ); સમયકાળ, ૩૮૬.
મહાવંશ, (૨૪૪).
મહાવીર ( જૈનોના છેલ્લા તીર્થંકર ), ૬; વર્દ્ધમાન, (૩૯): વિદેહીપુત્ર, ( ૬૨ ). (૨૫૫ ); કૈવલ્ય, ( ૧૨૮ ); ( ૨૫૫ ) કૈવલ્યસ્થાન, ૨૯૬; શ્રેણિઓના પ્રણેતા, ૨૬૯; પ્રેરણાથી શ્રેણિઓની ઉત્પત્તિ, ૧૭૨; ૧૪ હજાર શિષ્યો, ૩૧, બાળવયે લગ્ન, (૩૧) ; મુખ્ય પટ્ટધરો, ૩૨; સંવત, ૪૦; સંવતનો પ્રારંભ, ૩૩૩; દીક્ષાકાળ, ૧૩૦, નિર્વાણ, ૪૦; નિર્વાણસ્થાન, ( ૭૭ ); ઉપદેશ, ૮૨, સ્મારકપ્રદેશ, ( અવંતિ ), ૧૯૭, નિર્વાણ રાત્રિ, ૨૦૨; સોળ ચાતુર્માસ, (૨૫૫); ૪૨ ચાતુર્માસ, ( ૨૮૦ ); સર્વ વિદ્યાઓમાં પારંગતતા, (૨૬૭) તપશ્ચર્યા અને તેનું પરિણામ, ( ૨૬૮ ); આર્હદ્ પદની પ્રાપ્તિ, ૨૮૦.
મહાવીરની ઉપાસિકા ( જયન્તિ ). ( ૧૧૩ ).
મહાશેઠી ( મહાષ્યક્ષ ), (૩૪); મહાજન શેઠ, (૩૪).
મેનાની ( ચંડપ્રદ્યોત ), (૨ ૨).
મહિપતિ ( વક્રદેવ ) ૩૯૧.
મહીપાળ, ૧૮૭.
મહીપાલ, ૧૮૭.
મહેન્દ્ર ( અશોક વર્ધનનો પુત્ર ). ૩૧૩.
મહેન્દ્રપાળ, ૧૮૭.
મહેન્દ્રવર્મા, ( ૨૯૯ ); પાટલીનો પિતા, (૨૯૯).
મહેશ્વર ( ૧૯૯ ).
મંગ ઉપવન, ૧૦૭.
મંત્રીમંડળ, ૧૩; બંધારણ, ૨૭૦; એક મહાજન ૨૭૦.
મંત્રીઓ, નાગરિક, ૧૪.
મંશહેરા ( મંશેરા ), ( ૭૧ ); ખડકલેખથી સુપ્રસિદ્ધ, ( ૭૧ ), ૨૯.
માગધી, ૩૧, ૩૯.
માણિક્યાલ ( સ્તંભ લેખ ), ( ૩૮ ), (૩૧૨).
માનતુંગસૂરિ ( એક સુપ્રસિદ્ધ જૈનાચાર્ય ), (૧૭૯), કારાવાસ અને મુક્તિ, ( ૧૭૯ ) ભક્તામરના પ્રણેતા, ( ૧૭૯ )
માલગિરિ. ( ૧૨૭ ), ( ૨૧૨ ).
માલવ સંવત, ( ૧૭૮ ).
માસ ( હિન્દનો એક પ્રાચીન ભાગ ), ૪૯.
માળવા, તેનો વિસ્તાર, ૧૭૮; દક્ષિણ અવંતિ, ૧૮૪.
મિત્રવંશ ( વૈદિક ધર્મનો અનુયાયી ), ૩૪૭.
મિથિલા ( વિદેહની રાજધાની ), (૪૮) (૫૧), ૧૨૨; વૈશાલી, ૩૩૪; મથુરા, ( ૫૧ ).
મિહરજ, ૨૨૬.
મીનેન્ડર ( બેકટ્રીયન શહેનશાહ ), ૩૯
મુદ્રકેશી, ( ૨૧૨ ).
મુનિક, ( ૨૦૦ ).
મુરા ( ચંદ્રગુપ્તની માતા ), ૩૬૬, ( ૩૬૬ ).
મુંબઇ, તેની સુરક્ષિતતા, ( ૧૫૨ ).
મુંજ, ૧૮૭.
મુડોર, ( ૫૯ ).
મુંદ (અજાતશત્રુનો પૌત્ર ), ૩૧૫; એક નિર્બળ રાજવી, ( ૧૭૭ ); અંતઃપુરપ્રિયતા, ૨૧૭ ( ૨૧૭ ); મગધમાં અંધાધૂંધી અને ખળ-

ભળાટ, ૩૪૨, ૩૮૧; અનેક દેશોની સ્વતંત્રતા, ૩૮૧; પદભ્રષ્ટ દશા, ૩૮૧; શિશુનાગવંશની સમાપ્ત, ૩૮૧.
મુલુનંદ ( નંદવર્ધનનો સરદાર ), ( ૩૮૫ )
મૂળરાજ ( સોલંકી વંશનો રાજા;), ૩૮૭,
મૂળસ્થાનપુર, મુલતાન ( ૬૬ ).
મૂળાનંદ ( નંદિવર્ધનનો સરદાર ), ( ૩૮૫ ) સિક્કાઓથી સુપ્રસિદ્ધિ, ( ૩૧૪ ), ૩૪૨. જુઓ મુલુનંદ.
મૃગવન ( ૨૨૮ ).
મૃગાવતી ( ચેટક પુત્રી, શતાનિકની રાણી ). (૩૭૩.) રાજ્ય, ૧૧૧ સમય સૂચકતા, ૧૧૫. દીક્ષા, (૧૧૮)
મૃતિકાવતિ ( દશાર્ણ દેશની રાજધાની ), ૪૯.
મૃદુકલિંગ, ( ૧૬૪ ).
મેગેસ્થીનીસ ( ગ્રીક એલચી ), ૧૪, ૩૦૩.
મેઘકુમાર ( ધારિણીનો પુત્ર ) ૨૮૦; દીક્ષા, ૨૮૫.
મેઘમાળી ( પાર્શ્વનાથને ઉપસર્ગ કર્તા દેવ), ( ૭૬ ).
મેઘવાહન ( કરકંડુ ), ૧૬૯. જુઓ તે શબ્દે.
મેતાર્ય ( બિંબિસારના જમાઇ ), ( ૨૮૫ );
મેતાર્ય મહાવીરના એક ગણધર, ( ૨૮૫ ).
મેઘવિન ( વત્સપતિ ), ૧૦૭; જુઓ મણિપ્રભ,
મોઢેરા, તેના ખંડીયેરો, ( ૨૨૧ ).
મોહનજાડેરો, તેનો સમયકાળ, ૨૨૮; આબાદી અને સ્થળ, ૨૨૮; નાશ, ( ૧૭ ); પૂર્વકાલીન જૈનીયતા (૨૨૯).
મૌરા, ૩૫૧.
મૌર્યપ્રજા, ૧૫૭, ૩૧૪.
મૌર્યમૌખરી, ૧૦૧.
મૌર્યવંશ, તેની સ્થાપના, ( ૨૩૭ ), ૩૬૭, અવંતિ ઉપર સ્વામીત્વ, ૧૯૭, ધર્માંધતા, ( ૨૯ ); અંત. ૧૯૫.
મૌર્ય સંવત, ( ૪૧ ).

### ય

યજ્ઞશ્રી ( ગૌતમીપુત્ર ), ( ૩૮૫ ); શતવહનવંશીય રાજા, ( ૩૮૫ ).
યયાતી ( દેવયાનીના પતિ ), ( ૩૩૬ ).
યવન ( અનાર્ય પ્રજા ), ૧૮, ૪૨, ૩૪૦.
યવનોનું નિકંદન, ૧૦૨.
યશોધર્મન ( પરમારવંશના સ્થાપક ), (૧૭૮); વિક્રમાદિત્ય, (૧૭૮ ); શિલાદિત્ય, ( ૧૭૮ ).
યશોમતી ( બૃહસ્પતિમિત્રની પુત્રી, મથુરા નરેશની પત્ની, ( ૩૫૧ ).
યશોવર્મન, ૧૮૭.
યાદવકુળ ભૂષણ ( વસુદેવ ), ( ૫૦ ).
યુગો, તેમનું આગમન અને નિયમન, ૫.
યુચી ( ૬૨ ).
યુથીડીમોસ ( સમ્રાટ ડીમેટ્રીયસનો પિતા ), (૩૯) ( ૪૧ ).
યુધિષ્ઠિર સંવત, ૩૩૩, ૩૪૦.
યોદ્ધાનક ( જોદ્ધાણુ ), ( ૭૮ ).
યોન ૧૮, ( ૩૯ ); ૧૦૩.

### ર

રણુવીર, ૧૪૧.
રતનજય ( દુબ્બસેન ), ૮૯.
રથિક, ૨૫૮.
રાજકુમારો, પ્રાચીનકાળમાં કરાયલ પરીક્ષા, ૨૪૧.
રાજગિર, રાજગિરિ, ( ૨૪૦ ). વ્રજગિરિ, ૨૬૨.
રાજગિરિ ( રાજગિર, ગિરિવ્રજ ); (૨૪૦), (૨૫૧), શબ્દાર્થ (૨૪૦), સ્થાપના, ૨૬૨; રાજગૃહીથી ભિન્નતા, ૨૬૨.
રાજગૃહ ( રાજગૃહી ), ( ૨૪૦ ).
રાજગૃહી ( રાજગૃહ, રાજગિર ), ( ૨૪૦ ); એક સુવિખ્યાત પ્રાચીન નગર, ( ૧૮ ); મગધની રાજધાની, ૪૭; ગિરિવ્રજ, ૧૮૨; સ્થાપના, ૨૬૨; રાજનાં ગૃહોવાળું સ્થાન,(૨૬૨); અનેકતા, ૨૬૩; વિસ્તાર, ૨૬૩; જૈનધર્મ સાથે નિકટતા, ૨૬૪.
રાજપુરી, ૫૬.
રાજપૂતો, તેમની ચાર શાખાઓ, ( ૧૭૮ ).
રાજમાર્ગો, ( ૧૯ ).
રાજાઓ, તેમના સદ્ગુણો, ૧૩, ૧૭૭, ( ૧૭૭ ), ૨૬૫.
રાજાઓની પ્રજાપાલકતા, ૩૫, રાજાઓનો ધર્મપ્રેમ

રાજાઓમાં દત્તવિધાન, ( ૨૧૬ ).
રાજુલ ક્ષત્રપ, ( ૧૯૬ ).
રાજોરી, ( ૫૬ ).
રાત્રિચર્યા, તેથી પ્રજાનું રાજાઓથી સંરક્ષત્વ, ૨૩.
રાધણપુર, ( ૨૨૧ ).
રામ ( બળભદ્ર ), ( ૪૭ ).
રામદેવ, ૧૮૭.
રામભટ્ટ ( પરમાર વંશી રાજા ), ૧૮૭.
રાષ્ટ્રપ્રેમ, ૩૫.
રાષ્ટ્રવર્ધન, ૨૧૫, ( ૨૧૮ ); ઘાત, ૨૧૫.
રિપુંજય ( બૃહદરથ વંશનો છેલ્લો રાજા ), ૨૦૪, ૨૦૫; ઘાત, ૨૦૪,
રુચ ( વત્સપતિ ), ૧૦૭.
રૂજુવાલુકા, ( ૩૦૨ ).
રૂદ્રદામન ક્ષત્રપ, ૧૭૮, તેનો જગપ્રસિદ્ધ લેખ, ૧૭૮.
રૂપનાથ ( મહારાજા પ્રિયદર્શિનના ઐતિહાસિક લેખ માટે પ્રસિદ્ધ ), ( ૭૭ ), ( ૩૭૪ ); ચંપાનગરીની તળેટી, ( ૧૬૬ ).
રેણા, ( ૧૫૧ ).
રેણુકા ( જમદગ્નિની પત્ની), ( ૩૩૬ ).
રેવતાચળ ( ઉજ્જયંત ), ( ૭૭ ).
રેવા, ૩૪૫.
રોટી વ્યવહાર, પૂર્વ કાળમાં તેની વ્યાપકતા, ૩૩૭
રોમ, તેનો હિન્દ સાથે અઢળક વ્યાપાર, ( ૨૦ ).
રોયડા, ૩૦૩.
રોરવ, ( ૨૨૮ ).
રોરી ( રોહરી ), ૨૨૮.
રોરૂ ( રોરૂવ ) ૨૨૦, ૨૨૧, ( ૨૨૮ )
રોરૂક ( રોહરી ), ( ૨૨૨ ).
રોરૂવ ( સૌવિરની રાજધાની ), ૨૨૮,
રૌરૂક, ૨૨૦.

## લ

લશ્કર, તેનાં અંગો, ૨૨.
લક્ષ્મીપુર, ( ૨૦ ).
લગ્ન સંબંધ, તેની વ્યાપકતા, ૨૭, ૧૩૫; સગોત્રીઓમાં લગ્ન સંબંધનો નિષેધ, ૩૨; શૂદ્રો સાથે લગ્ન સંબંધનાં દ્રષ્ટાન્તો, ૨૮.
લલિતપટ્ટણ, ( ૧૦૬ ).
લવાદો, તેમનું કાર્ય ૧૫.
લંડન, ૧૫૨.
લાઈનદોરી, ઐતિહાસિક અને પૂર્વ ઐતિહાસિક યુગોની, ( ૨ )
લાકુરા, ( ૬૭ ).
લાટ ( હિન્દનો એક પ્રાચીન દેશ ) ૪૯; એક આર્ય દેશ, ૨૩૦.
લિચ્છવી ( જૈન ધર્માનુયાયી એક ક્ષત્રીય જાતિ, ) (૧૩); સંવિજી ક્ષત્રીઓની એક શાખા, ૨૭૬; અજાતશત્રુથી પરાજય, (૬૨); નિવાસસ્થાન,(૧૨૪).
લિચ્છવી રાજાઓ, ૧૨૩.
લિચ્છવી સરદારો, ૧૨૩.
લિપિ જ્ઞાન. ૩૮.
લેખિત સાહિત્ય, મહાનંદ અને ખારવેલના કાળથી પ્રચારનો પ્રારંભ, ( ૩૬૧ )
લોકમાન્ય તિલક (એક પ્રખર જ્યોતિષી અને ઇતિહાસવેત્તા ), ૯૬.
લોર્ડ કર્ઝન, જૈનોની સાધનસંપન્નતા વિષે તેમનું મંતવ્ય, ૩૮.

## વ

વક્રદેવ ( ખારવેલનો પુત્ર ), ૩૬૭, મગધ ઉપર આક્રમણ, ૩૬૭; મહિપતિ, ૩૯૧, ( ૩૯૧ ).
વજ્જિ ( વિજ્જી ), ( ૬૨ ).
વજ્રઋષભનારાચ ( એક સંઘયણ ), (૩૦).
વજ્રભૂમિ, ( ૧૬૫ ), ( ૧૬૬ ).
વડારી ( ઈડર ), ૨૨૦; વઢીઆર (?), (૨૨૧).
વઢીયાર ( ગુજરાતનો એક પ્રદેશ ), ૨૨૧.
વત્સ ( હિન્દનો એક પ્રાચીન વિભાગ ), ૪૯; એક આર્ય દેશ, ૨૩૦; મગધસામ્રાજ્યનું અંગ, ૨૧૮, ( ૨૧૮ ); નંદિવર્ધનની ચડાઈ, ૧૨૧.
વત્સ ( કૌશાંબીપતિનું રાજચિન્હ ), ૩૪૭;
વત્સપટ્ટણ ( કૌશાંબી ), ૧૦૬.
વત્સપતિઓ, ૧૦૧; ૧૦૮; તેમની અકુલીનતા (?) ૧૦૮.

વત્સરાજ ( પરમારવંશી રાજા ), ૧૮૭.
વરરૂચિ ( એક મહા સમર્થ પ્રખર વિદ્વાન ), ૨૨, ૩૫૬; વિભાસના કર્તા, ( ૩૫૮ ), ( ૩૬૩ ), ૩૬૪ ૩૬૫; શકટાળ સાથે વૈર, (૩૬૨); મહાકવિ, ( ૩૬૨ ); શકટાળનાં ચાતુર્યથી પારિતોષિક પ્રાપ્ત કરવામાં નિરાશા, ( ૩૬૨ ); મદિરાભક્ત, ૩૬૫; મહાનંદની અવકૃપા, ૩૬૫; દેશવટો, ૩૬૬.
વરંગુળ, ૧૫૭.
વરાડ ( બિરાર ), ( ૧૫૩ ).
વરાહમિહિર ( સુપ્રસિદ્ધ જ્યોતિષી ), ( ૫૯ ).
વરૂણ ( અટલી ), ( ૬૬ ); હિન્દનો એક પ્રાચીન ભાગ, ૪૯.
વર્ણા, ( ૬૦ ).
વર્ણાશ્રમ, બ્રાહ્મણોથી તેને મળેલું અયોગ્ય ઉત્તેજન, ૨૮.
વર્ધન, વૈશ્યવાચક શબ્દ, (૨૧૮), ૩૨૫.
વર્ધન ( નંદ પહેલાનું એક બિરૂદ ), ૩૨૪, વૃદ્ધિ કરનાર ૩૨૪.
વર્દ્ધમાન ( મહાવીર ), ( ૩૯ ). જુઓ તે શબ્દે.
વર્મન ( ક્ષત્રીયવાચક શબ્દ ), ( ૨૧૮ ), ૩૨૫.
વર્તીનન્દિ, ૩૦૪.
વર્તીવર્ધન ( ૩૦૪ ).
વલ્કલચિરિ ( પ્રસન્નચંદ્રના ભાઇ, ), ( ૨૧ ).
વલ્લભ, ( ૬૬ ).
વલ્લભસેન, ૧૮૭.
વલ્લભીપુર, ( ૬૬ ),
વસિષ્ઠ, ( ૩૩ ).
વસુદેવ ( કણ્વવંશી ), ૧૫૪; શુંગભત્ય, ૧૫૪.
વસુદેવપુત્ર ( કૃષ્ણ ), ૫૦.
વસુમતી ( ચંદનબાળા ), ૧૨૪; કારાગ્રહવાસ, ૧૨૪.
વસ્તી, પ્રાચીન અને અર્વાચીન, ૫૦, ૫૧, ૫૨, ૫૩.
વહાણવટું, તેનો વિકાસ, ૨૦.
વંક, ૮૭.
વંશ ( ચેદી ), ૧૦૬, ૧૪૦, ૩૯૧; નામાભિધાનનું રહસ્ય, ( ૧૪૫ ), સ્થાન, ( ૧૪૬ ).
વંશ–વાંસ, ૧૪૫; તેના છેદનનો એક વિશિષ્ટ પ્રસંગ, ૧૪૫.
વાકપતિરાજ, ૧૮૭.
વાટધાનક, ( ૧૪૬ ), (૧૪૭); તેના ચાંડાલ બ્રાહ્મણો, ( ૧૪૬ ).
વાટાકટક, ( ૧૪૭ ).
વાણા ( વિણા ), ( ૧૫૧ ).
વાજિયગ્રામ, ૧૨૩.
વાદીવેતાલ શાન્તિસૂરિ, ૧૮૭.
વામન, એક સંસ્થાન, ( ૩૦ ).
વાયુપુરાણ, ૯૮.
વારાણસી (વર્ણા અને અસિ નદીઓ વચ્ચેનું નગર ), ( ૬૦ ), ( ૧૫૧ ); કાશીદેશની રાજધાની, ૪૮.
વારાંગના, વ્યવહારૂ શિક્ષણમાં તેની ઉપયુક્તતા, ૨૧.
વાસવદત્તા ( ચંડની પુત્રી ), ( ૧૦૮ ), ( ૨૧૫ ); વત્સપતિ ઉદયનની રાણી ( ૨૧૫ ); હરણ, ૧૧૧.
વાસુદેવ ( જૈનીય મહાપુરૂષ ), ( ૪૬ ).
વાહીકુળ, ( ૨૭૫ ).
વાહીંદ, ૨૨૬.
વિકાસ અને પ્રતિવિકાસ, ૨૨.
વિક્રમ સંવત, ૧૮, ૩.
વિક્રમાદીત્ય (ગર્દભીલવંશી વીર રાજા), ૧૮૩; (૧૬૦). શકારિ, ( ૧૬૦ ), ( ૧૯૧ ); ગર્દભીલપુત્ર, ૨૦૭.
વિક્રમાદીત્ય છઠ્ઠો ( ચાલુક્યવંશી રાજા ), ૩૩૧.
વિક્રમાદીત્ય ( યશોધર્મન ), ૧૩૬, ( ૧૭૮ ).
વિક્રમાદિત્ય–( જુઓ દેવશક્તિ ).
વિગિલા ( ૬૪ ).
વિધ્નસેન ( બિંદુસેન ), ( ૨૪૦ ).
વિજય ( સિંહલદ્વીપપતિ ), ૩૧૧, ૩૧૨; અનુરૂદ્ધથી પરાજય, ૩૭૮; ( ૩૭૮ ); સત્યુ, ૩૭૮, ( ૩૭૮ ). રાજ્યકાળ, ૩૭૮.
વિજયપાળ પહેલો, ૧૮૭.
વિજયપાળ બીજો, ૧૮૭.
વિજયસેન ( બિંદુસાર, બિંબસાર ), ( ૨૪૦ ).
વિજાગાપટ્ટણ, ૧૫૨.

વિજાતિય લગ્નો, તેમાં અંતરાય, ( ૩૩૭ ).
વિડુડભ, ( ૮૬ ).
વિણા ( વાણા ) (૧૫૧).
વિતભયપટ્ટણ ( સિંધ સૌવિરની રાજધાની ) ૪૯; વિસ્તાર, ૨૨૯; દટ્ટણથી વિનાશ, (૧૨૮), ૧૨૯.
વિતિહોત્રી ( અવંતિપતિઓ ), ૯૭, ૯૮.
વિદર્ભ ( દક્ષિણ કોશલ ), ૧૩૮, ( ૧૩૮ ); વરાડ ( બિરાર ) ૧૩૯.
વિદિશા, એક જૈનીય પ્રદેશ, ૨૦૦
વિદિશા, અવંતિની રાજધાની (૫૧); પૂર્વ અવંતિની રાજધાની ૧૮૩. ( જુઓ ભીલ્સા )
વિદિશા ( પૂર્વ આકારવંતીની રાજધાની ?), ૧૮૦ ચાર ખુણાઓ, ( ૧૮૦ ); સાંચીનો એક ભાગ, ૧૮૦; પ્રાચીન બેસનગર, ( ૧૮૦ ); અર્વાચીન ભીલ્સા, ૧૮૦; સંચીનગર, ૧૮૩; સાંચી, ૧૮૬; પ્રિયદર્શિનની રાજધાની, ૧૯૮,
વિદુરથ–વિરૂદ્ધક ( પ્રસેનજિતનો પુત્ર ), ૮૧, ૮૬; કોશલપતિ, ૮૯; દાસી કન્યાનો પુત્ર, ૯૧.
વિદેહ ( હિન્દનો એક પ્રાચીન ભાગ ); ૪૯, મિથિલા, ( ૬૬ ), ( ૧૨૨ ).
વિદેહપતિ ( વિશાળાપતિ ), ૮૧; ચેટક રાજા (૬૨) ( ૧૨૨ ).
વિદેહા ( ત્રિશલા દેવી ). ( ૧૨૨ ) સીતા, (૬૨), ( ૧૨૨ )
વિદેહી ( જનક રાજા ), ( ૧૨૨ )
વિદેહીપુત્તો ( કૂણિક ), ૨૯૧,
વિદ્યા, આકાશગામિની. ૨૪.
વિદ્યાદેવી, ૨૩.
વિદ્યાધરો ૨૪.
વિદ્યાપીઠો, ૨૧; તેમનું મૌખિક જ્ઞાનદાન, (૩૬૧)
વિધવાઓનાં પુનર્લગ્ન, ૩૩; નિયંત્રણ ૨૫ પરિસ્થિતિ, ૩૩.
વિધિસાર ( વિમ્બિસાર ), (૨૪૦ ).
વિનય, વિદ્યા પ્રાપ્તિમાં તેની આવશ્યકતા, ૨૭૩.
વિભંગ જ્ઞાન, ૨૯૪.
...દકદાસી પુત્ર, ૯૧.
વિશાખાયુખ, ૨૦૪, ( ૨૭૩ ) ( ૨૦૫ ).
વિશાલા ( વિદેહની રાજધાની ) ૧૨૨. ૧૮૦.
વિશાલા નગરી, ( ૧૨૫ ).
વિશાલાપતિ ( ચેટકરાજા ), ૮૧, ૧૨૨.
વિશાલાપુરી ( ઉજ્જન ), ૧૮૩.
વિસલકાગઢ ( ૬૨ ).
વિહલ્લ ( ચેટકનો દૌહિત્રો હલ્લનો બંધુ ), ૧૩૫, ૨૮૩; દીક્ષા, ૨૯૪.
વિંધ્યાચળ, ૩; પારાપાત્ર, ( ૨૨૧ ).
વીરવલય, ૧૩૫.
વીર્ય, ( ૩૦ ).
વૃત ( વંક ), ૮૭; કોશલપતિ, ૮૯.
વેણા, ( ૧૫૧ ).
વેણુગ્રામ, ૧૦૭.
વૈદિકધર્મ, ૨; તેનું અનૌદાર્ય, ૩૨; પશુ–યજ્ઞોનુ પ્રાબલ્ય, ૨૫૩.
વૈદેહી ( ત્રિશલાદેવી ), (૬૨); સીતા, (૬૨); ૧૨૨; ચંડની રાણી, ( ૨૦૩ ); વિવિધ અર્થો, ૨૭૬;
વૈદેહીપુત્ર ( મહાવીર ), ( ૬૨ ).
વૈન ( બેન ), ૧૫૧.
વૈભારગિરી ( પ્રસેનજિતની રાજધાની ); ૨૩૯, ૨૬૪.
વૈરસિંહ પહેલો, ૧૮૭.
વૈરસિંહ બીજો, ૧૮૭.
વૈરસિંહ ત્રીજો, ૧૮૭.
વૈરાટ ( મત્સ્યની રાજધાની ), ૪૯,
વૈશાલી ( વિદેહની રાજધાની ), ( ૬૨ ),
વૈશાખ, (૬૦), ૧૨૨, ૨૬૬, ૩૩૪; વિદેહપ્રાન્ત, ૩૩૪; ત્રિવિધ દુર્ગો, ૧૨૩; અવશેષો. ૧૨૨.
વૈશાલીના ભૂપાળો, ૧૨૩.
વૈશાલીનું રાજ્ય, ૧૨૧, ૧૨૭; અંત, ૧૩૭.
વૈશાલીપતિ ( ચેટક ), ( ૧૨૨ ).
વ્યાપારીઓનાં મંડળો, ( ૩૪ ); તેમની સત્તા, (૩૪).
વ્રજગિર, ૨૬૨. જુઓ રાજગિરિ.
વ્રીજી ( વ્રીજીઅ ), ( ૬૨ ); સંઘજી, ( ૬૨ ).

શ

શક ( એક પ્રજા ), ૧૮.

શકટાળમંત્રી, ૩૨૯, ( જુઓ શકડાળ ).
શકડાળ (નવમાનંદના મહા અમાત્ય ), ( ૨૧ ), ( ૨૫૩ ), ૩૬૩, ( ૩૬૩ ), ૩૮૯; શકટાળ, ૩૨૯, ૩૫૪; શકતર, ( ૩૬૩ ); શકડાર, (૩૬૩), શતકાર, ( ૩૬૩ ); અપૂર્વ ચાતુર્યથી રાજ્ય-ધનની રક્ષા, ( ૩૬૩ ); સાત પુત્રીઓની અજબ સ્મરણશક્તિ, ( ૩૬૨ ); વરરૂચિને થાપ, ( ૩૬૨ ); વિષપાન, ( ૩૬૫ ); મૃત્યુ, ( ૩૬૫ ).
શકપ્રજા, ૨૨૧.
શકવર્ણ ( શાકવર્ણ ), ( ૨૩૭ ).
શક સંવત, ૧૮, ૩; ચષ્ઠણ સંવતથી ભિન્નતા, ૧૮.
શકસ્તાન, હિંદુઓના આદ્ય પુરૂષોનું નિવાસસ્થાન (૩૭).
શકારિ ( વિક્રમાદીત્ય ), ૧૯૧.
શતવાહનવંશ, ૧૫૫, ૩૪૨; પ્રારંભ, ૩૫૦; આંધ્ર-ઉપર સત્તા, ૩૮૮.
શતાદ્રુ ( ૫૮ ).
શતાનિક (વત્સપતિ), ૭૭; ૨૧૩. અદ્દભુત કળાપ્રેમ, ૧૧૩; કૌશાંબી-વત્સપતિ, ( ૩૭૩ ); ચંપા ઉપર હલ્લો ( ૩૭૪ ); આકસ્મિક મૃત્યુ, ૧૧૩.
શત્રુંજય, તેની શાશ્વતા, (૨૨૬) સત્તુંજી, (૧૮૬)
શય્યંભવસ્વામી (શ્રીયકના ગુરૂ), ( ૩૬૬ ); સ્વર્ગવાસ, (૩૬૬), શરીરમાન, તેનું આધિક્ય, ૧૭.
શર્મન ( બ્રાહ્મણવાચક શબ્દ ), ( ૩૨૫ ).
શલાકા ( જૈનીય મહાપુરૂષો ), ( ૪૬ ).
શાક દ્વીપ, ૪.
શાકવર્ણ, ( ૨૩૭ ).
શાકતાયન ( કાત્યાયન ? ), ( ૩૫૬ ).
શાક્ય ક્ષત્રીયો, ( ૧૨૪ ).
શાક્યસિંહ ( બુદ્ધદેવ, ( ૮૧ ).
શાતકર્ણી ( આંધ્રપતિ ), ( ૨૫૮ ).
શાતપર્ણી ગુફા, ( ૨૯૮ ).
શાન્તિસૂરિ વાદીવેતાલ, ૧૮૭.
શાસ્ત્રીય ગ્રંથો, તેમનું ઐતિહાસિક તત્ત્વ, ૨૮.
શાહબાજગૃહી, તેના સુપ્રસિદ્ધ ખડકલેખો, ૩૯, (૭૧).
શાંડિલ્ય ( હિન્દનો એક પ્રાચીન દેશ, ૪૯.
શિક્કાઓ, તેમાં અક્ષરોનો ઉપયોગ, ( ૩૬૧ ).
શિક્કાઓ, પૂર્વકાળમાં ઉપયોગ, ( ૯ ).
શિક્કાઓનાં ધર્મ ચિન્હો ( ૪૧ ).
શિક્કા ચિન્હો, તે વિષે એક ભ્રમ, ૨૫.
શિથિયન પ્રજા, ૧૮.
શિયકસિંહ, ૧૮૭.
શિલાદીત્ય, ૧૮૭.
શિવાદેવી ( ચંડની પટરાણી ), ૧૧૬; શીયળનો અદ્દભુત પ્રભાવ, ૧૩૨; દીક્ષા, ૧૧૬; વૈદેહી, ૨૧૪.
શિશુનાગ ( એક બાહુબળી રાજા ), ૯૮, ૨૩૯; કોશલપતિ સાથે વૈર, ૯૮, ૯૯.
શિશુનાગવંશ, ૯૪; મૂળ, ૯૭; બે શાખાઓ, ૨૪૪, ૩૨૧; તેના ચિન્હો, ( ૩૧૭ ); મગધકાશીપતિ, ૨૩૪; સ્થાપના, ૨૧૧; જાતિ, ૨૩૫, નાગવંશ, ૧૦૮, ૩૧૫, ૨૨૧. નામાભિધાનનું કારણ, ૨૩૪, સમાપ્તિ, ૩૮૧.
શિશુનાગવંશ મોટો, તેના જૈન રાજાઓ, ૩૨૮.
શિસ્તાન ( મહર્ષિઓનું ઉત્પત્તિસ્થાન ), ( ૩૭ ).
શુક્તિમતી ( ચેદી દેશની રાજધાની ), ૪૯.
શુક્રાચાર્ય, ( ૩૩૬ ).
શુદ્ર, ( ૫૮ ).
શુદ્ધોદન ( બુદ્ધના પિતા ), ૮૧.
શુભ સમય, શ્રેણિક સુધીનો સમય, ૩૭૧. જમીન કે જરની નિર્મોહયુક્ત સ્થિતિ, ૩૭૧; પ્રજાકીય શાન્તિ, ૩૭૧.
શુંગભૃત્ય, શુંગવંશી રાજા દેવભૂતિના મંત્રી વસુદેવ, ૧૫૪,
શુંગભૃત્ય વંશ, વસુદેવ મંત્રીનો વંશ, ૧૫૪, (૩૮૯).
શુંગભૃત્યો, ૧૫૪, ( ૩૮૯ ); શુંગવંશી રાજાના મંત્રીના વંશજો, ૧૫૪.
શુંગવંશ ( વૈદિકધર્મ અનુયાયી વંશ ), ( ૮ ), ૩૪૭; રાજ્યઅમલ, ૧૫૫; રાજાઓનો મત્સરભાવ, (૪૧ ) (૧૬૧ ); અશ્વમેધયજ્ઞોની વૃદ્ધિ, ૧૫૯; સત્તાધીશકાળ, ૧૫૮; છેલ્લા રાજાઓ, ૧૬૦.
શુંગવંશ અને કણ્વવંશ, ૧૬૦.
શુંગવંશ અવંતિપતિ તરીકે ૨૦૭.
શૂદ્રોમાં પુનર્લગ્ન, ૩૩.

શૂળી, દેહાન્તદંડની શિક્ષાનું સક્રિયસાધન, ૧૫.
શૃંખલાબદ્ધ ઇતિહાસ, તેની આવશ્યક્તા, ૨.
શૈવધર્મ, ૨૫, તેના કહેવાતા સિક્કાઓ, ૨૫.
શોભનરાય ( કલિંગપતિ ), ૧૬૭, ( ૨૯૪ ); ચેટકનો પુત્ર ( ૧૭૨ ); રાજ્યકાળ, ૧૭૩; રાજ્યનો અંત ૧૭૭, મૃત્યુ, ૧૭૭.
શૌરીપુર ( ચોરપુર, ચોરવાડ ), (૭૦).
શ્રવણ બેલગોલા (એક સુપ્રસિદ્ધ તીર્થસ્થળ), ૩૮૫.
શ્રાવસ્તિ ( સુપ્રસિદ્ધ પ્રાચીન નગરી ), ૪૯, (૫૨); ધર્મપટ્ટણ, (૬૧);
શ્રાવસ્તિ નરેશ (કાશી વિજેતા), (૨૩૯).
શ્રીમુખ ( શતવહન વંશીય રાજા ), ૧૫૪, ૧૫૭; ખારવેલથી પરાજય, ૧૫૪; પુષ્યમિત્રના સમયથી ભિન્નતા ૧૬૦; આંધ્ર ઉપર સત્તા, ૧૬૦; શતવહન વંશના સ્થાપક, ૩૪૮; આંધ્રપતિ, ૧૫૫, ૩૮૯; રાજ્યારોહણ, ૩૫૦; ખારવેલના સમકાલીન, ૩૫૦; ૩૫૭; સમયકાળ ૩૪૩; નીચોત્પન્નતા, ૩૪૩, (૩૫૬); ધર્મ, ૩૪૨; અપમાનનાં કારણે દેશવટો, ૩૪૪; સુશર્મનનો ઘાતક, ૩૮૬, મૃત્યુ, ૩૮૯. ( મહાપદ્મનો પુત્ર ), ૩૮૭; મગધ ત્યાગ, ૩૮૭; મધ્યપ્રાન્તોની જીત, ૩૮૭.
શ્રીમુખવંશ ( આંધ્રભૃત્ય ), ( ૩૮૯ ); ખારવેલને આધીનતા, ૩૮૯.
શ્રીયક ( શકડાળનો પુત્ર ), ૩૬૫; નવમા નંદનો મહા અંગરક્ષક ૩૬૫; મંત્રીપદની પ્રાપ્ત, દીક્ષા. ૩૬૬
શ્રુઘ્ન, ૫૮, ( ૫૮ ).
શ્રુત કેવળી, ( ૩૮ ).
શ્રુત જ્ઞાન, ( ૩૮ ), તેની વ્યાપકતા, ( ૩૬૨ )
શ્રુત લેખન, મૌર્યકાળ સાથે તેનો સંબંધ, [૩૭૨]
શ્રુતિ, આર્ય પ્રજાનું આદિશાસ્ત્ર ૨
શ્રુતિઓની રચના ૨
શ્રુતિકર્ત્તાઓની જન્મ ભૂમિ ( ૪ ).
શ્રુતિશાસ્ત્રો તેમની પ્રાચીનતા ( ૩૮ ).
શ્રેણિઓ, તેમની ઉત્પતિ. ૨૭, ૨૬૭; પરસ્પર લગ્ન સંબંધ, ૨૭, શ્રેણિઓના કર્ત્તા ( શ્રેણિક ) ૨૬૯ શ્રેણિઓની રચનામાં પરિવર્તન, ૨૬૯; શ્રેણિઓ અને જાતિઓ, ૨૭.
શ્રેણિક ( મગધપતિ ), (૧૪), ૭૨; ૨૩૫. લગ્ન, (૩૧) ધર્માન્તર, (૪૧); શ્રેણિઓના કર્ત્તા, ૪૪; શ્રેણિક અને પ્રસેનજિત, ૮૦; બિંબિસાર, ૮૫૭. ૨૪૦, કૌશલ્યા ૧૦૦; રાજ્યાભિષેક, (૧૧૬); જન્મ, ૨૪૫, માંસભક્ષણ, (૨૫૩); કોશલપતિ સાથે વૈર, ૨૭૫; રૂસણાં, ૧૫૩; જાતિ મદ, (૮૩), ૨૭૫; વૈશ્ય કન્યા સાથે લગ્ન સંબંધ, (૨૮૫); શૂદ્રો સાથે લગ્ન સંબંધ, (૨૮૫); પુત્રો ( મહા પદ્મ, નંદન, કાલ, મહાકાલ વિગેરે ), ૨૮૬; પુત્રોની દીક્ષા, (૨૮૬); વિદેહી પુત્રો, ૨૯૧; મહાવીરના સમકાલીન, ૨૩૫. રાજ્યાન્તે શુભ સમયનો અંત, ૩૭૧; મિથિલા પતિ ચેટક અને પ્રસેનજિત સાથે યુદ્ધ, ૩૭૩; જોરૂ પ્રાપ્તિ માટે યુદ્ધ, ૩૭૩; કાશલ્યા દેવી સાથે લગ્ન, ૩૭૩; અંગ મગધાનો સ્વામી, ૩૭૪; સમાજ સૂત્રોના ઉત્પાદક, ૩૭૨.
શ્વેતામ્બી, (૫૨ ),
શ્વેતામ્બીકા ( કેઈકની રાજધાની ), ૪૯.

સ

સક્કર ( એક જૈન તીર્થ ? ), (૨૨૮),
સગર્ભા પદ્માવતી, તેની દીક્ષા, ૧૪૪.
સચ્ચપુરી (સત્યપુરી, સંચપુરી, સચ્ચીપૂરી, સત્યનગર, સંચયપુરી), (૧૮૬), ૧૮૮, (૧૯૫).
સચ્ચીપુરી (સંચયપુરી), ૧૮૯; સ્તૂપના સંચયવાળી નગરી, ૧૮૯; સંચીપુરી, ૧૮૦; એક મહાન તીર્થ, ૧૯૦; સત્યપુરી. (૧૯૫).
સચેનક (જુઓ સેચનક), ૨૮૬, (૨૮૬); એક દૈવીહસ્તી ,૨૮૬, (૨૮૬),
સતકાર (શકડાળ), (૩૬૩).
સતુંજી (શત્રુંજય), (૧૮૬).
સત્યનગર, ૧૮૮. જુઓ સચ્ચપુરી
સત્યપુરી (પાવાપુરી), ૧૮૮). જુઓ સચ્ચપુરી.
સત્યયુગ , ૫.
સપ્તસિંધુ, (૨૨૬),

**સમચતુરસ્ત્ર** (એક સંસ્થાન), (૩૦).
**સમતટ** (સમોતટ), (૬૩), (૧૪૦).
**સમય**, શ્રુતિ આદિશાસ્ત્રોનો, ૨.
**સમયધર્મ**, જૈનોને તેની અગત્ય, ૪૭.
**સમયસુંદર** (એક મહાસમર્થ જૈન મુનિ), (૧૮૬); અકબરના સમકાલીન, (૧૮૬).
**સમુદ્રયાત્રા**, તેનું વ્યાપક સ્વરૂપ, ૨૦.
**સમુદ્રવિજય** (નેમનાથના પિતા), ૫૦, (૫૦).
**સમેતશીખર**, વીસ તીર્થંકરોનું નિર્વાણસ્થાન, (૭૭),
**સમોતટ**, (૬૩). (જુઓ સમતટ).
**સમ્રાટ**, ખારવેલ (કલિંગપતિ), ૧૫૪. જુઓ ખારવેલ.
**સરસ્વતી** (વિદ્યાદેવી), ૩૩.
**સરસ્વતી સાધ્વી**, (૧૫૯).
**સહકાર**, રાજા-પ્રજા વચ્ચે, ૧૪.
**સહસ્રનિક** ૧૦૭, ૧૦૯.
**સહસ્રામનો શિલાલેખ**, (૪૦).
**સહિષ્ણુતા**, પૂર્વ કાળમાં તેનું પ્રાધાન્ય, ૩૨,
**સંક્રાન્તિકાળ**, ૬.
**સંગમ** (મહાવીરને ઉપસર્ગકર્તા-દેવ), (૫૨).
**સંઘયણ**, (૩૦).
**સંચપુરી**, (૧૮૬), (જુઓ સચ્ચપુરી),
**સંચયપુરી**, (૧૯૫). (જુઓ સચ્ચપુરી)
**સંચી** (સાંચી). ૧૮૬, ૧૮૭. જુઓ સચ્ચીપુરી.
**સંચી નગરી**, (૭૮). જુઓ સંચયપુરી.
**સંચીપુરી** (મૌર્ય સમ્રાટની રાજધાની), ૧૮૦, ૧૮૧; જૈનોની એક અપૂર્વ નગરી, ૧૮૧, જૈન સ્તૂપોયુક્ત પ્રદેશ, ૧૮૧; વિદિશાનગર, ૧૮૩; પતનકાળ, ૧૮૩.
**સંજમ** (કોશલપતિ), ૮૬, ૮૯, કાશીનો વિજેતા, ૮૬.
**સંઠાણ** (સંસ્થાન), (૩૦).
**સંદેશવાહકો**, ૪૨.
**સંપતિ**, (૮૫), (જુઓ સંપ્રતિ).
**સંપાતિ**, ૮૫. ( જુઓ સંપ્રતિ ).
**સંપ્રતિ** ( સમ્રાટ પ્રિયદર્શન ) ૮૫, ૧૯૫, ૧૯૬; એક નામધારી રાજા (?); ૧૦. જૈનધર્માનુયાયી મહાન સમ્રાટ, ૮૫. જુઓ પ્રિયદર્શિન શિલાલેખો, (૧૬૬).
**સંબાદિ**, (૮૫). ( જુઓ સંપ્રતિ ).
**સંમત દીક્ષા**, તેનું મહત્ત્વ, ૨૫૬, (૨૬૬).
**સંયુકત પ્રાન્તો**, તેના જૈન સિક્કાઓ, ૩૫૦.
**સંવત**, રાજકર્તાઓના, ૪૧; વિક્રમ, (૪૧).
**સંવત્સર**, શક, ૩.
**સંવિજ્જિ**, અઢાર જાતી ક્ષત્રીયનો સમુહ ૨૮, ૧૨૪, અંદર અંદર લગ્નોની પ્રથા, ૨૭૭,
**સંશોધન**, વૈજ્ઞાનિક, ૧૦.
**સંસ્કૃતિ**, આર્ય અને અનાર્ય, (૪)
**સંસ્કૃતિ**, પ્રકૃતિ સાથે તેનો સંબંધ, ૪.
**સાઇરસ** (ઉદયનનો સમકાલીન) ૭૨ (૨૨૨) ઇરાની શહેનશાહ હિન્દ ઉપર આક્રમણ, ૭૩.
**સાકેત** ( સાચી ), ૭૮.
**સાકેતપુર** ( કોશલદેશની રાજધાની ) ૪૮.
**સાચી**, (૭૮).
**સાડી પચ્ચીસ દેશો**, તેમનાં નામ આદિ, ૪૭, ૪૮.
**સાત નગરો**, તેમની પ્રાચીનતા; (૧૮૧); નગરોનાં નામાભિધાન, (૧૮૧),
**સામાજીક બંધારણ**, તેની ઉદારતા, ૨૮૫.
**સામ્રાજ્યોની ઉત્પત્તિ**, તેમાં કાળદેવની સત્તા, ૩૭૧.
**સારનાથ સ્તૂપ**, ( ૩૧૨ ).
**સારસ્વત બ્રાહ્મણ** (૧૪૭); ઉત્પત્તિ, (૧૪૭).
**સાર્થવાહોની ઉપયુકતતા**, ૧૯.
**સાલવારીની ઉપયોગિતા**, ૧૪.
**સાવત્થિ** ( શ્રાવસ્તિ ), ૪૯, કુણાલની રાજધાની, ૪૯.
**સાવદ્ય વ્યાપારી** જૈનોમાં તેનો નિષેધ, (૨૬૮).
**સાંચી** ( પૂર્વ આકારવંતીની રાજધાની ), ૧૮૦; વિદિશા, ૧૮૬.
**સાંચી સ્તૂપ**, તેની જૈનીયતા ૧૯૬, ૧૯૭, (૩૧૨).
**સિક્કા**, તેની બન્ને બાજુના ચિત્રોનું મહત્ત્વ, ૨૭૨. રાજ્યકર્તાના ધર્મની મહત્તા, ૩૩૨.
**સિદ્ધાર્થ**, ૧૮૭.
**સિદ્ધસેન દિવાકર**, ૧૮૭.
**સિદ્ધાર્થ** ( ગૌતમ બુદ્ધના પિતા, શાકય નેતા ), (૧૩)

**સિદ્ધાર્થ** ( મહાવીરના પિતા ), (૧૨), (૧૩).
**સિંધ સાગર**, (૨૨૧).
**સિંધસૌવિર**, એક જૈનીય પ્રદેશ, (૨૨૭).
સિંધસૌવિર ( હિન્દનો એક પ્રાચીન વિભાગ), ૪૯; વ્યાપાર, (૧૨૭).
સિંધસૌવિરપતિ, તેની પ્રબળ સત્તા, ૨૧૯; ઇરાન સાથે મૈત્રી, (૨૧૯).
સિંધુ, ૨૧૯.
સિંધુરાજ, ૧૮૭.
સિંહપુર (એક તીર્થ સ્થાન), (૫૬).
સિંહભદ્ર, ૧૮૭.
સિંહલદ્વીપ, ૬૫; એક અસંસ્કૃત પ્રદેશ, ૩૮૦; પ્રજાનું બંડ, ૩૮૦; પાંડુવાસને રાજ્યપદ, ૩૮૦.
સીકંદર ( ગ્રીક શહેનશાહ ), ૨૨૧.
સીતા ( વૈદેહી ), (૧૨૨).
સીત્તેરદેશો, તેમનું વર્ણન, ૫૬ થી ૬૭.
સીથીયન પ્રજા (શકપ્રજા), ૨૨૧.
સીલોન (સિંહલદ્વીપ), ૬૫.
સીસોદીયાઓનું કુલાભિમાન, (૧૦૦).
સુખીલલ, ૧૦૭.
સુજ્યેષ્ટા (ચેટક રાજાની પુત્રી), (૨૫૭); વૃદ્ધ તાપસીની વૈરબુદ્ધિ, (૨૫૭); દીક્ષા, ૨૫૯; બાળબ્રહ્મચારિણી, ૧૩૨.
સુતીર્થ, ૧૦૭.
સુદર્શન, એક સુપ્રસિદ્ધ સરોવર, (૨૩૦).
સુદેવ, ૩૨૪.
સુધર્માસ્વામી, મહાવીરના પટ્ટધર, (૭૭), ૨૯૬.
સુધારણા, ગ્રામ્ય, ૧૫, ૧૬.
સુનંદા, (બિંબિસારની પત્ની), ૨૪૫, (૨૮૫). અભયકુમારની માતા, ૨૮.
સુમિત્ર (કોશલપતિ), ૮૬, ૮૯: મહાનંદથી પરાજય, ૮૬.
સુરથ, (કોશલપતિ), ૮૯, (૧૬૭), નંદનો સમકાલીન, ૮૬.
સુલસા, તેના ૩૨ પુત્રો, (૨૫૮),
સુલોચન, (૧૬૭).
સુવર્ણ, હિન્દમાં તેની વિપુલ ઉત્પત્તિ, (૩૫૫).
સુવર્ણભૂમિ, ૧૬૪.
સુવર્ણરેખા (સોન), (૩૦૨).
સુશર્મન (કણ્વવંશી), ૧૫૪, ૧૫૫; તેનું ખૂન, ૧૫૪, ૩૮૬. ખૂનનું કારણ, ૧૫૯.
સુરસેન (હિન્દનો એક પ્રાચીન ભાગ), ૪૯.
સૂર્યકાન્તા (પ્રદેશી રાજાની સ્વૈરિણી રાણી), (૯૦).
સૂર્યપરિભ્રમણ, ૯૪.
સેચનક ( એક દૈવી હસ્તી), ૧૩૫; અપૂર્વ આત્મત્યાગ, ૧૩૬. જુઓ સેચનક.
સેલ્યુકસ (સુપ્રસિદ્ધ ગ્રીક સેનાપતિ), ૨૩.
સેલ્યુકસ નીકેટોર (એક યવનરાજા), ૩૪૦.
સેલ્યુસીડવંશ, (૧૦૨).
સેંડ્રેકોટસ (ચંદ્રગુપ્ત ), ૧૧ ચંદ્રગુપ્તથી તેનું ભિન્નત્વ, ૧૧.
સોન ( સુવર્ણરેખા ), (૩૦૨),
સોપારકનગર ( સોપારા ), (૨૦).
સોપારા ( નાલા સોપારા ), (૨૦); અપરાંતની રાજધાની (૨૬૬).
સોફીટીસ–સોફીટોન ( સૌભૂતિ ), (૧૦૧); રાજાપદ વાચક શબ્દ, (૧૦૧).
સોવીર ( સિંધનો એક પ્રાન્ત ), ૨૨૦.
સોળ રાજ્યો, તેમની સત્તાધીશતા, ૨૪. બૌદ્ધ ગ્રંથોનું નિરૂપણ, ૫૪, સાડી પચ્ચીસ દેશો સાથે મેળ, ૬૭, ૬૮; પૂર્વ ઇતિહાસ, ૩૭૧; સ્વયંસ્પૃશ્યત્વ, ૩૭૧.
સૌભૂતિ ( આંભિ ), (૧૦૧); રાજાપદ વાચક શબ્દ, (૧૦૧). ( જુઓ સોફીટીસ–સોફીટોન ).
સૌરાષ્ટ્ર ( હિન્દનો એક પ્રાચીન ભાગ ), ૪૯. ચંદ્રગુપ્તની સત્તા, (૨૩૦); અવંતિની હકુમત, ૩૮૨.
સૌરિપુર ( કુશાવર્તની રાજધાની ), ૪૯.
સૌર્યવર્ષ, ૨૦૫, ૨૦૬.
સૌવિર ( સિંધુનો પૂર્વ પ્રદેશ ), ૨૧૯.
સાવિરદત્તા મિત્રિ નગરી, (૨૨૦).
સ્ત્રીપુરૂષ, બન્નેની પ્રાયઃસમાનતા, ૧૨.
સ્થળ નિયામકો, ૧૬.

સ્થાપત્યના પ્રકાર, ૧૬.
સ્થુલીભદ્ર ( મહાવીરના સાતમા ગણધર), (૩૨૯); શકડાળના પુત્ર, (૩૨૯); શ્રીયકના બન્ધુ, ૩૬૬; દીક્ષા, ૩૬૬, (૩૬૬), ચંદ્રગુપ્તના સમકાલીન, (૩૮); ભદ્રબાહુસ્વામીના પટ્ટધર, (૨૧).
સ્મૃતિ, આર્ય પ્રજાનું આદિ શાસ્ત્ર, ૨, રચનાકાળ, ૨.
સ્મર્ડીસ ( ઇરાની શહેનશાહ ), (૭૨).
સ્મીથ ( એક સુપ્રસિદ્ધ ઇતિહાસકાર ), (૧૧૯).
સ્યાદ્વાદ ( જૈન ધર્મનો એક મહાન્ સિદ્ધાન્ત ), (૨૬૮). જુઓ જૈન શબ્દે.
સ્વયંબુદ્ધ ( સ્વયંજ્ઞાની ), (૩૨).

હ

હકરા, (નદી) ૨૨૬.
હમમ (એક સુપ્રસિદ્ધ સરોવર), (૩૭).
હયમુખ, (૬૦).
હરદ્વાર, ૩૦.
હરપ્પા, (એક પ્રાચીન ઐતિહાસિક સ્થળ), (૫૮).
હરિણગમેષી, (૨૨૨).
હર્ષદેવ, ૧૮૭.
હર્ષવર્ધન, ૧૮૭, (૨૧૮).
હર્ષસંવત (હર્ષવર્ધનનો સંવત), ૩૩૧.
હલ્લ (વિહલ્લનો બંધુ), ૨૮૩; ચેટકનો દૌહિત્રો, ૨૮૩; દીક્ષા પ્રસંગ, ૧૩૬, ૨૯૪.
હસ્તિનાપુર, (૫૦).
હસ્તિપાળની અશ્વશાળા, વીરપ્રભુનું નિર્વાણસ્થાન, (૬૧).
હસ્તિપુર (હસ્તિનાપુર), (૫૦).
હાથીગુંફાનો લેખ, તેની જૈનીયતા, ૩૫૦; તેના નિર્માતા (મહારાજા ખારવેલ), (૪૦).
હામ્બર્ગ, ૧૫૨.
હિરણ્ય (એક પર્વત), (૬૩).
હિરણ્યરેખા, (૩૦૨).
હિંદપતિ મગધપતિઓ, ૧૩૭.
હિંદની સમૃદ્ધિ, (૭૩).
હિંદી ઇતિહાસ, તેનો પ્રારંભ, (૪૪).
હિંદી ઇતિહાસ, શૃંખલાબદ્ધતાની આવશ્યકતા, ૨.
હિંદુ ધર્મ, ૨૩, તેનું કલંક, ૨૪.
હિંદુ સંવત્સરો, ૩૮.
હીસ્ટાસ્પીસ પહેલો, (૭૨)
હીસ્ટાસ્પીસ બીજો, (૭૨)
હીંડેન, (૩૮૪).
હુન્નર ઉદ્યોગ, પ્રાચીન કાલીન, ૧૮.
હુન્નરની શ્રેણિઓ ૨૬.
હુંડક ( એક સંસ્થાન ), (૩૦).
હેમચંદ્રાચાર્ય (જગપ્રસિદ્ધ જૈનાચાર્ય), ૧૯૭.
હેરોડોટસ (એક મશહુર ઇતિહાસકાર), (૩૫), (૩૮૩).
હૈહયવંશ (ચેટક રાજાનો વંશ), (૨૭૫).
હૈહય (માઇસોરના રાજવંશીઓ), (૩૮૪).
હ્યુએનશાંગ (સુપ્રસિદ્ધ પ્રવાસી), (૬૦); ૧૭૯; સમયકાળ, ૧૭૯; હિન્દનો પ્રવાસ, ૧૯૯.

# શુદ્ધિ પત્રક

( આમાં મુદ્રણના દોષનો કે જોડણીની અશુદ્ધિનો સમાવેશ કર્યો નથી ).

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૨ ૧૪ | ઉપર | ઉપ્યું |
| ૨૫ ૩૧ | મૂલો નાસ્તિ | મૂલં નાસ્તિ |
| ૨૯ ૧૮ | પુરસ્કાર કરે છે | આવિષ્કાર કરે છે |
| ૨૯ ૧૦ | તે બેહરિફ ધર્મની | તે બે હરિફ ધર્મની |
| ૨૯ ૩૨ | જેવા સુદ્ધાંતો | જેવા સુદ્ધાંનો |
| ૩૫ ૨૪ | ૬ થી ૧૩ | ૬ થી ૧૫ |
| ૪૪ ૨૪,૨૫ | સપ્તમ પરિચ્છેદના | મથાળાનું શોભન |
| ની વચ્ચે | ચિત્ર જુઓ. | |
| ૪૫ ૩૩ | ૪૬ થી ૫૦ | ૪૬ થી ૫૧ |
| ૪૫ ૩૪ | ૫૧ થી ૫૪ | ૫૨ થી ૫૫ |
| ૪૭ ૭ | ૪૧ થી ૫૧ | ૪૬ થી ૫૨ |
| ૪૮ ૪ | ૫૨ થી ૫૪ | ૫૩ થી ૫૫ |
| કોલ- પં- | | |
| પૃ મ કિલ | અશુદ્ધ | શુદ્ધ |
| ૫ ૧ ૩ | ને ગણવામાં | છે |
| ૧૧ ૧૭ | યતા | ઈપત્તા |
| ૧૨ ૨ ૫ | લિંગનો | વર્ગનો |
| ૨૪ ૧ ૨૭ | પૃ. ૧૨, | પૃ. ૧૯, |
| ૨૮ ૧ ૨૫ | તેના | તે રાણી |
| ૩૩ ૧ ૨૮ | ગૌતમીગોત્રી | ગૌતમીપુત્ર |
| ૪૦ ૨ ૯ | ૦ | તેમજ તેમણે |
| | છાપેલા સિક્કાઓ (આ શબ્દો ઉમેરવા) | |
| ૪૦ ૨ ૨૦ | કાયમી કાર્યની | કાયમી |
| ૪૭ ૧ ૧૪ | બળદેવ | બળભદ્ર |
| ૫૦ ૨ ૩૧ | ૨૧૨-૨૨૩ | ૩૧૮-૩૨૩ |
| ૫૮ ૨ ૨૪ | ૬૪ સુ. ૧ | ૧ |
| ૫૮ ૨ ૨૫ | અશોક નામના | પ્રિયદર્શિનના |
| | બૌદ્ધના | |
| ૭૯ ૧ ૩૩ | ૨૫૦ | ૨૫. |
| ૮૨ ૧ ૮ | નવ થી દસ | બારેક |
| ૮૨ ૧ ૯ | ૫૬૫ | ૫૬૩ |
| ૯૧ ૮ | નથી ? | છે ? |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૯૬ ૨ ૩૭ | ( ૬૪ ) | ( ૬૫ ) |
| ૯૬ ૨ ૩૨ | ( ૬૫ ) | ( ૬૬ ) |
| ૯૮ ૨ ૨૦ | ઉપરના ટીપણ | નીચેના |
| | નં. ૭૩ | ટી. નં. ૭૫. |
| ૯૯ ૨ ૧૭ | તો | પણ |
| ૧૦૬ | ૦ | (૫) વત્સદેશ |
| | (૧ અને ૨ લીટી વચ્ચે ઉમેરવાનું છે ) | |
| ૧૦૮ ૨ ૨૪ | ટીપણ ૨૪ જુઓ | ટી. ૨૩ જુઓ. |
| ૧૧૧ ૧ ૧૯ | કરી પોતે ઉપાડી | કર્યું હતું. |
| | ગયો હતો | |
| ૧૧૧ ૨ ૧૧ | વીસેક વર્ષની | ત્રીસેક વર્ષની |
| ૧૧૨ ૧ ૯ | ૪૭ વર્ષ | ૫૪ વર્ષ |
| ૧૧૨ ૨ ૨૯ | ઈ. સ. પૂ. ૫૬૭ | ૫૫૯ |
| ૧૧૬ ૧ ૨૭ | ટી. નં. ૫ | ટી. નં. ૩ અને ૫. |
| ૧૩૫ ૨ ૧૪ | ૨૦૧ | ૨૧ |
| ૧૩૫ ૨ ૧૪ | ૫૫૪ | ૫૫૨ |
| ૧૩૫ ૨ ૧૫ | ૩૦ | ૩૭ |
| ૧૩૭ ૧ ૪ | ૫૨૫ | ૫૨૭ |
| ૧૩૭ ૧ ૧૦ | ૫૨૫ | ૫૨૭ |
| ૧૩૭ ૧ ૧૬ | ૫૨૫ | ૫૨૭ |
| ૧૩૭ ૧ ૨૭ | ૫૨૫ | ૫૨૭ |
| ૧૪૯ | ( ૮ અને ૯ લીટી વચ્ચે આ શબ્દો ઉમેરવા ) | |
| | (૧૨) આંધ્ર—સ્વતંત્ર વંશ તરીકે વર્ણવ્યો છે. | |
| ૧૫૨ ૨ ૩૨ | પૃ. ૧૫૧ ઉપર | પૃ. ૧૫૩ ઉપર |
| ૧૬૧ ૨ ૭ | ઉપસર્ગ થવા | આ દેશમાંજ ઉપ- |
| | પામે તો | સર્ગ થવા પામે તો |
| ૧૭૦ ૧ ૩ | ૫૫૫ | ૫૫૭ |
| ૧૭૧ ૨૬ | (૪) ક્ષેમરાજ | (૪) ક્ષેમરાજ[૧૨] |
| ૧૭૮ ૧ ૧૫ | (ની પછી નીચેના શબ્દો ઉમેરવા ) | |
| | નું નામ પણ વિક્રમાદિત્ય હોય | |
| ૧૮૮ ૨ ૫ | સપંચી | સમૂચી |
| ૧૯૩ ૪ | (૧૩) | (૧૪) |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૯૪ ૨ | (૧૪) | (૧૫) |
| ૧૯૪ ૧૫ | (૧૫) | (૧૬) |
| ૧૯૫ ૧ ૨ | (૧૪) | (૧૫) |
| ૧૯૮ ૨ ૧૭ | રહેલ છે | રહેલ છે૨૧ |
| ૨૦૧ ૨ ૨૯ | ત્રીજા વિભાગે | બીજા વિભાગે |
| ૨૦૩ ૨ ૨૪ | જ્યારે મારા હિસાબેથી-પૃ. ૨૦૪–૫ | આ બધા અક્ષરો કાઢી નાંખવાનાં છે. |
| ૨૦૩ ૨ ૩૪ | સાતમા વર્ષે | આઠમા વર્ષે |
| ૨૧૨ ૧ ૩૦ | વ્યુત્પત્તિના અર્થે | (૫૦) વ્યુત્પત્તિના અર્થે |
| ૨૧૨ ૧ ૩૩ | (૫૦) | ( કાઢીનાંખવું ) |
| ૨૨૩ ૧ ૨૧ | નં. ૮૭ | નં. ૭૭ |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૨૯ ૨ ૨૮ | સાઈરસના | ગ્રીમસના |
| ૨૨૯ ૨ ૨૭ | ૫૩૫ | ૫૨૦ |
| ૨૪૩ ૧ ૩૪ | ૫૮૫ | ૫૮૨ |
| ૨૪૫ ૧ ૩૪ | ૫૨૮ | ૫૨૦ |
| ૨૫૬ ૨ ૩૪ | ટી. ૮૬ | ટી. ૮૮ |
| ૨૬૪ ૨ ૨૮ | પ્રાણીનિએ | પાણિનીએ |
| ૨૭૨ ૨ ૨૮ | conis | coins |
| ૨૭૭ ૧ ૨૪ | સમાલોચના | સમાલોચના ૫૯ |
| ૨૮૭ ૧ ૪ | બે-એક વર્ષની | પાંચેક વર્ષની |
| ૩૦૭ ૨ છેલ્લી | પૃ. ૧૭૭ ટી. નં. ૪૭ | પૃ. ૧૧૯. ટી. નં. ૫૩ |
| ૩૩૩ ૨ ૩૩ | ટી. નં. ૬૩ | ટી. નં. ૬૪ |

## ખાસ નોંધ.

આ પુસ્તક પરત્વે સર્વ પ્રકારના હક્ક પ્રકાશકોએ પોતે સ્વાધીન રાખ્યા છે.

આ ગ્રંથ લખાઇ રહ્યા બાદ સંક્ષિપ્ત સારની પુસ્તિકા મોકલાઇ હતી–
તે ઉપરથી મળેલ

# અભિપ્રાય પત્રો.

(૧)

તમોએ ઇતિહાસ માટે ઘણો ઘણો સંગ્રહ કર્યો છે. તમો તમારા હાથે સમાજને જે કાંઇ આપી જશો તે બીજાથી મળવું દુ:શકય છે. એટલે આ કામ તમોએ જે ઉપાડયું છે, તેજ સર્વથા સમૂચિત છે......આવા ગ્રંથની અતીવ અગત્ય છે. આ ગ્રંથ જલ્દીમાં જલ્દી બહાર પડે તેમ કોશિષ કરવા સપ્રેમ સૂચન છે.

મુનિદર્શનવિજયજી

દિલ્હી ( જૈન સાહિત્યના એક સમીક્ષક )

(૨)

પુસ્તક તદ્દન નવું જ દૃષ્ટિબિંદુ ખોલે છે, એમ સમજાય છે. તમે એ પુસ્તક તૈયાર કરવામાં ઘણો શ્રમ લીધેલો લાગે છે.

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.

મુંબઇ દીવાનબહાદુર એમ. એ. એલ. એલ. બી.

( ગૂજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ )

(૩)

ભારત–વર્ષના ઇતિહાસના સંક્ષિપ્ત સારની પુસ્તિકા ૪૪ પ્રકરણવાળી વાંચતાં એમ મને લાગે છે કે અત્યારની જૈન બાળ પ્રજા તે વિષયમાં પોતાની ફરજ સમજતી થાય તેમ આ પુસ્તક ઉપયોગી થશે.

અમદાવાદ વિજયનીતીસૂરિ.

(૪)

પ્રયાસ સ્તુત્ય છે. અને ઐતિહાસિક શોધક બુદ્ધિ તથા ઉહાપોહ કરવાની પદ્ધતિ સુંદર છે. આ પુસ્તકથી ઘણીક બાબતોના ભ્રમ દૂર થઇ શકશે. અને નવીન પ્રકાશની હુંફ પ્રાપ્ત થાય તેવું ઘણું સચોટ પુરાવાઓવાળું લખાણ છે. એટલુંજ નહીં પણ અનેક શિલાલેખો સિક્કાઓ અને પ્રશસ્તિઓની મદદ લઇ વિવેચન થયેલું દેખાય છે.

કચ્છ–પત્રી. મુનિ લક્ષ્મીચંદ્ર

(૫)

એન્સાઈકલોપીડીઆજૈનિકા જેવો ગ્રંથ લખવાનો પ્રયાસ કરી રહ્યા છો તે જાણી આનંદ થાય છે. અને તેમાંથી થોડોક ભાગ જુદો કાઢી ભારત–વર્ષનો પ્રાચીન ઇતિહાસ એ નામનું પુસ્તક જલદીથી બહાર પાડવા માગો છો તથા તેની શરૂઆતના ભાગનાં ફોર્મ મને જોવા મોકલ્યાં છે તે માટે આપનો ઉપકાર માનું છું:—

જૈન સાહિત્યને વળગી રહી તે ઉપરથી ઉપસ્થિત થતાં ઇતિહાસનાં તત્ત્વો બરાબર ગોઠવી એક કાળનો ઇતિહાસ લખવાની તમારી તૈયારી સ્તુત્ય છે. એવું બને પણ ખરૂં કે બ્રાહ્મણ સાહિત્ય અને બૌદ્ધ સાહિત્યમાં જે રીતે વિષયો ચર્ચાયા છે. તેથી જેમ થોડો થોડો ફેર પડે છે તેમ તેના અને જૈન સાહિત્યના ગ્રંથોમાં ફેર પડે તો એમાં કાંઇ અસ્વાભાવિક નથી. બધા વિષયોને મેળવી જોતાં એમાંથી કાંઇક પણ તાત્પર્ય સારૂં નીકળશે અને એ આપના પ્રયાસને હું ખરેખર સ્તુત્ય ગણું છુ.

મુંબઇ

વિશ્વનાથ પ્રભુરામ

બાર-એટ-લો

ભાંડારકર ઓરીએંટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટના

કાર્યવાહક સભ્ય

ઓલ ઇન્ડીઆ ઓરીએન્ટલ સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય

(૬)

પુસ્તકની રૂપરેખા દર્શાવતું પેમ્ફલેટ મળ્યું છે. તેની રૂપરેખા જોતાં એ પુસ્તક અતિ મહત્ત્વનું છે. અને એ સત્વર પ્રકાશ પામે એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

પાટણ

પ્રવર્તક કાંતિવિજયજી

(૭)

( ઈંગ્રેજી ઉપરથી અનુવાદ )

ડા. શાહના પ્રાચીનભારતવર્ષ નામના જંગી પુસ્તકની સંક્ષિપ્ત નોંધ હું રસપૂર્વક વાંચી ગયો છું. અને મને ખાત્રી થાય છે કે, તે ગ્રંથ અતીવ ઉપયોગી અને રસદાયી નીવડશે. તેમણે ઘણા નવા મુદ્દા ચર્ચ્યા છે. અને તે સાથે આપણે ભલે સર્વથા સંમત ન પણ થઇએ, છતાં કર્તાનાં જબ્બર ખંત અને બહોળા વાંચનનો પુરાવો તો આપણને મળે છે જ. મને સંપૂર્ણ ખાત્રી છે કે, પ્રાચ્ય વિદ્યાના અભ્યાસીઓ તેનો સર્વ શ્રેષ્ઠ સત્કાર કરશે.

વીલસન કોલેજ

મુંબઇ.

એચ. ડી. વેલીન્કર.

એમ. એ.

મુંબઇ યુનીવરસીટીમાં જૈન સાહિત્યના પરીક્ષક

(૮)

( ઇંગ્રેજી ઉપરથી અનુવાદ )

શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ બન્ને સમકાલીન હતા તે બાબત જૈન લેખકો અને ઇતર પરદેશી વિદ્વાનો લગભગ સહમત છે. અહિંસા તત્ત્વનો પ્રચાર પણ તેઓએ લગભગ એકજ ક્ષેત્રમાં કર્યો છે. છતાં દિલગીરી જેવું એ છે કે કેટલાંક સ્થાનોમાં જે અવશેષો મળી આવ્યા છે તે મહાત્મા બુદ્ધના જ કહેવાય છે. જ્યારે મહાવીરના અવશેષો વિષે આપણે તદ્દન અંધારામાંજ છીએ. સદ્ભાગ્યે ડા. ત્રિ. લ. શાહે આ બાબત વર્ષો થયાં હાથ ધરી છે અને શ્રી પાર્શ્વનાથના સમયથી આરંભીને એક હજાર વર્ષનો ઇતિહાસ સંશોધિત કરવા માંડયો છે.

તે જાહેર કરે છે કે, શ્રી મહાવીરને સમર્પિત થયેલ ઘણાં અવશેષો આપણા યાત્રાનાં સ્થળ માર્ગે મોજૂદ પડેલ છે. જેની ભાળ હજુ સુધી આપણુ કોઇને નથી. તેમનું કહેવું એમ થાય છે કે, શ્રી મહાવીરનાં જીવન માંહેના કેટલાયે બનાવોનાં સ્થાન વર્તમાનકાળે જે મનાતાં આવ્યાં છે તેનાં કરતાં અન્ય સ્થળે હોવાનું સાબિત થઇ શકે છે. જો તેમજ હોય તો અને ડા. શાહ સંપૂર્ણ ખાત્રી ધરાવે છે કે તેમજ છે, તો તો જરૂર જૈન ઇતિહાસમાં એક ક્રાંતિકાર યુગ ઉભો થશે અને વિશારદોને તથા અન્ય કાર્ય કર્તાઓને તે ક્ષેત્રમાં વિશેષ અભ્યાસ કરવાને પૂરતી સામગ્રી મળી કહેવાશે.

ગુલાબચંદજી ઢઢ્ઢા,
એમ. એ.
શ્રી જૈ. કો. ના જનરલ સેક્રેટરી અને
ઉમેદપુર પાર્શ્વ. આશ્રમના વ્યવસ્થાપક.

( ૯ )

હાલમાં તેમણે એ ગ્રંથની સંક્ષિપ્ત હકીકતનું હસ્તપત્ર બહાર પાડયું છે. તે ઉપરથી તેના મહત્ત્વનો મને સારો ખ્યાલ આવ્યો છે. ગ્રંથના ચુંમાળીસ પરિચ્છેદો કરેલા છે અને તેમાં એક હજાર વર્ષનો ઇતિહાસ, સાદી સરળ અને રસમય ભાષામાં આપેલો છે.—ભારત વર્ષના પ્રાચીન ઇતિહાસનો આવો મોટો ગ્રંથ કોઇપણ ભાષામાં નથી......પ્રાચીન સમયમાં પ્રવર્તી રહેલા વૈદિક, બૌદ્ધ અને જૈનધર્મ સંબંધી તે સમયે ચાલતી રાજા, અમાત્ય અથવા મંત્રી મંડળની વ્યવસ્થા અને બંદિખાના, ગ્રામ્ય સુધારણા, પંચાયત, વિદ્યાલયો, વ્યાપાર, ખેતી વિગેરે સંસ્થાઓ સંબંધી હકીકત વિસ્તારપૂર્વક આવેલી છે. અને તે ઘણી બોધક છે. એટલે આ ગ્રંથ ઘણો શ્રમ લઈ તથા ઘણાં પુસ્તકો, અસલ આધારો, શિલા અને તામ્રલેખો, સિક્કા વિગેરે જોઇ, આધારભૂત ગણી શકાય તેવો બનાવ્યો છે. તે સર્વ રીતે ઉત્તેજનને પાત્ર છે એમ મને લાગે છે. જન સમાજના વિદ્વાનોના, વિદ્યાલયોના અને રાજા મહારાજાઓના આશ્રય વગર, આવો મોટો ગ્રંથ પ્રસિદ્ધિમાં મૂકવો અશક્ય છે. તેથી તેની સારી સંખ્યામાં નકલો લેવાનું આશ્વાસન આપી તેમના તરફથી ગ્રંથકર્તાને ઉત્સાહ અને ઉતેજન મળશે તેવી આશા છે.

ગોવિંદભાઇ હા. દેસાઈ.
બી. એ. એલ. એલ. બી. નાયબ દિવાન.

વડોદરા

(૧૦)

આ બધી સાધન સંપતિથી ઉત્તેજીત થઇને ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહે હિંદના પ્રાચીન યુગનો ઇતિહાસ ઉપજાવી કાઢવાનો જે પ્રયાસ કરેલ છે તે ખરેખર સ્તુત્ય છે. જૈન એ-સાઇકલો પીડીઆને અંગે તેમણે ભેળી કરેલ પ્રમાણભૂત ઇતિહાસીક સામગ્રીનો, આ ઇતિહાસ ઘડવામાં તેમણે વિવેક પૂર્વક ઉપયોગ કરેલ છે. બંબગોળા જેવા તેમાં દેખાતા કેટલાક નવા નિર્ણયોથી ભડકીને ભાગવાને બદલે, હરેક ઇતિહાસપ્રેમી વિદ્યાર્થી, તેમજ અભ્યાસી, પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક આ ગ્રંથનો અભ્યાસ કરશે, તો મારી ખાત્રી છે કે તે યુગના ઇતિહાસના કિલષ્ટ અને શંકાસ્પદ પ્રશ્નો ઉપર ઘણું નવું અજવાળું પડશે. અને આપણે વિદ્યાર્થીઓને કેવા આડે રસ્તે દોરતા હતા, તેનું સહજ ભાન થશે. કેળવણીખાતાના તેમજ પુસ્તકાલય વિગેરેના અધિકારીઓ આ પ્રયાસ તરફ સહાનુભુતિ દર્શાવશે એવી આશા છે.

આચાર્ય ગિરજાશંકર વલ્લભજી. એમ. એ.

મુંબઇ—પ્રીન્સઑફ વેલ્સ મ્યુઝીઅમ — ક્યુરેટર આર્કીઓલોજીકલ સેકશન

(૧૧)

ડૉકટર શ્રી ત્રિભુવનદાસ લહેરચંદે, હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ......ગુજરાતીમાં લખ્યો છે, જે હું અથથી ઇતિ સુધી વાંચી ગયો છું. ત્રિભુવનદાસભાઇએ આ ઇતિહાસ જૈન, બૌદ્ધ અને હિંદુ-સાહિત્ય ઉપર રચ્યો છે. ને તેમણે તે સાહિત્ય ઉપરાંત સિક્કાઓ, ગુફાઓ વિગેરેના શિલાલેખો ઇત્યાદિ બહુ વિગતવાર જોયા છે. ઇતિહાસકારોએ અત્યાર સુધી જૈન સાહિત્યની અને જૈન સામગ્રીની અવગણના કરી હતી. તે ત્રિભુવનદાસ ભાઇએ કરી નથી. તેથી તેમના લખાણમાં સમગ્રતાનો ગુણ આવી જાય છે. અને અત્યાર સુધી નહીં જાણવામાં આવેલું સાહિત્ય એમની કૃતિમાં જોવામાં આવે છે. તેમનો પ્રયાસ જૈન-સમાજે તો ખાસ વધાવી લેવો જોઇએ. કારણ તેમનું સાહિત્ય તો તેમણે પુરેપુરૂં આ કૃતિમાં લીધું છે.

કામદાર કેશવલાલ હિમતરામ. એમ. એ.

વડોદરા. — ઇતિહાસના પ્રોફેસર, વડોદરા કોલેજ

ઇતિહાસના એકઝામીનર યુનીવરસીટી—મુંબઇ

(૧૨)

ડૉ. ત્રી. લ. શાહે અનેક નવાં દૃષ્ટિબિન્દુઓ આધાર સાથે આ પુસ્તકમાં રજુ કર્યાં હોય એમ જણાય છે. અશોક અને ચંદ્રગુપ્ત સંબંધી તેમનાં મંતવ્યો તો ખરેખર ઇતિહાસની દુનિયામાં વિપ્લવ કરાવે તેવાં છે. પુસ્તકનો વિસ્તાર પણ ખૂબ છે. આશા રહે છે કે આધાર સ્થળોનો નિર્દેશ પણ તેમાં થશે જ. સંપૂર્ણ અનુક્રમણિકાની એટલીજ આવશ્યકતા જણાય. આ પુસ્તક પ્રગટ થતાં એક અતિ મહત્ત્વની જરૂરીઆત પૂરી પડવાનું ધારી શકાય છે......ઇતિહાસનો શોખ વધતો જાય છે, એવા સમયમાં આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં મોટી ખોટ પૂરી પાડશે એવાં ચિન્હો સદર હસ્તપત્રમાં સ્પષ્ટ જણાય છે.

મોતિચંદ ગિરધરલાલ કાપડીઆ.

મુંબઇ—કોઠાર સ્ટ્રીટ-મનહર બીલ્ડીંગ. — બી. એ. એલ. એલ. બી. સોલીસીટર.

(૧૩)

ડાક્તર ત્રિભુવનદાસ શાહે ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસ પર જે નવો પ્રકાશ પાડવા તત્પરતા બતાવી છે, એ ભારતવર્ષીય દરેક વ્યક્તિ તેમજ સંસ્થાએ અભિનંદવા યોગ્ય છે. પોતે લખેલા ઇતિહાસના પ્રકરણોની ટૂંક પિછાન પત્રિકારૂપે આપીને તેમણે આપણને ખૂબ ઉત્કંઠિત બનાવ્યા છે. આવા શ્રમપૂર્વક અને આટલી વિગતવાળા પુસ્તકને દરેક વ્યક્તિએ પોતાથી બને તેવી મદદ કરવી જોઇએ.

દેશભાષામાં આવા પુસ્તકની અત્યંત જરૂર વર્ષો થયાં લાગ્યા કરતી હતી. ડાક્તર ત્રિભુવનદાસે વર્ષો સુધી મહેનત કરી, તેવું એક પુસ્તક તૈયાર કર્યું છે, એ ખરેખર બહુ ખુશી થવા જેવું છે. દરેક શાળા, દરેક લાઇબ્રેરી અને બની શકે તેવી દરેક વ્યક્તિએ એ પુસ્તક અવશ્ય વસાવવા જેવું છે.

હિંમતલાલ ગણેશજી અંજારીયા. એમ. એ.

મુંબઇ [માજી] એજ્યુ. ઇન્સપેકટર, મ્યુનીસિપૈલ સ્કુલ્સ મુંબઇ.

પ્રીન્સીપાલ: વીમેન્સ યુનીવર્સીટી સાંટાક્રુઝ.

(૧૪)

જૈનસાહિત્યના પ્રમાણિક ગ્રંથોમાંથી હકીકતની સંભાળપૂર્વક જે ગવેષણા તેમણે કરી છે તેમાં જ આ પુસ્તકની ખરી ખૂબી ભરેલી છે. પ્રાચીન ઇતિહાસમાંથી તત્ત્વો ચાળી કાઢવામાં તેમણે અત્યંત પરિશ્રમ ઉઠાવ્યો દેખાય છે. અને વર્તમાન સન્માનીત મંતવ્યોથી તેમના અનુમાનો જો કે લગભગ ઉલટી જ દીશાના છે; છતાં કબૂલ કરવું પડે છે કે, તેમનાં નવા નીર્ણયોથી રસભરી ચર્ચા અને વિવાદો ઉભાં થશે અને તેમાંથી કાંઇ [illegible] નેરો લાભ પ્રાપ્ત થશે.

બી. ભટ્ટાચાર્ય.

વડોદરા એમ. એ. પી. એચ. ડી.

ડીરેકટર, ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટ.

(૧૫)

હમકો અતીવ સંતોષ હુઆ કિ બહોત સમયસે હમ જીસ ચીજકો ચાહતે થે, આજ વહી ચીજ હમારી દૃષ્ટિમેં આઇ. ઇસમેં જો જો વર્ણન કિયા હૈ, યદિ વિસ્તૃત ગ્રંથરૂપમેં પ્રકાશિત હો જાવે, તો હમારી માન્યતા હૈ કિ, જૈનસાહિત્યમેં એક અપૂર્વ પ્રાથમિક ઔર મૌલિક ઇતિહાસકા આવિર્ભાવ હોગા. ઇસકે પઢનેસે જૈનધર્મકી પ્રાચીનતાકે વિષયમેં જો કુછ ભ્રમ જનતામેં પડા રહા હૈ વહ દૂર હો જાયગા. ઇસલિયે યહ અપૂર્વ ગ્રંથ જિતની જલ્દી પ્રકાશિત હોવે ઉતના હી અચ્છા હૈ. સાથમેં હમ જૈન ઔર જૈનેતર કુલ સજ્જનોંકો યહ સલાહ દેતે હૈ, કિ ઇસ ગ્રંથકી એક એક નકલ આપ અપને પુસ્તકસંગ્રહમેં અવશ્યમેવ સંગૃહિત કરે; કયોંકિ યહ ગ્રંથ કેવળ જૈનકી પ્રાચીનતાકો સિદ્ધ કરતા હૈ ઇતના હિ નહીં, સાથમેં ભારતવર્ષકી પ્રાચીનતા કો ભિ સિદ્ધ કરતા હૈ. ઇસલિયે ઇસ ગ્રંથકા જો નામ રખા ગયા હૈ વહ બીલકુલ સાર્થક હૈ.

વલ્લભવિજય

પાલણપુર ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય,

શ્રીમદ્વિજયાનંદસૂરિજીકા પટ્ટધર